ॐ

श्री सिद्ध परमात्मने नमः।

# સમયસાર રહસ્ય

## ભાગ–૬

અધ્યાત્મ યુગપુરુષ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી સમયસાર પરમાગમ ઉપરના ૧૭મી વખતના
૬૯ થી ૮૨ ગાથાના સ્વાનુભવ મુદ્રિત ૩૩ અક્ષરશઃ પ્રવચનો

પ્રકાશક
શ્રી કુંદકુંદ–કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ
શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ

| | | |
|---|---|---|
| **વીર સંવત** **૨૫૪૯** | **વિક્રમ સંવત** **૨૦૭૯** | **ઈ.સ.** **૨૦૨૩** |

## પ્રકાશન

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો
૧૧૦ મો જન્મ-મહોત્સવ, શુક્રવાર, તા. ૧-૯-૨૦૨૩

## પ્રાપ્તિ સ્થાન

(૧) શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વિ. એલ. મહેતા માર્ગ,
વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ.

(૨) શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ,
૧૭૩/૧૭૫, બેંક ઑફ બરોડાની ઉપર,
મુંબાદેવી, મુંબઈ-૪૦૦૦૦૨.

**લેસર ટાઈપ સેટિંગ**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

**મુદ્રક**
**અજય ઑફસેટ**
મો. ૯૮૨૫૪૭૭૭૪૫

# પ્રકાશકીય

**મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી**
**મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલં**

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રી મહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ગુણસમુદ્ર એવા આચાર્ય ભગવંતો થયા છે. તેઓએ નિજાનુભવ તથા ભગવાનની દિવ્યધ્વનિના આધારે અનેક મહાન પરમાગમોની રચના કરી, તેમ જ જન્મ-મરણના દુઃખથી મુક્ત થઈ અવિનાશી નિજાનંદ સુખ, શાંતિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનો માર્ગ પ્રકાશી, ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભગવાન મહાવીરસ્વામીના મોક્ષગમન બાદ ત્રણ કેવળી અને પાંચ શ્રુતકેવળી થયા. આચાર્યોની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યદેવની પરંપરાના કહેવડાવવામાં ગૌરવ અનુભવે છે. તેઓશ્રીને ભગવાન મહાવીરથી ઉદઘાટિત વિશુદ્ધ જ્ઞાન આચાર્યોની પરંપરાથી મળ્યું હતું, એટલું જ નહિ પણ આઠ દિવસ સુધી મહાવિદેહવાસી શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ શ્રવણ કરવાનું મહાભાગ્ય પણ તેઓશ્રીને પ્રાપ્ત થયું હતું.

પવિત્રતાના સ્વામી એવા કુંદકુંદાચાર્યદેવે અનેક કૃતિઓની રચના કરી છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય સંગ્રહ, અષ્ટપાહુડ એ પંચ પરમાગમો સહિત બીજી પણ અનેક ભવ્ય કૃતિઓની રચના કરીને જિનશાસન-સ્તંભનું કાર્ય કર્યું છે. શ્રી સમયસાર પરમાગમ તેઓશ્રીની એક અદ્વિતીય કૃતિ છે, જગતનું અદ્વિતીય ચક્ષુ છે. પાંચમી ગાથામાં તેઓશ્રી ફરમાવે છે કે મારા નિજ વૈભવથી હું સમયસારને કહીશ. જિનેન્દ્ર ભગવાન અને ગણધરદેવથી માંડીને અમારા ગુરુ પર્યંતના ઉપકારીઓ દ્વારા પ્રસાદરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વક ઉપદેશથી આ નિજ વૈભવ પ્રાપ્ત થયો છે. નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ, તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનરૂપ સ્વસંવેદન છે તેનાથી પણ તેનો જન્મ થયો છે. આ સમયસાર અદ્‌ભુત શાસ્ત્ર છે. તેમાં નિજ સમયસારરૂપ પરમાત્મતત્ત્વને પ્રકાશિત કરવાનું રહસ્ય ભર્યું છે. તેથી આ પ્રવચન ગ્રંથનું 'સમયસાર રહસ્ય' નામ આપવામાં આવ્યું છે. આવા નિર્વિકારી અતીન્દ્રિય આનંદની

મહોરછાપ યુક્ત પ્રત્યેક વાક્યો ભવ્યજીવોના આત્મહિતાર્થે લખાયેલા છે.

સાંપ્રત સમાજમાં આવા મહાન રહસ્યયુક્ત પરમાગમની ઉપલબ્ધિ હોવા છતાં, અંતરંગ રહસ્ય ઉકેલનારું કોઈ નહોતું, તેથી મોક્ષમાર્ગ લુપ્તપ્રાયઃ થઈ ગયો હતો. મિથ્યાત્વનું ભયંકર સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું હતું એવા દુષમકાળમાં તેવા ઘોર અજ્ઞાન-અંધકારનો નાશ કરવા તેજસ્વી સૂર્યનો ઉદય થયો. એ સૂર્ય છે-પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. ભાવિમાં સૂર્ય સમાન કીર્તિ ઉદિત થઈ ચૌદ બ્રહ્માંડમાં મોક્ષમાર્ગને પ્રકાશિત કરવાની છે, તેની વર્તમાનમાં ઝાંખી કરાવનાર એવા તારણહાર, યુગપુરુષ, ભવ્યાત્માઓના આત્મ-હિતકર ગુરુદેવશ્રીએ દિગંબર સત્‌શાસ્ત્રોના રહસ્યો ઉકેલી મોક્ષમાર્ગને સ્પષ્ટ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં શબ્દોમાં કહીએ તો 'પાંચમા આરાના છેડા સુધી ગુરુદેવશ્રીની વાણી રહેશે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ચારે પડખેથી માર્ગને સ્પષ્ટ કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને તો શ્રુતની લબ્ધિ હતી.'

સમયસાર પરમાગમ તેઓશ્રીને સ્વાનુભવ થવામાં મહાન નિમિત્ત થયું છે. તેઓશ્રીનાં પ્રત્યેક પ્રવચનોમાં કુંદકુંદાચાર્યદેવ પ્રત્યેની સાતિશય ભક્તિ પ્રદર્શિત થાય છે. અનેક વાર પ્રવચનોમાં તેઓશ્રી કહેતાં કે અમે તો કુંદકુંદાચાર્યદેવના દાસાનુદાસ છીએ. તેઓશ્રીનાં વ્યક્તિગત સ્વાધ્યાયમાં તો તેઓશ્રીએ અનેક વાર સમયસાર શાસ્ત્રનો સ્વાધ્યાય કરી અમૃતપાન પીધાં જ છે, પરંતુ નિષ્કારણ કરુણાથી ધબકતા તેઓશ્રીનાં હૃદયમાંથી મોક્ષમાર્ગ રહસ્યોદ્‌ઘાટક પ્રવચનધારા વહી અને જાહેરમાં ૧૯ વાર પ્રવચનો કર્યાં. અમૃત ઝરતી તેઓશ્રીની જ્ઞાન-લહેરીઓ આકાશને આંબવા જેટલી ઊંચે ઉછળતી. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી એ સામાન્ય વાણી નથી, પરંતુ મિથ્યાત્વના ભૂક્કા ઊડાવી દે તેવી ભવદુઃખ નાશ કરનારી વાણી છે. તેઓશ્રીનાં પ્રત્યેક વચન અનેક આગમોથી યુક્ત છે. અનેક આગમોના રહસ્ય તેઓશ્રીનાં પ્રત્યેક વચનોમાં ભર્યાં છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો રેકોર્ડિંગ કરવામાં આવ્યા અને જતન કરીને સાચવ્યા તેમ જ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટે તેની ડી.વી.ડી. બનાવી તેમ જ અક્ષરશઃ પ્રવચનો ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ કરાવી સમાજ ઉપર જે ઉપકાર કર્યો છે તે માટે સર્વેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપલબ્ધ આશરે ૯૦૦૦ પ્રવચનોમાં સમયસાર પરમાગમ ઉપરના ૧૩મી અને ૧૫મી થી ૧૯મી વારના પ્રવચનો ઉપલબ્ધ છે. તેમાં ૧૭મી વારના પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટને થઈ કે પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી ઝરેલું આ અમૃત જો પુસ્તક રૂપે થાય તો મુમુક્ષુજીવોને મહાલાભનું કારણ થાય. તેથી તેઓએ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ પાસે પોતાના વિચારો રજૂ

કર્યા અને વેબસાઈટ ઉપર આ પ્રવચનો સર્વ સાધારણ મુમુક્ષુજનોને ઉપલબ્ધ થાય તેવી ભાવના વ્યક્ત કરી. ટ્રસ્ટ દ્વારા તેમને સુંદર આવકાર પ્રાપ્ત થયો, સહર્ષ સ્વીકૃતિ આપી અને આ કાર્યને આગળ ધપાવવા માટે પૂરી અનુમોદના વ્યક્ત કરી. ઉક્ત ભૂમિકા સાથે ૧૭મી વખતના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય શરૂ થયું. શ્રી સમયસાર ગ્રંથના ૧૭મી વખતના કુલ ૫૯૬ પ્રવચનો છે, જે લગભગ ૨૫ ભાગમાં પૂર્ણ કરવાની ગણતરી છે.

સમયસાર રહસ્ય ભાગ-૧ પૂજ્ય ગુરુદેવશ્રી તથા ભગવતી માતાને અર્પણ કરવામાં આવી રહ્યો છે. પ્રવચનોને કમ્પ્યુટરમાં ટાઈપ કરી આપવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રવચનોને તપાસી આપવાનું કાર્ય શ્રી રજનીભાઈ દોશી, હિંમતનગર, દ્વારા કરી આપવામાં આવેલ છે તથા પ્રુફ રીડીંગમાં શ્રી હસમુખભાઈ શાહ, હિંમતનગર, શ્રીમતી પારૂલબેન શેઠ, વિલેપાર્લા અને શ્રીમતી ઉપમાબેન દોશીનો સહયોગ મળેલ છે તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. આ પ્રવચનો વેબસાઈટ ઉપર મૂકવાની સ્વીકૃતિ આપવા બદલ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈનો પણ હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે. પ્રવચનોને પૂર્ણ ચોકસાઈથી તથા ચીવટ રાખીને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની તૃટિ રહી જવા પામી હોય તો ધ્યાન દોરવા વિનંતી. અનાદિ કાળથી મોહાગ્નિમાં બળી રહેલા જીવોને આ પ્રવચન ગ્રંથના નિમિત્તે ભવ્ય જીવોને સમાધિ-સુખ ને શાશ્વત પરમાનંદની પ્રાપ્તિનો પંથ મળે એવી અમારી ભાવના છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપવિનાશક પ્રવચનોનો પ્રત્યેક મુમુક્ષુ લાભ લઈ આત્મહિત સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. આ પ્રવચનો Vitragvani.com ઉપર મૂકવામાં આવેલ છે.

શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ, મુંબઈ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ

# અહોભાગ્ય!

પરમ પૂજ્ય વીતરાગી જિનેન્દ્ર ભગવંતોની વાણીમાં પ્રવાહિત આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન તેમની પરંપરામાં થયેલ વીતરાગી સંતોની પરંપરાથી આજે પણ આપણને સુલભ છે. વીતરાગી નિર્ગ્રંથ સંતોની પરંપરામાં કળિકાળ સર્વજ્ઞ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોપરી છે. મંગલાચરણમાં શાસનનાયક ભગવાન મહાવીર તથા ગૌતમ ગણધર પછી તુરંત સ્મરણ કરવામાં આવતા આચાર્ય કુંદકુંદ આજે જૈનધર્મના આધાર સ્તંભ ગણવામાં આવે છે. વિદેહક્ષેત્રે સ્થિત જીવંતસ્વામી સીમંધર પરમાત્માના સાક્ષાત્ દર્શન અને દિવ્યધ્વનિ શ્રવણનું સૌભાગ્ય પ્રાપ્ત થયું તે તેઓશ્રીની વિશેષ ઉલ્લેખનીય ઉપલબ્ધિ છે. તેમની લેખનીથી ૮૪ પાહુડની રચના થઈ, જેમાંથી અમુક વર્તમાનમાં ઉપલબ્ધ છે. ગ્રંથાધિરાજ સમયસાર, આચાર્યદેવની નિષ્કારણ કરુણાનો અદ્ભુત પ્રસાદ છે. તેઓશ્રીએ આ ગ્રંથ અત્યંત અપ્રતિબુદ્ધ અજ્ઞાની જીવોના હિતાર્થે રચ્યો છે.

વર્તમાન યુગમાં જ્યારે ધર્મનું વાસ્તવિક સ્વરૂપ આત્મજ્ઞાનશૂન્ય કોરા ક્રિયાકાંડમાં આચ્છાદિત થયું હતું અને આત્મધર્મ પ્રાયઃ લુપ્ત થઈ ગયો હતો, એવા વિષમકાળમાં જિનશાસનને જીવંત સ્વરૂપ પ્રદર્શિત કરવા માટે એકપુરુષનું અવતરણ થયું. જેમના દિવ્યવચનો અને અંતર્બાહ્ય વ્યક્તિત્વથી મૂળ જિનશાસનનું સ્વરૂપ આ શતાબ્દિમાં પ્રસિદ્ધિને પ્રાપ્ત થયું. તે યુગપુરુષ છે, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. જેમણે ૪૫ વર્ષો સુધી અનવરત પોતાની દિવ્યવાણીથી આચાર્ય ભગવંતોના રહસ્યોને ઉદ્ઘાટિત કર્યા.

પૂજ્ય ગુરુદેવશ્રીના જીવન પરિવર્તનમાં શ્રી સમયસારજીનું અવિસ્મરણીય યોગદાન રહ્યું છે, જે સર્વવિદિત છે. તેથી જિનાગમના અનેક ગ્રંથોના દોહન-પ્રવચન સાથે જ પૂજ્ય ગુરુદેવશ્રીના સમયસાર ઉપર ૧૯ વાર સભામાં પ્રવચન થયા. જેમાં આપણા સદ્ભાગ્યથી ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯મી વારના પ્રવચનો સી.ડી.માં ઉપલબ્ધ છે.

હું જ્યારે પણ કોઈપણ ગાથાનો સ્વાધ્યાય કરું છું કે કરાવું છું ત્યારે સમયસારની તે ગાથા ઉપર અલગ અલગ વારના પ્રવચનો અવશ્ય સાંભળુ છું અને તેનાથી મને વિશેષ લાભ થતો રહ્યો છે.

અત્યાર સુધી ગુજરાતીમાં શબ્દશઃ પ્રવચનોનું પ્રકાશન કાર્ય આત્માર્થી ભાઈશ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ સંભાળી રહ્યા હતા. પરંતુ તેમના અચાનક દેહપરિવર્તનના કારણે આ કાર્યનું દાયિત્વ મેં સંભાળવાનો નિશ્ચય કર્યો. જેના ફળસ્વરૂપે શ્રી સમયસારજી ઉપર ૧૭મી વારના પ્રવચન '**સમયસાર રહસ્ય**'નો પ્રથમ ભાગ મુમુક્ષુઓને સાદર સમર્પિત છે. આ પવિત્ર ગ્રંથનું કાર્ય કરવાનો મને જે અદ્ભુત લાભ મળ્યો તે મારું અહોભાગ્ય જ છે, પરંતુ આપ પણ મનોયોગપૂર્વક સી.ડી. પ્રવચન સાંભળતા સાંભળતા આ ગ્રંથનો ઉપયોગ કરશો તો નિશ્ચિતરૂપે લાભાન્વિત થશો.

પ્રસ્તુત ગ્રંથમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સમયસારના ૧૭મી વારના પ્રવચનો સંગ્રહીત છે. મને જીવનમાં આવા લાભ પ્રાપ્ત થતા રહે તથા મુમુક્ષુ સમાજને આ પ્રયાસ આત્મહિતનું કારણ થાય તેવી ભાવના છે.

રજનીભાઈ મીઠાલાલ દોશી
હિંમતનગર (ગુજરાત)

# અનુક્રમણિકા


| પ્રવચન | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૧૬૧ | ૧૩–૦૯–૧૯૭૨ | શ્લોક–૪૬ | ૦૦૧ |
| ૧૬૨ | ૧૪–૦૯–૧૯૭૨ | શ્લોક–૪૬, ગાથા–૬૯–૭૦ | ૦૧૪ |
| ૧૬૩ | ૧૫–૦૯–૧૯૭૨ | ગાથા–૬૯–૭૦ | ૦૨૮ |
| ૧૬૪ | ૧૬–૦૯–૧૯૭૨ | ગાથા–૬૯–૭૦ | ૦૪૦ |
| ૧૬૫ | ૧૭–૦૯–૧૯૭૨ | ગાથા–૬૯ થી ૭૧ | ૦૫૨ |
| ૧૬૬ | ૧૮–૦૯–૧૯૭૨ | ગાથા–૭૧ | ૦૬૭ |
| ૧૬૭ | ૧૯–૦૯–૧૯૭૨ | શ્લોક–૭૨ | ૦૮૨ |
| ૧૬૮ | ૨૦–૦૯–૧૯૭૨ | ગાથા–૭૨ | ૦૯૪ |
| ૧૬૯ | ૨૧–૦૯–૧૯૭૨ | ગાથા–૭૨ | ૧૦૬ |
| ૧૭૦ | ૨૨–૦૯–૧૯૭૨ | ગાથા–૭૨, શ્લોક–૪૭ | ૧૧૮ |
| ૧૭૧ | ૨૩–૦૯–૧૯૭૨ | ગાથા–૭૩, શ્લોક–૪૭ | ૧૩૨ |
| ૧૭૨ | ૨૪–૦૯–૧૯૭૨ | ગાથા–૭૩ | ૧૪૪ |
| ૧૭૩ | ૨૫–૦૯–૧૯૭૨ | ગાથા–૭૩ | ૧૫૫ |
| ૧૭૪ | ૨૬–૦૯–૧૯૭૨ | ગાથા–૭૩ | ૧૬૭ |
| ૧૭૫ | ૨૭–૦૯–૧૯૭૨ | ગાથા–૭૩–૭૪ | ૧૭૯ |
| ૧૭૬ | ૨૮–૦૯–૧૯૭૨ | ગાથા–૭૪ | ૧૯૧ |
| ૧૭૭ | ૨૯–૦૯–૧૯૭૨ | ગાથા–૭૪ | ૨૦૩ |
| ૧૭૮ | ૩૦–૦૯–૧૯૭૨ | ગાથા–૭૪ | ૨૧૬ |
| ૧૭૯ | ૦૧–૧૦–૧૯૭૨ | ગાથા–૭૪, શ્લોક–૪૮ | ૨૨૯ |
| ૧૮૦ | ૦૨–૧૦–૧૯૭૨ | ગાથા–૭૫ | ૨૪૫ |
| ૧૮૧ | ૦૩–૧૦–૧૯૭૨ | ગાથા–૭૫ | ૨૫૮ |

| | | | |
|---|---|---|---|
| ૧૮૨ | ૦૫–૧૦–૧૯૭૨ | ગાથા–૭૫ | ૨૭૦ |
| ૧૮૩ | ૦૬–૧૦–૧૯૭૨ | ગાથા–૭૬ | ૨૮૫ |
| ૧૮૪ | ૦૭–૧૦–૧૯૭૨ | ગાથા–૭૫ | ૨૯૭ |
| ૧૮૫ | ૦૮–૧૦–૧૯૭૨ | ગાથા–૭૫, શ્લોક–૪૯ | ૩૦૬ |
| ૧૮૬ | ૦૯–૧૦–૧૯૭૨ | શ્લોક–૪૯, ગાથા–૭૬ | ૩૧૮ |
| ૧૮૭ | ૧૦–૧૦–૧૯૭૨ | ગાથા–૭૬–૭૭ | ૩૩૦ |
| ૧૮૮ | ૧૧–૧૦–૧૯૭૨ | ગાથા–૭૭ | ૩૪૩ |
| ૧૮૯ | ૧૨–૧૦–૧૯૭૨ | ગાથા–૭૭–૭૮ | ૩૫૫ |
| ૧૯૦ | ૧૩–૧૦–૧૯૭૨ | ગાથા–૭૮–૭૯ | ૩૬૮ |
| ૧૯૧ | ૧૪–૧૦–૧૯૭૨ | ગાથા–૭૯, શ્લોક–૫૦ | ૩૮૧ |
| ૧૯૨ | ૧૫–૧૦–૧૯૭૨ | શ્લોક–૫૦, ગાથા–૮૦ થી ૮૨ | ૩૯૪ |
| ૧૯૩ | ૧૬–૧૦–૧૯૭૨ | શ્લોક–૫૦, ગાથા–૮૦ થી ૮૨ | ૪૧૦ |

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી તરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

ॐ
સહજ ચિદાનંદ

।।श्री परमात्मने नमः।।

# સમયસાર રહસ્ય

(અધ્યાત્મયુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શ્રી સમયસારજી પરમાગમ ઉપર ચાલેલા ૧૭મી વખતના શબ્દશઃ સળંગ પ્રવચનો)

(ભાગ-૬)

## ભાદરવા સુદ-૬, બુધવાર, તા. ૧૩-૦૯-૧૯૭૨
## કળશ-૪૬, પ્રવચન-૧૬૧

દસલક્ષણી પર્વનો બીજો દિવસ છે. માર્દવ ધર્મ. પહેલા ક્ષમા હતીને ક્ષમા? હવે આ માર્દવ ધર્મ છે. ક્રોધ સામે ક્ષમા, માન સામે માર્દવ. ....

धर्माङ्गमेतदिह मार्दवनामधेयं
जात्यादिगर्वपरिहारमुशन्ति सन्तः।
तद्धार्यते किमु न बोधदृशा समस्तं
स्वप्नेन्द्रजालसदृशं जगदीक्षमाणैः।।८७।।

ઉત્તમ પુરુષ જાતિનો ગર્વ શું કરે છે? જાતિ નામ માતાનું કુળ ઊંચું હોય છે તેનો પુત્ર હું છું. તો શું થયું? એનો ગર્વ શું કરવો? એ તો કુળનો છે નહિ. એ તો પોતાનું સ્વરૂપ ચિદાનંદ ભિન્ન છે. તો એ જાતિનો પણ ગર્વ કરતા નથી. બળ. શરીરના બળનો ગર્વ કરે છે. ... શરીરનું બળગામા મોટા હતોને એ? ગામા. જ્યારે આવું શરીર થઈ ગયું, અહીંયા માખી (બેઠી હોય તો) માખી ઉડાડવાની તાકાત નહિ. મોટરને ઉભી રાખી દેતો હતો. મોટરને.

મુમુક્ષુ :- મોટરને રોકી દેતો હતો.

ઉત્તર :- હા, રોકી દેતો હતો. શરીરની સ્થિતિ એવી છે. કોના બળનું અભિમાન કરવું? માર્દવ ધર્મ. ગર્વનો ત્યાગ કરે છે ધર્માત્મા. જ્ઞાનનો ગર્વ. આ સૂત્રજ્ઞાન ભણતરનું જ્ઞાન. હું ભણ્યો-ગણ્યો છું, હું બેરિસ્ટર છું, હું વકીલ છું, હું ડોક્ટર છું. એનો ગર્વ, પરનો ગર્વ તો પોતાના સ્વરૂપનું અભિમાન—દૃષ્ટિ તો છે નહિ. સમજાણું કાંઈ? પોતાનું ચિદ્ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન પરમાત્મસ્વરૂપ પોતાનું છે એની દૃષ્ટિ (તો છે નહિ). પોતાનું પરમાનંદ સ્વરૂપ ભગવાન આત્મા જેની મહિમાનો પાર નથી. જ્યાં કેવળજ્ઞાનની પર્યાય પણ જેના સ્વભાવ આગળ અલ્પ છે, તો બીજાનું અભિમાન શું કરવું? સમજાણું કાંઈ? જ્ઞાન સમજવું. સમજણ બુદ્ધિનો ગર્વ હોય છેને કેટલાકને? કુળ ગર્વ. પિતાનું. હું મોટા પિતાનો પુત્ર છું, રાજનો .. છું, દિવાનનો દીકરો છું. એવું અભિમાન. .. ભાઈ! કોનું અભિમાન? તારી ચીજ એક સમયની પર્યાયનું પણ અભિમાન નથી. સમજાણું કાંઈ? હું તો ત્રિકાળ પરમાત્મા આનંદસ્વરૂપ છું એવી દૃષ્ટિ રાખનારા ધર્માત્મા જ્ઞાનનો અને કુળનો ગર્વ કરતા નથી. તપનો ગર્વ. આ અપવાસ આદિ કરે છેને. જુઓ, અમે આમ કરી શકીએ છીએ. આઠ અપવાસ કરી શકીએ, મહિનાના અપવાસ કરી શકીએ. .. એમાં થયું શું? એ ગર્વ અજ્ઞાન છે. શરીરની સુંદરતા. એ ગર્વ પણ મિથ્યા છે. રૂપનો ગર્વ, ઐશ્વર્યનો ગર્વ. શેઠ! મોટાઈનું અભિમાન. જુઓ! હું શેઠ છું, હું પ્રમુખ છું, હું સંઘપતિ છું. કોનો પતિ? આહા..હા..! ધૂળપતિ છે.

એવા ગર્વના ત્યાગને માર્દવ ધર્મ કહે છે. એ ધર્મના અંગભૂત છે. ચારિત્રરૂપી ધર્મ એનો એ માર્દવ એક અંગ છે. અવયવ છે, એક ભાગ છે. તેથી જે મનુષ્ય પોતાની સમ્યગ્જ્ઞાનરૂપી દૃષ્ટિથી સમસ્ત જગતને સ્વપ્ન સમાન દેખે છે. ઓહો..હો..! બધી ઈન્દ્રજાળ જેવી ચીજ છે. સ્વપ્નમાં ક્ષણમાં નાશ થતી જોવામાં આવે છે. ક્ષણમાં નાશ થઈ જાય. કોનું અભિમાન કરવું? શરીર, વાણી, મન ક્ષણમાં અટકી જાય, ક્ષણમાં પક્ષઘાત થઈ જાય, ક્ષણમાં ક્ષય રોગ થઈ જાય. આ શું કહેવાય આ અંદર? કેન્સર. આમ ખબર પડી કે .. થોડું થોડું દુઃખે છે. ઓહો..હો..! ડોક્ટર કહે છે કેન્સર. ભાઈસાહેબ! કહીશ નહિ હોં. એક જણાને કેન્સર થયું. નવી પરણેલ. નવી બાઈ પરણેલ અને પૈસાવાળા માણસ. ભાઈસાહેબ મને કીધું, પણ હવે બહાર પાડીશ નહિ હોં! બહાર કહીશ નહિ હોં. સ્ત્રીને ત્રાસ થાશે. આ સંસાર. આહા..હા..! ગર્વ કોનો કરવો? આહા..હા..!

શરીરમાં ઈયળું પડે ઈયળું. કીડા સમજો છો? આમ કરે તો કીડા પડે. અહીંયાં કીડા પડે. આહા..હા..! .. કેવા? બગસરાના. હીરાવાળા. હીરાવાળા કાઠી હતા. એ પુંઠમાં ઈયળું. બહુ ગર્વ હતો ગર્વ, અમે દીવાન. આવ્યા હતા વ્યાખ્યાનમાં એકવાર. સુઈ શકે નહિ, અંદરમાં ઈયળું. ઈયળું સમજ્યાને? કીડા. આવા કીડા મોટા. માંસ મૂકે થોડું પુંઠમાં એટલે ઓલા કીડા

ખાઈ ખાઈને .. મરી ગયા. ...વાળા હતા બગસરાના. વ્યાખ્યાનમાં આવ્યા હતા રાજકોટ. આહા..હા..! શેનું અભિમાન? પ્રભુ! તારી ચીજ અનંત આનંદમય છે. એની જેને પ્રતીતિ થઈ અને પોતાની મહત્તા, મોટાઈનું ભાન થયું એ બીજામાં મોટાઈ શું કામ કરે? સમજાણું કાંઈ? એ .. ઇન્દ્રજાળ સ્વરૂપ દેખે છે. ઇન્દ્રની જાળ. આહા..હા..! ...માર્દવ ધર્મકો ધારણ કરતે હૈં. બીજો કળશ છે.

कास्था सद्मनि सुन्दरेऽपि परितो दन्दह्यमानाग्निभिः
कायादौ तु जरादिभिः प्रतिदिनं गच्छत्यवस्थान्तरम्।
इत्यालोयचयतो हृदि प्रशमिनः शश्वद्विवेकोज्ज्वले
गर्वस्यावसरः कुतो ऽत्र घटते भावेषु सर्वेष्वपि।।८८।।

'અત્યંત મનોહર.. જેની ચારે બાજુ અગ્નિ સળગી રહી છે એવા ઘરના બચવામાં જે પ્રમાણે અંશમાત્ર પણ આશા નથી.' ચારે કોર અગ્નિ સળગે છે અને વચ્ચે ઘર. આહા..હા..! એમ શરીર વૃદ્ધાવસ્થા સહિત છે. ૨૫ વર્ષનો બળદ જેવા શરીર હોય, વૃદ્ધાવસ્થા આવી જાય. ક્ષણમાં આવી જાય. જીર્ણ થઈ જાય શરીર. આહા..હા..! સમજાણું કાંઈ? કોનું અભિમાન કરવું? હું તો આનંદ જ્ઞાનસ્વરૂપ છું. એ ચીજ જ મારી નથી તો શેનું અભિમાન કરવું? જેઠાલાલભાઈ! પદવી મળી હોય લ્યો કલેક્ટરની. અમે કલેક્ટર છીએ. એય..! આ કલેક્ટર હતાને, પોરબંદર. કલેક્ટર છે. કહો, સમજાણું? શરીર વૃદ્ધાવસ્થા સહિત પ્રતિદિન એક અવસ્થાને છોડીને બીજી અવસ્થાને ધારણ કરે છે. ૨૫-૨૫ વર્ષની જુવાન અવસ્થા હોય. કેન્સર. થઈ રહ્યું. છાતીમાં ચાંદા. છોકરા જોઈ આવ્યો જીથરી જઈને. આવું એકદમ આવે. ચારે કોર અગ્નિ લાગી અને આ ઘરની શી આશા? એમ આ શરીરમાં ચારે કોર જીર્ણતા લાગી છે. આહા..હા..! સમજાણું કાંઈ? શરીર સદાકાળ રહેશે શું વિશ્વાસ થઈ શકે? એ પ્રકારે નિરંતર વિવેકથી. વિવેક નામ પરથી ભિન્નતા. રાગ, દયા, દાનનો વિકલ્પ ઉઠે એનું પણ અભિમાન નહિ, એ મારામાં નથી. એ કોનું અભિમાન કરે? ક્ષણમાત્રમાં વિંખાઈ જાય.

'મુનિને સમસ્ત પદાર્થમાં અભિમાન કરવા માટે અવસર જ નથી મળતો. માટે મુનિઓએ સદાય એવું જ ધ્યાન કરવું જોઈએ.' બીજો ધર્મ થયો. લ્યો! કહો, ભીખાભાઈ! શું અભિમાન હવે? એ બંગડીમાં પેદાશ કરે, હીરાભાઈ...

મુમુક્ષુ :- બંગડી બંગડીને ઠેકાણે રહેશે..

ઉત્તર :- પણ ઓલો ૫૦-૫૦ હજાર પેદા કરે. વળી બે કલાક જઈએ ત્યાં હૂંફ આવે. હીરાભાઈ જેવો છોકરો અને વળી ત્યાં કલાકે.. આવું. આહા..હા..! અરે! જ્યાં એક સમયની પર્યાય પણ નાશવાન છે. શું કહે છે? એક સમયની પર્યાય નાશવાન છે. હિન્દી હતું. સાચી વાત છે. શેઠે કહ્યુંને. એ જોયું એણે.

## -૨-
## કર્તાકર્મ અધિકાર

### શ્લોક-૪૬

अथ जीवाजीवावेव कर्तृकर्मवेषेण प्रविशतः।

(मन्दाक्रान्ता)

एकः कर्ता चिदहमिह मे कर्म कोपादयोऽमी
इत्यज्ञानां शमयदभितः कर्तृकर्मप्रवृत्तिम्।
ज्ञानज्योतिः स्फुरति परमोदात्तमत्यन्तधीरं
साक्षात्कुर्वन्निरुपधिपृथग्द्रव्यनिर्भासि विश्वम्।।४६।।

કર્તાકર્મવિભાવને, મેટી જ્ઞાનમય હોય,
કર્મ નાશી શિવમાં વસે, નમું તેહ, મદ ખોય,

પ્રથમ ટીકાકાર કહે છે કે 'હવે જીવ-અજીવ જ એક કર્તાકર્મના વેશે પ્રવેશ કરે છે'. જેમ બે પુરુષો માંહોમાંહે કોઈ એક સ્વાંગ કરી નૃત્યના અખાડામાં પ્રવેશ કરે તેમ જીવ-અજીવ બન્ને એક કર્તાકર્મનો સ્વાંગ કરી પ્રવેશ કરે છે એમ અહીં ટીકાકારે અલંકાર કર્યો છે.

હવે પ્રથમ, તે સ્વાંગને જ્ઞાન યથાર્થ જાણી લે છે તે જ્ઞાનના મહિમાનું કાવ્ય કહે છે :—

શ્લોકાર્થ :- '[इह) આ લોકમાં [अहम् चिद्] હું ચૈતન્યસ્વરૂપ આત્મ તો [एकः कर्ता] એક કર્તા છું અને [अमी कोपादयः] આ ક્રોધાદિ ભાવો [मे कर्म] મારાં કર્મ છે' [इति अज्ञानां कर्तृकर्मप्रवृत्तिम्] એવી અજ્ઞાનીઓને જે કર્તાકર્મની પ્રવૃત્તિ છે તેને [अभितः शमयत्] બધી તરફથી શમાવતી (-મટાડતી) [ज्ञानज्योतिः] જ્ઞાનજયોતિ [स्फुरति] સ્ફૂરાયમાન થાય છે. કેવી છે તે જ્ઞાનજયોતિ? [परम-उदात्तम्] જે પરમ ઉદાત્ત છે અર્થાત્ કોઈને આધીન નથી, [अत्यन्तधीरं] જે અત્યંત ધીર

છે અર્થાત્ કોઈ પ્રકારે આકુળતારૂપ નથી અને [निरुपधि-पृथग्द्रव्य-निर्भासि] પરની સહાય વિના જુદાં જુદાં દ્રવ્યોને પ્રકાશવાનો જેનો સ્વભાવ હોવાથી [विश्वम् साक्षात् कुर्वत्] જે સમસ્ત લોકાલોકને સાક્ષાત્ કરે છે-પ્રત્યક્ષ જાણે છે.

ભાવાર્થઃ- આવો જ્ઞાનસ્વરૂપ આત્મા છે તે, પરદ્રવ્ય તથા પરભાવોના કર્તાપણારૂપ અજ્ઞાનને દૂર કરીને, પોતે પ્રગટ પ્રકાશમાન થાય છે. ૪૬.

## કળશ-૪૬ ઉપર પ્રવચન

લ્યો આ સમયસાર. કર્તાકર્મ અધિકાર છે. પહેલો અધિકાર પૂરો થયો. કર્તાકર્મ અધિકાર છે. કર્તાકર્મ અધિકાર. 'अथ जीवाजीवावेव कर्तृकर्मवेषेण प्रविशतः।' જીવ અને અજીવ બે કર્તાકર્મનો વેષ ધારણ કરીને (પ્રવેશ કરે છે). જીવ છે એ કર્તા છે અને રાગાદિ એનો વેષ નામ કર્મ છે એમ નાટકના રૂપમાં પ્રવેશ કરે છે. જ્ઞાન જાણે છે કે આ વેષ મારો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જેણે પૂર્ણ જ્ઞાનસ્વભાવ આત્માની દૃષ્ટિ નથી એ રાગાદિ ભાવનો કર્તા થાય છે. પરનું તો કરી શકતો નથી. આહા..હા..! શરીરનું, વાણીનું, મનનું, દેશનું, કુટુંબનું કાંઈ કરી શકે નહિ. બરાબર છે શેઠ? આ કર્યુંને અત્યાર સુધી, સાયકલ લઈને ગામડામાં જાતા હતા. પૈસા એકઠા કર્યા. ધૂળેય કર્યા નથી. સમજાણું કાંઈ? ...

જીવ-અજીવ વેષ ધારણ કરીને આવે છે. જીવ અને અજીવનો ભેખ માથે આવ્યો રાગનો. આહા..હા..! ભગવાન આત્મા એ તો જ્ઞાનાનંદ સ્વભાવી ચીજ. એમાં રાગાદિ એ તો અજીવ અચેતન એ જીવનો ભેખ—વેષ નહિ... આહા..હા..! તો શરીરાદિનો ભેખ અને વેષ તો એનો છે નહિ. આહા..હા..! દુકાનમાં બેઠા હોય અને બરાબર પાંચ-પચ્ચીસ હજારની પેદાશ હોય. આમ શણગારી હોય, દુકાન શણગારે. અમારે ત્યાં પાલેજમાં ... દુકાન મોટી કરી છેને. સુધરેલ મોટા.. શું કહેવાય તમારા? હડફા-હડફા શું કહેવાય એ? દલ્લો, પણ તમારી ભાષામાં શું કહેવાય પૈસા નાખવાનું? ગલ્લા. ગલ્લાની પેટી મોટી. એમાં આમ આમ ફેરવી નાખ્યું કીધું આ તો. અમે પહેલા એ દુકાનમાં બેસતા, અમારી પિતાજીની, હવે બધું ફેરવી નાખ્યું. દુકાન જોડે હતી, ઓલી જરી જુદી હતી. આહા..હા..! એમાં એને એમ થઈ જાય કે આપણે આ શેઠ છીએ.

અહીંયાં તો કહે છે કે ભગવાન જીવ ચૈતન્યમૂર્તિ પ્રભુ એને માથે એની ઉપર રાગનો વિકલ્પ એ પણ અજીવનો ભેખ છે. જીવ કર્તા અને રાગ એનું કાર્ય એની દૃષ્ટિ સ્વભાવના

આશ્રયમાં નથી. સમજાણું કાંઈ? જેની દૃષ્ટિ ચૈતન્યસ્વભાવ ઉપર હોય એને રાગ મારો છે એવું કર્તાપણું થતું નથી. જેની દૃષ્ટિ રાગ ઉપર રહે તો પોતાના સ્વભાવની દૃષ્ટિ તો નથી, તો રાગ ઉપર દૃષ્ટિ (હોવાથી) રાગ કર્તા અને રાગ મારું કર્મ. રાગ મારું કર્તવ્ય અને હું એનો કરનારો. આહા..હા..! સમજાણું કાંઈ? એ જીવ-અજીવ પ્રવેશ કરે છે. શ્લોક.

(मन्दाक्रान्ता)

एक: कर्ता चिदहमिह मे कर्म कोपादयोऽमी
इत्यज्ञानां शमयदभित: कर्तृकर्मप्रवृत्तिम्।
ज्ञानज्योति: स्फुरति परमोदात्तमत्यन्तधीरं
साक्षात्कुर्वन्निरुपधिपृथग्द्रव्यनिर्भासि विश्वम्।।४६।।

પહેલો શ્લોક છે.

**કર્તાકર્મવિભાવને, મેટી જ્ઞાનમય હોય,**
**કર્મ નાશી શિવમાં વસે, નમું તેહ, મદ ખોય,**

જુઓ, નિર્માનતાનો દિવસ છેને? આહા..હા..! '**કર્તાકર્મવિભાવને...**' પુણ્ય અને પાપના વિભાવભાવ એ મારું કાર્ય. કેમકે એની દૃષ્ટિ, પોતાનો સ્વભાવ પૂર્ણ આનંદઘન છે એના ઉપર નથી. એ ત્યાં સુધી કર્તા આત્મા અને વિભાવ પરિણામ એનું કર્મ. કહો, આ બધું શું હશે? શિવલાલભાઈ! આ બધા વેપાર-બેપાર કરે છેને. એય..! ભોગીભાઈ! દાણા લાવે, કપાસ લાવે, આ લાવે. એ ફરે છેને? અહીંયાં હવે નીકળે છે. શું કહેવાય એના? આડતિયા. આડતિયા લઈને ભોગીભાઈ આવે છે ઘણીવાર. પાલિતાણા જાવું છે ને ફલાણે (જાવું છે). આહા..હા..! પ્રભુ! તું કોણ છો? તારી ચીજ તો એકલી જ્ઞાન અને આનંદથી ભરેલી છેને, નાથ! આત્મા કર્તા અને વિભાવ કર્મ એ કેમ બને? સમજાણું કાંઈ? ઝીણો અધિકાર છે.

એ '**કર્તાકર્મવિભાવને, મેટી જ્ઞાનમય હોય,...**' હું તો આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ છું એમ જેણે નિજ સ્વરૂપની સંભાળ કરી અને રાગાદિ કાર્ય મારું અને હું કર્તા એવું જેણે મટાડ્યું. આહા..હા..! આ બાયુંમાં તો કેટલીક હુશિયાર હોય છે. રાંધવામાં હાથ હળવો નથી કહેતા? શું કહ્યું સમજાણું? હાથ હળવો છે એનો. ખીચડી બનાવે, રોટલી બનાવે. એ શું કહેવાય? પુડલા. પુડલા-પુડલા કરે છેને. એ બાયું હુશિયાર હોય એનાથી બને. સાધારણથી ન બને. સાચી વાત હશે? ધૂળેય એમ નથી. અજ્ઞાનીનું અભિમાન છે. એની તો વાત પણ અહીંયાં નથી. અહીંયાં તો રાગ થાય છે વિકલ્પ, અરે! પ્રભુ! એ કર્તાકર્મ વિભાવને મટાડી દઈ, હું તો આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપી સ્વભાવી વસ્તુ, એ વિકાર મારો ભેખ નહિ, મારું કાર્ય નહિ, વિકાર મારામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એમ '**કર્તાકર્મવિભાવને, મેટી જ્ઞાનમય હોય,...**' એકલો આનંદમય, જ્ઞાનમય હું તો

છું. જાણકસ્વભાવથી પૂરો ભરેલો. આહા..હા..! એવો આત્મા હું છું. એવી જેની દૃષ્ટિ થઈ એ '**કર્મ નાશી શિવમાં વસે,...**' અસ્થિરતાનો રાગ-દ્વેષ હતો એનો, સ્વરૂપમાં એકાગ્ર થઈને એ રાગ-દ્વેષનો નાશ કરીને શિવમાં વસે—સિદ્ધપદમાં વસે. પૂર્ણાનંદનો નાથ નિજઘરમાં વસે. સમજાણું કાંઈ? તિન્હે **નમું.** તેને હું નમસ્કાર કરું છું. ગ્રંથકાર વચનિકા લખનાર આચાર્ય નથી પણ પંડિત છે એ કહે છે કે હું '**નમું તેહ, મદ ખોય,...**' ઓહો..! મારા જ્ઞાનની અલ્પતા એનું પણ અભિમાન છોડી દઉં. હું તો જ્ઞાનમય છું એમ આત્મામાં સમજીને મદ છોડીને પરમાત્માને હું નમસ્કાર કરું છું.

'**પ્રથમ ટીકાકાર કહે છે કે 'હવે જીવ-અજીવ જ એક કર્તાકર્મના વેશે પ્રવેશ કરે છે'. જેમ બે પુરુષો માંહોમાંહે કોઈ એક સ્વાંગ કરી...**' પરસ્પર '**નૃત્યના અખાડામાં પ્રવેશ કરે તેમ જીવ-અજીવ બન્ને એક કર્તાકર્મનો સ્વાંગ કરી...**' ઓહો..હો..! ભગવાન આત્મા જ્ઞાયકસ્વભાવ, આનંદસ્વભાવ, પૂર્ણાનંદ સ્વરૂપ એમાં આ રાગનો વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિ એ રાગ છે. સમજાણું કાંઈ? શેઠ! ચાહે તો ભગવાનની ભક્તિ હોય કે ચાહે તો વાણીની ભક્તિ હોય, જિનવાણી, બધો રાગ છે. આહા..હા..! એ રાગ ભેખ લઈને ચેતનમાં આવ્યો છે અંદર. અહીં તો એને અજીવ જ કહ્યો છે. ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા એમાં રાગનો ભાવ... એ આપણે બહુ આવ્યું હતું. ભગવાનની વાણી હોય, તો ભગવાનનો ભાવ વાણીમાં નથી આવ્યો. સમજાણું કાંઈ? વાણી તો જડ છે. ભગવાનનો ભાવ ભગવાનમાં રહ્યો. જેમ મૂર્તિમાં ભગવાનનો ભાવ નથી આવ્યો એમ ભગવાનનો ભાવ (વાણીમાં) બિલકુલ નથી, વાણી જડ છે. એ જડની ભક્તિ કરવી એ પણ રાગ છે અહીં તો કહે છે. બહુમાન કરવું આહા..હા..! આવે છે, સર્વજ્ઞ અનુસારીણી વાણી. સર્વજ્ઞ અનુસારીણી વાણી જાણીને એના પ્રત્યે બહુમાન આવે છે, પણ છે એ શુભરાગ. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

'**તેમ જીવ-અજીવ બન્ને એક કર્તાકર્મનો સ્વાંગ કરી પ્રવેશ કરે છે એમ અહીં ટીકાકારે અલંકાર કર્યો છે.**' નાટકમાં કહે છે. '**હવે પ્રથમ, તે સ્વાંગને જ્ઞાન યથાર્થ જાણી લે છે તે જ્ઞાનના મહિમાનું કાવ્ય કહે છે :—**' લ્યો! કળશ તો પહેલા બોલાઈ ગયો. '**આ લોકમાં હું ચૈતન્યસ્વરૂપ આત્મા તો એક કર્તા છું...**' શું કહે છે? અજ્ઞાની એમ માને છે કે હું આત્મા છું તો કરનાર તો હું છું અને રાગ એ મારું કર્મ છે. ઉપાદેય એવો શબ્દ પડ્યો છે. જડ નીચે. ક્રોધાદિભાવ મારું કર્મ છે. આહા..હા..! બહુ ઝીણી વાત છે. ક્રોધાદિ શબ્દ કેમ લીધો? કે પોતાનો સ્વભાવ આનંદ અને જ્ઞાનાનંદ જ્ઞાતા એનો અનાદર કરીને એ રાગ દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ મારું કર્મ (એમ માન્યું) એ સ્વભાવ પ્રત્યે એને ક્રોધ આવ્યો... આહા..હા..! દ્વેષ આવ્યો, તો રાગનો પ્રેમ કર્યો. આહા..હા..! ભગવાન

અને ભગવાનની વાણી એ તો ક્યાંય રહ્યા દેવ-ગુરુ-શાસ્ત્ર. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ એ રાગ. એ રાગનો રાગ જેને છે એ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. જેઠાભાઈ!

**'એક કર્તા છું...'** એટલે કે રાગ અને કર્મ બે ભિન્ન ચીજ છે એમ નહિ જાણીને હું એક જ કર્તા છું, ક્રોધાદિ ભાવ મારું કર્મ છે. આહા..હા..! ક્રોધ શબ્દે સ્વરૂપ આનંદ અને જ્ઞાનની મૂર્તિ પ્રભુ આત્મા છે. એને છોડીને શુભરાગનો પણ પ્રેમ રહ્યો એને ત્રિકાળી ભગવાન પ્રત્યે અનાદર થયો, ક્રોધ થયો. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્યમૂર્તિ પ્રભુ એક સમયમાં પૂર્ણ કેવળજ્ઞાનની પર્યાયથી પણ અધિક એવી ચીજનો પ્રેમ નથી એને પુણ્ય પરિણામનો પ્રેમ છે એ આત્મા પ્રત્યે દ્વેષ-ક્રોધ છે. આહા..હા..! ભારે અહીંયાં. શેઠ! એવી વસ્તુની સ્થિતિ છે, વસ્તુસ્થિતિ એવી છે. સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદનો નાથ જેની મહિમા કેવળજ્ઞાનમાં પણ આવતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? તો એની મહિમા વાણીમાં તો ક્યાંથી આવે? આહા..હા..! વાણી તો જડ અજીવ. એ જીવનો ભાવ અજીવને સ્પર્શતો નથી અને અજીવ જીવને સ્પર્શતો નથી. આહા..હા..! એવો ભગવાન આત્મા એમ માને કે હું એક જ કર્તા. સમજ્યાને? બીજી ચીજ છે એનું કાર્ય મારું એમ નહિ, હું એક જ કર્તા.

**'અને આ ક્રોધાદિ ભાવો મારાં કર્મ છે...'** ક્રોધ, માન, માયા, લોભ, રાગ, પ્રેમ એ મારું કાર્ય છે. બહુ સૂક્ષ્મ વાત ભાઈ! સમજાણું કાંઈ? ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એક સમયમાં પરમાત્મા જ પોતાનું સ્વરૂપ છે એનો જેણે આદર છોડી દીધો એણે રાગાદિનો આદર કરીને મારું કર્મ છે એમ માન્યું. કહો, ભગવાનજીભાઈ! આહા..હા..! શરીરાદિનું તો શું કહેવું? જુઓને નાની-નાની ઉંમરમાં સાંભળીએ છીએ કે કેન્સર થયું ને ઢીંકણું થયું. એક બિચારા હમણા નહિ? ચીમનભાઈ હતા એ ગુજરી ગયા. પંદર દિ' ત્યાં રહ્યા હતા. ફતેહપુર. જયંતિભાઈના બનેવી. જયંતિભાઈ છેને ત્યાં ફતેહપુર. ગૃહસ્થ માણસ. ઘણી લાખોની પેદાશ. વડોદરામાં રહેતા હતા. એ ત્યાં પંદર દિ' રહ્યા. વડોદરા ગયા પછી થયું રહ્યું, અંદર સડી ગયું. કેન્સર થયું. ઓહો..હો..! આ તો રાગ મારું કાર્ય છે અને હું કર્તા છું એ મિથ્યાત્વનું કેન્સર છે. સમજાણું કાંઈ?

પોતાના શુદ્ધ ચૈતન્યમાં સડો થયો. આહા..હા..! હું કર્તા. એક જ કર્તા હું. એમ. હું એક જાણનાર અને રાગ બીજો કર્તાકર્મ છે એમ નહિ. મારામાં જ રાગ થાય છે અને વિકલ્પ થાય છે એ મારું કાર્ય. **'એવી અજ્ઞાનીઓને...'** આવા સ્વભાવના અજાણ, પોતાની ચીજના માહાત્મ્ય વિના **'અજ્ઞાનીઓને જે કર્તાકર્મની પ્રવૃત્તિ છે...'** પોતાના નિજાનંદ ભગવાનના સ્વરૂપનું જેને ભાન નથી... સમજાણું કાંઈ? પોતાની નિજ ચીજ એની જેને ખબર નથી એવો અજ્ઞાની એમ કહે છે. તેને **'કર્તાકર્મની પ્રવૃત્તિ છે...'** આહા..હા..! અહીંયાં તો હજી દેશને સુધારવો છે, કુટુંબને સુધારવું છે, પંચશીલ શું કહે છે? પંચશીલ કહે છેને? સડક બનાવવી

છે. પંચશીલ. કૂવા ખોદવા છે, સડક બનાવવી છે, ખેતર સાફ કરવું છે ને શું કાંઈક પાંચ છે એવું. પંચ વર્ષીય નહિ પંચશીલ. પાંચ બોલ છે. પંચ વર્ષીય તો વર્ષની મુદ્દતની વાત થઈ. આ તો પાંચ બોલ છે, પાંચ કાર્ય. સડક બનાવવી, કૂવા ખોદવા.. એવું કાંઈક છે પાંચ. કોણ કરે ભગવાન! આહા..હા..! અરેરે! શરીરમાં શ્વાસ તારો સગો નથી. કહો, શેઠ! શ્વાસ તારો સગો નથી. .. બતાવે છેને? એ ચીજ જડની છે, આત્મા શું રોકે? આહા..હા..!

અને દેહ છોડવાના કાળે આ શ્વાસ જ્યારે નાભીથી ખસી જાય છે... આહા..હા..! આમ શ્વાસ અહીંથી ખસી ગયો. ખ્યાલ આવે પણ શું કરે? એ તો જડ વસ્તુ છે. આહા..હા..! શ્વાસનો પણ કર્તા હું અને એ કાર્ય મારું એ તો છે નહિ, પણ એમાં રાગ થાય એનો કર્તા અને કાર્ય હું નથી એમ કહે છે. એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનીને પણ રાગ આવે છે એમ કહેવું એ તો વ્યવહાર છે. જ્ઞાનીને તો રાગનું જ્ઞાન થાય છે. આહા..હા..! પોતાના જ્ઞાનની શક્તિ એવી છે.

એમ દેખીને '**બધી તરફથી શમાવતી (-મટાડતી)...**' અજ્ઞાનીઓની કર્તાકર્મની પ્રવૃત્તિ એ ચારે બાજુથી એટલે અંતર્મુખ દૃષ્ટિ કરવાથી પોતાનો જ્ઞાનાનંદ સ્વભાવ એની અંતરમાં જ્યાં મહિમા, દૃષ્ટિમાં જ્ઞાનની પર્યાયમાં આવી તો ચારે કોરથી વિકારનું શમન કરે છે. એવી '**જ્ઞાનજ્યોતિ સ્ફુરાયમાન થાય છે.**' લ્યો! એનું નામ ધર્મ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એ રાગાદિનું કાર્ય મારું અને હું કર્તા, હું રચનારો અને રચાયેલું મારું કાર્ય. આહા..હા..! ભગવાન પૂર્ણ જ્ઞાનસ્વરૂપ એનામાં એ શું શું છે? એ તો અજ્ઞાનને કારણે એમ માને છે. ભારે વાત ભાઈ!

ભગવાન ત્રિલોકનાથ પરમાત્માના વિનયનો રાગ. આહા..હા..! એ રાગનું કર્તવ્ય મારું અને રાગ કર્મ એ વસ્તુસ્થિતિથી વિરુદ્ધ છે. સમજાણું કાંઈ? આહા..હા..! પણ શરીર હોય લઠ જેવું, બળદ જેવું. બળદ જેવું. બે-ચાર લાડવા ખાઈ જતો હોય, ચાલે તો ધમધમાટ. પણ એકવાર બાપુ! શ્વાસ નહિ લઈ શકે તું હોં! યાદ રાખ. એ દિવસને યાદ રાખ. એ દિવસ આવશે તને હોં. આહા..હા..! અરેરે! હવે કોઈ નહિ. ડૉક્ટર-બાક્ટર કોઈ નહિ. ડૉક્ટર પણ કહે બોલાવશો નહિ હવે. હવે રહેવા દ્યો. શું કહેવાય? ઈંજેક્શન. ઈંજેક્શન હવે રહેવા દ્યો. મૂકી દો. જુઓ કલાક-બે કલાક. આહા..હા..! 'એક રે દિવસ એવો આવશે...' એવું આવે છે. દુકાન ઉપર ... 'એક રે દિવસ એવો આવશે જાણે જન્મ્યા જ નહોતા જી' જન્મ્યો નહોતો જાણે. 'સગી નારી રે તારી કામની...' વ્હાલામાં વ્હાલી બાયડી. બે વર્ષનું લગન હોય, ૨૮ની ઉંમર હોય, એની ૨૫ની હોય. 'ઉભી ટગ ટગ જોવે જી. આરે શરીરમાં હવે કાંઈ નથી. એ ધ્રુસકે ધ્રુસકે રોવે જી. એક રે દિવસ એવો આવશે.' કહો, શેઠ! બધાને આવશે હોં! આહા..હા..! અત્યારે ફાટફાટ દેખાય છે. એ શરીર છોડવાના કાળમાં... આહા..હા..!

મારું સમ્યગ્જ્ઞાન રાગનો નાશ કરીને ઉત્પન્ન થાય છે. એ તો નાશવાન છે જ શરીર, કુટુંબ, કબીલા. આહા..હા..! કૃષ્ણ જેવા વાસુદેવ. જેની હાકલે રાજદેવો ખડા થાય, એની હાજરીમાં દ્વારિકા બળી. રાજકુમાર જાદવના બળે, ઝળે. સોનાના ગઢ, રતનના કાંગરા ઝળે. બે ભાઈઓ જોતા સમુદ્રના પાણી નાખે. તેલ થઈને સળગે. આહા..હા..! નાશવાન બાપા કોણ એને રાખે ભાઈ! આહા..હા..! એ કૃષ્ણ કહે છે વાસુદેવને, ભાઈ! ક્યાં જાશું હવે? આહા..હા..! અરર! દશા તો જુઓ! ભાઈ! આપણે પાંડવને તો દેશ બહાર કર્યા છે. આ દ્વારિકા સળગી ગઈ, હવે ક્યાં જાશું? બળદેવ કહે છે ભાઈ! આપણે પાંડવ પાસે જાશું. એ આપણને રાખશે હોં. આહા..હા..! એલા! લાખોનો રક્ષણહાર એને કોણ રાખશે? આ કલ્પના! સમજાણું કાંઈ? લાખોનો રક્ષણહાર રાડ નાખે ત્યાં. બળતામાં બોલતા હો ઓલા માણસો. એ કૃષ્ણ! એ કૃષ્ણ! એ બળદેવ! રાજકુમાર બળે, રાણીઓ બળે. બાર યોજનની દ્વારિકા. નવ યોજનની પહોળી અને બાર યોજન લાંબી. એટલી મોટી છ મહિના સળગી. બાપુ! એ તો થવા કાળનો પર્યાય એવો જ હોય. એને કોઈ તીર્થંકર ઈન્દ્ર પણ રોકી શકે નહિ. આહા..હા..!

જરાતકુમારને કીધું કે ભાઈ તારા હાથે આમ થાશે ભાઈ! બિચારો વયો ગયો બાર વર્ષ બહાર. એના હાથે તીર વાગ્યું. ઓહો..હો..! કૃષ્ણ જેવા યોદ્ધા. આહા..! 'તરસે તરફડે ત્રિકમો, કોઈ પાણીનો નહિ પાનાર.' એ બંગલા-બંગલા ન રહ્યા ત્યાં. આહા..હા..! 'તરસે તરફડે ત્રિકમો, કોઈ નહિ પાણીનો પાનાર.' અરેરે! બંધવ જોડે પાણી લેવા ગયા બળદેવ. વાટકા-બાટકા ક્યાં હતા ત્યાં? વાટકા સમજ્યા? મોટા પાંદડાનું બનાવ્યું સળીયું નાખીને. પાણી લેવા ગયા. જ્યાં આવે ત્યાં તો ખલાસ થઈ ગયા. આહા..હા..! આ તે સંસાર તે કેવો!

અહીં તો ભગવાન તો નિયમસારમાં ૩૮મી ગાથામાં તો એમ કહે છે, પ્રભુ! તારી પર્યાય સંવર, નિર્જરા અને મોક્ષની પણ નાશવાન હોં! આહા..હા..! અવિનાશી તો ધ્રુવ ચૈતન્ય ભગવાન એ અવિનાશી છે. સમજાણું કાંઈ? એમાં શ્લોકમાં આવે છેને. આઠ પર્યાય નાશવાન છે. આ અવિનાશી પ્રભુ એની જ્યાં દૃષ્ટિ થઈ, રાગ મારું કાર્ય અને હું કર્તા એ વાતનો ભૂંસાડિયો વળી ગયો છે ત્યાં. નાશ થઈ ગયો છે. આહા..હા..! એ કહે છે જુઓ.

'**બધી તરફથી શમાવતી જ્ઞાનજ્યોતિ સ્ફૂરાયમાન થાય છે.**' હું તો ચૈતન્યજ્યોત છું. રાગને કરનારો તો નહિ પણ રાગને બાળનારો પણ હું નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? રાગનો નાશ કરનાર પણ હું નથી. આહા..હા..! એવી જ્ઞાનજ્યોતિ એની જ્યાં દૃષ્ટિ અને અનુભવ થયો તો રાગાદિને શમાવતી ઉપશમ કરતી સ્ફૂરાયમાન થાય છે. '**કેવી છે તે જ્ઞાનજ્યોતિ? જે પરમ ઉદાત્ત છે...**' આહા..હા..! ભગવાન જ્ઞાનસ્વભાવ પરમ ઉદાત્ત છે. ઉદાર છે. જેટલું એમાંથી કાઢવું હોય એટલું નીકળે. આહા..હા..! એમાં રાગની ખાણ

તો નથી, પણ જ્ઞાનની ખાણ કેવળજ્ઞાન કાઢે તો અનંત-અનંત કેવળજ્ઞાન નીકળે એવી ખાણ છે તારી. સમજાણું કાંઈ? એ જ્ઞાનજ્યોતિ **'જે પરમ ઉદાત્ત છે અર્થાત્ કોઈને આધીન નથી,...'** રાગને આધીન નથી, કર્મને આધીન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ રાગની મંદતા હતી શુભરાગની, તો આત્મજ્યોતિ પ્રગટ થઈ એમ છે નહિ. આહા..હા..! પહેલા રાગ શુભ કર્યો, શુભ-શુભ. તે કરતા-કરતા તેને ઉપશમ થયો એમ છે નહિ. એ તો ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ નિર્મળાનંદ જ્યોતિ પોતાથી સ્ફૂરાયમાન થાય છે. આહા..હા..!

**'જે અત્યંત ધીર છે...'** ધીર જ્યોતિ શાશ્વત ધીર. અને ભાન થયું એ પર્યાય પણ ધીર અને શાંત છે. સમજાણું કાંઈ? ધીર **'અર્થાત્ કોઈ પ્રકારે આકુળતારૂપ નથી...'** શું કહે છે? જ્ઞાનજ્યોતિ પોતાના સ્વભાવ સન્મુખ થઈને જ્યાં પ્રગટ થઈ, સાથે આનંદ પણ પ્રગટ થયો. સાથે આનંદ પણ આવ્યો, આકુળતા ન રહી. આહા..હા..! આ સમ્યગ્દર્શનની કળામાં આ વાત છે. સમજાણું કાંઈ? જે કળા કેવળજ્ઞાનની કળાને બોલાવે છે. આવો... આવો... આવો... હું સાધકપણે નહિ રહી શકું. આહા..હા..! સમજાણું કાંઈ? મારી ચીજ પૂર્ણાનંદની ચીજ અંદર પડી છે એનો જ્યાં અંતરમાં સ્વીકાર સમ્યગ્દર્શનમાં થયો, તો કહે છે કે એ અત્યંત આકુળતારહિત છે અર્થાત્ આનંદમય છે. એ અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેતી પ્રગટ જ્ઞાનજ્યોતિ થઈ. એ રાગ અને વિકારનો કર્તા હતો ત્યાં એકલું દુઃખનું વેદન હતું. જેઠાલાલભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..! શુભરાગ હોં! પરમાત્માની ભક્તિનો અને પરમાત્માની વાણીનો. એ ભક્તિ રાગ આકુળતા દુઃખ છે. આહા..હા..! એ આકુળતાને શમાવતી નિરાકુળ આનંદ લેતી પ્રગટ થઈ. આહા..હા..! જેને રાગનું કર્તાપણું છૂટી ગયું એને આકુળતા છૂટી ગઈ એમ કહે છે. અને હું તો ભગવાન સચ્ચિદાનંદ સ્વરૂપ છું, પરમાત્મા છું, મારી પર્યાય પણ મારી ચીજમાં નથી એવો હું છું. તો રાગાદિ મારામાં છે એમ તો છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'કોઈ પ્રકારે આકુળતારૂપ નથી અને પરની સહાય વિના જુદાં જુદાં દ્રવ્યોને પ્રકાશવાનો જેનો સ્વભાવ હોવાથી...'** એ રાગ છે, લોક છે તો જ્ઞાન થાય છે એમ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? રાગનું જ્ઞાન રાગ છે તો થાય છે એમ પણ નથી. આહા..હા..! અરે! એને સ્વભાવની ખબર નથી હોં! અને આ ધર્મ થાય છે... ધર્મ થાય છે... રાડું પાડે. ક્યાંથી ધર્મ થાય? સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાના જ્ઞાનાનંદ સ્વભાવનું જ્યાં શરણ લીધું અને સ્વઆશ્રયમાં જ્યાં અંદરમાં દૃષ્ટિ પ્રગટ થઈ, તો કહે છે કે આકુળતા રહિત અને પરની સહાયતા વિના. આહા..હા..! બીજી વસ્તુ છે તો બીજાના જ્ઞાનમાં એ બીજી વસ્તુ નિમિત્ત છે તો એટલી તો સહાયતા છે કે નહિ? આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મની દૃષ્ટિ ભગવાન બહુ મોટી છે. એય..! ચંદુભાઈ! અમારે વડોદરા ચંદુભાઈ છેને. આહા..હા..!

અરેરે! આવી વાત પણ કાને પડવી મુશ્કેલ પડે. અરે! એ ભગવાન ત્રણલોકનો નાથ, કેવળજ્ઞાનને સોડમાં લઈને પડ્યો. આહા..હા..! એનું જ્યાં અંતરમાં પરસન્મુખપણું જે હતું, આ, એ સ્વસન્મુખ થયો. તો કહે છે કે એની સ્વસન્મુખની દૃષ્ટિમાં જ્ઞાનમાં કોઈની સહાય છે જ નહિ. ક્ષણે-ક્ષણે સ્વપરપ્રકાશક જ્ઞાન પ્રગટ થાય છે. એમાં રાગ છે તો પરપ્રકાશક જ્ઞાન થયું એવી પણ જેને સહાય નથી. એવી ચીજ ભગવાન આત્માની પ્રગટ થઈ. કહો, ગીરધરભાઈ! આહા..હા..!

આચાર્યોની કથની તે ગજબ કરે છે! એક કળશમાં તો કેટલી વાત સમાડી દીધી છે. બહુ અલૌકિક વાત ભાઈ! તું પ્રભુ છોને. એ પ્રભુની જ્યાં દૃષ્ટિ થઈ તો એની પ્રભુતાની દૃષ્ટિ અને પ્રભુતાના જ્ઞાનમાં પરચીજ જણાય છે એ પર નથી. પરનો સંબંધ પણ પોતાનું જ્ઞાન જાણવામાં એ ચીજ નિમિત્ત છે, તો નિમિત્ત છે તો સહાયક થયું એવું પણ આત્મામાં નથી. આહા..હા..! આ વાણીથી જ્ઞાન થાય છે એવો આત્મા નથી. આહા..હા..! ગજબ વાત છે. ત્રિલોકનાથ તીર્થંકરની દિવ્યધ્વનિથી આત્માનું જ્ઞાન થાય છે એમ નથી. એ શાસ્ત્રને વાંચવાથી, સાંભળવાથી જ્ઞાન થાય છે એમ નથી. પ્રભુ! તારામાં શું ખામી છે કે પરનો આશ્રય હોય તો તું પ્રગટ થા, એવી તું વસ્તુ નથી. આહા..હા..!

અરેરે! જગતના પ્રાણીને પોતાની ચીજની શું મહત્તા અને મોટપ એની ખબર નથી અને બહારના કારણે મળે છે (એમ માને છે). આહા..હા..! ભગવાનનું દર્શન કરો તો મળશે, વાણીના દર્શન કરો તો મળશે, શેત્રુંજય અને સમ્મેદશિખરની જાત્રા કરો તો મળશે. એવી એ ચીજ નથી. સમજાણું કાંઈ? વચ્ચે શુભરાગ આવે છે ભક્તિ આદિ, પણ એ શુભરાગ પોતાનું જ્ઞાન પ્રગટ થવામાં બિલકુલ સહાયક નથી એમ કહે છે. વ્યવહારનો રાગ જ્ઞાનીને પણ આવે છે. એમ કહેવું એ રાગ એને નથી. કહેવામાં શું કરે? આહા..હા..! તો કહે છે કે એ રાગનું પણ જ્ઞાન થાય છે એમાં રાગ નિમિત્ત છે. લોકાલોક નિમિત્ત કહ્યુંને કેવળજ્ઞાનમાં? આહા..હા..! નિમિત્ત હોય તો શું થયું? ત્યાં નિમિત્ત સહાયક છે? નિમિત્તની વ્યાખ્યા જ પર પૃથક્ એ ચીજ છે. સહાયક છે એમ નથી. એય..! ભીખાભાઈ! આ તો ગુરુની ના પાડે છે. ગુરુ અને ગુરુની વાણીની ના પાડે છે. આહા..હા..! કેવળીની વાણી નહિ. ગજબ વાત છેઍ

મુમુક્ષુ - કેવળીની વાણી જ ક્યાં છે?

ઉત્તર :- વાણી ક્યાં (એની છે), એ તો જડની વાણી છે. કેવળીનો આત્મા એનું લક્ષ કરે તો એ મદદગાર નહિ એમ કહે છે. પાઠ તો શાસ્ત્રમાં એવો આવે લ્યો! જીવોનો અનુગ્રહિત કરનાર ભગવાન છે. કેવળજ્ઞાની પરમાત્મા સર્વ જીવોનો અનુગ્રહ (કરનાર) છે. અનુગ્રહનો અર્થ? જ્ઞાતા-દૃષ્ટા છે કે આ મારા અને તારા કાંઈ રહ્યું નહિ. રહ્યું નહિ એમાં. આહા..હા..!

(જ્ઞાનજ્યોતિ) **'કોઈ પ્રકારે આકુળતારૂપ નથી અને પરની સહાય વિના જુદાં**

જુદાં દ્રવ્યોને પ્રકાશવાનો જેનો સ્વભાવ હોવાથી...' શું કહે છે? છે તો અનંત પદાર્થ પર, પણ એ ભિન્ન-ભિન્ન જાણવામાં અનંત છે એની સહાયતા નથી. સહાયતા નથી. આહા..હા..! અનંત પદાર્થ છે. નીચે શ્રુતજ્ઞાનમાં પણ અનંત જાણવામાં આવે છે, પણ એ જાણવામાં આવે છે એ તો પોતાની પર્યાય જણાય છે. સમજાણું કાંઈ? એ પોતાની પર્યાયમાં લોકાલોક જણાય તો જરી નિમિત્ત છે તો સહાયક થયા કે નહિ? શ્રુતજ્ઞાનીને હોં! આહા..હા..! એવો આત્મા નથી. એવો આત્મા નથી. એમ માનવું એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેટલી વાત કરી! આહા..હા..! જ્ઞાન પ્રગટ્યું આનંદ લઈને અને પરને જાણવામાં પરની સહાયતા બિલકુલ નથી. આહા..હા..! કહો, શેઠ! આ તો હિન્દી થયું. વિચાર આવ્યો જરી સવારે. .. લખ્યુંને. ભગવાનભાઈને. સ્ત્રીને જોઈને વિચાર આવ્યો કે ભાઈ હિન્દી કરો, આવ્યા છે માંડ માંડ. માંડ આવ્યા છે હવે. કાલે એમ વિચાર આવ્યો હતો. એનો વિચાર આવ્યો હોં! કે આ નહિ સમજે અને બિચારા આવ્યા છે. આહા..હા..!

આ ચીજ એના ઘરની. ન સમજે. આહા..હા..! દુનિયાને પરની મહિમા, પરનો શણગાર, પરની શોભા. પોતાની શોભા, પોતાનો શણગાર અને પોતાની મહિમા શું ચીજ છે એની ખબર નથી. સમજાણું કાંઈ? આ તો એક બાઈને દેખીને વિચાર આવ્યો હતો. આ બાયુ બેઠીને. આ પૂજા કરતા હતા ત્યારે. એક કોઈ જુવાન બાઈ હતી અહીં. દાગીનો.. મારવાડી હશે કોણ જાણે. મારવાડી કહેવાય. એ ત્યાં પૂજા નહોતા કરતા? તો એક બાઈ બેઠી હતી જુવાન. આ ચાલવાનો રસ્તો છેને દેરાસરનો? બે-ત્રણ બાઈ બેઠી હતી. એકને અહીં મોટું.. અરરર! કીધું આ શરીરની શોભા માટે આ દાગીના. અહીંયાં રાખે. મારવાડીમાં બહુ હોય. સોનાનું હોય. ભરાવતા હશે કાંઈક અંદર, કપડા ઉપર હોં. સાડલા ઉપર. સાડલા સમજ્યા? સાડી ઉપર. આહા..હા..! એને પોતાની નિજ શોભા શું એની ખબર નથી. આહા..હા..! એ જ્યારે શરીરને બળે આતાપ લાગે અંદરથી. શૂળ જેવા લાગે આમ. આખા શરીરમાં શૂળ. હાય! હાય! અરે હાય-હાય ક્યાં ગયા? શું છે? કોણ છે તું? હાય! હાય!

એક આપણે છેને તારણપંથી હાય! હાય! એમ બહુ કરે. એક ગામના એક આવે છે. શેઠ અહીંયાં આવ્યા હતા એક ફેરી. ગૃહસ્થ કોક છે. આપણે આવે છે કોઈ કોઈવાર. મોટી ઉંમરના છે. જેમ આ સમજાય છે? ત્યારે એમ કહે હાય! હાય! એમ એની ભાષા એવી કરે. ખબર છે? નહિ ખબર હોય. ત્યાં આપણે તારણસ્વામીમાંથી એક આવે છે. મોટી ઉંમર છે. ૬૦-૬૫ વર્ષની. ... એ આવે છે ઘણીવાર. પણ એ એને વ્યાખ્યાન સાંભળે જો કાંઈક થાય તો હાય! હાય! એમ કહે. જેમ આપણે આહા..હા..! એમ કહીએ તો એ એમ કરે. એ એકલો પડી ગયો છે.

મુમુક્ષુ :- હાય હાય..

ઉત્તર :- ના એ તો વિસ્મયતા માટે હાય-હાય કરે. એ વખતે આપણે પહેલા આવતાને બે-ત્રણ વાર આવ્યા હતા. આહા..હા..!

અહીં તો કહે છે, પ્રભુ! તારા જ્ઞાનમાં સ્વ-પરપ્રકાશક પ્રગટ થવામાં પરની બિલકુલ સહાયતા છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એવી ચીજની દૃષ્ટિ થઈ એ કર્મનો કર્તા અને રાગનો કર્તા અને હું કર્તા અને રાગ કર્મ એ વાત છૂટી જાય છે. ચોથે ગુણસ્થાનથી હોં! આહા..હા..! સમ્યગ્દર્શનથી એ વાત છૂટી જાય છે. આહા..હા..! હું જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ અખંડાનંદ છું, એવા અસ્તિત્વમાં રાગનો કર્તા અને રાગ મારું કર્મ એની ગંધ ક્યાં છે? સમજાણું કાંઈ? બહુ ઝીણું છે, ભાઈ! એને અનંત કાળમાં એ વાત રુચિ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- સાંભળી નથી.

ઉત્તર :- સાંભળી નથી. સાંભળી તો ભગવાન પાસે સાંભળી હતી. રુચિ નહિ. ભગવાન પાસે ભવોભવમાં કેટલા ભવ કર્યા? સમવસરણમાં અનંતવાર ગયો. અનંતવાર સમવસરણમાં ગયો. સાક્ષાત્ ભગવાનની વાણી સાંભળી. પણ એમાં શું થયું? એ તો પરચીજ છે. એમાં જ્ઞાન થાય છે પોતામાં નિમિત્ત એ વાણી. એ જ્ઞાન પણ સમ્યગ્જ્ઞાન નથી. સમજાણું કાંઈ? પોતાથી થયું એ જ્ઞાન છે, એમાં વાણી નિમિત્ત. એ જ્ઞાન નથી. જ્ઞાન તો પોતાની ચીજ તરફ જઈને સ્પર્શ કરીને જે જ્ઞાન થયું એનું નામ જ્ઞાન કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા સુદ-૭, ગુરુવાર, તા. ૧૪-૦૯-૧૯૭૨
## કળશ-૪૬, ગાથા-૬૯-૭૦, પ્રવચન-૧૬૨

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

... જે સમ્યગ્જ્ઞાન અપૂર્વ અનંતકાળમાં નથી થયું એવું થયું તો ત્યારથી તેને ધર્મી કહેવામાં આવે છે. '**તે, પરદ્રવ્ય તથા પરભાવોના કર્તાપણારૂપ અજ્ઞાનને દૂર કરીને,...**' પોતા સિવાય અનંત પરપદાર્થ એનો કર્તા પહેલા જ્ઞાનમાં હતો, માનતો હતો. અને પુણ્ય અને પાપના રાગ વિકારભાવ છે એ મારું કર્તવ્ય છે એમ સ્વભાવની દૃષ્ટિ વિના વિકાર ઉપર દૃષ્ટિ, પર્યાયબુદ્ધિ હોવાથી અજ્ઞાનથી વિકારનો હું કર્તા એમ માનતો હતો. કહો, સમજાણું કાંઈ? એ દૂર કર્યું.

'**પોતે પ્રગટ પ્રકાશમાન થાય છે.**' દૂર કરીને. રાગાદિ ઉપરથી દૃષ્ટિ હઠાવીને પોતાના ત્રિકાળી સ્વભાવ ઉપર દૃષ્ટિ કરતાં '**પોતે પ્રગટ પ્રકાશમાન થાય છે.**' અજ્ઞાનને દૂર કરીને જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ શુદ્ધ છું એમ સ્વયં, પરની અપેક્ષા રાખ્યા વિના, પરની સહાય, મદદ વિના એવો ભગવાન પ્રકાશમાન થાય છે. એનું નામ ધર્મ છે. આહા..હા..! ભારે વ્યાખ્યા ઝીણી!

---

## ગાથા-૬૯-૭૦

जाव ण वेदि विसेसंतरं तु आदासवाण दोण्हं पि।
अण्णाणी तावदु सो कोहादिसु वट्टदे जीवो।।६९।।
कोहादिसु वट्टंतस्स तस्स कम्मस्स संचओ होदि।
जीवस्सेवं बंधो भणिदो खलु सव्वदरिसीहिं।७०।।

यावमन्न वेत्ति विशेषान्तरं त्वात्मास्रवयोर्द्वयोरपि।
अज्ञानी तावत्स क्रोधादिषु वर्ते जीवः।।६९।।
क्रोधादिषु वर्तमानस्य तस्य कर्मणः सञ्चयो भवति।
जीवस्यैवं बन्धो भणितः खलु सर्वदर्शिभिः।।७०।।

यथायमात्मा तादात्म्यसिद्धसम्बन्धयोरात्मज्ञानयोरविशेषाद्भेदमपश्यन्नविशंकमात्मतया ज्ञाने वर्तते, तत्र वर्तमानश्च ज्ञानक्रियायाः स्वभावभूतत्वेनाप्रतिषिद्धत्वाज्जानाति, तथा संयोगसिद्धसंबंधयोरप्यात्मक्रोधाद्यास्रवयोः स्वयमज्ञानेन विशेषमजानन् यावद्भेदं न पश्यति तावदशंकमात्मतया क्रोधादौ वर्तते, तत्र वर्तमानश्च क्रोधादिक्रियाणां परभावभूतत्वात्प्रतिषिद्धत्वेऽपि स्वभावभूतत्वाध्यासात्क्रुध्यति रज्यते मुह्यति चेति। तदत्र योऽयमात्मा स्वयमज्ञानभवने ज्ञानभवनमात्रसहजोदासीनावस्थात्यागेन व्याप्रियमाणः प्रतिभाति स कर्ता; यत्तु ज्ञानभवनव्याप्रियमाणत्वेभ्यो भिन्नं क्रियमाणत्वेनान्तरुत्प्लवमानं प्रतिभाति क्रोधादि तत्कर्म। एवमियमनादिरज्ञानजा कर्तृकर्मप्रवृत्तिः। एवमस्यात्मनः स्वयमज्ञानात्कर्तृकर्मभावेन क्रोधादिषु वर्तमानस्य तमेव क्रोधादिवृत्तिरूपं परिणामं निमित्तामात्रीकृत्य स्वयमेव परिणममानं पौद्गलिकं कर्म संचयमुपयाति। एवं जीवपुद्गलयोः परस्परावगाहलक्षणसम्बन्धात्मा बन्धः सिध्येत्। स चानेकात्मकैकसन्तानत्वेन निरस्तेतरेतराश्रयदोषः कर्तृकर्मप्रवृत्तिनिमित्तस्याज्ञानस्य निमित्तम्।

હવે, જ્યાં સુધી આ જીવ આસ્રવના અને આત્માના વિશેષને (તફાવતને) જાણે નહિ ત્યાં સુધી તે અજ્ઞાની રહ્યો થકો, આસ્રવોમાં પોતે લીન થતો, કર્મોનો બંધ કરે છે એમ ગાથામાં કહે છેઃ-

આત્મા અને આસ્રવ તણો જ્યાં ભેદ જીવ જાણે નહીં,
ક્રોધાદિમાં સ્થિતિ ત્યાં લગી અજ્ઞાની એવા જીવની. ૬૯.
જીવ વર્તતાં ક્રોધાદિમાં સંચય કરમનો થાય છે,
સહુ સર્વદર્શી એ રીતે બંધન કહે છે જીવને. ૭૦.

ગાથાર્થઃ- [जीवः] જીવ [यावत्] જ્યાં સુધી [आत्मास्रवयोः द्वयोः अपि तु] આત્મ અને આસ્રવ-એ બન્નેના [विशेषान्तरं] તફાવત અને ભેદને [न वेत्ति] જાણતો નથી [तावत्] ત્યાં સુધી [सः] તે [अज्ञानी] અજ્ઞાની રહ્યો થકો [क्रोधादिषु] ક્રોધાદિક આસ્રવોમાં [वर्तते] પ્રવર્તે છે; [क्रोधादिषु] ક્રોધાદિકમાં [वर्तमानस्य तस्य] વર્તતા તેને [कर्मणः] કર્મનો [सञ्चयः] સંચય [भवति] થાય છે. [खलु] ખરેખર [एवं] આ રીતે [जीवस्य] જીવને [बन्धः] કર્મોનો બંધ [सर्वदर्शिभिः] સર્વજ્ઞદેવોએ [भणितः] કહ્યો છે.

ટીકા :- જેમ આ આત્મા, જેમને તાદાત્મ્યસિદ્ધ સંબંધ છે એવાં આત્મા અને જ્ઞાનમાં વિશેષ (તફાવત, જુદાં લક્ષણો) નહિ હોવાથી તેમનો ભેદ(જુદાપણું) નહિ દેખતો થકો, નિઃશંક રીતે જ્ઞાનમાં પોતાપણે વર્તે છે, અને ત્યાં (જ્ઞાનમાં પોતાપણે) વર્તતો તે, જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોવાને લીધે નિષેધવામાં આવી નથી માટે, જાણે છે-જાણવારૂપ પરિણમે છે, તેવી રીતે જ્યાં સુધી આ આત્મા, જેમને સંયોગસિદ્ધ સંબંધ છે એવા આત્મા અને ક્રોધાદિ આસ્રવોમાં પણ, પોતાના અજ્ઞાનભાવને લીધે, વિશેષ નહિ જાણતો થકો તેમનો ભેદ દેખતો નથી ત્યાં સુધી નિઃશંક રીતે ક્રોધાદિમાં પોતાપણે વર્તે છે, અને ત્યાં (ક્રોધાદિમાં પોતાપણે) વર્તતો તે, જોકે ક્રોધાદિ ક્રિયા પરભાવભૂત હોવાથી નિષેધવામાં આવી છે તોપણ તે સ્વભાવભૂત હોવાનો તેને અધ્યાસ હોવાથી, ક્રોધરૂપ પરિણમે છે, રાગરૂપ પરિણમે છે, મોહરૂપ પરિણમે છે. હવે અહીં, જે આ આત્મા પોતાના અજ્ઞાનભાવને લીધે, [1]જ્ઞાનભવનમાત્ર જે સહજ ઉદાસીન (જ્ઞાતાદ્રષ્ટામાત્ર) અવસ્થા તેનો ત્યાગ કરીને અજ્ઞાનભવનવ્યાપારરૂપ અર્થાત્ ક્રોધાદિવ્યાપારરૂપ પ્રવર્તતો પ્રતિભાસે છે તે કર્તા છે; અને જ્ઞાનભવનવ્યાપારરૂપ પ્રવર્તનથી જુદાં, જે [2]ક્રિયમાણપણે અંતરંગમાં ઉત્પન્ન થતાં પ્રતિભાસે છે, એવાં ક્રોધાદિક તે, (તે કર્તાનાં) કર્મ છે. આ પ્રમાણે અનાદિ કાળની અજ્ઞાનથી થયેલી આ (આત્માની) કર્તાકર્મની પ્રવૃત્તિ છે. એ રીતે પોતાના અજ્ઞાનને લીધે કર્તાકર્મભાવ વડે ક્રોધાદિમાં વર્તતા આ આત્માને, તે જ ક્રોધાદિની પ્રવૃત્તિરૂપ પરિણામને નિમિત્તમાત્ર કરીને પોતે

પોતાના ભાવથી જ પરિણમતું પૌદ્‌ગલિક કર્મ એકઠું થાય છે. આ રીતે જીવ અને પુદ્‌ગલનો પરસ્પર અવગાહ જેનું લક્ષણ છે એવા સંબંધરૂપ બંધ સિદ્ધ થાય છે. અનેકાત્મક હોવા છતાં (અનાદિ) એક પ્રવાહપણે હોવાથી જેમાંથી ઈતરેતરાશ્રય દોષ દૂર થયો છે એવો તે બંધ, કર્તાકર્મની પ્રવૃત્તિનું નિમિત્ત જે અજ્ઞાન તેનું નિમિત્ત છે.

ભાવાર્થ :- આ આત્મા, જેમ પોતાના જ્ઞાનસ્વભાવરૂપ પરિણમે છે તેમ જ્યાં સુધી ક્રોધાદિરૂપ પણ પરિણમે છે, જ્ઞાનમાં અને ક્રોધાદિમાં ભેદ જાણતો નથી, ત્યાં સુધી તેને કર્તાકર્મની પ્રવૃત્તિ છે; ક્રોધાદિરૂપ પરિણમતો તે પોતે કર્તા છે અને ક્રોધાદિ તેનું કર્મ છે. વળી અનાદિ અજ્ઞાનથી તો કર્તાકર્મની પ્રવૃત્તિ છે, કર્તાકર્મની પ્રવૃત્તિથી બંધ છે અને તે બંધના નિમિત્તથી અજ્ઞાન છે; એ પ્રમાણે અનાદિ સંતાન(પ્રવાહ) છે, માટે તેમાં ઈતરેતર-આશ્રય દોષ પણ આવતો નથી.

આ રીતે જયાં સુધી આત્મા ક્રોધાદિ કર્મનો કર્તા થઈ પરિણમે છે ત્યાં સુધી કર્તાકર્મની પ્રવૃત્તિ છે અને ત્યાં સુધી કર્મનો બંધ થાય છે.

## ગાથા-૬૯-૭૦ ઉપર પ્રવચન

હવે એ ગાથા શરૂ કરે છે. ગાથા ઉપર શબ્દ છેને? **'હવે, જયાં સુધી...'** હવે જ્યાં સુધી. **'આ જીવ આસ્રવના અને આત્માના વિશેષને (તફાવતને) જાણે નહિ...'** ભારે કામ. આત્માની પર્યાયમાં જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ભગવાનનું નામસ્મરણ આદિ એ ભાવ છે એ પુણ્યઆસ્રવ છે. સમજાણું કાંઈ? એ આસ્રવ અને આત્મા બેની ભિન્નતા જ્યાં સુધી નથી જાણતો, વિશેષ તફાવતને જાણે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રશ્ન આ હતો કે શાસ્ત્રમાં એમ આવે છે કે જ્ઞાન, ક્રિયા અને ભક્તિ ત્રણે મોક્ષનો માર્ગ છે કે નહિ? જ્ઞાનમાર્ગ, ક્રિયામાર્ગ, ભક્તિમાર્ગ ત્રણ છે કે નહિ? ખબર નથી. જેટલા દયા, દાન, વ્રત, તપના ભાવ ઉઠે છે એ બધો રાગ છે. એને ધર્મ માને છે. મૂઢ છે, મિથ્યાદષ્ટિ અજ્ઞાની મિથ્યાત્વની પુષ્ટિ કરે છે. અને ભગવાનની ભક્તિ, ભગવાનની વાણીની સ્તુતિ, એનું બહુમાન એવો જે વિકલ્પ રાગ એ પણ પુણ્યાસ્રવ છે, એ ધર્મ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'હવે, જ્યાં સુધી આ જીવ આસ્રવના અને આત્માના વિશેષને (તફાવતને) જાણે નહિ ત્યાં સુધી તે અજ્ઞાની રહ્યો થકો,...'** પોતાની વસ્તુને જાણી નથી. હું જ્ઞાનાનંદ સ્વભાવ છું એવું જાણ્યું નથી. એ પુણ્ય-પાપના આસ્રવથી પોતાની ચીજને ભિન્ન જાણતો

નથી. **'અજ્ઞાની રહ્યો થકો, આસ્રવોમાં પોતે લીન થતો,...'** આહા..હા..! ભાષા જુઓ! એ શુભ-અશુભભાવ એમાં સ્વયં લીન થતો. કોઈ કર્મને કારણે (લીન થાય છે) એવી વાત નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શુભ-અશુભ જે રાગ ઉઠે છે... આ દુનિયા માને છેને. આ પર્યુષણમાં તો અપવાસ કરો, તપસ્યા કરો. કહો, શેઠ! તપમાં નિર્જરા થઈ ગઈ. ધૂળમાંય નથી, સાંભળ તો ખરો. આહા..હા..! એમાં કાયક્લેશ થાય અને રાગની મંદતા હોય તો એ તો પુણ્યબંધનું કારણ છે. આત્મા અબંધસ્વરૂપ એમાં મિથ્યાત્વસહિત બંધનું કારણ છે. આહા..હા..!

મુમુક્ષુ :- મિથ્યાત્વને જ બંધ કીધો છે.

ઉત્તર :- એ જ બંધ છેને. આહા..હા..! સમજાણું કાંઈ? અને ભગવાનની ભક્તિ, મંદિર, ભગવાનની પૂજા શાંતિ શું કહેવાય એ બધું? એય..! ચેતનજી! શાંતિસ્નાત્ર, સિદ્ધચક્ર. એવી પૂજા. એ તો ક્રિયા પરની છે. એમાં રાગની મંદતા હોય તો એ પુણ્ય છે. એને ધર્મ માને છે મિથ્યાત્વનું પોષણ છે. અનંત સંસારની પુષ્ટિ થાય છે. આહા..હા..! ગજબ વાત! સમજાણું કાંઈ? જ્યાં સુધી એ આસ્રવ વિકલ્પની વૃત્તિઓ શુભ-અશુભ રાગ અને ભગવાન આત્મા એનાથી ભિન્ન છે એવું ભાન નથી ત્યાં સુધી એ આસ્રવમાં લીન છે. પોતાનું સ્વરૂપ શુભ-અશુભ રાગથી ભિન્ન છે એવી ખબર નથી. ખબર હોય તો એમાં (આત્મામાં) લીન થાય છે. એની ખબર નથી એટલે શુભ અને અશુભભાવમાં લીન થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, આ રળવું, કમાવું એ ભાવ પાપ છે. ધંધા, વેપારમાં વૃત્તિ કરવી એ પાપ છે, વિષય-વાસના ભોગ પાપ છે. અને દયા, દાન, ભક્તિ, વ્રત, તપ, પૂજા, ભક્તિ આદિ એ પુણ્ય છે. બેય આસ્રવ છે. બેય ભાવ નવા બંધનું કારણ છે. આહા..હા..! શું છે શેઠ?

મુમુક્ષુ :- પરંપરા કારણ છે.

ઉત્તર :- શાસ્ત્ર તો એમ કહે છે કે જેની દૃષ્ટિમાં આત્મા શું છે એની ખબર નથી, એનો ભાવ પુણ્ય એ અનર્થનું કારણ પરંપરા છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઈ વાત કહે છે.

**'અજ્ઞાની રહ્યો થકો,...'** ભાષા જુઓને! **'ત્યાં સુધી તે અજ્ઞાની રહ્યો થકો,...'** આસ્રવના, પુણ્ય-પાપના ભાવ અને મારી ચીજ બેય ભિન્ન છે એવું જ્યાં સુધી ભાન નથી (ત્યાં સુધી) **'અજ્ઞાની રહ્યો થકો, આસ્રવોમાં પોતે લીન થતો, કર્મોનો બંધ કરે છે એમ ગાથામાં કહે છે :-'** આહા..! ભારે આકરી વાત, ભાઈ! આહા..! કહો, ભગવાનજીભાઈ! દસ-દસ લાખના મંદિર બનાવે તમારે શેમાં? મોમ્બાસામાંને? ધમાલ કરે છે. બે-પાંચ લાખ આપે એમાં થઈ ગયો ધર્મ. ધૂળેય નથી, મરી જઈશ સાંભળને હવે. આહા..! ધૂળ કે દિ' તારી (હતી)? એ તો અજીવ છે. અજીવ ચીજ એ તારાથી દેવામાં આવે છે? તારા ભાવથી એ દેવામાં આવે એવી ચીજ છે? એ તો સ્વતંત્ર ચીજ છે. અને

એમાં કદાચિત્ રાગ મંદ કર્યો હોય તો એ પણ શુભભાવ પણ વિકાર અને વિભાવ છે. એનાથી ધર્મ માને એ તો મિથ્યાદૃષ્ટિ મૂઢ અનંત સંસારમાં રખડનારો ઘોર સંસારી છે.

મુમુક્ષુ :- એક તો પુણ્ય કહેવાય, પાછું ઘોર સંસાર.

ઉત્તર :- પુણ્ય કે દિ' હતું? પુણ્ય એટલે? ઓલા રાગની મંદતા તીવ્રતાની અપેક્ષાએ પુણ્ય કહે છે, પણ પોતાના સ્વભાવની અપેક્ષાએ તો એ પુણ્ય એ પાપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? (આટલો) એનો ઉપોદ્ઘાત કર્યો. હવે ગાથા.

जाव ण वेदि विसेसंतरं तु आदासवाण दोण्हं पि।
अण्णाणी तावदु सो कोहादिसु वट्टदे जीवो।।६९।।
कोहादिसु वट्टंतस्स तस्स कम्मस्स संचओ होदि।
जीवस्सेवं बंधो भणिदो खलु सव्वदरिसीहिं।७०।।

નીચે હરિગીત.

**આત્મા અને આસ્રવ તણો જ્યાં ભેદ જીવ જાણે નહીં,**
**ક્રોધાદિમાં સ્થિતિ ત્યાં લગી અજ્ઞાની એવા જીવની. ૬૯.**
**જીવ વર્તતાં ક્રોધાદિમાં સંચય કરમનો થાય છે,**
**સહુ સર્વદર્શી એ રીતે બંધન કહે છે જીવને. ૭૦.**

અન્વયાર્થ લઈએ પહેલા. એ અન્વયાર્થ છેને? અન્વયાર્થ સમજ્યા? ગાથાના શબ્દાર્થના સંબંધવાળા અર્થ. '**જીવ જ્યાં સુધી આત્મ અને આસ્રવ-એ બન્નેના...**' આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ અને આસ્રવ પુણ્ય-પાપના વિભાવસ્વરૂપ. '**એ બન્નેના તફાવત અને ભેદને જાણતો નથી...**' બે શબ્દ છેને? વિશેષ તફાવત, વિશેષ અંતર. ઓહો..હો..! એ પુણ્ય અને પાપના ભાવ અને આત્મામાં અંતર છે. વિશેષ તફાવત, ભેદ છે. અંતર અને ભેદ બે કર્યા. સમજાણું કાંઈ? અંતરનો અર્થ તફાવત કર્યો, વિશેષનો અર્થ ભેદ કર્યો. જે ભાવે સર્વાર્થસિદ્ધનો ભવ થાય એ ભાવ પણ આસ્રવ છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ આસ્રવ છે. એનાથી પોતાના આત્માને જ્યાં સુધી ભિન્ન જાણતો નથી, અંતર બેમાં અંતર છે અને વિશેષ છે, બે એક નથી, બેમાં ભેદ છે. આહા..હા..! વિશેષ અંતર. તફાવત છે અને બેમાં ભેદ છે.

એમ '**જાણતો નથી ત્યાં સુધી તે અજ્ઞાની રહ્યો થકો...**' પોતાનો ભગવાન આનંદ અને જ્ઞાનસ્વભાવી આત્મા એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી ભિન્ન છે, ભેદ છે, અંતર છે. બેમાં આંતરો છે. આહા..હા..! સમજાણું કાંઈ? સંપ્રદાયમાં તો આવી સ્પષ્ટ વાત કરવા જાય તો કહે આ શું છે? આ તો નાસ્તિક છે. આહા..હા..! જેમાં ખરી અસ્તિકતા છે નહિ. હું તો પુણ્ય અને પાપના વિકલ્પથી મારું અસ્તિત્વ (રહ્યું છે) અને અસ્તિત્વ અને એની અસ્તિતા. હું તો પૂર્ણ આનંદઘન ચૈતન્યમૂર્તિ, એવા અસ્તિત્વની આસ્થા જેને થઈ

એ પુણ્ય-પાપથી ધર્મ માને છે કે એનાથી કોઈ લાભ થાય એમ માનતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ સાચો આસ્તિક છે.

ઉત્તર :- સાચો આસ્તિક છે. આહા..હા..!

વ્યવહારનો વિકલ્પ જેટલો છે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના પરિણામ, બાર વ્રતનો વિકલ્પ રાગ અને શાસ્ત્ર ભણવાનો વિકલ્પ એ પરદ્રવ્ય છેને શાસ્ત્ર? એના અભ્યાસથી રાગ ઉત્પન્ન થાય એ આસ્રવ અને ભગવાન આત્મા. નવ તત્ત્વ છે કે નહિ? આસ્રવ અને આત્મા જ્ઞાયકતત્ત્વ એક છે? એક હોય તો નવ કેમ રહે? કહો, દેવીલાલજી! એ બેને જુદા નથી જાણતો '**ત્યાં સુધી તે અજ્ઞાની રહ્યો થકો ક્રોધાદિક આસ્રવોમાં પ્રવર્તે છે;...**' શું કહે છે? આહા..હા..! ભગવાન જ્ઞાન અને આનંદસ્વરૂપ એને નહિ જાણતો થકો, પુણ્ય અને પાપના ભેદને નહિ કરતો થકો અજ્ઞાની થઈને પોતાના સ્વભાવથી વિરુદ્ધ દયા, દાન, વ્રતાદિના પરિણામ એની પ્રીતિ કરે છે એ સ્વભાવ પ્રત્યે ક્રોધ કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ચોર્યાસીના અવતાર ભવોદધિ સંસાર એને પાર કરવી એ વસ્તુ જુદી છે. દુનિયા માને છે એમ નથી. આહા..! આઠ દિવસના પર્યુષણ ગયા તો હો-હા ચાલતી હોય. આ દિગંબરમાં પરમ દિ'થી આમાં ચાલતું હોય. અપવાસ કર્યા, આટલા કર્યા ને આમ કર્યા. આહા..હા..!

કહે છે કે પ્રભુ તો જ્ઞાનાનંદ સ્વરૂપ છેને આત્મા. સર્વજ્ઞ ભગવાને એમ કહ્યું. એવો સ્વભાવ અને વિભાવનો ભેદ નથી કરતો, જુદા નથી જાણતો એનો અર્થ કે એક જાણે છે એ વિકારમાં પ્રવર્તે છે. સમજાણું કાંઈ? પુણ્ય પરિણામ હો તોપણ વિકાર છે અને સ્વભાવમાં નથી પ્રવર્તતો એ ક્રોધમાં પ્રવર્તે છે. એ વિભાવ, સ્વભાવનો વિરોધ ભાવ છે. સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ! આહા..હા..! ભારે કામ આકરું. આહા..હા..! કોઈ આપી દે એવું છે? આહા..હા..! કોક આપે તો બીજો લઈ જાશે, એના હાથની વાત નહિ રહે. કૃપાથી દે તો શાપથી કોઈ લઈ લે. શાપ આપે. એવી વસ્તુ નથી. તારી કૃપા તારામાં થઈ જાય (તો) કલ્યાણ. એ કલ્યાણ છે. હું તો રાગ પુણ્યના વિકલ્પથી ભગવાને કહ્યો એવો જે વ્યવહાર, જિનેશ્વરે શાસ્ત્રમાં કહ્યો એ વ્યવહાર, પંચ મહાવ્રત અને કરણાનુયોગમાં એ વાત આવે છેને, પંચ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણ અને (વખત) ઉભા-ઉભા આહાર અને એક વખત આહાર, છ આવશ્યક, સામાયિક, ચોવિસંથો, વંદન, પડિક્કમણું એ ભગવાને કહ્યું એ બધો રાગ. એ રાગથી પોતાની ચીજ અંતરમાં ભિન્ન નથી જાણતો ત્યાં સુધી અજ્ઞાની ક્રોધાદિમાં પ્રવર્તે છે. જુદા નથી જાણ્યા તો એમાં પ્રવર્તે છે એમ કહે છે. સમજાણું કાંઈ? આવો ધર્મ ભારે ઝીણો.

ભાઈ! કોઈ કહે કે અમને ઝટ આપી દ્યો. એવી હશે ચીજ આ? શેઠ! અહીં નવરાશ નથી અને અમારે ધંધા કરવા માટે થોડું આપી દ્યો ઝટ. એવી ચીજ છે નહિ. એ તો તારી

પાસે છે. પરમાત્મા એ તો સાક્ષાત્ છે. આહા..હા..! એવા પરમાત્મામાં વિકારને જુદો નહિ જાણનારા. સ્વભાવમાં પ્રવર્તવું જોઈએ, પણ ભિન્ન તો જાણ્યું નથી. વિભાવમાં પ્રવર્તે છે. વિભાવ નામ ક્રોધ. લ્યો આ ક્ષમા આદિ છેને. મુનિ છેને, ક્ષમા આદિ ધર્મ એનાથી વિરુદ્ધ વાત કરી. આહા..હા..! પોતાની ક્ષમા ન કરી. રાગરહિત હું છું, પુણ્ય પરિણામના વિકલ્પથી રહિત છું એવી દૃષ્ટિ કરનારને ક્ષમા હોય છે. સમજાણું કાંઈ? એ વિના રાડ પાડે. ખમાવી છીએ, એ ભાઈ ખમાવીએ છીએ. પર્યુષણને દિ' પાડેને રાડું બધા? ભાઈ ક્ષમા કરજો. પણ જેની સાથે વિરોધ હોય એની પાસે ન જાય. શેઠ! એ તો સ્થૂળબુદ્ધિ છે. આ તો અંતરમાં કદાચિત્ એવો પરની ક્ષમાનો ભાવ (આવે) એ પણ શુભરાગ વિકલ્પ છે, આસ્રવ છે, ઝેર છે, બંધનું કારણ છે. એનાથી પોતાની ચીજને ભિન્ન ન જાણી એ રાગમાં જ પ્રવર્તશે. આહા..હા..! જુઓ તો ચીજ!

પુણ્ય અને પાપના પરિણામથી, આસ્રવથી પોતાની ચીજ અંદર ભિન્ન છે એમ જાણ્યું નથી એ અજ્ઞાની અનાદિથી એ રાગાદિ હું છું, એ મારું કર્તવ્ય છે એમ કરીને એમાં રોકાય છે. કહો, એ '**ક્રોધાદિક વર્તતા તેને કર્મનો સંચય થાય છે.**' એમાં કાલે વાંધો હતોને કાંઈક નહિ? ઓલા કહે કર્મમાં કર્મ સંચય થાય. ભગવાનમાં કર્મનો સંચય આત્માથી.. એ તો ઠીક છે. કહો, સમજાય છે કાંઈ? શબ્દ એવો છેને. '**कोहादिसु वट्टंतस्स तस्स कम्मस्स संचओ होदि।**' કોણ કહેતું હતું? રાજકોટવાળા સોમચંદભાઈ. ભાઈને રામજીભાઈને ખબર નથી. સોમચંદભાઈ નહિ તમારા?

મુમુક્ષુ :- સોમચંદ... અમારા પાડોશી.

ઉત્તર :- હા, એ. એ ..નો અર્થ, કર્મ ભેગા થાય. આત્મા અને કર્મ નહિ. એવો અર્થ કરતા. ખબર છે? આ '**तस्स**' શબ્દ છેને? સંસ્કૃતના જાણનાર. આહા..હા..!

એ આત્માની પર્યાયમાં જ્યારે પરથી ભિન્ન ન જાણ્યો તો અજ્ઞાનભાવની ઉત્પત્તિ થઈ, તો કર્મ કર્મને કારણે એકઠા થાય છે. સમજાણું કાંઈ? ભારે વાતું આવી ભાઈ! જુઓ તો દસ-દસ લાખ, વીસ-વીસ લાખના મંદિર. જુઓ! હમણા વીસ લાખનું બનાવ્યુંને એક મહેસાણામાં. સીમંધર ભગવાનનું. વીસ લાખ. અત્યારે બે નંબરના પૈસા ઘણા હોય. શેઠ! કાળાબજારના હોય ખાનગી. કહે કે અહીં વાપરો, અહીં વાપરો. નહિતર સરકાર લઈ જશે. નાખ આમાં. આહા..હા..! પછી ઓલા... આહા..હા..! શું પણ ધર્મ પ્રભાવના. ૧૪૮ ઈંચની તો પ્રતિમા છે. ઈંચ-ઈંચ હોં! કેટલી છે? પેલાને સ્વપ્ન આવ્યું હતું ૬૧ ઈંચની. આ મુંબઈ ગયા ત્યાં. ભાઈ! ઘાટકોપર. મૂર્તિ થઈને? સર્વોદયમાં. ભાઈ આવ્યા હતા ત્યાં. ત્યાં એને આવ્યું હતું ૬૧ ઈંચની પ્રતિમા કરાવો. સપનું આવ્યું હતું. બેયને આ કાકા ભત્રીજાને બે દિવસ ગયા હતાને હમણા. ફાગણ માસમાં ત્રીજ-ચોથ. આને વળી કોઈ કહે અમારે ૧૪૮

ઈંચની પ્રતિમા. સોનગઢમાં સીમંધર ભગવાનની પ્રતિમા છે અને એનો પ્રભાવ ચાલે છે ત્યાં. ભગવાનની પ્રતિમા સ્થાપી એટલે બહુ એની શોભા વધે છે. આપણે સ્થાપો. તો પહેલા અનુકરણ ત્યાં કર્યું પ્રતાપગઢમાં. સીમંધર ભગવાનની પ્રતિમા. મંદિર નથી કર્યું પ્રતાપગઢ?

મુમુક્ષુ :- શ્વેતાંબરનું.

ઉત્તર :- શ્વેતાંબરનું નહિ આપણું. ભાઈએ આપ્યા છેને પૈસા એણે. માનસ્તંભની જોડે સીમંધર ભગવાનની પ્રતિમા છે. વચ્ચે સીમંધર ભગવાન અને બે બાજુ .. છે. ત્યાં ઉતર્યા હતાને અમે આ ફેરી. વાટ ઘણી જોઈ હતી. વિમળાબહેન અને નવનીતભાઈની. કે એમના ગામના છે તો આવશે. પણ ન આવ્યા. કહો, સમજાણું કાંઈ? વિમળાબહેન તો ઓલા અધ્યક્ષ છે લઈ ગયા હતા. આમંત્રણ પત્રિકામાં.. ત્યાં મંદિર સીમંધર ભગવાનનું છે. ત્યાં અહીંનું અનુકરણ કર્યું છે. ઓલો જજ હતોને? ક્યો? રામચરણ. અહીંયા આ જોઈ ગયા અત્યારે છેને સિહોરમાં? કૈલાસસાગર. એ અહીં આવી ગયા હતા. જોઈ ગયા હતા. બે મહિના આપણે ભાઈ ચીમનભાઈ જાતા હતા ... ચોમાસું હતુંને કૈલાસસાગરનું. ચીમનભાઈ હતા. ત્યાં જાતા હતા બે મહિના સુધી. પણ ... લાગતું હતું બહુ ઓલું. આહા..! અહીં આવ્યા ત્યાં તો.. એ રાગની ક્રિયા એ ધર્મ નહિ. એ વાત તમારામાં નથી કીધું. ત્યાં ભડક્યા. આહા..હા..!

અહીં તો રાગ શું, ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ ઉઠે એ પણ આસ્રવ છે. આહા..હા..! પરના પૈસાની ક્યાં વાત છે? મનના સંગે. મનના સંગમાં ગુણી ભગવાન અનંત આનંદનો કંદ પ્રભુ અબદ્ધસ્વરૂપ એવો પણ જે વિકલ્પ અંદર ઉઠે એ પણ આસ્રવ છે. પુણ્ય આસ્રવ છે, ઝેર છે. આહા..હા..! અરે! બાપુ! એ ધર્મ નહિ. સમજાણું કાંઈ? એનાથી ભિન્ન પાડ્યા વિના અજ્ઞાની જેમાં પોતાનું માન્યું છે એમાં વર્તે છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ પુણ્ય અને પાપનો રાગ આસ્રવ અને ભગવાન આત્માને ભિન્ન કર્યા વિના એમાં પ્રવર્તે છે. આહા..હા..! પોતાની ચીજને જેણે રાગથી ભિન્ન કરી નથી તો જેમાં પોતાની દૃષ્ટિ અનાદિની છે એમાં પ્રવર્તે છે. એનાથી કર્મોના બંધનો સંચય થાય છે.

**'ખરેખર આ રીતે જીવને કર્મોનો બંધ સર્વજ્ઞદેવોએ કહ્યો છે.'** દેવોએ એટલે સર્વજ્ઞ દેવોએ. સર્વજ્ઞદેવોએ બંધનું કારણ આ કહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? હજી તો સમજવામાં પરસેવો ઉતરે. હજી તો આ દેહનો વેપાર અને બીડીના વેપાર અને આ ચોપડાના વેપાર. ઓડિટર છેને આ જેઠાભાઈ. બધું કહે છે કે હું કરું છું એ માન્યતા જ મૂઢ છે એમ કહે છે. આહા..હા..! બંગડીનો વેપાર. હીરાભાઈ કરતા હશે એમ થયુંને? આહા..હા..! નિજ ચૈતન્ય સ્વભાવ સિવાય એક રજકણ અને એ રાગનો અંશ એને પોતાનો માને છે એ એમાં પ્રવર્તે છે. એનો અર્થ રાગમાં પ્રવર્તે છે. અહીં ક્રોધમાં કહ્યું. ભગવાન સ્વભાવ ચિદાનંદ આનંદ શાંત... શાંત... શાંત... એવા વિકારથી, ક્રોધથી ભિન્ન જાણ્યો નથી તો પુણ્ય પરિણામમાં વર્તે છે

એ ક્રોધમાં વર્તે છે, પોતાના સ્વભાવનો અનાદર કરીને. આહા..હા..! કહો, શેઠ! એ ચૈત્ય.. તમારે શું કહેવાય? ચૈત્યાલય. આરતી ઉતારેને. ઢોલક વગાડે. એ આવ્યા હતાને ત્યારે ચૈત્યાલયમાં એક જણ ઢોલ વગાડતા હતો. એને જાણે થઈ ગયો ધર્મ. એય..! શેઠનું છેને, શું કહેવાય એ ચેત્યાલય? સાગરમાં. મલ્હારગઢ. મલ્હારગઢમાં એક જણો વિરોધ કરવા માંડ્યો તો શેઠે કીધું ભાઈ અહીંયાં અત્યારે રહેવા દે. એ જાણે કે આપણે પ્રતિમા નથી માનતા એટલે આપણે જાણે આહા..હા..! ઉંચા ચડી ગયા. અને આ મૂર્તિને માને એટલે જાણે હેઠા. અરે! સાંભળને. મૂર્તિ તો પર છે. એવો શુભરાગ જ્ઞાનીને પણ સ્વરૂપમાં ન ઠરે ત્યારે એ પ્રકારનો રાગ હોય છે ત્યારે તેના પ્રત્યે લક્ષ જાય છે. ત્યારે તેને પુણ્યભાવનું બંધન થાય છે. એ બંધન પણ વીતરાગી સંતોને પણ આવ્યા વિના રહે નહિ. આહા..હા..! પણ એ ધર્મ નથી. જો નથી તો કરવો શું કામ? જ્યાં સુધી પૂર્ણ વીતરાગભાવ પોતામાં થયો નથી ત્યાં સુધી મનનો ધર્મ છૂટે નહિ. સમજાણું કાંઈ? તો મનના ધર્મમાં એ રાગની ઉત્પત્તિ થાય છે. શુભભાવ છે.

પોતાથી વિકાર અને વિકારથી પોતાને ભિન્ન જાણવા છતાં પણ રાગ આવે તેને જ્ઞાની હેયબુદ્ધિએ જાણે છે. આહા..હા..! આ ગળે ઉતરવું. એક કોર વાત કરે આવી અને એક કોર.. પેલો કહેતો હતોને. લઈ ગયો હતોને ઓલો બ્રાહ્મણ નહિ? સાધુ. .. દેરાવાસી સાધુ અહીંયાં ચોમાસું રહી ગયા હતાને. પીછીની તકરાર હતીને .. ભીંડે. એમાં હતોને આ ચોમાસુ રહી ગયો. સાંભળવા આવે. અંદર કહે વાત તો સોએ સો આના સત્ય છે. અમારે શું કરવું? એમ કે તમે કાંઈક કહો. અહીં ક્યાં નવરાશ છે? કે તમે છોડો. સમજ્યાને? પછી ત્રણ વાર કહ્યું એણે હોં! અહીંથી હા પડી નહિ કાંઈ. બહાર નીકળીને કહે અરે! એ વાતું તો મોટી-મોટી કરે છે, પણ પાછો વસ્ત્રનો કટકો રાખે તો બંધ થાય એવી તો ..ની વાત કરે છે. એમ લેખ લખ્યો હતો. સંપ્રદાયમાં કોઈ વિરોધ કરે નહિ. તમે ત્યાં શું લઈ આવ્યા? કહે કાંઈ નથી આવ્યો હોં. આવી વાત કરે અને વળી કહે કે વસ્ત્રનો ધાગો રાખે, પરપદાર્થને રાખે તો એ રાગ છે અને રાગને એ માને મહાવ્રતધારી છું (તો એ) મૂઢ છે. એય..! આ મેળ કરવો કઠણ ભારે!

અહીં કહે છે કે એ **'ખરેખર આ રીતે જીવને કર્મોનો બંધ સર્વજ્ઞદેવોએ કહ્યો છે.'** આહા..હા..! જેનો જ્ઞાનસ્વભાવ પૂર્ણ ખીલી ગયો, વિકસીત થઈ ગયો છે એવા ભગવાનની વાણીમાં એમ આવ્યું, ભગવાન! તું રાગથી ભિન્ન છો એવું ભાન ન હોય તો તારું પ્રવર્તન રાગમાં રહેશે. જ્યાં ભિન્ન નથી પાડ્યું ત્યાં તારું પ્રવર્તન રાગમાં રહેશે અને એ તો અજ્ઞાનભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો મિથ્યાત્વના બંધનું કારણ છે.

**'ટીકા :- જેમ...'** ગાથામાં છે એનાથી પહેલા સવળી વાત કરે છે. ગાથામાં આસ્રવની વાત છે. સમજાણું કાંઈ? **'જેમ આ આત્મા,...'** આ આત્મા ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ

**‘જેમને તાદાત્મ્યસિદ્ધ સંબંધ છે…’** જેમને એટલે ભગવાન આત્માને **‘તાદાત્મ્યસિદ્ધ સંબંધ છે…’** જે સ્વભાવે-સ્વભાવે વસ્તુ અને જ્ઞાન બે તદ્રૂપ સંબંધ છે. અગ્નિમાં જેમ ઉષ્ણતા તદ્રૂપ સંબંધ છે એમ ભગવાન આત્મા જ્ઞાન-જ્ઞાન જાણનસ્વભાવ અને આત્મામાં તદ્રૂપસિદ્ધ સંબંધ છે. સમજાણું કાંઈ? **‘એવાં આત્મા અને જ્ઞાનમાં વિશેષ…’** અંતર નામ ભિન્ન. બેય શબ્દ લીધા છે. વિશેષ અંતર છેને પાઠમાં? અને આમાં વિશેષ શબ્દ છે તો બે અર્થ લીધા, ભાઈ! પાઠમાં તો એટલો શબ્દ છે. જ્ઞાનમાં વિશેષ ન હોવાથી. એટલો શબ્દ છે. પણ ખુલાસો કર્યો છે. શું કહે છે?

આત્મા તો વસ્તુ છે અને એનો જ્ઞાનસ્વભાવ છે. વસ્તુ જ્ઞાનસ્વભાવ છે ત્રિકાળ. જેવી વસ્તુ ત્રિકાળ છે એવો જ્ઞાનસ્વભાવ ત્રિકાળ છે. એ બેમાં અંતરમાં **‘(તફાવત, જુદાં લક્ષણો) નહિ હોવાથી…’** ટીકામાં (એમ છે કે) વિશેષ નહિ હોવાથી. પણ ત્યાં પાછળ લીધું. લક્ષણ કર્યું છેને એમાં તો? અંતરમાં ભિન્ન લક્ષણ, ભિન્ન લક્ષણ. **‘જ્ઞાનમાં વિશેષ (તફાવત, જુદાં લક્ષણો) નહિ હોવાથી તેમનો ભેદ(જુદાપણું) નહિ દેખતો થકો,…’** ત્યાં નાખ્યું પાછું. એ વિશેષ નાખ્યું. સમજાણું કાંઈ? **‘તેમનો ભેદ (જુદાપણું) નહિ દેખતો થકો,…’** આહા..હા..! શું કહે છે? આત્મા જે ત્રિકાળી વસ્તુ અને જ્ઞાન પણ ત્રિકાળી અવિનાશી. એમાં ભેદ જ્ઞાની નથી જાણતા. એ તો તાદાત્મ્યસિદ્ધ સંબંધ છે. આહા..હા..! અગ્નિની સાથે જેમ ઉષ્ણતાનો તદ્રૂપ તાદાત્મ્ય એકરૂપ સંબંધ છે. એમ ભગવાન આત્મા અને જ્ઞાનભાવ, સ્વભાવભાવ એ ભાવવાન આત્મા એની સાથે જ્ઞાનસ્વભાવને તાદાત્મ્યસિદ્ધસંબંધ છે. તે રૂપે સિદ્ધ સંબંધ છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ તાદાત્મ્ય સિદ્ધ સંબંધ ને… આ વેપારીને (સમજવું કઠણ). એય..! ચંદુભાઈ! આ કોથળી ફેરવે એમાં આ ક્યાં આવે? ‘ઢીંગ ધણી માથે કીયો રે કોણ ગંજે નરખેત.’ એ દ્રવ્ય સ્વભાવ એ ઢીંગ ધણી છે. આનંદઘનમાં આવે છે. ‘વિમલજિન દીઠા લોયણ આજે, ઢીંગ ધણી માથે કીયો જી, કોણ ગંજે નરખેત, વિમલજિન દીઠા લોયણ આજ…’ એ ભગવાનને લોચને સમ્યગ્જ્ઞાને જ્યાં જોયા… આહા..હા..! અને એ ઢીંગ ધણી ધ્રુવને ધણી જ્યાં ધાર્યો હવે એ ગધેડા જેવા રાગાદિથી હેરાન નહિ થાય. ‘કોણ ગંજે નર ખેત.’ હલકા પશુ ગધેડા. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન પૂર્ણાનંદ જ્ઞાન અને આત્માની સાથે તદ્રૂપ સંબંધ (છે). જ્ઞાની એ બેમાં અભેદ છે તો ભેદ નહિ જાણતો… આહા..હા..! એ જ્ઞાનમાં વર્તે છે એ આત્મામાં વર્તે છે એમ કહે છે. રાગ છે પુણ્યના પરિણામ એનાથી ભિન્ન આત્મા અને જ્ઞાન એ જ્ઞાનમાં અંદર વર્તે છે એ આત્મામાં જ વર્તે છે. કેમકે જ્ઞાન અને આત્મામાં તાદાત્મ્યસિદ્ધસંબંધ છે. સમજાણું કાંઈ? આહા..હા..! .. પ્રવર્તે છે. એ જાણનસ્વભાવ, સ્વભાવવાન તદ્રૂપ તાદાત્મ્યસિદ્ધ સંબંધને કારણે ધર્મી જ્ઞાનમાં પ્રવર્તે છે. એ આત્મા છે એમ પ્રવર્તે છે. આહા..હા..! **‘જ્ઞાનમાં પોતાપણે**

**વર્તે છે,...'** ભાષા આહા..હા..! સમજાણું કાંઈ? રાગ અને આત્માની સાથે સંયોગસિદ્ધ સંબંધ છે. આગળ આવશે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ અને ભગવાન આત્માની સાથે એને સંયોગસંબંધ છે. સંયોગીસિદ્ધ સંબંધ છે. સંયોગ કહેતા એ બે ભિન્ન છે. સમજાણું કાંઈ? ધર્મી આઠ વર્ષની બાળીકા હોય પણ સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું તો જ્ઞાનસ્વભાવ અને આત્મામાં તદ્રૂપ દેખે છે. તો એ જ્ઞાનસ્વભાવમાં પ્રવર્તનારા... આહા..હા..! સમજાણું કાંઈ? **'નિઃશંક રીતે જ્ઞાનમાં પોતાપણે વર્તે છે,...'** કારણ કે બેમાં ભેદ નથી. જાણનસ્વભાવમાં પ્રવર્તે આત્મપણે મારા છે એમ પ્રવર્તે છે. ભારે કામ ભાઈ! સમજાણું કાંઈ? લ્યો આ ધર્મ. ધર્મ કેમ થાય? કે એવી ક્રિયાકાંડ અને ભક્તિથી ધર્મ થતો નથી. આહા..હા..!

ભગવાન આત્મા અને જ્ઞાનમાં ભેદ નામ પૃથક્તા નહિ દેખતો થકો.. જ્ઞાન ઉપર નજર જતાં જ્ઞાન અને આત્મા એક છે એમ હોવાથી જ્ઞાનમાં આત્મપણે પ્રવર્તે છે. એ જ્ઞાનમાં હું વસ્તુ છું એમ પ્રવર્તે છે. જ્ઞાનમાં આત્મપણે એટલે પોતા સ્વરૂપે પ્રવર્તે છે. સમજાણું કાંઈ? લ્યો એનું નામ ધાર્મિક ક્રિયા. એક તો આ સાંભળવાને મળે નહિ. ભગવાનભાઈ! આહા..હા..! રખડ્યા રખડ બિચારા. આહા..હા..! શેત્રુંજય જાય, સમ્મેદશિખર જાય. માથા ફોડે. ત્યાં ભગવાન હશે જાણે.

મુમુક્ષુ :- બહુ ..

ઉત્તર :- .. લાગ્યું? આહા..હા..!

કહે છે, ધર્મી જીવ પોતાનો ભગવાન આત્મા અને પોતાનો જ્ઞાનસ્વભાવ બેમાં તાદાત્મ્ય સંબંધ, તાદાત્મ્યસિદ્ધ સંબંધ જોતો થકો બેમાં અંતર અને વિશેષતા નહિ જોતો. તાદાત્મ્યસિદ્ધ સંબંધ હોવાથી જુદાપણું નહિ દેખતો થકો. એમ. તો **'ભેદ(જુદાપણું) નહિ દેખતો થકો, નિઃશંક રીતે જ્ઞાનમાં પોતાપણે વર્તે છે,...'** આહા..હા..! ભાષા તે ટીકા! સમજાણું કાંઈ?

શ્રોતા :- આપ બતાવો છો તો સમજાય છે.

ઉત્તર :- એ આત્મા છે તો સમજાય છે. આહા..હા..! ભગવાન આત્મા, આ શરીર-બરીર ધૂળ તો ક્યાંય રહી ગઈ એમ કહે છે. વાણી ને લક્ષ્મી ને બંગલા ને... એય..! ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- એની તો વાતેય નથી.

ઉત્તર :- વાતેય નહિ? મોમ્બાસામાં બંગલા હતાને બધા? આહા..હા..! ક્યાં કોના હતા?

પોતાનું સ્થળ તો અસંખ્યપ્રદેશી, જેમાં જ્ઞાનસ્વભાવ અને અસંખ્યપ્રદેશ આત્મા સાથે તાદાત્મ્યસંબંધ છે. એવો બેમાં તદ્રૂપ સંબંધ હોવાથી. એમ કહ્યુંને? વિશેષ ભેદને નહિ દેખતો થકો. આહા..હા..! એવો આત્મા જ્ઞાનમાં ભેદને, વિશેષને, પૃથક્તાને નહિ દેખતો થકો નિઃશંકપણે

જ્ઞાનમાં પોતાપણે પ્રવર્તે છે. એ જ્ઞાનસ્વભાવી હું છું એમ જ્ઞાનમાં પ્રવર્તે છે. એ સ્વભાવિક ધાર્મિક ક્રિયા છે. હવે આ વાત તો સાંભળી પણ ન હોય. અનશન કરે એને આપી દ્યો ત્રણ રૂપિયા, ચાર રૂપિયા. અત્યારે તો ચાર આના અને ચાર રૂપિયા બે સરખા છેને. સોળમો ભાગ થઈ ગયો છેને. ઓલાને એમ થાય કે આહા..હા..! એક ચાર રૂપિયા શેઠે આપ્યા. બે લાભ છે. આને ધર્મનો લાભ થયો, પૈસાનો લાભ થયો. આહા..હા..! ધૂળમાંય લાભ થયો નથી સાંભળને. આહા..હા..! જ્યાં સુધી હું પોષા કરું છું એવો જે વિકલ્પ ઉઠે છે એનાથી પણ પોતાનો સ્વભાવ, જ્ઞાનસ્વભાવ ભિન્ન છે અને મારું જ્ઞાન અને આત્મા બે અભિન્ન છે એવી દૃષ્ટિ થયા વિના જે કાંઈ કરવામાં આવે છે એ બધું સંસાર ખાતે છે. એ વ્રત ને તપ એ ચાર ગતિમાં ઘોર સંસારમાં રખડવાનું કારણ છે. સમજાણું કાંઈ?

કાલે આવ્યું હતુંને. તપ કર્મ કોને કહે છે, નહોતું આવ્યું? .... સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળતા પ્રગટ કરવી એનું નામ તપ છે. તો હજી સમ્યગ્દર્શન-જ્ઞાનની ખબર નથી તો કોની નિર્મળતા કરે? એય..! ચંદુભાઈ! રાતે આવ્યું હતુંને? રાતે કહ્યું હતું. સમ્યગ્દર્શન... રાતે કહ્યું હતું. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળતાથી ઈચ્છા નિરોધ તપઃ. નિજ સ્વભાવ ઉપર દૃષ્ટિ, સ્વભાવનું જ્ઞાન અને સ્વભાવમાં લીનતા એની નિર્મળતામાં ઈચ્છાનો નિરોધ થઈને નિર્મળદશા આનંદ પ્રગટ થાય એનું નામ ભગવાન તપ કહે છે. બાકી બધી લાંઘણ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે '**નિઃશંક રીતે જ્ઞાનમાં પોતાપણે...**' એટલે પોતાપણે, પોતાના સ્વરૂપપણે '**વર્તે છે, અને ત્યાં (જ્ઞાનમાં પોતાપણે) વર્તતો તે,...**' જુઓ, આ પ્રવર્તતો એ ક્રિયા નથી? પોતાના જ્ઞાનમાં જ્ઞાનસ્વભાવમાં પ્રવર્તતો થકો. સ્વભાવ ત્રિકાળ, વસ્તુ ત્રિકાળ, પ્રવર્તતો થકો એ પ્રવર્તમાન ક્રિયા. સમજાણું કાંઈ? વસ્તુ ભગવાન ત્રિકાળ અથવા જ્ઞાનસ્વભાવ ત્રિકાળ બેમાં અંતર જોયા વિના, ભેદ પાડ્યા વિના જ્ઞાનમાં પોતાપણે પ્રવર્તવું એ ધાર્મિક સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ક્રિયા. આહા..હા..! સમજાણું કાંઈ? એક જડની ક્રિયા શરીરની એ જડમાં ગઈ. જડનું પરિણમન થયું. એ રાગની ક્રિયા એ વિભાવિક ક્રિયા થઈ. આ ધાર્મિક ક્રિયા. જે પોતાનો જ્ઞાનસ્વભાવ આત્મા એ તદ્રૂપ છે, એકરૂપ છે એમ જ્ઞાનના સ્વભાવની સાથે અંદર જઈને જ્ઞાનમાં પોતાપણું માનીને '**નિઃશંક રીતે જ્ઞાનમાં પોતાપણે વર્તે છે, અને ત્યાં (જ્ઞાનમાં પોતાપણે) વર્તતો તે, જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોવાને લીધે...** ' ઓહો..હો..! ભગવાન પોતાના જ્ઞાનસ્વભાવમાં વર્તતો થકો એ જ્ઞાનસ્વભાવ ક્રિયાનો નિષેધ કરવામાં નથી આવતો. એ ક્રિયાનો નિષેધ નથી. એ ક્રિયાનો નિષેધ થઈ શકે જ નહિ એમ કહે છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોવાને લીધે...**' આ પર્યાયની વાત છે હોં! પોતાનો ભગવાન

જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ અને વસ્તુ તદ્રૂપ સંબંધ છે એવી અંતર દૃષ્ટિ કરીને જ્ઞાનમાં પ્રવર્તતો થકો, પોતાના સ્વભાવમાં પ્રવર્તતો થકો એ સ્વભાવિક ક્રિયા.. એ '**સ્વભાવભૂત હોવાને લીધે નિષેધવામાં આવી નથી...**' એ ક્રિયાનો નિષેધ નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? વચમાં દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધનો વિકલ્પ જે ઉઠે છે એનો નિષેધ કરવામાં આવ્યો છે. ભારે ભાઈ ધર્મ આવો. પહેલા તો સાંભળવા મળે નહિ. સાંભળે તો અંદરમાં કઈ રીતે કહે છે એવી ઘડ કરવી, ગોઠવવું મુશ્કેલ. સમજાણું કાંઈ? અને પછી રુચિ કરીને જ્ઞાનમાં પ્રવર્તવું એવી જે સ્વભાવિક જ્ઞાનભૂત ક્રિયા.

'**જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોવાને લીધે નિષેધવામાં આવી નથી માટે,...**' એ નિષેધ થઈ શકતો જ નથી. સમજાણું કાંઈ? પોતાની ચૈતન્ય વસ્તુમાં ચૈતન્યસ્વભાવમાં પર્યાય પ્રવર્તે છે એ તો પોતાની પર્યાય થઈ. નિષેધ ક્યાંથી થાય? એ ક્રિયાનો નિષેધ કરવામાં આવ્યો નથી. '**માટે, જાણે છે-જાણવારૂપ પરિણમે છે,...**' લ્યો! આ કારણે એ જાણે છે, જાણે છે, જાણવાની ક્રિયા છે. જાણવાની ક્રિયા છે, દેખવાની ક્રિયા છે. એ રૂપે જાણન-દેખનરૂપ પરિણમન થાય છે. પરિણમન થાય છે. જાણન-દેખનરૂપ પરિણમન છેને? આહા..હા..! પરિણમે છે. કહો, જેઠાભાઈ! આ ધર્મ. આહા..હા..! ભારે કરવું કઠણ પડે, હજી હાથમાં આવે નહિ આ. આવો ધર્મ.

વસ્તુ અને વસ્તુનો જ્ઞાનસ્વભાવ એ ઉપર તદ્રૂપ દેખતા દૃષ્ટિ ત્યાં પડતા તેની ક્રિયા જે જ્ઞાનની થઈ તેનો નિષેધ કરતા નથી. એ તો સ્વભાવમાં એકાગ્ર થયો એ તો સ્વભાવિક ક્રિયા થઈ. સમજાણું કાંઈ? આહા..હા..! દ્રવ્ય, ગુણ અને પર્યાય હવે નામ પણ આવડતા ન હોય. દ્રવ્ય કોને કહેવું, ગુણ કોને કહેવા? આહા..હા..! કરો અપવાસ, મરો પછી. મરી પણ જાય છે ઘણાં. બહુ .. મહિનો-મહિનો, બે મહિના લીધું હોય એ મૂકાય નહિ. છેલ્લા દિ'માં પછી દેહ છૂટી જાય. છોડી જુવાન હતી એક. અહીં શું કહેવાય? જોરાવરનગરમાં. જોરાવરનગરમાં કરી હતી અંતે બે દિ'માં છેલ્લે પછી દેહ છૂટી ગયો. મરીને પણ.. આહા..હા..! એલા એકવાર રાગથી મરીને જાને અંદર. સમજાણું કાંઈ? એમાં તો મિથ્યાત્વનું પોષણ થયું. મહિનાના અપવાસ અને બે મહિનાના અપવાસ. આ બાયડ્યું બિચારી કરે છે તાણીને પછી. મરે અને રાતે .. શું કહેવાય એ? વહેંચે કાંઈક. સાંજી. ... ખુશી થઈ જાય. આપણે તપસ્યા કરી. અરે ભગવાન! એ તપસ્યા નથી, એ તો બાળ અજ્ઞાનભાવ છે, ભાઈ! કેમકે જે ચીજમાં વર્તવું જોઈએ એ ચીજ રાગથી ભિન્ન તો કરી નથી. સમજાણું કાંઈ? તો તારું વર્તવું ક્યાં રહ્યું? તું રાગમાં રહ્યો. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**પરિણમે છે,...**' લ્યો! એનું નામ ધર્મ. હવે મૂળ ગાથામાં કહે છે એ વાત આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ-૮, શુક્રવાર, તા. ૧૫-૦૯-૧૯૭૨**
**ગાથા-૬૯-૭૦, પ્રવચન-૧૬૩**

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

... જ્ઞાનમાં અંતરમાં વર્તનારા, જ્ઞાનમાં વર્તુ છું એ પોતાના સ્વરૂપમાં વર્તે છે. એવું જેનું વર્તવું હોય એ જાણનરૂપે, દેખનરૂપે પરિણમન કરે છે. પરિણમન નામ જાણન-દેખનરૂપે રહે છે. એનું નામ ધર્મ છે. ભારે ધર્મ ભાઈ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જાણવું-જાણવું એક જ આવે?

ઉત્તર :- એનો સ્વભાવ જ જ્ઞાન છે. આ જડ આ તો માટી-ધૂળ છે. અને અંદર આવી ગયું. પુણ્ય અને પાપના ભાવ જે દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધનો વિકલ્પ જે ભાવ છે એ તો વિભાવભાવ, વિરુદ્ધભાવ ચૈતન્ય સ્વભાવથી વિપરીતભાવ છે. સમજાણું કાંઈ? તો કહે છે કે જેને ધર્મ કરવો હોય તો ધર્મ કેમ થાય? કે પોતાનો આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ છે. એ જ્ઞાન જાણવું-જાણક અને આત્મા બેમાં ભિન્નતા (નથી) એવી ક્રિયા સ્વભાવભૂત હોવાથી એનો નિષેધ કરવામાં આવતી નથી. કહો, શેઠ! સમજાય છે કાંઈ? આહા..હા..!

આ શરીર છે એ તો જડ છે, આ તો માટી છે, ધૂળ છે. એની જે આ અવસ્થા થાય છે એ જડની છે. એનાથી તો કાંઈ ધર્મ કે અધર્મ થતો નથી. પર્યાયમાં પરનું લક્ષ કરીને જેટલો શુભ અને અશુભભાવ, પુણ્યના ભાવ અને પાપના ભાવ થાય છે એ તો અધર્મ છે. એ પોતાનો નિજસ્વભાવ નહિ. નિજસ્વભાવ તો ભગવાન પ્રભુ જેવી આદિ-અંત વિનાની અવિનાશી ચીજ છે એવો એનો જ્ઞાનસ્વભાવ અવિનાશી એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? એ સ્વભાવમાં પોતાપણે વર્તતો થકો તે જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોવાથી એ જ્ઞાનક્રિયા છે. પોતાનો જ્ઞાનગુણ એમાં એકાગ્ર થઈને ક્રિયા જે પરિણમન થાય છે, અવસ્થા થાય છે એ જ્ઞાનની ક્રિયા છે, એ ધાર્મિક ક્રિયા છે. આહા..હા..! વાત જ હજી સાંભળવા મળી નથી. શું ધર્મ? દુઃખી છે અનાદિથી. કહો, શેઠ! દુઃખી થઈ રહ્યો છે. રાજા, રંક, શેઠ અને નારકી બધા દુઃખી છે. પોતાનો આનંદસ્વરૂપ ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ એમાં એકાકાર નહિ થતાં જેટલા પુણ્ય અને પાપના ભાવ ઉત્પન્ન કરે છે (તે અધર્મ છે).

કાલે કહ્યું હતું સાંજે ફરતા ફરતા. **'परदव्वादो दुग्गइ'** એવો શબ્દ પડ્યો છે. જેટલી

પરદ્રવ્ય તરફની વૃત્તિ ઉઠે છે, ચાહે તો ત્રણ લોકના નાથ તીર્થંકર હોય, સમ્મેદશિખર હોય, મંદિર હોય, શેત્રુંજય હોય એ તરફનું લક્ષ કરતા તો શુભરાગ થાય છે.

મુમુક્ષુ :- સોનગઢ હોય તો?

ઉત્તર :- સોનગઢ તો એમાં... કહો, શેઠ! ચાહે તો સોનગઢ હોય એ તરફનું લક્ષ વૃત્તિ છે એ શુભરાગ છે. ભગવાન કુંદકુંદાચાર્યે તો મીઠી ભાષાએ એને એમ કહ્યું, ભગવાન! તારી જ્ઞાનગતિ સિવાય જેટલા પુણ્યભાવ ઉત્પન્ન થાય છે એ દુર્ગતિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ તારી ગમન-ગતિનું પરિણમન એ તારું નથી. આહા..હા..! દુઃખી અનાદિથી છે. શરીર, સ્ત્રી, કુટુંબ તરફ લક્ષ જાય છે તો અશુભરાગ થાય છે. દેવ, ગુરુ અને શાસ્ત્ર તરફ લક્ષ જાય છે તો શુભરાગ થાય છે. છે તો બેય રાગ. બેય જ્ઞાનક્રિયાના સ્વભાવથી વિરુદ્ધ ભાવ છે, દુઃખરૂપ છે. એ શુભાશુભ ભાવમાં પરિણમન કરવું એ દુઃખી છે. ખબર નથી એને. આહા..હા..!

આ સનેપાત થાય છેને સનેપાત? સન્નિપાત. વાત, પિત્ત અને કફનું વકરવું. વાત, પિત્ત અને કફનું વકરી જવું નામ એમાં ઉછેરાઈ જવું તેને સન્નિપાત કહે છે. એ સન્નિપાત પ્રાણી દાંત કાઢે છે. શું એ દાંત કાઢે છે તો સુખી છે? તેવી રીતે અજ્ઞાની પોતાની ચીજને ભૂલીને આનંદમૂર્તિ પ્રભુ એની રુચિ અને એના વિશ્વાસ અને એમાં ઠરવું છોડીને જેટલા પુણ્ય અને પાપના શુભાશુભ ભાવ કરે છે અને એમાં રાજી થાય છે એ પાગલ છે. આહા..હા..! મીઠાલાલભાઈ! એવું હશે આ બધા? બધા કલેક્ટરો થતા હશે? પાંચ-પાંચ હજારના પગાર, આઠ હજારનો પગાર લ્યોને સુમનભાઈને અત્યારે આપણે. રામજીભાઈના દીકરા છેને.

મુમુક્ષુ :- બહુ સુખી છે.

ઉત્તર :- ધૂળેય સુખી નથી. કોણ કહે સુખી? એ તો વાત ચાલે છે. એય..! શેઠ! એમ કહે છે, આ સોનગઢમાં એમ કહેવાય. ત્યાં તો અમને બધા શેઠિયાને સુખી કહે છે. ગાંડાની હોસ્પિટલમાં બધા ગાંડા જ હોય. મોટો ગાંડો હોય એને બીજો ગાંડો કહે ભારે ભાઈ, તું હુશિયાર બહુ એમ કહે. આહા..હા..!

પ્રભુ! એ દુઃખથી મુક્ત થવાની ક્રિયા (નથી) એ તો દુઃખ છે. આહા..હા..! ચાહે તો દયાનો, દાનનો, વ્રતનો, ભક્તિનો, પૂજાનો ભાવ હોય, ચાહે તો હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ ભાવ હો, તે દુઃખ છે. એ બેય ગુમડા છે અંદરમાં. આત્માના આનંદ ઉપર ગુમડા ઉત્પન્ન થાય છે. એ જેમ ગદબદ ગુમડું થાય અને દુઃખી છે એમ આ દુઃખી છે. આહા..હા..! ભારે કામ ભાઈ! સમજાણું કાંઈ? એક ભગવાન આત્મા જેનો જ્ઞાનસ્વભાવ, ત્રિકાળ જ્ઞાનસ્વભાવ, સ્વ-પોતાનો ભાવ એમાં એકાકાર થઈને જે ક્રિયા જ્ઞાનની ઉત્પન્ન થાય છે, પોતાના સ્વભાવની ક્રિયા જે ઉત્પન્ન થાય છે એ નિર્દોષ, નિર્મળ, સમ્યગ્દર્શન-જ્ઞાન-

ચારિત્રની એ ક્રિયા છે.

મુમુક્ષુ :- આમાં તો જ્ઞાનક્રિયા લખે છે.

ઉત્તર :- એ જ્ઞાનક્રિયાનો અર્થ એ. એય..! જ્ઞાન લખ્યુંને? જ્ઞાનની સાથે દર્શન-ચારિત્ર સાથે છે. જ્ઞાનક્રિયા લખ્યું છે એનો અર્થ કે એ રાગની ક્રિયા નથી. વિકલ્પ જે ઉઠે છે શુભાશુભ પરિણામ એની એ ક્રિયા નથી. આહા..હા..! અરેરે! ચોર્યાસીના અવતારમાં અનાદિકાળથી એ દુઃખી... દુઃખી... દુઃખી... થઈને રઝળે છે હોં. ચોર્યાસીના મહાસમુદ્ર ભવોદધિ, ભવરૂપી સમુદ્ર દરિયો એમાં ડૂબકા મારી પુણ્ય-પાપના ભાવ કરી દુઃખી થઈને રખડે છે. આહા..હા..! એવા પ્રાણીને સુખી કહે. એય..! શેઠ! આ તમને સુખી કહે. અહીંયાં દુઃખી કહે, ત્યાં સુખી કહે એમ કહે છે. શેઠ કહે છે કે સોનગઢમાં આમ કહેવાય છે. અમારે તો ત્યાં બુંદેલખંડના બાદશાહ છે આ બેય જણા લ્યો! છેને. ત્યાં જાય તો બાદશાહ કહે અને અહીં કહે દુઃખી છો. આહા..હા..!

પ્રભુ! તને દુઃખ અને સુખની ખબર નથી. એ પૈસા મારા, લક્ષ્મી મારી, આ શરીર ધૂળ, માટીનો ઢગલો એ મારા એવી જે માન્યતા એ મિથ્યાત્વ છે, દુઃખ છે, આકુળતાથી અંગારાથી સળગી રહ્યો છે. પંડિતજી! આહા..હા..! ઈ એટલું તો છે પણ દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, ભગવાનનું નામ સ્મરણ એ ભાવ પણ મને ધર્મ છે એવી માન્યતા મિથ્યાત્વની અગ્નિથી સળગી રહ્યો છે. આહા..હા..! આકરી વાત ભારે હોં! સંપ્રદાયમાં તો ઊભા રહેવા ન દે. આ તો સોનગઢ જંગલ. માનવું હોય તો માનો. આ માર્ગ પ્રભુ તારો માર્ગ તો જુઓને શું કહ્યું?

'**નિઃશંક રીતે જ્ઞાનમાં પોતાપણે વર્તે છે,...**' ઓહો..! અંતર ભગવાન ચૈતન્યસ્વભાવી પ્રભુ એ પોતાના ચૈતન્યસ્વભાવમાં નિઃશંકપણે જ્ઞાન અને આત્મા બે ભિન્ન નથી, જુદાં નથી, તાદાત્મ્ય સ્વરૂપે તદ્રૂપે એ જ્ઞાન અને આત્મા એક છે એવી અંતર દૃષ્ટિ કરીને નિઃશંકપણે ભગવાન જ્ઞાનસ્વભાવમાં આત્મા પ્રવર્તે એને જ્ઞાનક્રિયા કહેવામાં આવે છે. '**તે, જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોવાને લીધે નિષેધવામાં આવી નથી...**' આહા..હા..! કેટલાક કહે છેને કે સોનગઢ તો ક્રિયાનો નિષેધ કરે છે. ભગવાન! કઈ ક્રિયાની વાત છે નાથ! તને ખબર નથી. એ પુણ્ય અને પાપના ભાવ જે મેલ છે, વિભાવ છે એ ક્રિયાનો નિષેધ કરવામાં આવે છે. સમજાણું કાંઈ? ભગવાન! તને ખબર નથી. તું કોણ છો? ક્યાં છે? કેમ છે અને હું શું કરી રહ્યો છું એની ખબર નથી. આહા..હા..!

ભગવાન અનાદિ-અનંત જ્ઞાનાનંદ સ્વભાવી પ્રભુ એને દૂર કરીને, એનું લક્ષ છોડીને જેટલા પુણ્ય અને પાપના ભાવમાં વર્તવું થાય છે એ દુઃખની ક્રિયામાં વર્તવું છે. આહા..હા..! જેને દુનિયા ધર્મ માને છે. અરે! પ્રકાશદાસજી! હેરાન થઈ ગયો છે હોં! આહા..હા..! ત્રણ લોકનો

નાથ આત્મા અંદર આનંદનું ધામ પ્રભુ, જેના ફળમાં, જેના ક્ષેત્રમાં, જેના અંતરમાં પહોળાઈમાં એકલું જ્ઞાન અને આનંદ ભર્યા છે. સમજાય છે કાંઈ? એવા જ્ઞાન અને આનંદના ભાવનો અનાદર કરી અને જે પુણ્ય અને પાપના ભાવમાં આદર કરીને વર્તે છે એ દુ:ખી છે અને એના ભાવમાં અનંત નરક અને નિગોદના ભવ કરવા પડશે, એવી એની તાકાત છે. આહા..હા..! અત્યારે ભલે ધોળા ફરે, કાળા ફરે, રૂપિયાવાળા ફરે. એય..! એ બધા અને જુવાન શરીર હોય લઠ જેવું. બળદ જેવું શરીર હોય આમ. આહા..હા..! ત્રણ-ત્રણ ચુરમાના લાડવા ચડાવી જતો હોય. ત્રણ લાડવા તો પહેલા ખાતા, હવે એવું નથી બહુ. પહેલા ચાર-ચાર, પાંચ-પાંચ ખાતા લાડવા. હવે તો માંડ ત્રણ અને થોડા પતરવેલિયા ભેગું હોયને ઢોકળા ભેગા થોડા. ખાઈને ઉઠે બળદની જેમ માને કે અમે સુખી છીએ. એય..! ઓલો બળદ ખાયને ખડ? પછી બેસે પછી વાગોળે બહાર કાઢીને આમ. એમ આ પણ ખાઈને તૃપ્ત થઈ ગયો. મૂર્ખ છો, સાંભળ તો ખરો, પ્રભુ! આહા..હા..! એ શુભ-અશુભભાવમાં સુખ અને શાંતિ ક્યાંથી આવી? એય..! ચંદુભાઈ! આહા..હા..! એમાં વળી કાંઈક પાંચ-પચ્ચીસ હજાર પેદા થતા હોય વર્ષે. બાયડી, છોકરા કાંઈક ઠીક હોય, આબરૂ ઠીક હોય, હજીરા હોય એકાદ-બે મકાન. હજીરા એટલે મકાન. એય..!

મુમુક્ષુ :- .. હજીરા કહેવાય.

ઉત્તર :- અત્યારે પડ્યા છે. છ લાખનો હજીરો છે એને. આ બેય ભાઈઓને ત્યાં સાગરમાં. છ લાખનું આરસપહાણનું મકાન છે રહેવાનું.

ભગવાન તો કહે છે કે આહા..હા..! જેમ ધારુમાં, આ પત્થરની ધારુ છેને. જુઓને અહીં તો બહુ છે. એની ખીણમાં, ખાડામાં જેમ મળ અને કળ રહે છે, એમ અજ્ઞાની પોતાના પાંચ-પાંચ, ચાલીસ લાખનું લ્યોને. ગોવામાં આપણા છેને એક શાંતિલાલ ખુસાલદાસ. ચાલીસ લાખનો એક બંગલો. દશાશ્રીમાળી વાણિયા છે આપણા સ્થાનકવાસી. ચાલીસ લાખનો બંગલો, એક દિ'ની પાંચ લાખની પેદાશ. એય..! દુ:ખી છે દુ:ખી. આહા..હા..!

મુમુક્ષુ :- રૂપિયાના પ્રમાણમાં દુ:ખ?

ઉત્તર :- રૂપિયાના પ્રમાણમાં નહિ. મારા માનવાના પ્રમાણમાં. નવનીતભાઈ! આહા..હા..! દુનિયા એમ માને કે આહા..હા..! પૈસા! શું છે પણ? પૈસા જગતની ધૂળ કાંકરા. કાંકરા ઘણા પડ્યા છે નેરામાં.

મુમુક્ષુ :- એનું અનાજ ન આવે.

ઉત્તર :- આનું પણ અનાજ નથી આવતું .. અંદર આવતું ન હોય. .. ન કર્યું દુકાળમાં? બાર વર્ષના દુકાળ હતા ત્યારે બે હજાર વર્ષ પહેલાં. બાર-બાર વર્ષના દુકાળ હોં એક સાથે! શાસ્ત્રમાં આવે છે. એમાંથી આ શ્વેતાંબર પંથ નીકળ્યોને. એ વખતે નીકળ્યો. શ્વેતાંબર મૂર્તિપૂજક

દિગંબરમાંથી નીકળ્યો એ બાર વર્ષના દુકાળમાંથી નીકળ્યો. અર્ધફાલક રાખતા હતા પહેલા. અડધો કટકો. .. એક વાત એવી હતી કે એક દીકરી ગૃહસ્થ હતી. એની પાસે એક ટૂકડો સમજ્યાને? ટૂકડાને શું કહે છે? ટૂકડો છે એ ટૂકડામાં મોતી ભરેલા. મોતી-મોતી. મોતી ભરેલું સુપડું લઈને બાપની પાસે ગઈ. બાપુજી મને એક સુપડામાં મોતીની જુવારે એક સુપડો આપો. સુપડું સમજો છો? છાજ બોલે છે. તમારે સમજી લેવો શબ્દ. અમને કાંઈ તમારી જેમ હિન્દી ભાષા આવડતી નથી. કહો, સમજાણું કાંઈ? એક સુપડું ભરીને સાચા મોતી. બાપુજી! એક સુપડામાં મોતી લ્યો અને એક સુપડું જુવાર આપો. લ્યો! આ પૈસાથી જુવાર મળે છે? જુવાર આપો. બાપુજી કહે છે, બેટા! મારે ઘરે એક સુપડું જુવાર છે, બહેન! કાલે શું ખાશું એના વિચારો થાય છે. આહા..હા..! પૈસાથી ક્યાં મળે છે? એ મોતી ભરેલું સુપડું સમજ્યા? આહા..હા..! શું શબ્દ કહ્યો એ? છાજલું, સુપડું. આહા..હા..! બાપુજી! મને એટલું આપો. ઘરે છોકરા ભૂખ્યા છે. ક્યાંય અનાજ મળતું નથી. પૈસા ઘરે પડ્યા. સાચા મોતીના સુપડા ઘરે પટારા ભર્યા છે. સાચા મોતી હોં! એક સુપડું લઈને ગઈ. એ ના પાડી, આંખમાંથી આંસુ પડે. આહા..હા..! કાલે શું ખાશું? ક્યાં જાશું? બાપા! પૈસે પણ દાણા મળતા નથી.

મુમુક્ષુ :- એ તો જૂના કાળની વાત છે.

ઉત્તર :- જૂના કાળની વાત... એમાં શું ધૂળમાં. આહા..હા..!

એ અનુકૂળતા હોય તોપણ એ અનુકૂળતા પ્રત્યેનો રાગ છે તે અગ્નિ સળગે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ ચુરમાના લાડવા ખાતો હોય. ખાય શું? લક્ષ કરે. ખાય તો ક્રિયા જડની છે. એમાં રાગ થાય, અગ્નિથી શેકાય છે ભાઈ! એને ખબર નથી. સનેપાતિયાઓ ત્રણ લોકથી વકરી ગયેલો સન્નિપાત ત્રણનું ભેગું થવું, એ દાંત કાઢે એ સુખી નથી. એમ જેને મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર એ ત્રણની જેને એકતા થઈને સનેપાત થયો છે. એ બહારની અનુકૂળતા દેખીને દાંત કાઢે. એ દાંત કાઢે એ સુખી નથી. આહા..હા..! કહો, જેઠાલાલભાઈ!

અહીંયાં તો બીજી વાત કરે છે એથી આગળ જરી. આહા..હા..! અંદરમાં શુભભાવ થયો. પાપના પરિણામના ભાવ કરીને. એ પાપ એટલે ચારિત્રમોહનું પાપ. મિથ્યાત્વનું પાપ બીજું. આહા..હા..! એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ મારી ચીજ છે અને મને લાભ થશે. મોટો દુઃખી છે ઈ. આહા..હા..! અગ્નિમાં સળગે એમ સળગે છે. ખબર નથી તો શું કરે? ઈ કહે છે જુઓ, ઓહો..હો..! '**જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોવાને લીધે નિષેધવામાં આવી નથી માટે, જાણે છે...**' હું તો રાગ હો કે શરીર હો કે કુટુંબ હોય એને સ્પર્શ કર્યા વિના જાણનાર-દેખનાર છું. આહા..હા..! એ વ્યવહારરત્નત્રયનો રાગ એને તો હું જાણનારો છું, એ રાગ મારો નહિ હોં! આહા..હા..! મારો હોય તો મારાથી દૂર

કેમ જાય? એમ પોતાની સ્વભાવક્રિયા કરીને એમાં એકાગ્ર થાય છે એ ક્રિયાનો ભગવાને નિષેધ નથી કર્યો. એ ક્રિયા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની છે. સમજાણું કાંઈ? શબ્દ તો એકલો જ્ઞાનક્રિયા પડ્યો છે. છેને?

**'જ્ઞાનમાં પોતાપણે વર્તે છે, અને ત્યાં (જ્ઞાનમાં પોતાપણે) વર્તતો તે, જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોવાને લીધે...'** જ્ઞાનક્રિયાનો અર્થ? પોતાનો ત્રિકાળી ધ્રુવ નિત્યાનંદ પ્રભુ સહજાનંદનો નાથ પૂર્ણાનંદ પ્રભુ એ તરફ વળીને જે એકાગ્ર થાય છે એ આત્માની ક્રિયા, જ્ઞાનની ક્રિયા, સમ્યગ્દર્શનની ક્રિયા, ચારિત્રની ક્રિયા, શાંતિની ક્રિયા, મોક્ષના માર્ગની ક્રિયા. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! આરે.. આરે.. ભારે ભાઈ! પૈસાવાળા હોય એ બે-પાંચ કરોડ હોય તો ભાઈ પચાસ લાખ ખર્ચીએ તો ધર્મ થાશે. ધૂળેય નહિ થાય સાંભળને. પચાસ લાખ તારા બાપના ક્યાં હતા? એ તો જડના છે. એય..! સમજાણું કાંઈ? આહા..હા..! તારા બાપની ચીજ તો અંદર છે. તારી મૂકેલી નિધાન ચીજ તો અંદર ધરોહર પડી છે અંદર. અહો..! જ્ઞાન અને આનંદ આદિ અનંત ગુણનો પિંડ પ્રભુ એ તરફ એકાગ્ર થઈને જે ક્રિયા થાય છે એને જ્ઞાનસ્વભાવ ક્રિયા કહેવામાં આવે છે. એ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ જ્ઞાનક્રિયામાં ત્રણે સમાય છે. ભારે વાતું!

મુમુક્ષુ :- જ્ઞાન ક્રિયાભ્યામ મોક્ષ.

ઉત્તર :- એ બેય ઈ. સમજાણું કાંઈ? આવી વાત કેવી પણ આ? હજી તો દુકાનથી નવરો ન થાય ધંધો. હોળી સળગતી હોય એને આ કહે કે બધા પુણ્ય-પાપ તારા દુઃખ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

હવે જેમ આત્માની ક્રિયા બતાવી તેમ 'તેવી રીતે...' છે? હવે અજ્ઞાનની ક્રિયા બતાવે છે. 'જ્યાં સુધી આ આત્મા,...' **'તેવી રીતે જ્યાં સુધી આ આત્મા, જેમને સંયોગસિદ્ધ સંબંધ છે એવા આત્મા અને ક્રોધાદિ આસ્રવોમાં પણ,...'** કહો, સમજાણું કાંઈ? પાઠમાં તો આસ્રવ અને આત્મા બે વાત લીધી છે. અમૃતચંદ્રાચાર્યે એમાં સ્પષ્ટીકરણ કર્યું. એ આસ્રવનો અર્થ પોતાનો ભગવાન સ્વભાવથી વિરુદ્ધ ભાવ એ ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, દયા, દાન એ બધો ક્રોધભાવ છે. સમજાણું કાંઈ? પાઠમાં તો એ છેને. આત્મા અને આસ્રવનું નામ પાડ્યું છે. અમૃતચંદ્રાચાર્યે એમાંથી એ કાઢ્યું કે ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાન, આનંદ સ્વરૂપ એનાથી વિરુદ્ધ. છેને? **'સંયોગસિદ્ધ સંબંધ છે એવા આત્મા અને ક્રોધાદિ આસ્રવોમાં...'** એ તો આસ્રવની વ્યાખ્યા કરી. સ્વરૂપ પ્રત્યેની અરુચિ, સ્વરૂપ પ્રત્યેનું અજ્ઞાન અને સ્વરૂપમાં સ્થિરતા નહિ એવી ક્રોધની ક્રિયા. આહા..હા..! એ રાગમાં પ્રેમ રાખીને જે ક્રિયા થાય છે તેને ક્રોધની ક્રિયા કહેવામાં આવે છે. આહા..હા..!

કાળો નાગ જેમ ફણીધર જેમ ફણી કરીને બેઠો હોય અને ત્રાસ-ત્રાસ થાય અંદરથી.

સમજાણું કાંઈ? એમ કહે છે કે વિકાર ઉત્પન્ન થાય છે એ ફણીધર કાળો નાગ છે. આહા..હા..! એ ઝેર છે, વિષકુંભ છે. શુભ-અશુભભાવ એની સાથે જીવને સંયોગસિદ્ધ સંબંધ છે. જુઓ, જેમ શરીર અને આત્માને સંયોગસિદ્ધ સંબંધ છે એટલે કે ભિન્ન છે એને સંબંધ કહેવો એ સંયોગસંબધ. એમ ભગવાન આત્મા પૂર્ણ આનંદનો ગંજ-પૂંજ, એની સાથે એક સમયનો પુણ્ય-પાપનો ભાવ જે સ્વભાવથી વિરુદ્ધ ભાવ જેને ભગવાન અમૃતચંદ્રાચાર્ય ક્રોધ કહે છે. આહા..હા..! પોતાનો સ્વભાવ તેના પ્રત્યે એણે અનાદર કર્યો. પોતાના નિજસ્વભાવ પ્રત્યે અનાદર કર્યો. અને ચાહે તો એ દયા, દાન, ભક્તિના પરિણામ શુભ હોય એનો આદર કર્યો તો એને ભગવાન ક્રોધ કહે છે. આહા..હા..! ભારે વ્યાખ્યા ભાઈ! આવું તો સાંભળવાને મળે નહિ અને ક્યાં જાવું? એય..! પંડિતજી! આહા..હા..!

પ્રભુ! તું તો શાંતરસથી ભરેલો અકષાય સ્વભાવથી વીતરાગ સ્વરૂપથી તું તો ભરેલો છો. જિનસ્વરૂપ તારું છે. આત્મા એ જિન અને જિન તે જ આત્મા. જિનવર અને તારા આત્માના સ્વભાવમાં કાંઈ ફેર નથી. આહા..હા..! એવો જિનવર પ્રભુ એની સાથે શુભ-અશુભભાવનો, જેમ આ શરીર અને આત્માનો સંબંધ ભિન્ન છે તો સંયોગસંબંધ કહે છે, એમ ભગવાન આત્માની સાથે એ પુણ્ય-પાપનો ભાવ તે સંયોગસિદ્ધ સંબંધ છે. સ્વભાવ નથી, સ્વભાવસિદ્ધ સંબંધ નથી. આહા..હા..! કહો, ભીખાભાઈ! આહા..હા..!

વીતરાગ તો ઉઠાવીને દુકાન ઉઠાવ. સમજાણું કાંઈ? એકવાર તો ઉઠાવ તો ખરો. ખરેખર જો શાંતિ જોઈતી હોય તો. એ પુણ્ય અને પાપના ભાવ તો ક્રોધ, સ્વરૂપ પ્રત્યે અનાદર કરીને વિકાર થયો. સ્વરૂપ પ્રત્યેનું બહુમાન ટાળીને એને (ક્રોધને) મહાન કર્યો એવો વિકાર થયો અને પોતાના સ્વભાવમાં સરળતા છોડીને માયા કપટ થઈ એમાં. આહા..હા..! એ શુભભાવને પણ માયા-કપટ કહે છે. પોતાની વસ્તુ છોડીને એ માયામાં ગયો. સમજાણું કાંઈ? જેનો ભગવાન આત્માની સાથે વિકારનો સંયોગસિદ્ધ સંબંધ છે. આહા..હા..! જેમ કર્મને અને આત્માને સંયોગસિદ્ધ સંબંધ, શરીરને અને ભગવાન આત્માને સંયોગસિદ્ધ સંબંધ, એમ પુણ્ય અને પાપના ભાવને અને આત્માને સંયોગસિદ્ધ સંબંધ છે. એ સંયોગીભાવ છે, સ્વભાવભાવ નથી. આહા..હા..! ગજબ વાત છે. સમજાણું કાંઈ?

એ ક્રોધાદિક ભાવ '**સંયોગસિદ્ધ સંબંધ છે એવા આત્મા અને ક્રોધાદિ આસ્રવોમાં પણ,...**' 'પણ' કેમ કહ્યું? કે જેમ જ્ઞાનાનંદ સ્વભાવમાં વર્તે છે તેમ રાગમાં પણ વર્તે છે એ અજ્ઞાનભાવ છે. આહા..હા..! આ પર્યુષણમાં તો ધમાધમ ચાલતી હશે બધે. અપવાસ કર્યા છે અને આણે અઠમ કર્યા છે, ચોવિહાર કર્યા છે. લાંઘણું છે બધી.

મુમુક્ષુ :- હવે તો બધું પૂરું થઈ ગયું.

ઉત્તર :- હજી તો ચાલે છેને આને તો દિગંબરમાં. હજી તો ચોથો દિ' છે આજે. સાત

દિ' બાકી. આહા..હા..! અરે ભગવાન! તું કોણ છો? તારી ચીજની ખબર વિના એ બધી ક્રિયાકાંડના વિકલ્પ તેને અહીંયાં ક્રોધ, માન, માયા, લોભ કહે છે.

એ '**ક્રોધાદિ આસ્રવોમાં પણ, પોતાના અજ્ઞાનભાવને લીધે,...**' ભાષા જુઓ! એ શુભભાવમાં વર્તે છે એ પોતાના અજ્ઞાનભાવને લીધે વર્તે છે એમ કહે છે. આહા..હા..! શરીરમાં તો વર્તી શકતો નથી. આ તો જડ અજીવ છે. આ તો માંસ હાડકા રાખ થઈને ઉડી જાશે સ્મશાનમાં ફૂ (થઈ જશે). પણ અંદરમાં જે પુણ્ય અને પાપનો ભાવ ઉત્પન્ન થાય છે તે... શું કહે છે? '**પોતાના અજ્ઞાનભાવને લીધે,...**' અરે ભગવાન! એક બાજુ આનંદકંદ પ્રભુ, એક બાજુ વિકલ્પ રાગ શુભ-અશુભ. મૂળ તો શુભની વાત વધારે છે. સમજાણું કાંઈ? શુભરાગમાં મીઠાશ ગળા સુધી ગરી ગઈ છે. મેં અપવાસ કર્યા, મેં આવી પૂજા કરી, આવો.. શું કહે છે? શાંતિસ્તોત્ર. ક્યાં ગયા ચેતનજી? બધું કરે છેને કાંઈક? સિદ્ધચક્ર ઢીંકણું-ફીકણું. સિદ્ધચક્ર આપણે અહીં. માંડવા માંડે સિદ્ધચક્રના, જાણે થઈ ગયો ધર્મ. એ તો શુભભાવ હો ત્યારે એ હો, પણ એ ધર્મ નથી.

મુમુક્ષુ :- એની વગર કરવું શું?

ઉત્તર :- કરે નહિ, આવ્યા વિના રહે નહિ અશુભથી બચવા, પણ ધર્મ નથી. આ ચીજ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ તો ધર્મની શરૂઆત છે.

ઉત્તર :- અધર્મ થયો.

મુમુક્ષુ :- ધર્મની શરૂઆત.

ઉત્તર :- અધર્મની શરૂઆત થઈ. કહો શેઠ! આહા..હા..! પરમાત્મા પોતે આનંદકંદ આત્મા એ સહજાનંદના પડખેથી છૂટીને રાગને પડખે ગયો એ તો અધર્મની શરૂઆત, મિથ્યાત્વની શરૂઆત છે. પોતાનો માન્યો. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! ટીકા તે પણ ટીકા!

'**પોતાના અજ્ઞાનભાવને લીધે,...**' પુણ્ય પરિણામમાં કેમ વર્તે છે? અજ્ઞાનભાવથી.

મુમુક્ષુ :- કર્મનો ઉદય નહિ?

ઉત્તર :- ના, ઉદય-ફુદય નહિ. કર્મની અહીં વાત જ નથી. એ કર્મનું જોર છે તો ત્યાં રાગમાં વર્તે છે. ચારિત્રમોહનો ઉદય આવે તો રાગ કરવો જ પડે. દર્શનમોહ આવે તો મિથ્યાત્વ કરવું પડે એવી વસ્તુ છે જ નહિ. એ નિમિત્ત છે, એમાં નિમિત્તનું કથન છે. ભગવાન પોતાનો અપરાધ પોતાથી કરે, એ દુનિયા કરાવે બીજી ચીજ તદ્દન નિરર્થક વાત, ખોટી વાત છે. સમજાણું કાંઈ? 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' એ તો ભજનમાં આવે છે ભક્તિમાં. કર્મ જડ છે. જડ આત્માને વિકાર કરાવે? જે જડ આત્માને કદી અડતા નથી અને આત્મામાં એની ત્રિકાળ નાસ્તિ (છે). અજીવની જીવમાં ત્રિકાળ નાસ્તિ એ અજીવ આત્મામાં રાગ કરાવે

એ ત્રણ કાળમાં બને નહિ. આહા..હા..!

**'પોતાના અજ્ઞાનભાવને લીધે, વિશેષ નહિ જાણતો થકો...'** કર્મને કારણે જુદાઈ નહિ જાણતો થકો એમ નહિ. આહા..હા..! એ ગાથાનો સાર. પોતાનો ચૈતન્ય સ્વભાવ આનંદમૂર્તિ નિત્યાનંદ પ્રભુ એનો અને પુણ્યના વિકલ્પનો ભેદ નહિ જાણતો થકો, બેની વિશેષતા નહિ જાણતો થકો **'તેમનો ભેદ દેખતો નથી...' 'વિશેષ નહિ જાણતો થકો તેમનો ભેદ દેખતો નથી...'** એમ. સમજાણું કાંઈ? એ રાગ વિકલ્પ ઉઠે છે દયા, દાન આદિ એ રાગ અને ભગવાન ભિન્ન છે. ભગવાન ત્રણ લોકનો નાથ પોતે પરમાત્મા છે. આહા..હા..! પામરને પ્રભુતા કેમ બેસે? સમજાણું કાંઈ? એક બીડી પીવે ત્યાં આમ થઈ જાય જાણે.. આહા..હા..! બે જાણે સીગરેટ પીવે ત્યારે તો એને પાયખાનામાં દિશા ઉતરે. આહા..હા..! આટલા તો વ્યસનમાં-પીડામાં પીડાય છે. પીડા થાય છે હોં! વ્યસન છેને એ? ..નો અર્થ જ પીડા થાય છે. આટલી વ્યસનની પીડાથી પીડાયેલા પ્રાણી, એને આ ભગવાન અંદર આનંદકંદ છે એ કેમ બેસે? સમજાણું કાંઈ? આહા..હા..!

એક પચાસ વર્ષે છોકરો આવે અને પચાસ લાખની પુંજી હોય. કોઈ લેનાર ન હોય વારસો, જાશે નહિતર કાકાના દીકરાને. એમાં એક છોકરો આવે અને જુઓ રાજી થાય તમારે. નાતમાં વહેંચો. શું કહેવાય તમારે? પેંડા વેંચે નહિ, ઠામ વેચે. એકલા પેંડા નહિ. અને ઠામ ખાલી આપે નહિ. અંદર સાકર આપે પેંડા મૂકીને. ભલે થોડું મૂકે. ખાલી વાસણ ન આપે. ખાલી આપે નહિ. એવો રિવાજ છેને. હમણા આપણે વહેંચાઈ ગયું કે નહિ ત્રણ? આહા..હા..! અહીં તો કહે છે કે એમાં એને કેટલો રાજીપો થાય છે! શેનો રાજીપો થયો પ્રભુ! તને શું છે આ? શું સનેપાત તને વળગ્યો? કહે છે કે એ રાજીપો એ આત્મા પ્રત્યેનો ક્રોધ છે. આત્મા પ્રત્યે રાજી થવું જોઈએ એને ઠેકાણે એ પર પ્રત્યે રાજી થાય છે. આહા..હા..! બહુ જુદી જાત છે હોં. આ સોનગઢની વાત અંદર છે કે નહિ?

મુમુક્ષુ :- આ સોનગઢમાંથી છપાણું છેને.

ઉત્તર :- છપાણું હોય તો શું થયું? પંડિતજી કહે છે. આ પુસ્તક તો હજાર, બે હજાર વર્ષ પહેલાનું છે. શ્લોક તો બે હજાર વર્ષ પહેલાના કુંદકુંદાચાર્યના છે અને આ અર્થ છે એક હજાર વર્ષ પહેલાના અમૃતચંદ્રાચાર્યના છે. એ તો ટીકા છે.

મુમુક્ષુ :- પણ એવા ભાવ ખોલ્યા કોણે?

ઉત્તર :- આહા..હા..! 'પ્રભુ! તારી પાસે રે હરિ નથી વેગળા.' આહા..હા..! અજ્ઞાન અને રાગ-દ્વેષનો હણનાર એવો હરિ પરમાત્મા પોતે અંદર બિરાજે છે. અરે! એનો આદર છોડી... આદર છોડી કહે છેને? આદર છોડકર. થોડું થોડું આવે અમારું ગુજરાતી આવે.

કહે છે કે **'અજ્ઞાનભાવને લીધે, વિશેષ નહિ જાણતો થકો તેમનો ભેદ દેખતો**

**નથી...**' આહા..હા..! અંદરમાં શુભરાગ આવે અને ભગવાન ભિન્ન. એ બેયના અજ્ઞાનને લઈને ભેદને દેખતો નથી. જુઓ આ અજ્ઞાનની ક્રિયા! સમજાણું કાંઈ? કોઈ જીવને મારતો નથી. પોતાના આત્માને મારી નાખ્યો. હું જ્ઞાનાનંદ સ્વભાવી છું એમ નહિ પણ હું રાગભાવવાળો છું (એ ભાવમાં) પોતાના ભગવાન આત્માને રહેંસી નાખ્યો. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત ભાઈ! આ પંડિતો તકરાર કરે છે હોં આવું વાંચીને પછી તકરાર કરે. ન બેસે તો શું કરે બિચારા? આહા..હા..! એક તમારે સનાવદના છેને એક? એય..! પંડિતજી! શાંતિભાઈ! શાંતિભાઈ ઓલા તમારા સનાવદના છેને કોક નહિ? માંગીલાલ? માંગીલાલ. એને બેસે નહિ શું કરે? પ્રભુ! માર્ગ તો એવો છે પણ કદી સાંભળવા મળ્યો નથી. સોનગઢનું નામ આવે ત્યાં ભડકે. અરે ભાઈ! સોનગઢની વાત (નથી), આ તો આત્માની વાત છે. ભગવાને એમ કહ્યું એવી વાત અહીંયાં તો છે. આહા..હા..!

કહે છે, '**પોતાના અજ્ઞાનભાવને લીધે,...**' કર્મને કારણે અજ્ઞાન થયું એમ અહીંયાં નથી કહ્યું. પોતાના અજ્ઞાનથી પ્રભુને જોયા નહિ, પરમાત્મા પોતાના નિજસ્વરૂપને જાણ્યું નહિ, તો રાગ અને આત્મામાં ભેદ દેખતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**ત્યાં સુધી નિઃશંક રીતે...**' '**ભેદ દેખતો નથી ત્યાં સુધી...**' ભેદ નથી જાણતો ત્યાં સુધી '**નિઃશંક રીતે ક્રોધાદિમાં પોતાપણે વર્તે છે,...**' ઓલામાં એમ હતું. '**જ્ઞાનમાં પોતાપણે વર્તે છે,...**' એ તો આત્માપણે કહો કે પોતાપણે કહો. બેનો શબ્દ એક જ છેને સંસ્કૃતમાં. એ તો પોતાપણે. આહા..હા..! જાણન સ્વભાવ ભગવાન આત્માનો ત્રિકાળ એમાં પોતાપણે વર્તવું એ તો ધાર્મિક ક્રિયા થઈ. અને એને છોડીને રાગની ક્રિયા અને આત્માના ભાવને ભિન્ન નહિ જાણતો થકો એ રાગને પોતાનો માનીને. સમજાણું કાંઈ? '**પોતાપણે વર્તે છે,...**' એ વિકલ્પ રાગ પોતાનો છે એમ પ્રવર્તે છે. આહા..હા..! આ તો જાણે એલ.એલ.બી.ની વાત હોય એમ લાગે માણસને હોં. આ તો બાપા! પ્રભુ! તને ખબર નથી હોં! તારા ધર્મની શરૂઆતના એકડાની વાત છે આ તો. સુખી થવાના પંથની પહેલી રીત આ છે. બાકી બધા દુઃખના ડુંગરે માથા ફોડે છે. અમરચંદભાઈ! આહા..હા..!

ભગવાન ફરમાવે છે. અમૃતચંદ્રાચાર્યની ટીકા. એ વિકારમાં ક્રોધ, માન, માયા નામ સ્વભાવથી વિરુદ્ધ ભાવમાં ચાહે તો દયા, દાન અને ભગવાનની ભક્તિનો ભાવ હોય, કે જિનવાણીની ભક્તિનો ભાવ હોય. આહા..હા..! એમાં પ્રવર્તે છે એ પોતાના અજ્ઞાનપણે પ્રવર્તે છે. આહા..હા..! ગજબ વાત છે. છેને અંદર જુઓ પુસ્તકમાં છે. સમજાણું કાંઈ? એ પોતાથી પોતાપણે પ્રવર્તે છે અને ત્યાં વિકારમાં પ્રવર્તતો થકો, અંદરમાં વિકલ્પના રાગમાં પ્રવર્તતો થકો. '**જોકે ક્રોધાદિ ક્રિયા પરભાવભૂત હોવાથી...**' જોકે વિકારી ક્રિયા તો પરભાવ છે, વિભાવભાવ છે, અધર્મભાવ છે. આહા..હા..! આવું માનશે તો પછી આ કોઈ પુણ્ય કરશે નહિ.

મુમુક્ષુ :- ધર્મ કરશે. પુણ્ય નહિ કરે તો ધર્મ કરશે એમાં શું વાંધો? કાંઈક તો કરશેને.

ઉત્તર :- કોણ પુણ્ય કરતું હતું સાંભળને હવે. એ તો રાગની મંદતાને કાળે એ આવે છે. જ્ઞાનીને પણ હોય છે તો શું થયું? પણ એમાં પ્રવર્તે છે એમ નથી. અજ્ઞાની રાગમાં, પુણ્યમાં, પુણ્યભાવમાં વર્તે છે. સ્વભાવમાં વર્તવું છોડીને રાગમાં પ્રવર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'જોકે ક્રોધાદિ ક્રિયા પરભાવભૂત હોવાથી નિષેધવામાં આવી છે...'** જોકે ભગવાને તો એનો નિષેધ કર્યો. અથવા એ પુણ્ય-પાપની ક્રિયા નિષેધ થઈ શકે છે. સ્વભાવના આશ્રયે નિષેધ થઈ શકે છે. આહા..હા..! કહો, આ ઓલા વ્યવહાર કહેને. આખા વ્યવહારની ક્રિયા નિષેધમાં આવે છે એમ કહે છે. આહા..હા..! અવલદોમની વાત છે, પ્રભુ!

આ માથે જન્મ-મરણની ડાંગ મોટી પડી છે. ખબર નથી, વિચાર કર્યો નથી કદી. આહા..હા..! પોતાનું નિજસ્વરૂપ આનંદઘનનો આશ્રય લીધા વિના એ રાગના આશ્રયમાં શુભાશુભભાવના આશ્રયમાં પ્રવર્તવું, નરક નિગોદના અનંતા ભવની એ ખાણ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભણવામાં પાસ ન થાય તો રોવે, મરે. કેટલાક આ મેટ્રીકમાં પાસ ન થાય. અમદાવાદમાં ક્યું ઓલું કાકરિયું તળાવ? એય..! મલુકચંદભાઈ! કાકરિયું તળાવ. વચમાં છેને. ત્યાં જઈને પડે. ટ્રેનની નીચે પડે, ગળે ફાંસો ખાય, ઝેર પીવે. આ શું કહેવાય? માકડનું આવે છેને. માકડની દવા આવે છેને છાંટવાની. કોણ જાણે આપણે કાંઈ નામ-બામ આવડે નહિ. પીવે. આહા..હા..! પણ આ ચોર્યાસીના અવતારમાં નાપાસ થા છો, બાપા! એનો તને કાંઈ ખેદ છે? સમજાણું કાંઈ? આહા..હા..! એ રાગના રસમાં વર્તનારો નાપાસ છે, ધર્મને નામે એ નાપાસ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ **'ક્રોધાદિ ક્રિયા પરભાવભૂત હોવાથી નિષેધવામાં આવી છે તોપણ તે સ્વભાવભૂત હોવાનો તેને અધ્યાસ હોવાથી,...'** એને અધ્યાસ થઈ ગયો એટલે જાણે મારી સ્વભાવની ક્રિયા હોય. આહા..હા..! બહુ સૂક્ષ્મ વાત છે, ભાઈ! ભગવાન જ્ઞાનસ્વભાવ એની એકાગ્ર ક્રિયા છોડીને એ રાગની ક્રિયા જાણે મારી છે એવા સ્વભાવભૂતનો અધ્યાસ થઈ ગયો છે, ટેવ પડી ગઈ છે, ટેવાઈ ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? અધિકાર તો બહુ સારો છે. શેઠ! આહા..હા..! આ શરીર ને આ બધા લોચા માથે. પણ આ બાયડી, છોકરાને હાથ જાલીને પરણ્યા એનું શું કરવું? એક બાઈ કહેતી હતી. સરખો કાંઈક મળે નહિ ખોરાક તો કહે. તો નહોતું પરણવું અમારી રક્ષા નહોતી કરવી તો. સમજાણું? વૃદ્ધને પરણવું હતું. વળી એમ કહેતી હતી એક બાઈ. જુવાન બાઈ હતી અને ધણી ત્યાં નહોતો જાતો. તો વૃદ્ધને પરણવું હતું. આવી જુવાન અવસ્થામાં એમ કે તમે વેગળા રહો અને પછી કહો કે અમે ધર્મ કરીએ છીએ. એય..! અહીં તો બધું આવ્યું હોયને. આહા..હા..! કે બળ્યા,

ઝળ્યા બધુંય કહે, પણ તારું કરવું છે કે નહિ તારે? આહા..હા..! અમને શું કરવા પરણ્યા હતા? હાથ જાલ્યો હતો. બધા માણસોમાં, મહાજનની વચ્ચે હાથ જાલ્યો હતો. ધૂળેય નથી, હાથેય નથી અને કાંઈ નથી સાંભળને. હાથ કે દિ'? ભગવાન આત્માને હાથ કેવા? આહા..હા..! આ રાગ એનો નહિ, રાગ એનામાં નહિ, એને ઠેકાણે હાથ અને શરીર એના! અરે પ્રભુ! છેતરાઈ ગયો હોં. બહુ છેતરાઈ ગયો.

મુમુક્ષુ :- ઠગાઈ ગયો.

ઉત્તર :- ઠગાઈ ગયો ઈ.

કહે છે કે '**નિષેધવામાં આવી છે તોપણ તે સ્વભાવભૂત હોવાનો તેને અધ્યાસ હોવાથી,...**' એમ કહે છે. સ્વભાવભૂત હોવાનો અધ્યાસ થયો છે. સ્વભાવભૂત થતી નથી. એમ છેને? '**તે સ્વભાવભૂત હોવાનો તેને અધ્યાસ હોવાથી,...**' એ ટેવ પડી ગઈ. રાગ વિકલ્પ એ મારો છે. આહા..હા..! એય..! પૂનમચંદજી! આદત પડી ગઈ. પહેલા કહેતા હતા અમારે નહિ ઉમરાળામાં. એ ભાવસાર છેને ભાવસાર. ગુજરી ગયા બિચારા. સુંદર રૂપા. નામ એનું સુંદરજી હતું. એના બાપનું નામ રૂપચંદ ભાવસાર. ભણતા. આ તો દસ વર્ષની ઉંમરની વાત હશે. ૭૨ વર્ષ પહેલાની વાત છે. સાથે ભણતા. એને એવી ટેવ કે નાકમાંથી ગુંગો કાઢી અને દાંત હેઠે દાબે. દાબીને જીભનું ટેરવું અડાડે એને. ત્યારે એને સખ થાય. આ બનેલી વાત છે ઉમરાળામાં. સુંદરજી નામ હતું અને ભાવસાર હતા. સ્થાનકવાસી ધર્મ હતો. અમે એમાં હતાને બધા ભેગા. આહા..! ઓલો કાઢીને દાબે. અરે! સુંદરજી શું કરે છે તું આ? વળી દાંત હેઠે દાબીને જીભ અડાડે.

એમ આ સુંદરરૂપા લોકનો નાથ ઘડીકમાં શુભરાગનો ગુંગો કાઢીને સ્વાદ લે. એને એમ લાગે પણ (મીઠો છે). શુભ-અશુભ રાગ એ નાકના મેલથી પણ ખરાબ છે. આહા..હા..! ત્રણ લોકના નાથના આનંદનું સુંદર સ્વરૂપ પ્રભુ. ભાવસાર અનંત-અનંત ગુણના ભાવથી ભરેલો પ્રભુ એની પાસે આ પુણ્ય-પાપના ભાવ તો મહા (મલિન), ભગવાને તો ઝેર કુંભ કહ્યો, વિષકુંભ કહ્યું. આહા..હા..! વ્યવહારનો નિષેધ કરે છે. એકાંત છે-એકાંત છે. એ એમ માને. એ એકાંતી છે. પણ આ શું કહે છે? આ કોણ કહે છે? સાંભળને. બાપુ! જો તારે ધર્મ કરવો હોય તો. નહિતર તો રખડે છે ચોર્યાસીમાં રખડ્યા જ કરે છે અજ્ઞાની. એ તો અનાદિની ટેવ છે અને ટેવાઈ ગયો એમાં તારી ટેવ પડી ગઈ છે એને. એમાં નવી શું ચીજ છે? આહા..હા..! પાંચ મહાવ્રત પાળે, જાવજિંદગી બ્રહ્મચર્ય પાળે, એવો વિકલ્પ પણ રાગ છે પ્રભુ! એ તારી ચીજ નહિ. આહા..હા..! બાબુભાઈ! આહા..હા..! તારી ચીજ તો નિર્વિકલ્પ આનંદકંદ પ્રભુ છે. આહા..હા..! તને પડી ગયો અજ્ઞાનને લઈને અભ્યાસ.

જુઓને આચાર્ય શું કહે છે? '**તેને અધ્યાસ હોવાથી, ક્રોધરૂપ પરિણમે છે,...**'

ઓલામાં જ્ઞાનરૂપ પરિણમન હતું. ક્રોધની દશારૂપે પરિણમે. જે સ્વભાવમાં પરિણમવું જોઈએ એના સ્થાને રાગના પ્રેમથી રાગ મારો છે, મારી ચીજ છે, મારા સ્વભાવભૂત છે એવો અધ્યાસ થઈ ગયો તો ક્રોધરૂપ પરિણમે છે. આહા..હા..! પોતાના પૂર્ણાનંદ સ્વભાવ તરફનો અનાદર કરીને એ અનાદરરૂપ રાગમાં પ્રવર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, આ સાંભળવું એ પણ રાગ છે. એય..! એ તો બેયમાં વસ્તુ તો છે ઈ છે. સમજાણું કાંઈ? આહા..હા..! કોઈ સાંભળશે નહિ. શું કહે છે? કોણ સાંભળે? સાંભળ તો ખરો. સાંભળે કોણ? આત્મા સાંભળે છે? એને ઈન્દ્રિય છે? એ તો ભાવ એવો આવ્યા વિના રહે નહિ, પણ જાણે છે કે એ આત્માનો સ્વભાવ નથી. આહા..હા..! ભીખાભાઈ! અરે! આ તે ભગવાનનું અનેકાંત સ્વરૂપ ઈન્દ્રજાળીયું છે. ભગવાન! તારી નયની વાતું ઈન્દ્રજાળ જેવી લાગે છે. એક કોર કહે કે દુઃખ રાગ, ઝેર, બીજી બાજુ એ ઝેર આવ્યા વિના રહે નહિ. આવો. તો શું થયું? મારા ઘરની એ વસ્તુ નથી. સમજાણું કાંઈ? તો કહે છે '**ક્રોધરૂપ પરિણમે છે,...**' આહા..હા..! એ હંસલાની દૃષ્ટિ મોતી ઉપર જાય. કાગડાની દૃષ્ટિ માંસ ઉપર જાય એમ અજ્ઞાનીની દૃષ્ટિની રાગ ઉપર જાય છે. જ્ઞાનીની દૃષ્ટિ સ્વભાવ ઉપર જાય છે. એટલો બેમાં ફેર છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા સુદ-૮, શનિવાર, તા. ૧૬-૦૯-૧૯૭૨
## ગાથા-૬૯-૭૦, પ્રવચન-૧૬૪

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

આ સમયસાર કર્તાકર્મ અધિકાર ચાલે છે. અહીંયા તો એમ કહ્યું કે પોતાનો આત્મા જ્ઞાન અને આનંદસ્વભાવી નિત્યાનંદ છે. એ જ્ઞાનમાં જ્ઞાનની એકાગ્રતા એ સ્વભાવિક આત્માની ધાર્મિક ક્રિયા (છે). એ ક્રિયા નિષેધવામાં આવતી નથી. એ તો પોતાનું સ્વરૂપ જ થયું. ભગવાન જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ એવા કારણપરમાત્માને પકડીને જે પરિણતિ, વર્તમાન દશા, અવસ્થા જ્ઞાનની સ્વભાવિક ક્રિયારૂપ દશા થઈ એ અનુભૂતિ તે ધર્મ છે. સમજાણું કાંઈ?

એ અનુભૂતિને છોડીને અનાદિથી, જેમ મોતી હોય છેને મોતી? હાથી મરી જાય છેને તો એના માથામાં મોટું મોતી હોય છે, ઊંચું ફળ, તો કાગડો છે એની નજર માંસ ઉપર છે અને મનુષ્ય છે એની મોતી ઉપર નજર છે. એમ ધર્મી-મનુષ્ય પુણ્ય-પાપના ભાવથી ભિન્ન પોતાનો જે જ્ઞાનાનંદ સ્વભાવ ચૈતન્યમૂર્તિ હીરલો એની ઉપર નજર હોવાથી ધર્મદશા થાય છે. સમજાણું કાંઈ? બાકી જેટલા વ્રત ને તપ આદિ કરે એ બધો શુભરાગ છે, ધર્મ નથી. સમજાણું કાંઈ? હવે આવી વાતું બહાર કરવા મંડ્યા છે ભાઈ બીજા પણ. આજે આવ્યું છે આમાં ભારતીમાં. કારણપરમાત્મા. એલા કારણપરમાત્મા તમારે ક્યાંથી આવ્યા? એય..! સાંભળ્યું હતું આટલા વર્ષમાં ક્યાંય? નવનીતભાઈ! આમાં આવ્યું છે. કારણપરમાત્માની અનુભૂતિ તે ધર્મ. વ્યવહારસમકિત એ પણ નહિ. એમ કરીને હવે વાતું કરવા માંડ્યા છે. સમજાણું કાંઈ?

દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા, પંચ મહાવ્રતના વિકલ્પ એ પણ ધર્મ નહિ, એ પુણ્યભાવ છે. ગતિ કદાચિત્ મનુષ્યની નહિ થઈને સ્વર્ગાદિની થાય, પણ એ તો બહારનો વેષ પલટ્યો. અંતર પલટો નથી થયો. આહા..હા..! બહારના વેષથી શું? અંતરમાં ચૈતન્યસ્વરૂપ કારણપરમાત્મા પૂર્ણ આનંદ, પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનસ્વભાવી વસ્તુ એનો સ્પર્શ કરતાં જે અનુભૂતિ થાય એ તો સ્વભાવિક ધર્મક્રિયા છે. દેવીલાલજી! ભારે આકરું કામ માણસને હોં! હવે વાતું તો કરવા માંડ્યા છે પાછા. વળી પાછા ભગવાનને વસ્ત્ર હોય અને અડધું ફાડીને આપે અને એમાંથી... એ પણ જૈનધર્મનું રહસ્ય છે. એને ... કહે. અરે પ્રભુ! અહીં મેળ ક્યાં છે તારો? આહા..હા..! મેળ ક્યાં ખાય છે? મૂળ પાઠમાં એમ નથી. કલ્પસૂત્રમાં છે. મૂળ પાઠ ૩૨-૪૫માં નથી. મૂળ પાઠમાં નથી. કલ્પસૂત્રમાં છે. એ શાસ્ત્રમાં આ તો શ્વેતાંબર શાસ્ત્રમાં ઈન્દ્રે વસ્ત્ર દીધું. તેર મહિના સુધી ખંભે રહ્યું. કેમકે બીજા પાછળના સાધુઓ અનુકરણ અને અનુસરણ કરે એ ખાતર રાખ્યું. કહો, આ તે વાતમાં કાંઈ મેળ છે?

મુમુક્ષુ :- અનુકરણ કરવા ખંભે રાખ્યું?

ઉત્તર :- અહીં ખંભે રાખ્યું. તો બીજા બધા પહેરે. ક્યાંય એકેય મેળ વિનાની વાત છે. એય..! એના ભાઈને એને બહુ છે. નાનો ભાઈ છેને? એને બહુ આગ્રહ છે એ બધો બહારનો. સંપ્રદાયમાં છેને. શ્વેતાંબર સ્થાનકવાસી છેને. એના બૈરા દેરાવાસી છે, આ વળી દિગંબર. એક ઘરમાં ત્રણ. આહા..હા..! ભાઈ! જેને આવી અનુભૂતિ થાય એના દેવ-ગુરુ સાચા હોય. સમજાય છે કાંઈ? એના દેવ-ગુરુ ખોટા હોય અને અનુભૂતિ થાય એમ બને જ નહિ. શેઠ! મેળ નહિ ખાય. વાતું કરવા માંડ્યા અહીંની વાત બહાર નીકળીને. અનુભૂતિ એ ધર્મ છે, કારણપરમાત્માને અનુભવવો એ ધર્મ છે, વ્યવહાર એ ધર્મ નથી. તપ ને વ્રત ને એ ધર્મ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શ્વેતાંબરમાં...?

ઉત્તર :- એ સ્થાનકવાસી. એ અમોઘવિજય છેને. બહારથી કાઢે છેને. ... નથી આવ્યું લાગતું. અમર ભારતી છે. અહીં નથી આવ્યું લાગતું. આજે આવશે. એ બધાનો ખીચડો કરે છે.

જેને દેવદશા દિવ્યદશા પ્રગટ થઈ એને તો પૂર્ણ આનંદનો અનુભવ હોય. અતીન્દ્રિય આનંદનો અનુભવ પૂર્ણ (હોય). એને ક્ષુધા કેવી? તૃષા કેવી? વસ્ત્ર કેવા? સમજાય છે કાંઈ? એય..! આહા..હા..! એમાં જ્યાં ચારિત્રદશા પ્રગટ થાય ત્યારે તો આખો આત્મા અણિન્દ્રિય આમ પ્રગટ થયો. એટલે એને ઢાંકવાના વસ્ત્રનો રાગ ન હોય અને ઢાંકણ પણ ન હોય. એ તો વસ્તુની મર્યાદા છે. અમરચંદભાઈ! આહા..હા..!

અહીંયાં તો કહે છે કે ભગવાન આત્મા જ્ઞાન અને આત્મા બેનો તદ્રૂપ સ્વભાવ, તાદાત્મ્ય સ્વભાવ હોવાથી જ્ઞાનપણે, પોતાપણે જ્ઞાનમાં પોતાપણે પ્રવર્તવું-વર્તવું એ સ્વભાવિક ધાર્મિક ક્રિયા છે. આહા..હા..! શું કહે છે એ પકડાવું કઠણ. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? આ તો જડ છે માટી. અજીવ આ તો કો'કના આવેલા રજકણનો અહીં પીંડલો ઉભો છે. એક ક્ષણ થાશે .. છૂટી જશે પરમાણુ. 'રજકણ તારા રખડશે અને જેમ રખડતી રેત, પછી નરતન પામીશ ક્યાં? ચેત ચેત નર ચેત. રજકણ રજકણ તારા રખડશે.' આ રજકણ આ ધૂળ છે. 'રજકણ તારા રખડશે અને જેમ રખડતી રેત.' રેત-રેત. આ વેળુ, નદીની રેત. કાંકરો. ફૂ... બળશે તો આટલો ઢગલો પણ નહિ રહે. પવનનો આવ્યો ઝપાટો તો ઉડીને ભુક્કો. અરે..! આ શરીર ક્યાં તારી ચીજ હતી? સમજાણું કાંઈ? એ તો પારકી ચીજ પરરૂપે થઈને રહી છે. એ તારા રૂપે થઈને રહી નથી. આહા..હા..!

અહીં તો વિશેષ કહે છે. ભગવાન જે સ્વરૂપે થઈને રહેલ છે એ જ્ઞાન અને આનંદના સ્વરૂપે થઈને રહેલ છે. એ વિકારરૂપ પણે થઈને રહેલ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? એ જ્ઞાન, આ જ્ઞાન એટલે? આ જાણવું શાસ્ત્રનું ઈ એમ નહિ. અંદર જે જ્ઞાનસ્વભાવ ચૈતન્યબિંબ પ્રભુ એ જ્ઞાન અને આત્મા બે તદ્રૂપ છે એમ જાણીને જ્ઞાનમાં પોતાપણે વર્તે છે એ ક્રિયા સ્વભાવિક સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની હોવાથી તે નિષેધી શકાતી નથી, છૂટી શકતી નથી. સમજાણું કાંઈ? હવે એને છોડીને. એમ કહ્યુંને? **'ક્રોધરૂપે પરિણમે છે,...'** જુઓ, એ ક્રોધરૂપ પરિણમે છે. આહા..હા..! ભગવાન આત્મા અનાકુળ આનંદનો પિંડ પ્રભુ એનો આદર છોડીને, અનાદર કરીને ચાહે તો પુણ્ય અને પાપના ભાવપણે થાય એ ભગવાન ચૈતન્ય સ્વભાવથી વિરોધ ક્રોધમાં વર્તે છે. એ દુશ્મનમાં વર્તે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? સમજાય છે કાંઈ એ અમારી ગુજરાતી ભાષા છે. સમજમેં આતા હૈ? એ તમારી હિન્દી ભાષા એમ સમજી લેવું. હિન્દી કાંઈ આવડે નહિ. આહા..હા..!

કહે છે એ 'ક્રોધરૂપે પરિણમે છે,...' કેમકે પોતાના નિજસ્વરૂપની દૃષ્ટિનો અભાવ (છે). કાગડા તો માંસ ખાય, મોતી છોડી દે છે. એમ હંસલા મોતી ખાય છે અને માંસ છોડી દે છે. એમ ધર્મી જીવ હંસરૂપ, પુણ્ય અને પાપના વિકલ્પરૂપ માંસને છોડીને પોતાનો ચૈતન્યમૂર્તિ ભગવાન આનંદકંદનો નાથ એમાં આરૂઢ થઈને જ્ઞાન ને દર્શન ને આનંદની ક્રિયા કરે એ હંસલાના ચારા મોતીના હોય. સમજાય છે કાંઈ? આહા..હા..! આવો ધર્મ ભારે ભાઈ! અહીં તો કેટલાય એક પાથરણે સામાયિક કરે, પોષા કરે, આ કરે.. આ કરે.. અને વળી પાછા શેઠિયા એને પૈસા આપે. એય..! ચોપડી વહેંચે, વાસણ આપે. વાસણ કહેવાયને? બર્તન. પાંચ-પાંચ રૂપિયાનું વાસણ દે લ્યો કરો સામાયિક ૩૦. એક સાથે ૩૦. માસખમણ કહેવાય એ. સામાયિકનું માસખમણ. થાય છે કે નહિ? તમારે થાય છે ત્યાં બોટાદમાં બધું થાતું. બોટાદમાં બધું થાય. ૩૦ સામાયિક એક સાથે એટલે સામાયિકનું માસખમણ. બિચારા સુકાઈને બેસી જાય. તપસ્યા લઈને. ધૂળેય ધર્મ નથી સાંભળને.

જ્યાં અંદર ભગવાન ચિદાનંદ નાથ કારણ પ્રભુ અખંડાનંદ જેમાં અનંત સિદ્ધ પડ્યા છે. એવી અંતરમાં દૃષ્ટિ અને એકાગ્ર થયા વિના ધર્મ અનુભૂતિ ત્રણ કાળમાં ક્યાંય થતી નથી. આહા..હા..! શાસ્ત્ર પણ દિશા દેખાડી અળગા રહે. અમરચંદભાઈ! વાણી ભગવાનની શું કરે? વાણી શું કરે? શાસ્ત્ર લખેલા શું કરે? એ તો જડ છે. પુદ્ગલની પર્યાય છે આ. એય..! આ જિનવાણી તો પુદ્ગલની પર્યાય છે. આહા..હા..! એનાથી જ્ઞાન થાય છે? એ દેખાડવામાં નિમિત્ત. આ તારી ચીજ પરમાત્મા અંદર પૂર્ણ આનંદ છે, નાથ! તને ખબર નથી હોં! આહા..હા..! અતીન્દ્રિય આનંદના.. લહલહતો જેમ શીરો હોય. શીરો સમજો છો? હલવો. શીરો હોય છેને ઉનો-ઉનો. ગરમા ગરમ લહલહતો. અમારી ભાષા કાઠિયાવાડી એવી છે. એમ ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદનો નાથ લબાલબ ભરેલો છે. અરે..! તને તારી ખબર નથી. તારે તારી દિશામાં કેમ જાવું? સમજાય છે કાંઈ? કઈ દિશાએ આત્મા મળશે એ દિશાની ખબર ન મળે. ભગવાનજીભાઈ! ખબર નથી. ગુજરાતી આવેને થોડું. કઈ દિશાએ જાવું? જાવું હોય ઉગમણું અને દોડે આથમણો મુઠીયું વાળીને. એમ જાવું છે અંદર અને બહાર માથાફોડ કરે. આ દયા પાળી, વ્રત કર્યા, તપ કર્યા, આમ કર્યું ને તેમ કર્યું. ભગવાન! એ તો રાગની ક્રિયા બધી. કહે છે કે તારા સ્વભાવની ક્રિયા નથી. એમાં ક્રોધ સ્વભાવથી વિરુદ્ધ ભાવરૂપે પરિણમે છે તો ક્રોધરૂપ દુશ્મનમાં જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કારણપરમાત્મા ત્રિકાળી પ્રભુ એનું સ્વામીત્વ, સત્કાર, સ્વીકાર કર્યા વિના રાગનો વિકલ્પ ઉઠે છે કોઈ દયા, દાન, વ્રત, ભક્તિ એનો સ્વીકાર કરીને એમાં પરિણમન કરવું એ ક્રોધરૂપ પરિણમન છે. ભગવાન આત્માથી દુશ્મનાઈનું પરિણમન છે. આહા..હા..! કહો, સમજાય છે

કાંઈ? એ ક્રોધરૂપ '**રાગરૂપે પરિણમે છે,...**' ક્રોધ એટલે દ્વેષ થયો. રાગરૂપ. રાગનો રાગ. વિકલ્પનો પ્રેમ એ રાગના પ્રેમરૂપ થાય છે. ભગવાનનો પ્રેમ છૂટી જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મીરા પરણીને આવી એના રાજાને. એય..! રાજા કહે તને રાણી રાખું. પણ એની માનેલી ભક્તની ક્રિયા. ચિત્તોડગઢમાં ગયા હતાને. રાણી તને મહારાણી તરીકે બંગલામાં રાખું ચાલ-ચાલ. રાણા મને પરણાવી મારા પિતાએ તને, પણ હું તો પરણી છું ઈશ્વરને. 'પરણી મારા પીયુજીની સાથ બીજાના મીંઢોળ નહિ બાંધુ.' મીંઢોળ સમજો છો? ઓલું લાકડું નથી બાંધતા પરણતી વખતે? કંકણ. લાકડું છેને મૂળ તો. કંકણ પછી નામ આપ્યું. ગોળ-ગોળ હોય છે. રાણી કહે છે કે મારા પ્રભુ સાથે પ્રેમ મને લાગ્યો છે. એને માનેલી વાત. અહીં તો આત્મા પ્રત્યે જેને પ્રેમ થયો એ રાગનો-વ્યવહારનો પ્રેમ કરતા નથી. આહા..હા..! બહુ કામ પણ... આવો માર્ગ. હવે વાતું તો કરવા માંડ્યા છે હવે થોડી અહીંની બહાર જાયને આત્મધર્મ. બધા વાંચે છે.

મુમુક્ષુ :- છાનામાના વાંચે છે.

ઉત્તર :- છાનામાના વાંચે. આહા..હા..! ભાઈ! માર્ગ તો તારો આવો છે હોં! તને મળ્યો ન હોય તો શું કરે? ઓહો..હો..! અમારા સંપ્રદાયના ગુરુ હતા. બિચારાને ક્રિયા એટલી બધી. બહુ ક્રિયા હોં! વહોરવાની નિર્દોષ ક્રિયા, એક વખત ખાવું, ચા-પાણી તો શેના હોય, સાંજના ખીચડા અને દૂધ શું કહેવાય? પાપડ અને કઢી એ તો શેના હોય? એવી ક્રિયા એની. ૫૮ વર્ષની ઉંમરે તો આમ ચામડા લચી ગયેલા. ખોરાક બહુ થોડો હોય સાધારણ ખોરાક. ઢીલું પડી ગયું. બહુ ઢીલું પડી ગયું. ૫૮ વર્ષની ઉંમર. ૫૮ ગુજરી ગયા. દેહ છૂટી ગયો. બિચારા ક્રિયાકાંડ કરી કરીને. આહા..હા..!

મુમુક્ષુ :- વસ્તુની ખબર ન મળે.

ઉત્તર :- વસ્તુની ખબર નહિ. અને તે પરને દેખાડવા માટે નહિ હોં! એણે માનેલી. આહા..હા..! એની ગંભીરતા જોઈ હોય, ગંભીરતા બેઠા હોય તો ગંભીર પણ વસ્તુની ખબર ન મળે. સમજાય છે? જેને દુનિયા એ વખતે તો ચોથા આરાના સાધુ કહેતા. 'હીરા એટલા હીર બાકી સુતરના ફાળકા.' એવા દેખાય. એય..! હીરા! તું હીરો પાક્યો છો હિંદનો. એમ કહેતા. તું એક હીરો બાકી બધા સુતરના ફાળકા એમ કહેતા. સુતર સમજ્યા? આ રૂનું સુતર એના ફાળકા. એટલી ગંભીરતા. પણ આ વાત કાને નહિ પડેલી. અરે..! તું રાગ વિનાનો આત્મા અને દેહની ક્રિયા તારાથી થતી નથી. અરેરે! એ શબ્દ કાને પડ્યો નહિ. આહા..હા..! એ રીત જ આખી જુદી હતી. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે એ મહાવ્રત અને દયા-દાન અને એ વિકલ્પ જે છે એ રૂપે થવું

એ ક્રોધરૂપ થવું છે, એ રાગરૂપ થવું છે, મોહરૂપ થવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ!

'**હવે અહીં, જે આ આત્મા પોતાના અજ્ઞાનભાવને લીધે,...**' ભગવાન આત્મા પોતાનો અજ્ઞાનભાવને લીધે એમ લીધું છે. કર્મને કારણે આમ ને આમ ને તેમ એમ છે નહિ ભાઈ! સમજાણું કાંઈ? 'અપનેકો આપ ભૂલકર હૈરાન હો ગયા.' તારી ચીજ તો તું ચૂકી ગયો, ભૂલી ગયો પ્રભુ! પોતાના સ્વભાવના અજ્ઞાનથી. આહા..હા..! ભલે એ નગ્ન સાધુ હોય અને નિર્દોષ આહાર-પાણી લેતા હોય ચોકા કર્યા વિના. સમજાણું કાંઈ? પણ કહે છે કે પોતાના અજ્ઞાનથી એ રાગની ક્રિયાને પોતાની માને છે. આહા..હા..! '**અજ્ઞાનભાવને લીધે,...**' છે? '**જ્ઞાનભવનમાત્ર જે સહજ ઉદાસીન (જ્ઞાતાદૃષ્ટામાત્ર) અવસ્થા તેનો ત્યાગ કરીને...**' શું જ્ઞાનની અવસ્થા હતી? પાઠ તો એમ લીધો છે. '**ज्ञानभवनमात्र**' ભગવાન આત્મા જ્ઞાનભવન—સ્વભાવ જ્ઞાનરૂપે થવો. એ જે જ્ઞાનની અવસ્થા, એ અનુભૂતિની અવસ્થા એ આત્માને અનુસરીને થનારી અવસ્થા, નિજ જ્ઞાનથી એ તરફનો ત્યાગ કરીને, જ્ઞાનભવનરૂપી અવસ્થાને છોડીને. છોડી એનો અર્થ? એ જ્ઞાનભવન અવસ્થા છે અને છોડે છે એમ નથી. આહા..હા..! ભગવાન! તું તો જ્ઞાન અને આનંદરૂપ છોને. તારી અવસ્થા તો જ્ઞાનરૂપે થવું, શાંત અવિકારી થવું એ તારી ક્રિયા છે. એ જ્ઞાનરૂપ અવસ્થાનો ત્યાગ કરીને એટલે કે એ જ્ઞાનરૂપી અવસ્થાને ઉત્પન્ન ન કરતાં પોતાના અજ્ઞાનને કારણે '**જ્ઞાનભવનમાત્ર...**' માત્ર કેમ કહ્યું સમજાણું? જેમાં રાગનો બિલકુલ અભાવ. એકલો જ્ઞાનસ્વભાવ, જાણનસ્વભાવ, જ્ઞાનની પરિણતિરૂપ જાણનસ્વભાવ એ જ્ઞાનભવનમાત્ર થવું એવી જે પોતાના જ્ઞાનની ક્રિયા તેનો ત્યાગ કરીને.

'**જે સહજ ઉદાસીન (જ્ઞાતાદૃષ્ટામાત્ર) અવસ્થા...**' સહજ ઉદાસીન. ઓહો..! ભગવાન આત્મા રાગ અને પરથી સ્વભાવિક જ ઉદાસ છે. સમજાણું કાંઈ? એ રાગ અને વિકલ્પમાં પ્રભુ આવ્યો નથી. સમજાણું કાંઈ? સહજ જ્ઞાતા-દૃષ્ટાની અવસ્થાનો... છે? '**ઉદાસીન (જ્ઞાતાદૃષ્ટામાત્ર) અવસ્થા તેનો ત્યાગ કરીને અજ્ઞાનભવનવ્યાપારરૂપ...**' આહા..હા..! એ પુણ્યના પરિણામરૂપ દયા, દાન, વ્રતના પરિણામ એ અજ્ઞાનભવન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ચૈતન્યનો હીરો એનો એ પાસો અંશ-કિરણ નથી. આહા..હા..! કહે છે કે પોતાનો ચૈતન્ય ભગવાન જેમાંથી જ્ઞાન આત્મઅવસ્થા, પવિત્ર અવસ્થા થવી જોઈએ, થવી જોઈએ એવા જ્ઞાનભવનમાત્ર જ્ઞાતા-દૃષ્ટાની અવસ્થા છોડીને. સમજાણું કાંઈ? '**અજ્ઞાનભવનવ્યાપારરૂપ અર્થાત્ ક્રોધાદિવ્યાપારરૂપ પ્રવર્તતો પ્રતિભાસે છે...**' હું તો પુણ્ય પરિણામમાં વર્તનારો છું. આહા..હા..! સમજાણું કાંઈ? એ અજ્ઞાની રાગનો કર્તા ભાસે છે. ભારે વાતું ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? ભાષા તો સાદી આવે છે. કાંઈ ભાષા બહુ એવી નથી. ભાવ

ભલે સૂક્ષ્મ હોય, પણ કદી અભ્યાસ નથી. શેઠ! શું કહે છે?

મુમુક્ષુ :- .. ચીજ છે.

ઉત્તર :- લાકડીમાં શું છે? પહેલા સુખડની લાકડી હતી. કોઈ લઈ ગયું તો આ બીજી લાવ્યા પ્લાસ્ટિકની. એ તો હાથમાં પરસેવો થાય તો શાસ્ત્રને અડાય નહિ. એ કારણે રાખી છે. લોકો કહે છે કે લાકડી ફરે એની પાસે પૈસા થઈ જાય છે.

મુમુક્ષુ :- જાદુઈ લાકડી.

ઉત્તર :- જાદુઈ છે એમ લોકો કહે છે. જેની પાસે જાય અને લાકડી ફેરવે તો લાખોપતિ, કરોડપતિ થઈ જાય. અરે! એ પતિનું તારે શું કામ છે? આત્માનો લક્ષ્મીપતિ થઈ જાય એ તો કહે. આહા..હા..! સમજાણું કાંઈ? જેના ઉપર એ લાકડીનો ભાવ આવ્યો, ભગવાન! તું તો આનંદકંદ છોને નાથ. એ અધૂરો વિકારી નહિ હોં તું. આહા..હા..! સમજાણું કાંઈ? એવી ભાવની લાકડી એના ઉપર ફરે તેને આત્મલક્ષ્મી પ્રાપ્ત થયા વિના રહે નહિ. હવે પૈસામાં-ધૂળમાં શું છે? બધા દુઃખી છે ધૂળવાળા. માટીવાળા છે. આહા..હા..! કહો, ભીખાભાઈ! ભીખાભાઈ કહે અહીં આવ્યા તો દીકરો સારો જાગ્યો, પૈસા થયા, મેડીયું થઈ. એમ છે જુઓ. આહા..હા..!

અહીં તો આનંદનો નાથ જાગે એ અહીંના નિમિત્તે થાય એ વાત છે. આહા..હા..! અરે! તું તો જાગ રે જાગ નાથ! રાગમાં સૂતો એ પોઢ્યો પ્રભુ તને ન શોભે એ વાત. સમજાણું કાંઈ? આહા..હા..! એ અજ્ઞાની પોતાના જ્ઞાનની અવસ્થા, ઉદાસીન અવસ્થા, વીતરાગી અવસ્થા, જ્ઞાતા-દૃષ્ટાની અવસ્થા, રાગની રુચિમાં (નહિ) પરિણમનારો એવી અવસ્થાને છોડી દે છે. આહા..હા..! કહો, શેઠ! સમજાણું કાંઈ? કહે છે કે એ **'અજ્ઞાનભવનવ્યાપારરૂપ...'** જુઓ, વ્યાપાર તો છે. વેપાર તો કર્યો. પહેલા એ આવ્યું હતું **'જ્ઞાનભવનમાત્ર જે સહજ ઉદાસીન...'** સમજાણું કાંઈ? અહીંયાં આવ્યું કે **'અજ્ઞાનભવનવ્યાપારરૂપ અર્થાત્ ક્રોધાદિવ્યાપારરૂપ પ્રવર્તતો...'** આહા..હા..! ભગવાન આત્મા વીતરાગી સ્વભાવી પ્રભુ, વીતરાગી ભાવની અવસ્થાને છોડીને એ પુણ્ય અને પાપના વિકલ્પરૂપે પરિણમે છે. સમજાણું કાંઈ? એ અજ્ઞાનવ્યાપાર છે. આહા..હા..! પહેલામાં વ્યાપાર શબ્દ નથી વાપર્યો. પછી વાપર્યો છે. પછી વાપર્યો છે, પહેલામાં નથી વાપર્યો. **'જ્ઞાનભવનમાત્ર જે સહજ ઉદાસીન...'** એમ ભાષા લીધી. પછી લીધું. આહા..હા..!

**'અજ્ઞાનભવનવ્યાપારરૂપ...'** રાગરૂપે પરિણમવું, રાગરૂપે થવું એ અજ્ઞાનભવન અજ્ઞાનરૂપે થવું એવો વ્યાપાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચાહે તો ભગવાનની ભક્તિ, ચાહે તો વીતરાગ વાણીનું બહુમાન, આરતી ઉતારેને આરતી આમ. જય ભગવાન, એમાં જે વિકલ્પ થાય તે રાગ છે. એ રાગરૂપે જે પરિણમન કરનાર છે એ અજ્ઞાનભવન, અજ્ઞાનરૂપી ઉત્પત્તિ

કરીને વ્યાપારમાં પ્રવર્તનારા છે. આહા..હા..! આકરું ભારે કામ ભાઈ હોં! સંપ્રદાયમાં હોય તો તો બધા વિચાર કરે હોં! કરો સંઘબહાર. અહીં તો સંઘ બહાર કરીને જંગલમાં પડ્યા છીએ. આહા..હા..! બાપુ! તું સંઘ બહાર થયો છો અનાદિથી હોં! તારા આનંદનો સમુદાય એવો ભગવાન, આનંદ અને જ્ઞાનના અનંત ગુણનો સમુદાય પરમાત્મા પોતે અરે! વિશ્વાસ ક્યાંથી આવે? પામરને પરમાત્માનો વિશ્વાસ ક્યાંથી થાય? એ આઠ વર્ષની બાળીકા પણ અંદર પરમાત્મા છે. એનો સ્વભાવ પરમાત્માનો છે. એ પરમાત્મા પર્યાયમાં એન્લાર્જ થાય છે ત્યારે અરિહંત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કોઈ પરમાત્મા કાંઈ બહારથી નથી આવતા. અંદરમાં છે એ એકાગ્ર થઈને બહારમાં આવે છે. આહા..! એ સ્વભાવની દૃષ્ટિ છોડીને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ જે ઉઠે છે એ વિકલ્પરૂપે પરિણમન કરે છે એ અજ્ઞાનભવનમાત્ર વ્યાપાર પ્રતિભાસે છે. જેને ખ્યાલમાં અજ્ઞાનવ્યાપાર ભાસે છે એ જીવ પુણ્યનો કર્તા પ્રતિભાસિત થાય છે. સમજાણું કાંઈ? રાગ અને પુણ્ય અને પાપના પરિણામ ભાસે એ રૂપે હું થાઉં છું. એવું ભાસન થયું એ અજ્ઞાનભાવ રાગનો કર્તા થાય છે. આહા..હા..! ભારે ભાઈ! સમજાણું કાંઈ?

લ્યો આવા પર્યુષણમાં આવું વ્યાખ્યાન! ઝાઝા માણસ ભેગા થાયને. વાત આમ છેને પ્રભુ! પર્યુષણનો અર્થ જ એ છે. પરિ-સમસ્ત પ્રકારે જોડાણ, ભગવાનમાં જોડાણ કરવું. રાગનું જોડાણ છોડી દેવું. જોડાણને શું કહે છે? જોડાણ. રાગની સાથે સંબંધ. જીવ રાગની સાથે સંબંધ કરે છે એ અજ્ઞાનભવનમાત્ર રાગ પ્રતિભાસે છે એ જ રાગનો કર્તા અજ્ઞાની છે. કર્મનો કર્તા નથી, કર્મ એનો કર્તા નથી, અજ્ઞાની અજ્ઞાનભાવે રાગનો કર્તા છે. સમજાણું કાંઈ? આહા..હા..! કેટલી વાત મૂકી છે! છતાં ઓલા જ્યાં કર્મ આવેને (એટલે એમ કહે) એ તો દર્શનમોહના કર્મનો ક્ષય થાય તો અહીં થાય. ઉદય થાય તો અહીં થાય. હવે માંડી શેની પણ તેં આ? તું પરને અનુસરે અને વિકાર થાય ત્યારે એને નિમિત્ત કહેવાય. આ નિમિત્ત કહેવામાં આવે. એ ક્યાં એને ખબર છે કે હું નિમિત્ત છું. સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ હશે?

કહે છે જેને પુણ્યપરિણામરૂપ હું પ્રવર્તું છું, પરિણમું છું એવું પ્રતિભાસે છે, પોતાના જ્ઞાનમાં એવો ભાસ થાય છે... આહા..હા..! તે કર્તા (છે). એ વિકારનો કર્તા અજ્ઞાની છે. સમજાણું કાંઈ? એ પુણ્ય પરિણામનો કર્તા ભાસે 'આ પરિણામ મારા છે' એમ ભાસે એ કર્તા છે એમ કહે છે. સમજાણું કાંઈ? ચાહે તો દિગંબર મુનિ થઈને અઠ્યાવીશ મૂળગુણ પાળતો હોય. સમજાણું કાંઈ? એને માટે ચોકા કરીને લે નહિ, પ્રાણ જાય તો ન લે. આ ચોકા-બોકાનું લખાણ આવે છેને કે મહારાજ અહીં છે ચોકા લાવો. અમને આહારદાન દ્યો. પછી આવા શેઠિયા જાય ત્યાં ચોકા કરવા.

મુમુક્ષુ :- ચોકા ન કરાવીએ તો ભૂખ્યા ન રહે?

ઉત્તર :- ભૂખ્યા ત્યાં રહે બિચારા. આહા..હા..!

કહે છે કે એ તો લે જ નહિ. એવી ક્રિયા જેની ચામડા ઉતરડીને ખાર-નમક છાંટે છતાં જેને ક્રોધ આવતો નથી. પણ રાગરૂપી ક્રિયાનો પરિણમનવાળો છે તો એ અજ્ઞાની રાગનો કર્તા છે. સમજાણું કાંઈ? આ ધર્મ આવો છે. સુખી થવાનો પંથ આવો છે, બાકી દુઃખી થવાનો પંથ તો અનાદિથી કરે છે. આહા..હા..! કઈ દિશામાં જવાથી સુખી થવાય અને કઈ દિશામાં જવાથી દુઃખી થવાય એની ખબર નથી. પોતાના સ્વભાવની દિશામાં જવાથી સુખી થાય. પોતાનો સ્વભાવ છોડીને રાગમાં જાય તો દુઃખી છે.

ભગવાન કુંદકુંદાચાર્ય તો કહે છે, **'परदव्वादो दुग्गइ'** અમારી સામું જોઈને અમારી ભક્તિનો ભાવ પણ તારે માટે તો દુર્ગતિ છે. આહા..હા..! એ વીતરાગી સંતો કહે. મોઢા સામે કોળિયો કોને ખરાબ લાગે? કે ભગવાન મુનિઓ અને ભગવાન એમ કહે કે અમને પણ છદ્મસ્થ અવસ્થામાં આહાર આપે એને રાગ થાશે. તો ઓલા કહે કે પરિત સંસાર થાશે. એ મોટી ચર્ચા ભાઈ ચાલી હતી ૭૭માં. તમારે પોપટભાઈને. ગોંડલ. એ કહે આમ છે. મેં કીધું છે તો ખરું પણ આપણને બેસતું નથી. ૭૭માં બહુ ચાલ્યું હતું. આહાર માટે ગયા હતાને. ભગવાનને રોગ થયો ને ... આર્જિકાને મોકલ્યા. બધી ગપેગપ વાત ખોટી. ભગવાનને રોગ હોય નહિ. સાધુ આહાર લેવા જાય નહિ એને માટે. એ પાછું ભગવાને કહ્યું, જો મારે બનાવેલો હોય એ લાવીશ નહિ. એને ઘરે ઘોડા માટે બનાવ્યો હોય એ લાવજે. આહા..હા..! આવી ને આવી વાતું કલ્પિત કરી બધી. આહા..હા..! ભૂલી ગયો, સંપ્રદાયને નામે પણ રખડવાના રસ્તા ઉભા કર્યા બધા. અરેરે! આહા..હા..!

અહીં તો કહે છે કે પ્રભુ આત્મા એ ગુણ-ગુણીના ભેદરૂપ, રાગરૂપે પણ જો પરિણમે અને પ્રતિભાસ થાય કે આ રાગનો હું પરિણમનારો છું, એ અજ્ઞાનનો રાગનો કર્તા છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ મિથ્યાત્વભાવનો કર્તા છે. જેમાંથી અનંત સંસારની વૃદ્ધિ થાય છે એવા ભાવનો એ કર્તા થાય છે. આહા..હા..! એક રોગ છ મહિના, બાર મહિના ચાલે તો કાયર થઈ જાય. રોગ શરીરમાં. એ રોગ બાર મહિના, બે વર્ષ ચાલે. ભગવાન! તારે માટે આ સંસારનો રોગ અનાદિથી છે. 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ, આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ, ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ ઔષધ વિચાર ધ્યાન.' અનાદિનો રોગ ભ્રાંતિ. હું રાગરૂપ છું. અરે! રાગરૂપ હોય ભગવાન? આહા..હા..! સમજાણું કાંઈ? હું દયા-દાનના રાગરૂપે થાઉં છું. અરે ભગવાન! શું કહે છે તું આ? એવા રાગરૂપ હું થાઉં છું એવું જેને જ્ઞાનમાં પ્રતિભાસે તે અજ્ઞાની એ રાગનો કર્તા કહેવામાં આવે છે. ભારે વાતું ભાઈ!

મુમુક્ષુ :- એ બતાડવા માટે...

ઉત્તર :- એ તો કહે છે. પણ પહેલા સમજે તો ખરા. સમજ્યા વિના? શું તમારો આત્મા ગુરુ પાસે છે? તમારો આત્મા તમારી પાસે છે. સમજાણું કાંઈ? જ્યાં છે ત્યાં જવાનું છે. જ્યાં નથી ત્યાં જાય. આહા..હા..! એની દશા ફરી ગઈ છે હોં. દિશા ફરી ગઈ છે દિશા. આહા..હા..! ભાઈ આવે છેને એક વાત! રાજા હતો રાજા. રાજ ઉપર ગાદીએ બેસવાને ટાણે એનો રિવાજ હોય. એક ચારણ બાઈ હોય ચારણ. ચારણ નહિ? એને ચાંદલો કરે. ચારણ સમજો છો? બારોટની જાત છે. બારોટ નહિ પણ બારોટ જેવી જાત. અમારે ચારણ બહુ છે કાઠિયાવાડમાં. એ ભાટ બારોટ જુદા, આ ચારણની નાત હોય. તો એનો રિવાજ હતો કે ગાદીએ બેસે ત્યારે ચારણમાંથી કોઈપણ બાઈ આવીને ચાંદલો કરે તો સિંહાસન પર બેસે. એક બાઈ સાસુ અને વહુ ગયા બેય. વહુએ ચાંદલો કરવા માંડ્યો. રૂપાળી બાઈ. ૨૫-૩૦ વર્ષની જુવાન. રાજાને આમ ચાંદલો કરે. રાજાની નજર ગઈ. ઓહો..! ચાંદલો ન કરવા દીધો. કારણ કે ચાંદલો કરવા દે તો દીકરી થઈ ગઈ. ચાંદલો ન કરવા દીધો. એ બા! એની સાસુને કહે. આ ચાંદલો કરવા દેતો નથી. માથું ફરે છે. એની મા કહે સાસુ. એ રાનો દિ' ફર્યો. અમે પ્રજા એની દીકરીયું તુલ્ય એની સામે નજરું (બગડી) એનો દિ' ફર્યો છે. સમજાણું કાંઈ? પહેલા ચારણ લોકો એવા હતા બિચારા નીતિવાળા. બહુ નીતિવાન.

ઓલી નથી આવતી શું કહેવાય? ઓડણ હતી. .. હતી. બહુ રૂપાળી, બહુ રૂપાળી બાઈ. સિદ્ધરાજ કહે ઘરે લઈ જાવ ચાલ. કોણ તારો ધણી? કે આ મારો ધણી ઓલા ટોપલા ઉપાડે ઈ. અરે આ! આવી તું રૂપાળી. મારી સાથે ચાલ. .. પડ્યા, લશ્કર પડ્યું. બીજું અમારે હોય નહિ હોં. અંતે મારી નાખ્યા, પણ પરણી નહિ, એને વરી નહિ. એવું તો એનું નૈતિક જીવન હતું. આ તો નૈતિક જીવનના ઠેકાણા ન મળે. આહા..હા..! ૫૦ વર્ષમાં તો એટલું નૈતિક જીવન (નીચે આવી ગયું). આહા..હા..! હે રાજા! અમારે ધણી તો એ ટોપલા ઉપાડે ઈ હોં! ચાલને મહેલમાં રાણી બનાવું. અમે રાણી કોઈના નહિ. આહા..હા..! અંતે મારી નાખ્યા. મરી ગયા પણ બીજું નહિ. સમજાણું કાંઈ? જેના નૈતિક લૌકિક જીવન એના આ લોકોત્તર જીવનની શું વાતું કરવી? લોકોત્તર જીવન તો જ્ઞાનાનંદ રાજા પ્રભુ એની પરિણતિમાં રહેનારો. એ રાગનો કર્તા નહિ, વ્યવહારનો કર્તા નહિ, વ્યવહારનો જાણનાર. આહા..હા..! સમજાણું કાંઈ? જેઠાલાલભાઈ! આવો ત્રણ લોકનો નાથ થઈને તું ભીખ માંગે છે જ્યાં ત્યાં? ચક્રવર્તી થઈને... આહા..હા..!

વાઘરણ રાખી હતી બહુ રૂપાળી હશે તે. વાઘરણને ટેવ પડેલીને, એટલે કોઈ ન હોય ત્યારે ગોખલામાં મૂકે રોટલી-રોટલા અને દાંતણ. એય..! મા બાપ આપજો. એમ કરે ત્યારે એને સખ આવે. પણ આ ચક્રવર્તીને ઘરે આવીને. એય.. મા-બાપ! રોટલી આપજો. બે

દાંતણ મૂકે એમાં. ગોખલામાં. ગોખલો સમજો છે? અલમારી. એવો ગોખલો હોય છેને ગોખ. આહા..હા..! જેને ઘરે અનંતા આનંદના લૂંટનારા તૈયાર છે એવી પર્યાય જેની અંદર પ્રગટ થાય. આહા..હા..! એવો નાથ રાગમાં રોળાઈ ગયો. એ રાગમાં રોળાણો એને અજ્ઞાનીને રાગનો કર્તા કહેવાય છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

તે દિ' કહ્યું હતુંને એક ફેરી અમારે ૬૬ની સાલમાં. ઓલો ફતેહકુમાર ગાયકવાડનો. ત્રણ કરોડની ઉપજ. પાટલીકુમાર હતો. ત્રણ કરોડની ઉપજ. માંદો પડ્યો. બે વર્ષનો છોકરો અત્યારે છેને બે વર્ષનો છોકરો મરી ગયો. રાજકુમાર પાટલી હોં! અમે ત્યારે દુકાન ઉપર પાલેજમાં. ચોપડી આવી છાપીને. એ વખતે તો કાયમ અમે લેતા પૈસા-બૈસા ખર્ચીને. એમાં આમ હતું હોં કે ઓલાએ લખ્યું 'રતન રોળાયું સ્મશાને હાય હોય રે રતન રોળાયું સ્મશાને.' એમ ત્રણ લોકનો નાથ રાગમાં રોળાયો પ્રભુ! તને આ ન શોભે. સમજાણું કાંઈ? આહા..હા..! અરેરે! કેમ એને (બેસે)? નુનર થઈ ગયો છેને. નુનર એટલે નનુર—તેજ વિનાનો. જ્ઞાનના તેજથી ભરેલો ભગવાન એ તેજ તને નજરે ન આવે અને રાગ તને નજરે આવે. સમજાણું કાંઈ? આહા..હા..!

શું કહે છે? જે કોઈ પુણ્યના પરિણામપણે પરિણમું છું, એમ જેને ભાસે છે એ એનો કર્તા અજ્ઞાની છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમજાય છે કાંઈ આ શૈલી? શરીરપણે તો પરિણમી શકતો નથી. આ તો જડ, માટી, ધૂળ. પણ રાગના વિકલ્પરૂપે, પુણ્યના ભાવરૂપે પરિણમું છું એમ પ્રતિભાસ જેને થાય એ રાગનો કર્તા અજ્ઞાની છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, ગીરધરભાઈ! આવી વાતું છે. આહા..હા..! તે કર્તા. હવે કર્મ બતાવે છે. આ કર્તા દેખાડ્યો. સમજાણું કાંઈ? જેના અંતરમાં શુભ રાગાદિપણે હું પરિણમું છું (એમ ભાસે છે), તો વસ્તુમાં તો રાગ નથી, વસ્તુ ભગવાન આત્મામાં તો રાગ છે નહિ, એને એમ ભાસે કે હું રાગનો કર્તા આ રાગરૂપે પરિણમું છું. એ અજ્ઞાની રાગનો કર્તા અજ્ઞાની થાય છે. આહા..હા..! ગજબ વાત છે. ભગવાન કહે છે કે મારી ભક્તિનો રાગ રાગરૂપે પરિણમવું તને ભાસે તો અજ્ઞાની છો. આહા..હા..!

અંદરમાં જ્ઞાનાનંદના ભાન થઈને પછી જ્ઞાનના પરિણમન કાળે જરી રાગ આવે પણ એ તો રાગનો જાણનાર છે. ખરેખર એ રાગરૂપે પરિણમતો નથી. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! આવું. આફ્રિકામાં હશે ત્યાં? નથી. વાત સાચી હોં! આહા..હા..! 'સહેજે સમુદ્ર ઉલસ્યો જેમાં રતન તણાતા જાય, ભાગ્યવાન કર વાવરે એને મોતીએ મુઠીયું ભરાય.' એ ભગવાન આત્મા ચૈતન્યના ગંજનો મોટો ગંજ મોટો. ધોકડું ચૈતન્યનું ઓહો..હો..! એમાંથી નમુનો નીકળે તો જ્ઞાન અને આનંદનો નીકળે. એમાંથી નમુનો નીકળે તો જ્ઞાન અને આનંદનો નીકળે. તારા રાગના (નમુના) નીકળે એમાંથી? ધોકડામાં કોલસા ભર્યા છે કે કોલસા નીકળે

એમાંથી? આહા..હા..! જેણે ભગવાન ચૈતન્યના સ્વભાવનો આદર છોડી દઈ અને જે રાગને ઉપાદેયપણે માનીને પરિણમ્યો અને પ્રતિભાસમાં એ જ ભાસ્યો કે હું રાગરૂપે થયો છું. એ અજ્ઞાની એનો કર્તા છે. સમજાણું કાંઈ?

**'અને જ્ઞાનભવનવ્યાપારરૂપ પ્રવર્તનથી જુદાં,...'** હવે કર્મ બતાવે છે. અજ્ઞાનીનું કાર્ય. અજ્ઞાનીનું કર્મ. કર્મ એટલે કાર્ય, કાર્ય એટલે એની દશા. વીતરાગભાવ છોડીને રાગની દશા એ એનું કર્મ. કેમ એનું એ કર્મ? **'જ્ઞાનભવનવ્યાપારરૂપ...'** અહીંયાં પાછું આવ્યું વ્યાપાર. જોયું! ઓલામાં અજ્ઞાનભવનવ્યાપાર લીધો હતો એની સામે આ લીધું. **'અને જ્ઞાનભવનવ્યાપારરૂપ પ્રવર્તનથી જુદાં,...'** આહા..હા..! જાણન-દેખન એવું ભવન થવું એવો જે પોતાનો વ્યાપાર એનાથી ભિન્ન **'જે ક્રિયમાણપણે અંતરંગમાં ઉત્પન્ન થતાં પ્રતિભાસે છે,...'** કરાવે છે, કરી શકાય છે. છેને નીચે? **'કરાતું હોય તે...'** લ્યો! **'જે ક્રિયમાણપણે અંતરંગમાં ઉત્પન્ન થતાં પ્રતિભાસે છે,...'** એ રાગનો ભાવ પ્રતિભાસે છે. મારો કરાયેલો એ ભાવ છે એવો રાગ ભાસે છે એ અજ્ઞાનીનું ક્રોધાદિ કર્મ છે. કહો, શેઠ! કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

વીંજણે વીંજી નાખેને જેમ. એમ કહે છે વીંખાઈ ગયો પ્રભુ તું હોં! આહા..હા..! વીંજણો સમજો છો? પવન નાખતા નથી ઓલા? પંખો. વીંજણો કહે છે અહીંયાં. કન્યાને વળાવેને પછી વીંજણા આપે થોડા. લૂગડાના ઓલા લટકતા હોય. એમ કહે છે અજ્ઞાનના વીંજણે વીંજાઈ ગયો પ્રભુ તું હોં. એ રાગનો કર્તા અને રાગ મારું કર્મ, વીંખાઈ ગયો પ્રભુ તું હોં! આહા..હા..! સમજાય છે કાંઈ?

**'ક્રિયમાણપણે અંતરંગમાં ઉત્પન્ન થતાં...'** અંતરમાં છેને રાગ તો? બહારમાં ક્યાં છે? શરીરની ચેષ્ટા આ તો જડની છે, આ તો માટીની છે. **'અંતરંગમાં ઉત્પન્ન થતાં પ્રતિભાસે છે,...'** એમ પુણ્ય-પાપના ભાવ એ એનું કર્મ છે. એ શુભ-અશુભભાવ એનું કાર્ય છે. અજ્ઞાનીનું કાર્ય હોય તો તે પુણ્ય-પાપના ભાવ. આહા..હા..! સમજાણું કાંઈ? આ વેપાર-બેપાર કરી શકે છે અને ધંધો કરી શકે છે એ તો એનું કર્મ નહિ. એય..! ભીખાભાઈ! આહા..હા..! એય..! શેઠ! બીડીના વેપાર જુઓને કેટલી બે તો થેલી પડી છે જોડે. બાળક બીડી. થેલીએ થેલીએ બાળક બીડી. પછી હમણા બેઠા ત્યારે એમ કીધું સપનું તો નથી આવતું એનું? બાળક બીડીવાળાને વેપારી. જાહેર કરે. એમ કે આ જાહેરાત થવાની ... છે કે જુઓ અમારે આ વેપાર છે. આહા..હા..! પ્રભુ! તારો વેપાર એ નહિ હોં! અજ્ઞાનમાં વેપાર હોય તો એ રાગરૂપે થવું એ તારો વેપાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? એય..! ગીરધરભાઈ! ઓહો..હો..! ઓલા ઘનશ્યામભાઈ આવ્યા હતા ત્યાં હોં બિચારા. ઓલા દેહગામ હતાને, દેહગામ તે દિ' એને ત્યાં ચુંટણી હતી. તમારે ગામ નહિ? આપણે વાંચતા બીજે ક્યાંક નહિ? ધર્મશાળા હતી? એને તે દિ' ચુંટણીનો દિ .. એમાં અમારે ગામમાં જન્મ ઉમરાળા.

... એનું પરિણામ તરત જ આવવાનું હતું. ત્યાં ગયા ને પરિણામ આવ્યું અને પછી ગામમાં કાઢ્યો મોટો વરઘોડો-સરઘસ. હું બેઠો હતો ત્યાં, સાંભળતો હતો. વાજા ને બાજાને ઓહો..હો..! શું છે પણ આ? વરઘોડે ચડાવ્યા ઘનશ્યામભાઈને. આહા..હા..! એમ ભગવાન આનંદનો શ્યામ પૂર્ણાનંદનો પ્રભુ અરે! એને રાગના કર્તાપણે ચડાવી દીધો છે ઘોડે તેં. સમજાણું કાંઈ? સરઘસ કાઢ્યું મોટું. મોટરું ને ગાડા ને માણસો બેઠા હોય બધા ઓહો..! ઘનશ્યામભાઈ જીત્યા, ઘનશ્યામભાઈ જીત્યા. જીત્યા કે હાર્યા એની કાંઈ ખબર નથી. એય..! ગીરધરભાઈ! ક્યાં જીત્યા કોને કહેવા? આહા..હા..!

કહે છે, એ '**અજ્ઞાનભવનવ્યાપારરૂપ અર્થાત્ ક્રોધાદિવ્યાપારરૂપ પ્રવર્તતો પ્રતિભાસે છે તે કર્તા છે; અને જ્ઞાનભવનવ્યાપારરૂપ પ્રવર્તનથી જુદાં, જે ક્રિયમાણપણે અંતરંગમાં ઉત્પન્ન થતાં પ્રતિભાસે છે,...**' એ વિકાર એનું કર્મ. લ્યો! અજ્ઞાનભાવ એનો કર્તા અને વિકારીભાવ એનું કર્મ. આહા..હા..! અરે! એને જન્મ-મરણના આંટામાં આવા એણે અનંત વાર કર્યા હોં! સમજાણું કાંઈ? મુછે લીંબુ રાખે મોટા કાતરાને, શું કહેવાય એને? મુછું ઉંચી આમ હોયને. આમ વાળે. ... જયપુરમાં નહિ? જયપુરમાં એક હતો. આપણો જૈન હતો. આમ. કોક હતો આપણે દિગંબર જૈન જયપુરમાં. વાંકડી મુછ. અરે ભગવાન! શું કરે છે તું આ? એ છે. આપણા દિગંબર છે. વ્યાખ્યાનમાં આવતા. ... હવે અહીંયાં ક્યાં ત્યાં ચક્રવર્તી હોય તોપણ ધૂળ છે. અરે પ્રભુ! તારી ચીજમાં તારા સ્વભાવનો તેં અનાદર કરીને રાગનો આદર કરીને રાગરૂપે પરિણમ્યો એ તારું કાર્ય છે. અજ્ઞાનમાં કાર્ય હોય તો એ કાર્ય છે. શરીરની ક્રિયા કરી શકે એ તારું કાર્ય ત્રણ કાળમાં, ત્રણ લોકમાં અજ્ઞાનપણે પણ નથી. પરની દયા પાળી શકે એ કર્મ કાર્ય તારું અજ્ઞાનપણે પણ નથી. પરની હિંસા કરી શકે એવું અજ્ઞાનપણે પણ તારું કર્મ-કાર્ય નથી. આહા..હા..! એ અંતરંગમાં કર્મ.

'**આ પ્રમાણે અનાદિ કાળના અજ્ઞાનથી...**' આહા..હા..! અરેરે! એવી અનાદિકાળની અજ્ઞાનીની પ્રવૃત્તિ એ કર્તાકર્મની પ્રવૃત્તિ છે. અજ્ઞાની મિથ્યાદષ્ટિ આહા..હા..! સ્વભાવનો અજાણ, સ્વભાવનો બેભાન, સ્વભાવની મહિમાની ખબર નથી એ રાગનો અનાદિનો, રાગનો કર્તા અને રાગ એનું કર્મ એવી અનાદિની પ્રવૃત્તિ છે. નિગોદથી માંડીને દિગંબર મુનિ થયો મિથ્યાદષ્ટિ. સમજાણું કાંઈ? પછી શું થાય છે? નવા કર્મ બંધાય છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ-૯, રવિવાર, તા. ૧૭-૦૯-૧૯૭૨**
**ગાથા-૬૯ થી ૭૧, પ્રવચન-૧૬૫**

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

આ સમયસાર. કર્તાકર્મ અધિકારની ૬૯ અને ૭૦ ગાથા ચાલે છે. અહીંયાં આવ્યું છે જુઓ. '**એ રીતે પોતાના અજ્ઞાનને લીધે...**' છે? ક્યાં છે શેઠ? '**કર્તાકર્મભાવ વડે ક્રોધાદિમાં વર્તતા આ આત્માને, તે જ ક્રોધાદિની પ્રવૃત્તિરૂપ પરિણામને નિમિત્તમાત્ર કરીને પોતે પોતાના ભાવથી જ પરિણમતું પૌદ્‌ગલિક કર્મ એકઠું થાય છે.**' હવે એની વ્યાખ્યા. એ શબ્દ વાંચ્યા. કહે છે કે આ આત્મા જે સ્વભાવ ચૈતન્યમૂર્તિ આનંદ છે તેને ભૂલીને વિભાવ પરિણામ જે પુણ્ય અને પાપના છે એનો કર્તા થાય છે. એ જ પરિણમનમાં ભાસ થાય છે કે આ પરિણામ હું કરું છું, એ મિથ્યાત્વભાવ છે. અને એ પુણ્ય અને પાપના ભાવ મારું કર્તવ્ય છે, મારું કાર્ય છે એવું જે માને છે એ એનું કર્મ છે. આ અનાદિથી અજ્ઞાનમાં આ પ્રવૃત્તિ થઈ રહી છે. તો એ અજ્ઞાન નામ પોતાના સ્વરૂપનો અજાણ, હું જ્ઞાનાનંદ સ્વભાવ છું એવી ચીજના ભાન વિના પોતાની પર્યાયમાં પુણ્ય-પાપના ભાવ ઉત્પન્ન કરીને જે એનો કર્તા થઈને કર્મ માને છે એ કર્મ વિકારી પરિણામ નિમિત્તમાત્ર કરીને નવા કર્મ બાંધે છે. સમજાણું કાંઈ? એ લખ્યું છેને?

'**પોતાના અજ્ઞાનને લીધે...**' એમ લીધું છે. ભગવાન આત્મા પોતાનું સ્વરૂપ આનંદ અને જ્ઞાન છે તેને જાણ્યા વિના અનાદિ કાળથી '**કર્તાકર્મભાવ વડે ક્રોધાદિમાં વર્તતા...**' એ પુણ્ય-પાપના ભાવમાં પ્રવર્તતો જે ભાસે છે એવા આત્માને '**તે જ ક્રોધાદિની પ્રવૃત્તિરૂપ પરિણામને નિમિત્તમાત્ર કરીને...**' અજ્ઞાનીના વિકારી પરિણામ નિમિત્તમાત્ર છે. કોને? નવા કર્મ બંધાય છે એને. છે કે નહિ? દેવીલાલજી! ક્યાં છે? એ '**નિમિત્તમાત્ર કરીને પોતે પોતાના ભાવથી જ...**' નવા કર્મ જે બંધાય છે એ કર્મના પરિણામ, પર્યાય, પોતાની પર્યાયની યોગ્યતાથી '**પોતાના ભાવથી જ પરિણમતું પૌદ્‌ગલિક કર્મ એકઠું થાય છે.**' આહા..હા..! સમજાણું કાંઈ?

'**આ રીતે જીવ અને પુદ્‌ગલનો પરસ્પર અવગાહ જેનું લક્ષણ છે...**' પરસ્પર ભગવાન

આત્મા અને વિકારી પરિણામ એનું નિમિત્ત પામીને નવા કર્મ બંધાય છે. જીવ નવા કર્મ એક જગ્યાએ અવગાહન (નામ) વ્યાપીને રહે છે. છે? '**પરસ્પર અવગાહ જેનું લક્ષણ છે...**' પરસ્પર હોં! જીવના પરિણામ વિકાર અને વિકારનું નિમિત્ત પામીને કર્મ સ્વયં પોતાથી પરિણમે છે એમ પરસ્પર અવગાહ રહેવું, એક જગ્યાએ વ્યાપવું એવું જેનું લક્ષણ છે. '**એવા સંબંધરૂપ બંધ સિદ્ધ થાય છે.**' અજ્ઞાનીને એવા કર્મના બંધરૂપ પોતાના વિકારી પરિણામનું નિમિત્ત પામીને નવા કર્મ બંધાય છે એ બંધરૂપ ભાવ તેને સાબિત થાય છે. એ કર્મમાં નિમિત્ત પડે છે એનો ભાવ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બંનેનો વખત તો એક જ છેને?

ઉત્તર :- એક જ સમય છે.

મુમુક્ષુ :- કર્મને શું ખબર પડે કે આ...?

ઉત્તર :- ખબરનું શું કામ છે? પરમાણુમાં એ સમયમાં કર્મરૂપ થવાની યોગ્યતાથી, કર્મરૂપ પરમાણુઓ પરિણમે છે. કહો, શેઠ!

ત્રણ વાત કરી. એક તો પોતાનું સ્વરૂપ જાણ્યા વિના પુણ્ય અને પાપના ભાવમાં પ્રવર્તે છે. કેમકે પોતાની ચીજ શું છે એની તો ખબર નથી. તો એ પુણ્ય અને પાપના ભાવમાં પ્રવર્તે છે એ એનું કાર્ય અજ્ઞાનીનું. અને એ પુણ્ય-પાપના ભાવનું નિમિત્ત પામીને નવા કર્મ... નિમિત્ત પામીનેનો અર્થ? નિમિત્ત છે એટલું. પણ એ સમયે કર્મની પર્યાય થવા લાયક પરમાણુઓ પોતાથી કર્મરૂપ પર્યાય થાય છે. સમજાણું કાંઈ? આત્મા કર્મને બાંધતો નથી. તેમ કર્મ જડ પોતાની પર્યાયને રોકતા નથી. એ તો ભિન્ન ચીજ છે. આહા..હા..!

અધિકાર નિગોદનો આવ્યો. ઓહો..હો..! અનંત-અનંતકાળ વીત્યો, હજી કેટલાક જીવ તો ત્રસપણું પામ્યા નથી. અનંત જીવ. આહા..હા..! અનંત જીવ એવા છે કે કદી ત્રસ ઈયળ, કીડી, મકોડા એ પણ થયા નથી. એવા જીવ નિગોદમાં પડ્યા છે. ખબર નથી લોકને કાંઈ. આહા..હા..! આવું મનુષ્યપણું પામવું કેટલું દુર્લભ છે એની એને કિંમત નથી, ખબર નથી. મનુષ્યપણું મળ્યું તો એ રાગ અને દ્વેષના પરિણામ કરીને ખોઈ બેઠા. બીજાનું કામ બીજો કરી શકતો નથી. વેપારનું, ધંધાનું એ તો સ્વતંત્ર જડની પર્યાય છે. ફક્ત પોતાના સ્વરૂપના અજાણને કારણે જે ચીજ છે એવી દૃષ્ટિમાં આવી નહિ તો એનાથી વિરુદ્ધ જે પુણ્ય અને પાપના ભાવ એ અજ્ઞાની કર્તા થઈને પરિણમનમાં કર્મ કરે છે.

એ પરિણામનું નિમિત્ત પામીને અથવા નિમિત્તની હયાતીમાં કર્મ સ્વયં એ સમયે કર્મરૂપ પરિણમે છે. આત્મા એને બાંધે છે અને આત્મામાં છે એમ છે નહિ. કર્મ તો પરદ્રવ્ય છે. કર્મ તો પરવસ્તુ જડ રજકણોની સ્વતંત્ર સત્તા છે. તે સમયે કર્મ થવાને લાયક તો ઘણા પરમાણુ છે પણ તે સમયે થવા લાયક હતા એ કર્મરૂપે પરિણમ્યા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હોય જ નહિને. એ વસ્તુની સ્થિતિ એવી છે. આહા..હા..! અહીં જેટલો એણે પુણ્ય અને પાપનો વિકાર કર્યો એટલા જ પ્રમાણમાં ત્યાં કર્મની અવસ્થા પરમાણુમાં થાય છે. આ આત્માની સાથે એકક્ષેત્રાવગાહ રહેવું એવો બંધ એને સાબિત થાય છે. આહા..હા..! કહો, શેઠ!

મુમુક્ષુ :- અજ્ઞાનપણે

ઉત્તર :- અજ્ઞાનનો અર્થ અહીંયાં ભાન નથી. અજ્ઞાનપણામાં બચાવ કરે છે. જ્ઞાનપણામાં કરે શું? પણ અજ્ઞાન કર્યું કોણે? ભાન નથી, અરે..! હું કોણ છું? અરે..! આ શું ચીજ છે? અને મારી ચીજમાં શું શું સામર્થ્ય છે? અને મારી વસ્તુ સાથે કોઈનો સંબંધ નથી. એવી બીજી ચીજ શું છે? એની સાથે સંબંધ છે જ નહિ. એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એ સંબંધ જ નથી. આહા..હા..! એ ચીજ સ્વતંત્ર વિકારી પરિણામ કરનારો અજ્ઞાની. કેમકે પોતાની ચીજની ખબર નથી તો ખબર નથી તો એમાં પ્રવર્તે કેવી રીતે? તો ખબર નથી નામ અજ્ઞાનભાવને કારણે એ જ્ઞાનાનંદ ચૈતન્યસ્વભાવ નિજ સ્વભાવ એનું જ્ઞાન નથી તો એમાં પ્રવર્તતો નથી. સમજાણું કાંઈ? એના અજ્ઞાનને કારણે મૂઢ થઈને પુણ્ય અને પાપના વિકલ્પ નામ વિકારી પરિણામ દુઃખરૂપ એ રૂપે પરિણમે છે. એ પરિણામ નિમિત્તમાત્ર છે. કોને? નવા કર્મ બાંધે છે એને. સમજાણું કાંઈ? આહા..હા..! સમજાય છે? ભાષા તો સાદી છે. આ કોઈ દિ' વાંચ્યું છે? આ ગાથા વાંચી છે કોઈ દિ'?

મુમુક્ષુ :- આપની પાસે વાંચીને.

ઉત્તર : ના, ના. અહીં પણ ક્યાં? માંડ માંડ કોક દિ' આવે. દરવખતે આવે.. કોક વખતે આવે. એમાં આ ગાથા કોઈવાર આવી હોય. આ ગાથા કાંઈ રોજ ચાલે છે? ચોપડા ફેરવ્યાફેરવ કરે ઘરમાં. અહીં છે ને અહીં છે. એ ચોપડા ફેરવી શકે નહિ હોં! એમાં વિકલ્પ જે વૃત્તિ રાગ-દ્વેષ કરે છે એ ફેરવે છે. ચોપડા ફેરવવામાં પોતાનો અધિકાર છે જ નહિ. એ તો જડ છે. જડ સ્વતંત્ર જગતની ચીજ છે અને જગતની ચીજ સ્વતંત્ર થઈને પોતાથી વર્તમાન પર્યાયરૂપી દશા રૂપે થાય છે. એ પરની અપેક્ષા વિના પોતાની પર્યાય કરે છે, જડદશા. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ! આ હાથ આમ હલે છેને. એ હાથની અવસ્થા છે એ પોતાના જ્ઞાન અને રાગની અપેક્ષા રાખ્યા વિના એ જ સમયે એવી અવસ્થા પરમાણુમાં થાય છે. આત્માની અપેક્ષા નથી.

મુમુક્ષુ :- જડની અપેક્ષા...

ઉત્તર :- જડની અપેક્ષા ક્યાં આવી? એ તો પોતાની અપેક્ષા આવી. જડ તો જડની અપેક્ષાએ આવ્યું છે. આત્મા આત્માની અપેક્ષાએ અહીંયાં આવ્યો છે. શરીર આત્માને લાવ્યું

જ નથી અને આત્મા શરીરને અહીં લાવ્યો નથી.

મુમુક્ષુ :- એકની પાછળ બીજું ચાલે.

ઉત્તર :- કોઈ પાછળ-પાછળ નહિ. પોતાથી પાછળ-પાછળ છે. શરીર ચાલે છેને શરીર? તો પાછળ શું કહે છે? પડછાયો. છાયા કહે છેને? પડછાયો પડે છેને પડછાયો? શરીર ચાલે તો પડછાયો પણ ચાલે છે. એ શરીરને કારણે નહિ. અરે! આ વાત! કેમકે શરીરના રજકણ ભિન્ન છે અને પડછાયાના રજકણ ભિન્ન છે. શરીર આમ ચાલે તો એની પાછળ પડછાયો ચાલે છે એ શરીરને કારણે છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ પોતાને કારણે પડછાયાનો કંદ, રજકણનો પિંડ પોતાની કાળી અવસ્થા થઈને અહીંથી ગતિ કરે છે. આહા..હા..! તત્ત્વની ખબર નથી. હું શરીરને હલાવું છું, હું દુનિયાના કામ, દુકાનમાં ધંધો કરું છું. મૂઢ પરપર્યાયનો કર્તા થઈને નવા મિથ્યાત્વના ભાવને બાંધે છે. ભાવ હોં! એ મિથ્યાત્વભાવનું નિમિત્ત પામીને અથવા .. છે એવું નિમિત્ત અને કર્મ નવા રજકણ બંધાય છે એ સ્વયં પોતાની પર્યાયનો કર્તા થઈને બંધાય છે. અહીંયાં મિથ્યાત્વ થયું તો ત્યાં દર્શનમોહનીય બંધાય છે એમ નથી. આહા..હા..! છે શબ્દ જુઓ!

**'પોતે પોતાના ભાવથી જ...'** નવા કર્મ રજકણ પુદ્‌ગલ જડ છે એ **'પોતે પોતાના ભાવથી...'** એ પુદ્‌ગલ પોતાની પર્યાયની વર્તમાન અવસ્થાની યોગ્યતાથી જ એવો શબ્દ પડ્યો છે જુઓ. 'જ' નામ પોતાની યોગ્યતાએ જ પરમાણુ કર્મરૂપે પરિણમે છે. અજ્ઞાનીએ રાગ-દ્વેષ કર્યો તો કર્મ પરમાણુને કર્મરૂપ થવું પડ્યું એમ નથી. કહો, ભીખાભાઈ! ભારે ભાઈ આવી વાત. કહો, સમજાણું કાંઈ? આ આંગળી છે જુઓ આંગળી. આમ ચાલે છેને. આ લાકડીને આમ રાખી છેને? તો એ આંગળીથી લાકડી આમ ચાલે છે એમ નથી. કેમકે આંગળીના રજકણની હયાતી ભિન્ન છે. એના રજકણની હયાતી ભિન્ન છે. બીજા રજકણની અવસ્થાથી બીજા રજકણમાં અવસ્થા થાય છે એ માન્યતા મૂઢ અજ્ઞાનીની છે. અનંતને અનંતપણે નહિ રાખતા, અનંત રજકણો અને અનંત આત્માઓ ભિન્ન-ભિન્ન છે એમ નહિ માનીને ખીચડો કરી નાખે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- જગતની જુદી વાત છે.

ઉત્તર :- પણ આ તમે મોટા અગ્રેસર થયા શેઠિયા અને આવી વાત સાંભળી નથી? કહો, શેઠ! એમ કહે છે કે ત્યાં હોત તો અહીં આવત નહિ. આ તો મોટા શેઠિયા કહેવાય ત્યાંના બુંદેલખંડના. રામજીભાઈ ના પાડે છે હવે. એક પાટણી ના પાડે. બીજું કોણ હતું? ફુલચંદજી. ફુલચંદજી ના પાડે છે. હવે ત્યાં રહેવા દ્યો. આપણે લાભ લ્યો એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તમે તો નવરા છો. તમારે શું કામ છે?

મુમુક્ષુ :- .. પ્રભાવના આપના દ્વારા થઈ.

ઉત્તર :- કોઈના વડે થતી નથી. પોતાથી થાય છે. આહા..હા..!

અહીંયાં તો કહે છે, ચાર બોલ લીધા. ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વભાવી હું છું. એ જયપુરમાં બોલ્યા હતા એ વખતે એક કડી. 'જ્ઞાનાનંદ સ્વભાવી છું.' અહીંયા છે સ્વાધ્યાયમંદિરમાં. ગોદિકા બોલે છે. પુનમચંદ ગોદિકા બોલે છે. બહુ .. છે. કરોડપતિ તો નથી. પણ ઘણા પૈસા. પાંચ-પાંચ લાખ, દસ-દસ લાખ ખર્ચે. પાંચ લાખનો તો હોલ બનાવ્યો. ટોડરમલ સ્મૃતિ હોલ. પાંચ લાખનો. (સંવત) ૨૦૧૩ની સાલ. અને પછી પંડિત હુકમચંદજી મળી ગયા. ૩૪ વર્ષની ઉંમર છે. ક્ષયોપશમ ઘણો છે. એવો ક્ષયોપશમ એનો. લોકોને ખટકે ખરો, પણ વાત તો એણે... લખ્યું છે.. વિશ્વદર્શન સમ્રાટ. પાટણી કહેતા કે લોકોને ખટકશે. ભાઈ હવે લખનારે લખ્યું તો એમાં શું થયું?

મુમુક્ષુ :- હળવે-હળવે ટેવ પડી જાશે.

ઉત્તર :- ટેવ પડી જાશે બસ. આહા..હા..! એમાં પી.એચ.ડી. ડિગ્રી લીધી. આવે છેને એ ડોક્ટરની ડિગ્રી? આ ડોક્ટર એટલે દવાના નહિ. પણ સાહિત્યમાં હુશિયાર છે એવી ડિગ્રી આવે છેને પીએચ.ડી. ડોક્ટર. પુસ્તક બનાવ્યું છે એણે ઓહો..હો..! મોક્ષમાર્ગપ્રકાશક ઉપર એક એક મુદ્દાના શબ્દો ઉપર ઘણી શોધ કરી ઘણી શોધ! એ એકવાર ગોદિકા વારંવાર આ બોલે વ્યાખ્યાન પછી. .. છેને ત્યાં? જ્ઞાનાનંદ સ્વભાવી છું. મારે પરની સાથે કાંઈ સંબંધ નથી, એ હુકમચંદજીએ બનાવ્યું છે. સમજાણું કાંઈ?

જેને પોતાનો જ્ઞાન અને આનંદસ્વભાવી હું વસ્તુ છું એવી જ્યારે ધર્મદૃષ્ટિ થઈ તો ધર્મીનું પ્રવર્તન, પરિણમન પોતાના જ્ઞાનસ્વભાવમાં જ થાય છે. સમજાણું કાંઈ? એનું નામ સુખી થવાનો પંથ છે. એવા પોતાના આનંદ અને જ્ઞાનસ્વભાવને ભૂલીને અનાદિથી એ પુણ્ય અને પાપના વિકલ્પ નામ રાગ એ પ્રતિભાસે છે કે હું એનો કર્તા, એ મારું કર્મ. એ અજ્ઞાનભાવ છે, એ અધર્મભાવ છે. પહેલા ધર્મભાવ કહ્યો, બીજો અધર્મભાવ કહ્યો. એ અધર્મભાવનું નિમિત્ત પામીને નવા રજકણ કર્મરૂપ થાય છે એ અહીંયાં મિથ્યાત્વ કર્યું એની અપેક્ષા રાખીને કર્મરૂપ થયા એમ નથી. સમજાણું કાંઈ? એ કહ્યું જુઓ.

'**નિમિત્તમાત્ર કરીને પોતે પોતાના ભાવથી જ પરિણમતું પૌદ્‌ગલિક કર્મ એકઠું થાય છે. આ રીતે જીવ અને પુદ્‌ગલનો પરસ્પર અવગાહ જેનું લક્ષણ છે...**' જેનું લક્ષણ છે '**એવા સંબંધરૂપ બંધ સિદ્ધ થાય છે.**' બસ, એક જગ્યાએ રહેવું. કર્મ અને આત્મા એક જગ્યાએ રહે એટલો પરસ્પર સંબંધ. કર્મને આત્મા પરિણમાવે અને કર્મ આત્માને નુકસાન કરે એવી ચીજ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એ સ્વયં પોતાથી આત્મા નુકસાન કરે છે ત્યારે કર્મરૂપ થવાની લાયકાતવાળા પરમાણુ કર્મરૂપ થાય છે. એક જગ્યાએ બે રહે

છે, પણ છે ભિન્ન ભિન્ન પદાર્થ. કર્મ ભિન્ન છે, ભગવાન ભિન્ન છે. આહા..હા..!

**'અનેકાત્મક હોવા છતાં...'** એટલે કે બે વસ્તુ હોવા છતાં **'(અનાદિ) એક પ્રવાહપણે હોવાથી જેમાંથી ઈતરેતરાશ્રય દોષ દૂર થયો છે...'** એ જરી ઝીણી વાત છે. **'એવો તે બંધ,...'** એટલે કે અહીંયા વિકાર થયો તો બંધ થયો અને બંધ છે તો વિકાર થયો એમ નથી. સમજાણું કાંઈ? **'એવો તે બંધ, કર્તાકર્મની પ્રવૃત્તિનું નિમિત્ત જે અજ્ઞાન તેનું નિમિત્ત છે.'** અજ્ઞાનપણે થયેલો જે વિકારીભાવ એનું નિમિત્ત અને નવા કર્મ પોતાથી પરિણમિત થયેલો બંધ, એ બંધ અજ્ઞાનનું નિમિત્ત થઈને થયા અને વળી એ કર્મનો ઉદય જ્યારે આવશે ત્યારે અજ્ઞાની અજ્ઞાન કરશે. એ પોતાથી. સમજાણું કાંઈ? એ કર્મનો ઉદય આવે છે માટે અજ્ઞાન કરે છે એમ પણ નહિ. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? **'નિમિત્ત જે અજ્ઞાન તેનું નિમિત્ત છે.'** આહા..હા..! વિકારી પરિણામનો કર્તા અજ્ઞાની થયો, એનું નિમિત્તમાત્ર થઈને કર્મ સ્વયં પોતાથી પરિણમ્યું અને એ કર્મબંધ જે છે એ જ્યારે ઉદય આવશે ત્યારે તે સમયે પોતાને કારણે આત્મા રાગ-દ્વેષ અને અજ્ઞાનરૂપ પરિણમશે. એટલો અરસપરસ સંબંધ છે. સમજાણું કાંઈ? જરી ઝીણી ગાથા છે.

ત્રણ બોલ સિદ્ધ કર્યા. એક તો ભગવાન જ્ઞાનસ્વરૂપી આનંદ, એની સાથે આત્માને તાદાત્મ્યસિદ્ધ સંબંધ—તદ્રૂપ સંબંધ છે. જેમ ઉષ્ણ અને અગ્નિનો તદ્રૂપ સંબંધ છે. તો એવા સંબંધમાં પ્રવર્તવું એ તો પોતાનું માનીને જ્ઞાનમાં આત્મામાં પ્રવર્તવું એ તો પોતાની સ્વભાવિક ક્રિયા ધાર્મિક ક્રિયા છે. સમજાણું કાંઈ? એ તો જ્ઞાનસ્વરૂપી પ્રભુ પૂર્ણ એની સન્મુખ થઈને પ્રતીત કરી તે સમ્યગ્દર્શન, એનું લક્ષ કરીને જ્ઞાન થયું તે સમ્યગ્જ્ઞાન અને તેમાં સ્થિરતા થઈ તે ચારિત્ર. એને સ્વભાવિક ક્રિયા કહે છે, તેને ધાર્મિક ક્રિયા કહે છે. પણ એવી ક્રિયાને છોડીને જ્ઞાનાનંદ સ્વભાવમાં સ્વભાવિક જ્ઞાનભવનરૂપી ક્રિયા ઉત્પન્ન થવી જોઈએ પણ એને છોડીને અજ્ઞાની અનાદિથી રાગ અને દ્વેષ ઉત્પન્ન કરે છે. એ રાગ-દ્વેષ ભાસે છે કે આ.. આ.. પરિણમન થયું તે હું. એવું ભાસન કરનારો કર્તા અને એ કરેલું કાર્ય એ એનું કર્મ. આહા..હા..! એ નિમિત્ત પામીને નવા કર્મ પોતાથી બંધાય છે. લ્યો આ ત્રણનો ખુલાસો.

ભગવાન આત્મા અને જ્ઞાન ધર્મ સ્વભાવનો તાદાત્મ્ય સંબંધ. સમજાણું કાંઈ? અને વિકારનો અને આત્માનો સંયોગસિદ્ધ સંબંધ અને વિકારની સાથે નિમિત્ત પામીને નવું કર્મ બંધાણું એ એકક્ષેત્રાવગાહરૂપ સંબંધ. સમજાણું કાંઈ? સમજવું ભાઈ! નવા લોકોને આકરું પડે એવું છે થોડું. વિષય એવો છેને. વીરચંદભાઈ! તમારા દીકરાને આકરું પડે એવું છે. માંડ આવ્યા કો'ક દિ' એમાં આવી માંડી લ્યો! વાત તો તારા ઘરની છે આ. આહા..હા..!

એ કેમ રખડે છે? દુઃખી થઈને રઝળે છે. આહા..હા..! અને એ રઝળવાનો કર્તા તું છો, કોઈ કર્મ-ફર્મ નથી.છે. કર્મ-ફર્મ નથી એમ નથી. કર્મથી રખડે છે એમ નથી. કર્મ નથી

એમ નથી. કોઈ કર્મ-ફર્મ નથી એટલે કર્મ નથી? તારા રખડવામાં કોઈ કર્મ છે માટે તું રખડે છો એમ નથી. અને તું રઝળવાના પરિણામ કરે છે તો પરમાણુને કર્મરૂપ પરિણમન થવું પડે એમ નથી. આહા..હા..! એટલી સ્વતંત્રતા.

'**ભાવાર્થ :- આ આત્મા, જેમ પોતાના જ્ઞાનસ્વભાવરૂપ પરિણમે છે...**' છેને ભાવાર્થ? '**તેમ જ્યાં સુધી ક્રોધાદિરૂપ પણ પરિણમે છે,...**' ક્રોધાદિ શબ્દે ભલે દયા, દાનના પરિણામ હોય, પણ તેને અહીંયાં ક્રોધ જ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**પરિણમે છે, જ્ઞાનમાં અને ક્રોધાદિમાં ભેદ જાણતો નથી,...**' ભગવાન આત્મા પૂર્ણાનંદ શુદ્ધ પવિત્ર ધામ અને રાગ મેલપ, મેલો ભાવ એ બેની ભિન્નતા જ્યાં સુધી નથી જાણતો '**ત્યાં સુધી તેને કર્તાકર્મની પ્રવૃત્તિ છે;...**' આહા..હા..! ત્યાં સુધી વિકારી પરિણામનો કર્તા હું એટલે પરિણમનારો હું અને પરિણમન થયું તે મારું કાર્ય. આહા..હા..! સમજાણું કાંઈ? આ અધર્મ. '**ક્રોધાદિરૂપ પરિણમતો તે પોતે કર્તા છે અને ક્રોધાદિ તેનું કર્મ છે.**' ક્રોધાદિરૂપ પરિણમતો તે પોતે કર્તા છે. એટલે કર્મનો ઉદય આવ્યો માટે વિકારપણે પરિણમવું પડ્યું એમ નથી. આહા..હા..!

'**ક્રોધાદિરૂપ પરિણમતો તે...**' વિકારીરૂપ પરિણમતો થકો. પરિણમિત એટલે વિકારરૂપ અવસ્થા થતી થકી '**તે પોતે કર્તા છે...**' એ વિકારી ભાવનો આત્મા સ્વયં, કર્મના ઉદયની અપેક્ષા રાખ્યા વિના સ્વયં વિકારનો આત્મા અજ્ઞાનભાવથી કર્તા છે. આ એમ.એ.નું ભણવું હોય તો રાતે આમ ચોટલી બાંધીને પહેલા ભણતા. ઓલી ઉંઘ ન આવી જાયને. પરીક્ષાનું ટાણું હોયને. આમ ઝોલું આવે તો તણાય. આ સમજવું હોય તો કહે આ શું કહે છે?

મુમુક્ષુ :- હવે તો ચોટલી નથી.

ઉત્તર :- હવે તો ચોટલી નથી. હવે તો બાબરી અહીં રાખે છે. આહા..હા..! બાબરા-બાબરા ક્યાં પ્રભુ! આ બાબરો .. છે. આ તો જડ રજકણે રજકણ જડનું ભૂત છે. જડનું હોવાપણું છે. આહા..હા..! એ આત્માએ કર્મ કર્યું તો એવા પરમાણુ અહીં થયા એમ પણ નથી. એ તો કર્મ તો નિમિત્તમાત્ર છે. શરીરની અવસ્થા થવામાં પણ કર્મ તો નિમિત્તમાત્ર છે. કર્મથી આ શરીરનું આવું પરિણમન થયું છે એમ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો નિમિત્તમાત્રના કથન. નિર્માણકર્મ ને શરીરનામની પ્રકૃતિથી થાય. કોણ થાય?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કાર્માણ વર્ગણા એ કર્મનો કોઠાર. એ તો ભિન્ન ચીજ છે. જગતની ભિન્ન ચીજ છે, અજીવ ચીજ છે. અજીવની પર્યાયનો કર્તા તો અજીવ છે. શું તારા વિકારનો

કર્તા એ કર્મ અજીવ છે? સમજાણું કાંઈ?

**'ક્રોધાદિ તેનું કર્મ છે.'** વિકારી પરિણામ અજ્ઞાનીનું કામ છે. બાકી બીડીયુંના વેપાર કરે અને આ શું કહેવાય? મોટરું મૂકે બીજે ઠેકાણે, એ કાંઈ કરી શકે નહિ એમ કહે છે.

મુમુક્ષુ :- એ તો એને કારણે થાય છે.

ઉત્તર :- એને કારણે જ થાય છે પણ માન્યતામાં શું છે? એ કોથળીદીઠ બાળક બીડી નાખવી, બહાર પડવું એ ભાવ કોનો છે? એ ક્રિયા તો પરથી થાય છે હોં! જડની. આહા..હા..!

**'વળી અનાદિ અજ્ઞાનથી તો કર્તાકર્મની પ્રવૃત્તિ છે,...'** આહા..હા..! શું હશે ભગવાનજીભાઈ! આ ઓલું તમારે મોટું છેને પંદર લાખનું. શું કહેવાય? પ્લાસ્ટિકનું. થાણામાં છે. અમે ત્યાં ગયા હતાને. ભાઈને ત્યાં ઉતર્યા હતા. પોપટભાઈનું મકાન છેને. પોપટભાઈને પણ પંદર લાખનો મોટો સંચો છે. આને પણ પંદર લાખનો. એવા તો ઘણાય છે એને. મુંબઈમાં, નાઈરોબીમાં, ફલાણામાં, ઢીંકણામાં.

મુમુક્ષુ :- આપ તો એના ઉપર ચોકડી મારો છો.

ઉત્તર :- ચોકડા જ છે. કે દિ' પૈસા એના હતા? ધૂળના? સમજાણું કાંઈ? આહા..હા..! એનું આમ અમે ધ્યાન રાખીએ તો સંચો બરાબર ચાલે છે. એક ઓલા ત્યાં છેને ઉજ્જૈનમાં. લાલચંદભાઈનો નહિ સંચો? લાલચંદ શેઠ ગુજરી ગયાને. એનો સંચો અઢી કરોડનો નવો લીધો. અઢી કરોડનો નવો સંચો લઈ આવ્યા. અમારા પગલા કરાવ્યા હતા. પાંચસો રૂપિયા મૂક્યા હતા. એવો સંચો છે કે આમ રૂ લાવે રૂ. રૂ સમજો છોને? એ નાખે અને કપડું થઈને તૈયાર થાય. માણસ-બાણસની જરૂર નહિ. એકાદ માણસ ઉભો હોય બસ, ક્યાંય દોરો તૂટી જાય તો ઓલો સંચો બંધ થઈ જાય. દોરો તૂટી જાય તો. દોરો સાંધો. સંચો ચલાવે. ઉજ્જૈનમાં નહિ? એય..! ઝાંઝરી! એની મિલ છેને એ નવી. નવી. અઢી કરોડનો નવો છે. એવા સાત-આઠ કરોડ રૂપિયા છે. પણ ભ્રમણાનો પાર નહિ હોં પાછો. ઓલા ..ત્યાં ઉતર્યા હતા એના મકાનમાં જોડે બ્રાહ્મણ માળા જપતા હતા. મેં કહ્યું, શું કરવા કરે છે એ? કે આ બધું સરખું રહે માટે માળા જપવા આવે છે. એય..! ધૂળેય નહિ રહે સાંભળને. બહારના રજકણોને કેમ રહેવું અને કેમ પરિણમવું એ તારા આધીન છે? મૃત્યુ મહોત્સવના કરો, જપ કરાવો બ્રાહ્મણ પાસે અને બ્રાહ્મણ લાડવા ઉડાવે અને જાપ જપાવે લાખ-કરોડ.

મુમુક્ષુ :- બ્રાહ્મણ મરી જાય.

ઉત્તર :- મરી જાય. એ પણ મરી જાય અને એ પણ મરી જાય. એને લઈને ક્યાં? એ અમે ઉતર્યા એ મકાનની જોડે જ મેં જોયું કે આ બ્રાહ્મણ કેમ છે અહીં? આપણે જૈન, આ જૈન છેને. એ એને ભ્રમણા છે. અરે! માળા ગણાવે છે. સરખું બધું આ મીલ સરખી રહે, આબરૂ સરખી રહે. શું કહેવાય તમારે શેરના પૈસા આવેને? બીજાના હોયને ભાઈ પૈસા?

શેર. બીજાના પૈસા ઘણા હોય. ઘરના તો (ઓછા હોય). એટલે એ બધી સરખાઈ રહે એ માટે માળા ગણાવે. આહા..હા..! આ ભ્રમણા. આ જૈનના અગ્રેસરો કરોડોપતિઓ કહેવાય, પણ ભ્રમણાનો પાર ન મળે. અરે! પૈસો મળવા, ન મળવા એ તો તારા પૂર્વનું ભાગ્ય રજકણ હોય તો મળે છે. મરી જાયને પુરુષાર્થ કરીને, એનાથી મળે છે?

અહીં તો કહે છે કે એ અજ્ઞાનથી થાય તો વિકારનો કર્તા અને વિકાર કર્મ એવી પ્રવૃત્તિ છે, પણ પરનો કર્તા અને પર કાર્ય એવું તો આત્મામાં કદી છે નહિ. આહા..હા..! છે? **'કર્તાકર્મની પ્રવૃત્તિથી બંધ છે...'** નવા કર્મનો બંધ પડે છે. **'અને તે બંધના નિમિત્તથી અજ્ઞાન છે;...'** વળી બંધનો ઉદય આવે ત્યારે એ ભાવકર્મથી દ્રવ્યકર્મ અને દ્રવ્યકર્મથી ભાવકર્મ એમ કહે છે.

મુમુક્ષુ :- મોક્ષમાર્ગપ્રકાશકમાં લખ્યું છે.

ઉત્તર :- એ પણ આ અપેક્ષાએ લખ્યું છે. કરે એને અજ્ઞાન છે નિમિત્ત. સમજાણું કાંઈ? એ બંધ નિમિત્ત થાય છે તો અજ્ઞાનમાં નિમિત્ત પડે છે એમ કહે છે. નિમિત્ત કરનારો અજ્ઞાની હોય તો એ પૂર્વના કર્મ અજ્ઞાનમાં નિમિત્ત પડે છે. એટલી વાત છે. આહા..હા..! ભારે!

**'એ પ્રમાણે અનાદિ સંતાન(પ્રવાહ) છે, માટે તેમાં ઈતરેતર-આશ્રય દોષ પણ આવતો નથી.'** એમ કે કર્મ છે તો વિકાર છે અને વિકાર છે તો કર્મ સાબિત કરવાની જરૂર નથી. બેય અનાદિથી એમ જ છે. **'આ રીતે જ્યાં સુધી આત્મા ક્રોધાદિ કર્મનો કર્તા થઈ પરિણમે છે ત્યાં સુધી કર્તાકર્મની પ્રવૃત્તિ છે અને ત્યાં સુધી કર્મનો બંધ થાય છે.'** હવે ગાથા ફેર.

---

## ગાથા-૭૧

कदाऽस्याः कर्तृकर्मप्रवृत्तेर्निवृत्तिरिति चेत्--

जइया इमेण जीवेण अप्पणो आसवाण य तहेव।
णांदं होदि विसेसंतरं तु तइया ण बंधो से।।७१।।

यदानेन जीवेनात्मनः आस्रवाणां च तथैव।
ज्ञातं भवति विशेषान्तरं तु तदा न बन्धस्तस्य।।७१।।

इह किल स्वभावमात्रं वस्तु, स्वस्य भवनं तु स्वभावः। तेन ज्ञानस्य भवनं खल्वात्मा, क्रोधादेर्भवनं क्रोधादिः। अथ ज्ञानस्य यद्भवनं तन्न क्रोधादेरपि भवनं, यतो यथा ज्ञानभवने ज्ञानं भवद्विभाव्यते न तथा क्रोधादिरपि; यत्तु क्रोधादेर्भवनं तन्न ज्ञानस्यापि भवनं, यतो यथा क्रोधादिभवने क्रोधादयो भवन्तो विभाव्यन्ते न तथा ज्ञानमपि। इत्यात्मनः क्रोधादीनां च न खल्वेकवस्तुत्वम्। इत्येवमात्मात्मास्रवयोर्विशेषदर्शनेन यदा भेदं जानाति तदास्यानादिरप्यज्ञानजा कर्तृकर्मप्रवृत्तिर्निवर्तते; तन्निवृत्तावज्ञाननिमित्तं पुद्गलद्रव्यकर्मबन्धोऽपि निवर्तते। तथा सति ज्ञानमात्रादेव बन्धनिरोधः सिध्येत्।

હવે પૂછે છે કે આ કર્તાકર્મની પ્રવૃત્તિનો અભાવ ક્યારે થાય છે? તેનો ઉત્તર કહે છે :-

આ જીવ જ્યારે આસ્રવોનું તેમ નિજ આત્મા તણું
જાણે વિશેષાંતર, તદા બંધન નહીં તેને થતું. ૭૧.

ગાથાર્થઃ- [यदा] જ્યારે [अनेन जीवेन] આ જીવ [आत्मनः] આત્માના [तथा एव च] અને [आस्रवाणां] આસ્રવોના [विशेषान्तरं] તફાવત અને ભેદને [ज्ञातं भवति] જાણે [तदा तु] ત્યારે [तस्य] તેને [बन्धः न] બંધ થતો નથી.

ટીકા :- આ જગતમાં વસ્તુ છે તે સ્વભાવમાત્ર જ છે, અને 'સ્વ'નું ભવન તે સ્વ-ભાવ છે (અર્થાત્ પોતાનું જે થવું—પરિણમવું તે સ્વભાવ છે); માટે નિશ્ચયથી જ્ઞાનનું થવું—પરિણમવું તે આત્મા છે અને ક્રોધાદિકનું થવું—પરિણમવું તે ક્રોધાદિ છે. વળી જ્ઞાનનું જે થવું-પરિણમવું છે તે ક્રોધાદિકનું પણ થવું—પરિણમવું નથી, કારણ કે જ્ઞાનના થવામાં (-પરિણમવામાં) જેમ જ્ઞાન થતું માલૂમ પડે છે તેમ ક્રોધાદિક પણ થતાં માલૂમ પડતાં નથી; અને ક્રોધાદિકનું જે થવું-પરિણમવું તે જ્ઞાનનું પણ થવું-પરિણમવું નથી, કારણ કે ક્રોધાદિકના થવામાં (-પરિણમવામાં) જેમ ક્રોધાદિક થતાં માલૂમ પડે છે તેમ જ્ઞાન પણ થતું માલૂમ પડતું નથી. આ રીતે આત્માને અને ક્રોધાદિકને નિશ્ચયથી એકવસ્તુપણું નથી. આ પ્રમાણે આત્મા અને આસ્રવોનો વિશેષ (-તફાવત) દેખવાથી જ્યારે આ આત્મા તેમનો ભેદ (ભિન્નતા) જાણે છે ત્યારે આ આત્માને અનાદિ હોવા છતાં પણ અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી એવી (પરમાં) કર્તાકર્મની પ્રવૃત્તિ નિવૃત્ત થાય છે; તેની નિવૃત્તિ થતાં અજ્ઞાનના નિમિત્તે થતો પૌદ્ગલિક દ્રવ્યકર્મનો બંધ—કે, જે અજ્ઞાનનું નિમિત્ત છે તે—પણ નિવૃત્ત થાય છે. એમ થતાં,

જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ સિદ્ધ થાય છે.

ભાવાર્થ :- ક્રોધાદિક અને જ્ઞાન જુદી જુદી વસ્તુઓ છે; જ્ઞાનમાં ક્રોધાદિક નથી, ક્રોધાદિકમાં જ્ઞાન નથી. આવું તેમનું ભેદજ્ઞાન થાય ત્યારે તેમના એકપણારૂપ અજ્ઞાન મટે અને અજ્ઞાન મટવાથી કર્મનો બંધ પણ ન થાય. આ રીતે જ્ઞાનથી જ બંધનો નિરોધ થાય છે.

---

## ગાથા-૭૧ ઉપર પ્રવચન

'હવે પૂછે છે કે આ કર્તાકર્મની પ્રવૃત્તિનો અભાવ કયારે થાય છે?' અરેરે! આવું અજ્ઞાન અને આ રીતે ક્યારે થયું? એ વિકારી પરિણામ પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ મારા, હું એનો કર્તા અને એ મારું કામ. પ્રભુ! એ બેનો સંબંધ ક્યારે તૂટશે? સમજાણું કાંઈ? અભાવ ક્યારે થાય? એમ પ્રશ્ન છે શિષ્યનો. ૭૧.

जइया इमेण जीवेण अप्पणो आसवाण य तहेव।
णांदं होदि विसेसंतरं तु तइया ण बंधो से।।७१।।
આ જીવ જ્યારે આસ્રવોનું તેમ નિજ આત્મા તણું
જાણે વિશેષાંતર, તદા બંધન નહીં તેને થતું. ૭૧.

એ શબ્દ લીધો. '**विसेसंतरं**'.

'ટીકા :- આ જગતમાં વસ્તુ છે...' વસ્તુ નામ પદાર્થ છે 'તે સ્વભાવમાત્ર જ છે,...' જુઓ! આ તો સામાન્ય વ્યાખ્યા કરે છે. જે કોઈ જગતની ચીજ છે પરમાણુ હો, આત્મા હો એ બધા પોતાના સ્વભાવમાત્ર જ છે. એ વસ્તુ પોતાના સ્વભાવસ્વરૂપ જ છે. 'અને 'સ્વ'નું ભવન તે સ્વ-ભાવ છે...' અને એ સ્વભાવનું થવું, ત્રિકાળી સ્વભાવ છે એનું પરિણમન થવું એ સ્વભાવ છે. છે? '(અર્થાત્ પોતાનું જે થવું—પરિણમવું તે સ્વભાવ છે); માટે નિશ્ચયથી જ્ઞાનનું થવું...' હવે આત્મામાં ઉતારે છે. માટે ખરેખર તો જ્ઞાનનું થવું. ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ એનું જ્ઞાનરૂપ પરિણમન થવું, જ્ઞાનરૂપ દશા થવી એ જ્ઞાનરૂપ પરિણમન થવું... છે? તે આત્મા. આહા..હા..! ભગવાન આત્મા જાણક-દેખનરૂપ પરિણમન થાય તે આત્મા. કેમકે એનો સ્વભાવ જાણન-દેખન સ્વભાવ. વસ્તુ સ્વભાવમાત્ર. ભગવાન આત્મા વસ્તુ એ જ્ઞાન-દર્શન સ્વભાવમાત્ર અને એ જ્ઞાન-દર્શન સ્વભાવ, એના ઉપર

દૃષ્ટિ પડવાથી રાગ અને પુણ્યની રુચિ છૂટીને સ્વભાવની અસ્તિ ઉપર દૃષ્ટિ પડવાથી જ્ઞાન અને આનંદનું પરિણમન થવું તે આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? એને આત્મા કહીએ.

આત્મા એ જ્ઞાન અને આનંદ સ્વભાવી વસ્તુ છે. દ્રવ્ય વસ્તુ અવિનાશી અને એનું જ્ઞાન અને આનંદ પણ અવિનાશી ગુણ છે. એ કર્તા-કર્મનો અભાવ કેમ થાય? એમ કહ્યુંને? એનો ઉત્તર છે. તો જ્યાં સુધી એની દૃષ્ટિ રાગ અને પુણ્ય ઉપર અનાદિથી હતી તે છૂટીને અસ્તિત્વમાં મારો આટલો સ્વભાવ છે, હું પૂર્ણ આનંદ અને જ્ઞાનસ્વરૂપ જ હું છું. એ સવારે આવ્યું હતું. નિરૂપાધીસ્વરૂપ આત્મા તે હું છું. એવો હું છું એવી જ્યાં દૃષ્ટિ થઈ ત્યારે એમાં આત્માના નિર્મળ સ્વભાવનું જ પરિણમન થાય છે. એ પરિણમન થયું તે ધર્મ. અને એ પરિણમન થયું તે આત્મા. સમજાય છે કાંઈ? આહા..હા..! જુઓ છેને અંદર.

**'માટે નિશ્ચયથી જ્ઞાનનું થવું...'** જ્ઞાન એટલે જાણકસ્વભાવ, એ વસ્તુનો સ્વભાવ. વસ્તુનો સ્વભાવ જાણન. એ જાણનરૂપ પરિણમવું. વિકારરૂપ ન થવું એનું નામ આત્મા. આહા..હા..! સ્વભાવનું પરિણમન થવું તેનું નામ આત્મા. સ્વભાવ તો છે ત્રિકાળી પણ જ્યારે ત્રિકાળી સ્વભાવ એના અસ્તિત્વનો જ્યારે સ્વીકાર થયો કે આવી વસ્તુ જ્ઞાનાનંદ સ્વભાવી હું છું. એમ દૃષ્ટિમાં જ્યારે સ્વીકાર થયો તો એ દૃષ્ટિનું પરિણમન જ્ઞાનરૂપ થયું. જે રાગરૂપ પહેલા અનાદિથી હતું... સમજાણું કાંઈ? એ પરિણમન ઉપરથી દૃષ્ટિ છૂટી ગઈ અને ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ એવી દૃષ્ટિ થઈ તો પર્યાયમાં જ્ઞાનસ્વભાવનું પરિણમન થયું. એ જ્ઞાનનું પરિણમન અવસ્થા થવી તે આત્મા. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? ભાઈ! આત્મા તો આ શરીરનું કામ કરે, દેશનું કામ કરે. આ મોટા પંચશીલ કરતા નથી આ બધા કાર્યકર્તાઓ? પંચશીલ કરે છેને. કૂવા ખોદાવે, સડકું કરે.

મુમુક્ષુ :- દુકાળ પડ્યો તો બધું કરવું પડે.

ઉત્તર :- હવે દુકાળ પડશે તો બધું કેટલુંય કરવું પડશે. કોણ કરે? આહા..હા..! સમજાણું કાંઈ? છાપામાં તો એવું આવ્યું છે. ચોમાસાએ વિદાય લીધી. ઓલા જ્યોતિષી કહે છે ૧૮મી તારીખે આવશે. કાંઈ લક્ષણ દેખાતા નથી. આહા..હા..! એ તો પરમાણુ એક-એક સ્વતંત્ર છે. જ્યારે પડવાનો હોય ત્યારે પડે, એનો કોઈ કર્તા-ફર્તા નથી. પ્રાર્થના કરે તો વરસાદ આવે. હમણા આવે છે પત્રિકા બહુ. એ ભક્તામરની ધૂન લગાવી ત્યાં વરસાદ આવ્યો. આ જૈન. ભ્રમણા. જૈન ગેજેટમાં આવે છે. ભક્તામરની ધૂન લગાવી કે આ વરસાદ નથી આવતો. એ પૂરું થયું ત્યાં વરસાદ આવ્યો. ભક્તામરની ધૂનને લઈને વરસાદ આવતો હશે?

મુમુક્ષુ :- આવ્યોને પણ પ્રત્યક્ષ.

ઉત્તર :- આવ્યો એ તો એને કારણે આવ્યો છે. ભક્તામરને કારણે આવ્યો? આહા..હા..!

મુમુક્ષુ :- ભક્તામર પહેલા નહોતું કર્યું તો નહોતો આવ્યો. કર્યું તો આવ્યો.

ઉત્તર :- મૂર્ખના કાંઈ ગામ જુદા હોય છે? ગામદીઠ મૂર્ખ ભર્યા છે. સમજાણું કાંઈ? ભક્તામર કરે તો (વરસાદ આવશે). એ શેઠ! છાપામાં હમણાં ઘણું આવ્યું છે. કોઈ ઠેકાણે, બે ઠેકાણે આવ્યું છે. આમ જ્યાં પૂરું થયું ત્યાં વરસાદ આવ્યો. આવવાના પરમાણુ હોય તો આવે એમાં શું? ભક્તામરથી આવે છે? છપ્પનિયામાં બહુ જોયું છે. ૫૬ની સાલ હતીને ૫૬. દુકાળ પડ્યો હતો. બ્રાહ્મણે તો બહુ શંકરને ડૂબાડી દીધા હતા પાણીમાં. અમારે ઉમરાળા છેને અહીંયાં. નદીને કાંઠે મોટું શંકરનું દેવળ છે. બ્રાહ્મણ બધા ભેગા થઈને પાણીમાં ડૂબાડી દીધા હતા. અહીંયાં સુધી પાણી રાખીને માળા જપે. ધૂળેય આવ્યો નહિ વરસાદ. પહેલા પાંચ દિ આવ્યો પછી દુકાળ. આહા..હા..!

એ વખતે જોયું હતું. એકવાર બહાર હું નીકળ્યો હતો. નાની ઉંમર બહાર નીકળવા ન દે છોકરાઓને. એકવાર બહાર ગયા અને એમાં પચ્ચીસ ગાયું હશે. એ ગાયુની આંખમાંથી આંસુની ધારા ચાલી જાય. પાંચ-પાંચ છ દિ'થી કાંઈ ઘાસનું તરણું ન મળે. શું થાય? આ સુકાઈ ગયેલા. અને ભરવાડ માથે આમ ધાબળો નાખીને રોવે. અરેરે! આને છ-છ દિ'થી ઘાસ નહિ, હું કેમ રોટલો ખાઉં? રોટલો .. અઢી રૂપિયાના ચોખા હતા મણ. ૫૬. દસ વર્ષની ઉંમર હતી. પણ એ જોયું જાય નહિ. આહા..હા..! છોકરાઓને એમ કહે જાવ વયા જાવ. એ રોતા હતા. આ ગાયું રોવે, એ ભરવાડ રોવે. કારણ કે એને તો દીકરા જેવા ગાયું. અરેરે! છ દિ'થી ઘાસનું તરણું નથી આને. છતે પૈસે ઘાસ ક્યાંથી લાવું? ઘાસ ન મળે લાવવું ક્યાંથી? પૈસા હોવા છતાં એ રોતો હતો. આહા..હા..! એ નજરે જોયું છે. ૫૬ની સાલ. અત્યારે નજરે દેખાય છે, દરવાજા બહાર ઉભી હતી ગાયું. ભાઈ! એ કાંઈ દુઃખ નથી. સંયોગ એ દુઃખ નથી. અંદરમાં આનંદને ભૂલીને વિકાર કરે છે એ દુઃખ છે. એ દુઃખને દુઃખ ન માનતા સંયોગી પ્રતિકૂળતાઓ દુઃખ છે એ મૂઢની માન્યતા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અને સગવડતા મળી કોઈ પાંચ-પચાસ લાખ અને ખાવાના-પીવાના પતરવેલિયા અને એય..! લાડવા ચુરમાના. આહા..હા..! સુવાના રેશ્મી ગાદલા. સુખી (છીએ). ધૂળેય સુખી નથી સાંભળને. એ સગવડતામાં સુખ ક્યાંથી આવ્યું? એ તો પરચીજ છે. તારી કલ્પનામાં હતું કે આ સગવડતા (છે તો સુખ છે). એ તો કલ્પના મિથ્યાભ્રમ છે. સમજાણું કાંઈ? ભગવાન આનંદમૂર્તિ પ્રભુ એના ધામમાં ન જતા બહારની પ્રતિકૂળતામાં દુઃખ છે એમ અજ્ઞાની માને છે એ જ સંસારમાં ડૂબવાનું બીજ છે. આહા..હા..! જેઠાલાલભાઈ! આહા..હા..! અરેરે! એને ચોર્યાસીના અવતાર માથે (ઊભા છે). માથે ડાંગ આમ. ઓલા સંચો છેને એક ઠેકાણે. ત્યાં ગમાણ હોયને ગમાણ. ભેંસને ખાવાનું. ત્યાં રાખે ૨૫ ગાયું, ૫૦ આમ. ઉપરથી ગાયુંને મારવાના સંચા, કતલખાના. એક સાથે સંચો પડે આમ ભડાક. શરીરથી માથું જુદું પડી જાય.

સંચા એવા છે અત્યારે. આહા..હા..! એ ચીજ દુઃખ નથી. ભાઈ! તને ખબર નથી. એ સ્વરૂપને ભૂલીને આ ચીજમાં થાય એ મને થાય છે, મને થાય છે એ માન્યતા દુઃખરૂપ છે. સમજાણું કાંઈ?

અહીંયાં ઈ કહે છે, અહો..! જ્યારે પોતાના સ્વરૂપનું પરિણમન થયું, ગમે તે પ્રતિકૂળ સંયોગ હોય, સાતમી નરકમાં પ્રતિકૂળ સંયોગનો પાર નથી. સપ્તમી રવ-રવ નરકમાં અનંત વાર ગયો. એ દુઃખ એણે ભોગવ્યા અને ભગવાને જોયા. પણ કહે છે કે એવા પ્રતિકૂળ સંયોગમાં પણ જીવ પોતાના જ્ઞાનરૂપ પરિણમે છે. આહા..હા..! એ આત્મા રહ્યો, એ આત્મા છે. સમજાણું કાંઈ? પોતાની ચીજનો સ્વીકાર કરીને.. જે સ્વીકાર કર્યો એ જ પરિણમન છે. રાગ અને સંયોગનો સ્વીકાર છોડીને હું તો ભગવાન પૂર્ણાનંદ પૂર્ણ નિરૂપાધિ તત્ત્વ છું એવું જ્યાં પરિણમન થયું, બસ! એ પરિણમન એ જ ધર્મ અને એ પરિણમન એ આત્મા. સમજાણું કાંઈ?

એ '**પરિણમવું તે આત્મા છે...**' આહા..હા..! એ આત્મા થઈને રહ્યો. પ્રતિકૂળ સંયોગ કે અનુકૂળ સંયોગ ભિન્ન જ્ઞેય ચીજ છે. પણ પોતાનો ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદના સ્વભાવથી ભરેલો (છે) એવો જ્યાં અંદરમાં સ્વીકાર થયો તે સમ્યગ્દર્શનનું પરિણમન છે. સમજાણું કાંઈ? એ જ્ઞાનનું પરિણમનનો અર્થ એ સમ્યગ્દર્શનનું પરિણમન છે. આહા..હા..! '**અને ક્રોધાદિકનું થવું—પરિણમવું તે ક્રોધાદિ છે.**' આહા..હા..! અને વિકારી ભાવ થવો તે વિકારી ભાવ છે, એ આત્મા નથી. વિકારી ભાવરૂપ પરિણમન થવું દેખાય તે આત્મા નથી. વિકારી ભાવરૂપ પરિણમન થવું એ તો વિકારી છે. એ તો જડ છે, એ આત્મા નથી. સમજાણું કાંઈ? પુણ્ય અને પાપના ભાવરૂપ પરિણમન થયું તે આત્મા નથી. આહા..હા..! ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એવા ભાવ થયા એ ભાવરૂપ પરિણમન મારું છે એવું ભાસન થયું તે આત્મા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે કામ ભાઈ! એય..! મણિકાંત! આ તમારા બાપને બેસતું હશે કે નહિ? પહેલાનું જૂનું હોય એને ઝટ બેસવું કઠણ પડે આ. આહા..હા..! કહે છે પહેલી સમજણમાં તો વાત લે. ઓહો..! ભગવાન પોતાનો ચૈતન્યસ્વભાવ સંસારના વિભાવસ્વભાવથી ભિન્ન છે એવી અંતર દૃષ્ટિ પડતા જે દૃષ્ટિનું પરિણમન થયું તે આત્મા. આહા..હા..! અને વિકારનું પરિણમન થયું એ વિકારી જીવ અજીવ, એ આત્મા નહિ. સમજાણું કાંઈ?

'**જ્ઞાનનું જે થવું-પરિણમવું છે તે ક્રોધાદિકનું પણ થવું—પરિણમવું નથી,...**' શું કહે છે? ભગવાન આત્મા આનંદરૂપી પરિણમન કરે છે એ જ ભાવ વિકારરૂપ પરિણમન કરે છે એમ નથી. વિકારરૂપ પરિણમન થયું તે આત્મા નહિ અને આત્માનું પરિણમન થયું તે ક્રોધાદિ નહિ. આહા..હા..! ઝીણી વાત છે. કહે છે, '**તે ક્રોધાદિકનું પણ થવું—પરિણમવું**

**નથી,** કારણ કે...' જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા જ્યાં અંતર દૃષ્ટિમાં લીધો અને એનું પરિણમન થયું એ વિકારરૂપ થયું નથી. એ તો અચેતન થયું. છેને?

અને '**જ્ઞાનના થવામાં (-પરિણમવામાં) જેમ જ્ઞાન થતું માલૂમ પડે છે...**' આહા..હા..! ભગવાન આત્મા પોતાનું નિધાન જ્ઞાન અને આનંદ તરફના સ્વીકારથી જે જ્ઞાનનું પરિણમન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું... '**જેમ જ્ઞાન થતું માલૂમ પડે છે તેમ ક્રોધાદિક પણ થતાં માલૂમ પડતાં નથી;...**' આહા..હા..! ધર્મી જીવને હું આનંદ અને જ્ઞાનસ્વરૂપ છું એવું પરિણમન માલૂમ પડે છે એ પરિણમનમાં વિકાર પરિણમન પણ છે એમ નથી. ચંદુભાઈ! આહા..હા..! એક તો કાને પડવી મુશ્કેલ વાત, એમાં આ શું કહે છે? માથું ફરી જાય. આ તો માથું ફરી જવાની વાત છે. આહા..હા..! કહે છે, '**જ્ઞાન થતું માલૂમ પડે છે તેમ ક્રોધાદિક પણ થતાં માલૂમ પડતાં નથી;...**' આહા..હા..! જ્યારે જ્ઞાનાનંદ સ્વભાવનું ભાન થઈને જ્ઞાન થવું છે એ જ વિકારનું થવું છે એમ નથી. વ્યવહારરત્નત્રયરૂપ હું પરિણમું છું એમ નથી એમ કહે છે.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ...

ઉત્તર :- વ્યવહાર રાગ છે, વિભાવ છે. વ્યવહાર સમકિતદર્શન વિભાવ છે. સ્વભાવના પરિણમનમાં સ્વભાવ માલૂમ પડે છે, તો વિભાવરૂપ હું પરિણમું છું એમ છે નહિ. એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે '**તેમ ક્રોધાદિક પણ થતાં માલૂમ પડતાં નથી;...**' આહા..હા..! જ્યાં આનંદ અને જ્ઞાનનું પરિણમન ભાસે છે ત્યાં આ પરિણમન રાગરૂપે પરિણમે છે એમ માલૂમ પડતું નથી. આહા..હા..! માલૂમ કેમ પડે? '**અને ક્રોધાદિકનું જે થવું-પરિણમવું તે જ્ઞાનનું પણ થવું-પરિણમવું નથી,...**' અને વિકારરૂપ પરિણમન થયું એમ ભાસે છે ત્યાં જ્ઞાનનું-આત્માનું થવું નથી. સમજાણું કાંઈ? વિશેષ ખુલાસો છે...

**ભાદરવા સુદ-૧૦, સોમવાર, તા. ૧૮-૦૯-૧૯૭૨**
**ગાથા-૭૧, પ્રવચન-૧૬૬**

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

આ સમયસાર, કર્તાકર્મ અધિકારની ૭૧ ગાથા ચાલે છે. થોડો ઝીણો વિષય છે. અનંતકાળથી આત્મા શું ચીજ છે એનો એને પ્રબોધ—જ્ઞાન થયું નથી. અહીંયાં કહે છે... અહીં આવ્યું છે. '**જ્ઞાનનું જે થવું-પરિણમવું છે તે ક્રોધાદિકનું પણ થવું—પરિણમવું નથી,** કારણ કે **જ્ઞાનના થવામાં (-પરિણમવામાં) જેમ જ્ઞાન થતું માલૂમ પડે છે તેમ ક્રોધાદિક પણ થતાં માલૂમ પડતાં નથી;...**' સૂક્ષ્મ છે. શું કહે છે? કે પોતાનો આત્મા આનંદસ્વરૂપ નિર્વિકલ્પ આનંદકંદ છે એવી જેની સ્વભાવ ઉપર દૃષ્ટિ પડી તો એ ધર્માત્માને તો જ્ઞાન અને સ્વભાવનું જ પરિણમન માલૂમ પડે છે. સમજાણું કાંઈ? અને અજ્ઞાનીને એ વિકારનું પરિણામ જે છે પુણ્ય-પાપનું એ જ માલૂમ પડે છે. સ્વભાવના પરિણમનની દૃષ્ટિ નથી તો સ્વભાવનું પરિણમન અજ્ઞાનીને ઉત્પન્ન થતું નથી. ઉત્પન્ન થતું નથી એટલે માલૂમ પડતું નથી.

'**ક્રોધાદિકનું જે થવું-પરિણમવું તે જ્ઞાનનું પણ થવું-પરિણમવું નથી,...**' શું કહે છે? બહુ સૂક્ષ્મ વાત! પુણ્ય અને પાપના ભાવ જે વિકારીભાવ છે એ રૂપે હું થાઉં છું, પરિણમું છું તો એ વખતે અજ્ઞાનીને વિકાર પરિણમન છે એ મારું છે એમ માલૂમ પડે છે. પણ હું જ્ઞાનાનંદ છું એવી દૃષ્ટિ તો છે નહિ એટલે જ્ઞાનાનંદ છું એવી ઉત્પત્તિ જ્ઞાનની થતી નથી. ઉત્પત્તિ તો વિકારની થાય છે. સમજાણું કાંઈ? જ્યારે '**ક્રોધાદિકનું જે થવું-પરિણમવું તે જ્ઞાનનું પણ થવું-પરિણમવું નથી,...**' શું કહે છે? બહુ સૂક્ષ્મ વાત લીધી છે. અજ્ઞાનીને આત્મા સચ્ચિદાનંદ પ્રભુ ભગવાન પૂર્ણ શાંત અને જ્ઞાન અને આનંદનો ભંડાર એવી ચીજની જેને સ્વાધીન અને પ્રતીતિ નથી થઈ, સ્વાધીન પોતાની સન્મુખ થઈને સમ્યગ્દર્શન અને જ્ઞાન જે એનો સ્વભાવ છે એવું પરિણમન નથી થયું તો અજ્ઞાનીને વિકારનું પરિણમન થાય છે તે ભાસે છે. હું વિકારનો કર્તા અને વિકાર મારું કાર્ય એમ ભાસે છે. ભારે ઝીણું. પરના કાર્યની વાત અહીંયા લીધી જ નથી.

અહીં તો પર્યાયદૃષ્ટિ જ્યાં સુધી છે, પુણ્ય અને પાપના રાગની દૃષ્ટિ જ્યાં સુધી છે

ત્યાં સુધી તો વિકારીભાવ પરિણમન થાય છે એમ ભાસે છે. એ મિથ્યાત્વભાવ છે. અને જ્યારે જ્ઞાનનું પરિણમન માલૂમ પડે છે એટલે કે હું શુદ્ધ આનંદઘન છું એવી દ્રવ્ય વસ્તુની દૃષ્ટિનો વિકાસ જ્યાં થયો તો જ્ઞાનીને તો સ્વભાવનું પરિણમન છે એ જ ભાસે છે. સ્વભાવના પરિણમનમાં વિકારનું પરિણમન સાથે છે એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

બહુ ટૂંકામાં અજ્ઞાન અને જ્ઞાનની વ્યાખ્યા છે પણ વાત એવી છે. ચૈતન્ય ભગવાન પોતાનું શુદ્ધ આનંદસ્વરૂપ... કર્તાકર્મ બતાવવું છેને? એવી જેને દૃષ્ટિ અંતર્મુખ નથી તેને તો બહિર્મુખ પુણ્ય-પાપના વિકલ્પ થાય છે એ ભાસે છે. સમજાણું કાંઈ? હું વિકારરૂપ થાઉં છું એમ ભાસે છે.

મુમુક્ષુ :- એને વિકાર શું એની પણ ક્યાં ખબર છે?

ઉત્તર :- નથી ખબર પણ એ સ્વભાવનું ભાન નથી એટલે વિકારરૂપ થાઉં છું એમ ભાસે છે. એ તો આવે છે. બીજી ગાથામાં એમ લીધું છે. સમજાણું કાંઈ? વિભાવને જાણતો થકો વિભાવરૂપ પરિણમે છે. જાણતો થકોનો અર્થ? એ કાંઈ જ્ઞાનમાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ઝીણી વાત છેને ભાઈ! આ આત્મા અંદર વસ્તુ સાક્ષાત્ પરમાત્માના સ્વરૂપે બિરાજમાન છે એવી જેને દૃષ્ટિ નથી એની દૃષ્ટિ પુણ્ય અને પાપ અને વર્તમાન એક સમયની પર્યાય ઉપર દૃષ્ટિ છે. તો અજ્ઞાનમાં સ્વભાવનું પરિણમન નહિ ભાસતા વિકારનું પરિણમન ભાસે છે. કહો, શેઠ! સમજાણું કાંઈ? ઝીણું છે. હા પાડે છે હવે તો ઈ.

મુમુક્ષુ :- થોડું થોડું સમજવું પડશે.

ઉત્તર :- સમજવું પડશે એટલું .. જોર કરવું પડતું હોય, પરાણે કરવું પડતું હોય. સમજ્યા? આહા..હા..!

અહીંયાં તો બે વાત છે. એક વાત તો સ્વભાવની જેને દૃષ્ટિ નથી, પોતાનો પૂર્ણ પરમાત્મા સ્વભાવની સત્તાનો અંતરમાં સ્વસન્મુખ થઈને સ્વીકાર નથી તેને વિકારી પરિણામરૂપ થાઉં છું, દયા, દાન, વ્રત, ભક્તિ આદિરૂપ થાઉં છું એવો વિકાર ભાસે. એ વિકાર એનું કામ અને કર્તા એ આત્મા અજ્ઞાની. આહા..હા..! ધર્મીને જ્ઞાનસ્વરૂપ હું આનંદ છું એવું અંતર્મુખ થઈને જ્યાં આત્માનું ભાન થયું તો ધર્મીને તો જ્ઞાન અને સ્વરૂપ, જ્ઞાન શબ્દે આત્મા, આત્મા પોતે શુદ્ધ છે એવું પરિણમન ભાસે છે. તે શુદ્ધ પરિણમન એનું કામ અને આત્મા એનો કર્તા એવો ભેદ કરીને આ સમજાવે છે. ભારે વાતું! સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના ભાવ એ રૂપે હું પરિણમું છું એવી દૃષ્ટિ વિકાર અને પર્યાય ઉપર હોવાથી, સ્વભાવનું ભાન નહિ હોવાથી, હું વિકાર નામ ભલે પુણ્ય હોય, પણ પુણ્યભાવરૂપ હું થાઉં છું એમ અજ્ઞાનીને ભાસે છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે? જુઓ!

'કારણ કે **ક્રોધાદિકના થવામાં (-પરિણમવામાં) જેમ ક્રોધાદિક થતાં માલૂમ પડે**

છે...' હવે કાળ લીધો. જેમ ભગવાન આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ એનો જેની દૃષ્ટિમાં અભાવ છે તે સમયે સ્વભાવથી વિરુદ્ધ વિકારી ભાવ માલૂમ પડે છે. છે? '**તેમ જ્ઞાન પણ થતું માલૂમ પડતું નથી.**' વિકારી ભાવ કર્તાપણે (થતો) ભાસે છે તે સમયે આનંદ અને જ્ઞાનનું પરિણમન ભાસતું નથી. કેમકે જ્ઞાન અને આનંદનું પરિણમન એને છે નહિ. આહા..હા..! ભારે કામ આકરું. આ ધર્મ અને અધર્મ કેમ થાય છે એની વાત છે. આહા..હા..! કહો, ચંદુભાઈ! આવી વાત છે. બહુ ઝીણી છે, ભાઈ! પ્રભુ! પોતે... એ શબ્દ બોલ્યા હતા. અંદર વ્યાખ્યાન પૂરું થયુંને પછી બહાર. ભાઈ પ્રકાશદાસ નહિ? એય..! ક્યાં ગયા? તેરા માલિક તુજમેં જાગ સકે તો જાગ. તારો માલિક તારામાં જાગી શકે તો જાગ ભાઈ! આહા..હા..!

પૂર્ણાનંદ અને જ્ઞાનનો સ્વભાવ એ કોઈ વાત નથી, ભાઈ! એ પ્રભુત્વશક્તિ પરમેશ્વર પોતે જાતે પરમેશ્વર છે. એવો પોતાનો માલિક, પોતાનો ધણી એ પોતાનું સ્વરૂપ જ પોતાનો માલિક છે. એવું જેને જ્ઞાન અને આનંદરૂપ પોતાના સ્વભાવનું પરિણમન થયું એ સમયે તો જ્ઞાન અને આનંદનું પરિણમન જ્ઞાનીને ભાસે છે. અને જે સમયે રાગ અને દ્વેષ અને પુણ્ય અને પાપના વિભાવ નામ વિકાર એ વિકારરૂપ પરિણમે છે, જે સમયે ભાસે છે તે સમયે જ્ઞાનરૂપ પરિણમન થતું નથી (તો) ક્યાંથી ભાસે? સમજાણું કાંઈ? શેઠ! કહો, પૂનમચંદજી! ભારે આવો માર્ગ! આહા..હા..!

જેની દૃષ્ટિ અનાદિથી પુણ્ય અને પાપના વિકલ્પના રાગ ઉપર છે, એ રાગરૂપ નામ અહીંયાં ક્રોધ કહ્યો, સ્વભાવથી વિરુદ્ધ છેને એ? તો ભગવાન જ્ઞાન અને આનંદ સ્વરૂપથી વિરુદ્ધ ભાવ એવા ક્રોધ, માન, માયા અથવા વિભાવભાવ, વિભાવરૂપે હું થાઉં છું, જે સમયે એમ માલૂમ પડે છે તે સમયે જ્ઞાનરૂપ થયો છું એમ તો છે નહિ. સમજાણું કાંઈ? દૃષ્ટિમાં આત્મા શુદ્ધ ચિદાનંદ તો લીધો નથી. અમરચંદભાઈ! આહા..હા..! આવો ધર્મ ભારે ભાઈ.

કહે છે કે જ્યારે જ્ઞાનનું પરિણમન નથી, ક્રોધાદિક થવાના કાળે, સ્વભાવથી વિરુદ્ધ ભાવ એ પરિણમન થતું માલૂમ પડ્યું તે સમયે '**જેમ ક્રોધાદિક થતાં માલૂમ પડે છે...**' જુઓ! અહીંયાં તો એમ લીધું અજ્ઞાનીને. માલૂમ પડે છેનો અર્થ? એને વિકારનું વેદન છે એમ થાય છે. સમજાણું કાંઈ? '**તેમ જ્ઞાન પણ થતું માલૂમ પડતું નથી.**' વિભાવ ઉપર જ્યાં દૃષ્ટિ (છે), પરમાં સુખબુદ્ધિ, ઉત્સાહબુદ્ધિ, રુચિ જ્યાં રાગ ઉપર પડી છે તો એ સમયે રાગનું પરિણમન વિભાવરૂપ થતું માલૂમ પડે છે. માલૂમ પડે છે એમ લખ્યું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કોને માલૂમ પડે છે?

ઉત્તર :- અજ્ઞાનીને. કોને માલૂમ પડે શું? કોની વાત ચાલે છે? કોની વાત ચાલે છે? અભ્યાસ કરો થોડો. આ વખત ચાલ્યો છે નહિતર. આ બધા મારી નાખશે વખાણ કરી કરીને. સમજ્યા? આ છોકરા-બોકરા તો કરો બાપા. મરીને જાવ ગમે ત્યાં તમે. એય..! એ

તો હમણા આવ્યા હતાને ફતેહપુર. શાહુજી. ચાલીસ કરોડ. બેઠા હતા તો કહ્યું. ચાલીસ કરોડ. શાહુજી શાંતિલાલ. મરી જાશો તમે. સમાજમાં મોટા જ્યાં ત્યાં માન... માન... માન... શું થયું? આ જિંદગી જાય છે. સમાજમાં મોટા થઈને બેસાડે ખુરશીએ. પછી બોલે તમે મને પસંદ કર્યો પણ મારી એટલી લાયકાત તો છે નહિ. એમ કરીને બોલે. અંદર ગલગલિયા હોય. આહા..હા..! આ સમાજમાં જ્યાં હોય ત્યાં સમાજ ભેગો થાય ત્યાં મોઢા આગળ તમને બેસાડે એ માનમાં ચાલ્યું જાય જીવન. કહો, શેઠ! પણ સાંભળતા હતા બિચારા હોં સાંભળતા હતા. મારે હેતુ તો બીજો હોય નહિ. અરે ભાઈ! આવું જીવન છે. આહા..હા..! અરેરે! આ માન સમાજના મળ્યા અને આ મોટા છે. બે હજાર, પાંચ હજાર આપ્યા. બહુ ઉદાર છે, બહુ દાની છે. દાનવીર દયો. શું કહેવાય એ? ઈલ્કાબ. ધૂળમાંય દાનવીરમાં આવ્યું શું? દાનવીર એ વીર છે? પોતાનો ચૈતન્ય ભગવાન અતીન્દ્રિય આનંદની ખાણ એમાં દૃષ્ટિ દેવાથી જે આનંદ આદિ જ્ઞાનની પરિણમન દશા પોતાને આપે તે દાન છે. સમજાણું કાંઈ? જેને એવા દાનના સમયે રાગ થયો, જ્ઞાનીની દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર હોવાથી તે સમયે પણ હું જ્ઞાનરૂપ થાઉં છું એમ ભાસે છે. સમજાણું કાંઈ?

અજ્ઞાનીની દૃષ્ટિ... આહા..હા..! મેં દાન કર્યું, મેં આવા વ્રત કર્યા, મેં તપસ્યા કરી, મેં આ જાત્રા કરી, આ મંદિર બનાવ્યા, પૂજા કરી. પ્રભુ! સાંભળ તો ખરો, નાથ! એ આત્મા(ને) રાગરૂપ દેખે ત્યાં સુધી તો અજ્ઞાન છે. આહા..હા.! ધર્મનો અંશ નથી હોં! સમજાણું કાંઈ? એ વ્યવહાર જેટલા દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ (થાય) એ પરિણામરૂપ થાઉં છું એમ માલૂમ પડે ત્યાં ધર્મનો અંશ નથી. આહા..હા..! અને જ્યાં ભગવાન આત્મા જ્ઞાન અને આનંદરૂપ પરિણમનપણે ભાસે છે. જે સમયે એટલે સ્વભાવની દૃષ્ટિના કાળે નિરંતર મારું પરિણમન તો જ્ઞાન અને આનંદની અવસ્થા એ મારી દશા છે. એવું ધર્મીને પોતાનું પરિણમન વીતરાગભાવરૂપ ભાસે, તે સમયે હું સ્વભાવથી વિરુદ્ધ વિભાવરૂપ થાઉં છું એમ થતું નથી. એક મ્યાનમાં બે તલવાર રહેતી નથી. આહા..હા..! આમ સાધારણ વાત લાગે. સમજ્યા? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એવો ભાવ. તો કહે છે કે એ ભાવ જેને ભાસે છે... આહા..હા..! એ સમયે તેને અધર્મ જ ભાસે છે અને જે સમયે ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનઘન ચૈતન્યસ્વભાવ છે એવી દૃષ્ટિ થઈને શુદ્ધ ચૈતન્યની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિનું પરિણમન થયું તે સમયે ધર્મીને જ્ઞાનનું પરિણમન ભાસે છે. રાગ થાય છે એનું પરિણમન મારું છે એમ ભાસતું નથી. આહા..હા.! આ તો તે કાળે જાણેલો પ્રયોજનવાન. વાત તે ગજબ વાત છે! સંતોની ચારે કોર વાત લ્યો ઓહો..હો..! પરમસત્ય! એક બાજુ કહી ગયા કે વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. ઈ જ અહીં કહે છે. એ ધર્મીને એવો રાગ થતો જણાય છે પણ રાગરૂપ હું છું એમ નથી ભાસતુ. સમજાણું કાંઈ? હું તો આનંદ અને જ્ઞાનમાં છું એવું જ્ઞાનનું, સ્વભાવનું, આત્માનું

પરિણમન ભાસે છે જે સમયે તે સમયે સ્વભાવથી વિરુદ્ધ ભાવ થાય છે એમ માલૂમ પડતું નથી. સમજાણું કાંઈ? ભીખાભાઈ! ભારે વાત આવી ભાઈ! આવો ધર્મ ભાઈ! એ કરતા તો એક અપવાસ કરવો, દયા પાળવી, ઉપવાસ કરવા, સામાયિક કરી નાખવી પચ્ચીસ લાવો એક પથરણે. બેસશે. અમારે બોટાદમાં બહુ થાતું. પોપટભાઈ હતા એક. ૩૦ સામાયિક કરે. ૩૦થી વધારે. સવારમાં વહેલા આવે ચાર વાગે. તે બીજે દિ' આઠ વાગે પારણુ કરે. ૩૪ સામાયિક થઈ. સામાયિક સમજો છો? ૩૪ કલાક બેસે. સામાયિક એક ઘડી, બે ઘડીની સામાયિક હોય છેને? તો એવા ચોત્રીસ કલાક બેસે. ૩૪ કલાક બેસે. રાત્રે સૂવે નહિ. સામાયિક કરેને. એ સામાયિકનું માસખમણ કર્યું કહેવાય. આહા..હા..! પણ અહીં તો કહે છે કે તારી દૃષ્ટિ તો રાગ વિકલ્પ ઉઠ્યો એના ઉપર તારી દૃષ્ટિ છે. તને તો વિકલ્પ ભાસે છે. એ તો અજ્ઞાન છે. આહા..હા..! અને ધર્મીને પૂર્ણાનંદ સ્વભાવનો જેને અંતર ભેટો થયો, પરમાત્માને ઓળખ્યા કે હું પરમાત્મા પૂર્ણાનંદ છું, મારો ભગવાન હું જ છું (તેને રાગરૂપ હું પરિણમું છું એમ ભાસતુ નથી). સમજાણું કાંઈ?

તારો ભગવાન તારામાં છે, તારો પ્રભુ તારામાં છે. જાગી શકે તો જાગ ભાઈ! કરવાનું તો આ છે. સમજાણું કાંઈ? આહા..હા..! બહુ ગાથા અલૌકિક! જે સમયે જે કાળે વિકારરૂપ પરિણમન થાય છે એવું ભાસે એ તો દૃષ્ટિ પર્યાય રાગ ઉપર છે. એ સમયે સ્વભાવરૂપ પરિણમન છે એવું ક્યાં છે? છે નહિ તો ક્યાંથી માલૂમ પડે? સમજાય છે કાંઈ? આહા..હા..! આખા સંસારથી, વિકલ્પથી માંડીને (બધેથી) પાછો હઠી જાય. એવો ભગવાન આત્મામાં જ્યાં જાય એ તે જ્ઞાન અને આનંદના પરિણમનમાં પરિણમવું જ્યાં પવિત્રતાનું ભાસે એ પવિત્ર એવા ભગવાન ઉપર દૃષ્ટિ હોવાથી પવિત્ર પરિણમન ભાસે અને જેની દૃષ્ટિ વિકાર ઉપર છે એને વિકારરૂપ પરિણમન ભાસે છે. તે મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, મોહનભાઈ! શું કરવું આમાં? આહા..હા..!

ભાઈ! તું પ્રભુ છોને. તારામાં તું, તારામાં તું. તારો અપૂર્ણ ભાવ નથી. રાગ તો નહિ, સંયોગ તો નહિ, એક સમયની વર્તમાન પ્રગટ પર્યાય એ પણ તારામાં નથી. એટલો તું નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એવી દૃષ્ટિ થતાં સ્વભાવથી વિરુદ્ધ ભાવરૂપ થાઉં છું એમ થતું જ નથી. તો થતું નથી તો પરિણમન ક્યાંથી ભાસે? આહા..હા..! સમજાણું કાંઈ? હું તો જ્ઞાતા-દૃષ્ટાપણે પરિણમું છું એમ ભાસે. સમજાણું કાંઈ? 'કરે કર્મ સોહી કરતારા, જો જાને સો જાણનહારા. જાને સો કર્તા નહિ હોઈ, કર્તા સો જાણે નહિ કોઈ.' આહા..હા..! આવી વાતું તે પણ ક્યાં છે? સમજાણું કાંઈ? આ તો મેં વ્રત કર્યા, મેં તપ કર્યા, મેં ભક્તિ કરી, મેં પૂજા કરી, એ ભાવ હોં! એ વસ્તુ નહિ. એ ભાવનું ભાસન વિકારનું છે ત્યાં પ્રભુનો તો અનાદર થઈ ગયો. સમજાણું કાંઈ? અને પ્રભુ આત્માનો જ્યાં આદર થયો ત્યાં એમાં

વિકાર છે નહિ તો વિકારરૂપ પરિણમે એમ ક્યાંથી ભાસે? શેઠ! આ સમજવાની ચીજ છે. આમ ઉપરટપકે હા પાડે એમ નથી ચાલે એવું. ઉપરટપકે સમજો છો? અમારી કાઠિયાવાડી ભાષા છે. ઉપર ઉપરથી હા પાડે એમ નહિ ચાલે.

મુમુક્ષુ :- નહિ ચાલે, જાણવું પડશે.

ઉત્તર :- જાણવું પડશે અંદર ચીજ શું છે ઈ. આહા..હા..! લ્યો!

**'જેમ ક્રોધાદિક થતાં માલૂમ પડે છે તેમ જ્ઞાન પણ થતું માલૂમ પડતું નથી.'** આહા..હા..! એક ઘા અને બે ફાડ જુદી. રાગના વિકલ્પમાં પરમાત્માની ભક્તિ, પરમાત્માનું સ્મરણ એ રાગરૂપે પરિણમું છું એમ ભાસે. શેઠ! હું બહિર્‌ભાવમાં છું, એ રાગાદિ પુણ્ય-પાપ, દયા-દાન તો બહિર્‌ભાવ છે. એમાં હું છું અને એ પરિણમન મારું છું એમ જ્યાં સુધી જણાય છે ત્યાં સુધી તો અજ્ઞાની અધર્મી છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચાહે તો એ સાધુ થઈને બેઠો હોય, હજારો રાણી છોડીને બેઠો હોય, બાળબ્રહ્મચારી હોય, પણ અંદરમાં રાગના શુભભાવરૂપ હું પરિણમું છું એવું ભાસન એ મિથ્યાદૃષ્ટિને થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? સામાન્યવત્ કરીને પછી સમય લીધો. જે સમયે વિકારરૂપ થાઉં છું એમ ભાસે ત્યારે સ્વભાવરૂપ થાઉં છું એવું છે ક્યાં તે ભાસે? અને જે સમયે સ્વભાવરૂપ થતો ભાસે ત્યારે વિભાવરૂપ છે નહિ તો ક્યાંથી ભાસે? આહા..હા..! ભારે વાત! લોકોને એવું લાગે કે આવો ધર્મ! આવો જૈન ધર્મ હશે! જૈન ધર્મ તો દયા પાળવી.

મુમુક્ષુ :- પોતાની.

ઉત્તર :- પરની. પોતાની પાળવાની ભાન પણ કે દિ' છે? કહો, સમજાણું કાંઈ? શુભરાગમાત્ર ઉત્પન્ન થાય તે નિજ સ્વરૂપની હિંસા છે. પંચ મહાવ્રતના પરિણામ છે એ ભગવાન આનંદકંદની હિંસા છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેને હું પંચ મહાવ્રત પાળુ છું (એમ ભાસે છે તે હિંસા છે). ગજબ વાત છે. ચરણાનુયોગમાં તો એમ પણ આવે પંચ મહાવ્રત પાળે છે, અતિચાર ટાળે છે. નહિ? આહા..હા..! ભાઈ! તને તારા ઘરની ભૂલ કેમ થઈ છે એની પણ તને ખબર નથી. આહા..હા..! ભૂલ કેમ ભાંગે એ તો બીજી ચીજ, પણ ભૂલ ક્યા પ્રકારની કેવી થઈ છે? ભગવાન! ભૂલ્યો તું હોં! તને ખબર નથી. બહારમાં બડકમદાર થાય છે. બડકમદાર સમજો છો? નહિ? એ કાઠિયાવાડી ભાષા છે અમારી. બડકમદાર-હુશિયાર. જ્યાં હોય ત્યાં બોલે તો અમે જાણીએ છીએ... અમે જાણીએ છીએ... અમે જાણીએ છીએ... બધામાં લગતી. બધામાં લગતી. કોઈપણ વાત નીકળે તો કહે મને ખબર છે, મને ખબર છે. આહા..હા..!

એક બાઈ હતી, હું બધું જાણું છું એમ માને. વહુ હતી છોકરાની. આવડત કાંઈ નહિ. મા-બાપે શીખવેલું નહિ. પછી જોડે ડોશી કો'ક રહેતા એને પૂછી આવે કે બા! આ ખીચડી

કેમ કરવી? લાપસી કેમ કરવી? ફલાણું કેમ કરવું? કઢી કેમ કરવી? એમ પૂછે. પછી કર્યા પછી ઓલી ડોશી કહે કે તારે આમ કરવું. હા એ તો મને આવડે છે. ઠીક બાપા! એમાં એકવાર પૂછવા ગઈ કે લાપસી કેમ કરવી બા? કે લોટને શેકવો સરખો અને એમાં મીઠું દળીને સરખું ભેગું નાખવું. પછી હલાવવું. એ તો બા મને આવડે. કરજો બાપા! આવા મૂર્ખા તે. એ તો મને આવડે છે. કરજો નિરાંતે. લાપસી કરી અને એમાં દીકરીનો વર ઓલો ધણી એનો સાસરો સત્તાપ્રિય આવેલો. અને અહીં જ્યાં લાપસી જોઈ ત્યાં ખારી દુધવા. એણે કીધું કે આ કોણે કરી? મેં. કોણે કીધું હતું આવું? ડોશી આપણે જોડે છે એણે કીધું. બહુ સારી વાત છે. ડોશી કહે પણ હરવખતે પૂછવા આવે ત્યારે મને આવડે છે એમ કહેતી હતી. કરજો બાપા ત્યારે સારી રીતે. આહા..હા..! આ ખીચડી હોય છેને ખીચડી લ્યોને. ગામમાં બે-ત્રણ વહુ હોય ઘરે. એક વહુએ નાખ્યું હોય મીઠું, તો બીજી વહુ કહે નાખ્યું હશે કે નહિ લાવને હું નાખું. ઊનું હોય તો ચખાય તો નહિ. નાખ બીજી વાર. આમ જ્યાં ખાય છે ત્યાં ખારી દુધવા. અરે! આ કોણે કરી? બોલશો નહિ કોઈ. આહા..હા..!

એમ વસ્તુ શું ચીજ છે એનું ભાન નથી અને એમને એમ માની લે કે અમને ખબર છે આત્મા આવો છે. અરે સાંભળ તો ખરો નાથ! ભૂલ્યો છો એની તને ખબર નથી. એ રાગના શુભના પરિણામ મારું કાર્ય અને શુભ પરિણામ એ મારું કર્તવ્ય. ભૂલ્યો છો પ્રભુ! તારા આત્મામાં મોક્ષમાર્ગની પર્યાય એમાં લુંટાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહે, હા એ તો અમને કરતા આવડે છે. શુભભાવ તો કરીએ છીએ. બહુ સારી વાત છે, કોણે ના પાડી? પણ અહીં તો કહે છે કે એ શુભભાવરૂપી રાગ એ જેને કર્તાપણે, પરિણમનપણે ભાસે એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! ગજબ વાત છે! આવું તો સંસાર છોડીને બેસે તો થાતું હશે નહિ? અમારે એક હતા. ઓલા અમૃતલાલ કહેતા નહિ? ધનબાદ. જરીયાના. બાયડી મરી ગઈ એકલા પછી રહેતા. આવું તો બાવા થઈએ તો જણાય. બાવો જ છો સાંભળને. ત્રણે કાળે રાગ વિનાની ચીજ તારી છે. શેઠ! આહા..હા..! ભગવાનજીભાઈ! તમારા એવા મળેને કેટલાક તો પૂછે કે આવું સમજવું હોય તો બાયડી-છોકરા છોડીને જંગલમાં જઈએ તો સમજાય. પણ જંગલમાં જ છે. રાગમાં નથી, શરીરમાં નથી, એક સમયની પર્યાયમાં નથી. શું તારે માનવું છે? સમજાણું કાંઈ? અત્યારે એવો છે, પણ છે એવો સ્વીકાર નથી અને નથી એનો સ્વીકાર છે. સમજાણું કાંઈ? એ કહે કે ભાઈ આ તો બાયડી-છોકરા.. બાયડી-છોકરા ક્યાં ગરી ગયા છે તારામાં? એ તો બહાર છે બિચારા. એ તો એનામાં રહે છે. એ તારામાં આવી ગયા છે? એ તારી પર્યાયમાં આવ્યા છે? તારી પર્યાયમાં આવ્યા છે ઈ? તારી પર્યાયમાં એમ માન્યું કે આ મારું છે, હું એનો છું. એવો મિથ્યાત્વભાવ તારી પર્યાયમાં આવ્યો છે. એ મિથ્યાત્વભાવનું પરિણમન પોતાનું છે એમ જાણ્યું, બસ! એ જ

મિથ્યાત્વ મૂઢ છે. આહા..હા..! શાંતિભાઈ! આ બધા કાયદા કરે દેશના હુશિયાર માણસ. ભાગ્યશાળી તે નિવૃત્ત થઈને આવ્યા. નહિતર ત્યાં સલવાઈ જાત. આહા..હા..! બાપુ! આ સાંભળવાના ટાણા પણ કોઈ દિ' હોય. સમજાણું કાંઈ? એ મોંઘી વાતું વારંવાર ન મળે ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..!

શું કહે છે પ્રભુ? કહે છે કે તારી પ્રભુતા તને જ્યારે ભાસે ત્યારે વિકારની પામરતા તને ન ભાસે અને વિકારની પામરતા ભાસે ત્યારે પ્રભુતા તને ન ભાસે. આહા..હા..! સમજાણું કાંઈ? '**આ રીતે આત્માને અને ક્રોધાદિકને નિશ્ચયથી એકવસ્તુપણું નથી.**' આહા..હા..! એક વસ્તુ નથી. એ દયા, દાન, ભક્તિ પરિણામ—ભાવ અને તું આત્મા બે એક ચીજ નથી. આહા..હા..! કારણ કે એ તો આસ્રવતત્ત્વ છે, તું તો જ્ઞાયકતત્ત્વ છો. આહા..હા..! સમજાણું કાંઈ? '**આ રીતે...**' આ રીતે. ન્યાય આપ્યા પછી કહ્યુંને? ક્રોધાદિ એટલે વિકારનો ભાવ અને આત્મા '**નિશ્ચયથી એકવસ્તુપણું નથી.**' એકપણું નથી. વિકારપણું એ બીજી ચીજ છે અને આત્મપણું એ બીજી ચીજ છે.

મુમુક્ષુ :- બંને એકબીજાથી વિરુદ્ધ.

ઉત્તર :- જુદાં તદ્દન છે. આહા..હા..! જેમાં કરૂણાભાવ ઉત્પન્ન થાય, દયાભાવ ઉત્પન્ન થાય, શુભભાવ ઉત્પન્ન થાય. કહે છે કે એ ભાવ વસ્તુ જ ભિન્ન છે. એ તારું તત્ત્વ નથી. આહા..હા..! આ તે કાંઈ (વાત છે)! એ ક્રોધાદિક એટલે સ્વભાવથી વિરૂદ્ધ ભાવ, જ્ઞાનાનંદ પ્રભુ એવા સ્વભાવથી વિરૂદ્ધભાવ અને આત્મસ્વભાવ બે એક વસ્તુ નથી. સમજાણું કાંઈ?

'**આ પ્રમાણે આત્મા અને આસ્રવોનો વિશેષ (-તફાવત) દેખવાથી...**' આ પ્રમાણે ભગવાન આનંદસ્વરૂપ જ્ઞાનસ્વરૂપ પ્રભુ અને પુણ્યના ભાવ આસ્રવસહિત ભાવ એ બેનું વિશેષ તફાવત દેખવાથી '**જ્યારે આ આત્મા તેમનો ભેદ (ભિન્નતા) જાણે છે ત્યારે આ આત્માને અનાદિ હોવા છતાં પણ અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી એવી (પરમાં) કર્તાકર્મની પ્રવૃત્તિ નિવૃત્ત થાય છે;...**' સમજાણું કાંઈ? એ શુભાદિ પુણ્યનો કર્તા અને હું કર્મ, એનો કર્તા હું અને એ મારું કર્મ. જ્યારે એ આસ્રવ અને પુણ્ય-પાપના ભાવ અને ભગવાન ભિન્ન છે એવું ભેદજ્ઞાન થવાથી અનાદિના અજ્ઞાનથી રાગનું કાર્ય મારું એમ માનતો હતો એ માન્યતા છૂટી જાય છે. અનાદિ હોવા છતાં પણ એ રહી શકતી નથી. આવો ધર્મ! કહો ભીખાભાઈ! આહા..હા..!

વીતરાગ તીર્થંકરનો જન્મ થાય ત્યાં ઇન્દ્રોના આસન ચળે. સમજાણું કાંઈ? અને દીક્ષીત થાયને આસન ચળે. કેવળજ્ઞાન થાય અને મોક્ષમાં જાય ત્યારે આસન ચળે. આહા..હા..! એવો તો જગતની સાથે પરમાનંદની દશાનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. પોતે તો અંદર ખખળીને ઉઠ્યો-જાગ્યો, પણ જગતની અંદર ખળભળાટ થઈ જાય જરી. આહા..હા..!

ભગવાનને જ્યારે આમ કેવળજ્ઞાન થાય (ત્યારે) નરકના નારકીના જીવને ક્ષણભર શાતા થાય. ઓલી શાંતિ તો ક્યાં હતી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એક ક્ષણ તો બહારની શાંતિ થઈ જાય.

ઉત્તર :- એ શાંતિ નથી, ધર્મ નથી. શાતા સુખ. શાંતિ હોય તો તો ધર્મ થઈ જાય. આહા..હા..! એ કહ્યું પહેલા, તમે સાંભળ્યું નહિ. એક ક્ષણ જરી શાતા થઈ જાય છે. શાંતિ તો આત્માનો ધર્મમાં એકાગ્રતા થવાથી થાય. તો ભગવાન એક જન્મે ત્યાં શાંતિ થાય તો એને મુક્તિ થયા વિના રહે નહિ. આહા..હા..!

અહીં તો કહે છે કે ત્રણલોકનો નાથ જ્યાં અંદરથી ખળખળીને ઉઠ્યો અને જાગીને જોયું કે હું તો પરમાનંદ અને શુદ્ધ ચૈતન્ય છું. મારામાં રાગ નહિ, સંસાર નહિ, પર્યાયના અંશનો ભેદ નથી. આહા..હા..! એવી દૃષ્ટિ જ્યારે ભેદજ્ઞાન થયું તો એવું જ્ઞાન થતાં જ **'અનાદિ હોવા છતાં પણ અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી એવી (પરમાં) કર્તાકર્મની પ્રવૃત્તિ...'** જુઓ! કર્તાકર્મની પ્રવૃત્તિ અજ્ઞાનથી ઉત્પન્ન થઈ છે. એના સ્વભાવમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? રાગ કામ અને હું કર્તા એ સ્વભાવ જ નથી. એ તો અજ્ઞાનથી ઉત્પન્ન કર્યો હતો, અજ્ઞાનથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ શુભભાવનું કર્તવ્ય મારું અને મારું કામ એ તો અજ્ઞાનભાવથી તેં ઉત્પન્ન કર્યા હતા. વસ્તુમાં નથી. આહા..હા..! એ પ્રમાણે જ્યારે આસ્રવ પુણ્ય-પાપના ભાવ અને ભગવાન આત્મા બેનું અંતરમાં ભેદજ્ઞાન થતાં જ અનાદિનું કર્તાકર્મ અજ્ઞાનથી હતું તે નાશ પામે છે. સમજાણું કાંઈ? ભલે ગૃહસ્થાશ્રમમાં દેખાઓ, ચક્રવર્તીના રાજમાં દેખાઓ, છે નહિ હવે કર્તાકર્મ. સમજાણું કાંઈ? ચક્રવર્તીનું રાજ હું કરું છું અને એ રાગ થયો એ મારું કર્મ છે એમ જ્ઞાનીને નથી. આહા..હા..! સમજાણું કાંઈ? વિકલ્પથી માંડીને આખા સંસારથી રહિત ભગવાન છે. એવું જ્યારે ભેદજ્ઞાન થયું તો અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી પ્રવૃત્તિ, વિકાર પરિણામ કાર્ય મારું અને હું કર્તા એ અજ્ઞાનથી ઉત્પન્ન થયો એનો નાશ થાય છે. સમજાણું કાંઈ?

**'તેની નિવૃત્તિ થતાં અજ્ઞાનના નિમિત્તે થતો પૌદ્ગલિક દ્રવ્યકર્મનો બંધ...'** પણ નિવૃત્ત થાય છે. નવા કર્મ એને બંધાતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? મિથ્યાત્વભાવ ગયો તો નવા કર્મ બંધાતા નથી એમ કહે છે. આહા..હા..! મિથ્યાત્વનું દુષણ કેટલું છે અને સમકિતનું ભુષણ અને શોભા કેટલી છે એની ખબર નથી. સમકિત એટલે શું? અત્યારે તો બિચારા ઓલા કહેતા હતા. કૈલાસચંદજીએ ભાઈ લખ્યું હતુંને હમણા? છાપામાં લખ્યું હતું. થર્ડ ક્લાસમાં સમકિતને બેસાડવા માગે છે આ લોકો. સ્વામીજીની પ્રરૂપણા સમકિતની છે. લોકો એ સમકિતને થર્ડ ક્લાસમાં ગોઠવવા માગે છે. આવ્યું હતું, વાંચ્યું હતું. સમકિત એટલે કાંઈ નહિ. બસ! આ વ્રત કરવા, તપ કરવા, ભક્તિ, પૂજા... આહા..હા..! ભગવાન પાસે

આમ બરાબર રાગડા તાણીને બોલે આમ જાણે કે ઓહો..હો..! હું મોઢા આગળ ભક્તાણી છું. એય..! ધૂળેય નથી સાંભળને.

મુમુક્ષુ :- ... તો રાગ તાણીને જ બોલાયને. એમને એમ બોલાય?

ઉત્તર :- એ બોલે છે એમાં એને આમ દેખાવ કરવો છે કે જુઓ કેવી મારી ભક્તિ છે! કેવા કંઠે હું બોલું છું! એ કંઠ પણ તારો ક્યાં છે? સાંભળને! સમજાય છે કાંઈ? બરાબર અવાજ કાઢીને સરખું બોલે તો કહે આહા..હા..! ભારે ભગત ભાઈ હોં! શેનો? રાગનો.

મુમુક્ષુ :- ભક્તિ પણ પાણીમાં ગઈ.

ઉત્તર :- પાણીમાં જ છે. જ્યાં સુધી રાગનો કર્તા થઈને રાગનું પરિણમન કરે છે ત્યાં સુધી પાણીમાં છે. પાણીમાં પણ નહિ, નુકસાનકારક છે. આહા..હા..! એવી વાત છે. એય..!

**'તેની નિવૃત્તિ થતાં અજ્ઞાનના નિમિત્તે થતો પૌદ્‌ગલિક દ્રવ્યકર્મનો બંધ—કે, જે અજ્ઞાનનું નિમિત્ત છે તે—પણ નિવૃત્ત થાય છે. એમ થતાં, જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ સિદ્ધ થાય છે.'** ઓહો..હો..! પુણ્ય અને પાપના વિકલ્પથી, આસ્રવથી ભગવાન છે એવું જ્યાં ભાન થયું એ જ્ઞાનમાત્રથી સંસાર રોકાઈ ગયો. સમજાણું? મિથ્યાત્વ એ સંસાર હતો. સંસાર છૂટી ગયો. જ્ઞાનમાત્રથી જ બંધનનો નિરોધ થઈ ગયો. એકલા આત્માનું ભાન થયું ત્યાં. સમજાણું કાંઈ? એ પુણ્ય અને પાપના પરિણામથી પ્રભુ આત્માની પ્રભુતા ભિન્ન છે, બે એક વસ્તુ નથી એવું જ્યાં અંતરમાં ભાન થયું એ જ્ઞાનમાત્રથી બંધ રોકાઈ ગયો. ભલે બહારમાં વ્રત અને તપ ન હોય સમજાણું? પણ અંતરના સ્વભાવની દૃષ્ટિ થઈ અને સ્વભાવમાં એકાકાર થયો, થયો (ત્યાં) સંસાર રોકાઈ ગયો. આહા..હા..! ત્રણ કષાય હોવા છતાં એનો નથી ઈ.

**'એમ થતાં, જ્ઞાનમાત્રથી જ...'** એમાં વાંધા ઉઠાવે. જ્ઞાનમાત્રનો અર્થ શું પ્રભુ? આત્મા અંદર વસ્તુ આવી એવી અંતર્મુખ થઈને દૃષ્ટિ થઈ, જ્ઞાન થયું, સ્થિરતા થઈ, આનંદ આવ્યો એ બધું જ્ઞાનમાત્રમાં આવે છે. બધું આવ્યું. અનંત ગુણનો અંશ આવી ગયો. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનો અર્થ? અનંત સંખ્યાએ ભગવાનમાં ગુણ છે એટલી બધી સંખ્યાનો અંશ પ્રગટ થઈ ગયો. ભગવાન બહાર પ્રસિદ્ધિમાં આવી ગયો કે હું તો આવો છું. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! જુવાન માણસને આવું બેસતું હશે? જુવાન છે કે દિ' આત્મા? જુવાન છે કે દિ'? જુવાન તો જડ છે, આ માટી. જુવાની તો એને કહીએ, પરમાત્મા કહે છે કે રાગને પોતાનો માનવો એ બાળક છે અને રાગથી ભિન્ન થઈને પોતાના સ્વરૂપનો અનુભવ થવો તે યુવક છે અને કેવળજ્ઞાન પામે તે વૃદ્ધ છે. બરાબર છે? આ માટીની અવસ્થા જુવાન હોય કે વૃદ્ધ હોય એની સાથે શું સંબંધ? આ તો પરમાણુ જડ, ધૂળ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જ્ઞાનમાત્રથી જ...**' શબ્દ પડ્યો છે. આવું એકાંત ન હોય ભગવાનના માર્ગમાં. જ અને પણ જોઈએ. એકે હમણા લખ્યું કે જ અને પણ. ભગવાનના માર્ગમાં જ ન હોય, પણ હોય. અહીંયાં તો સ્વભાવનું ભાન થયું ત્યાં બંધનનો નિરોધ થયો જ. વળી કથંચિત્ બંધ અને કથંચિત્ અબંધ એમ છે નહિ. એ બંધનો ભાવ જરી રાગ રહ્યો એ તો જ્ઞાનનો વિષય જ્ઞેય રહી ગયો. સમજાણું કાંઈ? ભારે કામ ભાઈ! કો'ક એમ કહેતું હતું કે આવી વાત તો તમારે સોનગઢમાં ચાલે હોં! બધે ચાલે છે હવે તો. દસ-દસ હજાર માણસમાં ચાલે છે નહિ? મુંબઈમાં. જયપુરમાં જુઓને વરઘોડો નીકળ્યો હતો તો ૪૦-૫૦ હજાર માણસ. ૬૦ હજાર કહેતા હતા પણ ૪૦ હજાર (હશે). આમ બધે ઓહો..હો..! આ શું? કોણ આવ્યા છે? કોઈ રાજા આવ્યા છે? ૨૧-૨૧ હાથી, ૨૧-૨૧ હાથી. એનામાં ભગવાનનો મોટો લાખ રૂપિયાનો ઓલો આવે છેને? રથ અજમેરનો શેઠનો અહીંયાં લાવ્યા હતા. એટલે આમ જાણે ઓહો..હો..! એવી વાત કરી કે પર્યાય આઠ છે. સંવર, નિર્જરા, મોક્ષ એ નાશવાન છે. દસ હજાર માણસ હતા. શરીર, વાણી તો નાશવાન છે.

મુમુક્ષુ :- ભગવાનના મંદિર નાશવાન છે.

ઉત્તર :- એ તો બહારની વાત નાશવાન. પણ પુણ્ય-પાપનો નાશ અને પર્યાયનો નાશ છે. સંવર, નિર્જરાની ધર્મ પર્યાય પણ નાશવાન છે. આહા..હા..! અવિનાશી તો ધ્રુવ ભગવાન એવોને એવો અંદર છે. એ ધ્રુવ અને અવિનાશી છે. સમજાણું કાંઈ? તેને અહીંયાં આત્મા કહે છે. કહો, ચંદુભાઈ! .. વેપારના લાકડા બહુ મોટા હોય હોં! પણ જાય ત્યાં બે દિ'ને ઠેકાણે પંદર અને વીસ દિવસ થઈ જાય.

મુમુક્ષુ :- કામ જ એવું છે.

ઉત્તર :- કામ જ એવું છે લ્યો.

મુમુક્ષુ :- એ તો બહુ .. તાર કરે ભાઈ ત્યારે અવાય. નહિતર ઓલા આવવા પણ ન દે છોકરાઓ.

ઉત્તર :- મરે ત્યારે ક્યાં રોકશે એને? હાથ જાલી રાખશે? હાથ જાલી રાખો.

મુમુક્ષુ :- આપે કહ્યું છેને જીવ મરતો નથી.

ઉત્તર :- અમદાવાદમાં એવું થયું હતું. અમદાવાદમાં એક પતિ-પત્ની હતા. દીકરો નાનો હતો એ ગુજરી ગયો. જુવાન. હવે એની ઠાઠડી બાંધવી જોઈએને નનામી. તો એની મા બાંધવા ન દે. ઘણા વર્ષની વાત છે. પછી એનો બાપ છોકરાનો,... ઓલો છોકરો મરી ગયો તો પછી ઠાઠડી બાંધવી જોઈએ તો આમ. આ કહે બાંધવા ન દઉં. પછી ડોક્ટર કહે એના બાપને. તો ત્યારે આપણે રાખીએ એને એક પેટી કરીને. તો કહે ના. એ શંકા. ત્યારે શું કરવું છે તારે? બાંધવા દેવો નથી, પેટીમાં રાખવો નથી. મડદું રાખીએ આપણે. ત્યાં

એ છોકરો આવ્યો. ત્યાંની વાત બીજી છે. જરી વૈરાગ્ય થયો જુવાન માણસ અને હાય.. હાય.. આહા..હા..! આ સ્થિતિ! વૈરાગ્ય થયેલો. ભૂતડું વ્યંતર થયો. આવ્યો, હાજર થયો. શું કરવા રોવો છો આટલું બધું? તમે કહો તો ૨૫-૫૦ વર્ષ હું અહીંયાં રહું. એની માને કહે. ના ભાઈ પછી ભૂત થઈને.. પણ હવે હું આવ્યો એ ડરે, મડદાને બાંધવા દેવો નહિ, પેટીમાં રાખવાની ના પાડો. કરવું શું ત્યારે હવે? સમજાણું કાંઈ? છોકરો કહે કે હું ૨૫-૫૦ વર્ષ અહીંયા રહું. વ્યંતર થઈને તરત આવ્યો બાંધતા હતા ત્યાં. ના-ના. અમને તો શંકા પડે. છોકરાઓ ડરે કે આ તો ભૂતડું થઈને આવ્યો. હવે શું કરવું છે તારે? સમજાણું કાંઈ? એય..! ચીમનભાઈ! બધે એવું જ છે હોં! આહા..હા..! અહીં કહે છે કે ભગવાન આત્મા જ્યાં અંતરની ભક્તિ પરમાત્મા પોતાના નિજ સ્વરૂપની જાગી ત્યાં રાગનો અનાદિનો કર્તા થતો હતો એ કર્તાપણાનો નાશ થયો. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- ક્રોધાદિક અને જ્ઞાન જુદી જુદી વસ્તુઓ છે; જ્ઞાનમાં ક્રોધાદિક નથી, ક્રોધાદિકમાં જ્ઞાન નથી.'** વિભાવમાં સ્વભાવ નથી અને સ્વભાવમાં વિભાવ નથી. આહા..હા..! **'આવું તેમનું ભેદજ્ઞાન થાય...'** જુદાપણાનું અંદરમાં જ્ઞાન થાય **'ત્યારે તેમના એકપણારૂપ અજ્ઞાન મટે...'** બે એક છે એવા અજ્ઞાનનો નાશ થાય છે. **'અને અજ્ઞાન મટવાથી કર્મનો બંધ પણ ન થાય. આ રીતે જ્ઞાનથી જ બંધનો નિરોધ થાય છે.'**

## ગાથા-૭૨

कथं ज्ञानमात्रादेव बन्धनिरोध इति चेत्—

णादूण आसवाणं असुचितं च विवरीयभावं च।
दुक्खस्स कारणं ति य तदो णियत्तिं कुणदि जीवो।।७२।।
ज्ञात्वा आस्रवाणामशुचित्वं च विपरीतभावं च।
दुःखस्य कारणानीति च ततो निवृत्ति करोति जीवः।।७२।।

जले जम्बालवत्कलुषत्वेनोपलभ्यमानत्वादशुचयः खल्वास्रवाः, भगवानात्मा तु नित्यमेवातिनिर्मलचिन्मात्रत्वेनोपलम्भकत्वादत्यन्तं शुचिरेव। जडस्वभावत्वे सति परचेत्यत्वादन्यस्वभावाः खल्वास्रवाः, भगवानात्मा तु नित्यमेव विज्ञानघनस्वभावत्वे

सति स्वयं चेतकत्वादनन्यस्वभाव एव। आकुलत्वोत्पादकत्वादुःखस्य कारणानि खल्वास्रावाः, भगवानात्मा तु नित्यमेवानाकुलत्वस्वभावेनाकार्यकारणत्वादुःखस्याकारणमेव। इत्येवं विशेषदर्शनेन यदैवायमात्मात्मास्रवयोर्भेदं जानाति तदैव क्रोधादिभ्य आस्रवेभ्यो निवर्तते, तेभ्योऽनिवर्तमानस्य पारमार्थिकतद्भेदज्ञानासिद्धेः। ततः क्रोधाद्यास्रवनिवृत्त्यविनाभाविनो ज्ञानमात्रादेवाज्ञानजस्य पौद्गलिकस्य कर्मणो बन्धनिरोधः सिद्धयेत्। किंच यदिदमात्मास्रवयोर्भेदज्ञानं तत्किमज्ञानं किं वा ज्ञानम्? यद्यज्ञानं तदा तदभेदज्ञानान्न तस्य विशेषः। ज्ञानं चेत् किमास्रवेषु प्रवृत्तं किं वास्रवेभ्यो निवृत्तम्? आस्रवेषु प्रवृत्तं चेत्तदापि तदभेदज्ञानान्न तस्य विशेषः। आस्रवेभ्यो निवृत्तं चेत्तर्हि कथं न ज्ञानादेव बन्धनिरोधः इति निरस्तोऽज्ञानांशः क्रियानयः। यत्त्वात्मास्रवयोर्भेदज्ञानमपि नास्रवेभ्यो निवृत्तं भवति तज्ज्ञानमेव न भवतीति ज्ञानांशो ज्ञाननयोऽपि निरस्तः।

---

હવે પૂછે છે કે જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ કઈ રીતે છે? તેનો ઉત્તર કહે છે :-

અશુચિપણું, વિપરીતતા એ આસ્રવોનાં જાણીને,  
વળી જાણીને દુખકારણો, એથી નિવર્તન જીવ કરે. ૭૨.

ગાથાર્થ :- [आस्रवाणाम्] આસ્રવોનું [अशुचित्वं च] અશુચિપણું અને [विपरीतभावं च] વિપરીતપણું [च] તથા [दु:खस्य कारणानि इति] તેઓ દુઃખના કારણ છે એમ [ज्ञात्वा] જાણીને [जीव:] જીવ [ततः निवृत्ति] તેમનાથી નિવૃત્તિ [करोति] કરે છે.

ટીકા :- જળમાં શેવાળ છે તે મળ છે-મેલ છે; તે શેવાળની માફક આસ્રવો મળપણે-મેલપણે અનુભવાતા હોવાથી અશુચિ છે (-અપવિત્ર છે) અને ભગવાન આત્મા તો સદાય અતિનિર્મળ ચૈતન્યમાત્રસ્વભાવપણે જ્ઞાયક હોવાથી અત્યંત શુચિ જ છે (-પવિત્ર જ છે; ઉજ્જવળ જ છે), આસ્રવોને જડસ્વભાવપણું હોવાથી તેઓ બીજા વડે જણાવાયોગ્ય છે (—કારણ કે જે જડ હોય તે પોતાને તથા પરને જાણતું નથી, તેને બીજો જ જાણે છે-) માટે તેઓ ચૈતન્યથી અન્ય સ્વભાવવાળા છે; અને ભગવાન આત્મા તો, પોતાને સદાય વિજ્ઞાનઘનસ્વભાવપણું હોવાથી, પોતે જ ચેતક (-જ્ઞાતા) છે (-પોતાને અને પરને જાણે છે-) માટે ચૈતન્યથી અનન્ય સ્વભાવવાળો જ છે (અર્થાત્ ચૈતન્યથી અન્ય સ્વભાવવાળો નથી).આસ્રવો આકુળતાના ઉપજાવનારા હોવાથી દુઃખનાં કારણો છે; અને ભગવાન આત્મા તો, સદાય નિરાકુળતા-સ્વભાવને લીધે, કોઈનું કાર્ય તેમ જ કોઈનું કારણ નહિ હોવાથી, દુઃખનું અકારણ જ છે

(અર્થાત્ દુઃખનું કારણ નથી). આ પ્રમાણે વિશેષ (-તફાવત) દેખીને જ્યારે આ આત્મા, આત્મા અને આસ્રવોનો ભેદ જાણે છે તે જ વખતે ક્રોધાદિ આસ્રવોથી નિવૃત્ત થાય છે, કારણ કે તેમનાથી જે નિવર્તતો ન હોય તેને આત્મા અને આસ્રવોના પારમાર્થિક (સાચા) ભેદજ્ઞાનની સિદ્ધિ જ થઈ નથી. માટે ક્રોધાદિક આસ્રવોથી નિવૃત્તિ સાથે જે અવિનાભાવી છે એવા જ્ઞાનમાત્રથી જ, અજ્ઞાનથી થતો જે પૌદ્ગલિક કર્મનો બંધ તેનો નિરોધ થાય છે.

વળી, જે આ આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન છે તે અજ્ઞાન છે કે જ્ઞાન છે? જો અજ્ઞાન છે તો આત્મા અને આસ્રવોના અભેદજ્ઞાનથી તેની કાંઈ વિશેષતા ન થઈ. અને જો જ્ઞાન છે તો (તે જ્ઞાન) આસ્રવોમાં પ્રવર્તે છે કે તેમનાથી નિવર્ત્યું છે? જો આસ્રવોમાં પ્રવર્તે છે તોપણ આત્મા અને આસ્રવોના અભેદજ્ઞાનથી તેની કાંઈ વિશેષતા ન થઈ. અને જો આસ્રવોથી નિવર્ત્યું છે તો જ્ઞાનથી જ બંધનો નિરોધ સિદ્ધ થયો કેમ ન કહેવાય? (સિદ્ધ થયો જ કહેવાય.) આમ સિદ્ધ થવાથી અજ્ઞાનનો અંશ એવા ક્રિયાનયનું ખંડન થયું. વળી જે આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન છે તે પણ જો આસ્રવોથી નિવૃત્ત ન હોય તો તે જ્ઞાન જ નથી એમ સિદ્ધ થવાથી જ્ઞાનનો અંશ એવા (એકાંત) જ્ઞાનનયનું પણ ખંડન થયું.

ભાવાર્થ :- આસ્રવો અશુચિ છે, જડ છે, દુઃખનાં કારણ છે અને આત્મા પવિત્ર છે, જ્ઞાતા છે, સુખસ્વરૂપ છે. એ રીતે લક્ષણભેદથી બન્નેને ભિન્ન જાણીને આસ્રવોથી આત્મા નિવૃત્ત થાય છે અને તેને કર્મનો બંધ થતો નથી. આત્મા અને આસ્રવોનો ભેદ જાણ્યા છતાં જો આત્મા આસ્રવોથી નિવૃત્ત ન થાય તો તે જ્ઞાન જ નથી, અજ્ઞાન જ છે. અહીં કોઈ પ્રશ્ન કરે કે અવિરત સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વ અને અનંતાનુબંધી પ્રકૃતિઓનો તો આસ્રવ નથી થતો પણ અન્ય પ્રકૃતિઓનો તો આસ્રવ થઈને બંધ થાય છે; તેને જ્ઞાની કહેવો કે અજ્ઞાની? તેનું સમાધાનઃ- સમ્યગ્દષ્ટિ જીવ જ્ઞાની જ છે કારણ કે તે અભિપ્રાયપૂર્વકના આસ્રવોથી નિવર્ત્યો છે. તેને પ્રકૃતિઓનો જે આસ્રવ તથા બંધ થાય છે તે અભિપ્રાયપૂર્વક નથી. સમ્યગ્દષ્ટિ થયા પછી પરદ્રવ્યના સ્વામિત્વનો અભાવ છે; માટે, જ્યાં સુધી તેને ચારિત્રમોહનો ઉદય છે ત્યાં સુધી તેના ઉદય અનુસાર જે આસ્રવ-બંધ થાય છે તેનું સ્વામીપણું તેને નથી. અભિપ્રાયમાં તો તે આસ્રવ-બંધથી સર્વથા નિવૃત્ત થવા જ ઇચ્છે છે. તેથી તે જ્ઞાની જ છે.

જ્ઞાનીને બંધ થતો નથી એમ કહ્યું છે તેનું કારણ આ પ્રમાણે છેઃ- મિથ્યાત્વસંબંધી બંધ કે જે અનંત સંસારનું કારણ છે તે જ અહીં પ્રધાનપણે વિવક્ષિત (-કહેવા ધારેલો) છે. અવિરતિ આદિથી બંધ થાય છે તે અલ્પ સ્થિતિ-અનુભાગવાળો છે,

દીર્ઘ સંસારનું કારણ નથી; તેથી તે પ્રધાન ગણવામાં આવ્યો નથી. અથવા તો આ પ્રમાણે કારણ છે :- જ્ઞાન બંધનું કારણ નથી. જ્યાં સુધી જ્ઞાનમાં મિથ્યાત્વનો ઉદય હતો ત્યાં સુધી તે અજ્ઞાન કહેવાતું હતું અને મિથ્યાત્વ ગયા પછી અજ્ઞાન નથી, જ્ઞાન જ છે. તેમાં જે કાંઈ ચારિત્રમોહ સંબંધી વિકાર છે તેનો સ્વામી જ્ઞાની નથી તેથી જ્ઞાનીને બંધ નથી; કારણ કે વિકાર કે જે બંધરૂપ છે અને બંધનું કારણ છે, તે તો બંધની પંકિતમાં છે, જ્ઞાનની પંકિતમાં નથી. આ અર્થના સમર્થનરૂપ કથન આગળ જતાં ગાથાઓમાં આવશે.

## ગાથા-૭૨ ઉપર પ્રવચન

તો શિષ્યનો પ્રશ્ન છે હવે. 'હવે પૂછે છે કે **જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ કઈ રીતે છે?**' ભગવાન તો જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ ઘણું કહે છે અને તમે કહો છો કે જ્ઞાનમાત્રથી સંસાર નથી રહેતો, બંધ નથી રહેતો. એવો શિષ્યનો અંતરમાંથી પ્રશ્ન આવ્યો કે શું કહો છો તમે આ? પોતાના સ્વરૂપનું રાગથી ભિન્ન ભાન થયું, પોતાના સ્વરૂપનું અજ્ઞાન હતું તેનું જ્ઞાન થયું, પોતાના સ્વરૂપની દૃષ્ટિ નહોતી એ સમ્યગ્દર્શન થયું એટલા માત્રથી બંધન રોકાઈ જાય છે? શાસ્ત્રમાં તો મોટી તપસ્યાઓ (કહી છે), ભગવાને બાર વર્ષ સુધી તપસ્યા કરી. જુઓ! આવે છે કે નહિ? ભગવાન મહાવીર બાર વર્ષ સુખે સૂતા નહિ. એમ ગાય ઓલા બોલે વ્યાખ્યાનમાં. સખે કરીને સૂતા નહિ, ખાધા કરીને ખાધા નહિ, પીધા કરીને પાણી પીધા નહિ. ત્યારે બાર વર્ષે કેવળજ્ઞાન થયું. દુઃખ થાતું હશેને ભગવાનને. તને ખબર નથી. એ તો અંતરના આનંદની લહેરના હિલોળે રમતા હતા. સમજાણું કાંઈ? આહારની ઈચ્છાની ઉત્પત્તિ નહોતી થતી અને એ આહાર આવવાનો જ નહોતો. સમજાણું કાંઈ? એવી અંતરમાં આનંદની લહેર જ્યાં વેણલા વાયા ચૈતન્ય આનંદના એમાં રમતા હતા એ તો. રમતા-રમતા આનંદમાં રમતા કેવળજ્ઞાન થઈ ગયું. દુઃખ થયું અને કેવળજ્ઞાન થયું એમ નથી. ચારિત્ર દુઃખરૂપ છે? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે સુખરૂપ છે કે દુઃખરૂપ છે? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આનંદરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એને જ્ઞાન થયું ત્યાં બંધનો નિરોધ કઈ રીતે થાય છે? એવી જેને અંતરથી જિજ્ઞાસા ઉઠી છે તેને આ ઉત્તર દેવામાં આવે છે. વેઠ તરીકે સાંભળે એને આ ઉત્તર દેતા નથી. કે ચાલો ભાઈ પર્યુષણ છે તો જાવું પડશે. નહિતર તો પછી આપણને કોઈ જૈન નહિ ગણે. ચાલો ભાઈ આપણે જઈએ. સોનગઢના પક્ષમાં છીએ ત્યાં સાંભળો આપણે. એય..! મોહનભાઈ!

કોઈનો પક્ષ નથી. અહીં તો આત્માના પક્ષની વાત છે. આહા..હા..!

કહે છે... શિષ્યનો પ્રશ્ન આ છે. કેમકે છેલ્લે એમ કહ્યુંને? '**આ રીતે જ્ઞાનથી જ બંધનો નિરોધ થાય છે.**' તો એમ કેમ છે? એની ઉત્તરરૂપ ગાથા કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા સુદ-૧૧, મંગળવાર, તા. ૧૯-૦૯-૧૯૭૨
## ગાથા-૭૨, પ્રવચન-૧૬૭

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

પહેલા એ પ્રશ્ન છે કે '**જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ કઈ રીતે છે?**' ૭૧મી ગાથામાં એમ આવ્યું કે પોતાની ચીજની જ્યાં કિંમત થઈ અને અંદર ભાન થયું ત્યારથી એને કર્મનું બંધન રોકાઈ જાય છે. સમજાણું કાંઈ? દૃષ્ટિ રાગ ઉપર અને એક સમયની પર્યાય ઉપર હતી અનાદિ કાળની, એ દૃષ્ટિ આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન એના ઉપર દૃષ્ટિ પડી તો સમ્યગ્જ્ઞાન થયું, ભેદજ્ઞાન થયું તો તેને જ્ઞાનમાત્રથી જ કર્મનો બંધ નિરોધ થઈ જાય છે? મોટી-મોટી વાતું શાસ્ત્રમાં આવે કે આમ પચ્ચખાણ કરવા અને આમ વ્રત પાળવા, આમ તપ કરવા તો કર્મ બંધન અટકે એને આ વાત કેમ બેસે? આ શું કહે છે?

'**હવે પૂછે છે કે જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ કઈ રીતે છે? તેનો ઉત્તર કહે છે :-**' એનો ઉત્તર. બહુ સહેલી ગાથા છે. આ ગાથા તો ઘણીવાર વંચાય છે શહેરમાં બધે.

**णादूण आसवाणं असुचितं च विवरीयभावं च।**
**दुक्खस्स कारणं ति य तदो णियत्तिं कुणदि जीवो।।७२।।**
**અશુચિપણું, વિપરીતતા એ આસ્રવોનાં જાણીને,**
**વળી જાણીને દુઃખકારણો, એથી નિવર્તન જીવ કરે. ૭૨.**

ટીકા. ટીકા છેને ટીકા? '**જળમાં શેવાળ છે...**' શેવાળ-શેવાળ. કાંઈ કહે છેને હિન્દીમાં? અમારે કાઠિયાવાડમાં શેવાળ કહે છે. લીલ-ફુગ. જેમ જળમાં લીલ-ફુગ શેવાળ થાય છે '**તે મળ છે...**' એ જળમાં મળ છે. એ જળનું સ્વરૂપ નથી. '**મળ છે-મેલ છે; તે શેવાળની માફક...**' એ શેવાળની માફક, એ શેવાળની પેઠે. '**આસ્રવો મળપણે-મેલપણે અનુભવાતા હોવાથી...**' આહા..હા..! પુણ્ય અને પાપના ભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો વિકલ્પ જે રાગ અને હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ પાપ રાગ. બેય આસ્રવ, બેય મેલ, બેય મળ. સમજાણું કાંઈ?

'**મળપણે-મેલપણે અનુભવાતા હોવાથી અશુચિ છે...**' અહીંયા શરીરની વાત નથી. કેમકે શરીર તો પોતાની પર્યાય—અવસ્થામાં છે જ નહિ. સમજાણું કાંઈ? અને પોતાની અવસ્થાથી અને અવસ્થામાં શરીર ઉત્પન્ન થયું જ નથી. શરીર તો જડ છે, માટી છે, ધૂળ છે. પોતાથી ઉત્પન્ન થઈ છે, પોતાથી રહી છે. પણ પોતાની પર્યાયમાં પરનું લક્ષ કરીને જે શુભ અને અશુભભાવ થાય છે તે જળમાં શેવાળની માફક મેલ છે. કહો, શેઠ! આ શરીર મેલું એ નહિ. આ તો ગુમડા છે, જડ છે, એ તો પર છે. એ તો આત્મામાં છે જ નહિ. આત્માના દ્રવ્ય-ગુણમાં તો છે જ નહિ, પણ એક સમયની પોતાની અવસ્થામાં પણ શરીર તો છે નહિ. શરીર તો અજીવ થઈને રહ્યું છે. તો એની સાથે સંબંધની વાત નથી. માત્ર પરનું લક્ષ કરીને જે આત્માની વર્તમાન દશામાં શુભ અને અશુભભાવ થાય છે એ બેય જળમાં શેવાળની માફક મેલ, મળ, અશુચિ, અપવિત્ર છે. ભારે વાત ભાઈ! કહો, સમજાણું કાંઈ? છેને સામે જુઓ!

'**શેવાળની માફક આસ્રવો મળપણે-મેલપણે...**' આહા..હા..! અરે! કદી ચીજ આત્મા શું છે એણે જાણી નથી. અને એ પુણ્ય અને પાપના વિકલ્પ અને આ મેલ જે ભાવ એ સ્વરૂપે હું છું એવી દૃષ્ટિ રાખીને દુઃખનો અનુભવ કરનાર પ્રાણી ચોર્યાશીમાં રખડે છે. સમજાણું કાંઈ? એ શેવાળની માફક મેલ અનુભવમાં આવે છે, મેલ અનુભવમાં આવે છે માટે અશુચિ છે. એ વિષયવાસના, કામ, ક્રોધ, દયા, દાન, વ્રત, તપ એ બેય ભાવ મેલ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાનનું સ્મરણ કરવું, ૐ... ૐ... ૐ... ણમો અરિહંતાણં, ણમો જિનવાણી માતા એ ભાવ પણ શુભરાગ મેલ છે. પાપરાગ તો મેલ છે જ. હિંસાનો ભાવ, જૂઠાનો, ચોરીનો, વિષયનો, માન-મર્યાદા પોતાની કેમ રહે એવો ભાવ એ તો પાપ છે. કહો, શેઠ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઉડાડ્યો નથી. નથી એમ કહે છે બસ! એ ભાવ આત્મામાં નથી. છે તો પર્યાયમાં એ મેલપણે અનુભવમાં આવે છે. આહા..હા..! એ અશુચિ છે. અશુચિ છે. આહા..હા..! પાઠમાં ઈ છેને? '**अशुचित्वं**' '**(-અપવિત્ર છે)**' આહા..હા..! ભગવાન આત્મા... જુઓ!

આચાર્ય ભગવાન આત્મા તરીકે બોલાવે છે. ભગવાનજીભાઈ! આહા..હા..! એ શુભ અને અશુભરાગ મેલ, અશુચિ અને અપવિત્ર છે. અને એ મેલપણે જ વેદનમાં, અનુભવમાં આવે છે. એ આત્મા નહિ.

'**ભગવાન આત્મા...**' જુઓ! પંચ મહાવ્રતધારી સંત, ત્રણ કષાયના અભાવવાળા સંત, મુનિ જેને ભવનો અંત છે આહા..હા..! એ કહે છે ભગવાન આત્મા. સમજાણું કાંઈ? પામરને ભગવાન કહે છે. અરે! પરમેશ્વર છો તું ભગવાન છો ભાઈ! તને ખબર નથી. '**ભગવાન આત્મા...**' એમ લીધું છેને? સંસ્કૃત ટીકામાં છે. એ પુણ્ય અને પાપના ભાવની સામે અંદર મેલ રહિત પરમાત્મા અંદર તારી વસ્તુ બિરાજે છે. સમજાણું કાંઈ? '**ભગવાન આત્મા તો સદાય અતિનિર્મળ...**' એ તો અંતર ત્રિકાળ શુદ્ધ આનંદઘન ચૈતન્ય પવિત્રતાનો પિંડ પ્રભુ આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ દેહની અંદર ભિન્ન ભગવાન એ પુણ્ય અને પાપના મેલથી પણ ભિન્ન. આહા..હા..!

એવો '**ભગવાન આત્મા તો...**' ઓલા મેલ સામે કહ્યું છેને. '**સદાય...**' ત્રણે કાળ. અનંત-અનંત પવિત્ર ગુણનો પિંડ પ્રભુ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચાહે તો અભવિનો આત્મા હોય કે સાતમી નરકમાં રવ-રવ નરકમાં હોય, ભગવાન આત્મા તો અંદર પવિત્ર અને શુદ્ધ છે. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા તો ભગ નામ જ્ઞાન અને આનંદની લક્ષ્મી કહેવામાં આવે છે. એ વાન એનું સ્વરૂપ છે. ધવલમાં પણ ભગવાનની વ્યાખ્યા એવી આવે છે. ભગ એટલે જ્ઞાનલક્ષ્મી, અંતર આનંદ લક્ષ્મી એનો વાન—એનું સ્વરૂપ, એનું રૂપ. એ જ્ઞાન અને આનંદ આદિ શુદ્ધ પવિત્ર એનું રૂપ છે. સમજાણું કાંઈ?

સદાય જ. એમ કહે કે કથંચિત્ સદાય નિર્મળ અને કથંચિત્ મલિન એમ કહે? તો અનેકાંત થાય? અનેકાંત માર્ગ છેને ભગવાનનો? અનેકાંતનો અર્થ શું? એ સદાય અતિનિર્મળ (છે) અને મલિનતા એમાં નથી, એ અનેકાંત છે. સમજાણું કાંઈ? આહા..હા..! એકેન્દ્રિયનો જીવ લ્યો! લીલોતરી હોં! વનસ્પતિ. આત્મા જેને કહીએ એ તો ભગવાન પવિત્રનો પિંડ છે આત્મા. પર્યાયમાં અવસ્થામાં રાગ-દ્વેષ અને અજ્ઞાન હોય તે મલિન છે. આ ધર્મીને શું કરવું એ બતાવે છે. સમજાણું કાંઈ?

'**સદાય અતિનિર્મળ...**' 'જ' ત્રણે કાળ અતિનિર્મળ. એકાંત એમ કહે છે. આહા..હા..! ઓલા કહે છે પ્રતિપક્ષ આવે છેને? ગાથામાં ભાઈ! પંચાસ્તિકાયમાં. સત્તાસ્વરૂપ યથાર્થ. એ બોલ ત્યાં પણ આવે છે. ધવલમાં પણ આવે છે. જ્યાં જ્યાં વાત આવે ત્યાં દરેક બોલ પ્રતિપક્ષસહિત છે. એનો અર્થ શું? પ્રતિપક્ષ એટલે? ભગવાન સદા અતિ નિર્મળાનંદ અને પર્યાયમાં પુણ્ય-પાપ એ મળ. એવો પ્રતિપક્ષ છે. એ મળથી રહિત ભગવાન આત્મા છે. એની દૃષ્ટિ કદી કરી નથી. એવા આત્માને કદી જાણ્યો નથી. શરીરને સાબુ લઈને સાફ કરે

આમ. સ્નાન કરે છેને સ્નાન? હવે તો પાણી ઉપરથી પડતું હોય. ફુવારો અથવા આ શું કહેવાય તમારે? ભૂલી ગયા. એ નહિ. આ નળ-નળ. નળમાં પાણી આવે છેને. સાબુ લઈને ગાંડો જોઈ લ્યો. ગાંડો સમજ્યા? પાગલ. જાણે વાળને શું કરું? શું છે પણ આ? ઉપરથી પાણી પડતું હોય, હાથમાં સાબુ હોય. ભાઈ! આ તો માંસ અને હાડકા. એ કાદવની કોઠી ધોયે કાદવ નિર્મળ ન થાય.

મુમુક્ષુ :- શરીરનો મેલ કાઢ્યો, આત્માનો ન કાઢ્યો.

ઉત્તર :- એ તો મેલ છે તો મેલ ક્યાંથી કાઢે? એ તો મેલ જ છે. માટીની કોઠી હોય છેને? સાફ કરતાં-કરતાં શું થાય એમાં? એ માટી વઈ જાશે એમાંથી. એ તો મેલનો પિંડ જ છે. સમજાણું કાંઈ? આ શરીર તો મેલનો પિંડ જ છે. આહા..હા..! અરે! આહા..હા..! કોઈ દિ' કદી વિચાર નથી કર્યો એણે. અહીં તો એ વાત પણ કરતા નથી. કેમકે એ તો પરદ્રવ્યની અવસ્થા. એને મેલ કહો, અશુચિ કહો, પણ એને કાઢવો જ નથી. કારણ કે એમાં ક્યાં છે તે કાઢે? એમાં આત્મા તો છે નહિ. આ તો પર્યાયમાં—અવસ્થામાં શુભ અને અશુભ રાગ ઉત્પન્ન થાય છે પરલક્ષે, પરના આશ્રયે એ મેલ છે અને ભગવાન આત્મા નિર્મળ છે.

મુમુક્ષુ :- આપે તો આજે પર્યાયનું બહુ...

ઉત્તર :- હા,... એ.. ચેતનજી! શું કહે છે? પર્યાયમાં મલિનતા છે એમ જાણ્યા વિના નિર્મળાનંદ ભગવાન કેમ દૃષ્ટિમાં આવશે? સમજાણું કાંઈ? આ શું કહે છે?

આચાર્ય પોતે કહે છે કુંદકુંદાચાર્ય. શુભાશુભભાવ અશુચિ છે, મેલ છે. **'णादूण'** શબ્દ પડ્યો છેને અંદર? જુઓને. પહેલો શબ્દ જ એ છે. **'णादूण'** જાણીને. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! એના ભગવાનની એને ખબર નથી. પોતાની ચૈતન્યનિધિ આનંદનું ધામ પ્રભુ, પવિત્રતાનો પિંડ. આહા..હા..! એકલો ઉજ્વળ પવિત્ર શુદ્ધ આનંદઘન પ્રભુ આત્મા એ આત્મામાં આ રાગાદિ મલિન પરિણામ એમાં છે જ નહિ. સમજાણું કાંઈ? અને એવો વસ્તુ પવિત્ર સ્વભાવ એ પુણ્ય-પાપના અપવિત્ર ભાવને કદી અડ્યો જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ખબર નથી એમને એમ આંધળે આંધળો અનાદિથી ચાલ્યો જાય છે. મહાવ્રતના પરિણામ, દાનનો ભાવ, પરજીવને બચાવવાનો ભાવ બધો રાગ મેલ છે. આહા..હા..!

મુમુક્ષુ :- આસ્રવ તો નથીને?

ઉત્તર :- આસ્રવ કહ્યુંને. એ તો આસ્રવ કહો કે (મેલ કહો). એય..! ભાઈએ પહેલો પ્રશ્ન કર્યો હતોને શરૂઆતમાં. દેવીલાલજી! જેટલો મેલ છે એ પ્રમાણે કર્મનું બરાબર બંધન થાય છે? કહે હા, એ તો એમ જ થાય છે. પણ જેવો ઉદય હોય એવો જ વિકાર થાય છે? એમ નથી. શું કહ્યું સમજાણું કાંઈ? જેટલા પ્રમાણમાં નિર્મળાનંદ ભગવાનને ભૂલીને મલિનતા જેટલા પ્રમાણમાં કરે છે એટલા પ્રમાણમાં જ કર્મનું બંધન મર્યાદિત એટલું આવે

છે. પણ કર્મનો ઉદય હોય, અહીંયાં એમ હોય તો આમ થાય સરખું, પણ કર્મનો ઉદય હોય તો એટલા પ્રમાણમાં વિકાર કરવો પડે એમ નથી. સમજાણું કાંઈ? પહેલા પ્રશ્ન કર્યો હતો ભાઈએ. ટૂંકામાં જવાબ આપ્યો હતો, નહિ? સમજાણું કાંઈ?

બંધનું કારણ જે મેલ એનાથી મારી ચીજ ભગવાન અતિ નિર્મળાનંદ છે એવું અંતરમાં ભેદજ્ઞાન કરવું. એ રાગ મેલ અને સ્વભાવ ભગવાન નિર્મળાનંદ એને જુદા કરવા. **'णादूण'** બેને ભિન્ન જાણવા. એ જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ થાય છે. સમજાણું કાંઈ? વીસ વર્ષની છોકરી હોય. કરોડપતિને ઘરે જન્મી હોય. તો વીસ વર્ષ સુધી તો એમ માને કે અમે કરોડપતિ છીએ... કરોડપતિ છીએ... કરોડપતિ છીએ... શેઠ! દીકરો હોય, દીકરી હોય ઈ એમ માને. પણ જ્યારે એ દીકરીનું સગપણ થયું, અમુક ઠેકાણે ગામમાં છોકરા સાથે સગપણ થયું. સગપણ હોં હજી લગ્ન નહિ. સગપણ કહે છેને? સગાઈ. ત્યાં એને એમ થઈ જાય કે હું કરોડપતિ નથી. એ વર અને ઘર. સમજાણું કાંઈ? જ્ઞાન ફડાક દઈને ફરી જાય છે. હજી રહેશે અહીંયા મા-બાપને ઘરે છ મહિના, બાર મહિના જ્યાં સુધી લગન ન થાય ત્યાં સુધી. પણ એની દૃષ્ટિમાં તો (એમ થઈ જાય) કે ભાઈ વરને પગાર ૩૦૦નો મળે છે. એના પિતા પાસે પચાસ હજાર હુંડી છે. બીજા કોઈ બંગલા બંગલા ઘરના છે નહિ. કાને પડે ત્યાં દૃષ્ટિ ફરી જાય. શેઠ! બરાબર છે? ત્યાંને ત્યાં છે, ત્યાંને ત્યાં રહે એના એ ઘરમાં. હજી ત્યાં ગઈ પણ નથી. પણ આ વર અને આ ઘર. ઓહો..! આ નહિ હવે. એક મા-બાપ આપે અને દે એ જુદી વાત છે. પણ એ મા-બાપ કાંઈ બધું આપી દે નહિ. કાંઈ છોડી કોકને ઘરે જાય એને શેનું આપે? ઘરે છોકરા હોય તો આપે.

મુમુક્ષુ :- ... બદલાઈ ગઈ.

ઉત્તર :- બદલાઈ ગઈ? આહા..હા..! દિલ બદલાઈ ગયું, હૃદય બદલાઈ ગયું. દિલનું હૃદય બદલાઈ ગયું અંદરથી.

એમ ભગવાન આત્મા પુણ્ય અને પાપના મેલરૂપ ભાવથી ભિન્ન છે એવી જ્યાં દૃષ્ટિ પડી ત્યાં દિલ બદલાઈ ગયું. સમજાણું કાંઈ? હું તો આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપી એ હું છું. દિલ બદલાઈ ગયું. હજી રહેશે થોડો વખત. પુણ્ય-પાપના પરિણામ હોય તોપણ એ હું નહિ. સમજાણું કાંઈ? હું તો અનંત આનંદનો કંદ પ્રભુ પરમેશ્વર હું છું, ઈશ્વર હું છું, હું ભગવાન છું. આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાયમાં ભગવાન અલ્પ કાળમાં થવાનો છું. એવું ભેદજ્ઞાન થતાં જ કર્મબંધન રોકાઈ જાય છે. અહીં તો મિથ્યાત્વ સંબંધી બંધનની વાત છેને. એ જ બંધન છે અને પછી થોડો રાગ-દ્વેષ થાય છે અને બંધન થાય એને ગણવામાં આવતો નથી. એ તો જ્ઞેયમાં જાય છે, .. જાય છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? કહો, વીરચંદભાઈ! શું આ ત્યાં તમારે આફ્રિકામાં સમજાતું હશે આવું? નાઈરોબીમાં ત્યાં ચાલતું

હશે આવું? ત્યાં કહે પૈસા કેટલા થયા? દસ લાખ થયા કે વીસ લાખ થયા કે કરોડ થયા. આહા..હા..! ઓલા આવે છેને મોટા પહેરીને બધા આવે છે. આમ પહેર્યા હોય. એય..! શર્ટ-પેન્ટ. જાણે શું છે પણ? જાણે સાધારણ માણસ હોય કૈલાસચંદજી ત્યાં જઈને કરોડપતિ થયા હોય. આમ જાણે અમે શું છીએ! કાંઈ નથી ધૂળેય સાંભળને હવે. આહા..હા..! એય..! ચીમનભાઈ!

મુમુક્ષુ :- પાપ વધારીને આવ્યો.

ઉત્તર :- આહા..હા..! મોટો ફાંદો વધ્યો હોય. એ પહેરે શું કીધું એ? શુટ-શુટ. આમ અને માથે એક આમ. હાથમાં વળી લાકડી-બાકડી રાખી હોય. સોના-રૂપાનું માથે હોયને. શું છે? શું વધ્યું? પાપ વધ્યું છે. આહા..હા..! અરેરે! પ્રભુ તું તારી ચીજ હારી ગયો અને આ પુણ્ય મારા અને પુણ્યના ફળ મારા. મારા પિતાજી કાંઈ મૂકીને નહોતા ગયા અને મેં બાહુબળથી એ સામગ્રી વધારી છે. મારી હુશિયાર થઈને એ આવી છે. હીરાભાઈ! કેમ ચંદુભાઈ! એનામાં હીરાભાઈ હુશિયાર કહેવાય છે. એ નાના ખરાને નાના એટલે. આહા..હા..! આ શું કર્યું તમે? લોઢાના વેપારમાં એટલા પેદા થાય, ફલાણામાં એટલા થાય, ઢીંકણામાં... પેદાશ થયું છે કે ખોટ ગઈ છે તને ખબર નથી. તને ખબર નથી. અંદર ભાવ પુણ્યનો થાય છે ત્યાં પેદાશ નથી પણ નુકસાન છે એમ વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન '**ભગવાન આત્મા તો સદાય અતિનિર્મળ ચૈતન્યમાત્રસ્વભાવપણે...** ' અનુભવમાં આવે છે. બેયમાં અનુભવ લીધો છે. પુણ્ય અને પાપના ભાવ મેલપણે અનુભવમાં આવે છે. ભાઈ! તને ખબર નથી. એ દુઃખ પછી લેશે. એ શુભ અને અશુભભાવ મેલનો અનુભવ છે. આહા..હા..! કહ્યું હતુંને એકવાર નહિ? અમારા ગામનો સુંદર રૂપા ભાવસાર હતો. સુંદર રૂપા ભાવસાર. નાની ઉંમરની વાત છે. આમ ગુંગો કાઢીને નાકનો મોઢામાં નાખે. એવી ટેવ હતી. સુંદર રૂપા નામ હતું. નાત ભાવસાર, ધર્મ સ્થાનકવાસી. અમે ભેગા ભણતા, સાથે બેસતા. દાંત વચ્ચે દબાવે અને જીભનું ટેરવું અડાડે ત્યારે એને સખ આવે. એમ આ ભગવાન સુંદર રૂપા. એ... તું શું કરે છે આ? એ વખતની વાત છે. આ તો ૭૦ વર્ષ પહેલાંની વાત છે. એલા સુંદરજી! આ શું કરે છે તું? ભાઈ! મને ટેવ પડી ગઈ છે હોં! ટેવ પડી ગઈ છે. એક જ્યાં ગુંગો કાઢે ત્યાં બીજો આમ ફેરવે મોઢું બીજા ત્યાં બીજો કાઢે. અરે..! શું કરે છે તું આ? એ તો નામનો દાખલો છે.

પણ સુંદર રૂપ જેનું ભગવાન આત્મા નિર્મળાનંદ એને ભૂલીને એક પાપનો ગુંગો કાઢે અને એક પુણ્યનો કાઢે એનો સ્વાદ લે ત્યારે એને સખ આવે. એય..! શેઠ! બેય મેલ છે. ૪૦-૫૦ લાખ હોય અને ૫૦ હજારનું દાન દે. ખુરશી મોઢા આગળ બેસાડે. આવો આવો શેઠ. ખુશી થઈ જાય કે આપણે કાંઈક વધી ગયા છીએ. ધૂળમાંય નથી સાંભળને. એ દાન

તો જડની પર્યાય એ તારી દીધી દેવાતી નથી. તારાથી દેવાતુ-લેવાતુ નથી, એ તો જડ છે. અને એ તારી ચીજ પણ નહોતી. ફક્ત તને રાગની મંદતા થઈ હોય તો શુભભાવ થયો. છે મેલ. આહા..હા..!

**'અતિનિર્મળ ચૈતન્યમાત્રસ્વભાવપણે...'** અનુભવમાં આવનારો આત્મા તો એવો છે કહે છે. આહા..હા..! પર્યાયમાં અનુભવાય છે એમ કહે છે. આનંદ અને જ્ઞાનરૂપ અનુભવમાં આવે છે પવિત્રતાનો અનુભવ એ આત્મા. મેલરૂપ અનુભવમાં આવે છે એ આત્મા નહિ, એ તો આસ્રવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ સર્વજ્ઞ પરમાત્માની દિવ્યધ્વનિમાં હુકમ આવ્યો, ભાઈ! પ્રભુ! તું તો અતિનિર્મળ છોને નાથ! આ પુણ્ય-પાપના પરિણામ તારા નથી. એ તો ગુંગો છે, નાકનો મેલ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમ કાઢે છેને.. નાકમાંથી કાઢે છે કે નહિ? એ તો છોડવાલાયક છે. આહા..હા..! એય..! ચીમનભાઈ! ભારે વાતું ભાઈ!

**'અતિનિર્મળ ચૈતન્યમાત્રસ્વભાવપણે જ્ઞાયક હોવાથી અત્યંત શુચિ જ છે...'** આવો પવિત્ર ભગવાન છે. ભગવાન તો ઉજ્જ્વળ છે. એમ **'णादूण'** પુણ્ય અને પાપના ભાવ મેલ છે અને હું નિર્મળાનંદ ભગવાન છું એમ બે વચ્ચે ભેદજ્ઞાન કરીને જે આત્માને જાણ્યો એ **'णियतिं कुणदि जीवो'** એનાથી નિવૃત્ત થાય છે. એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ધર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ? બાયડી-છોકરા છોડીને, દુકાન છોડીને, ધંધો છોડીને બેઠો બાવો થઈને માટે એને નિવૃત્તિ છે એમ નહિ એમ કહે છે.

મુમુક્ષુ :- નોકરીમાંથી .. એને નિવૃત્તિ...

ઉત્તર :- એ વાતું હવે ન ચાલતું પછી વકીલ જેવા એમ પણ કહે કે હમણા અમે વકીલાત છોડી દીધી. ચાલતી ન હોય મૂળ તો. એય..! જેઠાભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. સાધારણ પુણ્ય હોય તો ચાલે પણ નહિ. એવા ઘણા જોયા છેને. એ બોલે કે હમણા નોકરીએથી નિવૃત્ત થયા છીએ. પણ ચાલતું જ ન હોય, પુણ્ય જ ન હોય તો ચાલે શેનું? રામજીભાઈને ઘરે સામા જાતા હતા લેવા. એ કહે હવે નહિ... હવે નહિ... ઓલાના ઘરે આવતું ન હોય. કેસ પણ આવતો ન હોય. સમજ્યાને? ઓલા ઝવેરભાઈ હતાને આપણા લ્યોને. ઝવેરભાઈ નહિ? રાજકોટ. ઊંચા એવા ને... કોઈ ઘરાક જ જાતું નહિ. માંડ માંડ એના ઓલાને કહે .. કોઈ કામ હોય તો મને અસીલ. ... આહા..હા..! પછી અમારે હમણા તો એમ કે નિવૃત્તિ લીધી છે. ચાલતું નથી માટે નિવૃત્તિ લીધી છે. સમજાણું કાંઈ? એય..! શેઠ! એના છોકરા-બોકરાને સોંપીને નિવૃત્તિ લઈને બેઠા છે નિવૃત્તિ લઈને. નિવૃત્તિ કાંઈ નથી. એ હાથમાં રાખી છે ઓલી પડાઈ. પડાઈ હાથમાં દોર રાખીને

ઉડે. બેય ભાઈઓ અહીં રહે પણ શેઠને ત્યાં શું ચાલતું હોય બધું એને ખબર લાવે કાગળમાં. કેમ છે, કેમ થયું. આહા..હા..! એ અમારે ત્યાં પણ એમ થાતું. આ કુંવરજી અને આણંદજી ત્યાં દુકાને. શરીરનું ઠેકાણું ન રહ્યું. ઉપાડીને બેસાડે ત્યારે બેસતો. પણ દુકાન ઉપર આવે. દુકાન મોટી. ૫૦૦-૫૦૦, ૭૦૦-૭૦૦ની પેદાશ એક દિવસની. એટલે આમ મોટો આહા..હા..! કાગળ વાંચે તો ખુશી થાય. કરી ન શકે તોય. શેઠ! આહા..હા..! શેમાં ખુશી થા છો તને ખબર નથી. આહા..હા..!

અહીં તો પાપના પરિણામમાં રાજીપો એ તો મિથ્યાત્વભાવ છે પણ પુણ્ય પરિણામમાં રાજીપો એનું નામ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પુણ્ય-પાપથી તો રહિત છે. નવ તત્ત્વ છે કે નહિ? તો પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, જીવ તત્ત્વ એમ જુદાં-જુદાં છે કે નહિ? નવ કેમ રહ્યા? આહા..હા..! કાંઈ ખબર ન મળે. આહા..હા..! જૈનમાં જન્મ્યા. કરો આ સામાયિક, કરો આ પડિક્કમણા, પોષા ને જાત્રા-બાત્રા કરો. આહા..હા..! કહે છે કે તારી જાત્રા એમાં આવતી નથી. ભગવાન અતીન્દ્રિય આનંદનો નાથ અંતર પવિત્ર ભગવાન છે એની ઉપર આરૂઢ થઈને આસ્રવને ભિન્ન કરી દે. સમજાણું કાંઈ? એ તારું સમ્યગ્દર્શન-જ્ઞાન એ તારો ધર્મ છે. પંડિતજી! ભારે ભાઈ. આ પર્યુષણમાં તો ધમાલ ચાલતી હોય. રાગ મંદ કરવા માટે હોય છે. અપવાસ હોય. રાગ મંદ કરવાની ચીજ છે. પણ એમાં ધર્મ માની લે એ વાત નથી. પૂજા, ભક્તિ, આદિ ભાવ આવે છે પણ એની મર્યાદા પુણ્ય જેટલી છે. અને એ પુણ્ય અપવિત્ર છે. સમજાણું કાંઈ?

એમ '**णादूण**'. પુણ્ય અને પાપનો મેલ છે અને ભગવાન અમેલ છે. નિર્મળાનંદ છે અમેલ એટલે. એના સ્વરૂપ તરફનો આશ્રય લઈને જ્યાં ભેદજ્ઞાન થયું. બસ, સમ્યગ્જ્ઞાન થયું કે હું તો આ છું. રાગ પણ નહિ અને પર્યાયની અલ્પતા એટલો પણ હું નથી. એને કર્મબંધન થતું નથી. સંસાર રોકાઈ ગયો, આખો સંસાર જ્ઞાનીને રોકાઈ ગયો. સમજાણું કાંઈ? આહા..હા..! આ વસ્તુની ખબર નહિ અને ઉપરથી માને કે આ ધર્મ ને આ ધર્મ ને આ ધર્મ. '**णादूण**' છેને? એ બેનો '**णादूण आसवाणं असुचितं**' અને '**णियतिं कुणदि जीवो**' ભગવાન આત્મા એ પુણ્ય અને પાપના મેલથી પાછો ખસીને સ્વભાવ સન્મુખ થાય છે એ પ્રવૃત્તિ પોતામાં કરે છે. અહીંયાંથી નિવૃત્તિ કરે છે. શુભ-અશુભભાવથી નિવૃત્તિ અને ચૈતન્ય ભગવાન નિર્મળાનંદમાં પ્રવૃત્તિ. એનું નામ ભેદજ્ઞાન અને સમ્યગ્જ્ઞાન છે. આહા..હા..! એ શીખ્યો થોડું હોય અને શાસ્ત્ર ન આવડતું હોય એની સાથે સંબંધ નથી. સમજાણું કાંઈ? લ્યો એક બોલ થયો.

જ્ઞાનમાત્ર '**णादूण**' જ્ઞાન ભાન થયું. આહા..હા..! માસીનો દીકરો જ હોય સગ્ગો. સમજ્યા? માસી હોય છેને માસી? માસી નથી કહેતા? મૌસી. માતાની બહેન માસીનો દીકરો હોય,

પણ બહુ દૂર રહેતો હોય અને કદી મળ્યો ન હોય અને મુંબઈ જેવા ગામમાં ફરવા જતો હોય અને હરવખતે મળતો હોય પણ ખબર ન હોય કે આ કોણ છે. પછી એક ઠેકાણે બેઠા હોય. ભાઈ ક્યાં તમારે? કે અમારે .... કોના દિકરા? ફલાણા. હેં! ત્યારે તો માસીના દીકરા. ખબર પડી ત્યાં અંદરથી પ્રેમ જુદો પડ્યો. નહિતર તો આમ.. આમ ઘણીવાર બને છે. ઘણા કુટુંબ બહુ દૂર હોય એને કાંઈ ખબર પણ ન હોય કે માસીનો દીકરો ક્યાં છે. હેં! આ તો માસીનો દીકરો. તમે ક્યાનાં? ફલાણાના. અરે..! તમે માસીના દીકરા. આપણે તો અહીં રોજ આવીએ છીએ, ભેગા થઈએ છીએ. ભાઈ! ખબર વિના શું કરે? એય..! એમ પુણ્ય અને પાપ વિનાની પ્રભુ ચીજ અંદરમાં સમીપમાં પડી છે. પરિચય કર્યા વિના એનું ભાન થયું નહિ. સમજાણું કાંઈ? અરે આ! અરે એ તો હું. આ રાગને જાણનારો, પુણ્યને જાણનારો, પાપને જાણનારો એ જાણનારો જ છું. સમજાણું કાંઈ? એવું જ્ઞાન '**णादूण**' થતાં કર્મબંધ રોકાઈ જાય છે. એ એક બોલ થયો.

બીજો. છેને? '**विवरीयभावं**' '**આસ્રવોને જડસ્વભાવપણું હોવાથી...**' આહા..હા..! આ શરીર જેવું જડ છે અચેતન એવો પુણ્ય અને પાપનો ભાવ અચેતન-જડ છે. કેમકે ચૈતન્ય ભગવાનનું જ્ઞાનનું કિરણ એ રાગમાં આવતું નથી. સૂર્યનું કિરણ તો સફેદ હોય છે. કોલસાનો કણ એમાંથી નીકળે? સમજાણું કાંઈ? એમ પુણ્ય અને પાપની વૃત્તિ... આહા..હા..! જે ભાવથી મહાવ્રત પાળે, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ એ શુભભાવ, કહે છે કે એ તો જડ છે. આહા..હા..! એમાં તારી ચૈતન્ય વસ્તુનો અંશ નથી. સમજાણું કાંઈ? '**આસ્રવોને જડસ્વભાવપણું...**' સ્વભાવપણું એમ લીધું છે. જડસ્વભાવપણું. ઓહો..હો..! વ્યવહારરત્નત્રયના પરિણામ જડસ્વભાવ. ગજબ વાત છે, ભાઈ! એય..! અને અહીં કહે કે વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થશે. જડ કરતાં-કરતાં આત્મા થશે (એમ નથી). આકરી વાત છે. પંડિતજી! છે શેઠ? પુણ્ય અને પાપના ભાવ જડસ્વભાવપણું. પરમાણુ નહિ, પણ એમાં ચેતનતા નથી. ચૈતન્યમૂર્તિ પ્રભુ જ્ઞાનનો પૂંજ આત્મા એનું કિરણ એમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ જ્ઞાનની અવસ્થા નહિ, આત્માની અવસ્થા એ નહિ પુણ્ય અને પાપ એમ કહે છે. આહા..હા..!

એ શુભ અને અશુભભાવ જડ સ્વભાવપણે હોવાથી '**તેઓ બીજા વડે જણાવાયોગ્ય છે...**' એ રાગ પોતાને જાણતો નથી, રાગ બીજાને જાણતો નથી. રાગ બીજા વડે જણાય છે. આહા..હા..! બીજા દ્વારા નામ રાગથી ભિન્ન ભગવાન જ્ઞાનસ્વરૂપ એનાથી જણાય છે કે આ રાગ છે. એ કારણે રાગ પંચ મહાવ્રતના પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિ, અરે ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ રાગ અચેતન છે, જડ છે. આહા..હા..!

મુમુક્ષુ :- વ્યવહારરત્નત્રયમાં તો દ્વાદશાંગ જ્ઞાન લીધું એ પણ જડ છે?

ઉત્તર :- વિકલ્પ છે એ જડ જ છે. કહો, સમજાય છે કે નહિ એય..! ચંપકભાઈ!

સમજાય છે આ? એ .. લોઢાના વેપારમાં પૈસા પેદા થાય છે. ગરી જાય અંદર. આહા..હા..! ચૈતન્ય ભગવાન ચૈતન્યસ્વભાવી પ્રભુ, એ આત્મામાં જેટલા પુણ્ય અને પાપના રાગ વિકલ્પ ઊઠે છે એ જડ છે. એક તો વર્તમાનમાં ચૈતન્ય એમાં નથી માટે જડ, એનું ફળ પણ બંધન જડ અને એનું ફળ પણ સંયોગ એ પર. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન! અરેરે! આવા મનુષ્યદેહ ચાલ્યા જાય છે. મૃત્યુની સમીપમાં દેહ જાય છે. ૫૦-૫૦, ૬૦-૬૦ નીકળી ગયા એને કાંઈ એટલા કાઢવાના નથી. અરે..! આ ચીજ શું છે તારી ચીજ? કહે છે કે ભગવાન આનંદકંદ પ્રભુ ચૈતન્યમૂર્તિની પર્યાયમાં જેટલા એ પુણ્ય અને પાપના ભાવ જે દેખાય છે એ દેખનાર વસ્તુથી એ ભિન્ન છે માટે એ અચેતન છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે ભાવ જડ છે. આહા..હા..! રાડ નાખે. શું છે?

નિર્મળાનંદ ભગવાન ચૈતન્ય સ્વરૂપી પ્રભુ છેને. એના દ્રવ્ય-ગુણ તો આવતા નથી, પણ પર્યાય એની, જ્ઞાનની પર્યાયની અવસ્થાનો અંશ રાગમાં છે? નથી. ચૈતન્ય ભગવાનથી તો રાગ વિપરીત છે. વિપરીત શબ્દ પડ્યો છેને. સમજાણું કાંઈ? ઓહો..! વ્યવહારરત્નત્રયનો રાગ ચૈતન્ય સ્વભાવથી વિપરીત જડ છે. શુભોપયોગ એ શુભરાગ. આહા..હા..! પણ ઓલામાં આવેને. જ્યાં લગી એમ કે શુદ્ધ ઉપયોગ ન થાય ત્યાં સુધી શુભકરણી એ આવે છે. સ્તુતિમાં આવે છેને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના ના. એ તો જ્યારે .. શુદ્ધ ઉપયોગ ન હોય ત્યારે એ શુભ અંદર થાય છે. પણ છે ઈ જડ. એય..! અજ્ઞાનીની તો અહીં વાત પણ નથી. અહીં તો '**णादूण**'ની વાત છેને. જેણે પુણ્ય અને પાપના ભાવને અચેતન જાણ્યા, એ પોતાને નહિ જાણનારો એ બીજા વડે જણાય એવા છે. છેને?

'**(—કારણ કે જે જડ હોય તે પોતાને તથા પરને જાણતું નથી,...**' આહા..હા..! એ શુભરાગની સમીપે પરમાત્મા પોતે એને રાગ જાણતો નથી, રાગ પોતાને જાણતો નથી. સમજાણું કાંઈ? ઝીણું છે ચીમનભાઈ! આ બહારના પુણ્યને લઈને બધું ઓલું થઈ જાય બહારમાં. આ મહાપુરુષાર્થ છે. આ કાંઈ આલીદુઆલીનો માર્ગ નથી સાધારણ કે મળી જાય. એય..! ગીરધરભાઈ! આહા..હા..! અરે! જન્મ-મરણના ભવોદધિ સંસારમાં ડૂબકા ખાતો ચોર્યાસીના અવતારમાં. તરવું હોય અને નીકળવું હોય તો આ સમજવું પડશે. સમજાણું કાંઈ? તારા લાખ ને કરોડ ને અબજ રૂપિયા ધૂળમાંય કામ નહિ આવે, સાંભળ તો ખરો. ધૂળમાં એટલે? આ શરીરમાં રોગ આવ્યો તો એ લક્ષ્મી નહિ કામ આવે. લક્ષ્મી બહુ પડી હોય. શરીરમાં રોગ થયો એવો.. આહા..હા..!

સનતકુમાર ચક્રવર્તી દીક્ષિત થયા પછી ગળતકોઢ (થયો). એ તો અઘાતિની ચીજ ઉદયમાં

આવે તે સંયોગ હોય. સ્વભાવને એ વિઘ્નકર્તા નથી. આહા..હા..! ૮૦૦ વર્ષ રોગ રહ્યો. ચક્રવર્તીમાં પુણ્ય, દીક્ષા લીધી પછી રોગ થયો. અઘાતિ કર્મના સંયોગનો ઉદય આવે તો એ ચીજ બનો, એમાં આત્માને શું થયું? અને અઘાતિની અનુકૂળ અને નિરોગતા જિંદગીભર રહો કે જેને રોગ પણ કદી ન થયો હોય અને સુંઠ પણ કોઈ દિ' ચોપડી ન હોય. સુંઠ-સુંઠ. માથુ કદી દુઃખ્યું નથી. અમે તો ૬૦ વર્ષમાં સુંઠ પણ નથી ચોપડી. તો શું થયું પણ? સમજાણું કાંઈ? એમાં થયું શું? તને શું થયું? તને તો અભિમાન થયું કે મેં આમ રાખ્યું, શરીરને મેં આમ રાખ્યું. ધૂળેય નથી રાખતો. સાંભળ તો ખરો. આહા..હા..! અહીંયાં તો પુણ્ય-પાપની રક્ષા કરવા જાય તો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

આવો ધર્મ ભગવાનનો હશે? વીતરાગમાર્ગ તો ભાઈ અપવાસ કરે, ચોવિહાર કરે, કંદમૂળ ન ખાય, પાંચપરબી પાળે. એય..! અહીં તો કહે છે કે એ બધા શુભરાગ હો ભલે ક્રિયાકાળમાં, પણ એ તારી ચીજ નથી. એનાથી તને નુકસાન છે, પણ લાભ નથી. આહા..હા..! ભગવાનજીભાઈ! આવું નાઈરોબીમાં સંભળાય.. શું કહેવાય તમારું? મોમ્બાસા. ત્યાં તો સાંભળવા પણ મળે નહિ. બધા ચોપડે માખણ. શેઠસાહેબ! શેઠસાહેબ! ઓહો..હો..! દોઢ લાખની ઉપજ ભાડાની. કેટલાય મકાન શેઠને. ભગવાનજીભાઈને. મોમ્બાસામાં દોઢ લાખ ઉપજે એટલા તો મકાન. ભાડા ભાડા સમજ્યા. ઓછું કરી નાખ્યું, બહુ ઉપજે નહિ. ધૂળમાંય નથી. આહા..હા..! આખી દુનિયા પડી છે, ભાઈ! તારે માનવું છેને કે આ મારું છે. પણ છે ક્યાં?

અહીંયાં તો પુણ્ય-પાપના પરિણામને મારા માનનારો મૂઢ છે એમ કહે છે. ચૈતન્ય ભગવાન જડને પોતાનું માને? આહા..હા..! એય..! અને એનાથી પોતાની અધિકતા, શોભા અને સુંદરતા દેખે! આહા..હા..! એ શુભ અને અશુભભાવ પોતાને જાણતા નથી, પરને જાણતા નથી. અરે! એને બીજો જ જાણે છે. ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ, આ રાગ છે એમ જ્ઞાન જાણે છે. રાગમાં તો જાણવાની તાકાત નથી.

'**માટે તેઓ ચૈતન્યથી અન્ય સ્વભાવવાળા છે;...**' કોણ? શુભ-અશુભભાવ. ચૈતન્ય ભગવાનના સ્વભાવથી અન્ય સ્વભાવવાળા છે. વિપરીત-વિપરીત. આહા..હા..! ભગવાન આત્માનો સ્વભાવ જાણન-દેખન આનંદ એનાથી એ પુણ્ય-પાપના ભાવ તો વિપરીત છે. એ વિપરીત ભાવથી આત્મામાં કલ્યાણ થશે (એમ નથી) આહા..હા..! ભારે કામ ભાઈ! પર્યુષણમાં ઝાઝા માણસ હોયને કાંઈક હળવું દેવું જોઈએ. આ હળવું જ છે. પચે એવું આ જ છે. તારો સ્વભાવ જ એવો છે. ત્રણ કાળ ત્રણ લોકમાં તારી ચીજ એવી છે. રાગથી ભિન્ન થઈને પોતાનો સ્વભાવ રાગરૂપ, જડરૂપ નથી એવું અંતરમાં ભેદજ્ઞાન કરવું એનું નામ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને ધર્મ છે. એ વિના બધું થોથેથોથા છે. શુભ કરો, કરતાં-કરતાં શુદ્ધ થઈ જશે. ધૂળમાંય નહિ થાય, સાંભળ તો ખરો. આહા..હા..! મૂર્ખ છે

મોટો. શુભરાગ તો જડ છે. જડથી ચૈતન્યની જાગૃતિ થશે? સમજાણું કાંઈ? વસ્તુની ખબર નથી.

**'અન્ય સ્વભાવવાળા છે;...'** ઓહો..હો..! ભગવાનને આહાર દેવાનો ભાવ. ભગવાન પણ જ્યારે છદ્મસ્થ હતાને, તીર્થંકર છદ્મસ્થ હતા ત્યારે આહાર લેતા હતાને. ભગવાનને આહાર દેનારનો ભાવ પણ શુભરાગ અને જડ છે. એય..! જેઠાલાલભાઈ! આહા..હા..! એમ ભગવાન કહે છે. એવો સ્વભાવ તારો છે, પ્રભુ! તને ખબર નથી. સમજાણું કાંઈ? **'णादूण'** હવે જ્ઞાન તો કર બે વચ્ચેની ભિન્નતાનું. આહા..હા..! બે ચીજ ભિન્ન છે. એ કાચના કટકામાં હીરો પડ્યો છે એ ભિન્ન છે. એ કાચના કટકા હીરા નથી. એમ પુણ્ય અને પાપ અસંખ્ય પ્રકારના એ કાચની જેમ જડ છે. તારો ચૈતન્ય ભગવાન (જુદો છે). જુઓ!

**'ભગવાન આત્મા તો,...'** એમ લીધું છેને? બીજી વાર આવ્યું. **'ભગવાન આત્મા તો,...'** આહા..હા..! **'પોતાને સદાય વિજ્ઞાનઘનસ્વભાવપણું હોવાથી,...'** એ તો વિજ્ઞાનઘન સ્વભાવ પોતાનો છે. વિજ્ઞાનઘન. જેમ શિયાળાના દિવસોમાં ઘી પહેલાં તો કઠણ થતા હતાને કઠણ. હવે આ બધી ગડબડ થઈ ગઈ. શું કહેવાય? એમાં નાખે છે કાંઈક વનસ્પતિનું. વેજીટેબલ. આહા..હા..! પહેલાના ઘી શિયાળાના દિવસોમાં આંગળી તો શેની પેસે એમાં? પણ ખુરપા-ખુરપા, અમારે ત્યાં તાવેથો કહે છે (એ પેસે નહિ). એમ ભગવાન આત્મા ત્રણ કાળ ત્રણ લોકમાં વિજ્ઞાનઘન પિંડ છે. એમાં આ પુણ્યના પરિણામ પ્રવેશ નથી કરતા. સમજાણું કાંઈ? આહા..હા..! પોતાની ચીજની ખબર નથી અને બીજાની કિંમત ટાંકવા નીકળી ગયો. આહા..હા..!

કહે છે કે પોતાને ભગવાન આત્મા **'પોતાને સદાય વિજ્ઞાનઘનસ્વભાવ...'** પ્રવાહરૂપ પરિણતિ પણ નહિ અહીં તો કીધું. આહા..હા..! વિજ્ઞાનઘનસ્વભાવ એ તો ત્રિકાળ. જ્યારે એ રાગ પુણ્ય પરિણામથી અચેતનથી પોતાને ભિન્ન દેખે તો વિજ્ઞાનઘન ઉપર દૃષ્ટિ પડતાં વિજ્ઞાનઘનની પર્યાય પરિણતિ થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે કામ ભાઈ! આ જૂના માણસે સાંભળ્યું હોય કાંઈક અને એવું અહીં સાંભળેને (તો એને) એવું લાગે કે આ તે શું કહે છે આ બધું? 'જૂનો ધર્મ જો જાણી મેરે સંતો જૂનો ધર્મ.' આ તો જૂનો ધર્મ છે. સમજાણું કાંઈ?

**'વિજ્ઞાનઘનસ્વભાવપણું હોવાથી, પોતે જ ચેતક (-જ્ઞાતા) છે...'** એ પોતાને પોતાથી જાણે છે. એ રાગને પણ જાણનારો છે. એનું નામ આત્મા છે. રાગને પોતાનો માને અને રાગ કરે એવો સ્વભાવ નથી. આહા..હા..! બે વચ્ચે ભેદજ્ઞાન કરીને **'(-પોતાને અને પરને જાણે છે-) માટે ચૈતન્યથી અનન્ય સ્વભાવવાળો જ છે...'** ભગવાન તો જાણનસ્વભાવથી અનન્ય નામ અભેદ છે. પુણ્ય-પાપના ભાવ તો આત્માના સ્વભાવથી ભિન્ન જડ છે. આ ચૈતન્ય સ્વભાવથી અનન્ય તન્મય છે. તેને અહીંયા આત્મા કહે છે. એવા આત્મા અને પુણ્ય-

પાપની વચ્ચે ભેદજ્ઞાન કરવું, **'णादूण'** આત્માને એવો જાણવો એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. સમજાણું કાંઈ? '**(અર્થાત્ ચૈતન્યથી અન્ય સ્વભાવવાળો નથી).**' એ પુણ્ય-પાપના ભાવ તો ચૈતન્યસ્વભાવથી અન્ય સ્વભાવવાળા હતા. આ ચૈતન્યસ્વભાવથી અન્યવાળો નથી. સ્વભાવ વિજ્ઞાનઘન છે, ચૈતન્યસ્વભાવથી અન્ય કેમ હોય? એવું બે વચ્ચે જ્ઞાન કરતા જ્ઞાનમાત્રથી કર્મબંધન રોકાઈ જાય છે. સ્વામીપણું છૂટી ગયું, ચૈતન્યનો સ્વામી થયો.. બંધન છૂટી ગયું.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા સુદ-૧૨, બુધવાર, તા. ૨૦-૦૯-૧૯૭૨
## ગાથા-૭૨, પ્રવચન-૧૬૮

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

આ સમયસાર, કર્તાકર્મ અધિકાર. ૭૨ ગાથા ચાલે છે. ૭૨-૭૨ કહે છેને? આસ્રવ અને આત્માને ભિન્ન જાણવો તે સમ્યગ્જ્ઞાન છે. આત્માનું ઈ કર્તવ્ય છે. પ્રથમમાં પ્રથમ કરવાલાયક હોય તો આસ્રવથી ભિન્ન પોતાની ચીજ જે આનંદ ભગવાન સ્વરૂપ એને ભિન્ન પાડીને અનુભવ કરવો એ જ આત્માનું પ્રથમ કર્તવ્ય છે. ઈ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી વચ્ચે શુભભાવ આવે, પણ પ્રયત્ન તો પહેલા એ કરવો. સમજાણું કાંઈ? શુભભાવથી મારી ચીજ અંતર સ્વરૂપ ભિન્ન છે. બે બોલ લીધાને? આસ્રવ જે પુણ્ય અને પાપના ભાવ શુભ-અશુભ છે એ જળમાં શેવાળની પેઠે મેલ છે. ભગવાન આત્મા અતિ નિર્મળાનંદ ચૈતન્ય-દરિયો શુદ્ધ પવિત્ર છે. એમ બે વચ્ચે અંતર્મુખ દૃષ્ટિ કરીને બહિર્મુખથી ખસવું એ જ પહેલું સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સ્વભાવિક ક્રિયા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ત્યારે તે સુખના પંથે પડ્યો, નહિતર દુઃખને પંથે છે. આહા..હા..!

આસ્રવ અને જડનું દૃષ્ટાંત આપ્યુંને? બીજું દૃષ્ટાંત આપ્યું કે એ આસ્રવ જડત્વ છે. ભગવાન

આત્મા ચૈતન્ય સ્વભાવ હોવાથી ચૈતન્ય સ્વભાવથી અનન્ય નામ અનેરો નથી. એ છે. ચૈતન્ય સ્વભાવવાળો ભગવાન આત્મા છે અને શુભ-અશુભ પરિણામ તો જડત્વ સ્વભાવ. પર દ્વારા જાણવાલાયક, પર એને જાણે, એનામાં જાણવાની શક્તિ નથી. એવું જડત્વ... જગતને એ શુભભાવની વાત ખુંચે છે. આજે ઈ આવ્યો છે કે ભાઈ! શુભ તો કરો. કરવું વાત આવે છે એ બરાબર છે. પણ જ્યાં સુધી શુભ કરવાલાયક એવી માન્યતા છે ત્યાં સ્વભાવ સ્વરૂપનો અનાદર થાય છે. સમજાણું કાંઈ? આવે છે એ વાત જુદી. પણ આવે છે એ પ્રયત્ન... એ આવે છે તો એ ઠીક છે એવી માન્યતાવાળો એ શુભભાવથી ખસીને અંતરમાં જવાનો પ્રયત્ન તો કરે નહિ. અને અંતરમાં જવાના પ્રયત્ન વિના ભેદજ્ઞાન થતું નથી, સમ્યગ્દર્શન થતું નથી, ધર્મની શરૂઆત થતી નથી. આમ વાત છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હોય છે, પુણ્યબંધ હોય છે. અબંધ સ્વભાવીને બંધ થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

બે બોલ કહ્યા હતા, આજે ત્રીજો બોલ. '**આસ્રવો આકુળતાના ઉપજાવનારા હોવાથી...**' શું કહે છે? ભગવાન આત્મા શુદ્ધ આનંદઘન પ્રભુ આત્મા, એમાં જે પુણ્ય અને પાપની ઉત્પત્તિ વિકલ્પની, રાગની થાય છે તે આકુળતાને ઉપજાવનારી છે. આહા..હા..! તેથી '**દુઃખનાં કારણો છે;...**' સમજાણું કાંઈ? મોતીલાલજી! આ શુભભાવ દુઃખનું કારણ છે. દુઃખનું કારણ હોય તે આત્માના આનંદનું કારણ કેમ હોય? સમજાણું કાંઈ? દૃષ્ટિમાં વિપર્યાસ છે. ભાવ તો હોય. ભાવ તો જ્ઞાનીને થાય છે, અજ્ઞાનીને થાય છે પણ એ ભાવ અશુભથી બચવા આવે છે, પણ છે તો દુઃખ. સમજાણું કાંઈ? પ્રતિકૂળ સંયોગ એ દુઃખ નથી. અનુકૂળ સામગ્રીનું નિમિત્ત મળવું તે સુખ નથી. એ અનુકૂળતામાં માનવું કે આ મને અનુકૂળ છે એમ માનીને કલ્પના ઉઠાવવી એ અશુભ કલ્પના તે દુઃખ છે. માને છે કે સુખ છે. સમજાણું કાંઈ? ચોર્યાસીના અવતારથી છૂટવું મોટી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? ચાર ગતિના ભવ તો અનંત વાર કર્યા. અનંત વાર શેઠ થયો, રાંક થયો, ભિખારી થયો. અહમિન્દ્ર પણ અનંત વાર થયો લ્યો! શુભભાવને કારણે, શુક્લલેશ્યાને કારણે સ્વર્ગમાં નવમી ગ્રૈવેયકે અનંત વાર ગયો. એ કોઈ ચીજ નથી. કેમકે એ ભાવ જે દયા, દાન, વ્રતના પરિણામથી ઉપર ગયો એ ભાવ તો દુઃખ હતું. સમજાણું કાંઈ? આહા..હા..!

'**આસ્રવો આકુળતાના ઉપજાવનારા હોવાથી...**' એટલે કે આકુળતાને ઉપજાવનાર એટલે કે એ દુઃખરૂપ જ છે બસ. સમજાણું કાંઈ?! આહા..હા..! ગજબ વાત છે, ભાઈ! માટે '**દુઃખનાં કારણો છે;...**' જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે ભાવ દુઃખનું કારણ છે. આહા..હા..! કેમકે એ રાગ છે. રાગ સુખરૂપ કેમ હોય? એ તો દુઃખરૂપ છે.

મુમુક્ષુ :- આજ સવારે તો એમ આવ્યું કે ઉપદેશ દેવો એ ત્યાગ છે.

ઉત્તર :- એ તો ઉપદેશમાં મમતા ઘટાડે તે ત્યાગ છે. ભાષા વ્યવહારની હતીને બધી. પુસ્તક દેવા ને આ દેવું. એ તો નિમિત્તથી કથન એવું આવે. પુસ્તક દેવું, શાસ્ત્ર દેવું, કમંડળ વિશેષ હોય તો બીજા મુનિને દેવું. એનો અર્થ એમાં જેટલી મમતા ઘટાડે છે, છે તો શુભભાવ મુનિ પાસે, એ શુભભાવમાં જેટલી મમતા ઘટાડે એટલો ત્યાગ, સ્વભાવની દૃષ્ટિ થઈને, સ્વભાવની દૃષ્ટિ રાખીને રાગનો અભાવ થયો તેનું નામ ત્યાગ કહે છે. આહા..હા..! ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- એમાં તો એમ નહોતું લખ્યું.

ઉત્તર :- એમાં વ્યવહારના લખાણ એવા આવેને. એમાં તો એવું લખ્યું છે કે પુસ્તક અને કમંડળ આપે. લ્યો! પરવસ્તુ અપાતી હશે. અને પરવસ્તુનો ત્યાગ એનું નામ ત્યાગ છે? પણ એનો અર્થ કે પરવસ્તુ પ્રત્યે જેટલી આસક્તિની વૃત્તિ હતી એ ભલે શુભ હતી. સમજાણું કાંઈ? મુનિને તો શુભભાવ હોય છેને. એમાં પણ થોડા રાગને છોડી દે છે સ્વભાવનો આશ્રય લઈને. ઉગ્ર આશ્રય લે છે તો એટલો રાગ છૂટે છે તેને ત્યાગ કહેવામાં આવે છે. એવી વાત છે. કહો, પંડિતજી! એમાં ત્યાગ આવ્યો હતો. કમંડળ ને પુસ્તક ને. પરદ્રવ્ય દેવાથી ત્યાગ થાય છે? શાસ્ત્ર ભાષા તો અનેક પ્રકારની આવે. સમજાણું કાંઈ? એનું તાત્પર્ય શું છે એ સમજે નહિ તો અંદર ગડબડ થઈ જાય. માની લે કે અમે પુસ્તક વહેંચ્યા અને શાસ્ત્રનું વાંચન કરીએ છીએ, વ્યાખ્યાન દઈએ છીએ એ રાગનો ત્યાગ છે. આહા..હા..! એમ છે નહિ.

ભગવાન આત્મા... છે? **'ભગવાન આત્મા તો, સદાય નિરાકુળતા-સ્વભાવને લીધે,...'** પ્રભુ ભગવાન આત્મા તો સદાય ત્રિકાળ આનંદસ્વભાવનો ધરનાર હોવાથી એ તો આનંદસ્વભાવને કારણે **'કોઈનું કાર્ય તેમ જ કોઈનું કારણ નહિ હોવાથી,...'** શું કહે છે? ભગવાન આત્મા અતીન્દ્રિય સુખસ્વરૂપ અતીન્દ્રિય આનંદનો પુંજ એ આત્માની દૃષ્ટિ કરવાથી જે આનંદ આવે છે, આનંદ તો ત્રિકાળી છે, સમજાણું કાંઈ? પણ ત્રિકાળીનો આશ્રય કરવાથી, અવલંબન લેવાથી જે આનંદ આવે છે એ આનંદની ક્રિયાનું કર્મ એ કોઈ બીજાનું કાર્ય નથી. રાગની મંદતા વચ્ચે આવી તો એનું એ ધર્મરૂપી કાર્ય નથી. સમજાણું કાંઈ? છે? અંદર પુસ્તકમાં છે કે નહિ?

મુમુક્ષુ :- ... એમ આપ કહો છો..

ઉત્તર :- એમાં છે કે નહિ પણ? ઓલા બીડીના ચોપડા કેમ ફેરવ્યા ફેરવ ઉપરા ઉપર કરો છો? તો આ પણ થોડા ફેરવવા જોઈએને. થોડું વાંચન કરવું જોઈએને. શેઠિયા મોઢા આગળ નામ ધરાવે.

મુમુક્ષુ :- એમાં તો વિકલ્પ ઉઠે છે.

ઉત્તર :- ચોપડા વાંચે એમાંથી તો પાપના વિકલ્પ ઉઠે છે.

મુમુક્ષુ :- એની ક્યાં મનાઈ છે? આની મનાય છે.

ઉત્તર :- એની મનાઈ નથી? શુભ-અશુભ વિકલ્પ બેયની મનાઈ છે. સમજાણું કાંઈ? અને અશુભથી બચવા શુભભાવ આવે તો છે. સમજાણું કાંઈ? પણ છે એ આનંદનો વિપરીત ભાવ એ દુઃખરૂપ છે. આહા..હા..! હિંસાનો ભાવ, પરની હિંસાનો ભાવ અને પરની દયાનો ભાવ બેય દુઃખ. અસત્ય બોલવાનો ભાવ અને સત્ય બોલવાનો ભાવ બેય દુઃખ. શેઠ! આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બોલે કોણ? બોલે ઈ બીજો, ઈ જડ. અંદર વિકલ્પ ઉઠાવે આમ સત્ય બોલું, એ વિકલ્પ પણ દુઃખરૂપ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ઓછું-વત્તું દુઃખ.

ઉત્તર :- ઓછું-વત્તું દુઃખ હોય પણ દુઃખ છેને.

મુમુક્ષુ :- એટલું સુખ નહિ?

ઉત્તર :- નહિ, એટલું સુખ નહિ દુઃખ છે. આહા..હા..! ઠીક કહે છે. ઓછાનો અર્થ એ તો રાગની મંદતા તો અભવિને પણ થાય છે. (રાગનો) અભાવ એ ચીજ છે. રાગ મંદ થવાથી અભવિને પણ મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો અનુભાગ રસ મંદ પડે છે. પણ એ મંદ-તીવ્ર કોઈ ચીજ નથી, એ તો કર્મની ચીજ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મહાપ્રભુ અંદર ભગવાન... તરીકે તો બોલાવે છે જુઓ. આહા..હા..! પામરને પ્રભુ તરીકે બોલાવે. સમજાણું કાંઈ? એની મા ઘોડિયામાં... ઘોડિયા સમજો છો? ઝુલો—ઘોડિયામાં સુવડાવતી હોય તો એની મા એના વખાણ કરે. દીકરો હુશિયાર છે, મામા પાસે જાય છે, ગુંજામાં ખારેક લાવે છે, સોપારી લાવે છે, આમ પાટલે બેસીને ન્હાયો. એ અમારી અહીંયાં કાઠિયાવાડી ભાષા એવી છે. પાટલે બેસી... પાટલો સમજ્યા? લાકડાનો. છોકરો ડાહ્યો અને પાટલે બેસીને નાહ્યો એવું બોલે એની મા. ત્યારે સૂઈ જાય. કેમકે અવ્યક્તપણે એના ગુણ ગાય તો સૂવે. ગાળ દેશો તો નહિ સૂવે જોવું હોય તો (જોઈ લો). રોયા સૂતો નથી? સૂઈ જા. નહિ સૂવે એ. સમજાણું કાંઈ? અવ્યક્તપણે પણ એની પ્રશંસા કરે છેને. મારો છોકરો ડાહ્યો, પાટલે બેસીને ન્હાયો આમ કરે.... એ તમારી બીજી ભાષા હશે. હિન્દીમાં હશે તો ખરીને કાંઈક? એય..! ક્યાં ગયો? આ હિન્દીમાં તમારે હશે કે નહિ કાંઈ? કંઈક છે, તમે બોલતા તો નથી. ખબર નથી. એમાં પણ હોય તમારી ભાષામાં. આ જ ભાષા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મા ક્યાં ગયો? ક્યાં ગયો પણ અંદર? એના વખાણ કરે આમ લૌકિકમાં. આ ભગવાન તો ભગવાન તરીકે બોલાવીને એને જગાડે છે. જાગ રે જાગ નાથ! સૂતો હવે ન પાલવે. સમજાય છે કાંઈ? અરે..! જાગવાના કાળે ન સૂવાય. ઓલા તો સૂવરાવે છે, આમાં જગાડે છે. ભગવાન આત્મા! આહા..હા..! ભગવાન? ભાઈ સાહેબ! અમને ભગવાન કહો છો! એય..! હીરાભાઈ! એક જણાએ કહ્યું ભગવાન.. સાંભળ્યું નહિ હોં. ભગવાન આત્મા ત્યાં સાંભળીને કહે, ભગવાન આત્મા હોય? મોટો પંડિત હોં! ભગવાન ન હોય અત્યારે. હવે સાંભળને. ભગવાન અત્યારે તું ન હોય તો ભગવાન થાશે ક્યાંથી? આહા..હા..!

મુમુક્ષુ :- પર્યાયની વાત કરે છે.

ઉત્તર :- પર્યાયમાં પામરતા અને રાગાદિ (છે), વસ્તુ તરીકે તો ભગવાન જ ત્રિકાળ છે. એ ભગવાન ત્રિકાળ છે એનું એન્લાર્જ થઈને પર્યાયમાં ભગવાન થાય છે. સમજાણું કાંઈ? ખબર ન મળે પણ હું કોણ છું અને કેવો છું.

કહે છે કે '**ભગવાન આત્મા તો...**' એકલો આત્મા શબ્દ નથી લીધો. પુણ્ય અને પાપના ભાવ દુઃખરૂપ છે, એ આકુળતાને ઉપજાવનારા છે. સમજાણું કાંઈ? તીવ્રતા આકુળતાથી બચવા શુભભાવ હોય, પણ છે તો આકુળતા. સમજાણું કાંઈ? ભાઈએ જરી ખુલ્લુ મૂક્યું સોગાનીએ કે શુભભાવ ભઠ્ઠી છે. ત્યાં ભડક્યા લોકો. શેઠિયા જેવા ભડક્યા લ્યો ઠીક! પ્રશ્ન આવ્યો હતો. કરોડપતિ નહિ? શોભાલાલ. જેણે ૬૦ લાખ આપ્યા ઈ. એના મામાએ આપ્યા પણ ન લીધા, પછી આપ્યાને. અત્યારે તો એની પાસે વધારે છે કાંઈક. સવા કરોડ, ત્રણ કરોડ એમ કોક કહેતું હતું. કેવું નામ?

મુમુક્ષુ :- શોભા..

ઉત્તર :- શોભા... રતનપળ. ગયા હતા તમે? ગયા નથી? શોભા .. નરમ માણસ.

મુમુક્ષુ :- અહીંયાં પણ નથી આવ્યા.

ઉત્તર :- ઘણી વાર આવે. ત્રણ વર્ષ નથી આવ્યા. પછી .. ૨૬-૨૭ નહોતા આવ્યા. નરમ માણસ. એને પણ પ્રશ્ન ઉઠ્યો હતો. રામજીભાઈ ઉપર આવ્યો હતો પત્ર કે આ શુભભાવ ભઠ્ઠી કેમ લખ્યું? હવે ખુલ્લુ મૂક્યું થોડુંક એમાં ભઠ્ઠી તને... 'રાગ આગ દાહ દહે સદા...' ભાઈ! છેલ્લે આવે છેને? રાગ આગ દાહ. 'રાગ આગ દાહ દહે સદા' ભાઈ! તને ખબર નથી. એ શુભ અને અશુભના વિકલ્પો તને બાળે છે, તને ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શાંત... શાંત... શાંત... અનાકુળ આનંદરસ એની પાસે શુભ ઊપજે તોપણ એ આકુળતા છે. સમજાણું કાંઈ?

'**ભગવાન આત્મા તો, સદાય નિરાકુળતા-સ્વભાવને લીધે, કોઈનું કાર્ય તેમ જ કોઈનું કારણ નહિ હોવાથી,...**' શું કહે છે? દ્રવ્ય-ગુણની વાત નથી. અહીંયાં તો અકાર્યકારણ

નામનો ગુણ આત્મામાં છે. સમજાણું કાંઈ? ભાઈ! તું ક્યાં ગયો? ક્યાં ગયો? જુઓને, રાતે કાંઈક ખાટલા પાથર્યા હોય અને મોડું થાય તો પૂછે, ભાઈ! ક્યાં ગયો હતો તું પણ? એમ કહેને? ઘરે દસ માણસ હોય અને ખાટલા પાથર્યા હોય. ખાટલા સમજો છો? ચાર પાય. એક ખાટલો ખાલી છે, કોણ નથી આવ્યું? કેમ છે? શું છે? ભાઈ તું ક્યાં ગયો હતો? અગિયાર વાગી ગયા, બાર વાગી ગયા. હું તો ગયો હતો બીજે જોવા. ભાઈ! એમ અહીં કહે છે કે પ્રભુ! તું ક્યાં ગયો હતો? તું શુભભાવમાં અશુભમાં ગયો હતો? એ તો પ્રભુ દુઃખ છેને. શેઠ! આહા..હા..! અને તું ભગવાન આત્મા... આહા..હા..!

આચાર્યો પંચ મહાવ્રતધારી, અઠ્યાવીશ મૂળગુણની વિકલ્પની ભૂમિકામાં હોય છે. અંદરમાં ત્રણ કષાયના અભાવની રમતુંમાં રમતા હોય છે. આનંદની લહેરે ઉડતા ઉડતા, આનંદની લહેર કરતાં-કરતાં જગતને કહે છે, ભગવાન! આહા..હા..! તું તો આત્મા છોને, નાથ! અને ભગવાન આત્મા તો સદા અનાકુળ સ્વભાવવાળો છેને અને એ ભગવાન અનાકુળ સ્વભાવની પ્રાપ્તિના કાર્યમાં કોઈનું કારણ નથી. આહા..હા..! રાગની મંદતા શુભભાવ હોય તો શુદ્ધભાવ થાય એવું સ્વરૂપ જ નથી. સમજાણું કાંઈ? કેમકે ભગવાન આત્મામાં અકાર્યકારણ નામની એક શક્તિ ગુણ છે. આમાંથી પાછળ એ (શક્તિ) કાઢી છે. અકાર્યકારણ નામનો ગુણ છે એ ભગવાનના દ્રવ્ય, ગુણ અને પર્યાય એ કોઈનું કાર્ય નથી. આહા..હા..!

જેમ દ્રવ્ય-ગુણમાં અકાર્યકારણ શક્તિ પડી છે એવા ભગવાન આત્માનો પર્યાયમાં સ્વીકાર કર્યો તો એ પર્યાય પણ ધર્મની જે થઈ એ કોઈને કારણે કાર્ય થયું એમ નથી. આહા..હા..! અને એ ધર્મપર્યાય કોઈનું કારણ નથી. કોઈનું કાર્ય તો નથી, પણ વ્યવહારરત્નત્રયનો જે વિકલ્પ ઉઠે છે એનું ધર્મપર્યાય કારણ નથી. દ્રવ્ય-ગુણ તો કારણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! એની સ્વતંત્ર બાદશાહી આનંદની એણે સાંભળી નથી બહાર. પામરની વાત સાંભળીને નિર્ધન નિર્ધન થઈ ગયો. હું તો રાંકો છું. સમજાણું કાંઈ? 'ક્યા ઈચ્છત ખોવત સબ હૈ ઈચ્છા દુઃખ મૂળ' ચાહે તો શુભ ઈચ્છા હો કે ચાહે તો અશુભ હોય, એ તો દુઃખનું મૂળ અને આકુળતા છે. ભગવાન આત્મા અનાકુળ સ્વભાવવાળો છે. તો એ ભગવાન આત્મા જેમ દ્રવ્ય અને ગુણ, ત્રિકાળી દ્રવ્ય ત્રિકાળી ગુણ સુખરૂપ અને આનંદરૂપ છે તો એનો આશ્રય કરવાથી જે ધર્મની પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયા તે કોઈનું કાર્ય નથી. સમજાણું કાંઈ? કે ગુરુ મળ્યા તો એ કાર્ય થયું, સર્વજ્ઞની વાણી સાંભળી તો એ કાર્ય થયું, સર્વજ્ઞની વાણી સાંભળીને શુભરાગ થયો તો એ કાર્ય થયું એમ નથી. આહા..હા..! ભારે કામ! સમજાણું કાંઈ?

એ અકાર્યકારણમાં વળી એમ કહે કે દ્રવ્ય છે એમ કહે છે. પણ જે ગુણ છે એનું કાર્ય હોય કે નહિ કાંઈ? ગુણના કાર્ય વિના ગુણ કેવા? ગુણનો સ્વીકાર થયો. હું ભગવાન

આત્મા અકાર્યકારણ આદિ ગુણનો પિંડ પ્રભુ છું. તો દરેક ગુણની પર્યાય જે પ્રગટ થાય છે—સમ્યગ્દર્શનની, સમ્યગ્જ્ઞાનની, આનંદની, સમ્યક્ ચારિત્રની, એ પર્યાયમાં કારણ તો પરમાત્મા આત્મા છે. એ કાર્યમાં રાગની મંદતા છે અને કાર્ય થાય છે એમ ચીજમાં—વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એને ભગવાનની મહત્તા બેસતી નથી. એ આત્મા આવો છે એમ જ્યાં સ્વીકાર થયો, એ તો સ્વસ્વભાવ સન્મુખ જ્યાં થયો ત્યાં જે કાર્ય પર્યાયમાં ધર્મનું (થયું), મોક્ષના માર્ગનો જે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે મોક્ષમાર્ગ (થયો), કહે છે કે એ મોક્ષનો માર્ગ કોઈ કારણનું એ કાર્ય નથી. એ વ્યવહાર સમકિતદર્શન આદિ કારણ અને આ નિશ્ચય સમ્યગ્દર્શન કાર્ય એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે આકરું કામ માણસને લાગે હોં.

આજે હજી આવ્યો હતો એક લેખ કૈલાસચંદજીનો. આમ છે ને તેમ છે. શુભ કરો. અશુભ ટાળવા માટે આમ કરો. ભાઈ! કરે તો એ આવે એ જુદી વાત છે. કરવાલાયક છે અને કરવો એ વસ્તુમાં નથી. એ તો કર્તાબુદ્ધિ થઈ. હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? લેખ મોટો છે. પર્યુષણપર્વનો લેખ છેને? હોય છે, પણ એ કરવાલાયક છે અને એનાથી હળવે-હળવે અંદર સમ્યગ્દર્શન થશે એવું સ્વરૂપ નથી. શેઠ! શેઠ કહે છે કે આવો ધર્મ તો તમે જ કહો છો. પણ આ શું છે? અંદર છે કે નહિ? ચોપડામાં મીંઢવે છે કે નહિ? મીંઢવવું સમજો છો? આ શબ્દનું બે કલાક ચાલ્યું હતું. સમ્મેદશિખર. હતા તમે? આ ફેરી નહિ, છેલ્લા ૨૦૧૩ની સાલ. અકાર્યકારણનું. થોડા માણસો હતાને. પહેલા તો હો..હા.. થઈ ગઈ હતી. ૨૦૧૩ની સાલમાં. ત્યારે શેઠ હતા. આ ૨૦૨૩ની સાલમાં ગયા હતાને. એ તેરની સાલ આ ..માં ગયા હતા. ત્યારે વર્ણીજી નહોતા, મખનલાલજી નહોતા. શાંત વાતાવરણ હતું. ... માણસ હતા. ૨૦૧૩મા આવ્યા હતા એટલા નહિ. શેઠ હતાને ત્યાં. અરે..! કોણ કરે? બાપુ! તારો સ્વભાવ મખનલાલ છે. મખન ધોળું અને લાલ એમ હોય છે? આહા..હા..! એમ ભગવાન આત્મા ત્રણે કાળ આનંદની મૂર્તિ પ્રભુ છે. અરે..! કેમ બેસે તને? એમ કહે છે. અને એને બેસવા શ્રદ્ધા કરવા માટે કોઈની કારણની અપેક્ષા નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

ત્રણ લોકનો નાથ ચૈતન્ય હીરલો, એ ચૈતન્યચમત્કારી ચિંતામણિ પ્રભુ એની અંતરમાં એકાગ્રતા થતાં જે જ્ઞાન-દર્શન-આનંદ થાય છે એ કાર્યમાં બીજું કોઈ કારણ છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્ર જેને વ્યવહારમાં આયતન-સ્થાન કહ્યા એ પણ નથી. નિશ્ચયથી એ આયતન છે જ નહિ. નિશ્ચયથી તો તે અનાયતન છે. આહા..હા..! આયતન તો પોતાનું નિજઘર આનંદનો નાથ પ્રભુ એના આયતનમાં જતાં, એ ઘરમાં જતાં જે મોક્ષમાર્ગની પર્યાય ઉત્પન્ન થઈ તે પર્યાય કાર્ય છે. એ કાર્ય કોઈ કારણથી ઉત્પન્ન થયું

એમ નથી. આહા..હા..! મોતીલાલજી! આ એમના બાપ હતાને પિતાંબરદાસ, ઓલા ક્ષુલ્લક. ક્ષુલ્લકના ભગત હતા. ધર્મદાસજી. એમાં નામ આવે છે. સમ્યગ્જ્ઞાનદીપિકામાં આવે છે.

મુમુક્ષુ :- ધર્મદાસ ક્ષુલ્લક.

ઉત્તર :- હા, ધર્મદાસ ક્ષુલ્લક. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન! તું તો પૂર્ણ સુખરૂપ છોને. ક્યારે? ત્રણે કાળે, ત્રણે કાળે. એવો આત્મા **'કોઈનું કાર્ય...'** સ્વભાવને કારણે કોઈનું કાર્ય. આહા..હા..! ગજબ વાત કરે છે. પોતાનો ધર્મ શાંતિ અને સુખની પર્યાયમાં પ્રાપ્તિ એમાં કોઈ શાસ્ત્રનું ભણતર કારણ અને આ કાર્ય એવી એ ચીજ નથી. સમજાણું કાંઈ? દેશનાલબ્ધિ સાંભળી, ગુરુ પાસેથી આત્માનો માર્ગ સાંભળ્યો તો એ કાર્ય સમ્યગ્દર્શન થયું એમ છે નહિ. સમજાણું કાંઈ? **'નિરાકુળતા-સ્વભાવને લીધે,...'** એ નિરાકુળ સ્વભાવ છે એમ જ્યારે દૃષ્ટિમાં, વિશ્વાસમાં આવ્યું તો એ કાર્યમાં પરમાનંદ આવ્યો. એ પરમાનંદની પર્યાય અને સાથે શ્રદ્ધાની પર્યાય અને એના સ્વીકારની જ્ઞાનની પર્યાય અને સ્વરૂપની સ્થિરતાની પર્યાય સ્વરૂપઆચરણ એ કાર્યમાં બીજાનું કોઈ કારણ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આ કારણકાર્યની તકરારું. બે કારણ હોય તો કાર્ય થાય. હવે સાંભળને ભાઈ! એ તો વ્યવહાર હોય કોણ એ જણાવ્યું છે. બાકી પ્રભુ પરમાત્માની પર્યાય પ્રગટ થવામાં કોઈ બીજી ચીજના કારણથી કાર્ય થાય એ વસ્તુના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં સ્વભાવ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહે છે આ? આવો ધર્મ કેવો આ?

ભાઈ! એમ કહે છે, પ્રભુ! તું સદા ત્રિકાળ આનંદસ્વરૂપ છોને. અને એવા ત્રિકાળ આનંદસ્વરૂપનો જ્યાં સ્વીકાર થયો, પ્રતીત થઈ, જ્ઞાન થયું, સન્મુખમાં સ્થિરતા થઈ એવા કાર્યમાં બીજું કોઈ કારણ છે તો એ કાર્ય થયું એવો વસ્તુમાં સ્વભાવ નથી. પૂનમચંદજી! ત્યાં ઓલા પંડિતો રાડું પાડે છે. બે કારણ નથી માનતા, એક જ કારણ માને છે. અરે! ભગવાન! ભગવાનને ઘરે દીકરી પરણે અને કો'કની ઓશિયાળ ચાલે? આહા..હા..! એની પરિણતિ થાય ભગવાનના ઘરમાં એ એની પ્રજા છે. સમજાણું કાંઈ? ભગવાન અરે! આઠ વર્ષની બાળિકા એને પણ જ્યારે સમ્યગ્દર્શન સ્વરૂપ સુખરૂપ છે એમ જ્યાં અનુભવનું વેદન થાય છે ત્યારે એ અનુભવના વેદનના કાર્યમાં બીજું કોઈ કારણ-ફારણ નથી. છે કે નહિ અંદર? કહો, શેઠ! દાન ઘણું કર્યું તો સમ્યગ્દર્શન થયું, મંદિર બનાવ્યા...

મુમુક્ષુ :- નજીક તો આવ્યાને.

ઉત્તર :- ધૂળેય નજીક આવતો નથી. કોણ કહે છે નજીક આવે? નજીક તો સ્વભાવ સન્મુખ જાય ત્યારે નજીક આવે. ..ભાઈ!

એ પ્રભુ ચૈતન્યમૂર્તિ ધ્રુવ પરમાત્મા ભગવાન એમ કહ્યુંને? ભગવાન આત્મા. ભગ નામ જ્ઞાન અને આનંદની લક્ષ્મીનો વાન જેનું રૂપ છે. જેનું જ્ઞાન અને આનંદ જેનું અનાદિ સ્વરૂપ-

રૂપ છે, અનાદિ સ્વરૂપ-રૂપ છે. એવા ભગવાનને અંતર દૃષ્ટિમાં પ્રાપ્ત કરવામાં અને અંતરમાં ચારિત્ર પ્રાપ્ત કરવામાં વ્યવહારચારિત્ર છે તો નિશ્ચયચારિત્ર થાય છે એમ છે નહિ. (એમ નથી) એય..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ... એને ઘરે રહ્યો. આહા..હા..!

આ તો ભગવાનનો સ્વીકાર કરવાનો છે. સમજાણું કાંઈ? પામરતા ત્યાં પર્યાયમાં ન ચાલે. આહા..હા..! વર્તમાન પરિણતિની પર્યાય જ્યારે સ્વભાવ સન્મુખ થાય છે, તો કહે છે કે એમાં જે કાર્ય થયું એ કોઈનું કાર્ય નથી. સમજાણું કાંઈ? કે ભાઈ ઘણા અપવાસ કર્યા હતા, બહુ વ્રત કર્યા હતા, ઘણી ભક્તિ કરી હતી, બહુ મંદિર બનાવ્યા. ૫૦-૫૦, ૬૦-૬૦ વર્ષ સુધી દેવ-ગુરુ-શાસ્ત્રની સેવા કરી, પછી તો સમકિત થાય જને. એય..! ગીરધરભાઈ! ભારે માર્ગ ભાઈ! હજી તો એને બનાવવું છે મંદિર હવે નવું ગીરધરભાઈને. મોટું. એ તો હોય છે, થવા કાળે થાય. એમાં નિમિત્તવાળાના ભાવ પણ શુભ હોય એ બીજી વાત છે. પણ એ શુભભાવથી અંદર સમ્યગ્દર્શન થાય (એમ નથી).

મુમુક્ષુ :- મંદિર તો બંધાય.

ઉત્તર :- મંદિર પણ ન બંધાય એનાથી તો. શુભભાવ તો એની પાસે રહ્યો. ઓલી ક્રિયા તો જડની પર રહી. સમજાય છે કાંઈ? પંડિતજી! ભારે કઠણ હોં! એય..! તકરાર... તકરાર... ભાઈ! તકરાર મૂકવાને કાળે તકરાર ન હોય. સમજાય છે કાંઈ? આહા..હા..! ઓલો છોકરો રોવેને. લગન થતા હોય એના મોટા ભાઈના, છોકરો નાનો હોય છ મહિનાનો તો રોવે. એને કાંઈ ખબર છે કે લગન શું છે? એની મા કહે, અરે ભાઈ! પણ આપણા ભાઈના લગન છે. એમાં ન રોવાય અત્યારે. પણ એ ક્યાં સમજે છે કે લગન-ફગન છે. એને તો હાલરડું નાખો તો રાજી થાય. પેંડો આપો. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્માના લગન જ્યાં થાય અંદરમાં પ્રીતિ જામી. સર્વજ્ઞદેવ પોતે સાક્ષાત્ પરમાત્મા પોતે સર્વજ્ઞ સ્વભાવી અહીંયાં કીધુંને? આનંદસ્વભાવી એવો સર્વજ્ઞ સ્વભાવી. આહા..હા..! અસંખ્ય પ્રદેશે સર્વજ્ઞસ્વભાવ અને પૂર્ણ આનંદસ્વભાવ. અરે! વિશ્વાસ તો લાવ ભાઈ! એ વિશ્વાસ તો સ્વસન્મુખ થવાથી જ આવે છે. પરસન્મુખની કોઈ ક્રિયાકાંડથી એમાં સ્વસન્મુખતા થાય છે એવી વસ્તુ નથી. સમજાણું કાંઈ? આહા..! બહુ ભર્યું છે. ઓહો..હો..!

આ બધા કારણકાર્ય ઉડાવી દીધા. દર્શનમોહનો ક્ષય થાય તો ક્ષાયિક સમકિત થાય. આહા..હા..! અરે! શ્રુતકેવળી. કેવળી અને તીર્થંકર સમીપમાં હોય તો ક્ષાયિક સમકિત થાય. આવા તો લખાણ બહુ આવે. એય..! અહીં કહે કે એ વાતમાં કાંઈ માલ છે નહિ. એ ક્ષયોપશમ સમકિતમાં પછી ક્ષાયિક પામે એના ભગવાનના સમીપે અંદર જાય એટલે એકાગ્ર થાય તો. એવા કાર્યમાં પરની અપેક્ષાની એને જરૂર નથી. ગોમ્મટસાર એમ કહે કે શ્રુતકેવળી

અને કેવળી અને તીર્થંકરની સમીપે ક્ષાયિકસમકિત થાય. અહીં કહે કે ના. ના. એમ નહિ. એ તો વ્યવહારની વાત ત્યાં (લખી છે કે ક્ષાયિક સમ્યગ્દર્શન) પામ્યો ત્યારે નિમિત્ત કોણ હતું એટલી જ્ઞાન કરાવવા વાત હતી. આહા..હા..! સમજાણું કાંઈ?

શ્રેણિકરાજા જુઓ ક્ષાયિક સમકિત પામ્યા ભગવાનના સમીપે. ક્ષયોપશમ સમકિતવાળા તો ઘણા હતા અને એ જ પામ્યા. હજારો રાણીઓ અને હજારો રાજા ખમ્મા અન્નદાતા (કહીને) ચામર ઢાળે જેને એ સમકિતી, ક્ષાયિક સમકિતી થયો એ પોતાને કારણે થયો એમ કહે છે. એ ઉપાદાનમાં આવે છે નહિ ભાઈ! ઉપાદાન-નિમિત્તના દોહરામાં આવે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ક્ષાયિક સમકિત શુદ્ધ ઉપયોગમાં જ હોય?

ઉત્તર :- શુદ્ધ ઉપયોગ જ હોય.

મુમુક્ષુ :- વિગ્રહ ગતિમાં?

ઉત્તર :- એ તો ક્ષપણા શરૂ કરી છે હજી ભલે. શુદ્ધ ઉપયોગ રસ્તામાં હોય એવું કાંઈ નથી. પરિણતિ એને સ્વસન્મુખ થઈ છે. આ તો ક્ષાયિક થયું ત્યારે શુદ્ધ હોય છે. પૂરું ત્યાં થાય છેને. કોઈ ત્યાં ને ત્યાં થાય અને કોઈ બીજે થાય. આહા..હા..!

કહે છે કે એ શુદ્ધ ઉપયોગરૂપી કાર્ય એ ત્રિકાળી આનંદનો નાથ ભગવાન એને શરણે થઈને ઉપયોગ થયો છે. એ શુદ્ધ ઉપયોગના કાર્યમાં શુભોપયોગનું કારણ છે તો થયો એમ વસ્તુમાં નથી. જુઓ શું લખ્યું છે? '**ભગવાન આત્મા તો, સદાય નિરાકુળતા-સ્વભાવને લીધે, કોઈનું કાર્ય તેમ જ કોઈનું કારણ નહિ હોવાથી,...**' કારણની પછી વાત. '**કોઈનું કારણ નહિ હોવાથી, દુઃખનું અકારણ જ છે...**' ભગવાન તો દુઃખ અને આનંદનું અકારણ છે. આહા..હા..! એ પુણ્ય-પાપનો ભાવ ઉત્પન્ન થવો એનું કારણ આત્મા નથી એમ કહે છે. હજી તો કાર્યની વાત પહેલા ચાલી. સમજાણું કાંઈ? આહા..હા..!

પોતાનો સ્વભાવ અનાકુળ સ્વરૂપ છે આ વસ્તુ એવી જ્યાં પ્રતીત અને સ્વસન્મુખ થયો એ પ્રતીત ભલે ક્ષયોપશમ હોય, ક્ષાયિક હોય અને સ્વરૂપમાં આનંદની પર્યાય પ્રગટ થઈ તો એ અનંત ગુણમાંથી જે એક-એક અંશ પ્રગટ થયો એ બીજાના કારણે એ થયા એમ નથી. સમજાણું કાંઈ? બેસવી જોઈએ વાત અંદર હોં! અંદર બેસવી જોઈએને? કે આ વસ્તુ જ છે. એ કોઈ પરની અપેક્ષા માગતી નથી. નિરપેક્ષ પ્રભુ છે. તત્ત્વ સ્વતંત્ર સ્વયંસિદ્ધ સ્વતઃ છે. દ્રવ્ય સત્ છે, ગુણ સત્ છે, પર્યાય સત્ છે. અહીં તો નિર્મળ પર્યાયની વાત લેવી છેને. આહા..હા..! આની મોટી તકરાર હોં! અત્યારે વાંધા ઉઠાવે. એ એક કારણ માને છે, આપણે બે કારણ માનીએ, આપણે અનેકાંતને માનીએ, એ એકાંતને માને છે. અરે ભગવાન!

મુમુક્ષુ :- ક્ષાયિક સમકિત...

ઉત્તર :- દરેક ગુણ પોતાને કારણે છે. પ્રત્યેક ગુણની પર્યાય વર્તમાન નિર્મળ થઈ એમાં

બીજાનું કારણ તો નથી, પણ એની બીજી નિર્મળ પર્યાય એનું પણ કારણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ભંડાર છે. અધ્યાત્મનો ભંડાર ભર્યો છે. એમ એક કહેતો હતો કે સમયસારના મહારાજ બહુ વખાણ કરતા હતા. હું પંદર દિ'માં વાંચી ગયો. બહુ સારી વાત છે કીધું. અંગ્રેજીનું પુસ્તક હોય એ, બી, સી, ડી, એવા શબ્દ મૂક્યા હોયને એ વાંચી લે. એ, બી, સી, ડી, પણ એનો શબ્દનો મેળ પણ આવડે નહિ તો અર્થ તો શેનો આવડે? સમજાણું કાંઈ? પંદર દિ'માં હું વાંચી ગયો. નવ તત્ત્વની વાત છે. નવની નહિ એકની જ છે કીધું. શેઠ! ભગવાન આત્મા એક છે. આહા..હા..!

કહે છે, વસ્તુ ભગવાન આત્મા બધા આત્મા હોં, અંદર બધા આત્મા અનાકુળ આનંદ સ્વભાવવાળા (છે). પણ એ તો શાસ્ત્ર કહે છે. સમજાણું કાંઈ? એની દૃષ્ટિમાં ક્યારે આવે? એની સન્મુખ થાય છે ત્યારે આ આત્મા એવો સ્વીકાર થયો, એ સ્વીકારના કાર્યમાં કોઈની અપેક્ષા નથી. એ પરના કારણની તો અપેક્ષા નથી, ખરેખર તો એ દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી. આહા..હા..! એક એક પર્યાય અકાર્યકારણવાળી પરિણમે છે. અમરચંદભાઈ! આહા..હા..!

ભાઈ! સત્ એટલે શું? ઓહો..હો..! સત્ સાહેબો ભગવાન, એ સાહેબનો સાહેબ પરમાત્મા છે. એવો જે આત્મા. અરે! તારા અનાકુળ આનંદની પાસે જ્યાં એનો સ્વીકાર થયો ત્યાં આગળ ઈન્દ્રના ઈન્દ્રાસનોના સુખ એ સડ્યા મીંદડા, બીલાડી જેવા (લાગે). ગંધાય બહુ મીંદડી હોં! મીંદડી હોયને મીંદડી એ મરી ગઈ હોય પછી ગંધાય. કૂતરું મરી ગયું હોય તો ગંધાય. એવા ઈન્દ્રાણીના ભોગ માને. આહા..હા..! એ આનંદના કાર્યમાં કોઈ બીજું કારણ નથી એમ કહે છે. અમરચંદભાઈ! આહા..હા..!

અરે! તારી સ્વતંત્રતા તો જો. તારી પર્યાય પ્રગટ થવામાં બીજા કોઈની જરૂર નથી. દ્રવ્યનો સ્વીકાર થયો તો દ્રવ્યની પર્યાય થયા વિના રહે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં વ્યવહાર સમકિતનું કારણ નથી. સમ્યગ્જ્ઞાનમાં વ્યવહાર જ્ઞાનનું કારણ નથી, સ્વરૂપ ચારિત્રની પર્યાયમાં વ્યવહાર મહાવ્રત કારણ નથી. આહા..હા..! પોતાના આનંદ સ્વરૂપની પર્યાય પ્રગટ થઈ એમાં કોઈ રાગની મંદતા હતી તો આનંદનો શુદ્ધોપયોગ થયો એમ છે નહિ. આહા..હા..! પોતાના સ્વભાવનો સ્વીકાર શુદ્ધ ઉપયોગમાં થયો... સમજાણું કાંઈ? એ શુદ્ધ ઉપયોગ પુણ્ય અને પાપના ભાવથી રહિત છે અને એ પરિણામથી શુદ્ધ ઉપયોગ થયો. બહુ કષાય પાતળો પાડતા-પાડતા શુદ્ધ ઉપયોગ થયો... આહા..હા..! એમ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાંઈ કોઈથી નહિ. પોતપોતાની પર્યાયથી પોતાનું મુક્તપણું થાય છે. દ્રવ્ય મુક્ત, ગુણ મુક્ત, પર્યાય મુક્ત. સમજાણું કાંઈ? રાગબંધ, દ્વેષબંધ, પુણ્યબંધ. બંધને કારણે મોક્ષની

પર્યાય પ્રગટ થાય? નીચે પણ મિથ્યાત્વનો નાશ થયો અને સમકિત થયું એ મુક્ત થયો. પર્યાયમાં એ પ્રકારની મુક્તિ થઈ. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં તો ભગવાન અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્યનો અર્થ છે કે '**दुक्खस्स कारणं**' ત્રીજું પદ પડ્યું છેને. એમાંથી કાઢ્યું કે પુણ્ય-પાપનો ભાવ આસ્રવ દુઃખનું કારણ છે. એમાંથી કાઢ્યું કે ભગવાન આનંદસ્વરૂપ (છે). એમાં દુઃખનો ભાવ હોય શુભ અને આનંદ સમકિત થાય એવી ચીજ નથી. અને એવી ચીજ માને તો એ ચીજને સમજ્યો જ નથી. મિથ્યાજ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! દુઃખનું કાર્ય નથી તેમજ કોઈનું કારણ નથી. સમજાણું કાંઈ? એ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ઉત્પન્ન થાય છે એનું સમ્યગ્દર્શન, જ્ઞાન કાર્ય જે છે એ વિકારનું કારણ નથી. આહા..હા..! વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ઉત્પન્ન થાય તેનું કાર્ય તો નથી પણ એનું આત્મા કારણ પણ નથી. સમજાણું કાંઈ? ચંદુભાઈ! આહા..હા..! અરે! એના અમૃતના માંડવા જેમાં એકલા અમૃત લટકે છે મોતી. આહા..હા..! જોવા આવે માણસ સારો માંડવો કર્યો હોયને. આ પ્રાણભાઈ હતાને આપણે છેને મુંબઈવાળા. તે દિ' એના લગન થયા તો ૩૦ હજારનો તો લગનમાં ખર્ચ થયો. બાપ મરી ગયેલા, મા હતી. પૈસા મૂકી ગયેલા. ૩ હજારનો તો માંડવો. તે દિ' હોં! કેટલા વર્ષ પહેલા? પહેલી પરણ્યા ત્યારે હોં. આ તો પાછી બીજી પરણ્યા હતા. આ પ્રાણભાઈ નહિ? મુંબઈવાળા પ્રાણભાઈ. ... ૪૦-૪૫ વર્ષ પહેલા.

મુમુક્ષુ :- ૭૬ની સાલ.

ઉત્તર :- લ્યો ૭૬. ૭૬ની સાલ. ૨૪ ને ૨૮. ૫૨ થયાને? ૫૨ વર્ષ પહેલા. પૈસાવાળા માણસ, એની મા વિધવા અને મોટા છોકરાના લગ્ન. બે ભાઈઓ નહિ આમાં ઓલું ગુલાબ નામ આવ્યુંને. ગુલાબરાય નાનો. ૩૦ હજાર તો લગનનો ખર્ચ, માંડવાના ત્રણ હજાર. ૫૨ વર્ષ પહેલા. એય..! અહીં કહે છે કે તારો માંડવો તો જો આ. આહા..હા..! તારા લગન સગાઈ કર આત્મામાં અને એમાં જે આનંદનું ઝરણું આવે છે એ કોઈના કારણે નહિ. વ્યવહાર છે તો એ કારણે નહિ. આહા..હા..! શાસ્ત્ર ઘણા વાંચ્યા તો એને કારણે નહિ. એય..! જેઠાલાલભાઈ! બહુ સત્સમાગમ કર્યો માટે એને કારણે થાય એમ છે નહિ. કહો, ચંદુભાઈ! આહા..હા..!

એ ભગવાન કોઈનું કાર્ય એટલે કોઈ બીજા કારણે એ કાર્ય થાય મોક્ષના માર્ગનું, ધર્મનું એમ નથી અને કોઈનું કારણ નથી. શરીર ચાલે છે તો ભગવાન આત્મા કારણ છે એમ નથી. વ્યવહારરત્નત્રય, ભગવાનની ભક્તિ, ભગવાનની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ ઉત્પન્ન થાય છે એનું આત્માની નિર્મળ ધર્મ પર્યાય કારણ નથી. દ્રવ્ય-ગુણ તો કારણ નથી એ તો પ્રશ્ન જ નથી અહીંયાં. સમજાણું કાંઈ? આવો ધર્મ વીતરાગનો ભારે ભાઈ! અપવાસ કરવા

ને વ્રત કરવા ને ચોવિહાર કરવો, કંદમૂળ ન ખાવા. ડુંગળી, લસણ ન ખાવા. આહા..હા..! અમે પણ ત્યાં દુકાન ઉપર ચાર અપવાસ કરીએ હોં પર્યુષણમાં ચોવિહારા. થઈ રહ્યું. રાતે નવરા થઈને ગાઈએ એટલે ધર્મ થઈ ગયો આપણે, એમ માનતા હતા તે દિ'. ૬૪-૬૫. ભેગા થાય અને બેસે. ગાયન ગાય. 'જુઓ રે જુઓ રે જૈનો કેવા વ્રતધારી, કેવા વ્રતધારી આગે થયા નરનારી' એમ ગાતા એ વખતે. આ ૬૪-૬૫ની વાત છે. સંવત્ ૧૯૬૪-૬૫. પછી માનીએ કે આપણે ધર્મ કર્યો. આખો દિ' ભલે દુકાને પાપ કરતા હોઈએ. જાવ ધર્મ થઈ ગયો. ધૂળેય ધર્મ નથી. ભારે આકરું કામ! સમજાણું કાંઈ?

**'કોઈનું કારણ નહિ હોવાથી,...'** એનો અર્થ શું? કે રાગ અને વ્યવહારરત્નત્રયનો વિકલ્પ જ્ઞાનીને પણ ઉઠે છે પણ એની ધર્મ પર્યાય એનું કારણ નથી. સમજાય છે કાંઈ? ભાષા તો સાદી છે. સમજાય કેમ નહિ? ત્રણ લોકનો નાથ ક્ષણમાં કેવળ પામે. સમજાય છે? એને આ સમજવામાં કેમ વાંધો આવે? આહા..હા..!

મુમુક્ષુ :- એ સમકિતીને.. પ્રકૃતિનો બંધ કેમ થાય?

ઉત્તર :- એને બંધ થતો જ નથી. એ તો રાગને જાણે છે. પ્રકૃતિનો બંધ થયો એમ કહ્યું. એમ કે હા પાડશે એમાં. સમકિતીને બંધ થતો જ નથી. રાગ જ નથી પછી બંધ ક્યાં? એ તો પરચીજ છે. સમજાણું કાંઈ? એ ષોડશકારણના વિકલ્પની આત્માની પર્યાય કારણ નથી. આહા..હા..! આવી ગજબ વાત છેને!

જૈનદર્શન વીતરાગ ત્રિલોકનાથ પરમાત્મા. જેની સભામાં લાખો-કરોડો દેવો, સિંહ અને વાઘ અને રીંછ આમ બેઠા હોય. નાગ હોં! એમાં ભગવાનની વાણી આવી નીકળતી હોય... આહા..હા..! ઈન્દ્રો ડોલે, નાગ ડોલે, સિંહ ઝૂલે. સર્વજ્ઞ પરમાત્મા કોને કહે? આહા..હા..! તીર્થંકરદેવ. જ્યાં એની સભા (ભરાણી હોય), એમાં દિવ્યધ્વનિ ઉઠે અંદરથી. ૐ ધ્વનિ. બાર અંગને તીર્થ કર્યું ભાઈ! ણમોત્થુણંમાં આવે છેને? તિત્થયરાણં. એનો અર્થ કર્યો છે. કાલે એમાં હતો. મૂળમાં આવે છે. બાર અંગ એ તીર્થ છે. તીર્થના કરવાવાળા ભગવાન છે. એ બાર અંગનું જ્ઞાન કરવાવાળા ભગવાન એમ.

મુમુક્ષુ :- ત્યાંથી તીર્થ શરૂ થાય છે.

ઉત્તર :- શરૂ થાય છે. આવે છેને **નમોત્થુણં? નમોત્થુણં,** અરહંતાણં, ભગવંતાણં, આઈગરાણં, તીત્થયરાણં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો એને તીર્થ કહ્યું. એક કોર બાર અંગને વિકલ્પ કહ્યો, અહીંયાં તીર્થ કહ્યું. પરિણમન છેને બાર અંગનું જ્ઞાન. આત્મા છેને. એ આત્મા જ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં તો બાર અંગનું જ્ઞાન એનું.. માટે ચાર તીર્થની સ્થાપના કહેવાય. એ

પ્રવચનસારમાં લીધું છે. પોતાના તીર્થને કર્યું માટે તીર્થંકર એમ કહ્યું છે ત્યાં. સમજાણું કાંઈ? આહા..હા..!

એ દુઃખનું પ્રભુ અકારણ છે. કહો, આ તો એક બોલમાં એક કલાક થયો. કહો, સમજાણું કાંઈ? એમાં તો પાર નથી એટલા ભાવ ભર્યા છે. લ્યો. એવા દુઃખ અને સુખ બે વચ્ચે ભેદજ્ઞાન કરીને જુદું પડવું એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. એનું નામ ધર્મની શરૂઆત છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ-૧૩, ગુરુવાર, તા. ૨૧-૦૯-૧૯૭૨**
**ગાથા-૭૨, પ્રવચન-૧૬૯**

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

સમયસાર, કર્તાકર્મ અધિકાર. ૭૨મી ગાથા ચાલે છે. એમાં અહીંયાં આવ્યું છે. ત્રણ બોલ આવ્યા ત્રણ. આત્મા .. પુણ્ય અને પાપના ભાવ ઉત્પન્ન થાય છે એ મલિન અને આસ્રવ છે. જળમાં જેમ શેવાળ મેલરૂપ અનુભવાય છે, એમ ભગવાન આત્મામાં શુભ-અશુભભાવ એ મળ—મેલપણે અનુભવાય છે. એ આત્મા નહિ. આત્મા તો સદા નિર્મળાનંદ પ્રભુ છે. એવું બે વચ્ચે અંતર ભેદજ્ઞાન કરીને એ આસ્રવથી રુચિ અને અભિપ્રાય છોડી દે છે. સમજાણું કાંઈ? એક વાત. બીજી વાત એ પુણ્ય અને પાપના ભાવ એ જડત્વ છે. એમાં ચૈતન્યત્વનો અભાવ છે. ભગવાન આત્મા ચૈતન્ય વિજ્ઞાનઘન છે. એવું અંતરમાં બેનું જ્ઞાન—ભેદજ્ઞાન કરીને એ વિકારના પરિણામથી અધિકતાથી છૂટી જાય છે. સમજાણું કાંઈ? અને ત્રીજું, પુણ્ય અને પાપભાવ દુઃખરૂપ આકુળતા છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા દુઃખનું કારણ પણ નથી અને દુઃખનું કાર્ય પણ નથી. અર્થાત્ એ ભગવાનસ્વરૂપ પ્રભુ આત્મા જેમાં અકાર્યકારણ નામનો ગુણ પડ્યો છે એવા ગુણને ધરનારો આત્મા એવી અંતરમાં દૃષ્ટિ થવાથી પર્યાયમાં એ રાગનો અને વ્યવહારનો કર્તા નથી અને વ્યવહારથી નિશ્ચય સમ્યગ્દર્શનથી ધર્મ થાય એવું એનું કાર્ય નથી. નવરંગભાઈ! બાયડી-છોકરા તો ક્યાંય રહી ગયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સમજાય તો જ ... આહા..હા..! .. ૧૦-૧૦ લાખની ઉપજ ભાડાની. ભારે ભાઈ! આ તો એના ઉપર જે મમતા થાય છે અને મમતાનો ઘટાડો કરીને કોઈ દયા, દાન ને રાગ થાય છે તે બેય આસ્રવ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... પૈસા... એમ કહેતા હતા. .. આસ્રવ છે. આ તો સમજાણું કાંઈ? કેમકે એ તો પર ઉપર લક્ષ જાય છે તો રાગની ભલે મમતા હોય, પણ છે તો રાગ, છે દુઃખ, છે અચેતન. અને અશુચિ. ... ભગવાન! આ તો .. તો જ્ઞાન છે તારું. ભગવાન-ભગવાન તો આવ્યું છે અંદરમાં. ... ક્યારે થાય? કે એ શુભ અને અશુભ રાગ મલિન છે, અચેતન છે, દુઃખ છે. ભગવાન આત્મા ચેતન છે, નિર્મળ છે, આનંદરૂપ છે. એવું બે વચ્ચે ભેદજ્ઞાન કરીને જ્યારે પરથી નિવૃત્તિ કરે છે ત્યારે તે સમ્યગ્દર્શન જ્ઞાની ભગવાનનો દાસ થાય છે. કહો, જેઠાલાલભાઈ! આહા..હા..!

કહે છે. અહીંયાં આવ્યું જુઓ, '**ભગવાન આત્મા તો, સદાય નિરાકુળતા-સ્વભાવને લીધે, કોઈનું કાર્ય...**' એવી ધર્મપર્યાય જે થાય છે એ કોઈ રાગની મંદતાથી કે શરીરની નિરોગતાથી કે દુઃખની અનુકૂળતાથી એ સમ્યગ્દર્શન-જ્ઞાન થાય છે એમ આત્મામાં નથી. સમજાણું કાંઈ? અને એ કોઈ કોઈનું કારણ નથી. પુણ્ય અને પાપના ભાવ એનો આત્મા, એની નિર્મળ પર્યાય. સમજાણું કાંઈ? આત્મા કારણ નથી તો એનો અર્થ એ કે આત્માની દૃષ્ટિ થઈ એ પણ વિકારનું કારણ છે નહિ. આહા..હા..! આ બધું વ્યવસ્થિત કામ લે શેઠ! રાણપરમાં જાય ત્યાં બહુ ત્યાં પૈસા ઉઘરાવા એ જાય છે. એમ કોક વાત કરતું હતું. વાત કરતા હતા. ... આહા..હા..!

અહીં તો કહે છે કે ચાહે તો જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય. સમજાણું કાંઈ? આ તો આમાં શાતાની બંધનની સ્થિતિ અંતર્મુહૂર્તની છે. શાતામાં નવા બંધનનો આંતરો પણ અંતર્મુહૂર્તનો છે. જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત છે તમારે. ... શું કહે છે? કે શાતાનો જે બંધ થાય છેને આત્મામાં શુભભાવથી. એ શાતાના બંધની સ્થિતિ કેટલી? મુદત જઘન્ય એક સમય ... એ ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત શાતાનું બંધન છે. સમજાણું કાંઈ? એનો ભાવ શાતાના બંધનનો ભાવ પણ શુભ એ અંતર્મુહૂર્ત જ રહે છે. સ્થિતિ અંતર્મુહૂર્ત પછી ખસી જાય. અશુભ થઈ જાય. કેમકે શાતાની સ્થિતિ એટલી છે અને અશાતાની મુદ્દત જ એટલી છે. કે અશાતા બંધનમાં હોય તો જઘન્ય એક સમય (ઉત્કૃષ્ટ) અંતર્મુહૂર્ત. અશાતાનું અંતર પડે .. એક સમયની અર્થાત્ અશાતાનો બંધ થયો એને એક સમયમાં અંતર્મુહૂર્ત શાતાનું બંધ થાય, થાય ને થાય જ છે. ભગવાનભાઈ!

મુમુક્ષુ :- ... ચાલતી રહે છે.

ઉત્તર :- .. ચાલતી રહે છે. ધવલ-મહાધવલ બધામાં આવી સ્થિતિ છે. શું કહે છે સમજાણું કાંઈ? શુભભાવ છે .. એમાં ભર્યું છે. કે જે શુભભાવ છે એનાથી શાતા બંધાય છે. એ શુભભાવ ક્ષણ રહે છે. બીજે ક્ષણે અશુભ થાય છે. તો અશાતા બંધાય છે. ત્રીજે ક્ષણે શુભ થાય છે તો શાતા બંધાય છે, ચોથે ક્ષણે અશુભ થાય છે તો અશાતા બંધાય. એવું ચક્ર નિગોદમાં પણ ચાલે છે. એ કોઈ નવી ચીજ નથી. શેઠ! શાતા-અશાતાનું બંધન અને શુભાશુભભાવ કોઈ નવી ચીજ નથી. અંતર્મુહૂર્તે શુભ અને અંતર્મુહૂર્તે અશુભ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ સ્થિતિની અપેક્ષાએ વાત છે. આ તો ભાવ એક ક્ષણ જ રહે છે. એ સ્થિતિનો અર્થ એક સમયે ત્યાં પર્યાયના પરિણમનમાં એવી સ્થિતિની .. છે. પરિણમન બદલ્યા કરે છે. પણ એ પ્રશ્ન અત્યારે અહીં નથી. અહીંયાં તો.. ચંદુભાઈ! શું કહ્યું?

કહે છે કે ભગવાન! આત્મામાં શુભભાવ જે થાય છે એ એક સમયે કાં અંતર્મુહૂર્ત રહે. બીજે સમયે અશાતા થઈ જાય. અશાતાનો ભાવ અશુભ થઈ જાય અને અશુભભાવ પણ જઘન્ય એક સમય થોડું. જઘન્ય સમજો છો? અલ્પ. ઓછામાં ઓછો. ઓછામાં ઓછો એક સમય અને ઉત્કૃષ્ટ સમય ઝાઝા અંતર્મુહૂર્ત. ઘણું થોડું અડતાલીસના ..અંદરમાં ઘણો થોડો. એટલો શુભ અને અશુભનો કાળ નિરંતર ચાલે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... કરે છે. એ ખ્યાલ ન આવે પણ ચાલે છે. છઠ્ઠા ગુણસ્થાન સુધી. શુભ-અશુભ, શુભ-અશુભ પહેલેથી જ છે. .. એ આવી જાય છે અંદરમાં. એવી વાત છે. એવી કર્મધારા એકરૂપ નથી રહેતી. ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપે એકરૂપ છે એમ કહે છે. સમજાણું કાંઈ? એમાં શુભભાવ હોય તો અનંતવાર થયો. અને એ નિગોદ એકેન્દ્રિય અને અભવિને પણ થયો. એ નિગોદમાં છેને જીવ. ક્યારેય ત્રસ્ત પણ નથી થયો. ક્યારેય ત્રસ્ત પણ નથી થયો. એવા એકેન્દ્રિયને પણ શુભભાવની સ્થિતિ અંતર્મુહૂર્ત છે. અને એના અશુભભાવની સ્થિતિ પણ અંતર્મુહૂર્ત છે. વધારે-વધારે. એક સમય, જઘન્ય તો એક સમય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ નહિ. એવી વાત ... સમજાણું કાંઈ? આ છે એમ જ છે. આહા..હા..!

અહીંયાં તો એમ કહેવું છે કે શુભભાવ ઘણો સારો છે એમ કહે છે તો શુભભાવ તો અંતર્મુહૂર્ત જ રહે છે. નિગોદના જીવ બટેટા, શક્કરિયા. બટેટા સમજ્યા? આલુ. મુળી, ગાજર. શું કહેવાય એ સમજ્યાને? મૂળી બસ એ. સુરણ-સુરણ. એવી ગાંઠ હોય છેને અધમણ-અધમણની. તો એક એક કટકીમાં, રાય જેટલી કટકીમાં અસંખ્ય તો શરીર. આહા..હા..!

એ પ્રશ્ન તો થયો હતો કે બારમે ગુણસ્થાને પણ શરીર એટલું છે અસંખ્યાતા લોકપ્રમાણે શરીર છે. એ છે એમ. છે પછી ... અસંખ્ય બારમા ગુણસ્થાન સુધી નવું શરીર એવું પશુના થાય છે, અંદર માસ છે અને એમાં નિગોદના જીવ ઉત્પન્ન થાય છે. આહા..હા..! બારમું ગુણસ્થાન ધ્યાનમાં છે. કષાયભાવ છે. અંતર્મુહૂર્તમાં તો કેવળજ્ઞાન લેવું છે. ભગવાન કહે છે કે એના અસંખ્ય લોક પ્રમાણ તો નિગોદ શરીર છે. અને એક શરીરમાં એથી અનંતગુણા જીવ છે. એ સમયે સમયે મરે છે. ધ્યાનમાં હોય તોપણ મરે છે. એને કાંઈ છે નહિ.

મુમુક્ષુ :- પછી બધાય મરી ગયા.

ઉત્તર :- પછી પહેલા સમયે થોડા, બીજે સમયે થોડા અને પછી બધા મરી જાય. અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન થાય છે. ખલાસ. આહા..હા..! ...લાલભાઈ! એ નિગોદના જીવને પણ ક્ષણમાં શાતા અને ક્ષણમાં અશાતા બંધાય છે. આહા..હા..! કેવળજ્ઞાન છેને પરમાત્મા. જેને ત્રણ કાળ, ત્રણ લોક જોયા. .. શ્રુતજ્ઞાનમાં ... કરે છે. ગડિયા છે. એ તો શ્રુતજ્ઞાનની પર્યાય .. એટલી વાત છે. ભગવાનના જ્ઞાનમાં ત્રણ કાળ ત્રણ લોક જણાણા. તો ભગવાન તો એ કહે છે કે ઓહો..! આ તો શરીર ઔદારિક છે. તેમાં નિગોદના જીવ ઉત્પન્ન થાય છે અને મરે છે. તો અપ્રમત્તભાવને કારણે એને બંધ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એ મરે છે તે કાળે અહીંયાં શુભભાવ થાય છે. શું કહ્યું? નિગોદના જીવ અસંખ્ય લોકનો પ્રદેશ એટલો. એક લોકનો પ્રદેશ આકાશ. એક અંગુલના અસંખ્ય ભાગમાં અસંખ્ય ચોવીસીના સમય જેટલો પ્રદેશ છે. આ તસુ છે એનો અસંખ્યમો ભાગ. એમાં જે આકાશ પ્રદેશ છે એ અસંખ્ય ભાગમાં અસંખ્ય ચોવીસીના સમય જેટલો પ્રદેશ છે. અસંખ્ય ચોવીસી. એક ચોવીસીમાં દસ ક્રોડાક્રોડી સાગરોપમ. અને એક સાગરોપમમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ. આહા..હા..! આ તો ભાઈ મોટી વાતું છે. કેવળજ્ઞાનના ઘરની વાત છે.

અહીં તો બીજું કહેવું હતું કે એ નિગોદ મરે અને જન્મે તોપણ જ્યારે શાતાનો ભાવ શુભ છે એને કારણે શાતા જ બંધાય છે. મરે એનું કારણ અહીંયાં નથી.

મુમુક્ષુ :- એને .. બંધાય છે.

ઉત્તર :- ... અને જ્યારે અશાતાનો ભાવ છે. ક્ષણમાં અશુભ આવી જાય. કોઈ કહે કે આપણે શુભ ખૂબ કરીએ. પણ શુભ કરે ક્યાંથી? શુભ .. રહેતું જ નથી. અંતર્મુહૂર્ત સમજ્યા? મુહૂર્તની અંદર ઘણો કાળ. અંતર્મુહૂર્ત એટલે ઘણો ઓછો કાળ, ઘણો ઓછો કાળ. એટલો કાળ શુભભાવ રહે અને બીજો એટલા કાળ અશુભ રહે. એવું ચક્ર અનાદિથી ચાલે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ કોઈ નવી ચીજ નથી. ઓલા ..બિચારા આવ્યા આ તો.. પણ એ નવી ચીજ છે જ નહિ. એ તો બધું ખોટું છે. પણ તમને દરકાર પણ કે દિ' હતી આવું સાંભળવાની?

મુમુક્ષુ :- ...મિથ્યાદૃષ્ટિની વાત છેને.

ઉત્તર :- ના, બધાની. બારમે ગુણસ્થાને કહ્યુંને. તો નિગોદ એમાં આવી ગયું. .. અસંખ્ય કાળ છે. વીતરાગતા છેને ત્યાં? બારમે ગુણસ્થાને .. શું તત્ત્વની ખબર નથી. બારમી ભૂમિકાની વીતરાગતા. આહા..હા..! પૂર્ણ વીતરાગતા. પણ શરીરમાં નિગોદના શરીર અસંખ્ય લોકપ્રમાણ. અંગુલના અસંખ્ય ભાગમાં આકાશના પ્રદેશની સંખ્યા. અસંખ્યની ચોવીસીના સમય જેટલી સંખ્યા છે. એવો એક આકાશ આખા લોકના પ્રદેશ એવા અસંખ્ય લોકના પ્રદેશ જેટલા નિગોદના શરીર. બારમા ગુણસ્થાનવાળાને છે. તો અહીંયાં તો છે જ. આ શરીર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હોય જ છેને ત્યાં. હજુ વીતરાગ થયા એને પણ હોય છે. ... માંસ. આ બધામાં નિગોદ થાય ...ના માંસ, હાડકા, લોહી ... એવી લાયકાત છે. અંદર માંસ છે, .. નરમ છે. એવું છેને બધું? માંસ, હાડકા, ચરબી. નળી છેને નળી? નળી ખાલી છેને. રસ છે ચરબી છે. ચરબીમાં નિગોદ છે. આહા..હા..! એ .. શુભભાવ છે પણ અશાતા બંધાતી નથી ભલે અનંતા મરે. શાતા બંધાય. ... ...

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વીતરાગ છે. અંતર્મુહૂર્ત છે. બારમા ગુણસ્થાનનો કાળ અંતર્મુહૂર્ત. ... એ અત્યારે નથી. અહીં તો બીજી વાત કરવી છે. શુભ અને અશુભભાવ કોઈ નવી ચીજ નથી. એ અનાદિથી એકેન્દ્રિયથી ચાલી આવે છે. સમજાણું કાંઈ? એય..! અહીં તો જરી બે-પાંચ-દસ હજારનું દાન કરે તો એમ થઈ જાય કે આપણે આહા..હા..! બીજા કરતા ઘણું દાન કર્યું હોં! બહુ ભાવ! પણ એવા ધૂળના ભાવ તો અનંતવાર કર્યા સાંભળને હવે. ગીરધરભાઈ! અહીં કહે છે કે એ શુભ અને અશુભભાવ બેય અશુચિ છે, જડ છે અને દુઃખ આકુળતા ઉત્પન્ન કરનાર છે. અને ભગવાન શુચિ છે, ચૈતન્ય છે, વિજ્ઞાનઘન છે અને આનંદ છે. એવું બે વચ્ચે વિશેષ છે.

'**આ પ્રમાણે વિશેષ (-તફાવત) દેખીને...**' છે? આ કાંઈ ચોપડો નથી બીડીનો કે સમજાય જાય ઝટ દઈને. ત્યાં તો ઉકેલ કરે ત્યાં ફટ-ફટ નામું કરે. કામ ઉપર ત્યાં જાય તો ભાઈ સવારમાં ૧૦ હજાર, ૨૦ હજાર, ૨૫ હજાર. એક એક દિ'માં ખરચ આવે. છોકરા લઈને આવે. ... એ તો બહારની ચીજ ધૂળમાં છે. આહા..હા..! સમજાણું કાંઈ? એય..! બંગડીમાં બેસતા કેટલો .. પેદા કરે છે લ્યો! કોને પેદા કરવી? નુકસાન છે ત્યાં પેદાશ શું કરવી? આહા..હા..! એ તો અશુભ રાગનો આસ્રવ છે. આહા..હા..! અહીંયાં તો શુભરાગ જે છે દયા, દાન, ભક્તિ. .. એ કહ્યુંને ઉપરથી પ્રશ્ન કર્યો. કે ભક્તિનો રાગ. શેઠ! વીતરાગ ક્યાંથી થયો એ તો રાગ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રાગની મંદતા છે. લક્ષ્મી.. પાંચ કરોડ, દસ કરોડ દે. આબરૂ માટે દે અને જગતની મોટાઈ માટે આપે તો તો અશુભભાવ છે. પણ એ દાનની પ્રભાવના, ધર્મની પ્રભાવના એ કારણે ... કરે. એને રાગની મંદતા છે. પણ છે આસ્રવ, છે દુઃખ, છે અશુચિ, છે અચેતન. ભગવાન ચૈતન્ય સ્વરૂપની જાતથી ભિન્ન છે. આહા..હા..! અરે કદી જાણ્યું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! બાઈયું રોવે મરી જાય જુવાન. પછી રોવે અરેરે તમને ઓળખ્યા નહિ. ઓલામાં આવે છેને ભાઈ! મુળીવાળો નહિ? .. એની વહુ ગુજરી ગઈને વહુ. ... એ ગુજરી ગઈ આ તો જુવાન છે. પછી એની વહુ મરી ગઈ. વહુ મરી ગઈ એમાં એને એમ થયું કે મરીને મારે ઘરે ગાય આવી. કામધેનુ ગાય. ગાય સમજો છો? કામધેનુ ગાય. એવી ગાય જોવે ત્યારે દૂધ આપે. જ્યારે જોવે ત્યારે દૂધ આપે. એટલે એને .. ગાય મરી ગઈ. મરીને મોટું મંદીર બનાવ્યું ગાયને દાટીને. આપણે આમાં આવે છેને શ્રીમદ્‌માં? હે ભગવાન! હું ભૂલી ગયો ક્ષમાપના. એમ હે દેવી! હું ભૂલી ગયો તને. આ તો પાગલના કાંઈ પ્રમાણ હોય છે? જોવા ગયા હતા અમે ત્યાં. એ મકાન. વ્યાખ્યાનમાં.. દરબાર ઓલા આવે છે. .. ઘણા વર્ષની વાત છે. ૭૭. આપણે ... જીવનલાલજીને .. નહિ? તે દિ'. ઉમરાળા. ... એની વહુ મરી ગઈ. એમ કે ગાય થઈ એ. પહેલી વહુ હતી હવે કામધેનુ ગાય થઈ. એ પણ મરી. પછી એને દાટી. દાટીને મંદિર બનાવ્યું અને એમાં પાછું લખ્યું એરે.. હું તને ઓળખી શક્યો નહિ. ઠીક! મારી નાખ્યાને. ... દરબારના દિવાન. આહા..હા..! .. હતા નહિ? ... ... આહા..હા..! એ બાઈ ઉપર એટલો પ્રેમ એ મરીને મારે ઘરે ગાય આવી છે એમ કહે. કામધેનુ. એ મરીને એટલે કહે હે દેવી! હું તને ઓળખી ન શક્યો. આહા..હા..! ભગવાન .. એના ઉપર પાટ ઉપર લખ્યું. પત્થર ઉપર લખ્યું છે.

અહીં કહે છે કે હે ભગવાન! હું તને ભૂલી ગયો. ત્યાં તો એમ કહ્યું, હે નાથ! તારી કહેલી દયા, શાંતિ, ક્ષમાને મેં ઓળખી નહિ. આવે છેને. દુનિયા કહે દયા, ક્ષમા, શાંતિને જાણ્યા, પણ તમે કહો છો કે દયા, શાંતિને જાણ્યા નહિ. એવી વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને દયા એ તો અંતરમાં રાગની ઉત્પત્તિ ન થવી. શુભરાગની ઉત્પત્તિ થવી એ જ હિંસા. આહા..હા..! સમજાણું કાંઈ? પાંચ-દસ લાખનું દાન દીધું અને શુભરાગ થયો એ હિંસા. શોભાલાલજી! અહીં તો આ વાત એવી છે. છે એમાં. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં. રાગનો પ્રાદુર્ભાવ ઉત્પન્ન થવો એ હિંસા છે. અહીં તો કહે છે કે બેનું જ્યાં યથાર્થ જ્ઞાન થયું. આહા..હા..! અરે પુણ્ય અને પાપના ભાવ દુઃખરૂપ છે. હજી તો અશુભભાવ દુઃખરૂપ ન લાગે. સમજાણું કાંઈ? આબરૂની મીઠાશ, વિષયની મીઠાશ, મોટાઈની મીઠાશ, શેઠાઈની મીઠાશ. અધિપતિની મીઠાશ. .. છે. ૧૦-૧૦ હજારનો પગાર હોય અને મોટો ઓફિસર હોય.

એ જાણે શું કર્યું! એ છે ભિખારી સાંભળને હવે મારા. સમજાણું કાંઈ? એમાં જે ભાવ ઉત્પન્ન થાય છે એ દુઃખ છે અને એમાં રાગની મંદતા ઉત્પન્ન થાય છે તે દુઃખ છે. આહા..હા..!

કહે છે કે એ '**આ પ્રમાણે વિશેષ (-તફાવત) દેખીને જ્યારે આ આત્મા, આત્મા અને આસ્રવોનો ભેદ જાણે છે...**' એટલે કે શુભ અને અશુભભાવ જે દુઃખ અને આસ્રવ છે એની રુચિ છોડીને દૃષ્ટિ એના ઉપર છે એને છોડીને પોતાનો ભગવાન આનંદસ્વરૂપ ચૈતન્યઘન, વિજ્ઞાનઘન એમાં દૃષ્ટિ કરવાથી બેનું અંદર ભેદજ્ઞાન એને થઈ જાય છે. આહા..હા..! એવી વાત છે. છે? જુઓ, છે કે નહિ અંદર? એવું અંતર દેખીને એ આસ્રવ અશુચિ છે, જડ છે. પુણ્ય-પાપ બેય. અને દુઃખ છે. ભગવાન આત્મા શુચિ છે, વિજ્ઞાનઘન, આનંદ છે. એ દુઃખનું કારણ નથી. '**આ પ્રમાણે વિશેષ (-તફાવત) દેખીને જ્યારે આ આત્મા, આત્મા અને આસ્રવોનો ભેદ જાણે છે...**' ત્યાં એમ નથી લીધું કે કર્મ મંદ થાય તો આવું જાણપણું થાય. શેઠ! હીરાભાઈ! તું ભેદજ્ઞાન કરે છે તો પુરુષાર્થથી થાય છે એમ કહે છે. ..માર્ગ જે લીધો તો એમાં ભેદજ્ઞાન કરે છે એમ પણ નથી લીધું. આહા..હા..! એ વિકારના ભાવને પોતાનો માને છે એ તો પોતાને કારણે, મિથ્યાત્વને કારણે. અને એનું ભેદજ્ઞાન કરે છે તો પોતાના પુરુષાર્થથી. સમજાણું કાંઈ? એમાં વાંધા જ્યાં હોય ત્યાં જગતને.

ચૈતન્ય રત્ન પ્રભુ ભગવાન પાટ જેવી પાટ છે. આહા..હા..! પરમાત્માનું સ્થાપન કરે છેને આ? શું કહેવાય વેદીનું? આ તો પરમાત્મા સાક્ષાત્ છે એનું આત્મામાં સ્થાપન કર કે આ હું છું. એવી દૃષ્ટિ જ્યારે ભેદને જાણે છે '**તે જ વખતે...**' જુઓ, એ સમયે એ કાળે. '**ક્રોધાદિ આસ્રવોથી નિવૃત્ત થાય છે,...**' અર્થાત્ એ શુભભાવમાં પ્રેમ છે એની રુચિ ત્યાં છૂટી જાય છે અને પોતાનો આત્મા આનંદમય છે એની દૃષ્ટિ ત્યાં .. થઈ જાય છે. તો એ પુણ્ય-પાપના ભાવથી નિવૃત્ત થઈ ગયો. પરિણામને પોતાનું માનતો હતો, ભેદજ્ઞાન કરતાં એનાથી નિવૃત્ત થયો. આહા..હા..! સમજાણું કાંઈ? બહારથી છ ખંડનું રાજ હોય, ચક્રવર્તી પદ હોય, પણ અંતરમાં જે પર્યાયબુદ્ધિ હતી પુણ્ય અને પાપના ભાવ આસ્રવ પ્રત્યે રુચિ, દૃષ્ટિમાં એનો સ્વીકાર કર્યો. હતો એનાથી ભેદ કર્યો (કે) એ (હું) નહિ, હું તો આ છું. એવા ભગવાન આત્માની સ્વભાવ સન્મુખ હોવાથી પુણ્ય-પાપના પ્રેમમાં રુચિ છૂટી જાય છે એ આસ્રવથી છૂટી ગયો. સમજાણું કાંઈ?

'**તે જ વખતે ક્રોધાદિ આસ્રવોથી નિવૃત્ત થાય છે,...**' હાથમાં સર્પ પકડી લીધો. રબ્બર જાણીને. એ રબ્બર .. થાય છે. બરાબર એ તો આમ.. આપણે કરતા. .. સર્પ જ દેખે. એમ રબ્બર સમજીને સર્પને પકડી લીધો હતો. અરે આ તો જીવતો. તરત છોડી દે છે. કે પકડી રાખે? એમ પુણ્ય-પાપના ભાવ ઝેરીલા સર્પ જેવા છે. ભગવાન અમૃતનો કંદ પ્રભુ આત્મા છે. આવી વાત સાંભળે ક્યાં? સમજાણું કાંઈ? એવા ઝેરીલા સર્પથી પ્રીતિ,

રુચિ જ્યારે ભેદજ્ઞાન કર્યું ત્યારે ખસી ગઈ. પોતાના ભગવાન આત્મામાં દૃષ્ટિ અને રુચિ થઈ ગઈ. '**તે જ વખતે ક્રોધાદિ આસ્રવોથી નિવૃત્ત થાય છે,...**' આ પ્રમાણે નિવૃત્ત થાય છે હોં!

'કારણ કે **તેમનાથી જે નિવર્તતો ન હોય તેને આત્મા અને આસ્રવોના પારમાર્થિક (સાચા) ભેદજ્ઞાનની સિદ્ધિ જ થઈ નથી.**' આમાં ગડબડ કરે છે એ રતનચંદજી. અર્થમાં ગડબડ કરે છે. શું? કે જે પુણ્ય-પાપના ભાવ એ તો આસ્રવ અને બહારના આસ્રવ એનાથી જે નિવૃત્ત નથી થયો તો એને ભેદજ્ઞાન જ નથી. સંસારના કાર્ય બધા છોડવા જોઈએ એને. એમ કહે છેને (રતનચંદજી). '**તેમનાથી જે નિવર્તતો ન હોય...**' પણ નિવૃત્તિનો અર્થ શું? પુણ્ય-પાપના ભાવના પ્રેમથી છૂટ્યો નથી, રુચિ છૂટી નથી. સમજાણું કાંઈ? તે આત્માને આસ્રવના યથાર્થ ભેદજ્ઞાનની સિદ્ધિ નથી. એટલી વાત છે. આ ગૃહસ્થાશ્રમનો .. છોડે તો ભેદજ્ઞાન છે. એમ કહે છે. (તેઓ) આમાં છે. કહો, શેઠ! ત્યાં પણ શેઠ સાંભળતા હતા પહેલા. એને ક્યાં ખબર હતી. રતનચંદજી પાસે ત્યાં .. પાસે. શું કહે છે એની ક્યાં ખબર હતી એને. આવો એનો અર્થ કરે છે. શું? પંડિત છે. ... આહા..હા..! એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાંઈ ઠેકાણા ન મળે. આહા..હા..!

અહીંયાં તો પુણ્ય અને પાપનો પ્રેમ એ મારો એવો અભિપ્રાય હતો. એ અભિપ્રાયનો વિશ્વાસ છૂટી ગયો એમાંથી. અને પોતાનો ભગવાન નિર્મળાનંદમાં વિશ્વાસ, રુચિ થઈ એ આસ્રવથી નિવૃત્ત થયો. લ્યો! આહા..હા..! બધું ખોટું છે. ... અહીંયાં શું કહે છે જુઓને. કે '**આત્મા અને આસ્રવોના પારમાર્થિક (સાચા) ભેદજ્ઞાનની સિદ્ધિ જ થઈ નથી.**' એનો અર્થ? જે પુણ્ય અને પાપને દુઃખરૂપ જાણ્યા, ભગવાનને આનંદરૂપ જાણ્યા અને એની રુચિ અને અભિપ્રાય ન છૂટે તો એણે ભેદજ્ઞાન કર્યું જ નથી. સમજાણું કાંઈ? પડખું ફેરવી નાખ્યું. આમ સૂતો હતો તે આમ ફરી ગયો. દૃષ્ટિમાં પુણ્યની રુચિ હતી, આસ્રવની રુચિ હતી અને આસ્રવ મારો છે એવો અભિપ્રાય હતો તો ભેદજ્ઞાનમાં એ અભિપ્રાય છૂટી ગયો. અને એ નિવૃત્તિ છૂટી નહિ, પુણ્ય-પાપનો પ્રેમ ન છૂટે તો એને ભેદજ્ઞાનની યથાર્થ સિદ્ધિ નથી. એવો અર્થ છે આ ગાથામાં. મોતીલાલજી!

'**માટે ક્રોધાદિક આસ્રવોથી નિવૃત્તિ સાથે...**' શું કહે છે? કે પુણ્ય અને પાપના આસ્રવભાવથી પ્રેમ છૂટી ગયો અને એને ભેદજ્ઞાન થઈને પોતાના સ્વભાવનો પ્રેમ થયો તો એ આસ્રવથી નિવૃત્તિ થઈ અને નિવૃતિની સાથે અવિનાભાવી છે. એ રાગથી નિવૃત્ત અભિપ્રાયથી થયો એની સાથે ભેદજ્ઞાન થયું. નિવૃત્તિ થઈ એની સાથે રાગથી ભિન્ન એવું ભેદજ્ઞાન થયું. એ જ્ઞાનમાત્રથી બંધ રોકાઈ ગયો એ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? '**ક્રોધાદિક આસ્રવોથી**

**નિવૃત્તિ સાથે...**’ આ અંદરમાં પ્રેમ જ્યાં હતો એ છૂટી ગયો. સમજાણું કાંઈ? એ રુચિ છૂટી ગઈ, અભિપ્રાય છૂટી ગયો અને અભિપ્રાય જે છૂટ્યો તો એ સમયે રાગથી ભિન્ન પોતાનું જ્ઞાન થયું તો છૂટવાથી અવિનાભાવી જ્ઞાન છે. આસ્રવનો અભિપ્રાય છૂટ્યો એની સાથે જ ભેદજ્ઞાન છે. આ તો નાસ્તિથી કર્યું. પોતાના સ્વરૂપનું ભાન થયા પછી. અને એ અવિનાભાવ છે. ભારે કામ! સમજાણું કાંઈ? છેને પુસ્તક સામે છેને જુઓ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. કરે. લાવેને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... નીકળે છે. ...

‘**આસ્રવોથી નિવૃત્તિ સાથે...**’ ઓહો..! આત્મા આનંદસ્વરૂપ અને પુણ્ય-પાપના ભાવ દુઃખરૂપ. એવા દુઃખરૂપમાંથી અભિપ્રાય છૂટવાથી પોતાના સ્વભાવનો અભિપ્રાય થયો કે હું તો આનંદમય છું. એવા આસ્રવથી છૂટવાના કાળે જ. પોતાનું જ્ઞાન થયું તે અવિનાભાવી છે આસ્રવથી છૂટવું અને જ્ઞાન થવું તે અવિનાભાવ છે. આસ્રવથી છૂટે અને પરથી જુદું પોતાનું જ્ઞાન ન થાય એમ છે નહિ. અહીંયાંથી છૂટે અને પોતાના સ્વરૂપનું જ્ઞાન ન થાય એમ નથી. પરથી છૂટે એ જ સમયે પોતાનું જ્ઞાન થાય છે કે આત્મા આનંદમય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો સમયસાર ૧૭મી વાર વંચાય છે. ટીકા ૧૭મી વાર. સભામાં. ૧૬વાર તો થઈ ગયું આખું સમયસાર. આહા..હા..! વેપારી ૧૭ આના કરને. કોક સવાયા કરે. સમજાણું કાંઈ? અમારે ત્યાં દુકાન ઉપર એક સાધુ હતો. કે આજે બાર મહિને .. માલ જેટલો વેચાય એના રૂપિયા, એક રૂપિયો બે આના મળે. નફો .. એટલું આપે. અત્યારે તો મોટું ધારધીર છે. અત્યારે ૧૩ લાખની તો ઉઘરાણી કરે છે. ૧૩ લાખ. ઉઘરાણી આહા..હા..!

ભગવાન! જેની કિંમત નહિ, જેમાં મૂલ નહિ, જેના અંત નહિ એવી ચીજ. એ ચીજનો અભિપ્રાય થતાં શુભાશુભ પરિણામ જે આસ્રવ છે એવો અભિપ્રાય છૂટી ગયો. સમજાણું કાંઈ? અહીંયાં આસ્રવથી અભિપ્રાય છૂટ્યો એ જ સમયે પોતાનું જ્ઞાન થયું. આત્મા આનંદ છે. એ સાચું જ્ઞાન થયું. તે શું કહે છે? કે ‘**આસ્રવોથી નિવૃત્તિ સાથે જે અવિનાભાવી છે...**’ શું? આવું જ્ઞાનમાત્ર. ‘**એવા જ્ઞાનમાત્રથી જ, અજ્ઞાનથી થતો જે પૌદ્‌ગલિક કર્મનો બંધ તેનો નિરોધ થાય છે.**’ બસ એટલું લેવું. મિથ્યાત્વને કારણે જે બંધન હતું, પુણ્ય પરિણામ મારા અને એનાથી મને લાભ થાય એવો જ્યાં સુધી અભિપ્રાય હતો તો મિથ્યાત્વને કારણે કર્મબંધન થતું હતું. એ કર્મબંધન મિથ્યાત્વનો ગયો, જે અસ્થિરતાનો થાય તે ગણવામાં આવ્યો નથી.. આહા..હા..! લોકોને સમ્યગ્દર્શન અને ભેદજ્ઞાનની સ્થિતિ એની પણ ખબર નથી. સમજાણું કાંઈ? આ તો બાયડી, છોકરા છોડે, જંગલમાં રહે, અપવાસ કરે, શરીર

સુકાઈ જાય એણે આસ્રવ છોડ્યો (અજ્ઞાની એમ માને છે).

મુમુક્ષુ :- પંચમકાળમાં સાધુ છે જ નહિ.

ઉત્તર :- છે નહિ. એ ક્યાં હતા ધૂળમાંય સાધુ? આહા..હા..! મુંબઈ . જેમાં રહી શકે. સ્થાનકવાસી સાધુ રહી શકે નહિ, જંગલમાં ક્યાં જાય અત્યારે... ... છેને? મહેન્દ્રભાઈની સાથે. શેઠનું મકાન.. એની જોડે. ત્યાં થોડો ભાગ છે. તેરાપંથીની બાઈ કહેતી હતી. આ તેરાપંથી ક્યાં અહીં રહે છે? મહેન્દ્રભાઈના મકાનની સામે જ રહે છે. નીચે મકાનમાં. એ .. જાતી હતી. ... માણસો અરે ક્યાં હતું? એ જંગલ અને એકાંત છે ત્યાં ... આ મુંબઈમાં રહેવું એ ... શ્રાવકને પણ કઠીન. આહા..હા..! આબરૂ હોય તો શું કરે .. માણસને. એકાંત-એકાંત. આત્માનું એકાંત ... બહારમાં પણ નિર્ધન વસ્તી જ્ઞાની પાસે નિર્જન ક્ષેત્ર હોય. જ્યાં જન નહિ. નિર્જન. આહા..હા..! મુનિ તો જંગલમાં હોય છે. ચોથો કાળ અને પાંચમાં કાળમાં ફેર હશે? પાંચમા કાળમાં શીરો થાતો હશે ધૂળનો અને ચોથા આરામાં થાતો હશે લોટનો. એમ હશે કાંઈ?

મુમુક્ષુ :- .. થાય તેલનો અને .. ઘીનો..

ઉત્તર :- ઘી અને તેલ બધું એક જ ચીજ છે. અત્યારે ઘીનો સારો થાય. ગરીબ માણસ હોય તો ઘી ન હોય તો તેલ નાખતા. પણ તેલનો શીરો એ પણ શીરો કહેવાય ખરેખર? ઘી અંદર નાખીને આમ લહલહતો થાય. શીરો સમજો છો? હલવો. આહા..હા..! શીરો તો કર્યો નહોતો અમેરિકામાં? અમારે ગયા હતા ત્યાં નહિ આ કેવા? ત્ર્યંબકભાઈ અમેરિકામાં. સુમનભાઈ. પછી ગયા હતા ત્યારે એણે .. એક ઠેકાણે બેઠા. ઓષધિ હતી તો વિષ્ટા લઈ આવ્યો પાયખાનામાંથી ટોપલો ભરીને. એમાં કહે બનાવો. કહે બનાવું શીરો? કહે બનાવો.. પૈસા લીધા. ... પાંચ રૂપિયા. પચાસ રૂપિયા. એક ઔષધિ જ્યાં નાખી ગંધ નહિ. અને બીજી ઔષધિ નાખી તો શીરાની સુગંધ આવે. લ્યો શેઠ ખાવ. એને ખવડાવ્યો.. અરે!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો શીરો બનાવ્યો ખાવાનો લહલહતો આમ. ટોપલો મણનો લઈ આવ્યો પાયખાનામાંથી. એક ઔષધ જ્યાં નાખ્યું. એ લોકો વિજ્ઞાનમાં એક ઔષધ થોડું નાખ્યું આમ ગંધ ફરી ગઈ. બીજું જ્યાં ઔષધ નાખ્યું ત્યાં શીરો. લ્યો શેઠ! એ ખવડાવ્યો .. આહા..હા..! ... સમજાણું કાંઈ? આ તો એક .. એ લોકો પણ નજરે જોયું આ પાયખાનામાંથી શીરો. સમજાણું કાંઈ? આહા..હા..! પણ આ માંસ અને હાડકા એવા તો અંદરમાંથી ગંધ મારે. આહા..હા..! અને .. નીકળી જાય ગંધ. એકવાર ચક્કર ન થયું હોયને બરાબર. .. પછી પવન નીકળેને પવન. એવું ગંધ મારે એ શરીરનું. આ એવું રૂપાળું શરીર. એવી ગંધ મારે કે જોડે બેઠો હોય એને ચેન ન પડે. પવન નીકળે છેને પવન? આહા..હા..! આ તારું શરીર

લ્યો માખણ જેવું. એવી ગંધ મારે. અજીર્ણ હોયને. ... પછી પવન નીકળે. એ એવું ગંધાય. આહા..હા..! આ તારા શરીરમાંથી જો પાક્યું. વિષ્ટા થવાનું શરીર છે. કારખાનું છે આ. એ વિષ્ટા બીજામાં નહિ નાખો તો.. નહિ થાય અનાજ નાખો. એ બધો પેશાબ અને વિષ્ટા બનાવવાનું કારખાનું આ છે. આહા..હા..! મોસંબી પીવે તો પેશાબ. મૈસુબ ખાય તો વિષ્ટા. આહા..હા..! શેઠ! વિષ્ટા કહે છેને. શું કહે છે? .. કહે છેને? આહા..હા..!

અહીંયાં એની વાત તો નથી. અહીંયાં પુણ્ય-પાપના ભાવ એ મેલ, ગંધ, દુર્ગંધ છે. આહા..હા..! મારો આત્મા આનંદકંદ પ્રભુ આનંદ સ્વરૂપ સુગંધ છે. આનંદની જેમાં ગંધ આવે છે. એવા પુણ્ય અને પાપના મેલથી પોતાની શ્રદ્ધા નામ અભિપ્રાય હતો તે છૂટી ગયો. એ આસ્રવથી નિવૃત્ત થયો. સમજાણું કાંઈ? અને એની સાથે '**જ્ઞાનમાત્રથી જ, અજ્ઞાનથી થતો...**' અહીં તો એ લે છે. હવે ઓલા બીજી વાત કરે છે. અહીં તો '**અજ્ઞાનથી થતો જે પૌદ્‌ગલિક કર્મનો બંધ...**' વાત છે. હવે ઓલા કહે કે નહિ. એ બધો આસ્રવ છૂટી જાય અને વેપાર-ધંધા ન કરે, ફલાણું ન કરે ત્યારે એ (નિવૃત્ત કહેવાય) અરે! આ કોણ કરતું હતું સાંભળતો ખરો. આવા ને આવા પંડિતો.

મુમુક્ષુ :- આસ્રવ તત્ત્વ...

ઉત્તર :- એ પરિણામી.. એ પરિણામ .. અભિપ્રાય છૂટી ગયો. સમજાણું કાંઈ? આહા..હા..! આવે છેને ભાઈ નહિ ઓલામાં .. બાઈએ એના દીકરા સાથે વિષય લીધો. ખબર નથી કે આ ... બ્રાહ્મણ બાઈ હતી. એનો ધણી અને બાઈ ફરવા ગયેલા. ... ત્યાં એક રાજા આવ્યો. બાઈ બહુ રૂપાળી. ઓલો .. એનો ધણી બેઠો હતો બીજા ઓલામાં. આ બીજા ઓલામાં એમ કે ગઈ. એમાં ઓલો મળ્યો. ... અહીંયાં આવે ત્યાં ધણીને સર્પ કરડી ગયો. '.. માર ચલી અપને પીછે...' ત્યાં ચોર આવ્યા. ઉપાડી ગયા. એ ઉપાડીને ગઈ ત્યાં .. ગઈ. એ તો આઠ-દસ વર્ષ પહેલા એને દીકરો થયો એ તે દિ' ૧૫ વર્ષનો, ૨૫ વર્ષનો જુવાન થયેલો. એ આવ્યો વિષય લેવા. વિષય લીધો કે એલા તું ક્યાંનો? કે હું. અરેરે! પુત્ર સાથે આ. બળવા ગઈ. સમજાણું કાંઈ? બળવા ગઈ ત્યાં જ્યાં લાકડા ખડક્યા. ત્યાં નદી આવી માથે. જ્યાં સુતી અંદરમાં ત્યાં નદી આવ્યું પાણી. .. એમાં મૂર્છા આવી. એમાં એક કોઈ ભરવાડ નીકળ્યો ... આ સૂતી બાઈ છે. આ શું? એ ઘરે લઈ ગયો. .. સૂતી હતી. ભરવાડને ત્યાં દૂધ વેચવા અને છાશ વેચવા નીકળી માથે લઈને બજારમાં. એમાં વાગી ઠેસ. .. દાંત કાઢ્યા. શેઠ કહે પણ આ શું તને થયું? દાંત કેમ કાઢે છે? શેની માંડુ હું? 'મૃત માર ચલી ... સર્પ દસ્યો' ત્યાં .. આ થયું. શેની માંડું હું તે? છાશની માંડુ કે દીકરાની .. એ દાંત કાઢે કે અરર! આવે છે. છેને સજ્ઝાયમાળા. .. સજ્ઝાયમાળા છે. બધું વાંચેલું ત્યાં દુકાન ઉપર. ... સાંભળેલું ત્યાં. .. એવી વાતું કરે. તત્ત્વની તો કાંઈ ખબર ન હોય

બિચારાને.

કોની માંડું હું. .. શેની કરું હું? આવી તો કંઈક વીતી ગઈ માથે. સમજાણું કાંઈ? હું તો બ્રાહ્મણની દીકરી અને આ શું? આ શું? વિધવા થઈ, બળવા ગઈ, પાણી આવ્યા, પરાણે જીવતી, ભરવાડ લઈ ગયો, બાયડી કરી. આ છાશ વેચવા નીકળી છું એમાં ખુંચ્યું આ. એમ અનેક નિગોદ આદિના ભવ કર્યા, એમાં મનુષ્ય આદિના ભવ. કોની માંડે તું આ? શેમાં ખુશ થા છો? સમજાણું કાંઈ? ચીમનભાઈ! આહા..હા..!

અહીં તો '**અજ્ઞાનથી થતો જે પૌદ્‌ગલિક કર્મનો બંધ...**' એમ છે શબ્દ. જે પુણ્યના પરિણામ મારા છે અને એની દૃષ્ટિ કરી એ જ્ઞાનમાં આવ્યું કે એ તો દુઃખરૂપ અને આસ્રવ છે. તો દૃષ્ટિ જ્યારે પર્યાયમાંથી હટી ગઈ અને વસ્તુમાં દૃષ્ટિ થઈ, આસ્રવથી નિવર્ત્યો એ જ સમયે પોતાનું જ્ઞાન થયું. તો એ જ્ઞાનમાં '**અજ્ઞાનથી થતો જે પૌદ્‌ગલિક કર્મનો બંધ તેનો નિરોધ થાય છે.**' અજ્ઞાનથી જે કર્મ બંધાય છે એ બંધરૂપ થયો નથી. અસ્થિરતાના બંધની અહીંયાં ગણતરી નથી. સમજાણું કાંઈ? અને જો અજ્ઞાન દ્રવ્ય કર્મબંધન અટકે નહિ તો એ જ્ઞાન જ નથી. એમ હવે સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

'**વળી, જે આ આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન છે...**' હું પૂછું છું આચાર્ય કહે છે. ભગવાન આનંદમૂર્તિ પ્રભુ અને પુણ્યના પરિણામ ઝેર ને દુઃખ અને વિષ્ટા સમાન. આહા..હા..! વિષ્ટા સમાન કહ્યું તો લોકો ભડકી ઉઠ્યા. સોનગઢ એને વિષ્ટા કહે છે. અરે! ભગવાન તો એને જડ કહે છે સાંભળને હવે. વિષ્ટા તો ભુંડ પણ ખાય. આહા..! વિષ્ટા સાંભળતા તું રાડ નાખી ગયો! સમજાણું કાંઈ? એ તો એમાં આવે છે નહિ? 'ચક્રવર્તી કી સંપદા ઈન્દ્ર સરીખા ભોગ, કાગ વીટ સબ માનત હે સમ્યગ્દૃષ્ટિ લોક.' આહા..! સમ્યગ્જ્ઞાની રાગથી રુચિ હટી ગઈ, સ્વભાવની દૃષ્ટિ થઈ એ ઈન્દ્રના ભોગ અને ચક્રવર્તીના રાગના ભોગ કાગડાની વિષ્ટા જેવું દેખે. આની વિષ્ટા તો ખાતરમાં પણ નખાય માણસની તો. કાગડાની વિષ્ટા એ ખાતરમાં ન નખાય. નુકસાન કરે. સમ્યગ્દૃષ્ટિ લોક. આહા..હા..! 'કાગ વીટ સબ માનત હૈ સમ્યગ્દૃષ્ટિ લોક.' ત્યાં થોડી વીતરાગની શૈલી. આ જૈન.. .. પણ એનો અર્થ સમ્યગ્દૃષ્ટિ વીતરાગી છે. સમજાણું કાંઈ? ઈન્દ્રના ભોગ અને ચક્રવર્તીના ભોગ જ્ઞાનીને તો ઝેર જેવા, કાગડાની વિષ્ટા જેવા દેખાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનું ફળ શું છે? ધૂળમાં છે ફળ? આહા..હા..! એ પ્રશ્ન અમારે થયો હતો પહેલા. ૮૩ની સાલમાં. ... કે એકવાર અમે ભાવનગર ગયા હતા. હીરાભાઈના મકાનમાં. તો ફરીને ... ત્યાં ગયા. તો કહે કાનજીમુનિ અહીં આવ્યા ને અને આવ્યા નહિ અમારી પાસે. ગયો હતો. એણે એકવાર પ્રશ્ન કર્યો. એને કહ્યું .. શ્વેતાંબરમાં પુણ્યને શુભમાં નાખ્યું

છે. મેં કીધું પુણ્ય છે એ પાપ છે. એમ નહોતુ કહ્યું, પુણ્યનું ફળ છે એને જો ભોગવે તો પાપ છે. એને તો એમ હતુંને કે આ .. સાધુ થયા પણ અમારે પુણ્ય હતા તો સામગ્રી મળી. ધૂળ મળી એને ભોગવવાનો ભાવ એ પાપ. ૮૩ની સાલ. ... છે. એમ કહે .. સાધુ થઈને. ધૂળમાંય નથી કીધું. એમાં તત્ત્વાર્થસૂત્રમાં લખ્યું છેને. પુણ્ય નથી. એને પુણ્ય માને છે. આપણામાં નથી. એનામાં છે. તત્ત્વાર્થસૂત્રમાં એણે સૂત્ર ફેરવી નાખ્યું છે. રતિ, હાસ્ય, પુરુષવેદ અને પુણ્ય એ બધા શુભભાવમાં નાખ્યા. આહા..હા..! એના તત્ત્વાર્થસૂત્રમાં નાખ્યું છે. એ પુણ્ય છે. હાસ્ય, પુરુષવેદ અને પુણ્ય શુભભાવ. એ શુભભાવ એમ કહ્યું. જડ છે. ૮૬ની સાલમાં. અહીંયાં એ કહે છે.

**'આસ્રવોનું ભેદજ્ઞાન છે તે અજ્ઞાન છે કે જ્ઞાન છે?'** રાગથી ભિન્ન પડેલું જ્ઞાન તે અજ્ઞાન કે જ્ઞાન? હવે એનો જવાબ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ-૧૪, શુક્રવાર, તા. ૨૨-૦૯-૧૯૭૨**
**ગાથા-૭૨, કળશ-૪૭, પ્રવચન-૧૭૦**

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

૭૨ ગાથા. સમયસાર કર્તાકર્મ અધિકાર છે. થોડો સૂક્ષ્મ અધિકાર છે. ધ્યાન રાખે તો સમજાય એવું છે. અનંતકાળમાં પોતાનું હિત કેમ થાય એની દરકાર કરી જ નથી. સમજાણું કાંઈ? એના હિતની વાત શું છે એ સમજવું એને મુશ્કેલ પડે છે. અહિતની વાત શું છે એને પણ સમજવામાં મુશ્કેલ પડે છે.

અહીંયાં તો કહે છે કે આત્મામાં જેટલો પુણ્ય અને પાપના ભાવ શુભ-અશુભ થાય છે એ આસ્રવ છે, અશુચિ છે, અચેતન છે, દુઃખ છે. ભગવાન આત્મા એનાથી ભિન્ન શુચિ છે, ચૈતન્ય છે, આનંદ છે. સમજાણું કાંઈ? આ ઘઉંમાંથી કાંકરા કાઢવા હોય તો કાઢે ઝટ. એય..! એમાં પણ વિરુદ્ધ છે. પૂછો તો એમ કહે કે શું કરો છો? કહે ઘઉં વીણીએ છીએ. ઘઉં વીણે છે? .. ઘઉં ક્યાંથી વીણે? કાંકરા વીણે છે.

મુમુક્ષુ :- કાંકરા વીણે છે એમ કહે તો ક્યા અનાજમાંથી વીણે એ સમજાય નહિ. એટલે કહેવું જ પડે.

ઉત્તર :- તેથી એને ઘઉં વીણે છે એમ કહે. ઘઉં વીણે છે ઘઉં. શું કરો છો? ચોખા

વીણું છું. ચોખા. ચોખા તો ઘણા હોય. પણ અનાજની જાત કઈ છે એ બતાવવા એ ચીજ કહેવામાં આવે છે. બાકી તો .. ઘઉં કાંકરા વીણીએ-કાઢીએ છીએ.

એમ ભગવાન આત્મામાં શુભ અને અશુભભાવ એ કાંકરા છે. ભારે વાત ભાઈ! શરીર આ તો પર-જડ છે. એ તો અજીવ થઈને રહ્યું છે. અંદરમાં જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ (થાય) એ પુણ્ય આસ્રવ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના પાપ આસ્રવ છે. બેય દુઃખરૂપ છે. આત્મા આનંદરૂપ છે. એવું જેને શુભ-અશુભભાવ ઉપરથી દૃષ્ટિ ઉઠાવી, અંતરમાં શુભ-અશુભ ઉપર જે દૃષ્ટિ પર્યાયબુદ્ધિ છે ત્યાંથી દૃષ્ટિ ઉઠાવીને પોતાનો શુચિ, ચૈતન્ય અને આનંદસ્વરૂપ ભગવાન એમાં જેની દૃષ્ટિનું પ્રસરવું, ઠરવું થયું ત્યાં આત્માનું જ્ઞાન થયું કે હું તો આનંદ છું, હું રાગ નથી. સમજાણું કાંઈ? તો એ જ્ઞાનમાત્રથી અજ્ઞાનથી બંધન હતું તેનો નિરોધ થયો. બરાબર છે?

આ હું ચૈતન્ય આનંદ છું અંદર અને આ પરિણામ જે ઉઠે છે પુણ્ય-પાપના એ દુઃખરૂપ અને અચેતન છે. એ વર્તમાન દૃષ્ટિમાં જે વિકાર હતો એ અંતર દૃષ્ટિ પડતાં ચૈતન્યસ્વભાવ, આનંદસ્વરૂપ એનો અંતરમાં સ્વીકાર કરતાં પુણ્ય-પાપના પરિણામથી અભિપ્રાય રોકાઈ જાય છે. બરાબર છે? અને એ પુણ્ય-પાપની નિવૃત્તિની સાથે આત્માનું જ્ઞાન થયું કે આત્મા શુદ્ધ આનંદ છે તો એ જ્ઞાનમાત્રથી અજ્ઞાનથી બંધન થતું હતું તે રોકાઈ ગયું. સમજાણું કાંઈ? અને એ જ અનંત સંસારનું કારણ હતું. આહા..હા..! શુભ અને અશુભભાવ, પુણ્ય અને પાપનો રાગભાવ એ હું છું અને મારામાં મારાથી થયા છે એવી દૃષ્ટિ જ્યાં સુધી હતી ત્યાં સુધી તે અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ સ્વ અને પરના બોધ વિનાની વસ્તુ હતી એની પાસે. સમજાણું કાંઈ? પણ પોતાનો સ્વભાવ જ્ઞાનમૂર્તિ પ્રભુ આત્મા આનંદનો કંદ પ્રભુ આત્મા એવી દૃષ્ટિ જ્યારે પુણ્ય-પાપના પરિણામથી રુચિ હઠીને, એનો અભિપ્રાય છોડીને અભિપ્રાય, આશય, શ્રદ્ધા, સ્વભાવ ઉપર ગઈ તો આ આત્મા આનંદ છે એવું જ્ઞાન થયું. તો એ જ્ઞાનમાત્રથી અજ્ઞાનજન્ય જે કર્મબંધન હતું તે રોકાઈ ગયું. ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અંધારું ગયું, પ્રકાશ થયો. શુભાશુભભાવ... થોડું વિચારવું જોઈએ. ઘણા પૂછે છે કે અમારે શું કરવું? એય..! ભાઈ પૂછતા હતા તમારે ક્યાં ગયા આવ્યા નથી ભાઈ? .. મોહનભાઈના ભાઈ. એ પૂછતા હતા કે પણ અમારે કરવું શું? પણ કોઈ દિ' સામુ જોયું નથી. ધૂળમાં રુચિ, એમાં કાંઈ નહિ. દસ હજાર પેદા થાય ને ધૂળ થાય ને .. થાય. એમાં કાંઈક ખરચે પછી નોકારશી કરે, સાધુ હોય એને રાજી રાખે. બે-પાંચ લાખ ખર્ચીને. એમાં શું થયું? ધૂળ થઈ. એ તો રાગનો સ્વામી થઈને રાગનો કર્તા થાય છે એ તો પોતાના આનંદસ્વરૂપનો અનાદર કરે છે. જેઠાલાલભાઈ!

અહીંયાં તો કહે છે કે જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ કેમ થાય છે? કે એ જ્ઞાન જ્યાં પરથી અભિપ્રાય નિવૃત્ત થયો, દૃષ્ટિમાં અંતરમાં શુભ-અશુભભાવ ઉપર પ્રેમ ને રુચિ ને અભિપ્રાય હતો એ અભિપ્રાય એનાથી ખસી ગયો. હું એ નહિ. હું તો જ્ઞાન અને આનંદ છું. એવી દૃષ્ટિની સાથે સ્વ અને પરનું ભેદજ્ઞાન થયું. એ જ્ઞાનમાત્રથી અનંત સંસારનું બંધન થતું હતું તે રોકાઈ ગયું. સમજાણું કાંઈ? આ કિંમત કરવી કઠણ ભારે જગતને. બાયડી-છોકરા છોડે અને બાવો થાય તો એને આસ્રવ છોડ્યા કહેવાય. એય..! હતી કે દિ' તારી બાયડી? એ તો એનું તત્ત્વ છે. આહા..હા..! તારામાં જે પુણ્ય અને પાપના ભાવ થતા હતા એ વર્તમાન બુદ્ધિને કારણે. એ વર્તમાન બુદ્ધિ—અભિપ્રાય છૂટી ગયો અને ત્રિકાળી જ્ઞાન ભગવાન આત્મા એનો અભિપ્રાય થયો તો અભિપ્રાયમાં આસ્રવથી નિવૃત્ત થયો. પંડિતજી! આ બીજો અર્થ કરે છે એ. અભિપ્રાયથી નહિ. એ આસ્રવના પરિણામ બધા છૂટી જાય, ધંધો-વેપાર ન કરે તો એને આસ્રવથી નિવૃત્ત થયો એમ કહેવામાં આવે (એમ નથી). એય..! આહા..હા..! બહુ કામ આકરું જગતને. .. એમ પૂછ્યું, એમ કે પાધરો એનાથી નિવૃત્ત થઈ જાય તો કેવળી ચારિત્ર થઈ જાય એકદમ. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ફક્ત સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એ જે પોતાના સ્વરૂપમાં પરથી ભિન્ન થઈને સમ્યગ્જ્ઞાન થયું, ચોથું ગુણસ્થાન...

મુમુક્ષુ :- બહારમાં....

ઉત્તર :- બહારમાં શું કરે છે? અભિમાન કરે છે. મેં આમ કર્યું, આમ કરીએ છીએ. પરપદાર્થ સ્વતંત્ર જડ છે. શરીર, આત્મા, એ પર આત્માથી સ્વતંત્ર તત્ત્વ છે. શરીર, આત્મા એ પર આત્માથી સ્વતંત્ર તત્ત્વ છે. પર આત્મા એ આત્મા થઈને રહ્યો છે. તારો થઈને રહ્યો છે એમ છે નહિ અને શરીર જડ થઈને રહ્યું છે. એ આત્મા થઈને રહ્યું એમ નથી. એ તો જડ થઈને રહ્યું છે. આહા..હા..! આંધળાને કાંઈ ભાન નહિ. એમ અનાદિનો અજ્ઞાની પોતાના અંતર નેત્ર-ચક્ષુ ખોલ્યા વિના સ્વ અને પરને એક માને છે. આહા..હા..! એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. મિથ્યા નામ જૂઠી. જૂઠાનું પાપ મોટું પાપ છે. એનાથી આખો સંસાર રખડે છે.

અહીંયાં કહે છે કે જો એ પુણ્ય-પાપના ભાવથી અંતરમાં અભિપ્રાય છૂટી ગયો અને અભિપ્રાય સ્વભાવ ઉપર આવ્યો તો એ જ્ઞાનમાત્રથી મિથ્યાત્વનું અજ્ઞાનજન્ય કર્મબંધન હતું તે રોકાઈ ગયું. તો એમ કેમ થાય? કહે સાંભળ. તને અમે પૂછીએ છીએ. '**જે આ આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન છે તે અજ્ઞાન છે કે જ્ઞાન છે?**' આ તો કોર્ટ ચલાવી છે. આહા..હા..! કોર્ટમાં જેમ મોટા... સમજાય છે? પ્રશ્ન કરેને. અમારે ત્રણ કલાક પ્રશ્ન થયા હતા ત્યાં વડોદરા. ૬૩ની સાલ. ૬૩. કેટલા વર્ષ થયા? ૬૫. મોટો કેસ ચાલ્યો હતો વડોદરામાં. ૩ હજારનો પગાર માસિક હોં. શું કહેવાય એ? ... આપણને એ ભાષા પણ આવડે નહિ. મોટો ગોરો હતો. જંગલમાં હોં મકાન. તે દિ'. ૬૪ની સાલમાં ૩ હજારનો માસિક પગાર.

.... . કોર્ટ, મોટી કોર્ટ માથે પંખા હોય હોય લૂગડાના.

મુમુક્ષુ :- ત્યારે વીજળી નહોતી.

ઉત્તર :- વીજળી નહોતી. એક સવા મહિનો કેસ ચાલ્યો હતો. પાલેજમાં નજીક ત્રણ કલાક સુધી પ્રશ્ન-ઉત્તર ચાલ્યા. એ ..નો હતો શું કહેવાય એ? ..નો. એ વાત કરે અંગ્રેજી. અમને પૂછે ગુજરાતી. .. પણ માણસ બહુ શાંત નરમ માણસ. ત્રણ કલાક. આ લોકો કહે .. ચાલી. એટલું મારા નીતીમાં પણ એટલા.

અહીં ભગવાન કહે છે કે તને અમે પ્રશ્ન કરીએ છીએ કે આસ્રવથી પરિણામ અભિપ્રાય નિવૃત્ત થયો એ જ્ઞાન છે કે અજ્ઞાન? છે પ્રશ્ન? આ બધું જ્ઞાન કરવું પડશે. એય..! ભાણિયા. એમ ને એમ નહિ ચાલે ત્યાં આમ થઈ જશે પાછું. સમજાણું કાંઈ? નવીનભાઈના આવે છેને બાપ ગોંડલવાળા. ... હાંકે રાખે ગાડા.

મુમુક્ષુ :- પૈસા..

ઉત્તર :- શેના પૈસા? ધૂળના. અહીં તો કહે છે એય..! સુમનભાઈ! આ બધા શેઠ બેઠા જુઓને. .. લાખ આ ને આ બધા જુઓને. પૈસા .. ધૂળના ઢગલા કરે છે. મારા માને એ મૂઢ છે.

મુમુક્ષુ :- પણ રૂપિયા...

ઉત્તર :- રૂપિયા કોને કહેવા? શોભાલાલજી!

અહીં તો કહે છે કે એ પૈસાની વાત તો છે જ નહિ, પણ અંદરમાં જે શુભ અને અશુભભાવ થાય છે એ મારી ચીજ છે અને મારામાં છે અને હું એમાં છું એવી દૃષ્ટિને મિથ્યાદૃષ્ટિ મૂઢ અને અજ્ઞાની કહે છે. કહો, સમજાણું કાંઈ? પણ જે સમયે એણે સાંભળ્યું ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમેશ્વર એની વાણીમાં આવ્યું, સંતોએ સાંભળ્યું. ભગવાન! ભગવાન તરીકે બોલાવે છે ૭૨ ગાથામાં. આ આવ્યુંને ૭૨માં. એના પહેલા ભગવાન જ બોલાવ્યા છે.

મુમુક્ષુ :- ત્રણ વાર બોલ્યા

ઉત્તર :- ત્રણ વાર બોલાવ્યા. હાં. ભગવાન! અરે જાગ રે જાગ નાથ! તું આનંદનો સાગર અને જ્ઞાનનો દરિયો. એ પુણ્ય અને પાપને પોતાના માને આ ભૂલ ક્યાંથી કરી? સમજાણું કાંઈ? અરેરે! કહે છે કે ભગવાન! સાંભળતો ખરો. અમારી એક દલીલ તો સાંભળ! કે જો એક ભેદજ્ઞાન, આત્મા અને આસ્રવનું ભેદજ્ઞાન થયું અંદરમાં એ જ્ઞાન છે અજ્ઞાન? **'જો અજ્ઞાન છે તો આત્મા અને આસ્રવોના અભેદજ્ઞાનથી તેની કાંઈ વિશેષતા ન થઈ.'** તો તો એ પુણ્ય-પાપ મારા છે એ અજ્ઞાન થયું. એ ભેદજ્ઞાન ન થયું. સમજાણું કાંઈ? **'અને જો જ્ઞાન છે તો (તે જ્ઞાન)...'** તો અમે પૂછીએ છીએ કે શુભાશુભ પરિણામ

જે આસ્રવ છે, મેલ છે, દુઃખ છે, ઝેર છે. ભગવાન અમૃતનો સાગર અંદર છે. એવું જ્યારે બેથી ભિન્ન જ્ઞાન થયું એ જે જ્ઞાન છે તો અમે પૂછીએ છીએ કે **'આસ્રવોમાં પ્રવર્તે છે કે તેમનાથી નિવર્ત્યું છે?'** તો એ પુણ્ય-પાપના પરિણામમાં પોતાના અભિપ્રાયથી નિવૃત્ત છે કે એ પુણ્ય-પાપમાં પ્રવર્તે છે? અભિપ્રાયમાં હોં! અભિપ્રાયથી નિવર્ત્યો છે કે અભિપ્રાયથી એમાં પ્રવર્તે છે? ઝીણી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? સામે છેને. પુસ્તક છે કે નહિ? આહા..હા..! તમે તો હવે નવરા થયા. તમારે હવે શું છે?

કહે છે કે એ જે પરિણામ પુણ્ય-પાપના છે એમાં જો તું જ્ઞાન કહેતો હોય એનું અને આત્માનું. તો એ જ્ઞાન પુણ્ય-પાપના પરિણામમાં પોતાપણે પ્રવર્તે છે? કે એ પુણ્ય-પાપના પરિણામથી અભિપ્રાય છૂટી ગયો છે? આહા..હા..! વાંચ્યું નથી કોઈ દિ' આ. પણ વાંચે ત્યારે સમજેને. વાંચ્યા વિના ખબર શું પડે? એમ કે .. વાંચતા નથી. આહા..હા..! કહે છે કે **'આસ્રવોમાં પ્રવર્તે છે કે તેમનાથી નિવર્ત્યું છે? જો આસ્રવોમાં પ્રવર્તે છે તોપણ...'** પુણ્ય-પાપના શુભાશુભભાવ એમાં પ્રવર્તે છે એ તો અજ્ઞાન થયું. સમ્યક્જ્ઞાન થયું નથી. સમજાણું કાંઈ?

**'તોપણ આત્મા અને આસ્રવોના અભેદજ્ઞાનથી તેની કાંઈ વિશેષતા ન થઈ.'** એ જ પુણ્ય-પાપ અને આત્મા બેને એક માન્યા. એ જ્ઞાન નથી. જ્ઞાન જો પુણ્ય-પાપમાં મારાપણે માને અને કહે છે કે હું જ્ઞાન છું. એમ છે નહિ. સમજાણું કાંઈ? એ **'તેની કાંઈ વિશેષતા ન થઈ. અને જો આસ્રવોથી નિવર્ત્યું છે...'** અમે પૂછીએ છીએ કે, પ્રભુ! એ પુણ્ય-પાપના ભાવની રુચિ છોડીને એમાં પ્રવર્તવું રોકીને પોતાના સ્વભાવ તરફ પ્રવર્તે છે તો એ આસ્રવથી નિવૃત્ત થયો. એ જ્ઞાનથી બંધનો નિરોધ સિદ્ધ થયો એ .. ત્યાં. જો આસ્રવોથી નિવર્ત્યું છે. અભિપ્રાય પુણ્ય-પાપના પરિણામથી, પ્રેમથી છૂટી ગયો. અને અભિપ્રાય પોતાના શુદ્ધ ચૈતન્ય ઘનમાં આવ્યો તો આત્મા નિવર્ત્યો. આહા..હા..! પરિણામમાંથી નિવર્ત્યો એ વાત છે હોં! બહારની શું વાત હોય આ તો ધૂળ છે. આહા..હા..!

**'અને જો આસ્રવોથી નિવર્ત્યું છે તો જ્ઞાનથી જ બંધનો નિરોધ સિદ્ધ થયો કેમ ન કહેવાય?'** જે જ્ઞાન છે એ પુણ્ય-પાપના ભાવમાં પોતાપણે માનીને જે રહેતો હતો એ ભાવ છૂટી ગયો. તો એ જ્ઞાન પુણ્ય-પાપમાં પોતાપણું માનીને પ્રવર્તો નથી. અને જો પુણ્ય-પાપ ભાવનો અભિપ્રાય ખસી ગયો. સમજાણું કાંઈ? તો અભિપ્રાયમાં પોતાનું જ્ઞાન થયું, ભેદજ્ઞાન થયું. તો જ્ઞાનમાત્રથી અજ્ઞાનથી બંધનો નિરોધ થયો એમ કેમ ન કહ્યું? આહા..હા..! સમજાણું કાંઈ? દૃષ્ટાંત નહોતું આપ્યું? એ દૃષ્ટાંત લીધું હતું. બહાર .. માસીનો દીકરો હોય, પણ ખબર ન હોય. પહેલા દરરોજ મળતા હોય, બેસતા હોય. એમ કરતા વાત નીકળી. ભાઈ તમે કોણ છો? હું તો .. અરે કોના દીકરા? ફલાણાના. અરે એ તો મારી માસી.

એ જાતનું અજ્ઞાન તોડ્યું અને એ જાતનું જ્ઞાન થયું. થયુંને? એમાં કેટલી વાર લાગી? એમ દીકરીનો પિતા કરોડપતિ હોય, પચાસ લાખનો આસામી હોય. એ કન્યા એમ માને કે હું કરોડપતિ છું. પછી એનું સગપણ થયું. એને સંભળાવ્યું કે તારું સગપણ થયું છે. એ ..માં ફલાણો દીકરો. કોલેજમાં ભણેને! ..હવે કરોડપતિ નથી રહી. ત્યાં રહેશે વર્ષ, બે વર્ષ લગ્ન નહિ થાય ત્યાં સુધી. પણ દૃષ્ટિમાં તો એ ઘર અને એ વર. આ ઘર અને આ બધું મારું નહિ. સ્વામીપણું ખસી ગયું. રહેવા છતાં સ્વામીપણું હટી ગયું. એમ પુણ્ય અને પાપના ભાવ મલિન છે, અચેતન છે, દુઃખ છે, મારી ચીજ અંદરમાં આનંદ અને ચેતન છે. એવું ભેદજ્ઞાન થયું તો આસ્રવથી અભિપ્રાય નિવૃત્ત થયો. ભારે કામ. કહો, ..ભાઈ! આમાં ગડબડ કરે છે ઘણા. આહા..હા..!

'(સિદ્ધ થયો જ કહેવાય.) **આમ સિદ્ધ થવાથી અજ્ઞાનનો અંશ એવા ક્રિયાનયનું ખંડન થયું.**' શું કહ્યું હવે? અજ્ઞાનના અંશનો અર્થ જે દયા, દાન, વ્રત, ભક્તિ જે શુભ પરિણામ હતું તે અજ્ઞાન હતું. તેમાં જ્ઞાનસ્વભાવ નથી. તો એનાથી ધર્મ થાય એવું અજ્ઞાન નયનું, ક્રિયાનયનું ખંડન કર્યું. તો એનાથી જ્ઞાનધર્મ થતો નથી. એનાથી જ્ઞાન થતું નથી. સમજાણું કાંઈ? '**અજ્ઞાનનો અંશ એવા...**' ઘરે પાછું વાંચન કરવું જોઈએ. એમ ને એમ ચોપડા સંકેલીને અહીં બેસી જાય. એ રાખ્યા છે કે નહિ ઘરમાં ચોપડા? એમાં પાછા ઘરના ચોપડા ત્યાં તો એક રાખે. બાયડીના દાગીના બધા માટે એક હશે? પાંચ છોકરા એ બધાનો દાગીનો એક જ? દાગીનો સમજ્યા? ઝેવર. બધા જુદા હોય. આ ભાઈ મોટા ઘરની દીકરી છે. આઠ-દસ હજારનો દાગીનો છે. આ ફલાણી છે. .. લાવી. .. શું કહેવાય તમારે? પાંચ .. તમારા. ટંક-ટંક. ટંક જુદો રાખે. બધાના એક જ દાગીના હશે પાંચસો-છસ્સો.. અને આ પુસ્તક? બધું ..માં એક. .. .. પાંચ રૂપિયાનું નહિ. .. તો એનું નહિ. આ અન્યાય કેવો? કહો, શેઠ! એના સાડલા જુદા, એના કપડા જુદા, ટોપીયું જુદી, ચશ્મા જુદાં. ટોપી. પુસ્તક એક. સમજાણું કાંઈ? દરેકે પોતાનું પુસ્તક લેવું જોઈએ. અને એની રાત-દિવસ નિવૃત્તિમાં સ્વાધ્યાય કરવો જોઈએ. અવસર ક્યાં મળે? નરક અને નિગોદથી નીકળ્યો છે. સમજાણું કાંઈ?

તો કહે છે કે '**અજ્ઞાનનો અંશ એવા ક્રિયાનયનું ખંડન થયું.**' શું? કોઈ કહે છે કે રાગની મંદતાની વ્રત-નિયમની ક્રિયા કરે તો એનાથી ધર્મ થાય. એનું ખંડન કરી નાખ્યું. એનાથી નિવૃત્ત થઈને જ્ઞાનની ક્રિયા કરે તો ધર્મ થશે. '**વળી જે આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન છે તે પણ જો આસ્રવોથી નિવૃત્ત ન હોય તો તે જ્ઞાન જ નથી એમ સિદ્ધ થવાથી જ્ઞાનનો અંશ એવા (એકાંત) જ્ઞાનનયનું પણ ખંડન થયું.**' શું કહે છે હવ? જાણપણામાં આવ્યું કે રાગ આ છે, આત્મા આ છે. પણ એ અભિપ્રાયમાંથી આસ્રવથી નિવૃત્ત ન થયો તો તે જ્ઞાન જ નથી. સમજાણું કાંઈ? એ એકાંત જ્ઞાનનયનું ખંડન કર્યું. વાત કરે કે રાગ

મારો નહિ, મારો નહિ. એમ બોલે ... અભિપ્રાયમાંથી રાગ છૂટતો નથી. સમજાણું કાંઈ? તો અભિપ્રાયમાં, શ્રદ્ધામાં, આશયમાં, પુણ્ય અને પાપનો પ્રેમ રહે અને માને કે હું જ્ઞાની છું તો કહે કે એ તારું જ્ઞાન જ અજ્ઞાન છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાતું ભાઈ! આવો માર્ગ સમજવો પડે. આહા..હા..! અરે! અનંતકાળનો દુઃખી. આ ભવસાગરમાં અનેક ગોથા ખાતો ખાતો ... શું કહેવાય? ગળકા ખાય છે. સમુદ્રમાં. અરે! એને ખબર નથી, ભાઈ! ચોર્યાસીના અવતારમાં કારણો વિકારભાવ એને પોતાનો માને એ અવતારમાં ગળકા ખાય છે. આહા..હા..! એ નરક અને નિગોદના માથે ભવના દંડ પડ્યા છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ પાંચ-પચ્ચીસ વર્ષ જરી અનુકૂળતા દેખાય. શરીર ઠીક રહે, કાંઈક રળે અને કાંઈક જુવાની હોય. એ જ્યાં ૪૦ વર્ષ થાય એય..! હાર્ટફેઈલ થઈ ગયું. અત્યારે બહુ થાય છે. ત્યાં કોક કહે ૪૬ વર્ષની ઉંમર હાર્ટફેઈલ. અહીં ભાઈ આવ્યા હતાને... નહિ? ખેમરાજજી લાવ્યા હતાને કોક.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ. મીઠાલાલ કહે ૪૬ વર્ષનું આયું. બે ભાઈઓ. ૪૬ વર્ષ. હવે કોને કહેવું? ક્યાં જાવું? શું કરશે? આ બાયડી પાછળ એને શું કરશું? કાંઈ કહેવાનું ટાણું ન રહ્યું. કહેવાનું ટાણું ન રહ્યો. ઉપડો સ્મશાનમાં. સ્મશાનમાં તો શરીર જાશે. બીજા ભવમાં ચાલો. આહા..હા..! અહીં ક્યાં રહેવું છે. એ તો જાશે ત્યારે પૂછશે નહિ કોઈને.

એક ફેરી ... કર્યા હતા અમારે આનંદજી. ૮૭માં. અમારે આનંદજી હતાને. એણે સગપણ કર્યુંને આ ..માં. મનસુખનું સગપણ કર્યું હતું. અને આ બે ક્યાંથી સાથે. ૮૭ની સાલ. કારતક વદની વાત છે. આ .. વાળા છેને વાઢેર. એની છોડી અને આ અમારે મનસુખ એની સાથે સગપણ થયું... કીધું ભાઈ! વર મરીને થોરમાંથી આવ્યો, કન્યા મરીને ઈયળમાંથી આવી હોય. થોર સમજો છો? .. એવી વાત છે, બાપા! આ શું થાય? વનમાં રખડતો-રખડતો. આહા..હા..! એ જંગલમાં કાંટામાં, બાવળના પડ્યા હોય હજારો અને કયા ગામનો રસ્તો ન હોય તો મૂંઝાય છે. ક્યાં જાવું આ? કયે કેડે જાવું? આ ચારગતિમાંથી નીકળવું કેમ એમ મૂંઝાતો નથી. આવી વાત છે. આ તો .. તો કરી છે. .. છોડીને મકાન બનાવ્યું. દુનિયા કહે .. જંગલ. ... બાપા!

તમારા બનારસના પંડિત છેને એ ... બહુ રોતા હતા. અહીં અમારી પાસે. અરે! મેં બહુ આમ કર્યું. અનાદર કર્યો, ભૂલ કરી. આ જ્યાં ... કદી સાંભળ્યું નથી, કદી કર્યું નથી. ધર્મ શું છે? આહા..હા..! એમ કહેતા હતા. નરમ માણસ છે. આહા..હા..! આવી ચીજ, બાપુ! એ રખડતા-રઝળતા. ચોર્યાસીના અવતારમાં ગળકા ખાતો હતો. મનુષ્ય થઈને. આહા..હા..! એમાં જે કરવાલાયક છે તે કર્યું નહિ અને બીજું કર્યું. અરે! અવતાર એળે

ગયો. આ તો કહ્યું કે જે અભિપ્રાયમાંથી. આહા..હા..! શુભ-અશુભભાવ હોય, પણ એમાં અભિપ્રાય છૂટી ગયો. એ હું નથી. એ કૃત્રિમ વિકારીભાવ, દુઃખરૂપભાવ, ઝેરભાવ. મારા અમૃતનો સાગર પ્રભુ એ એનાથી ભિન્ન છે. એવું ભેદજ્ઞાન થતાં અજ્ઞાનથી કર્મબંધ રોકાઈ જાય છે. આહા..હા..! કરવાલાયક તો પહેલા આ છે. પછી વ્રત અને તપને પછી વાત છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પછી પણ કરવું પડશેને એ પહેલા કરે...

ઉત્તર :- શું કરવું પડે? વ્રત પછી સ્થિરતા કરવાની હોય. આ વ્રત કરવું પડે એ છે? આ .. સાથે? આહા..હા..! પહેલા કરી લ્યો. ખાધા પહેલા હાથ ધોઈ લ્યો. હાથ પછી પણ ધોવા પડશેને. પહેલા હાથ ધોઈને બેસી જાવ. પણ ખાધા વિના? સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા અભિપ્રાયમાંથી જ્યાં ખસ્યો ત્યાં પોતાનું ભોજન આવ્યું. આહા..હા..! આનંદનો નિત્યાનંદ ભોજી. એવા ભગવાન આત્માનું જ્ઞાન થયું તો એમાં એકાગ્ર થયો. જે પુણ્ય-પાપમાં પ્રવર્તતો હતો તે છૂટીને અહીં પ્રવર્ત્યો. આહા..હા..! સમજાણું કાંઈ? તો એકલા જાણપણામાં માનતા હતા કે હું આસ્રવથી નિવર્ત્યો. પણ આસ્રવમાં જ્ઞાન પ્રવર્તતું હતું અભિપ્રાયમાં પણ. તો એ જ્ઞાનનયનું ખંડન કર્યું. ઓલું એકલું જ્ઞાન શુભાશુભભાવથી હટીને સ્વભાવમાં ન આવે એ જ્ઞાનને જ્ઞાન કહેતા નથી. સમજાણું કાંઈ? બે જ વાત કરી.

શ્રીમદ્ છેને શ્રીમદ્? 'કોઈ ક્રિયા જડ થઈ રહ્યા અને શુષ્ક જ્ઞાનમાં કોઈ માને માર્ગ મોક્ષનો કરુણા ઉપજે જોઈ. કોઈ ક્રિયા જડ થઈ રહ્યા.' એ તો દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ જડ જેવા માને. એમાં ધર્મ 'અને શુષ્ક જ્ઞાનમાં કોઈ...' આ બીજો બોલ. પહેલા ક્રિયા જડમાં ઓલું અજ્ઞાન. આ બીજા બોલમાં શુષ્ક જ્ઞાની લીધા. સમજાણું કાંઈ? 'માને માર્ગ મોક્ષનો કરુણા ઉપજે જોઈ.' શ્રીમદ્ કહે છે કે કરુણા ઉપજે. અરેરે! આનું શું થશે ભાઈ! ક્યાં ઉતારા થાશે? નાથ! તને ખબર નથી. સમજાણું કાંઈ? એ વંટોળિયાના તરણા ઉડીને ક્યાં પડશે? એમ જેને પુણ્ય અને પાપના પ્રેમવાળા મિથ્યાદૃષ્ટિ વંટોળિયાના વેણે ચડ્યા છે એ. જઈને ક્યાં અવતરશે? એના ઉતારાની એને ખબર નથી. આહા..હા..! આ તો ખબર પડી ગઈ. અમારા ઉતારા આત્મામાં છે. ભવિષ્યમાં પણ અમારો ઉતારો આત્મામાં રહેશે. આહા..હા..! સમજાણું કાંઈ? પુણ્ય અને પાપના ભાવના પ્રેમ અને રુચિ અને આશ્રય છોડીને સ્વભાવનો આશ્રય કર્યો તો ત્યાં જ રહેશે એ. અનાદિ ત્યાં છે અને પછી પણ ત્યાં છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જ્ઞાનનયનું પણ ખંડન થયું.**' સમજાણું કાંઈ? પહેલા અજ્ઞાનના અંશની ક્રિયામાં. અજ્ઞાનના અંશનો અર્થ? શુભભાવમાં ધર્મ માનતા હતા. શુભભાવ દયા, દાન, વ્રત. એને ઉડાવી દીધો. એનાથી નિવૃત્ત થાય તો ધર્મ થશે. એ પરિણામથી ધર્મ નથી. અને જાણપણું એકલું કર્યું,

પણ પુણ્ય-પાપના પરિણામનો અભિપ્રાય રાખ્યો નહિ. એ જ્ઞાનના એકાંત અંશનું ખંડન કર્યું. અંદરમાં અભિપ્રાય તો રહ્યો. પુણ્ય-પાપમાં પ્રવર્તી રહ્યો. અને અમને જ્ઞાન થયું એ જ્ઞાન પ્રગટ્યું નથી. વાત પહેલી સાંભળવી કઠણ પડે. અભિપ્રાય બદલાઈ ગયો. સમજાણું કાંઈ? એક બોટાદમાં હતા. બોટાદ છેને. એક મોઢ હતા એક વાણિયો. એની મા મરી ગયેલી. નવી પરણેલો એનો બાપ. નવી. નવી સમજ્યાને? નવી બાઈ પરણ્યો. એની સ્ત્રી કપડા ધોવા ગયેલી. કપડા ધોવા બહાર. એ સ્ત્રીનો સાડલો હતો એ એની નવી માએ પહેરેલો. સ્ત્રીનો સાડલો. સમજ્યાને? અને એ બાઈ સૂતી હતી નવી. અને આને વિષયની વૃત્તિ ઉઠી એકલા દેખીને. તો એને એમ જાણે કે બૈરા સૂતા છે. સમજાણું? ઠેબુ માર્યું. પછી કેમ ભાઈ! ઓલો ... આમ જ્યાં કીધું ત્યાં અભિપ્રાય અટકી ગયો. આહા..હા..! ભલે નવી મા પણ માતા છેને. આ લૂગડું પહેરેલું. ઠેબુ માર્યું અને ઓલી જાગી. જાગ્યા ભેગું કેમ ભાઈ! વહુ નહાવા ગયા છે. આહા..! અરેરે! એ અભિપ્રાયને પલટતા વાર કેટલી? ઇન્દ્રિય નિગ્રહ થઈ ગયો ફટ. આ મા છે. આ માતા કહેવાય. બાપુ! ... સમજાણું કાંઈ? અભિપ્રાય એકદમ. એમ પુણ્ય અને પાપમાં એકત્વબુદ્ધિ હતી એ જ્યાં પુણ્ય અને પાપની એકત્વબુદ્ધિ છૂટી ગઈ એ અભિપ્રાયને પડખે નિવૃત્ત થયો. આહા..હા..! આ બહારથી કાંઈક છોડે અને બહારથી.. આ ત્યાગી ધૂળેય નથી સાંભળને. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- આસ્રવો અશુચિ છે, જડ છે, દુઃખનાં કારણ છે...**' છેને? આસ્રવ કોણ? પુણ્ય અને પાપનો ભાવ, શુભ અને અશુભભાવ બેય અશુચિ છે, જડ છે પરિણામ વિકારી અને દુઃખનાં કારણ છે. '**અને આત્મા પવિત્ર છે, જ્ઞાતા છે, સુખસ્વરૂપ છે. એ રીતે લક્ષણભેદથી બન્નેને ભિન્ન જાણીને...**' આહા..હા..! '**બન્નેને ભિન્ન જાણીને આસ્રવોથી આત્મા નિવૃત્ત થાય છે અને તેને કર્મનો બંધ થતો નથી.**' આહા..હા..! બાકી તો પુણ્યના પરિણામમાં પ્રવર્તે છે વ્રતાદિમાં. એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! જ્ઞાનીને પુણ્ય-પાપમાં પ્રવર્તવું અટકી ગયું. એનો જ્ઞાતા થઈ ગયો. સમજાણું કાંઈ?

'**આત્મા અને આસ્રવોનો ભેદ જાણ્યા છતાં જો આત્મા આસ્રવોથી નિવૃત્ત ન થાય તો તે જ્ઞાન જ નથી,...**' તે જ્ઞાન પુણ્ય અને પાપના ભાવથી હટીને સ્વભાવમાં ન આવ્યો તો તે જ્ઞાન જ નથી. સમજાણું કાંઈ? તેને અહીં જ્ઞાન કહે છે. પાઠ શીખી જાય, શાસ્ત્ર શીખી જાય અને બહુ આવડે બોલતા માટે એ જ્ઞાન છે એમ નથી. આહા..હા..! '**અહીં કોઈ પ્રશ્ન કરે કે અવિરત સમ્યગ્દૃષ્ટિને મિથ્યાત્વ...**' સમ્યગ્દૃષ્ટિ અવિરત છે. હજી અંદર ચારિત્ર આવ્યું નથી. તો તેને '**અનંતાનુબંધી પ્રકૃતિઓનો તો આસ્રવ નથી થતો પણ અન્ય પ્રકૃતિઓનો તો આસ્રવ થઈને બંધ થાય છે; તેને જ્ઞાની કહેવો કે અજ્ઞાની?**' પ્રશ્ન કર્યો.

'**તેનું સમાધાનઃ- સમ્યગ્દૃષ્ટિ જીવ જ્ઞાની જ છે...**' ચાહે તો છ ખંડના રાજમાં દેખાય, છન્નુ હજારી સ્ત્રીના વૃંદમાં દેખાય, એના ભોગમાં દેખાય. આહા..હા..! ભોગમાં એ છે નહિ. સમજાણું કાંઈ? આત્મા ઇન્દ્રિયનો વિષય ભોગવે તે આત્મા નથી. એમ કહ્યું. અલિંગગ્રહણ. બારમો બોલ. સમજાણું કાંઈ? ૨૦ બોલ છેને ૨૦? અલિંગગ્રહણ એક શબ્દના ૨૦ અર્થ છે મોટા. એવો બારમો એક અર્થ છે કે આત્મા એને કહીએ કે ઇન્દ્રિયના વિષયનો ભોગ એને હોતો જ નથી. આહા..હા..! પણ છન્નું હજાર છેને. ના. ના પ્રભુ! એના ઉપરથી દૃષ્ટિ ઉઠી ગઈ છે, સુખબુદ્ધિ ઉડી ગઈ છે. આહા..હા..! એ ઝેર જેવા એને દેખાય છે. પોતાના સ્વરૂપનો રાગ છે એમ નથી જોતા. સમજાણું કાંઈ? તો આત્મા એને કહીએ કે ઇન્દ્રિયના વિષયનો ભોક્તા આત્મા નથી અને જ્યાં સુધી ભોક્તા છે ત્યાં સુધી આત્મા નથી. આહા..હા..! કઈ અપેક્ષાએ? સમજાણું કાંઈ? અલિંગગ્રહણ છે. ૨૦ બોલ આવ્યા છેને? એનો બારમો બોલ છે. અલિંગગ્રહણ. ભગવાન આત્મા એ ભોગની વાસનાથી એકતાથી બુદ્ધિ ભોગવે તે આત્મા જ નથી. આહા..હા..! આત્મા ઇન્દ્રિયના વિષયનો ભોક્તા નથી. પ્રભુ! શું કહે છે તું આ? આહા..હા..! એ છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં દેખાય. છતાં એ ભોક્તા દેખાય છે પણ ભોક્તા નથી. સમજાણું કાંઈ? દૃષ્ટિએ આખું નિધાન અંદરમાં જોયું. એ રાગ આવ્યો એનો સ્વામી નથી. સ્વામીપણું ઉઠી ગયું. આહા..હા..! સમજાણું કાંઈ?

શાસ્ત્ર તો એમ કહે છે જુઓ. ભગવાન આત્મા એને કહીએ ઇન્દ્રિયના વિષયનો ભોગ નહિ. ઓહો..હો..! શું કહે છે આ? એનો અર્થ? કે જે ઇન્દ્રિય તરફના વિષયની વાસના એમાં જેની એકતાબુદ્ધિ છે તે આત્મા નથી. અને ભિન્ન પડ્યો તો એ ભોગનો ભોક્તા નથી. એ ભોક્તા જ્ઞાતા-દૃષ્ટા છે. સમજાણું કાંઈ? અલિંગગ્રહણનો બારમો બોલ છે. આહા..હા..! અહીં એ કહે છે. '**સમ્યગ્દૃષ્ટિ જીવ જ્ઞાની જ છે કારણ કે તે અભિપ્રાયપૂર્વકના આસ્રવોથી નિવર્ત્યો છે.**' બસ, અભિપ્રાયમાં આસ્રવનો પ્રેમ છૂટી ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? મીરાંબાઈએ કહ્યું એના ધણીને. અન્યમાં થયાને મીરાંબાઈ? ભગત ભગત હતા. .. પણ ભગત. તંબુરો લઈને. ... રાજા કહે કે ચાલ રાણી. લગન કર્યા. પિતાજીએ લગન કરાવી દીધા. કહે છે કે અરે રાણા! 'હું પરણી મારા પીયુજીની સાથ એ બીજાના મીંઢોળ નહિ રે બાંધુ.' આ મીંઢોણ નથી ઓલા લાકડા? આ પરણે ત્યારે બાંધે છેને. શું કહે છે? .. ના .. મોટું આવે છે. છે તો લાકડાનું. 'પરણી મારા પીયુજીની સાથે બીજાના મીંઢોળ નહિ રે બાંધું.' એમ સમ્યગ્દૃષ્ટિ કહે છે 'સંબંધ કર્યો આત્મા પરમાત્માની સાથે એ વિકારનો સ્વામી હું નહિ રહું.' આહા..હા..! એ મારી ચીજ નથી. આહા..હા..! આ તે કાંઈ વાત છે! લોકોને અભિપ્રાયથી શું વસ્તુ છે એની કિંમત નથી. અને બહારથી બાયડી-છોકરા છોડે અને દુકાન છોડે તો ત્યાગી થઈ ગયો. ધર્મનો ત્યાગી છે. એય..! સમજાણું કાંઈ? ધર્મનો ત્યાગ કર્યો એણે.

અહીં તો પરમાત્મા પોતાનો નિજાત્મા નિજનિધાન વિકારથી હટીને જ્યાં પોતાની ચીજને જાણી એ પુણ્ય-પાપમાં કેમ પ્રવર્તે? જ્ઞાની છે એ... સમજાણું કાંઈ? કરોડો-અબજોના વેપારમાં દેખાય. ના. ના. એ એમાં છે નહિ. જ્યાં એ છે ત્યાં એ વેપાર નહિ અને જ્યાં વેપાર છે ત્યાં આત્મા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! '**અભિપ્રાયપૂર્વકના આસ્રવોથી નિવર્ત્યો છે. તેને પ્રકૃતિઓનો જે આસ્રવ તથા બંધ થાય છે તે અભિપ્રાયપૂર્વક નથી.**' અભિપ્રાય નથી. એ તો અસ્થિરતાને કારણે થાય છે. '**સમ્યગ્દષ્ટિ થયા પછી પરદ્રવ્યના સ્વામિત્વનો અભાવ છે;...**' લ્યો! એ રાગનો સ્વામી છૂટો થઈ ગયો. આહા..હા..! મેસુબની વિષ્ટા થઈ હોય તો એ વિષ્ટા કાંઈ સંગ્રહી રખાય. મેસુબ ખાધો હોયને મેસુબ. પા શેર ઘી લોટ લઈને. સવારમાં વિષ્ટા નીકળે તો બહુ સારી વિષ્ટા હતી. આહા..હા..! કાલે કહ્યું હતુંને. ..ભાઈ. લાડવા. ચંપકભાઈને? ચંપકભાઈ ગયા હતા અમેરિકા. અમેરિકા? તો એને ત્યાં ઔષધિ બહુ ઔષધિ. એટલે એક પાયખાનામાંથી ટોપલો ભરીને વિષ્ટા લઈ આવ્યા. વિષ્ટા લાવી અને પછી કહે લાવો પૈસા. ઔષધિથી શીરો બનાવી દઉં. એક ઔષધિ જ્યાં નાખી દુર્ગંધ ચાલી ગઈ, બીજી જ્યાં ઔષધિ નાખી શીરો. લહલહતો શીરો. ખાવ. અરર..! સમજાણું કાંઈ? આ બનેલી વાત છે. ગીરધરભાઈ! વાત કરી હતીને. ચંપકભાઈ કહેતા. એવું .. થાતું હશે. ..માં. .. થાય છે. મીઠાઈ બરાબર શીરો દેખાય. ઔષધિ એવી હોય છે વનસ્પતિની. એ .. નાખે અંદર તો એના રજકણો પલટો આખો થવાનો હોય એ થયો. થવાનો હતો હોં! આહા..હા..! એમ જ્યાં ભગવાન આત્મા એક અભિપ્રાયનું ઔષધ જ્યાં નાખ્યું અંદર. તો પુણ્ય-પાપથી હટી ગયો અને આત્માના આનંદમાં આવી ગયો. હવે ખાવ શીરો. એ આત્માના આનંદનો શીરો છે. એ ઔષધિનો શેરો નથી, વિષ્ટાનો શીરો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સ્વામિત્વનો અભાવ છે; માટે,** જ્યાં સુધી તેને ચારિત્રમોહનો ઉદય છે...' જરી રાગ આવે છે. ધર્મીને પણ થોડો રાગ આવે છે. '**ત્યાં સુધી તેના ઉદય અનુસાર જે આસ્રવ-બંધ થાય છે તેનું સ્વામીપણું તેને નથી. અભિપ્રાયમાં તો તે આસ્રવ-બંધથી સર્વથા નિવૃત્ત થવા જ** ઈચ્છે છે.' આહા..હા..! '**તેથી તે જ્ઞાની જ છે.**' '**જ્ઞાનીને બંધ થતો નથી એમ કહ્યું છે તેનું** કારણ **આ પ્રમાણે છેઃ- મિથ્યાત્વસંબંધી બંધ** કે જે **અનંત સંસારનું** કારણ છે...' પુણ્ય અને પાપના પરિણામ મારા છે એવો જે મિથ્યાત્વભાવ એ અનંત સંસારનું કારણ છે. '**તે જ અહીં પ્રધાનપણે વિવક્ષિત (-કહેવા ધારેલો) છે. અવિરતિ આદિથી બંધ થાય છે તે અલ્પ સ્થિતિ-અનુભાગવાળો છે,...**' લ્યો! આહા..હા..! સમ્યગ્દષ્ટિને જ્યારે ત્રણ કષાયનો ભાવ છે અને થોડો છે તો એનો બંધ બહુ અલ્પ સ્થિતિ... કહો, સમજાણું કાંઈ?

'**તેથી તે પ્રધાન ગણવામાં આવ્યો નથી.**' એને મુખ્ય ગણવામાં આવ્યો નથી. '**અથવા**

તો આ પ્રમાણે કારણ છે :- **જ્ઞાન બંધનું કારણ નથી. જ્યાં સુધી જ્ઞાનમાં મિથ્યાત્વનો ઉદય હતો ત્યાં સુધી તે અજ્ઞાન કહેવાતું હતું...'** આહા..હા..! એ જ્ઞાનમાં જ્યાં સુધી પુણ્યનો-પાપનો કણ હતો, એકત્વબુદ્ધિ હતી ત્યાં સુધી મિથ્યાત્વ હતું ત્યાં સુધી તે જ્ઞાનને અજ્ઞાન કહેવાતું હતું. **'મિથ્યાત્વ ગયા પછી અજ્ઞાન નથી, જ્ઞાન જ છે. તેમાં જે કાંઈ ચારિત્રમોહ સંબંધી વિકાર છે તેનો સ્વામી જ્ઞાની નથી...'** ધણી નથી. સમજાણું કાંઈ? **'તેથી જ્ઞાનીને બંધ નથી; કારણ કે વિકાર કે જે બંધરૂપ છે અને બંધનું કારણ છે, તે તો બંધની પંકિતમાં છે, જ્ઞાનની પંકિતમાં નથી. આ અર્થના સમર્થનરૂપ કથન આગળ જતાં ગાથાઓમાં આવશે.'** લ્યો!

## શ્લોક-૪૭

(मालिनी)

परपरिणतिमुज्झत् खण्डयद्भेदवादा-
निदमुदितमखण्डं ज्ञानमुच्चण्डमुच्चैः।
ननु कथमवकाशः कर्तृकर्मप्रवृत्ते-
रिह भवति कथं वा पौद्गलः कर्मबन्धः।।४७।।

અહીં કળશરૂપ કાવ્ય કહે છેઃ-

શ્લોકાર્થઃ- [परपरिणतिम् उज्झत्] પરપરિણતિને છોડતું, [भेदवादान् खण्डयत्] ભેદનાં કથનોને તોડી પાડતું, [इदम् अखण्डम् उच्चण्डम् ज्ञानम्] આ અખંડ અને અત્યંત પ્રચંડ જ્ઞાન [उच्चैः उदितम्] પ્રત્યક્ષ ઉદય પામ્યુ છે. [ननु] અહો! [इह] આવા જ્ઞાનમાં [कर्तृकर्मप्रवृत्तिः] (પરદ્રવ્યનાં) કર્તાકર્મની પ્રવૃત્તિનો [कथम् अवकाशः] અવકાશ કેમ હોઈ શકે? [वा] તથા [पौद्गलः कर्मबन्धः] પૌદ્ગલિક કર્મબંધ પણ [कथं भवति] કેમ હોઈ શકે? (ન જ હોઈ શકે.)

(જ્ઞેયોના નિમિત્તથી તથા ક્ષયોપશમના વિશેષથી જ્ઞાનમાં જે અનેક ખંડરૂપ આકારો પ્રતિભાસમાં આવતા હતા તેમનાથી રહિત જ્ઞાનમાત્ર આકાર હવે અનુભવમાં આવ્યો તેથી 'અખંડ' એવું વિશેષણ જ્ઞાનને આપ્યું છે. મતિજ્ઞાન આદિ જે અનેક ભેદો કહેવાતા હતા તેમને દૂર કરતું ઉદય પામ્યું છે તેથી 'ભેદનાં કથનોને તોડી પાડતું' એમ કહ્યું છે. પરના નિમિત્તે રાગાદિરૂપ પરિણમતું હતું તે પરિણતિને છોડતું ઉદય

પામ્યું છે તેથી 'પરપરિણતિને છોડતું' એમ કહ્યું છે. પરના નિમિત્તથી રાગાદિરૂપ પરિણમતું નથી, બળવાન છે તેથી 'અત્યંત પ્રચંડ' કહ્યું છે.)

ભાવાર્થ :- કર્મબંધ તો અજ્ઞાનથી થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિથી હતો. હવે જ્યારે ભેદભાવને અને પરપરિણતિને દૂર કરી એકાકાર જ્ઞાન પ્રગટ થયું ત્યારે ભેદરૂપ કારકની પ્રવૃત્તિ મટી; તો પછી હવે બંધ શા માટે હોય? અર્થાત્ ન હોય. ૪૭.

## કળશ-૪૭ ઉપર પ્રવચન

હવે કળશરૂપ કાવ્ય કહે છે. ૪૭. જરી ઝીણું હતું. .. તો એવું છે.

(मालिनी)

परपरिणतिमुज्झत् खण्डयद्भेदवादा-<br>
निदमुदितमखण्डं ज्ञानमुच्चण्डमुच्चैः।<br>
ननु कथमवकाशः कर्तृकर्मप्रवृत्ते-<br>
रिह भवति कथं वा पौद्गलः कर्मबन्धः।।४७।।

એ 'પરપરિણતિને છોડતું,...' શું કહે છે? શુભાશુભભાવને સમ્યગ્જ્ઞાન થાય છે એ પ્રવૃત્તિ એમાં હતી એને છોડતો થકો. આહા..હા..! છોડવાની વ્યાખ્યા? જે અભિપ્રાય ત્યાં હતો એ અભિપ્રાય આત્મામાં આવ્યો તો છૂટી ગયો. સમજાણું કાંઈ? .. એ કરતા બધા કરને અપવાસ કરો, આ કરો, જમણ કરો. એય..! તમારા મામા કહેતા હતા. ગોંડલમાં જમણ કર્યું, પૈસા ખર્ચ્યા. તપસ્યા કર્યા એના બાપે. ઓહો..હો..! ગામના માણસ એમ કહે વાહ! વાહ! આહા..હા..! ધૂળમાંય નથી. અહીં તો કહે કરોડ ને લાખ ખર્ચે એ તો જડ છે. જડ હું ખર્ચું છું એ ભાવ મિથ્યાત્વ છે. મોટું પાપ છે. આહા..હા..! એય..! જડનો સ્વામી થઈને જડને કરે એ તો મિથ્યાદૃષ્ટિ છે. અહીં તો રાગનો સ્વામી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? .. કાંકરી આવી જાય અંદરમાં. એને કાઢી નાખે છે. કાઢે જ છે. એમ જ્ઞાની રાગને કાઢી નાખે છે. પોતામાં રાખતા નથી. આહા..હા..! ભારે વાતું ભાઈ!

અહીં તો પર્યાય બુદ્ધિ છૂટીને દ્રવ્ય બુદ્ધિ થઈ તો અજ્ઞાનનો નાશ થયો. એવી વાત છે. મૂળ ચીજની કિંમત નહિ અને ઉપરથી બધા વ્રત ને તપ ને અપવાસ ને પૂજા ને ભક્તિ આ કર્યું ને આ કર્યું. મીંડા છે બધા. આહા..હા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અંતર શુદ્ધિ વિના બહાર શુદ્ધિ ક્યાંથી આવી? બહારમાં શુદ્ધિ હતી જ કે દિ'?

**'પરપરિણતિને છોડતું, ભેદનાં કથનોને તોડી પાડતું,...'** આસ્રવ .. નિવૃત્ત થયો અભિપ્રાય, પણ અભિપ્રાયમાં ભેદ રહ્યો નથી. અખંડ અભેદ હું ચીજ છું એ ચીજ છે. સમજાણું કાંઈ? વિશેષ સ્પષ્ટ કર્યું. આસ્રવથી નિવૃત્ત થયો તો ભેદથી પણ નિવૃત્ત છે. આ ગુણ છે, આ ગુણ છે એવો ભેદ પણ નથી. આહા..હા..! અભેદ પરમાત્મા પોતે અખંડ આનંદનો નાથ અભેદની દૃષ્ટિ થઈ તો **'ભેદનાં કથનોને તોડી પાડતું,...'** આહા..હા..! કથનોને તોડી પાડતું એટલે? ભેદભાવને દૃષ્ટિમાં નહિ રાખતો થકો. ભારે ધર્મ ભાઈ! આવો ધર્મ બાપુ! ..નો આવો ધર્મ! **'પરપરિણતિને છોડતું, ભેદનાં કથનોને તોડી પાડતું,...'** એટલે ભેદભાવને લક્ષમાંથી છોડતો. એકલો અખંડ.

**'આ અખંડ અને અત્યંત પ્રચંડ જ્ઞાન પ્રત્યક્ષ ઉદય પામ્યું છે.'** અંતર્મુખ દૃષ્ટિનો વિષય તો અભેદ છે. આહા..હા..! પૂર્ણ જ્ઞાન, અખંડ જ્ઞાન, અનંત જ્ઞાન એવા અખંડ જ્ઞાનનો આશ્રય કરતા **'પ્રચંડ જ્ઞાન પ્રત્યક્ષ ઉદય પામ્યું છે.'** આહા..હા..! એ પર્યાયમાં મતિજ્ઞાન પ્રત્યક્ષ થયો. એ આત્મા છે એવું પ્રત્યક્ષ ભાન થયું. ચોથે ગુણસ્થાને. સમજાણું કાંઈ? 'દેહ ભિન્ન શુદ્ધ ચૈતન્યનું જ્ઞાન જો.' આવે છે કે નહિ? દેહ ભિન્ન, રાગ ભિન્ન એકલો ચૈતન્ય પ્રભુ એનું જ્ઞાન, એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન કહે છે. **'અખંડ અને અત્યંત પ્રચંડ જ્ઞાન પ્રત્યક્ષ ઉદય પામ્યું છે.'** પ્રત્યક્ષ ઉદય પામ્યું. ઓહો..હો..! એ જ્ઞાન મન અને રાગની સહાય વિના પ્રત્યક્ષ થયો એમાં બંધ કેવો? એમ કહે છે.

**'અહો! આવા જ્ઞાનમાં (પરદ્રવ્યનાં) કર્તાકર્મની પ્રવૃત્તિનો અવકાશ કેમ હોઈ શકે?'** એવું જ્ઞાન રાગ મારું કાર્ય અને હું એનો કર્તા. અવકાશ કેમ હોઈ શકે? આહા..હા..! **'પૌદ્‌ગલિક કર્મબંધ પણ કેમ હોઈ શકે? (ન જ હોઈ શકે.)'** કર્તાકર્મની પ્રવૃત્તિ પણ નથી અને નવું કર્મબંધન પણ થતું નથી. એવું સમ્યગ્દર્શન અને ભેદજ્ઞાનનું માહાત્મ્ય એટલું છે. જેથી સંસાર છૂટી જાય છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ-૧૫, શનિવાર, તા. ૨૩-૦૯-૧૯૭૨**
**ગાથા-૭૩, કળશ-૪૭, પ્રવચન-૧૭૧**

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

... શું કહે છે જુઓ. આ આત્મા જે છે આત્મા. ૭૨ ગાથા ચાલીને? તો એમાં અશુચિ જે પુણ્ય-પાપના ભાવ છે તે અશુચિ છે, મેલ છે અને જડ છે અને દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ દુઃખરૂપ છે. ભગવાન આત્મા ચૈતન્ય પવિત્ર સ્વરૂપ છે, પૂર્ણાનંદ શુદ્ધ અને જ્ઞાયકભાવ છે અને આનંદસ્વરૂપ છે. એવું બેનું ભેદજ્ઞાન કરતાં સમ્યગ્જ્ઞાન થાય છે. અને સમ્યગ્જ્ઞાનથી અજ્ઞાનથી જે કર્મબંધન હતું તે રોકાઈ ગયું. તે અનંત સંસારના બંધનનું કારણ એ અજ્ઞાન હતું એ બેનું ભેદજ્ઞાન કરતાં અજ્ઞાનથી બંધન થાય તે રોકાઈ જાય છે. એ વાત આવી.

હવે અહીંયાં કહે છે કે.. અખંડ શબ્દ આમાં વાપર્યો છેને કળશમાં. તો '**જ્ઞેયોના નિમિત્તથી...**' ભગવાન જ્ઞાનસ્વરૂપમાં જે જાણવાલાયક ચીજ છે એના નિમિત્તે '**તથા ક્ષયોપશમના વિશેષથી...**' અને પોતાના જ્ઞાનનો ક્ષયોપશમ એટલે વિકાસ.. અનેકતા વિશેષને કારણે '**જ્ઞાનમાં જે અનેક ખંડરૂપ આકારો પ્રતિભાસમાં આવતા હતા...**' જ્ઞાનમાં અનેકપણું જે પ્રતિભાસ થતા હતા '**તેમનાથી રહિત જ્ઞાનમાત્ર આકાર હવે અનુભવમાં આવ્યો...**' ક્ષયોપશમ ભારે.. સમજાણું કાંઈ? એ ખંડ નથી. હું તો એકરૂપ ચૈતન્ય જ્ઞાયક આનંદસ્વરૂપ અભેદ છું. અભેદ પછી આવશે. પણ હું અખંડ છું. મારા જ્ઞાનમાં જ્ઞેયના નિમિત્તથી અને ક્ષયોપશમના વિશેષથી બે બાજુથી લીધું. સમજાણું કાંઈ? જે જ્ઞાનમાં ખંડ-ખંડ અનેકરૂપ દેખાય છે એ તો પર્યાયબુદ્ધિમાં, મિથ્યાબુદ્ધિમાં દેખાતું હતું. આહા..હા..! એ રહિત, ખંડખંડ રહિત એકલા જ્ઞાયકરૂપ ચૈતન્ય અખંડ દૃષ્ટિમાં આવવું એનું નામ ભેદજ્ઞાન અને સમ્યગ્દર્શન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તેથી 'અખંડ' એવું વિશેષણ જ્ઞાનને આપ્યું છે.**' અખંડ છેને અખંડ? ૪૭. '**परपरिणतिमुज्झत् खण्डयद्भेदवादा-निदमुदितमखण्डं**' બીજા પદમાં છે. આ તો અધ્યાત્મની વાત અનંતકાળમાં કોઈ દિ' એની અંતર્મુખ થઈને અભ્યાસ કર્યો નથી. અંતર્મુખ થઈને. સમજાણું કાંઈ? પોતાની ચીજ અંદર જે આત્મા અખંડ આનંદકંદ પ્રભુ એમાં જે જ્ઞેયને કારણે અને

પોતાના ક્ષયોપશમ નામ વર્તમાન વિકાસના અનેક ભેદને કારણે ખંડખંડ જે દેખાય છે એ વાસ્તવિક સ્વરૂપ નથી. વાસ્તવિક સ્વરૂપ તો ખંડ ખંડ આકારથી રહિત એકરૂપ જ્ઞાયકભાવ, ખંડરહિત અખંડ અંતર જ્ઞાનરૂપ ભાસન થવું એનું નામ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન છે. આહા..હા..! ધર્મની શરૂઆત આ છે.

મુમુક્ષુ :- સમજાણું નહિ.

ઉત્તર :- સમજાણું નહિ?

મુમુક્ષુ :- જ્ઞેયના નિમિત્તે...

ઉત્તર :- એ તો કહ્યું. બે પદની વાત કરી. એ વાત કરી. જ્ઞેયના નિમિત્તથી અને ક્ષયોપશમને કારણે. અહીંયાં બે પ્રકાર લીધા.

મુમુક્ષુ :- અહીંયાં તો શુભ નિમિત્ત...

ઉત્તર :- નિમિત્ત તો અહીંયાં ખંડ ખંડ થયું તો નિમિત્તથી થયું એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? બે વાત કરી હતી અંદર. અંદર આવ્યું હતું. નિમિત્તથી અહીંયાંથી લીધું અને વિકારનું અહીંયાંથી લીધું. ઝીણું છેને. ..મલજી! એવી ચીજ છે. ઘણું ઝીણું. વીતરાગ માર્ગ પરમેશ્વર ત્રિલોકનાથ આ લોકો તો બહારની આ ક્રિયા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કરો, વ્રત, તપ કરો ધૂળેય ધર્મ નથી હોં! આહા..હા..! એ તો બધો રાગ છે, વિકાર છે. એ વાત તો દૂર રહો, પણ ભગવાન જ્ઞાનની પર્યાયમાં વિકાસની અનેકતાને કારણે અને નિમિત્તના લક્ષે જે અનેકપણું જ્ઞાનમાં ખંડ ખંડ ભાસે છે તે મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બેને ભિન્ન .. અહીં તો જ્ઞેયના નિમિત્તથી.. એ અખંડ શબ્દ છેને. તો જ્ઞેયના નિમિત્તથી અને પોતાના ક્ષયોપશમની એવી યોગ્યતાથી. એમ. જ્ઞાનમાં અનેકરૂપપણું ભાસે તે વસ્તુનું સ્વરૂપ નથી. એ ખંડ ભાસન થયું એ પર્યાયબુદ્ધિ થઈ. મિથ્યાબુદ્ધિ થયો. આહા..હા..! એનાથી પણ ધર્મ થતો નથી. એમ કહે છે. સમજાણું કાંઈ?

એ '**તેમનાથી રહિત જ્ઞાનમાત્ર આકાર...**' જ્ઞાનમાત્ર સ્વરૂપ. અનંતકાળનો ચીજ(થી) અજાણ્યો. એ જાણવામાં લેવું અંદરમાં. જ્ઞાનસ્વભાવમાત્ર અખંડ. એનું જ્ઞાન થવું એ અખંડનું જ્ઞાન કહેવામાં આવે છે. બીજો અભેદ. આવ્યું હતુંને. '**खंडभेदवादात्**' મતિજ્ઞાનાદિ અનેક ભેદ કહેવાતા હતા. પર્યાયમાં.. ઝીણું છે ભગવાન! પર્યાયમાં, અવસ્થામાં જ્ઞાનની પર્યાય અનેકરૂપ જે દેખાય છે એને દૂર કરતો થકો. ઉદયને પ્રાપ્ત થયો. ભગવાન અભેદરૂપે જ્ઞાનસ્વરૂપ દૃષ્ટિ થઈ તો અભેદ ઉદય થયો. પર્યાયમાં અભેદનું ભાન થયું. અરેરે! આવી ભાષા! એ માર્ગ એવો કઠણ છે. શું કહે છે? બાકી બધા રાગ-દ્વેષ કર્યા. આહા..હા..! અહીંયાં તો ભગવાન આત્મા અંદર વર્તમાન જ્ઞેયના, ક્ષયોપશમના કારણે એકતા (અનેકતા દેખાતી હતી) એક વાત.

અને અહીંયાં મતિજ્ઞાન આદિ ભેદને કારણે ભેદ દેખાતો હતો. આહા..હા..! સમજાણું કાંઈ? પુણ્ય અને પાપના ભાવ તો ક્યાંય દૂર રહ્યા. એ તો મેલ છે. આહા..હા..! દુઃખ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્જ્ઞાનમાં એ પુણ્ય અને પાપના ભાવ તો મેલ, દુઃખ અને જડ દેખાય છે. ભગવાન આત્મા નિર્મળ ચૈતન્ય સ્વભાવી અને આનંદસ્વરૂપ. .. એમાં બધું ભરી દીધું. કળશના અર્થમાં એમ કહ્યું.

અખંડમાં ભેદ રહિત કહ્યુંને? અખંડની વ્યાખ્યા એ થઈ કે જ્ઞાનની પર્યાય વિકાસની અનેકતાને કારણે અનેકરૂપ જ્ઞાન ભાસતું હતું વર્તમાન. સમજાણું કાંઈ? એની દૃષ્ટિ છોડી દઈને એકલો જ્ઞાયકભાવ ચિદાનંદ હું છું એવી અંતર દૃષ્ટિ કરવાથી અખંડનું જ્ઞાન થાય છે. આહા..હા..! એને જ્ઞાન કહેવામાં આવે છે. ભારે માર્ગ ભાઈ! હજી વસ્તુ ખબર ન હોય, સાંભળ્યું ન હોય. એય..! ... સાંભળે છે. પ્રેમથી સાંભળે છે. અહીં તો બીજી વાત છે. અત્યાર સુધી બધું માન્યું છે એ બધું અજ્ઞાનમાં. આ વ્રત કરો ને તપ કરોને, નોકારશી કરો, .. કરો. એ તો બધું રાગ મંદ હોય તો (પણ) દુઃખ છે, પુણ્ય છે, ઝેર છે, અજીવ છે, મેલ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. એ તો સમ્યગ્દૃષ્ટિને રાગનું હેયપણું છે તેને રાગ આવે છે હેય બુદ્ધિએ બંધ થાય તેને હેય માને છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ હેય છે, દુઃખ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ .. જડનો .. એને કારણે થયું. પોતાના સ્વભાવના નિર્ણયમાં પોતાના કારણે થયું છે. સમજાણું કાંઈ? કહ્યું હતું. અમે સંપ્રદાયમાં હતાને. ૮૫ની સાલમાં બોટાદ. ૮૫. .. ૪૬ વર્ષ થયા. સભા બેઠી હતી. ... મોટી સભા. ૮૫ પોષ મહિનો હતો. તો આખી સભામાં ... એ બેઠા .. કહ્યું કે જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે ભાવ ધર્મ નથી. કહો,. .. સંપ્રદાયમાં હોં! ખળભળાટ... ખળભળાટ... સભાને તો અમારા ઉપર વિશ્વાસ બહુને. સભામાં તો ત્યાં.. .. હતો, વિશ્વાસ હતો. એક સાધુ હતા એ કહે આ! ઉઠી ગયા બિચારા. ... માણસ. વ્યાખ્યાન પછી કહ્યું. ઉઠી ગયા તો તમારું કોઈએ માન્યું? તમે ઉઠી ગયા સભામાંથી. તમને કોણે ગણ્યા? અહીં પુણ્યપ્રકૃતિ એવી છે. (કોઈ બોલે નહિ) અત્યાર સુધી સભા શાંત... ૮૫ની વાત. ૪૬ વર્ષ થયા. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ અધર્મ છે. ધર્મથી બંધ પડે? પુણ્ય કહો પછી મીઠી ભાષાએ પુણ્ય કહો, કડક ભાષાએ અધર્મ કહો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું પણ પુણ્ય એટલે? ઝેર. આહા..હા..! ભગવાન આત્મા અમૃત સ્વરૂપ અતીન્દ્રિય

સુખનો સાગર આત્મા ખબર નથી. આહા..હા..! અતીન્દ્રિય આનંદનો છલોછલ ભરેલો સમુદ્ર પ્રભુ છે. એવી દૃષ્ટિમાં રાગ ચાહે તો તીર્થંકરનો હોય કે મહાવ્રતનો હોય એ બધું ઝેર દુઃખ છે. મહાવ્રતના પરિણામ એ દુઃખ. કહ્યું હતુંને? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ધર્મ નથી. અને મહાવ્રતના પરિણામ એ આસ્રવ છે. એ સંપ્રદાયમાં કહ્યું હતું. મહાવ્રતના પરિણામ એ આસ્રવ છે. વિકલ્પ ઉઠે છે. દૃષ્ટિ.. એમાં ધર્મ ક્યાંથી આવ્યો? એય..! મોતીલાલજી! લોકોને ભાન ન મળે બિચારા. ઘેટાં જેવા માણસ વાણિયા થઈને ભાન ન મળે કાંઈ. પૈસાવાળા હોય એ બધા પાંચ લાખ ને દસ લાખ. શેઠિયા. અક્કલ ન મળે શું ચીજ છે! દુનિયાની અક્કલની આંહીં ક્યાં કિંમત હતી. સમજાણું કાંઈ? એય..! ચીમનભાઈ! ક્ષમાપનામાં તો આ કહે છે. જે જ્ઞાનનું અખંડ પરિણમન થવું તે ક્ષમાપના છે. .. પણ જેની સાથે વિરોધ એની પાસે તો જાય નહિ. ... સમજાણું કાંઈ? અને કદાચિત્ એની પાસે જાય તો એ રાગ છે. ખમ્મા પ્રભુ! તને ખમ્મા છે. તું પૂર્ણ આનંદકંદ. આહા..હા..!

મેં તને રાગરૂપ માન્યો, રાગથી લાભ માન્યો, મારી અક્ષમા થઈ પ્રભુ તારા પ્રત્યે. ભગવાન આત્મા તને ખમ્મા-ખમ્મા. હું તો અખંડ આનંદકંદ છું એનું નામ ક્ષમા છે. આહા..હા..! ચાહે તો એ ગૃહસ્થાશ્રમમાં ભલે દેખાય. અરે એ ગૃહસ્થાશ્રમ જ ક્યાં આત્મામાં છે? સમજાણું કાંઈ? અહીં ભગવાન કહે છે. એ જ આચાર્યે સ્પષ્ટ કર્યું. '**મતિજ્ઞાન આદિ જે અનેક ભેદો કહેવાતા હતા તેમને દૂર કરતું ઉદય પામ્યું છે...**' ભેદ નથી. હું એકરૂપ અખંડ જ્ઞાયક અભેદ છું. વસ્તુ આખી ચૈતન્ય મૂર્તિ પ્રભુ અભેદ ઉપર દૃષ્ટિ કરવાથી આત્માનું ભાન થાય છે. એ સિવાય કોઈ ઉપાય એનો છે નહિ. આહા..હા..! લાખ વ્રત કરો, તપ કરો, પૂજા કરો, મંદિર બનાવો. એય..! પુણ્ય હો. રાગની મંદતા. પણ એ પુણ્ય શું ચીજ? ભગવાન આત્મા આનંદસ્વરૂપની લૂંટ એમાં છે. આહા..! સમજે તો ખરા પહેલા. આહા..! અરે! અનંતકાળમાં ઉજ્જડ રસ્તા ચોર્યાસીના અવતાર કોઈ ધણી નથી. કોઈ ધણી નથી. એકલું... આપણે આવી ગયુંને... નિયમસાર. એકલો જન્મ્યો અને એકલો મરે, એકલો દુઃખી, એકલો મોક્ષ જાય. કોઈ કોઈનું સગું નથી. મોહનભાઈ! આહા..હા..!

'**પરના નિમિત્તે રાગાદિરૂપ પરિણમતું હતું તે પરિણતિને છોડતું...**' પહેલો શબ્દ આવ્યોને. '**परपरिणितिमुज्झत**' વિકારને છોડતો, વિકારને નિમિત્ત પર્યાય.. એની દૃષ્ટિ છોડતો અને મતિજ્ઞાન આદિનો ભેદ છે એને છોડતો થકો. આહા..હા..! શું સમજે આમાં? દયા પાળવાનું કહે, સામાયિક .. બેસે. નમો અરિહંતાણં જાવ. ... ધૂળેય નથી સાંભળને મારા. સામાયિક કોને કહેવી એનું તને ભાન નથી. એક સમયની સામાયિક જન્મ-મરણના અંત લાવે એ આ સામાયિક છે. સમ્યગ્દર્શન પ્રથમ સામાયિક છે. સમજાણું કાંઈ? અભેદ પ્રભુ અખંડ પ્રભુ વિકારરહિત એવી અંતરના અનુભવથી જે પ્રાપ્ત થાય તે આત્મા. સમજાણું કાંઈ? કહો,

મોતીલાલજી! છે ત્યાં બધા મહારાષ્ટ્રમાં તો ઠેકાણા ન મળે. ક્ષેત્રપાલ ને ઢીંકણાપાલ, પદ્માવતી દેવી. નવરો થાય એમાં આ રાગરૂપી પરિણતિથી જુદી. ભેદથી જુદી, ખંડથી જુદી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. અહીંયાં સમ્યગ્દષ્ટિ જ નથી. કહો, ભીખાભાઈ! આહા..હા..! સમ્યગ્દર્શન ધર્મની પહેલી સીઢી. અર્થાત્ સુખી થવામાં પ્રથમ.. સુખી થવામાં પ્રથમ પંથ. બાકી દુઃખી છે આખી દુનિયા. હું રાગના પુણ્ય-પાપના વિકલ્પને છોડતો થકો. કથનમાં તો આવે. અંતર દૃષ્ટિ કરતા પરિણતિ છૂટી જાય. અખંડ દૃષ્ટિ કરવાથી ખંડ લક્ષમાં આવતું નથી. અભેદ દૃષ્ટિ કરવાથી ભેદ લક્ષમાં આવતું નથી. એ ભેદ છોડતો થકો ખંડ-ખંડ જ્ઞાનને છોડતો થકો, રાગને છોડતો થકો એમ કહેવામાં આવે છે. આહા..હા..! ... આહા..હા..! નવા લોકો તો રાડ નાખે. એ અજગરે સિંહને પકડ્યો હતો. અજગર હોય છેને અજગર. અજગર મોટો. જંગલમાં હતો અજગર. .. મોટો અજગર અને સિંહને પકડ્યો. ભરડો લીધો. અને સિંહના પગ નીચે બે અને બે આમ. મોટો જોરાવર સિંહ. અજગરે.. નીચે ખાડા પડી ગયા. ઓલો સિંહ લીધોને અજગરે. મોઢું રહી ગયું આમ, પગ રહી ગાય આમ. આમ. નહિ નીકળાય. મૂકવું પડશે. આહા..હા..! સિંહે અજગરે ભીડ લીધી. પગ જ્યાં ઢીલો થયો છેલ્લે. એવા અવતાર અનંતવાર કર્યા છે. શું કહે છે? આહા..હા..! ભૂલી ગયો માતાના પેટમાંથી નીકળીને ભૂલી ગયો. સવા નવ મહિના ઉંધે માથે લટક્યો અંદર. માથું નીચે અને પગ ઉંચા. આહા..હા..! .. ભગવતી આરાધનાની. સાત દિવસ એક બિંદુ એક લોહીનું અને વીર્યનું. પછી કાળું થાય. જરી હલે કરતા-કરતા અંગોપાંગ થાય. એમ સવા નવ મહિના થાય. ભગવતી આરાધના. આ શરીરની ઉત્પત્તિ. આહા..હા..! સમજાણું કાંઈ?

એમાં એક શરીરમાં પાંચ કરોડ કેટલા પછી? ૬૮ લાખ, ૯૯ હજાર અને ૫૮૪ એટલા તો રોગ છે શરીરમાં. સમજાણું કાંઈ? આ ઉત્પત્તિ શરીરની એવી અને પાછો શરીરમાં રોગ એવો. આહા..હા..! એ શરીર માટે જિંદગી જાય. આત્મા ગાળ્યો. ધૂળેય .. રોગ નાશ થાય છે? જડની વ્યવસ્થા, શરીરની અવસ્થા જે ક્ષણે થવાની છે તે થશે, થશે ને થશે. લાખ તારા ડોક્ટર લાવ અને ઈંજેક્શન ઠોક. કાંઈ કામ આવશે નહિ. ... એમ કે .. સાંભળ્યું નથી. ભગવાન પાસે તો સાંભળ્યું. ભગવાન પાસે ગયો સમવસરણમાં. ભવોભવ પૂજા કરી. સમવસરણમાં હોં! આ મણિરત્નના થાળ હીરાના થાળ, મણિરત્નનો દીવો. કલ્પવૃક્ષના ફૂલ. ભગવાન જય પ્રભુ! પણ એ તો બધા શુભભાવ છે. ધર્મ નથી. આહા..હા..! કહો, ભીખાભાઈ! સાક્ષાત્ તીર્થંકર સમવસરણમાં બિરાજમાન સો ઈન્દ્રના પૂજનિક, ૬૪ ઈન્દ્ર દેવો ચામર ઢાળે આમ. એને ક્યાં ... ભક્તિ... એ પરમાત્માની આરતી અને પૂજા પણ અનંતવાર કરી. એ પરદ્રવ્ય છે. શુભભાવ છે. એ કોઈ ધર્મ નથી. અને એ ધર્મની ઉત્પત્તિનું કારણ પણ નથી.

આહા..હા..! ધર્મની ઉત્પત્તિનું કારણ તો પ્રભુ અખંડ અને અભેદ ચીજ એ છે. પર્યાયદૃષ્ટિમાં પણ ધર્મ ઉત્પન્ન થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ પરના નિમિત્તે રાગાદિ પરિણમન નથી થતું. ભગવાન એવો ભગવાન આત્મા. અનંત બળનો ધણી પરાક્રમી પ્રભુ. પોતાની જ્યાં સંભાળ લીધી. બધું છૂટી જાય છે કહે છે. આહા..હા..! ''અત્યંત પ્રચંડ' કહ્યું છે.' એને પ્રચંડ કહેવામાં આવે છે. એટલો અર્થ છે. આ તો વાંચી જાય.

'**ભાવાર્થ :- કર્મબંધ તો અજ્ઞાનથી થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિથી હતો.**' શું કહે છે? કે જે દયા, દાન, વ્રત, કામ, ક્રોધના પરિણામ એ મારું કર્તવ્ય છે અને એ હું એનો કર્તા. આહા..હા..! એ અજ્ઞાનથી કર્તાકર્મની પ્રવૃત્તિ હતી. '**હવે જ્યારે ભેદભાવને અને પરપરિણતિને દૂર કરી એકાકાર જ્ઞાન પ્રગટ થયું...**' ચૈતન્યમૂર્તિ ઝળહળ જ્યોતિ. જાણન જાણક સ્વભાવથી પ્રગટ થયો. '**ત્યારે ભેદરૂપ કારકની પ્રવૃત્તિ મટી;...**' ભેદરૂપ કારક નામ કર્તાકર્મ મટી ગયો. વિકાર મારો, દયા, દાન પરિણામ મારું કાર્ય અને હું કર્તા. એવું કારણ મટી ગયું. આહા..હા..! ભારે વાતું ભાઈ! આ જાણે કેવળીની વાત હશે? આ તો સમ્યગ્દૃષ્ટિની વાત છે. આહા..હા..! ચોથે ગુણસ્થાન અવિરતી સમ્યગ્દૃષ્ટિ એને એવી ચીજનું ભાન થતાં કારક પ્રવૃત્તિ મટી ગઈ.

'**તો પછી હવે બંધ શા માટે હોય?**' અજ્ઞાનથી બંધ હતો એ બંધ તો અટકી ગયો. એકલો પ્રભુ ચૈતન્ય સ્વરૂપ જાણકસ્વભાવ એવા જાણકસ્વભાવથી સિદ્ધિ થઈ તેને બંધ છે નહિ. એ ૭૨ ગાથા થઈ.

## ગાથા-૭૩

केन विधिनायमास्रवेभ्यो निवर्तत इति चेत्—

अहमेक्को खलु सुद्धो णिम्ममओ णाणदंसणसमग्गो।
तम्हि ठिदो तच्चित्तो सव्वे एदे खयं णेमि।।७३।।

अहमेकः खलु शुद्धः निर्ममतः ज्ञानदर्शनसमग्रः।
तस्मिन् स्थितस्तच्चितः सर्वानेतान् क्षयं नयामि।।७३।।

अहमयमात्मा प्रत्यक्षमक्षुण्णमनन्तं चिन्मात्रं ज्योतिरनाद्यनन्तनित्योदितविज्ञानघन-स्वभावभावत्वादेकः, सकलकारकचक्रप्रक्रियोत्तीर्णनिर्मलानुभूतिमात्रत्वाच्छुद्धः, पुद्गलस्वामिकस्य क्रोधादिभाववैश्वरूपस्य स्वस्य स्वामित्वेन नित्यमेवापरिणमनान्निर्ममतः,

चिन्मात्रस्य महसो वस्तुस्वभावत एव सामान्यविशेषाभ्यां सकलत्वाद् ज्ञानदर्शनसमग्रः, गगनादिवत्पारमार्थिको वस्तुविशेषोऽस्मि। तदहमधुनास्मिन्नेवात्मनि निखिलपरद्रव्यप्रवृत्ति-निवृत्त्या निश्चलमवतिष्ठमानः सकलपरद्रव्यनिमित्तकविशेषचेतनचंचलकल्लोलनिरोधेममेव चेतयमानः स्वाज्ञानेनात्मन्युत्प्लवमानानेतान् भावानखिलानेव क्षपयामीत्यात्मनि निश्चित्य चिरसंगृहीत-मुक्तापोतपात्रः समुद्रावर्त इव झगित्येवोद्वान्तसमस्तविकल्पोऽकल्पितमचलित-ममलमात्मानमालम्बमानो विज्ञानघनभूतः खल्वयमात्मास्रवेभ्यो निवर्तते।

હવે પૂછે છે કે કઈ વિધિથી (-રીતથી) આ આત્મા આસ્રવોથી નિવર્તે છે? તેના ઉત્તરરૂપ ગાથા કહે છે :-

છું એક, શુદ્ધ, મમત્વહીન હું, જ્ઞાનદર્શનપૂર્ણ છું;
એમાં રહી સ્થિત, લીન એમાં, શીઘ્ર આ સૌ ક્ષય કરું. ૭૩.

ગાથાર્થ :- જ્ઞાની વિચારે છે કેઃ [खलु] નિશ્ચયથી [अहम्] હું [एकः] એક છું, [शुद्धः] શુદ્ધ છું, [निर्ममतः] મમતારહિત છું, [ज्ञानदर्शनसमग्रः] જ્ઞાનદર્શનથી પૂર્ણ છું; [तस्मिन् स्थितः] તે સ્વભાવમાં રહેતો, [तच्चित्तः] તેમાં (-તે ચૈતન્ય-અનુભવમાં) લીન થતો (હું) [एतान्] આ [सर्वान्] ક્રોધાદિક સર્વ આસ્રવોને [क्षयं] ક્ષય [नयामि] પમાડું છું.

ટીકા :- હું આ આત્મા-પ્રત્યક્ષ અખંડ અનંત ચિન્માત્ર જ્યોતિ-અનાદિઅનંત નિત્ય-ઉદયરૂપ વિજ્ઞાનઘનસ્વભાવભાવપણાને લીધે એક છું; (કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણસ્વરૂપ) સર્વ કારકોના સમૂહની પ્રક્રિયાથી પાર ઊતરેલી જે નિર્મળ અનુભૂતિ, તે અનુભૂતિમાત્રપણાને લીધે શુદ્ધ છું; પુદ્‌ગલદ્રવ્ય જેનું સ્વામી છે એવું જે ક્રોધાદિભાવોનું વિશ્વરૂપપણું (અનેકરૂપપણું) તેના સ્વામીપણે પોતે સદાય નહિ પરિણમતો હોવાથી મમતારહિત છું; ચિન્માત્ર જ્યોતિનું (આત્માનું) વસ્તુસ્વભાવથી જ, સામાન્ય અને વિશેષ વડે પરિપૂર્ણપણું (આખાપણું) હોવાથી, હું જ્ઞાનદર્શન વડે પરિપૂર્ણ છું-આવો હું આકાશાદિ દ્રવ્યની જેમ પારમાર્થિક વસ્તુવિશેષ છું. તેથી હવે હું સમસ્ત પરદ્રવ્યપ્રવૃત્તિથી નિવૃત્તિ વડે આ જ આત્મસ્વભાવમાં નિશ્ચળ રહેતો થકો, સમસ્ત પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં થતા જે ચંચળ કલ્લોલો તેમના નિરોધ વડે આને જ (આ ચૈતન્યસ્વરૂપને જ) અનુભવતો થકો, પોતાના અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતા જે આ ક્રોધાદિક ભાવો તે સર્વને ક્ષય કરું છું-એમ આત્મામાં નિશ્ચય કરીને, ઘણા વખતથી પકડેલું જે વહાણ તેને જેણે છોડી દીધું છે એવા સમુદ્રના વમળની જેમ જેણે સર્વ વિકલ્પોને જલદી

વમી નાખ્યા છે એવો, નિર્વિકલ્પ અચલિત નિર્મળ આત્માને અવલંબતો, વિજ્ઞાનઘન થયો થકો, આ આત્મા આસ્રવોથી નિવર્તે છે.

ભાવાર્થ :- શુદ્ધનયથી જ્ઞાનીએ આત્માનો એવો નિશ્ચય કર્યો કે 'હું એક છું, શુદ્ધ છું, પરદ્રવ્ય પ્રત્યે મમતારહિત છું, જ્ઞાનદર્શનથી પૂર્ણ વસ્તુ છું'. જયારે તે જ્ઞાની આત્મા આવા પોતાના સ્વરૂપમાં રહેતો થકો તેના જ અનુભવરૂપ થાય ત્યારે ક્રોધાદિક આસ્રવો ક્ષય પામે છે. જેમ સમુદ્રના વમળે ઘણા કાળથી વહાણને પકડી રાખ્યું હોય પણ પછી જયારે વમળ શમે ત્યારે તે વહાણને છોડી દે છે, તેમ આત્મા વિકલ્પોના વમળને શમાવતો થકો આસ્રવોને છોડી દે છે.

## ગાથા-૭૩ ઉપર પ્રવચન

'હવે પૂછે છે કે કઈ વિધિથી (-રીતથી) આ આત્મા આસ્રવોથી નિવર્તે છે?' કોઈ વિધિ છે એની? આ પુણ્ય અને પાપનો અશુચિ ભાવ, મેલભાવ, દુઃખભાવ, ભગવાન ત્રિકાળી આનંદભાવ પ્રભુ! એ આસ્રવથી નિવર્તવાની વિધિ શું? એમ શિષ્યનો પ્રશ્ન છે અંદરથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવો કોઈ પ્રશ્ન નથી કર્યો કે મને એવી કોઈ વાત બતાવો કે મને પૈસા મળે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. આવે મારા ઘણાય. અંદર ઘણાય આવે નામ મોટા ધરાવે. હમણા નહોતા કાલે આવ્યા? મહારાજ! મારે ૬૦ હજાર રૂપિયાની જરૂર છે. આમ જાણે પૈસાવાળા શેઠિયા બેસે છેને ઘણા. એટલે મહારાજ પાસે તો ત્રણ કરોડની મૂડી પડી છે. એમાંથી ૬૦ હજાર મોકલો. ... કાગળ આવ્યો. મને રોગ છે પગનો. હું ચાલી શકતો નથી તો મારે ધંધો કરવા એક ખટારો લેવો છે. ખટારો સમજો છો? પાંચ હજાર રૂપિયા તો છે. પછી હું તમને ધીમે-ધીમે મોકલી દઈશ. મૂર્ખના તે કાંઈ ગામ જુદા હશે? આહા..હા..! કેટલાય કાગળ આવે છે. આજે એક કાગળ આવ્યો છે. મેં તમને પહેલું લખ્યું હતું તમે મને જવાબ દીધો નથી. મારે મકાનની જોડે એક દુકાન છે. એ તમને લખી દેવી છે. પછી જાવજીવ.. નવરા હશે. આહા..હા..! કહો, શેઠ! .. બધા શેઠિયાઓની.. આબરૂ વધી ગઈ બહાર. આહા..હા..! ... એ કહે પૈસા ઉપજે છે (એ પ્રશ્ન નથી). આહા..હા..! પ્રશ્ન કે આ અંદર આત્મા ચીજ જુદી પ્રભુ! આ દુઃખથી નિવૃત્ત કેમ થવાય? આહા..! અંદર જે શુભ અને અશુભભાવ, વ્રત-અવ્રતના ભાવ એ બધા આસ્રવ-દુઃખરૂપ છે. સમજાણું કાંઈ?

ત્રિકાળ આત્માની જિજ્ઞાસા છે. મહારાજ! આ આત્મા કઈ રીત વિધિ શું છે? કઈ વિધિથી આત્મા આસ્રવોથી નિવર્તે છે? શીરા બનાવવાની વિધિ શીખે છે કે નહિ? શીરો કેમ બને? સમજાણું કાંઈ? આહા..હા..! .. એવી ચીજ મોંઘી છે. વાત તો એ છે. મોંઘી પડે કે સોંઘી પડે. પર્યાય અને પુણ્ય અને પાપના ભાવ એ સ્વભાવનો આશ્રય લઈને છૂટે છે બીજો કોઈ ઉપાય નથી. સમજાણું કાંઈ? '**તેના ઉત્તરરૂપ ગાથા કહે છે :-**' જેની અંતર જિજ્ઞાસા એવી છે. આસ્રવનો પ્રેમ છૂટી જાય છે એમ કહે છે. પણ એ કઈ વિધિ નિવર્તે છે? આસ્રવ કેમ છોડું? એમ નહિ. એટલો તો તૈયાર શિષ્ય છે. આ પુણ્ય-પાપના ભાવ એ અશુચિ, અચેતન અને દુઃખ. એ બધું મને કઈ રીતે થાય? વિધિ શું છે? એનો માર્ગ શું છે? એમ પૂછે છે. કોઈ પૈસા જોઈએ, ફલાણું જોઈએ, મારે નભાવ કરવો છે (એ પ્રશ્ન નથી). એનો ઉત્તર છે.

**अहमेक्को खलु सुद्धो णिम्ममओ णाणदंसणसमग्गो।**
**तम्हि ठिदो तच्चित्तो सव्वे एदे खयं णेमि।।७३।।**

આ ગાથા તો શ્વેતાંબરમાં દેવચંદજી થઈ ગયા. એણે લીધી છે. દિગંબરમાં છે એમ નામ ન આપ્યું. દેવચંદજીએ બનાવ્યું. આગમસાર. આગમસાર. અધ્યાત્મસાર યશોધરજીએ બનાવ્યું. આ તો એક અધ્યાત્મસાર .. શરૂઆતમાં ૭૦ની સાલ. અધ્યાત્મસાર. આગમસાર. આગમસાર. સંસારમાં તો પહેલું અધ્યાત્મકલ્પદ્રુમ પુસ્તક. પહેલું અધ્યાત્મ કલ્પદ્રુમ આવ્યું શ્વેતાંબરનું. .. ગ્રંથ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બે હજાર વર્ષ પહેલા. એ તો અહીંયાં કહેતા હતા બે હજાર વર્ષ પહેલા. અધ્યાત્મ કલ્પદ્રુમના .. હતા. બે હજાર .. .. સમજ્યા? બે હજાર યાદ રાખે.. એમાં શું થયું? અહીં તો ... થઈ ગયું. એ તો ખંડ ખંડ થયું. શ્રીમદ્ તો શતાવધાન કર્યા પછી છોડી દીધું. આ તો ખંડ ખંડ છે. એવી અહીં ભાવના હોય તો ત્યાં .. કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ... અધ્યાત્મતરંગિણીની... મુનિ શબ્દ. મુનિ શબ્દ. ખબર છે. પાલેજમાં દુકાન ઉપર વાંચ્યું હતું. ૧૮ અધિકાર છે. વૈરાગ્યના અધિકાર છે. અહીં કહે છે. આહા..હા..!

**છું એક, શુદ્ધ, મમત્વહીન હું, જ્ઞાનદર્શનપૂર્ણ છું;**
**એમાં રહી સ્થિત, લીન એમાં, શીઘ્ર આ સૌ ક્ષય કરું. ૭૩.**

આહા..હા..! ટીકા. પહેલા તો વિકલ્પ દ્વારા એવો નિર્ણય કરવો એ વાત ચાલે છે. આત્મા કેવો છે? પહેલા રાગમિશ્રિત વિચાર દ્વારા નિર્ણય કરવો. પછી વિકલ્પ છોડીને આત્માનો અનુભવ કરવો. ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! સંપ્રદાયમાં તો બિચારાને મારી નાખ્યા. એય..! સુજાનમલજી! ... તારો જન્મ-મરણથી ઉદ્ધાર કેમ થાય? એ ચીજ વિના બધું નિરર્થક

છે. નવમી ગ્રૈવેયક ગયો એવા પુણ્ય કરીને. એટલો શુભભાવ. દૃષ્ટિ મિથ્યાત્વ, પુણ્ય પરિણામ પ્રત્યે પ્રેમ, ભગવાન આનંદકંદનો અનાદર. એવી દૃષ્ટિમાં એવી શુક્લલેશ્યા કરી. શુક્લલેશ્યા હોં! શુક્લધ્યાન નથી. ધ્યાન સમકિત હોય છે. આ તો શુક્લલેશ્યા ... હોય છે. એવી શુક્લલેશ્યા ચામડી ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કરે. એવી શુક્લલેશ્યાની ક્રિયા મિથ્યાદૃષ્ટિની છે. દૃષ્ટિમાં આત્માં શું છે એ આવ્યું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ટીકા :- હું આ આત્મા-પ્રત્યક્ષ...**' આવી ગજબ પહેલાથી વાત કરે છે. પ્રભુ! તું એવો નિર્ણય કર. વિકલ્પથી ભલે રાગમિશ્રિત મનના સંબંધથી નિર્ણય કર. 'હું...' અંદર સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ પ્રત્યક્ષ હું છું. આહા..હા..! હજી તો સમ્યગ્દર્શનમાં પ્રત્યક્ષ થયા પહેલા. વિકલ્પના રાગમિશ્રિત વિચારમાં રાગની ભૂમિકામાં રહીને એવો વિચાર કરે છે. સમજાણું કાંઈ? છે મિથ્યાત્વની ભૂમિકામાં. આહા..હા..! '**હું આ...**' અસ્તિ ભગવાન આત્મા. હું પ્રત્યક્ષ છું. હું તો પ્રત્યક્ષ છું. રાગના આશ્રયે સમજાય એવો હું છું જ નહિ. સમજાણું કાંઈ? એ કષાયની મંદતાની ક્રિયાથી પરોક્ષ જ્ઞાન થાય એવો હું છું જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? નીચે સમ્યગ્જ્ઞાનમાં. મતિ અને શ્રુતજ્ઞાન સમ્યગ્જ્ઞાનમાં આત્મા પ્રત્યક્ષ થાય છે. રાગ અને મનના અવલંબન વિના ભગવાન જ્ઞાનથી પોતાનો આત્માને પકડીને અનુભવ કરે છે એવો જ્ઞાનમાં આત્મા પ્રત્યક્ષ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એથી આ. અસ્તિ. પ્રત્યક્ષ. મારી જ્ઞાન પર્યાયથી હું પ્રત્યક્ષ એને અનુભવું એવો હું આત્મા છું. કહો, મોતીલાલજી! એય..! ડોક્ટર! એવી વસ્તુ છે. તમારા ચિરંજીવી. આવું તો કદી સાંભળ્યું જ નથી. બાપા પણ કોઈ સમજ્યું ન હોય. આ તો હવે આવે છે. ત્યાં પણ ગોટેગોટા. આહા..હા..! ભગવાનની પૂજા કરો, ભક્તિ કરો, ધ્યાન કરો, બસ ષોડશકારણ ભાવના ભાવો કલ્યાણ થઈ જશે. ધૂળમાંય નથી ભાઈ! એવો અવસર આવ્યો છેતરાઈ જઈશ. જિંદગી ચાલી જાય. પછી પોકાર કરીશ તું. અરેરે! ક્યાં અવતરશું? ક્યાં જશું? ભગવાન તો શાશ્વત છે. દેહ આદિ છૂટીને નાશ થાય એમ નથી. આહા..હા..! હું ક્યાં જઈશ? ત્યાં કોઈ માશીબા નથી. પાંજરાપોળ નથી કે આવ ભાઈ! કહો, શેઠ! ત્યાં છ લાખના બંગલા નથી. આહા..હા..!

કહે છે '**હું આ...**' બે શબ્દ પડ્યા છે. '**હું આ...**' નજરમાં હું પ્રત્યક્ષ છું એમ આત્મા જણાય એવો હું છું. આહા..હા..! નિમિત્તથી, વ્યવહારથી જણાય એવો હું છું જ નહિ. પરોક્ષ રહે એવો છું નહિ. સમજાણું કાંઈ? મારો ભગવાન ચૈતન્ય સ્વભાવથી, આનંદથી ભરેલો. હું તો મતિ અને શ્રુત જ્ઞાન દ્વારા પ્રત્યક્ષ છું. પ્રત્યક્ષ છું. એવા રાગમિશ્રિત વિચારથી પ્રથમ નિર્ણય કરો. એ નિર્ણયમાં એવો નિર્ણય થાય કે પુણ્યથી પ્રાપ્તિ નથી થતી, જ્ઞાન(નું) પર ઉપર લક્ષ છે ત્યાં સ્વનું લક્ષ થતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સ્વતઃ ભગવાન આત્મા

અનાદિ-અનંત. સ્વતઃ પ્રભુ છે. પોતાથી છે. તો દ્રવ્ય પોતાથી, ગુણ પોતાથી અને પર્યાય પણ પોતાથી પ્રાપ્ત થાય છે પ્રત્યક્ષમાં. આહા..હા..! સમજાણું કાંઈ? એવું પ્રત્યક્ષ તો કેવળજ્ઞાનમાં થાય છે. પણ ભાઈ! કેવળજ્ઞાનમાં તો અસંખ્ય પ્રદેશી, એક-એક પ્રદેશમાં અનંત ગુણ એવું પ્રત્યક્ષ ભાસે તે કેવળજ્ઞાન. અહીં તો પ્રત્યક્ષનો અર્થ રાગ અને મનના અવલંબન વિના મારી જ્ઞાનની સ્વયં ચીજ સ્વતંત્રદશા દ્વારા હું પ્રત્યક્ષ છું. આહા..હા..! જેઠાલાલભાઈ! આવું સાંભળ્યું છે કોઈ દિ'? ..માં સાંભળ્યું છે ક્યાંય? આહા..હા..! વિકલ્પ દ્વારા નિર્ણય કરવામાં પણ એવો નિર્ણય કરો. સમજાણું કાંઈ? આહા..હા..! પ્રથમ સમ્યગ્દર્શન અને આત્માનો સાક્ષાત્કાર પ્રત્યક્ષ થવો. એ પ્રત્યક્ષ થયા પહેલા એવો નિર્ણય કરે કે હું પ્રત્યક્ષ જ છું. આહા..હા..! ભારે કામ ભાઈ! સમજાણું કાંઈ?

'હું આ...' આ. પરમાત્મા પોતે નિજસ્વરૂપ પ્રત્યક્ષ. રાગની આડમાં ન જણાય એવી હું ચીજ જ નથી. અને રાગથી જણાય એવી ચીજ નથી. સમજાણું કાંઈ? અને મનના સંબંધથી મારો આત્મા જણાય એવી ચીજ જ નથી. આહા..હા..! એનો કેટલો પુરુષાર્થ છે? હજી તો વિકલ્પથી નિર્ણય કરવામાં... હું તો ભગવાન પ્રત્યક્ષ છું. આહા..હા..! રાડ પાડે. અરરર! હું કાંઈ પામર છું. અરે પામર પર્યાયમાં. વસ્તુ પામર નથી. આહા..હા..! જોરદાર બળવાન આત્મા છું. મારા જોરથી હું પ્રત્યક્ષ થવા લાયક છું. સમજાણું કાંઈ? અહીં તો હજી વ્યવહાર કરો એનાથી મુક્તિ થશે. શુભભાવ કરતાં-કરતાં શુદ્ધભાવ થઈ જશે. મહામિથ્યાત્વનું શલ્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..! વસ્તુ એવી નથી. ભગવાન ચૈતન્ય જ્યોત. જ્ઞાનસ્વભાવથી ઝળહળ જ્યોતિ બિરાજમાન છે. એ 'હું આ...' પ્રત્યક્ષ થવા લાયક છું. થવા લાયક છું એમ નથી. પ્રત્યક્ષ છું એમ કહે છે. સમજાણું કાંઈ? કહો, મોતીલાલજી! છે અંદર?

મુમુક્ષુ :- થવા લાયક તે તો પર્યાય છે.

ઉત્તર :- થવાલાયક નહિ, આવો જ છું. પર્યાયમાં એમ.. હું લાયક છું એમ નહિ. હું તો પ્રત્યક્ષ છું એવો વિકલ્પથી નિર્ણય કરે છે. એવો જ હું છું. પ્રત્યક્ષ હું. રાગ મંદ, સંબંધ હોય તો જણાય એવો હું નથી. મારું સ્વરૂપ જ પ્રત્યક્ષ સ્વપરપ્રકાશક પ્રત્યક્ષ થાય છે. દિગંબર સિવાય ક્યાંય આ વાત છે નહિ. દિગંબર સંતોએ ખુલ્લું કરી દીધું. નાગા બાદશાહથી આઘા. અને દુનિયાને ... સમાજને આ રુચશે કે નહિ? સમાજ આમાં કેટલી સંભાળ રાખશે. સંભાળમાં કોઈનો અનાદર થશે એ એને નથી. માર્ગ તો આ છે. સમજાણું કાંઈ? આહા..! દુનિયા માનો કે ન માનો, સ્વીકાર કરો, ન સ્વીકાર કરો. એની સાથે આત્માને કાંઈ સંબંધ છે નહિ. આહા..હા..!

કુંદકુંદાચાર્યનો શ્લોક 'अहम' 'अहम'ની વ્યાખ્યા થાય છે. 'अहम' છેને? ૭૬ ગાથા.

'अहम' પછી 'एक्को' અને પછી 'सुद्धो' હજી તો 'अहम' 'હું આ...' હું આ. હું આ. અને 'અખંડ...' પ્રત્યક્ષ છું અને અખંડ છું. આહા..હા..! સમજાણું કાંઈ? મનના વિકલ્પના સંગથી નિર્ણય છે એટલો. ત્યાં સુધી સમ્યગ્દર્શન નથી. આહા..! ત્યાં સુધી હજુ આત્મજ્ઞાન નથી. આત્મજ્ઞાન થયા પહેલા એવી ભૂમિકા એની થઈ જાય છે. તો એ ભૂમિકા થઈ એટલે આત્મજ્ઞાન થાય એમ પણ નથી. આહા..હા..! વિકલ્પથી એવો નિર્ણય કર્યો તો એનાથી નિર્વિકલ્પ થશે. એવી અપેક્ષા પણ નથી. આહા..હા..!

ભગવાન આત્મા રાગ અને મનને પડખે રહી શકે એવો હું નથી હોં! અરે એટલા નિર્ણયમાં પણ કેટલો પુરુષાર્થ છે! .. સમ્યગ્દર્શન વિના એવો નિર્ણય નથી. સમજાણું કાંઈ? અહંની વ્યાખ્યા થાય છે. વિકલ્પ રહિત અહં એવો છું. હું એ વ્રત-નિયમનો કર્તા અને તપ અને વિકલ્પનો કર્તા છું એ પ્રશ્ન અહીં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અહો..! અલિંગગ્રહણમાં છઠ્ઠો બોલ છે. અરે! લોકોને ક્યાં બેસે! હું તો સ્વસ્વભાવથી જણાવ એવો પ્રત્યક્ષ જ્ઞાતા છું. આ છઠ્ઠો બોલ અલિંગગ્રહણ છે પ્રવચનસાર એની ૧૭૨ ગાથા. ૨૦ બોલ છે. બધા ઉપર વ્યાખ્યાન ઘણા થઈ ગયા. છઠ્ઠા બોલમાં એમ આવ્યું. પહેલા બોલમાં એમ આવ્યું કે હું ઇન્દ્રિયથી જાણું એવો નથી. હું ઇન્દ્રિયથી જાણું એવો હું નથી. ઇન્દ્રિય પ્રત્યક્ષનો હું વિષય નથી. સમજાણું કાંઈ? અને બીજો અનુમાનથી મને જાણે એવો નથી અને હું એકલો અનુમાન કરું એવો પણ નથી. ભગવાનજીભાઈ! ભારે વાતું ભાઈ! આહા..હા..! ક્યાં પ્રાણી છે અને ક્યાં લઈ જાવું? સમજાણું કાંઈ? તો પાંચ બોલ છે. સમજાણું કાંઈ?

છઠ્ઠા બોલમાં એ આવ્યું કે હું સ્વભાવથી જણાવ એવો પ્રત્યક્ષ જ્ઞાતા છું. હું તો મારા જ્ઞાન અને આનંદ સ્વભાવથી જણાઉ એવો હું પ્રત્યક્ષ જ્ઞાતા છું. એવી આત્માની સ્થિતિ જ એવી છે. આહા..હા..! સમજાણું કાંઈ? શ્રીમદ્‌માં અપૂર્વ અવસરમાં આવે છે. 'દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે, દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો...' આહા..હા..! દેહ ભિન્ન ચૈતન્યનું જ્ઞાન આ દર્શનમોહ વ્યતિત થઈ આ ઉત્પન્ન થયું. શ્રીમદ્ રાજચંદ્ર ગૃહસ્થાશ્રમમાં. દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન. એમાં આવ્યુંને ભાઈ પ્રત્યક્ષ? સમજાણું કાંઈ? એના અર્થના કરનારને કાંઈ ખબર મળે નહિ. હાંકે રાખે ગાડા. 'દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો. તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિએ, વર્તે એવું શુદ્ધસ્વરૂપનું ધ્યાન જો.' અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? ક્યારે થઈશું બાહ્ય અંતર નિર્ગ્રંથ જો.' આહા..હા..! 'સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી, માત્ર દેહ ને સંયમ હેતુ હોય જો.' આ મુનિપણાની ભાવના ભાવે છે. સમજાણું કાંઈ? 'માત્ર દેહ ભિન્ન સંયમ હેતુ હોય જો. અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' એમ સમ્યગ્દર્શન પહેલા આ ભાવના કરે છે. હું તો પ્રત્યક્ષ છું. આહા..હા..! અને અખંડ છું. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ-૧, રવિવાર, તા. ૨૪-૦૯-૧૯૭૨**
**ગાથા-૭૩, પ્રવચન-૧૭૨**

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

આ સમયસાર કર્તાકર્મ અધિકાર. ૭૩ ગાથા ચાલે છે. ધર્મી થાય તો એને આત્મા કેવો છે? એને કેવું જ્ઞાન થાય એમ કહે છે. ધર્મી એટલે આત્માનું ભાન. એ અનંતકાળમાં ચોર્યાસીના અવતારમાં એમાં ક્રિયાકાંડ અને .. આદિ કર્યા, ભક્તિ આદિ પણ અનંતવાર કર્યા, પણ આત્મજ્ઞાન શું? આત્મા જે રીતે છે તેનું જ્ઞાન એણે એક સેકન્ડમાત્ર પણ કર્યું નથી. જેને એવું જ્ઞાન થાય તેને આત્મા કેવો અનુભવમાં આવે એની વાત છે.

ટીકા. પહેલા વિકલ્પથી નિર્ણય કરે છે. ધર્મ પામવા પહેલા સમ્યગ્દર્શનની દૃષ્ટિ અનુભવમાં થયા પહેલા એની ભૂમિકામાં આંગણામાં ઉભો વિચાર કરે છે. કે હું કોણ છું અંદર? હું '**अहमेक्को**' ૩૮ ગાથામાં આવ્યું હતું. .. લીધી. '**હું આ...**' પ્રત્યક્ષ .. આ. એમ '**હું આ આત્મા...**' .. આનંદસ્વરૂપ આત્મા. એ પ્રત્યક્ષ. એ વસ્તુ પ્રત્યક્ષ છે. સમજાય છે કાંઈ? રાગમિશ્રિત વિચારમાં પણ મનના સંગથી ચૈતન્યની ચીજ શું છે એવો મનના સંબંધથી વિચાર કરે છે. છે એ વિકલ્પ રાગ. પછી એનો આ નિર્ણય થયા પછી વિકલ્પ છોડીને નિર્વિકલ્પ અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. આહા..હા..!

તો પ્રથમ દરજ્જે... ત્યાં એમ આવ્યું છે ..માં. હું પ્રત્યક્ષ અનુભવમાં આવનારો એવો હું આત્મા છું. ઝીણી વાત છે. આત્મા એનામાં એક પ્રકાશ નામનો ગુણ છે. અનાદિ-અનંત. જેવી ચીજ છે અનાદિ-અનંત. ઓહો..હો..! જ્યાં આદિ નથી. છે એની આદિ શું? અને છે એનો અંત શું? એ ચીજ અનાદિ-અનંત એમ એનામાં જ્ઞાન આનંદ આદિમાં પ્રકાશ નામનો એક ગુણ છે. એ પણ અનાદિ-અનંત છે. પણ એને જ્યારે આત્માનો સ્વીકાર રાગનો અને પુણ્યનો સ્વીકાર તો અનાદિથી છે. એ છોડીને ભગવાન આત્મા પૂર્ણાનંદ અખંડ શુદ્ધ ચૈતન્ય એવો જે અંદરમાં સ્વીકાર થાય ત્યારે તે આત્મા પ્રત્યક્ષ થઈ જાય છે. પ્રથમ ધર્મની પહેલી સીઢી-શરૂઆત. હું તો પ્રત્યક્ષ જ છું. આહા..હા..! કર્મની આડમાં રહું એ હું નહિ. મતિ અને શ્રુતના જ્ઞાનના અંશમાં હું પરોક્ષ રહું એ હું નહિ. એ ચૈતન્ય ભગવાન શું છે એની એને ખબર નથી. સમજાય છે કાંઈ?

કહે છે કે પ્રથમ દરજ્જે સુખી થવાના પંથની શરૂઆત કરતા.. આ બધા દુઃખના પંથ છે સંસારના. એમાં એને વિકલ્પ નામ રાગ મિશ્રિત વિચાર આવતા પણ એને એમ થાય કે આ આત્મા તો પ્રત્યક્ષ છે. પ્રત્યક્ષ થઈ શકે છે એમ નહિ આ તો પ્રત્યક્ષ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? વિકલ્પ નામ રાગમાં ઉત્થાન વૃત્તિ છે. પણ એ દ્વારા પણ ભગવાન આત્મા અંદર પૂર્ણાનંદનું સ્વરૂપ એ પ્રત્યક્ષ છે. આ .. છે. એ જાતનો. ..ભાઈ! ત્યાં તો .. કહે ધર્મ કરો, આત્મા પછી જણાશે. એમ નથી. ધર્મની પહેલી સીઢીનો કરનાર એને આત્મા પ્રત્યક્ષ વસ્તુ છેને વસ્તુ? પદાર્થ છેને, અસ્તિ છેને? સત્તા છેને? હોવાવાળું અનાદિ-અનંત ચીજ છે એ. આહા..હા..! એ પ્રત્યક્ષ છે વસ્તુ ત્યાં. આ. વિકલ્પ દ્વારા પણ રાગ દ્વારા એવો નિર્ણય કરે છે. આહા..હા..! આ વસ્તુની પ્રત્યક્ષ.. આ હજી સમ્યગ્દર્શન પામવા પહેલાની ભૂમિકામાં આવો નિર્ણય કરે છે. આહા..હા..! સુજાનમલજી! ... આહા..હા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ... કોણ કરે બાપા! કરે કોણ ભાઈ! ... ઓહો..! પુણ્ય અને પાપના વિકલ્પથી રહિત મારી ચીજ એ તો પૃથક્ વસ્તુ છે હોં. આહા..હા..! પ્રત્યક્ષ થઈ નથી એ પણ એમ કહે છે. વસ્તુ છેને. મહા ચૈતન્યસત્તા સ્વભાવી પદાર્થ છેને. આહા..હા..! પોતાના નિજસ્વરૂપની સંપદા કેવી, કેટલી, ક્યાં, કેમ એને એણે કોઈ દિ' શ્રદ્ધયું નહિ. આ ધૂળને શ્રદ્ધવા. પૈસા ને આબરૂને. ત્યાં દયા ને દાન ને વ્રતને, ભક્તિ રાગ. એ રાગની ક્રિયામાં મંથન કરી મરી ગયો મોહમાં આહા..હા..! પણ જીવતી ચીજ આ છે એમ કહે છે. એવો '**હું આ આત્મા-પ્રત્યક્ષ અખંડ...**' અખંડ છું. ખંડ નથી, ભેદ નથી. વસ્તુ છેને, પદાર્થ છેને. સ્વયંસિદ્ધ અનાદિ-અનંત તત્ત્વ છેને. અખંડ છું. આ રાગ તો નથી, પણ એમાં પર્યાય આદિના ભેદ પડે એટલો પણ હું નથી. સમજાય છે કાંઈ? પુણ્ય અને પાપના વિકલ્પ ઉઠે દયા, દાન, વ્રતના. એ તો હું નહિ એટલે વિકાર વિભાવ. પણ હું એક સમયની અવસ્થામાં ભેદાય જાવ, ખંડાય જાવ એ હું નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**હું આ આત્મા-પ્રત્યક્ષ અખંડ અનંત ચિન્માત્ર...**' હું અખંડ? જ્ઞાનમાત્ર વસ્તુ. સમજણનો પિંડ, જ્ઞાનનો પુંજ. તે જ્ઞાનનો પુંજ સ્વભાવે અનંત છે. એમાં જ્ઞાનના સ્વભાવનો અંત નથી. વસ્તુનો સ્વભાવ છેને. સમજાય છે કાંઈ? એ '**અનંત ચિન્માત્ર જ્યોતિ...**' હું તો અનંત જ્ઞાનમાત્ર જ્યોતિ છું. એ દયા, દાન, વ્રતના પરિણામ એ તો આસ્રવ છે. એ હું નહિ અને એમાં હું નહિ. એ મારામાં નથી. મારામાં હોય તો અનંત ચિન્માત્ર જ્યોતિ તે હું છું. આહા..હા..! જેની વાત પ્રમાણ શું? જેનો સ્વભાવ જ્ઞાન, એવો જ્ઞાનસ્વભાવ, જ્ઞાનભાવ, સ્વભાવ. એના માપ શું? અનંત ચિન્માત્ર જ્યોતિ હું છું. એમ હજી વિકલ્પથી પહેલો નિર્ણય કરે, પછી વિકલ્પને તોડીને નિર્વિકલ્પ અનુભવ કરે ત્યારે એને સમ્યગ્દર્શન કહેવામાં

આવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

**'અનંત ચિન્માત્ર જ્યોતિ-અનાદિઅનંત...'** એ ચિન્માત્ર, જ્ઞાનસ્વભાવમાત્ર જ્યોતિ છે... છે... છે... અનાદિ એટલે આદિ વિનાની છે. અનંત એટલે ક્યાંય ભવિષ્યમાં નાશ થઈને ભળી જાય બીજી ચીજમાં એવી એ ચીજ નથી. એ અવિનાશી છે. સમજાય છે કાંઈ? **'અનાદિઅનંત નિત્ય-ઉદયરૂપ...'** હું તો પ્રગટ, કાયમ પ્રગટરૂપ જ છું વર્તમાન. પણ ભૂત અનાદિ, ભવિષ્ય, અનંત વર્તમાન નિત્ય પ્રગટરૂપ. પદાર્થ પ્રભુ પોતાનો સ્વભાવ એવો હું નિત્ય ઉદય પ્રગટરૂપ જ છું. સૂર્ય ઉગે અને આથમે એમ આથમી જાવ અને પ્રગટ થાવ એવો હું નથી. મારી ચીજમાં અસ્તપણું થઈ જાય અને પછી ઉગું એ હું નહિ. સમજાય છે કાંઈ? **'નિત્ય-ઉદયરૂપ...'** પ્રગટરૂપ. નિત્ય ઉદય છે સદાય. સદાય વર્તમાનમાં છે... છે... છે... છે... છે... છે... છે...

એવા **'વિજ્ઞાનઘનસ્વભાવભાવપણાને લીધે...'** હું તો વિજ્ઞાનઘન સ્વભાવ. ઓલી જે અનંત ચિન્માત્ર જ્યોતિ કીધી. પણ એ કેવો એનો સ્વભાવ? અનંત કીધું, હવે વિજ્ઞાનઘન કીધું. આહા..! શિયાળાના ઘી પહેલાના ઘી. હવે અત્યારે તો ગડબડ થઈ ગઈ છે. એ ઘીમાં આંગળી પેસે નહિ. પેસે તો ફાંસ વાગે. ફાંસ વાગે. ઘીની ફાંસ વાગે. એવા તો ઘી હતા. આ તો બધા સમજવા જેવા. કાળાબજાર. ધર્મમાં કાળાબજાર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ પુણ્યથી ધર્મ માને અને પુણ્યથી કર્તા એ બધા કાળાબજાર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'વિજ્ઞાનઘનસ્વભાવપણાને...'** આહા..હા..! અરે તો કાંઈ વાત? એ તે કાંઈ નિર્ણય? એનો વિશ્વાસ હું એ ચીજ છું, વસ્તુ છું. અનાદિ-અનંત ચિન્માત્ર જ્યોતિ વિજ્ઞાનઘનસ્વભાવ. વિશેષે જ્ઞાનરૂપી ઘન-ચિદ્. જેના વિકલ્પનો પ્રવેશ નથી. માગશરના ઘી ગાયના હતા પહેલા. .. કામધેનુ. વખારમાં ભેંસોને છોડતા. અત્યારે ... લેવા જાય. વખારો ભરી હોય કપાસિયાની. ભેંસુને છોડે પછી. એના દૂધ, એના દહીં અને એના ઘી. એ ઘી એવા હતા આંગળી ન પેસે. તવેથો. તવેથો સમજ્યા? ખુરપો. ખુરપો પણ માંડ માંડ આમ થાય તો વળી જાય. એવું તો ઘી. એમ ભગવાન આત્મા વિજ્ઞાનઘન સ્વભાવ. મારામાં સંસારના વિકલ્પનો પ્રવેશ નથી. આહા..હા..! પંડિતજી અરે! તારા મોટપની શરૂઆત કરી. તે મોટપ આપી બીજાને પણ તારી મોટપની તને ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો હજી ધર્મની શરૂઆતમાં ધર્મ પ્રગટ થયા પહેલા આવો વસ્તુ સ્વભાવ છે એમ નિર્ણય અને વિચાર કરીને પાકો ભાવ પ્રગટ કરે છે. આહા..હા..!

અરે! અહીં તો કહે વ્રત કરો, અપવાસ કરો, તપસ્યા કરો, આ કરો, ભક્તિ કરો અને

દાન કરો લ્યો! ધૂળેય નથી સાંભળને. એ તો બધા વિકલ્પો છે. આહા..હા..! બાપુ! પ્રભુ! એ વિજ્ઞાનઘનસ્વભાવભાવ એમ શબ્દ પડ્યો છેને. એનો વિજ્ઞાનઘન સ્વભાવ સ્વભાવિક વસ્તુ. એનો વિજ્ઞાનઘનસ્વભાવ. જેમ સાકર વસ્તુ એનો ગળપણ સ્વભાવભાવ. એમ ભગવાન આત્મા વસ્તુ, પદાર્થ. એનો સ્વભાવભાવ. છેને? આહા..હા..!

‘**વિજ્ઞાનઘનસ્વભાવભાવપણાને લીધે એક છું;...**’ હું એક છુંની વ્યાખ્યા છે આ. ‘**अहमेक्को**’ છેને! સમજાય છે કાંઈ? નવરાશ ક્યાં છે? કહો, શેઠ! ધંધા આડે અને પાપ આડે. આગળ જતાં પુણ્ય જોડાય કાંઈક.. દયા દાન, વ્રત ને પૂજા નિર્ણય કરવાના ટાણાની અંદર... અહીંયાં આચાર્ય કહે છે એકવાર આવ તો ખરો તારા આંગણે. તારા આંગણામાં જો તો ખરો કે આ શું ચીજ છે? સમજાય છે કાંઈ? આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ બિરાજે છે. વસ્તુ છેને, સત્ છેને? સત્ છે એને ઉત્પત્તિ શું? સત્ છે એનો નાશ શું? અને સત્ છે એ અપ્રગટ શું? કહે છે. એવો જે ભગવાન વિજ્ઞાનઘનસ્વભાવવાળું સત્. આમ તો પરમાણુ આદિ જડ પણ સત્ છે. પણ એમાં કાંઈ વિજ્ઞાનઘનસ્વભાવ નથી. આ જડ માટી છે. પણ આ પ્રભુ તો વિજ્ઞાનસ્વભાવનો પિંડ કંદ છે. જેમ શક્કરકંદ છે તે કંદમાં ક્યાંય ઓછપ અને અપૂર્ણતા નથી. એમ ભગવાન આત્મા વિજ્ઞાનઘનસ્વભાવપણાને લીધે હું એક છું. હું એક સ્થિતિનો બે કોઈ દિ’ થયો નથી. અમરચંદભાઈ! આહા..! કહો, સમજાણું કાંઈ? કહો, જેઠાલાલભાઈ! આવો ધર્મ ભારે ભાઈ! ભારે ધર્મની વીતરાગની વ્યાખ્યા! ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા. જેને એક ક્ષણમાં ત્રણકાળ ત્રણલોક જણાણા એ તો પર્યાય જણાણી. એમાં એ જણાઈ ગયો. પર્યાય એટલી તાકાતવાળી અને એક પર્યાયને જાણતા પોતાની ત્રિકાળતા અને જગતની ત્રિકાળતા બધી એમાં જણાઈ ગઈ. આહા..હા..! સમજાણું કાંઈ? એવા ભગવાનના શ્રીમુખે નીકળેલું આ તત્ત્વ છે. ઈન્દ્રોની સમસ્તમાં (હાજરીમાં) પ્રભુ આમ કહેતા હતા. એ સંતો આડતિયા થઈને જગતને કહે છે. કે ભગવાનના ઘરનો માલ લેવો હોય તો આ છે. એય..! આહા..હા..! સમજાણું?

‘**વિજ્ઞાનઘનસ્વભાવભાવપણાને લીધે એક છું;...**’ હું એક છું. અંદર એક છું. એમ રાગમિશ્રિત વિચાર મનના સંગ દ્વારા અસંગ ચીજને આ રીતે પણ પહેલો નિર્ણય કરે છે. આહા..હા..! એ નિર્ણય કરવો અને પછી વિકલ્પ તોડવો એ કોઈ સામાન્ય કિંમત જ નથી. આ કાંઈક વ્રત કરે અને અપવાસ કરે અને પૂજા કરે ને દાન કરે ને ભક્તિ કરે. આઠ આઠ અપવાસ કરે પર્યુષણ ગયાને શ્વેતાંબરના. ... ... થાય એમાં પણ શું છે? એ સહેલું છે કે આ સહેલું છે? જો એ સહેલું ન હોય તો અનંતવાર એ તો થઈ ગયું છે. બાપુ! ચીજ આ છે. આહા..હા..! જેની વર્તમાન જ્ઞાનની પર્યાય વિકલ્પસહિત આવો નિર્ણય કરે છે. એક નિર્ણય કરે છે વસ્તુનો. પણ નિર્ણય કરે છે પર્યાય રાગસહિતવાળી. સમજાણું કાંઈ? અરે!

એને લઈને હું એક છું. ઓલામાં હું એ.. બે જુદાં ૩૮ ગાથા. ... ... જાણ્યો મુઠીમાં જેમ સોનું હોય ભૂલી જાય એ યાદ આવે. એમ પોતાના પરમેશ્વરને ભૂલી ગયો હતો. એને યાદ કર્યો. સાક્ષાત્ સ્વરૂપ અને જ્ઞાનની મૂર્તિ વિજ્ઞાનઘન. એ એકની વ્યાખ્યામાં એમ કહ્યું. ક્રમ અને અક્રમે પ્રવર્તતા વ્યાવહારિક ભાવથી ભિન્ન. ૩૮મી ગાથા. આહા..હા..! અને આત્મવૈભવમાં. અહં.. ... કે ક્રમે પ્રવર્તતા ગતિ આદિ માર્ગણા એ કાંઈ .. છે. અને એક સાથે હોય અને તે એક સાથે ન હોય અક્રમ એક સાથે હોય અને ક્રમે એક સાથે ગતિ આદિ ન હોય. લેશ્યા કષાય એક સાથે હોય. એવા ક્રમે પ્રવર્તતા ભાવથી, વ્યવહારથી હું ભિન્ન છું. એવો એ દેખે. આહા..હા..! ભારે આકરું કામ ભાઈ! હજી તો સાંભળવા મળે નહિ.

એક પંથે જતા માર્ગ પૂરો થશે. એની ખબર ન પડે. કાંઈકને કાંઈક વયો જ જાય છે. મુઠીયું વાળીને. જાવું ઉગમણું, દોડે છે આથમણે. ભગવાન જ્યાં છે ત્યાં તો સન્મુખમાં આવતો નથી. તો કહે છે કે એકવાર તો આવતો ખરો પ્રભુ! તારા ઘરમાં તો શું છે જો તો ખરો. કહે છે કે હું એક છું. વિજ્ઞાનઘનસ્વભાવપણાને લીધે હું એક છું. ત્યાં આ બધા ક્રમે, અક્રમે પ્રવર્તતા એવા એક ભાવોથી ભિન્ન છું માટે હું એક છું. અહં અને એક બેની વ્યાખ્યા જુદી પાડી છે ભાઈ! ૩૮માં.

હવે કહે છે. હું આ પર્યાય છેને અવસ્થા. એ અવસ્થાનું કરવું, અવસ્થારૂપી કર્મ, અવસ્થારૂપી કરણ સાધન અવસ્થારૂપી સંપ્રદાય, અવસ્થામાં અપાદાન, અવસ્થાથી અવસ્થા થાય છે. અધિકરણ અવસ્થાનો આધાર અધિકરણ, અવસ્થાનો આધાર અવસ્થા. એવી એક સમયની અવસ્થા એના સ્વભાવરૂપ આ ભાવ, એનાથી તો હું પાર છું. આહા..હા..! સમજાણું કાંઈ? હું મારા સિવાય શરીર, વાણી, મન, ધંધાના કામનો કર્તા તો હું નહિ, એ મારા કામ નહિ. એ મારા સાધન નહિ. એ મારા સંપ્રદાન મેં રાખ્યા નથી. મેં લક્ષ્મી રાખી તો રહી એમ નથી. આહા..હા..! એ લક્ષ્મી એનાથી થઈ છે. મારાથી નહિ. શરીર એનાથી થયું, મારાથી નહિ. સમજાણું કાંઈ? અને અધિકરણ શરીરનું રહેવું, થવું, વાણીનું રહેવું થવું એ મારે આધારે એ હું નહિ. મારા આધારે એ નહિ. એમ પહેલાં પરના કારકોને જુદાં જાણી. ષટ્કારક. '**(કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણસ્વરૂપ)**' પછી દયા, દાનના વિકલ્પો જે પાપ આદિ, પુણ્યાદિના હોય એનો હું કર્તા નહિ. આહા..હા..! હું એ મારું કર્તવ્ય નથી. આહા..હા..! પુણ્ય અને પાપ. પુણ્યના ભાવ લ્યોને આપણે અહીં તો અત્યારે. એ મારું કર્તવ્ય નથી. એનો હું સાધન નથી. એ તો વિકારનો કર્તા છે અને વિકારની પર્યાયથી ઉત્પન્ન થયેલો. એના કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન એ રાગને કરીને હું રાખું એ હું નહિ. આહા..હા..! અહીં તો હજી લક્ષ્મીને રાખે. વ્યવસ્થા સરખી હોય તો સંચા ચાલે, પૈસા રહે અને વ્યાજ ઉપજાવવાની રીત આવડવી જોઈએ પાછી. કહો, શેઠ! તો વ્યાજ ઉપજે સરખા.

આ અત્યારે મોંઘવારી દોઢ-દોઢ રૂપિયાનો ... .. આપણને ક્યાં ખબર છે. પહેલા તો ત્રણ ટકા હતા. બે-ત્રણ ટકા હતા. ત્યાં હવે કહે બાર આના થઈ ગયા. અહીં બારનો દોઢ ટકો થઈ ગયો અને ખાનગીમાં બે હશે. બે ડુબી જાય. કેમ? ..રામજી! એણે બે રૂપિયા કીધા. વ્યાજ-વ્યાજ. સોએ બે રૂપિયા એક મહિનો. હજારે ૨૦ રૂપિયા એક .. પાંચ વર્ષે .. આહા..હા..! કહે છે કે એ હું નહિ હોં. એ પૈસાનું થવું એને હું ખર્ચનાર એ હું નહિ હોં. એ તો નહિ, પણ એમાં મને રાગની મંદતાના પરિણામ કાંઈક થયા એ હું નહિ. હોં એ મારું કામ નહિ, ભાઈ! આહા..હા..! એનો હું કર્તા નહિ, એ મારા કામ નહિ, મારા સાધન નહિ. રાગ મંદ પડ્યો એ મને સાધન થશે એમ નહિ. એ તો નહિ. આહા..હા..! ગજબ વાત છે. પણ મારી વર્તમાન જ્ઞાનની એક સમયની પર્યાય કે અનંતગુણની એક સમયની અવસ્થા-દશા એ અવસ્થાના છ કારકો, અવસ્થા-અવસ્થાને કરે, અવસ્થા-અવસ્થાનું કરું, અવસ્થા-અવસ્થાનું સાધન. અવસ્થા-અવસ્થાનું સંપ્રદાય, અવસ્થા અવસ્થાથી થાય. અવસ્થા અવસ્થાને આધારે. એવી એક સમયમાં ષટ્કારકની ક્રિયાઓ પર્યાયમાં થાય એનાથી પાર હું છું. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'(**કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણસ્વરૂપ**) **સર્વ કારકોના...**' ક્રિયાના કારકો. એક સમયની પર્યાયના ક્રિયારૂપ બદલવું એના કારણ કરનારા કર્તાકર્મ આદિ એક સમયમાં થાય પર્યાયમાં એવા '**સમૂહની પ્રક્રિયાથી...**' સ્વ વિશેષે જે ક્રિયા નિર્વિકારી હોં! એ જ્ઞાનની એક સમયની પર્યાય. આહા..હા..! એ પર્યાયનો કર્તા પર્યાય, પર્યાયનો કરણ પર્યાય, પર્યાયનો કર્મ પર્યાય, પર્યાયનો સંપ્રદાન પર્યાય, પર્યાયને રાખી. પર્યાય પર્યાયને આધારે થઈ, મારે આધારે નહિ. આહા..હા..! જુઓ, આ ત્રણલોકના નાથ, તીર્થંકરદેવના કેવળજ્ઞાનની આ વાણી. આવો આત્મા છે એમ કહે છે. ભાઈ! તને ખબર નથી. આહા..હા..! કઠિયારો હતો તે કઠિયારો ગયો જંગલમાં. એમાં એને કાંઈક હીરો મળી ગયો. પણ પ્રકાશ બહુ થાય ઘરે બાયડીને કહે લે આ આપણે ઘાસતેલ બાળવું મટ્યું. હવે આના પ્રકાશમાં રોટલા-રોટલી કરશું. આ નવું નવું ઘાસતેલ લાવવું નહિ. એમાં એક વાણિયો જઈ ચડ્યો ઘરે. અરે ભાઈ! આ શું તારી પાસે છે? એ તો ચમકતો પ્રકાશ છે. ... હેં! આવી મારે ઘરે હજાર સોનામહોર અને હજાર વખાર છે. તે મને આપ. અરે! આવી ચીજ આ! એમ આ ચૈતન્ય હીરો જેની કિંમતનો પાર ન મળે. જેની એક સમયની પર્યાયના ષટ્કારકોનો પણ જેમાં અભાવ. આહા..હા..! શું કહે છે? સમજાય છે કાંઈ?

એ દયા, દાનના વિકલ્પનો કર્તા તો પ્રભુ નહિ. પણ એક ચીજ રાગાદિને જાણવાનો જે પર્યાય છે. એ પર્યાયની અસ્તિ એ મારે લઈને નહિ અને એના ષટ્કારકો મારામાં નહિ. કહો, શેઠ! આ ઓલું અત્યાર સુધી ગપ્પા માર્યા છેને એટલે કડક લાગે. સોંઘુ-સોંઘું કરી,

દાન આપીને પાંચ-દસ હજાર આપી દીધા થઈ રહ્યું કલ્યાણ થઈ જાય. કહો, શેઠ! એ બેય શેઠિયા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વસ્તુ તો ભગવાન આ છેને. ત્રણ લોકના નાથનો પોકાર છે ત્યાં. કેવળીનો પોકાર આ છે. 'કેવળી પણ્ણંતો ધમ્મો શરણં' એ કેવળીએ કહેલો ધર્મ. આહા..હા..! બાપુ! એ તે કાંઈ વાત છે, ભાઈ! કર્મ એટલે કોઈ અપૂર્વ ચીજ. અને કેવળી પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વરના મુખમાંથી નીકળેલી વાણી તો આ વસ્તુ ભાઈ! સંતો આડતિયા થઈને જગત પાસે જાહેર પરમાત્માની વાત કરે છે. ભાઈ! તું આવો છોને પ્રભુ! આહા..હા..! એ પર્યાય એક સમયના, એક સમયનું અસ્તિત્વ જે પર્યાય. એના ષટ્કારકોથી તો તું પાર ઉતરેલો એટલે એમાં તું નથી. આહા..હા..! કહો, રતિભાઈ! સમજાય છે કાંઈ? ત્રિકાળી ચીજ અહીં દૃષ્ટિમાં લેતા પર્યાયનો નિર્ણય કરે છે પર્યાય, પણ પર્યાય કહે છે કે આ હું. એવા મારા ષટ્કારક એમાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એક સમયની પર્યાય વિકલ્પવાળી નિર્ણય કરે છે કે મારામાં શરીર, વાણી, મન, પરમેશ્વરે (જોયા નથી) હોં! મારામાં રાગાદિભાવ નહિ હોં, મારા હોય તો નીકળે કેમ અને જાય કેમ? છૂટા પડે કેમ? અને મારામાં એક સમયની પર્યાયના ષટ્કારકના કારકો એ મારા નહિ હોં! એક સમયના અંશમાં હું આવતો નથી. સમજાણું કાંઈ? કહો, રામજીભાઈ! સમજાય છે? ઘણા વર્ષ આવ્યા નથી. આહા..હા..!

પર્યાય એટલે વર્તમાન અવસ્થા. કાર્ય તો એમાં થાય છે. પોતે કાર્ય છે, પણ એ કાર્ય એમ કહે છે કે આ કાર્યનું સ્વરૂપ તે મારામાં નથી. હું તો ઢિંગધણી ત્રિકાળી આનંદનો નાથ એકરૂપે રહેલો સદૃશ્ય ધ્રુવ એ જ વસ્તુના સ્વરૂપની પ્રાપ્તિ અને સ્વરૂપની હયાતી. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે કે એ '**સર્વ કારકોના સમૂહની પ્રક્રિયાથી...**' રચનારો હું, રચાય તે કર્મ હું. રચવાના સાધન હું, પર્યાયનું હોં! એ હું નહિ. આહા..હા..! પર્યાય એમ કહે કે હું આમાં નથી. ચંદુભાઈ! આ વાત છે. ધ્રુવ તો ધ્રુવ છે. ધ્રુવમાં તો આ વિચાર પણ ન હોય. પણ પર્યાય તે અવસ્થા જે અહીં ચાલે છે એક સમયની દશા એ અવસ્થાનું કરવું, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન એવી ક્રિયાના કારકથી તો પાર ભગવાન બિરાજે છે. આહા..હા..! લ્યો આવા આત્માની ખબર ન મળે અને એને ધર્મ થઈ જાય. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું? બેય અલગ છે. એનું ક્ષેત્ર ભિન્ન છે. પર્યાયનું ક્ષેત્ર ભિન્ન છે, ભાવ ભિન્ન છે. આહા..હા..! એક સમયનો ત્રિકાળી ભગવાન એકરૂપે જેની દશા એટલે એકરૂપે જેનું રહેવું એવો જે સત્તાવાળો, હોવાવાળો પદાર્થ ધ્રુવ છે... છે... છે... છે... છે... કહે છે કે એ ષટ્કારકની પાર ક્રિયા એનાથી પાર ઉતરેલી જે નિર્મળ અનુભૂતિ. આ અનુભૂતિ એટલે?

પર્યાયની વાત નથી આ. ત્રિકાળ નિર્મળ છું એવા ષટ્કારકના પરિણતીથી ભિન્ન ત્રિકાળ એકરૂપ છું. એનું નામ અનુભૂતિ. હું તો ત્રિકાળ એવો છું. કહો, મોતીલાલજી! આ તમારે ક્યાં મહારાષ્ટ્રમાં આવું ચાલે છે? સાંભળવાની નવરાશ. પદમણી લઈને બેઠા. પદમણી શું કહેવાય એ? પદ્માવતી. પદ્માવતી ને ક્ષેત્રપાળ. એ તો ભ્રમણા બહારની એમાં આમાં અહીંયાં આવવું?

અહીંયાં તો કહે છે કે જો એક સમયની પર્યાયવાળો આત્મા હોય તો અંશ થઈ જાય. અને પર્યાય બદલતા એ પણ નાશ થઈ જાય. સમજાણું કાંઈ? આહા..હા..! અરેરે! ઓલું આવે છેને નહિ એક પદમાં? 'અબ હમ કબહુ ન નિજઘર આયે, અબ હમ કબહુ ન નિજઘર આયે, પરઘર ભમત નામ અનેક ધરાયે.' આહા..હા..! એક સમયની પર્યાયવાળો એ નહિ એને ઠેકાણે અહીં તો મારા દયા, દાન, ભક્તિ, વ્રત, તપ કર્યા. થઈ ગયો ધર્મ. અરે! ભગવાન! બાપુ ધૂળનો ધર્મ છે ભાઈ! ધર્મના મોઢા મોટા છે. જેને ઈન્દ્રો અને ગણધરો સ્વીકારે. ચાર જ્ઞાનના ધણી જેને (સ્વીકારે) આહા..હા..! ત્રણ જ્ઞાનના ધણી ઈન્દ્રો, લોકના ધણી સ્વામી. અહીં તો શાસ્ત્રમાં તો એવું ચાલે છે. કાય બળવાળા સંતો થાય. કાયમાં એટલું બળ હોય કે આખી દુનિયાને ઘડીકમાં હલાવી નાખે. સમજાણું કાંઈ? આવે છેને ભાઈ મન બળિયા, વચન બળિયા. આ મનનું બળ એટલું આવે કે જેને ચૌદ પૂર્વ અને બાર અંગની વિચારણા ક્ષણમાં કરી લે. આહા..હા..! તો એ પર્યાય એ હું નહિ. અહીં તો ગજબ વાત કરે છે. એય..! મનબળિયા આવે છે શાસ્ત્રમાં. એવા સાધુ હોય મન બળિયા, વચન બળિયા, કાય બળિયા. વચનબળ એટલે આ મૂળ ચૌદ પૂર્વને અંતર્મુહૂર્તમાં છેદી નાખે એવા બળવાળા. આહા..હા..!

અરે જેની જ્ઞાનની પર્યાયમાં, શ્રુતજ્ઞાનની દશામાં લોકાલોક જાણવાની તાકાત. એક સમયની પર્યાય એ હું નહિ. આહા..હા..! એવડો હું નહિ હોં. એનાથી પાર ઉતરેલી એટલે કે એમાં નથી. એવી ષટ્કારકની પર્યાયનું કર્તવ્ય જેના સ્વરૂપમાં નથી.

**'અનુભૂતિમાત્રપણાને લીધે શુદ્ધ છું;...'** આ શુદ્ધની વ્યાખ્યા. એકલો પવિત્ર છું અને શુદ્ધ છું એમ પણ નહિ. આ તો પર્યાયના ષટ્કારકોથી રહિત છું માટે શુદ્ધ છું. આહા..હા..! એય..! શેઠ! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- .. પડે એમ ન કીધું. છ કારકો

ઉત્તર :- છ. એક સમયની પર્યાયમાં ષટ્કારક સ્વતંત્ર છે. દ્રવ્યની અપેક્ષા રાખ્યા વિના ત્રિકાળી ભગવાન ધ્રુવની અપેક્ષા રાખ્યા વિના. એક સમયની પર્યાયના ષટ્કારકો પર્યાયમાં સ્વતંત્ર. એક સમયમાં કાળ એક સમય, વર્તે ષટ્કારક. આહા..હા..! સમજાણું કાંઈ? હજી તો એક સમયમાં વિકાર થાય એમાં કોઈનું કામ નથી એ વાત એને પંડિતોને બેસવી, ગળે ઉતારવી પરસેવા ઉતરે. ૧૩ની સાલમાં ચર્ચા થઈ. ત્યાં ઈસરી મોટા પંડિતો. રામજીભાઈ

હતા, .. બધા હતા. .. વિકાર કેમ થાય? એમ પ્રશ્ન ઉઠ્યો પંડિતોને. કીધું વિકાર પોતાની પર્યાયની પર્યાયમાં પર્યાયને કારણે થાય. નિરપેક્ષ નિરપેક્ષથી થાય. કર્મની અપેક્ષા નહિ, દ્રવ્ય-ગુણની અપેક્ષા નહિ. આહા..હા..! રાડ નાખી જાય ઓલા તો. આ ભૂલ્યા.. એની એને સૂઝ.. ભૂલ્યા. ભારે ભૂલ્યા કહે. આહા..હા..!

મુમુક્ષુ :- .. હોય એટલે

ઉત્તર :- ભાઈ એ હવે ખબર છે તમે શું કહો છો એ અમને ખબર નથી? સમજાણું કાંઈ? ભગવાન! એક સમયનો જે વિકાર છે મિથ્યાત્વનો કે ક્રોધ, માન, માયા, લોભનો કે વિષયની વાસનાનો એ વાસના કરતા વાસના કર્મ, વાસના કાર્ય, વાસના સાધન, સંપ્રદાન વાસના એને રાખી. વાસનાએ વાસના રાખી. વાસનાથી.. વાસનાને આધારે વાસના થઈ. પરને આધારે નહિ અને દ્રવ્ય-ગુણને આધારે નહિ. ભાઈ! તને સત્‌ની ખબર જ નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! આવું સત્! અને જગજાહેર આવું સત્ છે કહે છે. પ્રસિદ્ધ પામેલું આવું સત્ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? અનંતકેવળીઓ અનંતકાળથી એમ કહેતા આવે છે. વર્તમાનમાં ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. એ સમવસરણમાં આ જ વાત કહી રહ્યા છે. જે સાંભળનારને જેવો ક્ષયોપશમ હોયને એને એવું લાગે કે ભગવાન આ કહે છે. સમજાણું કાંઈ? ત્યાં તો ૐ ધ્વનિ એક સમયમાં. ભલે ક્રમે ક્રમે ભાષા.. છતાં . ભાષા ક્રમ છે. ભલે ક્રમ હોય. તો એ અંતર્મુહૂર્તમાં બધું આવે એમાં. એ સાંભળનારો જે જાતનો ક્ષયોપશમવાળો હોય એને એમ લાગે કે પ્રભુ આમ કહે છે. આજે આમ આવ્યું. આજ ક્ષાયિકની વાત આવી હતી. બીજો સાંભળનારો એમ કહે કે ઓલો ૠક્ષ્મણીનો દીકરો પ્રદ્યુમન. એને પૂછવા ગયા હતાને નારદ સીમંધર ભગવાનના સમવસરણમાં. તો એને એમ લાગ્યું કે નારદ કહે, મને ભગવાન એમ કહે છે ૠક્ષ્મણીનો પુત્ર .. શું કહેવાય? પ્રદ્યુમન. ૧૬ વર્ષે એને ઘરે આવશે. આહા..હા..! આ તો પણ નિમિત્તથી થયું કે એનાથી થયું. આહા..હા..! પણ .. એને ખબર નથી. એની વર્તમાનદશાથી એ બધું જાણે. પરથી નહિ, ભગવાનની વાણીથી નહિ.

અહીં તો પરમાત્મા જગ જાહેર આત્મા. નિત્યાનંદનો પ્રભુ, નિત્યાનંદ પ્રભુ તે નિત્યાનંદનો એ ઈશ્વર છે. પર્યાયનો ઈશ્વર નહિ હોં! આહા..હા..! એય..! એ રાગનો તો સ્વામી નહિ, શરીરનો સ્વામી નહિ આ તો માટી સ્મશાનની રાખ છે આ. એ ભગવાન એક સમયની પર્યાયનો એ સ્વામી નહિ. આહા..હા..! એ તો એક સમયની દશા એમાં વર્તતા, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ એનાથી તો પાર પોતે ભગવાન અનુભૂતિ સ્વરૂપ છે. ત્રિકાળ અનુભૂતિ સ્વભાવસ્વરૂપ એવો ત્રિકાળ ભગવાન છે. સમજાણું કાંઈ? આમ પહેલા એવો એનો સ્વભાવ છે તેમ રાગમિશ્રિત વિચારને આંગણે ઊભો આવો પહેલો નિર્ણય કરે

છે. હવે એને એ નિર્ણય કરવાના અવસર નહિ. એને અંતરમાં અનુભવ કરવાના વખત ક્યારે મળે? આહા..હા..!

કહે છે '**તે અનુભૂતિમાત્રપણાને લીધે...**' અનુભૂતિ માત્ર એટલે એકલો સ્વભાવમાત્ર આત્મા. એ પર્યાય એક સમયની એમાં જે કર્તા-કર્મ રચે એથી ભિન્ન વસ્તુ પાર ઉતરીને એટલે એમાં એ છે જ નહિ. એ કાંઠે રહેલી ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક સમયની દશાનો કાંઠો એ અંદરમાં પેસતો નથી. ભારે વાત ભાઈ! ... બહારમાં છેને સામે .. છેને. કહો, સમજાય છે કાંઈ? આહા..હા..! નીકળવાને બારણે રમે આત્મા. એનું નામ આત્મા. કહે છે કે એકવાર સાંભળતો ખરો પ્રભુ! તારી કિંમત ન થાય એવો તું અકિંમતી ચીજ. તારા મુલ્યાંકન ન થાય. આહા..હા..! અણમોલ. એવી ચીજ પ્રભુ પોતે છે. ગજબ વાત કરી છે હોં! ... ક્યાંથી લાવે બાપા! આહા..હા..! ક્યાં છે ત્યાં?

મુમુક્ષુ :- બહુ ખુલાસો નથી કર્યો.

ઉત્તર :- નથી કર્યો. ક્યાંથી કરે એ? .. આહા..હા..! કેવળીઓના કેડાયત. કેડે કેડે ચાલનારા સંતો. એ સંતોની આ વાણી છે. સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્ય, આ અમૃતચંદ્રાચાર્યની ટીકા છે. ગાથામાં ભાવનું સામર્થ્ય ઘણું પડ્યું છે એને લઈને જરી ખોલે છે. આહા..હા..!

'**શુદ્ધ છું;...**' લ્યો હવે આ નિર્ણય કરવાના વખત ન મળે અને બીજામાં વખત ગાળે. વખત ચાલ્યા જાય છે પ્રભુ તારા. ૨૫-૫૦-૬૦-૭૦ ઉંમરમાં. અને તે જેને ગયા ૬૦-૬૦ ૫૦ એ તો ફરીને એટલા ૫૦ રહેવાના નથી? છે? નક્કી નથી? આહા..હા..! અરે આ તારા કામને માટે કાળ ન મળે તને અને જગતના પુંછણ પૂછવાના કાળ મળે એને. માન્યતામાં હોં! આ મેં કર્યું, આમાં કર્યું, હું આમાં મોઢા આગળ હતો, હું આમાં મોઢા આગળ હતો તો આ કામ કર્યું. કહો, સમજાણું કાંઈ? અરે બાપુ! તું ક્યાં હતો? તું પર્યાયમાં નથીને તું બહારમાં ક્યાં આવ્યો? પંડિતજી! આહા..હા..! ભાઈ! તું તારી એક સમયની પર્યાય એમાં આવ્યો નથી, એને અડ્યો નથી. આહા..હા..! બે અલગ છે. બે પદાર્થ છે. દ્રવ્ય પદાર્થ, પર્યાય પદાર્થ. વસ્તુ છે. .. વસ્તુ કીધી. પરથી નથી કાંઈ. વસ્તુ વસ્તુથી છે. આહા..હા..!

એ અને આ શુદ્ધ બે શબ્દ અર્થ થયો. '**अहमेक्को**' અને '**सुद्धो**' હું એક અને શુદ્ધ. આ બે શબ્દનો અર્થ. ટીકા પણ ટીકા છેને ગંભીર. ત્રીજો બોલ છે. હું નિર્મમ છું. ... એટલે? '**પુદ્‌ગલદ્રવ્ય જેનું સ્વામી છે એવું જે ક્રોધાદિભાવોનું વિશ્વરૂપપણું...**' પુણ્ય અને પાપના અસંખ્ય પ્રકાર ભાવના, એ બધા સ્વભાવથી વિરૂદ્ધ હોવાથી એને ક્રોધ, માન, માયા, લોભમાં ખતવ્યા છે. એવા જે પુદ્‌ગલદ્રવ્ય જેનું સ્વામી છે. એ વિકારીભાવનો ધણી પુદ્‌ગલ છે. હું નહિ. આહા..! સમજાણું કાંઈ? કહો, ભગવાનજીભાઈ! આહા..હા..! તારો પરમેશ્વર તારામાં પૂર્ણ પડ્યો છે પ્રભુ! તું ઈશ્વર છો હોં! તારી ઈશ્વરતામાં પર્યાયની ઈશ્વરતા ન આવે. આહા..હા..!

એમાં અહીંયાં બીજો ઈશ્વર એને કરે. એને એમ કે ઈશ્વરની મહેરબાની થાય તો ધર્મ થાય. પાંદડું હલે. મારી નાખ્યા જગતને.

ઘણાં વર્ષ પહેલા કીધુંને એક .. હતા. ગઢડે ગયા અંદરમાં. ગઢડા અમે જાતા હતા. ઓલા સાધુ સ્વામીનારાયણના. અમે ગયા. .. આવેને આમ? તે દિ' ૨૩ વર્ષની ઉંમર. રૂપાળું શરીર, નાની ઉંમર. ગામમાં મારા બાપના બાપની પ્રસિદ્ધિ મોટી. એમાં દીક્ષા લેવાના હતા. હેં! એ બોલ્યો પણ ઈશ્વર વિના પાંદડું ન ચાલે. મકનભાઈ સાથે હતા. એના બાપ હતા.. કે સ્વામીનારાયણના સાધુ આમ કહેતા. આહા..હા..! બાપુ! તું ઈશ્વર છો. તારા વિના પર્યાય થાય. એમ કહે છે. પરનું ચાલવું તો ક્યાં રહ્યું? તારી પર્યાય તારા વિના થાય. આહા..હા..!

પણ અહીં તો કહે છે કે હવે **'પુદ્‌ગલદ્રવ્ય જેનું સ્વામી છે એવું જે ક્રોધાદિભાવોનું વિશ્વરૂપપણું (અનેકરૂપપણું) તેના સ્વામીપણે...'** હજી તો વિકલ્પથી નિર્ણય કરે છે. કે જે આ પુણ્ય અને પાપ, દાય, દાન, વ્રત, ભક્તિના પરિણામ છે એ તો એનો ધણી તો પુદ્‌ગલ છે. હું એનો ધણી કેવો? આહા..હા..! અને એ પુદ્‌ગલ જેનું સ્વામી એવા વિકારીભાવોનું વિશ્વ નામ અનેકપણું તેના સ્વામીપણે **'પોતે સદાય નહિ પરિણમતો...'** આહા..હા..! હું તો ત્રણે કાળે વિકારના સ્વામીપણે ન થાવ એ હું છું. અને અહીં બધા હાલતા-ચાલતા અને દયાના પરિણામ ભક્તિના કર્યા. અમે આ કર્યું ને અમે આ કર્યું. અમે આ કર્યું. મારી નાખ્યા. જીવતી જ્યોત આવી છે એને એટલો માન્યો એવો, (રાગ જેટલો) એવો ન માન્યો એનું નામ જ અહિંસા છે. આહા..હા..! સુજાનમલજી! આહા..હા..! બાપુ આવો માર્ગ! પરમાત્મા તીર્થંકરે કહેલો આત્મા આવો છે. અને તે એના ખ્યાલમાં બુદ્ધિમાં આવી શકે એવો છે. સમજાણું કાંઈ?

કહે છે એ પુણ્યના પરિણામ જે દયા, દાન, વ્રતના પરિણામ. પહેલા કહે છેને પછી તો આમ કરવું. હમણા તો ઠીક પણ પછી તો પાછા વ્રત કરવા કે નહિ અમારે સમ્યગ્દર્શન... સાંભળને ભાઈ! એ વ્રત ને તપના વિકલ્પો એના સ્વામીપણે સદાય નહિ પરિણમતો. હું તો ત્રિકાળ જ્ઞાતા-દૃષ્ટાપણે પરિણમતો એ હું છું. આહા..હા..! સમજાણું કાંઈ? એ વ્યવહારરત્નત્રયના પરિણામના સ્વામીપણે નહિ થનાર તે હું. એને ... આહા..હા..!

**'પોતે સદાય નહિ પરિણમતો હોવાથી મમતારહિત છું;...'** એટલે કે રાગની મમતા મારામાં નથી. કે આ રાગ મારો છે. વ્યવહાર રત્નત્રયનો રાગ એ મારો એ હું નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? એવા આત્માનો આવો નિર્ણય કરવો અને પછી વિકલ્પને છોડીને નિર્વિકલ્પ અનુભવ કરવો. આ એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મ કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા વદ-૨, સોમવાર, તા. ૨૫-૦૯-૧૯૭૨
## ગાથા-૭૩, પ્રવચન-૧૭૩

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

આ સમયસાર. કર્તાકર્મ ચાલે છે. ૭૩ ગાથા છે. ફરીને લઈએ પહેલેથી. કાલે ચાલી હતી થોડી. ફરીને લઈએ. ... આહા..હા..! ૭૩. પહેલેથી શરૂઆતથી. પ્રશ્ન કરે છે. ગુજરાતી સમજો છો? આ શેઠ તો હિન્દી માગે છે. છે હિન્દી? ૭૩. '**હવે પૂછે છે કે કઈ વિધિથી (-રીતથી) આ આત્મા આસ્રવોથી નિવર્તે છે?**' શિષ્યનો પ્રશ્ન છે. ભગવાન પાસે કે ગુરુ પાસે. ભગવાન! આ આત્મા એને આસ્રવ જે આ પુણ્ય અને પાપના ભાવ, શુભ-અશુભભાવ એ કઈ વિધિથી નિવર્તે છે? એવો પ્રશ્ન છે શિષ્યનો. આસ્રવ પણ કોને કહીએ એ પહેલા ખ્યાલમાં આવી ગયું. ૭૨ ગાથામાં. જે કાંઈ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ ઉઠે છે એ બધો પુણ્ય આસ્રવ છે. કઠણ જગતને છે. કપુરચંદજી! અને હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના એ ભાવ જે થાય છે એ પાપાસ્રવ છે. બેય આસ્રવ છે, મલિન છે. લોકોને ખબર નથી. વીતરાગમાર્ગ એવો છે.

તો કહે છે કે એ શુભ-અશુભભાવ. એવા દયા, વ્રત, અહિંસા, સત્યદત્ય બ્રહ્મચર્ય પાળવા, એ બધો વિકલ્પ છે, રાગ છે, શુભરાગ. અને હિંસાદિ વિષય-વાસના એ તો પાપરાગ છે એ તો અશુભ છે. અનાદિ કાળથી એ શુભાશુભભાવથી કદી નિવર્ત્યો જ નથી. સમજાણું કાંઈ? તો એ પ્રશ્ન શિષ્યે કહ્યો. ભગવાન! 'આ આત્મા...' જુઓ! આ આત્મા એમ કહ્યુંને? આહા..! '**કઈ વિધિથી (-રીતથી) આ આત્મા આસ્રવોથી નિવર્તે છે?**' શેઠ! છે? કઈ રીતે અટકે? પણ એ પુણ્ય-પાપ અને પાપના ભાવનો ખ્યાલ આવ્યો એને. પહેલા આવી ગયું ૭૨માં. કે આત્મામાં જેટલા પણ અહિંસા, સત્ય, દત્ય, બ્રહ્મચર્યની વૃત્તિ ઉઠે છે ત્યારે પુણ્ય રાગ છે, વિકલ્પની વૃત્તિઓ છે. જગતને કઠણ લાગે. આ તો વીતરાગમાર્ગ છે બાપુ! સર્વજ્ઞ પરમેશ્વર. એ શુભરાગ એ અશુચિ છે. ભગવાન ત્રિકાળ પવિત્ર આનંદકંદ છે. આહા..હા..! એ શુભભાવ અને અશુભભાવ .. છે. કેમકે શુભ-અશુભભાવમાં ચેતનના સ્વભાવનો અભાવ છે. આહા..હા..! આ કામ ભારે આકરું જગતને. એય..! દેવીલાલજી! એ વૃત્તિ ઉઠે છે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ વિકલ્પ છે, રાગ છે, એમાં ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા

એમાં ચૈતન્યના અંશનો અભાવ છે. ...ચંદજી! એ તો અમારે ઘણીવાર આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વસ્તુ એવી છે, ભગવાન! શું કરે? અરે! વીતરાગ માર્ગમાં બહારમાં જન્મ અને વીતરાગ શું કહે છે એની ખબર નથી. એ શુભ અને અશુભ .. બધું અચેતન છે. કેમ? જડ કહો કે અચેતન કહો. કેમકે એમાં ચૈતન્ય સ્વરૂપ ભગવાન જ્ઞાનપુંજ પ્રભુ એનો અંશ એ પુણ્ય પરિણામ વ્રત.. તપાદિના વિકલ્પમાં એ જ્ઞાનનો અંશ નથી અને એ રાગ પોતાને જાણતો નથી, એ રાગ બીજા દ્વારા જણાય છે એ કારણે પુણ્ય રાગ વ્રતાદિના પરિણામને અહીં આસ્રવ કહ્યો છે. જેને દુનિયા ધર્મ માને છે. આહા..હા..! અને એ શુભાશુભભાવ દુઃખ છે. કેમકે પ્રભુ આત્મા તો અતીન્દ્રિય આનંદનો પિંડ છે. અતીન્દ્રિય સહજાનંદ સ્વરૂપ. જેવા સિદ્ધ ભગવાન છે. સમજાણું કાંઈ? એવું અતીન્દ્રિય આનંદ સ્વરૂપ. ... ગૃહસ્થ માણસ છે. ધનાઢ્ય છે. આહા..હા..! ... એ તો બહારની ધૂળ છે એમાં કોઈ આત્મા છે નહિ. આટલા પૈસા છે, બધું છે. ૫૦-૫૦ લાખ, ૬૦-૬૦ લાખ શું આવ્યું? ધૂળ છે. એ તો અજીવતત્ત્વ છે. એ અજીવતત્ત્વ પણ પૂર્વના પુણ્યથી મળે છે. વર્તમાન પ્રયત્નથી મળે એ વાતમાં અંશે સત્ સત્ય વાત નથી. આહા..હા..!

મુમુક્ષુ :- મળ્યા તો ખરાને.

ઉત્તર :- શું મળ્યું? એને મળ્યું .. એ ચીજ તો ત્યાં રહી ગઈ બહાર. કહો, શેઠ! ક્યાં અહીંયાં લાવ્યા પૈસા. માલિક. મૂઢ માલિક માને એમાં શું? એ તો અજ્ઞાની અજીવ તત્ત્વને પોતાનું માને છે. અજીવને જીવ માન્યો. વાત સૂક્ષ્મ છે ભાઈ! વીતરાગ માર્ગ જરી. એ અજીવ તત્ત્વની પ્રાપ્તિ પૂર્વના પુણ્ય પરમાણુ હોય એનાથી આવે છે. રાગ કરે કષાયનો તો રાગ કરે એથી કાંઈ પૈસા મળી જાય છે? અહીંયાં તો એ રાગ જે શુભ-અશુભ છે બેય દુઃખ છે. આહા..હા..! વીતરાગ ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ સમવસરણમાં ધર્મસભામાં ઈન્દ્ર સમક્ષમાં પ્રભુ આમ કહેતા હતા. પ્રભુ! તું સુખરૂપ, આનંદરૂપ છો. અંતર અતીન્દ્રિય આનંદનો કંદ છો. એ શુભ-અશુભ વિકલ્પ જે ઉઠે છે એ આકુળતા છે... આકુળતા છે... આકુળતાને ઉપજાવનાર છે, દુઃખ છે. તને ખબર નથી. સમજાણું કાંઈ? તો એ આસ્રવ અશુચિ, જડ અને દુઃખ. એનાથી નિવૃત્તિ કેમ થાય? પ્રવૃત્તિ તો તું અનાદિથી કરતો આવ્યો છો. સમજાણું કાંઈ? નવમી ગ્રૈવેયકે જૈન સાધુ થઈને ગયો. ૩૧ સાગરની સ્થિતિ. ત્યારે તો પંચમહાવ્રત, શરીરના ચામડા ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કરે. એ દૃષ્ટિ મિથ્યાત્વ. કેમકે એ શરીરની ક્રિયા હું કરું છું અને એ દયા, દાન, વ્રતના પરિણામ જે રાગ છે એ મારી ચીજ છે. એવા આસ્રવને પોતાનો માને તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

તો કહે છે એ આસ્રવથી કઈ વિધિએ નિવર્તે છે? એનો ઉત્તર. ગાથા.

**अहमेक्को खलु सुद्धो णिम्ममओ णाणदंसणसमग्गो।**
**तम्हि ठिदो तच्चित्तो सव्वे एदे खयं णेमि।।७३।।**

ભગવાન ... એ કુંદકુંદાચાર્ય સંવત્ ૪૯ થયા. દિગંબર મુનિ સંત હતા. એને લબ્ધિ હતી ચાર તસુ જમીનથી ઉપર ચાલવાની. ભગવાન બિરાજે છે. સીમંધર ભગવાન ત્રિલોકનાથ કેવળજ્ઞાની, કરોડપૂર્વનું આયુષ્ય. પાંચસો ધનુષ્યનો દેહ. મનુષ્યદેહ પણ વર્તમાન મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે મોજુદ. જીવંત સ્વામી જેને કહીએ. ભગવાન મહાવીર આદિ તો મોક્ષ પધાર્યા. એ તો સિદ્ધ થયા. આ તો નમો અરિહંતાણંમાં છે. સમજાણું કાંઈ? મહાવીર આદિ ભગવાન જ્યાં છે ત્યારે અરિહંત થયા. એ તો દેહ છૂટ્યો એટલે સિદ્ધ થયા એ તો. તો નમો સિદ્ધાણંમાં ગયા. આ તો નમો અરિહંતાણંમાં છે. અરિહંતદેવ છે. સાક્ષાત્ બિરાજે છે મહાવિદેહમાં જમીન ઉપર. પાંચસો ધનુષનો દેહ છે, કરોડપૂર્વનું આયુષ્ય છે. મુનિસુવ્રત ભગવાનને સાથે દિક્ષા થઈ એ આગામી ચોવીસ તીર્થંકર થશે અહીંયાં એમાં તેરમા તીર્થંકરને વહારે એની મુક્તિ થશે. એટલું મોટું આયુષ્ય છે. શ્વેતાંબરમાં ચોર્યાસી લાખ કહેતા હતા. દિગંબરમાં કરોડ પૂર્વ. ચોર્યાસી લાખ પૂર્વ તો ઋષભદેવ ભગવાનનું હતુંને. એક પૂર્વ ૭૦ લાખ કરોડ, ૫૬ હજાર કરોડ વર્ષનું એક પૂર્વ છે. એવા એવા કરોડપૂર્વનું આયુષ્ય છે ભગવાનનું. સમજાણું કાંઈ? આહા..! એની પાસે એ કુંદકુંદાચાર્ય સંવત્ ૪૯માં ગયા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યું. સમજાણું કાંઈ? આ ગાથા એણે બનાવી છે. એનું નીચે હરિગીત. મૂળપાઠનું.

**છું એક, શુદ્ધ, મમત્વહીન હું, જ્ઞાનદર્શનપૂર્ણ છું;**
**એમાં રહી સ્થિત, લીન એમાં, શીઘ્ર આ સૌ ક્ષય કરું. ૭૩.**

નીચે હરિગીત છે. હવે ટીકા. ટીકા છેને? ભગવાન સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ એમ ફરમાવે છે કે હું કહું એવો તું નિર્ણય કર. હજી રાગમિશ્રિત વિચાર છે. સમ્યગ્દર્શન પછી. સમ્યગ્દર્શન તો નિર્વિકલ્પ અંદર આનંદનો અનુભવ આવે છે અને ત્યારે પ્રતીતમાં આવે ત્યારે સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. પણ એ સમ્યગ્દર્શન પહેલાં ભગવાન એમ કહે છે કે જેવો તું છો એમ અમે કહીએ છીએ એવા રાગમિશ્રિત વિચારથી તું નિર્ણય કર. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

અંદર ભગવાન ચૈતન્ય પ્રભુ સચ્ચિદાનંદ સિદ્ધસ્વરૂપી આત્મા છે. એવી ચીજ છે તેને પહેલા સાંભળ. રાગમિશ્રિત વિચારથી નિર્ણય કર. પછી એ વિકલ્પ છોડીને અનુભવ સ્વરૂપ. સ્વસન્મુખ થઈને અનુભવ કરે તેને સમ્યગ્દર્શન થાય છે. હજી ઉપર ચોથું ગુણસ્થાન છે. સમજાણું કાંઈ? એમ ભગવાન ફરમાવે છે. અમે કહીએ છીએ એવો તું નિર્ણય કર. કદી અનંતકાળમાં એવી અંતર અનુભવની દૃષ્ટિ પ્રગટ કરી નથી. 'દ્રવ્ય સંયમથી ગ્રૈવેયક પાયો ફિર પીછો પટક્યો.' એ આવે છે. અમે તો દુકાન ઉપર એ વાંચતા હતાને. ૬૪-૬૫ની

સાલની વાત છે. સમજાણું? ચાર સજ્ઝાયમાળા આવે છે. ચાર સજ્ઝાયમાળા. અમે તો દુકાન ઉપર. પિતાજીની દુકાન હતીને. ૬૪-૬૫ની સાલ. ૬૫ વર્ષ પહેલાંની વાત છે. દુકાન ઉપર વાંચતા હતા. ઘરની દુકાન હતી. પાલેજ છેને પાલેજ? ભરૂચ અને વડોદરા વચ્ચે. અત્યારે પણ દુકાન ચાલે છે. ૬૦ વર્ષ થયા મને દુકાન છોડે. દુકાન ચાલે છે. મોટી દુકાન છે. ચાર લાખની આમદાની છે. મોટી દુકાન છે. એ વખતે આ વાંચ્યું હતું ત્યારે પ્રશ્ન ઉઠ્યો હતો કે આ શું છે? એમાં એવો પ્રશ્ન થયો.

'દ્રવ્ય સંયમ સે ગ્રૈવેયક પાયો.' દ્રવ્ય સંયમ. આત્મજ્ઞાન વિના વ્રત, તપ આદિના ભાવ શુક્લલેશ્યા કરી અને એનાથી નવમી ગ્રૈવેયક ગયો. નવ ગ્રૈવેયક હોય છે. બાર .. નવ પાટડા છે. 'દ્રવ્ય સંયમ સે ગ્રૈવેયક પાયો, ફેર પીછો પટક્યો..' ત્યારે એમ થયું કે આ શું છે કીધું? આ નવી વાત .. સજ્ઝાય માળા છે ચાર. આપણે છે અહીંયાં. ચાર સજ્ઝાયમાળા છે. એક-એક સજ્ઝાયમાળામાં ૨૦૦-૨૫૦-૩૦૦ સજ્ઝાય છે. અમારે તો નિવૃત્તિ હતીને. નાની ઉંમરમાં. ૧૭ વર્ષની ઉંમરમાં. ૧૭-૧૭ તમારે શું કહે છે? ૧ અને ૭. ૧૭. ૭૦ને સત્તરહ કહે છે. એમાં આ આવ્યું હતું 'દ્રવ્ય સંયમસે...' અમે તો સ્થાનકવાસી હતાને. અમારા પિતાજી સ્થાનકવાસી. અમારા પિતાજીના ... અમારો જન્મ ત્યાં થયો હતો માટે બધું જોયું હતું. તો એમાં આ આવ્યું. આ શું કહે છે? દ્રવ્યસંયમ? આ શું છે? દ્રવ્યસંયમ તો આત્મા શું ચીજ છે એના અનુભવ વિના, સમ્યગ્દર્શન વિના એવા વ્રત-નિયમ અનંતવાર કર્યા એનું નામ દ્રવ્ય સંયમ છે. તો પુણ્ય બંધ થયું. તો એને કારણે સ્વર્ગમાં ગયો, પણ ફરીને પટક્યો ત્યાંથી નીકળીને મનુષ્ય થઈને જાવ નરક અને નિગોદ. આત્મજ્ઞાન વિના, સમ્યગ્દર્શન વિના, અનુભવ આત્માની જાતના અનુભવ વિના એવી અનંતવાર ક્રિયાકાંડ કર્યા. આહા..હા..! આકરી વાત ભારે ભાઈ! દેવીલાલજી! દેવીલાલજી .. કહે છે. ... ઓલા સ્થાનકવાસી. એના ભાઈ સ્થાનકવાસી. એ ઘણા પ્રકાર છે. આહા..હા..!

મુમુક્ષુ :- સ્થાનકવાસી જૈન દેરાવાસી દિગંબર

ઉત્તર :- આ દિંગબર થઈ ગયા. આહા..હા..!

કહે છે '**હું આ આત્મા-પ્રત્યક્ષ...**' આહા..હા..! ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા કહે છે એ સંત કહે છે. ભાઈ! પ્રભુ! પ્રભુ તરીકે બોલાવ્યા છે. ૭૨ ગાથામાં. ૭૨ ગાથામાં. આ ૭૩ ચાલે છે. ૭૨માં ભગવાન આત્મા. એમ કહ્યું છે. કેમકે શરીર, વાણી, મન અને કર્મ તો જડ અજીવ છે. દયા, દાન, વ્રત, ભક્તિ પરિણામ છે એ તો આસ્રવ પુણ્ય છે. હિંસા, જૂઠું આદિ આસ્રવ પાપ છે, ભગવાન એનાથી ભિન્ન જ્ઞાયકમૂર્તિ આનંદકંદ છે. નવ તત્ત્વમાં એને આત્મા કહે છે. તો હજી નવ તત્ત્વની ખબર નથી તો પહેલા આ નિર્ણય કર એમ કહે છે. આહા..હા..! ભગવાન!

'હું આ...' વસ્તુ અખંડાનંદ પ્રભુ ધ્રુવ આદિ-અંત વિનાની ચીજ. જેની ઉત્પત્તિ નથી, જેનો નાશ નથી. એવો હું આ પ્રત્યક્ષ. પાટણીજી! આપણે ચાલી હતી આ. સાગરમાં ચાલી હતી. ત્યાં તમારે ચાલી હતી જયપુર. જયપુરમાં ચાલી હતી. ઓલા બહાર નહિ? ૩-૩ હજાર માણસ બહાર. ટોડરમલ હોલ. પાંચ લાખનો બનાવ્યોને ગોદિકાએ. ૧૩ની સાલમાં એક હોલ પાંચ લાખનો બનાવ્યો. કરોડપતિ છે. તો ત્યાં અમે .. ત્યાં વ્યાખ્યા આપતા હતાને. વાંચ્યું હતું ત્યાં. પણ હિન્દી ચાલતું હતુંને. ત્યાં ક્યાં ગુજરાતી સમજે? ભગવાન! એકવાર આમ તો આવ. અમારે આંગણે તો આવ એમ કહે છે. આહા..હા..! તારી ચીજ શું છે એ પહેલા રાગમિશ્રિત વિચારથી હું પ્રત્યક્ષ છું એવો નિર્ણય કર. વસ્તુ-વસ્તુ ભગવાન એક સમયના પર્યાય પાછળ. એક સમયની પર્યાય છેને અવસ્થા. એની પાછળ ધ્રુવ સ્વરૂપ ભગવાન આત્મા. સર્વજ્ઞે કહ્યું એ હોં! અજ્ઞાની તો બહુ કહે છે વેદાંત આદિમાં. સમજાણું કાંઈ? આત્માનો અનુભવ થાય છે એ બધું ગપેગપ્પ છે.

અહીં તો સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવે કહેલો આત્મા. ..મલજી! પ્રત્યક્ષ છું એવો નિર્ણય કર. આહા..હા..! આવી વાત! એ ખ્યાલમાં ન આવે એવી તો ચીજ નથી, પણ પરોક્ષ રહે એવી એ ચીજ નથી. આહા..હા..! ભગવાન! તારી ચીજ એવી છે. હું પ્રત્યક્ષ. છે પહેલો શબ્દ? **'હું આ આત્મા-પ્રત્યક્ષ...'** પોતાના સ્વસંવેદનથી મતિ અને શ્રુતજ્ઞાન દ્વારા પ્રત્યક્ષ છું એવો પહેલા નિર્ણય કર. આહા..હા..! ભારે આકરું કામ હોં! સમજાણું કાંઈ? એ ગયા ભાઈ તમારા? કાન્તીભાઈ! એ ત્યાં બહુ રોતા હતા હોં. રોવે.. રોવે.. રોવે.. પરિચય બહુ અભ્યાસ હતો. પહેલા વિરોધ કર્યો અહીંનો. અહીંયાં તો વિરોધ રોજ કરે એમાં શું? અહીંયાં ક્યાં કોઈનો વિરોધ ક્યાં કરીએ છીએ. અંદર આવ્યા, બહુ રોયા. અરે મેં વિરોધ કર્યો, .. અંદર હોં! ... એ કહે બિચારા. એમ કહેને. સમજાણું કાંઈ? શાંતિભાઈને નામ? હા પંડિત શાંતિલાલ. અંદર આવ્યા બહુ રોયા.

જૈન સાધુ અનંતવાર થયો. તોપણ સમ્યગ્દર્શન શું ચીજ છે અને સમ્યગ્દર્શનનો વિષય ધ્યેય શું છે એ સાંભળ્યું નથી. સમજાણું કાંઈ? તો કહે છે કે પ્રત્યક્ષ ભગવાન વસ્તુ હું છું. આ ભગવાન આત્મા પ્રત્યક્ષ અખંડ. અખંડ વસ્તુ પડી છે. અખંડ છે. પર્યાયમાં ખંડ થાય એવી હું ચીજ નથી. આહા..હા..! હું પ્રત્યક્ષ અખંડ ચૈતન્ય ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે કહ્યું એવો હું છું. એવો પહેલા નિર્ણય કર. એ તો રાગમિશ્રિત વિચાર હોં. હજી સમકિત પછી. આહા..હા..! ભારે કામ ભાઈ! કહો, પોપટભાઈ! શું આ? આવું! આ તમારા સાળા આવી વાત સાંભળે. સાંભળવાને નવરાશ કે દિ' છે? એક-એક લાખની પેદાશ છે દિ'ની. મહિનાની ૨૫ લાખની પેદાશ છે એને. એમના સાળાને. શાંતિલાલ ખુશાલ. આ પોપટભાઈ છેને એમના સાળા છે ત્યાં ગોવામાં. એક દિવસની એક લાખની પેદાશ.

પેદાશ હોં! પાંચ-છ લાખનું તો ... શું કહેવાય તમારે? મેંગેનિઝ. આ લોઢું-લોઢું કહે છેને. આ શું કહેવાય? એલ્યુમિનિયમ. એક દિવસમાં પાંચ-લાખનું નીકળે. એના સાળા. ધૂળ છે. સમજાણું કાંઈ? આ નિધાન મારું સ્વરૂપ પ્રભુ.

કહે છે જુઓ '**અખંડ અનંત ચિન્માત્ર જ્યોતિ...**' આહા..હા..! મારું નિધાન તો અનંત બેહદ જ્ઞાનમાત્ર જ્યોતિ હું છું. હું શરીર નથી, હું પુણ્ય દયા, દાન, વ્રતના વિકલ્પ હું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? હું તો અનંત ચિન્માત્ર જ્યોતિ. જ્ઞાનસ્વભાવ જેનો એ ચિન નામ જ્ઞાનદર્શન એ ચૈતન્ય જ્યોતિમાત્ર ભગવાન આત્મા છે. એવા વિકલ્પથી, રાગથી, પુણ્યબંધના કારણથી નિર્ણય કર. કર્મ પછી. આહા..હા..! સમજાણું કાંઈ? એવો માર્ગ બાપુ! અનંતકાળ થયા. 'અનંતકાળથી આથડ્યો વિના ભાન ભગવાન. સેવ્યા નહિ ગુરુ સંતને મૂક્યા નહિ અભિમાન.' અભિમાન મૂક્યા નહિ અને અમે જાણીએ છીએ અને અમે ધર્મ કરીએ. બાપા! ધર્મ ઝીણી ચીજ છે, ભાઈ! સમ્યગ્દર્શન થાય ત્યાં નિધાન ખુલી જાય અંદરથી. સમજાય છે કાંઈ? એ ખુલ્યા પહેલા આવો નિર્ણય કર એમ કહે છે. આવો નિર્ણય કર.

'**અનંત ચિન્માત્ર જ્યોતિ...**' .. એટલે ચૈતન્ય. એકલું જ્ઞાન એમ નહિ. જ્ઞાનનો દર્શન સ્વભાવ મારો. ત્રિકાળી સ્વભાવ બેહદ જેનો સ્વભાવ. પરિમિતતા જેમાં છે નહિ. મર્યાદા છે નહિ એવો મારો અંતર સ્વભાવ અનંત ચિન્માત્ર જ્યોતિ હું છું. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મા. એવો જે મારો આત્મા '**અનાદિઅનંત...**' મારી શરૂઆત નથી, મારી આદિ નથી. મારો કોઈ કર્તા-ફર્તા નથી. ઈશ્વર કરે અને આત્મા થાય એવી કોઈ ચીજ છે નહિ. સમજાણું કાંઈ? મારી ચીજ ભગવાન આત્મા અનાદિ છે... છે... છે... આદિ વિનાની. આહા..હા..! ભૂતકાળમાં જુઓ તો ક્યાં નહોતો? પ્રભુ! આ છે... છે... છે... છે... ધ્રુવ હોં ધ્રુવ. અનાદિનો નિત્ય પ્રભુ છે. સમજાણું કાંઈ? એવો અનાદિ અને અનંત. ભવિષ્યમાં ક્યાં મારો નાશ થશે? હું તો નિત્યાનંદ પ્રભુ છું. આહા..હા..! અનાદિ-અનંત ધ્રુવ.

'**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' આવે છેને તો ઉત્પાદ-વ્યય છે તે પર્યાય છે અને ધ્રુવ છે એ દ્રવ્ય ત્રિકાળી વસ્તુ છે. આ પર્યાયથી અહીંયાં કહે છે. એ ઉત્પાદ-વ્યય-પર્યાય એવો નિર્ણય કરે છે. રાગમિશ્રિત વિચારમાં. હું તો અનાદિ-અનંત છે. પર્યાય વિચાર કરે છે. હું છું અનાદિ-અનંત. મારી શરૂઆત નથી, મારો કોઈ કર્તા નથી, હું સ્વયંસિદ્ધ અનાદિથી છું અને સ્વયંસિદ્ધ અનંતકાળ એવો ને એવો ધ્રુવ રહેશે. આહા..હા..! સમજાણું કાંઈ? '**અનાદિઅનંત નિત્ય-ઉદયરૂપ...**' મારી ચીજ તો કાયમ પ્રગટરૂપ જ વસ્તુ છે. વસ્તુ છેને. અને તત્ત્વ છેને? દ્રવ્ય છેને? પદાર્થ છેને? જેવા છ દ્રવ્ય છે. ભગવાને છ દ્રવ્ય જોયા છે. અનંત આત્મા, અનંત પરમાણુઓ આ પુદ્ગલ, અસંખ્ય કાળાણું, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને એક આકાશ. છ ભગવાને જોયા છે. એવા અનંત આત્મામાં હું એક આત્મા અનાદિ-

અનંત છું. આ તો ભાષા સમજો છો? ભાષા સમજાય એવી છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન! તું એવો નિર્ણય તો કર પહેલા. જે અનંતકાળમાં નિર્ણય સ્વસન્મુખ થઈને કર્યો નથી. સમજાણું કાંઈ?

'**નિત્ય-ઉદયરૂપ...**' હું તો કાયમ પ્રગટરૂપ. ઉદય નામ પ્રગટ. સૂર્ય પ્રગટ થાય છે. એ માથે ચડે છે. સાંજે આથમે એવો નથી. હું તો ત્રિકાળ ચિદાનંદ ભગવાન નિત્ય... નિત્ય... નિત્ય... નિત્ય... નિત્ય... ધ્રુવ પ્રગટ છું. આહા..હા..! પંડિતજી! કેવો છે નિત્ય? નિત્ય તો પરમાણુ પણ છે. પોઈન્ટ, રજકણ આ નિત્ય છે. કટકા કરતાં-કરતાં આ એટલા પરમાણુ છે એક રજકણ. એ વસ્તુ અનાદિ છે. એનો કોઈ કર્તાહર્તા છે નહિ. એવા અનંત પરમાણુ છે. જીવની સંખ્યા કરતા તો અનંતગુણા તો રજકણ છે. આહા..હા..! એમાં હું નિત્ય '**નિત્ય-ઉદયરૂપ વિજ્ઞાનઘનસ્વભાવભાવપણાને લીધે...**' મારો તો વિજ્ઞાનઘન સ્વભાવ છે. એકલા જ્ઞાનસ્વરૂપી ભગવાન વિજ્ઞાનઘન પિંડ. જેમાં આ વિચાર કરે છે વિકલ્પથી, એ વિકલ્પનો અંતરમાં પ્રવેશ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**વિજ્ઞાનઘનસ્વભાવભાવપણાને લીધે એક છું;...**' એક છું. ધ્રુવમાં પર્યાયનો ભેદ પણ મારામાં નથી. હું તો ધ્રુવ એકરૂપ ત્રિકાળ છું. આહા..હા..! સમજાણું કાંઈ?

પછી. હું શુદ્ધ છું. '**(કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણસ્વરૂપ) સર્વ કારકોના સમૂહની પ્રક્રિયાથી પાર ઊતરેલી જે નિર્મળ અનુભૂતિ, તે અનુભૂતિમાત્રપણાને લીધે શુદ્ધ છું;...**' આ થોડો ઝીણો બોલ છે. શું કહે છે? હું એવો છું કે હું શરીરની, વાણીની, જડની પરની ક્રિયાનો કર્તા તો નથી, એ પરનું કાર્ય મારું નથી, પરનું સાધન મારાથી નથી, મારા કારણે એ રહ્યો એમ નથી. મારાથી થયો એમ નથી, મારા આધારે જડની ક્રિયા થાય એમ પણ નથી. આહા..હા..! ભગવાન ભિન્ન ચીજ છે. જડની પર્યાય જડથી થાય છે. આત્માથી થતી નથી. આહા..હા..! એટલો નિર્ણય પહેલા પરવસ્તુ શરીર, વાણી, મન, પર જીવો અનંત જીવ એના અનંત પરમાણુ એનો હું કર્તા નથી, રચનાર નથી, એની રચનારૂપી કાર્ય મારું નથી. એની રચનામાં સાધન મારું નથી. આહા..હા..! એમાં રહેવું એ રહે એ મારે કારણે નથી. એમાં રહેવું અને ઉત્પન્ન થવું એ એને કારણે છે. મારાથી નથી. અને ટકવું એ મારા આધારે નથી. આહા..હા..! પછી.

પુણ્ય અને પાપના, દયા, દાનના વિકલ્પ જે ઉઠે છે એનો હું કર્તા નથી. ઝીણીવાત છે, ભગવાન! આહા..હા..! આવો અપૂર્વ ધર્મ કોને કહે ભાઈ! પૂર્વે કદી થયો નથી એક સમય અને ધર્મ એક સમય પણ જ્યાં પ્રગટ થાય. જન્મ-મરણનો અંત. સમ્યગ્દર્શનમાં જન્મ-મરણનો અંત. પછી સ્વરૂપમાં રમણતા કરે એ ચારિત્ર છે. ચારિત્ર એ છે. ચારિત્ર કોઈ બહારની ક્રિયા નથી. કહે છે હું એ દયા, દાનનો વિકલ્પ જે રાગ ઉપર છે એનો હું કર્તા નથી,

.. છે એ મારું કાર્ય નથી. એ મારું સાધન નથી. હું સાધન થયું તો થયું એમ નથી. એ રહ્યું તો મારાથી રહ્યું એમ નથી. અને ઉત્પન્ન થયું તો મારાથી ઉત્પન્ન થયું એમ નથી. અને મારા આધારે રાગ ઉત્પન્ન થયો એમ પણ નથી. આહા..હા..! આવી વાત કરે છે. ભગવાન!

હવે અંદર આવે છે વાત. હવે અહીંયાં કહેવી છે એ વાત અંદર આવે છે હવે. આહા..હા..! હું ધ્રુવ નિત્ય પ્રભુ અનાદિ-અનંત જે ચીજ છે એમાં જે પર્યાય વિચાર કરે છે અને કાર્ય જે પર્યાયરૂપ થાય છે. એક સમયની પર્યાય, એનો કર્તા પર્યાય, કર્મ પર્યાય, કારણ પર્યાય, રાખે પર્યાય, પર્યાયની પર્યાય અને પર્યાયનો આધાર પર્યાય. આહા..હા..! આવું નવું લાગે. જગતને સાંભળ્યો જાય નહિ. સાંભળ્યો કોઈ દિ' છે નહિ. એમ ને એમ જિંદગીયું. આહા..હા..! એક સમયની પર્યાય આત્માની અવસ્થા. એમાં જે ષટ્કારક થાય છે એ મારાથી ભિન્ન છે. એ ષટ્કારકથી હું ભિન્ન છું. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**સર્વ કારકોના સમૂહની પ્રક્રિયાથી...**' પ્રક્રિયા એટલે પર્યાયમાં આવું વર્તન થવું, એક સમયની પર્યાયમાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકારણ એવી એક સમયની પર્યાયમાં ષટ્કારકરૂપ થવું એનાથી હું ભિન્ન છું. આહા..હા..! હજી તો અહીં શરીરની ક્રિયાથી જુદો અને શરીરની ક્રિયા કરી શકું નહિ એ વાત માનવામાં પસીનો ઉતરે. દેવીલાલજી! આહા..હા..! અહીં તો પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞ દેવ એમ ફરમાવે છે તારી એક સમયની અવસ્થા અને ત્રિકાળી ધ્રુવ. એ પર્યાયના કર્તા, કર્મ, કરણ, કારણ એનાથી દ્રવ્ય જે ધ્રુવ છે એ તો ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? શરીરથી તો ભિન્ન છે, કર્મથી તો ભિન્ન છે, પુણ્ય-પાપના દયા, દાનના વિકલ્પથી તો ભિન્ન છે, પણ એક સમયની જ્ઞાનની દશા, એક સમયની અવસ્થા. એના ષટ્કારકના પરિણમન. છે?

'**સર્વ કારકોના સમૂહની પ્રક્રિયાથી પાર ઊતરેલી જે નિર્મળ અનુભૂતિ,...**' હું તો ત્રિકાળ નિર્મળાનંદ ભેદ વિનાની ચીજ છું. આહા..હા..! પુસ્તક છે કે નહિ? ક્યાં છે? ઠીક! પોતે ભગવાન તારી વાત આવી છે, ભાઈ! છે અમને તો ખબર છે. અમે તો આખું હિન્દુસ્તાન જોયું છે. આખું હિન્દુસ્તાન નવ-નવ હજાર માઈલ. ત્રણવાર આખું હિન્દુસ્તાન જોયું છે. તેરની સાલમાં ... પંદરની સાલમાં .. વીસની.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અમે તો ..માં આવ્યા. ૨૧મું વર્ષ અને ચાર માસ. સંપ્રદાયના સાધુ હતા. સ્થાનકવાસી સાધુ હતા અમે. ૨૧ વર્ષ ચાર માસ રહ્યા. પિતાજીનો જન્મ એમાં હતો. એટલે અમારો એ ધર્મ. પછી તો અંતરથી બીજું.. આ નહિ.. આ નહિ.. અહીં તો મોટી દીક્ષા હતી. .. કરતા હતા. ૫૦ અને ૯. માગશર સુદ નોમે ૬૦ વર્ષ બેઠશે દીક્ષાના હોં! ભાઈએ તો મોટી દીક્ષા કરી હતી. ભાઈએ તો .. મોટા ભાઈ છેને. મોટા ભાઈ હતા. .. નહિ.

આ સાધુપણુ  આવું નથી. અમને તો માર્ગ અંદરથી બીજો લાગે છે. અમે તો છોડી દીધું. ૮૭ની સાલમાં .. થયું. ૫૧ વર્ષ. ફાગણ વદ ત્રીજ. ૫૧ ૩૮મું ચોમાસું છે. ... સમજાણું કાંઈ? માર્ગ બીજો છે. આહા..હા..!

મારી પર્યાય જે એક સમયની અવસ્થા. એમાં જે કર્તા.. આદિ એક સમયમાં થાય છે એનાથી મારી ચીજ ભિન્ન છે. વીતરાગ આ છે હોં! આહા..હા..! અને વીતરાગ એમ કહે કે મને માનવાથી પણ તને રાગ છે હોં! હું પરમાત્મા છું એવી તારી શ્રદ્ધા એ પણ રાગ છે. આહા..હા..! આવું વીતરાગ કહે હોં. સમજાય છે કાંઈ? સાચા સાધુ હોય એને તું માન અને આહાર-પાણી દે તોપણ શુભરાગ છે. એમ વીતરાગ પરમાત્મા કહે. સમજાણું કાંઈ? ઓલો મોઢા સામે કોળિયો નથી કહેવાતું? મોઢા સામે કોળિયો કોને ન ગોઠે? અમારા સાધુને દેવાથી કલ્યાણ થશે. એવું સ્વામીનારાયણમાં આવે છે. અમારા સાધુને લાડવા વ્હોરાવે તો વૈકુંઠમાં લાડવા મળશે. ત્યાં પણ લાડવા લેવા છે. આહા..હા..! એય..! આહા..હા..!

કહે છે હું તો નિર્મળ અનુભવ સ્વરૂપ ત્રિકાળ છું. વર્તમાન અનુભવ જે પર્યાય છે એવો અનભૂતિ ત્રિકાળ હું છું. આહા..હા..! કહો, પુનમચંદજી! આ બધા દિગંબરી બધા થોથા હતાને અંદર કાંઈ ભાન ન મળે. વાડામાં જન્મ્યા એટલા અમે દિગંબર છીએ .. એય..! આહા..હા..! '**તે અનુભૂતિમાત્રપણાને લીધે શુદ્ધ છું;...**' આ રીતે હું શુદ્ધ છું. એક સમયની પર્યાયમાં ષટ્કારકના પરિણમનથી ભિન્ન. તેને હું શુદ્ધ કહું છું. આહા..હા..! પછી. '**પુદ્ગલદ્રવ્ય જેનું સ્વામી છે...**' હવે એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ જે ઉઠે છે એનો સ્વામી પુદ્ગલ છે, હું નથી. આહા..હા..! ગજબ વાત છે! હજી તો વિકલ્પથી નિર્ણય, રાગથી નિર્ણય કરે કે '**પુદ્ગલદ્રવ્ય જેનું સ્વામી છે...**' જેનું નામ એવા ક્રોધાદિ ભાવ, એ શુભ-અશુભભાવ. એ કેમ કહ્યું? કે પોતાના આનંદસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ અમૃતનો સાગર એનાથી વિકલ્પ જે ઉઠે છે એ ભલે દયા, દાન, વ્રતનો હોય, પણ એ સ્વભાવનો અનાદર કરીને ઉઠે છે તો તેને ક્રોધ કહેવામાં આવે છે. આહા..હા..! એ ક્રોધાદિના પરિણામ પુણ્ય-પાપના ભાવના વિશ્વરૂપ. વિશ્વ નામ અનેકરૂપ. દયા, દાનના ભાવ પણ અનેકરૂપ છે, હિંસા, જૂઠાના પણ અનેકરૂપ.

'**તેના સ્વામીપણે પોતે સદાય નહિ પરિણમતો હોવાથી...**' આ અત્યારથી નિર્ણય કરે છે. પછી જે વ્રતાદિનો વિકલ્પ આવશે તેના સ્વામીપણે હું પરિણમનારો નથી. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન આત્માનો અનુભવ થયા પછી સ્વરૂપની સ્થિરતા જામે છે ત્યાં જરી પંચ મહાવ્રતનો વિકલ્પ પણ આવે છે. શ્રાવક હોય તો બાર વ્રતના વિકલ્પ અને મુનિ સાચા મુનિની વાત છે હોં. તો કહે છે કે એ વિકલ્પનો ભાવ વિશ્વરૂપ તેના સ્વામીપણેરૂપ. એનો હું ધણી. એમ સદાય પરિણમતો નથી. પરિણમન થયું ખરું પણ સ્વામીપણે પરિણમું એવો

હું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! .. હશે? ભગવાન આમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ .. છે. ..માં આવે છેને. .. સંસાર. એ તો બહુ ચર્ચા થઈ ગઈ અમારે પહેલા સંપ્રદાયમાં. વ્યવહાર જૂઠો છે. શાસ્ત્ર ખોટા છે. પરની દયાથી પરિતસંસાર થાય એ શાસ્ત્ર ખોટું છે. સત્ય નથી. અને ... દસ બોલ આવે છે. ... સ્વભાવ .. ગૃહસ્થ હતા. દશ સાધુને આહાર આપ્યો. હતો મિથ્યાદષ્ટિ. પરિત સંસાર કર્યો. શું છે? પરને આહાર-પાણી દેવા અને પરનું નામ સ્મરણ કરવું એ તો શુભરાગ આસ્રવ છે. એ તો સંપ્રદાયમાં કહેતા હતા. ... ચારિત્ર ... સમજાણું કાંઈ?

મુમુક્ષુ :-...

ઉત્તર :- એકલી સ્વદયાથી જ પરિતસંસાર .. થાય છે. પરથી થતો જ નથી. પરદયા તો રાગ છે, બંધનું કારણ છે. એનાથી પરિતસંસાર થાય છે? એ વીતરાગની વાણી નથી. સમજાણું કાંઈ? વીતરાગનો માર્ગ એ નથી. કલ્પિત માર્ગ કર્યો છે એ તો. અહીં તો એવી વાત છે. અહીં તો કાંઈ હવે ખાનગી રાખવું નથી. ઘણી ચર્ચા થઈ હતી ... રાજકોટમાં નહિ? ગાંધી. ગાંધીને? .. એ પૂછવા આવ્યા હતા. દેરાવાસી ખરાને. ચોટીલા. કે આ બધું છેને. કરોને ચર્ચા, બહાર મૂકોને. ..કુમારે હાથીની દયા પાળી અને પરિત સંસાર કર્યો. સુબાહુકુમાર આદિ દસ જણાએ સાધુને આહાર આપ્યો. મિથ્યાદષ્ટિ હતા પરિતસંસાર કર્યો એ વાત સાચી છે કે ખોટી? કરો નક્કી. એક ગોકળદાસ હતા. બહુ લાંબી ચર્ચા થઈ હતી. સંપ્રદાયની અંદર દષ્ટિ પડી ગઈ હોય એમાંથી બહાર નીકળવું એ તો ભારે. ભારે કઠણ. આહા..હા..! એવા બોલ આવે છે અગિયાર. ... ...

સાધુ સાચા હોય સંત મુનિ તીર્થંકર જેવા. એને આહાર-પાણી દેવામાં શુભરાગ છે. પરદ્રવ્ય તરફ વૃત્તિ જાય છે તો રાગ છે. એ સંવર-નિર્જરા નથી, ધર્મ નથી. અહીંયાં કહે છે. અનુભૂતિથી ભિન્ન. '**સદાય નહિ પરિણમતો હોવાથી મમતારહિત છું;...**' મારામાં હજી નબળાઈને કારણે વિકલ્પ તો ઉઠશે ભક્તિનો, દયાનો, વ્રતનો. પણ એનો હું સ્વામી થઈને પરિણમું એવો હું નથી. આહા..હા..! એક-એક બોલ કઠણ પડે છે. સમજાણું કાંઈ? પાઠ છેને. શું છે? '**સ્વામીપણે પોતે સદાય નહિ પરિણમતો હોવાથી...**' આ રાગ કરવાલાયક છે એમ સ્વયં ન પરિણમે. નબળાઈને લીધે પરિણમન થઈ જાય તો સ્વામી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથનો માર્ગ આ છે. લોકોને મળ્યો નથી. અમને તો ખબર છેને. વાડા બાંધીને બેઠા.

કહે છે કે એ વિકારના ભાવ જે પુણ્ય-પાપના ભવિષ્યમાં થશે. એ વિશ્વ નામ અનેકપણાના

ભાવ થશે. એના સ્વામીપણે સ્વયં સદા નહિ. સ્વયં ધણીપણે પરિણમું એમ નથી. આહા..હા..! જ્ઞાતાપણે જાણું એવો હું રહીશ. આહા..હા..! એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? તાકાત એની સ્વભાવ ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ. એ વિકલ્પ ઉઠે રાગ એનો સ્વામી થાય તો મિથ્યાદૃષ્ટિ છે. આકરું છે બાપા! અરેરે! માર્ગ ભગવાનનો સાચો શું છે સાંભળ્યો જ નથી. અરે! આ આ મનુષ્યપણું અનંતેકાળે ગયું છે. એમાં જે મૂળ ચીજ છે એ જો લક્ષમાં, દૃષ્ટિમાં ન આવી. ભાઈ! તારા આરા નથી. ચોર્યાસીના અવતારમાં આરા નથી. સાધુ થાય તો મરીને પછી નિગોદમાં જશે. આહા..હા..! ... કેવા? કૈલાસસાગર. ભાઈ કહેતા હતા હિંમતભાઈ. ત્યાં બે કલાક... એ કહે કે એણે એમ કહ્યું જુઓ જૈનના દિગંબર સાધુ ત્રણ બળી ગયા. ઘાસમાં હતા. એ કરતા ઉનનું કપડું રાખ્યું હોત તો ન બળત. માટે ઉનનું કપડું રાખવું જોઈએ. દિગંબર સાધુ કપડું ન રાખે, પણ ઘાસ રાખે. ઘાસમાં બેસે. પાટ ન રાખે. મુનિને કેવા ઘાસ? એ બળી જાય. ઘાસમાં .. ઘાસને.. એ દૃષ્ટાંત આપે .. સાધુ. કૈલાસસાગર. પહેલા તો અહીં આવ્યા સાંભળવા. આ તો પણ આચાર્ય નામ ધરાવે એને આ સાંભળવું પાણી ઉતરી જાય. ... છે? એ .. ગયા હતા એને ... અઢી .. બે મહિના બહુ સારુ લાગ્યું. પણ અહીં આવ્યા. એના ગુરુએ કહ્યું ત્યાં જશો નહિ. સંપ્રદાય ફરી જશે. અહીં આવ્યા. વ્યાખ્યાન .. અંદર આવ્યા. આ વાત ક્યાં બાપા! વાડામાં જે છે એને તો આ વાત રુચે નહિ. ખાલી થઈને સત્ શોધવાનો .. હોય. સત્ય શું છે? સત્ય શું છે? ભગવાન કેવળીના મુખથી નીકળેલું સત્ય શું છે? એની જેને શોધ કરવી હોય એને માટે છે.

'હું...' એ રાગના '**સ્વામીપણે પોતે સદા નહિ...**' સ્વયં એટલે? રાગ થશે, પરિણમન પણ થશે. (અશુભ) રાગ જ્યારે ન હોય ત્યાં સુધી શુભરાગ થાય છે, પણ એમાં સ્વામીપણે નથી પરિણમતો. એ તો વિકાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**ચિન્માત્ર જ્યોતિનું (આત્માનું) વસ્તુસ્વભાવથી જ,...**' અહીં સુધી આવ્યું હતું. કાલે. અહીંને? અહીં સુધી કાલે આવ્યું હતું. હવે ચિન્માત્રજ્યોતિ. હું તો જ્ઞાયક જાણન-દેખન ત્રિકાળી સ્વભાવ. એવો હું અવિનાશી ત્રિકાળી છું. એવો મારો ત્રિકાળી જ્ઞાનદર્શન મારો ત્રિકાળી સ્વભાવ છે. એવો '**ચિન્માત્ર જ્યોતિનું (આત્માનું) વસ્તુસ્વભાવથી જ, સામાન્ય અને વિશેષ વડે પરિપૂર્ણપણું (આખાપણું) હોવાથી,...**' મારું જ્ઞાન પણ પરિપૂર્ણ છે. વસ્તુ અને દર્શન પણ પરિપૂર્ણ છે. એવો હું જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ છું. આહા..હા..! વસ્તુ છે ભગવાન આત્મા એ તો અવિનાશી છે. એવો એ જ્ઞાન અને દર્શન સ્વભાવ. સ્વભાવવાનનો સ્વભાવ એ અવિનાશી છે. સમજાણું કાંઈ?

તો કહે છે કે એવા સ્વભાવથી પરિપૂર્ણ છું. લ્યો! એક એ વ્યાખ્યા આવી ગઈ. '**अहमेक्को खलु सुद्धो णिम्ममओ णाणदंसणसमग्गो।**' પહેલાની વ્યાખ્યા થઈ ગઈ. પહેલા પદની વ્યાખ્યા

થઈ. ૭૩ ગાથાના બે પદ પહેલા એની વ્યાખ્યા થઈ. આ કોઈ વાર્તા નથી કે ઝટ પૂરી થઈ જાય. આ તો અંતર ધર્મકથા છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે! કોઈ દિ' દરકાર કરી નથી. બહારના આડે... આહા..હા..! ચિન્માત્ર જ્યોતિ ભગવાન આત્મા જ્ઞાન અને દર્શનરૂપી જ્યોતિ એ તો થઈ છે. એ ત્રિકાળ વસ્તુસ્વભાવથી જ. એ તો વસ્તુનો સ્વભાવ જ છે કહે છે જ્ઞાન-દર્શન. '**સામાન્ય અને વિશેષ વડે પરિપૂર્ણપણું (આખાપણું) હોવાથી, હું જ્ઞાનદર્શન વડે પરિપૂર્ણ છું-આવો હું આકાશાદિ દ્રવ્યની જેમ...**' આકાશ વસ્તુ છેને સર્વવ્યાપી? ભગવાને તો છ દ્રવ્ય જોયા છેને. એકલો એક આત્મા જ છે એમ તો નથી. તો અનંત આત્મા છે. એક નિગોદના એક શરીરમાં અનંત જીવ છે. આદુ, બટાટા, શક્કરિયા. આદુ કહે છેને. એક રાય જેટલી કટકી એમાં અસંખ્ય તો શરીર નિગોદના છે. એક શરીરમાં સિદ્ધ કરતા અનંત સિદ્ધ કરતા અનંત સિદ્ધ થયા એનાથી અનંતગુણા જીવ છે. આહા..હા..! એવા જ્ઞાનનું તે જ્ઞેય છે એટલી વાત છે. હું દયા પાળી શકું એ પ્રશ્ન અહીંયાં નથી. મારા જ્ઞાનમાં એટલી ચીજ અનંતી જ્ઞેયરૂપ જણાય છે. આહા..હા..! અનંત-અનંત આત્મા. આહા..હા..! હવે .. એ ઝીણી વાત છે.

બારમે ગુણસ્થાને આત્મા વીતરાગ થાય છે. બારમે ગુણસ્થાને ધ્યાનમાં. કેવળ અંતર્મુહૂર્તની વાત કેવળજ્ઞાની. જેના શરીરમાં નિગોદના શરીર અસંખ્ય લોકના પ્રદેશ જેટલા છે. ધવલમાં પાઠ છે. ધવલ ... ધવલ .. છે. ચોથા ભાગમાં. ૧૯ ભાગ વંચાઈ ગયા. આ ૨૦મું ચાલે છે. ૪૦ પુસ્તક છે. એવા ૪૦ પુસ્તક છે. ભગવાનની વાણી જે સર્વજ્ઞથી નીકળી હતી એ બાર અંગની સાથે સંબંધ રાખે છે. એમાં આ આવ્યું છે. પાટણીજી! વીતરાગમાર્ગ.. અહીં શરીરમાં નિગોદ છે. માંસ છે, હાડકા છે. નિગોદ ઉત્પન્ન થાય છે. બારમે ગુણસ્થાને. ધ્યાનમાં એ તો છે અંદરમાં. શરીરમાં અસંખ્ય લોક્ના પ્રદેશ જેટલા તો શરીર છે. એક શરીરમાં અત્યાર સુધી સિદ્ધ થયા તો છ માસ અને આઠ સમયમાં ૬૦૮ સિદ્ધ છે. તો કેટલા સિદ્ધ થયા?

મુમુક્ષુ :- અનંત.

ઉત્તર :- એ અનંતા સિદ્ધથી એક શરીરમાં અનંતગુણા જીવ છે. આ વીતરાગનો માર્ગ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એવી વાત ક્યાં છે જુઓ સર્વજ્ઞ સિવાય. આખા લોકને ... એમાં. ... આહા..હા..! એમાં આકાશના પ્રદેશ કેટલા? આકાશ ચૌદ બ્રહ્માંડ છેને. ચૌદ રાજુલ. એમાં અંગુલના અસંખ્ય ભાગમાં આકાશના પ્રદેશ કેટલા? અસંખ્ય ચોવિસીના સમય જેટલા. એક ચોવિસી એક સેકન્ડમાં અસંખ્ય સમય થાય. એવી અસંખ્ય ચોવિસી. તીર્થંકર થાય ચોવિસી? એવી અસંખ્ય ચોવિસી. એનો જેટલો સમય. એટલો તો એક અંગુલના અસંખ્ય ભાગમાં આકાશના પ્રદેશ, અસંખ્ય ચોવિસીના સમય જેટલા છે. એવા-એવા આખા લોકમાં

એવા અસંખ્ય લોકપ્રમાણ. બારમે ગુણસ્થાને શરીરમાં, નિગોદનું શરીર છે. આહા..હા..! .. ધ્યાનમાં છે એને કાંઈ નથી. અંતર્મુહૂર્તમાં મરી જશે. અંતર્મુહૂર્તમાં કેવળ લેશે. વીતરાગ બારમે ગુણસ્થાને હતા. .. ત્રણ કાળ ત્રણ લોક જાણે છે. અહીં હું એ જ્ઞાનદર્શનમય છું એમ કહે છે. મારો સ્વભાવ જ છે.

**'હું આકાશાદિ દ્રવ્યની જેમ પારમાર્થિક વસ્તુવિશેષ છું.'** ખરેખર જેમ આકાશ પદાર્થ છે, પરમાણુ પદાર્થ છે. એવો હું એક ખરેખર પદાર્થ છું. એની વિશેષ ચર્ચા આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા વદ-૩, મંગળવાર, તા. ૨૬-૦૯-૧૯૭૨
## ગાથા-૭૩, પ્રવચન-૧૭૪

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

સમયસાર સિદ્ધાંત શાસ્ત્ર છે. ૭૩ ગાથા ચાલે છે. ... છે. ભગવાન આત્મા અનાદિકાળથી શુભ-અશુભ, પુણ્ય-પાપના ભાવમાં વર્તે છે. એ સંસારમાં રખડવાનો રસ્તો છે. શરીરાદિમાં તો નથી રહેતો આ તો જડ છે. અંદરમાં શુભ-અશુભભાવ વિષય ભોગ, વાસના, કામ, ક્રોધ, માન, રતિ, અરતિ ભાવ પાપરૂપી પરિણામ અને દયા, દાન, વ્રત શુભભાવ છે. એકેન્દ્રિય જીવ છે નિગોદ અનંત. કોઈ હજી ત્રસ્ત પણ થયા નથી. એ જીવને પણ ભગવાન પરમાત્મા કહ્યું કે એ જીવ ક્ષણમાં શુભભાવ. કેમકે શાતાવેદનીય અને અશતાવેદનીય બંધાય છે એક ક્ષણે શાતા બંધાય અને બીજે ક્ષણ અશાતા બંધાય. એવો સિદ્ધાંત સર્વજ્ઞ પરમાત્મા જાહેર કરે છે. તો શાતાના સમયે તેને શુભભાવ છે. પુણ્યભાવ છે. તો શાતા બંધાય છે અને અશાતાના બંધન વખતે પાપભાવ છે. ત્રીજે ક્ષણે વળી શાતાનો શુભભાવ છે, ચોથે ક્ષણે વળી અશાતારૂપ પાપભાવ છે. એવી નિરંતર. ઝીણી વાત બહુ. શુભ અને અશુભભાવ એ પુણ્ય અને પાપના ભાવ નિરંતર એકેન્દ્રિય પણ કરે છે. ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નીકળવાનો પ્રશ્ન નથી. એમ નીકળે નહિ. એ તો ત્યાં ને ત્યાં અનંતકાળ રહે છે. એની વાત છે. ત્યાંથી નીકળે કોઈ વળી શુભભાવ વિશેષ હોય તો મનુષ્ય આદિ બની

જાય. એ કોઈ ચીજ નથી. અહીંયાં તો નિરંતર નિગોદમાં રહેવાથી. ... બટેટા, શક્કરિયા આદિમાં જીવ છેને? એની અંદર જીવ છે. એક શરીર છે અસંખ્ય એમાં એક શરીરમાં અનંત જીવ. એ અનંત જીવમાં એક-એક જીવ ત્રિલોકનાથ પરમાત્મા સર્વજ્ઞદેવ, તીર્થંકરદેવ ફરમાવે છે. ક્ષણમાં તેને શુભભાવ પુણ્ય આવે છે. કષાયની મંદતા શુભભાવ હોય, બીજે ક્ષણે અશુભ થાય છે, ત્રીજે શુભ, ચોથે અશુભ એમ અનાદિથી નિરંતર નિગોદમાં પણ એકેન્દ્રિયમાં પણ એવા પુણ્ય-પાપના ભાવ તો થાય છે. એ આસ્રવ એટલે બંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સાધુ હોય બહારના. આત્મભાન વિનાના એને પણ શુભ-અશુભભાવ થાય જ છે. એ કોઈ ચીજ નથી, એ કોઈ ધર્મ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પણ એણે કદી એ સાંભળ્યું જ નથી. કે આ ભગવાન આત્મા અંદર કોણ છે? સચ્ચિદાનંદ સ્વરૂપ. સત્ નામ શાશ્વત. જ્ઞાન અને આનંદનો પિંડ પ્રભુ આત્મા અંદર છે. એ સિવાય જેટલા પરિણામ ઉઠે છે પુણ્ય અને પાપ, શુભ અને અશુભ એ આસ્રવ છે. એમાં તો અનાદિ કાળથી પ્રવર્તે છે. એ કોઈ નવી ચીજ નથી.

તો શિષ્યે પ્રશ્ન કર્યો કે પ્રભુ! આસ્રવથી કઈ વિધિથી નિવર્તે છે? નિર્વર્તવું કેવું હવે? એ તો અનાદિથી કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! છે ઉપર મથાળું? '**હવે પૂછે છે કે કઈ વિધિથી (-રીતથી) આ આત્મા આસ્રવોથી નિવર્તે છે?**' અમારે તો આસ્રવથી નિવૃત્ત કેમ થાય? અને સંસારનું પરિભ્રમણ કેમ મટે એ વાત છે. અહીં સંસારમાં પુણ્યાદિ કરે છે. સંસારમાં જાય છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ હોય તપાદિનો. એનાથી પુણ્ય બંધાય, ચાર ગતિમાં રખડે છે. એ કોઈ નવી ચીજ નથી. સમજાણું કાંઈ? . છે અંદર? છે? કહ્યું હતું. કહો, સમજાય છે કાંઈ? કઈ રીત છે એની? કે પરમાત્માએ કહ્યું તે સંત કહે છે. સાચા સંત મુનિ ધર્માત્મા આનંદનો અનુભવ કરનારા. એ કહે છે કે જે આસ્રવથી તારે નિવૃત્ત થવું હોય, પરિભ્રમણનું કારણ જે પુણ્ય અને પાપ શુભ-અશુભભાવથી છૂટવું હોય તો હું કહું એવો નિર્ણય કર પહેલા. કે હું આ એક અખંડ પરમાત્મસ્વરૂપ અંદર છું. શુદ્ધ સચ્ચિદાનંદ પ્રત્યક્ષ, પ્રત્યક્ષ પોતાના જ્ઞાનથી અનુભવમાં આવવાવાળો એવી હું ચીજ છું. સમજાણું કાંઈ? કઠણ વાત છે, ભાઈ! જગતથી જુદી જાતની વાત છે. એમ તો અનંતવાર મેરુ પર્વત જેટલા ઢગલા કર્યા. નથી આવતું? .. આવે છે? મેરુ પર્વત જેટલા વેશ (પીંછી, કમંડળ)ના ઢગલા કર્યા. પણ સમ્યગ્દર્શન વિના. આવી રીત છે. અનંતવાર જૈન સાધુ થયો, પંચ મહાવ્રતના પરિણામ એ બધો આસ્રવ છે. આહા..હા..! આકરી વાત.

એક સમ્યગ્દર્શન વિના પોતાની ચીજની અનુભવની પ્રતીતિ વિના, પોતાની ત્રિકાળી ચીજનો સ્વીકાર કર્યા વિના એવા ભાવથી ચાર ગતિમાં અનંતવાર રખડ્યો. એ કોઈ નવી ચીજ નથી. એનાથી નિવર્તે કેવી રીતે? હું તો પ્રત્યક્ષ અખંડ આત્મા છું અને હું આત્મા પોતાથી ભિન્ન

ચીજ બીજા આત્મા અને બીજી શરીરાદિની ક્રિયા એ હું નથી કરી શકતો. હું એનો કર્તા નથી. આ ... એ મારી ક્રિયા નથી. એ તો સ્વતંત્ર જડ પદાર્થ છે. અસ્તિ છે. જગતનું સત્ત્વ છે. તો એનો હું કર્તા નથી, એ મારું કાર્ય નથી. મારાથી એ સાધનથી સંપન્ન થાય છે કાર્ય, શરીરમાં, વાણીમાં, ધંધા-પાણીમાં એ હું નહિ. ... સમજાણું કાંઈ?

વિશેષ નિર્ણય તો અહીંયાં એમ કરે છે કે પોતાની પર્યાય જે છે અવસ્થા.. ભાઈ! ત્રિકાળી ધ્રુવ ચીજ છે એની સાથે એક સમયની પર્યાય છે. અવસ્થા હાલત. એ એક સમયની પર્યાયમાં કર્તા, કર્મ, કરણ આદિ ષટ્કારકની દશા જે થાય છે એનાથી હું ભિન્ન છું. સમજાણું કાંઈ? શરીરથી ભિન્ન છું, પુણ્ય-પાપના વિકલ્પ રાગ આસ્રવથી તો ભિન્ન છું, પણ એક સમયની પર્યાયમાં અવસ્થા જે ચાલે છે, હાલત દશા. એમાં જે કર્તા, કર્મ આદિ પરિણતિ છે એનાથી પાર ઉતરેલી ચીજ એ હું છું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પહેલા નિર્ણય કરો એમ કહે છે. વિકલ્પ દ્વારા. રાગમિશ્રિત દ્વારા પહેલા અનંતકાળમાં સ્વમાં જવા માટે એવો નિર્ણય નથી કર્યો. સમજાણું કાંઈ? તો કહે છે કે એ કર્તાકર્મ આદિ હું નથી. આહા..હા..! અને હું આત્મા એવો છું. કે સદા નામ કાયમ એ દયા, દાન, વ્રતાદિના પરિણામ મારા છે એવો સ્વામીપણે નહિ થનારો એ હું છું. આવી ગયુંને? પુદ્ગલદ્રવ્ય જેનો સ્વામી છે. ઝીણી વાત છે, ભાઈ! પ્રભુ પરમાત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ દેહદેવળમાં રાગથી પાર એક સમયની પર્યાયની પાછળ. ધ્રુવ-ધ્રુવ ચીજ છે, નિત્યાનંદ. એ નિત્યાનંદ પ્રભુ એક સમયની અવસ્થામાં કર્તા-કર્મની ક્રિયા ચાલે છે એનાથી પણ મારી અનુભૂતિ ભિન્ન છે. મારો સ્વભાવ એનાથી પણ ભિન્ન છે. આહા..હા..! અને હું જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ છું. જાણન-દેખન એવો જે સ્વભાવ એનાથી પરિપૂર્ણ છું. અવિનાશી સ્વભાવ મારો પરિપૂર્ણ છે. એવો નિર્ણય કર. આહા..હા..! છેને અહીંયાં?

**'આવો હું આકાશાદિ દ્રવ્યની જેમ...'** આકાશ નામનો જેમ પદાર્થ છે એવો હું એક પદાર્થ છું. વસ્તુ. આહા..હા..! સમજાણું કાંઈ? આકાશાદિ પરમાણુ આ એક રજકણ પોઈન્ટ. એ પણ જગતની ચીજ છે. આહા..હા..! ... સમજાણું કાંઈ? ઝીણી વાત છે. ... એક પરમાણુ કર્મના રજકણે પરિણમે છેને એક પરમાણુ પોઈન્ટ. આ તો શરીર પણ .. છે. શરીર પરમાણુ છે એનો ટૂકડો આ કોઈ એક ચીજ નથી. ટૂકડા કરતા.. કરતા... છોડી દે પોઈન્ટ રહે એને પરમાણુ કહે છે. એ પરમાણુ જ્યારે કર્મ રસપણે પરિણમે છે તો એનો અનુભાગ સ્વતંત્રપણે એમાં પરિણમે છે. સમજાણું કાંઈ? તો એક પરમાણુમાં કર્મરસપણું એનો અવિભાગ પ્રતિછેદ કરો એટલે છેદ કરતાં... કરતાં... કરતાં... છેલ્લો ભાગ અંશ રહે, બીજો કોઈ ભાગ ન હોય, એવા એક પરમાણુમાં અનુભાગ નામ એના રસની શક્તિ સર્વ જીવથી અનંતગુણા

અવિભાગ પ્રતિચ્છેદ છે એક પરમાણુમાં. અરે ભગવાન! આ તો સર્વજ્ઞ વીતરાગ પરમાત્માએ કહેલી વાત છે. સમજાણું કાંઈ? વસ્તુ છેને. પોઈન્ટ પરમાણુ જે છેલ્લો. ઘણા રજકણ એકઠા થઈને આંગળી બને છે. કાંઈ એક દ્રવ્ય નથી. અનંત દ્રવ્ય મળે છે. એમાંથી એક પરમાણુ, એમાં કર્મ થવાની જે શક્તિ બંધ થયો એ શક્તિ અનુભાગની એટલી છે કે એનો અવિભાગ રસથી અલ્પ-અલ્પ છેલ્લી શક્તિ હોય, અંશ જેના બે ભાગ ન પડે તેનું નામ અવિભાગ કહે છે. એવો અવિભાગ એક પરમાણુમાં સર્વ જીવથી અનંતગુણો છે. આ રજકણ એવા છે તો ભગવાનની તો વાત શું કરવી એમ કહે છે. એનું જ્ઞાન અને આનંદ તો ગુણરૂપ, એ તો પર્યાયરૂપ વાત છે. પર્યાયરૂપ વાત કરી એ તો. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો પ્રભુ જ્ઞાન અને દર્શન સ્વભાવથી એટલી એટલી પડી છે. સમજાણું કાંઈ? કે જેની સ્વભાવ શક્તિ અપાર... અપાર... અપાર... છે. અરે! કદી વિચાર નથી કર્યો. મૂળ ચીજ વિના આખો ઢસરડા બહારના કર્યા, આમ કર્યું ને આમ કર્યું ને આમ કર્યું. ચાર ગતિમાં ચોર્યાસીના અવતાર કરી કરીને મરી ગયો જીવ. પણ આ હું શું ચીજ છું? એવો નિર્ણય કરવાનો પણ અવસર એણે મનુષ્યપણું પામીને પણ લીધું નથી. જે કરવું હતું તે કર્યું નહિ. સમજાણું કાંઈ? એ તો લીધુંને જ્ઞાન-દર્શન સ્વભાવ. એ પરમાણુમાં તો અનુભાગ પર્યાય અવસ્થારૂપ એની શક્તિનો અંશ સર્વ જીવથી અનંતગુણા. આ ભગવાન આત્મા એ બધાને પર્યાયમાં જાણે એવા અનંત-અનંત પરમાણુ અને અનંત આત્મા અને અનંત કેવળજ્ઞાન એક સમયની પર્યાયમાં જાણ્યું. એક પર્યાયથી પણ અનંત-અનંત ગુણ, જ્ઞાન અને દર્શન અંદર છે. સમજાણું કાંઈ? કોઈએ સાંભળ્યું નથી એ વાણિયા! આ તો માંડ માંડ એનો મામો છે તે આવ્યા છે. નહિતર ક્યાં આમાં? આ .. છે બધા. આહા..હા..!

ભાઈ! તને ખબર નથી. તારું સામર્થ્ય કેટલું છે? તારામાં કેટલી શક્તિ છે? એક જાણન-દેખનની કેટલી શક્તિ છે? આહા..હા..! એવું તો અનંત-અનંત શક્તિઓ ગુણરૂપ પ્રભુ આત્મા બિરાજે છે અંદર. આહા..હા..! બે બીડી વિના ચાલે નહિ, તમાકુ વિના ચાલે નહિ. બે બીડી સરખી પીવે તો પાયખાને જંગલ ઉતરે. આટલી પામરતા એને આવી, પ્રભુતા કેમ બેસે? શેઠ! આહા..હા..! ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા પરમેશ્વર જેને ઈચ્છાનો નાશ થયા પછી વીતરાગ થયા અને પછી કેવળજ્ઞાન થયું. એ કેવળજ્ઞાનમાં આખા ત્રણ કાળ ત્રણ લોકની ચીજ જાણવામાં આવી. એમાં આ એક આત્માના ગુણ કેટલા એની વાત અહીંયાં ચાલે છે. સમજાણું કાંઈ? ભાઈ! એને ક્ષેત્રની જરૂર નથી. એનો સ્વભાવ... સ્વભાવ... એક સમયની પર્યાયથી તો ભિન્ન, પણ પોતાના જ્ઞાનદર્શનની અપાર શક્તિથી એ આત્મા અભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? કઠણ ભારે વાત ભાઈ! એમાં નહિ સાંભળેલા વ્યક્તિને પ્રભુ આ શું લાગે? પાગલ જેવું લાગે. આહા..હા..!

અનાદિથી સમ્યક્ ચીજ શું છે અને જેવી છે એવી અંતરમાં પ્રતીત અનુભવ કરીને કરવું એ તો અપૂર્વ છે. સમજાણું કાંઈ? દ્રવ્ય સંયમ પણ અનંતવાર લીધું. 'દ્રવ્ય સંયમ સે ગ્રૈવેયક પાયો, ફિર પીછો પટક્યો.' અત્યારે એ દ્રવ્ય સંયમ એવા છે પણ નહિ. પણ એ વખતે એટલું .. શુક્લલેશ્યા એટલી શુક્લલેશ્યા. નગ્નપણું. કરોડો-અબજો વર્ષ સુધી અને શુક્લલેશ્યા. એટલી શુક્લલેશ્યા કે છઠ્ઠે સ્વર્ગમાં જાય છે શુક્લલેશ્યાથી એનાથી નવમી ગ્રૈવેયક જનારની શુક્લ.. શુક્લ નામ ઉજળો ભાવ, શુભભાવ. આહા..હા..! એ પાપની અપેક્ષાએ તેને શુભભાવ-શુક્લ કહે છે. એવું અનંતવાર કર્યું. પણ એ તો આસ્રવ છે. એનાથી કોઈ જન્મ-મરણનો અંત નથી. જન્મ-મરણ અંત લાવવાની ચીજ. જેમાં જન્મમરણ નથી, જેમાં રાગાદિ નથી, જેમાં એક સમયની પર્યાય નથી. આહા..હા..! એવો મારો સ્વભાવ. એવો હું આકાશાદિની જેમ હું સ્વભાવ છું. હું વસ્તુ છું. એવો નિર્ણય રાગની સાથે વિકલ્પની સાથે નિર્ણય કરે છે એ કોઈ ધર્મ નથી. સમજાણું કાંઈ? એ વિકલ્પને છોડીને સ્વરૂપ જેવું છે એવું અનુભવમાં રાગ વિના નિર્વિકલ્પ ચીજ એ નિર્વિકલ્પ પર્યાય પ્રતીતમાં આવે છે ત્યારે તેને સમ્યગ્દર્શન અનંતકાળમાં નથી થયું એવું થાય છે. ત્યારે તેને જન્મ-મરણનો અંત આવે છે. નહિતર ચોર્યાસીના અવતારમાં ઘોદા ખાઈ ખાઈને મરી ગયો. એય..! શેઠ! પૈસા કરોડો-અબજોપતિ અનંતવાર થયો અને સોવાર માંગે અને એકવાર કોળિયો મળે ભિખારી તરીકે. એવો ભિખારી અનંતવાર થયો. આહા..હા..! એમાં કોઈ નવી ચીજ નથી. ચોર્યાસીના અવતારમાં...

અહીંયાં તો શિષ્યનો પ્રશ્ન એમ હતો કે એ દુઃખરૂપ પરિણામ જે પુણ્ય-પાપના ભાવથી કેમ નિવર્તે છે? આહા..હા..! તો કહે છે કે જેમાં એ નથી. આહા..હા..! એનો તું નિર્ણય કર. આ કેમ બેસે? પામરની જેમ ભિખારી. એક .. આમ. વૈકુંઠ લાગે. મૂર્ખાઈના તે પાર છે? ... આહા..હા..! પાગલના ગામ કાંઈ જુદા હોય છે? ગામદીઠ પાગલ. આહા..હા..! કહો, ..ભાઈ! કેમ હશે આ? આહા..હા..! પણ રૂપાળા શરીર, ૨૫-૫૦ હજાર પેદા કરતા હોય બાર-બાર મહિને. એ બધા આવા હોય? લાખ-લાખ પેદા કરે એક એક દિ'ના. એક દિવસમાં લાખ. ગયા પોપટભાઈ ગયા? આહા..હા..! સમજાણું કાંઈ? એના સાળા છેને ત્યાં ગોવામાં. પાંચ-છ લાખનો તો એક દિ'નો માલ નીકળે છે. મેંગેનીઝ. લોઢું. અને એલ્યુમિનિયમ. એક દિ'નું પાંચ લાખ, છ લાખનું. ..

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ધૂળમાં છે નહિ હવે એ તો ભિખારી છે બધા. અહીં અનંત લક્ષ્મીનો ધણી આત્મા. એ તો વાત ચાલે છે કે જેના જ્ઞાન અને દર્શન પરિપૂર્ણ છે. એવી અનંતી-અનંતી ચીજને હું એક સમયમાં જાણું. એને અડ્યા વિના, સ્પર્શ વિના. એવી તો મારી એક સમયની પર્યાયની તાકાત છે. એવી અનંતી પર્યાયનો પિંડ મારા જ્ઞાન અને દર્શન મારો સ્વભાવ છે.

શું છે એના અસ્તિત્વની સત્તા કેટલી છે એની ખબર નથી. કોની શ્રદ્ધા કરે? જે ચીજ જ્ઞાનમાં જણાઈ નથી એની શ્રદ્ધા કેમ કરે? સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે '**પારમાર્થિક વસ્તુવિશેષ છું.**' જગતથી નિરાળી મારી ચીજ. આહા..હા..! હોવાપણે જ્ઞાન અને દર્શન. જાણન અને દર્શન એવા સ્વભાવથી મૂળરૂપ છે તો પરિપૂર્ણપણે હું છું. પર્યાયમાં અપૂર્ણતા છે એ દશા ભિન્ન છે. વસ્તુ તરીકે તો મારી શક્તિ, ગુણ પરિપૂર્ણ છું. આહા..હા..! અલ્પજ્ઞદશામાં પરિપૂર્ણની પ્રતીતિ કરવી. સમજાણું કાંઈ? અલ્પજ્ઞપર્યાયમાં ત્રિકાળ... ત્રિકાળ... ત્રિકાળ... જાણન-દેખન ત્રિકાળ ભગવાન એ સ્વભાવ મારી ચીજ. પરિપૂર્ણ છે. કેવળજ્ઞાન પણ એની પાસે અનંતમાભાગે છે. પોતાના જ્ઞાન-દર્શનનો ત્રિકાળી સ્વભાવ જેની પાસે કેવળજ્ઞાન તો અનંતમેભાગે છે. પણ કેવળજ્ઞાન તો પર્યાય એક સમયની. આ તો અનંત જ્ઞાન, દર્શનનો પિંડ આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

વસ્તુ... વસ્તુ.. સર્વજ્ઞ પરમેશ્વરે જે વર્ણવી એ ચીજ દ્રવ્ય અને એવા ગુણો જ્ઞાનદર્શન. પરિપૂર્ણ આનંદ આદિથી પરિપૂર્ણ જ્ઞાન અને ગુણ પહેલા લીધા. કેમકે એ વ્યક્તપણે એનો અંશ પ્રગટ છે. એ આનંદ પ્રગટ અંશ છે નહિ. તો એ જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ. એનો અર્થ કે હું અતીન્દ્રિય આનંદથી પરિપૂર્ણ પરમાત્મા હું છું. મારું વીર્ય નામ આત્મબળ, પર્યાયના બળથી પણ અનંતગણુ બળ એમાં પરિપૂર્ણ હું છું. આહા..હા..! ..ભાઈ! એમાં ગુણની કિંમત ક્યાં રહી ત્યાં? .. રાગ. ધૂળના ધણી. મરી ગયો મમતા કરીને. આહા..હા..! સમજાણું કાંઈ? પોતાની એવી ચીજનું સ્વામીપણું કદી લીધું નથી.

એ '**પારમાર્થિક વસ્તુવિશેષ છું. તેથી હવે...**' આ કારણે. હું એવી ચીજ જ છું. એ '**તેથી હવે હું સમસ્ત પરદ્રવ્યપ્રવૃત્તિથી નિવૃત્તિ વડે...**' એ પુણ્ય-પાપના વિકલ્પો એ પરદ્રવ્ય પ્રવૃત્તિ. આહા..હા..! મારી ચીજ તો અનંત આનંદ અને જ્ઞાનદર્શન આદિ સ્વભાવરૂપી શક્તિથી પરિપૂર્ણ છે એવી મારી ચીજ. એ હું પરદ્રવ્યની પ્રવૃત્તિથી નિવૃત્તિ કરું છું. મારી દૃષ્ટિ પુણ્ય-પાપના પરિણામથી હઠી છે. સમજાણું કાંઈ? આ કાંઈ કથા નથી કે એક-બે દેખીને સમજાય જાય. આહા..હા..! આત્મકથા છે. કે આત્માની કથાની સામે બીજી કથાની શું કિંમત? સમજાણું કાંઈ?

કહે છે '**હવે હું...**' હવે. કે પહેલા તો હું પુણ્ય-પાપના પરિણામમાં પ્રવર્તતો હતો એ તો બરાબર છે. હવે મારે નિવૃત્તિ કરવી છે. મારે જન્મ-મરણનો ભાવ ટાળવો છે. મારામાં જન્મ-મરણ નથી. જેમાં જન્મ-મરણના કારણરૂપ પરિણામ નથી. અરે! જેમાં એક સમયની પર્યાય પણ નથી. આહા..હા..! એવો મારો ભગવાન, હું પરદ્રવ્યની પ્રવૃત્તિથી, મારી વર્તમાન દશામાં પુણ્ય અને પાપના રાગ .. વિકલ્પમાં જે પ્રવૃત્તિ છે. અંદરમાં હોં! આ દેહની વાત નથી. એ પરદ્રવ્યની પ્રવૃત્તિથી નિવૃત્તિ. .. નિવૃત્ત થાવ છું. મારા સ્વભાવમાં આવું છું.

આહા..હા..! આ તે કાંઈ વાત છે! સમજાણું કાંઈ? એ પુરુષાર્થની ગતિ સુગમ નથી અને બહારમાં આ કર્યા ને આ કર્યા ને વ્રત કર્યા ને તપ કર્યા ને દાન કર્યા. ધૂળધાણી કરીને મરી ગયો. એય..! શેઠ!

સ્વભાવ કેવો છે? એવો પહેલા નિર્ણય કર્યો. આ પણ નિર્ણય કરે છે હવે. હવે તો હું સંસારી પુણ્ય-પાપના ભાવ દુઃખરૂપની જંજાળથી હું છૂટવા માગું છું. સમજાણું કાંઈ? દુકાન અને ધંધા એ તો દૂર જ છે. એ તો આત્મા કરતો નથી. આ શરીર અજીવ થઈને રહ્યું છે. કે આત્માની પર્યાય થઈને રહ્યું છે? એનાથી હું નિવર્તું છું. એ તો નિવૃત્ત જ છે. સમજાણું કાંઈ? મારી પ્રવૃત્તિ શુભ અને અશુભ રાગ, પુણ્ય-પાપના આસ્રવરૂપી બંધનું કારણ અને મેલમાં મારી પ્રવૃત્તિ હતી અત્યાર સુધી. આહા..હા..! 'હવે હું...' કર્તા હું છું. કોઈ ઈશ્વર ઈશ્વર આપી દે એમાંથી એવી ચીજ નથી.

**'હું સમસ્ત પરદ્રવ્યપ્રવૃત્તિથી નિવૃત્તિ વડે...'** વિકલ્પ જે ઉઠે છે પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, એ પણ પરદ્રવ્ય છે. આહા..હા..! અહીં તો એક સમયની પર્યાયને પણ પરદ્રવ્ય કહી તો આસ્રવની તો વાત પણ નથી. ઝીણી વાત છે, ભાઈ! આહા..હા..! ધંધાના પાપ આડે નવરો કેદિ' થયો? એય.. ચોવીસ કલાક ધમાધમ લાગી છે. હોળી સળગવાની. એ ... જ્યાં પૈસા મળ્યા, પચાસ હજાર પેદા કર્યા,... આપણા બાપ પાસે એ નહોતું. આપણે હુશિયાર થયા. લાખ, બે લાખ, પાંચ લાખ પેદા કર્યા. ધૂળેય કરી નથી. એય..! શાંતિભાઈ! એ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યથી તો ત્રિકાળી નિવૃત્તરૂપ જ છે. તારામાં પરદ્રવ્ય તો છે જ નહિ. પોતાનો સ્વભાવ પોતામાં છે, તો પરદ્રવ્ય તો પોતામાં જ છે જ નહિ. માત્ર પોતાનો સ્વભાવ અસ્તિરૂપે રહે છે. પણ પરદ્રવ્યના લક્ષથી પુણ્ય અને પાપનું પરિણામ જે હતા એમાં જે મારી પ્રવૃત્તિ હતી આહા..હા..! એ નિવૃત્તિ.. હું હવે એનાથી ખસવા માગું છું. આહા..હા..! સમ્યગ્દર્શન થયા પહેલા એવા રાગ મિશ્રિત વિચારમાં એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આ જ આત્મસ્વભાવમાં નિશ્ચળ રહેતો થકો,...'** એ પુણ્ય-પાપના વિકલ્પ જે છે શુભભાવ એનાથી હું નિવૃત્તિ કરું છું. નિવૃત્તિ કરીને રહીશ ક્યાં? મારો આનંદ અને જ્ઞાનદર્શન ત્રિકાળી સ્વભાવમાં હું પ્રવર્તું છું. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! આવો ધર્મ કેવો! સમજાણું કાંઈ? ઓલું તો દયા પાળવી, આ કરવું, વ્રત કરવા એ તો સમજાય પણ ખરું. અજ્ઞાન હોં. આહા..હા..! કર્તાબુદ્ધિ અજ્ઞાન છે. શુભભાવનો કર્તા થાય છે એ પણ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાન છે. કેમકે આત્મા એ શુભભાવ સ્વરૂપ નથી.

તો કહે છે કે **'આ જ આત્મસ્વભાવમાં...'** આજ એટલે પહેલા કહ્યુંને નિર્ણય. હું તો અખંડ અભેદ પરિપૂર્ણ જ્ઞાનદર્શનવાળો અને હું પરનો કર્તા આદિથી રહિત. એવી મારી

ચીજ મારો આત્મસ્વભાવ ત્રિકાળી '**નિશ્ચળ રહેતો થકો,...**' એ એમાં નિશ્ચળ રહેવું છે. સ્વભાવમાં નિશ્ચળ રહેતો થકો. છે? '**સમસ્ત પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં થતા જે ચંચળ કલ્લોલો...**' આહા..હા..! એ શુભ અને અશુભની વૃત્તિઓ ઉઠે છે એ પરદ્રવ્યના લક્ષથી ચંચળ કલ્લોલો ઉઠે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ચેતનમાં થતા જે ભગવાન આત્મા જાણક દર્શન દૃષ્ટા સ્વભાવથી પરિપૂર્ણ પ્રભુ એમાં જે પર્યાયમાં, એની અવસ્થામાં પરદ્રવ્યના લક્ષથી, નિમિત્તથી, વિશેષરૂપ ચેતનમાં થતા જે ચંચળ કલ્લોલો. એ શુભ અને અશુભ કલ્લોલ છે. આહા..હા..! પાણીમાં જેમ પરપોટા ફૂટીને નીકળે છે એમ ભગવાન આત્મામાં એ પુણ્ય અને પાપ પરપોટા જેવા કલ્લોલ છે. કઠણ ભારે. હજી તો પાપ શું અને પુણ્ય શું એની ખબર નથી એને આત્મા અંદર આ.

મુમુક્ષુ :- પોતાની માન્યતાનો સ્વીકાર કર્યો.

ઉત્તર :- માન્યતા સાચી ક્યાં હતી? એ તો ખોટી હતી. એ વાત તો ચાલે છે. ત્રિલોકનાથ પરમાત્મા એની દિવ્ય ધ્વનિમાં એ વાણીમાં તો આ આવ્યું એ અહીં સંત કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! પ્રભુ! તું કોઈ ચીજ છે કે નહિ? કોઈ તત્ત્વ છે કે નહિ? તત્ત્વ છે તો અવિનાશી છે કે નહિ? અવિનાશી છે તો તારી શક્તિઓ અનંત એ પણ સાથે અવિનાશી છે કે નહિ? આહા..હા..! એવા અવિનાશી સ્વભાવમાં હું નિશ્ચળ રહેવા માગુ છું. એ રાગમાં તો અનંતવાર પ્રવૃત્તિ કરી. આ જેને જન્મ-મરણ ટાળવા હોય એની વાત છે, ભાઈ! ચાર ગતિમાં રખડવું હોય એ તો અનાદિથી કરે છે. આહા..હા..! ભગવાનજીભાઈ! ભારે આકરું કામ.

હું ચંચળ કલ્લોલો જેનો નિરોધ કરું છું. હજી એવો નિર્ણય કરે છે હોં! એ કલ્લોલ જે ઉઠે છે વૃત્તિઓ શુભ-અશુભભાવ. એને હું અટકાવીને મારા સ્વભાવમાં '**(આ ચૈતન્યસ્વરૂપને જ) અનુભવતો થકો,...**' મારો સ્વભાવ જાણન-દેખન સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... એને હું અનુભવતો થકો. એનો હું અનુભવ કરતો થકો. પુણ્ય-પાપનો અનુભવ છે એ તો મિથ્યા અનુભવ છે. આહા..હા..! કર્મચેતના. સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ એ તો કર્મચેતના છે. એ અનુભવ છોડીને મારા ચૈતન્ય સ્વરૂપનો અનુભવ કરતો થકો '**પોતાના અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતા...**' પોતાની ચીજ શુદ્ધ આનંદઘન પ્રભુ એની ખબર નથી એ કારણે '**અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતા જે આ ક્રોધાદિક ભાવો તે...**' એ શુભ-અશુભભાવ બધું ક્રોધ, માન, માયા, લોભ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ '**આ ક્રોધાદિક ભાવો તે સર્વને ક્ષય કરું છું...**' એનો મૂળમાંથી હું નાશ કરું છું. જે ચીજ મારામાં છે નહિ. કલ્પિત તરીકે હું રાગ છું એવું માન્યું હતું. વિભાવ સ્વભાવ મારો છે એવું મેં માન્યું હતું. એ નથી. ... ચાર ગતિમાં સંસારમાં રખડાવનારી

છે. ચાહે તો પાપ હો કે ચાહે તો પુણ્ય હોય. બેય સંસારમાં રખડાવનારી છે. પુણ્ય-પાપના અધિકારમાં આવ્યુંને? કે એ કુશીલ છે. શુભભાવ દયા, દાન, વ્રત .. કે જે કુશીલ સંસારમાં પ્રવેશ કરાવે. ભવમાં પ્રવેશ કરાવે. તેને સુશીલ કેમ કહીએ? સમજાણું કાંઈ? ભારે કામ ભાઈ! અત્યારે તો ધમાલ-ધમાલ. દીક્ષા લ્યો... દીક્ષા લ્યો.. પંચ મહાવ્રત. આહા..હા..! ભાન નથી. ઘેટા જેમ મુંડાય છે એમ મુંડાય છે. ઘેટા ઘેટા હોય છેને. એમ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. એ તો ... મિથ્યાત્વ... એ વિના .. કેમ થાય? મિથ્યાત્વના પાપ રોકાયા વિના બીજા પાપ કેમ રોકાય? આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ભાઈ દુનિયાથી જુદી વાત છે. જેને થાક લાગ્યો હોય ચોર્યાસીના અવતારમાં રખડતા એ થાક ઉતારવો હોય એની વાત છે. લહેર કરવી હોય ચાર ગતિના દુઃખમાં એ તો અનાદિથી કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! મિથ્યાત્વ એ પાપ નથી? એ જ મોટું પાપ છે. આહા..હા..! એ પુણ્યના પરિણામ દયા, દાન મારા છે એ મિથ્યાત્વનું મોટું પાપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? .. પુરુષાર્થસિદ્ધિ ઉપાય. હા એ. જુઓ. સમયસારમાં છે. પાછળ છે. જુઓ ૧૪મી ગાથા છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાય. સમયસાર... હિન્દીમાં નથી. એમાં નહિ હોય.

**एवमयं कर्मकृतैर्भावैरसमाहितोऽपि युक्त इव।**
**प्रतिभाति बालिशानं प्रतिभासः स खलु भवबीजम्।।१४।।**

એ રીતે આ ભગવાન કર્મના નિમિત્તથી ઉત્પન્ન થતાં દયા, દાન, પુણ્ય રાગાદિભાવ અને આ શરીરાદિભાવથી સંયુક્ત નથી. ભગવાન પૂર્ણાનંદનો નાથ આત્મા એ પુણ્ય-પાપના ભાવ અને શરીરથી અસમાહિત-સહિત નથી. આહા..હા..! એ '**અજ્ઞાની જીવોને સંયુક્ત જેવો પ્રતિભાસે છે...**' હું રાગસહિત છું એવો ભાસ જે થાય છે '**તે પ્રતિભાસ જ નિશ્ચયથી સંસારના બીજરૂપ છે.**' સંસારમાં રખડવાનું એ મિથ્યાત્વ બીજ છે. સમજાણું કાંઈ? આહા..હા..! શું કહે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે જ નહિ આત્મામાં. પહેલા એ નિર્ણય કરવો એમ કહે છે. સમજાણું કાંઈ? ૧૪મી ગાથા છે પુરુષાર્થસિદ્ધિ ઉપાયની. છેને જુઓ.

'**એ રીતે આ આત્મા કર્મોના કરેલા...**' એટલે કર્મના સંગે બનેલા 'રાગાદિ...' પુણ્ય અને પાપનો ભાવ રાગાદિ '**અથવા શરીરાદિ ભાવોથી...**' આ શરીરાદિ એનાથી '**સંયુક્ત ન હોવા છતાં...**' એ સહિત પ્રભુ આત્મા છે નહિ. મલિન પરિણામથી સહિત છે આત્મા? એ તો નિર્મળાનંદ શુદ્ધ ચિદાનંદ આનંદઘન છે. સમજાણું કાંઈ? એ '**અજ્ઞાની જીવોને...**' સંયુક્ત નથી તે સંયુક્ત ભાસે છે એ જ મિથ્યા સંસારમાં રખડવાનું બીજ છે.

આહા..હા..! એ પુરુષાર્થસિદ્ધિ ઉપાય છેને ભાઈ! એ પુરુષાર્થસિદ્ધિ ઉપાય પુસ્તક છે. લીધું છે એણે? પુસ્તક આપ્યું છેને? એમાં છે. એમાં છે. ૧૪મી ગાથા. આ પુરુષાર્થસિદ્ધિ. ૧૪મી. સમજાણું કાંઈ? આહા..હા..! કામ ઘણું છે. ફળ પણ ઉંચુને. એના ફળ મુક્તિ આનંદ-આનંદ. આહા..હા..! 'સાદી અનંત અનંત સમાધિ સુખ.' એનું કારણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અપૂર્વ. એ સમ્યગ્દર્શનમાં કહે છે કે હજી તો નિર્ણય કર્યો. સમકિતી.. હું તો મારા આત્મસ્વભાવમાં ચંચળ કલ્લોલ જે વિકલ્પ ઉઠે છે એનાથી નિવૃત્ત થઈને '**અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતા જે આ ક્રોધાદિક ભાવો તે સર્વને ક્ષય કરું છું...**' આહા..હા..! હું એની રક્ષા કરતો નથી. શુભ-અશુભભાવની રક્ષા કરનાર હું નથી. હું તો નાશ કરનારો નામ એ મારામાં છે જ નહિ. એ વ્યવહારથી કથન છે. પોતાના સ્વભાવમાં રહે છે એમાં વિકાર ઉત્પન્ન થતો નથી એ વિકારને નાશ કરું છું એમ કહેવામાં આવે છે. આવી વાત છે. સમજાણું કાંઈ?

તો કહે છે '**તે સર્વને ક્ષય કરું છું-એમ આત્મામાં નિશ્ચય કરીને,...**' જુઓ! એવો ભગવાન આત્મામાં નિશ્ચય કરીને '**ઘણા વખતથી પકડેલું જે વહાણ તેને જેણે છોડી દીધું છે...**' .. હોયને દરિયામાં? એમાં જો વહાણ પકડાઈ જાય તો છૂટે નહિ. દરિયામાં વમળ થાય છેને. વમળમાં જો વહાણ આવી જાય તો છૂટી ન શકે. એવું દાખલો આપ્યો છે જુઓ. '**ઘણા વખતથી પકડેલું જે વહાણ તેને જેણે છોડી દીધું છે એવા સમુદ્રના વમળની જેમ જેણે સર્વ વિકલ્પોને જલદી વમી નાખ્યા છે...**' આહા..હા..! પહેલા એ વિકલ્પ નામ રાગમિશ્રિત વિચારથી આવો છું, આવો છું, એવો નિર્ણય કર્યો, પછી વિકલ્પનું વમળ છોડી દીધું. મારો પ્રભુ એનાથી રહિત છે. એવું સમ્યગ્દર્શનમાં ધર્મની પહેલી શરૂઆતમાં... આહા..હા..! '**જેણે સર્વ વિકલ્પોને જલદી વમી નાખ્યા છે...**' જલદી એવો શબ્દ છે જુઓ. આહા..હા..! મારી ચીજ તો અનંત આનંદ અને જ્ઞાન-દર્શનથી ભરેલી છે. તો એમાં હું રમણ કરતા. એની શ્રદ્ધા-જ્ઞાનમાં રમણ કરતા એ વિકારભાવનો હું નાશ કરું છું. સમજાણું કાંઈ? આ એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**એવો, નિર્વિકલ્પ અચલિત નિર્મળ આત્માને અવલંબતો,...**' જુઓ! એવો નિર્વિકલ્પ ભગવાન આત્મા અચલિત-કદી ન ચળે એવો નિર્મળ આત્મા ભગવાન પ્રભુ એનું અવલંબન અંતરમાં લઈને. વસ્તુ એ ત્રિકાળી પરમાત્મા પોતાનું સ્વરૂપ એને અવલંબતો થકો. '**વિજ્ઞાનઘન થયો થકો,...**' એ જ્ઞાનસ્વભાવી ભગવાનમાં જ્ઞાનરૂપે લીન રહેતો થકો. જ્ઞાનનો વિજ્ઞાનઘન થયો. જે અજ્ઞાનમાં રાગમાં કર્મમાં જ્ઞાનમાં ખંડ-ખંડ થતો હતો એ પુણ્ય-પાપના આસ્રવથી નિવૃત્ત થઈને પોતાના આત્માના સ્વભાવમાં વિજ્ઞાનઘન થયો. પર્યાયની વાત આ છે. આહા..હા..! પર્યાય કોને કહે? ગુણ કોને કહે? દ્રવ્ય કોને કહીએ? દ્રવ્ય-ગુણના પર્યાયની ખબર નથી. સમજાણું કાંઈ?

'**વિજ્ઞાનઘન થયો થકો,...**' એ જ્ઞાનસ્વરૂપી પ્રભુ, એમાં એકાગ્ર થઈને પર્યાયમાં વિજ્ઞાનઘન થયો. જેમાં રાગનો પ્રવેશ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવો આત્મા થયો થકો. છેને? જેટલો સમ્યક્ પ્રકારના આસ્રવોથી નિવૃત્ત થાય છે. જેટલા પ્રમાણમાં પુણ્ય અને પાપની એકતા તોડીને જેટલા પ્રમાણમાં સ્વભાવમાં એક્તા થાય છે એટલો આસ્રવથી નિવૃત્ત થાય છે. જેટલો સમ્યક્ પ્રકારે લીધું છે. .. સમજાણું કાંઈ? '**અચલિત નિર્મળ આત્માને અવલંબતો, વિજ્ઞાનઘન થયો થકો,...**' આહા..હા..! એ વિજ્ઞાનઘન પર્યાય થઈ. પર્યાયનો અર્થ? જે અવસ્થા રાગમાં ખંડ-ખંડ હતી એ અંતરમાં, સ્વભાવમાં આશ્રય કરીને પર્યાયમાં એકતા થઈ જ્ઞાનમાં એ વિજ્ઞાનઘન થયો. એ સમ્યગ્દૃષ્ટિ થયો, એ ધર્મની પહેલી શરૂઆત કરનારો થયો. ભારે ધર્મ ભાઈ! સમજાણું કાંઈ?

'**વિજ્ઞાનઘન થયો થકો, આ આત્મા આસ્રવોથી નિવર્તે છે.**' આહા..હા..! પોતાની ચીજ મહાપ્રભુ. સચ્ચિદાનંદ સ્વરૂપ ત્રિકાળી. એમાં એકાગ્ર થઈને જ્ઞાનની એકાગ્રતા જે થઈ સ્વભાવની. એવો થયો થકો. કોઈ કર્મને કારણે છે અને ફલાણે કારણે છે એ કોઈ ચીજ અહીંયાં નથી. પુણ્ય-પાપના ભાવ વિકલ્પ ... એનાથી હું ભિન્ન છું એવા અંતરના જ્ઞાન-દર્શનમાંથી પ્રવૃત્તિ થઈ, રાગથી નિવૃત્તિ, પોતાના સ્વભાવમાં પ્રવૃત્તિ થઈ. તો કહે છે કે '**આ આત્મા આસ્રવોથી નિવર્તે છે.**' કહો, સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! પૂર્ણાનંદ પ્રભુ એનું અવલંબન લઈને પુણ્ય અને પાપના આસ્રવથી હું નિવર્તું છું. આ વિધિ છે. બીજી કોઈ વિધિ કરે તો એ કોઈ વિધિ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

શીરાનું દૃષ્ટાંત આપે છે. હલવો હોય છેને શીરો. તો શીરાને પહેલા ઘીમાં લોટને શેકે છે. પછી ગોળનું પાણી નાખે છે તો શીરો થાય છે હલવો. પણ એમ કોઈને લાગે કે આ તો પાણી (ઘી), લોટ પી જાય છે. શું કરવું? તો પહેલા ગોળના પાણીમાં લોટને શેકો પછી નાખો ઘી. એ ચીજ નહિ થાય. ખબર નથી તને. આ પોટીસ સમજો છો? ફોડા ઉપર બાંધે છે. સમજાણું કાંઈ? કે અહીં જાતુંવળતું ઘી અમારે કહે કાઠિયાવાડમાં. પોટીસ કરેને ઘઉંની તો જાતુંવળતું ઘી બહુ પડે નહિ અને જરીક પડ્યા વિના રહે નહિ. એની પોટીસ થાય. નહિતર પોટીસ ન થાય. જો વધારે પડે તો ચોંટી જાય. તો અહીંયાં કહે છે કે ગોળના પાણીમાં પહેલા લોટ શેકે અને પછી ઘી નાખે અને શીરો થાય તો સસ્તો પડશે. તારું ત્રણેય જાશે સાંભળ તો ખરો. પહેલા લોટને ઘીમાં શેકવો પડશે. પછી સાકર કે ગોળનું પાણી નાખવાથી શીરો થાય છે. એમ પહેલા સમ્યગ્દર્શનમાં આત્મા શેકવો પડશે. હું એવો પરિપૂર્ણ પરમાત્મા છું એવો સમ્યગ્દર્શનમાં નિર્ણય કરવો પડશે. અનુભવમાં નિર્ણય કર્યા પછી. તો પછી તો ગોળનું પાણી નાખવું છેને. પહેલા ગોળના પાણીમાં લોટ શેકોને. ન હોય. એ વિધિ નથી. સમજાણું કાંઈ? એમ પહેલા આપણે વ્રત, નિયમ, તપ કરો. કરતા-કરતા થશે. ધૂળમાંય નહિ

થાય. મરી જઈશ સાંભળતો ખરો.

મુમુક્ષુ :- વિપરીત થઈ જાશે

ઉત્તર :- વિપરીત થઈ ગઈ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચિદાનંદ સ્વરૂપ એનું સમ્યગ્દર્શન અનુભવ પ્રગટ કર્યો પછી એમાં લીન રહેવું તે મોક્ષનો માર્ગ છે. આ સંસારી બંધન જાળથી છૂટવાની આ એક રીત અને વિધિ છે. કહો, સમજાણું કાંઈ? ..ભાઈ! શું બેસે? આ બધા સાથે લઈને આવ્યા તેને બેસે આ વાત? સાંભળી ન હોય કોઈ દિ'. શું ચીજ છે એ. કહો, સમજાણું કાંઈ? અરે! પ્રભુ! તું ત્રણ લોકનો નાથ અતીન્દ્રિય આનંદથી ભરેલો છો. આહા..હા..! તારા અતીન્દ્રિય આનંદના માપ વિનાની ચીજ એ અમાપ ચીજ છે. આહા..હા..! અરેરે! પરમાણુના રસ જ્યાં સર્વ જીવથી અનંતગુણા અવિભાગ અંશ છે. પ્રભુ! તારી પર્યાયની વાત શું કરવી અને પર્યાયથી (પાર) પૂર્ણ આનંદ છે એની તો વાત શું કરવી? સમજાણું કાંઈ? એની ખબર નથી, જ્ઞાન નથી. મિથ્યાદૃષ્ટિ રાગથી ધર્મ માને છે. પુણ્ય તો કરો પહેલા. કરતા-કરતા ધર્મ થઈ જશે. આહા..હા..! લસણ ખાતા-ખાતા કસ્તુરીનો ઓડકાર આવશે. ધૂળમાંય નહિ આવે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે **'આ આત્મા આસ્રવોથી નિવર્તે છે.'** આ રીતે હોં! એવું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન પ્રગટ કર્યા વિના બીજી રીતે ધર્મ થઈ જાય ત્રણ કાળ, ત્રણ લોકમાં થયું નથી, છે નહિ, થશે નહિ. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ એવો માર્ગ અંતરમાં એકાગ્રતા થવી સ્વભાવમાં. તે ધર્મ છે. એ ધર્મથી આસ્રવથી નિવર્તે છે. આ વિધિ પૂછી તે વિધિ કહી. સમજાણું કાંઈ? કેટલાક એવા હોય કે ... બાઈ હતીને નવી પરણીને આવી હતી. નવા લગન. હતી દોઢ ડાહી. આવડે નહિ કાંઈ. પછી કહે આજે લાપસી બનાવો, ફલાણું બનાવો કરતાં... કરતાં... કરતાં... ડોશી જોડે હતા કોક ડોશી. પુછી આવે. ડોશી કહે આમ કરી નાખો. હા એ તો મને આવડે છે. એ તો મને આવડે છે. એકવાર કહ્યું દીકરીનો સાસરો આવ્યો ઓલાને ઘરે. એણે શીરો બનાવવાનું કહ્યું. તો કેમ બનાવવો? પૂછી આવી બાઈ ડોસી પાસે. ડોશીમા! આનું કેમ કરવું? કેવી રીતે કરવો? કે પહેલા ગોળના પાણીમાં લોટને શેકવો અને પછી પાછળથી એક ધોબો મીઠું નાખવું. પછી લહલહતો શીરો થાશે. એ તો મને મા આવડે છે. કરજો બા ત્યારે. બાયડી .. એવી વાત કરે આવડે છે... આવડે છે... આવડે છે... એવું બને છે હોં બહારમાં. મા-બાપે કાંઈ શીખવ્યું ન હોય અને બાયડી.. પછી આવડે નહિ એટલે છોકરી પાડોશીને પૂછવા આવે. પાડોશી સમજો છો? પુડલા કેમ કરવા? આમ કરવા. આમ કરો. શીરો કેમ કરવો? લાપસી કેમ કરવી? ... માં ન લીધું. એ તો મને આવડે છે. એ પહેલા ગોળના પાણીમાં આ લોટ શેકો, પછી સરખાયનું ધોળું મીઠું નાખજો. મેલવાળું ન હોય એમાં. એક ધોબો નાખવું. બહુ સારું એ

તો મા આવડે છે મને હોં. મીઠું. મીઠું સમજો છો? નમક અને ખારું દુધવું. એનો ધણી બેઠો અને ઓલો વેવાઈ ખાવા બેઠો. અરેરે! ડોશીએ મને શીખવ્યું. ડોશીને બોલાવો. આવીને કહે, પણ હરવખતે મારી પાસે આવીને હું વાત કર્યા પછી મને આવડે છે. હવે મારે એનું કરવું શું? આ રીતે બધા ભાન ન મળે અને અમને ખબર છે. અમને આત્મા કેવો છે એની. અરે ભાન નથી સાંભળને મારા. મરી જઈશ સમજ્યા વિના. એની પહેલી સમજણ કરી અને શ્રદ્ધા કરી એમાં ઠરવું એ માર્ગ છે. બીજો કોઈ માર્ગ છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા વદ-૪, બુધવાર, તા. ૨૭-૦૯-૧૯૭૨
## ગાથા-૭૩-૭૪, પ્રવચન-૧૭૫

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

૭૩ ગાથાનો ભાવાર્થ. ગાથા પૂરી થઈ ગઈ. '**શુદ્ધનયથી જ્ઞાનીએ આત્માનો એવો નિશ્ચય કર્યો...**' ધર્મી થાય છે એનો નિર્ણય આત્મા માટે કેવો છે? આ સમ્યગ્દર્શનની વાત છે પહેલી. ધર્મીએ સમ્યગ્દર્શનમાં પહેલા એવો નિર્ણય કર્યો '**કે 'હું એક છું,...**' અંદર સ્વરૂપે શુદ્ધ ચૈતન્યઘન એક છું. '**શુદ્ધ છું,..**' ભેદ, એક સમયની પર્યાયનો ભેદ પણ મારામાં નથી. આહા..હા..! આકરી વાત છે. સમ્યગ્દર્શન હજી તો હોં ચોથું ગુણસ્થાન. અને એ સમ્યગ્દર્શન વિના બધા વ્રત ને તપ ને એકડા વિનાના મીંડા છે. ચાર ગતિમાં રખડવાની ચીજ છે. ''**હું એક છું, શુદ્ધ છું,...**' અશુદ્ધતા જે પર્યાયમાં છે તે હું નથી. અથવા શુદ્ધતા જે પર્યાયમાં છે એ પણ હું નથી. આહા..હા..!

'**પરદ્રવ્ય પ્રત્યે મમતારહિત છું,...**' સમ્યગ્દષ્ટિ ચોથે ગુણસ્થાને એવો અનુભવ કરે છે કે હું સ્વરૂપે એકાકાર એક છું. શુદ્ધ નામ મારી એક સમયની પર્યાયમાં ભેદ પડે છે એ પણ હું નથી. આહા..હા..! આકરી વાત ભારે! અને પરદ્રવ્ય પ્રત્યે મમત્વરહિત છું. એ શુભ-

અશુભ જે રાગ છે એ વિકલ્પ છે. શુભ-અશુભ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ એ પ્રત્યે હું મમતારહિત છું. એ મારી ચીજમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'જ્ઞાનદર્શનથી પૂર્ણ વસ્તુ છું'. જયારે તે જ્ઞાની આત્મા આવા પોતાના સ્વરૂપમાં રહેતો થકો તેના જ અનુભવરૂપ થાય...'** પોતાના જ્ઞાન અને આનંદસ્વરૂપમાં અનુભવ અંદરમાં એકાકાર થઈને અનુભવ કરે **'ત્યારે ક્રોધાદિક આસ્રવો ક્ષય પામે છે.'** ત્યારે તે પુણ્ય અને પાપના ભાવ નાશ પામે છે. ઝીણી વાત બહુ, શુકલચંદજી! આહા..હા..! જગતે દયા, દાન, વ્રત, તપ આદિના પરિણામને ધર્મ માન્યો છે, એને અહીંયાં કહે છે કે એ આસ્રવ છે. આહા..હા..! એ આસ્રવથી નિવૃત્ત ક્યારે થાય? કે પોતાની ચીજ જે શુદ્ધ ધ્રુવ બુદ્ધમાં એકાગ્ર થઈને અનુભવ કરે ત્યારે તે આસ્રવની ઉત્પત્તિ થતી નથી. તો આસ્રવનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..!

**'જેમ સમુદ્રના વમળે ઘણા કાળથી વહાણને પકડી રાખ્યું હોય...'** કેટલામી તારીખે .. ગયા? ૨૭. બરાબર ૨૭ થઈ. જગમોહનલાલ. **'જેમ સમુદ્રના વમળે ઘણા કાળથી વહાણને પકડી રાખ્યું હોય...'** એમ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધનો વિકલ્પ જે રાગ એ વમળ છે. એ વમળમાં આત્મા ગોથા ખાતો હતો અનાદિ કાળથી. ગોથા સમજો છો? ચક્કર લગાવે છે, ચક્કર લગાવતો હતો. આહા..હા..! પોતાનું ચૈતન્ય શુદ્ધ એકરૂપની અંતરદૃષ્ટિ થવાથી એ ચક્કરમાંથી નીકળી જાય છે. આહા..હા..! **'પણ પછી જયારે વમળ શમે...'** એ ચક્કર પુણ્ય અને પાપના ભાવ પહેલા તો દૃષ્ટિમાંથી છૂટી જાય છે. સમજાણું કાંઈ? જ્ઞાનઘન હું આનંદઘન છું એવી અનુભવ દૃષ્ટિમાં રાગનો, પુણ્યનો, પાપનો ભાવ શમન થાય છે, શાંત થાય છે, નાશ થાય છે. **'ત્યારે તે વહાણને છોડી દે છે,...'** જેમ વમળ શમી જાય એમ રાગને છોડીને **'તેમ આત્મા વિકલ્પોના વમળને શમાવતો થકો આસ્રવોને છોડી દે છે.'** લ્યો! એ આપણે ઘણી વાત ચાલી છે. આ તો ભાવાર્થમાં થોડી લઈ લીધી.

## ગાથા-૭૪

कथं ज्ञानास्रवनिवृत्त्योः समकालत्वमिति चेत्––

जीवणिबद्धा एदे अधुव अणिच्चा तहा असरणा य।
दुक्खा दुक्खफल त्ति य णादूण णिवत्तदे तेहिं।।७४।।

जीवनिब्द्धा एते अध्रुवा अनित्यास्तथा अशरणाश्च।
दुःखानि दुःखफला इति च ज्ञात्वा निवर्तते तेभ्यः।।७४।।

जतुपादपवद्वध्यघातकस्वभावत्वाज्जीवनिबद्धाः खल्वास्रवाः, न पुनरविरुद्धस्वभावत्वाभावाज्जीव एव। अपस्माररयवद्वर्धमानहीयमानत्वादध्रुवाः खल्वास्रवाः, ध्रुवश्चिन्मात्रो जीव एव। शीतदाहज्वरावेशवत् क्रमेणोज्जृम्भमाणत्वादनित्याः खल्वास्रवाः, नित्यो विज्ञानघनस्वभावो जीव एव। बीजनिर्मोक्षक्षणक्षीयमाणदारुणस्मरसंस्कारवत्त्रातुम-श्कयत्वादशरणाः खल्वास्रवाः, सशरणः स्वयं गुप्तः सहजचिच्छक्तिर्जीव एव। नित्यमेवाकुलस्वभावत्वादुःखानि खल्वास्रवाः, अदुःखं नित्यमेवानाकुलस्वभावो जीव एव। आयत्यामाकुलत्वोत्पादकस्य पुद्गलपरिणामस्य हेतुत्वादुःखफलाः खल्वास्रवाः, अदुःखफलः सकलस्यापि पुद्गलपरिणामस्याहेतुत्वाज्जीव एव। इति विकल्पानन्तरमेव शिथिलतकर्मविपाको विघटितघनोघघटनो दिगाभोग इव निरर्गलप्रसरः सहजविजृम्भमाणचिच्छक्तितया यथा यथा विज्ञानघनस्वभावो भवति तथा तथास्रवेभ्यो निवर्तते, यथा यथास्रवेभ्यश्च निवर्तते तथा तथा विज्ञानघनस्वभावो भवतीति। तावद्विज्ञानघनस्वभावो भवति यावत् सम्यगास्रवेभ्यो निवर्तते, तावदास्रवेभ्यश्च निवर्तते यावत्सम्यग्विज्ञानघनस्वभावो भवतीति ज्ञानास्रवनिवृत्त्योः समकालत्वम्।

---

હવે પૂછે છે કે જ્ઞાન થવાનો અને આસ્રવોની નિવૃત્તિનો સમકાળ (એક કાળ) કઈ રીતે છે? તેના ઉત્તરરૂપ ગાથા કહે છે :-

**આ સર્વ જીવનિબદ્ધ અધ્રુવ, શરણહીન, અનિત્ય છે,**
**એ દુઃખ, દુખફળ જાણીને એનાથી જીવ પાછો વળે, ૭૪.**

ગાથાર્થ :- [एते] આ આસ્રવો [जीवनिबद्धाः] જીવની સાથે નિબદ્ધ છે, [अध्रुवाः] અધ્રુવ છે, [अनित्याः] અનિત્ય છે [तथा च] તેમજ [अशरणाः] અશરણ છે, [च) વળી તેઓ [दुःखानि] દુઃખરૂપ છે, [दुःखफलाः] દુઃખ જ જેમનું ફળ છે એવા છે,- [इति ज्ञात्वा] એવું જાણીને જ્ઞાની [तेभ्यः] તેમનાથી [निवर्तते] નિવૃત્તિ કરે છે.

ટીકા :- વૃક્ષ અને લાખની જેમ વધ્ય-ઘાતકસ્વભાવપણું હોવાથી આસ્રવો જીવ સાથે બંધાયેલા છે; પરંતુ અવિરુદ્ધસ્વભાવપણાનો અભાવ હોવાથી તેઓ જીવ જ નથી. (લાખના નિમિત્તથી પીપળ આદિ વૃક્ષનો નાશ થાય છે. લાખ ઘાતક અર્થાત્ હણનાર છે અને વૃક્ષ વધ્ય અર્થાત્ હણાવાયોગ્ય છે. આ રીતે લાખ અને વૃક્ષનો સ્વભાવ એકબીજાથી વિરુદ્ધ છે માટે લાખ વૃક્ષ સાથે માત્ર બંધાયેલી જ છે; લાખ પોતે વૃક્ષ નથી. તેવી રીતે આસ્રવો ઘાતક છે અને આત્મ વધ્ય છે. આમ વિરુદ્ધ

સ્વભાવો હોવાથી આસ્રવો પોતે જીવ નથી.) આસ્રવો વાઈના વેગની જેમ વધતા-ઘટતા હોવાથી અધ્રુવ છે; ચૈતન્યમાત્ર જીવ જ ધ્રુવ છે. આસ્રવો શીતદાહજવરના આવેશની જેમ અનુક્રમે ઉત્પન્ન થતા હોવાથી અનિત્ય છે; વિજ્ઞાનઘન જેનો સ્વભાવ છે એવો જીવ જ નિત્ય છે. જેમ કામસેવનમાં વીર્ય છૂટી જાય તે ક્ષણે જ દારુણ કામનો સંસ્કાર નાશ પામી જાય છે, કોઈથી રોકી રાખી શકાતો નથી, તેમ કર્મોદય છૂટી જાય તે ક્ષણે જ આસ્રવો નાશ પામી જાય છે, રોકી રાખી શકાતા નથી, માટે તેઓ અશરણ છે; આપોઆપ (પોતાથી જ) રક્ષિત એવો સહજ ચિત્શકિતરૂપ જીવ જ શરણસહિત છે. આસ્રવો સદાય આકુળ સ્વભાવવાળા હોવાથી દુઃખરૂપ છે; સદાય નિરાકુળ સ્વભાવવાળો જીવ જ અદુઃખરૂપ અર્થાત્ સુખરૂપ છે. આસ્રવો આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા એવા પુદ્‌ગલપરિણામના હેતુ હોવાથી દુઃખફળરૂપ છે (અર્થાત્ દુઃખ જેમનું ફળ છે એવા છે); જીવ જ સમસ્ત પુદ્‌ગલપરિણામનો અહેતુ હોવાથી અદુઃખફળ છે (અર્થાત્ દુઃખફળરૂપ નથી). -આમ આસ્રવોનું અને જીવનું ભેદજ્ઞાન થતાં વેંત જ જેનામાં કર્મવિપાક શિથિલ થઈ ગયો છે એવો તે આત્મા, જથ્થાબંધ વાદળાંની રચના જેમાં ખંડિત થઈ ગઈ છે એવા દિશાના વિસ્તારની જેમ અમર્યાદ જેનો વિસ્તાર (ફેલાવ) છે એવો, સહજપણે વિકાસ પામતી ચિત્શકિત વડે જેમ જેમ વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે તેમ તેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે, અને જેમ જેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે તેમ તેમ વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે; તેટલો વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે જેટલો સમ્યક્ પ્રકારે આસ્રવોથી નિવર્તે છે, અને તેટલો આસ્રવોથી નિવર્તે છે જેટલો સમ્યક્ પ્રકારે વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે. આ રીતે જ્ઞાનને અને આસ્રવોની નિવૃત્તિને સમકાળપણું છે.

ભાવાર્થ :- આસ્રવોનો અને આત્માનો ઉપર કહ્યો તે રીતે ભેદ જાણતાં જ, જે જે પ્રકારે જેટલા જેટલા અંશે આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે તે તે પ્રકારે તેટલા તેટલા અંશે તે આસ્રવોથી નિવર્તે છે. જયારે સંપૂર્ણ વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે ત્યારે સમસ્ત આસ્રવોથી નિવર્તે છે. આમ જ્ઞાનનો અને આસ્રવનિવૃત્તિનો એક કાળ છે.

આ આસ્રવો ટળવાનું અને સંવર થવાનું વર્ણન ગુણસ્થાનોની પરિપાટીરૂપે તત્વાર્થસૂત્રની ટીકા આદિ સિદ્ધાંતશાસ્ત્રોમાં છે ત્યાંથી જાણવું. અહીં તો સામાન્ય પ્રકરણ છે તેથી સામાન્યપણે કહ્યું છે.

'આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે' એટલે શું? તેનો ઉત્તર :- 'આત્મા

**વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે એટલે આત્મા જ્ઞાનમાં સ્થિર થતો જાય છે.' જયાં સુધી મિથ્યાત્વ હોય ત્યાં સુધી જ્ઞાનને-ભલે જ્ઞાનનો ઉઘાડ ઘણો હોય તોપણ-અજ્ઞાન કહેવામાં આવે છે અને મિથ્યાત્વ ગયા પછી તેને-ભલે જ્ઞાનનો ઉઘાડ થોડો હોય તોપણ-વિજ્ઞાન કહેવામાં આવે છે. જેમ જેમ તે જ્ઞાન અર્થાત્ વિજ્ઞાન જામતું-ઘટ થતું-સ્થિર થતું જાય છે તેમ તેમ આસ્રવોની નિવૃત્તિ થતી જાય છે અને જેમ જેમ આસ્રવોની નિવૃત્તિ થતી જાય છે તેમ તેમ જ્ઞાન (વિજ્ઞાન) જામતું-ઘટ થતું-સ્થિર થતું જાય છે, અર્થાત્ આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે.**

## ગાથા-૭૪ ઉપર પ્રવચન

હવે પ્રશ્ન કરે છે. ૭૪ ગાથા નવી. '**હવે પૂછે છે કે જ્ઞાન થવાનો અને આસ્રવોની નિવૃત્તિનો સમકાળ (એક કાળ) કઈ રીતે છે?**' શિષ્યનો પ્રશ્ન છે. ભગવાન! આ આત્મા આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન એનું જ્ઞાન થાય તે જ સમયે પુણ્ય-પાપના પરિણામના આસ્રવનો નાશ થાય છે અને નાશ થાય છે તે જ સમયે આત્માના સ્વરૂપની એકાગ્રતા થાય છે? સમકાળ છે? એમ કહે છે. સમજાણું કાંઈ? '**સમકાળ કઈ રીતે છે?**' શું કહે છે? જે સમયે અંધકારનો નાશ થાય તે જ સમયે પ્રકાશની ઉત્પત્તિ થાય, જે સમયે પ્રકાશની ઉત્પત્તિ થાય તે જ સમયે અંધકારનો નાશ થાય છે. આહા..હા..! એમ ભગવાન આત્મા પોતાનું સ્વરૂપ શુદ્ધબુદ્ધ ઘન, આનંદકંદ પ્રભુ એનું જ્ઞાન થતાં, એ જ્ઞાન થવાના કાળે જ પુણ્ય-પાપનો આસ્રવ છૂટી જાય છે. સમજાણું કાંઈ? '**(એક કાળ) કઈ રીતે છે? તેના ઉત્તરરૂપ ગાથા કહે છે :-**' લ્યો! ૭૪.

**जीवणिबद्धा एदे अधुव अणिच्चा तहा असरणा य।**
**दुक्खा दुक्खफल त्ति य णादूण णिवत्तदे तेहिं।।७४।।**

**આ સર્વ જીવનિબદ્ધ અધ્રુવ, શરણહીન, અનિત્ય છે,**
**એ દુઃખ, દુખફળ જાણીને એનાથી જીવ પાછો વળે. ૭૪.**

એની '**ટીકા :- વૃક્ષ અને લાખની જેમ...**' ટીકા. ટીકા છે? ઓલી બાજુ છે સંસ્કૃત ટીકા. ગુજરાતી. આ હિન્દી છે. શું કહે છે? '**વૃક્ષ અને લાખની જેમ...**' પીપરનું ઝાડ હોય છેને? પીપળ-પીપળ. અને એ પીપળમાં જ્યારે લાખ લાગે તો ઝાડ નાશ પામે છે. આ પીપર લીંડીપીપર નહિ. પીપળનું ઝાડ. ઝાડ હોય છે. ઘણા વર્ષ પહેલાં અમે ગયા હતા.

૬૭ કે ૬૮ની સાલ છે. ભાવનગરમાં બહુ પીપળ હતી બહાર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા ..ની પાર. આખી સડક ઉપર સેંકડો પીપળ. એકવાર અમે પરદેશી નાટક જોવા આવ્યા હતા. સેંકડો (પીપળ). બીજે વર્ષે આવ્યા તો એક્કેય નહિ. આ થયું શું? કે લાખ આવી હતી. લાખ સમજો છો? શું કહે છે તમારે? લાખ કહે છે. એ લાખ અને ઝાડ બે વસ્તુ જ જુદી છે. આહા..હા..!

'**વૃક્ષ અને લાખની જેમ વધ્ય-ઘાતકસ્વભાવપણું હોવાથી...**' ઝાડ વધ્ય—હણાવા લાયક છે અને લાખ એની ઘાતક છે. આહા..હા..! સમજાણું કાંઈ? વૃક્ષ વધ્ય છે. છેને પહેલો શબ્દ? વધ્ય-હણાવાયોગ્ય, વધાવાયોગ્ય અને લાખ '**ઘાતકસ્વભાવપણું હોવાથી...**' લાખ ઘાતક છે. કોની? ઝાડની. પીપળમાં લાખ થાય છે, બાવળમાં થાય છે, ઘણે ઠેકાણે થાય છે. એમ આસ્રવ આત્મામાં ઉત્પન્ન થનારા પુણ્ય અને પાપ, શુભ-અશુભભાવ એ '**આસ્રવો જીવ સાથે બંધાયેલા છે;...**' '**णिबद्धा**'નો અર્થ ચાલે છે. સમજાણું કાંઈ? જેમ લાખ વૃક્ષની સાથે બંધાયેલી છે તે વૃક્ષનું સ્વરૂપ નથી. એમ ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ શુદ્ધ ધ્રુવ ચૈતન્ય એની સાથે જે શુભ અને અશુભભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, તપાદિના પરિણામ શુભ થાય એ આત્માની સાથે નિબદ્ધ છે, સંયોગી ભાવ છે, પોતાનો સ્વભાવ નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

'**આસ્રવો જીવ સાથે બંધાયેલા છે;...**' જેમ એ ઝાડમાં લાખ બંધાયેલી છે, એ ઝાડનું સ્વરૂપ નથી. એમ ભગવાન આત્મા સચ્ચિદાનંદ સિદ્ધસ્વરૂપ પ્રભુ એવી ચીજની સાથે શુભ-અશુભ રાગ દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા, નામ સ્મરણ આદિ ભાવ અને હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના ભાવ, બેય ભાવ લાખ સમાન જીવની સાથે સંયોગરૂપ બંધનરૂપ છે, એનું સ્વરૂપ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો વ્રત ને તપ ને દયા ને દાન કરે તો ધર્મ એમ માને છે. અહીં તો (કહે છે) નિબદ્ધ છે. શુકલચંદજી! વાત આકરી ભારે! સમજાણું કાંઈ? લોકોને તત્ત્વ શું ચીજ છે? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ શું કહે છે? નવ તત્ત્વમાં જીવ શું અને આસ્રવ શું? નવ તત્ત્વ છે કે નહિ? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. એ પુણ્ય અને પાપની જે વૃત્તિ ઉઠે છે ભાવ એ આસ્રવ જીવરૂપી વૃક્ષની સાથે નિબદ્ધ છે, સંબંધ છે, વિભાવનો સંબંધ છે, વસ્તુનું સ્વરૂપ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**વૃક્ષ અને લાખની જેમ વધ્ય-ઘાતકસ્વભાવપણું હોવાથી આસ્રવો જીવ સાથે બંધાયેલા છે; પરંતુ અવિરુદ્ધ સ્વભાવપણાનો અભાવ હોવાથી...**' શું કહે છે? એ શુભ અને અશુભભાવ જે વૃત્તિ છે એ આત્માનો અવિરુદ્ધ સ્વભાવભાવ નથી. આત્માના

સ્વભાવથી વિરુદ્ધ ભાવ છે. આહા..હા..! એની મેળાએ આવ્યા છે? જગનમોહલાલજી આવ્યા? શેઠ આવ્યા છેને. સમજાણું કાંઈ? આહા..હા..! શું કહે છે જુઓ! એ જીવની સાથે બંધાયેલા છે. ઓહો..હો..! એ '**અવિરુદ્ધ સ્વભાવપણાનો અભાવ હોવાથી તેઓ જીવ જ નથી.**' આહા..હા..! જેમ લાખ એ ઝાડ જ નથી. એમ અંદરમાં શુભ અને અશુભ વિકલ્પના ભાવ, પુણ્ય અને પાપના બેય ભાવ જીવ નથી, એ તો આસ્રવ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીંયાં તો એ પ્રશ્ન હતો કે આસ્રવથી નિવર્તવું અને સમ્યગ્જ્ઞાનનું થવું એનો સમકાળ-એક સમય કેવી રીતે છે? ધર્મનું પ્રગટવું અને અધર્મનો નાશ થવો એનો એક કાળ કઈ રીતે છે? એનો ઉત્તર આપે છે કે જ્યારે અંતરમાં ભાન થયું કે ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપી, આનંદમૂર્તિ શુદ્ધ ધ્રુવ એક છે, એની સાથે પુણ્ય અને પાપની વૃત્તિઓ લાગણી ઉઠે છે એ નિબદ્ધ છે. નિ નામ વિશેષે પર સ્વરૂપે છે. પોતાનું સ્વરૂપ નથી. આહા..હા..! ભારે આકરું કામ!

મુમુક્ષુ :- નિર્જરા અને મોક્ષ ન કહેવાય?

ઉત્તર :- નિર્જરા-ફિર્જરા... મોક્ષ હજી ક્યાં હતો? શુકનચંદજી! બંધનો ભાવ છે. પ્રશ્ન તો હોયને. કાંઈ ખબર નથી. સમજાણું કાંઈ? પરમાત્મા તો શુભ-અશુભભાવને આસ્રવ કહે છે અને એ આસ્રવ લાખ અને ઝાડની જેમ બીજી ચીજરૂપ સંબંધ કહે છે. એ પોતાની ચીજ નથી. આહા..હા..! જગતના લોકોની આખી જિંદગી એમ જ નીકળે છે. નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો જૈનનો સાધુ થઈને. પણ એ પંચ મહાવ્રતના પરિણામ એ ધર્મ, એ મારું કર્તવ્ય અને એનાથી મને કલ્યાણ થશે. મિથ્યાદષ્ટિએ એમ કર્યું. એમાં અનંતભાવ, સંસારના પરિભ્રમણનો ભાવ હતો ઈ. આહા..હા..! ભારે આકરું કામ! જગતથી વીતરાગનો માર્ગ દુનિયા સાથે કાંઈ મેળ નથી ખાતો.

કહે છે એ '**અવિરુદ્ધસ્વભાવપણાનો અભાવ...**' શું કહે છે? ભગવાન આત્મા એ તો જ્ઞાન, દર્શન, આનંદ અવિરુદ્ધ સ્વભાવસ્વરૂપ છે અને પુણ્ય અને પાપના ભાવમાં અવિરુદ્ધ સ્વભાવનો અભાવ છે. આહા..હા..! કહો, પૂનમચંદજી! આ બધું ક્યાં ત્યાં નાઈરોબીમાં અને મોમ્બાસામાં સાંભળ્યું ન હોય તમે.

મુમુક્ષુ :- આ અહીં હોય..

ઉત્તર :- આ તો અહીંયાં બાપા છે તો ચાલો ભાઈ ત્યાં જઈએ. આહા..હા..! એને જાણે કોઈ બીજા દેશમાં ગયા હોય એવું લાગે. આહા..હા..!

ભાઈ! તારી ચીજ જે છે એ તો જ્ઞાન-દર્શન-આનંદ અનંત ગુણનો પિંડ છે અને એમાં જે દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, નામસ્મરણ, એક અપવાસ કરવા, બે અપવાસ કરવા એવી વૃત્તિ ઉઠે છે એ વિકલ્પ છે, શુભરાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ રાગ આસ્રવ

છે. એ રાગ જીવની સાથે બંધરૂપ છે, સ્વભાવરૂપ નથી. આહા..હા..! એનાથી ધર્મ નથી અને ધર્મનું રૂપ નથી. ભારે કામ ભાઈ આવું! એકેન્દ્રિયને હણવા નહિ, 'જીવિયા વહોરવિયા તસ્સમિચ્છામી દુક્કડમ' લ્યો થઈ ગયો ધર્મ. પરજીવને ન મારવાનો ભાવ એ પણ એક શુભરાગ છે, એને બચાવવાનો ભાવ એ પણ એક શુભરાગ છે. આહા..હા..! મારવાનો ભાવ એ અશુભરાગ છે. ભાવ હોં! અશુભભાવ છે. આહા..હા..! ભારે કામ આકરું.

જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ અવિરુદ્ધ સ્વભાવથી અભાવ છે એમાં. આહા..હા..! કેમકે ભાવ આસ્રવ છે. ષોડશ તીર્થંકરભાવના આવે છે. શ્વેતાંબરમાં ૨૦ બોલ આવે છે જ્ઞાતાસૂત્રમાં. અરિહંત સિદ્ધ પવેણ.. ૨૦ અને તત્ત્વાર્થસૂત્રમાં ૧૬ લીધા છે. તો એ ૧૬ બોલ છે એ તીર્થંકરગોત્ર જે ભાવે બંધાય એ બંધનો કારણભાવ છે તો એ ભાવ આસ્રવ છે. એ ભગવાન જીવનો સ્વભાવ અવિરુદ્ધ જ્ઞાન-દર્શન-આનંદ એવા અવિરુદ્ધ સ્વભાવનો એમાં અભાવ છે અર્થાત્ વિરુદ્ધ સ્વભાવ છે. આહા..હા..! ભારે આકરું કામ. અંતરમાં સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધઘન આનંદકંદ પ્રભુ નિર્મળાનંદ આત્મા એકરૂપ ધ્રુવ શુદ્ધ એ આત્મા. એની સાથે પુણ્ય શુભ-અશુભભાવ, પુણ્ય-પાપના ભાવ બેય વિરુદ્ધ સ્વભાવભાવ છે.

'**અવિરુદ્ધસ્વભાવપણાનો અભાવ હોવાથી તેઓ જીવ જ નથી.**' છે? '**જીવ જ નથી.**' આહા..હા..! જીવ હોય તો સિદ્ધમાં પણ રહેવો જોઈએ. એ તો વિકલ્પ વૃત્તિ છે પણ એને ખબર નથી. વૃત્તિ ઉઠે છે શું એની કાંઈ ખબર નથી. બાહ્ય ઉપર લક્ષ જાય છે તો આમ કરું ને આમ કરું ને આ તપ કરું ને અપવાસ કરવું, ચોવિહાર કરું આમ કરું એ તો બધી વૃત્તિઓ છે, રાગ છે. આહા..હા..! એ ભગવાન આત્માનો અવિરુદ્ધ સ્વભાવ જે ત્રિકાળ આનંદ અને જ્ઞાન એમાં અવિરુદ્ધ સ્વભાવનો રાગમાં અભાવ છે. છે? '**અવિરુદ્ધસ્વભાવપણાનો અભાવ હોવાથી તેઓ જીવ જ નથી.**' આહા..હા..! ભારે આકરું કામ ભાઈ! સમજાણું કાંઈ? એ જીવની પર્યાયમાં ઉત્પન્ન થાય છેને? એ કાંઈ જડમાં ઉત્પન્ન નથી થતા. સમજાણું કાંઈ? જીવના પરિણામ છેને? એ તો અશુદ્ધ દૃષ્ટિથી જીવના પરિણામ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

સ્વભાવ ચૈતન્યપુંજ પ્રભુ સમ્યગ્દર્શનનો જે વિષય, સમ્યગ્દર્શનનું જે ધ્યેય, સમ્યગ્દર્શનનો જે આશ્રય, સમ્યગ્દર્શનનું જે અવલંબન એવો નિત્યાનંદ ભગવાન એ સમ્યગ્દર્શનનું અવલંબન અને આશ્રય છે. એ અપેક્ષાએ પુણ્ય-પાપના ભાવ સમ્યગ્દૃષ્ટિ જીવના નથી. અજ્ઞાની એને પોતાના માને છે એ જ મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો અવલદોમની વાત છે. શુકનચંદજી! આ નવા તમારા બહેન અને દીકરીઓને લાવ્યા એને તો આકરું પડે આ બધું. આ વળી શું આવી ચીજ? વળી પાછું ત્યાં ભગવાન પાસે જાય તો .. વગાડે. ભગવાન પાસે જાય ત્યાં .. અરે..! સાંભળ તો ખરો પ્રભુ! દીક્ષા લે છે ત્યારે હિંસા નથી

થતી એમાં? પાણીની, વનસ્પતિની ઘણી હિંસા થાય છે. પણ એ શુભભાવ છે તો હિંસાની એમાં ગણતરી નથી. એ ... વધી જાય તો બાળતા નથી? શું કરે છે? પાલખી. પાલખી બાળે છે એમાં હિંસા છેને અગ્નિ. જીવ મરતા નથી? એ શુભભાવ છે. એનાથી એ મરે છે એની ગણતરી નથી ત્યાં. એ વાત છે. ઝીણી વાત! સમજાણું કાંઈ?

દીક્ષા લે છે ત્યારે તો પાંચ-પાંચ હજાર રૂપિયા ખર્ચે છે, દસ-દસ હજાર રૂપિયા. હાથીને હોદ્દે દીક્ષા થાય છે હોં. એક હાથીનો પગ આમ પડે તો કેટલી કીડી-મકોડા નીચે મરી જાય છે. એ હાથી જોઈને પગ મૂકતા હશે? અમારી દીક્ષા થઈ હતી હાથી ઉપર. મોટો હાથી જબરો હાથી. માંડવામાં ગયા તો તોડવા પડ્યા એવો મોટો હાથી હતો. એ હાથી પગ જોઈને મૂકતો હશે? ત્યારે કહે કે જો એમાં હિંસા હોય અને પાપ એમાં લાગતું હોય તો એવો ઉપદેશ કેમ નથી કરતા? એ પાપ છે. સમજાણું કાંઈ? એ કરવાલાયક નથી. એવો શુભભાવનો એક વિકલ્પ છે. છે તો એ આસ્રવ, છે તો એ બંધનું કારણ. આહા..હા..! અહીંયાં તો પંચ મહાવ્રતના વિકલ્પ પણ બંધનું કારણ અને આસ્રવ છે. ગજબ વાત છે, ભાઈ! એ કહ્યુંને કે '**આસ્રવો જીવ સાથે બંધાયેલા છે;...**' એ જીવનું સ્વરૂપ નથી. જેમ એ ઝાડમાં લાખ બંધાયેલી છે. ઓહો..હો..! એમ જીવ. જ્ઞાનાનંદ સ્વરૂપી પ્રભુ એવી વસ્તુને અહીંયાં આત્મા કહે છે. એ આત્માની સાથે જેટલી શુભ-અશુભ વૃત્તિઓ ઉઠે છે તે જીવ નથી. સમજાણું કાંઈ?

'**જીવ જ નથી.**' એમ જોર દઈને (કહ્યું છે). જીવ નથી એટલું નથી લીધું. '**જીવ જ નથી.**' એ જીવ જ નથી. આહા..હા..! ભગવાન જીવનો સ્વભાવ તો જ્ઞાન, જાણવું, દેખવું, સ્વચ્છતા, શાંતિ, પ્રભુતા એવા અનંત ગુણનો પિંડ આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ અનંત ગુણનો પિંડ એ જીવ. પુણ્ય-પાપની વૃત્તિ ઉઠે છે એ જીવનું સ્વરૂપ પણ નથી અને જીવ પણ નથી. આહા..હા..! એને જીવ માનવો તે જ મિથ્યાત્વભાવ છે. એ અજીવને જીવ માન્યો. પચ્ચીસ મિથ્યાત્વમાં આવે છે. શુકનચંદજી! આવે છે પચ્ચીસ મિથ્યાત્વમાં? અજીવને જીવને માને તો મિથ્યાત્વ, જીવને અજીવ માને તો મિથ્યાત્વ. ભાઈ! ધર્મને અધર્મ માને તો મિથ્યાત્વ, અધર્મને ધર્મ માને તો મિથ્યાત્વ, કુસાધુને સાધુ માને તો મિથ્યાત્વ, સાધુને કુસાધુ માને તો મિથ્યાત્વ. પચ્ચીસ મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :- રાગમાર્ગને મોક્ષનો માર્ગ માની લીધો.

ઉત્તર :- માની લીધું. એમ ચાલ્યું છે અનાદિથી. આ વાત મળી નથી એને. આહા..હા..! સમજાણું કાંઈ? વાત કરે ત્યારે પહેલા એમ કહે કે ભાઈ વ્રત લ્યો. વ્રત પહેલા સમકિત થાય તો વ્રત થાય છે. સમકિત એટલે શું લખો ચોપડીમાં. ચોપડી આદરે છે, વ્રત નહિ. એ દેવ-ગુરુ-શાસ્ત્ર સત્ય છે એ માનો તમે તે સમકિત અને વ્રત લ્યો ચોપડી... અરે ભગવાન!

એ વ્રતનું સ્વરૂપ એવું નથી. સમજાણું કાંઈ?

અહીંયાં તો કહે છે કે '**અવિરુદ્ધસ્વભાવપણાનો અભાવ હોવાથી તેઓ જીવ જ નથી.**' આહા..હા..! જગતને બેસવું કઠણ.

મુમુક્ષુ :- બેસાડે છૂટકો છે.

ઉત્તર :- બેસાડે છૂટકો, નહિ તો જન્મ-મરણનો અંત નહિ આવે. એ નરક અને નિગોદ છે. પ્રવચનસારમાં લીધું છે ૭૭ ગાથામાં, પ્રવચનસાર. પુણ્ય અને પાપમાં વિશેષતા જે કોઈ માને છે એ ઘોર સંસારમાં રખડશે. આહા..હા..! ૭૭ ગાથા છે, પ્રવચનસાર. સમજાણું કાંઈ? છેને? એ કાલે બતાવ્યું હતું પુરુષાર્થસિદ્ધિ ઉપાયની ૧૪મી ગાથા. ભગવાન આત્મા એ પુણ્ય-પાપના આસ્રવ, રાગ અને શરીર અજીવથી સહિત નથી. અજ્ઞાનીને સહિત ભાસે છે કે હું રાગસહિત છું એ મિથ્યાત્વ ચાર ગતિમાં રખડવાનું બીજ છે. ભવબીજ. આ પ્રવચનસાર ૭૭ (ગાથા).

**ण हि मण्णदि जो एवं णत्थि विसेसो त्ति पूणणपावाणं।**

શુભભાવ અને અશુભભાવમાં કાંઈ ફેર નથી. બેય રાગ છે, દુઃખ છે અને વિકાર છે. એમ નથી માનતા (તે)...

**हिंडदि घोरमपारं संसारं मोहसंछण्णो।।७७।।**

ઘોર નરક અને નિગોદના સંસારમાં રખડશે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે એ અજીવ છે પુણ્ય-પાપના ભાવ. એ પ્રવચનસારમાં છે. પ્રવચનસાર ૭૭ ગાથા. પ્રવચનસાર છે. લીધું હતુંને કાલે લીધું હતું. પ્રવચનસાર લીધુંને? હિન્દી નથી. અહીં પુસ્તક ખલાસ થઈ જાય છે. જેટલા છપાયને, આ એક મહિનામાં ૨૫ હજારના પુસ્તક ખપ્યા, એક મહિનામાં ૨૫ હજારના. ઘણાં લોકો માગે છે. લાવો.. લાવો.. ભાઈ શું છે આ? સોનગઢ શું કહે છે? એક મહિનામાં ૨૫ હજારના આહા..હા..! પુસ્તકો. એ ભાઈ કહેતા હતા. અમને તો કોઈ કહે તો ખબર પડે. આપણને ક્યાં કાંઈ ખબર હોય. કાંતિભાઈ છેને આપણા મેનેજર. ભાયાણી. એક મહિનામાં ૨૫ હજારના પુસ્તકો ખપ્યા. પુસ્તક તો ઘણા છેને. લાખો રૂપિયાના પુસ્તકો બહાર પડ્યા છે. ઓહો..હો..!

કહે છે એકવાર સાંભળ તો ખરો પ્રભુ! એ પ્રવચનસારમાં છે. જુઓ.

**નહિ માનતો—એ રીત પુણ્યે પાપમાં ન વિશેષ છે,**
**તે મોહથી આચ્છન્ન ઘોર અપાર સંસારે ભમે. ૭૭.**

આહા..હા..! દર્શનમોહની વાત આવી, મિથ્યાત્વની વાત છે. આહા..હા..! જગતથી ભારે ઊંધું. આહા..હા..! આ તો દયા પાળો, વ્રત કરો, તપ કરો. પછી ઉજવે આ બધા ભેગા થઈને. ક્યાં ગયા તમારા મામા નથી આવ્યા? કેમ હજી ઠીક નથી? ત્યાં ભાઈ કર્યું હતું

એણે .. એના બાપે ત્યાં. પૈસા ખર્ચ્યા ને ફલાણું કર્યું ને ઢીંકણું (કર્યું). બધા વખાણે કે ઓહો..હો..! ગોંડલમાં. ઓલા .. છેને. હમણા આ ફેરી કર્યું હતું. રતિલાલ છેને ત્યાં. ચોમાસુ એનામાં કર્યું હતું એના માટે. ત્યાં જાય દરરોજ અને શેઠ તરીકે વખાણે. ઓહો..હો..! ગોંડલ. આહા..હા..!

મુમુક્ષુ :- એના બાપના મોટા ભાઈ..

ઉત્તર :- રતિલાલને? આ નવિનભાઈ. અરે પ્રભુ! માર્ગ આ ક્યાં વાડાનો માર્ગ છે? આહા..હા..!

આ તો સર્વજ્ઞ.. ઓહો..હો..! એક એક સમયની જીવ અને જડની પર્યાય. ઈ એક એક પર્યાયમાં અનંતા અવિભાગ પ્રતિચ્છેદના અંશ એને ભગવાન પૃથક્ પૃથક્ દેખે-જાણે. આહા..હા..! સમજાણું કાંઈ? એ કેવળજ્ઞાનની કેટલી કિંમત! એક સમયનું કેવળજ્ઞાન છે. કેમકે કેવળજ્ઞાન એ પર્યાય છે. એક સમયે રહે છે અને બીજે સમયે બીજી થાય છે. એનું એ કેવળજ્ઞાન બીજે સમયે ન રહે. એવુંને એવું આવે પણ એ નહિ. કેવળજ્ઞાન પર્યાય છે, ગુણ નથી. ગુણ તો ત્રિકાળ આત્મામાં પડ્યો છે એકરૂપ તેને ગુણ કહે છે. આહા..હા..! રાડ નાખી જાયને. ઓલો હતોને ઓલો એક. તમે સમકિતને પર્યાય કહો છો. સમકિત ગુણ છે. એમ આવ્યું હતું એક ફેરી. એ બિચારા મરી ગયા કે એવું કાંઈક છે. સુરી. સુરીશ્વર. .. ક્ષુલ્લક હતા ક્ષુલ્લક દિગંબરના. પછી અહીંયાં આત્મધર્મમાં આવેને સમકિત એ પર્યાય છે. એ ભડક્યો. કોઈ દિ' દિગંબર થઈને સાંભળ્યું નથી. સમકિત એ પર્યાય? સિદ્ધમાં તો આઠ ગુણ વર્ણવ્યા છે. સમકિતના આઠ ગુણ. અરે..! પણ ગુણનો અર્થ એ પર્યાય છે. ગુણ કેવા? ગુણ તો ત્રિકાળ છે. નવી ઉત્પન્ન થાય તે ગુણ ઉત્પન્ન થાય? એ તો પર્યાય છે. એટલીયે ખબર નથી હજી વ્યવહારના ઠેકાણા નથી. આહા..હા..! અરે! અને એને ક્ષુલ્લકપદ થઈ જાય, મુનિપણું થઈ જાય. ધૂળમાંય નથી રખડી મરશે ચોર્યાસીના અવતારમાં. સમજાણું કાંઈ?

કહે છે લ્યો એ આવ્યું જુઓ, '**શુભાશુભ ઉપયોગના દ્વૈતની માફક અને સુખ-દુઃખના દ્વૈતની માફક, પરમાર્થે પુણ્ય-પાપનું દ્વૈત ટકતું-રહેતું નથી;...**' એમ છે ૭૭ ગાથામાં છે, પ્રવચનસાર. જેમ એ શુભ-અશુભભાવ બે પ્રકારના છે એ આત્માની ચીજ નથી. એ રીતે તેનાથી પુણ્ય-પાપ બંધન થાય એ પણ આત્માની ચીજ નથી અને એનાથી જે સંયોગ મળે અનુકૂળ-પ્રતિકૂળ આ ધૂળ આદિ એ પણ આત્માની ચીજ નથી. સમજાણું કાંઈ? દ્વૈત ટકતું જ નથી. એ એકરૂપ સદાય વિકાર.

'(**લાખના નિમિત્તથી પીપળ આદિ વૃક્ષનો નાશ થાય છે.**' પીપળ આદિ લીધુંને. બાવળ હોય છે બાવળ સમજ્યા? બબુલ બબુલ. કાંટાવાળા ઝાડ હોય છેને. એમાં લાખ થાય છે. '**વૃક્ષનો નાશ થાય છે. લાખ ઘાતક અર્થાત્ હણનાર છે અને વૃક્ષ વધ્ય**

**અર્થાત્ હણાવાયોગ્ય છે. આ રીતે લાખ અને વૃક્ષનો સ્વભાવ એકબીજાથી વિરુદ્ધ છે માટે લાખ વૃક્ષ સાથે માત્ર બંધાયેલી જ છે; લાખ પોતે વૃક્ષ નથી. તેવી રીતે આસ્રવો ઘાતક છે...'** આહા..હા..! દયાનો ભાવ પરનો, પરને નહિ મારવાનો ભાવ, સત્ય બોલવાનો ભાવ, બ્રહ્મચર્ય પાળવાનો ભાવ એ જીવના સ્વભાવનો ઘાતક. આ સાંભળ્યું જાય નહિ. એય..!

મુમુક્ષુ :- સોનગઢનું વ્યાખ્યાન જ એવું છે.

ઉત્તર :- સોનગઢનું ક્યાં છે? આ તો ભગવાનનું છે. આહા..હા..! આ શાસ્ત્ર ક્યાંનું છે? અહીં બનાવ્યું છે? છેને જુઓને. કુંદકુંદાચાર્યનું સંસ્કૃત છે જુઓ ઉપર. '**जतुपादपवद्वध्यघातकस्वभावत्वाज्जीवनिबद्धाः खल्वास्रवाः, न पुनरविरुद्धस्वभावत्वाभावाज्जीव एव।**' સંસ્કૃત છે ઉપર. અહીંનું બનેલું છે? પણ લોકોએ સત્ય શાસ્ત્ર સાંભળ્યું જ નથી. સમજાણું કાંઈ? પા કલાક વહેલું પૂરું થાશે, પોણા ચારે બંધ કરશું. બા ગુજરી ગયા છેને. નવલભાઈના બા ગુજરી ગયા છે. ભક્તિ બંધ રાખી, ભક્તિ બંધ રાખી છે. સમજાણું કાંઈ? એ વૃક્ષનો સ્વભાવ અને લાખનો સ્વભાવ એકબીજાથી વિરુદ્ધ છે. '**માટે લાખ વૃક્ષ સાથે માત્ર બંધાયેલી જ છે; લાખ પોતે વૃક્ષ નથી. તેવી રીતે આસ્રવો ઘાતક છે અને આત્મ વધ્ય છે.**' આહા..હા..! અરેરે..! મહિના-મહિનાના અપવાસ કરે, બિચારા વર્ષીતપ કરે અને રાગની મંદતા કાંઈક હોય તો હોં! એય..! એ શુભભાવ એ આત્માની શાંતિ સ્વભાવનો ઘાતક છે અને શુભભાવમાં આત્માની અવસ્થા ઘાત થવાલાયક છે. એય..! ભારે! નવા માણસને તો એવું લાગેને કે આ શું કહે છે?

મુમુક્ષુ :- ઉનાળામાં સાકરનું પાણી કેવું લાગે?

ઉત્તર :- ચીમનભાઈ કહેતા હતા કે આ નવી ખોજ છે. ભાઈ! એમ અનુકૂળ લે છે. નવી ખોજ છે. વીતરાગનો માર્ગ એ જ માર્ગ અનાદિનો છે. આહા..હા..! નવી ખોજ નથી. આહા..હા..! અરે! ધર્મ તે કોઈ આલીદુઆલીની ચીજ છે? આહા..હા..! એ તો વીરોના કામ છે. એ શુભ-અશુભ લાગણી આત્માના સ્વભાવનો ઘાત કરનારી છે. આહા..હા..! અને આત્મા એ શુભ પરિણામના સમયે પોતાની સ્વચ્છતા, શાંતિની પર્યાય હણાવા લાયક થઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**લાખ પોતે વૃક્ષ નથી. તેવી રીતે આસ્રવો ઘાતક છે અને આત્મ વધ્ય છે. આમ વિરુદ્ધ સ્વભાવો હોવાથી આસ્રવો પોતે જીવ નથી.)**' આહા..હા..! આસ્રવ પોતે જીવ નથી. આહા..હા..! રાડ નાખે. ત્યારે શું જડ છે? પુદ્ગલમાં એ ભાવ થાય છે?

મુમુક્ષુ :- એનામાં જ્ઞાન નથી.

ઉત્તર :- એનામાં જ્ઞાન નથી. એ રાગ છે, વિકલ્પ વૃત્તિ છે. એ જ્ઞાનસ્વરૂપ ભગવાન

એનો અંશ એમાં નથી. એ કારણે તેને અજીવ અને અચેતન કહેવામાં આવે છે. એ કાંઈ પરમાણુ નથી. સમજાણું કાંઈ? પણ ભગવાન આત્મા જ્ઞાનની જ્યોત ઝળહળ જ્યોતિ પ્રભુ એના ચૈતન્ય સ્વભાવથી રાગનો ભાવ વિરુદ્ધ ભાવ છે. રાગ પોતાને જાણતો નથી અને રાગ આત્માને જાણતો નથી. એ રાગ બીજા દ્વારા જણાય છે તેથી રાગને અહીંયાં જડ અને અચેતન કહેવામાં આવે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એક બોલ થયો, એક બોલ થયો. '**जीवणिबद्धा**' આહા..હા..! એક થયો. બીજો બોલ છે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા વદ-૫, ગુરુવાર, તા. ૨૮-૦૯-૧૯૭૨
## ગાથા-૭૪, પ્રવચન-૧૭૬

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

સમયસાર, કર્તા કર્મ (અધિકાર). શિષ્યનો પ્રશ્ન છે. ઉપર છેને ઉપર? એ ચાલે છે. ઉપર છે. '**હવે પૂછે છે કે જ્ઞાન થવાનો...**' સ્વરૂપનો અનુભવ આનંદનું ભાન થવાનો '**અને આસ્રવોની નિવૃત્તિનો સમકાળ (એક કાળ) કઈ રીતે છે?**' એવો પ્રશ્ન છે. જે સમયે અંધકારનો નાશ થાય છે એ જ સમયે પ્રકાશની ઉત્પત્તિ થાય છે. જે સમયે પ્રકાશની ઉત્પત્તિ થાય છે એ જ સમયે અંધકારનો નાશ થાય છે. સમકાળ છે કે નહિ? એ પૂછે છે. નિજ સ્વભાવ શુદ્ધ જ્ઞાનઘન એના આનંદના વેદનનો અનુભવ તે જ્ઞાન અને એ જ્ઞાન થવાથી તે જ સમયે મિથ્યાત્વ આદિનો આસ્રવ એનાથી નિવૃત્તિ તે જ સમયે થાય છે? કે પહેલા સમ્યગ્દર્શન થાય અને પછી મિથ્યાત્વના આસ્રવની નિવૃત્તિ થાય છે? તો મિથ્યાત્વ આસ્રવની નિવૃત્તિ થાય અને પછી સમ્યગ્દર્શન પમાય છે એમ છે? આ પ્રશ્ન છે. સમકાળ છે. ગાથા.

जीवणिबद्धा एदे अधुव अणिच्चा तहा असरणा य।
दुक्खा दुक्खफल त्ति य णादूण णिवत्तदे तेहिं।।७४।।

નીચે હરિગીત.

**આ સર્વ જીવનિબદ્ધ અધ્રુવ, શરણહીન, અનિત્ય છે,**
**એ દુઃખ, દુખફળ જાણીને એનાથી જીવ પાછો વળે, ૭૪.**

ટીકા. પહેલા બોલની વાત '**जीवणिबद्धा**'. શુભ અને અશુભભાવ એ જીવની સાથે નિબદ્ધ છે, સ્વરૂપ નથી. આહા..હા..! જેમ કર્મ સંયોગરૂપ છે પણ ઈ પરદ્રવ્ય છે. એમ ભગવાન આત્મામાં શુદ્ધ જ્ઞાનઘન સ્વભાવી ચીજમાં એ શુભ અને અશુભ વિકલ્પો રાગ એ નિબદ્ધ છે, સ્વસંબંધ સ્વસ્વરૂપ નથી. એ વ્યાખ્યા કરે છે. '**વૃક્ષ અને લાખની જેમ...**' પીપળનું ઝાડ હોય છે. પીપળનું ઝાડ અને લાખ. લાખ સમજો છો? '**જેમ વધ્ય-ઘાતકસ્વભાવપણું હોવાથી...**' ભગવાન આત્મા એ વૃક્ષ વધ્ય છે અને લાખ ઘાતક છે. બરાબર છે? પીપળનું ઝાડ પર્યાયમાં હણાવા લાયક છે ત્યારે લાખ ઘાતક છે. આવો '**વધ્ય-ઘાતકસ્વભાવપણું હોવાથી આસ્રવો જીવ સાથે બંધાયેલા છે;...**' જેમ વૃક્ષની સાથે લાખ એમ ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિ આનંદસ્વરૂપ પ્રભુ એની સાથે એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, નામ સ્મરણ, હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ આસ્રવ જીવની સાથે બંધાયેલા છે. પોતાનો સ્વભાવ નથી. આહા..હા..! આસ્રવતત્ત્વ છેને? નવ તત્ત્વમાં આસ્રવ ભિન્ન છે. જ્ઞાયક ભિન્ન છે. આ ભેદજ્ઞાન છે.

ભગવાન આત્મા વધ્ય છે અને પુણ્ય અને પાપના વિકલ્પો ઘાતક છે. આહા..હા..! પોતાનો સ્વભાવ અકષાય શાંતસ્વરૂપ એમાં પર્યાયમાં વધ થવાની લાયકાત જીવમાં છે અને પુણ્ય અને પાપનો બેય ભાવ ઘાતક છે. હસ્તીમલજી! એવી વાત છે. આહા..હા..! છે? એ '**વૃક્ષ અને લાખની જેમ...**' જેમ કહે છેને હિન્દીમાં? '**વધ્ય-ઘાતકસ્વભાવપણું હોવાથી આસ્રવો જીવ સાથે બંધાયેલા છે;...**' આહા..હા..! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનનો પુંજ પ્રભુ આત્મા છે. એ જ્ઞાનનો પુંજ નૂરનું પૂર. જ્ઞાનના તેજનું પૂર પ્રભુ આત્મા છે. આહા..! એની સાથે શુભ અને અશુભભાવ એ ઘાતક છે. જીવની શાંતિની પર્યાયનો ઘાતક છે અને પર્યાય છે એ વધ્ય નામ હણાવાલાયક છે.

'**આસ્રવો જીવ સાથે બંધાયેલા છે; પરંતુ અવિરુદ્ધસ્વભાવપણાનો અભાવ હોવાથી...**' આહા..હા..! ભગવાન આત્માનો જ્ઞાન, શાંતિ, આનંદ સ્વભાવ એ પોતાનો અવિરુદ્ધ સ્વભાવ છે. એ અવિરુદ્ધ સ્વભાવનો અભાવ હોવાથી. એ પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવમાં અવિરુદ્ધ સ્વભાવનો અભાવ હોવાથી તે જીવ નથી. આહા..હા..! ભારે કામ ભાઈ! પહેલા સમ્યગ્દર્શનની વાત છે આ તો. સમજાણું કાંઈ? બીજે ઠેકાણે એ વ્યવહારને કારણ કહ્યું, સાધન કહ્યું. એને અહીંયાં ઘાતક કહ્યું. ભાઈ! એ બીજે ઠેકાણે કહ્યું એ તો એ ભૂમિકામાં રાગની મંદતાની કેટલી હદ છે એટલું જ્ઞાન કરાવવા કહ્યું છે. સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે, ભગવાન! એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! તારી ચીજ તો સચ્ચિદાનંદ પ્રભુ છે. સત્ છે, શાશ્વત ચિદ્ અને આનંદ મુખ્ય એનો સ્વભાવ છે. એવા તો અનંત સ્વભાવ છે. એ ગુણ સદશરૂપ ધરનાર દ્રવ્યસ્વભાવ જે સમ્યગ્દર્શનનો વિષય છે, જે સમ્યગ્દર્શનનું ધ્યેય છે. વિષયકુરુ એમ પરમઅધ્યાત્મ તરંગિણીમાં આવ્યું છે. સમ્યગ્દર્શનમાં વિષય કરવા લાયક એ ધ્રુવ છે. આહા..હા..! હસ્તિમલજી! બહારની વાત સાંભળી બહુ. આહા..હા..! ભાઈ! તારી ચીજ શું છે? એ તો અકષાયરસ સ્વરૂપ છે. 'જિન સો હી હૈ આત્મા' એ આત્મા અર્થાત્ જિનસ્વરૂપે ભગવાન છે. વીતરાગ સ્વરૂપે જ આત્મા છે. અકષાયરસકંદ એમાં એ પુણ્ય અને પાપની વૃત્તિઓ ઉઠે છે એ આત્માના ધર્મની પર્યાયની ઉત્પત્તિમાં ઘાતક છે. આકરું કામ ભારે ભાઈ જગતને. પ્રથમ ભેદજ્ઞાન શું ચીજ છે? સમજાણું કાંઈ? એ વૃક્ષની અને લાખની જેમ જીવમાં આસ્રવ એની પેઠે છે. આહા..હા..! તો તને ભેદજ્ઞાન કરવામાં આસ્રવના પરિણામનું લક્ષ છોડ. ભગવાન આત્મા પૂર્ણાનંદ ધ્રુવ નિત્યાનંદની અંતર દૃષ્ટિ કર, તને ભેદજ્ઞાન થશે. એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**અવિરુદ્ધસ્વભાવપણાનો...**' ભગવાન આત્મામાં જ્ઞાન-દર્શન-આનંદ એ તો તેનો અવિરુદ્ધ સ્વભાવ છે અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામ સ્મરણ, હિંસા, જૂઠું, ચોરી, વિષયવાસના, ક્રોધ, માન, માયા, લોભ, રતિ, અરતિના પરિણામમાં અવિરુદ્ધ સ્વભાવનો અભાવ છે. સમજાણું કાંઈ? જેઠાલાલભાઈ! છે? પરંતુ તે જીવ નથી. આહા..હા..! જીવ નથી એ જીવના સ્વભાવમાં સાધન થાય એમ કદી ન બને. સમજાણું કાંઈ? કહો શુકનચંદજી!

મુમુક્ષુ :- બહુ અટપટી વાત છે.

ઉત્તર :- બહુ અટપટી નથી, ભગવાન! ઘણી સત્ સરળ વાત છે. પણ કદી સાંભળી નથી, કદી પ્રગટ (કરી નથી). અનંત કાળમાં નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો દ્રવ્યલિંગ ધારણ કરીને, પણ આ ચીજ શું છે? અને એ ચીજનો સ્પર્શ કેમ થાય? (એને જાણ્યું નહિ). તો એનો સ્વભાવ જ એવો છે ભગવાનનો, ભગવાન નામ આત્મા, એ તો પોતાના સ્વભાવથી જ જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા જ છે. સમજાણું કાંઈ? એ વ્યવહાર જે વિકલ્પ છે એનાથી જણાય એવો એનો સ્વભાવ જ નથી. આહા..હા..! કેમકે ભગવાન આત્માના જ્ઞાતા-દૃષ્ટા આનંદ આદિ જે અવિરુદ્ધ સ્વભાવવાન સ્વભાવવાન છે, અવિરુદ્ધ સ્વભાવવાન છે એવા અવિરુદ્ધ સ્વભાવનો પુણ્ય-પાપ, શુભ-અશુભભાવમાં અભાવ છે. સમજાય છે ભાઈ? થોડું-થોડું. પૈસામાં તો બહુ સમજાય છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! '**તેઓ જીવ જ...**' જીવ નહિ એમ પણ નહિ. '**જીવ જ નથી.**' આહા..હા..! નિશ્ચયપૂર્વક.

મુમુક્ષુ :- પ્રમાણવાળો જીવ લેવો?

ઉત્તર :- પ્રમાણવાળો જીવ નિશ્ચયનયે નથી. શક્તિથી જ્યાં વર્ણન કર્યું, શક્તિનું વર્ણન જ્યાં કર્યું. ૪૭ શક્તિ છેને? ત્યાં તો એના પ્રમાણમાં મલિનની પર્યાય પણ પ્રમાણમાં લીધી નથી. આહા..હા..! આવી વાત છે. આવી ગઈ છે બધી વાત આપણે તો. અહીં તો ૩૮ વર્ષ થયા. છેલ્લે શક્તિઓ છેને ૪૭? જીવત્વ, ચિતિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ એ બધી શક્તિઓ ગુણ છે અને ગુણનો ધરનાર દ્રવ્ય છે. તો એવી જેની દૃષ્ટિ થાય એનું પરિણમન નિર્મળ છે એને પ્રમાણજ્ઞાનમાં ગણવામાં આવે છે. અને પછી રાગનું જ્ઞાન કરે છે એમ લેવું હોય તો એ અસદ્ભૂત વ્યવહારનયની વાત છે. જ્ઞાન કરવામાં હોં! પરિણતિમાં રાગ છે એવું જ્ઞાન કરવા ... વ્યવહારનું જ્ઞાન. એ ૧૨મી ગાથામાં આવ્યુંને? '**परिज्ञायमानस्तदात्वे**' જાણેલો પ્રયોજનવાન છે. ઈ ૧૨મી ગાથામાં આવ્યું.

ભગવાન આત્મા '**ववहारोऽभूदत्थो**' ૧૧મી ગાથા જૈન શાસનના પ્રાણ છે. વ્યવહાર નામ એક સમયની પર્યાય અને રાગાદિ બધા અભૂતાર્થ છે. '**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ।**' ભૂતાર્થ ત્રિકાળ ધ્રુવ જ્ઞાયકસ્વભાવ એ જ શુદ્ધનય છે. શુદ્ધનયનો વિષય પણ ત્યાં પહેલો નથી લીધો. નય અને નયનો વિષય એક ગણવામાં આવ્યા છે. '**भूदत्थो भूदत्थो देसिदो**' ભગવાનની વાણીમાં ભૂતાર્થ ભાવને જ શુદ્ધનય કહેવામાં આવ્યો છે. પછી લીધું, '**भूदत्थमस्सिदो खलु**' આ ત્રીજું પદ છે ૧૧મી ગાથાનું. વ્યવહાર અભૂતાર્થ છે. ગૌણ કરીને હોં! પર્યાય નથી એમ નહિ. ગૌણ કરીને ત્રિકાળીની દૃષ્ટિ કરાવવા પોતાનું પ્રયોજન સુખની શ્રદ્ધા અને સમ્યગ્દર્શનની પ્રયોજનની સિદ્ધિ કરવા પર્યાયને ગૌણ કરીને ત્રિકાળને જ ભૂતાર્થ કહેવામાં આવ્યો, પર્યાયનો અભાવ કરીને નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**ववहारोऽभूदत्थो**' અભૂતાર્થ અવિદ્યમાન છે. અને '**भूदत्थो देसिदो दु सुद्धणओ।**' ભૂતાર્થ પ્રભુ એક સમયમાં ધ્રુવ અવિકારી રસકંદ પ્રભુ એ જ શુદ્ધનય છે. '**भूदत्थमस्सिदो**' એ ત્રિકાળી ધ્રુવનો આશ્રય કરવાથી સમ્યગ્દૃષ્ટિ થવાય છે. '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**' એ ૧૧મી ગાથા છે.

પછી ૧૨માં લીધું કે આમ છે તો એની પર્યાયમાં નબળાઈનો ભાવ છે કે નહિ? અને શુદ્ધતાની અલ્પતા છે કે નહિ? ભૂતાર્થમાં તો પર્યાયને પણ કાઢી નાખી. સમજાણું કાંઈ? તો કહે છે કે એવી દૃષ્ટિ જ્યાં થઈ તો એની સાથે જ્ઞાન થયું એ જ્ઞાન શુદ્ધતાની અલ્પતા અને અશુદ્ધતાનો રાગ એવો જાણેલો પ્રયોજનવાન છે અથવા જાણાયેલો પ્રયોજનવાન છે એવી વાત છે. વર્તમાનકાળ લે છે. સમજાણું કાંઈ? વ્યવહાર આદરણીય-ફાદરણીય છે નહિ. સમજાણું કાંઈ? હોય છે, પણ જાણેલો પ્રયોજનવાન છે. એ ૧૨મી ગાથામાં છે. ૧૨મી ગાથા છેને? આ સમયસારમાં છેને? ૧૨મી ગાથા છે. '**विचित्रवर्णमालिका-स्थानीयत्वात्परिज्ञायमानस्तदात्वे प्रयोजनवान्;**' સંસ્કૃતમાં છે. પાંચ-છ છેલ્લી લીટીથી બીજી

લીટી અને અર્થમાં છે. સંસ્કૃતમાં છે. '**व्यवहारनयो**' એ છેને? છેલ્લેથી બીજી લીટી. '**व्यवहारनयो विचित्रवर्णमालिका-स्थानीयत्वात्परिज्ञायमानस्तदात्वे प्रयोजनवान्**' તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. આહા..હા..! નંદકુમારજી! સૂક્ષ્મ વાત છે, ભગવાન! આહા..હા..! ફક્ત તે કાળે મંદતા રાગની છે અને શુદ્ધતાની પૂર્ણતા નથી તો તેને '**तदात्वे**' એમ શબ્દ પડ્યો છે. તે તે કાળે જાણેલો, જાણેલો તો અપેક્ષા થઈ પણ જણાય છે તો તેને પ્રયોજનવાન કહેવામાં આવે છે. આહા..હા..! આ વસ્તુ સિદ્ધાંત છે. જૈનદર્શનનું રહસ્ય તો આ છે. સમજાણું કાંઈ?

એ '**तदात्वे**' શબ્દ પડ્યો છે. કેમ? કે એક સમયમાં જેટલી શુદ્ધતા પ્રગટ થઈ છે અને એ સમયે જેટલી અશુદ્ધતા છે એ સમયે તેને જ જાણેલો, બીજે સમયે શુદ્ધતાનો અંશ વધ્યો છે, અશુદ્ધતા ઘટી છે તો એ સમયે એ જાણેલો એમ તે તે કાળે '**तदात्वे**' જાણેલો પ્રયોજનવાન છે. માર્ગ આ છે, ભગવાન! આહા..હા..! હજી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન શું ચીજ છે અને તેને વ્યવહાર કોને કહે છે એની ખબર નથી. સમજાણું કાંઈ? સંસ્કૃત છે પણ નીચે ગુજરાતી છે. '**વ્યવહારનય, વિચિત્ર (અનેક) વર્ણમાળા સમાન હોવાથી, જાણેલો તે કાળે પ્રયોજનવાન છે.**' હિન્દી છે નીચે. જાણેલો તે કાળે. બહુ ગંભીર ભાષા છે. સમયે સમયે પોતાના દ્રવ્યનો આશ્રય લઈને જે સમ્યગ્દર્શન થયું ત્યારે તેની સાથે જ્ઞાન થયું, દૃષ્ટિનો વિષય તો અભેદ છે પણ જે જ્ઞાન થયું એ અભેદને પણ જાણે છે અને વર્તમાન શુદ્ધિની અલ્પતા અને અશુદ્ધતાનો ભાવ તેને પણ જાણે છે. તો એ જાણેલો-જાણવામાં આવતો પ્રયોજનવાન છે બસ. શુકનચંદજી! અરે ભગવાન! આ તો એના ઘરની વાત છે.

ભજનમાં નથી આવતું? 'અબ હમ કબહુ ન નિજ ઘર આયે' આવે છે? 'પર ઘર ભમત ફિરત અનેક નામ ધરાયે' પણ ભગવાન શુદ્ધ આનંદકંદ નાથ એના અંતર ઘરમાં કદી ગયો નહિ. દિશા પલટી નહિ તો દશા પલટી નહિ. શું કહ્યું? દિશા જ્યારે રાગ અને પર્યાય ઉપર હતી ત્યારે દશા મિથ્યાત્વ હતી. પણ દિશા જ્યાં પલટી, અંતર્મુખ જ્યાં દિશા થઈ તો દશા પલટી ગઈ. પંડિતજી! આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન! માર્ગ તો એવો છે. વાદવિવાદે પાર નહિ પડે. 'સદ્ગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' સમયસાર નાટકમાં આવે છે.

એ તો અમારે બહુ ચર્ચા ચાલી હતી ૮૩ની સાલમાં. ૮૩. ૪૫ વર્ષ પહેલા. એક શેઠ હતા ગૃહસ્થ મોટા. અત્યારે તો પૈસા ઘણા થઈ ગયા. પણ એ વખતે તો એની પાસે દસ લાખ હતા. ૪૦ હજારની ઉપજ હતી. ૬૦ વર્ષ પહેલાં. એ બહુ સત્તાપ્રિય માણસ હતા. તો કાંઈક સત્યની વાત કહેતા હતા તે માને નહિ. સમજાણું કાંઈ? વાદવિવાદ કર્યા કરે.

કીધું શેઠ! વાદવિવાદ ન કરવો હોં! આ તો 'સદ્ગુરુ કહે સહજ ધંધા.' આ તો સ્વભાવ સન્મુખ થવું એ સહજનો ધંધો છે. સમજાણું કાંઈ? એમાં વ્યવહારથી નિશ્ચય થાય છે, વ્યવહારની અપેક્ષા છે તો નિશ્ચય ઉત્પન્ન થાય છે. ભગવાન! વસ્તુમાં એમ નથી હોં! સમજાણું કાંઈ? ઘણી ચર્ચા થઈ હતી. બહારનો આગ્રહ છેને જગતને. પોતાની ચીજ શું છે અંદર પૂર્ણાનંદ પ્રભુ એ તરફની દિશા પલટતા દશા પલટી જાય છે અને જ્યાં સુધી પર્યાય અને રાગ ઉપર બુદ્ધિ છે તો એ દિશા પરમાં છે તો દશા મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં એ કહે છે. આહા..હા..! '**તેઓ જીવ જ નથી.**' આહા..હા..! પ્રભુ! શું કહે છે? કૌંસમાં '**(લાખના નિમિત્તથી પીપળ આદિ વૃક્ષનો...**' આદિ કેમ લીધું? બાવળનું ઝાડ હોય છેને બાવળનું? એમાં પણ લાખ થાય છે. એકલા પીપળમાં થાય એવું નથી. બાવળમાં પણ થાય છે. શેમાં છે?

મુમુક્ષુ :- થોર.

ઉત્તર :- હા. એ જોયું નથી. આ તો જોયું એટલી વાત છે. બાવળમાં થાય છે અને પીપળમાં થાય છે. આ તો અમે નજરે જોયું છે. કહ્યું હતું, અમારે દુકાન હતીને પાલેજમાં. તો એકવાર ૬૬ની સાલમાં અમે ભાવનગર આવ્યા હતા. દીક્ષિત તો ૭૦માં થયાને. ૭૦. ૫૯ વર્ષ થયા. એકવાર અમે ભાવનગર આવ્યા હતા દુકાન ઉપરથી. તો સેંકડો પીપળ હતી ભાવનગર છેને .. મોતીબાગ. સેંકડો. બીજે વર્ષે જ્યારે અમે આવ્યા તો એકેય પીપળ નહોતી. મેં કહ્યું આ શું થયું? કે લાખ થઈ હતી. લાખ. લાખમાં ખલાસ થઈ ગઈ. સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ વૃક્ષની પેઠે અનાદિ-અનંત ધ્રુવ છે. એમાં જે લાખ પુણ્ય-પાપ જેવો ભાવ એની રુચિ કરવાથી જીવનો અનાદર થાય છે. અનાદર થાય છે એનો અર્થ? એનો નાશ થાય છે શ્રદ્ધામાં. વસ્તુ તો વસ્તુ છે. વસ્તુનો કાંઈ નાશ થઈ જાય છે? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન! તારી ચીજમાં એ પુણ્ય-પાપનો તો ત્રિકાળી અભાવ છે. સમજાણું કાંઈ? એ જીવનું સ્વરૂપ જ નથી. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ જીવ નહિ. કોણ માને? કેમકે એ ભાવથી બંધન થાય છે. ષોડશકારણ ભાવના તો આસ્રવ છે. એય..! આહા..હા..! ભારે કામ ભાઈ! કહે છે કે '**(લાખના નિમિત્તથી પીપળ આદિ વૃક્ષનો નાશ થાય છે.**' આ તો નજરે જોયું છે. અને આપણે ઓલા નાના ગામમાં નહોતા ગયા હતા? અણિયાળી. ત્યાં આ વાત નીકળી હતી. ત્યાં બાવળમાં લાખ હતી. બાવળ હતાને બબુલ. ત્યાં અંદર લાખ હતી લાખ. ... અણિયાળી, ભાઈ! તમારે રાજકોટ પાસે. ..ના દરબાર.

મુમુક્ષુ :- દરબારમાં આપણે ઉતર્યા હતાને.

ઉત્તર :- દરબારમાં ઉતર્યા હતા. ત્યાં બહાર .. હતો ત્યાં બાવળનું ઝાડ હતું. લાખ

છે. પીપળમાં તો પણ લાખ થાય, પણ અહીં પણ લાખ છે બાવળમાં પણ. એમ ભગવાન આત્મા અનાદિ-અનંત વૃક્ષની પેઠે ફાલેફુલે દશા એવી એ ચીજ છે. પણ એની દૃષ્ટિમાં જ્યારે ન આવે ત્યારે એ પુણ્ય અને પાપની પર્યાય પણ ભિન્ન છે, અનાદિથી આવ્યા છે, રહ્યા છે તો તે ભાવ આત્માની શાંતિનો ઘાત કરનારા છે.

મુમુક્ષુ :- ...નાશ થાય છે કે વિકાસ થાય છે?

ઉત્તર :- એ અંતરથી જાણવું છે કે બહારથી? વિકલ્પ થાય છે એ ભલે હો, પણ આત્મા એનાથી ભિન્ન છે એવી દૃષ્ટિમાં વિકાસ જ થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બેયમાં વિકાસ. શ્રદ્ધા-જ્ઞાન જે થયા એ વિકલ્પ કાળે પણ શ્રદ્ધા-ગુણનું કાંઈ કાર્ય છે કે નહિ? સમજાણું કાંઈ? વસ્તુની દૃષ્ટિ થઈ, જ્ઞાન થયું, પછી વિકલ્પ આવ્યો તો એ શ્રદ્ધા, જ્ઞાનની પર્યાયમાં જે કાર્ય થયું એનું કોઈ કાર્ય છે કે નહિ? કે મફત પડ્યા છે એ? સમજાણું કાંઈ? એ જ સમયે શ્રદ્ધા-જ્ઞાન કામ કરે છે. શ્રદ્ધા દ્રવ્યનો આશ્રય કરે છે અને ગુણ દ્રવ્યનું લક્ષ અને પર્યાયનું પણ લક્ષ, જાણવામાં આવે છે. એટલી વાત છે. આહા..હા..! પહેલી વાત જ સમ્યગ્દર્શનની છે. પછી બધી વાત. અને સમ્યગ્દર્શનમાં તો પ્રતીતિ પણ થઈ કે આ સ્વરૂપમાં હું ઠરીશ ત્યારે ચારિત્ર થશે અને ત્યારે મુક્તિ થશે. એ શ્રદ્ધામાં આવી ગયું છે. ૧૭મી ગાથામાં છે. ૧૭-૧૮માં. પહેલામાં પહેલો આત્માનો અનુભવ કરવો એમ લીધું છે ત્યાં તો. ૧૭-૧૮. 'तावात्' શબ્દ પડ્યો છે સંસ્કૃતમાં. 'तावात्' પ્રથમ. ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ એ પુણ્ય-પાપના વિકલ્પનું લક્ષ, રુચિ, આશ્રય, અવલંબન છોડીને. આહા..હા..! ત્રિકાળી ભગવાનનો અનુભવ કર. એ 'અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ, અનુભવ માર્ગ મોક્ષનો અનુભવ મોક્ષસ્વરૂપ.' બાકી બધી વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે '**લાખ ઘાતક અર્થાત્ હણનાર છે અને વૃક્ષ વધ્ય અર્થાત્ હણાવાયોગ્ય છે. આ રીતે લાખ અને વૃક્ષનો સ્વભાવ એકબીજાથી વિરુદ્ધ છે માટે લાખ વૃક્ષ સાથે માત્ર બંધાયેલી જ છે;...**' એનું સ્વરૂપ નથી. '**લાખ પોતે વૃક્ષ નથી. તેવી રીતે...**' એ તો દૃષ્ટાંત થયું. '**આસ્રવો ઘાતક છે...**' આહા..હા..! લ્યો! આ પાંચ-પાંચ વર્ષથી અપવાસ કરે છે. ગૃહસ્થ માણસ છે, મોટા લાખોપતિ છે પણ જોવામાં એમ નથી દેખાતા. એ લખપતિ આત્મા નથી. પરનું પતિપણું માનવું તે મિથ્યાદૃષ્ટિ છે. નૃપતિ, વ્યવહારનો પતિ, નરનો પતિ, લખપતિ, કરોડપતિ, પત્નીનો પતિ. ભગવાન તો કહે છે કે પરનું સ્વામીપણું માનવું એ જ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ નિર્જરા અધિકારમાં છેને ભાઈ! નિર્જરા અધિકારમાં છે. અરે! હું રાગને પોતાનો માનું તો હું અજીવ થઈ જાઉં. કેમકે ૭૨ ગાથામાં

આવી ગયું. અશુચિ, વિપરીત ભાવ, દુઃખ કારણ. એ પુણ્ય અને પાપના ભાવ અશુચિ છે. મેલપણે અનુભવમાં આવે છે. ભગવાન નિર્મળાનંદ પ્રભુ ભિન્ન છે. પુણ્ય-પાપના ભાવ '**विवरीय**' ૭૨ ગાથામાં આવ્યું. ચૈતન્ય સ્વભાવથી વિપરીતભાવ છે. જડ કહ્યું છે ત્યાં. કેમ? કે એ રાગ જે છે પોતાને જાણતો નથી, રાગ બીજા દ્વારા જાણવામાં આવે છે એ કારણે વ્યવહારનો રાગ પણ અચેતન અને જડ કહેવામાં આવે છે. પરમાણુ નહિ. આ રજકણ છે એમ નહિ. સમજાણું કાંઈ? ૭૨ ગાથામાં આવ્યું. શુભરાગ જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ સમકિતીને જ હોય છે પણ એ ભાવ છે જડત્વ. કેમકે એ રાગમાં પોતાને જાણવાની શક્તિ નથી. એ રાગમાં ચૈતન્ય ભગવાન પાસે છે એને જાણવાની શક્તિ નથી. એ રાગ બીજા દ્વારા, જ્ઞાતા દ્વારા, જ્ઞાન દ્વારા જણાય છે માટે રાગને અચેતન કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તેવી રીતે આસ્રવો ઘાતક છે અને આત્મ વધ્ય છે. આમ વિરુદ્ધ સ્વભાવો હોવાથી આસ્રવો પોતે જીવ નથી.**)' આહા..હા..! જયચંદ્ર પંડિતે ખુલાસો કર્યો. આ જયચંદ્ર પંડિત વચનિકાકાર છે. મૂળ શબ્દનો અર્થ કરીને એનું સ્પષ્ટિકરણ કર્યું. જયચંદ્ર પંડિત જયપુરવાળા. એમણે કર્યું. પછી આપણે ગુજરાતી બનાવ્યું. આત્મા વધ્ય છે તેવી રીતે આસ્રવ તો ઘાતક છે. નવા હોય એને તો એવું લાગે કે અરરર! અરે પ્રભુ! અટપટુ નથી, નાથ! અટપટો નથી. એ આસ્રવ પુણ્ય અને પાપ અને બંધ એ ચાર થયા. શુભભાવ, અશુભભાવ અને પુણ્ય-પાપ એ બેય આસ્રવ અને એમાં રોકાયો એ બંધ. એ ચારેયને અચેતન ગણવામાં આવ્યા છે. ભગવાન ચૈતન્યની જાગૃતિનો સ્વપરપ્રકાશક સ્વભાવ એમાં એ રાગ અને એ ચૈતન્યપ્રકાશનો અંશ કિરણ આવતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ કારણે પરમાત્માએ શુભરાગને પણ જડત્વ કહેવામાં આવ્યો છે. ચૈતન્ય ભગવાનથી એ વિપરીતભાવ છે. એ ૭૨માં કહ્યું. અહીંયાં કહ્યું કે વિરુદ્ધ સ્વભાવવાળો છે. બધી એક જ વાત છે. આહા..હા..!

'**આસ્રવો ઘાતક છે અને આત્મા વધ્ય છે.**' આહા..હા..! મોક્ષ અધિકારમાં તો અષ્ટપાહુડમાં લીધું છે. અષ્ટપાહુડમાં. '**परदव्वादो दुग्गइ सदव्वा हु सुग्गइ होइ।**' આ બેય શબ્દો છે. મોક્ષ અધિકાર અષ્ટપાહુડમાં. જેટલું પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે એ તારી ગતિ નથી. તીર્થંકરદેવ એમ કહે કે અમારા પ્રત્યે તારી સન્મુખ બુદ્ધિ એ રાગ છે, દુર્ગતિ છે. તારા ચૈતન્યની ગતિ નહિ.

મુમુક્ષુ :- એ તીર્થંકર જ કહે, બીજા કહે નહિ.

ઉત્તર :- એ તીર્થંકર કહે અને બીજા કોઈ કહે એવી તાકાત કોની છે? અજ્ઞાનીની તાકાત છે? સમજાણું કાંઈ? અને એવી ચીજ ક્યાંય ત્રણ લોકમાં બીજે નથી. કોની સાથે સમન્વય કરે? આહા..હા..!

કહે છે કે '**परदव्वादो दुग्गइ सदव्वा हु सुग्गइ होइ।**' એટલા શબ્દ પડ્યા છે. અષ્ટપાહુડ મોક્ષપાહુડમાં. જેટલું લક્ષ પરદ્રવ્ય ઉપર જાય, ચાહે તો સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, અહિંસા, દયા આદિ એ બધો ભાવ ચૈતન્ય શુદ્ધ આનંદકંદની એ ગતિ નથી. સમજાણું કાંઈ? માર્ગ એવો છે, ભગવાન! એ અનુભવ કર્યે છૂટકો છે. બીજો કોઈ ઉપાય ભવના અંતનો નથી. ભવનો અંત કરવો હોય તો. બાકી વાતું કરવી હોય, દુનિયામાં ડાહ્યા છે, અમે હુશિયાર છીએ, અમે ત્યાગી છીએ. માનો, એથી કાંઈ વસ્તુ બીજી થઈ જાય છે? આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે ઓહો..હો..! આત્મા આસ્રવ જીવ સ્વયં નથી. આહા..હા..! '**णिबद्धा**' શબ્દનો અર્થ થયો. પહેલો શબ્દ પડ્યો છેને? '**जीवणिबद्धा**' જીવની સાથે નિ-.. છે. સંયોગી ચીજ છે, સ્વભાવિક ચીજ નથી. આહા..હા..! પાઠ છેને ભગવાન કુંદકુંદાચાર્યનો. '**जीवणिबद्धा**' એ એક શબ્દનો અર્થ થયો એટલો. એ પુણ્ય અને પાપના ભાવ જીવ સાથે '**णिबद्धा**' છે. '**णि**' ઉપસર્ગ છે. '**बद्धा**' જોડે સંયોગી ચીજ છે. સ્વભાવિક ચીજ નહિ. આહા..હા..! અને એ સંયોગી ચીજથી કલ્યાણ થાય! કરતા-કરતા કલ્યાણ થશે. આહા..હા..! લસણ ખાતા ખાતા કસ્તુરીનો ઓડકાર આવશે. એ જેમ વિરુદ્ધ છે એમ વ્યવહાર ક્રિયા કરતા-કરતા નિશ્ચય થશે એ દૃષ્ટિ વિરુદ્ધ છે. એય..! હીરાભાઈ!

મુમુક્ષુ :- પરંપરા..

ઉત્તર :- પરંપરા કોની? એ રાગથી દૂર થયો અને દૃષ્ટિ થઈ તો અશુભ રાગ છૂટ્યો અને શુભ રહ્યો તો શુભ છોડીને સ્થિરતા થશે એનું નામ પરંપરા છે. રાગ પરંપરામાં કારણ થશે એમ નથી. રાગ તો જડ છે. ઝીણી વાત છે, ભાઈ! તારો માર્ગ. આહા..હા..!

અલિંગગ્રહણમાં તો એક છઠ્ઠો બોલ લીધો છે. ૨૦ બોલ છેને ૨૦ બોલ. અલિંગગ્રહણમાં ૨૦ બોલ છે. પ્રવચનસાર ૧૭૨ ગાથા. પહેલો બોલ તો એવો છે કે ઇન્દ્રિયથી જણાતો નથી. ભગવાન ઇન્દ્રિયથી અને વિકલ્પથી જણાતો નથી માટે અલિંગગ્રહણ છે. પછી કહ્યું કે ઇન્દ્રિયથી જાણતો નથી. બીજો બોલ એ છે. ત્રીજો બોલ એ છે કે ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી. એ ત્રીજો બોલ છે. ચોથો બોલ એવો છે કે બીજા દ્વારા અનુમાનથી જણાય એવો નથી. પાંચમો બોલ એવો છે કે એકલો આત્મા બીજાનું અનુમાન જ કરે એવો એ આત્મા નથી. પ્રત્યક્ષપૂર્વક અનુમાન કરે તે આત્મા. આહા..હા..! વાત તો જુઓ. એ છઠ્ઠા બોલમાં એમ લીધું. ભગવાન આત્મા પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. પરોક્ષ રહે એ સ્વરૂપ નહિ. આહા..હા..! સમ્યગ્દર્શનમાં મતિ અને શ્રુતજ્ઞાનમાં ભગવાન સ્વસંવેદનમાં પ્રત્યક્ષ થાય છે. જેમાં મન અને રાગનો આશ્રય નથી. આહા..હા..! અરે! સમજાણું કાંઈ? એવો એનો સ્વભાવ છે. એનાથી ઓછું, અધિક, વિપરીત માને તો મિથ્યાત્વભાવ છે. સમજાણું

કાંઈ? આહા..હા..! પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. એ છઠ્ઠો બોલ છે. એવા એવા ૨૦ બોલ છે. એ તો આપણે ચાલી ગયું છે. બધી ચર્ચા થઈ છે. વ્યાખ્યાન થઈ ગયા છે. આ તો ૩૮ વર્ષથી ચાલે છે. આહા..હા..! એક-એક શબ્દનો અર્થ થયા છે, એમને એમ લઈ જાવું એવી વાત નથી. આ તો વીતરાગમાર્ગ બાપા! સર્વજ્ઞ પરમેશ્વરની દુકાને બેસવું અને એની વાત કરવી, એ કરોડોપતિની દુકાને ઘાંચીને બેસાડે ૨૫ના પગારે. ઘાંચી સમજો છો? તેલી. એ ન ચાલે. એમ ત્રણ લોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર તો વર્તમાન મહાવિદેહમાં બિરાજે છે. એવો જ સર્વજ્ઞનો પંથ છે આ. સમજાણું કાંઈ? એની દુકાને મુનિમપણું કરવું અલૌકિક વસ્તુ છે.

કહે છે, અહો..! એ શુભ અને અશુભભાવ ઘાતક છે. આત્મા ઘાત્ય-વધ્ય છે. એ એક બોલ થયો. છ બોલ છે. **'जीवणिबद्धा'** **'अधुव अणिच्चा'** **'असरणा'** **'दुक्खा दुक्खफल'** છ બોલ છે. એમાં એક બોલ થયો. હવે બીજો. **'अधुव'** આસ્રવ—શુભ અને અશુભભાવ **'વાઈના વેગની જેમ...'** આ વાયુનો રોગ થાય છેને વાઈ. શું કહે છે તમારે? મીર્ગી. ચામડાના જોડા હોયને એ સુંઘાડે. એમ અહીંયાં છે. શરીર પણ એવું જ છે (અક્કડ થાય). એકદમ. તો કહે છે કે પુણ્ય અને પાપના ભાવ વાઈના વેગની જેમ. એવો શુભભાવ આવે... સમજાણું કાંઈ? વેગમાં જાય. અને અશુભભાવ પણ વેગમાં જાય. એ બધો વેગ છે. આહા..હા..! પ્રભુમાં ઠરવું એ વસ્તુ નહિ. સમજાણું કાંઈ?

**'વાઈના વેગની જેમ વધતા-ઘટતા હોવાથી...'** અધ્રુવ અને અનિત્ય બેનો ખુલાસો ભિન્ન કરશે. અધ્રુવમાં વધે-ઘટે છે અને અનિત્યમાં એક પછી એક હોય છે એમ કહેશે. અધ્રુવ અને અનિત્ય બેમાં ફેર પાડશે. અધ્રુવ અને અનિત્ય છેને? તો પુણ્ય અને પાપ અધ્રુવ છે. વધે છે કોઈવાર, અશુભ ઘટે છે અને શુભ વધે છે, અશુભ પણ ઘટે છે. એવી વધઘટ શુભ-અશુભભાવમાં થાય છે માટે તે ભાવને અધ્રુવ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો સમયસાર કેવળીની વાણી! સંતોએ ત્યાં જઈને અહીં લાવ્યા. એ તો અનુભવી હતા, મુનિ હતા. પણ ભગવાન પાસે ગયા અને નિર્મળતા એટલી થઈ પછી લખ્યું. સાક્ષાત્ ત્રિલોકનાથ ભગવાન સર્વજ્ઞ પ્રભુ એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણે છે.

જ્ઞેયની અનંતતામાં જ્ઞાનનું માપ અનંત છે એ બતાવવું છે. સમજાણું કાંઈ? અનંત જીવ અને અનંત એના પરમાણુ, એનાથી અનંતગુણ કાળ અને એનાથી અનંત ગુણ, એનાથી અનંતગુણા ગુણ, પણ એ બધા જ્ઞેય જ્ઞાનનો વિષય તો એના જ્ઞાનનું માપ કેટલું? શ્રુતજ્ઞાનનું હોં! કેવળજ્ઞાનની તો વાત પછી રહી. સમજાણું કાંઈ? એક વાર કહ્યું હતું. બારમા ગુણસ્થાને વીતરાગ છે. એનું શરીર પણ નિગોદ શરીર એટલા છે, અસંખ્ય લોકના પ્રદેશ જેટલા છે. શરીર હોં! અસંખ્ય લોકના પ્રદેશ જેટલા નિગોદના શરીર છે. એક જીવ વીતરાગ મુનિ થાય

એના શરીરમાં. તેવી રીતે આખું જગત હોય છે. એટલું શરીર. શરીર તો અસંખ્યગુણા જ હોય છે. એક પાસે.. તો આખી દુનિયા પાસે અસંખ્યગુણા, અનંતગુણા નથી હોતા. અને એ શરીરમાં આકાશના અસંખ્ય પ્રદેશ જેટલા ગણ્યા અને આકાશના પ્રદેશ છેને અંગુલના અસંખ્યભાગમાં અહીંયાં, એટલી સંખ્યા એક પ્રદેશની છે. અસંખ્ય ચોવીસીના સમય જેટલા એ પ્રદેશ છે. અંગુલના અંગુલ સમજ્યા? એના અસંખ્ય ભાગમાં પ્રદેશ આકાશના છે. એવા અલોક. એવા અસંખ્ય લોક જેટલા પ્રદેશ જેટલા બાદર. તો એની વિશેષતા નથી. એ જ્ઞાન અનંતને જાણી લે એ જ્ઞાનની વિશેષતા છે. સમજાણું કાંઈ? જ્ઞેયની વિશેષતા અહીં બતાવવી નથી. જ્ઞેય પ્રમાણે જ્ઞાન છેને. પ્રવચનસારમાં આવે છે. પ્રવચનસારમાં આવે છે. પહેલી ગાથા છે (૨૩ ગાથા) શરૂઆતમાં. જ્ઞેય પ્રમાણે જ્ઞાન. જેટલું જ્ઞેય જ્ઞાનમાં એ બધું એને સ્પર્શ્યા વિના (જાણી લ્યે છે). પણ એ છે તો જણાય છે એમ નથી. પોતાની પર્યાયમાં એટલી તાકાત છે કે એટલું પરિણમન કરીને પોતામાં જણાય છે. આહા..હા..! બાપુ! આત્મા એટલે કોણ ચીજ છે? સમજાણું કાંઈ?

તો અહીંયાં કહે છે. અટપટી નથી ભાઈ હજી. આહા..હા..! ભગવાનની મધુર વાણી. ઉપમા લીધી છેને. શાસ્ત્રમાં લીધું છે, મધુર વાણી. ઘી જેવી વાણી મીઠી મધુર. દિવ્યધ્વનિ નીકળતી હોય તો સાંભળે તો પશુ અને સર્પ અને મીંદડી સાંભળે. એની એટલી યોગ્યતા છે હોં! વાણી તો નિમિત્ત છે. એવી યોગ્યતાવાળા પ્રાણી ભગવાનની વાણી સાંભળે. આહા..હા..! એ ભગવાનની વાણીમાં એમ આવ્યું કે (આસ્રવો) **'વાઈના વેગની જેમ વધતા-ઘટતા હોવાથી...'** એવો ઉભરો આવી જાય. ઉભરો સમજો છો? દૂધમાં ઉભરો આવે છેને? દૂધમાં ઉભરો. નીચે અગ્નિ ઉપર ઉભરો આવે. દૂધ એટલું વધી નથી ગયું. ઉભરો આવ્યો છે અંદર. એમ કોઈ વખતે પ્રાણીને શુભભાવનો ઉભરો આવે છે, કોઈ વખતે અશુભભાવનો ઉભરો આવે છે. બેય વાઈના વેગની જેમ બેય ચીજ અધ્રુવ છે. આહા..હા..!

**'આસ્રવો વાઈના વેગની જેમ વધતા-ઘટતા હોવાથી...'** વધે-ઘટે છે. સમજ્યા? ઘણા માણસો બેઠા હોય અને પૈસાવાળા માણસ હોય તો ફાળો લખાવે તો ઓલાને પણ એવો ભાવ આવે કે લખો ભાઈ એકાવન હજાર, લખો એક લાખ. ભાવ આવી ગયો. ઘરે જ્યાં જાય ત્યાં, પિતાજી! શું કર્યું? એ વખતે એવી વાત ચાલી હતી. પિતાજી, ઉતાવળ થઈ ગઈ. એ ઉભરો વધે-ઘટે છે. એમ અશુભભાવ. જુવાન શરીર, વિષયની વાસના વકરે. વકરે સમજ્યા? વિકૃત. એવી જુવાન અવસ્થા. ૨૫-૨૫ વર્ષના બળદ જેવા શરીર એને વિષયની વાસનાનો વેગ આવે એવો કે જેમ આહા..હા..! વળી જ્યાં વૃદ્ધાવસ્થા થાય. અશુભ વાસનાનો વેગ મંદ પડી જાય. સમજાણું કાંઈ? તો શુભ-અશુભભાવમાં વેગ છે એમ કહે છે. વાઈની જેમ વેગ છે. આહા..હા..! એકદમ વાઈનો વેગ વધે, વળી ધીમી પડી જાય. એમ શુભભાવ

કરવામાં વેગ ચડે, વેગ ચડે ઈ ચડે અને અશુભભાવમાં વેગ ચડે. વળી ઘટી જાય એવી શુભ-અશુભ લાગણીઓ અધ્રુવ છે ભગવાન!

**'ચૈતન્યમાત્ર જીવ જ ધ્રુવ છે.'** જુઓ! પેલા અધ્રુવ છે, ભગવાન ધ્રુવ છે. કારણ પરમાત્મા ત્રિકાળી જ્ઞાયકભાવથી ભરેલો પ્રભુ, અનંત ગુણનું એકરૂપ એ ધ્રુવ છે. સમજાણું કાંઈ? એમ અધ્રુવ અને ધ્રુવ બેનું અંદરમાં ભેદજ્ઞાન કરી આત્મા ઉપર આરૂઢ થાય તેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે. તેનાથી નિવૃત્ત થાય છે એમ પાઠ છે. **'दुक्खा दुक्खफल त्ति य णादूण णिवत्तदे तेहि'** જ્ઞાનમાં આવ્યું કે આ ચીજ આ છે અને આ ચીજ આ છે. **'णादूण त्ति य'** જાણવામાં આવ્યું તો ત્યાંથી ખસી જાય છે. આહા..હા..! ભારે કામ ભાઈ આ! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્યમાત્ર એ તો. ગુણ તો અનંત છે, પણ અહીંયાં જ્ઞાન-દર્શનની પ્રધાનતાથી ચૈતન્યમાત્ર કહ્યું છે. જ્ઞાનદર્શન બે જ ગુણ છે એમ નથી. પાઠ તો એવો છે. **'ચૈતન્યમાત્ર જીવ જ ધ્રુવ છે.'** એટલે કે જાણવું-દેખવું એવો સ્વભાવ એના અવિનાભાવી અનંતગુણ એ બધાને ચૈતન્યમાત્ર કહીને એ ધ્રુવ ચીજ એ છે. સમકિતીની દૃષ્ટિ ધ્રુવ ઉપર હોય છે. આહા..હા..! આ દરિયામાં આગબોટ ચાલે છેને. તો ધ્રુવના કાંટા ઉપર નજર હોય છે. એમ ધર્મીની દૃષ્ટિ ધ્રુવ ઉપર છે. આહા..હા..! લાખ કામમાં હોય, વિષયની વાસનામાં હોય, પણ એમાં છે નહિ. કથનમાં આવે. ધર્મી તો પોતાના શુદ્ધ ધ્રુવ સ્વરૂપની સન્મુખમાં પોતાની નિર્મળ પર્યાયમાં જ એ તો છે. મલિન પર્યાયમાં એ છે નહિ. મલિન પર્યાયનું એ તો જ્ઞાન પોતાના અસ્તિત્વમાં, પોતાનું જ્ઞાન પોતાને કારણે સ્વપરપ્રકાશક થાય છે એમાં જ્ઞાન થઈ જાય છે. પરનું જ્ઞાન થઈ જાય છે, કરવું પડતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? વસ્તુ એવી છે. ઓછી, અધિક, વિપરીત કાંઈ પણ કરે (તો મિથ્યાત્વ થશે). એ રત્નકરંડ શ્રાવકાચારમાં આવે છે. ન્યુન, અધિક વિપરીત. ન્યુન, અધિક અને વિપરીત કંઈપણ હોય તો એ વસ્તુ દૃષ્ટિમાં નહિ આવે. સમજાણું કાંઈ?

પહેલો ધર્મ સ્તંભ. આહા..હા..! આ ધર્મ સ્તંભ પ્રભુ ધ્રુવ. એવો ધ્રુવ અને આ અધ્રુવ એમ બેને **'णादूण'** જાણીને **'णिवत्तदे तेहिं'** એ ચોથું પદ છે. એ પુણ્ય-પાપથી ધર્મી નિવૃત્ત થાય છે. સમજાણું કાંઈ? ભગવાન! માર્ગ તો એવો છે હોં! તને લાગે આકરો, આ વળી શું? આ વળી નવો માર્ગ કાઢ્યો. એક જણો એમ કહેતો હતો, આ તો નવો પંથ છે. અરે ભગવાન! નવો પંથ નથી, નાથ! તને ખબર નથી. અનાદિનો અનંત તીર્થંકરોએ, સંતોએ કહેલો એ જ માર્ગ આ છે. સમજાણું કાંઈ?

**'ચૈતન્યમાત્ર જીવ જ ધ્રુવ છે.'** બે વચ્ચે આંતરો પાડ્યો. એક પુણ્ય-પાપના ભાવ ઘાતક છે, ભગવાન ઘાત થવાલાયક છે. એવી દૃષ્ટિ હતી એ દૃષ્ટિ છૂટી ગઈ. **'णादूण'** જાણીને

સ્વભાવનો આશ્રય થયો. પુણ્ય-પાપ અધ્રુવ છે, વધે-ઘટે છે, ભગવાન એકરૂપ રહે છે. એમ બે વચ્ચેનું જ્ઞાન કરીને સ્વભાવ ઉપર આરૂઢ થાય છે તેનું નામ સમ્યગ્દર્શન અને ભેદજ્ઞાન કહેવામાં આવે છે.

ત્રીજો બોલ. **'આસ્રવો શીતદાહજવરના આવેશની જેમ અનુક્રમે ઉત્પન્ન થતા હોવાથી...'** જુઓ, એટલે **'અનિત્ય છે;...'** અધ્રુવ અને અનિત્યમાં આંતરો પાડ્યો. અધ્રુવમાં એક વધે-ઘટે છે અને અનિત્યમાં એક પછી એક થાય છે. શુભ કાળે અશુભ નહિ અને અશુભ કાળે શુભ નહિ. ટાઢીયો તાવ શીતદાહ. શીતદાહ. ઠંડો જ્વર અને ઉષ્ણ જ્વર. ઉષ્ણ જ્વર થાય છેને. .. નાખો ગોદડા, બહુ ઠંડી લાગે. ગોદડા સમજ્યા? રજાઈ આદિ. વળી જ્યાં ઉષ્ણ તાવ આવે તો કાઢી નાખો. તો ઉષ્ણ વખતે ઠંડો તાવ નહિ અને ઠંડા વખતે ઉષ્ણ નહિ. એ ક્રમમાં અનિત્ય લીધું છે. તેવી રીતે પુણ્યભાવ વખતે અપુણ્ય નહિ એટલે પાપ નહિ અને પાપ વખતે પુણ્ય નહિ. તેને અનુક્રમે ઉત્પન્ન થતા હોવાથી તેને અનિત્ય કહ્યું. અધ્રુવમાં વધતું-ઘટતું જોઈને તેને અધ્રુવ કહ્યું. આહા..હા..! બેમાં ફેર છે. અધ્રુવ અને અનિત્યમાં ફેર. એમ એક શબ્દ નથી, આ તો વીતરાગની વાણી છે. આહા..હા..! એક શબ્દમાં પણ.. સમજાણું કાંઈ? સંતોની વાણી છે. ભવનો અંત કર્યો છે અને ભવના અંત કરવાની વાત કરે છે. અરે! જેમાં ભવ રહે અને ભવ ભમે એ ચીજ શું? સમજાણું કાંઈ? કેમકે ભગવાન આત્મા જ ભવ અને ભવના કારણરૂપ ભાવના અભાવવાળો છે. ભગવાન આત્મા એ ભવ અને ભવનું કારણ ભાવ બેયના અભાવસ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આસ્રવ એટલે પુણ્ય અને પાપના ભાવ, શુભ-અશુભભાવ શીતદાહ જ્વર. ઠંડા અને ઉષ્ણ જ્વરની જેમ. આવેશ થયો જુઓ. આવે છેને એકદમ ઠંડું, એકદમ ઉષ્ણ. તાવનો આવેશ. **'અનુક્રમે ઉત્પન્ન થતા હોવાથી...'** ઠંડું વખતે ઉષ્ણ નહિ અને ઉષ્ણ વખતે ઠંડુ નહિ. તેથી **'અનિત્ય છે;...'** આસ્રવ એ કારણે અનિત્ય છે. સમજાણું કાંઈ? અહીંયાં સાંભળે છે ત્યારે શુભભાવ છે. વળી બહાર નીકળે ત્યાં ખીચડી કેમ આવી, એ અશુભભાવ. અનુક્રમ છેને. સમજાણું કાંઈ? ખીચડી નથી સમજતા? સાંજનું જમવાનું ભોજન. કેવું બનાવ્યું છે? એ અશુભભાવ, આ શુભભાવ અનુક્રમે થાય છે. માટે અનિત્ય છે. ભગવાન અનિત્ય નથી. એ વિશેષ વાત આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા વદ -૭, શુક્રવાર, તા. ૨૯-૦૯-૧૯૭૨
## ગાથા-૭૪, પ્રવચન-૧૭૭

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

... શિષ્યનો પ્રશ્ન હતો કે ભગવાન આત્મા આસ્રવના પરિણામથી રહિત છે તો રહિત થવામાં, રહિત તો છે જ પણ દૃષ્ટિમાં રહિત છે એવું અનાદિથી માન્યું નથી. સમજાણું કાંઈ? તો જ્યારે આત્મા પોતાની દૃષ્ટિ આસ્રવના, પુણ્ય-પાપના પરિણામથી ખસીને સ્વભાવ અખંડ આનંદસ્વરૂપમાં જાય છે તો તે જ સમયે આસ્રવ રોકાઈ જાય છે અને સમ્યગ્જ્ઞાન તે જ સમયે ઉત્પન્ન થાય છે? બેનો એક કાળ છે? સમકાળ છે? એમ પૂછ્યું છે. સમજાણું કાંઈ? એના ઉત્તરરૂપ આ ગાથા છે.

પહેલા તો એમ કહ્યું કે જેમ વૃક્ષમાં લાખ છે એ વૃક્ષ નથી. એ તો વૃક્ષની દશાની ઘાતક છે. એમ પુણ્ય અને પાપના ભાવ મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, વ્રતાદિના ભાવ એ ઘાતક છે અને ભગવાન જીવની પર્યાય વધ્ય નામ ઘાત થવા લાયક છે. એમ જાણીને શુભાશુભ પુણ્યથી ખસીને, પોતાની દૃષ્ટિ શુદ્ધ આનંદકંદ દ્રવ્ય સ્વભાવ ઉપર જાય છે તો ભેદજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? તો જ્યારે ભેદજ્ઞાન થયું એટલા પ્રમાણમાં આસ્રવથી નિવર્ત્યો. વિશેષ જેટલા જ્ઞાનમાં પછી સ્થિરતા થતી જાય છે તેટલો અસ્થિરતાથી નિવર્તે છે. પછી અસ્થિરતાની વાત છે. સમજાણું કાંઈ? એમાં ત્રણ બોલ કહેવામાં આવ્યા.

આત્મા તો સદાય વિજ્ઞાનઘન છે. એ આસ્રવથી નિવર્તે છે ત્યારે આત્મામાં શાંતિ અને નિવૃત્તિનો આનંદ આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આસ્રવમાં એકત્વબુદ્ધિ હતી ત્યાં સુધી દુઃખી હતો અને દુઃખનો અનુભવ હતો. એ આસ્રવથી ખસીને ભગવાન આત્મા પોતાનો ચૈતન્યસ્વભાવ, ચૈતન્યમૂર્તિ વીતરાગસ્વરૂપી પ્રભુ એના ઉપર જ્યાં દૃષ્ટિનું પ્રસરવું થાય છે તે જ સમયે આત્માની જ્ઞાન અને આનંદની પર્યાય ઉત્પન્ન થાય છે. તો એટલો તો મિથ્યાત્વ આદિથી નિવર્ત્યો. સમજાણું કાંઈ? એ વિશેષ કહેશે પછી.

બીજો બોલ કહ્યો. '**अध्रुव**' એ શુભ-અશુભભાવમાં વધ-ઘટ થાય છે. એ કારણે એ અધ્રુવ છે. એનું લક્ષણ જ અધ્રુવ છે. આહા..! અને ભગવાન આત્મા ધ્રુવ છે. એવા અધ્રુવની રુચિ, આશ્રય છોડીને ધ્રુવ ભગવાન પૂર્ણાનંદનો આશ્રય કરે છે તો આસ્રવથી નિવર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વાત એવી છે, ભાઈ! એ કોઈ ક્રિયાકાંડથી પ્રાપ્ત થાય એવી

એ ચીજ નથી. આ પણ ક્રિયા છે સ્વભાવિક. ક્રિયાકાંડ સ્વભાવિક છે. ક્રિયાના ત્રણ પ્રકાર છે. એક જડની અવસ્થાનું બદલવું તે જડની ક્રિયા, એક પુણ્ય-પાપના પરિણામનું બદલવું તે વિભાવિક ક્રિયા અને એક વિભાવથી ખસીને સ્વભાવમાં એકાગ્રતા થવી તે સ્વભાવિક ક્રિયા. બે ક્રિયાનો નિષેધ છે અને એક ક્રિયાનો આદર છે. સમજાણું કાંઈ? આહા..હા..! તો (આસ્રવો) અધ્રુવ છે એમ જાણીને વધ-ઘટ શુભ-અશુભભાવ વધે છે, ઘટે છે એવું એનું અધ્રુવ લક્ષણ જાણીને ભગવાન અંદર અધ્રુવથી ભિન્ન અનાદિ-અનંત નિત્ય ધ્રુવ પ્રભુ છે એના ઉપર દૃષ્ટિ પ્રસરતા મિથ્યાત્વરૂપી આસ્રવથી નિવર્તે છે. સમજાણું કાંઈ? પછી આગળ વિશેષ કહેશે.

ત્રીજો બોલ અનિત્યનો કહ્યો. અનુક્રમે ઠંડો તાવ અને ઉષ્ણ તાવ આવે છે એ એક પછી એક થાય છે, એકસાથે નથી થતો. એમ ભગવાન આત્માની પર્યાયમાં નબળાઈને કારણે શુભભાવને કાળે અશુભભાવ નથી થતો અને અશુભભાવને કાળે શુભ નથી થતું. અનુક્રમે થાય છે. આહા..હા..! તે અનુક્રમને અહીંયાં અનિત્ય કહ્યું. વધ-ઘટ થાય તેને અધ્રુવ કહ્યું. તો એનું અનિત્ય લક્ષણ જાણીને.. આવ્યુંને? '**અનિત્ય છે; વિજ્ઞાનઘન જેનો સ્વભાવ છે**' આહા..હા..! જ્ઞાનનો ઘન. જેમ શિયાળાના દિવસોમાં પહેલા ઘી એવા હતા. ઘી-ઘી હોં. હવે તો કાળાબજાર બધે થઈ ગયું બહુ. શું કહેવાય? મ્યુનિસિપાલિટી. મ્યુનિસિપાલિટી હોય છેને. એ અહીં ભાવનગર આવ્યા હતા. તો એ કરિયાણાની દુકાનમાંથી લગભગ ૩૦-૩૫ વસ્તુ મળી મ્યુનિસિપાલિટીએ. તો એમાં ૨૫-૨૭ ચીજો તો ભેળસેળવાળી નીકળી. પાંચ-સાત વસ્તુ ભેળસેળ વિનાની (હતી). હવે એવું ભેળસેળ થઈ ગયું છે. ઘીમાં પણ શું કહે છે એ? વનસ્પતિ શું? વેજીટેબલ. એમ ધર્મમાં પણ કાળાબજાર થઈ ગયા છે. એ પુણ્યભાવ છે એ કાળાબજાર છે. એનાથી ધર્મ થાય છે એ કાળાબજાર થઈ ગયું, મિશ્રણ થઈ ગયું. આહા..હા..! સમજાણું કાંઈ? એ મ્યુનિસિપાલિટીનો એક આદમી આવ્યો હતો ભાવનગર. ૩૦ ચીજ પાટમાં પડી હતી એમાંથી સાત-આઠ વસ્તુ ચોખ્ખી નીકળી. બાકી બધામાં ભેળસેળ. એ હમણા એવું થયું છે હોં! પહેલા એવું નહોતું. ૫૦ વર્ષ પહેલા એવું નહોતું.

મુમુક્ષુ :- પહેલા આમાં (ધર્મમાં) પણ આવું નહિ હોય.

ઉત્તર :- પહેલા નહોતું. ધર્મને નામે હવે થઈ ગયું છે. સમજાણું કાંઈ?

પરંપરા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માની દિવ્યધ્વનિનો પ્રવાહ જ્યાં વહેતો હતો ત્યાં સાધુ, અર્જિકા, શ્રાવક, શ્રાવિકા સ્વરૂપના ભાનવાળા હતા. સમજાણું કાંઈ? ધર્મનો ધોધ પ્રવાહ ચાલતો હતો. હવે એ ગડબડ થઈ ગઈ. દેહની ક્રિયાથી (ધર્મ થાય). એ પ્રશ્ન હતોને ત્યાં? પંડિતજી! એ તમારો પ્રશ્ન હતોને ત્યાં ખાણિયા ચર્ચામાં. ખાણિયા ચર્ચામાં. ખાણિયા

ચર્ચામાં એક પ્રશ્ન હતો કે જીવીત શરીરથી ધર્મ થાય કે નહિ? તમે તો સાથે હતાને. આહા..હા..! અરેરે!

મુમુક્ષુ :- આવો પ્રશ્નો દિગંબર...

ઉત્તર :- આવા પ્રશ્નો દિગંબર જૈન ધર્મમાં! જીવીત શરીર. અરે ભગવાન! જીવીત શરીર ક્યાં છે? શરીર તો મડદું છે. ૯૬મી ગાથામાં આવે છે સમયસારની ૯૬માં. મડદું છે. ભગવાન અમૃતસાગર પરમાત્મા એ મૃતક કલેવરમાં મૂર્છાણો છે. એવી સંસ્કૃત ટીકા છે. ૯૬ છેને. આ કેટલામી છે? આ ૭૪ છે. ૯૬-૯૬. ૯૬ છેને?

મુમુક્ષુ :- પાનું-૧૭૫. ભાવાર્થની ઉપર બે લીટી.

ઉત્તર :- ૭૫ તમારે. પણ હિન્દીમાં?

મુમુક્ષુ :- ૧૬૯.

ઉત્તર :- આમાં નથી. ૯૬ છેને. ફેર પડ્યો છે કાંઈક. ૯૬ ગાથા તો છે.

મુમુક્ષુ :- એ ૯૬મી ગાથામાં ટીકાની છેલ્લામાં છેલ્લી બે લીટી. ભાવાર્થની ઉપર.

ઉત્તર :- ઈ આવ્યું. '**મૃતક કલેવર(-શરીર) વડે...**' સંસ્કૃતમાં છે. '**मृतककलेवरमूर्च्छित-परमामृतविज्ञानघनतया च तथाविधस्य भावस्य कर्ता प्रतिभाति।**' આહા..હા..! ૯૬ ગાથાની ટીકાની છેલ્લી લીટી. શું કહે છે? '**મૃતક કલેવર(-શરીર) વડે...**' આ મૃતક કલેવર છે. આહા..હા..! જીવતું કલેવર નથી. સમજાણું કાંઈ? '**મૃતક કલેવર(-શરીર) વડે પરમ અમૃતરૂપ...**' ટીકાની છેલ્લી લીટી. ભાષા કેવી છે! ત્રણે મ-મ. ભાષા ત્રણે મ-મ લીધી છે. મૃતક કલેવર એક બાજુ અમૃત સ્વરૂપ ભગવાન. એ મૃતક કલેવરમાં મૂર્છા. આ શરીર મારું અને આ શરીરની ક્રિયા હું કરું છું (એ મૂર્છા). આહા..હા..! છે? '**मृतककलेवरमूर्च्छित-परमामृतविज्ञानघन**' પ્રભુ. એ તો અમૃતનો સાગર વિજ્ઞાનઘન આત્મા છે. આવ્યુંને હમણાં? પરમ અમૃતસ્વરૂપ, પરમ અમૃતસ્વરૂપ. અમૃતસ્વરૂપ, આનંદસ્વરૂપ એવો અમૃતસ્વરૂપ ભગવાન મૃતક કલેવર જે મૃતક કલેવર છે, વર્તમાનની વાત ચાલે છે હોં! એમાં મૂર્છિત થયો. આહા..હા..! '**तथाविधस्य भावस्य कर्ता प्रतिभाति**' આ રાગ અને વિકલ્પનો, પુણ્ય-પાપનો કર્તા અજ્ઞાનીને ભાસે છે, અજ્ઞાનીને ભાસે છે. સમજાણું કાંઈ? મૃતક કલેવર વર્તમાનમાં કહ્યું. અરેરે! ભગવાન આ તો અજીવ છેને. આ અજીવ થઈને રહ્યું છે કે જીવ થઈને રહ્યું છે? અજીવની પર્યાય થઈને રહ્યું છે? જીવના દ્રવ્ય-ગુણરૂપ થઈને તો ન રહે, પણ અજીવની પર્યાયરૂપ થઈને રહ્યું છે. એ તો અજીવના દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ થઈને રહ્યું છે. તો ચેતનનો અભાવ છે એમાં. મૃતક કલેવર છે. આહા..હા..!

'**મૃતક કલેવર(-શરીર) વડે પરમ અમૃતરૂપ...**' ભગવાન આત્મા. પરમ અમૃતસ્વરૂપ પ્રભુ એ મૃતક કલેવરમાં મૂર્છાઈ ગયો. એ મારું છે, એની જે ક્રિયા થાય છે પર્યાય એ

મારાથી થાય છે એમ મૃતક કલેવરમાં ભગવાન અમૃત મૂર્છાઈ ગયો છે. એ કારણે અજ્ઞાનીને રાગનો અને શરીરની પર્યાયનો કર્તા '**प्रतिभाति**'. આહા..હા..! સમજાણું કાંઈ? અમૃતચંદ્રાચાર્યની ટીકા છે. આહા..હા..! દરિયો ભર્યો છે. અમૃત ભર્યા છે એક-એક શબ્દે.

અહીં કહે છે '**વિજ્ઞાનઘન જેનો સ્વભાવ છે...**' આહા..હા..! ત્યાં કહ્યુંને '**પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન...**' તો અહીં કહ્યું કે પુણ્ય અને પાપ '**શીતદાહજ્વરના આવેશની જેમ અનુક્રમે ઉત્પન્ન થતા હોવાથી...**' ઠંડા તાવ વખતે ગરમ તાવ નહિ, ગરમ વખતે ઠંડો નહિ. એ અનુક્રમ છે. એમ શુભભાવને કાળે અશુભ નહિ, અશુભને કાળે શુભ નહિ. એ '**અનિત્ય છે; વિજ્ઞાનઘન જેનો સ્વભાવ છે...**' ભગવાન આત્મા તો એક સમયમાં વિજ્ઞાનઘન (છે). જેમાં ઠંડીના દિવસમાં ઘી એવા હતા પહેલા કે આંગળી અંદર નાખે તો એની ફાંસ વાગી જાય. છ-છ મહિના સુધી.. એ તાવેથો હોયને. તાવેથાને શું કહે છે? ખુરપો. ખુરપો તો માંડ માંડ પેસે. આંગળી તો પેસે નહિ એવા ઘી હતા. સમજાણું કાંઈ? એવો ભગવાન વિજ્ઞાનઘન શરીર, વાણી, મન તો પ્રવેશે નહિ, પણ પુણ્ય-પાપના વિકલ્પનો પણ એમાં પ્રવેશ નથી. એવો વિજ્ઞાનઘન આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**વિજ્ઞાનઘન જેનો સ્વભાવ છે એવો જીવ જ નિત્ય છે.**' આહા..હા..! નિત્યાનંદ પ્રભુ, અનિત્ય વિકલ્પથી દૃષ્ટિ હટાવીને નિત્યાનંદ ભગવાન આત્મામાં દૃષ્ટિ પ્રસરવાથી સમ્યગ્દર્શન થાય છે. ધર્મની શરૂઆત ત્યાંથી થાય છે. પછી સ્વરૂપમાં રમણતા, લીનતા, ચરવું-ચરવું ચારિત્રમાં, આનંદનું ભોજન લેવું, અતીન્દ્રિય આનંદનું વેદન વિશેષ કરવું એનું નામ ચારિત્ર છે. સમજાણું કાંઈ? એ અહીંયાં કહે છે. આહા..હા..! '**વિજ્ઞાનઘન જેનો સ્વભાવ છે...**' જેનો સ્વભાવ '**એવો જીવ...**' '**વિજ્ઞાનઘન જેનો સ્વભાવ છે એવો જીવ જ નિત્ય છે.**' જીવ જ નિત્ય છે. અહીંયાં પર્યાયને પણ દૂર કરી દીધી. આહા..હા..! પર્યાયથી ભિન્ન જે દ્રવ્ય છેને ધ્રુવ તેને નિત્ય કહ્યું છે. એ જ દ્રવ્ય છે. સમજાણું કાંઈ?

પંચાસ્તિકાયમાં જ્યાં પાંચ ભાવની વ્યાખ્યા આવીને. પાંચ ભાવની. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક .. ત્યાં એવો પાઠ લીધો છે. ૫૬ ગાથા. '**द्रव्यात्मलाभहेतुकः परिणामः**' એમ સંસ્કૃત ટીકામાં છે. દ્રવ્ય નામ આત્મા, એનો આત્મા નામ સ્વરૂપ. આત્માનું સ્વરૂપ જે દ્રવ્ય ધ્રુવ એનો લાભ નામ હયાતી-મોજૂદગી એનું કારણ એ પારિણામિકભાવ છે. પારિણામિકભાવ. પંચાસ્તિકાય ૫૬ ગાથામાં છે. સમજાણું કાંઈ? આહા..હા..! તેને દ્રવ્ય કહે છે. પર્યાયને છોડીને. સમજાણું કાંઈ? પંચાસ્તિકાય છે અહીંયાં? આહા..હા..! એ શબ્દ અહીંયાં છે ૫૬માં. ૫૬ ગાથા છે. '**द्रव्यात्मलाभहेतुकः परिणामः**' સંસ્કૃત છે. દ્રવ્યનું આત્મસ્વરૂપ નામ વસ્તુસ્વરૂપ. એના લાભ નામ હયાતી મોજૂદગી એનું નામ પારિણામિકભાવ છે. ત્રિકાળી પારિણામિકભાવ છે. આહા..હા..! '**द्रव्यात्मलाभ**' એ પર્યાય ન લીધી અહીં. સમજાણું કાંઈ?

'**द्रव्यात्मलाभहेतुकः परिणामः**' આહા..હા..! એ અહીં લીધું નિત્ય.

ત્રિકાળ નિત્યસ્વરૂપ દ્રવ્ય નામ વસ્તુની હયાતી, મોજૂદગી જેનું કારણ છે એવા પરમપારિણામિકભાવ તે જીવ, તે નિત્ય. સમજાણું કાંઈ? અને શુભ અને અશુભભાવ ક્રમે ઉત્પન્ન થાય છે માટે અનિત્ય. આહા..હા..! ધન્યકુમારજી! આવી વાત છે. બહારથી કાંઈ મળે એવું નથી. આહા..હા..! બહાર છે ક્યાં? એનું નામ અંતરાત્મા કહ્યુંને. અંતર સ્વરૂપ છે તેનો અનુભવ કરવો-પકડવું એનું નામ અંતરાત્મા. પુણ્ય-પાપનો અનુભવ કરવો તે બહિરાત્મા. આહા..હા..! જે એનામાં નથી એનું વેદન કરવું તે બહિરાત્મા. આહા..હા..! અંતરાત્મા ત્રિકાળી દ્રવ્યસ્વરૂપ ભગવાન આત્મા એની દૃષ્ટિ કરીને તેમાં લીન થવું એ જ વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? એ પંચાસ્તિકાયમાં (આવ્યું).

અહીંયાં એ કહે છે. ઓહો..! '**જીવ જ નિત્ય છે.**' એ પર્યાય સિવાયની વાત હોં. આહા..હા..! પર્યાય તો એને વિષય કરે છે. ત્રિકાળી દ્રવ્યને પર્યાય વિષય કરે છે. તો પર્યાય એમ માને છે કે આ ત્રિકાળી નિત્ય છે એ દ્રવ્ય છે. દ્રવ્યમાં ક્યાં નિર્ણય કરવો છે? નિર્ણય તો પર્યાયમાં કરવો છે. સમજાણું કાંઈ? તો પર્યાય એવો નિર્ણય કરે છે કે આ ત્રિકાળી દ્રવ્ય નિત્ય એકરૂપ રહે છે તે દ્રવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? નિર્ણય થાય છે, સમ્યગ્જ્ઞાન થાય છે એ તો પર્યાય છે. કેવળજ્ઞાન પર્યાય છે તો પછી આ સમ્યગ્દર્શનની વાત શું?

મુમુક્ષુ :- નિર્ણય દ્રવ્યનો થાય છે.

ઉત્તર :- પણ પર્યાય કહે છે કે આ હું. ભાષા એમ લીધી છેને. આ અનિત્ય છે તો આ નિત્ય છે. એ કોણ જાણે છે અંદર? પર્યાય. આહા..હા..! ...! આવો માર્ગ છે. પર્યાય. કારણ કે કાર્ય તો પર્યાયમાં થાય છેને. ધ્રુવમાં કાંઈ કાર્ય નથી થતું. ધ્રુવ તો એકરૂપ ત્રિકાળી વસ્તુ છે. સમજાણું કાંઈ? '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' તો ઉત્પાદવ્યય તો પર્યાય છે અને ધ્રુવ એ તો ત્રિકાળી વસ્તુ છે. એ પર્યાય એમ જાણે છે કે આ શુભ-અશુભ પરિણામ ક્રમે-ક્રમે ઉત્પન્ન થાય છે એનું લક્ષણ એવું છે. હું વિજ્ઞાનઘન સ્વભાવ નિત્ય છું. એવો પર્યાયમાં જ્યારે પરથી ભેદ થયો તો પર્યાયે દ્રવ્યને પકડ્યું. આહા..હા..! વાત એવી છે, ભગવાન! સમજાણું કાંઈ? લ્યો એ ત્રણ બોલ થયા.

'**जीवणिबद्धा**' એ વૃક્ષનો દાખલો. '**अधुव**' વધ-ઘટનો. '**अणिच्चा**' એ અનુક્રમનો. પુણ્ય-પાપ અનુક્રમે ઉત્પન્ન થાય છે. હવે ચોથો બોલ. '**असरणा**' ... એકરૂપ રહે છે તે ધ્રુવ. આ તો એકરૂપ રહેશે બસ. વધ-ઘટ થાય છે શુભાશુભ પરિણામ એનાથી ભિન્ન તે ધ્રુવ અને અનુક્રમે ઉત્પન્ન થાય છે તે અનિત્ય આસ્રવ, વિજ્ઞાનઘન એકરૂપ રહે છે તે નિત્ય. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો અધ્યાત્મની વાત છે. અંતર ચૈતન્યની વાત છે, બાપા! ભગવાન એ તો સૂક્ષ્મ છે, ભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- એક-એક વાતમાં રહસ્ય છે.

ઉત્તર :- આ તો સંતોની વાણી છે. વીતરાગી સંત. સર્વજ્ઞ પાસે સાંભળ્યું, અનુભવ કર્યો અને આત્માના આનંદમાં ચારિત્ર પ્રગટ થયું એની આ વાણી છે. આ કાંઈ.. સમજાણું કાંઈ? આહા..હા..! હમણા એક વાત કરી ભાઈએ. આ ઝાંઝરી. મક્ષી નથી? ત્યાં વિદ્યાનંદજી આવ્યા હશે, વિદ્યાનંદજી. ત્યાં ઝઘડો છેને શ્વેતાંબરનો. ત્યારે એમણે કહ્યું પણ શ્વેતાંબરને તો તમે મિથ્યાદષ્ટિ કહો છો. એટલે શી રીતે મટે? મિથ્યાદષ્ટિ કહે. વસ્તુ તો એવી છે. શાંતિ પ્રેમ રાખોને. દૃષ્ટિ ભલે રહી. પણ ઝઘડો એવો ન હોય. સમકિતદષ્ટિને સમ હોય એમ છે? ભાઈ! ભાઈ કહેતા હતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મિથ્યાદષ્ટિ બરાબર નિહ્નવ કહે છે, નિહ્નવ કહે છે. દિગંબરોને શ્વેતાંબર નિહ્નવ કહે છે. નિહ્નવ એટલે સમજ્યા? ચોર. આવે છે અમારે ત્યાં. અમે શ્વેતાંબરના બધા શાસ્ત્રો જોયા છેને. ઠાણાંગમાં નિહ્નવ કહે છે. ચોર છે. માર્ગને છુપાવી દીધો. એ પણ બિચારા સુખી થવાની ઈચ્છા કરે છે પણ ખબર નથી. કોઈ દુઃખી રહેવા માગે છે. પણ કેમ સુખી થાવું એની ખબર નથી. એ અજ્ઞાન દુઃખ છે. આહા..હા..!

કહે છે ચોથો બોલ. '**જેમ કામસેવનમાં વીર્ય છૂટી જાય...**' સંતો બ્રહ્મચારી છે. એને દૃષ્ટાંત દેવામાં કોઈ સંકોચ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! '**જેમ કામસેવનમાં વીર્ય...**' શરીરની રેત '**છૂટી જાય...**' એ વીર્ય હોં! '**તે ક્ષણે જ દારુણ કામનો સંસ્કાર નાશ પામી જાય છે,...**' તે જ ક્ષણે વાસના જે તીવ્ર કામની હતી એ વીર્યના સ્ખલનકાળમાં એ વાસના નાશ પામી જાય છે. આ તો દૃષ્ટાંત. કોઈ કહે આવું દૃષ્ટાંત કેમ આપ્યું?

મુમુક્ષુ :- બરાબર લાગુ પડે છે માટે.

ઉત્તર :- લાગુ પડે છે. આ તો બ્રહ્મચારી મુનિ છે. એને કોઈ વાત કરવામાં રાગ છે એમ છે કાંઈ? સમજાણું કાંઈ? ભગવાન સર્વજ્ઞ તો બધું જોતા નથી? પહેલા એવી વાત થઈ એક ફેરી ૮૭ની સાલમાં. આ સ્ત્રીની કથા તો શાસ્ત્રમાં પણ આવે છે. અને તમે એમ કહો કે સ્ત્રીકથા, ભટકથા, રાજકથા તે વિકથા. આવે છેને પંડિતજી! ચાર કથા. તો શાસ્ત્રમાં સ્ત્રીકથા બહુ આવે છે. ભગવાન! કીધું, તું સમજ. ૮૭ની વાત છે. ૪૧ વર્ષ પહેલાં. રાગસહિત, પ્રેમસહિત કથા કરવી એનું નામ વિકથા છે. રાગ વિના વીતરાગભાવે કથા કરવી તે વિકથા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એ આમાં ગયા હતા ત્યાં. .. એ આમ કહેતા. એ બહુ લખે ખરાને. વિકથા બહુ લખે. રાસ રચે. અરે..! આવો માર્ગ એમાં શું પ્રભુના માર્ગમાં આ? ભગવાનના સિદ્ધાંત છોડીને વિકથાઓ કરે આ! ઢાળ રાસ ને રામ રાસ દુનિયાનું રંજન કરે, માણસ બહુ ભેગા થાય. રાવણને લક્ષ્મણે માર્યો આમ કહે ત્યાં

ખુશી થઈ જાય. અરે..! એ ખુશી શું? ખુશ થાય કે આહા..હા..! લક્ષ્મણે માર્યો. અરે..! એ તો વાત છે. એમાં માર્યાની ખુશી કેમ થાય છે તને? એ તો વિકથા છે. વીતરાગી કથામાં તો જેવી વાત છે એમ સાંભળે. રાગ નહિ. જાણે. આમ છે. આમ છે એમ જાણે. એ ..વિકથા નથી. શાસ્ત્રમાં તો સ્ત્રીની બહુ વાત ચાલી છે.

એમ અહીંયાં કહે છે '**જેમ કામસેવનમાં વીર્ય છૂટી જાય તે ક્ષણે જ દારુણ કામનો સંસ્કાર નાશ પામી જાય છે, કોઈથી રોકી રાખી શકાતો નથી, તેમ કર્મોદય છૂટી જાય...**' છે. કેમકે ઉદયના લક્ષે ઉત્પન્ન થનારો વિકાર આસ્રવ ઉદય છૂટી જાય ત્યાં આસ્રવ પણ છૂટી જાય છે. '**કર્મોદય છૂટી જાય તે ક્ષણે જ આસ્રવો નાશ પામી જાય છે, રોકી રાખી શકાતા નથી, માટે તેઓ અશરણ છે;...**' આહા..હા..! વીર્યના સ્ખલનમાં વીર્ય રોકી શકાતું નથી. એમ પુણ્ય અને પાપના ભાવ નિમિત્તના આશ્રયે ઉત્પન્ન થયા એ નિમિત્ત છૂટી જાય છે તો એ પણ છૂટી જાય છે. શરણ નથી. પુણ્યભાવ પણ શરણ નથી. સમજાણું કાંઈ? કોઈ એમ કહે કે આપણે તો શુભભાવ કરો, ખૂબ કરો, પુણ્ય કરો. કરી શકે નહિ.

ભગવાન તો ત્યાં સુધી કહે છે કે નિગોદનો જીવ છે કે કદી ત્રસ નથી થયો એ પણ ક્ષણમાં શાતા બાંધે છે અને બીજી ક્ષણે અશાતા બાંધે છે. શું કહ્યું? નિગોદનો જીવ જે અનંતકાળમાં કદી ત્રસ નથી થયા. ભગવાનની આજ્ઞામાં છે શાસ્ત્રમાં કે એની અંતર્મુહૂર્તની સ્થિતિમાં શાતા બાંધે છે. બીજા અંતર્મુહૂર્તમાં અશાતા બાંધે છે. ત્રીજા અંતર્મુહૂર્તમાં શાતા, ચોથામાં અશાતા એમ નિરંતર ચાલે છે. કર્મધારા શુભ અને અશુભ... શુભ અને અશુભ નિગોદમાં પણ ચાલે છે. આહા..હા..! પંડિતજી! એની સ્થિતિ એટલી લીધી છે શાસ્ત્રમાં કે શાતાની સ્થિતિ કેટલી? જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત. અંતર કેટલું શાતા અને અશાતાની વચ્ચે? એ પણ એક સમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત. બસ! શાતા પછી અશાતા બાંધશે જ. તો શુભભાવ આવ્યા વિના રહેશે નહિ અને અનંત વાર આવ્યો. સમજાણું કાંઈ? લોકો શુભભાવ-શુભભાવ (કરે), પણ શું છે? ભગવાન! તને ખબર નથી. શુભભાવ તો નિગોદના જીવને ક્ષણે-ક્ષણે (થાય છે). ભગવાન તો ત્યાં સુધી કહે છે કે પહેલા ગુણસ્થાનથી લઈને છઠ્ઠા ગુણસ્થાન સુધી શુભ-અશુભ... શુભ-અશુભ... શુભ-અશુભ... ધારાવાહી ચાલે છે. અભવિને પણ ચાલે છે. આહા..હા..! આ વાત.

કસાઈ બોકડા કાપે છેને. ભગવાન તો એમ કહે છે કે એને પણ ક્ષણમાં શાતા અને ક્ષણમાં અશાતા બાંધે છે ઈ. ભારે આકરું કામ. સમજાણું કાંઈ? ધવલમાં એવા ઘણા લેખ છે. શાતા-અશાતાની સ્થિતિ અંતર્મુહૂર્ત. ખલાસ થઈ ગયું. નિગોદના જીવ પણ અંતર્મુહૂર્તમાં શાતાનો ભાવ છે શુભ. એ શુભથી શાતા બાંધે છે. બીજે ક્ષણે અશુભ અશાતા બાંધે છે.

બસ એવી નિરંતર ધારા ચાલે છે. એ કોઈ આત્માની ચીજ નથી. એ તો કર્મધારા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે કે એ કર્મનો ઉદય છૂટ્યો તો એ છૂટી જાય છે. એ કોઈ શરણ (નથી કે) પુણ્યને રાખો, ઘણો શુભભાવ રાખો. એ રહેશે જ નહિ. શુભ પછી અશુભ આવ્યા વિના રહે નહિ અને અશુભ પછી શુભ આવ્યા વિના રહે નહિ. અંતર્મુહૂર્તમાં હોં! સમજાણું કાંઈ? ધવલમાં તો પાઠના પાઠ ભર્યા છે એવા. ધવલ, મહાધવલ. ઘણા પાઠ છે. આહા..હા..! શાતાની બાંધવાની મુદ્દત જ અંતર્મુહૂર્તની છે. પછી ભલે .. પણ એ અંતર્મુહૂર્તના ભાવમાં જ શાતા બંધાય છે. બીજા અંતર્મુહૂર્તમાં અશાતા બંધાય છે. ત્રીજા અંતર્મુહૂર્તમાં શાતા, ચોથામાં અશાતા એમ અનાદિથી ચાલે છે. આહા..હા..! એ કર્મના ઉદયના નિમિત્તથી એવી કષાયની મંદતા તો નિગોદને પણ થાય છે. જે અનંત વાર થઈ. અનાદિ-અનંત અનંત પુદ્‌ગલ પરાવર્તન થયા, તો અનંત પુદ્‌ગલ પરાવર્તનમાં અડધા ભાગમાં શુભ અને અડધા ભાગમાં અશુભ (ભાવ થયા છે). આહા..હા..! શેઠ! સમજો છો?

મુમુક્ષુ :- બરાબર જ ચાલે છે.

ઉત્તર :- ચાલતી જ રહે છે. એવો ભગવાનનો પાઠ છે. સમજાણું કાંઈ? એ કોઈ નવી વસ્તુ નથી. આહા..હા..!

કહે છે કે કર્મનો ઉદય જ્યાં એવો આવ્યો તો એમાં જોડાણ કરીને કોઈને કષાયની મંદતા ક્ષણમાં આવી, બીજી ક્ષણે કષાયની તીવ્રતા આવી. એવા શુભ-અશુભભાવનો ઉદય થયો અને એક સાથે ગયો. એ શરણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ શરણ નથી, પ્રભુ! આહા..હા..!

મુમુક્ષુ :- એમ થયું કે પુણ્ય શરણ નથી.

ઉત્તર :- નથી. શુભભાવ શરણ નથી. આહા..હા..! અરિહંતા શરણં, સિદ્ધા શરણં એ તો વ્યવહારની વાત છે. એનું લક્ષ કરવાથી શુભભાવ થાય છે. એ યથાર્થ શરણ નથી. એય..! ગજબ વાત છે ભાઈ! અહીં તો આત્મા શરણ છે એમ બતાવવું છે. આહા..હા..! ..

પ્રભુ! તું દેવ છો, તું ગુરુ છો, તું પરમાત્મા છો, તું ઈશ્વર છો. આહા..હા..! એ પૂર્ણાનંદનો નાથ અપ્પા સો પરમઅપ્પા—આત્મા પરમાત્મા છે. વસ્તુ તરીકે પ્રભુ પરમાત્મા છે. આહા..હા..! પર્યાયમાં પરમાત્મા થવું એ એન્લાર્જ છે. અંદર છે એની ઉપર દૃષ્ટિ અને સ્થિરતા કરવાથી પર્યાયમાં પરમાત્મા થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ત્રણ લોકનો નાથ જેને કેવળજ્ઞાનમાં અનંતી સિદ્ધની પર્યાય એક-એક એવી અનંતી પર્યાય જેના ગુણમાં સંકેલમાં પડી છે. અત્યારે હોં! કેમકે કેવળજ્ઞાનની પર્યાય એક સમય રહે છે. ચતુષ્ટય પ્રગટ થાય છેને? અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય. પણ એ પર્યાય છે તો એક સમય જ રહે છે.

બીજે સમયે બીજી, ત્રીજે સમયે ત્રીજી એમ સાદિઅનંત (થયા કરે). એટલી સાદિઅનંત કે ભૂતકાળ કરતા અનંતગણું ભવિષ્ય. એ બધી અનંતી પર્યાયનો શક્તિરૂપે પિંડ જ્ઞાન અને આનંદમાં પડ્યો છે અંદર. સમજાણું કાંઈ? એ આત્મા શરણ છે આત્માને, બીજું કોઈ શરણ નથી.

અરિહંતા શરણ કહેવું, બોલ આવે છેને. લોગુત્તમા. મગલં. અરિહંતા મંગલં, અરિહંતા લોગુત્તમા, અરિહંતા શરણં એ ચાર આવે છે. મંગળિકમાં આવે છે. એ વ્યવહારની વાત છે. શુભવિકલ્પ થાય છે તો એવો વ્યવહાર આવે છે પણ એ યથાર્થ શરણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, શુકનચંદજી! એ મંગળિકમાં નથી આવતું? સ્થાનકવાસીમાં આવે છે, દેરાવાસીમાં આવે છે. શું સિદ્ધ શરણ દે છે ભગવાન? એ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્ય ઉપર લક્ષ જાશે તો રાગ જ ઉત્પન્ન થશે.

મુમુક્ષુ :- કેવળી પણ્ણંતો ધમ્મો ઈ?

ઉત્તર :- એ કેવળી પણ્ણંતો ધમ્મો આ. સ્વભાવ શુદ્ધ આનંદકંદમાં એકાગ્રતા થવી, વીતરાગતા પ્રગટ કરવી એ કેવળી પણ્ણંતો ધમ્મો.

મુમુક્ષુ :- અર્થ જ જુદી જાતનો.

ઉત્તર :- વસ્તુ જ એવી છેને, શું કરીએ? આ વસ્તુની સ્થિતિ છે. જૈન સંપ્રદાય કોઈ વાડો નથી. આ તો વસ્તુની સ્થિતિ એવી છે. જિનસ્વરૂપી આત્મા છે. સર્વજ્ઞને કેવળજ્ઞાન અને પૂર્ણ દશા થાય છે તો ક્યાંથી થાય છે? બહારથી આવે છે? આહા..હા..! આમ કહે કે અરિહંત પરમાત્મા એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક દેખે. પણ એ પર્યાય આવી ક્યાંથી? પર્યાયમાંથી પર્યાય આવે છે? આ તો અત્યારે દ્રવ્યમાંથી આવે છે એમ સિદ્ધ કરવું છે હોં. વળી પર્યાય પર્યાયથી થાય એ તો પછી. હજી તો વ્યવહાર સિદ્ધ કરવો છે. આ બીજી અપેક્ષા છે. ખ્યાલ છેને. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગની પર્યાય જે છે એનો તો વ્યય થાય છે અને કેવળજ્ઞાનનો ઉત્પાદ થાય છે. તો વ્યયમાંથી ઉત્પાદ થાય છે? સમજાણું કાંઈ? અંતરમાં એ પર્યાય શક્તિરૂપ પડી છે. પ્રવાહ ધારા આવી. એવી એવી અનંતી કેવળજ્ઞાન પર્યાય, અનંત ભૂતકાળથી ભવિષ્ય અનંતગણું, એવા અનંત અનંત આનંદની પર્યાય, એવી અનંત અનંત વીર્ય બળની પર્યાય, એવા અનંત અનંત દર્શનની પર્યાય, દર્શન ઉપયોગની હોં. એ સમકિત દર્શનની પર્યાય, ક્ષાયિક સમકિતની એક સમય પર્યાય રહે છે, બીજે સમયે બીજી, એવી ક્ષાયિક સમકિતની અનંતી પર્યાય એ બધી દ્રવ્યમાં પડી છે. આહા..હા..! અનંત પર્યાયનો પિંડ એક ગુણ અને અનંત ગુણનું એકરૂપ તે ભગવાન. આહા..હા..! સમજાણું કાંઈ? ઈ કહે છે. (આસ્રવ) શરણ નથી.

**'આપોઆપ (પોતાથી જ) રક્ષિત એવો સહજ ચિત્શકિતરૂપ જીવ જ શરણસહિત છે.'** આહા..હા..! **'આપોઆપ રક્ષિત...'** એ રક્ષાયેલો જ છે. વીર્યને તો રાખે તોપણ

ન રહે એવી ચીજ નથી. સ્વયંરક્ષિત ભગવાન આત્મા '**સહજ ચિત્શક્તિરૂપ...**' સ્વભાવિક જ્ઞાનશક્તિરૂપ '**જીવ જ શરણસહિત છે.**' આ જીવ કેવો કહ્યો? કે '**આપોઆપ (પોતાથી જ) રક્ષિત એવો સહજ ચિત્શકિતરૂપ જીવ...**' એક સમયની પર્યાય નહિ, રાગ નહિ, પર નહિ. આમ ને આમ જીવ. આહા..હા..! સ્વયંરક્ષિત ભગવાન આત્મા ત્રિકાળ '**સહજ ચિત્શક્તિરૂપ જીવ...**' સ્વભાવિક જ્ઞાનશક્તિરૂપ '**જીવ જ શરણસહિત છે.**' સમજાણું કાંઈ?

એ ભગવતી આરાધનામાં આવે છે. સંથારો કરેને. સંથારો સમજ્યા? સમાધિમરણ. તો બીજા સમજાવે છે. જરી એવો કોઈ વિકલ્પ આવી ગયો ક્ષુધાનો. અરે! મુનિ! એ તો સમજાવવાની રીત છે. બાકી એ મુનિનો વિકલ્પ તરત ટળીને સપ્તમ ગુણસ્થાન થઈ જ જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ કાંઈ ઓલા સંભળાવે છે માટે એનાથી થાય છે એમ નથી. એ ચિત્શરણ ભગવાન અંદર ચિત્શક્તિરૂપ સહજ ભગવાન (સ્વયંરક્ષિત છે). એ વિકલ્પ થઈ ગયો. ઈ છૂટીને અંદર ગયો, વિકલ્પ શાંત થઈ ગયો. એનું નામ સમાધિમરણ. અતીન્દ્રિય આનંદમાં ઝૂલતા દેહ છૂટી જાય તે સમાધિમરણ. સમાધિમરણ કંઈ આમ કરે ને આમ કરે, એ તો બધી બહારની વાતું છે. આહા..હા..!

એ શુભ-અશુભ પરિણામ શરણરહિત છે. કેમકે ઉદય ખરતાં એ પણ ખરી જાય છે. હું તો ભગવાન સહજ ચિત્શક્તિરૂપ, ચિત્શક્તિવાળો પણ નહિ, ચિત્શક્તિવાળો તો ભેદ થઈ જાય છે, સ્વયં રક્ષિત (છું). આહા..હા..! ટીકા તે પણ ટીકા છેને! '**સહજ ચિત્શક્તિરૂપ...**' ચિદાનંદ ભગવાન પરમાત્મસ્વરૂપ. સ્વરૂપ એવું છે. એ '**જીવ જ શરણસહિત છે.**' આહા..હા..! ધર્માત્માને આ જીવ શરણ છે, બીજું કોઈ શરણ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? શાસ્ત્રનું વાંચન લાખ કરે, કરોડ કરે તોપણ એ વિકલ્પ છે ઈ શરણ નથી. શરણ તો ભગવાન એકરૂપ પડ્યો છે અંદર, સ્વભાવિક જ્ઞાન અને વીર્યના પિંડરૂપ અનંત-અનંત શક્તિ એક-એક ગુણ અનંત ગુણ શક્તિસંપન્ન અને એવા અનંત ગુણરૂપ પ્રભુ ત્યાં દૃષ્ટિ દેતા શરણ મળે. જ્યાં દૃષ્ટિ દેતા શરણ મળે તે ભગવાન આત્મા છે. દેવ-ગુરુ પણ શરણ નથી. એય..! આહા..હા..!

૨૫ આયતનમાં આવે છેને પંડિતજી! ૨૫ આયતનમાં દેવ-ગુરુ-શાસ્ત્ર આયતન (કહ્યા છે). છ આયતન નથી આવતા? અનાયતન. દેવ-ગુરુ-શાસ્ત્ર, કુદેવ-કુગુરુ અનાયતન અને દેવ-ગુરુ-શાસ્ત્ર આયતન, પણ એ તો વ્યવહારે છે. વિકલ્પના સ્થાને તેને વ્યવહાર કહેવામાં આવે છે. ખરેખર આયતન તો ભગવાન આત્મા છે. આહા..હા..! એ અપેક્ષાએ તો દેવ-ગુરુ-શાસ્ત્રનું આયતન કહ્યું એ તો અનાયતન છે. નિશ્ચયથી અનાયતન છે ભાઈ! એથી અહીં એ કહે છે. સમજાણું કાંઈ? એના ઉપર લક્ષ રાખ્યે કાંઈ અંદર નિર્વિકલ્પતા થાય છે? એના ઉપર જ્યાં સુધી લક્ષ છે ત્યાં સુધી તો રાગ છે. પણ જેટલો અંદર દ્રવ્યનો આશ્રય લઈને શરણ પ્રગટ કર્યું એટલો આનંદ આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ શરણ એ તો વાત ચાલે છે. એ બધી વ્યવહારે વાતું છે.

મુમુક્ષુ : .. એનાથી પરિણામ સુધરી જાય.

ઉત્તર :- પરિણામ એનાથી સુધરતા નથી ઈ તો કહે છે. એ માટે તો આ લીધું છે. દ્રવ્યનો આશ્રય લે તો પરિણામ સુધરે છે. શુકનચંદજી! વાત એવી છે, ભગવાન! આહા..હા..!

મુમુક્ષુ :- બધી વાતમાં અમારી ભૂલ?

ઉત્તર :- ભૂલ તો જે હોય એ રહે, એમાંથી નીકળ્યા જ કરે. સમજાણું કાંઈ? આહા..હા..!

પૂર્ણાનંદનો નાથ ક્યાં અલ્પ અને વિપરીતરૂપે છે? અને એ વિપરીત નામ પુણ્ય-પાપરૂપે નથી અને અલ્પરૂપે નથી. સમજાણું કાંઈ? અરે..! એ દૃષ્ટિ ક્યાંથી લાવવી? સમજાણું કાંઈ? એ દૃષ્ટિનો વિષય ભગવાન આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ કહ્યુંને એને? પ્રશંસનિક દૃષ્ટિ કહ્યુંને? તો પ્રશંસનિક દૃષ્ટિનો વિષય તો મોટો ભગવાન છે માટે પ્રશંસનિક દૃષ્ટિ કહ્યું છે. સમજાણું કાંઈ? માર્ગ આ છે ત્રણ કાળ, ત્રણ લોકમાં. એમાં કોઈ ફેરફાર અંશમાત્ર થાય એમ છે નહિ. એય..! શાંતિભાઈ! કહો, સંભળાય છે કે નહિ? દસ વર્ષે આવ્યા. ધંધામાં ધૂંચી ગયેલા.

અહીં કહે છે... આહા..હા..! પ્રભુ! તારું ઘૂસવાનું સ્થાન તો ધ્રુવ પડ્યો છેને અંદર. ત્યાં જાને તને શરણ મળશે. બીજે ક્યાંય શરણ છે નહિ. ફાંફાં મારે કે અહીંથી મળશે, અહીંથી મળશે. શાસ્ત્ર સાંભળો તો મળશે, ભગવાન દઈ દેશે, ગુરુ દઈ દેશે. ગુરુની કૃપા થાય તો મળશે. બધા ફાંફા છે. નાથુલાલજી! આહા..હા..! અરે! પરમાત્મા તો એમ કહે છે આત્મા માટે. એ કહ્યું હતુંને છઠ્ઠો બોલ અલિંગગ્રહણનો? અલિંગગ્રહણના ૨૦ બોલ છેને પ્રવચનસાર. એમાં છઠ્ઠામાં એમ લીધું છે. પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. કોઈનું શરણ નથી, કોઈની અપેક્ષા નથી. વ્યવહારની અપેક્ષા નથી, વ્યવહારની મદદતા નથી. આહા..હા..! એવો પાંગળો આત્મા નથી કે વ્યવહાર હોય તો અહીં નિશ્ચય પ્રગટે એવો આત્મા છે નહિ. છઠ્ઠો બોલ છે. બધા આવી ગયા છે આપણે વ્યાખ્યાન. પુસ્તક પણ છપાણા છે. આમાં.. ભાઈ હતા. સદ્‌ગુરુ પ્રસાદમાં. ભાઈ ગુજરી ગયા. એ ૨૦ બોલનો વિસ્તાર છે. ૨૦ બોલ છે. અલિંગગ્રહણના ૨૦ અર્થ કાઢ્યા છે અમૃતચંદ્રાચાર્યે. ૨૦ બોલ. એમાં તો ત્યાં સુધી લઈ ગયા છે કે દ્રવ્ય પર્યાયને આલિંગન કરતું નથી. પર્યાય દ્રવ્યને આલિંગન કરતી નથી. ત્યાં સુધી લઈ લીધું છે. ૧૮, ૧૯, ૨૦ બોલ. ઓહો..હો..! સમજાણું કાંઈ?

૧૭૨. ૧૮-૧૯ છેલ્લા લેવા છે હોં! **'લિંગ એટલે કે ગુણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ (પદાર્થજ્ઞાન) તે જેને નથી...'** ભગવાનને પદાર્થજ્ઞાન નથી. આહા..હા..! શું કહે છે? સંસ્કૃત છે હોં. અર્થાત્ ગુણ અને ગુણીનો ભેદ નથી. છે જુઓ. સંસ્કૃતમાં છે. ''**न लिंगं गुणो ग्रहणमर्थावबोधो यस्येति गुणविशेषानालीढशुद्धद्रव्यत्वस्य।**' આહા..હા..!

'**ગુણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ (પદાર્થજ્ઞાન) તે જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા ગુણવિશેષથી નહિ આલિંગિત એવું...**' ગુણવિશેષથી નહિ સ્પર્શાયેલું '**એવું શુદ્ધ દ્રવ્ય છે...**' રાડ નાખી જાય જગત. ગુણ-ગુણીનો ભેદ ક્યાં છે અંદર? સમજાણું કાંઈ? એ દૃષ્ટિનો વિષય અભેદ છે. ગુણ-ગુણીનો ભેદ તો વ્યવહારનો વિષય થઈ ગયો. સમજાણું કાંઈ? એ વાણી ક્યાં હોય વીતરાગ સિવાય. સમજાણું કાંઈ? એ પણ દિગંબર સંતો સિવાય ક્યાંય આ છે નહિ. ક્યાંય ગંધ નથી હોં! પછી કહો સમન્વય કરો. ભગવાન! કોની સાથે કરે? નાથ! બાપુ! તને ક્યાં રખડાવવો? આહા..હા..! દિગંબર સંતો એ તો કેવળજ્ઞાનીના થાંભલા. કેવળજ્ઞાન થંભાવી રાખ્યું છે. આહા..હા..! એવી ચીજ તારી છે નાથ. ગુણને દ્રવ્ય સ્પર્શતું નથી એવા દ્રવ્યવિશેષરૂપ જે ગુણ તેને સ્પર્શતી નથી એવી સામાન્ય જે વસ્તુ છે એ તું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

બીજો. '**લિંગ એટલે કે પર્યાય એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધવિશેષ તે જેને નથી...**' પર્યાય જેને નથી. આહા..હા..! '**તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પર્યાયવિશેષથી નહિ આલિંગતિ એવું શુદ્ધ દ્રવ્ય છે...**' પર્યાયવિશેષ પર્યાયને આલિંગન કરતું નથી. એ અહીંયા દ્રવ્ય લીધું છે ચિત્શક્તિરૂપ. સમજાણું કાંઈ? છેલ્લો બોલ જરીક .. છે. એ પર્યાય .... મહારાજ દ્રવ્યની વાત કરે છે, પણ હવે તો પર્યાયને આત્મા કહેશે એનો અર્થ શું કરશે? ૨૦૦૫ની સાલ ૨૩ વર્ષ પહેલા. એ હતાને મોરબીવાળા. એકલા દ્રવ્ય-દ્રવ્યની વાત કરે છે, પણ અહીંયાં તો ૨૦મા બોલમાં તો પર્યાયને આત્મા લીધો છે. જુઓ.

'**લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધસામાન્ય તે જેને નથી...**' દ્રવ્ય તેને નથી. કેમ? કે અનુભવમાં તો આનંદ આવે છે. એ દ્રવ્ય અનુભવમાં નથી આવતું. એ અનુભવમાં દ્રવ્ય નથી આવતું, અનુભવમાં તો પર્યાયમાં આનંદનો અનુભવ છે તે આત્મા. સમજાણું કાંઈ? ૨૦મો બોલ છે ઈ. '**તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા દ્રવ્યથી નહિ આલિંગિત...**' દ્રવ્યથી નહિ આલિંગિત. આહા..હા..! શુદ્ધ પર્યાય એ શુદ્ધ પર્યાયનો જે અનુભવ થયો તે જ આત્મા, બસ! મને તો અનુભવમાં આવ્યો તે આત્મા. ચીજ પડી રહી. ધ્રુવનો અનુભવ થતો નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો પર્યાય છે. પર્યાયનો અનુભવ છે. સિદ્ધને પણ પર્યાયનો અનુભવ છે. દ્રવ્યનો અનુભવ છે? એક સમયમાં દ્રવ્ય અનુભવે તો બીજે સમયે નાશ થઈ જાય. સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે. આહા..હા..! '**સહજ ચિત્શક્તિરૂપ જીવ જ શરણસહિત છે.**' આ ધ્રુવ હોં. ત્રિકાળ આનંદ અને ધ્રુવ સ્વભાવ સહિત એ પ્રભુ, સ્વભાવરૂપ જ પ્રભુ એ શરણસહિત છે. સ્વયંરક્ષિત જ છે. એને રાખે તો રહે એવી ચીજ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! શરણસહિત છે. એ ચોથો બોલ કહ્યો.

પાંચમો બોલ. **'આસ્રવો સદાય આકુળ સ્વભાવવાળા હોવાથી દુઃખરૂપ છે;...'** શેઠ! શુભ-અશુભભાવ દુઃખરૂપ છે. જે ભાવે તીર્થંકરગોત્ર બાંધે તે ભાવ દુઃખરૂપ છે એમ કહે છે. પોતાના આનંદ સ્વરૂપથી વિપરીત વિકલ્પ એ બધા દુઃખરૂપ છે. આહા..હા..! પંચ મહાવ્રતના પરિણામ દુઃખરૂપ છે. અવ્રતના પરિણામ દુઃખરૂપ, વ્રતના પરિણામ દુઃખરૂપ.

મુમુક્ષુ :- કુંદકુંદાચાર્યે આખી જિંદગી પાળ્યા.

ઉત્તર :- કાંઈ પાળ્યું નથી. પાળ્યું શું, એ તો હતું એમ જાણ્યું છે. એમ કે કુંદકુંદાચાર્યે અઠ્યાવીસ મૂળગુણ પાળ્યા છેને? એ તો વ્યવહારના કથન છે. પાળે શું? રાગને શું પાળે? આનંદની દશાને પાળી હતી. એમાં રાગ હતો વ્યવહાર આવ્યો એને પાળ્યો એવો આરોપ કરીને પાળતા હતા એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે કે આસ્રવ તો સદા આકુળ, સદા, એમ કે કોઈ વખતે વળી પુણ્યમાં રાગની મંદતામાં શાંતિ મળે અને કોઈ વખતે આકુળતા (અનુભવાય) એમ નથી. આહા..હા..!

**'આસ્રવો સદાય આકુળ સ્વભાવવાળા...'** સ્વભાવવાળા. શુભ અને અશુભ વિકલ્પમાત્ર. શુભના ત્રણ ભેદ છે. એક ભક્તિરૂપ શુભ, એક મહાવ્રતાદિ ક્રિયારૂપ શુભ અને એક ગુણ-ગુણીના ભેદરૂપ શુભ. ત્રણ શુભ છે. એ ત્રણેય આકુળતાનું કારણ છે. સમજાણું કાંઈ? એમાં છે, અનુભવપ્રકાશમાં. આપણે ... દીપચંદજી. દીપચંદજી સાધર્મી એણે બનાવ્યુંને અનુભવપ્રકાશ, ચિદ્વિલાસ, આત્માવલોકન. અધ્યાત્મ શું કહેવાય? અધ્યાત્મ પંચસંગ્રહ. બધું વાંચ્યું છે. એમાં એમ લીધું છે. સમજાણું કાંઈ? કે શુભભાવના ત્રણ પ્રકાર છે. દયા, દાન, વ્રતાદિના પરિણામ શુભ, એક ભક્તિનો ભાવ શુભ, એક ગુણગુણીનો ભેદ અંદર કરવો એ પણ શુભ વિકલ્પ છે. ત્રણે દુઃખરૂપ છે. એય..! શેઠ! આ શેઠિયાઓ પૈસા-બૈસા આપે થોડા. દાન આપે તો મોટા ધર્મધુરંધરના બિરૂદ આપી દે એને. રાજી થઈ જાય. કહો, શેઠ! આ .. પડે લ્યોને પાછળ પાછળ જાય. આહા..હા..! પ્રભુ! તારું સંપ્રદાનનું દાન તો તારા સ્વભાવમાંથી કાઢીને થાય છે. સંપ્રદાન એ ગુણ છે આત્મામાં. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ છ શક્તિઓ છે. અનાદિ-અનંત આત્મામાં હોં. એ સંપ્રદાનને આશ્રયે જ્યારે દૃષ્ટિ ને જ્ઞાન ને શાંતિ મળે છે એ પોતાનું દાન પોતે લે છે અને પોતે દે છે.

મુમુક્ષુ :- બીજા કોઈને ન દે? પોતાને જ દે?

ઉત્તર :- કોણ દે? કોને દે? કોણ દે? એ બધી વાતું છે. રજકણ પણ બીજાને દે છે એ વાત મિથ્યાદૃષ્ટિ માને છે. આહા..હા..!

અહીંયાં તો **'આસ્રવો સદાય આકુળ સ્વભાવવાળા હોવાથી દુઃખરૂપ છે;...'** ભગવાન કેવા છે? એ આવશે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા વદ-૮, શનિવાર, તા. ૩૦-૦૯-૧૯૭૨
## ગાથા-૭૪, પ્રવચન-૧૭૮

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

સમયસાર, કર્તા-કર્મ અધિકાર છે. ૭૪ ગાથા ચાલે છે. પાંચમો બોલ. પાંચમો બોલ આવ્યોને. પહેલા એમ કહ્યું, શિષ્યનો એ પ્રશ્ન છે કે આ આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે, એ શુભ-અશુભભાવ જે દુઃખરૂપ છે તો એ આસ્રવથી ક્યા કાળે નિવૃત્ત થાય છે? આસ્રવના ભાવથી નિવૃત્ત થવું અને સ્વરૂપમાં પ્રવૃત્તિ કરવી એ એક જ કાળ છે કે ભિન્ન-ભિન્ન કાળ છે? સમજાણું કાંઈ? એનો ઉત્તર છે.

પહેલા તો એમ કહ્યું કે જેમ વૃક્ષમાં લાખ છે એ વૃક્ષની ઘાતક છે અને વૃક્ષ ઘાત થવાને લાયક છે. એમ ભગવાન આત્મા એમાં જે પુણ્ય અને પાપના ભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધાદિના ભાવ થાય એ લાખની સમાન ઘાતક છે. પોતાની શાંતિની પર્યાયનો ઘાતક છે અને આત્મા વધ્ય થવાને લાયક છે. કહો, શેઠ! સમજાણું કાંઈ? એવું બેનું ભેદજ્ઞાન થતાં જ આત્મામાં કર્મનો અભાવ થઈ જાય છે. શિથિલ થઈ જાય છે એમ કહે છે. અભાવ થઈ જાય છે. સમજાણું કાંઈ? એ બેનો એક કાળ છે. એ શુભ-અશુભભાવ લાખ સમાન ઘાતક છે એમ .. જ્ઞાન કરીને પોતાનો ચૈતન્યસ્વભાવ આસ્રવથી રહિત છે એવું ભેદજ્ઞાન કરવાથી આસ્રવના પરિણામ ઘટી જાય છે. બીજી કોઈ એની ક્રિયા નથી એમ કહે છે. સમજાણું કાંઈ? કહો, પંડિતજી! ભેટ છે. સમયસાર નાટક છે અને પ્રવચન ગુજરાતી. .. ન મળ્યું? ત્યાં પડ્યું હતું અંદર, ગોત્યું. ... પંડિતજી!

મુમુક્ષુ :- ... પણ મળ્યું નહિ.

ઉત્તર :- મળ્યું નહિ. વિશેષ હતું. વાત કરી.

શું પ્રશ્ન છે સમજાણો? કે ભગવાન આત્મા પૂર્ણાનંદ જ્ઞાનનો પુંજ પ્રભુ અને પુણ્ય અને પાપના ભાવ આસ્રવ એનાથી નિવૃત્તિ અને આત્મામાં પ્રવૃત્તિ એનો સમકાળ છે કે વિષમકાળ છે? એ પ્રશ્ન છે. આહા..હા..! ચાર બોલ તો આવી ગયા છે કે એ પુણ્ય અને પાપના ભાવ, શુભ-અશુભભાવ વૃક્ષમાં જેમ લાખ છે એમ ઘાતક છે અને એ તરફની દૃષ્ટિ કરવાથી

પર્યાયમાં વધ થવાને લાયક જીવની પર્યાય થાય છે. એમ જાણીને શુભાશુભભાવથી રુચિ હટાવીને સ્વભાવ સન્મુખમાં રહે છે તો આસ્રવ નિવૃત્ત થાય છે. સમજાણું કાંઈ? એક બોલ. ચાર બોલ ચાલ્યાને?

બીજો બોલ એ આવ્યો કે અધ્રુવ છે. શુભ-અશુભભાવમાં વધ-ઘટ થાય છે. શુભ-અશુભભાવ વધે છે, ઘટે છે, વધે છે, ઘટે છે. એવું એનું લક્ષણ જાણીને ભગવાન ધ્રુવ છે એમાં વધ-ઘટ નથી, એવું બેનું ભિન્ન લક્ષણ જાણીને એનાથી નિવૃત્ત થાય છે અને સ્વભાવમાં આનંદ અને એકાકાર થાય છે તો તેને ભેદજ્ઞાન અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. એ પ્રાપ્તિની કાળમાં જ મિથ્યાત્વના આસ્રવનો નાશ થાય છે એમ કહે છે. ૭૪ ચાલે છે. ૭૦ અને ૪. સમજાણું કાંઈ?

ત્રીજો બોલ એ આવ્યો કે શુભ-અશુભભાવ અનુક્રમે ઉત્પન્ન થાય છે તેથી અનિત્ય છે. દયા, દાન, વ્રતના શુભભાવ અને હિંસા, જૂઠાના અશુભભાવ એ અનુક્રમે ઉત્પન્ન થાય છે. એ કારણે બે ભાવ અનિત્ય છે. ભગવાન આત્મા અનુક્રમે નથી, એ તો નિત્ય જ છે. સમજાણું કાંઈ? આમ પરથી ખસીને પોતાના ચિદાનંદ પ્રભુમાં આશ્રય કરીને આરૂઢ થાય છે તે જ સમયે મિથ્યાત્વ આદિનો આસ્રવ નિવૃત્ત થાય છે.

ચોથો બોલ. ચોથો ચાલે છેને? પાંચમો ચાલશે. ચોથો બોલ અશરણ છે. કર્મના ઉદયનું નિમિત્ત જેમ ખરી જાય છે તો એના સંબંધવાળો શુભાશુભભાવ પણ ખરી જાય છે. જેમ એ વીર્યસ્ખલન કામની વાસનામાં વીર્યસ્ખલનને કાળે કામવાસનાનો નાશ થાય છે એમ કર્મના ઉદયનો નાશ થઈને, અભાવ થતાં એના સંબંધવાળો શુભાશુભભાવનો પણ અભાવ થાય છે. આત્મા સ્વયંરક્ષિત હોવાથી શરણ છે. ચિદાનંદ ભગવાન આત્મા ધ્રુવ નિત્યાનંદ પ્રભુ એ જ શરણ છે. એને આશ્રયમાં જવાથી જ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર થાય છે. ચોથો બોલ.

પાંચમો. **'આસ્રવો સદાય આકુળ સ્વભાવવાળા હોવાથી દુઃખરૂપ છે;...'** આસ્રવ સદાય આકુળ સ્વભાવવાળા હોવાથી. એ બોલ ચાલે છે. અને છઠ્ઠો બોલ ઝીણો આવશે. પાંચમા સુધી બહુ એવું નહોતું. ભગવાન આત્મા જ્ઞાનનો પુંજ, આનંદનો પુંજ, કારણપરમાત્મા ધ્રુવ એમાં જે પુણ્ય અને પાપની વૃત્તિઓ, ભાવ ઉઠે છે એ દુઃખરૂપ છે, આકુળતાને ઉત્પન્ન કરનારી છે. ચાહે તો તીર્થંકરગોત્રનો ભાવ હો, પણ છે તો આકુળતાને ઉત્પન્ન કરનારો, દુઃખ છે. સમજાણું કાંઈ? એ આવ્યું. **'આકુળ સ્વભાવવાળા હોવાથી...'** એ શુભ અને અશુભ લાગણી જ આકુળતાને ઉત્પન્ન કરનાર સ્વભાવવાળી છે. ચાહે તો પંચ મહાવ્રતના પરિણામ હો, આકુળતા છે.

મુમુક્ષુ :- આકુળતા...

ઉત્તર :- આકુળતામાં રહ્યા જ નથી. એ તો પોતાના સ્વરૂપમાં હતા. એના તો જાણનાર છે. પણ વ્યવહારનયના કથનમાં ચરણાનુયોગમાં એમ આવે છે કે સાધુ અઠ્યાવીશ મૂળગુણ પાળે છે. એવા વ્યવહારનયના ગ્રંથમાં એવી કથનની પદ્ધતિ છે. વસ્તુસ્થિતિ તરીકે જુઓ તો સમ્યગ્દષ્ટિ ધર્મી, મુનિ સમ્યગ્દષ્ટિ એ તો પોતાના સ્વરૂપમાં જ છે. વ્યવહાર રાગ આવે એનાથી તે ભિન્ન છે. સમજાણું કાંઈ? ચોથા ગુણસ્થાનથી જ્યાં રાગ અને વિકલ્પથી ભિન્ન પોતાની નિર્વિકલ્પ વસ્તુનો અનુભવ થયો ત્યારથી સમકિતી વ્યવહારથી મુક્ત છે અને નિશ્ચયમાં લીન છે. સમજાણું કાંઈ? તો મુનિની તો વાત શું કરવી! આહા..હા..! ધન્ય અવતાર! જેણે આત્માને આમ અંદરમાં લપેટ કર્યો છે. પૂર્ણાનંદના નાથમાં ઉગ્રપણે ઘૂસી ગયા છે. ચરણં ચારિત્ર આનંદમાં રમવું. અતીન્દ્રિય નિત્યાનંદ ભગવાન એનો સ્વાદ તો ચોથે ગુણસ્થાને શરૂ થાય છે. સ્વાદ—સ્વસંવેદ્ય. પણ આ તો છઠ્ઠે મુનિ આહા..હા..! ત્રણ કષાયનો અભાવ વીતરાગમૂર્તિ પ્રભુ એમાં એકાકાર થઈને પ્રચુર સ્વસંવેદન (ભોગવે છે). એવો પાઠ છે. પાંચમી ગાથા. સમયસાર પાંચમી ગાથા. આ સમયસાર છેને. પાંચમી ગાથામાં છે. કુંદકુંદાચાર્ય કહે છે કે અમારો વૈભવ, અમારી દશા પ્રચુર સ્વસંવેદન અમારો વૈભવ એનાથી હું સમયસાર કહીશ. આહા..હા..! ભગવાન કહે છે અને કહેશે એમ નહિ. પ્રચુર સ્વસંવેદન. આવ્યુંને? પાંચમી ગાથામાં છે. પાંચમામાં છે. સ્વસંવેદન તો ચોથે ગુણસ્થાનથી ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? પાંચમી લેવી છે? પાંચમી ગાથા. પાનું-૧૫, બીજી લીટી.

'**નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો, સુંદર જે આનંદ તેની છાપવાળું જે પ્રચુરસંવેદનસ્વરૂપ સ્વસંવેદન, તેનાથી જેનો જન્મ છે.**' આહા..હા..! સંસ્કૃતમાં પણ છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**अनवरतस्यन्दिसुन्दरानन्दमुद्रितामन्दसंविदात्मक-स्वसंवेदनजन्मा**'

મુમુક્ષુ :- ... શબ્દ પડ્યો છે.

ઉત્તર :- કેમકે મુનિ છેને. ચોથે ગુણસ્થાને એટલું નથી. સ્વસંવેદન છે. એક કષાયનો અભાવ મિથ્યાત્વનો (થયો છે) તો એટલું સ્વસંવેદન આનંદનું વેદન છે પણ અહીંયાં તો પ્રચુર સ્વસંવેદન છે. મુનિની દશા છેને. ઓહો..હો..! પરમેશ્વરની દશા! તો કહે છે કે અમારું પ્રચુરસ્વસંવેદન એ અમારો વૈભવ એનાથી અમે સમયસાર કહીશું. આહા..હા..! સમજાણું કાંઈ? ... એમ એમાં આવે છે શ્વેતાંબરમાં. શિષ્ય કહે છે જંબુસ્વામી કે ભગવાને અમને આમ કહ્યું એમ કહીએ છીએ. એની અહીં ના પાડે છે. અમને તો સ્વસંવેદન છે. અમારો પ્રત્યક્ષ આનંદનો અનુભવ છે એ વૈભવથી હું સમયસાર કહીશ. કથનની પદ્ધતિ ફેર છે આખી. સમજાણું કાંઈ? એ શ્વેતાંબરમાં એમ છે. ... હે આયુષ્યમાન! ભગવાન અમને એમ કહેતા હતા એમ અમે તમને કહીએ છીએ. એમ નથી. અમારો અનુભવ આનંદનો પ્રચુર સ્વસંવેદનથી અમારો

વૈભવ છે. એ અમારો વૈભવ છે. આ ધૂળના વૈભવ નહિ તો પુણ્ય-પાપના, પંચ મહાવ્રતના વિકલ્પ પણ અમારો વૈભવ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! તો એ મુનિ તો પોતાના શુદ્ધ ચૈતન્યની દષ્ટિ, જ્ઞાન અને રમણતામાં મુનિ છે. વ્યવહારના વિકલ્પમાં મુનિ નથી. આહા..હા..! વિકલ્પથી નિવૃત્ત થઈને નિર્વિકલ્પમાં પ્રવૃત્તિ મુનિઓની છે. વ્યવહારથી મુક્ત છે. વ્યવહારનયના કથનમાં ચરણાનુયોગમાં એમ આવે છે કે અઠ્યાવીશ મૂળગુણ પાળે છે, અતિચાર ટાળે છે. એ બધા વ્યવહારના કથન છે. વસ્તુની સ્થિતિ એવી નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા શુભ અને અશુભરાગ એ બધું દુ:ખરૂપ છે એનાથી ખસીને. છેને? '**સદાય નિરાકુળ સ્વભાવવાળો જીવ જ અદુ:ખરૂપ અર્થાત્ સુખરૂપ છે.**' છે? આહા..હા..! એક-એક બોલે .. છે અહીંયાં. ભગવાન આત્મા નિત્યાનંદનો ઘન છે. તેને આત્મા કહીએ કે જે '**સદાય નિરાકુળ સ્વભાવવાળો જીવ જ...**' જીવ જ. '**અદુ:ખરૂપ અર્થાત્ સુખરૂપ છે.**' એમ બે વચ્ચે ભેદ કરે ત્યારે આસ્રવથી નિવૃત્ત થાય છે અને સ્વભાવમાં પ્રવૃત્તિ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? મારગડા વીતરાગના જુદા છે ભાઈ! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એનો માર્ગ તો અંતરમાં શુદ્ધ ચૈતન્યનો દ્રવ્યસ્વભાવ એમાં લીન થવું, વિકલ્પથી નિવૃત્ત થઈને એવો વીતરાગનો માર્ગ છે. સમજાણું કાંઈ? તો કહે છે કે પુણ્ય અને પાપ બેય ભાવ દુ:ખરૂપ છે. આહા..હા..! છદ્મસ્થમાં ઉપદેશ દેવામાં વિકલ્પ ઉઠે છે ઉપદેશ કરવાનો એ પણ દુ:ખરૂપ છે. સમજાણું કાંઈ? કેવળીને તો વિકલ્પ છે નહિ. એ તો ૐ ધ્વનિ (ખરે છે). વીતરાગભાવમાં પડ્યા છે અને ૐ અક્ષર નીકળે છે. પણ નીચે ઉપદેશકમાં છદ્મસ્થ હોય તો ઉપદેશકને પણ રાગનો વિકલ્પ ઉઠે છે એ દુ:ખરૂપ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ .. છે કેવું? એનું સ્વરૂપ શું? વાણી ન હોય. ધણી ન થાય, પણ છે ક્યાં એ?

મુમુક્ષુ :- દુ:ખનો પણ ધણી નહિ? દુ:ખ થાય એનો પણ ધણી નથી?

ઉત્તર :- દુ:ખનો ધણી હોય નહિ, ધર્મી દુ:ખના ધણી હોય? આહા..હા..! દુ:ખ તો આકુળતા છે, ભગવાન! એ છ ઢાળામાં ન આવ્યું? 'રાગ આગ દાહ દહે સદા, તાતૈ સમામૃત સેઈએ.' આહા..હા..! સમતા વીતરાગી પરિણામરૂપી અમૃતની સેવના કર. ચાહે તો શુભ હો કે અશુભ હો, ભાઈ! માર્ગ આવો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ શુભ અને અશુભ બેય ભાવ આકુળતાને ઉત્પન્ન કરનારા છે તો દુ:ખરૂપ છે. ભગવાન આત્મા સદાય નિરાકુળ સ્વભાવરૂપ હોવાથી આનંદરૂપ છે. એમ પુણ્ય-પાપથી ખસીને.... એ પર્યાયબુદ્ધિ થઈ શુભભાવ ઉપર. એનાથી ખસીને ત્રિકાળી જ્ઞાયકભાવ દ્રવ્યબુદ્ધિ જ્યાં થાય છે ત્યાં આનંદનું ઝરણું

ઝરે છે. આહા..હા..! ત્યાં આકુળતાની ગંધ નથી. સમજાણું કાંઈ? 'એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન.' સીમંધર ભગવાનના સમવસરણમાં તો આવી વાત ચાલે છે. વર્તમાન પરમાત્મા બિરાજે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

પોતે ભગવાન આત્મા કેવો છે? **'સદાય નિરાકુળ સ્વભાવવાળો...'** આ આકુળતા તો ક્ષણિક ઉત્પન્ન થાય છે. ભગવાન તો સદા નિરાકુળ સ્વભાવવાળો છે. આહા..હા..! જેમાંથી તો અતીન્દ્રિય આનંદની ગંધ આવે છે. આકુળતાની ગંધ સ્વરૂપમાં નથી. આહા..હા..! સમ્યગ્દષ્ટિ થયો ત્યારથી વ્યવહારથી મુક્ત છે. આહા..હા..! ચાહે તો એ લડાઈમાં ઉભો હોય તોપણ એ જડની ક્રિયા અને એ તરફના રાગમાં એ છે નહિ. સમજાણું કાંઈ? કેમકે રાગનો સ્વામી નથી, જડની ક્રિયાનો ધણી નથી. આહા..હા..! ભગવાનનો ભેટો જ્યાં થયો, ત્રણ લોકનો નાથ ચૈતન્યપ્રભુ સહજાનંદની મૂર્તિ છે એમ જ્યાં સમ્યગ્દર્શનમાં ભેટો થયો એ પરનો સ્વામી કેમ થાય? સમજાણું કાંઈ? આહા..હા..! વ્યવહાર હોય છે. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી મુનિઓને પણ વ્યવહાર હોય છે પણ હોવા છતાં એના સ્વામી નથી.

મુમુક્ષુ :- સ્વામી નથી પણ નિશ્ચયનું કારણ છે.

ઉત્તર :- બિલકુલ કારણ નથી. આહા..હા..! લસણ ખાતા ખાતા કસ્તુરીનો ઓડકાર આવે એવું કારણ છે નહિ.

મુમુક્ષુ :- શાસ્ત્રમાં આવે છે.

ઉત્તર :- શાસ્ત્રમાં આવે છે એ તો એ ભૂમિકામાં રાગની મંદતાની જાત કેટલા પ્રકારની હોવી જોઈએ એનું જ્ઞાન કરાવવાની જ વાત કરી છે, બીજી કોઈ વાત નથી. કારણ કહો, સાધક કહો, વ્યવહાર કહો. પણ એ વ્યવહારથી સાધન કહ્યું, નિશ્ચયથી સાધન એ નથી. આહા..હા..!

ભગવાન આત્મામાં કરણ નામનો ગુણ છે અનાદિનો એક. એ અંતરમાં જતા એ કરણ નામના ગુણથી સાધન જે અંતર નિર્મળદશા ઉત્પન્ન થાય છે એનું સાધન એ ગુણ અને દ્રવ્ય છે. વ્યવહાર સાધન-ફાધન છે નહિ. સમજાણું કાંઈ? એ પહેલા આવી ગયું નિયમસારમાં. નિરપેક્ષ નિશ્ચય નિયમ. નિયમ છેને એ? **'णियमेण य जं कज्जं'** એમ શબ્દ પડ્યો છે. ત્રીજી ગાથા. **'णियमेण य जं कज्जं'** નિયમથી કર્તવ્ય હોય તો ભગવાન પૂર્ણાનંદ તરફની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ જ નિરપેક્ષ નિશ્ચય રત્નત્રય છે. ત્રીજી ગાથામાં ભાઈ છે. પરની અપેક્ષા છે નહિ એને, પરમ નિરપેક્ષ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને મુનિને તો ભગવાને એમ લીધું છે પ્રવચનસારમાં કે પરમ શુદ્ધ ઉપયોગના એ સ્વામી છે. આહા..હા..! પરમ શુદ્ધોપયોગ ગ્રહણ કર્યો છે જેણે. પ્રવચનસાર પહેલી પાંચ ગાથા છે. પંચ મહાવ્રત ગ્રહણ કર્યા એવી વાત છે નહિ એમાં. પરમ શુદ્ધોપયોગ. પહેલી પાંચ ગાથા છે એમાં (આવે છે).

સમજાણું કાંઈ? અહીં કહે છે કે મુનિઓએ પંચમહાવ્રત પાળ્યા હતા. અરે ભગવાન! સાંભળ તો ખરો, નાથ! ઉતાવળ ન કર ભાઈ! ધીરો થા, જરી ધીરો થા. એ પંચ મહાવ્રતનો વિકલ્પ એ ભૂમિકામાં આવે છે. અશુભથી બચવા એવો ભાવ આવે છે તો એને પાળ્યા એમ કહેવામાં આવે છે. આસ્રવને પાળે? ધર્મી દુઃખને પાળે? દેવીલાલજી!

મુમુક્ષુ :- એ તો પુદ્ગલમાં આવે છે.

ઉત્તર :- પુદ્ગલમાં ક્યાં છે? એ તો જડ છે. પણ પુદ્ગલ કેમ કહ્યું? એ પરિણામને પુદ્ગલ કહ્યું. પોતાની ચીજ નથી અને ગળી જાય છે, નીકળી જાય છે એ કારણે પુદ્ગલ પરિણામ (કહ્યા), છે તો ચૈતન્યની વિકારી પર્યાય. આહા..હા..! સમજાણું કાંઈ? પણ એ આત્માના સ્વભાવમાં નથી અને સ્વભાવદૃષ્ટિવંતમાં પણ નથી. ધર્મીનું ધ્યેય તો ધ્રુવ છે. સમજાણું કાંઈ? સમકિતીનું ધ્યેય તો ધ્રુવ છે, પર્યાય ધ્યેય નથી. આહા..હા..! તો રાગ તો ક્યાંથી આવ્યો? માર્ગ એવો છે. વસ્તુસ્થિતિ એવી છે. બીજી રીતે કરશે તો વસ્તુ નહિ રહે. આહા..હા..! જ્યાં તીર્થંકર પરમાત્મા બિરાજે છે, જ્યાં ગણધરો સાંભળે છે, ઈન્દ્રો સાંભળે છે એવી વાત કોઈ સાધારણ વાત નથી. આહા..હા..!

કહે છે,.. હજી છઠ્ઠો બોલ આકરો આવશે. પાંચ સુધી તો સાધારણ છે. છઠ્ઠો બોલ નથી સાંભળ્યો એવી વાત છે. '**સદાય નિરાકુળ સ્વભાવવાળો જીવ જ અદુઃખરૂપ અર્થાત્ સુખરૂપ છે.**' એ પાંચ બોલ થયા. હવે છઠ્ઠો. શાંતિથી સાંભળો. '**આસ્રવો...**' શુભ અને અશુભ રાગ '**આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા એવા પુદ્ગલપરિણામના હેતુ હોવાથી...**' શું કહે છે? જે પુદ્ગલ બંધાય છે એમાં નિમિત્ત પુણ્ય-પાપના ભાવ છે અને જે પુદ્ગલ બંધાય છે એ આકુળતાનું કારણ છે. હજી સ્પષ્ટીકરણ થશે ત્યારે સમજાશે. આસ્રવ... પહેલા વર્તમાનમાં કહ્યું હતું પાંચમામાં. વર્તમાનમાં પુણ્ય-પાપભાવ દુઃખરૂપ છે. હવે કહે છે કે એ પુણ્ય-પાપના ભાવ, નવું જે કર્મબંધન પડે છે પુદ્ગલ પરિણામ, કર્મની પર્યાય એમાં એ શુભાશુભ ભાવ હેતુ છે અને એ પુદ્ગલ પરિણામ.. છે? '**આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા એવા પુદ્ગલપરિણામના હેતુ હોવાથી દુઃખફળરૂપ છે...**' હજી સ્પષ્ટીકરણ માગે છે. શું? જે શુભ-અશુભ પરિણામ છે એ વર્તમાન પુદ્ગલપરિણામ કર્મ બંધાય તેમાં નિમિત્ત છે અને એ પુદ્ગલપરિણામ ભવિષ્યમાં આકુળતાનું કારણ છે. એટલે કે એ પુણ્ય અને પાપનું બંધન જે થયું એનાથી જે સંયોગ મળશે, એ સંયોગ ઉપર લક્ષ જશે તો આકુળતા જ ઉત્પન્ન થશે. ચાહે તો તીર્થંકર અને એની વાણી સાંભળે તોપણ એ પુણ્યબંધના સંયોગમાં એ ચીજ મળી. શાંતિથી સાંભળો. એય..! શું કહે છે?

'**આસ્રવો...**' પહેલા તો પાંચમામાં કહ્યું વર્તમાન દુઃખ. હવે '**આસ્રવો આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા એવા પુદ્ગલપરિણામ...**' એ આકુળતાને ઉત્પન્ન કરનારા

પુદ્ગલપરિણામ. એ પુદ્ગલ પરિણામનો હેતુ આ શુભાશુભ પરિણામ વર્તમાન. અને એ પુદ્ગલપરિણામ આકુળતાને ઉત્પન્ન કરનારા. એટલે પુદ્ગલ પરિણામ ચાહે તો પુણ્યબંધ થાય, ભગવાનની વાણી મળે અને ભગવાન મળે પણ એ તરફ લક્ષ જશે તો રાગ જ ઉત્પન્ન થશે. સમજાણું કાંઈ? આસ્રવ...

આ તો અમૃત સાગર ઉછળ્યા છે. અમૃતચંદ્રાચાર્યે તો અમૃત રેલાવ્યું છે ખુલ્લું કરીને! ઓહો..હો..! જેની દૃષ્ટિમાં બેઠું એને તો એમ થઈ જાય કે છે શું આ? સમજાણું કાંઈ? શુભ અને અશુભભાવ... આહા..હા..! પંચ મહાવ્રતના પરિણામ હોં! એ પરિણામ પુદ્ગલ પરિણામનું નિમિત્ત છે. નવું બંધાય છેને એમાં એ પરિણામ નિમિત્ત છે અને એ પુદ્ગલપરિણામ જે છે એ આકુળતાને ઉપજાવનારા છે. એટલે કે એ પુદ્ગલપરિણામના ફળ તરીકે સંયોગ મળશે તો સંયોગમાં લક્ષ જાશે તો રાગ જ ઉત્પન્ન થશે. ચાહે તો સ્ત્રી, કુટુંબ મળે તો અશુભરાગ અને ચાહે તો ભગવાન અને વાણી મળે તો શુભરાગ થશે, પણ બેય દુઃખફળ છે. સહન કરવું કઠણ છે એવી વાત છે છઠ્ઠા બોલમાં.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વજન કેમ ન હોય? ... આ તો વીતરાગમાર્ગ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એવો એક પ્રશ્ન થયો હતો ૮૬ની સાલમાં. તમારે અમરેલી ઓલા છેને કરોડપતિ? કામાણી, કામાણી. એ બહેન તમારે રામજીભાઈએ પ્રશ્ન કર્યો હતો, ૮૬ની સાલ. તે દિ' દસ લાખ રૂપિયા હતા. અત્યારે અઢી કરોડ થઈ ગયા. તે દિ' પ્રશ્ન કર્યો હતો અહીં હતાને. મહારાજ! આ વાત પચવી કઠણ પડે છે. (મેં કહ્યું), જઠર કરો તૈયાર. રોટલી નથી ખાતા? મેસુબ નથી ખાતા? રોટલી છોડીને મેસુબ બનાવે છે કે નહિ? મેસુબ સમજો છો? એક શેર ચણાનો લોટ. ચણાના લોટને.. સમજ્યાને? ચણાના લોટને શું કહે છે? બેસન. એક શેર લોટ અને ચાર શેર ઘી એમાંથી મેસુબ થાય છે. અમે તો ખાતા જ નથી. રોટલી છોડીને પસંદ કરે છે કે નહિ? એ વખતે જઠર છે કે નહિ એવું ધ્યાન રાખે છે? મીઠી ચીજ છે તો તમારું ધ્યાન કેમ એમાં જાય છે? એમ ભગવાન આત્મા. આહા..હા..! અનાકુળ આનંદનો નાથ એની તરફ દૃષ્ટિ જતાં કેમ ન પચે? આ ૮૬ની વાત છે હોં. ૮૬ એટલે સમજ્યા? ૧૯૮૬. ૪૨ વર્ષ થયા. આહા..હા..!

અરે! ભાઈ! ચૈતન્ય સહજાનંદની મૂર્તિ પ્રભુ સર્વજ્ઞે કહ્યો એ આત્મા હોં! અજ્ઞાની કહે એ નહિ. જેણે અનંતગુણની ખાણ દેખી અને જેણે અસંખ્ય પ્રદેશનું ક્ષેત્ર પિંડ છે (એમ જોયું). અસંખ્ય પ્રદેશનો પિંડ એ સર્વજ્ઞ સિવાય ક્યાંય છે જ નહિ. અને એમાં એક એક પ્રદેશમાં અનંત ગુણ એવા અસંખ્યપ્રદેશે એક ગુણ આમ વિસ્તાર આડા પથરાયેલા છે. આડા સમજ્યાને. પર્યાય આમ છે, પર્યાય ઊર્ધ્વ છે. એક પછી એક થાય છે અને ગુણ એક

પછી એક નથી, એક સાથે છે. એમ અર્થ છે. એવા આડા પથરાયેલા અનંત ગુણનો પ્રભુ પિંડ આત્મા છે. આહા..હા..! એ ભગવાન આત્મા... એ પછી કહેશે. અહીંયાં તો કહે છે કે એમાં જેટલા શુભ અને અશુભ પરિણામ ઉત્પન્ન થાય તે આગામી કાળમાં (દુઃખફળ દેનારા છે). આ તો અમૃતચંદ્રાચાર્યની ટીકા છે. આહા..હા..!

'**આકુળતાને ઉત્પન્ન કરનારા...**' કોણ? '**એવા પુદ્‌ગલપરિણામ...**' નવું બંધન. આવે છેને ભાઈ! એ બંધનનો અર્થ છે આ. અહીં બંધન થાય છેને એની વાત છે. હેતુ કહેવો છેને અહીંયાં? '**પુદ્‌ગલપરિણામના હેતુ...**' નવા કર્મ બંધાય છે એમાં પુણ્ય-પાપ હેતુ અને એ બંધન છે એ આકુળતાને ઉપજાવનારા છે. કેમકે એમાં સંયોગ મળશે. એ બંધનથી કોઈ સ્વભાવ મળે એમ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સંયોગ મળે એમાં જીવ લક્ષ કરે...

ઉત્તર :- કરે, ન કરે એનો પ્રશ્ન ક્યાં છે? અહીંયાં તો શુભાશુભભાવથી બંધન થયું એનાથી સંયોગ થયો. તો જ્યાં સુધી સ્વભાવ તરફ લક્ષ નથી તો ત્યાં લક્ષ જશે, જશે ને જશે. લક્ષ જશે અને ભગવાનની વાણી પણ સંયોગી ચીજ છે. એ વાણી ઉપર લક્ષ જશે તો શુભરાગ ઉત્પન્ન થશે. આ તો વીતરાગમાર્ગ છે. રાગ પણ દુઃખરૂપ છે, એ દુઃખફળ છે. આહા..હા..! ભારે આકરું કામ. હવે અહીં કહેવું કે વીતરાગની વાણીથી જ્ઞાન થાય છે. ભાઈ! એ તો નિમિત્તથી કથન છે. આહા..હા..!

ફરીથી. '**આસ્રવો...**' પહેલા કહ્યું હતું કે આસ્રવ દુઃખરૂપ એ વર્તમાન વાત હતી. હવે ભવિષ્યની વાત કરે છે કે એ આસ્રવ જે વર્તમાન પુણ્ય અને પાપના ભાવ છે એ તો પુદ્‌ગલપરિણામમાં નિમિત્ત છે. પુદ્‌ગલપરિણામ બંધનમાં હેતુ છે અને એ પુદ્‌ગલપરિણામ આગામી ભવિષ્યમાં દુઃખરૂપ સંયોગ દેશે. અને સંયોગ ઉપર લક્ષ જશે તો આકુળતા જ ઉત્પન્ન થશે. ચાહે તો ત્રણ લોકના નાથનું સમવસરણ હોય કે ચાહે તો ભગવાનની દિવ્યધ્વનિ હોય, (ત્યાં) લક્ષ જશે તો રાગ જ ઉત્પન્ન થશે. પરદ્રવ્યને અનુસારે આનંદ ઉત્પન્ન થાય કે સમ્યગ્દર્શન થાય એ ચીજ નથી. ધન્યકુમારજી! એવી વાત છે, ભગવાન! આહા..હા..! વીતરાગ માર્ગ તે વીતરાગમાર્ગ! આહા..હા..! જેમાં રાગની ગંધ ગોઠતી નથી. આહા..હા..! પ્રભુ જિનસ્વરૂપી જ વીતરાગ છે આત્મા. રાગ તો પરચીજ છે, એ ક્યાં એનું સ્વરૂપ છે.

તો કહે છે કે એ વર્તમાન રાગની ઉત્પત્તિ દુઃખરૂપ તો છે અને વર્તમાન ભગવાન આનંદરૂપ છે. હવે એ વર્તમાન પરિણામ જે છે એ પુદ્‌ગલપરિણામનો હેતુ છે. નવા કર્મ બંધાય એનો હેતુ છે. ભાઈ! ભવિષ્યના સંયોગનો હેતુની અહીં વાત નથી કહેવી. ભવિષ્યના સંયોગનો હેતુ તો પુદ્‌ગલના પરિણામ છે. પણ પુદ્‌ગલના પરિણામનો હેતુ વર્તમાન શુભાશુભ પરિણામ છે. શાંતિથી (સમજો). આ તો વાત ભાઈ! વીતરાગ સંતોના કથન છે. સમજાણું કાંઈ?

આહા..હા..! કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, એક એક દિગંબર સંતોએ તો જગતને કેવળજ્ઞાન જાહેર કર્યું છે. આહા..હા..! એવી વાત. અંતરમાં દૃષ્ટિ પડે તો ખબર પડે કે એ વાત બીજે ક્યાંય નથી. આહા..હા..! શેઠ! આહા..હા..!

પ્રભુ એમ કહે છે કે અમારી વાણી જે છે, વાણી તો એની છે નહિ, વાણી તો જડની છે અને અમે ભગવાન સર્વજ્ઞ ચૈતન્ય છીએ. તો અમારા તરફ લક્ષ જશે તો અમે તો સંયોગી ચીજ છીએ. તારા માટે તો અમે સંયોગી ચીજ છીએ. સ્વભાવિક ચીજ છે? તો સંયોગી ચીજ ઉપર લક્ષ જશે તો તને સંયોગી ભાવ જ ઉત્પન્ન થશે. શુભ કે અશુભભાવ. પૈસા મળ્યા, સ્ત્રી-કુટુંબ મળ્યું (એના ઉપર) લક્ષ જશે તો અશુભભાવ. સમવસરણ મળ્યું, વાણી મળી તો શુભરાગ. બેય દુઃખનું ફળ છે. આહા..હા..! અજબ વાત છે!

ભગવાન આત્મા, હવે પછી કહેશે ભગવાન આત્મા. અહીં તો અત્યારે આખી શુભાશુભભાવની વાત છે. શુભાશુભભાવ એમ વાત જવા નહિ દઈએ હોં! બરાબર દૃઢ થાય પછી ચાલશે. પુનર્યુક્તિ નથી લાગતી એમાં. પંડિતજી! એમ ચાર-પાંચ વાર (કહેવામાં) એની પુષ્ટિ થાય છે. આહા..હા..! કહે છે, ભગવાન કુંદકુંદાચાર્યના ટીકાકાર અમૃતચંદ્રાચાર્ય એમ કહે છે... આહા..હા..! જેને શુભ-અશુભભાવ ઉત્પન્ન થયા તે વર્તમાન તો દુઃખરૂપ છે નાથ! પણ ભવિષ્યમાં એ પરિણામ દુઃખરૂપ છે. એનો અર્થ શું? એ પરિણામ તો ચાલ્યા જાય છે. એ પરિણામ તો પુદ્‌ગલપરિણામ જે બંધાશે એમાં હેતુ છે. સ્વભાવમાં હેતુ છે? એ પુદ્‌ગલપરિણામનો હેતુ છે. તો એ પુદ્‌ગલપરિણામ જે બંધાણા એનો ઉદય આવશે તો સંયોગ મળશે. એમાંથી કોઈ સ્વભાવ મળે એવી ચીજ છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

ત્રણ લોકના નાથની જાહેરાત છે કે અમારી વાણી અને અમારી ઉપર નજર જવાથી પણ તને શુભરાગ થશે, ભાઈ! આહા..હા..! આવી વાણી વીતરાગ સિવાય ક્યાંય હોય નહિ. અમને સાંભળો તો તમને કલ્યાણ થશે. અમને આહાર દ્યો તો તમારું કલ્યાણ થશે. ભગવાન કહે છે કે અમને આહાર દેવામાં, જ્યારે તીર્થંકર છદ્મસ્થ હતા ત્યારે અમને આહાર દેવામાં પણ શુભરાગ છે. સંસાર પરિત થાય એ વાત ત્રણ કાળમાં નથી. કેમકે પરદ્રવ્ય ઉપર લક્ષ જવાથી તો રાગ જ ઉત્પન્ન થાય છે. સ્વદ્રવ્ય ભગવાન ત્રિલોકનાથ આત્મા એનો આશ્રય કરવાથી વીતરાગતા પ્રગટ થાય છે. બાકી બધી વાતું સમજવા જેવી છે. સમજાણું કાંઈ? જેઠાલાલભાઈ! આહા..હા..!

સંતોએ ચૈતન્યની સ્થિતિનું વર્ણન કર્યું છે અને સામે આસ્રવનું શું સ્વરૂપ છે એનું વર્ણન કર્યું છે. જંગલમાં વસનારા વનવાસી. સમજાણું કાંઈ? મુનિઓ તો વનમાં જ રહેતા હતા. એને વિકલ્પ પણ જ્યાં ખુંચે છે ત્યાં બહારમાં મનુષ્ય હોય ત્યાં કેમ રહે? પરમેશ્વર થઈને જંગલમાં રહેતા હતા. આહા..હા..! એ કહે છે કે અમને પણ જે આ શાસ્ત્ર રચવાનો વિકલ્પ

આવ્યો છે, જાહેર કરીએ છીએ નાથ! કે એ વિકલ્પથી પુણ્ય બંધાશે હોં. અને પુણ્યબંધથી સંયોગ ભગવાન, વાણી આદિ મળશે પણ સંયોગ ઉપર લક્ષ જવાથી તો રાગ થશે. આહા..હા..! નાથુલાલજી! એ દિગંબર સંતો સિવાય આવો માર્ગ ત્રણ કાળ, ત્રણ લોકમાં ક્યાંય નથી. માણસને વિચાર નથી અને પક્ષની વાતું કરે. બીજા સાથે મેળ કરો. પણ ભાઈ! મેળ કોની સાથે? બાપુ! બધા ભગવાન છેને. વસ્તુ તરીકે તો ભગવાન છે. ભૂલ છે એ તો એક સમયની પર્યાયમાં. એક સમયની પર્યાયમાં ભૂલ છે. વેર-વિરોધ કોઈ વ્યક્તિ સાથે ન હોય. સમજાણું કાંઈ? જેની પર્યાયબુદ્ધિ ગઈ તો બીજાને પણ પર્યાયબુદ્ધિથી નથી જોતાં. એ તો ભગવાન પૂર્ણાનંદ છે (એમ જોવે છે). આહા..હા..! પર્યાય છે એનું જ્ઞાન કરે છે કે આ વિપરીત દૃષ્ટિ છે. પણ વિરોધ નથી. સમજાણું કાંઈ? વિરોધ કોનો કરે? એક સમયની પર્યાયની ભૂલ, એક સમયની ભૂલ છે. બે સમય ભૂલ રહેતી નથી. ભગવાન ત્રિકાળ રહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આસ્રવો આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા એવા...'** એમ શબ્દ છેને ભાઈ! એટલે ભવિષ્યના પુદ્ગલપરિણામ નહિ. અહીંયાં તો સીધી વાત છેને. **'આસ્રવો આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા એવા પુદ્ગલપરિણામના હેતુ...'** નવા કર્મબંધનમાં શાતા આદિ બંધાય એમાં હેતુ અને શાતાનું બંધન છે એ સંયોગ દેશે. સમજાણું કાંઈ? તો સંયોગમાં સ્ત્રી, કુટુંબ, પૈસા હોય એના ઉપર લક્ષ જાશે તો પાપ થશે, દેવ ને ગુરુ ને શાસ્ત્ર ઉપર લક્ષ જશે તો પુણ્ય થશે. કેમકે પરદ્રવ્ય તરફ વૃત્તિ જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ તો ભગવાન, સંતો કહી શકે હોં! સમજાણું કાંઈ? અમને માનવાથી તમને રાગ થશે. એ આવ્યુંને આમાં નહિ? પંચાસ્તિકાય. આ પંચાસ્તિકાય છે? ગુજરાતી છે. ૧૭૦ ગાથા. ૧૭૦ છે જુઓ! એમ કુંદકુંદાચાર્ય કહે છે.

सपयत्थं तित्थयरं अभिगदबुद्धिस्स सुत्तरोइस्स।
दूरतरं णिव्वाणं संजमतवसंपउत्तस्स।।१७०।।

જ્યાં સુધી નવ પદાર્થો ભેદ પ્રત્યે રુચિ રહેશે તથા તીર્થંકર પ્રત્યે રાગ રહેશે અને **'अभिगदबद्धे सूत्ररोचिनः'** અને આગમની રુચિ રહેશે. એ પરદ્રવ્ય છે. **'दूरतरं णिव्वाणं संजमतवसंपउत्तस्स'** સંયમ અને તપસહિત તોપણ જ્યાં સુધી પરદ્રવ્ય પ્રત્યે એવો પ્રેમનો વિકલ્પ રહેશે ત્યાં સુધી નિર્વાણ દૂર છે. આહા..હા..! શબ્દ **'तित्थयरं'** પડ્યો છે હોં! છેને જુઓ! **'સંયમતપસંયુક્ત હોવા છતાં, નવ પદાર્થો તથા તીર્થંકર પ્રત્યે જેની બુદ્ધિનું જોડાણ વર્તે છે...'** જોડાણ વૃત્તિ. **'અને સૂત્રો પ્રત્યે જેને રુચિ (પ્રીતિ) વર્તે છે, તે જીવને નિર્વાણ દૂરતર (વિશેષ દૂર) છે.'** કેમકે રાગ છે. નાથુલાલજી! હવે એ રાગથી નિશ્ચય થશે, વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થાય, વ્યવહારમાં કોઈ અંશ નિશ્ચયનો છે. ભગવાન! તારી મોટી ભૂલ

છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીંયાં તો પરમાત્મા ત્રિલોકનાથ સીમંધર ભગવાન પાસે ગયા હતા સંત મુનિ કુંદકુંદાચાર્ય. મુનિ હતા, ભાવલિંગી હતા પણ થોડી વિશેષ નિર્મળતા ત્યાં થઈ. એ પોતાના લક્ષે થઈ હોં! આહા..હા..! એ અહીંયાં કહે છે. પાઠમાં પડ્યું છેને ઈ? **'दुक्खा दुक्खफल त्ति'** એમ છેને? એની વ્યાખ્યા છે આ ટીકામાં. **'આસ્રવો આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા એવા પુદ્‌ગલપરિણામ...'** બસ! એટલી વાત. પરમાણુઓ બંધાય એનો હેતુ શુભાશુભભાવ. હવે એ પુદ્‌ગલપરિણામ કેવા છે? કે **'આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા...'** આહા..હા..! છેને ભાઈ? **'હોવાથી દુઃખફળરૂપ છે...'** આહા..હા..! હવે જીવ. જીવ કેવો છે?

**'જીવ જ સમસ્ત પુદ્‌ગલપરિણામનો અહેતુ હોવાથી...'** જુઓ! ઓલા શુભાશુભભાવ પુદ્‌ગલપરિણામનો હેતુ હતો અને એ પુદ્‌ગલપરિણામ ભવિષ્યમાં સંયોગમાં આકુળતાને ઉત્પન્ન કરનારા હતા. મોક્ષપ્રાભૃતમાં છે. એક શબ્દ પડ્યો છે મોક્ષપ્રાભૃતમાં. **'परदव्वादो दुग्गइ सदव्वा हु सुग्गइ होइ।'** બસ એટલા શબ્દો. પરદ્રવ્ય તરફની વૃત્તિ ચાહે તો તીર્થંકર પ્રત્યે ઉઠે તે દુર્ગતિ છે. પોતાના ચૈતન્યની ગતિ નથી. મોક્ષપ્રાભૃત. **'परदव्वादो दुग्गइ सदव्वा हु सुग्गइ होइ।'** અહીં તો ભાઈ તૈયાર હોય તો બતાવાય. અષ્ટપાહુડ-અષ્ટપાહુડ. મોક્ષપાહુડની ૧૬મી ગાથા છે. મોક્ષપ્રાભૃતની ૧૬મી ગાથા.

परदव्वादो दुग्गई सद्दव्वादो हु सुग्गई होइ।
इय णाऊण सदव्वे कुणह रई विरइ इयरम्मि।।१६।।

સ્વદ્રવ્યમાં એકાગ્ર આનંદકંદ પ્રભુ એમાં લીન થા. બાકી પરદ્રવ્ય ઉપર લક્ષ જશે તો તને રાગ જ થશે. આહા..હા..! **'અર્થ :— પરદ્રવ્યસે દુર્ગતિ હોતી હૈ...'** દુર્ગતિનો અર્થ ભાવ હોં! એ રાગ છેને ઈ દુર્ગતિ છે. બીજી દુર્ગતિ શું છે? અને એનાથી સ્વર્ગ મળે એ જ દુર્ગતિ છે. ધૂળમાં છે. સ્વર્ગમાં શું છે? અંગારામાં શેકાય છે ત્યાં. અંગારામાં શેકાય છે વિષયભોગ વાસના. આહા..હા..! ચારેય ગતિ આવી ગઈ. નરક, તિર્યંચની અહીં વાત એટલી નથી. **'અર્થ :— પરદ્રવ્યસે દુર્ગતિ હોતી હૈ ઔર સ્વદ્રવ્યસે સુગતિ હોતી હૈ યહ સ્પષ્ટ જાનો, હે ભવ્યજીવોં! તુમ ઈસપ્રકાર જાનકર ઈસપ્રકાર જાનકર સ્વદ્રવ્યમેં રતિ કરો ઔર અન્ય જો પરદ્રવ્ય ઉનસે વિરતિ કરો.'** એમાં લખ્યું છે. પંડિતજી!

મુમુક્ષુ :- સ્પષ્ટ કરી દીધું.

ઉત્તર :- સ્પષ્ટ છે? સ્પષ્ટ જ છે વીતરાગમાર્ગ. સંતોએ માર્ગ સરળ કરી દીધો છે, સ્પષ્ટ કરી દીધો છે. આહા..હા..!

કહે છે **'જીવ જ સમસ્ત પુદ્‌ગલપરિણામનો અહેતુ...'** એ તીર્થંકરના પરિણામ જે

થાય એ પણ જીવ નથી. '**સમસ્ત પુદ્‌ગલપરિણામનો અહેતુ...**' એ જીવ છે. આહા..હા..! ભગવાન સ્વભાવ આત્માનો, જીવ કોઈપણ પ્રકૃતિ બંધનમાં નિમિત્ત થાય એવો જીવનો સ્વભાવ જ નથી. સમજાણું કાંઈ? શું કહે છે? '**જીવ જ સમસ્ત પુદ્‌ગલપરિણામનો અહેતુ...**' ઓલામાં એમ કહ્યું હતુંને? '**આસ્રવો આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા એવા પુદ્‌ગલપરિણામના હેતુ...**' ત્યારે '**જીવ જ સમસ્ત પુદ્‌ગલપરિણામનો અહેતુ...**' આઠેય કર્મમાં કોઈપણ પ્રકૃતિ બંધાય એ જીવનો સ્વભાવ નહિ. પ્રકૃતિબંધનમાં નિમિત્ત થાય એ જીવનો સ્વભાવ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! એને વાત અંતરની ભાઈ! આ વાતને ન જો ગોઠવે અને ન રુચે અને પરિણમન નહિ કરે સમ્યગ્દર્શન (વિના) તો થોથા.. થોથા છે બધું. એ ચાર ગતિના બોજા માથે પડ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ જીવ જ. એનો અર્થ થયો કે જેટલી ૧૪૮ પ્રકૃતિ બંધાય છે એમાં જે પરિણામ નિમિત્ત છે એ પરિણામ જીવ નથી. આસ્રવ છેને.

'**જીવ જ સમસ્ત પુદ્‌ગલપરિણામનો અહેતુ હોવાથી અદુઃખફળ છે...**' એ સુખરૂપ છે. ભગવાનના પરિણામ એ વર્તમાન સુખરૂપ છે અને ભવિષ્યમાં પણ પૂર્ણ આનંદને દેનારા છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ આનંદકંદ પ્રભુ એના વર્તમાન પરિણામ પણ આનંદ છે અને એ પરિણામથી ભવિષ્યમાં પૂર્ણ આનંદરૂપી મુક્તિ પ્રાપ્ત થાય એવા પરિણામ કારણ છે. બંધનું કારણ અને બંધના ફળનું કારણ એ આત્મા નથી. આહા..હા..! હવે ગોમ્મટસારમાં વાતના પાર ન મળે. આઠ કર્મથી આમ થાય, આઠ કર્મ આમ બાંધે.. જ્ઞાનાવરણીય... એ બધું નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે, ભાઈ! જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય. ધૂળેય ન રોકાય, સાંભળ તો ખરો. જ્ઞાનાવરણીય તો જડ પ્રકૃતિ છે. એ પોતાની જ્ઞાનની પર્યાયને રોકે? પરદ્રવ્ય પોતાની પર્યાયને રોકે? પોતાની પર્યાય જ્યારે સ્વભાવના આશ્રયે નથી અને રોકાય છે તો પ્રકૃતિને નિમિત્ત કહેવામાં આવે છે. બસ આ ચીજ છે મર્યાદા. એ સિવાય આઘી કરીને લઈ જાય તો તત્ત્વનો નાશ થાય છે. સ્વતંત્રતાનો નાશ થાય છે. સમજાણું કાંઈ? ચારે કોર રાડ ઈ જ છેને. એય..! કર્મથી વિકાર થાય છે. સોનગઢવાળા એમ નથી માનતા. એય..! જેઠાભાઈ! તમારા રામવિજયે એમ કહ્યું હતુંને ત્યાં ૨૦૦૬ની સાલમાં. આ લોકો તો કર્મથી રખડવું નથી માનતા. ત્રિલોકનાથ કહે છે, કર્મથી ચાર ગતિમાં રખડે છે. માટે વિરુદ્ધ છે. ૨૦૦૬ની સાલમાં કહ્યું હતું. ૨૨ વર્ષ થયા. ત્યાં છેને. એના સાધુ છે એક રામવિજય આચાર્ય. એ ત્યાં હતા. તો એણે વિરોધ કર્યો. કીધું નહિ. કર્મથી આત્મા રખડ્યો જ નથી. પરદ્રવ્યથી આત્મા રખડે? નિગોદમાં રહે છે એ પણ પ્રચુર ભાવકલંકા એવો પાઠ ગોમ્મટસારમાં છે. પ્રચુર ભાવકલંક છે તો નિગોદમાં રહ્યો છે. કર્મને કારણે રહ્યો છે? પરદ્રવ્યને કારણે કોઈ પર્યાય ત્યાં અટકે છે, રોકાય છે (એમ નથી).

મુમુક્ષુ :- લખ્યું છેને પ્રચુર ભાવકલંક ..નિગોદવાસનં ન મુચ્ચતિ

ઉત્તર :- એ પોતાને કારણે ... સમજાણું કાંઈ? આહા..હા..! અહીં તો જ્યાં હોય ત્યાં (એમ લખે), એ કર્મનો ઉદય આવે અને આમ કરાવે, આમ વિકાર થાય, ઢીંકણું થાય, ધૂળ થાય. અરે..! સાંભળ તો ખરો. કર્મ અજીવ એ તારા આસ્રવભાવને ઉત્પન્ન કરાવે? અને આસ્રવભાવ શુભ એ આત્માને મુક્તિ આપે? તો કર્મ જડથી મુક્તિ થઈ. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, '**જીવ જ સમસ્ત પુદ્‌ગલપરિણામનો અહેતુ**...' ઓહો..હો..! જે પરિણામથી બંધન થાય તે પરિણામ જીવ નહિ. સમજાણું કાંઈ? કેમકે ભગવાન તો અબંધસ્વરૂપી આત્મા છે. અને અબંધસ્વરૂપનો આશ્રય લેવાથી અબંધ પરિણામ ઉત્પન્ન થાય છે. અબંધ પરિણામ એ બંધનું નિમિત્ત કેમ થાય? શું કહ્યું? '**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं।**' જે કોઈ પોતાના આત્માને અંતર દૃષ્ટિમાં અબદ્ધ, અસ્પૃષ્ટ, નિયત, અવિશેષ એટલે સામાન્ય, અસંયુક્ત એટલે સુખ-દુઃખની કલ્પનાથી રહિત જોવે છે, '**पस्सदि जिणसासणं सव्वं**' એણે આખા જૈનશાસનને જોયું. ૧૫મી ગાથા. આહા..હા..!

**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं।**
**अविसेसमसंजुत्तं तं सुद्धणयं वियाणीहि।।१४।।**

એ ૧૪મી અને '**पस्सदि जिणसासणं सव्वं**' એ ૧૫મી. ભગવાન આત્મા રાગ અને કર્મથી બંધરહિત જ છે. બંધ એ તો વ્યવહારનયનો શબ્દ છે. નિશ્ચય વસ્તુની દૃષ્ટિથી વસ્તુ તો અબદ્ધ છે. તો એવી વસ્તુની જ્યાં દૃષ્ટિ થઈ તો એ પરિણામ અબદ્ધ બંધનું નિમિત્ત નથી, પણ અબંધ પરિણામ જે થયા, અબંધ પરિણામનો અર્થ મોક્ષનો માર્ગ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને અબદ્ધ પરિણામ કહે છે. અબદ્ધસ્વરૂપ ભગવાન એની રુચિ, જ્ઞાન અને રમણતા એ અબદ્ધ પરિણામ છે. એ પરિણામથી કોઈ પ્રકૃતિ બંધાય એમ છે નહિ. સમજાણું કાંઈ? એ પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં કહ્યું

**येनाशेन सुदृष्टिस्तेनांशेनास्य बन्धनं नास्ति।**
**येनांशेन तु रागस्तेनांशेनास्य बन्धनं भवति।।२१२।।**

૨૧૨ ગાથા છે. આચાર્યે તો ગજબ કામ કર્યા છે. ઓહો..હો..! વસ્તુ... વસ્તુ... વસ્તુ...

અહીં કહે છે '**સમસ્ત પુદ્‌ગલપરિણામનો અહેતુ હોવાથી**...' ભગવાન તો આનંદરૂપ છે કહે છે. એને આત્મા કહીએ. સમજાણું કાંઈ? આહા..હા..! તો ધર્મી જીવના લક્ષમાં અબદ્ધસ્પૃષ્ટ આત્મા છે તો એના પરિણામમાં અબદ્ધસ્પૃષ્ટ, અબદ્ધસ્પૃષ્ટ એવા પરિણામ નિર્મળ ઉત્પન્ન થયા છે. એ પરિણામ બંધનું કારણ હોય એમ ત્રણ કાળમાં બને નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો, છ બોલ થયા, છ બોલ થયા. આ છઠ્ઠો બોલ કડક હતોને. કોઈ .. સમજ્યા

વિના કાંઈક કાંઈક કરી નાખે. આહા..હા..!

**'આમ આસ્રવોનું અને જીવનું ભેદજ્ઞાન થતાં વેંત જ...'** બસ! એવા આસ્રવ દુઃખરૂપ અને કર્મના પરિણામમાં નિમિત્તરૂપ. ભગવાન કોઈ પરિણામમાં નિમિત્ત નથી, બંધમાં નિમિત્ત નથી. એવા આત્માની અંતર્મુખ થઈને દૃષ્ટિ થઈ તો ભેદજ્ઞાન થતાં વેંત જ **'જેનામાં કર્મવિપાક શિથિલ થઈ ગયો છે...'** કર્મ વિપાક શિથિલ થઈ ગયો. રાગનો અંશે અભાવ થયો અને એ પણ શિથિલ થઈ ગયો. આહા..હા..! એ વિશેષ વાત કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા વદ-૯, રવિવાર, તા. ૦૧-૧૦-૧૯૭૨
## ગાથા-૭૪, કળશ-૪૮, પ્રવચન-૧૭૯

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

**'અદુઃખફળ છે (અર્થાત્ દુઃખફળરૂપ નથી).'** ત્યાં સુધી આવ્યું છે. છ બોલ આવ્યા છે. ભગવાન આત્મા.. એ આસ્રવો જે છે એ જીવની સાથે નિબદ્ધ છે. જેમ વૃક્ષમાં લાખ ચોંટેલી હોય છે. ભાષા ગુજરાતી આવી ગઈ. વૃક્ષને જેમ લાખ ચોંટેલી હોય છે તેમ આત્મા ચિદાનંદ ભગવાનમાં પુણ્ય-પાપના ભાવ ચોંટેલા નિબદ્ધ છે, સ્વભાવ નથી. એ એક બોલ આવી ગયો. બીજા બોલમાં એ આવ્યું કે એ અધ્રુવ છે. વધઘટ થાય છે. શુભ-અશુભભાવમાં વધઘટ થાય છે તો તે અધ્રુવ છે. ભગવાન વધઘટ વિનાની એકરૂપ ચીજ છે તે ધ્રુવ છે. એવું બે વચ્ચે ભેદજ્ઞાન કરવાથી પોતાના સ્વભાવમાં એકાગ્રતા થાય છે તો કર્મનો પણ એ પ્રકારનો અભાવ થઈ જાય છે. સમજાણું કાંઈ?

ત્રીજા બોલમાં અનિત્ય (આવ્યું). જેમ ઠંડો અને ઉષ્ણ જ્વર એક પછી એક થાય છે એમ આત્મામાં શુભ અને અશુભભાવ અનુક્રમે થાય છે. અનુક્રમે થવાથી એમાં ક્રમ પડે છે માટે અનિત્ય છે. ભગવાન આત્મા એકરૂપ ક્રમ વિનાની અક્રમ ચીજ છે. ધ્રુવ ચિદાનંદ સામાન્ય

સ્વભાવ. એ ત્રીજા બોલમાં આવ્યું. ચોથામાં શરણ નથી. કેમ કે કર્મના લક્ષે ઉત્પન્ન થયેલો ભાવ કર્મ ખરી જાય છે તો એ પુણ્ય-પાપ પણ ખરી જાય છે માટે એ શરણ નથી. ભગવાન આત્મા સ્વયંરક્ષિત હોવાથી શરણ છે. પાંચમો બોલ. શુભ અને અશુભ બેય ભાવ દુઃખરૂપ છે. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ અને હિંસા, જૂઠું, ચોરી, વિષયનો ભાવ બેય દુઃખરૂપ છે. ભગવાન આત્મા સુખરૂપ છે. એ પાંચમો બોલ. છઠ્ઠો બોલ દુઃખફળ. એ શુભાશુભભાવ નવા પુદ્ગલ પરિણામ બંધાય છે તેમાં હેતુ છે અને એ પુદ્ગલપરિણામ આકુળતાને ઉપજાવવામાં નિમિત્ત છે. કેમકે પુદ્ગલના ફળમાં તો સંયોગ મળશે. આહા..હા..! અને સંયોગમાં લક્ષ જવાથી તો આકુળતા જ થશે. આહા..હા..! એ છ બોલ થયા.

**'આમ આસ્રવોનું અને જીવનું ભેદજ્ઞાન થતાં વેંત જ...'** સમજાણું કાંઈ? બેયના લક્ષણ ભિન્ન હોવાથી ભિન્ન લક્ષણનું યથાર્થ અંદર ભેદજ્ઞાન થવાથી **'ભેદજ્ઞાન થતાં વેંત જ...'** એમ શબ્દ છેને? **'જેનામાં કર્મવિપાક શિથિલ થઈ ગયો છે...'** કર્મનો ઉદયનો અભાવ એ પ્રકારનો (થઈ જાય છે). જેટલો અહીંયાં સમ્યગ્દર્શનના કાળે એકાકાર થઈને જેટલી શુદ્ધતા પ્રગટ થઈ... સમજાણું કાંઈ? એટલા પ્રમાણમાં રાગાદિનો અભાવ થાય છે અને કર્મમાં પણ એટલા પ્રકારનો કર્મને કારણે એમાં અભાવ થાય છે.

મુમુક્ષુ :- આસ્રવોને કાઢવા કઈ રીતે?

ઉત્તર :- કાઢવા શું કાઢે? કાઢે કોને? કાઢે કોને? એ તો વ્યવહારનયની કથન શૈલી છે કે આસ્રવ છોડો. છોડે શું? જે વિકલ્પ છે તેને છોડવા જાય ત્યાં એની દૃષ્ટિ રાગ ઉપર જાય છે. વસ્તુસ્થિતિ એવી છે. એ અંતર્મુખમાં જ્યાં દૃષ્ટિ થઈ ત્યારે એ મિથ્યાત્વનો આસ્રવ ઉત્પન્ન થતો નથી તેને છોડ્યું એમ કહેવામાં આવે છે. છોડે કોણ? ક્યાં છોડે? એ તો વાત થઈ ગઈ પહેલા. ૩૪મી ગાથામાં આવ્યુંને.

મુમુક્ષુ :- કર્મ વિપાક.

ઉત્તર :- વિપાક. અભાવ-અભાવ. કર્મનો અભાવ. કર્મનો વિપાક અભાવ થઈ ગયો. કર્મનો જે ઉદય હતો એમાં જે જોડાણ હતું... જોડાણ સમજ્યા? એ અહીંયાં જોડાણ થયું તો ઉદયનો અભાવ થઈ ગયો.

મુમુક્ષુ :- પોતાના પરિણામ ઉદયથી વિચલિત થઈ ગયા.

ઉત્તર :- એને છૂટ્યા નહિ. ઉદય તો જડનો છે, એ તો અજીવ છે. પણ એ તરફ અભેદ હતો એ તરફનું લક્ષ કરીને રાગ-દ્વેષ ઉત્પન્ન થતા હતા ત્યાં સુધી બેની એકતા માનતો હતો. જ્યારે એ નિમિત્ત તરફના પુણ્ય-પાપના ભાવ અને મારી ચીજ ભિન્ન છે એવું ભાન થયું તો પુણ્ય-પાપના શુભાશુભભાવનો પણ અભાવ થયો અને એ પ્રકારના કર્મ જડ, જડને કારણે એટલો અભાવ થયો. પોતાના પુરુષાર્થથી અહીંયાં થયું તો ત્યાં જડમાં અભાવ થવું

પડ્યું એમ નથી. (જો એમ થાય) તો કર્તાકર્મ થઈ જાય છે. એ તો અધિકાર છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, જેઠાભાઈ! વાત આ છે, ભાઈ!

આમ શુદ્ધ ચૈતન્યઘન જ્યાં બેનું લક્ષણ ભિન્ન જાણીને સ્વભાવની દૃષ્ટિ થઈ તો વિકાર મિથ્યાત્વની ઉત્પત્તિ ન થઈ, ભાવકર્મનો અભાવ થયો અને દ્રવ્યકર્મનો તો એને કારણે અભાવ થયો. અહીંયાં અભાવ થયો તો એને અભાવ થવું પડ્યું એમ નથી. (નહિ)તો કર્તાકર્મ થઈ જાય છે. સમજાણું કાંઈ? પાટણીજી! વાત એવી છે, ભાઈ! વસ્તુની સ્થિતિ એવી છે. આહા..હા..! એ કહ્યુંને. ૩૪મી ગાથામાં નહિ? ૩૪માં લીધું કે નહિ? નહિ બતાવ્યું હોય.

મુમુક્ષુ :- ઉપરથી કહ્યું હતું.

ઉત્તર :- ઉપરથી કહ્યું હશે ઠીક. પાઠથી લ્યો ભાઈ ચાલો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, રામજીભાઈએ કહ્યું... ૩૪.

૩૪ છેને. '**આ ભગવાન જ્ઞાતા-દ્રવ્ય(આત્મા)...**' એની ટીકા. ૩૪ ગાથાની ટીકા. '**આ ભગવાન જ્ઞાતા-દ્રવ્ય(આત્મા) છે...**' ટીકા છે ટીકા. '**તે અન્યદ્રવ્યના સ્વભાવથી થતા અન્ય સમસ્ત પરભાવોને, તેઓ પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી પરપણે જાણીને, ત્યાગે છે;...**' હવે સાંભળો એનો અર્થ. '**તેથી જે પહેલાં જાણે છે તે જ પછી ત્યાગે છે, બીજો તો કોઇ ત્યાગનાર નથી-એમ આત્મામાં નિશ્ચય કરીને, પ્રત્યાખ્યાનના(ત્યાગના) સમયે પ્રત્યાખ્યાન કરવા યોગ્ય જે પરભાવ તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું ત્યાગના કર્તાપણાનું નામ(આત્માને) હોવા છતાં પણ, પરમાર્થથી જોવામાં આવે તો પરભાવના ત્યાગકર્તાપણાનું નામ પોતાને નથી,...**' રાગનો ત્યાગ પણ ક્યાં છે? કોને ત્યાગ કહેવો? પરનો ત્યાગ તો છે જ, પણ રાગનો ત્યાગ કરું એવું વસ્તુમાં નથી. એ તો સ્વભાવ જાણ્યો કે જ્ઞાનાનંદ સ્વરૂપ છે એમાં જ્યાં દૃષ્ટિ અને સ્થિર થયો તો એટલા પ્રમાણમાં રાગની, મિથ્યાત્વની ઉત્પત્તિ થઈ નહિ એનો ત્યાગ કર્યો એવું નામ વ્યવહારથી કહેવામાં આવે છે. પરમાર્થે રાગના ત્યાગનો કર્તા આત્મા છે નહિ. આહા..!

મુમુક્ષુ :- રાગનો ત્યાગ થઈ શકતો જ નથી.

ઉત્તર :- કોનો પણ ત્યાગ થાય? છે રાગ આવ્યો. એનો ત્યાગ કરવો છે? નથી આવ્યો એનો ત્યાગ કરવો છે?

મુમુક્ષુ :- જ્ઞાન છે એ પ્રત્યાખ્યાન.

ઉત્તર :- જ્ઞાન તે પ્રત્યાખ્યાન. ઝીણી વાત ભગવાન. એ જ્ઞાનસ્વરૂપ છે એવી જ્યાં દૃષ્ટિ થઈ, સ્થિર થયો તે જ પ્રત્યાખ્યાન છે. પ્રત્યાખ્યાન કોઈ વિકલ્પ છે અને કોઈ લાગણીથી હાથ જોડ્યા એ પ્રત્યાખ્યાન નથી. સ્વયં થઈ ગયું. આહા..હા..! ભારે વાત ભાઈ! વીતરાગ

સર્વજ્ઞનો પંથ છે પ્રભુ! તારી ચીજ જ એવી છે. ત્યાગઉપાદાનશૂન્યત્વશક્તિ. ૪૭ શક્તિ છેને. એમાં એવું આવ્યું છે કે ભગવાન આત્મામાં પરનો ત્યાગ અને ગ્રહણથી શૂન્ય આત્મા છે. સમજાણું કાંઈ? ૪૭ શક્તિમાં છે. ત્યાગઉપાદાનશૂન્યત્વશક્તિ. ૧૬મી ૧૬મી શક્તિ છે. ૪૭ શક્તિમાં ૧૬મી શક્તિ છે. પાછળ છે.

અહીંયાં તો ત્યાં સુધી કહે છે કે ભગવાન! ભાઈ! તું સાંભળ તો ખરો. તારી જ્ઞાન ચીજમાં તેં જાણ્યું કે આ આનંદ અને જ્ઞાન છે. બસ! એ જ્ઞાનમાં રહ્યો તેનું નામ પ્રત્યાખ્યાન. રાગનો ત્યાગ કરું એ પણ એમાં છે નહિ. આહા..હા..! ચૈતન્યમૂર્તિ જ્ઞાનનો પિંડ છે, વિજ્ઞાનઘનસ્વરૂપી છે. બેનું ભિન્નપણું જાણ્યું તો એ જાણ્યું એ જ્ઞાનમાં રહ્યો. રહ્યો તો રાગની ઉત્પત્તિ થતી નથી તો રાગનો ત્યાગ કર્યો એવું કથનમાત્ર, નામથી કથનમાત્ર કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન! માર્ગ તો એવો છે હોં! અંદરમાં દૃષ્ટિમાં લે તો ખબર પડે. એ કોઈ ભાષાની ચીજ નથી, એ કોઈ વિકલ્પની ચીજ નથી. આહા..હા..!

મિથ્યાત્વનો ત્યાગ. પણ મિથ્યાત્વનો ત્યાગ શું? કારણ કે મિથ્યાત્વ વિપરીત અભિપ્રાય છે એનો ત્યાગ શું? એ અંદરમાં જ્ઞાનાનંદ સ્વભાવમાં જ્યાં દૃષ્ટિ પડીને સ્થિર થયો તો મિથ્યા ભ્રાંતિ ઉત્પન્ન થઈ (નહિ) તો એને ત્યાગ કરે છે રાગનો અથવા મિથ્યાત્વનો એ નામ કથન છે. પરમાર્થે તો પરનો ત્યાગ કર્તા આત્મા છે નહિ. આહા..હા..! શું કહે છે?

મુમુક્ષુ :- જ્ઞાને કર્યું શું?

ઉત્તર :- જ્ઞાન જ્ઞાનમાં રહ્યું એ કર્યું. શું કર્યું? કેમ? ચંદુભાઈ! ક્યાં ગયો તમારો? આવ્યો છે કે નહિ? ગયો? છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

જ્ઞાનસ્વરૂપ ચૈતન્યસ્વભાવ તો પ્રજ્ઞ-સ્વરૂપ સર્વજ્ઞસ્વભાવ. એ તો સર્વજ્ઞસ્વભાવી આત્મા છે. કેમકે સર્વજ્ઞસ્વભાવ એની એક શક્તિ છે ૪૭માં. તો સર્વજ્ઞસ્વભાવ એ સ્વભાવવાનનો સ્વભાવ એવી અંતર દૃષ્ટિ થઈ તો સર્વજ્ઞપણામાંથી જે શક્તિ હતી તેમાં એકાકાર થયો તો એ વ્યક્તિ થઈ સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રની-શાંતિની. એમાં એ વખતે એમ કહેવામાં આવે છે કે આ રાગનો ત્યાગ કર્યો. પરમાર્થે રાગનો ત્યાગ છે જ નહિ. જ્ઞાન અને આનંદ એ પ્રત્યાખ્યાન છે. આહા..હા..! ભારે જગતને સત્ય. નાથુલાલજી! આ તકરાર. આમ કરે ને તેમ કરે, એ તકરારું છે, ભાઈ! પ્રભુ! તારી ચીજમાં એ તકરાર છે નહિ. એ આવે છે સમયસાર નાટકમાં. 'સદ્‌ગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે તો અંધા.' એવી ચીજ છે. ઈ કહે છે જુઓ. અહીં તો કહે છે '**પોતે તો એ નામથી રહિત છે કારણ કે જ્ઞાનસ્વભાવથી પોતે છૂટ્યો નથી, માટે પ્રત્યાખ્યાન જ્ઞાન જ છે...**' આનંદ અને જ્ઞાનનો અનુભવ કરવો એ જ પ્રત્યાખ્યાન છે. આહા..હા..!

એ અહીંયાં કહે છે. જ્યારે બેનું '**ભેદજ્ઞાન થતાં વેંત જ...**' એ જ સમયે. જેમાં

કર્મવિપાક ઉદય છેને જડ? અને રાગનો પાક ભાવમાં, બેયનો અભાવ થઈ ગયો. આહા..હા..! રાગ ઉપરથી લક્ષ અને રુચિ છૂટી અને ભગવાન પૂર્ણાનંદ ઉપર દૃષ્ટિ ગઈ તો રાગનો અભાવ થયો અને કર્મનો પણ અભાવ થયો. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

**'એવો તે આત્મા, જથ્થાબંધ વાદળાંની રચના જેમાં ખંડિત થઈ ગઈ છે...'** દૃષ્ટાંત આપે છે ભગવાન અમૃતચંદ્રાચાર્ય, લ્યો. **'જથ્થાબંધ વાદળાંની રચના જેમાં...'** વાદળ છેને વાદળ? અખંડ રચના હતી તે **'ખંડિત થઈ ગઈ છે એવા દિશાના વિસ્તારની જેમ...'** એ વખતે અંદર પ્રકાશ... પ્રકાશ... પ્રકાશ... નીકળ્યો. **'અમર્યાદ જેનો વિસ્તાર (ફેલાવ) છે...'** જ્ઞાનની પર્યાય પ્રગટ થઈ એની મર્યાદા શું? સર્વને જાણે. સમજાણું કાંઈ? એક સમયમાં શ્રુતજ્ઞાનની પર્યાય પણ સર્વને જાણે. ફક્ત કેવળ અને શ્રુતજ્ઞાનમાં પરોક્ષ પ્રત્યક્ષનો ફેર છે. આહા..હા..! સમજાણું કાંઈ? શુદ્ધ જ્ઞાનની પર્યાય, કહે છે કે એ અમર્યાદિત વિસ્તાર છે. આહા..હા..! ચૈતન્યચમત્કાર અંદરથી પ્રગટ થયો. જે જ્ઞ સ્વભાવી વસ્તુ કેવળજ્ઞાન સ્વભાવી વસ્તુ, સર્વજ્ઞ સ્વભાવી પદાર્થ એમાં એકાકાર થયો તો રાગ અને કર્મનો અભાવ એટલા અંશે થયો, જેટલા અંશે અહીંયાં એકાગ્ર થયો તેટલો અને જેટલા અંશે એકાગ્ર થયો એટલા અંશે પ્રગટ થયો. આહા..હા..! સમજાણું કાંઈ?

ચોથે ગુણસ્થાને પણ આત્મા પ્રત્યક્ષ થાય છે એમ કહે છે. કેમકે એમાં એક પ્રકાશ નામનો ગુણ છે. ૪૭ શક્તિમાં ૧૨મી શક્તિ છે. ૪૭ શક્તિ છેને પાછળ? જીવતર શક્તિ, ચિતિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શિ, સર્વજ્ઞ, સ્વચ્છત્વ, પ્રકાશશક્તિ. એ પ્રકાશ નામની અંદર શક્તિ આત્મામાં અનાદિ-અનંત છે. તો એનું કાર્ય શું? કે પ્રકાશશક્તિનો આધાર ભગવાન આત્મા એમ જ્યાં પર્યાયમાં દૃષ્ટિ ત્યાં ગઈ તો પર્યાય નિર્મળ મતિ અને શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ રાગ અને મનના અવલંબન વિના એ નિર્મળ જ્ઞાન થયું તેમાં આત્મા પ્રત્યક્ષ થઈ જાય છે. ઝીણી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? એવો એમાં ગુણ છે. તો એ ગુણનો જ્યાં સ્વીકાર થયો,... ગુણનો સ્વીકાર નહોતો, એક સમયની અવસ્થા અને રાગનો સ્વીકાર એ તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? ત્રિકાળ ભગવાન પૂર્ણ અનંતગુણનો પિંડ એકરૂપ એવો ગુણનો ધરનાર, સ્વભાવનો ધરનાર સ્વભાવવાન, સ્વભાવવાન ઉપર દૃષ્ટિ પડતાં જ તેમાં પ્રકાશ નામના ગુણથી સ્વસંવેદન પર્યાય પ્રગટ થાય છે. એ ૪૭માં આવ્યું છે. આપણે અધિકાર છે જુઓ. આત્મવૈભવ પહેલા છપાણું છે. પહેલા બીજું છપાણું છે. આત્મપ્રતીતિ, ભાઈ નહિ? હમણા આત્મવૈભવ છપાણું છે. ગુજરાતી છે કે હિન્દી? ગુજરાતી છે ઠીક. આત્મવૈભવ નામનું એક પુસ્તક છપાણું છે. ભાઈ! અહીં તો ગુજરાતી ઘણા છેને. લોકો ગુજરાતી છે. હવે થોડું હિન્દી ચાલે છે.

મુમુક્ષુ :- હિન્દી થશે.

ઉત્તર :- હજી થયું નથી. થઈ ગયું?

મુમુક્ષુ :- શેઠિયા છેને, હિન્દી થઈ જશે.

ઉત્તર :- શેઠિયાને ક્યાં નવરાશ ત્યાં બીડી અને આબરૂ બહારમાં. એય..! શેઠ! અહીંયાં તો દસ લાખ પુસ્તક છપાઈ ગયા છે. આ .. દસ લાખ અને બે લાખ ત્યાં જયપુર. ટોડરમલ શું કહેવાય એ? સ્મારક ભવન. નહિ? લગભગ બે લાખ હશેને? એવું સાંભળ્યું છે. આપણને ક્યાં ખબર. કો'ક વાત કરે તો ખબર પડે.

મુમુક્ષુ :- બે લાખ ઉપર.

ઉત્તર :- ઓહો..! બે લાખ ઉપર થયા છે. આહા..હા..! એ આત્મવૈભવ નામનું પુસ્તક છે અહીંયાં. ગુજરાતી સમજો છો? પંડિતજી! કાલે પ્રવચનસાર તો ગુજરાતીમાં લીધું હતું.

મુમુક્ષુ :- બોલવામાં સમજમાં નથી આવતી.

ઉત્તર :- વાંચવાની વાત છે. સમજણની .. એક આત્મવૈભવ છે કે નહિ ગુજરાતી? દેજો એને. બહુ સરસ છે. ૪૭ શક્તિનું વર્ણન. અહીં તો ઘણું સ્પષ્ટ કર્યું.

શું કહે છે જુઓ, જેમ આકાશમાં વાદળનો જે સમૂહ હતો તે ખંડિત થયો, ખંડિત થઈ ગયો, એકરૂપ ન રહ્યો. આહા..હા..! તૂટી ગયો. પદ્મનંદી આચાર્ય એક સ્તુતિમાં કહે છે. પદ્મનંદી છેને? પચ્ચીસ અધિકાર. સ્તુતિમાં એમ કહે છે કે હે નાથ! ઈન્દ્રો જ્યારે તમારી સ્તુતિ કરતા હતા ત્યારે આમ હાથ થઈ ગયો તો વાદળ તૂટી ગયા. તો અમે તો એમ જોઈએ છીએ કે તૂટેલ વાદળું તે સમયનું છે. એનો અર્થ કે અમે અમારા આત્માની જ્યાં દૃષ્ટિ કરી તો અખંડ વાદળા હતા તે તૂટી ગયા. ખંડ ખંડ થયેલા અમને દેખાય છે. પદ્મનંદી સ્તુતિ છે. બહુ સ્તુતિ કરી છે જંગલમાં. ૨૫ નામ છે. અધિકાર ૨૬. પદ્મનંદી પંચવિંશતિ. અધિકાર ૨૬ છે. પણ નામ રાખ્યું છે પંચવિંશતિ. એમાં આ એક સ્તુતિ છે. હે નાથ! આપ સર્વજ્ઞ એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકને જોયા એમ નહિ, તારી પર્યાય જે પૂર્ણ પ્રગટ થઈ એને જુઓ છો તમે તો, એમાં લોકાલાક જણાય જાય છે. એવા લક્ષથી જ્યારે ઈન્દ્ર તમારી સ્તુતિ કરતા હતા હાથ આમ થયો. તો આ વાદળ ખંડ ખંડ દેખાય છે એ એ સમયનો ખંડ છે. એમ અમારી દૃષ્ટિ જ્યારે શુદ્ધ ચૈતન્યઘન ઉપર પડી તો વાદળા જે અખંડ કર્મ હતા તે ખંડ થઈ ગયા, હવે અખંડ રહ્યા નહિ. સમજાણું કાંઈ? એ તો વસ્તુની સ્થિતિ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે એ આકાશમાં વાદળા ખંડિત થઈ ગયા. છેને? એ આત્મવૈભવ છે (એમાં) ૪૭ શક્તિના વ્યાખ્યાન છે. બહુ સ્પષ્ટ છે. કહે છે કે '**દિશાના વિસ્તારની જેમ અમર્યાદ જેનો વિસ્તાર (ફેલાવ) છે...**' ચૈતન્યચમત્કાર વસ્તુ અંદર જાગી. જેની જાણવાની શક્તિની મર્યાદા શું? અજ્ઞાનમાં જ્યારે રાગમાં રોકાતો હતો ત્યારે તો અંધારું હતું. પણ રાગથી ભિન્ન

થઈને ભગવાન આત્માનો જ્યાં અંદરમાં ભેટો થયો તો જેમ આકાશમાં વાદળા ખંડિત થાય છે ત્યારે દિશા ઉજળી થઈ જાય છે, એમ ભગવાન આત્મા પોતાના સ્વભાવની દૃષ્ટિમાં વિકાસનો જ્યાં ભાવ પ્રગટ થયો એ '**સહજપણે વિકાસ પામતી ચિત્શકિત વડે જેમ જેમ વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે...**' અહીંયા ભણતરની અપેક્ષા નથી. સમજાણું કાંઈ? અગિયાર અંગ ભણ્યો હોય તોપણ મિથ્યાદૃષ્ટિ, પણ એને વિજ્ઞાનઘન કહેવામાં નથી આવતો. ભાવાર્થમાં આવશે. ચૈતન્યસ્વરૂપ જ્ઞાનમૂર્તિ પ્રભુ જેનું સર્વજ્ઞ-સર્વજ્ઞ જ્ઞસ્વભાવ એવી જ્યાં દૃષ્ટિ થઈ તો પર્યાયમાં એટલો વિકાસ થયો કે આખા ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એવી શ્રુતજ્ઞાનની પર્યાય પ્રગટ થઈ. સમજાણું કાંઈ? આહા..હા..! ઈ કહે છે જુઓ.

'**સહજપણે વિકાસ પામતી ચિત્શકિત...**' ભગવાન જ્ઞાનશક્તિરૂપ સર્વજ્ઞ શક્તિરૂપ એવી અંતર દૃષ્ટિ થઈ તો સ્વભાવિક ચિત્શક્તિનો પર્યાયમાં વિકાસ સહજ થાય છે. ભણતરથી નહિ, શાસ્ત્રના ભણતરથી નહિ. એ માટે કહે છે જુઓ. સહજ શબ્દ પડ્યો છેને? '**સહજપણે વિકાસ પામતી ચિત્શકિત...**' આહા..હા..! એ જ્ઞાનરૂપ સ્વરૂપ જ્ઞાનના રસરૂપ, જ્ઞાનના સ્વભાવભાવરૂપ વસ્તુ, એવી જ્યાં દૃષ્ટિ થઈ તો સહજરૂપ ચિત્શક્તિનો વિકાસ સમયે સમયે પર્યાયમાં થતો જાય છે. આહા..હા..! અરે! એ ચૈતન્ય કોણ છે? ભાઈ! બાદશાહ ત્રણ લોકનો નાથ. આહા..હા..! સમજાણું કાંઈ? એક એક અનંત સિદ્ધની પર્યાય જેના પેટમાં, જેના ગર્ભમાં પડી છે. આહા..હા..! એવો સિદ્ધસ્વરૂપી ભગવાન એની જ્યાં દૃષ્ટિ અંતરમાં એકાકાર થઈને થઈ તો કહે છે કે '**સહજપણે વિકાસ પામતી ચિત્શકિત...**' આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાયમાં હોં! આ પર્યાયની વાત છે. વસ્તુ તો ત્રિકાળી ચિત્શક્તિ છે. ભરેલો જ છે, એ તો પૂર્ણાનંદ જ છે. આહા..હા..!

'**સહજપણે વિકાસ પામતી ચિત્શકિત વડે જેમ જેમ વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે...**' જેમ જેમ ભગવાન જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર થતો જાય છે તો એ વિજ્ઞાનઘનસ્વભાવમાં એકાગ્ર થયો એમ કહેવામાં આવે છે. બહારનું ભણતર ભલે ઓછું હોય, થોડું હોય એની સાથે સંબંધ નથી. સમજાણું કાંઈ? સમુદ્રમાં જ્યારે ભરતી આવે છે તો બહાર ૧૦૮-૧૧૦ ડિગ્રી તાપમાન હોય, પણ ભરતી આવે છે અંદરમાં એ ભરતીને કોઈ રોકી ન શકે. સમજાણું કાંઈ? અને જ્યારે એની ઓટ હોય છે.. ઓટને શું કહે છે? એ સમયે ૨૫-૨૫, ૫૦-૫૦ ઈંચનો વરસાદ ઉપરથી થાય, પણ એ બહારનું પાણી ભરતી લાવી શકે એવી એમાં તાકાત નથી. ભરતી સમજ્યા? જ્વાર. એ કહે છે અહીંયાં. અંદર ભગવાન મધ્યબિંદુમાં સર્વજ્ઞ સ્વભાવ છે એના ઉપર જ્યાં દૃષ્ટિ થઈ તો મધ્યબિંદુથી પર્યાય પ્રગટ થઈ. કોઈ ભણતરને કારણે અને શાસ્ત્રને કારણે અને વાણીને કારણે નહિ. સમજાણું કાંઈ? જુઓ છેને એમાં?

'**જેમ જેમ વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે તેમ તેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે,...**' અંદર જ્ઞાનમાં વસ્તુ આનંદમાં જેટલો સ્થિર સ્થિર જામી જાય છે એટલો એટલો પુણ્ય-પાપના વિકલ્પથી નિવૃત્ત થતો જાય છે. પહેલા અસ્તિથી લીધું, હવે પછી નાસ્તિથી લે છે. '**અને જેમ જેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે...**' જેમ જેમ એ પુણ્ય અને પાપના વિકલ્પથી નિવૃત્ત થતો જાય છે '**તેમ તેમ વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે;...**' બેયનો એક સમય છે. એક સમયમાં જ્યાં પર્યાયમાં ભરતી આવી તો એટલા પ્રમાણમાં આસ્રવ રોકાઈ જાય છે અને જેટલા પ્રમાણમાં આસ્રવથી રોકાય છે એટલો વિજ્ઞાનઘન સ્વભાવ પ્રગટ થાય છે.

મુમુક્ષુ :- સમકાળે.

ઉત્તર :- સમકાળ. એ પ્રશ્ન છેને. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..!

એ અકાર્યકારણ નામની શક્તિ છે એમાં. આત્મામાં અકાર્યકારણ નામની શક્તિ છે. ચૌદમી છે. ૪૭ શક્તિ છે એમાં છે. એ અકાર્યકારણનો અર્થ એવો છે કે ભગવાન આત્મામાં અકાર્યકારણ શક્તિ તેને કારણે રાગનું પર્યાય કારણ નહિ અને પોતાની પર્યાયમાં રાગનું કાર્ય નહિ. એ રાગ મંદ છે તો અહીંયાં નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય ઉત્પન્ન થઈ એમ નથી. સમજાણું કાંઈ? અને પોતાની નિર્મળ પર્યાય શુદ્ધ થઈ સમ્યક્જ્ઞાન અંતરથી તો એ રાગનું કારણ છે, એ રાગની ઉત્પત્તિનું કારણ છે એમ છે નહિ. અકાર્યકારણ છે. રાગથી કાર્ય નથી થતું અને રાગનું કારણ નથી થતું. સમજાણું કાંઈ? એવું વસ્તુનું સ્વરૂપ છે. અકાર્યકારણ નામની શક્તિ ગુણ છે. એ ૭૨ ગાથામાં આવી ગયું છે. કહે છે..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પોતામાં નહિ. પરની તો અહીં વાત જ નથી. અહીં તો આસ્રવનું કારણ પણ જીવપર્યાય નથી અને જીવની પર્યાય આસ્રવનું કાર્ય પણ નથી. એવી ઝીણી વાત છે. એમાં બધો વિસ્તાર છે. એક-એક બોલનો વિસ્તાર જ્યારે ચાલતો હોય ત્યારે તો.. સમજાણું કાંઈ?

અકાર્યકારણ ગુણ કોને કહીએ? ગુણ ત્રિકાળ. એ ત્રિકાળ ગુણને ધરનારો સ્વભાવવાન આ સ્વભાવ છે, તો સ્વભાવવાન ઉપર જ્યાં દૃષ્ટિ પડી ત્યાં નિર્મળ જ્ઞાન-દર્શન-ચારિત્ર પર્યાય થઈ એ કોઈ રાગની મંદતા હતી વ્યવહાર તો કાર્ય થયું એમ આત્મામાં છે નહિ. સમજાણું કાંઈ? અને રાગની મંદતા આત્માની નિર્મળ પર્યાયે ઉત્પન્ન કરી એમ છે નહિ. આહા..હા..! ભારે કામ ભાઈ! સમજાણું કાંઈ? વસ્તુ એવી છે. આ કોઈ સંપ્રદાયની ચીજ નથી. વસ્તુની ચીજ એવી છે. સમજાણું કાંઈ? જૈનધર્મ અમારો ધર્મ છે, બીજો ધર્મ નથી. એમ છે જ નહિ. જૈનધર્મ એ એક જ ધર્મ છે. સમજાણું કાંઈ? એ કહે છેને. જેટલા પ્રમાણમાં રાગ અને અજ્ઞાન નાશ પામે છે એટલા પ્રમાણમાં જ્ઞાનમાં એકાગ્રતા થાય છે. જેટલા પ્રમાણમાં

જ્ઞાનમાં એકાગ્રતા થાય છે એટલા પ્રમાણમાં આસ્રવથી નિર્વર્તે છે. એ તો વસ્તુની સ્થિતિ છે. સમજાણું કાંઈ? નિવર્તે છે.

**'તેમ તેમ વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે; તેટલો વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે જેટલો સમ્યક્ પ્રકારે આસ્રવોથી નિવર્તે છે,...'** સમ્યક્ પ્રકારે શબ્દ નાખ્યો છે. સમજાણું કાંઈ? આત્મા આનંદ અને જ્ઞાનનો પુંજ છે. તો એ જ્ઞાનનો પુંજ અને આનંદના પુંજની જ્યાં દૃષ્ટિ થઈ તો જેટલી અંદરમાં એકાગ્રતા થઈ એટલી વિજ્ઞાનઘન પર્યાય પ્રગટ થઈ અને જેટલી વિજ્ઞાનઘન પર્યાય પ્રગટ થઈ એટલા પ્રમાણમાં તે જ સમયે સમકાળે આસ્રવથી નિવૃત્ત થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે ભગવાન! ત્રણ લોકનો નાથ કેવળજ્ઞાન અંતર્મુહૂર્તે પ્રગટ કરે એમાં ન સમજાય એવી ક્યાં ચીજ છે? એણે દરકાર કરી નથી. અંતર્મુહૂર્તમાં કેવળ લે. આહા..હા..! નિગોદમાંથી નીકળે આઠ વર્ષનો મનુષ્ય થાય, તે આઠ વર્ષે સમ્યક્ પામે ત્યાં ને ત્યાં સ્વરૂપની રમણતાનું ચારિત્ર અને ત્યાંને ત્યાં અંતર્મુહૂર્તે કેવળ અને અંતર્મુહૂર્તે મુક્તિ. આહા..હા..! એની તાકાત! પણ એ તાકાતનો ભરોસો નથી એને. આવી તાકાત હોય? આહા..હા..! પંડિતજી! એવી વાત છે, ભગવાન! બહુ ઝીણી વાત છે. આ તો જૈનદર્શન છે. આ કોઈ આલીદુઆલીનો કહેલો માર્ગ નથી. આલીદુઆલી સમજો છો? સાધારણ માણસ.

ત્રણ લોકનો નાથ જેને એક સમયમાં ત્રણ કાળ-લોક સાધારણ રીતે જણાઈ ગયા છે. એ લોક નથી જણાણા એ પર્યાયને જાણવામાં આ જણાઈ જાય છે. એટલું પર્યાયનું સામર્થ્ય છે. એનાથી અનંતગુણા લોક અને કાળ હોય તો એ પર્યાય જાણે એવી તાકાત એનામાં છે. એના મુખથી નીકળેલી આ વાણી છે. સંતો એ વાણી કહે છે. જ્યાં ત્યાં એમ કહે છેને જિનેશ્વર આમ કહે છે. હવે આપ કહો તો એ છે અને જિનેશ્વર કહે તોપણ એ છે. આહા..હા..! નાગા બાદશાહથી આઘા. દિગંબર મુનિ તો આખા બાદશાહથી આઘા. અંતર લહેરમાં જ્યાં પડે છે. આનંદમાં લહેર ઉછળે છે આનંદ અતીન્દ્રિય પ્રચુર સ્વસંવેદન. કહે છે કે જેટલું અમારું સંવેદન અંતરમાં એકાકાર થયું એટલા પ્રમાણમાં પુણ્ય-પાપના વિકલ્પની ઉત્પત્તિ ન થઈ એટલા પ્રમાણમાં આસ્રવથી નિવર્ત્યો એમ કહેવામાં આવે છે. વસ્તુસ્થિતિ એવી છે. ત્રણ કાળ, ત્રણ લોકમાં ન ફરે. ભગવાન પાસે જાવ કે અહીંયા, એ વસ્તુ આ છે. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! આહા..હા..!

કહે છે કે **'જેમ જેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે તેમ તેમ વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે; તેટલો વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે જેટલો સમ્યક્ પ્રકારે આસ્રવોથી નિવર્તે છે,...'** જેટલી અંદર આનંદ અને જ્ઞાનમાં લીનતા થાય છે, ભગવાન પૂર્ણાનંદનો નાથ એમાં ચારિત્રગુણ પણ ત્રિકાળ પડ્યો છે. જેમ જ્ઞાનગુણ છે તેમ ચારિત્રગુણ પણ ત્રિકાળ પડેલો છે. તો એ ચારિત્રગુણની પર્યાય જ્યારે સ્વભાવમાં એકાગ્ર થઈને પ્રગટ થાય છે તો

એટલો વિજ્ઞાનઘન જ્ઞાન એકાગ્રતા, શ્રદ્ધા, શાંતિ આદિ પ્રગટ થાય છે. આહા..હા..! એ આત્મા આવો છે એમ ન બેસે ત્યાં સુધી તો એ આત્મા માનતો નથી. સમજાણું કાંઈ? આમ આમ આત્મા છે એમ નહિ. આત્મા આવો છે. શું કહે છે આ?

એક સાધુ હતાને. નામ પણ નહોતું આવડતું. શિવભૂતિ. માતુષ-મારુષ એવો શબ્દ પણ યાદ નહોતો રહેતો. પણ અંદરમાં આત્મા અખંડાનંદ છે એના ભાવનું ભાસન થઈ ગયું. તો એને જ વિજ્ઞાનઘન કહેવામાં આવે છે. ભલે શાસ્ત્રના શબ્દો યાદ ન હોય. સમજાણું કાંઈ? અને અગિયાર અંગ, નવ પૂર્વ ભણી જાય પણ અંતર ભગવાન આત્માનો સ્પર્શ કર્યા વિના એ જ્ઞાન અજ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ કહે છે.

આ તો અમૃતચંદ્રાચાર્યની ટીકા. સંતોની વીતરાગતામાં રમણતામાં વિકલ્પ ઉઠ્યો અને આ શાસ્ત્ર રચાઈ ગયા. એમાં સમયસાર કોઈ એવી ઘડી પહોરમાં એવું રચાઈ ગયું છે કે કેવળજ્ઞાનીના વિરહ ભૂલાવે એવી આ ચીજ છે. સમજાણું કાંઈ? એને બેસી જાય અંદર હોં! આહા..હા..! પ્રભુ ચૈતન્યસ્વભાવ, ધ્રુવસ્વભાવ, અપરિમિત સ્વભાવ, અનંતગુણરૂપ ભાવ એમાં જેટલી એકાગ્રતા થાય તે પર્યાય. એ દ્રવ્ય ત્રિકાળી, એના સર્વજ્ઞ આદિ ગુણ એ સ્વભાવ, એમાં એકાગ્રતા થઈ તે પર્યાય. એમ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે આવી ગયા. તો જેટલો વિજ્ઞાનઘન ગુણમાં ત્રિકાળી ગુણમાં એકાગ્ર થાય છે એટલી પર્યાયમાં વિજ્ઞાનઘન પર્યાય પ્રગટ થાય છે. આહા..હા..! પરની જેને અપેક્ષા નથી એવો ભગવાન નિરપેક્ષ તત્ત્વ છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**જેટલો સમ્યક્ પ્રકારે આસ્રવોથી નિવર્તે છે, અને તેટલો આસ્રવોથી નિવર્તે છે જેટલો સમ્યક્ પ્રકારે વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે. આ રીતે જ્ઞાનને અને આસ્રવોની નિવૃત્તિને સમકાળપણું છે.**' ભાઈ! અમને ધર્મનો આનંદ તો થયો, પણ હજી ભ્રમ મિથ્યાત્વ ગયું નથી. એમ છે નહિ. અમને તો સમ્યક્ ભાન થયું, પણ ભગવાન જાણે કેટલા ભવ કરવા પડશે? એ મૂઢ છે. એમ હોય જ નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? ભવ અને ભવના ભાવરહિત ભગવાન, ભવ અને ભવના ભાવરહિત ભગવાન એની જ્યાં દૃષ્ટિ અને અનુભવ સમ્યક્ થયો એને એવી શંકા ત્રણ કાળમાં રહેતી નથી. ઓહો..હો..! હજી ભગવાને કેટલા ભવ જોયા હશે મારા? જોયા છે, ખબર છે કે એક-બે ભવ કરવાના છે, બીજા છે જ નહિ. સમજાણું કાંઈ? એવી એ ચીજ પોકાર કરે છે. પાટણીજી! જુઓ, શું કહે છે?

'**જેટલો સમ્યક્ પ્રકારે...**' સાચી રીતે. આમ બહારથી ધારણા કરે એ ચીજ નથી. અંતર ભગવાન આત્મા પૂર્ણ આનંદસ્વરૂપ નિર્વિકલ્પ અખંડ સામાન્ય નિત્ય ધ્રુવ એ તરફની એકાગ્રતા જેટલી સન્મુખ થઈને થઈ એટલો આસ્રવથી નિવર્તે છે. બીજી કોઈ રીત છે નહિ. કે ભાઈ આટલી ક્રિયા કરે તો આસ્રવથી નિવર્તે છે અને ફલાણું છે... આહા..હા..! 'જેટલો

**સમ્યક્ પ્રકારે વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે. આ રીતે જ્ઞાનને...'** એટલે સ્વભાવની પર્યાયને જ્ઞાનને **'અને આસ્રવોની નિવૃત્તિને સમકાળપણું છે.'** એક સમયમાં છે. અંધકારનો નાશ અને પ્રકાશની ઉત્પત્તિમાં કાળભેદ છે? આહા..હા..!

**ભાવાર્થ :-** એ તો ટીકાનો અર્થ થયો. જયચંદ્ર પંડિતે એનો ભાવાર્થ લખ્યો છે ચાલતી ભાષામાં. **'આસ્રવોનો અને આત્માનો ઉપર કહ્યો તે રીતે ભેદ જાણતાં જ,...'** છ બોલ કહ્યાને? **'જે જે પ્રકારે જેટલા જેટલા અંશે આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે...'** પોતાનો આનંદ અને જ્ઞાન સ્વભાવમાં જેટલા પ્રમાણમાં લીનતા થાય છે **'તે તે પ્રકારે તેટલા તેટલા અંશે તે આસ્રવોથી નિવર્તે છે.'** કહો, સમજાણું કાંઈ? આહા..હા..! માણસને આ વાત એવી લાગે કે આ નિશ્ચયની એટલે આમ લાગે પણ એનું સાધન શું? આ લોકોને... એ સાધન તારો નિશ્ચય એ સાધન છે. એમાં ષટ્કારક અને સાધન નામનો ગુણ પડ્યો છે. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ ગુણ છે અંદરમાં. આહા..હા..! વિશ્વાસ નથી. સમજાણું કાંઈ? બહારનું કોઈ સાધન હોય તો પ્રગટ થાઉં. અરે! પ્રભુ! તું એવો પાંગળો નથી. સમજાણું કાંઈ? તને આત્માની શ્રદ્ધા નથી. એ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ જેટલા પ્રમાણમાં લીન અંદર થાય છે એટલા પ્રમાણમાં આસ્રવથી નિવર્તે છે.

**'જ્યારે સંપૂર્ણ વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે ત્યારે સમસ્ત આસ્રવોથી નિવર્તે છે.'** એકલા જ્ઞાનમાં એકાકાર થઈને કેવળજ્ઞાન થયું તો સંપૂર્ણ આસ્રવથી નિવર્ત્યો. **'આમ જ્ઞાનનો અને આસ્રવનિવૃત્તિનો એક કાળ છે.' 'આ આસ્રવો ટળવાનું અને સંવર થવાનું વર્ણન ગુણસ્થાનોની પરિપાટીરૂપે તત્ત્વાર્થસૂત્રની ટીકા આદિ સિદ્ધાંતશાસ્ત્રોમાં છે ત્યાંથી જાણવું. અહીં તો સામાન્ય પ્રકરણ છે...'** અધ્યાત્મ છેને? **'તેથી સામાન્યપણે કહ્યું છે.'**

**''આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે' એટલે શું?'** ખુલાસો કરે છે પંડિતજી. **'તેનો ઉત્તર :- 'આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે એટલે આત્મા જ્ઞાનમાં સ્થિર થતો જાય છે.''** જ્ઞાન એટલે? શાસ્ત્રના જાણપણા એ નહિ. અંદર જ્ઞાનસ્વભાવમાં લીન થાય છે તેને જ્ઞાન કહે છે. આહા..હા..! ત્યારે સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! કહે છે કે **'આત્મા જ્ઞાનમાં સ્થિર થતો જાય છે.' 'જ્યાં સુધી મિથ્યાત્વ હોય...'** નિમિત્તની બુદ્ધિ હોય, એનાથી લાભ થશે, રાગની મંદતાથી લાભ થશે, એક સમયની પર્યાય વ્યક્ત છે એના ઉપર જ્યાં સુધી રુચિ છે ત્યાં સુધી મિથ્યાત્વભાવ છે. એક સમયની પ્રગટ અવસ્થા વ્યક્ત એ તો અનંતમા ભાગનો અંશ છે એના ઉપર જ્યાં સુધી રુચિ છે ત્યાં સુધી મિથ્યાત્વ છે. આહા..હા..! તો કહે છે કે **'જ્યાં સુધી મિથ્યાત્વ હોય ત્યાં સુધી જ્ઞાનને-ભલે જ્ઞાનનો ઉઘાડ ઘણો હોય તોપણ-અજ્ઞાન કહેવામાં આવે છે...'** (સમ્યક્જ્ઞાનીને) જ્ઞાન

અલ્પ હોય, તોપણ વિજ્ઞાનઘન કહેવામાં આવે છે લ્યો! સમજાણું કાંઈ? લીટી રહી ગઈ? **'આત્મા જ્ઞાનમાં સ્થિર થતો જાય છે.' જયાં સુધી મિથ્યાત્વ હોય ત્યાં સુધી જ્ઞાનને-ભલે જ્ઞાનનો ઉઘાડ ઘણો હોય તોપણ-અજ્ઞાન કહેવામાં આવે છે અને મિથ્યાત્વ ગયા પછી તેને-ભલે જ્ઞાનનો ઉઘાડ થોડો હોય તોપણ-વિજ્ઞાન કહેવામાં આવે છે.'** આહા..હા..! જે જ્ઞાનની પર્યાયે જ્ઞેય એવા પોતાના આત્માને પકડ્યો, બસ! એનું અલ્પજ્ઞાન હોય તોપણ એ જ્ઞાનની પર્યાયને વિજ્ઞાનઘન કહેવામાં આવે છે. છેને શેઠ અંદર! આહા..હા..!

મુમુક્ષુ :- સ્પષ્ટ છે.

ઉત્તર :- ઘણું સ્પષ્ટ. સ્પષ્ટ એટલે કેવું? સૂર્ય જેવું. આહા..હા..!

ભગવાન! પર્યાયબુદ્ધિ છોડીને, રાગબુદ્ધિ છોડીને સ્વભાવબુદ્ધિ થઈ તો કહે છે કે ભલે અલ્પજ્ઞાન હોય પર્યાયમાં, શાસ્ત્રનું જ્ઞાન ન પણ આવડે, દુનિયાને સમજાવતા ન પણ આવડે તોપણ એ જ્ઞાનને વિજ્ઞાનઘન કહે છે અને જ્યાં સુધી પર્યાયબુદ્ધિ અને રાગબુદ્ધિ છે ત્યાં સુધી અગિયાર અંગનું જ્ઞાન થયું તેને પણ અજ્ઞાન કહે છે. અગિયાર અંગ કોને કહે? એક આચારાંગમાં અઢાર હજાર પદ, એક પદમાં એકાવન કરોડ જાજેરા શ્લોક. સમજાણું કાંઈ? એક આચારાંગમાં અઢાર હજાર પદ, એક પદમાં એકાવન કરોડ જાજેરા શ્લોક. જાજેરા સમજો છો? અધિક. એટલા એટલા ડબલ. સુયગડાંગ ડબલ, ઠાણાંગ, આચારાંગ, સૂયગડાંગ, સમવાયાંગ એ ડબ્બલ. એ કંઠસ્થ હોય. આહા..હા..! નિજ ભગવાન જ્ઞાનઘનની દૃષ્ટિમાં એકાકાર ન થયો તો એ જ્ઞાનને અજ્ઞાન કહે છે. આહા..હા..!

અને વિશેષ જ્ઞાન ન હોય, માતુષ અને મારૂષ શબ્દ પણ યાદ ન રહ્યો. પણ ભાવનું ભાસન થઈ ગયું હતું. તો એ અડદની દાળ નહિ? અડદની દાળ સાફ કરે છેને બાઈ? કોઈ પૂછે છે કે શું કરો છો બહેન? કે માષતુષ. તુષ નામ ફોતરા અને માષ નામ અડદ જુદા કરું છે. એકદમ અંદર દૃષ્ટિ તો હતી. વિજ્ઞાનઘન ત્રિકાળી તે માષ અને રાગાદિ એ ફોતરા છે. આહા..હા..! ફોતરા સમજ્યા? છિલકા. એ બે વચ્ચેનું ભેદજ્ઞાન થયું. પાંચ સમિતિ અને ગુપ્તિનું શાસ્ત્રજ્ઞાન પણ યાદ ન હોય તોપણ એ જ્ઞાનને વિજ્ઞાનઘન કહે છે. જેના જન્મ-મરણનો અંત આવી ગયો અને કેવળજ્ઞાન લેશે જ લેશે. બીજ ઉગી એ પૂનમ થશે, થશે ને થશે જ. એવા ભગવાન આત્મામાં સમ્યગ્દર્શનની પર્યાય ત્રિકાળ ભગવાનને અવલંબને જ્યાં પ્રગટ થઈ એ બોધબીજ કેવળજ્ઞાન લાવ્યા વિના છૂટકો નથી. આહા..હા..! ધવલમાં તો એમ પણ કહ્યું છે કે મતિશ્રુત જ્ઞાન સ્વભાવથી જે અંતર ઉત્પન્ન થયું તે મતિશ્રુતજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. એવો પાઠ છે ધવલમાં. આવો.. આવો.. હવે દૂર નહિ રહી શકે. ધન્યકુમારજી! એવો પાઠ છે. આહા..હા..!

પોતાનું સ્વરૂપ પરમાત્મા પૂર્ણાનંદ પ્રભુ એની જ્યાં દૃષ્ટિ અને જ્ઞાન થયું, પછી બીજું

કાંઈ હોય ન હોય એની સાથે સંબંધ નથી એને વિજ્ઞાનઘન કહે છે અને પોતાના સ્વરૂપને જ્ઞેય ન બનાવતા પોતાની વર્તમાન પર્યાયમાં એને ધ્યેય ન બનાવતા પરનું ધ્યેય રાગાદિની મંદતા કરીને જે જ્ઞાન ઉત્પન્ન થાય તેને જ્ઞાન કહેવામાં આવતું નથી. મફીલાલભાઈ! એય..! મફાભાઈ! સંભળાય છે? સંભળાય છે? ઠીક. સમજાય છે પછી વાત છે, આ તો સંભળાય છે? શેઠિયાને નવરાશ ન હોય અને બહારની વાતું કરતા હોય ત્યાં રાજી રાજી થઈ જાય. આહા..હા..! આમ કર્યુ ને આમ કર્યું ને પંડિતજીએ ભારે કર્યું. ભક્તિ કરો, આમ કરો, એથી તમારું કલ્યાણ થશે. પરંપરા થઈ જશે. શાસ્ત્રમાં એમ નથી આવતું કે વ્યવહારથી પરંપરા મુક્તિ થાય? અરે! સાંભળ તો ખરો. કોને કહે છે વ્યવહારની પરંપરા? સાંભળ તો ખરો. આહા..હા..! રાગ એ એની પરંપરા છે? એ તો રાગથી રહિત પોતાના સ્વરૂપનું ધ્યાન જ્ઞાનમાં શુદ્ધતા પ્રગટ થઈ .. એના અર્થ કરવામાં ફેર. સમજાણું કાંઈ? ભગવાનનો અભિપ્રાય શું છે, સંતોનું હૃદય શું છે એ સમજ્યા વિના પોતાની દૃષ્ટિથી અર્થ કરે, પ્રભુ! ઘણો અનાદર, અશાતના થઈ જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, ક્ષયોપશમ ભલે હોય પણ વિજ્ઞાનઘન નથી એમ કહે છે. '**જેમ જેમ તે જ્ઞાન અર્થાત્ વિજ્ઞાન જામતું-ઘટ થતું-સ્થિર થતું જાય છે તેમ તેમ આસ્રવોની નિવૃત્તિ થતી જાય છે અને જેમ જેમ આસ્રવોની નિવૃત્તિ થતી જાય છે તેમ તેમ જ્ઞાન (વિજ્ઞાન) જામતું-ઘટ થતું-સ્થિર થતું જાય છે, અર્થાત્ આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે.**' એ સ્વરૂપનું જ્ઞાન, જ્ઞાનસ્વરૂપની દૃષ્ટિ થઈ ત્યાં સ્વરૂપમાં એકાકાર ચારિત્ર થયું તે ઘન થયો. એવા ચારિત્રની લીનતા જ્યાં થઈ, ત્યાં પૂર્ણ થતાં કેવળજ્ઞાન પામે છે.

---

## શ્લોક-૪૮

(शार्दूलविक्रीडित)

इत्येवं विरचय्य सम्प्रति परद्रव्यान्निवृत्तिं परां
स्वं विज्ञानघनस्वभावमभयादास्तिध्नुवानः परम्।
अज्ञानोत्थितकर्तृकर्मकलनात् क्लेशान्निवृत्तः स्वयं
ज्ञानीभूत इतश्चकास्ति जगतः साक्षी पुराणः पुमान्।।४८।।

હવે આ જ અર્થના કળશરૂપ તથા આગળના કથનની સૂચનિકારૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [इति एवं] એ રીતે પૂર્વકથિત વિધાનથી, [सम्प्रति] હમણાં જ (તુરત જ) [परद्रव्यात्] પરદ્રવ્યથી [परां निवृत्तिं विरचय्य] ઉત્કૃષ્ટ (સર્વ પ્રકારે) નિવૃત્તિ કરીને [विज्ञानधनस्वभावम् परम् स्वं अभयात् आस्तिध्नुवान:] વિજ્ઞાનઘનસ્વભાવરૂપ એવા કેવળ પોતાના પર નિર્ભયપણે આરૂઢ થતો અર્થાત્ પોતાનો આશ્રય કરતો (અથવા પોતાને નિઃશંકપણે) આસ્તિક્યભાવથી સ્થિર કરતો), [अज्ञानोत्थितकर्तृकर्मकलनात् क्लेशात्] અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિના અભ્યાસથી થયેલા કલેશથી [निवृत्त:] નિવૃત્ત થયેલો, [स्वयं ज्ञानीभूत:] પોતે જ્ઞાનસ્વરૂપ થયો થકો, [जगत: साक्षी] જગતનો સાક્ષી (જ્ઞાતાદ્રષ્ટા), [पुराण: पुमान्] પુરાણ પુરુષ (આત્મા) [इत: चकास्ति] અહીંથી હવે પ્રકાશમાન થાય છે. ૪૮.

## કળશ-૪૮ ઉપર પ્રવચન

શું છે? કળશ છે? કળશ છેને? ૪૮. 'હવે આ જ અર્થના કળશરૂપ તથા આગળના કથનની સૂચનિકારૂપ કાવ્ય કહે છે :-'

इत्येवं विरचय्य सम्प्रति परद्रव्यान्निवृत्तिं परां
स्वं विज्ञानघनस्वभावमभयादास्तिध्नुवानः परम्।
अज्ञानोत्थितकर्तृकर्मकलनात् क्लेशान्निवृत्तः स्वयं
ज्ञानीभूत इतश्चकास्ति जगतः साक्षी पुराणः पुमान्।।४८।।

સમ્યગ્દર્શન થયું તો દુનિયાનો સાક્ષી થયો હવે એમ કહે છે. આહા..હા..! કર્તાકર્મ છેને. તો રાગનો પણ કર્તા ન રહ્યો. 'કરે કર્મ સોહી કરતારા, જો જાણે સો જાણનહારા, જાણે સો કર્તા નહિ હોવે, કર્તા સો જાણે નહિ કોઈ.' આહા..હા..! સમયસાર નાટકમાં છે ૮૬ ગાથા. ૮૬ ગાથા છેને? એમાં .. લીધું છે. 'કરે કર્મ સોહી રે કરતારા.' રાગ મારું કર્તવ્ય છે અને હું એનો કર્તા છું (એમ જ્યાં સુધી છે) ત્યાં સુધી કર્તાભાવથી અજ્ઞાન છે. 'જો જાણે સો જાણનહારા.' પણ રાગને જાણનારો હું છું, રાગ મારી ચીજ નથી. આહા..હા..! વ્યવહારરત્નત્રયનો શુભ ઉપયોગ મારું કાર્ય અને હું કર્તા એમ નથી. વસ્તુસ્થિતિ એમ નથી.

સમજાણું કાંઈ? જુઓ! એ ૭૫ ગાથામાં સમ્યગ્જ્ઞાન થયું તો કેમ થાય છે? સમ્યગ્જ્ઞાનીનું લક્ષણ શું? સમ્યજ્ઞાનીને કેવી રીતે ઓળખાય? અને સમ્યગ્જ્ઞાન થતાં રાગાદિનો કર્તા કેમ નાશ થાય છે? એ ૭૫ ગાથામાં કહેશે.

'**આ રીતે પૂર્વકથિત વિધાનથી,...**' જોયું! પૂર્વકથિત વિધિ. બીજું વિધાન નહિ. '**પરદ્રવ્યથી ઉત્કૃષ્ટ (સર્વ પ્રકારે) નિવૃત્તિ કરીને વિજ્ઞાનઘનસ્વભાવરૂપ એવા કેવળ પોતાના પર નિર્ભયપણે આરૂઢ થતો...**' પૂર્ણાનંદ પ્રભુ નિર્ભય થઈને અંદર આરૂઢ થતો, દ્રવ્યસ્વભાવ ઉપર આરૂઢ થતો '**અર્થાત્ પોતાનો આશ્રય કરતો (અથવા પોતાને નિઃશંકપણે) આસ્તિક્યભાવથી સ્થિર કરતો), અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિના અભ્યાસથી થયેલા કલેશથી નિવૃત્ત થયેલો,...**' અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તાકર્મની (પ્રવૃત્તિ) એમ ભાઈ ભેદથી વાત લીધી છે. ભેદથી. કળશમાંથી ભેદ કાઢ્યો છે. અજ્ઞાનરૂપી કર્તાકર્મની પ્રવૃત્તિ અજ્ઞાનરૂપ હતી તે તૂટી ગઈ. આહા..હા..! અહીં તો '**અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિ...**' ભેદથી લીધું. અભેદમાં તો એમ જ લીધું કે અજ્ઞાનરૂપ કર્તાકર્મની પ્રવૃત્તિ હતી તે છૂટી ગઈ. આહા..હા..! સમજાણું કાંઈ? કળશમાં એવો અર્થ લીધો છે. રાજમલજીની ટીકા. એ રાજમલજીની ટીકા જોઈ છે પંડિતજી? કળશટીકા રાજમલજીની ટીકા છે. બહુ સ્પષ્ટ. એમાંથી સમયસાર નાટક બનાવ્યું છે.

'**અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિના અભ્યાસથી થયેલા કલેશથી નિવૃત્ત થયેલો,...**' શુભભાવનો કર્તા થાય છે તો ક્લેશ થાય છે. આહા..હા..! વીતરાગ માર્ગ. સમજાણું કાંઈ? શુભભાવની કર્તૃત્વબુદ્ધિ જ્યાં છે ત્યાં ત્રિકાળી સ્વભાવનો અનાદર છે, ત્યાં દુઃખ છે, ક્લેશ છે. આહા..હા..! આમ નિવૃત્ત થયેલો '**પોતે જ્ઞાનસ્વરૂપ થયો થકો,...**' પોતે જ્ઞાનસ્વરૂપ થયો થકો. કોઈ રાગની કે વ્યવહારની મંદતાની અપેક્ષા રાખ્યા વિના '**જગતનો સાક્ષી (જ્ઞાતાદષ્ટા), પુરાણ પુરુષ (આત્મા) અહીંથી હવે પ્રકાશમાન થાય છે.**' જ્ઞાતા-દૃષ્ટા પર્યાયમાં પ્રગટ થયો. ભગવાન જ્ઞાતા-દૃષ્ટા રહે છે એની વાત કરશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૭૫

कथमात्मा ज्ञानीभूतो लक्ष्यत इति चेत्—

कम्मस्स य परिणामं णोकम्मस्स य तहेव परिणामं।
ण करेइ एयमादा जो जाणादि सो हवदि णाणी।।७५।।
कर्मणश्च परिणामं नोकर्मणश्च तथैव परिणामम्।
न करोत्येनमात्मा यो जानाति स भवति ज्ञानी।।७५।।

यः खलु मोहरागद्वेषसुखदुःखादिरूपेणान्तरुत्प्लवमानं कर्मणः परिणामं स्पर्शरसगंधवर्णशब्दबंधसंस्थानस्थौल्यसौक्ष्म्यादिरूपेण बहिरुत्प्लवमानं नोकर्मणः परिणामं च समस्तमपि परमार्थतः पुद्गलपरिणामपुद्गलयोरेव घटमृत्तिकयोरिव व्याप्यव्यापकभावसद्भावात् पुद्गलद्रव्येण कर्त्रा स्वतंत्रव्यापकेन स्वयं व्याप्यमानत्वात्कर्मत्वेन क्रियमाणं पुद्गलपरिणामात्मनोर्घटकुम्भकारयोरिव व्याप्यव्यापकभावाभावात् कर्तृकर्मत्वासिद्धौ न नाम करोत्यात्मा, किन्तु परमार्थतः पुद्गलपरिणामज्ञानपुद्गलयोर्घटकुंभकारवद्व्याप्याप्य-व्यापकभावाभावात् कर्तृकर्मत्वासिद्धावात्मपरिणामात्मनोर्घटमृत्तिकयोरिव व्याप्यव्यापक-भावसद्भावादात्मद्रव्येण कर्त्रा स्वतन्त्रव्यापकेन स्वयं व्याप्यमानत्वात् पुद्गलपरिणामज्ञानं कर्मत्वेन कुर्वन्तमात्मानं जानाति सोऽत्यन्तविविक्तज्ञानीभूतो ज्ञानी स्यात्। न चैवं ज्ञातुः पुद्गलपरिणामो व्याप्यः, पुद्गलात्मनोर्ज्ञेयज्ञायकसम्बन्धव्यवहारमात्रे सत्यपि पुद्गलपरिणामनिमित्तकस्य ज्ञानस्यैव ज्ञातुर्व्याप्यत्वात्।

---

હવે પૂછે છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ અર્થાત્ જ્ઞાની થયો એમ કઈ રીતે ઓળખાય? તેનું ચિહ્ન (લક્ષણ) કહો. તેના ઉત્તરરૂપ ગાથા કહે છે :-

પરિણામ કર્મ તણું અને નોકર્મનું પરિણામ જે
તે નવ કરે જે, માત્ર જાણે, તે જ આત્મા જ્ઞાની છે. ૭૫.

ગાથાર્થ :- [यः] જે [आत्मा] આત્મા [एनम्] આ [कर्मणः परिणामं च] કર્મના પરિણામને [तथा एव च] તેમ જ [नोकर्मणः परिणामं] નોકર્મના પરિણામને [न करोति] કરતો નથી પરંતુ [जानाति] જાણે છે [सः] તે [ज्ञानी] જ્ઞાની [भवति] છે.

ટીકા :- નિશ્ચયથી મોહ, રાગ, દ્વેષ, સુખ, દુઃખ આદિરૂપે અંતરંગમાં ઉત્પન્ન થતું જે કર્મનું પરિણામ, અને સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ, બંધ, સંસ્થાન, સ્થૂલતા, સૂક્ષ્મતા આદિરૂપે બહાર ઉત્પન્ન થતું જે નોકર્મનું પરિણામ, તે બધુંય પુદ્‌ગલપરિણામ છે. પરમાર્થે, જેમ ઘડાને અને માટીને જ વ્યાપ્યવ્યાપકભાવનો (વ્યાપ્યવ્યાપકપણાનો) સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે તેમ પુદ્‌ગલપરિણામને અને પુદ્‌ગલને જ વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી પુદ્‌ગલપરિણામનો કર્તા છે અને પુદ્‌ગલપરિણામ તે વ્યાપક વડે સ્વયં વ્યાપતું હોવાથી (વ્યાપ્યરૂપ થતું હોવાથી) કર્મ છે. તેથી પુદ્‌ગલદ્રવ્ય વડે કર્તા થઈને કર્મપણે કરવામાં આવતું જે સમસ્ત કર્મનોકર્મરૂપ પુદ્‌ગલપરિણામ તેને જે આત્મા, પુદ્‌ગલપરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી, પરમાર્થે કરતો નથી, પરંતુ (માત્ર) પુદ્‌ગલપરિણામના જ્ઞાનને (આત્માના) કર્મપણે કરતા એવા પોતાના આત્માને જાણે છે, તે આત્મા (કર્મનોકર્મથી) અત્યંત ભિન્ન જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની છે. (પુદ્‌ગલપરિણામનું જ્ઞાન આત્માનું કર્મ કઈ રીતે છે તે સમજાવે છેઃ) પરમાર્થે પુદ્‌ગલપરિણામના જ્ઞાનને અને પુદ્‌ગલને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી કર્તાકર્મપણાની અસિદ્ધિ છે અને જેમ ઘડાને અને માટીને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે. તેમ આત્મપરિણામને અને આત્માને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે. આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી આત્મપરિણામનો એટલે કે પુદ્‌ગલપરિણામના જ્ઞાનનો કર્તા છે અને પુદ્‌ગલપરિણામનું જ્ઞાન તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી (વ્યાપ્યરૂપ થતું હોવાથી) કર્મ છે. વળી આ રીતે (જ્ઞાતા પુદ્‌ગલપરિણામનું જ્ઞાન કરે છે તેથી) એમ પણ નથી કે પુદ્‌ગલપરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય છે; કારણ કે પુદ્‌ગલને અને આત્માને જ્ઞેયજ્ઞાયકસંબંધનો વ્યવહારમાત્ર હોવા છતાં પણ પુદ્‌ગલપરિણામ જેનું નિમિત્ત છે એવું જે જ્ઞાન તે જ જ્ઞાતાનું વ્યાપ્ય છે. (માટે તે જ્ઞાન જ જ્ઞાતાનું કર્મ છે.)

## ભાદરવા વદ-૧૦, સોમવાર, તા. ૦૨-૧૦-૧૯૭૨
## ગાથા-૭૫, પ્રવચન-૧૮૦

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

આ સમયસાર, કર્તાકર્મ અધિકાર ચાલે છે. ૭૫ ગાથાનો ઉપોદ્‌ઘાત. હવે પૂછે છે... ૭૪ પૂરી થઈ. શિષ્યનો પ્રશ્ન છે કે '**આત્મા જ્ઞાનસ્વરૂપ અર્થાત્ જ્ઞાની થયો...**' આ સમ્યગ્જ્ઞાની થયો '**એમ કઈ રીતે ઓળખાય?**' તેની ઓળખાણ શું? છેને ઉપર? '**कथमात्मा ज्ञानीभूतो लक्ष्यत**' જ્ઞાનીના સ્વભાવમાં શું હોય છે કે જેથી જ્ઞાનીના લક્ષણથી તેને ઓળખાય? એવી જેને જિજ્ઞાસા છે તેને આ ગાથા કહેવામાં આવે છે. તેથી અમૃતચંદ્રાચાર્યે શૈલી લીધી છે કે '**તેના ઉત્તરરૂપ ગાથા કહે છે :-**' સમજાણું કાંઈ? જેને અંતરમાં એવી જિજ્ઞાસા થઈ કે, પ્રભુ! આ આત્મા અનાદિકાળનો અજ્ઞાની હતો તો જ્ઞાની થયો, સમ્યગ્દૃષ્ટિ થયો એની ઓળખાણ શું? અને કઈ વિધિથી એની ઓળખાણ થઈ શકે છે? '**लक्ष्यत**' છેને? એવી જેને અંતરમાં જિજ્ઞાસા-અભિલાષા છે તેને ઉત્તરરૂપ ગાથા કહે છે.

**कम्मस्स य परिणामं णोकम्मस्स य तहेव परिणामं।**
**ण करेइ एयमादा जो जाणादि सो हवदि णाणी।।७५।।**

નીચે હરિગીત.

**પરિણામ કર્મ તણું અને નોકર્મનું પરિણામ જે**
**તે નવ કરે જે, માત્ર જાણે, તે જ આત્મા જ્ઞાની છે. ૭૫.**

આ પ્રાણી ધર્મી થયો. ધર્મી કહો કે જ્ઞાની કહો. સમ્યગ્દૃષ્ટિ કહો કે સાધકપણે આત્માનું સાધન પ્રગટ કર્યું છે એ કેવો છે એનો ઉત્તર છે આ.

**ટીકા :-** ધર્મીને પોતાનો સ્વભાવ જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય સ્વભાવનો અંતર બોધ થયો છે. જે દૃષ્ટિ રાગ અને પર્યાય ઉપર અનાદિથી હતી એ દૃષ્ટિ ત્યાંથી ઉઠાવીને દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ પ્રસારવાથી અંતરમાં સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સ્વરૂપઆચરણ તે તે ભૂમિકાને યોગ્ય ઉત્પન્ન થાય છે તો એ જાણે છે કે '**નિશ્ચયથી...**' જે પર તરફની સાવધાનીનો ભાગ થોડો હોય છે, દર્શનમોહ નહિ, પર તરફના ઝુકાવનો સામાન્ય રીતે રાગાદિ થાય છે એ અંતરંગ પરિણામ કર્મનું છે, મારું નથી. આહા..હા..!

**'નિશ્ચયથી મોહ,...'** મોહ એટલે મિથ્યાત્વ નહિ. અહીં તો જ્ઞાનીની વાત છે. ભગવાન આત્મા પોતાની નિધિ નિધાન સચ્ચિદાનંદ સ્વરૂપ નિમિત્ત, રાગ અને એક સમયની પર્યાયની રુચિ તો બુદ્ધિ—દૃષ્ટિ તો અનાદિની હતી. એ દૃષ્ટિ પલટીને જ્યાં દિશા પલટી ત્યાં દશા પલટી ગઈ. જે દિશા રાગ અને પર્યાય ઉપર હતી તો એ દશા મિથ્યાત્વ હતી. ઝીણી ગાથા છે. ૭૫, ૭૬, ૭૭, ૭૮ અને ૭૯ પાંચ ગાથા કર્તાકર્મના પ્રાણની ગાથા છે. સમજાણું કાંઈ? ધર્મીને પોતાના આનંદ અને જ્ઞાનસ્વભાવનું સ્વસંવેદન અંતર્મુખથી પ્રગટ થયું છે તે એમ જાણે છે કે પર તરફના ઝુકાવનો મોહ-રાગ છે એ કર્મના પરિણામ છે, મારું કાર્ય નથી. સમજાણું કાંઈ? આહા..હા..! રાગ અને દ્વેષ, જેટલો અંદર આસક્તિનો રાગાદિ દ્વેષ ઉત્પન્ન થાય એ પણ પુદ્‌ગલકર્મના પરિણામ છે. કેમકે હું તો જ્ઞાનસ્વરૂપી ભગવાન પૂર્ણાનંદ સ્વભાવનો સાગર છું એમ મારી દૃષ્ટિમાં જ્યાં આવ્યું તો એ સ્વભાવનું પરિણમન વિકારરૂપ થાય એમ છે નહિ. સમજાણું કાંઈ?

**'રાગ, દ્વેષ, સુખ, દુઃખ...'** કલ્પના. પ્રતિકૂળ સંયોગ લક્ષમાં લેતા જરી દુઃખ છે એવી કલ્પના હોં! અને અનુકૂળ સંયોગ જ્ઞેય છે છતાં લક્ષ કરીને જરી ઠીક છે એવી સુખની કલ્પના. એ **'સુખ, દુઃખ આદિરૂપે અંતરંગમાં ઉત્પન્ન થતું...'** અંતરંગમાં—અંદર પર્યાયમાં **'ઉત્પન્ન થતું જે કર્મનું પરિણામ,...'** એ પુદ્‌ગલનું પરિણામ છે. સમજાણું કાંઈ? કર્તાકર્મપણું છૂટી ગયુંને? ધર્મી સમ્યગ્દૃષ્ટિ થતાં... ઝીણી વાત છે, ભાઈ! જ્ઞાનસ્વભાવી સ્વરૂપ પ્રભુ છે એવી જ્યાં અંતર્મુખ દૃષ્ટિ થઈ તો એ દ્રવ્યસ્વભાવ જ દૃષ્ટિનો વિષય (થયો), તો એ દ્રવ્ય પરિણમે છે એ તો શુદ્ધપણે પરિણમે. આહા..હા..! જેટલું એ અશુદ્ધરૂપ પરિણમન છે એ કર્મનું પરિણામ છે અને હું એનો જ્ઞાતા છું, હું એનો કર્તા નથી. સમજાણું કાંઈ? **'દુઃખ આદિ...'** સંકલ્પ, વિકલ્પ, રતિ, અરતિ આદિ એનાથી **'અંતરંગમાં ઉત્પન્ન થતું જે કર્મનું પરિણામ,...'** એક વાત.

બીજી વાત. **'અને સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ, બંધ,...'** કર્મનો બંધ છેને? **'સંસ્થાન,...'** આકાર **'સ્થૂલતા, સૂક્ષ્મતા...'** સૂક્ષ્મરૂપે ભાષા પરિણમતી હો કે સ્થૂળપણે શરીર આદિ પરિણમતું હો, એ **'આદિરૂપે બહાર ઉત્પન્ન થતું...'** એ મારી પર્યાયથી ભિન્ન ઉત્પન્ન થતું. અને એ પર્યાયમાં જરી નબળાઈને લીધે ઉત્પન્ન થતા પહેલા (લીધું). સમજાણું કાંઈ? વ્યવહારરત્નત્રયનો વિકલ્પ પણ જે ઉત્પન્ન થાય એ અંતરંગ પરિણામમાં જાય છે. એ સૂક્ષ્મ પરિણામ અંતરંગ પરિણામમાં જાય છે અને આ સૂક્ષ્મ આદિ સ્થૂળ ભાષા આદિ એ બહારમાં જાય છે રજકણોમાં. રંગ, ગંધ, સ્પર્શ આદિ શબ્દ થવો, અવાજ થવો. **'સ્થૂલતા, સૂક્ષ્મતા આદિરૂપે બહાર ઉત્પન્ન થતું જે નોકર્મનું પરિણામ,...'** મોહ, રાગ, દ્વેષ, સુખ, દુઃખ, રતિ, અરતિનો ભાવ જે છે એ અંતરંગ કર્મનું પરિણામ છે અને આ શરીરાદિ,

વાણી આદિના પરિણામ છે એ નોકર્મના પરિણામ છે. બે મળીને તે બધા પુદ્ગલ પરિણામ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. પહેલા ખુલાસો કર્યો કે આ અંતરંગ અને બહિરંગ. બેય પુદ્ગલ પરિણામ છે. કર્તાકર્મ છેને. જ્ઞાની ધર્મીનું કર્તા અને ધર્મીનું કર્મ એ રાગ અને દેહની ક્રિયામાં કર્તાકર્મપણું છે જ નહિ. સમજાણું કાંઈ? સૂક્ષ્મ ભાવ છે, ભાઈ અંતરનો માર્ગ. જ્યાં આત્મા સર્વજ્ઞ સ્વભાવી જ્ઞાનની મૂર્તિ એવી અંતરમાં દૃષ્ટિ પડવાથી એ તો જ્ઞાનસ્વભાવનું જ પરિણમન થયું એનું. ભેદ પાડીને કહે તો એ જ્ઞાન અને આનંદનું પરિણામ એ મારું કર્મ અને હું એનો કર્તા એ તો ભેદ પાડીને કહે તો. પણ એ રાગાદિના પરિણામ અને ભાષા આદિની પર્યાય કે શરીરાદિ .. થાય એવા પરિણામ તે બધા પુદ્ગલના પરિણામ છે. સમજાણું કાંઈ?

કોઈ એમ કહે કે પહેલા જે મોહ રાગ-દ્વેષ છે એ તો જડ કર્મના પરિણામ છે એ અહીંયાં કહે છે. એમ કોઈ કહે તો એમ છે નહિ. પહેલા રાગ-દ્વેષ, સુખ-દુઃખ (અંતરંગ પરિણામ કહ્યા તે). એમકે એ જડની પર્યાય પરમાણુમાં થાય એ. એ નહિ. એની પર્યાયમાં જે રાગ અને દ્વેષ અને સુખ-દુઃખની કલ્પનારૂપ ભાવ (થાય) એ અંતરંગ પરિણામ એનો ધર્મી જ્ઞાતા છે. એ મારું કાર્ય અને હું કર્તા એવી વસ્તુસ્થિતિ નથી. સમજાણું કાંઈ? આગળ આવશે. એનું પરિણામ તો જ્ઞાન જ છે. રાગાદિ, ભાષાદિ, શરીરાદિ એનું અહીંયા જ્ઞાન થયું. જ્ઞાન તો પોતાનું થયું, પણ એ સંબંધી પોતાનું જ્ઞાન. એ જ્ઞાન પોતાનું કાર્ય અને એનો કર્તા છે. સમજાણું કાંઈ? પણ એ રાગ-દ્વેષના પરિણામ જે અરૂપી જીવના પરિણામ અને આ દેહાદિની ક્રિયા જડના પરિણામ એમ અહીંયાં નથી. સમજાણું કાંઈ? આગળ ટીકા આવશે. પરમાર્થે પુદ્ગલ પરિણામના જ્ઞાનને એમ લીધું છે. એ રાગાદિ પુદ્ગલના પરિણામ છે. આહા..હા..! ગજબ વાત છે. તેના જ્ઞાનને. સમજાણું કાંઈ? એ દૃષ્ટાંત આવશે આગળ. પહેલા પ્રશ્ન હતોને ભાઈ! આ પરિણામ તો જડના લેવા. એમ નથી. છેલ્લે ટીકા જુઓ તો એ પરિણામ .. જે વિકાર એ અંતર પરિણામ પુદ્ગલના કર્મના કહેવામાં આવ્યા છે. આહા..હા..! શું કહે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આ નોકર્મમાં જાય છે. કાર્મણ શરીર. ઝીણી વાત છે. આગળ સ્પષ્ટ આવશે. આ તો આપણે ૧૭મી વાર ચાલે છે. ૧૬ વાર તો બધા વ્યાખ્યાન ૧ થી છેલ્લે સુધી સભામાં ૧૬ વાર થઈ ગયા છે. આ તો ૧૭મી વાર ચાલે છે. ૧૭ સમજ્યા? ૧૦ અને ૭. તમારે ભગવતી પણ ૧૭ વાર વાંચ્યું હતું. શ્વેતાંબરનું છેને ભગવતી? ૩૨ સૂત્રમાં મોટું સૂત્ર. ૧૬ હજાર શ્લોક, સવા લાખ શ્લોકની સંસ્કૃત ટીકા. એ પણ ૧૭ વાર જોયું હતું.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ એ ભગવતી સૂત્ર. એક જ છે. વ્યાખ્યા, કથન પદ્ધતિ ભગવતીસૂત્ર. એમાં ૩૨ સૂત્રમાં બે મોટા સૂત્ર. એક ભગવતી સૂત્ર ૧૬ હજાર શ્લોકનું. એક ..સૂત્ર ૮ હજાર શ્લોક. બાકી બધા થઈને ૩૧ હજાર શ્લોક છે. ૩૨ સૂત્ર. મૂળ શ્લોક.

અહીંયાં તો ભગવાનની આ વાણી છે. સમજાણું કાંઈ? અહીંયાં પ્રભુ ચૈતન્યસ્વરૂપ જ્ઞાનાનંદ સ્વભાવનું જ્યાં ભાન થયું, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન થયું તો જ્ઞાની પોતાના નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે રાગનું જ્ઞાન, શરીરની પર્યાય સંબંધી પોતાનું જ્ઞાન એ જ્ઞાનના પરિણામનો કર્તા અને જ્ઞાન પરિણામ એનું કાર્ય. પણ એ વ્યવહારરત્નત્રયનો રાગ... આહા..હા..! ભારે આકરું કામ. એ પુદ્ગલપરિણામ છે, ભાઈ! એ વ્યવહાર છે એનાથી મુક્ત પ્રભુ છે. રાતે તો કહ્યું હતું. શેઠ નહોતા શેઠ! રાતે યાદ કર્યા હતા અહીંયાં.

મુમુક્ષુ :- ભાવનગર ગયા હતા.

ઉત્તર :- અમારા પંડિતજીએ કીધું ભાવનગર... પંડિતજી બહુ સરસ બોલ્યા હતા. પુરુષાર્થસિદ્ધિ ઉપાયની ગાથા છેને. ૧૪. એ ગાથા ચાલી હતી પુરુષાર્થસિદ્ધિ ઉપાયની. ૧૪મી ગાથા છે. ઈ જ નીકળી.

**एवमयं कर्मकृतैर्भावैरसमाहितोऽपि युक्त इव।**
**प्रतिभाति बालिशानं प्रतिभासः स खलु भवबीजम्।।१४।।**

સમયસારમાં પાછળ છે. '**एवमयं कर्मकृतै**' એ કર્મના નિમિત્તથી થયેલું, સ્વભાવથી નહિ થયેલું એ અપેક્ષાએ '**कर्मकृतै**'. રાગાદિ અને શરીરાદિ બેય અર્થ છે એમાં. '**र्भावैरसमाहितोऽपि**' ભગવાન સંયુક્ત નહિ હોવા છતાં. ચિદ્ઘન પ્રભુ જ્ઞાયકભાવ એ રાગ અને અજીવથી સંયુક્ત નામ સહિત નહિ હોવા છતાં પણ '**युक्त इव प्रतिभाति बालिशानं**' અજ્ઞાની જીવોને સંયુક્ત જેવો પ્રતિભાસે છે કે હું વ્યવહારના રાગસહિત છું. આહા..હા..! ગજબ વાત છે, ભાઈ! આ તો માર્ગ છે. સમજાણું કાંઈ? હું એ રાગ અને શરીરસહિત છું એવો જે પ્રતિભાસ અંદર થાય છે '**प्रतिभासः स खलु भवबीजम्**' સંસારનું બીજ છે. મિથ્યાત્વભાવ સંસારનું બીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જેને કહીએ એ તો જ્ઞાયકભાવની મૂર્તિ આત્મા. એ આત્મા રાગ, વિકલ્પ ચાહે તો તીર્થંકરગોત્રનો ભાવ હોય પણ એ રાગસહિત આત્મા છે જ નહિ. એ રાગ ભિન્ન છે. આહા..હા..! પંચ મહાવ્રતના વિકલ્પસહિત આત્મા છે નહિ. સમજાણું કાંઈ? '**असमाहितोऽपि युक्त इव प्रतिभाति**' બસ! આ એક વાત અંદર. આહા..હા..! ભગવાન રાગ અને શરીર, કર્મસહિત ભાસે છે અજ્ઞાનીના ભાસમાં, એ ભાસ જ મિથ્યાત્વ સંસારનું બીજ છે. સમજાણું કાંઈ? પુરુષાર્થસિદ્ધિ ઉપાય. આ તો ચરણાનુયોગનો ગ્રંથ છે. પહેલી

એ વાત કર્યા પછી ... સ્થિરતા અને પછી વ્રતાદિનો વિકલ્પ આવે છે એનું જ્ઞાન કરાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? બાર વ્રતાદિના વિકલ્પ તો આવે છે. ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ આવે છેને. .. જીવ-અજીવ.. છ ઢાળામાં આવ્યુંને. .. પછી આવે છેને. આત્મરુચિ પરથી ભિન્ન ભલા હૈ. બહુ .. વ્યાખ્યા. પરથી ભિન્નનો અર્થ રાગાદિ બધાથી ભિન્ન. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બીજી વાત છે. એ તો દ્રવ્યમાં અશુદ્ધતા પૂર્વે બિલકુલ પર્યાયમાં નહોતી એમ માનનારને અશુદ્ધતા અને શુદ્ધતાની પર્યાયનો પિંડ દ્રવ્ય કહેવામાં આવે છે. કેમકે અશુદ્ધતા અનાદિસાંત છે કે નહિ? હવે જો એટલી અશુદ્ધતા નથી એમ કહે તો તો એ જેટલા ગુણની વિપરીત પર્યાય છે એ પર્યાય નથી તો તો એ ગુણ જ સિદ્ધ નથી થતો. સમજાણું કાંઈ? એ ટોડરમલે બે ઠેકાણે લીધું છે. સાતમા અધિકારમાં અને નવમામાં. ખબર છે, ખબર છે. બધું જોયું છેને. એ તો વેદાંતની પેઠે કોઈ એમ માને કે પૂર્વે અશુદ્ધતા બિલકુલ હતી જ નહિ પર્યાયમાં... સમજાણું કાંઈ? તો કહે છે કે એ અશુદ્ધ પર્યાય જે અનાદિસાંતરૂપ જે જે ગુણની શ્રદ્ધાની, ચારિત્રની, આનંદની એ વિપરીત પર્યાય એટલી કાઢી નાખે તો દ્રવ્ય સિદ્ધ નથી થતું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અપેક્ષાઓ ઘણી.

ઉત્તર :- અપેક્ષા તો છે. અપેક્ષા નામ જ્ઞાનની બહોળતા.

મુમુક્ષુ :- અપેક્ષાથી પકડે નહિ તો ગુંચવાઈ જાય.

ઉત્તર :- ગુંચવાઈ જાય. અમારે ફાવાભાઈ કહેતા. બુદ્ધિ થોડી હોય. સવારમાં એક વાત આવે એ પકડે કે વિકાર પોતાથી થાય છે, કર્મથી નહિ. વળી બપોરમાં આવે કે વિકાર પોતાનો નહિ એ કર્મનો. શું પકડવું આમાં? અમારે ફાવાભાઈ હતાને. આમ ૫૦-૫૦ હજાર પેદા કરે. પણ અહીં બુદ્ધિ થોડી. પેદાશમાં ધૂળ છે. એ કાંઈ બુદ્ધિનું ફળ છે? એ.. શેઠ! આ પૈસા-બૈસા મળ્યા એ બુદ્ધિનું ફળ નથી, તમારા પ્રયત્નનું ફળ નથી. એ તો પૂર્વના પ્રારબ્ધના રજકણ પડ્યો હોય અને ખરવામાં અહીંયા ... હોય ત્યારે એ સંયોગો દેખાય. 'ભાગ્ય બિન ન મિલે કોડી હુન્નર કરો હજાર.' શેઠ! અમે તો બહુ જોયું છેને. કરોડોપતિ ગરીબ થઈ ગયા અને ગરીબ કરોડોપતિ, અબજોપતિ થઈ ગયા લ્યોને.

મુમુક્ષુ :- અત્યારે તો એમ જ છે.

ઉત્તર :- અહીં છેને આપણે શાંતિલાલ ખુશાલ. એના બનેવી ... શાંતિલાલ ખુશાલ છે ગોવામાં. એક દિવસની પાંચ લાખ રૂપિયાની મેંગેનિઝ નીકળે છે. લોઢું નીકળે છે.

એલ્યુમિનિયમ એવું એક દિવસનું પાંચ-છ લાખનું નીકળે છે. લગભગ એક લાખની તો એક દિવસની પેદાશ છે. આમદાની.

મુમુક્ષુ :- રાખે છે ક્યાં?

ઉત્તર :- રાખે ક્યાં? તમે કેટલા રાખ્યા છે? સાઈઠ-સીત્તેર લાખ કહેતા હતા. રહે તો એને કારણે રહે છે. એ તમારે કારણે રહી છે? અજીવ અજીવ થઈને રહ્યા છે. એની પર્યાય પણ અજીવ થઈને રહી છે. જીવની પર્યાય થઈને રહી છે? શેઠ! અમારે પ્રશ્ન બહુ થતા સંપ્રદાયમાં. વસ્તુ જીવમાં અજીવની નાસ્તિ ત્રણે કાળ. તો કોઈ એમ કહે કે પૈસા વિના ચાલે? પૈસા વિના ચાલે શું, સર્વ દ્રવ્ય નાસ્તિ છે એમાં દ્રવ્ય વિના જ ચાલે છે. ભગવાન આત્મા પોતાથી અસ્તિ છે અને પરદ્રવ્યથી નાસ્તિ છે તો ટકી રહ્યો છે. પોતાથી પણ અસ્તિ અને પરથી પણ અસ્તિ તો તો ટકે નહિ સ્વતંત્ર. પંડિતજી!

એ તો પ્રશ્ન બહુ થતાને અમારે. ૨૦૧૦મા વર્ષે થયો હતો. ભૂલી ગયા. હરજીવનભાઈ. હરજીવનભાઈ સમઢિયાળાવાળા. શીખ્યા બધા ભેગા. તે દિ' દસ-પંદર હજારની પેદાશ જમીનની. ગરાસિયા. પછી આવે વ્યાખ્યાનમાં. ... હતા. એના એક ભાઈ આપણા જૈન. મહારાજ! તમે તો પૈસા ઉપર તો ઘણ મારો છો. પૈસા વિના શું ચાલે છે? એવો પ્રશ્ન થયો. બોટાદમાં ૧૦ની સાલ. ૧૮ વર્ષ પહેલા. કીધું, પ્રભુ! એકવાર સાંભળ હોં. ન્યાયથી સાંભળ. સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી પોતાની અસ્તિ છે. એમ પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિ છે? આ તો સાધારણ વાત છે. પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી પોતાની નાસ્તિ છે અને પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી પરદ્રવ્યની નાસ્તિ છે. એનાથી અસ્તિ છે પણ પોતાના દ્રવ્યની અપેક્ષાએ તે અદ્રવ્ય છે. સ્વ ક્ષેત્રની અપેક્ષાએ તે અક્ષેત્ર છે. સ્વકાળ પર્યાયની અપેક્ષાએ અકાળ છે, સ્વભાવની અપેક્ષાએ અભાવ છે. તેની અપેક્ષાએ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ હો. સમજાણું કાંઈ? આ તો સાધારણ વાત છે. તો એક દ્રવ્યે અનંત પરપદાર્થની નાસ્તિથી ટકી રહ્યું છે. ન ચાલે શું કહે છે? નાથુલાલજી! આહા..હા..! અરે! આ તો સ્થૂળ વાત છે. અહીંયાં તો સૂક્ષ્મ ચાલે છે. સમજાણું કાંઈ?

ભગવાન જ્ઞાનીનો આત્મા કેમ ટકી રહ્યો છે? ધર્મી જીવનો આત્મા કેમ રહ્યો છે? કે એ રાગ અને દ્વેષના પરિણામથી રહિત થઈને રહ્યો છે. સમજાણું કાંઈ? કેમકે એ રાગ અને દ્વેષ એ કર્તાનું પરિણામ થયું. સુખ-દુઃખ એ ભોક્તાનું થયું. એ બધા પરિણામ કર્મના પરિણામ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને આ **'સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ, બંધ,...'** પરમાણુનો બંધ છેને કર્મ? **'સંસ્થાન,...'** આકાર **'સ્થૂળતા,...'** શરીરાદિની **'સૂક્ષ્મતા...'** ભાષા આદિની, કાર્મણ શરીરાદિ. **'આદિરૂપે બહાર ઉત્પન્ન થતું જે નોકર્મનું પરિણામ, તે બધુંય પુદ્‌ગલપરિણામ છે.'** **'બધુંય'** શબ્દ પડ્યો છે. સમજાણું કાંઈ? છેને? **'समस्तमपि'**

સંસ્કૃતમાં છે. '**परमार्थतः पुद्गलपरिणामपुद्गलयोरेव**' આહા..હા..! ભગવાન તો જ્ઞાતા-દૃષ્ટા છે. એ તો જ્ઞાનસ્વભાવી વસ્તુ છે. પરનું કરી શકે અને પરને સુધારી શકે અને પરને બગાડી શકે ભાઈ! એ તારામાં નથી હોં! એ તો નથી, પણ જે રાગાદિ, પુણ્યાદિ, દયા, દાનના પરિણામ જે ઉત્પન્ન થાય છે, ભગવાન! એ તારો સ્વભાવ નથી. તારો સ્વભાવ ત્રિકાળી આનંદ અને ત્રિકાળી અનંતગુણનો પિંડ એ શું રાગરૂપે પરિણમે? ધર્મીની દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર છે. દ્રવ્યનો સ્વીકાર છે. તો દ્રવ્યના સ્વીકારમાં દ્રવ્યના સ્વભાવનું પરિણમન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અનંત ગુણ કહ્યું હતુંને એકવાર નહિ? જીવમાં અનંત ગુણ છે સંખ્યાએ હોં! કેટલા? છ માસ અને આઠ સમયમાં ૬૦૮ મુક્તિને પામે છે. તો એનાથી એક નિગોદના શરીરમાં અનંતગુણા જીવ છે. સમજાણું કાંઈ? અને એનાથી અનંતગુણા પરમાણુ છે. એનાથી અનંતગુણા ત્રિકાળના સમય છે, એનાથી અનંતગુણા આકાશના પ્રદેશ છે, એનાથી અનંતગુણા એક જીવમાં ગુણ છે. એવા ગુણ પવિત્ર પિંડનો જ્યાં સ્વામી થયો એ રાગનો સ્વામી કેમ હોય? સમજાણું કાંઈ? જ્યાં અંદરમાં આનંદનો પાક થયો આહા..હા..! ધર્મી સમ્યગ્દૃષ્ટિ થતાં અનંત ગુણનો અંશ વ્યક્ત પ્રગટ અંદર પરિણમનમાં આવ્યો એનો એ સ્વ અને એનો એ સ્વામી છે. સમજાણું કાંઈ?

સ્વસ્વામીસંબંધ એક ગુણ છે એમાં ૪૭માં. ૪૭ શક્તિ છેને. સ્વસ્વામી સંબંધ શક્તિ. તો ધર્મી જીવ તે સ્વ પોતાનું દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ અને પર્યાય શુદ્ધ એ પોતાનું સ્વ અને એનો આત્મા સ્વામી. વ્યવહારરત્નત્રયના રાગાદિ પરિણામ, અરે..! દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો ભાવ એ પોતાના સ્વભાવમાંથી નથી આવ્યો. ધર્મીની દૃષ્ટિ તો સ્વભાવ ઉપર છે. બધા અનંતા ધર્મ કબજે કર્યા છે. આહા..હા..! નિધાન જે બંધ હતું, રાગની એકતામાં નિધાન બંધ હતું, ધર્મીનું નિધાન ખુલી ગયું છે. સમજાણું કાંઈ? રાગની એકતા તૂટીને વર્તમાન પર્યાયની એકતા ત્રિકાળ દ્રવ્ય સાથે થઈ, નિધાન ખુલી ગયું છે. સમજાણું કાંઈ? આહા..હા..! ચોથા ગુણસ્થાનની વાત હોં આ. લોકોને સમ્યગ્દર્શન શું ચીજ છે? અને એનું ધ્યેય શું છે અને એનું માહાત્મ્ય શું છે એની ખબર નથી. બહારના વ્રત કર્યા ને તપ કર્યા ને અપવાસ કર્યા ને ધૂળ કરી. આહા..હા..! ભાઈ! એ તો અનંત વાર રાગની ક્રિયા કરી, એ આત્મા નહિ, ભાઈ! સમજાણું કાંઈ?

કહે છે કે એ બેય, એક કર્મના પરિણામ બીજા નોકર્મના પરિણામ '**તે બધુંય પુદ્‌ગલપરિણામ** છે.' '**समस्तमपि**' એમ છેને? '**પરમાર્થે,...**' સમજાય એવું છે હોં! આ ચીજ ખ્યાલમાં તો આવેને શું કહે છે. '**પરમાર્થે, જેમ ઘડાને અને માટીને જ વ્યાપ્યવ્યાપકભાવનો** (વ્યાપ્યવ્યાપકપણાનો) **સદ્‌ભાવ હોવાથી...**' દૃષ્ટાંતમાં શું કહે છે?

લોકોને સહજતાથી સમજાય એ માટે દૃષ્ટાંત આપ્યું. **‘જેમ ઘડાને અને માટીને જ વ્યાપ્ય...’** એ ઘડો વ્યાપ્ય છે, માટી વ્યાપક છે. સમજાણું કાંઈ? ઘડો છે તે પર્યાય છે વ્યાપ્ય છે અને માટી વ્યાપક છે. **‘જેમ ઘડાને અને માટીને જ વ્યાપ્યવ્યાપકભાવનો (વ્યાપ્યવ્યાપકપણાનો) સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે...’** માટી કર્તા છે અને ઘડાની પર્યાય એનું કર્મ છે. એ કુંભારનું કર્મ નથી. આહા..હા..! કહો, શેઠ! ..તમારા. ટીમરું. ટીમરું.. અને શું કહેવાય ઓલું? ... બે જાતની બીડી થાય છેને. અમારે દુકાનમાં એ હતી. નહિ? તમારે નથી થતી? પહેલા ... બહુ હતી. બે, ત્રણ, ચાર, પાંચ એકઠા કરીને બીડી બનાવતા હતા. દોરા અમારી દુકાનમાં ત્યાં દસ-દસ હજાર બીડીયો ધંધો મોટો હતો. અમારે કુંવરજીભાઈને .. એ વખતે હોં. અત્યારે તો મોટી દુકાન થઈ ગઈ છે. આ શું કહેવાય? ટીમરું. એ બહુ મોટા પાન એક-એક પાનની એક બીડી.

મુમુક્ષુ :- એક પાનકી એક જ બીડી.

ઉત્તર :- એક જ બીડી. અમને ખબર છેને બધી. એ એમ માને કે આ બીડી પર્યાય આમ થાય છે તે મારું કાર્ય છે. મૂઢ છે.

મુમુક્ષુ :- આખી દુનિયા એમ માને છે.

ઉત્તર :- તો આખી દુનિયા મૂઢ છે. મૂઢના કાંઈ ગામ જુદા નથી હોતા. આહા..હા..!

મુમુક્ષુ :- આ હિસાબે તો બધા મૂઢના જ ગામ થયા.

ઉત્તર :- આહા..હા..! એ તો જડની પર્યાય છે. એમાં જે વિકલ્પ થયો એને તો અહીંયાં કર્મના પરિણામ કહેવામાં આવે છે. કઈ દૃષ્ટિએ? દ્રવ્યદૃષ્ટિ, સ્વભાવદૃષ્ટિનું ભાન સમ્યક્ થયું તો સ્વભાવની દૃષ્ટિનો કર્તા થાય છે, ઈ રાગનો કર્તા થતો નથી. ‘કરે કર્મ સો હી કરતારા, જો જાને સો જાનન હારા. જાને સો કર્તા નહિ હોઈ’ મૈં રાગ કર્યો, મૈં આ પાઠશાળા બનાવી. મૈં આ છોકરાઓને કેળવણી આપી, આ પુસ્તક આટલા બનાવ્યા લ્યોને. અહીં પુસ્તક ઘણા બન્યા છેને દસ લાખ. એય..! આ મકાન બને છે બાર લાખનું નહિ? અમે બનાવ્યું. અરે ભગવાન! તું કોણ? પરચીજ ક્યાંથી બને તારાથી? સમજાણું કાંઈ? એ સમયે પુદ્‌ગલ પરમાણુની ક્રમસર પર્યાય થવાની છે તે તેનાથી થાય છે. અહીં તો રાગ પણ એ સમયે જે આવે છે... આહા..હા..! એ ઘડા અને માટીમાં જેમ વ્યાપ્યવ્યાપક સદ્‌ભાવ છે, ઘડો વ્યાપ્ય નામ પર્યાય નામ કાર્ય, માટી કર્તા નામ વ્યાપક છે એ તો બરાબર છે. સદ્‌ભાવ છેને? સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું આવ્યું.

**‘તેમ પુદ્‌ગલપરિણામને અને પુદ્‌ગલને જ વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી...’** એ પુદ્‌ગલપરિણામ નામ પુણ્ય-પાપના વિકલ્પને અને પુદ્‌ગલ જે જડ. એ પુદ્‌ગલ વ્યાપક થઈને પુણ્ય-પાપના વિકલ્પ વ્યાપ્ય એનું થાય છે. એ જીવનું વ્યાપ્ય નથી. આહા..હા..!

ધીમેથી.. ફરીને કહીએ. એક, બે વાર (નહિ કહીએ). જેમ ઘડા અને માટી વચ્ચે કર્તાકર્મભાવ છે. કેમ? કે ઘડો વ્યાપ્ય છે, માટી વ્યાપક છે. તેમ પુદ્ગલપરિણામ એ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ રાગ અને પુદ્ગલ કર્મ એ બેમાં વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી. એ કર્મ વ્યાપક થઈને વિકારી પર્યાય વ્યાપ્ય થાય છે. ભગવાન સ્વભાવનો પિંડ વ્યાપક થઈને વિકારને પામે છે એમ નથી. શેઠ! આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છેને, એ તો વ્યવહાર છે.

મુમુક્ષુ :- પુદ્ગલની સાથે ઉપાદાન...

ઉત્તર :- ઉપાદેય-ઉપાદેય અહીં તો નિશ્ચયથી ઉપાદાન-ઉપાદેય એમાં જ છે. આત્મામાં છે નહિ. એ તો કહ્યુંને પહેલા. જ્યાં સુધી પર્યાયબુદ્ધિ છે ત્યાં સુધી ઉપાદાન વર્તમાન વિકારનો થવો અને પછી ઉપાદેય થવું એ જીવની મિથ્યાદૃષ્ટિ સુધી છે. અશુદ્ધ ઉપાદાન. આહા..હા..! પણ શુદ્ધ ઉપાદાનની દૃષ્ટિ સ્વભાવની થઈ ત્યારે અશુદ્ધ ઉપાદાનની પર્યાય વ્યાપ્ય અને કર્મ વ્યાપક. માટી વ્યાપક, કર્મ વ્યાપ્ય.

મુમુક્ષુ :- શુદ્ધ આત્માની .. ઉપાદેય

ઉત્તર :- ઉપાદેય અહીંયાં નહિ. .. કોની? કર્મની.

મુમુક્ષુ :- વ્યાપક તો શુદ્ધ આત્મા જ થયોને.

ઉત્તર :- નહિ.. નહિ.. નહિ. એ તો મિથ્યાદૃષ્ટિ હોય... કહ્યુંને પહેલા. જ્યાં સુધી વિકારની પર્યાય ઉપર દૃષ્ટિ છે ત્યાં સુધી તો વિકારી પર્યાય વ્યાપ્ય અને આત્મા અજ્ઞાનભાવમાં વ્યાપક.

મુમુક્ષુ :- .. બેમાં એક સાથે નથી...

ઉત્તર :- એક જ પ્રકાર છે. માટી અને ઘડાનો.

મુમુક્ષુ :- ..જેમાં ઉપાદાન-ઉપાદેય ભાવ ..

ઉત્તર :- એ અશુદ્ધ પણ અહીંયાં અશુદ્ધ... એની અહીંયાં વાત જ નથી. અશુદ્ધ કહ્યુંને પહેલા કહ્યું. અશુદ્ધ ઉપાદાન એ પુદ્ગલની પર્યાય નહિ ગણીને પોતાની પર્યાયમાં વ્યાપ્ય અને અજ્ઞાની વ્યાપક. કેમકે એની દૃષ્ટિ રાગ ઉપર અને પર ઉપર છે. પણ સમ્યગ્દૃષ્ટિ થયો, આ એની તો વાત છે, તો પોતાની દૃષ્ટિમાં તો જ્ઞાયકસ્વભાવ ધ્રુવ છે તો એનું વ્યાપ્ય પર્યાય નિર્મળ અને વ્યાપક આત્મા. પણ વિકારી પર્યાય વ્યાપ્ય અને કર્મ વ્યાપક એવું અહીંયાં માટી અને ઘડાની જેમ છે. ઝીણી વાત છે, ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વર્ણ, ગંધ, રસ કોણ કહે છે? એ અચેતન છે કે નહિ? રાગમાં જ્ઞાયકપણું છે? એ આવી ગયું ૭૨ ગાથામાં. રાગ છે તે પોતાને જાણે છે? ચૈતન્યને જાણે છે? રાગ

પરથી જણાય છે. એ અપેક્ષાએ રાગ કર્મનું પરિણામ ગણવામાં આવ્યું છે. એમાં ફેર જરીએ નથી. સમ્યગ્જ્ઞાનની અપેક્ષાએ. મિથ્યાજ્ઞાનની અપેક્ષાએ અશુદ્ધ ઉપાદાનની દૃષ્ટિ જ્યાં છે ત્યાં સુધી તો એ વિકારનું વ્યાપ્ય અને વિકારી આત્મા એનો મિથ્યાદૃષ્ટિમાં કર્તા. અહીંયાં તો દૃષ્ટિ છોડી દીધી. અહીંયાં તો જ્ઞાનીનું લક્ષણ બતાવવું છે. આહા..હા..!

મુમુક્ષુ :- એ તો ભાવપુદ્ગલ વ્યાપક અને ભાવપુદ્ગલ વ્યાપ્ય.

ઉત્તર :- શું? ભાવપુદ્ગલ નહિ. નહિ... નહિ... નહિ... એ દ્રવ્યપુદ્ગલ વ્યાપક અને વિકારી પર્યાય વ્યાપ્ય. સાંભળો! એ કાંઈ ફરે એવું નથી ત્રણ કાળમાં. ફરીને. એક-બે વાર નહિ લઈએ. ઘણી વાર લઈશું. જુઓ!

**'જેમ ઘડાને અને માટીને...'** ઘડો પહેલા લીધો છેને? તો ઘડો વ્યાપ્ય છે, માટી વ્યાપક છે. **'સદ્ભાવ હોવાથી કર્તાકર્મપણું છે...'** માટી કર્તા અને ઘડો વ્યાપ્ય એનું કર્મ. **'તેમ પુદ્ગલપરિણામને...'** પુદ્ગલપરિણામનો અર્થ એ બે. કર્મ પરિણામ અને નોકર્મ પરિણામ. પહેલા કહ્યું ઈ. આહા..હા..! બાપા! આ તો વીતરાગ માર્ગ એવો.. એય..! નાથુલાલજી! અહીં તો જ્યાં દૃષ્ટિમાં નિધાન જોયું ત્યારે અશુદ્ધ ઉપાદાનની દૃષ્ટિ પોતામાં રહી નહિ. બહુ ઝીણી વાત. કહ્યુંને ૭૫, ૭૬, ૭૭, ૭૮, ૭૯ પાંચેય ગાથા અલૌકિક છે! કર્તાકર્મના (પ્રાણ છે). ફૂલચંદજી પહેલા રહ્યા હતા ત્યારે કર્તાકર્મ અધિકાર માંગ્યો હતો. આખો કર્તાકર્મ સંભળાવો. ખબર છે? પહેલેથી લીધું હતું. આહા..હા..!

સાંભળો! ઉપાદાન-ઉપાદેય અને નિમિત્ત-નૈમિત્તિક એ કઈ અપેક્ષાએ વાત છે? એ તો વ્યવહાર થયો. ઉપાદાન પૂર્વ પર્યાય અને એનો વ્યય થઈને ઉપાદેય (થાય) એ તો વ્યવહાર થયો. અહીંયાં વિકારી પર્યાય પોતાથી સ્વતંત્ર થાય છે. ષટ્કારકરૂપ પરિણમન. એ ચાલ્યું હતું ૨૦૧૩ની સાલમાં. ૬૨ ગાથા છેને પંચાસ્તિકાયની. વિકારી પરિણામ એક સમયનું કર્તા એ વિકારી પર્યાય, કર્મ કાર્ય વિકારી પર્યાય, કરણ વિકારી પર્યાય, સંપ્રદાન એમાં રાખી છે, અપાદાન પોતાથી પર્યાયથી થઈ છે—એ વિકારી પર્યાયથી હોં અને ધ્રુવ .. એક સમયમાં ષટ્કારક છે એ પર કારકાંતરની અપેક્ષા રાખ્યા વિના (પરિણમે છે). સંસ્કૃત ટીકા છે. બીજા નિમિત્તના કારકાંતરની અપેક્ષા રાખ્યા વિના પોતાથી વિકારી પર્યાય દ્રવ્ય-ગુણની અપેક્ષા રાખ્યા વિના (થાય છે). એ તો ત્યાં અશુદ્ધતા અનાદિની છે અને એના ઉપર દૃષ્ટિ છે ત્યાં સુધી સ્વતંત્ર કર્તા વિકારનો અજ્ઞાની છે.

જ્યાં જ્ઞાની થયો... એ તો પૂછે છે, એ તો પ્રશ્ન છે. આત્મા જ્ઞાનસ્વરૂપ જ્ઞાની થયો એ કેમ ઓળખી શકાય? એની કથન શૈલી પદ્ધતિ અને શ્રદ્ધા ઉપરથી જણાય છે. સમજાણું કાંઈ? ફરીને. અહીંયાં તો માટી અને ઘડો એ તો ઈ દ્રવ્ય અને ઈ દ્રવ્યની પર્યાય થઈ. પણ કર્મ પુદ્ગલ ભિન્ન દ્રવ્ય અને વિકારી પર્યાય ભિન્ન એનું અહીં વ્યાપ્ય-વ્યાપક સિદ્ધ

કરવું છે. એક જ દ્રવ્ય છે. પોતાનું દ્રવ્ય નથી એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! શ્વેતાંબરમાં તો આ વાતની ગંધેય નથી. જ્યાં હોય ત્યાં ઓલા રામવિજય તે દિ' કહે, ૨૦૦૬ સાલ. ત્રણ લોકના નાથે અમને એમ કહ્યું છે કે કર્મથી રખડે છે. તમે કહો છો કે પોતાની ભૂલથી રખડે છે. છઠ્ઠી સાલ. પાલિતાણા જાત્રા ગયા હતાને. છઠ્ઠી સાલ. ... તો એના રામવિજય છેને એક મોટા વ્યાખ્યાનકાર આચાર્ય. આથણાને આચાર કહે છે. આથણાને?

મુમુક્ષુ :- નામ-નિક્ષેપે બધું લેવાય.

ઉત્તર :- બાપા! આચાર્ય આ! આહા..હા..! ધન્ય અવતાર! સમ્યગ્દર્શન ધન્ય અવતાર, મુનિપણું તો ધન્ય અવતાર. આચાર્યની તો વાત જ શું કરવી? સમજાણું કાંઈ? વસ્તુની સ્થિતિ એવી છે હોં! વ્યક્તિનો પ્રશ્ન નથી.

અહીં તો કહે છે કે જેમ ઘડા અને માટી વચ્ચે કર્તાકર્મ છે. કેમ? કે વ્યાપ્ય-વ્યાપકભાવ હોવાથી. બરાબર છે? માટી વ્યાપક માટી પ્રસરે છે. વ્યાપક ફેલાય છે અને ઘડો એના ફેલાવની પર્યાય છે. તો વ્યાપક માટી. વ્યાપક કહો કે કર્તા કહો. ઘડો વ્યાપ્ય એ કર્મ. '**તેમ...**' એ પ્રકારે. છે? ટીકામાં છેને? '**परमार्थतः पुद्गलपरिणामपुद्गलयोरेव घटमृत्तिकयोरिव व्याप्यव्यापकभावसद्भावात् पुद्गलद्रव्येण कर्त्रा स्वतंत्रव्यापकेन**' સૂક્ષ્મ ગાથા છે, ભગવાન! આહા..હા..! જ્યાં જાગીને જોયું ત્યાં જગત દિસે નહિ. અંદરમાં રાગ પણ નથી, કાંઈ નથી. એ ચૈતન્ય ભગવાન છે. એવું જ્યાં સમ્યગ્જ્ઞાન-દર્શન થયું તો એ આત્મા વ્યાપક પ્રસરનારો અને વિકારી એનું વ્યાપ્ય. વિકારી પર્યાય વ્યાપ્ય નામ કર્મ અને આત્મા કર્તા એવું વસ્તુમાં છે નહિ. સમજાણું કાંઈ? ફરીથી. '**તેમ...**' એમ લીધુંને? જેમ માટી અને ઘડામાં વ્યાપ્ય-વ્યાપકપણું છે તો કર્તાકર્મપણું છે. બરાબર છે? શેઠ! ભાઈ! આહા..હા..! '**તેમ...**'

મુમુક્ષુ :- માટીમાં અને ઘડામાં વ્યાપ્ય-વ્યાપક...

ઉત્તર :- પણ આ હવે... એ દૃષ્ટાંતથી તો સિદ્ધાંત કહેવો છે. આહા..હા..!

ભગવાન આત્મા જ્યાં દૃષ્ટિમાં સમ્યગ્જ્ઞાનમાં આવ્યો તો એનો ઉકેલ શું આવ્યો? શુદ્ધતાનો ઉકેલ થાય છે એમાંથી તો. તો ત્યાં જેટલી અશુદ્ધતા છે એ જ્ઞાતાનું જ્ઞેય કરીને કર્મ પરિણામ પુદ્ગલનું કાર્ય અને પુદ્ગલ વ્યાપક અને વિકારી પરિણામ એનું વ્યાપ્ય, બેયને એકમાં ગણીને એ કર્તાકર્મ છે. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓને ટીકા પણ ગજબ કામ કર્યા છે સંતોએ જંગલમાં રહીને! યથાર્થ વસ્તુ જેવી છે તેવી (કહી છે). .. તું તો પ્રભુ છેને નાથ! તારી પ્રભુતા તારી દૃષ્ટિમાં જ્યાં આવી... આહા..હા..! એ વિકારી પરિણામ જે પામર છે એનો ભગવાન વ્યાપક થઈને વ્યાપ્ય એનું છે એમ છે નહિ, ભાઈ! એ તો અશુદ્ધની દૃષ્ટિ જ્યાં સુધી હતી ત્યાં સુધી અજ્ઞાની કર્તા અને વિકારી પરિણામ વ્યાપ્ય કર્મ એમ માનતો હતો. માનતો હતો હોં! આહા..હા..!

કહે છે '**તેમ...**' પરમાર્થે જુઓ તો એ પ્રમાણે. '**પુદ્‌ગલપરિણામને...**' એ પુદ્‌ગલ પરિણામનો અર્થ? શુભાશુભ રાગ, સુખ-દુઃખની કલ્પના, વ્યવહારરત્નત્રય એ પુદ્‌ગલપરિણામ. આહા..હા..! '**અને પુદ્‌ગલને...**' '**પુદ્‌ગલપરિણામને અને પુદ્‌ગલને...**' ઘડાને અને માટીને '**વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી...**' માટી કર્તા વ્યાપક, ઘડો વ્યાપ્ય, કર્મ, કાર્ય. એમ ભગવાન આત્મા જ્યાં સમ્યગ્જ્ઞાનમાં આત્મા રાગથી રહિત (આવ્યો). કહ્યુંને પહેલા? વ્યવહારરત્નત્રય અને શરીર અજીવથી (રહિત જ્ઞાનમાં આવ્યો). નવ તત્ત્વ છેને? તો નવ તત્ત્વમાં અજીવતત્ત્વ ભિન્ન છે. પુણ્ય-પાપ-આસ્રવતત્ત્વ ભિન્ન છે, ભગવાન જ્ઞાયક ભિન્ન છે. આવો છે એમ અંદર ભાસ થયો, બોધ અંદર થયો કે ચૈતન્યપ્રભુ આ તો જ્ઞાયકભાવની મૂર્તિ પ્રભુ. આહા..હા..! એવા સમ્યગ્દૃષ્ટિને, એવા ચોથા ગુણસ્થાને સમ્યગ્જ્ઞાનીને એમાં કોઈ ગડબડ નથી. બહુ ચોખ્ખી વાત છે. નાથુલાલજી!

'**પુદ્‌ગલપરિણામને...**' પુદ્‌ગલપરિણામની વ્યાખ્યા? માથે કહ્યું હતું કે એ '**અંતરંગમાં ઉત્પન્ન થતું જે કર્મનું પરિણામ,...**' '**બહાર ઉત્પન્ન થતું જે નોકર્મનું પરિણામ, તે બધુંય પુદ્‌ગલપરિણામ છે.**' બધુંય પુદ્‌ગલપરિણામ. આહા..હા..! ૧૨મી ગાથામાં કહ્યુંને ભાઈ! '**परिज्ञायमानस्तदात्वे प्रयोजनवान्**' બસ એટલું. જાણેલો. ધર્મીને રાગ થાય છે એમ કહેવું એ પણ રાગને જાણનારો થાય છે એ જ્ઞાની છે. રાગ એનું વ્યાપ્ય અને આત્મા એનો વ્યાપક એમ ધર્મ દૃષ્ટિમાં નથી. સમજાણું કાંઈ? તેમ—જેમ માટી અને ઘડો તેમ '**પુદ્‌ગલપરિણામને...**' ઓહો..! ત્રિલોકનાથ એમ કહે છે કે અમારા પ્રત્યેની ભક્તિનો તારો રાગ... આહા..હા..! અમારા પ્રત્યેનો તારો સ્મરણનો વિકલ્પ એ પુદ્‌ગલપરિણામ છે. આહા..હા..! ત્રણ લોકના નાથ ઈન્દ્રોની સમક્ષ પોકાર કરે છે. અર્ધલોકના સ્વામી ઈન્દ્ર શક્રેન્દ્ર અને એની રાણી વ્યાખ્યાનમાં આવે છે ત્યાં ભગવાન પાસે. સીમંધર પ્રભુ બિરાજે છે કે નહિ? જે એકાવતારી છે.

મુમુક્ષુ :- અનંત તીર્થંકરો...

ઉત્તર :- હા, અનંત. આ તો સાક્ષાત્ વર્તમાન છે એની વાત છે અહીંયાં તો. ભગવાન બિરાજે છેને. સમજાણું કાંઈ?

એ વીતરાગ ઓહો..હો..! એમની વાણીમાં આવ્યું એ જ સંત કહે છે અને એવી જ વસ્તુ છે. બાપુ! આ જૈનદર્શન સમજવું એ વાત અલૌકિક છે! કોઈ શાસ્ત્ર ભણતરથી પણ સમજી જાય એવી ચીજ નથી. આહા..હા..! કહે છે.. ઓલા અષ્ટસહસ્રીમાં આવેને ભાઈ! ઉપાદાન-ઉપાદેય નિમિત્ત.. પૂર્વની પર્યાય ઉપાદાન, પછીની પર્યાય ઉપાદેય અને એ ઉપાદેયને નિમિત્તની અપેક્ષાએ નૈમિત્તિક કહે છે. આપણે પ્રશ્નોત્તરમાળામાં નાખ્યું છે બધું, પુસ્તકમાં બધું આવ્યું છે. નિમિત્તની અપેક્ષાએ ઓલા ઉપાદેયને નૈમિત્તિક કહ્યું અને ઉપાદાનની અપેક્ષાએ

ઉપાદેય કહ્યું. એક જ પર્યાયની બે અપેક્ષા. અહીંયાં ત્રીજી અપેક્ષા. આહા..હા..! આવી વાણી સર્વજ્ઞ સિવાય (ક્યાંય નથી). સર્વજ્ઞ સમ્યગ્દર્શન સિવાય એ વાત અંદર બેસે નહિ. એવી વાત છે. કહો, સમજાણું કાંઈ?

'**તેમ...**' આહા..હા..! દૃષ્ટાંત આપ્યું તેમ. '**પુદ્ગલપરિણામને...**' વિકારી રાગ અને દ્વેષ અને સુખ-દુઃખની કલ્પના અને શરીર અને ભાષાની પર્યાય એ બધા પુદ્ગલના પરિણામ. તેને અને પુદ્ગલને. જડ પુદ્ગલ. આહા..હા..! વ્યાપ્યવ્યાપક. એ પુદ્ગલ નામ એ વ્યાપ્ય થયું અને પુદ્ગલ એ વ્યાપક થયું. ત્રણ શબ્દ પડ્યા છે. જેમ ઘડો એ વ્યાપ્ય છે, માટી એ વ્યાપક. '**તેમ પુદ્ગલપરિણામને અને પુદ્ગલને જ વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી...**' કર્તાકર્મપણું છે. આહા..હા..! હજી તો આગળ વિશેષ લેશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જડ-જડ. દ્રવ્યકર્મ. એ મારગડા જુદા બાપા! આ તો વીતરાગનો માર્ગ છે. આહા..હા..! ચક્રવર્તીઓએ સ્વીકાર્યો, ગણધરોએ ચારિત્રસહિત અનુભવ્યો, ઈન્દ્રો એકાવતારી સમકિત સહિત જ્ઞાન કર્યું. આહા..હા..! એ બાપા માર્ગ ભાઈ! જે અપેક્ષાએ જ્યાં કહ્યું એ સમજે નહિ તો ગડબડ થઈ જશે, ભાઈ! સમજાણું કાંઈ?

તો કહે છે કે '**પુદ્ગલપરિણામને અને પુદ્ગલને જ વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી...**' કર્તાપણું છે. હવે એથી વિશેષ સ્પષ્ટ કરશે. એટલું કહીને હવે (કહે છે) '**પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી...**' આહા..હા..! કર્તાની વ્યાખ્યા શું? સ્વતંત્રપણે કરે તે કર્તા. કર્મની વ્યાખ્યા શું? કર્તાનું ઈષ્ટ તે કર્મ. આ એની વ્યાખ્યા છે ત્રિકાળી. કર્તાની વ્યાખ્યા શું? કારકનો કર્તા હોય છેને? સ્વતંત્રપણે કરે તે કર્તા. કર્મની વ્યાખ્યા શું? કર્તાનું ઈષ્ટ તે કર્મ. તો અહીંયાં કહે છે કે '**પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી...**' કોઈ આત્માની નબળાઈની અપેક્ષા ... એને નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એય..! '**પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી...**' સ્વતંત્ર હોવાથી '**સ્વતંત્ર વ્યાપક હોવાથી પુદ્ગલપરિણામનો કર્તા છે...**' કોણ? પુદ્ગલદ્રવ્ય. '**પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી...**' એ પુદ્ગલ જડ સ્વતંત્ર પોતાના કર્તામાં પરની અપેક્ષા નથી. આહા..હા..! નબળાઈથી ઉત્પન્ન થયો એટલી અપેક્ષા તો પ્રભુ લ્યો! ના. દ્રવ્યસ્વભાવ જે ત્રિકાળી જ્ઞાયકભાવની જ્યાં દૃષ્ટિ અને અનુભવ થયો.. ઓહો..! પછી જે રાગાદિ થયા એ પુદ્ગલદ્રવ્ય સ્વતંત્રપણે રાગનો કર્તા છે. '**પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી પુદ્ગલપરિણામનો કર્તા છે...**' કોણ? '**પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી પુદ્ગલપરિણામ...**' નામ દયા, દાન, વ્રતના પરિણામનો તે કર્તા છે.

મુમુક્ષુ :- અઠ્યાવીશ મૂળગુણનો કર્તા પુદ્ગલ?

ઉત્તર :- અઠ્યાવીશ મૂળગુણનો કર્તા પુદ્ગલ છે.

મુમુક્ષુ :- ઉપાદાન પુદ્‌ગલ...

ઉત્તર :- કોણ ઉપાદાન? આ શુદ્ધ ઉપાદાનની વાત ચાલે છે.

મુમુક્ષુ :- ઉપાદાન .. કરે તો નિમિત્ત કોનું?

ઉત્તર :- નિમિત્ત શુદ્ધ આત્મા. એવું અમિતગતિ આચાર્યમાં છે. એમ છે. એ યોગસારમાં છે. યોગસાર ગ્રંથ છે. યોગીન્દ્રદેવનો નહિ, યોગસાર ગ્રંથ છે અમિતગતિઆચાર્યનો. સમયસારની શૈલીથી બનાવ્યો છે. એમાં એવું લખ્યું છે, એવું લખ્યું છે. ઉપાદાન જડનું છે, આત્માનું નહિ. આત્મા નિમિત્ત બસ. નિમિત્ત એ તો છે એટલું. એમાં કોઈ એવી ચીજ નથી. આહા..હા..! ગંભીર તો કહીએ છીએ, ભગવાન! પહેલાથી કહ્યું છે, પાંચેય ગાથા સૂક્ષ્મ છે. જ્યાં સુધી ચાલે ત્યાં સુધી ચાલે. સમજાણું કાંઈ? તેથી '**પુદ્‌ગલપરિણામનો કર્તા છે અને પુદ્‌ગલપરિણામ તે વ્યાપક વડે સ્વયં વ્યાપતું હોવાથી...**' પાછા એ વિકારી પરિણામ સ્વયં પુદ્‌ગલનું વ્યાપ્ય થયું. એ જરી વ્યાખ્યા છે લાંબી...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા વદ-૧૧, મંગળવાર, તા. ૦૩-૧૦-૧૯૭૨
## ગાથા-૭૫, પ્રવચન-૧૮૧

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

આ સમયસાર, કર્તાકર્મ અધિકાર ચાલે છે. ૭૫ ગાથા. ૭૨, ૭૩ અને ૭૪માં એમ આવ્યું કે આ આત્મા શુદ્ધ નિર્મળ ઉજ્વળ પવિત્ર ધામ છે અને પુણ્ય-પાપના શુભાશુભભાવ તે અશુચિ છે. સમજાણું કાંઈ? શરીર અશુચિ છે એની તો વાત નથી, એ તો જડ છે, અજીવ છે. પોતામાં જે શુભ અને અશુભ રાગ, વ્યવહારરત્નત્રયનો રાગ (થાય) તો કહે છે કે એ અશુચિ છે. જળમાં શેવાળ જેમ મેલપણે અનુભવાય છે, શેવાળ—કાઈ, એમ ભગવાન આત્મામાં એ શુભ-અશુભભાવ મેલપણે અનુભવમાં આવે છે. આત્મા એનાથી ભિન્ન એકલો ચૈતન્ય સ્વરૂપ ઉજ્વળ નિર્મળાનંદ પ્રભુ છે. એવી અશુચિથી ભિન્ન પોતાના આત્માને જાણ્યો તેનું નામ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ?

અને પુણ્ય અને પાપના ભાવ, શુભ-અશુભભાવ વિપરીત છે. ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવી વસ્તુ સર્વજ્ઞ જ્ઞ નિર્મળ સ્વભાવી વસ્તુ છે એ અપેક્ષાએ શુભ-અશુભભાવ તો વિપરીત ભાવ છે, જડ છે. ભગવાન ચૈતન્યસ્વભાવ પૂર્ણાનંદ પૂર્ણ જ્ઞાનના સ્વભાવથી ભરેલો સમુદ્ર-દરિયો છે. એમ જેની દૃષ્ટિ વિપરીત ભાવથી ખસીને અવિપરીત ચૈતન્યસ્વભાવ ઉપર અનુભવમાં પડી તે આસ્રવથી નિવર્ત્યો. સમજાણું કાંઈ?

અને એ પુણ્ય અને પાપના ભાવ દુઃખનું કારણ છે. એ ૭૨માં આવ્યું. ભગવાન આનંદસ્વરૂપ છે. આત્મા, એ રાગ જે પુણ્ય શુભ-અશુભભાવ એનું આત્મા કારણ પણ નથી અને એ શુભભાવ આત્માની નિર્મળ પર્યાયનું કાર્ય નથી. દ્રવ્ય-ગુણ તો કાર્ય નથી એ તો ત્રિકાળી વસ્તુ છે પણ ત્રિકાળી દ્રવ્ય-ગુણ-પર્યાયનો જ્યાં આશ્રય લીધો અને શુભાશુભભાવને દુઃખરૂપ જાણીને ખસી ગયો તો એ દુઃખથી નિવર્ત્યો. પોતાના આનંદસ્વરૂપમાં આવ્યો તો આનંદસ્વરૂપ જે દ્રવ્ય અને ગુણમાં હતો એનો અનુભવ કર્યો તો પર્યાયમાં આનંદ આવ્યો. આહા..હા..! માર્ગ એવો છે, ભાઈ! એ સમ્યક્ આનંદ આવ્યો એ આનંદ વ્યવહાર વિકલ્પનું કારણ પણ નથી અને એ વિકલ્પનું તે આનંદ કાર્ય નથી.

એ ૭૨માં ત્રીજા બોલમાં આવ્યું. પછી ૭૩માં ૬ બોલ આવ્યા હતા. વૃક્ષમાં લાખ ઘાતક, વૃક્ષ વધ્ય-ઘાત થવા લાયક. એમ ભગવાન આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપે પૂર્ણ પ્રભુ એમાં પુણ્ય અને પાપ તો નિબદ્ધ છે, સંયોગે ચીજ આવી છે, એનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! અધ્રુવ શુભ-અશુભભાવ વધે છે, ઘટે છે. એવું તેનું લક્ષણ જાણી ભગવાન ધ્રુવ વધ-ઘટ વિનાની ચીજ ત્રિકાળ છે. એમ અંતરમાં દૃષ્ટિ કરીને આત્મજ્ઞાન થયું તો એ આત્મજ્ઞાની કેવો છે એની આ ૭૫માં વાત છે. સમજાણું કાંઈ? શુભ-અશુભભાવ અનુક્રમે ઉત્પન્ન થાય છે. એ કારણે ક્રમે ઉત્પન્ન થાય છે માટે અનિત્ય છે. ભગવાન અક્રમ એક સમયમાં પૂર્ણ આનંદ અને જ્ઞાનનો કંદ છે. એવી જ્યારે ક્રમની બુદ્ધિ છૂટીને અક્રમ એવા દ્રવ્ય-ગુણ સ્વભાવ ઉપર દૃષ્ટિ થઈ તો તેને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સ્વરૂપચારિત્રનું આચરણ પણ સાથે થયું અને અનંતગુણની પર્યાય જેટલા ગુણની સંખ્યા એટલા ગુણની સંખ્યાનો અંશ વર્તમાન વ્યક્ત પ્રગટરૂપે અનુભવમાં આવ્યો. એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહે છે. ભારે ઝીણી વાત, ભાઈ! સમજાણું કાંઈ?

અને અશરણ. શુભ-અશુભભાવ તો કર્મના નિમિત્તના સંગે ઉત્પન્ન થતાં નિમિત્ત જતા એ વિકાર પણ ચાલ્યો જાય છે માટે શરણ નથી. ભગવાન સ્વયંરક્ષિત આત્મા શરણ છે. એવું જ્યાં બે વચ્ચે ભેદજ્ઞાન થયું... આહા..હા..! તો આત્માનું સમ્યગ્જ્ઞાન, આત્મજ્ઞાન થયું, આત્મજ્ઞાન થયું. રાગનું જ્ઞાન અને ફલાણું જ્ઞાન એમ નહિ. સમજાણું કાંઈ?

અને પછી દુઃખ. દુઃખ છે. પુણ્ય-પાપ આકુળતાનું કારણ છે. એ પાંચમો બોલ છે.

અને દુઃખફળ. શુભ-અશુભભાવથી તો પુણ્ય-પાપ બંધાય છે અને પુણ્ય-પાપ બંધાવામાં શુભાશુભ પરિણામ હેતુ છે અને એ બંધન જે થયું એનાથી સંયોગ મળશે, એમાં લક્ષ જશે તો આકુળતા ઉત્પન્ન થશે. તો પુણ્ય-પાપના ભાવ બેય દુઃખરૂપ છે. આહા..હા..! એ કહે છેને કે ભાઈ, મનુષ્યપણું મળ્યું, પંચેન્દ્રિયપણું મળ્યું, આત્માને ધર્મ સમજવામાં સંજ્ઞીપણું મળ્યું. ભગવાન! મનુષ્યપણું, સંજ્ઞીપણું આદિ છે એ તો પરદ્રવ્ય છે. સંજ્ઞીપણાનો ક્ષયોપશમભાવ પણ પરદ્રવ્ય છે. એના ઉપર લક્ષ જવાથી તો રાગ જ ઉત્પન્ન થશે.

ઘણા એમ મૂકે ભાઈ! મનુષ્યપણું પામ્યા, અનંત કાળે નિગોદમાંથી નીકળીને (બહાર આવ્યો), મનુષ્યપણા વિના ધર્મ થાય છે? એય..! ભગવાન! સાંભળ તો ખરો પ્રભુ! મનુષ્યપણાનો અભાવ કરીને દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડે છે ત્યારે ધર્મ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો છઠ્ઠા બોલમાં આવ્યું કે શુભનું ફળ મનુષ્યપણું મળે, પર્યાપ્તપણું મળે, બાદરપણું મળે, ત્રસપણું મળે, ભગવાનની વાણી મળે અને ભગવાન મળે લ્યોને. આહા..હા..! ગજબ વાત છે પ્રભુ તારી! એ પરદ્રવ્ય અનુસારી વૃત્તિ તે આસ્રવ છે. એમ ભિન્ન પોતાનો આત્મા એનાથી ભિન્ન જાણીને આત્મજ્ઞાન થયું તો એ આત્મજ્ઞાનીનું લક્ષણ શું? એમ અહીંયાં પૂછ્યું છે. આહા..હા..!

તો કહે છે કે ખરેખર પર તરફની જેટલી વાસના પરના વલણ તરફ જાય છે તે બધા કર્મના પરિણામ છે. આહા..હા..! ગજબ વાત છે! મોહ, રાગ-દ્વેષ, સુખ-દુઃખ આદિ અંતરંગમાં ઉત્પન્ન થાય તે કર્મના પરિણામ. '**સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ, બંધ, સંસ્થાન, સ્થૂલતા, સૂક્ષ્મતા આદિરૂપે બહાર ઉત્પન્ન થતું જે નોકર્મનું પરિણામ, તે બધુંય પુદ્‌ગલપરિણામ છે.**' આહા..હા..! ત્રણ લોકનો નાથ જ્યાં આનંદસ્વરૂપે જાગૃત થયો એની અપેક્ષાએ તો રાગાદિ બધા પુદ્‌ગલપરિણામ કહેવામાં આવ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પરમાર્થે, જેમ ઘડાને અને માટીને જ વ્યાપ્યવ્યાપકભાવનો (વ્યાપ્યવ્યાપકપણાનો) સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે...**' આ તો વાત એવી છે કે જેને પોતાનું હિત કરવું હોય, દુઃખથી (છૂટવા) ઈચ્છતો હોય, ગમે તે સંયોગમાં હો તોપણ દુઃખી છે. પોતાના આનંદસ્વરૂપનો સ્પર્શ કર્યા વિના સમ્યગ્દર્શન વિના એ પ્રાણી દુઃખી છે. આહા..હા..! દુઃખની ભાઈ! એને ખબર નથી. સમજાણું કાંઈ? આમ પ્રસન્નતા બતાવે અનુકૂળતામાં, દુઃખી છે. સનેપાતનો રોગ થાય છેને? સનેપાત. વાત, પિત્ત અને કફ વકરી જાય ત્યારે દાંત કાઢે છે. સુખી છે? સનેપાત. વાત-પિત્ત-કફ જ્યારે વિશેષ વકરી જાય ત્યારે દાંત કાઢે. .. જોડેવાળો માણસ તો એમ કહે કે અરે..! .... આહા..હા..! એ દાંત કાઢતો હોય. સુખી છે? દુઃખમાં ઘેરાઈ ગયેલ છે. આહા..હા..! ઘેરાઈ ગયેલ સમજો છો? (ફસાઈ ગયો). આહા..હા..! એમ ભગવાન આત્મા પોતાના સ્વભાવની દૃષ્ટિનો અનુભવ સમ્યગ્દર્શન વિના જેટલું પર ઉપર એનું

લક્ષ જાય છે એ બધું આકુળતા અને દુઃખ છે. આહા..હા..!

તો કહે છે કે '**પરમાર્થે, જેમ ઘડાને અને માટીને જ વ્યાપ્યવ્યાપકભાવનો (વ્યાપ્યવ્યાપકપણાનો) સદ્‌ભાવ હોવાથી...**' ઘડો એ વ્યાપ્ય છે, કર્મ છે, કાર્ય છે, પર્યાય છે. માટી વ્યાપક છે, કર્તા છે, દ્રવ્ય છે. તેથી માટી કર્તા છે, વ્યાપક છે. સમજાણું કાંઈ? અને ઘડો કર્મ છે, પર્યાય છે, કાર્ય છે. '**તેમ પુદ્‌ગલપરિણામને...**' અર્થાત્ એ પુણ્ય અને પાપના ભાવને... આહા..હા..! '**અને પુદ્‌ગલને...**' કર્મ પુદ્‌ગલ છે એના તરફનો એ ભાવ છે. એ '**પુદ્‌ગલને જ વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી...**' એ પુદ્‌ગલપરિણામ વ્યાપ્ય છે, પર્યાય છે, કર્મ છે, કાર્ય છે, દશા છે. કર્મ છે તે વ્યાપક છે, દ્રવ્ય છે. સમજાણું કાંઈ? કર્તા છે. કર્તાપણું છે.

'**પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી...**' આહા..હા..! આત્માની નબળાઈ છે એટલી અપેક્ષા પણ એમાં નથી. આહા..હા..! જુઓ તો ખરા! એ કર્મ જે પરદ્રવ્ય છે, પરદ્રવ્યને અનુસાર થનારી વિકારી દશા શુભ વ્યવહારરત્નત્રય (એમાં) '**પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી પુદ્‌ગલપરિણામનો કર્તા છે...**' સ્વતંત્ર કર્તા હોય, સ્વતંત્રપણે કરે તે કર્તા. જેમાં પરની અપેક્ષા ન રહે તેનું નામ કર્તા. સમજાણું કાંઈ? ભાઈ! વીતરાગમાર્ગ સૂક્ષ્મ છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે કે જ્યારે દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ થઈ અને આત્મજ્ઞાન થયું તો એ પુદ્‌ગલ વિકારી ભાવ વ્યવહારરત્નત્રય પણ પુદ્‌ગલપરિણામ અને એ પરિણામમાં પુદ્‌ગલ સ્વતંત્ર વ્યાપક થઈને પુદ્‌ગલપરિણામનો કર્તા થાય છે. આહા..! સમજાણું કાંઈ? શાંતિથી સમજવાની ચીજ છે, ભગવાન! શું કરે? આહા..હા..! સંતોએ તો હૃદય ઠાલવી દીધા છે. ભાઈ! તારા કાળ આવ્યા છેને.

એ કથામાં છેને. ઋષભદેવ ભગવાનને નહિ એ? ભોગભૂમિ છેને. ઉપરથી મુનિ આવે છે મુનિ, ચારણ મુનિ. ભગવાનનો જીવ ... દેવકુમાર હતા, .. ભોગભૂમિમાં ઉપરથી મુનિ આવે છે. અરે! ભાઈ! સમકિત પામવાનો તારો કાળ આવ્યો છે એમ કહે છે. આહા..હા..! વાંચ્યું છે એમાં? એય..! શેઠ! વાંચ્યું છે કે નહિ? ખબર નથી. એ કથામાં આવે છે. ઋષભદેવ ભગવાન છેને? .. આહાર દીધો હતો, પછી ભોગભૂમિમાં અવતર્યા હતાને. ભોગભૂમિમાં ગયા હતાને, જુગલિયા. .... કથા આવે છે. ... આહા..હા..!

જ્યારે ભગવાનનો જીવ દસમે ભવે સિંહ હરણને થાપ મારીના ખાતા હતા. મુનિ ઉપરથી ઉતર્યા. ઓહો..! મનુષ્ય પણ મારી નજીક આવી શકે, દૂર રહે, આ ઉપરથી મારી પાસે આવ્યા! ચકિત થઈ ગયો. અને એને કહ્યું, અરે ભગવાન! તારો આત્મા તો દસમે ભવે તીર્થંકર થવાનો છે. ભગવાન પાસે અમે સાંભળ્યું છે. સમજાણું કાંઈ? ... આ શું .. મનુષ્ય શું જોતા હોય, એ સિંહ ક્યા જંગલનો હોય? આહા..હા..! ભગવાને અમને કહ્યું છે કે એ

સિંહ દસમે ભવે મહાવીર થશે. આંસુની ધારા. ત્યાં ને ત્યાં સમકિત પામ્યા અને સંથારો (લીધો). સંથારો સમજો છો? ... અંતરમાં ઉતરી ગયા ચૈતન્ય ભગવાન. સમાધિમરણ કરીને સ્વર્ગમાં ગયા. બસ! ત્યાં .. નહોતો. કાળ નહતો. ... પણ અહીંયાં તો શબ્દ એવો લીધો છે આદિપુરાણમાં. હે જીવો! તમારો સમકિત પામવાનો કાળ છે, કાળલબ્ધિ છે. આહા..હા..! બીજા મુનિ જાણી લે? બાપુ! એ વસ્તુ એવી છે. આહા..હા..! આત્માનું જ્ઞાન શું ન જાણે? સમજાણું કાંઈ? આહા..! કરો અંગીકાર. સમકિત અંગીકાર કરો એમ કહે છે. આહા..હા..! શેઠ! આ જુગલિયામાં. જુગલિયા સમજો છો? ભોગભૂમિ.

મુમુક્ષુ :- તમે પુણ્ય કરો, વ્યવહાર કરો એમ ન કહ્યું.

ઉત્તર :- એમ કાંઈ કહ્યું નથી. .. ભગવાન! શું કરે? બાપા! આહા..હા..!

ત્રણ લોકનો નાથ અનંતા સિદ્ધની પર્યાયને સંકેલીને પડ્યો છે અંદરમાં, પ્રભુ! તું પામર નથી, પર્યાય જેટલો નથી, રાગ તો નથી જ. આહા..હા..! એવું જ્યાં ભાન થયું તો કહે છે કે પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હવે તો. આહા..હા..! અજ્ઞાનપણે તો રાગનો કર્તા અજ્ઞાનપણે સ્વતંત્ર આત્મા હતો, કર્મની અપેક્ષા રાખ્યા વિના. સમજાણું કાંઈ? જેટલો મિથ્યાત્વ અને રાગ-દ્વેષ ભાવ હતો અજ્ઞાનપણે એ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ ભાવ કર્મની અપેક્ષા વિના સ્વતંત્ર પર્યાય કરતી હતી એ વિકારને. સ્વતંત્રપણે કર્તા થઈને કરતી હતી. આહા..હા..! હજી તો એટલું પણ કઠણ પડે છે લોકોને. કર્મ વિના વિકાર ન થાય. જેવા કર્મ આવે એવો વિકાર (કરવો પડે). અરરર.. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં તો કહે છે કે એક સમયની પર્યાયમાં વિકાર અનાદિનો અજ્ઞાનમાં હતો એનો કર્તા આત્મા અજ્ઞાની સ્વતંત્ર કર્તા થઈને વિકારી એનું કામ છે. દૃષ્ટિ ગુલાંટ ખાય છે. ગુલાંટ સમજ્યા? પલટો ખાય છે. આહા..હા..! અરે! હું તો આત્મા જ્ઞાનમય અને આનંદમય છું. એવું જ્યાં આત્મજ્ઞાન થયું, સમ્યગ્દર્શન ચોથે ગુણસ્થાને હોં! ત્યાં '**પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક...**' આહા..હા..! દૃષ્ટિ પલટી જાય છે. વિકારનો સ્વતંત્ર કર્તા જે અજ્ઞાનપણે હતો એ દૃષ્ટિ પલટી ગઈ. હું તો દ્રવ્ય શુદ્ધ ચૈતન્ય અખંડ આનંદ છું. એમાં હવે જે વિકાર છે એનો સ્વતંત્રપણે કર્તા પુદ્‌ગલ પ્રસરીને વિકાર થાય છે. પ્રસરીને સમજ્યા? ફેલાઈને.

મુમુક્ષુ :- વ્યાપક.

ઉત્તર :- વ્યાપક થઈને, ફેલાઈને. થોડી હિન્દી ભાષા અમારી બરાબર નથી. નહિતર .. હિન્દીમાં એમ ન આવે. આહા..હા..!

'**પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી પુદ્‌ગલપરિણામનો કર્તા છે...**' માટે તે પુદ્‌ગલ પુદ્‌ગલપરિણામનો કર્તા છે. આહા..હા..! હું તો શુદ્ધ આનંદઘન નિરાવરણ નિર્લેપ ચીજ મારી છે એવું જ્યાં આત્મજ્ઞાન થયું, તો કહે છે કે હવે પછી જે રાગાદિ છે, છે તો ખરાને?

ક્યાં વીતરાગ થઈ ગયો છે? આહા..હા..! ક્યાં ગયા શાંતિભાઈ? એ તો જજને લઈને યાદ આવ્યા. આ ... અમદાવાદ જજ, પછી છોડી દીધું. બીજા બ્રહ્મચારી છે. એનો પંદરસોનો પગાર હતો. એરોપ્લેનમાં. શું કહેવાય એ? .. પંદરસોનો પગાર હતો. બાળબ્રહ્મચારી છે. ... આ ક્યાં... એ ક્યાં અંદર ગરી ગઈ છે? આહા..હા..! ભગવાન રાગથી નિવૃત્ત છે તો પરની ચીજથી તો નિવૃત્તિ નાસ્તિરૂપ જ છે. આહા..હા..! ભગવાન! તારી દૃષ્ટિમાં આત્મા આવે છે તો આખી દિશા પલટી જાય છે.

કહે છે કે હવે '**પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી પુદ્‌ગલપરિણામનો...**' એ રાગનો, વ્યવહારત્નત્રયના વિકલ્પનો પુદ્‌ગલપરિણામ કર્તા છે. '**અને પુદ્‌ગલપરિણામ...**' એ વિકારી ભાવ '**તે વ્યાપક વડે...**' એ પુદ્‌ગલના પ્રસરવાથી વ્યાપક વડે '**સ્વયં વ્યાપતું હોવાથી...**' જુઓ, ભાષા ઓહો..હો..! એ વિકારી પરિણામ વ્યાપકનું કાર્ય સ્વયં વ્યાપ્ય થવાથી. સ્વયં વ્યાપક રાગ એ સમયનો. '**સ્વયં વ્યાપતું હોવાથી (વ્યાપ્યરૂપ થતું હોવાથી) કર્મ છે.**' એ વિકારી પરિણામ તે કર્મ છે, પુદ્‌ગલ એનો કર્તા છે. આહા..હા..! જુઓ, સંતો વીતરાગ માર્ગની પદ્ધતિ (બતાવે છે). સમજાણું કાંઈ? ચીજ જ એવી છે. ..., વસ્તુની સ્થિતિ એવી છે. કહે છે... કાલે ત્યાં સુધી આવ્યું હતું કે '**પુદ્‌ગલપરિણામ તે વ્યાપક વડે...**' તે વ્યાપક વડે. તે વ્યાપક વડે એટલે? કે પુદ્‌ગલદ્રવ્ય જે કર્મ છે '**તે વ્યાપક વડે સ્વયં વ્યાપતું હોવાથી...**' એ રાગનો ભાવ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ, પંચ મહાવ્રતનો ભાવ એ સ્વયં રાગ વ્યાપ્ત હોવાથી તે રાગ પુદ્‌ગલનું કર્મ નામ કાર્ય છે. આહા..હા..! અમરચંદભાઈ! આ ક્યાં ઢાંકપછેડીની વાત છે કે ખાનગી-ખાનગી રાખે. આ તો દાંડી પીટીને વાત છે. આહા..હા..! ભગવાન તારી બલિહારી છે, નાથ! તારી દૃષ્ટિ થતાં વિકારના કાર્યનું વ્યાપક કર્મ અને વ્યાપ્ય તેની અવસ્થા. તારી અવસ્થામાં તું એનો વ્યાપક નથી અને એ રાગ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ એ તારું વ્યાપ્ય કાર્ય નથી. આહા..હા..! જુઓ વીતરાગ માર્ગ!

મુમુક્ષુ :- વિકારનો કર્તા...

ઉત્તર :- નહિ.. નહિ.. બે એક જ છે. એ પુદ્‌ગલ અને પુદ્‌ગલના પરિણામ દ્રવ્ય- અને એની પર્યાય અને દ્રવ્ય બેય એક જ છે. ભાઈ! પ્રશ્ન કરે છે. એમ કે પુદ્‌ગલની પર્યાય વિકારી પર્યાય એ વિકારી પર્યાયની કર્તા એમ કહોને. પુદ્‌ગલ કેમ કહો છો? અહીંયાં એમ નથી લેવાનું. છે તો એમ. પણ અહીંયાં તો બે દ્રવ્ય ભિન્ન બતાવવા છે. સમ્યગ્જ્ઞાની છેને. આ ચૈતન્ય ભગવાન શુદ્ધ આનંદકંદ જ્ઞાતા-દૃષ્ટા તે હું. તો જેટલી હવે વિકારની પર્યાય રહી એ મારા દ્રવ્યનું વ્યાપક વિસ્તારનું કાર્ય નહિ. મારામાં ફેલાતું હોય તો એ રાગ વ્યાપ્ય અને પુદ્‌ગલ વ્યાપક એનું મારામાં જ્ઞાન થાય છે એ જ્ઞાનમાં હું પ્રસરું છું. માર્ગ ઝીણો છે, ભગવાન! આ તો અંતરનો માર્ગ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એ **'પુદ્‌ગલપરિણામ...'** જુઓ! **'તે વ્યાપક વડે સ્વયં વ્યાપતું હોવાથી કર્મ છે.'** આહા..હા..! જેમ છ દ્રવ્ય ભિન્ન છે એમ રાગ ભિન્ન છે એમ અહીં તો લેવું છે. આહા..હા..! સર્વજ્ઞ પરમાત્મા પૂર્ણ જ્યાં પર્યાય પ્રગટ થઈ ત્રણ કાળ, ત્રણ લોક એક સમયમાં જ્યાં જણાયા, એમના મુખે એવી વાણી આવી. ભગવાન! તારી ચીજનો પત્તો તેં રાગથી ભિન્ન લીધો તો હવે એ રાગ તારું વ્યાપ્ય અને તારું કાર્ય અને તારી પર્યાય એની અમે ના પાડીએ છીએ. નાથુલાલજી! તકરારનું કામ નથી, આ વાદવિવાદનો વિષય નથી. સમજાણું કાંઈ? આહા..હા..! **'વ્યાપક વડે સ્વયં વ્યાપતું...'** સ્વયં વ્યાપતું. એ વ્યાપકથી સ્વયં પર્યાય સ્વતંત્ર થઈને વ્યાપે છે એમ કહે છે. 'સ્વયં' શબ્દ વાપર્યો છે. આહા..હા..! એ વિકારનું પરિણામ સ્વયં વ્યાપ્ય, વ્યાપકનું સ્વયં વ્યાપ્ય. પુદ્‌ગલની સ્વયં પર્યાય. આહા..હા..!

**'તેથી પુદ્‌ગલદ્રવ્ય વડે...'** હવે પુદ્‌ગલદ્રવ્ય લઈ લીધું. પહેલા પુદ્‌ગલના પરિણામ કહ્યા હતા. **'પુદ્‌ગલદ્રવ્ય વડે કર્તા થઈને કર્મપણે કરવામાં આવતું જ...'** પુદ્‌ગલદ્રવ્ય વડે કર્તા થઈને, પરિણમન થઈને કર્મ નામ કાર્યરૂપે કરવામાં આવતું હોવાથી તે કર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ફરીથી લઈએ. આ તો ગંભીર વાત છે. આ કોઈ વાર્તા નથી વાર્તા. એય..! શેઠ! કદી દરકાર કરી નથી આ બીડી અને તમાકુ આડે. ધૂળમાંને ધૂળમાં એમ રહ્યા અને આમ કમાણા. એય..! શેઠ! આહા..હા..!

જેના સ્વભાવમાં જ્ઞાન અને દર્શનનો ઉપયોગ પોતાને-ત્રિકાળને જાણે એવો પોતાનો સ્વભાવ (છે). પોતાને જાણે હોં! ભગવાન આત્મા એનો જ્ઞાન-દર્શન જે ઉપયોગસ્વભાવ ત્રિકાળ હોં! પર્યાય નહિ, એ જાણન-દેખન જે સ્વભાવ ઉપયોગ ધ્રુવ... સમજાણું કાંઈ? એનાથી તો ત્રિકાળી દ્રવ્ય જણાય છે. એવી શક્તિ છે એની. નિયમસારમાં આવી ગયું છે, ૧૦મી ગાથામાં. એવો જ્યારે નિર્ણય થયો... આહા..હા..! નિર્ણય તો પર્યાય કરે છે. એય..! ચેતનજી! આહા..હા..! પર્યાયે નિર્ણય કર્યો. ઓહો..! **'उवओगे उवओगो'** ઉપયોગ જે ત્રિકાળી સ્વરૂપ એ જ દ્રવ્યસ્વભાવ એ પોતાના દ્રવ્યને ત્રણ કાળ, ત્રણ લોક પોતાના સ્વભાવને જ જ્ઞાન-દર્શન જાણે છે. એવા સ્વભાવનો જ્યાં નિર્ણય થયો તો પર્યાયમાં પણ એવો નિર્ણય થયો કે પોતાની એક સમયની પર્યાય ત્રણ કાળ, ત્રણ લોકને જાણે છે. કોઈ કરતી-ફરતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તેથી પુદ્‌ગલદ્રવ્ય વડે...'** વડે. **'કર્તા થઈને...'** **'પુદ્‌ગલદ્રવ્ય વડે...'** પરિણમન થઈને. કર્મ નામ કાર્યરૂપે, પર્યાયરૂપે, વ્યાપ્યરૂપે કરવામાં આવતું **'જે સમસ્ત કર્મનોકર્મરૂપ પુદ્‌ગલપરિણામ...'** પહેલા આવ્યું હતુંને? કર્મ-નોકર્મ પુદ્‌ગલપરિણામ **'તેને જે આત્મા,...'** તેને જે આત્મા **'પુદ્‌ગલપરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...'** આ દાખલો બીજી વાર આવ્યો જુઓ! આત્મા

અને પુદ્‌ગલપરિણામ. સમજાણું કાંઈ? પુદ્‌ગલપરિણામ કોણ? વિકારી પરિણામ. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ શુભરાગ. આહા..હા..! **'પુદ્‌ગલપરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ...'** ઘટ અને કુંભારની પેઠે **'વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...'** કુંભાર વ્યાપક છે અને ઘડો વ્યાપ્ય છે એમ નથી. આહા..હા..! **'પુદ્‌ગલપરિણામને અને આત્માને...'** પુદ્‌ગલપરિણામ શબ્દે વ્યવહારરત્નત્રયનો વિકલ્પ, વ્રતાદિ, ભક્તિ આદિ વ્યવહાર સમ્યગ્દર્શનનો રાગાદિ, વ્યવહાર સમ્યગ્જ્ઞાનાદિ એ બધા પુદ્‌ગલપરિણામને... સમજાણું કાંઈ? અને આત્માને. એ **'પુદ્‌ગલપરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ...'** ઘટ-ઘડો અને કુંભારની જેમ. ઘટ વ્યાપ્ય અને કુંભાર વ્યાપક (એનો) અભાવ છે. સમજાણું કાંઈ? માટી વ્યાપક, ઘટ વ્યાપ્ય. સમજાણું કાંઈ? આહા..હા..! (પણ) કુંભાર વ્યાપક અને માટીનો ઘડો વ્યાપ્ય એમ છે નહિ. એમ ભગવાન આત્મા, આત્મા વ્યાપક અને પુણ્ય-પાપના ભાવ વ્યાપ્ય એવો સંબંધ છે નહિ. આહા..હા..! અરે! સંતો તો બહુ વારસો મૂકી ગયા છે હોં! ઓહો..હો..! વારસાના ધણી થવું. કેટલી વાત મૂકી છે! જંગલમાં રહેનારા મુનિ (કહે છે), જે વિકલ્પ છે એ પુદ્‌ગલના પરિણામ, આ લક્ષ્મીનો વિકલ્પ તે પુદ્‌ગલપરિણામ એ પુદ્‌ગલ પરિણામ વ્યાપ્ય અને આત્મા વ્યાપક. ઘટ વ્યાપ્ય અને કુંભાર વ્યાપક, એમ બે વચ્ચે વ્યાપ્ય-વ્યાપકનો અભાવ છે. એમ ભગવાન આત્મા વ્યાપક અને વ્યવહારરત્નત્રયના પરિણામ વ્યાપ્ય, એમ બે વચ્ચે અભાવ છે. આહા..હા..!

હવે ઘણે ઠેકાણે આવે કે વ્યવહાર સાધન છે, નિયતનો હેતુ છે. પંચાસ્તિકાયમાં આવે છે ૧૭૨ ગાથામાં. ઘણું આવે બાપુ! એ તો તે સમયે એને રાગની મંદતા ક્યા પ્રકારની હોય છે એ જ્ઞાન કરાવવા માટે કહ્યું છે. બીજું હોય તો પૂર્વાપર વિરોધ થઈ જાય. સમજાણું કાંઈ? વીતરાગ સંતોની વાણીમાં ત્રણ કાળમાં પૂર્વાપર વિરોધ હોય નહિ. અહીંયાં તો આ કહ્યું. એય..! પંડિતજી! આ પંડિત છે. જયપુરના સંસ્કૃતના પ્રોફેસર છે. સંસ્કૃતના પ્રોફેસર છે એમ કહ્યુંને પંડિતજી! સંસ્કારના પ્રોફેસર નહિ. સંસ્કાર જ આ છે. બીજી ચીજ શું છે? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ જ જીવના સંસ્કાર છે. આહા..હા..! પર્યાય છેને એ? આહા..હા..! એ સંસ્કારનો સ્વામી અને પોતાના દ્રવ્ય-ગુણનો સ્વામી એ સમકિતી જ્ઞાની છે. ધર્મી, એ વ્યવહારરત્નત્રય મારો અને એના એ સ્વામી નથી. આહા..હા..! અરેરે! આ .. એય..! બાબુભાઈ! કહો, સમજાય છે કે નહિ આ? આવી વાત છે. તમને કહું છું. ઝવેરી! આહા..!

જુઓ, શબ્દ છે કે નહિ? ટીકામાં છે કે નહિ? ચોપડામાં મેળવવું પડે કે નહિ? લેવા-દેવાનો ચોપડો હોય, નામામાં આટલા પૈસા છે, પાંચ હજાર પાંચસો પાત્રીસ અને તમે કહો છો કે ચાર હજાર. એમ કેમ થયું? મેળવો. ત્યાં મેળવે. અહીંયાં તારી શ્રદ્ધામાં અને શાસ્ત્રમાં જે કહે છે એને તું મેળવે છે? મેળવ તો ખરો. સમજાણું કાંઈ? અરે! એકવાર શાંતિથી

આઠ દિવસ સાંભળે તો ખબર પડે કે માર્ગ કોઈ બીજો છે. સમજાણું કાંઈ? એ ભગવાન ચૈતન્યનું આત્મજ્ઞાન કોઈ બીજી ચીજ છે. કહે છે, ...

શું કહે છે? '**કર્મનોકર્મરૂપ પુદ્‌ગલપરિણામ તેને જે આત્મા, પુદ્‌ગલપરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ...**' પેઠે કહે છેને? જેમ. એની જેમ અમારે ગુજરાતીમાં. '**વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી,...**' કર્તાકર્મની અસિદ્ધિ કેમ છે? કે ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકના અભાવને કારણે. આહા..હા..! સમજાણું કાંઈ? '**કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી,...**' આત્મા કર્તા અને વ્યવહારરત્નત્રય એનું કર્મ નામ કાર્ય એમ છે નહિ, ભાઈ! આહા..હા..! કહો, જેઠાલાલભાઈ! શ્વેતાંબર છેને. સાંભળ્યું હોય નહિ ત્યાં તો. કલેક્ટર હતા. આહા..હા..!

ભગવાન તારું જ્યારે જ્ઞાન થયું ત્યારે તો જ્ઞાન તારું કર્મ અને આત્મા કર્તા, ભેદથી કહો તો, પણ આત્મા કર્તા અને પુદ્‌ગલપરિણામ વ્યવહારરત્નત્રય કાર્ય. ઘટ અને કુંભારમાં જેમ વ્યાપ્યવ્યાપકના અભાવને લીધે કુંભાર કર્તા અને ઘડો કાર્ય, એમ આત્મા કર્તા અને વ્યવહારરત્નત્રય પરિણામ તેનું કાર્ય તેનો અભાવ છે. સમજાણું કાંઈ? કહો, વજુભાઈ! આ વજુભાઈ ... કમર દુઃખે છેને કમર દુઃખે છે.

મુમુક્ષુ :- જરાક ઉભા કરી દ્યો.

ઉત્તર :- ઉભા શું કરે? ભાઈને હમણા નહોતું કીધું, જેઠાલાલભાઈને. એ શરીરની પર્યાય છે. એ પર્યાય કાર્ય અને પરમાણુ પુદ્‌ગલ એનો વ્યાપક કર્તા છે. અહીં તો હજી વિકારનો કર્તાકર્મ નહિ. આ તો વાત ક્યાંય રહી ગઈ કે શરીરની પર્યાય હું ચલાવું. શાસ્ત્રમાં એમ આવે લ્યો! કે મુનિઓએ ઈર્યા શોધીને આમ ચાલવું કે જે કોઈ જંતુ દેખાય તો પગ ઊંચો કરવો. લ્યો! ચરણાનુયોગમાં એમ આવે. અહીંયાં ઈ ના પાડે છે. આહા..હા..! એ તો શું થાય છે એમ જણાવ્યું. પગ ઊંચો રાખવો કે મૂકવો એ પોતાની પર્યાય જ નથી. આહા..હા..! ઈર્યા સમીતીમાં એમ ચાલે. ચરણાનુયોગની કથન પદ્ધતિ વ્યવહારનયથી એવી હોય. વસ્તુસ્થિતિ તો આ છે. આમ પગ ઊંચો કરું તો જીવ બચી જાય. ભાઈ! એમ નથી.

અહીં તો જ્યાં બચાવવાનો રાગ થાય છે, નહિ મારવાનો, પંચ મહાવ્રતનો રાગ એ રાગનું વ્યાપ્યપણું અને આત્મા વ્યાપકપણું. એમ (નથી). '**વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની...**' આત્મા કર્તા અને રાગ કર્મ એમ નથી. સમજાણું કાંઈ? '**પરમાર્થે કરતો નથી,...**' '**અસિદ્ધિ હોવાથી,...**' બે બોલ કહ્યા. એક, ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે, જેમ ઘડો કર્મ અને કુંભાર કર્તા એની અસિદ્ધિ છે, તેમ ભગવાન આત્મા કર્તા અને વ્યવહારરત્નત્રયના પરિણામ એનું કાર્ય એની અસિદ્ધિ છે. હવે અહીં તો રાડું નાખીને એવી પ્રરૂપણા કરે... નવનીતભાઈ! વ્યવહાર કરો... વ્યવહાર કરો...

વ્યવહાર કરો... આહા..હા..! ભાઈ! તારું આત્મજ્ઞાન થયું એ જ્ઞાન જ તારી પર્યાય અને એ વ્યવહાર છે. સદ્ભૂત વ્યવહાર છે. એ રાગનું કર્તાપણું નહિ, પણ અહીં રાગનું જ્ઞાન થયું પોતાથી, રાગ છે તો જ્ઞાન થયું એમ પણ નહિ. આહા..હા..! પણ એ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે તો એનું અહીંયા જ્ઞાન થયું એમ પણ નથી. પોતામાં સ્વપરપ્રકાશક જ્ઞાનની પર્યાયમાં રાગ જાણવામાં વ્યવહાર જણાય છે. સમજાણું કાંઈ? '**અસિદ્ધિ હોવાથી, પરમાર્થે કરતો નથી,...**' એમ. સમજ્યાને? કર્તાકર્મપણાની સિદ્ધિ થતી નથી તેથી પરમાર્થે કરતો નથી. છે શું હવે?

'**પરંતુ (માત્ર) પુદ્ગલપરિણામના જ્ઞાનને (આત્માના)...**' આહા..હા..! ત્યાં વ્યવહારની ભાષા કરી. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ જે છે એનું જ્ઞાન. જ્ઞાન તો પોતાનું છે, પણ અહીંયાં નિમિત્તથી સમજાવે છે. વિષય એ છે. આહા..હા..! '**પરંતુ (માત્ર) પુદ્ગલપરિણામના જ્ઞાનને (આત્માના)...**' એ વ્યવહારરત્નત્રયના પરિણામ જે પુદ્ગલના છે તેના જ્ઞાનને '**(આત્માના) કર્મપણે કરતા એવા...**' આહા..હા..! સમજાણું કાંઈ? પોતાને જ્યાં આત્મજ્ઞાન થયું તો રાગાદિ વ્યવહાર છે એનું જ્ઞાન પણ એ સમયે એવું જ થાય છે. આહા..હા..! નાથુલાલજી! સંપ્રદાયની દૃષ્ટિવાળાને આકરું લાગે હોં! સંપ્રદાયમાં હો..હા.. કરી મૂક્યું હોયને બધું.

મુમુક્ષુ :- ધર્મની દૃષ્ટિવાળાને?

ઉત્તર :- એને તો મીઠા અમૃત જેવું છે. વસ્તુસ્થિતિ જ એવી છેને ભાઈ! આ વ્રત કર્યા, આમ તપ કર્યું, પણ દૃષ્ટિ છે કે નહિ સમ્યગ્દર્શન? અને વ્રત અને તપનો વિકલ્પ પણ સમ્યગ્દૃષ્ટિને જ્ઞાતાપણે જણાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવી ચીજ જે ત્રિકાળી સત્ સ્વરૂપ પ્રભુ એની ખબર નથી અને પાછળ આ લગાવે. લગાવો બાપા! એનાથી કાંઈ વસ્તુ નહિ ફરે. સમજાણું કાંઈ?

કહે છે, '**પુદ્ગલપરિણામના જ્ઞાનને (આત્માના)...**' એ વ્યવહારરત્નત્રયનો જે રાગ એ પુદ્ગલપરિણામ તેના જ્ઞાનને. એનું જ્ઞાન તો અહીં સમજાવું છે. જ્ઞાન તો પોતાનું છે. પોતાનું-સ્વજ્ઞાન થયું તો રાગાદિનું પોતાના અસ્તિત્વમાં રાગનું જ્ઞાન પોતાથી થાય છે. ભારે વાતું ભાઈ! એલ.એલ.બી. વકીલ થાય છેને? આ ચાંદમલજીના દીકરા ગયા કે છે? છે. એ વકીલ થવાના છે. પણ આ વકીલમાં આવું ન આવે ન્યાં ક્યાંય. એય..! શરદ! આ તો ભગવાનના ઘરની વકીલાત છે. આહા..હા..! સત્ય વકીલાત.

સચ્ચિદાનંદ પ્રભુ... એ લોકો પણ આવી ભાષા તો કરે છે, પણ સચ્ચિદાનંદ એટલે શું? સત્ શાશ્વત, ચિદ્ જ્ઞાન અને આનંદથી પરિપૂર્ણ સ્વભાવથી ભરેલો પ્રભુ એવો આત્મા એની અંતર સન્મુખ થઈને એનું જ્ઞાન જ્યારે થયું તો રાગથી વિમુખ થયો, તો રાગ એનું વ્યાપ્ય અને આત્મા કર્તા વ્યાપક એમ છે નહિ. ૭૫ ગાથા. એક-એક પદ અને એક-એક

શબ્દમાં કેટલું ભરેલું છે! મિથ્યાત્વ જેવો દોષ નથી, સમ્યગ્દર્શન જેવો ગુણ નથી. એ પહેલી (વાત). પછી ચારિત્ર તો બીજી વાત છે. પહેલી ભૂમિકા આ છે. આવે છેને સમયસારનાટકમાં.

કહે છે કે એ '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**' જ્ઞાન પુદ્‌ગલપરિણામનું નથી. આમ કહેવાયને કે લોકાલોકનું જ્ઞાન કેવળજ્ઞાન. તો કાંઈ લોકાલોકનું જ્ઞાન છે કેવળજ્ઞાન? જ્ઞાન તો જ્ઞાનનું છે. પણ અહીંયાં વ્યવહારથી સમજાવવું છે તો એમ કહે છે કે '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને (આત્માના) કર્મપણે કરતા એવા...**' પોતાનું આત્મજ્ઞાન થયું સમ્યગ્દર્શન. તો હવે તેનું કર્મ-કાર્ય શું રહ્યું? એ વ્યવહારરત્નત્રયનું જ્ઞાન કર્યું એ જ્ઞાન પોતાનું કાર્ય છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ફરીથી. પરંતુ... જ્યારે કર્તાકર્મ નથી ત્યારે કર્તા કોનો છે? હવે એમ કહેવું છેને? કાંઈક કરે તો છે કે નહિ? તે પુદ્‌ગલપરિણામના જ્ઞાનને કરે છે. આહા..હા..! અજ્ઞાનપણે જે રાગનો કર્તા હતો એ દૃષ્ટિ ગુલાંટ ખાઈ ગઈ. ગુલાંટ સમજ્યા? પલટો ખાઈ ગઈ. આહા..હા..!

એ પુદ્‌ગલપરિણામ જે રાગ એનું અહીં જ્ઞાન થયું, એ રાગ છે તો થયું એમ નથી અને રાગનું એ જ્ઞાન નથી, જ્ઞાન તો પોતાનું છે. પણ પોતાના જ્ઞાનમાં સ્વદ્રવ્યનું જ્ઞાન થયું એમ રાગનું જ્ઞાન એવી સ્વપરપ્રકાશક પર્યાય પોતાની પોતામાં ઉત્પન્ન થઈ છે. રાગથી ઉત્પન્ન થઈ છે એમ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સમયસાર એટલે ભરતક્ષેત્રના ભગવાન છે! અદ્વૈત ચક્ષુ લખ્યું છેને પાછળ? અદ્વૈત ચક્ષુ એમ છે અર્થમાં. ઓહો..હો..!

કહે છે, જ્યારે ઘડો અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકનો અભાવ હોવાથી કર્તકર્મનો ઘટ અને કુંભારની વચ્ચે અભાવ છે, તેમ ભગવાન આત્મામાં રાગના પરિણામ આત્મા કર્તા અને એ વ્યાપ્ય કર્મ એનો અભાવ છે. તો છે શું હવે? એ તો અભાવની વાત કરી. આહા..હા..! '**પરંતુ (માત્ર) પુદ્‌ગલપરિણામ...**' માત્ર કેમ કહ્યું? કે એ જ્ઞાનને જ જાણે છે. રાગનું જ્ઞાન થયું કે રાગ છે. દયા, દાનનો વિકલ્પ ઉઠ્યો એ રાગ છે. એવું જ્ઞાન પોતાના અસ્તિત્વમાં પોતાના અવલંબને જે થયું એ પુદ્‌ગલનું જ્ઞાન છે અથવા રાગનું જ્ઞાન છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ કર્તાકર્મની પાંચ ગાથા તો આખી કાતળી છે. કાતળી સમજો છો? શેરડી હોય છેને શેરડી. ગન્ના નહિ? વચલી કાતળી. ગાંઠ નહિ. એક બાજુ .. અને એક બાજુ પાતળો પડછો હોય છે. નીચે કાતળી હોય છેને. ગાંઠ નહિ. વચલી કાતળીમાં રસકંદ ભરેલો છે.

મુમુક્ષુ :- જેમાં પૂરેપૂરો રસ છે એ.

ઉત્તર :- હા એ. આહા..હા..! મોક્ષમાર્ગપ્રકાશકમાં એમ લીધું છે. કહો, સમજાણું કાંઈ?

'**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**' ઓહો..હો..! શું કરે? પુદ્‌ગલપરિણામનું જ્ઞાન છે? લોકાલોકનું કેવળજ્ઞાન છે? પણ સમજાવવું કેમ? જ્યારે આત્મા પુદ્‌ગલપરિણામમાં વ્યાપ્યવ્યાપક

થઈને કર્તાકર્મની અસિદ્ધિ છે પણ એ વ્યવહાર વિકલ્પ છે એનો પોતામાં, તે સમયે જે સમયે જે પ્રકારનો રાગ ઉત્પન્ન થયો એ જ સમયે રાગની અપેક્ષા રાખ્યા વિના પોતામાં એ રાગનું જ્ઞાન થયું. એક શબ્દ ફરે તો આખું તત્ત્વ ફરી જાય હોં એવી ચીજ છે. આહા..હા..! '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને (આત્માના) કર્મપણે કરતા એવા...**' બસ! વ્યવહારનું જ્ઞાન કરે છે. ૧૧-૧૨ ગાથા આવી. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. બસ! એ બધી જગ્યાએ સિદ્ધ કરે છે. '**परिज्ञायमानस्तदात्वे प्रयोजनवान्**' કોઈ વ્યવહાર આદરણીય છે એમ છે નહિ. અમરચંદભાઈ! ૧૨મી ગાથામાં આવ્યું છે. એ વાત પણ વસ્તુ જે હોય તે લેને. વસ્તુની જે સ્થિતિ છે એ લે. આહા..હા..! .. શું કહે છે? વસ્તુની સ્થિતિ લ્યે એટલે તમારી ભાષામાં શું કહે?

'**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**' અર્થાત્ વ્યવહારરત્નત્રયનો જે વિકલ્પ આહા..હા..! તેનું જ્ઞાન કર્યું પોતામાં. એવા '**જ્ઞાનને (આત્માના) કર્મપણે કરતા એવા...**' એ આત્માના કાર્યરૂપે, વ્યાપ્યરૂપે '**પોતાના આત્માને જાણે છે,...**' ભાષા જુઓ! '**પોતાના આત્માને જાણે છે,...**' આહા..હા..!

મુમુક્ષુ :- પહેલા પુદ્‌ગલપરિણામને...

ઉત્તર :- નહિ, એ તો નિમિત્તથી કથન છે. આહા..હા..! રાગાદિ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ એનું જે પોતામાં પોતાથી જ્ઞાન થયું તે આત્મા '**પોતાના આત્માને જાણે છે,...**' વ્યવહારને જાણે છે એ છોડી દીધું. આહા..હા..! ભાષા સમજાય છે? થોડી-થોડી ભાષા આવે છે, અમને હિન્દી નથી આવડતું. ગુજરાતી ચાલતું હોય ત્યારે... કૈલાસચંદજીએ એકવાર લખ્યું હતું કે જો આપણે ત્યાં જાવું હોય તો ગુજરાતી ભાષા થોડી શીખવી પડશે. કારણ કે ભાષામાં જે આવે ધારાવાહી... અને આ હિન્દીમાં શબ્દો ગોતવા પડે. એટલું લખ્યું હતું. ભાષા બરાબર હિન્દી ન આવડે. અમારી ગુજરાતી ભાષા જે બંધબેસતી છે એવી હિન્દી નથી, વિચારવું પડે. આહા..હા..!

કહે છે કે '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને (આત્માના) કર્મપણે કરતા એવા...**' કરતા એવા '**પોતાના આત્માને જાણે છે,...**' એ તો જ્ઞાનની પર્યાય પુદ્‌ગલ રાગનું પરિણામ, રાગનું જ્ઞાન તે રાગનું જ્ઞાન નથી, એ તો પોતાનું જ્ઞાન છે તેને ધર્મી જાણે છે. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ પોતાના જ્ઞાન પરિણામને જાણે છે. કહો, ચેતનજી! આ તો બધી પર્યાય આવી. પર્યાય કાર્ય છેને.

'**તે આત્મા (કર્મનોકર્મથી) અત્યંત ભિન્ન...**' આહા..હા..! એ વિકારી પરિણામ અને પુદ્‌ગલ તેનાથી અત્યંત ભિન્ન '**જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની છે.**' લ્યો આ પ્રશ્ન હતો તેનો ઉત્તર આપ્યો. એ તો '**જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની છે.**' રાગરૂપ થયો થકો જ્ઞાની

છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**આત્મા (કર્મનોકર્મથી)**...' આવ્યુંને પહેલા કર્મનોકર્મ? '**અત્યંત ભિન્ન**...' જ્ઞાનસ્વરૂપ ભગવાન તો સર્વજ્ઞસ્વરૂપી પ્રભુ છે. એ તો જ્ઞસ્વભાવી છે. જ્ઞ સ્વભાવ વસ્તુ છે. જ્ઞસ્વભાવી પોતાનો આત્મા જ્ઞાનસ્વરૂપી પર્યાયમાં થયો થકો જ્ઞાની છે. તેને સમ્યગ્દૃષ્ટિ અને જ્ઞાની કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કઠણ બહુ પડે છે.

ઉત્તર :- કઠણ નથી. વસ્તુની સ્થિતિ એવી છે એમાં શું કરવું? કહો, શેઠ! એ શેઠ આવ્યા હતાને પહેલા અહીંયાં. હુકમીચંદ. તો ૧૭ લાખનો હાર પહેર્યો હતો. નિલમણિનો પથરો. ૧૭ સમજ્યાને? ૧૭. તો હવે તો ઘણી કિંમત થઈ ગઈ એમ કહેતા હતા. ઓલા આપણા છેને ભાઈ કેવા? નાનાલાલ. ... ૨૦૦૫ની સાલમાં આવ્યા હતા. .. તો કહ્યું આ લીલા પથરા, ૧૭ લાખ. એ લીંબડેથી મળે છે? લીંબોળી. લીંબોળી હોય છેને. એ પણ લીલી છે. આહા..હા..! મૂર્ખ છે કોઈ. આહા..! ૧૭ લાખ લીંબોળી... માર્ગ તો આવો છે, ભગવાન! એની કિંમત કરવી પડશે. એટલા પ્રમાણમાં કિંમત કરવી પડશે તો ભાન થશે. હવે એ જ્ઞાન પોતાનું કાર્ય કેમ છે એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા વદ-૧૩, ગુરુવાર, તા. ૦૫-૧૦-૧૯૭૨
## ગાથા-૭૫, પ્રવચન-૧૮૨

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

કર્તાકર્મ અધિકાર, ૭૫ ગાથા. અહીં આવ્યું છે. '**પુદ્ગલપરિણામના જ્ઞાનને (આત્માના) કર્મપણે કરતા એવા પોતાના આત્માને જાણે છે, તે આત્મા (કર્મનોકર્મથી) અત્યંત ભિન્ન જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની છે.**' છેને? શું કહ્યું? સૂક્ષ્મ વાત છે, ભાઈ! કહે છે કે '**પુદ્ગલપરિણામના જ્ઞાનને**...' એ પુણ્ય દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ જે થાય છે, મુનિને સરાગ સંયમ હોય છે એ બધા પુદ્ગલપરિણામ છે. આહા..હા..! શેઠ! આવ્યું? '**પુદ્ગલપરિણામના જ્ઞાનને**...' એનો અર્થ ચાલે છે પહેલા. પુદ્ગલપરિણામ એટલે ભગવાન

આત્મા જ્ઞાનાનંદ સ્વભાવથી વિપરીત પરિણામ જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ એ હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ બધાને અહીંયાં પુદ્ગલના પરિણામ કહેવામાં આવે છે. કેમકે એક સમયનો વિકાર છે, ત્રિકાળ ત્રિકાળ શુદ્ધ આનંદકંદ પ્રભુ એમાં ઈ છે નહિ.

મુમુક્ષુ :- શાસ્ત્રનું વાંચન?

ઉત્તર :- શાસ્ત્રનું વાંચન, શાસ્ત્રનો ઉપદેશ કરવો એ બધા પુદ્ગલ પરિણામ વિકલ્પ છે. શેઠ! ધન્યકુમારજી! વાત તો આવી છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તમારા જેવા શેઠ હવે કેમ ગભરાય? આહા..હા..! આત્મા અનંત આનંદનો કંદ પ્રભુ આહા..હા..! એની સામે એને સમજવાની ચીજ તો કાંઈ ગણતરીમાં નથી. સમજાણું કાંઈ? જે એક સમયમાં કેવળજ્ઞાન લેવાની તાકાત રાખે છે એવો ભગવાન આત્મા. આ તો જૈનદર્શનના કર્તાકર્મનો ધર્મનો મર્મ છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**પુદ્ગલપરિણામના...**' એટલે ભગવાન જ્ઞાનાનંદ સ્વભાવથી વિપરીત જેટલા વિકલ્પ ઉઠે છે, ચાહે તો તીર્થંકરગોત્રના બંધનું કારણ ષોડશકારણ ભાવ હોય તે પુદ્ગલપરિણામ છે. આહા..હા..! તેના જ્ઞાનને. એનું જ્ઞાન એટલે જાણવાની પર્યાય. આત્મા જાણવાની પર્યાય કરે છે બસ. આહા..હા..! જ્ઞાનીનું લક્ષણ પૂછ્યું છેને? આત્મા જ્ઞાનસ્વરૂપ જ્ઞાની થયો એમ કેમ ઓળખાય? સમજાણું કાંઈ? કહો, અમરચંદભાઈ! આહા..! '**પુદ્ગલપરિણામના જ્ઞાનને...**' આહા..હા..! ગજબ વાત છે! '**(આત્માના) કર્મપણે કરતા એવા...**' આત્મા પોતાનું જ્ઞાન જાણવું એ પોતાનું કાર્ય છે. એ વ્યવહાર પરિણામ જે પુદ્ગલના છે તેને જાણવું એ પોતાનું કાર્ય છે. સમજાણું કાંઈ? વસ્તુની સ્થિતિ જ એવી છે. વસ્તુની મર્યાદામાં રાગના પરિણામ પોતાની મર્યાદામાં આવતા જ નથી. આહા..હા..! એ રાગના પરિણામ ચાહે તો સર્વાર્થસિદ્ધના આયુષ્યનો બંધ જે ભાવે પડે, જે ભાવે સરાગસંયમ હો, જે ભાવે ષોડશકારણ ભાવના હો, પણ એ બધો વિકલ્પ છે, રાગ છે.

મુમુક્ષુ :- તીર્થંકર નામકર્મ બંધાય તો ઘણો લાભ થાય.

ઉત્તર :- ધૂળમાંય લાભ નથી, શું લાભ છે?

મુમુક્ષુ :- તીર્થંકર થાય અને દુનિયા આખી દેખે.

ઉત્તર :- દુનિયા દેખે એમાં શું થયું? જે ભાવ આવ્યો તો તીર્થંકર બંધ પડ્યો તો બે ભવ થઈ ગયા. એક તો આ ભવે મોક્ષ નહિ જાય અને અહીંથી સ્વર્ગમાં જશે અને ત્યાંથી મનુષ્ય થશે. બે ભવ થઈ ગયા. આહા..હા..!

મુમુક્ષુ :- તો પછી તીર્થંકરની સ્તુતિ કરવી શું કરવા?

ઉત્તર :- તીર્થંકરની સ્તુતિ ક્યાં છે? પ્રકૃતિના ફળની સ્તુતિ છે? એના વીતરાગભાવ

અને કેવળજ્ઞાનની સ્તુતિ છે. સમજાણું કાંઈ? સમવસરણ બને એની સ્તુતિ છે?

મુમુક્ષુ :- વખાણ તો બહુ કરે છે.

ઉત્તર :- એ વખાણ તો સ્વરૂપ બતાવવા... મુનિ, કહ્યું હતુંને એકવાર દૃષ્ટાંત. પાંડવો અહીંયાં મોક્ષ ગયાને. શેઠ! જોયું તમે? પાલિતાણા. ત્રણ મોક્ષે ગયા અને બે સર્વાર્થસિદ્ધમાં ગયા. જુઓ શું છે? આહા..હા..! પાંચેય સહોદર, પાંચેય સાધર્મી. સહોદર અને સાધર્મી અને ત્રણ મોટા ભાઈ. ધર્મરાજા, ભીમ અને અર્જુન. સહદેવ, નકુલને વિકલ્પ આવ્યો કે અહો..! ભાઈને કેમ હશે? દુર્યોધને લોઢાના દાગીના પહેરાવ્યાને. ફક્ત સાધર્મીના પ્રેમથી એવો વિકલ્પ આવ્યો. બે ભવ વધી ગયા. ત્રણ તો મોક્ષે ગયા.

મુમુક્ષુ :- પોતાનો નહિ અને ભાઈનો આવ્યો.

ઉત્તર :- ભાઈ પણ સાધર્મી. સહોદર એટલે એક ઉદરથી ઉત્પન્ન થયા અને અહીંયાં સાધર્મી. આહા..હા..! ભાઈ! વીતરાગભાવ છે આ તો. એને એટલો વિકલ્પ આવ્યો કે આ કેમ હશે? મોટા ભાઈને, મુનિને કેમ હશે? વૃદ્ધ છે, શરીર કોમળ છે. અમે તો નાના જુવાન છીએ. એવો વિકલ્પ જરી આવ્યો તો સર્વાર્થસિદ્ધનું આયુષ્ય બંધાઈ ગયું. સર્વાર્થસિદ્ધનો અને પછી એક એમ બે ભવ કરશે. આહા..! ૩૩ સાગર.

મુમુક્ષુ :- આટલા વિકલ્પમાં ૩૩ સાગર એટલું બધું?

ઉત્તર :- થોડી વાર આવ્યો.

મુમુક્ષુ :- આટલો મોટો દંડ!

ઉત્તર :- દંડ નહિ એનું ફળ જ એટલું છે. આહા..હા..! વીતરાગમાર્ગ તો જુઓ પ્રભુ! પોતાની અંતર વીતરાગતા છોડીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેય વીતરાગભાવ છે. શુદ્ધ ઉપયોગરૂપ પરિણમનરૂપ છે. એમાં જેટલો વિકલ્પ શુભનો આવે એટલો બંધ થઈ ગયો. તીર્થંકરગોત્ર બાંધવામાં પણ એમ છે. એ ભાવ આવ્યો, બંધ થયો. એ ભાવ જ્યારે ટાળશે, આ ભવમાં તો નહિ ટાળી શકે, દેવમાં નથી ટાળી શકતા, દેવમાં જાય છે. ...

મુમુક્ષુ :- બહુ વખાણ કરતા હતા.

ઉત્તર :- એ બધી નિમિત્તની વાતું કથા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. કરે. આહા..હા..! સંમતભદ્રાચાર્યે ન કહ્યું? પ્રભુ! તમારે આ સમવસરણ ને આ બધી વાત છે એ તો ઇન્દ્રિયજાળિયા દેવો પણ બતાવે છે. હું એનાથી તમને નથી માનતો. પંડિતજી! સંમતભદ્રાચાર્ય. એમ તમને નથી માનતો. હું તો પરીક્ષક છું. તમારી સર્વજ્ઞતા અને તમારી વીતરાગતાની મને મહત્તા છે. મને તો તમારી એ મહત્તા લાગે છે. તમારું સમવસરણ થશે અને ઇન્દ્રો આદિ આવશે, એની મને મહત્તા નથી. આહા..હા..! એય..! સમજાણું કાંઈ?

તો કહે છે કે '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**' એ હજી વ્યવહારથી કહ્યું છે. છે તો જ્ઞાન પોતાનું, પણ પોતાના જ્ઞાનમાં ઓલો સરાગભાવ આવ્યો એનું જ્ઞાન પોતાથી પોતાની શક્તિમાં પોતામાં રહીને સ્વપરપ્રકાશક જ્ઞાનની પર્યાય તે સમયે પ્રગટ થાય છે તેમાં તેનું જ્ઞાન એમ વ્યવહારે કહેવામાં આવે છે. ફેરફાર કાંઈ નહિ થયો. આહા..હા..! '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને (આત્માના) કર્મપણે કરતા એવા...**' એ વ્યવહારના રાગનું જ્ઞાન એ પોતાનું કાર્ય છે એમ કરતો થકો. લ્યો! કાર્ય તો આવ્યું, કરવું એ તો આવ્યું. પણ શું કરવું આવ્યું? ભાઈ! જાણવું. રાગને જાણવો એ પોતાનું કર્મ છે. રાગ પોતાનું કર્મ નથી. આહા..હા..! શેઠ! આહા..હા..!

'**પોતાના આત્માને જાણે છે,...**' ભાષા ફેરવી નાખી, દેખો! પહેલા એમ લીધું કે '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને (આત્માના) કર્મપણે કરતા એવા...**' પણ એ જ્ઞાન કેટલું? કે પોતાના આત્માને જાણે છે. આહા..હા..! એ તો એવી વાત કરી. બાકી પોતાના આત્માને જાણે છે. ડાહ્યાભાઈ! આહા..હા..! જજને ઘણો રસ છે. જજપણું છોડી દીધું. ૧૬૦૦નો પગાર. નિવૃત્તિ લઈ લીધી. અમદાવાદમાં મોટા જજ હતા. છોકરાઓ તો લાખોપતિ છે. .. થોડો લોભ હશે. જજ મોટા હતા. ... શેઠ! અમારે કાંતિલાલ. કાલે બતાવ્યા હતાને કાંતિભાઈ. ૧૫૦૦નો પગાર. ૧૫૦૦નો પગાર અને એમાં હતા હવાઈજહાજમાં. બાળબ્રહ્મચારી છે. ૧૫૦૦નો માસિક. ... પગાર-ફગારની ગણતરી શું? આહા..હા..! કહો, સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે પ્રભુ! તારી ચીજ સમજવી અને શ્રદ્ધા, અનુભવ કરવો એ ચીજ છે, બાકી તો બધું ઠીક છે. આહા..હા..!

કહે છે કે '**પોતાના આત્માને જાણે છે,...**' આહા..હા..! એ રાગનું જ્ઞાન પણ પોતાનું છે તો પોતાને જાણતો થકો એમ કહ્યું. '**તે આત્મા (કર્મનોકર્મથી)...**' કર્મ શબ્દે પુણ્ય-પાપના ભાવ, નોકર્મ શબ્દે વાણી, શરીર આદિ '**અત્યંત ભિન્ન જ્ઞાનસ્વરૂપ થયો થકો...**' અત્યંત ભિન્ન એમ પાછું. એ પુદ્‌ગલપરિણામ જે દયા, દાન, વ્રત આદિ છે તે પરિણામથી અત્યંત ભિન્ન. એકલું ભિન્ન નથી કહ્યું. આહા..હા..! '**અત્યંત ભિન્ન...**' ઓહો..હો..! વીતરાગમાર્ગની શૈલી ધારાવાહી ચાલી છે. ઓહો..! કુંદકુંદાચાર્ય આદિ દિગંબર કોઈપણ સંત આખો સર્વજ્ઞનો પંથ ... કહે છે કે એ પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જે ભાવે સવાર્થસિદ્ધનું આયુષ્ય બંધાય, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે ભાવથી તો અત્યંત ભિન્ન છે. ધર્મી સમ્યગ્દૃષ્ટિ જીવ અત્યંત ભિન્ન જ્ઞાનસ્વરૂપ થયો થકો. જ્ઞાનસ્વરૂપનો અર્થ? કે રાગરૂપ થયો થકો નહિ. પણ જ્ઞાનસ્વરૂપ થયો થકોનો અર્થ? સમ્યગ્દર્શનરૂપ, સમ્યગ્જ્ઞાનરૂપ, સમ્યક્ચારિત્રરૂપ, સમ્યક્ આનંદરૂપ થયો થકો. એ જ્ઞાનસ્વરૂપ થયો થકો .. આહા..હા..! સમજાણું કાંઈ? શું લખ્યું છે?

**'આ આત્મા...'** આ સંતોની ટીકા તો આત્માને જાગૃત કરવાની ચીજ છે. નવનીતભાઈ! આહા..હા..! **'અત્યંત ભિન્ન જ્ઞાનસ્વરૂપ થયો થકો...'** વ્યવહારના વિકલ્પથી પણ અત્યંત ભિન્ન પોતામાં પોતાનું જ્ઞાન કરતો થકો **'જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની છે.'** એનું નામ જ્ઞાની કહેવામાં આવે છે. આહા..હા..! શાસ્ત્ર અગિયાર અંગ અને નવ પૂર્વ ભણ્યા હોય, એ જ્ઞાન નહિ. આહા..હા..! એ તો અનંત વાર ભણ્યો. સમજાણું કાંઈ? નવમી ગ્રૈવેયક ગયો ત્યારે આવું જ ભણ્યો હતો અને ક્રિયા તો કેટલી ક્રિયા! શુક્લલેશ્યા. સમજાણું કાંઈ? પણ એ કોઈ વસ્તુ નથી. પંચ મહાવ્રતના પરિણામ, સમિતિ ગુપ્તિનો ભાવ શુભ કે સંથારા બે-બે મહિનાના સંથારા સમાધિ મરણ કર્યા. ... સમાધિ.. સમાધિ છે? એ તો અજ્ઞાનની સમાધિ છે. સમજાણું કાંઈ? એ શુભરાગથી પણ અત્યંત ભિન્ન જ્ઞાનસ્વરૂપ થયો થકો. આ પર્યાયની વાત છે. ત્રિકાળી તો ભગવાન જ્ઞાનસ્વરૂપ છે જ, પણ આ હવે જ્ઞાનસ્વરૂપ થયો થકો એ પર્યાય છે. સમજાણું કાંઈ? **'જ્ઞાની છે.'** ત્યાં સુધી તો આવ્યું હતું.

**'(પુદ્ગલપરિણામનું જ્ઞાન...'** એ વ્યવહારનું જ્ઞાન આત્માનું જ્ઞાન કઈ પ્રકાર છે? હવે એનો વિશેષ ખુલાસો કરે છે. કૌંસ છેને કૌંસ? એ વ્યવહારના જેટલા દયા, દાન, ભક્તિ, પૂજા, નામસ્મરણ, સરાગસંયમ એના પરિણામનું જ્ઞાન આત્માનું કાર્ય કયા પ્રકારે છે? કર્મ નામ કાર્ય. એ સમજાવે છે. શેઠ! ઝીણું પડશે. આ તમારા ચિરંજીવી નવા આવ્યા છેને. આ બીજી જાતનો વેપાર છે. **'પરમાર્થે...'** ખરેખર અંતર દૃષ્ટિથી જુઓ તો **'પુદ્ગલપરિણામના જ્ઞાનને...'** એ રાગાદિના જ્ઞાનને **'અને પુદ્ગલને...'** સમજાણું કાંઈ? **'પુદ્ગલપરિણામના જ્ઞાનને અને પુદ્ગલને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી...'** આહા..હા..! રાગાદિનો ભાવ એનું જે જ્ઞાન એ જ્ઞાનને અને રાગાદિનો ભાવ જે પુદ્ગલ પરિણામ તેને પુદ્ગલ કહો. નાખી દીધું પાછું એ પુદ્ગલ પરિણામને હવે પુદ્ગલના કીધા. અભેદ કીધું.

ફરીથી. **'પરમાર્થે પુદ્ગલપરિણામના જ્ઞાનને...'** પુદ્ગલપરિણામ નામ વ્યવહારી વિકલ્પો જેટલા છે તેના જ્ઞાનને **'અને પુદ્ગલને...'** સમજાણું કાંઈ? પુદ્ગલને અર્થાત્ એ પુણ્યાદિ ભાવને. એ અહીંયાં પુદ્ગલ લઈ લીધા છે. **'પુદ્ગલપરિણામના જ્ઞાનને અને પુદ્ગલને...'** એટલે રાગાદિ ભાવને **'ઘટ અને કુંભારની જેમ...'** ઘડા અને કુંભારની જેમ. **'વ્યાપ્યવ્યાપકભાવ...'** ઘડો વ્યાપ્ય અને કુંભાર વ્યાપકનો **'અભાવ હોવાથી...'** સમજાણું કાંઈ? એટલે કે પુદ્ગલપરિણામ વ્યાપ્ય અને આત્માનું જ્ઞાન વ્યાપક તેનો અભાવ છે. એ વ્યવહારરત્નત્રયના પરિણામ વ્યાપ્ય અને ભગવાન આત્માનું જ્ઞાન વ્યાપક. **'ઘટ અને કુંભારની જેમ...'** ઘડો વ્યાપ્ય કાર્ય અને કુંભાર વ્યાપક તેનો અભાવ છે. એમ વ્યવહારી રત્નત્રયના પરિણામ, મહાવ્રતાદિના પરિણામ તે પુદ્ગલ અને તેનું જ્ઞાન, બે વચ્ચે **'ઘટ અને કુંભારની**

**જેમ વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી...'** જ્ઞાનસ્વભાવી ભગવાન વ્યાપક અને વ્યવહારરત્નત્રયનો વિકલ્પ વ્યાપ્ય (તેનો અભાવ હોવાથી). એય..! શેઠ! ઝીણું છે. આહા..હા..! **'પરમાર્થે પુદ્ગલપરિણામના જ્ઞાનને અને પુદ્ગલને...'** એ પુદ્ગલ જે પરિણામ કહ્યા હતા તેને અહીંયાં પુદ્ગલ કહ્યા પાછા. એટલે કે રાગાદિ વ્યવહારનું જે અહીંયા જ્ઞાન થયું તે પુદ્ગલપરિણામનું જ્ઞાન હતું. હવે તે જ્ઞાનને અને એ પુદ્ગલ પરિણામને પુદ્ગલ કહ્યા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ. વ્યાપ્યવ્યાપક નથી. એ વ્યવહારરત્નત્રય વ્યાપ્ય અને આત્મા વ્યાપક એમ નથી. પુદ્ગલ વ્યાપ્યવ્યાપક કહ્યું. ઓહો..! પોતાના સ્વભાવથી વિરુદ્ધ દુશ્મન એ પોતાનો ક્યાંથી થયો? આહા..હા..! ... ભાવ... ત્રણ લોકનો નાથ ચૈતન્યમૂર્તિ જ્ઞાતા-દૃષ્ટાનો સ્વભાવ છે, ભરેલો પદાર્થ છે એવી જ્યાં દૃષ્ટિ અનુભવમાં થઈ તો કહે છે કે એ પુદ્ગલ કહો કે પુદ્ગલના પરિણામ કહો રાગ, એ પુદ્ગલને અને એના જ્ઞાનને, બે વચ્ચે, પુદ્ગલ વ્યાપ્ય છે અને જ્ઞાન વ્યાપક છે, ઘટ વ્યાપ્ય છે, કુંભાર વ્યાપક છે, એનો જ્યાં અભાવ છે તેમ પુદ્ગલને અને જ્ઞાનને વ્યાપ્યવ્યાપકનો અભાવ છે. આહા..હા..! સમજાય એવું છે હોં! ન સમજાય એવું નથી. બહુ સાદી ભાષા છે. વસ્તુ ભલે ગંભીર હોય. વસ્તુ ભલે ગંભીર છે. આહા..હા..! અનાદિથી ભ્રમમાં આમ કાઢી નાખ્યું. કાંઈક વ્રત પાળે, તપ કરે અને અપવાસ કર્યા અને મહાવ્રત પાળ્યા એટલે ધર્મ થઈ ગયો. આહા..હા..! ભગવાન ભૂલી ગયો.

મુમુક્ષુ :- એનાથી ધર્મ ન થાય તો શું અધર્મ થાય?

ઉત્તર :- અધર્મનો બાપ થાય છે. અધર્મ છે. એકવાર અમે સંપ્રદાયમાં હતા. તો અમારે તો અંદર આ વાત હતી. સંપ્રદાયમાં કહ્યું. ૮૫ની સાલ. ૪૬ વર્ષ થયા. બોટાદ સંપ્રદાય મોટો છે. અમારું નામ તો બહુ મોટું હતુંને. પ્રસિદ્ધિ બહુ હતી અમારી. લોકો અમને માનતા હતા. ૧૦૦૦-૧૫૦૦ માણસો પોષ મહિનો હતો, ૮૫ની સાલ. એક થોડા ... જુઓ ભાઈ! પૈસાવાળા લાખોપતિ રાયચંદ ગાંધી આદિ બધા મોટા બેઠા હતા. એક સાધુ બેઠા હતા. એમ કહ્યું કે જુઓ ભાઈ! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ધર્મ નથી. ધર્મથી બંધાય તો પછી બંધન છૂટે ક્યાંથી? સંપ્રદાયમાં કહ્યું હતું હોં! ત્યાં તો નામ હતુંને, બહુ નામ હતું. લોકો ના ન કરે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે ભાવ ધર્મ નથી. મીઠી ભાષાએ કહીએ તો પુણ્ય છે અને કડક ભાષાએ કહીએ તો તે અધર્મ છે. એવી વાત છે.

એકવાર એમ કહ્યું. ... કીધું કે ભાઈ! પંચ મહાવ્રત તે આસ્રવ છે. તમે એમ માનતા હો કે પંચ મહાવ્રતના પરિણામ તે સંવર છે અને ધર્મ છે એમ ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. મોટી સભા હતી. સભા તો કાંઈ બોલે નહિ. સભા મોટી હતી. અમારા ગુરુભાઈ હતા એને ખળભળાટ થઈ ગયો. બોલ્યા, વોસરે-વોસરે. આવે છેને? વોસરે એટલે આ શ્રદ્ધા

ન જોઈએ એમ. .... વોસરે-વોસરે. આવી શ્રદ્ધા ન હો. ... તમારે અભ્યાસ જ નહિને જરીએ. આવી શ્રદ્ધા અમારે ન જોઈએ. વોસરેમાં વોસરાવીએ.. શું કહે છે? વિસર્જન. છોડીને ઉઠી ગયા, ચાલ્યા ગયા. વાત તો એ છે. પૂરું થયું પછી કીધું, તમને ન બેસતું હોય તો બેસી રહેવું હતુંને. તમારે .. એમ ને એમ .. સભામાં. સભાને તો શંકા પણ પડી નહોતી કે આ શું કહે છે? તમારું કોઈએ સાંભળ્યું પણ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... પંચ મહાવ્રત આસ્રવ? અને જેનાથી તીર્થંકરગોત્ર બંધાય તે અધર્મ? બહુ મીઠી ભાષાએ કહીએ તો પુણ્ય છે, કડક ભાષાએ કહીએ તો તે અધર્મ છે, ધર્મથી વિરુદ્ધ એ અધર્મ છે. શેઠ! ૮૫ની વાત છે, સંવત્ ૧૯૮૫. ... બાપુ! વીતરાગનો માર્ગ તો આ છે અંદર. લાખ વાતો દુનિયાને રાજી રાખવા કરે, જનરંજન. કહો, શેઠ! તારણસ્વામી કહેતા અમારે. આપણે આવે છે અષ્ટપાહુડમાં. એમાં કુંદકુંદાચાર્ય કહે છે, અરે..! જનરંજન માટે તું આવી વાત કર ... તો નરક-નિગોદમાં જાઈશ. ... જનરંજન માટે તું (એમ કહે કે) શુભરાગથી ધર્મ થાય છે, વ્યવહાર પુણ્યથી ધર્મ થાય એમ જનરંજન કરવા દુનિયાને રાજી કરે છે, નિગોદમાં જઈશ. સમજાણું કાંઈ? વસ્તુની સ્થિતિ એવી છે. કડક ... છેને. મિથ્યા અભિપ્રાયનું પોષણ જેમાં છે, મિથ્યા અભિપ્રાય જ સંસારનું કારણ છે, મિથ્યાત્વ તે જ સંસાર છે. પછી થોડા વ્રતાદિ રહે છે તે ગૌણ સંસાર છે, ગૌણ અલ્પ સંસાર. આ તો મહાસંસાર તો ઈ છે, એની તો ખબર નથી. સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે... આહા..હા..! એ વખતે ઉઠી ગયો અંદરથી. પછી મેં બોલાવ્યા એને. પણ તમને ન બેસતું હોય તો ન બેસો, .. તમારું વીર્ય કેટલું છે? તમારું વીર્ય કામ કર્યું કાંઈ? સીધું કહ્યું કે તમારી આ વાત જૂઠી છે? વોસરે-વોસરે કરીને ઉઠી ગયા તમે. ભાઈ એમ ન હોય, બાપા! નરમ હતા તો બીચારા બહુ વીર્ય નહોતું. માર્ગ આ છે. આજ માનો, કાલ માનો કે પછી માનો, આ માને તમારો નિવેડો છે. સમજાણું કાંઈ? શું કહે છે જુઓ.

જેમ પુદ્ગલપરિણામના જ્ઞાનને. એક-એક શબ્દમાં ઘણી ગંભીરતા ભરી છે. ઓહો..હો..! અમૃતચંદ્રાચાર્યની ટીકા. ગણધર, જેમ તીર્થંકરના ગણધર એમ આ કુંદકુંદાચાર્યના ગણધર છે. પંચમ આરાના તીર્થંકર અને એના વજીર. એ પુદ્ગલપરિણામના જ્ઞાનને. જ્ઞાન શબ્દે એ પુદ્ગલપરિણામની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ, સ્વચ્છતા, વીતરાગતા વગેરે, આનંદ વગેરે, એ આનંદ આદિ જ્ઞાનને અને પુદ્ગલને એટલે રાગના પરિણામને. '**ઘટ અને કુંભારની જેમ...**' ઘડા અને કુંભારની જેમ '**વ્યાપ્યવ્યાપકનો અભાવ...**' ઘડો વ્યાપ્ય અને કુંભાર વ્યાપક એનો અભાવ. એમ પુદ્ગલપરિણામ વ્યાપ્ય નામ કાર્ય અને આત્મા એનું વ્યાપક નામ કર્તા નામ દ્રવ્ય કર્તા એમ છે નહિ. વસ્તુની સ્થિતિમાં એમ નથી.

**'વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી કર્તાકર્મપણાની અસિદ્ધિ છે...'** આ કારણ આપ્યું. વ્યાપ્યવ્યાપકનો અભાવ હોવાથી એ કારણ આપ્યું. વ્યાપ્યવ્યાપકનો અભાવ હોવાથી કર્તાકર્મપણાની અસિદ્ધિ છે. સમજાણું કાંઈ? જેમ કુંભાર અને ઘડાની વચ્ચે વ્યાપ્યવ્યાપકનો અભાવ હોવાથી ઘડાનું કાર્ય કુંભારનું એમ છે નહિ. અહીં તો હજી ત્યાં વાંધા (કાઢે કે) કુંભાર વિના ઘડો થતો નથી. આહા..હા..! **'ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી કર્તાકર્મપણાની અસિદ્ધિ છે અને...'** હવે બીજી વાત કરે છે. રાગાદિનું જ્ઞાન થયું, પોતામાં પોતાની શ્રદ્ધા, જ્ઞાન, આનંદની પર્યાય જે થઈ એ પોતાનું કાર્ય છે, એ પોતાનું કર્મ છે. કેમકે વ્યાપ્યવ્યાપક ભાવ હોવાથી. એ વાત સિદ્ધ કરે છે. યુક્તિથી, ન્યાયથી (સિદ્ધ કરે છે).

**'અને જેમ ઘડાને અને માટીને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી...'** માટી વ્યાપક છે, કર્તા છે, પ્રસરનારી છે, વિસ્તારવાળી છે, દ્રવ્ય છે. માટી વ્યાપક છે, ઘડો વ્યાપ્ય છે, ઘડો કર્મ છે, ઘડો કાર્ય છે, ઘડો પર્યાય છે. સમજાણું કાંઈ? **'ઘડાને અને માટીને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી કર્તાકર્મપણું છે.'** માટી કર્તા અને ઘડો કાર્ય. બરાબર છે. કુંભાર કર્તા અને ઘડો કર્મ એમ ત્રણ કાળમાં નથી. ત્યાં વાંધા હજી તો ઉપાદાન અને નિમિત્તના. પંડિતજી! આ નિમિત્ત આવે તો થાય. ભાઈ! ઉત્પાદ-વ્યયની પર્યાય એની છે કે બીજાની છે? વસ્તુ જ ઉત્પાદવ્યયધ્રુવયુક્ત છે. તો જે સમયે જે ઉત્પાદ થયો તે દ્રવ્યથી થયો. પરથી થયો? નહિતર **'उत्पादव्ययध्रुवयुक्तं सत्'** સિદ્ધ નહિ થાય. ધારાવાહી ઉત્પાદ-વ્યય ધ્રુવ ત્રિકાળ રહ્યું છે છ દ્રવ્યમાં. તો બીજા વિના ન થાય તો ઉત્પાદ-વ્યય પર વિના ન થાય? ઉત્પાદ-વ્યય તો પોતાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો કહે છે કે **'જેમ ઘડાને અને માટીને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી...'** હયાતી બરાબર છે. તેથી એ **'કર્તાકર્મપણું છે. તેમ...'** હવે તે દૃષ્ટાંતથી **'આત્મપરિણામને...'** આત્મપરિણામ શબ્દે જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ વગેરે એ આત્મપરિણામ. વીતરાગી સમ્યગ્દર્શન. ઓલામાં એકલું જ્ઞાન કહ્યું હતું. હવે અહીંયાં આત્મપરિણામ. કેમકે જ્ઞાનના જાણવાના પરિણામ, શ્રદ્ધાના પરિણામ, શાંતિના પરિણામ, સ્વચ્છતાના પરિણામ, આનંદના પરિણામ એ સર્વ ગુણના પરિણામને અહીંયાં આત્મપરિણામ કહ્યા છે. સમજાણું કાંઈ? **'તેમ આત્મપરિણામ...'** એટલે મોક્ષમાર્ગના પરિણામ નિશ્ચય. આહા..હા..! અને વ્યવહારમોક્ષમાર્ગના પરિણામ એ પુદ્ગલના પરિણામ. આહા..હા..! ગજબ વાત છે. ધન્યકુમારજી! આ બધા શેઠિયાઓએ આ બધું નક્કી કરવું પડશે. મોઢા આગળ આ સાધારણ માણસ .. નક્કી કરે ... સમાજમાં ગોટા ઉઠ્યા છે. વીતરાગ માર્ગ છે. ત્રણ લોકના નાથ...

મુમુક્ષુ :- મુખ્ય માણસોની જવાબદારી છે.

ઉત્તર :- મુખ્ય માણસની જવાબદારી છે. કેમ શેઠ! એય..! શેઠ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ખોટી હોય તો ગોટા હોય તો ગોટા.. શું છે? એમ કે અમે તો માનીએ ત્યાં ફૂ થઈ ગયું. આહા..હા..! શું કહે છે જુઓ.

'**ઘડાને અને માટીને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી...**' સદ્ભાવ નામ યથાર્થ હોવાથી '**કર્તાકર્મપણું છે.**' માટી કર્તા અને ઘડો એની પર્યાય કાર્ય એ તો બરાબર છે. '**તેમ આત્મપરિણામ...**' એટલે આત્માનો શુદ્ધ સ્વભાવ જે ત્રિકાળી ભગવાન એના આશ્રયે જે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર નિર્વિકલ્પ પરિણામ થયા તે બધા અનંત ગુણના નિર્મળ પરિણામ છે તો તેને આત્મપરિણામ કહ્યા. એ '**આત્મપરિણામને અને આત્માને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી...**' એ આત્મપરિણામ વ્યાપ્ય છે, ભગવાન આત્મા વ્યાપક છે. એ બેમાં વ્યાપ્ય-વ્યાપકભાવની સત્તા સિદ્ધ છે, સદ્ભાવ સિદ્ધ છે. તે કારણે... છે? '**કર્તાકર્મપણું છે.**' આત્મા વસ્તુ સ્વતંત્રપણે... ઈ કહેશે, આત્મા વસ્તુ એ કર્તા અને વીતરાગી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્મળ વીતરાગી પરિણામ તે પોતાનું કર્મ નામ, પર્યાય નામ કાર્ય છે. સમજાણું કાંઈ? ભાષા તો સાદી છે, સમજાય એવી છે. એવી કોઈ ગંભીર ભાષા નથી. પણ જરી એની દરકાર કરવી જોઈએ. આહા..હા..! આવો ભવ મળ્યો છે અને ... આ સમ્યગ્જ્ઞાન યથાર્થ નહિ કરે તો ક્યાંય આરો નથી, કોઈ શરણ નથી. ભગવાન શરણ નથી. ભગવાન કહે છે કે અમારા તરફ લક્ષ કરવાથી તને રાગ થશે. આહા..હા..! એ રાગ પુદ્ગલના પરિણામ. ગજબ વાત કરે છે. એ વીતરાગ કહે હોં! ૐ... ૐ... ૐ... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... કરે એ તો રાગ છે. એ તો પુદ્ગલના પરિણામ છે. ગજબ વાત છે. એય..! નવનીતભાઈ!

બાપુ! તારું સ્વરૂપ તો પ્રભુ! જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવી અનંત શક્તિ નિર્મળથી ભરેલી છે, તો એના આશ્રયે તો નિર્મળતા જ, વીતરાગી પર્યાય જ ઉત્પન્ન થાય અને એ જ મોક્ષનો માર્ગ અને એને જ આત્મપરિણામ, એને જ આત્મપરિણામ કહે છે. વ્યવહારના રાગના પરિણામને આત્મપરિણામ કહેતા નથી. આહા..હા..! પુદ્ગલ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાનની લીલા તો જુઓ અંદર! અને હજી કહેશે હોં!

'**આત્મપરિણામને અને આત્માને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી...**' હયાતી-મોજૂદગી છે. એ મોજૂદગીને લીધે. '**હોવાથી...**' છેને? કર્તાકર્મપણું છે. હવે સિદ્ધ કરે છે જુઓ, '**આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી...**' ઓહો..હો..! ટીકા તે પણ ટીકા. વાસ્તવિક તત્ત્વની સ્થિતિ, મર્યાદા (પ્રસિદ્ધ કરી છે). '**આત્મદ્રવ્ય સ્વતંત્ર...**' શું કહે છે?

કે એ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે પુદ્ગલના પરિણામ, તો એ આત્માના જ્ઞાનની પર્યાયમાં મદદ થઈ એમ નથી. ફરીથી. એક-બે વાર નહિ લઈએ. **'આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક...'** પોતાનું આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક પરની અપેક્ષા રાખ્યા વિના. જે વ્યવહારરત્નત્રયના પરિણામ છે તો એટલી અપેક્ષા રાખીને અહીંયાં જ્ઞાન-શ્રદ્ધા આદિ થઈ એમ નથી. કર્તા—સ્વતંત્રપણે કરે તે કર્તા અને કર્તાનું ઇષ્ટ તે કર્મ. જ્ઞાની કર્તા અને કર્તાનું ઇષ્ટ જ્ઞાનીના નિર્મળ પરિણામ છે. જ્ઞાની કર્તા અને રાગ વ્યવહાર તેના પરિણામ ઇષ્ટ એમ ક્યારેય નથી. સમજાણું કાંઈ? એ વ્યાકરણમાં પણ છે. એકવાર વ્યાકરણ મગાવ્યું હતું અહીંયાં. ગુરુકુળ છેને. ... વ્યાકરણ. તેમાં આ દિગંબર-શ્વેતાંબરની વ્યાખ્યા પણ ત્યાં મૂકી છે. એમાં જ છેને? ઇતિહાસમાં. ગુરુકુળના ઇતિહાસમાં. બાર વર્ષના દુકાળ પડ્યા ત્યારે મૂળ પહેલું નિર્ગ્રંથ પહેલું કહેવાણું દિગંબર અને પછી આ નીકળ્યા એ શ્વેતાંબર કહેવાણા. એવું કહ્યું હતું. ગુરુકુળમાં છે. આ છેને આર્યસમાજ. અને આ વ્યાકરણમાં ... કર્તા સ્વતંત્ર થઈને કરે તે કર્તા. કારક નામની ક્રિયાનો કારક આત્મા થઈને સ્વતંત્રપણે કરે પરની અપેક્ષા રાખ્યા વિના તેનું નામ કર્તા કહેવામાં આવે છે. અને તે કર્તાનું પ્રિય, ઇષ્ટ, હિતરૂપ તે તેનું કર્મ નામ પર્યાય, કર્મ કહેવામાં આવે છે. આહા..હા..! ષટકારકના ક્રિયાની વાત છે. કેટલો ક્ષયોપશમ! ગજબ વાત છે. દિગંબર સંતો સિવાય ગજા નથી. સમકિતી સહન કરે અને માને. સાધારણનું ગજુ નથી. આહા..હા..! આ તો એકાંત થઈ જાય છે, એકાંત થઈ જાય છે. એમ કહે છેને પંડિતજી? એકાંત થઈ જાય છે. એ એકાંત જ છે, સમ્યક્ એકાંત છે. સાંભળ તો ખરો.

તે **'આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી...'** આત્મદ્રવ્ય જ પોતે સ્વતંત્રપણે પ્રસરે છે, વિસ્તાર કરે છે. દ્રવ્યતિ ઇતિ દ્રવ્યં. દ્રવ્ય પોતે જ દ્રવે છે. કોને? આત્મપરિણામને. **'આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી આત્મપરિણામનો એટલે કે પુદ્ગલપરિણામના જ્ઞાનનો કર્તા છે...'** જુઓ! આહા..હા..! એક ગાથા સમજે તો ચૌદ પૂર્વનો સાર છે. એટલી શૈલી, દિગંબર સંતોની બહુ ટૂંકી શૈલી. એક-એક ગાથા અને એક-એક શબ્દમાં અનંત-અનંત આગમ ભરેલા છે. સમજાણું કાંઈ? શ્રીમદ્ કહે છેને 'જ્ઞાનીના એક વાક્યમાં અનંત આગમ ભરેલા છે.' શ્રીમદ્‌માં આવે છે. શ્રીમદ્ રાજચંદ્ર. આ તો જેટલો વિસ્તાર કરે એટલું નીકળે એવું છે. આહા..હા..! **'આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી...'** એટલે સમજ્યા? વસ્તુ સ્વતંત્રપણે પોતાથી તે સમયે વીતરાગી પર્યાય પ્રસરનારી સ્વતંત્ર કર્તા છે. એ વીતરાગી સમ્યગ્દર્શન-જ્ઞાન નિશ્ચય સમ્યગ્દર્શનના પરિણામ કરવામાં આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક છે. એ સમ્યગ્દર્શનમાં વ્યવહાર સમ્યગ્દર્શન છે તો અહીંયાં નિશ્ચય સમ્યગ્દર્શનના પરિણામ થાય એમ છે નહિ.

મુમુક્ષુ :- કર્મનો અભાવ તો થયોને.

ઉત્તર :- કર્મનો અભાવ એને ઘરે રહ્યો.

મુમુક્ષુ :- પ્રતિબંધક કારણ છે એ.

ઉત્તર :- બિલકુલ પ્રતિબંધ કારણ નથી. આત્માએ પોતાનો આશ્રય લીધો તો પ્રતિબંધક કારણ એને કારણે છૂટી ગયા વિના રહે નહિ. એ તો ચર્ચા બહુ ચાલી હતી. સમજાણું કાંઈ? ૨૦૧૩ની સાલમાં. શું કહેવાય? ઈસરી. પ્રતિબદ્ધ કારણ. આત્મા પોતાના સ્વદ્રવ્ય આશ્રય લે અને પ્રતિબદ્ધ કારણ રહે એમ ત્રણ કાળ ત્રણ લોકમાં બને નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! જાગીને જોઉં તો ભગવાન હું પૂર્ણાનંદનો નાથ. શું જોવે જુઓ, '**આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી...**' કેટલું ભરી દીધું છે એમાં! કર્મનો અભાવ થાય તો અહીંયા થાય એવી વ્યાખ્યા છે જ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! '**આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી...**' દ્રવ્ય જ પોતે પોતાની શક્તિનો વિસ્તાર વ્યક્તરૂપ થવું, શક્તિ છે તે વ્યક્તરૂપ થવી તે સ્વતંત્ર વ્યક્ત થાય છે. કોઈ રાગની મંદતા, વ્યવહારરત્નત્રયના પરિણામ છે તો અહીંયાં સમ્યગ્દર્શનના પરિણામ જીવદ્રવ્ય કરે છે એમ છે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- નવ તત્ત્વની શ્રદ્ધા...

ઉત્તર :- નવ તત્ત્વના ભેદવાળી શ્રદ્ધા પણ નહિ. નવ તત્ત્વના ભેદની શ્રદ્ધા મિથ્યાત્વ છે. એ તો આવ્યું છે કળશમાં. ભેદ છેને? આ તો અભેદ એકાકાર ભગવાન. કળશમાં છે. ક્યાં? એ રાજમલજીના કળશ છેને. છઠ્ઠો કળશ. એ જ નીકળ્યું, પાનું એ જ નીકળ્યું. અહીં છે જુઓ. 'ભાવાર્થ : જીવ અજીવ...' નવ તત્ત્વમાં 'આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ પુણ્યપાપના અનાદિ સંબંધને તોડીને .. સંસાર અવસ્થામાં જીવદ્રવ્ય નવ તત્ત્વરૂપે પરિણમ્યું છે.' ગુજરાતી. પરિણમ્યું છે. 'તે તો વિભાવપરિણતિ છે. તેથી નવ તત્ત્વરૂપ વસ્તુનો અનુભવ મિથ્યાત્વ છે.' રાજમલની ટીકા છે. કળશની ટીકા છેને જુઓ. જોઈ છે શેઠ? જોઈ છે કે નહિ? પુસ્તક છે કે નહિ? પુસ્તક છે કે નહિ? હિન્દી છે. પહેલા હિન્દી છપાણું છે. આ ગુજરાતી તમારા હાથમાં.. પહેલા હિન્દી ... નવ તત્ત્વનો અનુભવ મિથ્યાત્વ છે. કેમકે ભેદરૂપ વિકલ્પરૂપ અનુભવ થયો.

મુમુક્ષુ :- .. જૈનધર્મ?

ઉત્તર :- જૈનધર્મમાં છે નહિ. નવ તત્ત્વનો અનુભવ મિથ્યાત્વ એમ પણ નથી. .. ચાલ્યું હતું બહાર. ભગવાન! સાંભળ તો ખરો. તારી ચીજ એટલી મોટી છે કે તારામાં સંવર, નિર્જરા, મોક્ષ આદિ પર્યાયના ગંજ પડ્યા છે અંદર. શક્તિ છે. તેના આશ્રયે જ્યારે પરિણામ પરિણમે છે તો પરના રાગની અપેક્ષા એને છે નહિ. દેવ, ગુરુ અને શાસ્ત્ર, જિનવાણી અને જિન સમવસરણની અપેક્ષા નથી. અરે ભગવાન! એમ દેવ, ગુરુ અને શાસ્ત્ર એમ કહે છે. ... આહા..હા..! ભાઈ! તું ક્યાં પૂરો નથી? અને સ્વતંત્ર તારી પર્યાય કરવામાં શું કચાશ

છે તારામાં કે તું સ્વતંત્ર ન થાય? આહા..હા..! પૂર્ણ સ્વરૂપ, પૂર્ણ સ્વરૂપ એક સમયમાં સર્વજ્ઞસ્વભાવી, અનંત આનંદસ્વભાવી, અનંતદર્શન સ્વભાવી, અનંત સમકિત સ્વભાવી, સમકિત શબ્દે પર્યાયની શ્રદ્ધા, અનંત શ્રદ્ધા સ્વભાવી એવો જેનો સ્વભાવ એનું એકરૂપ એ દ્રવ્યસ્વભાવી સ્વતંત્ર વ્યાપક થઈને... ઈ આવ્યુંને?

'**આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી આત્મપરિણામનો એટલે કે પુદ્‌ગલપરિણામના જ્ઞાનનો...**' જાણવું, શ્રદ્ધવું, ઠરવું તે બધા આત્મપરિણામ છે. અહીં તો જ્ઞાનપ્રધાનતાથી કથન છેને. જ્ઞાન તે આત્મા. બાકી સર્વ ગુણ સાથે અવિનાભાવી છે. સમ્યગ્જ્ઞાન થયું તો તેમાં અનંત ગુણની પર્યાય વ્યક્તપણે પ્રગટ થઈ. તો એ બધા પરિણામને અહીંયાં આત્મપરિણામ કહે છે. વ્યવહારના વિકલ્પ એ પુદ્‌ગલપરિણામ, આત્માના નહિ. આહા..હા..! '**આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી આત્મપરિણામનો એટલે કે પુદ્‌ગલપરિણામના જ્ઞાનનો કર્તા છે અને પુદ્‌ગલપરિણામનું જ્ઞાન...**' એ પુદ્‌ગલપરિણામનું જ્ઞાન એટલે વ્યવહારરત્નત્રયના વિકલ્પનું જે જ્ઞાન પોતામાં થયું '**તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી...**' પુદ્‌ગલપરિણામનું જ્ઞાન. અહીં કર્મ લેવું છેને હવે? એ જ્ઞાન '**તે વ્યાપક વડે...**' એટલે દ્રવ્ય વ્યાપક વડે સ્વયં વ્યાપ્ય. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ સ્વયં વ્યાપ્ય હોવાથી તે આત્માનું કર્મ છે. આહા..! સમજાણું કાંઈ? પુસ્તક છેને? શેઠ! આ ક્યા ક્યા શબ્દનો અર્થ થાય છે એ ઘરે પછી વાંચવું હોં! અહીંને અહીં ન મૂકી દેવું. આહા..!

'**પુદ્‌ગલપરિણામનું જ્ઞાન...**' પુદ્‌ગલપરિણામનું જ્ઞાન. છે તો પોતાનું જ્ઞાન. પણ એ સમયે પોતાની જ્ઞાન પર્યાય, શ્રદ્ધા પર્યાય, શાંતિ પર્યાય, આનંદ પર્યાય તે બધું જ્ઞાનમાં નાખીને અવિનાભાવી હોવાને લીધે, એ પુદ્‌ગલપરિણામ વિકાર વિભાવનું જ્ઞાન '**તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું...**' સ્વયં વ્યાપ્ય. તે પણ પરાધીન થઈને નહિ એમ કહે છે. આહા..હા..! તે સમયનું કાર્ય તે સ્વતંત્ર થઈને. કર્તાનું કર્મ તે સ્વયં વ્યાપ્ય હોવાથી. આહા..હા..! '**તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી (વ્યાપ્યરૂપ થતું હોવાથી) કર્મ છે.**' એ ભગવાન આત્માનું કાર્ય છે. આહા..હા..! અહીં તો હજી બનાવી દઉં બંગલા ને દેરાસર ને પુસ્તક ને... કોણ બનાવે? ભાઈ! એ જગતની ચીજ કોઈ નકામી નથી. નકામાનો અર્થ પોતાની પર્યાયનું કાર્ય કર્યા વિના દ્રવ્ય રહે એવું તો દ્રવ્ય નથી. તો શું કરે તું બીજાનું? સમજાણું કાંઈ? ચોપડા-બોપડાનું કોણ કરે છે? ઓડિટર સાહેબ ઓડિટર. આહા..હા..! ફક્ત રાગ હતો, એના ઉપર દૃષ્ટિ હોવાથી હું કર્તા અને કર્મ એમ અજ્ઞાનમાં માનતો હતો. એ સિવાય બીજો કર્તા અને બીજું કર્મ એમાં છે જ નહિ. એ જ્યાં દૃષ્ટિનો પલટો થયો (કે) હું તો રાગ નથી, શરીર નથી, કર્મ નથી, એક સમયની પર્યાય જેટલો પણ હું પૂરો નહિ, હું પૂર્ણાનંદ ભગવાન (છું). બાપુ! સમ્યગ્દર્શન એટલે શું? એ કેવળજ્ઞાનનો અવયવ. ... લીધુંને? જય

શું કહેવાય? જય ધવલ. મતિશ્રુતજ્ઞાન કેવળજ્ઞાનનો અવયવ છે. આહા..હા..! ધવલમાં તો એવું લીધું છે કે એવા પોતાના ભગવાન આત્માના જાગૃત પરિણામ થયા, રાગથી ભિન્ન પોતાથી (થયા) તે કેવળજ્ઞાનને બોલાવે છે. બોલાવે છે એવો શબ્દ છે. આવો... આવો... અલ્પ કાળમાં આવો. તારાથી જુદો નહિ રહી શકું. આહા..હા..! આવો આવો. તારા નાથને અમે પકડ્યો છે. કેવળજ્ઞાન તો પર્યાય છે, એનો નાથ તો દ્રવ્ય છે. એને પકડ્યો છે મતિશ્રુતજ્ઞાનમાં એ જ્ઞાન કહે છે કે આવો, કેવળજ્ઞાન આવો. રાગ આવો અને વ્યવહાર આવો એમ નહિ. સમ્યગ્દૃષ્ટિની ભાવના આ છે. સમજાણું કાંઈ? વ્યવહાર હોજો ને વ્યવહાર... એમ નથી. આહા..હા..!

કહે છે, '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનનો કર્તા છે અને પુદ્‌ગલપરિણામનું જ્ઞાન તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી...**' જુઓ, એ જે પર્યાય છેને, એ વ્યાપક નામ દ્રવ્યથી સ્વયં પર્યાય વ્યાપ્ત થાય છે. એ પણ સ્વતંત્ર પર્યાય વ્યાપે છે એમ કહે છે. આહા..હા..! તે સમયની પર્યાય એ સ્વતંત્ર તે કર્તા વ્યાપકની વ્યાપ્ય છે. આહા..હા..! '**વળી આ રીતે (જ્ઞાતા પુદ્‌ગલપરિણામનું જ્ઞાન કરે છે તેથી)...**' હજી વિશેષ ચર્ચા ચાલે છે. આ રીતે આત્મા. જ્ઞાતા એટલે આત્મા. '**પુદ્‌ગલપરિણામનું...**' એટલે વ્યવહારરત્નત્રય વિકલ્પ આદિ તેનું જ્ઞાન કરે છે, તેનું જ્ઞાન કરે છે તેથી '**એમ પણ નથી કે પુદ્‌ગલપરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય છે;...**' વ્યવહારનું જ્ઞાન કરે છે તો વ્યવહાર આત્માનું વ્યાપ્ય થયું એમ નથી. આહા..હા..! આ જ્ઞાનીની વ્યાયામશાળામાં જ્ઞાનની કળા છે આ તો. કદી વ્યાયામશાળામાં ઈ આવ્યો નથી. સમજાણું કાંઈ?

કહે છે, '**આ રીતે (જ્ઞાતા પુદ્‌ગલપરિણામનું જ્ઞાન કરે છે તેથી)...**' પુદ્‌ગલપરિણામનું જ્ઞાન કરે છેને? રાગનો કર્તા છે એમ નથી કહેતા. વ્યવહારનું જ્ઞાન કરે છેને. ભલે વ્યવહાર નથી કરતો. તો '**એમ પણ નથી કે પુદ્‌ગલપરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય છે;...**' એ વ્યવહારરત્નત્રય પરિણામ આત્માના થઈ જાય એમ છે નહિ. શાંત ચિત્તથી એક ગાથા બરાબર સાંભળે તો બધો નિકાલ થઈ જાય એવું છે. આ નિમિત્ત-ઉપાદાન, વ્યવહાર-નિશ્ચય અને ક્રમબદ્ધ. વાંધા પાંચના છેને. પાંચના વાંધા. ઉપાદાન-નિમિત્તથી થાય છે અને વ્યવહારથી નિશ્ચય થાય અને ક્રમબદ્ધ નથી.

'**પુદ્‌ગલપરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય છે;...**' એમ નથી. વ્યવહાર પુદ્‌ગલના પરિણામ જે થયા તેનો આત્મા પોતાની પર્યાયમાં જ્ઞાતા થયો તે કારણે પુદ્‌ગલપરિણામ જીવની વ્યાપ્ય દશા થાય, તેની પર્યાય થઈ જાય, તેનું કાર્ય થઈ જાય એમ છે નહિ. સમજાણું કાંઈ? '**કારણ કે પુદ્‌ગલને અને આત્માને...**' અહીં પુદ્‌ગલ ભાઈ લઈ લીધા રાગ પરિણામ. બધા દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ પુદ્‌ગલ. પહેલા પુદ્‌ગલપરિણામ કહ્યા હતા. હવે કહે

છે '**કારણ કે પુદ્‌ગલને અને આત્માને જ્ઞેયજ્ઞાયકસંબંધનો વ્યવહારમાત્ર...**' તે વ્યવહાર. પરજ્ઞેય અને આત્મા જ્ઞાયક તે વ્યવહાર. નિશ્ચયથી તો પોતાનું જ્ઞાન પોતાનું જ્ઞાયક છે. આહા..હા..! '**કારણ કે પુદ્‌ગલને અને આત્માને...**' પુદ્‌ગલ સમજ્યા? દયા, દાન, વ્રત, ભક્તિ આદિ, વ્રતાદિના પરિણામ એ પુદ્‌ગલ અને આત્મા, બેમાં જ્ઞેયજ્ઞાયક સંબંધ. ફક્ત રાગાદિ પુદ્‌ગલના પરિણામ જ્ઞેય, પરજ્ઞેય. સ્વજ્ઞેય જ્ઞાયક. અને એ જ્ઞાયક અને આ જ્ઞેયનો, વ્યવહારમાત્ર જ્ઞેયજ્ઞાયકનો સંબંધ છે. તેમ '**હોવા છતાં પણ પુદ્‌ગલપરિણામ જેનું નિમિત્ત છે...**' જુઓ, પુદ્‌ગલ વ્યવહાર જેનું નિમિત્ત છે. કોનું? એ સમ્યગ્દર્શન જ્ઞાન પરિણામનું. લ્યો નિમિત્ત પણ નાખ્યું. નિમિત્તથી થયું નહિ એમ કહે છે.

'**વ્યવહારમાત્ર હોવા છતાં પણ પુદ્‌ગલપરિણામ જેનું નિમિત્ત છે એવું જે જ્ઞાન...**' જાણવું-દેખવું ભગવાન આત્માના પરિણામ તેમાં વ્યવહાર નિમિત્ત છે. એવું નિમિત્ત હોવા છતાં પણ '**તે જ જ્ઞાતાનું વ્યાપ્ય છે.**' તે જ્ઞાન જ જ્ઞાતાનું વ્યાપ્ય છે. કહો, સમજાણું કાંઈ? '**(માટે તે જ્ઞાન જ જ્ઞાતાનું કર્મ છે.)**' લ્યો! બહુ વાત ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૭૬

पुद्गलकर्म जानतो जीवस्य सह पुद्गलेन कर्तृकर्मभावः किं भवति किं न भवतीति चेत्—

ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जाए।
णाणी जाणंतो वि हु पोग्गलकम्मं अणेयविहं।।७६।।
नापि परिणमति न गृह्णात्युत्पद्यते न परद्रव्यपर्याये।
ज्ञानी जानन्नपि खलु पुद्गलकर्मानेकविधम्।।७६।।

यतो यं प्राप्यं विकार्यं निर्वर्त्यं च व्याप्यलक्षणं पुद्गलपरिणामं कर्म पुद्गलद्रव्येण

स्वयमन्तर्व्यापकेन भूत्वादिमध्यान्तेषु व्याप्य तं गृह्णता तथा परिणमता तथोत्पद्यमानेन च क्रियमाणं जानन्नपि हि ज्ञानी स्वयमन्तर्व्यापको भूत्वा बहिःस्थस्य परद्रव्यस्य परिणामं मृत्तिकाकलशमिवादिमध्यान्तेषु व्याप्य न तं गृह्णाति न तथा परिणमति न तथोत्पद्यते च, ततः प्राप्यं विकार्यं निर्वर्त्यं च व्याप्यलक्षणं परद्रव्यपरिणामं कर्माकुर्वाणस्य, पुद्गलकर्म जानतोऽपि ज्ञानिनः पुद्गलेन सह न कर्तृकर्मभावः।

---

હવે પૂછે છે કે પુદ્ગલકર્મને જાણતા એવા જીવને પુદ્ગલ સાથે કર્તાકર્મભાવ (કર્તાકર્મપણું) છે કે નથી? તેનો ઉત્તર કહે છે :-

**વિધવિધ પુદ્ગલકર્મને જ્ઞાની જરૂર જાણે ભલે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૬.**

ગાથાર્થઃ- [ज्ञानी] જ્ઞાની [अनेकविधम्] અનેક પ્રકારના [पुद्गलकर्म] પુદ્ગલકર્મને [जानन् अपि] જાણતો હોવા છતાં [खलु] નિશ્ચયથી [परद्रव्यपर्याये] પરદ્રવ્યના પર્યાયમા [न अपि परिणमति] પરિણમતો નથી, [न गृह्णाति] તેને ગ્રહણ કરતો નથી અને [न उत्पद्यते] તે-રૂપે ઊપજતો નથી.

ટીકા :- પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્યવ્યાપકલક્ષણવાળું (વ્યાપ્ય જેનું લક્ષણ છે એવું) પુદ્ગલના પરિણામસ્વરૂપ જે કર્મ (કર્તાનું કાર્ય), તેનામાં પુદ્ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું, તે-રૂપે પરિણમતું અને તે-રૂપે ઊપજતું થકું, તે પુદ્ગલપરિણામને કરે છે; આમ પુદ્ગલદ્રવ્ય વડે કરવામાં આવતા પુદ્ગલપરિણામને જ્ઞાની જાણતો હોવા છતાં, જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, ઘડાને ગ્રહે છે, ઘડારૂપે પરિણમે છે અને ઘડારૂપે ઊપજે છે તેમ, જ્ઞાની પોતે બાહ્યસ્થિત (બહાર રહેલા) એવા પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી, તે-રૂપે પરિણમતો નથી અને તે-રૂપે ઊપજતો નથી; માટે, જોકે જ્ઞાની પુદ્ગલકર્મને જાણે છે તોપણ, પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ, તેને નહિ કરતા એવા તે જ્ઞાનીને પુદ્ગલ સાથે કર્તાકર્મભાવ નથી.

ભાવાર્થઃ- જીવ પુદ્ગલકર્મને જાણે છે તોપણ તેને પુદ્ગલ સાથે કર્તાકર્મપણું નથી.

સામાન્યપણે કર્તાનું કર્મ ત્રણ પ્રકારનું કહેવામાં આવે છે- નિર્વર્ત્ય, વિકાર્ય અને પ્રાપ્ય. કર્તા વડે, જે પ્રથમ ન હોય એવું નવીન કાંઈ ઉત્પન્ન કરવામાં આવે તે કર્તાનું નિર્વર્ત્ય કર્મ છે. કર્તા વડે, પદાર્થમાં વિકાર-ફેરફાર કરીને જે કાંઈ કરવામાં

આવે તે કર્તાનું વિકાર્ય કર્મ છે. કર્તા, જે નવું ઉત્પન્ન કરતો નથી તેમ જ વિકાર કરીને પણ કરતો નથી, માત્ર જેને પ્રાપ્ત કરે છે તે કર્તાનું પ્રાપ્ય કર્મ છે.

જીવ પુદ્ગલકર્મને નવીન ઉપજાવી શકતો નથી કારણ કે ચેતન જડને કેમ ઉપજાવી શકે? માટે પુદ્ગલકર્મ જીવનું નિર્વર્ત્ય કર્મ નથી. જીવ પુદ્ગલમાં વિકાર કરીને તેને પુદગલકર્મરૂપે પરિણમાવી શકતો નથી કારણ કે ચેતન જડને કેમ પરિણમાવી શકે? માટે પુદ્ગલકર્મ જીવનું વિકાર્ય કર્મ પણ નથી. પરમાર્થે જીવ પુદ્ગલને ગ્રહણ કરી શકતો નથી કારણ કે અમૂર્તિક પદાર્થ મૂર્તિકને કઇ રીતે ગ્રહણ કરી શકે? માટે પુદ્ગલકર્મ જીવનું પ્રાપ્ય કર્મ પણ નથી. આ રીતે પુદ્ગલકર્મ જીવનું કર્મ નથી અને જીવ તેનો કર્તા નથી. જીવનો સ્વભાવ જ્ઞાતા હોવાથી જ્ઞાનરૂપે પરિણમતો પોતે પુદ્ગલકર્મને જાણે છે; માટે પુદ્ગલકર્મને જાણતા એવા જીવનો પરની સાથે કર્તાકર્મભાવ કેમ હોઈ શકે? ન જ હોઈ શકે.

---

## ભાદરવા વદ-૧૪, શુક્રવાર, તા. ૦૬-૧૦-૧૯૭૨
## ગાથા-૭૬, પ્રવચન-૧૮૩

**પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.**

આ સમયસાર, કર્તા-કર્મ અધિકાર, ૭૬-ગાથા. પ્રશ્ન છે નીચે. **'હવે પૂછે છે કે પુદ્ગલકર્મને જાણતા એવા જીવને પુદ્ગલ સાથે કર્તાકર્મભાવ (કર્તાકર્મપણું) છે કે નથી?'** એવો પ્રશ્ન છે. જાણવાનું કામ કરે છેને, જાણે તો છે. તો જાણે છે તો તેની સાથે કર્તાકર્મભાવ છે કે નહિ? કાંઈ સંબંધ ન હોય તો તો ઠીક એમ કહે છે. જાણે તો છે. જ્ઞાની ધર્માત્મા, જે રાગાદિ આવે છે તેને જાણે તો છે. સમ્યગ્દૃષ્ટિથી માંડીને મુનિ જાણે છે. એ જાણવાના કાર્યમાં કર્તાકર્મ સંબંધ થઈ જાય છે કે નહિ? એ પ્રશ્ન છે.

ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जाए।
णाणी जाणंतो वि हु पोग्गलकम्मं अणेयविहं।।७६।।

નીચે હરિગીત.

**વિધવિધ પુદ્‌ગલકર્મને જ્ઞાની જરૂર જાણે ભલે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૬.**

અહીંયાં તો પરદ્રવ્ય પર્યાયની વ્યાખ્યા જ એવી છે. જેટલા શુભાશુભ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ થાય તે બધા પરદ્રવ્ય પર્યાય છે. છેને પાઠમાં? સમજાણું કાંઈ? પહેલા અન્વયાર્થ લઈએ ટૂંકા શબ્દોમાં. છેને?

‘**અન્વયાર્થ :- જ્ઞાની...**’ ધર્મી જીવ, સમ્યગ્દૃષ્ટિ જીવ જેને આત્માનું આત્મજ્ઞાન થયું છે તે જીવ ‘**અનેક પ્રકારના પુદ્‌ગલકર્મને જાણતો હોવા છતાં...**’ એ પુણ્ય અને પાપના વિકલ્પ આદિ રાગ તે પુદ્‌ગલકર્મ છે. તેને જાણતો હોવા છતાં ‘**નિશ્ચયથી પરદ્રવ્યમાં પરિણમતો નથી,...**’ એ વ્યવહારરત્નત્રયના પરિણામમાં પણ સમકિતી પરિણમતો નથી. આહા..હા..! અમરચંદભાઈ! માર્ગ તો આવો છે, પ્રભુ!

ભગવાન આત્મા એ જ્ઞાનસ્વભાવે આનંદસ્વરૂપે જ્યાં અનુભવમાં આવ્યો તે તે સમયે જેટલો રાગાદિ થાય છે તે બધા સ્વદ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્યની પર્યાય જ કહેવામાં આવ્યા છે. તે ‘**અનેક પ્રકારના પુદ્‌ગલ...**’ કર્મ કહો કે પરદ્રવ્યની પર્યાય કહો. સમજાણું કાંઈ? ‘**પરદ્રવ્યમાં પરિણમતો નથી,...**’ આહા..હા..! ‘**न गृह्णाति**’ એ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ વ્રતાદિના તેને જ્ઞાની ગ્રહતો નથી. કેમકે એ તો પુદ્‌ગલકર્મનું પરિણમન છે, પોતાનો સ્વભાવ નહિ. આહા..હા..! ‘**તે-રૂપે ઊપજતો નથી.**’ ધર્મી જીવ જેને આત્મા સમ્યગ્દર્શનમાં શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે એવો અનુભવ થયો અને આત્માનો અતીન્દ્રિય આનંદસ્વરૂપ પ્રભુ, તેના આનંદના સ્વાદની સાથે અનંત ગુણની વ્યક્ત પર્યાયે પરિણમ્યો તે સમ્યગ્દૃષ્ટિ ચોથે, પાંચમે કે છઠ્ઠે, તે (પરદ્રવ્યપર્યાયપણે) ઉપજતો નથી. પરિણમતો નથી, ગ્રહતો નથી, ઉપજતો નથી. ત્રણ બોલ લીધા. એ ત્રણની વ્યાખ્યા ટીકામાં કરશે.

‘**ટીકા :- પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્યવ્યાપકલક્ષણવાળું (વ્યાપ્ય જેનું લક્ષણ છે એવું) પુદ્‌ગલના પરિણામસ્વરૂપ જે કર્મ (કર્તાનું કાર્ય),...**’ પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એટલે જે સમયે જે રાગાદિ વિકલ્પ ઉત્પન્ન થવાનો છે તે પ્રાપ્ય. વિકાર્ય (એટલે) પૂર્વની અવસ્થા બદલીને થયું તે વિકાર્ય. વસ્તુ તો એની એ છે. એક સમયમાં જે વિકારના પરિણામ ઉત્પન્ન થવાના છે જે સમયે તે પ્રાપ્ય અને પૂર્વની પર્યાય બદલીને ઉપજ્યા તો તેને જ વિકાર્ય કહેવામાં આવે છે અને નહોતો અને ઉપજ્યો તે અપેક્ષાએ તેને જ નિર્વર્ત્ય કહેવામાં આવે છે. સૂક્ષ્મ છે થોડું. ચારેય ગાથા બહુ સૂક્ષ્મ છે. ૭૬, ૭૭, ૭૮. સમજાણું કાંઈ? ધીમેથી કહીએ છીએ. ધીમેથી સમજાય આવે. ખબર પડે.

એ ‘**પ્રાપ્ય,...**’ જેમ ઉત્પાદ, વ્યય અને ધ્રુવ ત્રણ બોલ છેને? એ તો ઉત્પાદ-વ્યય પર્યાય અને ધ્રુવ ત્રિકાળ. પણ અહીંયાં તો પ્રાપ્ય તે સમયનું ધ્રુવ છે. રાગાદિ, પુણ્યાદિ,

દયા, દાન, વ્યવહારરત્નત્રયનો વિકલ્પ જે સમયે ઉત્પન્ન થાય છે તે પ્રાપ્ય. ધ્રુવ તે જ સમયે ઉત્પન્ન થવાનો હતો તે પ્રાપ્ય.

મુમુક્ષુ :- ધ્રુવ એટલે ત્રિકાળ દ્રવ્ય?

ઉત્તર :- ત્રણેય પર્યાય. સૂક્ષ્મ વાત છેને, ભાઈ! આ તો અધ્યાત્મ વસ્તુ છે.

એક સમયમાં જે વિકારનો ભાવ જે સમકિતીનો (થાય છે) એમ કહેવું તે પણ વ્યવહાર છે, તો એને જે સમયે જે પ્રકારનો રાગ વ્યવહાર દયા, દાન, ભક્તિ, પૂજા આદિના જે પરિણામ તે જ સમયે, તે જ કાળે પ્રાપ્ય-પ્રાપ્ત થવાનો હતો તે થયો તેને પ્રાપ્ય કહે છે. છે પર્યાય વિકારી. તેને વિકાર્ય કહે છે. વર્તમાનની ધ્રુવતા-નિશ્ચળતાની અપેક્ષાએ પ્રાપ્ય છે. પૂર્વની અપેક્ષાએ બદલીને થયો માટે વિકાર્ય કહે છે. વસ્તુ એની એ. '**નિર્વર્ત્ય...**' અને બદલીને થયું એ પહેલા ઉપજ્યો એમ તેને કહે છે. વિકારી પર્યાય દયા, દાન, વ્રતાદિ વ્યવહાર તે ઉપજ્યો તે નિર્વર્ત્ય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એક પર્યાયના, એક કર્મના ત્રણ પ્રકાર. કહો, શેઠ! સમયસાર છેને ઘરે? ભાઈ એમ કહે છે સમયસાર છે. પણ વાંચ્યું છે કદી? આહા..હા..! પહેલા સમજે. વાંચે તો ખબર પડે કે હું આ સમજતો હતો અને આ નીકળ્યું એમાંથી. એમ મેળવણી કરે તો ખ્યાલમાં આવે કે હું આમ સમજતો હતો અને આ નીકળ્યું બીજું. સમજાણું કાંઈ?

અમારા માસ્તર હતા નિશાળના. નરોત્તમ આ તો ૧૨ વર્ષની ઉંમરની વાત છે. ૭૧ વર્ષ પહેલા. પુસ્તક ઘરેથી વાંચીને મારી પાસે આવજો. તમે શું સમજ્યા છો? અને અમે એનો શું અર્થ કરીએ છીએ એની મેળવણી થાય. માસ્તર કહેતા હતા. આ ચોપડી પાંચમી-છઠ્ઠી. હું તો છઠ્ઠા ધોરણ સુધી જ ભણ્યો છું ગુજરાતી. અંગ્રેજી-ફંગ્રેજી કાંઈ નહિ. એ માસ્તર કહેતા હતા. બૈરા નહોતા. રાંધે પોતે. રાંધતી વખતે બધા છોકરા હોયને એને બેસાડે. પાઠનો અર્થ આપે. વાંચીને આવજો એમ કહે. સમજાણું કાંઈ? વાંચીને આવજો. તો અમે શું અર્થ કરીએ છીએ એની મેળવણી થશે.

અહીંયા કહે છે... આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય મૂળ પાઠનો અર્થ છે. ટીકા કરે છે કે '**ટીકા :- પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું,** વ્યાપ્ય...' વ્યાપ્ય કહો કે પર્યાય કહો, અવસ્થા કહો, કર્મ કહો, કાર્ય કહો. એ કાર્ય લક્ષણવાળા પુદ્ગલના પરિણામ. પુદ્ગલના પરિણામ એ રાગાદિ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ પુદ્ગલના પરિણામ. ..ભાઈ! કહો, આ તો સમજાય છે કે નહિ? ત્યાં અમારે ... મુંબઈમાં વાંચનાર છે. '**પુદ્ગલના પરિણામસ્વરૂપ જે કર્મ** (કર્તાનું કાર્ય),...' એ પુદ્ગલ કર્તા તેનું એ રાગ, દયા, દાન, વ્યવહારરત્નત્રયનો વિકલ્પ તે કર્તાનું કાર્ય, કર્મનું કાર્ય. પ્રશ્ન શું છે શિષ્યનો? કે '**પુદ્ગલકર્મને જાણતા એવા**

**જીવને પુદ્ગલ સાથે કર્તાકર્મભાવ (કર્તાકર્મપણું) છે કે નથી?**' આ પ્રશ્ન છે. છે ઉપર છે, સંસ્કૃત છે. '**पुद्गलकर्म जानतो जीवस्य सह पुद्गलेन कर्तृकर्मभावः किं भवति किं न भवतीति चेत्—**' આહા..હા..! આ તો ભગવાનનું શાસ્ત્ર છે. ભાગવત શાસ્ત્ર. ઓલામાં ભાગવત કહે છે એ તો સમજવા જેવી વાત છે. અન્યમતિમાં કહે છેને ભાગવત. આ તો ભાગવત શાસ્ત્ર.

કહે છે કે પ્રાપ્ય—તે સમયે પ્રાપ્ત થનાર વિકારને પ્રાપ્ય કહે છે અને વિકાર્ય—પહેલા હતું તેનાથી બદલીને થયું, એની એ વાત હોં, તેને વિકાર્ય કહે છે અને એ ઉપજ્યો તે અપેક્ષાએ તેને નિર્વર્ત્ય કહે છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ સિદ્ધાંત લીધો. એ ધ્રુવ ત્રિકાળની અહીંયા વાત નથી. સમજાણું કાંઈ? નિર્વર્ત્ય એ ઉપજ્યું, વિકાર્ય વ્યય થઈને આવ્યું અને પ્રાપ્ય નામ તે સમયે આવનાર હતું તે આવ્યું છે. આહા..હા..! એવા વ્યાપ્યલક્ષણવાળા, વ્યાપ્ય લક્ષણ જેનું છે, અવસ્થા જેનું લક્ષણ છે એમ કહે છે. પરદ્રવ્ય પર્યાય સિદ્ધ કરવી છેને. અવસ્થા લક્ષણવાળા પુદ્ગલના પરિણામ. એ પુદ્ગલના પરિણામ છે. સ્વરૂપી કર્મ. પુદ્ગલના પરિણામ સ્વરૂપી કાર્ય.

'**તેનામાં પુદ્ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને,...**' એ વ્યવહારરત્નત્રયના વ્રતાદિ, નિયમાદિ, તપાદિનો વિકલ્પ જે છે તેમાં પુદ્ગલદ્રવ્ય સ્વયં આત્માની નિર્મળતાની અપેક્ષા રાખ્યા વિના... સમજાણું કાંઈ? અથવા આત્માની નબળાઈને કારણે ઉપજ્યો તેવી અપેક્ષા રાખ્યા વિના. સમજાણું કાંઈ? '**તેનામાં પુદ્ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને,...**' સ્વયં પોતાથી જ વિકારી પરિણામમાં પ્રસરીને, વિસ્તાર થઈને '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...**' આહા..હા..! કેટલું સ્પષ્ટ કર્યું છે! જેટલા વ્યવહારના વિકલ્પ ઉત્પન્ન થાય છે, વ્રત, તપાદિનો. જેને શાસ્ત્રમાં પણ વ્યવહારે જિનઆજ્ઞાનો વ્યવહાર કહ્યો છે. સમજાણું કાંઈ? એ આજ્ઞાનો, વ્યવહાર આજ્ઞાનો જે વ્યવહાર તે રાગના પરિણામ છે, પુદ્ગલના પરિણામ છે, પુદ્ગલનું કાર્ય છે. પુદ્ગલ કર્તા અને તેનું એ કર્મ છે. તેમાં આદિ, આદિ-મધ્ય અને અંતમાં પુદ્ગલ જ એનું કારણ છે. આહા..હા..! એ વિભાવ જે ઉપજ્યો તેની આદિમાં જરી આત્માની નબળાઈ આદિમાં હતી એમ નથી. એ પુદ્ગલદ્રવ્ય જ. અહીંયાં તો સ્વભાવદૃષ્ટિ જ્યાં થઈ, સમ્યગ્દર્શન ચોથું ગુણસ્થાન જ્યાં થયું ત્યાં પોતાનો શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનરૂપે જ્યાં અનુભવમાં આવ્યો તેવા ધર્મી જીવને જે રાગાદિ પ્રવૃત્તિમાં દેખાય છે એ રાગની આદિમાં પુદ્ગલ છે. એની શરૂઆત પુદ્ગલથી થઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કર્મ પુદ્ગલ. નોકર્મ. આ ... લેવું છે. ... બાકી તો જ્ઞાનની હીણી દશા ઉપજે

છે તેમાં જ્ઞાનાવરણીય નિમિત્ત છે. સમજાણું કાંઈ? ... દર્શનાવરણીય નિમિત્ત છે. વીર્યની પર્યાયમાં વીર્ય નિમિત્ત છે. બધા નિમિત્ત-નૈમિત્તિક સંબંધના જે કાર્ય છે ...

કહે છે, ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવ પરિપૂર્ણ પ્રભુ સમ્યગ્દષ્ટિ જીવને જ્યાં પોતાની દષ્ટિનો વિષય ધ્રુવ થયો, તો એની પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી પર્યાય એ ધર્મીનું વ્યાપ્ય છે. સમજાણું કાંઈ? અને વ્યાપક તે પોતાનો આત્મા છે. તે ક્ષણે રાગાદિ જે થાય છે, વર્તમાન સ્થિતિ એવી થઈ છે કે લોકોને મૂળ સત્ય હજી શાસ્ત્ર શું કહે છે એ સમજવામાં હજી પરસેવો ઉતરે છે. આહા..હા..! એ શાસ્ત્ર શું કહે છે ઈ, હોં! પછી સમજવું, અંતરમાં ઉતરાવું, ધર્મ પર્યાય પ્રગટ કરવી એ તો અલૌકિક ચીજ છે. .... સમજાણું કાંઈ? ૬૫ વર્ષથી સાંભળતા હતા. દુકાન ઉપર પણ અમે તો વાંચતા હતા. બહુ આવતા હતા સાધુ આવતા, અન્યમતિના, વેદાંતીના પણ ઘણા આવતા હતા. અમે તો બધાનો પરિચય કરતા હતા કે આ શું કહે છે? નાની ઉંમરમાં ૧૮ વર્ષથી. .. આહા..હા..!

કહે છે, ભગવાન! એકવાર સાંભળ તો ખરો નાથ! તારી ચીજ જ્યાં તારી દષ્ટિમાં આવી, પૂર્ણાનંદ અને પૂર્ણ જ્ઞાન અને અનંત આનંદ આદિ સ્વભાવનો પિંડ પ્રભુ, જે સમ્યગ્દર્શનનું ધ્યેય, વિષય એનું જ્યાં અંતરમાં ભાન થયું તો સમ્યગ્દષ્ટિને એ ભૂમિકામાં જેટલો વ્યવહાર વ્રતનો, નિયમનો, સત્ય આદિનો વિકલ્પ રાગ આવે છે એ રાગમાં '**પુદ્ગલ દ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને...**' આદિમાં તે પુદ્ગલ.. ઓહો..હો..! મધ્યમાં પણ પુદ્ગલ અને અંતમાં પણ પુદ્ગલ. સમજાણું કાંઈ? કોઈ એમ કહે કે ભાઈ, વિકાર થાય તો એની આદિમાં નિમિત્ત કર્મ છે એમ તો ન હો, પોતાની પર્યાયની નબળાઈ એમ તો ન હો. ધર્મીને હોં!

બે ભાવ થઈ ગયા. એક કોર ભગવાન અને એક કોર આખી દુનિયા. એક કોર રામ અને એક કોર ગામ. એક કોર આત્મરામ. 'નિજપદ રમે સો રામ કહીએ. રાગમાં રમે તે હરામ કહીએ.' સમજાણું કાંઈ? આહા..હા..! ત્યારે કહે એ રાગ થાય છેને. વીતરાગ ક્યાં થઈ ગયો છે? સાંભળ તો ખરો, પ્રભુ! એ રાગ છે તે સમયનો પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય તે પુદ્ગલ પરિણામનું સ્વરૂપ કાર્ય છે. તેમાં પુદ્ગલ દ્રવ્ય સ્વયં અંતર્વ્યાપક અંતર્વ્યાપક, એ રાગમાં અંતર્વ્યાપક થઈને, એ રાગના પરિણામમાં પુદ્ગલ જ આદિ છે, પુદ્ગલ જ મધ્ય છે, આ તો વિશેષ સ્પષ્ટ કર્યું છે અને પુદ્ગલ એ અંત છે. એક સમયમાં ત્રણ. પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય તે કર્મ પણ એક જ છે. એક સમયમાં. સમજાણું કાંઈ? બે સમય નથી. પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય. બીજો સમય પ્રાપ્યનો, વિકાર્યનો બીજો અને નિર્વર્ત્યનો ત્રીજો. ફક્ત અહીંયાં એ સમયે ધર્મીને તે સમયનો રાગ જે થયો તે પ્રાપ્ય, બદલીને થયો તે વિકાર્ય, ઉપજ્યો તે નિર્વર્ત્ય. એક જ કર્મની ત્રણ અપેક્ષા. હવે એ જ કર્મ પુદ્ગલના કાર્યમાં આદિ-મધ્ય અને અંતમાં એ જડ છે. ભગવાનજીભાઈ! આમાં કાંઈ પૈસા-બૈસાનું આવતું

નથી. પણ પૈસા હુશિયારીથી મેળવે એ આવે કે નહિ? હુશિયારીથી પૈસા મેળવ્યા તે આવે? ધૂળમાંય ન આવે. એ તો ક્યાંય જડનું કાર્ય છે બહારનું. આહા..હા..!

અહીંયાં તો ભગવાન કુંદકુંદાચાર્યદેવ પોતાના ભાવમાં જે છે એ વાત વાણી દ્વારા પ્રસિદ્ધ કરે છે. જગત પાસે જાહેર કરે છે, ભાઈ! જ્યાં સુધી અજ્ઞાન હતું ત્યાં સુધી તો તે રાગ મારો છે, રાગનો કર્તા હું, તે કામ મારું, કરણ મારું, સાધન મારું, સંપ્રદાન મારું, અપાદાન નામ ... મારું અને આધાર મારો. એ તો પુદ્ગલના પરિણામના કર્તાકર્મ અજ્ઞાનભાવે માન્યું. ત્યાં સુધી તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? પણ અહીંયાં તો સમ્યગ્દર્શન થયું ધર્મની પહેલી સીઢી શરૂઆત થઈ. ત્યાં ધર્મીને નબળાઈને લીધે જે રાગાદિ વ્યવહારરત્નત્રય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતનો, બાર વ્રતનો વિકલ્પ અને શાસ્ત્ર ભણવાનું પર તરફનું લક્ષ હતું વિકલ્પ, તે વિકલ્પમાં પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય ત્રણ બોલ લાગુ પડે છે. અને એ ત્રણમાં પણ આદિ-મધ્ય-અંતમાં પુદ્ગલ છે એમ લાગુ પડે છે. અરે..! શું વસ્તુ છે એ સાંભળવા મળે નહિ. સાંભળવા મળે નહિ તો સમજે ક્યાંથી? સમજાણું કાંઈ? અમે ચારિત્ર કરી શકતા નથી. પણ ચારિત્ર કરી શકતો નથી, પણ પહેલા સમ્યગ્દર્શન શું છે એની તો તને ખબર નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો આખા સંસારની પર્યાય, કહે છે કે તેના આદિ-મધ્ય-અંતમાં પુદ્ગલદ્રવ્ય સ્વયં વ્યાપ્ત છે. સમજાણું કાંઈ? ધીમે ધીમે કહીએ છીએ. થોડું વિચારમાં લઈ શકે .. રહે. કહો, શેઠ! થોડો અભ્યાસ કરવાનો વખત છે નહિ. અંગ્રેજીના પ્રોફેસર બોલેને એકદમ એક કલાક એવી આ વાત નથી. આહા..હા..! **'આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું,...'** એ પ્રાપ્ય. પુદ્ગલ જ રાગભાવરૂપી પુદ્ગલના પરિણામ તેને ગ્રહતું થકું તે પ્રાપ્ય. સમજાણું કાંઈ? **'તે-રૂપે પરિણમતું...'** એ વિકાર્ય. **'અને તે-રૂપે ઊપજતું થકું,...'** એ નિર્વર્ત્ય. સમજાણું કાંઈ? કળશ હતો ઈ છોડી દીધો. આ ગાથા જરી .. સાંજે. પાછા જલદી આવજો શેઠ! ચાર-પાંચ વર્ષે આવે. પંડિતજી! શેઠ ચાર-પાંચ વર્ષે આવે છે. શેઠ તો કહેતા હતા, અમારે બહેન આવેને. કે શેઠ બહુ કહે છે પછી ... કોઈ કહેતા હતા. અહીંયાં ખબર નથી, કોક કહેતું હતું. ચંદુભાઈ કહેતા હતા. આહા..હા..! આવી વાત દુર્લભ છે ભગવાન! સમજાણું કાંઈ? વીતરાગની દિવ્યધ્વનિનો આ સાર છે.

કુંદકુંદાચાર્ય કહે છે કે આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને તેને એટલે જે રાગાદિ આવ્યો તેને પુદ્ગલ ગ્રહે છે. પુદ્ગલ પ્રાપ્ત કરે છે. કર્મ પુદ્ગલ તેને પ્રાપ્ત કરે છે. આત્મા પ્રાપ્ત કરે એમ નહિ. સમજાણું કાંઈ? આ તો આપણે ૧૭મી વાર વંચાય છે. ૧૬ વાર તો આખું સમયસાર વંચાઈ ગયું. **'આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...'** કોણ વ્યાપીને? પુદ્ગલદ્રવ્ય સ્વયં સ્વતંત્ર થઈને. પરની કે આત્માની નબળાઈની અપેક્ષા રાખ્યા વિના. આહા..હા..! ગજબ

વાત છે. વ્યવહાર, દયા, દાન, ભક્તિ, પૂજા ભગવાનની આદિ એવો જે રાગ છે તે પુદ્ગલના પરિણામ છે. તેમાં પુદ્ગલનું તે કાર્ય છે તેમાં પુદ્ગલ સ્વયં અંતર્વ્યાપક થઈને. આદિમાં પણ પુદ્ગલ, મધ્યમાં પણ પુદ્ગલ અને અંતમાં પુદ્ગલ છે. ભગવાન આત્માની કોઈ અપેક્ષા રાગને નથી એમ કહે છે. વ્યવહારરત્નત્રયનો જે વિકલ્પ છે, રાગ છે એમાં આત્માની બિલકુલ કોઈ અપેક્ષા નથી. ... '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું,...**' તે પુદ્ગલ ગ્રહતો એનો અર્થ? એ પુદ્ગલની તે જ સમયે તે જ રાગની પર્યાય હતી અને થવાની હતી અને થઈ. તેને પુદ્ગલ પહોંચી વળ્યું, આત્મા એને પહોંચી વળે એમ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અંદરમાં ... જાણે છે કે આ રાગ મારો નથી બસ એટલું. મારો આનંદ છે તે હું, આનંદથી વિપરીત ભાવ દુઃખ દેખાય છે તે મારા નથી. એવી ટુંકી વાત તિર્યંચમાં પણ જાણે છે. સમકિતી અસંખ્ય છે પાંચમા ગુણસ્થાનવાળા અસંખ્ય છે બહાર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જાણે નહિ? કોણ ના પાડે છે? ... જાણે.. મૂળ માર્ગ ... એમ ધારણા કરી એ શું ચીજ છે? અસંખ્ય સમકિતી. એક મિથ્યાદૃષ્ટિ અસંખ્ય તિર્યંચ અને એક સમકિતી. એવા-એવા અસંખ્ય સમકિતી અને અસંખ્યગુણા મિથ્યાદૃષ્ટિ તિર્યંચ પશુ છે. અને એક પંચમ ગુણસ્થાનવાળો તિર્યંચ અને.. સમજાણું કાંઈ? અસંખ્ય મિથ્યાદૃષ્ટિ તિર્યંચ. બહુ સંખ્યા છેને તિર્યંચની? ક્ષાયિક સમકિતદૃષ્ટિ અત્યારે પણ બહાર છે. ભોગભૂમિ છેને બહારની, ઉત્તરકુરુ, દેવકુરુ આ બીજી ભૂમિ. જઘન્ય એ બધું છે. બીજી. ... કેવા? સ્વયંભૂરમણ સમુદ્ર છે. .. ત્યાં .. છે. તે બધામાં એવા અસંખ્ય લવણ સમુદ્ર, ... સમુદ્ર અને .. ત્રણેમાં મચ્છ છે. બીજા સમુદ્રમાં મચ્છ ... નથી, ત્રસ પણ નથી અને બીજા દ્વીપ અસંખ્ય છે એમાં સિંહ, વાઘ આદિ સમકિતી છે. પણ અસંખ્યગુણા મિથ્યાદૃષ્ટિ એની સામે એક સમકિતી. એવા-એવા અસંખ્ય સમ્યગ્દૃષ્ટિ છે. કેમકે ભગવાન એમ કહે છે કે અનંત કાળમાં તેં ભવ કર્યા, અનંત કર્યા મનુષ્યના. અનંત બધાથી થોડા પણ અનંત કર્યા. એનાથી નરકના અસંખ્યગુણા અનંત (કર્યા). એક મનુષ્ય ભવ અને અસંખ્ય નરકના ભવ, એક મનુષ્ય અને અસંખ્ય નરકના ભવ. એવા મનુષ્યની સંખ્યાના જે અનંત આંકડા છે તેમાં નરકની સંખ્યા અસંખ્યગુણા ભવ કર્યા અત્યાર સુધી. એણે વિચાર કર્યા નથી, ભગવાને! આહા..હા..! અને એક નરકનો ભવ અને અસંખ્ય દેવના ભવ (કર્યા).

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અહીં તો મારે બીજું કહેવું છે. ઓલા તિર્યંચ યાદ આવ્યાને. મનુષ્યના અનંત, એનાથી અસંખ્યગુણા નરક, એનાથી અસંખ્યગુણા દેવ. પણ મનુષ્ય અનંત, એનાથી

અસંખ્યગુણા તો દેવના થયા. મનુષ્યમાંથી જાય તો એટલી સંખ્યા આવે ક્યાંથી? એ પશુમાંથી એટલા તિર્યંચ સ્વર્ગમાં જાય છે. પંચેન્દ્રિય હોં! સમજાણું કાંઈ? આહા..હા..! એક નરકનો ભવ અને અસંખ્ય દેવના ભવ. એવા-એવા નરકની અનંત સંખ્યા કરતા સ્વર્ગના દેવની સંખ્યા અસંખ્યગુણી અનંત. એ દેવ એટલા બધા ક્યાંથી આવ્યા? મનુષ્યની સંખ્યા કરતા તો નરકની સંખ્યા વધારે, તો આ અસંખ્યાત આવ્યા ક્યાંથી? એ તિર્યંચ પશુ એટલા છે, સમકિતી જે છે. મિથ્યાદૃષ્ટિ શુભભાવાળા પણ તિર્યંચ છે એ ચોથા દેવલોક સુધી ચાલ્યા જાય છે. સમજાણું કાંઈ? એક સમયમાં ચોથા દેવલોકમાં અસંખ્ય દેવ એક સમયમાં સાથે ઊપજે છે. એક સમયમાં.

મુમુક્ષુ :- તિર્યંચ પણ?

ઉત્તર :- તિર્યંચ. મનુષ્યમાં તો છે ક્યાં. આ તો અમારે ચર્ચા પહેલી સંપ્રદાયમાં થતી.

મુમુક્ષુ :- ભોગભૂમિ...

ઉત્તર :- એ ભોગભૂમિમાં અસંખ્ય છે. આ તો સમકિતી કહ્યા, દેવની વાત લીધીને. આ તો સંખ્યાત છે. આ ભોગભૂમિના અઢી દ્વીપ બહાર અસંખ્ય તિર્યંચ અને અસંખ્ય મચ્છ છે એમાંથી ગયા. ભોગભૂમિમાં અસંખ્યાતા છે. શું કહેવાય આ કર્મભૂમિ. દેવકુરુ, ઉત્તરકુરુ... એ તો સંખ્યાતા જ મનુષ્ય છે અને સંખ્યાતા ત્યાં પશુ છે. સમજાણું કાંઈ? આ તો અસંખ્ય ત્યાં જાય છે. એ ભોગભૂમિમાં અઢી દ્વીપ બહાર છેને. જઘન્ય ભોગભૂમિ. ત્યાં પલ્યોપમનું આયુષ્ય છે. એમાંથી મિથ્યાદૃષ્ટિ જાય, ... જાય. સમ્યગ્દૃષ્ટિ જાય તોપણ ... નરક કરતાં સ્વર્ગના ભવ અસંખ્યગુણા અનંતા થયા. સમજાણું કાંઈ? આહા..! ... એવી વાત છે.

અહીંયાં કહે છે કે તિર્યંચમાં પણ જ્યારે સ્વર્ગમાં એક સમયમાં ભાઈ! આ પ્રશ્ન ૭૯માં એક સાધુ આવ્યા હતા એણે પ્રશ્ન કર્યો હતો. ૭૯. .. કીધું એક સમયમાં આઠમા દેવલોકમાં આરાધક અસંખ્ય ઉપજે કે નહિ? આ પ્રશ્ન હતો. પંડિતજી! શું કહ્યું? ધર્મના આરાધક અસંખ્ય છે બહાર તો એમાંથી એક સમયમાં એક સરખી સ્થિતિવાળા અસંખ્ય દેવ ઉપજે કે નહિ આરાધક થઈને? એક સમયમાં અસંખ્ય ઉપજે એવો પાઠ છે. ત્યાં બોલી નાખે કે હા. કેમકે જો એક સમયમાં સરખી સ્થિતિવાળા અસંખ્ય ઉપજે તો સ્થિતિ પૂરી કરીને અસંખ્ય મનુષ્યમાં આવે છે. મનુષ્યમાં તો એટલી સંખ્યા છે નહિ. એક સમયમાં અસંખ્ય જીવો આરાધક થઈને આઠમે દેવલોકમાં ઉપજે છે, પણ સરખી સ્થિતિ નથી, વિષમ સ્થિતિ છે તો આગળ-પાછળ મરીને મનુષ્યમાં આવે છે. એવા ઘણા પ્રશ્ન હતા ૭૯ની સાલમાં. ૭૯. ૨૧ ને ૨૮, ૪૯ વર્ષ પહેલાની વાત છે. ....ઋષિ. આ .. બાપા! ... સમકિતી તો ઘણા જોઉં છું. ચારિત્ર કોને છે એ જોવા આવ્યો છું. સ્થાનકવાસીના સાધુ હતા. .. લોકોને રંજન કરે. લોકોને બિચારાને ખબર ન મળે. રાયચંદ ગાંધી હતા ગૃહસ્થ. બોલતા આહા.. શું પણ આહા? ગાયન બોલેને

ગાયન ભાઈ! 'મુનિકો સુણાવે માતા શ્રીકૃષ્ણજીકી' .. મુનિ આવે છેને? આહાર લેવા. છે તો કૃષ્ણના ભાઈ. પણ બીજે ઠેકાણે ઉછર્યા હતાને. તો બે મુનિ આવ્યા અને એક ગયા વળી બીજા આવ્યા, વળી .. ત્રીજા આવ્યા. 'માતાજી કૃષ્ણ.. મુનિ કો સુણાવે...' અરે મુનિ! તું અમારા ઘર સિવાય ભોજન નથી મળતું કે એક ઘરમાં ત્રણ ત્રણ વાર આવ્યા? મુનિ કહે છે, માતા! અમે ત્રણ વાર નથી આવ્યા. અમે એક માતાના ઉદરે ઉત્પન્ન થયેલા છ ભાઈ છીએ. છની ૩૨ કન્યા પદ્મણી જેવી છોડીને હું મુનિ થયો છું. એ તો અમારો ભાઈ આવ્યો હતો. અમે બીજીવાર નથી આવતા. ... એવા મુનિ છે. પણ એ વાત કરે લોકો.. તત્ત્વ શું? લોકોનું રંજન થાય. શું થાય? આહા..હા..! ભાઈ! વીતરાગનો માર્ગ તો આખા જગતથી નિરાળો છે. આહા..હા..!

અહીંયાં કહે છે કે મુનિને આહાર દેવાનો ભાવ આવ્યો સમકિતીને... આહા..હા..! એ પુદ્ગલ પરિણામ પ્રાપ્ય વિકાર્ય અને નિર્વર્ત્યમાં પુદ્ગલ વ્યાપ્ય થાય છે, ભગવાન તો એનાથી નિરાળો રહે છે. સમજાણું કાંઈ? ભાઈ! વીતરાગમાર્ગનું સમ્યગ્જ્ઞાન અલૌકિક ચીજ છે. એ કોઈ શાસ્ત્ર ભણતર થયું માટે જ્ઞાન થયું, કથા-વાર્તા કહેવાથી જ્ઞાન થઈ ગયું કે વ્રત ને નિયમ આદિ લીધા તો જ્ઞાન થઈ ગયું એવી વસ્તુ નથી, ભાઈ! આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માનો માર્ગ છે. એ પરમાત્મા કહે છે, પરમાત્માએ કહેલું સંત કહે છે. સંત તો વચ્ચે આડતિયા છે. આડતિયા કહે છેને? ... આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મિથ્યાદૃષ્ટિ નથી જાતા, સમકિતી જાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, કોણે કહ્યું પણ .. આ તો સંખ્યા છે એની વાત કરીએ છીએ અમે. અસંખ્ય પડ્યા છે. એટલા અસંખ્ય સમકિતી પડ્યા છે કે એમાંથી એક સમયમાં સરખી સ્થિતિવાળા નહિ, પણ વિષમ સ્થિતિવાળા એક સમયમાં અસંખ્ય આરાધક ઉત્પન્ન થાય છે. એ શબ્દમાં કાંઈ ફેરફાર પડે તો આખું તત્ત્વ ફરી જાય. આહા..હા..! એટલા સમકિતી છે તિર્યંચમાં. ઘણી સંખ્યા છે, ભાઈ! મનુષ્યમાં તો સંખ્યાત છે. અઢી દ્વીપમાં થોડા છે.

અહીં તો કહે છે કે ધર્મીને જે રાગ થાય છે એમાં આદિ-મધ્ય-અંતમાં પુદ્ગલ વ્યાપે છે. '**તેને ગ્રહતું,...**' તેને પ્રાપ્ત કરતું થકું. ગ્રહણ નામ પ્રાપ્ત. '**તે-રૂપે પરિણમતું...**' વિકાર્ય. '**અને તે-રૂપે ઊપજતું થકું,...**' નિવર્ત્ય '**તે પુદ્ગલપરિણામને કરે છે;...**' કોણ? એ પુદ્ગલદ્રવ્ય. બીજી લીટીમાં છે. સમજાણું કાંઈ? ભાઈ! આ કાંઈ ચોપડાની વાત નથી કે એકદમ સમજી જાય. આ તો ભગવાનના ઘરની વાતું ભાઈ! સમજાણું કાંઈ? કોઈ કરોડપતિ કે અબજપતિ હોય તો એનો મુનિમ કાંઈ ઘાંચી હોય? ભગવાનજીભાઈ! ૨૫નો પગાર આપીને

ઘાંચી બેસાડો ત્યાં તમારા થાણામાં. ઘાંચી શું કરે પચ્ચીસ પગારે? કરોડપતિનો ધંધો કેમ કરવો એને શું ખબર પડે. એમ સર્વજ્ઞ ત્રણ લોકના નાથ આહા..હા..! અરે! એ તે શું ચીજ છે! સમજાણું કાંઈ? એનો માર્ગ એના આડતિયા થઈને કહેવો, બાપુ બહુ અલૌકિક વાત છે. સમજાણું કાંઈ? નહિતર વિરોધ થઈ જશે ભગવાનના માર્ગમાં. દુનિયા રાજી રહે, ન રાજી એની સાથે શું સંબંધ છે? સમજાણું કાંઈ? દુનિયા કહે .. જુઓ ત્યાગ કર્યો. એની કિંમત છે કે નહિ? પણ ત્યાગ કોનો? હજી મિથ્યાત્વનો ત્યાગ નથી ત્યાં બીજો ત્યાગ આવ્યો ક્યાંથી? પહેલા તો મિથ્યાત્વ વ્રત, પ્રમાદ, કષાય, યોગ. તો પહેલા મિથ્યાત્વનો ત્યાગ થવો જોઈએ અંદર. એની તો ખબર નથી અને અવ્રતનો ત્યાગ કર્યો. ભ્રમમાં પડ્યો છે. એય..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મિથ્યા શ્રદ્ધા છે. આહા..હા..! હું પરનો ત્યાગ કરું તે શ્રદ્ધા જ મિથ્યાત્વ છે. કેમકે પરનો ત્યાગ-ગ્રહણ આત્મામાં છે જ નહિ. આહા..! અને વ્રત જે મિથ્યાત્વસહિત લે છે અને તે પાળે છે કદાચિત્ તોપણ મિથ્યાત્વનું જ પોષણ કરે છે. બાપુ! વાત તો એટલી છે હોં! કારણ કે વ્રત નથી અને વ્રત માને છે અને પરથી અધિક સમકિત ક્ષાયિક હોય અને છન્નું હજાર સ્ત્રી હોય ઘરે અને આ બાળબ્રહ્મચારી બહારના ત્યાગમાં હું અધિક છું એમ માને છે. સમ્યગ્દૃષ્ટિ કરતા.. મિથ્યાદૃષ્ટિની એને ખબર નથી. હું અધિક છે. કેટલો ત્યાગી થઈ ગયો છું અને કેટલા મેં વ્રત-નિયમ લઈ લીધા છે. સમજાણું કાંઈ?

કહે છે, એ પુદ્ગલ પરિણામનો પુદ્ગલ કર્તા છે. આહા..હા..! **'આમ પુદ્ગલદ્રવ્ય વડે કરવામાં આવતા...'** **'આમ પુદ્ગલદ્રવ્ય વડે...'** આદિ-મધ્ય-અંતમાં વ્યાપ્ત થઈને પ્રાપ્ય-વિકાર્ય-નિર્વર્ત્યરૂપ પરિણામને કરતો થકો **'કરવામાં આવતા પુદ્ગલપરિણામને જ્ઞાની જાણતો હોવા છતાં,...'** જુઓ, હવે આવ્યું. ધર્મી તેને જાણે. આ રાગ છે તેને જાણે. સમજાણું કાંઈ? છે? **'આમ પુદ્ગલદ્રવ્ય વડે કરવામાં આવતા પુદ્ગલપરિણામને...'** એટલે વ્યવહારરત્નત્રય આદિ રાગને **'જ્ઞાની જાણતો હોવા છતાં,...'** છતાં કેમ કહે છે કે જાણે છે તો શું એનું કર્મ છે એ? કર્તા છે ઈ? ના. સમજાણું કાંઈ? જ્ઞાની નામ સમ્યગ્દૃષ્ટિ, જ્ઞાની નામ આત્માના ભાનવાળો જીવ. **'જ્ઞાની જાણતો હોવા છતાં,...'** એ વ્યવહારરત્નત્રય પુદ્ગલના પરિણામ પ્રાપ્ય-વિકાર્ય-નિવર્ત્ય થઈને આદિ-મધ્ય-અંતમાં વ્યાપે છે. તેને સમકિતી સમ્યગ્દૃષ્ટિ જાણતો હોવા છતાં, **'જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને,...'** માટી સ્વયં ઘડામાં અંતર્વ્યાપક થઈને **'આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...'** એ ઘડાની આદિમાં માટી, મધ્યમાં માટી, અંતમાં માટી છે, કુંભાર નહિ. ભાઈ! ગજબ વાત છે. કુંભાર વિના ઘડો થાય છે? એય..! અહીંયાં તો કહે છે કુંભાર વિના જ ઘડો થાય છે, સાંભળ તો ખરો.

**'માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને,...'** માટી, ઘડાની આદિમાં માટી, મધ્યમાં

માટી, અંતમાં માટી. કુંભાર આદિમાં હતો માટે એને કારણે ઘડો થયો એમ નથી. આહા..હા..! હજી તો લૌકિક શ્રદ્ધા, લૌકિક લાઈનની વાત બેસવી કઠણ. આહા..! આ તો શાસ્ત્ર ખુલ્લા પડ્યા છે, આ કાંઈ નવા નથી. આહા..હા..! **'જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક...'** પોતે માટી અંતર્વ્યાપક થઈને ફેલાય છે. આદિમાં માટી, મધ્યમાં માટી, અંતમાં માટી. આદિમાં કુંભારની જરી મદદ થઈ તો આવો ઘડો થયો (એમ નથી). આહા..હા..! ગજબ વાત છે. મધ્યમાં થોડી મદદ થઈ તો એવો આકાર ઘડાનો બને છે. વ્યંજનપર્યાય આકૃતિ તો એવી થાય કે નહિ? ... એ માટીની પર્યાય, માટી એની પર્યાય આદિ-મધ્ય-અંતમાં છે. કુંભારનો હાથ આદિ-મધ્ય-અંતમાં ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓ અહીં રોટલી થાય છે. કહે છે કે રોટલીની પર્યાય લોટ પર્યાય અંતર્વ્યાપક થઈને રોટલીરૂપ થાય છે. તેની આદિ-મધ્યમાં એ આવે છે. રોટલીની આદિમાં તવો છે અને હાથથી શેકાય છે, અગ્નિ છે એમ બિલકુલ નથી.

મુમુક્ષુ :- અગ્નિ પણ નહિ?

ઉત્તર :- અગ્નિ-ફગ્નિ નહિ. આહા..હા..! એવી વાત છે. રોટલીમાં રોટલીની આદિ-મધ્ય-અંતમાં લોટ છે. એ લોટ અંતર્વ્યાપક થઈને રોટલીરૂપ થાય છે. આદિમાં પણ એ, મધ્યમાં પણ એ અને અંતમાં પણ એ. એમ આદિમાં તવો અને સ્ત્રીનો હાથ છે (એમ નથી). રોટલી બનાવે છે કે નહિ? .. ઓલા. લોટની. તવામાં નાખે. ફુલીનો દડો થાય. દડો થાય છેને. ફૂલીને સમજ્યાને રોટલી? ફુલે તો આદિ-મધ્ય-અંતમાં કોણ છે? ગજબ વાત છે. આ દુનિયાથી તો વિરૂદ્ધ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પુદ્ગલ કર્મને કરે છે. સમ્યગ્જ્ઞાની અહીં છેને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો મિથ્યાદષ્ટિ છે. સ્વયં મિથ્યાદષ્ટિ છે. .. પુદ્ગલ તો નિમિત્ત છે. એ તો પોતાનો આત્મા જ મિથ્યાદષ્ટિ થઈને પરિણમે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. પણ એ મિથ્યાદષ્ટિની વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ એની પર્યાય દ્રવ્ય નહિ. એ પર્યાય પ્રસરે છે અને જેની દષ્ટિ રાગ ઉપર છે તેની પર્યાયનો કર્તા અજ્ઞાની રાગનો જ કર્તા છે. પુદ્ગલ નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો સમકિતીની વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમાં એ છે નહિ. પણ મિથ્યાદૃષ્ટિ પુદ્ગલ પ્રસરતો નથી. કેમકે મિથ્યાત્વભાને જેણે પોતાનો માન્યો છે એણે પુદ્ગલને પોતાનો માન્યો છે. પછી પ્રશ્ન ત્યાં છે જ નહિ.

મુમુક્ષુ :- પ્રશ્ન એ છે કે જ્ઞાનીના રાગ પુદ્ગલ પ્રસરે

ઉત્તર :- એ તો વાત ચાલે છે. એ તો વાત બે દિવસથી ચાલે છે. જ્ઞાનીના રાગમાં પુદ્ગલ જ પ્રસરે છે. આત્મા ત્રણ કાળ, ત્રણ લોકમાં પ્રસરતો નથી. એ તો વાત ચાલે છે.

મુમુક્ષુ :- પુદ્ગલ પ્રસરે છે એ વાત કેવી?

ઉત્તર :- એ વાત છે. આહા..હા..! એ સમજવાની વાત છે. પુદ્ગલમાં થાય છે. એ રાગ પોતે પુદ્ગલ વિના છે પછી પ્રશ્ન શું? ગજબ વાત છે. મિથ્યાદૃષ્ટિ પુદ્ગલ પોતાના માને છે એની અહીં વાત નથી. અહીંયાં રાગ કાઢીને મારી ચીજ જ નથી. હું તો જ્ઞાયક છું. સમ્યગ્દૃષ્ટિની વાત ચાલે છેને? એમાં રાગ જ પુદ્ગલ થઈને પ્રસરે છે. આત્મા બિલકુલ નહિ. આહા..હા..! એવી વાત છે, ભાઈ! અને રાગમાં હું પ્રસરું છું એવી માન્યતા જેને છે તેને પુદ્ગલ નહિ. એ રાગમાં પ્રસરનારો અજ્ઞાની આત્મા એ તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! એક-એક ..વાતમાં બહુ સૂક્ષ્મતા છે. આહા..!

અહીં તો ઘડાની.. છેને? **'આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, ઘડાને ગ્રહે છે,...'** આહા..હા..! એ ઘડાની પર્યાયને માટી ગ્રહે છે. માટી પ્રાપ્યને ગ્રહે છે. એ સમયે ઘડાની પર્યાય પ્રાપ્ય છે. માટી ગ્રહે છે. કુંભાર નહિ. **'ઘડારૂપે પરિણમે છે...'** એ વિકાર્ય માટી. **'અને ઘડારૂપે ઊપજે છે...'** માટી. આહા..હા..! **'તેમ, જ્ઞાની પોતે બાહ્યસ્થિત (બહાર રહેલા) એવા...'** જુઓ ભાષા! પુણ્ય અને પાપના મિથ્યાત્વનો ભાવ એ અજ્ઞાની પોતાની પર્યાયમાં કરે છે એ તો અજ્ઞાનભાવ છે. એની વાત અહીંયાં નથી. અહીંયાં તો જ્ઞાની જ્યારે રાગથી ભિન્ન થઈને પોતાનું સ્વરૂપ જાણ્યું. એ જ્ઞાનીમાં રાગ શું ચીજ છે? ... **'તેમ, જ્ઞાની પોતે બાહ્યસ્થિત (બહાર રહેલા)...'** એ પુણ્યના પરિણામ દયા, દાનના એ તો ભગવાનની પર્યાયથી બાહ્યસ્થિત છે. સમકિતીની પર્યાયથી એ તો બાહ્યસ્થિત છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ...વાત નથી. એ તો .. થાય છે. શુદ્ધોપયોગ ગ્રહણ કરે છે. જ્ઞાની તો શુદ્ધોપયોગ ગ્રહે છે. વચ્ચે વિકલ્પ આવે છે તેને જાણે છે. આ જાણે છે. આ તો બહુ વાત ભાઈ! જૈનદર્શન. આ તો જગતના લોકોત્તર દર્શન, જૈનદર્શન ચિંતામણિ રત્ન. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કર્મચેતના. કર્મચેતના જ્ઞાનીને છે. એ કર્મચેતનાના પુદ્ગલ પરિણામ છે. આત્મામાં

તો જ્ઞાન ચેતના છે. ધર્મીને બસ. સમજાણું કાંઈ?

**'તેમ, જ્ઞાની પોતે બાહ્યસ્થિત** (બહાર રહેલા) **એવા પરદ્રવ્યના પરિણામમાં...'** જુઓ, પાઠમાં છેને પરદ્રવ્યપર્યાય? આ મૂળમાં એના પરદ્રવ્યના પરિણામ એ થયા. **'અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી,...'** આહા..હા..! એ રાગને આદિમાં આત્મા ગ્રહતો નથી સમકિતી, મધ્યમાં અને અંતમાં ગ્રહતા નથી. પ્રાપ્યરૂપ વિકાર્ય અને નિવર્ત્યરૂપ તે થતા નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે એ ભગવાન જ્ઞાતા-દૃષ્ટા જ છે. એ અસ્થિરતા છે તે એ પુદ્ગલ પરિણામમાં જ્ઞેયરૂપ જાય છે. લ્યો! .. જ્ઞાની પુદ્ગલ કર્મને જાણે છે. વ્યવહારને.

**'તોપણ, પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ, તેને નહિ કરતા એવા તે જ્ઞાનીને પુદ્ગલ સાથે કર્તાકર્મભાવ નથી.'** વ્યવહાર આત્માનું કાર્ય છે અને આત્મા તેનો કર્તા છે, સમકિતી અને જ્ઞાનીમાં એ વાત છે નહિ. આહા..હા..!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા વદ-૧૫, શનિવાર, તા. ૦૭-૧૦-૧૯૭૨
## ગાથા-૭૫, પ્રવચન-૧૮૪

૭૫ ગાથાનો ઉપોદ્ઘાત. **'હવે પૂછે છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ અર્થાત્ જ્ઞાની થયો એમ કઈ રીતે ઓળખાય?'** આ ધર્મ પામ્યો. એને ધર્મ થયો, જ્ઞાન પામ્યો અને જ્ઞાની થયો બધી એક જ વાત છે હોં. ધર્મી કોઈ બીજી ચીજ હશે અને જ્ઞાન પામ્યા બીજી ચીજ છે એમ નથી. એમ કે જ્ઞાનીની આ તો વાત છે પણ ધર્મી બીજી ચીજ છેને. ... એમ નથી. આત્મા ધર્મ સમજે, ધર્મ પામે ત્યારે એનું લક્ષણ શું? એનું ચિહ્ન શું? એમ પૂછ્યું એનો ઉત્તર કહેવામાં આવે છે.

कम्मस्स य परिणामं णोकम्मस्स य तहेव परिणामं।
ण करेइ एयमादा जो जाणादि सो हवदि णाणी।।૭૫।।
**પરિણામ કર્મ તણું અને નોકર્મનું પરિણામ જે**
**તે નવ કરે જે, માત્ર જાણે, તે જ આત્મા જ્ઞાની છે. ૭૫.**

**'ટીકા :- નિશ્ચયથી...'** આ પ્રશ્ન ૯૯માં ભાઈ સોમચંદભાઈએ કર્યો હતો. સોમચંદ

કેવા ઈ? ખારા. નિશ્ચયથી આ રાગ-દ્વેષ પુદ્ગલના છે એમ પૂછ્યું હતું. ભાઈ! એમ છે કે જ્યાં સુધી એ વિકારના ભાવ ઉપર દૃષ્ટિ છે અને જ્યાં સુધી તે મારા(પણે) સ્વીકારમાં છે ત્યાં સુધી તો અજ્ઞાનીને એના છે અને એનાથી જ ઉત્પન્ન થયા છે. સમજાણું કાંઈ? પણ એ તો ક્ષણિક વિકાર (છે). એટલે જેની દૃષ્ટિ વિકાર ઉપર, ક્ષણિક ઉપર છે અનાદિની એના તો એ પુણ્ય-પાપ, મિથ્યાત્વ, અજ્ઞાન, અવ્રત આદિ એના છે અને એનાથી જ ઉત્પન્ન થયા છે. કોઈ કર્મથી નહિ, તેમ તેના દ્રવ્ય-ગુણથી નહિ. પર્યાયમાં અજ્ઞાનીને મિથ્યાત્વ, અજ્ઞાન, અવ્રતાદિ ઉત્પન્ન થાય છે એ એની પર્યાયમાં દોષ છે. અને એ સહિત છું એવી માન્યતા છે એના એ રાગ, દ્વેષ અને અજ્ઞાન કહેવામાં આવે છે. આવું છે. કહો, નવનીતભાઈ! સમજાણું કાંઈ?

પણ જ્યાં ત્રિકાળી વસ્તુ અખંડ જ્ઞાનની મૂર્તિ પ્રભુ એની જ્યાં અંતર દૃષ્ટિ થઈ અને ધર્મરૂપે સ્વભાવ પરિણમ્યો, ઓલું તો વિકારરૂપે પરિણમન હતું, સમજાણું કાંઈ? કેમકે દૃષ્ટિમાં દ્રવ્ય તો છે નહિ, દૃષ્ટિ તો એકલી પર્યાય ઉપર છે. જેઠાભાઈ! શુભ અને અશુભભાવ એ મારા એવો મિથ્યાત્વભાવ, એ જ છું એના ઉપર દૃષ્ટિ હતી. તેથી અજ્ઞાનમાં તો એ સંસારના ભાવ બધા... માન્યા છે. સમજાણું કાંઈ? પણ ધર્મદૃષ્ટિ થતાં, ત્યાં તો ત્રિકાળી આવ્યો આત્મા, એકલો ચૈતન્યપિંડ પ્રભુ સાક્ષાત્ પોતે શુદ્ધ સદા ભગવાન છે. સમજાય છે કાંઈ? એવો ચૈતન્યપુંજ પ્રભુ અનંત અનંત સર્વજ્ઞની પર્યાયના પિંડરૂપ આત્મા. એ આત્મા એટલે જ્ઞાનસ્વભાવી આત્મા. વસ્તુ છે એ તો જ્ઞાનસ્વભાવ વસ્તુ તો સ્વભાવ એક વસ્તુ થઈ. હવે એનો સ્વભાવ શું? જ્ઞાનસ્વભાવ, સર્વજ્ઞસ્વભાવ, પૂર્ણ સ્વભાવ. એવા અનંતગુણના પવિત્ર સ્વભાવવાળું તત્ત્વ. સમજાય છે કાંઈ? એવી દૃષ્ટિ થતાં એ જ્ઞાની અથવા ધર્મી થાય છે. ભગવાનજીભાઈ! પણ આમાં કોઈ વ્રત કરે ને તપ કરે ને આમ કરે તો ધર્મી થાય છે એમ નથી એમ કહે છે અહીં તો.

મુમુક્ષુ :- દાન કરે તો.

ઉત્તર :- દાન કરે એ તો શેઠિયાની અપેક્ષાએ દાન કરે (કીધું). દાન ક્યાં એનું હતું તે આપે? એવો વિકલ્પ ઉઠ્યો હોય તો પુદ્ગલ છે, એ તો જડ છે ખરેખર તો. આહા..હા..! એ પુદ્ગલ છે. એ ક્યાં આત્માની ચીજ છે? માની છે ત્યાં સુધી એનામાં એ જ વસ્તુ છે, અસ્તિત્વ એનું સ્વીકાર્ય છે, પણ એનું અસ્તિત્વ એટલું, એવડું અને એવું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? રાગ પુણ્ય અને પાપનો મેલ.. આહા..હા..! અને જુવાન શરીર હોય, મનુષ્યપણું મળ્યું, પાંચ ઈન્દ્રિય નિરોગ હોય, એમાં પાંચ-પચ્ચીસ લાખ રૂપિયા હોય, પછી એને તો આહા..! આ હું છું એમ માન્યું છે. એટલે એની દૃષ્ટિમાં ત્રિકાળી સ્વભાવવાન પ્રભુ એનો તો અનાદર થાય છે. સમજાણું કાંઈ? જેઠાલાલભાઈ! આહા..હા..! ચોખ્ખી વાત

છે. વસ્તુ છેને. ઓલામાં આવ્યું છે જયધવલમાં કે ભાઈ! આત્માને ઇન્દ્રિય હોય તો જ્ઞાન થાય. જયધવલમાં છે. ભાઈ! ઇન્દ્રિય હોય તો જ્ઞાન થાય તો સામાન્ય જ્ઞાને એ વખતે શું કર્યું? સમજાય છે કાંઈ? જે કાયમ ત્રિકાળી જ્ઞાયકભાવનો પિંડ પ્રભુ એ તો ધ્રુવ સામાન્ય છે. હવે એ સામાન્યનું વિશેષ.. ઇન્દ્રિયથી થાય એમ તું કહે છો એનું વિશેષ અહીંથી (ઇન્દ્રિય) થાય, તો અહીંથી (જ્ઞાન સામાન્ય) થાય એનું શું? સમજાણું કાંઈ?

ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ ભગવાન ધ્રુવ એકલું ચૈતન્યદળ એ જ્યારે વિશેષરૂપ પરિણમે છે ત્યારે એની પર્યાયમાં જ્ઞાન થાય છે. એ કાંઈ ઇન્દ્રિયથી થાય છે અને સાંભળવાથી થાય છે, એમ નથી. સમજાણું કાંઈ? એમ જ્યાં દૃષ્ટિમાં વર્તમાન પર્યાયબુદ્ધિ, રાગબુદ્ધિ, વિશેષબુદ્ધિ, અલ્પબુદ્ધિ જે હતી એ દૃષ્ટિ છૂટી અને જ્યારે સર્વજ્ઞ સ્વભાવી આત્મા એવું સ્વરૂપ એનું છે એવી દૃષ્ટિ થઈ ત્યારે ધર્મીને શું થાય? કે એને તો સમ્યગ્જ્ઞાનનું પરિણમન થાય. કારણ કે વસ્તુ જ્ઞાનમય છે એકલી. એને તો જ્ઞાનનું જ પરિણમન છે. રાગાદિ વિકારનું પરિણમન એનું નથી, એનામાં નથી, એના સામાન્યમાં નથી. એ વિશેષમાં ક્યાંથી આવે? એ કહે છે.

'**ટીકા :- નિશ્ચયથી મોહ,...**' દર્શનમોહની આ વાત નથી. જેટલી પર તરફની વૃત્તિ જાય છે એ બધું કર્મનું પરિણામ છે, એ કર્મનું પરિણામ છે. વસ્તુસ્વભાવ છે એનું એ પરિણામ નથી. સમજાય છે કાંઈ? '**મોહ, રાગ, દ્વેષ,...**' જે રાગ થાય, દ્વેષ થાય એ કર્તાપણું, સુખ-દુઃખ ભોક્તાપણું. કલ્પનામાં સુખ છે એમ માને. આહા..હા..! એને તો અહીંયાં સુખ-દુઃખ એના છે એમ માન્યા છે. જેને આ ઇન્દ્રિયોમાં, વિષયોમાં, શરીર અનુકૂળતામાં કાંઈક ઠીક દેખતા એને આમ હરખ આવી જાય છે એ તો એ હરખને જ પોતાનું માને છે. એ તો એનો છે. આહા..હા..! પણ જે આત્માને આનંદ અને જ્ઞાનસ્વરૂપ જાણે અને માને છે એને જે જરીક આસક્તિનો વિકલ્પ આદિ આવી જાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ બધા '**સુખ, દુઃખ આદિરૂપે અંતરંગમાં ઉત્પન્ન થતું જે કર્મનું પરિણામ,...**' એ તો કર્મના નિમિત્તના આશ્રયે થયેલું એનું પરિણામ છે. કર્મ દ્રવ્ય અને આ પરિણામ એની પર્યાય. આહા..હા..! સમજાણું કાંઈ? એ કર્મનું પરિણામ અંતરંગ.

'**અને સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ, બંધ,...**' કર્મના રજકણનો બંધ પડે આદિ. આ '**સંસ્થાન,...**' આકાર. '**સ્થૂલતા,...**' પર્યાયની '**સૂક્ષ્મતા...**' વાણી આદિની. '**આદિરૂપે બહાર ઉત્પન્ન થતું જે નોકર્મનું પરિણામ,...**' છે એ. એ કર્મનું પરિણામ, કર્મની પર્યાય, આ નોકર્મની પર્યાય છે. સમજાય છે કાંઈ? '**તે બધુંય પુદ્‌ગલપરિણામ છે.**' સરવાળો કર્યો બેયનો. કર્મ પરિણામ અને નોકર્મ પરિણામ તે બધું પુદ્‌ગલપરિણામ છે. આહા..હા..! જ્ઞાનીને પરમાં સુખબુદ્ધિથી પરિણામ થતા નથી. કેમકે સુખ તો આત્મામાં છે. એથી એને આનંદસ્વરૂપમાં દૃષ્ટિ હોવાથી, ધર્મી એને કહીએ કે જેને પરમાં આનંદ ક્યાંય ભાસતો નથી.

આહા..હા..! સમજાણું કાંઈ? એ છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં દેખાય અને હજારો માણસની વચ્ચે ખાતો-પીતો દેખાય, જલસા ઉડતા હોય, જલેબી ઉડે, .. બેઠો હોય અને એ પણ ખાતો હોય આમ, રુચિ એમાં સુખ છે અને આ ઠીક છે એ બુદ્ધિ જ ઉડી ગઈ છે. સમજાય છે કાંઈ? આહા..હા..! જલેબી સમજો છો? ચક્કર હોય છેને, ઘીમાં તળે. આમ તળે અને ઘીમાં તળે. .. દેખાય ધોળી ઉંચી મીઠી અને પોચી દાંત વિના ખવાય. આમાં કાંઈક ઠીક છે એની અંદર એવી બુદ્ધિ તો મિથ્યાદષ્ટિને હોય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એમાં માંસ પોચા, રૂપાળા, નમણા એનાથી મને કાંઈક ઠીક લાગે છે. ભોગમાં વૃત્તિ જતાં સુખ લાગે છે એ બુદ્ધિ તો મિથ્યાદષ્ટિની છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આ હીરાભાઈ જેવો છોકરો અને બંગડીના પૈસા લાખ, બે લાખ જેટલા પેદા થાય. એમાં ક્યાંય હરખ આવી જાય કે મારે માટે ઠીક થયું આ. એ તો રુચિપૂર્વક હરખ આવ્યો. સમજાય છે કાંઈ? એથી તે એમાં જ છે અને એ મય થઈ ગયો છે. એને અહીંયાં ધર્મી કહેતા નથી. આહા..હા..! જીવતા મરી જાય. જેની બુદ્ધિમાં ભગવાન આનંદ ભાસ્યો, જે ભાસવો હતો તે ભાસ્યો. સમજાય છે કાંઈ? જેની દૃષ્ટિમાં ભગવાનના ભેટા થયા અંદર. આહા..હા..! પર્યાયના ભેટા એ તો પામરના ભેટા. વસ્તુ, એવી વસ્તુમાં, વસ્તુની દૃષ્ટિ થતાં તો વસ્તુનું પરિણમન જ્ઞાન અને આનંદનું હોય છે. એ ધર્મીનું કર્મ નામ કાર્ય અને એનો એ કર્તા. પણ આ રાગ-દ્વેષ, સ્થૂળ બંધન, ... એ બધા કામ નોકર્મના પરિણામ એ પુદ્‌ગલના છે.

**'પરમાર્થે, જેમ ઘડાને અને માટીને...' 'ઘડાને અને માટીને જ વ્યાપ્યવ્યાપકભાવનો (વ્યાપ્યવ્યાપકપણાનો) સદ્‌ભાવ હોવાથી...'** ઘડો તે વ્યાપ્ય નામ પર્યાય છે અને માટી તે વ્યાપક નામ દ્રવ્ય છે. સમજાણું કાંઈ? એ ઘડો વ્યાપ્ય અને માટી વ્યાપક એવા બેનો સદ્‌ભાવપણું હોવાથી અને તે યથાર્થપણે હોવાથી **'કર્તાકર્મપણું છે...'** માટી કર્તા, ઘડો એનું કાર્ય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કુંભાર ક્યાં ગયો?

ઉત્તર :- કુંભાર કુંભારમાં રહી ગયો. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! કુંભારનું અસ્તિત્વ કુંભારમાં રહી ગયું. અહીં ક્યાં અસ્તિત્વ આવ્યું? માટીનું અસ્તિત્વ જે છે એ ઘડાને સન્મુખ થયેલો પર્યાય ઘડારૂપે થયો એ એનું કાર્ય કહો, માટીની અવસ્થા કહો, માટીનું કર્તવ્ય કહો, માટી એ રૂપે થઈ તે તેનું વ્યાપ્ય કહો. અને માટી તે રૂપે થઈ માટે પ્રસરી માટે વ્યાપક કહો, એના કારણરૂપ છે માટે દ્રવ્ય કહો, એ ધ્રુવ વસ્તુ જે છે માટી એને જેને વ્યાપ્યનું વ્યાપક કહેવામાં આવે છે. આવા કારણે બે વચ્ચે કર્તાકર્મપણું છે. કહો, સમજાણું કાંઈ? એને લઈને કર્તાકર્મપણું છે.

**'તેમ પુદ્‌ગલપરિણામને...'** એટલે? શુભ રાગ વ્યવહારરત્નત્રયનો રાગ આવે, દેવ-ગુરુ-

શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ... સમજાય છે કાંઈ? નવ તત્ત્વની શ્રદ્ધાનો વિકલ્પ, શાસ્ત્રના ભણવાનો જે રાગ વિકલ્પ ઉઠે એ પુદ્ગલપરિણામ છે. પરિણામી એવો પ્રભુ એનું એ પરિણામ ક્યાં? વિકાર ક્યાંથી આવ્યો? આહા..હા..! પરિણામી પ્રભુ ચૈતન્ય વસ્તુ એવી દૃષ્ટિ થતાં તે પરિણામી પરિણમનારો, બદલનારો, રૂપાંતર થનારો એ તો એના શુદ્ધ અને આનંદ પરિણામ હોય છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? **'તેમ પુદ્ગલપરિણામને અને પુદ્ગલને જ...'** એટલે કે એ પુણ્ય અને પાપના શુભ-અશુભ રાગાદિ ભાવ એને, એ વ્યાપ્ય અને કર્મ પુદ્ગલ તે વ્યાપક, એ વ્યાપક નામ કર્તા થઈને એ થાય છે. આત્મા કર્તા થઈને એ વિકાર થાય છે એમ ધર્મીની ભૂમિકામાં નથી. આહા..હા..! ડાહ્યાભાઈ! આહા..હા..!

**'જેમ ઘડાને અને માટીને જ...'** છેને શબ્દ? બીજી વસ્તુ કાઢી નાખી કુંભાર-કુંભાર, ચાકડો, ફલાણું, ઢીકણું. **'વ્યાપ્યવ્યાપકભાવનો (વ્યાપ્યવ્યાપકપણાનો) સદ્ભાવ હોવાથી....'** આહા..હા..! કાલે કહ્યું હતું. લોટ જે છે લોટ એ વ્યાપક થઈને રોટલીનું વ્યાપ્ય એમાં થાય છે. લોટ જ પોતે વ્યાપક થઈને પ્રસરીને, વિસ્તરીને ફેલાઈને વ્યાપ્ય—કાર્ય એમાં થાય છે. એ રોટલીની અવસ્થા તાવડાથી થાય... શું કહેવાય એ? તાવડીથી થાય, બાઈના હાથથી થાય એ વાત તદ્ન જૂઠી છે. બહુ હુશિયાર બાયું હોય તો નથી કહેતી? એનો હાથ બહુ હળવો છે એમ નથી કહેતા લોકો? એ વાતું કરે છે. શું કીધું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ હાથ હળવો છે એમ કહે છે. એના હાથે થાય તો સારું થાય એમ કહે માણસ. શીરો કરે, ઓલું શું કહેવાય? પુડલો. પુડલા કરેને પુડલા? એ તો જે હુશિયાર હોય એને જ આવડે. નહિતર હેઠે દાઝી જાય કાં નીચે વધારે ચડી જાય અને દાઝી જાય અને કોર ઓલી રહી જાય. ભારે આ તો. જેઠાલાલભાઈ! કહે છે કે એ પુડલાની અવસ્થામાં એનો લોટ આવીને થયો છે. સમજાણું કાંઈ? એ બાઈનું ડહાપણ ત્યાં પેઠું નથી. આહા..હા..!

મુમુક્ષુ :- એને આવડે તો અભિમાન કરે.

ઉત્તર :- અભિમાન કરે. એ તો કરે જને! ઘણી બાયુંને એવું હોય છે. મારા જેવા હાથ નહિ. સમજ્યાને? વડી કરેને વડી વડી? વડીને શું કહે છે સમજાય છે? વડી નથી હોતી? વડી. પાટીયા રાખે અને કરેને ઝીણી-ઝીણી. એ હુશિયાર હોય એને આવડે. નહિતર તો ઓલું થઈ જાય, કડક થઈ જાય ને લોટ ઓલો થઈ જાય. એ લોટ સરખો બાંધવો જોઈએ, એને કેળવવો જોઈએ. રોટલીમાં પણ એમને એમ લોટ બાંધીને રોટલી કરવા બેસે તો એ થાય? એને કેળવવો જોઈએ. એય..! કહે છે કે એ કેળવવાની ક્રિયાથી રોટલી થઈ એ વાતમાં એક માલ સાચો આંકડો નથી. આહા..હા..!

**'તેમ પુદ્ગલપરિણામને અને પુદ્ગલને જ વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ**

**હોવાથી...**' કર્તાકર્મપણું છે. આહા..હા..! એમ વિકારી પરિણામને અને કર્મને બેને વ્યાપ્યવ્યાપકનો સંબંધ અને મેળ છે. ભગવાન આત્માની સાથે આત્મા વ્યાપક અને વિકારી પરિણામ વ્યાપ્ય એવો મેળ ધર્મીની દૃષ્ટિમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એમાં પણ હવે તો કહે છે, '**પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી...**' જીવની કચાશ છે, હિનતા છે એવી અપેક્ષા રાખીને કર્મ વિકારપણે થાય છે એમ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નિમિત્તમાત્ર કાંઈ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા જાણનાર-દેખનાર સ્વભાવે, સ્વરૂપે પરિપૂર્ણ પડ્યો છે એવી જ્યાં સમ્યગ્દૃષ્ટિ અને ધર્મીની દૃષ્ટિ થઈ, ધર્મી એટલે વસ્તુ, એની દૃષ્ટિ થઈ તો એ પરિણામીનું પરિણામ વિકાર ન હોય. એની ભૂમિકામાં જે કાંઈ વિકાર દેખાય છે એ કર્મરૂપી પુદ્‌ગલનું વ્યાપ્ય છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? કહો, કાંતિભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તાદાત્મ્યસંબંધ કર્મની સાથે. હો, ખુબ હો. આહા..હા..! તાદાત્મ્યસંબંધ ભગવાન આત્માને પોતાના પરિણામ સાથે તાદાત્મ્યસંબંધ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્મળ પરિણામની સાથે તાદાત્મ્ય છે. એ તો સંયોગીભાવ થયો. સંયોગીભાવ(ને) પર સાથે તાદાત્મ્યસંબંધ છે, આત્મા સાથે છે નહિ. આ બધા તમારે થાણામાં પ્લાસ્ટીકનું મોટું ... ..સંચો મોટો અંદર લાખનો. છોકરા હુશિયાર એ ત્રણ હુશિયાર થયા. .... એટલે આને રોકે નહિ, આવડે નહિને શું.. કેમ સાચું હશે?

મુમુક્ષુ :- આપ કહો તો સાચું જ હોયને.

ઉત્તર :- હુશિયારીથી સંચા ચાલે. હુશિયારીની પર્યાય રહી એના અસ્તિત્વમાં અને આ પર્યાય રહી એના દ્રવ્યના અસ્તિત્વમાં. એ દ્રવ્ય વ્યાપક થઈને એની પર્યાય થાય છે. હુશિયારી વ્યાપક થઈને એની પર્યાય થાય છે એમાં એમ નથી. જેઠાભાઈ! આહા..હા..!

'**પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી...**' કહે છે કે એ કર્તા છે પુદ્‌ગલ. વિકારી પરિણામનો, વ્યવહારરત્નત્રયના પરિણામનો પુદ્‌ગલ સ્વતંત્ર કર્તા વ્યાપક છે. વસ્તુસ્થિતિ આ ન્યાયથી તો કહેવાય છે. '**પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર...**' એ પુદ્‌ગલ કર્મ પુદ્‌ગલો શરીરની પર્યાય નોકર્મ એને તો એક કોર રાખો, પણ અંદર ભાવકર્મ જે દયા, દાન આદિ કર્મચેતનાના થાય... સમજાણું કાંઈ? એ કર્મચેતનાનું પુદ્‌ગલ સ્વયં સ્વતંત્ર વ્યાપક થઈને કર્મચેતનાની પર્યાય વ્યાપ્ય થાય છે. આહા..! અરે..! લોકોને દૃષ્ટિની કંઈ ખબર ન મળે અને પછી અમે આ વ્રત લીધા, તપ કર્યા, આ મારા કાર્ય છે (એમાં) મિથ્યાત્વને પોષે છે. અને માને છે કે અમે ધર્મ કરીએ છીએ. એય..! ચેતનજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ કોણ કહે છે? મંદ કષાયના પરિણામ એના ક્યાં છે?

અહીં તો આત્મા... એના અર્થમાં લીધું છેને? વ્યાપ્યવ્યાપક છેને આ? એના અર્થમાં લીધું છેને ભાઈએ? કળશ ટીકાકારે. જીવને નિર્વિકારી પરિણામ એનું એને કર્તવ્ય અને કર્તા કહેવું એ પણ ઉપચારથી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, આનંદ એની પર્યાય એનું કર્મ અને આત્મા કર્તા એ ભેદ પણ ઉપચારથી છે. યથાર્થપણે અભેદ વસ્તુ જ્યાં છે ત્યાં... આહા..હા..! સમજાણું કાંઈ? પરની સાથે તો ઉપચાર પણ લાગુ પડતો નથી એમ કહે છે. આહા..!

મુમુક્ષુ :- એ પણ...

ઉત્તર :- હા, છેને પણ આની સાથે નથી એટલે પછી આની સાથે (ભેદ સાથે). અહીં વ્યવહારે છે ત્યાં (પર સાથે તો) વ્યવહાર પણ નથી. આહા..હા..! એવી વાત છે, બાપુ! વસ્તુસ્થિતિની ખબર નથી.

'**પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી પુદ્ગલપરિણામનો...**' એટલે? એ વ્યવહારરત્નત્રયના રાગનો, સુખ-દુઃખની કલ્પનાનો, આસક્તિની વૃત્તિ જે ઉઠે જરી એનો કર્તા છે. પુદ્ગલ સ્વતંત્ર એનો કર્તા છે. આત્મા(ની) બિલકુલ એમાં કર્તાની ગંધ અને અંશ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી પુદ્ગલપરિણામનો કર્તા છે અને પુદ્ગલપરિણામ...**' એટલે કે એ શુભ અને અશુભરાગ કે હરખ-શોકની આસક્તિની વૃત્તિઓ એ '**પુદ્ગલપરિણામ તે વ્યાપક વડે...**' એ પુદ્ગલના વ્યાપક દ્વારા '**સ્વયં વ્યપાતું હોવાથી (વ્યાપ્યરૂપ થતું હોવાથી)...**' તે સ્વયં પર્યાયરૂપ થઈ જાય છે. પુદ્ગલનું વિકારી પરિણામ સ્વયં પર્યાય થઈ જાય છે. આહા..હા..! કહો, ધીરૂભાઈ! આણે કેટલા વર્ષ ત્યાં મુંડાવ્યું છે. આવું તો સાંભળ્યું પણ નહિ હોય ત્યાં. સાંભળ્યું છે? ઊના પાણી પીવા, શું કહેવાય? ... એમાં શું છે? ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું કીધું? જેઠાભાઈ! .... ભાઈ! જોયા છે હીરાજી મહારાજને? ... બહુ ગંભીર, ... સાધુ કહેતા હતા. હીરા એટલા હીર અને બાકી સુતરના ફાળકા. અરેરે! કાને વાત ન પડી. આ રાગ ... આહા..હા..! અરેરે!

એ '**પુદ્ગલપરિણામ તે વ્યાપક વડે...**' એ વ્રત અને તપનો વિકલ્પ ઉઠેને, અપવાસ કર્યો અને આ કર્યું ને આ કર્યું ને વ્રત પાળ્યા એવો જે વિકલ્પ એ પુદ્ગલદ્રવ્યનું વ્યાપક હોવાથી સ્વયં વ્યાપ્ત છે. આહા..હા..! ગજબ વાત છે! આ ગુજરાતી ચાલે છે આજ તો હવે. હિન્દી ચાલી ગયું હતું. આહા..હા..! એ એનું કર્મ છે. એ શુભરાગ દયા, દાન, વ્રત,

ભક્તિના પરિણામ એ પુદ્ગલનું વ્યાપ્ય, પુદ્ગલની અવસ્થા છે. આહા..હા..! વીતરાગ એમ કહે છે, અમારા પ્રત્યેની તારી શ્રદ્ધા અને રાગ, અમે શું કહ્યું એ તને ખ્યાલમાં ભલે ન આવ્યું અને આવ્યું હોય છતાં આ છે એવો જે રાગ એ પુદ્ગલથી વ્યાપક હોવાથી એ રાગ પુદ્ગલનું વ્યાપ્ય છે. આહા..હા..! વીતરાગ... વીતરાગ... વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ સિવાય આવી વાત ક્યાંય નથી. એટલે આત્મા સિવાય ક્યાંય હોય નહિ. સમજાણું કાંઈ?

'**તેથી પુદ્ગલદ્રવ્ય વડે કર્તા થઈને કર્મપણે કરવામાં આવતું જે સમસ્ત કર્મનોકર્મરૂપ પુદ્ગલપરિણામ તેને જે આત્મા,...** ' તેને જે આત્મા '**પુદ્ગલપરિણામને અને આત્માને...**' પુદ્ગલ પરિણામને અને આત્માને '**ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...**' આહા..હા..! વ્યવહારરત્નત્રય, ગણધરે કહેલા વ્રત અને નિયમ ચરણાનુયોગની ...માં એવી વાત છે. જિનવરે કહેલા ... .. ઓહો..! એ બધા વ્રત ને તપ ને અપવાસ ને બધા .. એ વૃત્તિ .. એ શુભભાવ પુદ્ગલપરિણામ છે. એને અને આત્માને. આહા..હા..! '**ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...**' કુંભાર વ્યાપક અને ઘટ તેનું વ્યાપ્ય એમ છે નહિ, કુંભાર કર્તા, ઘડો એનું કામ, ઘડો એનું કામ એમ છે જ નહિ. સમજાણું કાંઈ?

એ '**પુદ્ગલપરિણામને અને આત્માને...**' આહા..હા..! એ ૧૨મી ગાથામાં ... કહ્યું એ વાત બધે ... ગજબ છે! વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. એનો અર્થ કે ધર્મી એ વ્યવહારમાં પોતાની પર્યાય જાણતો નથી. એનું જ્ઞાન કરે તે જ્ઞાન એનું કર્મ છે. આહા..હા..! ... પૂર્વાપર વિરોધરહિત એવી વીતરાગની વાણી. .. કહે છે કે એ '**પુદ્ગલપરિણામને અને આત્માને...**' એટલે કે વ્યવહારરત્નત્રયની ક્રિયાકાંડના જે શુભ પરિણામ એને અને આત્માને '**ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...**' કુંભાર વ્યાપક થઈને ઘટને વ્યાપ્ય કરે એમ નથી. એમ ભગવાન આત્મા વ્યાપક થઈને વ્યવહારરત્નત્રયના રાગને વ્યાપ્ય કરે એમ નથી. પુદ્ગલ વ્યાપક થઈને વ્યાપ્ય કરે એવું એનામાં છે. સમજાણું કાંઈ? એ ધર્મદૃષ્ટિ દોહ્યલી છે, ભાઈ! સમજાણું કાંઈ? અને જેના ફળ હોં. આહા..હા..! ભવના અભાવના ફળ આ ભવના કારણરૂપ રાગભાવ એ વિનાની મારી ચીજ છે. જેને ભવરહિત થવું એના ભવના ભાવથી રહિત આત્માની દૃષ્ટિ કરવી એમ કહે છે. કે જેના ભવ અને ભવના ભાવ જેમાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે એ ભવના ભાવ એ વ્યવહારરત્નત્રયના ભાવ એને દુનિયા ... .. માનીને માને કે આ ધર્મ છે એમ છે. આહા..હા..! અરે! .. ... .. ભગવાન .. એની દૃષ્ટિ.. એને આ ક્રિયાકાંડથી જેમ... ઝેર પીતા પીતા અમૃતનો ઓડકાર આવશે. શું થાય? ... ભારે ગોથા

ખાધા. આચાર્ય, ઉપાધ્યાય, સાધુ નામ ધરાવનાર એ વખતે તો દસ લાખ રૂપિયા. ૬૦ વર્ષ પહેલાં. ... પાળિયાદ. ... .. હતા. ... ... કહે છે કે ... એક અદ્વૈત સત્ય છે. આહા..! વેદાંત તે સત્ય છે. .. કે શેઠ ... બીજી દૃષ્ટિ સાચી નહોતી, પણ આમાં તો એમ થયું કે એ મહારાજ! એ વાડ વેલા ખાય વાડ વેલાને ક્યાં જાવું? ... આ સાધુ થઈને તમે વેદાંતની વાતને સાબિત કરો, વીતરાગમાર્ગથી દૂર. એય..! ... વાડ વેલાને ખાય વેલાને ક્યાં જાવું? ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. નહિ .. દેખાયને. પરની શ્રદ્ધા ..સમજાણું કાંઈ? નાથુલાલજી! ... એ વખતે. ૧૦ હજારનું ગામ. કાંઈક કરું. ... બધાને ઘરે. આ તત્ત્વની વાત હતી નહિ એટલે ... એમ નથી. સાધુ વેદાંત .. હોં! એને એવું .. ... વેદાંતની માન્યતા.. એ થયું. અરે! સાધુ અમારા થઈને અમને આવી વાત શ્રદ્ધા કરાવે એને તમે... આહા..હા..! ઓલા તો ... ઓલી છેને આર્જિકા? બે આર્જિકા. ... સાંભળે. ... આ તો ... પર્યાય ... છેને? શું કીધું? છેક નિગોદમાં છે. જુઓ ઓલામાં પાઠ છે. પણ આ બધું કરવું પડશેને. ... છ હજાર રૂપિયા .. તે દિ' હોં! કેટલા વર્ષ થયા? ૪૮. ઘરની મેડી, ઘરના મકાન એ વખતા ૩-૩ હજારની મેડીયું ... ભાઈ! ... ઝીણું બહુ. શેઠ! અરેરે! ... તત્ત્વનો વિરોધ... આવું સ્વરૂપ જિનેશ્વરનું. આનંદનો નાથ જ્ઞાયકભાવ તેને કર્તા .. રાગ અને પરનો કર્તા છે ક્યાં? આહા..હા..! અને દયા ને વ્રતને પાળે તો એને ધર્મ થાય. એ કરતાં-કરતાં. પુદ્‌ગલ કરતાં-કરતાં જીવને શાંતિ મળે (એમ નથી). સમજાણું કાંઈ?

કહે છે એ '**પુદ્‌ગલપરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ...**' ઘડાને અને કુંભારને ક્યાંય મેળ નથી. ઘડો તેનું કાર્ય અને કુંભાર તેનો કર્તા. ઘડો એનું કાર્ય અને કુંભાર તેનો કર્તા, ઘડો તે વ્યાપ્ય નામ અવસ્થા અને કુંભાર તે અવસ્થાયી. તેનો ક્યાંય મેળ નથી. એ '**વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી,...**' એટલે? કે ઘડાનું કાર્ય કુંભારનું તે અસિદ્ધ છે. તે સિદ્ધ છે નહિ. આહા..હા..! આ તો જ્યાં ત્યાં હું કરું ને હું કરું ને હું કરું. આમ મોઢા આગળ કરે. નામ લખે મોઢા આગળ. ... કેમ ..ભાઈ! આહા..હા..! ... ભાઈને એ. ... ભાઈ! જ્યાં ધર્મ છે ત્યાં દૃષ્ટિ જાતી નથી. જ્યાં છે નહિ ત્યાં ઝાંવા મારે છે. આહા..હા..! ૨૦-૨૦ વર્ષના જુવાન ચાલ્યા જાય. આ જોયુંને ... અરેરે! એની .. નથી. ... એ તો નાશવાન છે શું કરવું? અહીં તો વિકાર નાશવાન, પણ વિકારને જાણવાની વર્તમાન વ્યવસ્થા પણ નાશવાન. એ જ્ઞાતાનું કર્મ અને કાર્ય. આહા..હા..! મોક્ષનો માર્ગ જે જ્ઞાતા આત્માનું કાર્ય. એક સમયની પર્યાય છે. આહા..હા..! ધ્રુવ પોતે છે.

એવી દૃષ્ટિમાં '**પુદ્‌ગલપરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી, પરમાર્થે કરતો નથી,...**' ખરેખર ધર્મી જીવ વ્યવહારના, રાગનું ઉત્પત્તિનું સ્થાન હોવા છતાં તેનો તે કર્તા નથી. ભગવાનજીભાઈ! તો આ બધું સંચા-ફંચાનું તો ક્યાંય રહી ગયું. એય..! એ બહારમાં ઘૂંચાઈ ગયો બિચારો. ... હવે તો બધું જૈન સાધુ... ... ... આહા..હા..! કહે છે, ભાઈ! એ તેં જ્યાં સુધી માન્યા ત્યાં સુધી છે અને માન્યતા ઉઠી ગઈ ત્યાંથી ત્યારે એ તારા નહિ એ તો રાગના, વિકારના, પુદ્‌ગલના છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! .. એક સમયની .. છે. ત્યાં ત્રણ કાળ, ત્રણ લોક જેને એક સમયમાં જણાય એવું અનંતુ જ્ઞાન. .. આ જેની આદિ નહિ, અંત નહિ. એનો એક સમયનો, એક સમયનો જ વિકાર છે. એ એક સમયનો વિકાર છે એની જ્યાં સુધી રુચિ છે ત્યાં સુધી તેનો છે, પણ એની એક સમયના વિકારની રુચિ ટળીને ત્રિકાળી ભગવાનની દૃષ્ટિ થઈ, એક સમયનો વિકાર પુદ્‌ગલનો છે. સમજાણું કાંઈ?

'**પરંતુ (માત્ર) પુદ્‌ગલપરિણામના જ્ઞાનને (આત્માના) કર્મપણે કરતા એવા પોતાના આત્માને જાણે છે,...**' શું કીધું એ? પુદ્‌ગલ પરિણામ જે રાગાદિ છે એનો કર્તા આત્મા નથી. .. શું એનું કામ? એ પુદ્‌ગલપરિણામના જ્ઞાનને. એ કાળે જે રાગ છે એનું અહીં જ્ઞાન થાય છે. એ જ્ઞાન તો તે સમયમાં કર્તાના અસ્તિત્વમાં સ્વપરપ્રકાશકનું જ્ઞાન પોતાથી થયું છે. અને એ વખતે ત્યાં એ રાગાદિ જે ભાવ છે એવું જ અહીંયાં જ્ઞાન છે. એથી એટલી અપેક્ષાએ વાત કરી છે. કે '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને (આત્માના) કર્મપણે કરતા...**' આહા..હા..! એ જાણવાના ભાવને પોતાનું કાર્ય કરતો એવા પોતાના આત્માને જાણે છે. જોયું! પહેલા એ સ્થાપ્યું પછી જાણે છે આત્મા. આહા..હા..! અમૃતચંદ્રાચાર્યની આ ટીકા પરમેશ્વરથી વિપરીત દિશા છે આ. ગજબ વાત છે. વસ્તુની સ્થિતિ આમ છે. મોંઘુ લાગે પણ માર્ગ તો આ છે. એને જાવું પડશે ત્યાં. એણે માર્ગ કાપવો છેને મોક્ષને માટે જાવું છે. માર્ગ તો આ છે. એમાં વાદવિવાદને સ્થાન નથી. ..માં નથી. ... આહા..હા..! ૧૮૯મી (પ્રવચનસાર) ગાથામાં છે શુદ્ધનયે રાગ કહ્યો છેને. પરને તો .. એમાં જ્ઞેયનો અધિકાર એટલે એમાં જ્ઞેયની પર્યાય ત્યાં થાય છે. પરની જ્ઞેયથી નહિ. પર્યાય સિદ્ધ.. સિદ્ધ કરવા ત્યાં વાત છે. પ્રવચનસાર. એ અહીં તો હજી પર્યાયબુદ્ધિ ઉડાવી દઈને. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**' એટલે કે વ્યવહારરત્નત્રયનું જે અહીં જ્ઞાન થાય પોતાથી પોતામાં તેને કર્મપણે કર્તા એવા પોતાના આત્માને જાણે છે. લ્યો! જાણવામાં પર્યાય તે તેનું કર્તવ્ય છે. વ્યવહારરત્નત્રય તે જ્ઞાનીનું કર્તવ્ય નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૧, રવિવાર, તા. ૦૮-૧૦-૧૯૭૨**
**ગાથા-૭૫, કળશ-૪૯, પ્રવચન-૧૮૫**

આ સમયસાર, કર્તાકર્મ અધિકાર, ૭૫ ગાથા ચાલે છે. અહીંયાં 'પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી...' છે અંદર? આત્મપરિણામનો એટલે પુદ્ગલપરિણામના જ્ઞાનનો કર્તા છે. શું આમાં સમજાણું કહો? આ આત્મા વસ્તુ છે એ ચૈતન્યસ્વરૂપ, આનંદસ્વરૂપ છે એ આત્મદ્રવ્યનું ભાન થતાં, એનું જ્ઞાન થતાં રાગાદિ છે એ ભિન્ન પડી જાય છે અને ભિન્ન પડતાં એ રાગાદિનું જ્ઞાન આત્મામાં થાય. રાગ એનામાં થાય એમ નહિ.

મુમુક્ષુ :- રાગ એનામાં થાય એમ નહિ?

ઉત્તર :- એમ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ?

આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી. પૂર્ણાનંદ સ્વરૂપ ચૈતન્ય વસ્તુ એવી દૃષ્ટિ થવાથી, હોવાથી તે આત્મદ્રવ્ય વર્તમાનમાં જ્ઞાન, દર્શન, આનંદ આદિના પરિણામ કરવામાં વર્તમાન કર્તાપણે સ્વતંત્ર છે. સમજાણું કાંઈ? સ્વતંત્ર એટલે કોઈની અપેક્ષા એને નથી. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, આનંદ એવા જે આત્માના પરિણામ. કેમકે આત્મદ્રવ્ય એટલે વસ્તુ એ ઉપર દૃષ્ટિ હોવાથી ધર્મીને આત્મદ્રવ્યના ગુણોનું પરિણમન થાય છે. એ ગુણોનું પરિણમન આત્મા સ્વતંત્રપણે કરે છે. એટલે? કે એ રાગની મંદતા અને નિમિત્તતા અને અનુકૂળતા (છે) માટે એ સમ્યગ્દર્શન, જ્ઞાનને પરિણામ કરે તેમ એને અપેક્ષા છે નહિ.

મુમુક્ષુ :- કર્મનો અભાવ થવો જોઈએને.

ઉત્તર :- એ કર્મ તો એને ઘરે રહી ગયું ક્યાંય. આહા..હા..! એવું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બિલકુલ અપેક્ષા નથી. આહા..હા..! વસ્તુ પોતે સ્વયંસિદ્ધ સત્ અને અનંત આનંદ આદિ સંપન્ન વસ્તુ પોતે આત્મા, એ ચીજ જ પોતે. (એની) દૃષ્ટિ થવાથી. કારણ કે એ ચીજની દૃષ્ટિ નથી ત્યાં સુધી તો પુણ્ય અને પાપ મિથ્યા ભ્રાંતિ ઉપર દૃષ્ટિ છે અને એનું કર્તાકર્મ છે. કારણ કે જેને પોતાનું માન્યું એનું કર્મ માને તે. એમ ધર્મી જીવે શરીર, વાણી, મન અને રાગથી ભિન્ન પડી અને ભિન્ન છે એવું અંતરમાં ચૈતન્યતત્ત્વનું રાગથી ભેદજ્ઞાન થતાં જે જ્ઞાન અને શ્રદ્ધા આનંદ આદિની પર્યાય થાય એના પરિણામનો આત્મા સ્વતંત્રપણે કર્તા છે.

મુમુક્ષુ :- જ્ઞાનમાં?

ઉત્તર :- જ્ઞાન શ્રદ્ધા આદિ શબ્દ વાપર્યો એટલે... આહા..હા..! એ આત્મવસ્તુ પરના પરિણામ જડ આદિનો તો કર્તા નથી, પણ એના નબળાઈથી થયેલા પુણ્ય અને પાપના વિકારીભાવ એનું એ કર્તાપણું અને એ કર્મ તે વસ્તુમાં નથી. એ વસ્તુની દૃષ્ટિ થઈ એને પણ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- દૃષ્ટિ ક્યા ગુણની પર્યાય છે?

ઉત્તર :- દૃષ્ટિ શ્રદ્ધાગુણની પર્યાય છે. ચેતનજી! જ્ઞાનગુણની પર્યાય તેને જાણે, શ્રદ્ધાગુણની પર્યાય .. પ્રતીત કરે, સ્વરૂપમાં રમણતા .. અનંત-અનંત ગુણનો પિંડ આત્મા, એના તરફ જ્યાં દૃષ્ટિ પડતાં, તેનો સ્વીકાર થતાં અનંતા ગુણોનું નિર્મળ પરિણમન થાય એ પરિણમનમાં આત્મા સ્વતંત્રપણે વ્યાપક થઈને કર્તા છે. આહા..હા..! વ્યવહારરત્નત્રયના પરિણામ હતા માટે આ આત્માના સમ્યક્ ધર્મ આદિના પરિણામ થયા એમ નથી, એમ નથી.

મુમુક્ષુ :- અભાવ થાય તો થાયને?

ઉત્તર :- અભાવ થાય એની અપેક્ષા નથી. અહીં તો સદ્ભાવ ભગવાન. આ સદ્ભાવ પરમાત્મા પોતે. આહા..હા..! અનંત બેહદ જ્ઞાનસ્વભાવી વસ્તુ અપરિમિત અનંત આનંદનું ધામ ભગવાન આત્મા. એવા આત્મા પ્રત્યેનો જ્યાં અંતર આદર થયો એટલે કે એના સન્મુખ દૃષ્ટિ થઈ, એટલે કે જેને સંસારના રાગથી પણ જેની દૃષ્ટિ ફરી ગઈ એને એ આત્માના પરિણામ થવામાં આત્મા સ્વતંત્ર વ્યાપક સ્વતંત્ર છે. કહો, પાટણીજી!

'**પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી આત્મપરિણામનો...**' એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ જે આત્મપરિણામ. સમજાણું કાંઈ? આત્મપરિણામનો એટલે કે પુદ્ગલપરિણામના જ્ઞાનનો કર્તા છે. પોતે ભગવાન આત્મા પોતાની સ્વતંત્ર સત્તાનો જ્યાં અંતર્મુખ થઈને સ્વીકાર થયો, એટલે કે એ છે એમ દૃષ્ટિમાં વાસ્તવિક વિશ્વાસ આવ્યો, એ સમ્યગ્દર્શન. સમજાય છે કાંઈ? એ સમ્યગ્દર્શનના પરિણામમાં અને સમ્યગ્જ્ઞાનના પરિણામમાં એ વ્યવહારરત્નત્રય જ્ઞાનમાં નિમિત્ત હો, અને એ પુદ્ગલપરિણામનું જ્ઞાન પણ એમ કહેવામાં આવે. સમજાય છે? પુદ્ગલપરિણામના જ્ઞાનનો કર્તા છે. આહા..હા..! સ્વદ્રવ્યની શ્રદ્ધા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધાનો રાગ, શાસ્ત્ર ભણવાનો રાગ, પંચ મહાવ્રતના વિકલ્પનો રાગ એ વ્યવહારથી ભગવાન આત્મા મુક્ત છે એમ ભાસ્યું એથી એને પરિણામ સ્વતંત્રપણે એ એનું જ્ઞાન કહેવામાં આવે. એ જ્ઞાન પણ વ્યવહારથી. વ્યવહારરત્નત્રયના પરિણામનું જ્ઞાન, એ જ્ઞાનનો આત્મા કર્તા છે. ભારે ઝીણી વાત ભાઈ!

મુમુક્ષુ :- આ નિર્વિકલ્પદશાની વાત છે કે સવિકલ્પદશા દશાની?

ઉત્તર :- સવિકલ્પ વખતે પણ એમ છે અને નિર્વિકલ્પ વખતે પણ એમ છે. એય..!

ચેતનજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સદાયને માટે વાત છે. એય..! પહેલા વિકૃત દશાનું પણ વર્ણન કર્યું છે. શું કીધું? '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**' એ શું છે? કે રાગાદિ છે. પુદ્‌ગલપરિણામ છે એનું અહીં જ્ઞાન થાય છે. સવિકલ્પદશા છે એનું અહીં જ્ઞાન થાય છે. એ જ્ઞાનનો આત્મા કર્તા છે, વ્યવહારનો કર્તા નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણે કહ્યું? દ્રવ્ય અપરિણામી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અપરિણામી પરિણામ, અપરિણામી પરિણામ છે. એ શબ્દ આવે છે. ઓલામાં આવે છે. સોગાનીમાં આવે છે. બીજી રીતે છે એમાં. આમ છે. એમ કે પરિણામ-પરિણામી કહેવા કરતા તેને અપરિણામી પરિણામ એમ કહેવું. એય..! આહા..હા..! ભગવાન આત્મા વસ્તુ તરીકે અપરિણામી છે, પણ એના પરિણામ, અહીં તો પરિણામની વાત ચાલે છેને, પર્યાયની વાત ચાલે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જે વસ્તુ છે ચૈતન્ય-ચૈતન્ય સત્તા હોવાવાળો ભાવ એવો જે મહિમાવંત ભગવાનનો ભાવ, એનું જ્યાં અંતર ભાન થયું તો કહે છે કે એના ભાનના કાળમાં જે જ્ઞાન સ્વનું થયું, તેમ તેના જ્ઞાનમાં રાગનો વ્યવહાર એનું જ્ઞાન થયું. એ રાગનું જ્ઞાન છે એનો એ આત્મા કર્તા છે. આહા..હા..! પંડિતજી!

મુમુક્ષુ :- .. હાએ હા પાડે છે.

ઉત્તર :- .. એય..! અમરચંદભાઈ! અરે ભાઈ! તને ખબર નથી, બાપુ! તારા ઘરની ચીજની વાત ચાલે છે, ભાઈ! આહા..હા..! જુઓને કેવા પ્રસંગ સાંભળનાર અગિયાર ... ભાઈ! બચાવો રે બચાવો.. કોણ બચાવે? પર્યાય... આહા..હા..! ... એક ફેરી .. લઈ ગયા ત્યાં હોસ્પિટલમાં. કોઈપણ રીતે બે હજાર, પાંચ હજાર, બે હજાર, પાંચ હજાર. બચાવો રે બચાવો. કોણ બચાવે ભાઈ! આહા..હા..! એ જડની દશા બાપુ તારામાં થઈ નથી, તને થઈ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? તારે લઈને થઈ નથી, તારામાં થઈ નથી. એ જડની દશા ... આહા..હા..! એવો જે ભગવાન આત્મા એને જેણે પ્રતીતમાં, જ્ઞાનની દશામાં જ્ઞેય તરીકે જાણ્યો એના જે પરિણામ થયા એ પરિણામમાં પુદ્‌ગલનું ભલે જ્ઞાન કહો એ પરિણામને. છેને? પુદ્‌ગલપરિણામ એટલે વ્યવહારરત્નત્રય એ પુદ્‌ગલપરિણામ છે. તેનું જ્ઞાન. સમજાવવું છે તો શું સમજાવે? બાકી છે તો જ્ઞાન. એ તો પહેલા આવી ગયું છે. એ પોતાના આત્માને જાણે છે જ્ઞાન. પણ સમજાવાની શૈલીમાં શું કરે?

ભગવાન પોતે જાગીને જોવે છે, જોવે ત્યાં તો જ્ઞાન થયું, એને આનંદ થયો, એને

શાંતિ થઈ. સમ્યગ્દર્શનમાં હોં! એ સમ્યગ્દર્શનના પરિણામ, સમ્યગ્જ્ઞાનના પરિણામ જે નિશ્ચયરત્નત્રયના પરિણામ એ આત્માના પરિણામ, આત્માના પરિણામ. વ્યવહારરત્નત્રયના પરિણામ એ પુદ્‌ગલના પરિણામ. આહા..હા..! કહો, જેઠાભાઈ! આહા..હા..! આવું જૈનદર્શન, આવું વસ્તુનું સ્વરૂપ. જૈનદર્શન વસ્તુનું સ્વરૂપ જ આવું છે. આહા..હા..!

જગતને જુવાની અને પૈસામાં ફાટ ફાટ હોય એને આ વાત શું લાગે કે આ શું કહે છે? પાગલ છે કે શું આ? આહા..હા..! એવી વાત છે. આહા..હા..! શરીર સાંઢડા જેવા મોટા. ત્રણ-ત્રણ લાડવા ચડાવી જતા હોય, પતરવેલીયા ચડાવતા હોય. ખાઈને ઓ.. બળદની જેમ ઓડકાર આવતા હોય. એય..! મલૂકચંદભાઈ! બળદ સમજ્યા? બૈલ. આહા..! એને એમ કહે કે, પ્રભુ! તું એ નહિ. એ શરીરની અવસ્થા અને ખોરાક અને પીવા એ તું નહિ. તે તારામાં પ્રભુ એ નહિ. એ તો નહિ, પણ દયા, દાન, વ્રત, ભક્તિના વ્યવહાર પરિણામ થાય રાગ એ તું નહિ, એ તારામાં નહિ. એ તો ભાઈ! નિમિત્તના સંબંધે થયેલા પુદ્‌ગલના પરિણામ છે. સમજાણું કાંઈ? જૈનધર્મ સમજવો મહા અલૌકિક વાત છે. એ સમજે એને સંસાર રહેતો નથી. આહા..હા..!

કહે છે કે આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી, આત્મપરિણામનો એટલે કે પુદ્‌ગલપરિણામના જ્ઞાનનો કર્તા છે. છેને પુસ્તક સામે? આહા..હા..! એકલા અમૃત રેડ્યા છે અમૃતચંદ્રાચાર્યે. આહા..હા..! અને પુદ્‌ગલપરિણામનું જ્ઞાન. હવે કર્મ લેવું છેને? પુદ્‌ગલપરિણામના જ્ઞાનનો કર્તા ભગવાન આત્મા. આહા..હા..! અને પુદ્‌ગલપરિણામનું જ્ઞાન, એ વ્યવહારરત્નત્રયના રાગનું જ્ઞાન. આહા..હા..! એ વ્યાપક વડે, ભગવાન આત્માના પ્રસરવા વડે. **'સ્વયં વ્યપાતું હોવાથી...'** વ્યાપક વડે સ્વયં વ્યપાય જાય છે. આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ વ્યાપક વડે સ્વયં વ્યપાય જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! **'સ્વયં વ્યાપતું હોવાથી (વ્યાપ્યરૂપ થતું હોવાથી) કર્મ છે.'** ધર્મી જીવનો આત્મા અનંત આનંદનો કંદ એવી શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ જીવનું કાર્ય છે. કહો, આહા..હા..! જેણે એકતા માની તેનું તે કાર્ય અજ્ઞાની રાગનો કર્તા એ છે. જેણે એકતા તોડી તેનું કાર્ય જ્ઞાન છે. આહા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ એને કાને ન પડે એ કે દિ' સાંભળે? કે દિ' વિચારે? કે દિ' પરિણમે? આહા..હા..! કહો, જયંતિભાઈ! આખી દુનિયાથી શૂન્ય છો તું અને તારા અનંત ગુણોથી તું અશૂન્ય છો. પ્રવચનસારમાં એ છે.

કહે છે કે **'પુદ્‌ગલપરિણામ તે વ્યાપક વડે સ્વયં વ્યાપતું હોવાથી (વ્યાપ્યરૂપ થતું હોવાથી)...'** જ્ઞાનરૂપી પર્યાય તે જીવનું કાર્ય અને પર્યાય છે. એને જીવની પર્યાય ગણી છે. રાગાદિ તો પુદ્‌ગલની પર્યાય છે. .. છેને? એ તો આવશે આગળ. ૭૬માં આવશે. પરદ્રવ્ય પર્યાય. આહા..હા..! પ્રભુ! તારી પર્યાય તે કાંઈ પ્રજા... તારી પ્રજા તો તારા ઘરમાં

છે એ (તારી) પ્રજા હોય. રાગાદિ, પુણ્યાદિ એ કાંઈ આત્માની પ્રજા નથી. .. રાગ એ પ્રજા તારી નહિ. સમજાણું કાંઈ? એ કર્મ છે. વળી આ રીતે જ્ઞાતા પુદ્‌ગલ પરિણામનું જ્ઞાન કરે છે. ... સમજાવે છે. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન. આહા..હા..! ભગવાન આત્મા '**भूदत्थमस्सिदो**' ત્રિકાળી પરમાત્મા પ્રભુ તેને આશ્રયે પડેલું, થયેલું જે સમ્યગ્દર્શન-જ્ઞાન, એ જ્ઞાનમાં વ્યવહારરત્નત્રય જાણવામાં આવે, છતાં એ જ્ઞાતા પુદ્‌ગલપરિણામનું જ્ઞાન કરે. શરીરની અવસ્થા થાય, વાણીની અવસ્થા થાય, રાગની અવસ્થા થાય એનું જ્ઞાન કરે. એ સ્વપરપ્રકાશક સ્વભાવના સામર્થ્યને લઈને. એ ચીજ છે માટે જાણે છે એમ નહિ. સમજાણું કાંઈ?

આ રીતે જ્ઞાતા પુદ્‌ગલપરિણામનું જ્ઞાન કરે છે. તેથી એમ પણ નથી કે પુદ્‌ગલપરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય છે. એને જાણવાનું કામ કરે માટે આત્માનું એ વ્યાપ્ય છે એ રાગ એમ નથી. આહા..હા..! ભાઈ! વાત શું કરે એ સમજવું કઠણ. એય..! જેઠાભાઈ! આ તો એમના ચિરંજીવી નવા આવ્યા છેને. એ કહે, શું કહેતા હશે આ? આહા..હા..! આવું પણ ક્યાં આ જૈનદર્શનના ... આહા..હા..! જેણે અજ્ઞાન અને રાગ-દ્વેષને જીત્યા અને જેણે જ્ઞાન પ્રગટ કર્યું, એ સ્વતંત્ર જ્ઞાન પ્રગટ કર્યું તે જ્ઞાનની દશાનો કર્તા આત્મા છે. એ પુદ્‌ગલપરિણામનું જ્ઞાન એમ વ્યવહારે કહેવાય. છતાં એ પુદ્‌ગલપરિણામનું જ્ઞાન હોવા છતાં, જ્ઞાનીનું વ્યાપ્ય તો જ્ઞાન છે. એ જ્ઞાનીનું વ્યાપ્ય રાગ છે એમ નથી. એમ પણ નથી કે પુદ્‌ગલપરિણામ જ્ઞાતાની પર્યાય છે. નાથુલાલજી! આહા..હા..!

અરે..! એના ઘરની વાતું, એ મોટા ઘરની વાતું મોટી સાંભળવા મળે નહિ. જુઓને કેવડો મોટો પણ છે એ ભાઈ! આહા..હા..! ... આનંદનું ધામ ભગવાન, જેના અતીન્દ્રિય આનંદની મહિમા અને પરિમિતતા શી? મહિમા શી એની? આહા..હા..! એ વસ્તુ.. વસ્તુ એવી વસ્તુની દૃષ્ટિ સમ્યક્ થતાં, એ વસ્તુનું જ્ઞાન વસ્તુપણે છે તેમ થતાં, એ આત્મા તે જ્ઞાની જીવને રાગના પરિણામનું જ્ઞાન હો, પણ એ કાંઈ રાગના પરિણામ જીવના પરિણામ છે એમ નથી. સમજાણું કાંઈ? અરે! ચોર્યાશી લાખના અવતાર એમાંથી નીકળવાના ટાણા આવ્યા. આહા..હા..! ભવના અભાવને માટે આ ભવ છે. સમજાણું કાંઈ? એને આ જો ભવના અભાવના ભાવનું ભાન ન થાય, (તો) કંઈ નથી કર્યું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. કેવા કહેવા? આહા..હા..! સમજાણું? ... પણ જેણે ભગવાન ગંભીર સ્વભાવી આત્મા એનું જેને જ્ઞાન થયું એને ભવનો અંત આવી ગયો. આહા..હા..! એને થોડો રાગાદિ રહ્યો એ એને રહ્યો એમ નહિ કહે છે. એને રાગનું અહીં જ્ઞાન થાય એટલો સંબંધ છે એથી તે રાગ એની પર્યાય છે એમ નથી. અમરચંદભાઈ! આહા..હા..! શું કહે છે?

મુમુક્ષુ :- દુઃખ તો લાગે છે.

ઉત્તર :- દુઃખનું જ્ઞાન કરે છે તે જ્ઞાન પોતાનું છે. દુઃખ લાગે તે આત્મા નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ચોથેથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... માટે કરતા નથી. પોતાના સ્વરૂપમાં જવા માટે કરે છે. આહા..હા..!

અહીં તો ચોથા ગુણસ્થાનથી માંડી છે. સમ્યગ્જ્ઞાની કેમ થવાય? કર્તાકર્મ છેને? સવારમાં તો વળી પ્રત્યાખ્યાનનું હતું ત્યાં ચારિત્રનો પ્રકાર વર્ણવ્યો. આ તો એકલું સમ્યગ્દર્શનમાં કર્તવ્ય શું એની વાત છે. પોતે સમ્યગ્દર્શન એ જ જીવનું કાર્ય છે. સમજાણું કાંઈ? એમ પણ નથી કે પુદ્ગલપરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય છે. કેમ? કે વ્યવહારનું જ્ઞાન અહીં થાય તેથી એટલો સંબંધ દેખીને એમ કોઈને થાય કે વ્યવહાર આત્માની પર્યાય છે એમ નથી. આહા..હા..! આ તો બધા વ્યવહારમાં જ એણે ધર્મ માની લીધો. રાગ શુભભાવ. દયા, દાન, ઊના પાણી પીવા, અપવાસ કરવો, ઉપધાન કરવા, પાલિતાણામાં ઉપધાન ચાલે છે. .. ઉપધાન બાપા ભાઈ! તને ખબર નથી. ... ભાઈ! તું એમાં છેતરાઈ જા છો. સમજાણું કાંઈ? માર્ગ કાંઈકનો કાંઈક છે અને એમાં તું માની બેસે છે કે આ .. છે. ...

મુમુક્ષુ :- ઉપધાન એટલે?

ઉત્તર :- અપવાસ કરવા. એક અપવાસ અને એક દિ' એકાસન એ ઉપધાન. ઉપધાન એટલે એ તપ કહેવામાં આવે છે. આપણે પણ ઉપધાન છે શાસ્ત્રમાં. આત્માના આનંદમાં સમીપમાં રહેવું એ ઉપધાન છે. આહા..હા..! અરેરે! સંપ્રદાયની દૃષ્ટિમાં..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છેને ઉપધાન શાસ્ત્રમાં છે. ઉપધાન શબ્દ છે. ... ઉપધાન. સ્વરૂપની સમીપમાં સ્વરૂપને ધાવવું. એ આનંદકંદ પ્રભુ ધારામાં એનું નામ ઉપધાન. કહે છે, એ બધી વાતુંમાં અહીં કાંઈ ન મળે.

અહીં તો કહે છે... કારણ કે પુદ્ગલને અને આત્મા વિના... જુઓ પુદ્ગલ લઈ લીધા. એ વ્યવહારરત્નત્રયનો રાગ એ પુદ્ગલ છે એમ કહે છે. પહેલા પરિણામ કીધું હતું. એ પુદ્ગલને, એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ તે પુદ્ગલ છે. ગજબ વાત છે. આહા..હા..! ચીમનભાઈ! રાડ નાખે હોં આ વાડાવાળા કે અરેરે! હાય.. હાય... ભગવાન! તારા ઘરની વાત મોટી છે, ભાઈ! તેં પામરમાં પ્રભુતાને માની બેઠો છો તું. આહા..હા..! કહે છે કે પુદ્ગલને... આહા..હા..! અરે.. ભગવાનનું સ્મરણ પરિણામ તે પુદ્ગલ. આહા..હા..! અરે! સમ્મેદશિખરની જાત્રાના પરિણામ એ પુદ્ગલ. 'એક વાર વંદે જો કોઈ.' લ્યો આવે છેને. 'નરક પશુ ગતિ ન હોય.' દાળિયા નથી નરક-પશુમાં (ન ગયો તો). મનુષ્ય અને દેવ થાય

એમાં દાળિયા શું થયા? એ તો જડ છે. આહા..હા..!

'**કારણ કે પુદ્ગલને અને આત્માને જ્ઞેયજ્ઞાયકસંબંધનો** વ્યવહારમાત્ર હોવા છતાં...' આહા..હા..! એ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ તે પુદ્ગલ છે. ભગવાન આત્મા જ્ઞાતા છે. એ જ્ઞાયકને અને એ જ્ઞેયને વ્યવહારમાત્ર જ્ઞાતા-જ્ઞેયનો સંબંધ હોવા છતાં '**પણ પુદ્ગલપરિણામ જેનું નિમિત્ત છે એવું જે જ્ઞાન તે જ જ્ઞાતાનું** વ્યાપ્ય છે...' આહા..હા..! કેટલું સ્પષ્ટ કર્યું છે! અરેરે! ઘરમાં આવો વારસો પડ્યો એને જોયો નહિ. વાંચે નહિ, વિચારે નહિ. ... ભગવાન! આ શું કરે છે? માર્ગ તો આ છે. (એ) ઉપાય નહિ .. કરે કોઈ. એ કહે છે. એ નિર્મળ પરિણામ એનો જીવ કર્તા અને નિર્મળ પરિણામ એનું કાર્ય. બહારના સંયોગની તો વાત પણ નથી, પણ વ્યવહારરત્નત્રય તેનું કાર્ય નહિ. આહા..હા..! ... આવે છેને '**णियमेण य जं कज्जं**' નિયમથી કર્તવ્ય લાયક હોય તો ભગવાન આત્મા પૂર્ણ ધ્રુવ ચૈતન્યની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા તે કરવા લાયક છે. સમજાણું કાંઈ?

'**પુદ્ગલને અને આત્માને...**' આહા..હા..! ક્યાં લક્ષ.. આચાર્ય ... ભગવાનનું સ્મરણ, ભગવાનની ભક્તિ, પંચ મહાવ્રતના પરિણામ કહે છે કે એ કહે છે પુદ્ગલ છે. પહેલા પુદ્ગલના પરિણામ કહ્યા હતા. એને પુદ્ગલ કહ્યા. સમજાણું કાંઈ? '**કારણ કે પુદ્ગલને અને આત્માને જ્ઞેયજ્ઞાયકસંબંધનો વ્યવહારમાત્ર હોવા છતાં પણ...**' આત્માને એટલે? આત્માની જ્ઞાનની પર્યાયને. કહ્યું કે નહિ? દ્રવ્યની સાથે ક્યાં એને મેળ છે? .. વ્યવહારરત્નત્રયના રાગને પણ જ્યારે પુદ્ગલ કહ્યો ત્યારે અહીં એને એમ કહ્યું. ત્યારે અહીંયાં આત્માને કહ્યું. ઓલી જ્ઞાનની પર્યાય છે એવા આત્માને એમ. શું કીધું સમજાણું કાંઈ? '**પુદ્ગલને અને આત્માને...**' નહિતર તો ખરેખર રાગને અને આત્માના જ્ઞાનની પર્યાયને. ... સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- પરિણામ, પરિણામીને એક કરી નાખ્યા.

ઉત્તર :- એક કરી નાખ્યા.

એ આત્માને એટલે આત્માના જ્ઞાનની પર્યાયને, પુદ્ગલને એટલે રાગના પરિણામને, બેને જ્ઞેયજ્ઞાયક સંબંધનો વ્યવહારમાત્ર હોવા છતાં. આહા..હા..! ગજબ વાત છે! સત્યને જાહેર કરવાની કળા લોજીક ન્યાયથી એમ. ... આવો ભગવાન જાગતી જ્યોત એની જે ચૈતન્યની પરિણતિની પર્યાય, એને અને રાગને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે. એમ ન કહેતા એ બધું પુદ્ગલ અને અહીં આખો આત્મા (એમ કહી દીધું). આહા..હા..! સમજાણું કાંઈ?

'**પુદ્ગલને અને આત્માને...**' બે દ્રવ્ય જ લીધા. '**જ્ઞેયજ્ઞાયકસંબંધનો વ્યવહારમાત્ર હોવા છતાં પણ પુદ્ગલપરિણામ જેનું નિમિત્ત છે એવું જે જ્ઞાન...**' ઠીક! આ પણ પર્યાય. આહા..હા..! પુદ્ગલપરિણામ. ત્યાં પાછા પુદ્ગલપરિણામ લીધા. જેનું નિમિત્ત છે.

જેનું એટલે જ્ઞાનનું. જ્ઞાનમાં ઉપાદાન તો પોતે છે. અહીં પાછી પર્યાય લઈ લીધી. એય..! ચેતનજી! પર્યાયને ભૂલતા નથી. '**પુદ્‌ગલપરિણામ જેનું નિમિત્ત છે...**' જેનું એટલે એવું જે જ્ઞાન. આત્માનું જે જ્ઞાન થયું એમાં જે રાગનું જ્ઞાન થયું એના જ્ઞાનમાં વ્યવહારરત્નત્રય રાગાદિ નિમિત્ત છે. એ (જ્ઞાન) આત્માની પ્રજા એ છે. સમજાણું કાંઈ? આ બાયડી, છોકરા, છોકરા કુટુંબ ધૂળેય નથી સાંભળને. એય..! ભગવાનજીભાઈ! આહા..હા..! જુઓ, '**એવું જે જ્ઞાન તે જ જ્ઞાતાનું વ્યાપ્ય છે...**' એટલે કે આત્માની તે પર્યાય છે. '**(માટે તે જ્ઞાન જ જ્ઞાતાનું કર્મ છે.)**' કહો સમજાણું કાંઈ?

## શ્લોક-૪૯

(शार्दूलविक्रीडित)

व्याप्यव्यापकता तदात्मनि भवेन्नैवातदात्मन्यपि
व्याप्यव्यापकभावसम्भवमृते का कर्तृकर्मस्थितिः।
इत्युद्दामविवेकघस्मरमहोभारेण भिन्दंस्तमो
ज्ञानीभूय तदा स एष लसितः कर्तृत्वशून्यः पुमान्।।४९।।

હવે આ જ અર્થના સમર્થનનું કળશરૂપ કાવ્ય કહે છે :—

શ્લોકાર્થઃ- [व्याप्यव्यापकता तदात्मनि भवेत्] વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં જ હોય, [अतदात्मनि अपि न एव] અતત્સ્વરૂપમાં ન જ હોય. અને [व्याप्यव्यापकभावसम्भवम् ऋते] વ્યાપ્યવ્યાપકભાવના સંભવ વિના [कर्तृकर्मस्थितिः का] કર્તાકર્મની સ્થિતિ કેવી? અર્થાત્ કર્તાકર્મની સ્થિતિ ન જ હોય. [ईति उद्दाम-विवेक-घस्मर-महोभारेण] આવો પ્રબળ વિવેકરૂપ અને સર્વને ગ્રાસીભૂત કરવાનો જેનો સ્વભાવ છે એવો જે જ્ઞાનપ્રકાશ તેના ભારથી [तमः भिन्दन्] અજ્ઞાન-અંધકારને ભેદતો, [सः एषः पुमान्] આ આત્મા [ज्ञानीभूय] જ્ઞાનસ્વરૂપ થઈને, [तदा] તે કાળે [कर्तृत्वशून्यः लसितः] કર્તૃત્વરહિત થયેલો શોભે છે.

ભાવાર્થ :- જે સર્વ અવસ્થાઓમાં વ્યાપે તે તો વ્યાપક છે અને કોઈ એક અવસ્થાવિશેષ તે, (તે વ્યાપકનું) વ્યાપ્ય છે. આમ હોવાથી દ્રવ્ય તો વ્યાપક છે અને પર્યાય વ્યાપ્ય છે. દ્રવ્ય-પર્યાય અભેદરૂપ જ છે. જે દ્રવ્યનો આત્મા, સ્વરૂપ

**અથવા સત્ત્વ તે જ પર્યાયનો આત્મા, સ્વરૂપ અથવા સત્ત્વ. આમ હોઈને દ્રવ્ય પર્યાયમાં વ્યાપે છે અને પયાર્ય દ્રવ્ય વડે વ્યપાઈ જાય છે. આવું વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં જ (અર્થાત્ અભિન્ન સત્તાવાળા પદાર્થમાં જ) હોય; અતત્સ્વરૂપમાં (અર્થાત્ જેમની સત્તા—સત્ત્વ ભિન્ન ભિન્ન છે એવા પદાર્થોમાં) ન જ હોય. જ્યાં વ્યાપ્યવ્યાપકભાવ હોય ત્યાં જ કર્તાકર્મભાવ હોય; વ્યાપ્યવ્યાપકભાવ વિના કર્તાકર્મભાવ ન હોય. આવું જે જાણે તે પુદ્‌ગલને અને આત્માને કર્તાકર્મભાવ નથી એમ જાણે છે. આમ જાણતાં તે જ્ઞાની થાય છે, કર્તાકર્મભાવથી રહિત થાય છે અને જ્ઞાતાદ્રષ્ટા-જગતનો સાક્ષીભુત-થાય છે. ૪૯.**

## કળશ-૪૯ ઉપર પ્રવચન

હવે કળશ લઈએ. પહેલા કળશ મૂકી દીધો હતો. આ પંડિત હતાને તે ૭૬ ગાથાનું સાંભળતા જાય. પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય. ૪૯ કળશ.

(शार्दूलविक्रीडित)

व्याप्यव्यापकता तदात्मनि भवेन्नैवातदात्मन्यपि
व्याप्यव्यापकभावसम्भवमृते का कर्तृकर्मस्थितिः।
इत्युद्दामविवेकघस्मरमहोभारेण भिन्दंस्तमो
ज्ञानीभूय तदा स एष लसितः कर्तृत्वशून्यः पुमान्।।४९।।

આહા..હા..! એ પુરુષ છે એ આત્મા. એટલે એને પુરુષ કહેવાય. આ સ્ત્રી, પુરુષની વાત નથી. એ આત્મા જ પુરુષ છે. પુરુષાર્થસિદ્ધિમાં આવે છેને? પોતાના આનંદ અને ચૈતન્યની પરિણતિમાં રહે, સૂવે એનું નામ પુરુષ. આહા..હા..! જે પુણ્ય અને પાપના વિકારી વ્યભિચારમાં રહે તે પુરુષ નહિ, એ નપુંસક છે. પાટણીજી! આ વાડા બાંધીને... એકલો નિશ્ચય.. નિશ્ચય... વ્યવહાર તો જાણવાલાયક છે, સાંભળને હવે. એ તો ચાલે છે. વ્યવહાર કરવાલાયક છે? વ્યવહાર આત્માનું કાર્ય છે? વ્યવહાર આત્માની દશા છે? આહા..હા..!

મુમુક્ષુ :- એવો ઉપદેશ...

ઉત્તર :- એવો ઉપદેશ દે શી રીતે? કહો, નાથુલાલજી! જે આત્માનું કાર્ય નહિ, આત્માની પર્યાય નહિ એનો ઉપદેશ કરવો? વ્યવહાર કર, તને એનાથી નિશ્ચય થશે. રાગ કર તને અરાગી

થશે. શશીભાઈ! અરે..! દુનિયા સાથે મેળ ખાય એવું નથી, બાપા!

'**શ્લોકાર્થઃ- व्याप्यव्यापकता तदात्मनि भवेत्**' કૌંસમાં. '**વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં જ હોય,...**' '**તત્સ્વરૂપમાં જ હોય,...**' એટલે? કે ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ આત્મા વ્યાપક અને એની નિર્મળ વીતરાગી પર્યાય તે તેનું વ્યાપ્ય. એ વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં એ તત્સ્વરૂપમાં હોય છે. એનું સ્વરૂપ જ શુદ્ધ ચૈતન્યની મૂર્તિ એવા પરિણામ થયા એ તત્સ્વરૂપમાં એનું વ્યાપ્યવ્યાપક છે. વ્યાપક આત્મા અને એ પરિણમન એનું વ્યાપ્ય. '**अतदात्मनि अपि न एव**' '**અતત્સ્વરૂપમાં ન જ હોય.**' આહા..હા..! આ અસ્તિ, આમ ન હોય. કહો, સમજાણું કાંઈ? એ રાગાદિ, દયા, દાન, વ્રતાદિ એ અતત્સ્વરૂપ છે, એનું તત્સ્વરૂપ નથી. ભારે ભાઈ! સમજાણું કાંઈ? એ '**અતત્સ્વરૂપમાં ન જ હોય. અને...**' '**व्याप्यव्यापकभावसम्भवम् ऋते**' '**વ્યાપ્યવ્યાપકભાવના સંભવ વિના...**' જેમાં વ્યાપ્યવ્યાપકપણું નથી એમાં કર્તાકર્મ શી રીતે હોય? એમ. આહા..હા..! લોજિકથી-ન્યાયથી તો વાત છે. પોતે પ્રસરનાર... લ્યો! આવ્યું. ...

'**व्याप्यव्यापकभावसम्भवम् ऋते**' એટલે કે એની પર્યાય અને પર્યાયવાનના સંબંધ વિના '**કર્તાકર્મની સ્થિતિ કેવી?**' આહા..હા..! આત્મા જ્ઞાન અને આનંદની પર્યાય તે કર્તા અને વ્યવહારરત્નત્રય તેનું કર્મ, શી રીતે હોય? સમજાણું કાંઈ? અહીંયાં તો આચાર્ય આમ વર્ણવે છે કે ભાઈ! તારા શ્રદ્ધા, જ્ઞાનની, ચારિત્રની, આનંદની પર્યાય એ કર્તા અને વ્યવહારરત્નત્રય તેનું કાર્ય, એ વ્યાપ્યવ્યાપકના અભાવમાં કર્તાકર્મપણું શી રીતે હોય? સમજાણું કાંઈ? ન જ હોય, સ્થિતિ ન જ હોય. '**કર્તાકર્મની સ્થિતિ ન જ હોય.**'

'**ईति उद्दाम-विवेक-घस्मर-महोभारेण**' '**આવો પ્રબળ વિવેકરૂપ અને સર્વને ગ્રાસીભૂત કરવાનો જેનો સ્વભાવ છે...**' અહો..! જેને સ્વ અને પર બધું જાણવાનો જેનો નિજસ્વભાવ. '**સર્વને ગ્રાસીભૂત કરવાનો જેનો સ્વભાવ છે...**' સ્વભાવ છે. '**એવો જે જ્ઞાનપ્રકાશ તેના ભારથી...**' આહા..હા..! કહે છે કે સ્વપરપ્રકાશકની અતિશયતા વધી ગઈ ત્યાં. એમાં પરની કોઈ અપેક્ષા આવતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો પ્રબળ વિવેકરૂપ અને .. પરથી ભિન્નરૂપ અને પોતાનો સ્વભાવ સર્વને ગ્રાસીભૂત કરવાનો જેનો સ્વભાવ એવો જે જ્ઞાનપ્રકાશ, ચૈતન્યપ્રકાશ. જેના તેજ ચૈતન્યતેજ '**તેના ભારથી...**' આહા..હા..! કહે છે કે એટલી બધી તાકાત જ્ઞાનની વધી ગઈ અને છે કે જેના '**ભારથી અજ્ઞાન-અંધકારને ભેદતો,...**' આહા..હા..! અજ્ઞાન-અંધકારને નાશ કરતો. કહો, સમજાણું કાંઈ? .... ભાઈ! કેટલો ભાર! સ્વપરને જાણવાની શક્તિનું જોર, એવા જોરના બળે અજ્ઞાન-અંધકારને ભેદતો. રાગ તે હું છું અને રાગ મારું કાર્ય છે એવા અજ્ઞાનને તોડી નાખતો. આવું સત્ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... કર્તા નથી. અહીંયાં તો વ્યવહાર સમજાવવો છેને. નાશનો કર્તા પણ નથી ખરેખર તો. એ થાય છે એને વર્ણવે છે.

જ્ઞાનના સ્વભાવનું જ્યાં આટલું જોર આવ્યું અંદર ત્યાં અજ્ઞાન ઉત્પન્ન થતું નથી એને નાશ કરે છે એમ કહેવામાં આવે છે. આ શૈલી ઉપદેશની એવી છે. નાશ શી રીતે ...? આમ જ્યાં ઉત્પાદ થાય છે ત્યાં અજ્ઞાનનો ઉત્પાદ થતો નથી. એને વ્યય કરે છે એમ કહે છે. .. ચૈતન્યપ્રકાશ આ વસ્તુ જ્ઞાનના પ્રકાશના નૂરનું પૂર (છે) એમ જ્યાં અંતરમાં દૃષ્ટિ થઈ, સમ્યગ્જ્ઞાન-દર્શનનો ઉત્પાદ થયો ત્યાં અજ્ઞાનની પર્યાયનું ઉત્પન્ન ન થવું તેનો નાશ થયો. સમજાણું કાંઈ? ભાઈ! વાત તો આવી છે. આહા..હા..! એ ભગવાનના ઘરની વાતું પામરને શી ખબર પડે? જે રાગમાં રોળાઈ ગયો છે. આહા..! એકાકાર થઈ ગયો છે. જેને વિકલ્પમાં એકાકાર થયો એવા પામરને આ પ્રભુતાની શી ખબર પડે? સમજાય છે કાંઈ? કહે છે કે જ્ઞાનની પ્રભુતાની આગળ પામર અજ્ઞાનનો તો નાશ થઈ જાય છે એટલે ઉત્પન્ન થતા નથી. આહા..હા..! શૈલી તો એમ સમજાવેને.

**'અજ્ઞાન-અંધકારને ભેદતો,...'** આ અંધકાર પહેલા નાશ થયો એમ છે? શૈલી તો ઉપદેશની પદ્ધતિની રીત તો એવી જ હોયને. રાગ અને વિકલ્પથી ભિન્ન પડતા જ્ઞાનના સ્વભાવનું તેજ વધી ગયું, ભાર વધી ગયો. એના ભારના જોરથી અજ્ઞાન ઉત્પન્ન જ ન થયું. શી રીતની શૈલી ઉત્પાદ-વ્યય-ધ્રુવ બધું ... સમજાણું કાંઈ? ... આવો ધર્મ આકરો, ભાઈ! ... ભગવાન પાસે જાવું, ભગવાનનો પોકાર કરવો, હે પ્રભુ! હવે તારજે. જેઠાભાઈ! આમ કહે કે અંદર મંદિરમાં .. હે ભગવાન! તારજે... તારજે... આહા..હા..! નિમિત્તથી જાણેલો ... અંદર જાય, સૂક્ષ્મ.. ત્યારે અંદરમાં સુખ ભાસશે, ત્યાં દુઃખ નહિ ભાસે. દુઃખ અંદર છે જ નહિ. આહા..હા..! આઠ વર્ષની બાલિકા જ્યાં આ ભાન કરે છે, દુનિયાને પાગલ જેવું લાગે. જે પુદ્‌ગલપરિણામ છે એને કરવાનો ઉપદેશ આપે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો એક જાણવા માટેની એની એક ચીજ હોય છે એ જાણવા માટે વાત છે. વ્યવહાર હોય ત્યાં એ ભૂમિકાનો ભાવ હોય છે. એને વ્યવહાર નયથી કથનમાત્ર .. એક નય છેને એટલું. બસ એટલું. એમાં એમ માની લે કે આદરવાલાયક છે. સમજાણું કાંઈ? ચરણાનુયોગની ક્રિયાથી એનો આત્મા કેવો છે એમ જાણી શકાય. ચરણાનુયોગ પ્રમાણ જોઈને પરિણામ... ... કહે છે કે એ આત્માને સેવું તે ક્રિયા. કહે છે ભગવાન અંદરની ક્રિયા તો આ છે.

કહે છે, **'तमः भिन्दन्'** તે અજ્ઞાન ઉત્પન્ન ન થયું. તેને ભેદી નાખ્યો. **'सः एषः पुमान्'** **'આ આત્મા...'** લ્યો એ પુરુષ. **'पुमान्'** એટલે આત્મા. સ્ત્રીનો આત્મા અને પુરુષનો આત્મા

જુદા કાંઈ છે નહિ. **'पुमान्'** આત્મા **'જ્ઞાનસ્વરૂપ થઈને,...'** જ્ઞાનસ્વરૂપ થઈને. જે રાગરૂપ થઈને રહ્યો હતો તે જ્ઞાનસ્વરૂપ થઈને રહ્યો હવે. **'તે કાળે...'** **'कर्तृत्वशून्यः लसितः'** તે કાળે એટલે ભાનમાં આવ્યો તે કાળે. આડાઅવળા કાળમાં નહિ. આહા..હા..! **'તે કાળે...'** **'कर्तृत्वशून्यः लसितः'** **'કર્તૃત્વરહિત થયેલો શોભે છે.'** અંદરથી. આત્માના જ્ઞાયક સ્વભાવ તરફનો આશ્રય લઈ અને જે જ્ઞાનસ્વરૂપ પર્યાયમાં થયો તે પરના કર્તાપણાના રહિત શોભે છે. સમજાણું કાંઈ? કહેતા હતાને, નહિ ત્યાં? પાટણીજી! તમારે વ્યાખ્યાન ચાલતું હતુંને .. નહિ? આગ્રા. કરના ધરના કુછ નહિ, ...... બહુ આનંદ. કરના ધરના કુછ નહિ. અરેરે..! શું કરવું? રાગ કરવો? શું કરવું? પંડિતોની પંડિતાઈ .. પાણી ઉતરી જાય.

પંડિત તો એને કહીએ કે જે જ્ઞાનસ્વરૂપ થઈને તે કાળે શોભે કર્તૃત્વરહિત તેને પંડિત કહીએ. આહા..હા..! રાગનો કર્તા નહિ, દયા, દાનના વિકલ્પનો કર્તા નહિ. આહા..હા..! કરે તે પંડિત એ તો નહિ, પણ એનો કર્તારહિત થઈને, જ્ઞાનસ્વરૂપ થઈને શોભે તે કર્તારહિત થઈને શોભે છે. નાથુલાલજી! ... ... આ વાત.

કહે છે કે વ્યવહાર કરવો એ તો નહિ, પણ વ્યવહારનું જ્ઞાન કરવું એ પણ એક વ્યવહાર છે. એય..! તે કાળે તે કર્તૃત્વરહિત થયેલો. થયેલો છેને? **'कर्तृत्वशून्यः लसितः'** આહા..હા..! આનંદનું ધામ ભગવાન જેણે જાણ્યો એ જ્ઞાનમાં રાગના કર્તૃત્વરહિત થઈને શોભે છે. એ કર્તા થઈને શોભે તે વસ્તુનું સ્વરૂપ નથી. રાગ કરે અને એની શોભા કહેવાય એ વસ્તુનું સ્વરૂપ નથી. વ્યવહાર કરે અને એ શોભા આત્માની કહેવાય એમ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? ભાવાર્થ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો સુદ ૨, સોમવાર, તા. ૦૯-૧૦-૧૯૭૨
## કળશ-૪૯, ગાથા-૭૬, પ્રવચન-૧૮૬

૭૫ ગાથાનો કળશ અને ભાવાર્થ છે. વ્યાપક-વ્યાપ્યની વ્યાખ્યા છે.

**'ભાવાર્થ :- જે સર્વ અવસ્થાઓમાં વ્યાપે તે તો વ્યાપક છે...'** એટલે કે પદાર્થ છે એની દરેક અવસ્થાઓ જે થાય દરેક અવસ્થામાં રહેલ તેને અહીંયાં વ્યાપક કહેવામાં આવે

છે. તેને દ્રવ્ય કહેવામાં આવે છે. '**અને કોઈ એક અવસ્થાવિશેષ તે,...**' તે માયલી કોઈપણ એક અવસ્થા, પ્રગટ અવસ્થાવિશેષ '**(તે વ્યાપકનું) વ્યાપ્ય છે. આમ હોવાથી દ્રવ્ય તો વ્યાપક છે...**' કેમકે દરેક અવસ્થામાં અન્વયરૂપે રહેલ ધ્રુવ તો કાયમ રહે છે. સમજાણું કાંઈ? અને કરવાનું છે ઈ કે દ્રવ્ય કાયમ જે ધ્રુવ છે એનો આશ્રય કરવાની વાત પહેલામાં પહેલી છે. સમજાણું કાંઈ? તો એ દ્રવ્ય શું અને પર્યાય શું એને જાણવી જોઈએને? .. બોલ્યા હતા એનો અર્થ શું? બોલ્યા હતા કાંઈક.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાત સાચી. પણ એટલું મોઢે હતું પણ દ્રવ્ય-ગુણ-પર્યાય શું એની વ્યાખ્યા ખબર નહિ. એ આવે છે. વાત તો આવી. આહા..! વાત આવે છે. આહા..હા..!

એ અહીં કહે છે કે સર્વ દશામાં વ્યાપે તેને વ્યાપક દ્રવ્ય કહીએ અને એની કોઈપણ વર્તમાન અવસ્થા તેને વ્યાપ્ય કહીએ. '**આમ હોવાથી દ્રવ્ય તો વ્યાપક છે અને પર્યાય વ્યાપ્ય છે. દ્રવ્ય-પર્યાય અભેદરૂપ જ છે.**' કારણ કે તે પર્યાયથી જુદામાં ક્યાંક રહે, દ્રવ્ય ક્યાંક રહે છે અને પર્યાય આકાશમાં રહે છે એમ છે? એ સાંભળ્યું હતું, કો'ક કહેતું હતું. આહા..હા..! એય..! સાંભળી હતી. ... કહેતા હતા. ... નહિ? પર્યાય કાંઈ આકાશમાં રહે છે અને દ્રવ્ય ક્યાંક બીજે રહે છે? આહા..હા..! વસ્તુ દ્રવ્ય એક શબ્દ છે પણ એ ચીજ શું? પણ વાચ્ય શું એનું? એનું વાચ્ય સમજ્યા વિના એકલું વ્યાપક-વ્યાપક અને દ્રવ્ય કહે એનો અર્થ શું? સમજાણું કાંઈ? એક સમયમાં ત્રણે કાળમાં જેની અવસ્થામાં અન્વયરૂપ છું, સદશ્ય છું, કાયમ જળવાય રહે, કાયમ રહે છે તેને વ્યાપક અને એને દ્રવ્ય કહીએ. કોઈ સમયની અવસ્થા એને વર્તમાનનું વિશેષ એને પર્યાય—વ્યાપ્ય કહીએ. એ બે થઈને પ્રમાણનો વિષય છે.

મુમુક્ષુ :- પ્રમાણ તો હેય છે.

ઉત્તર :- પ્રમાણ હેય છે. પ્રમાણ હેય છે એ દ્રવ્યને ઉપાદેય નિશ્ચયનયે માન્યું છે એને એમ રાખીને પર્યાય ભેળવીને પ્રમાણજ્ઞાન કરે છે. નિશ્ચયે નક્કી કર્યું છે એનો નિષેધ કરીને પર્યાયનું જ્ઞાન પ્રમાણ કરતું નથી. એય..! ચેતનજી!

મુમુક્ષુ :- પ્રમાણ હેય છે.

ઉત્તર :- પ્રમાણ આ રીતે.. બે પ્રકાર થયાને એને? નિશ્ચયે જે રાખ્યું છે કે અભેદ છે, એકરૂપ છે, ... છે એનો જે નિશ્ચયનો વિષય તો એના જ્ઞાનના પ્રમાણમાં છે એનો નિષેધ કરીને પર્યાયને ભેળવે છે એમ નથી. આહા..હા..! ભાઈએ નાખ્યું છે, સોગાનીએ. ઓલો સામે બહુ પ્રશ્ન કરવા લાગ્યો છે એને આમ પૂછ્યું પ્રમાણ છે કે નહિ? પ્રમાણ છે કે નહિ? પૂછ્યું છે ખબર છે. પ્રમાણ છે તો શું છે ભાઈ! ... નિશ્ચયનો વિષય છે એનો

નિષેધ કર્યો છે પ્રમાણે? અને પ્રમાણ પર્યાયનું જ્ઞાન કરે છે? સમજાણું કાંઈ? હીરાભાઈ! આવે છે એમાં? પ્રમાણમાં પર્યાયનો નિષેધ થતો નથી માટે તે પૂજ્ય નથી. પૂજ્ય તો વસ્તુ ત્રિકાળી છે તે પૂજ્ય છે. ત્રિકાળી વસ્તુ, સત્ આખું સત્ એનું આખું તત્ત્વ ભાવ-ભાવ એ જ ઉપાદેય છે. એ ઉપાદેય ઉપરાંત જ્યારે તેનું જ્ઞાન થયું ત્યારે પર્યાય છે એનું જ્ઞાન કરે છે. પર્યાય નિર્ણય કરે છેને. દ્રવ્ય ક્યાં નિર્ણય કરતું હતું? ત્રિકાળી દ્રવ્ય તે ઉપાદેય છે. આહા..હા..!

આજ તો ઓલામાં એવું આવ્યું હતું, જયધવલમાં કે સ્થાપના નિક્ષેપમાં તીર્થંકરના અશેષ જેટલા ગુણો છે તે બધાય એમાં છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જુદી વાત, આ તો સ્થાપના નિક્ષેપમાં. દિવ્યધ્વનિ સિવાય ત્યાં તો જેટલા તીર્થંકરના ગુણો દિવ્યધ્વનિ એમનો ગુણ નથી. પ્રગટ ગુણની વાત છે. અહીં તો એમ કહે છેને કે વાણીમાં ગુણ છે પણ પ્રતિમામાં નથી. બેય એક જ છે, એક જાત છે. વાણીમાં ગુણ કે દિ' પરના હતા? એ પણ સ્થાપનારૂપે વાણીમાં અનંતા ગુણો આવે છે. એમ પ્રતિમામાં પણ અનંતા અશેષ અનંત ગુણો એવો પાઠ છે. જેટલા ગુણો ભગવાનના એ બધાય ગુણોથી ભરેલી પ્રતિમા છે એમ પાઠ છે. ... આહા..હા..! સમજાય છે કાંઈ? એ તો જડ, અજીવ છે. પણ સ્થાપના તરીકે એમાં જેટલા અનંત ગુણ ખ્યાલમાં છે એ બધા ત્યાં અંદર સ્થાપ્યા છે. એય..! દેવીલાલજી! એને વાંધા છેને ઘરમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વાત આ તો છે એમ વાત, બસ. સ્થાપના નિક્ષેપની વ્યાખ્યામાં વર્ણન કર્યું ત્યાં એમ જ વર્ણન કર્યું છે. ઓહો..હો..! આ તો આજ તો આ આવ્યું. ઓલા કહે છેને વાણીમાં ગુણ છે અને પ્રતિમામાં નથી. .. દિવ્યધ્વનિ છે એ તો ક્યાં એની છે, એના ગુણો છે એ એના છે. એય..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વાતનું એને ભાન નથી. ચૈતન્યને પૂજવા લાગ્યા હોય એને વ્યવહાર જડને પૂજવાનો (ભાવ) આવ્યા વિના રહે જ નહિ. વીતરાગ ન થાય ત્યાં સુધી એ રાગ આવ્યા વિના રહે નહિ. મનનો ધર્મ એ છે. મનનો ધર્મ જ્યાં પૂર્ણ છૂટે નહિ ત્યાં સુધી માનસિક આત્મિક ધર્મ કોને આશ્રયે છે? પણ માનસિક ધર્મ જ્યાં સુધી પૂર્ણ છૂટે નહિ ત્યાં સુધી નય વિષય કરે છે એનો તો નય છે તે વિષયી સામે જ્ઞેયના ભાગ છે એ બધા. એનું જ્ઞાન અને એનો આદર આવ્યા વિના રહે નહિ. વસ્તુ એવી છે, ભાઈ! સમજાણું કાંઈ? છતાં એ વ્યવહાર છે. નહિતર તો ભગવાન ભગવાન છે એ વ્યવહારે પૂજ્ય છે એ પણ રહેતું નથી. તીર્થંકર ભગવાનની વાણી પૂજવા અને ભગવાન પોતે પૂજવા લાયક છે. વ્યવહારે

વ્યવહાર છેને. .... વસ્તુની સ્થિતિ છે એમ. તેમ એનાથી એનું કલ્યાણ થાય, સંવર-નિર્જરા થાય એમ નથી. ...ભાઈ! પણ એવો અંદર વ્યવહાર સાધકજીવને વચમાં બાધકપણું છે ત્યાં સુધી એને આવ્યા વિના રહે નહિ. તેને એવી રીતે વાસ્તવિક રીતે જેમ છે તેમ તેનો નિર્ણય થવો જોઈએ. સમજાણું કાંઈ? ... દ્રવ્ય દ્રવ્ય કરો છો પણ એ પર્યાયનું જ્ઞાનસહિત હોય દ્રવ્યનું જ્ઞાન તો તેને વાસ્તવિક જ્ઞાન કહેવાય. એમાં આવે છેને ભાઈ! ફૂટનોટમાં છે. વાત બરાબર છે. સમ્યગ્દર્શન બધા નયોનું જ્ઞાન એને હોય છે. આશ્રય ભલે દ્રવ્યનો હોય છે, પણ પર્યાયના જ્ઞાન વિનાનું જ્ઞાન દ્રવ્યનો આશ્રય કરે એ બને જ નહિ. આશ્રય કરનાર પર્યાય છે. આહા..હા..! એવી છે વાત.

કહે છે કે **'દ્રવ્ય-પર્યાય અભેદરૂપ જ છે.'** સામાન્ય વસ્તુ અને પર્યાય વિશેષ, બે થઈને આખો પ્રમાણનો વિષય છે. પણ એ પ્રમાણે વિષય કર્યો એ દ્રવ્યના વિષયનો નિષેધ કરીને કર્યો નથી, એ ઉપરાંત પર્યાયનું જ્ઞાન કર્યું એણે. તેમાં પર્યાયનો નિષેધ થતો નથી માટે અપૂજ્ય ગણવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ ક્યાં તકરાર..? કરવાનું તો આ છે. આહા..હા..! મોટો ભગવાન પડ્યો રહ્યો આખો. જેનો આશ્રય લેવો જોઈએ એ કોણ છે? કેમ છે? એની ખબર ન મળે. કરવાનું તો એ છે. લાખ શાસ્ત્ર ભણે કે લાખ ક્રિયાઓ મંદની કે રાગની હો, પણ આ વિના ધર્મની શરૂઆત થતી નથી. સમજાણું કાંઈ? જે ખાસ પ્રયોજનભૂત વસ્તુ અને પ્રયોજન સિદ્ધ થવાનું એ જ કારણ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આશ્રય માટે વ્યવહારે પૂજ્ય છે. વ્યવહારે આશ્રય કરવાલાયક છે એમ પણ આવે. પંચાધ્યાયીમાં આવે છે ખબર છે? કોઈ કોઈને વ્યવહાર પણ આશ્રય કરવાલાયક છે એમ આવ્યું છે. જેમ બારમામાં (ગાથામાં) આવે છેને? આવે છેને. આશ્રય કરે છે ત્યાં ખ્યાલ છેને કે આ છે. આશ્રયથી લાભ છે એ પ્રશ્ન અહીં નથી, પણ રાગ આવે છે. .. પાર ન આવે. આ તો વસ્તુની સ્થિતિ છે એમ જાણે તો એનો કાંઈક પાર આવે. અરે..! એણે શું કરવું? પણ કામ શું છે દુનિયાનું? વસ્તુ આ છે એ પ્રમાણે પોતે જાણે અને શ્રદ્ધે. એ અભેદ છે. છે, અભેદરૂપ જ છેને. ... પર્યાય જુદી અહીં રહે છે અને દ્રવ્ય જુદું રહે છે એમ છે?

**'જે દ્રવ્યનો આત્મા,...'** જુઓ હવે તે દ્રવ્યનું સ્વરૂપ, દ્રવ્યનો ભાગ. **'સ્વરૂપ અથવા સત્ત્વ...'** દેખો સત્ત્વ, દ્રવ્યનું સત્ત્વ **'તે જ પર્યાયનો આત્મા,...'** છે. તે પર્યાયનું સત્ત્વ છે. એક સમયની પર્યાયનું સત્ત્વ છે કે નહિ? આહા..હા..! આખો કસ છે ત્રિકાળી. એવું જે દ્રવ્યનું કસપણું એ જ પર્યાયનું કસ છે, પર્યાયનું સત્ત્વ છે ઈ. અને પર્યાયનો આત્મા એટલે કે પર્યાયનું સ્વરૂપ અથવા પર્યાયનું સત્ત્વ બેય એક જ છે. **'આમ હોઈને દ્રવ્ય પર્યાયમાં**

વ્યાપે છે...' દ્રવ્ય પર્યાયમાં વ્યાપે છે. **'અને પયાર્ય દ્રવ્ય વડે વ્યપાઈ જાય છે.'** વ્યપાઈ જાય છે. આહા..હા..! વસ્તુ છે એમ એને જાણવી જોઈએ કે .. તકરારમાં પડવું જોઈએ? વખત ક્યાં છે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો બેની અપેક્ષાએ બે અંશો એક ન થાય, પણ પરની અપેક્ષાએ તો એની પર્યાય અભેદ છે કે નહિ? પર્યાય વિજુત્તં દ્રવ્ય, દ્રવ્ય વિજુત્ત પર્યાય ન હોય. પંચાસ્તિકાયની શરૂઆતમાં ઈ આવે છે. સમજાણું કાંઈ? એ તો પરથી ભિન્ન પડ્યા પછી હવે જ્યારે બે અંશો છે એને સિદ્ધ કરવા હોય ત્યારે એને પર્યાયનો અંશ દ્રવ્યરૂપ થાય નહિ અને દ્રવ્યનો અંશ પર્યાયરૂપ થાય નહિ. એમ વાત છે. આહા..હા..! અલિંગગ્રહણના ૨૦મા બોલમાં તો એમ લીધું કે અનુભવ એ જ આત્મા, પર્યાય એ જ આત્મા, દ્રવ્યને સ્પર્શ્યા વિનાની પર્યાય તે જ આત્મા. લ્યો! એય..! અનુભવ થયોને એ આત્મા. દ્રવ્યનો-ધ્રુવનો અનુભવ ક્યાં રહે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... પણ ધ્રુવનું વેદન છે કે પર્યાયનું? બસ પર્યાય એ જ આત્મા. અહીં અમારે વેદનમાં આવ્યો એ આત્મા, જા! જેનો અમને સ્વાદ આવ્યો એ સ્વાદની પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જે પર્યાયનું વેદન છે તે દ્રવ્યનું લક્ષ તો અંદર છેને, લક્ષ ત્યાં છે એનું. લક્ષ ત્યાં છે. પર્યાય ઉપર લક્ષ છે? લક્ષ તો ત્યાં છે. પણ વેદનમાં આવે જેટલું એ હું બસ. અનુભવમાં આવે તે હું. તેને આત્મા કીધો લ્યો ઠીક! અને એ પર્યાય દ્રવ્યને આલિંગન કરતી જ નથી. એ અપેક્ષાએ વાત ... સમજાણું કાંઈ?

**'આવું વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં જ (અર્થાત્ અભિન્ન સત્તાવાળા પદાર્થમાં જ) હોય;...'** પર્યાય વ્યાપ્ય અને દ્રવ્ય વ્યાપક એના તત્સ્વરૂપમાં હોય. રાગાદિ છે તે અતત્સ્વરૂપ છે. અતત્સ્વરૂપમાં એટલે રાગાદિ વ્યવહારરત્નત્રય આદિ તે નિમિત્ત એ બધું અતત્સ્વરૂપ છે. એ જેમની સત્તા સત્ત્વ ભિન્ન-ભિન્ન છે. એ વ્યવહારના વિકલ્પોની સત્તા ભિન્ન છે. આહા..હા..! એનું સત્ત્વ ભિન્ન છે. એવા પદાર્થોમાં ન જ હોય. શું ન જ હોય? વ્યાપ્ય-વ્યાપકપણું. સમજાણું કાંઈ? **'જ્યાં વ્યાપ્યવ્યાપકભાવ હોય ત્યાં જ કર્તાકર્મભાવ હોય;...'** જ્યાં પર્યાયનું વ્યાપ્ય અને દ્રવ્ય વ્યાપક એવું જે હોય ત્યાં કર્તાકર્મપણું હોય. પણ રાગ વ્યાપ્ય અને આત્મા વ્યાપક એમ છે નહિ. ત્યાં વ્યાપ્ય-વ્યાપક નથી માટે કર્તાકર્મપણું નથી. સમજાણું કાંઈ?

'**વ્યાપ્યવ્યાપકભાવ વિના કર્તાકર્મભાવ ન હોય.**' નાસ્તિથી અનેકાંત લીધું. '**આવું જે જાણે તે પુદ્‌ગલને...**' એટલે કે વિકારી પરિણામને '**અને આત્માને કર્તાકર્મભાવ નથી એમ જાણે છે.**' સમજાણું કાંઈ? '**આમ જાણતાં તે જ્ઞાની થાય છે, કર્તાકર્મભાવથી રહિત થાય છે...**' એટલે કે રાગ મારું વ્યાપ્ય એટલે મારું કાર્ય અને હું વ્યાપક અને કર્તા તે ભાવથી રહિત થઈ જાય છે. સમજાણું કાંઈ? '**અને જ્ઞાતાદષ્ટા-જગતનો સાક્ષીભૂત-થાય છે.**' લ્યો!

## ગાથા-૭૬ ઉપર પ્રવચન

'**હવે પૂછે છે...**' એ છેલ્લી ટીકાનો બોલ લીધો હતો એ આ ગાથામાં આવવાનું એ છેલ્લું .. એ આવી ગયું છે આ. '**પુદ્‌ગલકર્મને જાણતા એવા...**' જ્ઞાનીને. રાગાદિને જાણતા એવા જ્ઞાનીને રાગ એનું વ્યાપ્ય નથી. સમજાણું કાંઈ? રાગને જાણતા છતાં રાગ એનું વ્યાપ્ય નથી. એ છેલ્લો બોલ આવી ગયો છે. એ અહીં વિસ્તારથી કરે છે હવે. '**હવે પૂછે છે કે પુદ્‌ગલકર્મને જાણતા...**' એટલે કે એ રાગાદિ વ્યવહારરત્નત્રયના વિકલ્પને જાણતા. એટલો તો સંબંધ થયોને એમ કે જાણવાનો. એમ. ધર્મીને એ રાગાદિ ભક્તિના પરિણામ, વ્રત આદિના છે એને જાણતા એટલો તો સંબંધ થયોને. એને જાણતા. '**એવા જીવને પુદ્‌ગલ સાથે...**' એટલે વ્યવહારના રાગ સાથે '**કર્તાકર્મભાવ (કર્તાકર્મપણું) છે કે નથી? તેનો ઉત્તર કહે છે :-**'

**ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जाए।**
**णाणी जाणंतो वि हु पोग्गलकम्मं अणेयविहं।।७६।।**

જુઓ! ચોખ્ખી વાત છે, ભાઈ! પરદ્રવ્યની પર્યાય છે એ તો. આહા..હા..!

**વિધવિધ પુદ્‌ગલકર્મને જ્ઞાની જરૂર જાણે ભલે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૬.**

'**ટીકા :- પ્રાપ્ય,...**' એટલે કે જે સમયે જે પ્રકારનો રાગાદિ, દ્વેષાદિ છે તે જ સમયે તે થાય. એ પ્રાપ્ય. એ રાગ જ તેને તે કાળે થાય તેને પહોંચી વળે છે. સમજાણું કાંઈ? આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના ભાવ, હિંસા, જૂઠા આદિના એ પ્રાપ્ય થઈને તે સમયે જ તે થવાના પરિણામ છે. તેને તે પરિણામ પ્રાપ્ત કરે છે. સમજાણું કાંઈ? એ રાગના પરિણામને રાગના પરિણામ પ્રાપ્ત કરે છે. સમજાણું કાંઈ? એ પ્રાપ્ય છે. એ

સમયની એ જાતની વૃત્તિનો કાળ છે. એ પ્રાપ્ય છે.

અને '**વિકાર્ય...**' પૂર્વથી બદલી અને વર્તમાન નવી અવસ્થા થવી, બદલવી તે અપેક્ષાએ તેને વિકાર્ય કહે છે અને '**નિર્વર્ત્ય...**' ઉપજ્યું. એ રાગનો ભાવ થયો દયા, દાન, વ્રત, ભક્તિના એ પરિણામના કાળે એને એ પરિણામ પહોંચી વળે છે, પુદ્ગલ. માટે તે પુદ્ગલના પરિણામ છે. એ પુદ્ગલ પોતે બદલીને થયું છે માટે પુદ્ગલના પરિણામ છે. પુદ્ગલ પોતે ઉપજ્યું છે એમાં માટે પુદ્ગલના પરિણામ છે. ભારે આકરું! આહા..હા..! સમજાણું કાંઈ? એ વ્યાપ્ય જેનું લક્ષણ છે. '**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્યવ્યાપકલક્ષણવાળું...**' અવસ્થાના લક્ષણવાળું. એ પુદ્ગલના પરિણામ એ અવસ્થા પુદ્ગલની એના લક્ષણવાળું. આહા..હા..! સમજાણું કાંઈ?

'**(વ્યાપ્ય જેનું લક્ષણ છે એવું) પુદ્ગલના પરિણામસ્વરૂપ જે કર્મ...**' એ તો પુદ્ગલના સ્વરૂપ, પરિણામસ્વરૂપ જ એ વ્યવહારરત્નત્રયનો રાગ છે. સમજાણું કાંઈ? એક કોર સ્થાપના અનંત ગુણવાળી પૂજનિક. એક કોર કહે કે એ ભાવ છે તે પુદ્ગલનો. કઈ અપેક્ષાએ વાત છે? આહા..હા..! સમજાણું કાંઈ? પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું વ્યાપ્ય લક્ષણવાળું એટલે અવસ્થાના લક્ષણવાળું પુદ્ગલના પરિણામસ્વરૂપ તે કાર્ય છે, તે કર્તાનું કાર્ય છે. '**તેનામાં પુદ્ગલદ્રવ્ય...**' એટલે કર્મ દ્રવ્ય '**પોતે અંતર્વ્યાપક થઈને,...**' કર્તાકર્મ છેને. રાગમાં વ્યવહાર રાગમાં કર્મ દ્રવ્ય અંતર વ્યાપે છે, આત્માની પર્યાય નહિ અને આત્મા દ્રવ્ય-ગુણ તો (વ્યાપતા જ નથી). આહા..હા..! રાડ નાખે ઓલા પંડિતો બિચારા હોં! આ વખતે હિંમતભાઈને એ ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... ... શું કરે પણ એમાં શું થાય? એ પણ ભગવાન છે, એને ખબર નથી કઈ દૃષ્ટિથી મને દુઃખ થાય છે? કેવા જ્ઞાનથી મને દુઃખ થાય છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે... આહા..હા..! એ વ્યવહારે નિમિત્ત છે. નિમિત્તથી ત્યાં થાય આત્મામાં, પુદ્ગલના પરિણામથી આત્મામાં સમકિત થાય? સમજાણું કાંઈ? એ કર્તાનું કાર્ય છે. એ તો પુદ્ગલનું કાર્ય છે વ્યવહારરત્નત્રયનો રાગ. આહા..હા..! પંચ મહાવ્રતના પરિણામ, શાસ્ત્રના ભણવા, સાંભળવા, ભણવા એવા જે વિકલ્પો એ તો પુદ્ગલનું કાર્ય છે. એય..! પંડિતજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વસ્તુ એવી છેને. ભગવાન તો જ્ઞાનસ્વરૂપ છે, ચૈતન્યબિંબ છે. ચૈતન્યબિંબનો કારક રાગ હોય? આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ પ્રભુ એ વ્યાપક થઈને પ્રસરે તો નિર્દોષ નિર્વિકારી પર્યાય પ્રસરે એમાં. આહા..હા..! આ વિકારી પર્યાય એનો

પ્રસર નહિ, એ તો પુદ્ગલનો પ્રસર છે. બાબુલાલજી! આહા..હા..! ભાઈ! આમાં ઝઘડાની વાત નથી. આ તો શાંતિનો માર્ગ આવો છે. રાગ ઉપજે એ તારા જ્ઞાનનો વ્યવહારે જ્ઞેય છે. વ્યવહારે જ્ઞેય છે એમ સિદ્ધ કરવું છે. આહા..! છતાં એને જાણતા છતાં એવો ભાવ હોવા છતાં એ જીવનું વ્યાપ્ય નથી. સમજાણું કાંઈ? (પુદ્ગલ વ્યાપકથી) વ્યાપ્ય એ રાગપણું થતું, (એનું) સ્વના લક્ષે થયેલું પોતાનું જ્ઞાન, સ્વપરપ્રકાશક જ્ઞાનની પર્યાય પોતાના લક્ષે થયેલી છે. એ જ્ઞાનમાં પરને જાણવાનું જ્ઞાન એમ કહેવામાં આવે એટલો વ્યવહાર સંબંધ હોવા છતાં એને રાગ સાથે વ્યાપ્યવ્યાપક સંબંધ જીવને નથી. ભારે ભાઈ! સમજાણું કાંઈ? ત્રિલોકનાથ પરમાત્મા એમ ફરમાવે છે કે અમારા તરફની ભક્તિનો ભાવ (તારો છે) એમ કહીએ એમ પણ નથી કહે છે. આહા..હા..! તારો નથી એ. એ તો પુદ્ગલનો ભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ! એક .... આ ... છે એમાં બોલવામાં આવ્યું હતું.

મુમુક્ષુ :- વ્યવહારની વાત આવે ... ન હોય.

ઉત્તર :- વ્યવહારના ઘણા ગોટાળા. આહા..હા..! એ વ્યવહાર સમકિતી છે. એમ લોકો ... અહીં તો વ્યવહાર(નો) રાગ છે તે પુદ્ગલના પરિણામ છે. એ જીવને સમકિતનું કારણ અથવા સમકિત (એમ નથી). આહા..હા..!

**'તેનામાં પુદ્ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને,...'** એ વ્યવહારુ જેટલા વિભાવભાવ ઉત્પન્ન થાય એ પુદ્ગલ અંતર્વ્યાપક થઈને ઉત્પન્ન થાય છે. એમાં પુદ્ગલ પ્રસરે છે, પુદ્ગલ વિસ્તરે છે, એ પુદ્ગલનો વિકાસ છે, ભગવાનનો વિકાસ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? એની શક્તિમાં કોઈ વિભાવ પડ્યો નથી કે એ વિભાવ વિસ્તરે ને પ્રસરે ને વિસ્તાર પામે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વિભાવિક શક્તિ આત્મામાં છે.

ઉત્તર :- વિભાવિક શક્તિ છે એટલે વિભાવ છે એમ એનો અર્થ નથી. બીજા દ્રવ્યોમાં નથી ચારમાં એટલે આમાં છે એટલે એને વિભાવિક શક્તિ લીધી. વિભાવ એટલે વિભાવરૂપ થવું એમ એનો અર્થ નથી. આહા..હા..! એ વિભાવિક નામનો એક ગુણ છે જે સિદ્ધમાં પણ છે. ફક્ત વિભાવ કેમ કહ્યો? એ ગુણો પુદ્ગલમાં અને ધર્માસ્તિમાં નથી. પુદ્ગલમાં તો છે પણ ધર્માસ્તિ, અધર્માસ્તિમાં નથી, ચારમાં નથી એથી બેમાં એને વિભાવ કહેવામાં આવે છે. પણ વિભાવનો અર્થ વિપરીત, વિકૃત અને વિકાર એમ એનો અર્થ નથી. કહો, સમજાણું કાંઈ? ભારે સમજવામાં આવી માથાકૂટ. માથાકૂટ નથી. તું સમજણનો પિંડ છે. જેટલી અપેક્ષા હોય તો એ બધી જ્ઞાનને કાળે જાણવી જોઈએ. તું જ્ઞાનમય છોને.

મુમુક્ષુ :- એટલી બધી અપેક્ષા જાણવાથી એ તો બહુ વિકલ્પો...

ઉત્તર :- એ વિકલ્પ ક્યાં છે, એનું જ્ઞાન છે. વિકલ્પનું જ્ઞાન છે. એ વખતે તે સમયે

પોતાના જ અસ્તિત્વનું એવું જ્ઞાન છે. જ્ઞાન તો અહીં વ્યવહારે કહે છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ આત્મજ્ઞાનમય છે. સર્વજ્ઞ એટલે પરને જાણે છે એમ ત્યાં છે જ નહિ. આહા..હા..! આત્મજ્ઞાનમય સર્વજ્ઞશક્તિ છે. પ્રગટ્યું ત્યારે આત્મજ્ઞાનમય થઈને એ શક્તિ પ્રગટી. પરને જાણવા માટે પ્રગટી છે એમ નહિ. અને પરને જાણે માટે સર્વજ્ઞ પરની અપેક્ષાએ થયા એમ નથી. પોતે જ સર્વજ્ઞ સ્વભાવી પર્યાય એ આત્મજ્ઞાનમય છે. આત્મજ્ઞ વસ્તુ જ એવી છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પોતાની પર્યાય સર્વને જાણે તે પોતાની પર્યાય જાણે. એમાં એ બધાનું સામર્થ્ય છે એ અહીં જણાય જાય છે. આહા..હા..! એમાં ક્યાં એ ચીજ છે લોકાલોક? પોતાની જ્ઞાનની પર્યાયમાં છે લોકાલોક? આહા..હા..! સર્વજ્ઞપર્યાય એ તો પોતાની જ છે. પોતાની ચીજ છે, આત્માની છે. લોકાલોક તો પર છે. એ અહીં ક્યાં આવી ગયું છે. એનું જ્ઞાન પણ ક્યાં અહીં છે, પોતાનું જ્ઞાન છે. સમજાણું કાંઈ?

'**તેનામાં...**' એટલે કે વ્યવહાર વિકલ્પમાં. ત્રણ લોકના નાથનું ફરમાન વસ્તુની મર્યાદા જણાવતા મર્યાદા જણાવે છે કે ભાઈ! તારા મર્યાદાના સ્વભાવ સિવાય જેટલો વિભાવ ઉત્પન્ન થાય, ભલે તે તીર્થંકરગોત્રનો ભાવ હો પણ એમાં પુદ્‌ગલ વ્યાપે છે હોં! આહા..હા..! તારું સ્વરૂપ એ નહિ. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવમાં તું નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- એક બાજુ તીર્થંકરનો મહિમા બહુ કરે.

ઉત્તર :- એ તો એનું સ્વરૂપ બહારનું શું છે એ જણાવે છે.

મુમુક્ષુ :- પણ કર્મ ન હોય..

ઉત્તર :- એ કર્મ-ફર્મ શું, એનું સ્વરૂપ આવું છે, આવું છે એમ જણાવે છે. ... આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... આહા..હા..!

અહીં તો કહે છે કે જેટલા અંદર વિકલ્પો ઉઠે છે, આહા..હા..! હવે એ સાંભળવામાં વિકલ્પ ઉઠે, કહેવાનો ઉઠે એ વિકલ્પથી જ્ઞાન આત્માનું થાય? આહા..હા..! કહો, જેઠાભાઈ! આ એમને .. છે, એય..! ... તોડી નાખો .... શું છે પાઠ? ... અહીં તો કહે છે કે પર્યાયનો પણ આધાર નથી, લે. પર્યાય દ્રવ્યને આધારે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આધાર ગુણ ત્રણેમાં વ્યાપે છેને દ્રવ્ય-ગુણ-પર્યાયમાં? તો પર્યાયનો આધાર પર્યાય છે ત્યાં. આહા..હા..! એ પર્યાયમાં જે રાગાદિ જણાય, કહે છે કે એ તો પુદ્‌ગલ વ્યાપક થઈને પ્રસરેલો વિકાર છે. ભગવાન પોતે વિસ્તાર પામીને, વિસ્તરીને, વિશાળ થઈને એ રાગરૂપે આવે છે એમ નથી. આ તો ભાગ્યવાન જીવોને કાને પડીને પુરુષાર્થથી સમજાય એવી આ ચીજ છે. આ

કોઈ વાદવિવાદની વસ્તુ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ઓલામાં એક લેખ હતો આમાં. એક ઓલો માણસ હતો ભાઈ ત્યાં હરિદ્વારમાં. ... એક ખાટલો... તો મરી ગયો... નહિતર અંદર કોટ તપાસવા માંડ્યા ત્યાં ૨૫-૨૫ હજારના ચેક નીકળ્યા. ૨૫ લાખ. શું કીધું? .. પાછળ કોટ .. જોવા ગયા ૨૫-૨૫ હજારનું છે. કેટલા? પચીસેક લાખ. અમૃતસરનો માણસ હતો.

મુમુક્ષુ :- એવા તો મુંબઈમાં ઘણા ભિખારી...

ઉત્તર :- હા એ તો આપણે ..માં જોયા હતા. કેડે પાડીને.. વાડ. ... જવા ન દે રાતે. દિવસે .. નીકળી છે. દસ વર્ષની ઉંમર. એક જણ મરી ગયો, બીજો મરવાની તૈયારી હોય. પાછળથી નીકળ્યું. હવે અઢી રૂપિયાના મણ તોલા હતા તે દિ'.

મુમુક્ષુ :- એક રૂપિયાના ચૌદ આના મેં પોતે ખરીદ્યા છે .. એક રૂપિયાના...

ઉત્તર :- ... સાંભળ્યું અઢી રૂપિયાના મણ ચોખા. આ બધા ખાતા નથી. ખવાઈ જશે તો? ખવાઈ જશે તો? ... બહુ ... આપતા. ઘઉં હોયને? ઘઉં રાંધે એ. રાંધે ખીચડી ખાય. ચોખા પણ નહિ અને રોટલી પણ નહિ. ઘઉં. પેટ આખું ભરાય જાય. મરી ગયા કેટલાક ખાઈને. ખાઈ ખાઈને મરી ગયા. આહા..હા..! અહીં કહે છે કે રાગની પાછળ ભગવાન બિરાજે ત્યાં મહા.. કરવાનું છે એ તો કોઈ કિંમત વિનાની ચીજ છે. એમાં કોટને ન જો. એમાં શું ભર્યું છે એ જો. આહા..હા..! ... કહો પચ્ચીસ લાખ ... ... કરીને .. નીકળ્યું ક્યાંક. એ તો સરકાર લઈ જાયને પછી. ૨૫ લાખ. જરી .. માટીની.. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. અહીં અંદર રાગની ગોદડીની પાછળ ભગવાન મોટો બિરાજે છે. આહા..હા..! એ પોતે ભગવાન વ્યાપક થઈને રાગ નથી કરતો એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! એ વ્યવહારરત્નત્રય ઉઠે. હવે બીજે ઠેકાણે એમ કહે કે એ વ્યવહારરત્નત્રય કારણ છે, કારણ છે, સાધક છે, હેતુ છે. એય..! પંચાસ્તિકાયમાં છેલ્લે કહે એ વ્યવહાર કરતા હળવે... હળવે... હળવે... આગળ વધે. સમયે-સમયે .. એ તો સમ્યગ્દર્શનસહિત છે અને શુભરાગ થયો છે અશુભ ઘટે છેને? શુદ્ધ છે માટે હોં! ... આગળ .. પણ વ્યવહારથી વધે છે એમ નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. એ છે એમ. સ્થાપન કરવાલાયક છે. વ્યવહાર નથી એમ નહિ. સિદ્ધ અને સંસાર બેય સિદ્ધ નહિ થાય. .. બેય વ્યવહાર છે. પર્યાય છે એ વ્યવહાર છે. છે પણ એ આશ્રય કરવાલાયક નથી. આહા..હા..! ભારે પણ ભાઈ!

'**તેનામાં પુદ્ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને,...**' ખુબી તો અહીં છે હવે. '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...**' એ વિકલ્પ જે ઉઠે દયા, દાન, વ્રત, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા

એ રાગની આદિમાં પુદ્‌ગલ છે. આત્મા જરીએ આદિમાં છે અને વ્યવહાર થાય એમ નથી એની અંદર. આહા..હા..! ગજબ વાત છેને. ભગવાન તો જ્ઞાતા-દ્રષ્ટા અને આનંદનું ધામ પ્રભુ છે. અને એની દૃષ્ટિ થઈ છે એની અહીં વાત છેને? સમજાણું કાંઈ? આહા..હા..! હવે એને જે રાગાદિ થાય છે એની આદિમાં. ઓલામાં કહ્યું હતું કે ભાઈ! .. પચ્ચખાણ દ્રવ્યનિક્ષેપે હોય. ક્ષયોપશમભાવે. પંચાસ્તિકાયમાં, નિયમસારમાં. એ તો એટલો જરી રાગથી મંદ પડ્યો છેને એથી વ્યવહારે.. બાકી ખરેખર તો એ રાગ ઉદયભાવ પુદ્‌ગલના પરિણામ, પુદ્‌ગલ એની આદિમાં. એની શરૂઆત કરનાર પુદ્‌ગલ. સમજાણું કાંઈ? પણ એ શરૂઆત કહો તો એની, મધ્ય કહો તો એની, અંત કહો તો એની. આહા..હા..! પરમાણુ તો એ આદિમાં પણ એ, મધ્યમાં પણ એ અને અંતમાં એ. પરમાણુ પોતે એક જ ચીજ એમાં આદિ કોને કહેવી? આવે છેને. પરમાત્મપ્રકાશમાં. આદિ પણ એ અને મધ્ય પણ એ. ત્રણ હોય તો તો કહેવું કે આ આદિ, આ મધ્ય, આ અંત. ત્રણ. ત્રણ વાત. છેલ્લું હોય તે અંત કહેવાય, મધ્યમાં... એકને શું કહેવું? એ જ આદિ અને એ જ મધ્ય અને એ જ અંત. આહા..હા..! એમ એક સમયનો જે આ વિકાર, ઉદયભાવ એની આદિ-મધ્ય-અંતમાં પુદ્‌ગલ છે. આહા..હા..! તારી અપેક્ષા રાખીને એ થયું છે એમ નથી. આહા..હા..! જેઠાલાલભાઈ! કોઈ દિ' સાંભળ્યું પણ ન હોય. એય..! મોઢા આગળ જઈને બેસે. જય જય.. આ કરો... આ કરો.. આ કરો... આમ તો આત્માનો સ્વભાવ છે એમાં ઉપમા-સમીપમાં જઈને રહેવું તે ઉપધાન છે. એની તો ખબર ન મળે. સમજાણું કાંઈ?

કહે છે કે એની **'આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું,...'** તે પ્રાપ્ય. પુદ્‌ગલ તે રાગને ગ્રહે છે. તે જ કાળે પુદ્‌ગલનો તે જ પર્યાય તે પ્રકારનો થાય તેને પુદ્‌ગલ પહોંચી વળે છે. સમજાણું કાંઈ? આ ગાથાઓ અલૌકિક છે. ૭૫, ૭૬, ૭૭, ૭૮, ૭૯. વસ્તુનું સ્વરૂપ. આહા..હા..! ઓલા કહે કે ઈશ્વરકર્તા. અહીં કહે કે રાગનો કર્તા આત્મા નથી. સાંભળને સમજાણું કાંઈ? એવો તારો ઈશ્વર. તેને ઈશ્વર કહીએ કે જેની ઈશ્વરતામાં રાગનું કાર્ય નહિ અને જેની ઈશ્વરતામાં રાગનું કર્તાપણું હોય નહિ. આહા..હા..! એવો સાક્ષાત્‌ ઈશ્વર પણ પોતે જ છે. ભગવાન પરમાત્મા. એ પરમાત્મા આદિમાં, રાગની આદિમાં પરમાત્મા કેમ હોય? ભગવાનજીભાઈ! ભારે વાતું આવી હોં! આહા..હા..!

કહે છે કે ભગવાન ઈશ્વર પરમાત્મા પોતે જ ઈશ્વર. આખો પૂર્ણ ઈશ્વર. આહા..હા..! એવો ઈશ્વર જ્યાં જાગ્યો અને પોતાને જોયો અને જાણ્યો. ત્યારે હવે એને જે રાગાદિ થાય છે એને કહે છે? ના બોલાય ભાષા એવી. સાધક જીવને બાધકપણું. એ બાધકપણું પુદ્‌ગલનું વ્યાપ્ય કાર્ય છે. એ પુદ્‌ગલ આદિમાં શરૂઆતમાં પુદ્‌ગલ, મધ્યમાં પુદ્‌ગલ કર્મ, અંતમાં એ. ત્રણેમાં એ છે. ક્યાંય આદિ-મધ્ય-અંતમાં ક્યાંય આત્માની પર્યાયની શરૂઆત છે કાંઈપણ

(એમ નથી). આહા..હા..! તે કમજોરી આત્માની થઈ એટલે આદિમાં થયું એને (એમ નથી). કમજોરી પુદ્ગલની છે. આહા..હા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ... અહીંયાં છોકરાઓ .. હતા બાબુભાઈનો. ... પ્રેમ છે બહુ. જુવાન છે પણ ...માં આ તો પહેલી સમજવાની તો દરકાર કરે. આહા..હા..! ભગવાન આત્મા. આહા..હા..! પેલુ તો હોય કે, પાંચ-પચ્ચીસ હજાર મુડીને જો કરોડપતિ કહે તો મૌન રહે ત્યાં. ભલે કહેવા તો ઘો. એટલું તો બહાર પડું છું કહે છે. અહીં મહા ભગવાન જેને કરોડપતિ શું મોલ જેને નથી. આહા..હા..! એવો ભગવાન જેને દષ્ટિમાં અને શ્રદ્ધામાં આવ્યો. હવે એને શું ખામી રહી ગઈ? ભગવાનના ભેટા થયા. આહા..હા..! એને વિકારના ભેટા ન હોય. નાથુલાલજી! જુઓ આ માર્ગ. વીતરાગ સર્વજ્ઞ પ્રભુનો. ઓહો..! નિર્મળ માર્ગ ભૂલ્યો રે ભૂલ્યો. એ રાગને જાણે એમ કહેવું એ પણ વ્યવહાર છે. આહા..હા..! ગજબ વાત છે, ભાઈ! રાગ કરે એ તો એને શોભતું નથી. આહા..હા..!

એ **'આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું,...'** પુદ્ગલ જ રાગ-વ્યવહારરત્નત્રયને પકડે છે અને તે તે સમયનો તે જ પર્યાય રાગનો, તે જ પુદ્ગલનો, તે જ હોવો જોઈએ. આહા..હા..! તેને પુદ્ગલ પ્રાપ્ત કરે છે, ભગવાન આત્મા નહિ. સમજાણું કાંઈ? ઝીણી વાત છે. નાથુલાલજી! આ ગાથાઓ. આહા..હા..! **'તે-રૂપે પરિણમતું...'** વિકારી. પુદ્ગલ પોતે રાગરૂપે થાય, બદલે ને થાય છે. ભગવાન બદલીને થાય રાગરૂપે એમ નહિ. સમજાણું કાંઈ? **'અને તે-રૂપે ઊપજતું થકું,...'** ઉપજવું અને વ્યય, ઓલું ધ્રુવ પર્યાયની અપેક્ષાએ. તે પુદ્ગલનો તે .. તે કાળે તે જ રાગને તે જ દ્વેષને તે જ વ્યવહારને ભાવ એ રૂપે પુદ્ગલ તેને ગ્રહતું પુદ્ગલ તે રૂપે પરિણમતું, પુદ્ગલ તે રૂપે ઉપજતું. ભગવાન આત્માને અને એને કાંઈ સંબંધ નથી. સંબંધ હોય તો એને જાણે જ્ઞેય તરીકે અને આ જ્ઞાયક એટલી વાત કહેવામાં આવી. આહા..હા..! કહો, દેવીલાલજી! આ વાત છે ત્યાં સ્થાનકવાસીમાં? આ ભાઈનો છેને આગ્રહ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શબ્દ પણ ક્યાં છે ત્યાં? અનાદિ સનાતન સત્ય પ્રભુ એનો જ્યાં આશ્રય મળ્યો એટલે કે એનો આશ્રય લીધો. એટલે હવેના રાગના આદિ-મધ્ય-અંતમાં પ્રભુની પર્યાય નહિ. આહા..હા..! રાંકાઈને ઉપજવા માટે ઈશ્વર શરૂઆત હોય? આહા..હા..!

**'તેને ગ્રહતું,...'** કોણ? ઓલું પુદ્ગલ દ્રવ્ય હતુંને એમાં? **'તે પુદ્ગલપરિણામને કરે છે;...'** એ પુદ્ગલ પરિણામ તેને પહોંચી વળે, વિકાર થાય, બદલે અને ઉપજે. એ બધું પુદ્ગલપરિણામને પુદ્ગલ કરે છે. આહા..હા..! હવે અહીંયાં જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય

તે ભાવને પુદ્ગલ કરે છે એમ કહે છે. આહા..હા..! રાગ વિનાની ચીજ પ્રભુ નિષ્ક્રિય એને આ સક્રિય રાગનું કાર્ય તો હોય જ નહિ. આહા..હા..! જ્યારથી જણાણો ત્યારથી હોં! છે તો અનાદિનો એ. પણ પ્રતીતમાં આવ્યા વિના આમ છે એમ વિશ્વાસ કોનો લીધો એણે? આહા..હા..! '**તે પુદ્ગલપરિણામને** કરે છે;...' કોણ? ઓલો તેનામાં પુદ્ગલદ્રવ્ય પોતે દ્રવ્ય અંતર વ્યાપક થઈને પુદ્ગલ પરિણામને કરે છે એમ. સમજાણું કાંઈ? આ તો ગુજરાતીમાં ચાલે છે. પહેલા હિન્દીમાં તો આવી ગયું છે. પંડિત હતા ત્યારે. આહા..હા..! હિન્દીમાં તો બહુ શબ્દો ન મળે.

'**આમ પુદ્ગલદ્રવ્ય વડે કરવામાં આવતા...**' પુદ્ગલદ્રવ્ય જેનો ઉકેલ કરે છે રાગનો. આત્મા કેવો છે? તકરાર... તકરાર... તકરાર... કરે. એ આ ઠેકાણે આમ કહ્યું છે અને તે પુદ્ગલ કહ્યું છે. જડ નહિ. ... કરે છેને. અહીં તો પુદ્ગલ કહ્યું છે. આમાં રાગનું ક્યાં કહ્યું? પણ એ રાગને પુદ્ગલ કહ્યું સાંભળને. આ શું કહે છે આ? આ શું કહે છે પણ આ આવ્યું જુઓને. કે '**આમ પુદ્ગલદ્રવ્ય વડે કરવામાં આવતા પુદ્ગલપરિણામને જ્ઞાની જાણતો હોવા છતાં,...**' આ શું આવ્યું? રાગ કરતો હોવા છતાં પરને જાણે છે એમ છે ત્યાં? જ્ઞાની જાણતો હોવા છતાં. તે રાગના પરિણામ છે, પુદ્ગલના છે એમ જાણતો હોવા છતાં. આહા..હા..! રાગને આમાં પોતામાં ન નાખે અને જ્ઞાનસહિત ન રાખે અને રાગસહિત રાખે તો જાણતો હતો એ ક્યાંથી આવશે? રાગી થયો. જાણતો થકો એમ થયું નહિ. રાગી થયો થકો પુદ્ગલમાં પર્યાયને નાખે એમ થાય છે. પણ અહીં તો કહે છે. આહા..હા..! આવી વાત પણ. ઘણા ગોટા ઉઠાવ્યા છે અત્યારે. કે આ ૭૬, ૭૭ .. કહી. એ પુદ્ગલની વાત છે. રાગની નહિ, પર્યાય વિકારની નહિ. એય..! પણ તો આનો અર્થ કર્યો તો ત્યાંથી જ આવી ગયું ૭૫માં નહિ? ૭૫માં. પુદ્ગલ પરિણામ જેનું નિમિત્ત છે એવું જે જ્ઞાન. એમ ન કહ્યું જડ પર્યાય જેનું નિમિત્ત છે એવો રાગ. હજી શાસ્ત્રના અર્થ કરવાની ખબર ન મળે. એનો આશય પરમાત્માનો, મુનિનો શું છે એની ખબર ન મળે અને ઘરના આશયે કલ્પના દોડાવે. ઉંધે રસ્તે આવે હાથ? મરી જશે. આહા..હા..!

કહે છે, અહીં આવ્યું કે નહિ એ? કે એ પુદ્ગલ પરિણામને એટલે જો શરીરના રજકણને હોય તો એને જ્ઞાની જાણતો હોવા છતાં એ તો જાણવાની ક્રિયા અહીં તો લીધી. ઓલી રાગની ક્રિયા છે એમ ક્યાં આવ્યું અહીં? આહા..હા..! જાણવાની ક્રિયા એ થાય. સમજાણું? એ જાણવાની ક્રિયા એનો એ કર્તા આત્મા છો. રાગને જાણે છતાં રાગ એનું કાર્ય નથી. એ દૃષ્ટાંત આપીને સિદ્ધ કરશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**આસો સુદ ૩, મંગળવાર, તા. ૧૦-૧૦-૧૯૭૨**
**ગાથા-૭૬-૭૭, પ્રવચન-૧૮૭**

.. એ તો પર છે, એ તો તદ્દન જુદાં છે. શુભ અને અશુભભાવ જે એક સમયની વિકૃત વિકારી દશા છે એ તો વિકારનો કર્તા અને વિકાર એનું કાર્ય. પણ જ્યાં દૃષ્ટિ વસ્તુ ત્રિકાળી ચિદાનંદ સ્વભાવનો સ્વીકાર કરે છે એ સન્મુખ થઈને સ્વીકાર થઈ શકે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા આનંદનું ધામ પ્રભુ એના સન્મુખ થઈને એટલે કે પર્યાયબુદ્ધિને છોડીને સ્વભાવ અનંત જ્ઞાન-દર્શન-આનંદ આદિ સ્વભાવવાન વસ્તુ એ ઉપર જ્યાં અંતર અનુભવ અને દૃષ્ટિ થઈ એ જીવને હવે જે રાગાદિ પરિણામ થાય એ પુદ્‌ગલના પરિણામ છે એમ કહે છે. સમજાય છે કાંઈ? એને જાણતો હોવા છતાં. કેમકે જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ હોવાથી આખો પૂર્ણ સ્વભાવનો જ્યાં સ્વીકાર જ્ઞાને, શ્રદ્ધાએ અનુભવમાં કર્યો તેથી હવે જે રાગાદિ રહ્યાં એનો તો એ જાણનાર-દેખનાર છે. સમજાય છે કાંઈ?

જેને કર્તા થવું હોય એ રાગ ઉપર દૃષ્ટિ રાખે. આહા..હા..! જેને સ્વભાવનો... રાગનો અકર્તાસ્વરૂપ જ એ છે. એવી દૃષ્ટિ કરનારને એટલે કે ધર્મીને એ પુદ્‌ગલના પરિણામને જ્ઞાની જાણે. અસ્તિ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના પરિણામ એ બધા ખરેખર પુદ્‌ગલપરિણામ છે, જીવના નહિ. જીવની જાતના પરિણામ તો વીતરાગી નિર્મળ હોય. સમજાણું કાંઈ? બહુ ધીરજનું કામ છે. કહે છે, એ પુદ્‌ગલ પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ ભાવ એની આદિમાં આત્મદ્રવ્ય નથી. નિર્મળ નિર્વિકારી વીતરાગી પર્યાયની આદિમાં આત્મા છે. એ વિકારી પરિણામની આદિ નામ શરૂઆતમાં, મધ્યમાં અને અંતમાં એ પુદ્‌ગલ પોતે જ તે રૂપે પરિણમે છે. આહા..હા..! ભારે ઝીણું! સમજાણું કાંઈ?

એ 'જાણતો હોવા છતાં,...' અહીં સુધી આવ્યું છે. ધર્મીને પોતાના વસ્તુના સ્વભાવની દૃષ્ટિનું પરિણમન હોવાથી એ પરિણમનને પોતા તરીકે જાણે. સમજાય છે કાંઈ? અને પરિણમન જે શુદ્ધ એ મારું કામ અને હું એનો કર્તા એમ ઉપચારે બે ભેદ પડે. આહા..હા..! પણ પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રતાદિના પરિણામ એની આદિમાં પ્રભુ દ્રવ્ય પણ નહિ, ગુણ પણ નહિ અને એની પર્યાય પણ એની આદિમાં નહિ. સમજાણું કાંઈ? આવો માર્ગ વીતરાગનો છે. આહા..હા..!

એ '**પુદ્‌ગલપરિણામને જ્ઞાની જાણતો હોવા છતાં, જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક**

**થઈને,...**' માટી પોતે પ્રસરીને, વિસ્તરીને એ ઘડાની આદિમાં, મધ્યમાં અને અંતમાં માટી ઘડામાં વ્યાપે છે. એ ઘડાને ગ્રહે છે એ પ્રાપ્ય, ઘડારૂપે પરિણમે છે એ વિકાર્ય, ઘડારૂપે ઉપજે એ નિવર્ત્ય. એમ જ્ઞાની વસ્તુના સ્વભાવની દૃષ્ટિના પરિણમનવાળો... સમજાય છે કાંઈ? '**પોતે બાહ્યસ્થિત (બહાર રહેલા)...**' એ શુભ-અશુભભાવ. મુખ્ય વધારે તો આ શુભની નડતર છેને અનાદિની? શુભરાગ. એ શુભરાગ ભગવાન આત્મા એનાથી બાહ્ય રહેલી સ્થિતિ છે રાગની. એવા બાહ્યસ્થિત. '**એવા પરદ્રવ્યના પરિણામમાં...**' આ ચોખવટ કરી. પાઠમાં પરદ્રવ્યપર્યાય છેને? એ પરદ્રવ્યની અવસ્થા છે. ભગવાન આત્મા વસ્તુ આનંદ અને જ્ઞાનમૂર્તિ એવી જ્યાં દૃષ્ટિમાં આવ્યો એની એ પર્યાય કેમ હોય? સમજાણું કાંઈ?

એ '**પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને,...**' ધર્મી જીવ વ્યવહાર રાગ આવે એને જાણે અસ્તિત્વ તરીકે, પણ જાણવા છતાં, જાણવાનો સંબંધ હોવા છતાં એને કરવાનો સંબંધ અને ગ્રહવાનો સંબંધ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પરદ્રવ્યની પર્યાયમાં, પરિણામ કહો, પર્યાય કહો, અવસ્થા કહો, વ્યાપ્ય કહો '**અંતર્વ્યાપક થઈને,...**' ભગવાન આત્મા સચ્ચિદાનંદ શુદ્ધ આનંદનું ધામ પ્રભુ એવી જ્યાં વસ્તુની દૃષ્ટિ થઈ એથી વસ્તુ પોતે કે વસ્તુની દૃષ્ટિવંત... સમજાણું કાંઈ? એ વિકારની આદિમાં, મધ્યમાં અને અંતમાં વ્યાપીને તેને ગ્રહતો નથી. જાણતા છતાં, ધર્મી જીવ ચોથે ગુણસ્થાને રાગાદિના પરિણામને જાણતો હોવા છતાં, પોતાના અસ્તિત્વમાં રહીને તેને ભિન્ન તરીકે જાણતો હોવા છતાં તેને ગ્રહતો નથી. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! યશોવિજયમાં આવે છે ઓલામાં 'જ્યાં લગી પરભાવનો કર્તા..'

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ પાછો ગયો ... પાછળ. 'જ્યાં લગી પરભાવનો...' આવે છેને એય..! નથી આવતું? ઠીક. 'કર્તા પરભાવનો ત્યાં લગી ઘાણીમાં પીલાય છે.' પાછળ બીજે ઠેકાણે... એવી વાત છે. કોકનું ઉછીનું લઈને વાત કરે એમાં મેળ શી રીતે થાય?

આ તો ભગવાન આત્મા... વસ્તુ આવી છે. એમાં વસ્તુમાં કોઈનો હક અજ્ઞાનીનો છે નહિ. વસ્તુ સચ્ચિદાનંદ નિર્મળાનંદ પ્રભુ, પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... એકરૂપ અખંડ અભેદ એ ચીજનું જ્યાં ભાન થયું એટલે એ ચીજ હવે વિકારપણે પરિણમે એ એમાં રહ્યું નથી. છતાં એને જાણે ભલે, જાણે ભલે, જાણતા છતાં તેના પરની પર્યાય વિકારમાં અંતર્વ્યાપક અંતર્વ્યાપક થઈને, પ્રસરીને આદિ, મધ્ય, અંતમાં, વ્યવહારરત્નત્રયના રાગમાં આદિ, મધ્ય અને અંતમાં આત્મા છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? નાથુલાલજી! આવો ધર્મ ભારે!

એક ફેરી તમારા કાકા કહેતા એના મકાનમાં હેઠે છેને મકાન .. હેઠે નહિ? ત્યાં ઉતર્યા હતાને અમે. આવ્યા અને પછી કહે કે ભાઈ! હું તો મુનિ... તમારા મકાનમાં હેઠે નહિ? આવ્યા હતા. હું .. છું. પણ અમારા .. કરે છે એમાં હું વિરોધ નથી કરતો. એમ કહેતા

હતા. એ કરતા હશે. પણ ખબર ન મળે ખબર. શું કરવું અને શું ન કરવું એની કાંઈ ખબર વિના એમને એમ ચાલે કાંઈ આ માર્ગ? સમજાણું કાંઈ? ... કરે છે તે ઠીક છે પણ એ શું કરે છે અને એની શું લાઈન છે અને વસ્તુની શું સ્થિતિ છે? સમજાણું કાંઈ? .. એમાં એ આવે છે. 'હું કરતા પરભાવનો એમ જેમ જેમ જાણે, તેમ તેમ અજ્ઞાની પડે કર્મને ઘાણે આત્મ તત્ત્વ વિચારીએ.' એ તપસીને મોઢે હશે. છેને? એ બોલતા હતા .. આહા..હા..! 'જ્યાં લગી આતમ તત્ત્વનું' દ્રવ્યનું 'લક્ષણ નથી જાણ્યું, ત્યાં લગી ગુણસ્થાન ભલે કેમ આવે તાણ્યું?' આહા..હા..! એમ માની લે કે ભાઈ દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા છે, અમને આ છે માટે અમે સમકિતી છીએ. એમ ખેંચીને કાંઈ ગુણસ્થાન ન આવે. સમજાણું કાંઈ?

એ વસ્તુનો સ્વભાવ આનંદ અને જ્ઞાનની મૂર્તિ પ્રભુ, જેમાં ઉદય અને સંસારની ગંધ-વાસના નથી. જેમાં આખા મોક્ષના સ્વભાવની વાસના ભરી છે. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા, કહે છે કે પોતાને સ્વભાવને જાણતા તે કાળે પુદ્ગલના પરિણામ રાગને જાણે છતાં તેમાં પેસીને તેની (રાગની) આદિમાં એ આત્મા, મધ્યમાં આત્મા કે અંતમાં આત્મા એ વાત નથી. સમજાણું કાંઈ? **'આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી,...'** આહા..હા..! ટીકા તે પણ ટીકા! અમૃત રેડ્યા છે એકલા!! આહા..હા..! સમજાણું કાંઈ? **'તે-રૂપે પરિણમતો નથી...'** ક્યાંથી પરિણમે? વસ્તુસ્વભાવ જ જ્યાં આખો પરિપૂર્ણ આનંદ અને જ્ઞાનનો જ્યાં સ્વીકાર દૃષ્ટિમાં થયો એનું પરિણમન વિકારરૂપે કેમ હોય? આહા..હા..! એની પર્યાય તો નિર્મળ આનંદ અને શાંતિરૂપે પરિણમન હોય. સમજાણું કાંઈ? આહા..હા..! **'તે-રૂપે પરિણમતો નથી અને તે-રૂપે ઊપજતો નથી;...'**

**'માટે, જોકે જ્ઞાની પુદ્ગલકર્મને જાણે છે...'** પુદ્ગલકર્મને જાણે એ શબ્દ આવે એટલે જાણે જડ હશે એમ લાગે માણસને. એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના, જાત્રાના ભાવ બધા પુદ્ગલકર્મના છે. આહા..હા..! હવે અહીંયાં સમ્મેદશિખરની જાત્રા કરે તો ભવ ઘટી જાય લ્યો! એય..! એક જણાએ લખ્યું છે. મહાવીરકીર્તિ આવ્યા હતાને પહેલા. ઈ કહે, મારી પાસે આવું એક પુસ્તક છે. ૪૭ ભવ રહે. કીધું પરના આશ્રયથી ભવ ઘટે એ ભગવાનની વાણી નહિ. આહા..હા..! એ વાત .. એમ કહ્યું છે એમ બોલતા હતા. એમ ન ચાલે ભાઈ! ભગવાન ચૈતન્યસ્વભાવ મહા સમ્મેદશિખર .. થઈને દૃષ્ટિ થઈ એથી એ વસ્તુ છે એવું એનું પરિણમન હોય. એ પરિણમન એના અસ્તિત્વમાં અને આ પુદ્ગલકર્મનું પરિણમન એની પર્યાયના અસ્તિત્વમાં નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'જ્ઞાની પુદ્ગલકર્મને જાણે છે તોપણ, પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ,...'** આહા..હા..! પ્રાપ્ય નામ તે સમયે તે પ્રકારનો રાગનો કાળ હતો અને થયો. વિકાર્ય પૂર્વની અવસ્થા બદલીને થયો અને પોતે ઉપજ્યો-

નિર્વર્ત્યો એ ઉત્પાદ. એવું વ્યાપ્ય લક્ષણ એટલે અવસ્થાના લક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કાર્ય. તે રાગના પરિણામ તે પરદ્રવ્યપરિણામસ્વરૂપ કાર્ય. સમજાણું કાંઈ? આહા..હા..! આર્યને ઘરે માંસ રંધાય? આહા..હા..! આર્યના ઘરમાં માંસની ગંધ આવે કે માંસ રાંધે છે અને ગંધ છે, એ આર્ય ઘર નહિ. એમ પરમાત્મા પોતે શુદ્ધ આનંદઘન એ નિજઘરમાં જ્યાં આવ્યો ત્યાં વિકારના કામ થાય એ વસ્તુમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ,...**' આહા..હા..! ઘણાને તો આમાં એવું લાગ્યું કે એ રાગાદિ વ્યવહાર દયા, દાન, શુભભાવ એ એમાં ન લેવો. આમાં તો જડનું લેવું. અરે ભાઈ! તને ખબર નથી. આ શું કહે છે અહીં? એ જ્ઞાની જાણતો હોવા છતાં એટલે શું? એ જ્ઞાનીને શુભરાગ હોવા છતાં પરનો કર્તા થતો નથી એમ છે? અહીં તો જાણતો હોવા છતાં. ત્યારે રહી ગયો, રાગાદિ પર થઈ ગયો એ તો. આહા..હા..! કામ ભારે! એના ઘરની પહોંચ કેમ મળે, પહોંચ કેમ થાય એની ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અને જે ભગવાન આત્મા પોતાની પર્યાય દ્વારા જેણે દ્રવ્યને અવલંબીને જે એકત્વ થયો છે એવો જે સમ્યગ્દૃષ્ટિ, જ્ઞાની, ધર્મી જીવ એ પરદ્રવ્યસ્વરૂપ કર્મને કેમ ગ્રહે? આહા..હા..!

'**તેને નહિ કરતા...**' હવે કર્તા સિદ્ધ કરવું છેને. એવા રાગને, વ્યવહારને નહિ કરતા '**એવા તે જ્ઞાનીને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ નથી...**' ભારે આકરું કામ! ૭૫, ૭૬, ૭૭, ૭૮, ૭૯ પાંચ ગાથા તો માખણ છે. આહા..હા..! અરે! મહાવ્રતનો વિકલ્પ ઉઠે એ કહે છે કે આત્માનું કાર્ય નહિ હોં! ગજબ વાત છેને! ત્યારે ઓલા કહે કે પાંચ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા છેને. ચરણાનુયોગમાં એમ આવે છેને. જ્યાં ત્યાં આવે. પાળે કોને? નિશ્ચય વ્રત જે પોતાના સ્વરૂપમાં લીન થયો એ વ્રતને પાળે છે. સમજાણું કાંઈ? આવા પુદ્‌ગલના પંચ મહાવ્રતાદિ પરિણામ એની આદિમાં ભગવાન મધ્યમાં, અંતમાં નથી. એ કર્મને જીવ કરતો નથી. આહા..હા..! તેને કરતો નથી માટે '**નહિ કરતા એવા તે જ્ઞાનીને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ નથી.**' કહો, સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- જીવ પુદ્‌ગલકર્મને જાણે છે તોપણ તેને પુદ્‌ગલ સાથે કર્તાકર્મપણું નથી. સામાન્યપણે કર્તાનું કર્મ ત્રણ પ્રકારનું કહેવામાં આવે છે-નિર્વર્ત્ય,...**' ત્રીજું હતું તેને પહેલું લીધું, બીજું હતું એને બીજું રાખ્યું છે, પહેલું હતું એને છેલ્લું નાખ્યું છે. ઉપજવું, બદલવું અને રહેવું. એને ઠેકાણે આમ રાખ્યું. રહ્યું, બદલવું અને ઉપજવું એવું જે પુદ્‌ગલનું કાર્ય. એ કર્તાનું કર્મ ત્રણ પ્રકારનું કહેવામાં આવે. ઉપજવું, બદલવું અને રહેવું. પ્રાપ્ત-પહોંચી વળવું. એ પ્રાપ્ત કર્તા વડે જે પ્રથમ ન હોય એવું નવીન કાંઈક ઉત્પન્ન કરવામાં આવે તે કર્તાનું નિવર્ત્ય કર્મ છે. જોયું! આ તો હજી સિદ્ધાંત સિદ્ધ કરે છે. તે કર્તાનું નિર્વર્ત્ય કર્મ છે.

'**કર્તા વડે, પદાર્થમાં વિકાર-ફેરફાર કરીને જે કાંઈ કરવામાં આવે તે કર્તાનું વિકાર્ય**

**કર્મ છે. કર્તા, જે નવું ઉત્પન્ન કરતો નથી તેમ જ વિકાર કરીને પણ કરતો નથી, માત્ર જેને પ્રાપ્ત કરે છે...'** આહા..હા..! એ પ્રાપ્ય છે. '**તે કર્તાનું પ્રાપ્ય કર્મ છે.**' હવે ભાષા પણ એવી જાતનીને. હવે અહીંયાં કહે છે. એ સિદ્ધાંત સિદ્ધ કર્યો પહેલો.

હવે '**જીવ પુદ્ગલકર્મને નવીન ઉપજાવી શકતો નથી...**' ભગવાન આત્મા જેને જીવ કહીએ, આત્મા કહીએ તે જ શુદ્ધ, તે જ જીવ અને આત્મા. સમજાય છે કાંઈ? ભગવાન શુદ્ધ ચૈતન્ય સ્વભાવી પ્રભુ આત્મા એ પુદ્ગલ કર્મને એટલે દયા, દાનના વિકલ્પને નવીન ઉપજાવી શકતો નથી. સમજાણું કાંઈ? આ ઝીણું આકરું છે, ભાઈ! ગીરધરભાઈ! કોઈ દિ' સાંભળ્યું ન હોય લ્યોં ત્યાં. આહા..હા..! અમારે હીરાજી મહારાજ બિચારા કહે, 'અહિંસા સમયં તે .. વિભુષાત્મા.' ભગવાનની વાણી આખી એ અહિંસા.. અહિંસા એટલે શું? પરને ન હણવું એ આખા સર્વ સિદ્ધાંતનો સાર છે, ભાઈ! એમ કહે. અહિંસા સમયં. સમય એટલે સિદ્ધાંત. 'સમયં એતા વિતં વાણી' એ જાણ્યું એણે બધું જાણ્યું. પરને ન મારવો અને પરને દુઃખ ન દેવું એવો ભાવ જાણે તેણે સર્વને જાણ્યું એમ કહેતા બિચારા. એય..! જયંતિભાઈ!

અહીં કહે છે કે ભાઈ! એ જ અહિંસા નહિ હોં! એ રાગ થાય તે હિંસા છે. આહા..હા..! પરજીવ પ્રત્યેની દયાનો ભાવ રાગ એ હિંસા જીવની છે. એ ધર્મીને એ રાગ હોતો નથી એમ કહે છે અહીં તો. એય..! આહા..હા..! દેવીલાલજી! આકરું પડે એવું છે ભાઈ હોં! પૂર્વના આગ્રહમાં પડ્યા હોયને. એક કોર કહે દયા ધર્મનું મૂળ છે. એ કઈ દયા? પોતાને રાગની ઉત્પત્તિ ન થાય અને દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ થતાં નિર્મળ દશા ઉત્પન્ન થાય તેને એ દયા, નિજદયા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ વિકલ્પ ઉઠે કે પરને ન મારું... આહા..હા..! જુઓને મેઘકુમારના અધિકારમાં આવે છે એ. દયા પાળે (એને) ભવ ઘટે એમ ત્રણ કાળમાં હોઈ શકે નહિ. બધા શાસ્ત્રો લખ્યા છેને. લખ્યા તે શું થયું? એય..! જ્ઞાતાસૂત્રમાં આવે છે શ્વેતાંબરમાં. એય..! ..ભાઈ! સાંભળ્યું છે કે નહિ? નથી સાંભળ્યું ત્યાં? ઠીક!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બિલકુલ નહિ. (ત્યાં) મિથ્યાત્વની વાત જ નથી. ... એવો પાઠ છે. અનુકંપા. એ અનુકંપાએ ભવ સંસાર ઘટે નહિ ભાઈ! એ અનુકંપા તો શુભરાગ છે. આહા..હા..! વીતરાગની વાણી જુઓ અને અજ્ઞાનીની વાણી જુઓ, બેને મેળવો તો ખરા. ભગવાનને નામે જીવદયાનો ભાવ. પરની દયા પાળી સસલાની પરિત સંસાર. ભાઈ! પોતે રાગ છે તે સંસારને કેમ છેદે? આહા..હા..! આકરું લાગે માણસને હોં!

કહે છે '**જીવ પુદ્ગલકર્મને નવીન ઉપજાવી શકતો નથી...**' જીવમાં એવી તાકાત જ નથી. આહા..હા..! પરની દયાને ઉપજાવી શકે તે જીવમાં તાકાત નથી. આહા..હા..! એય..! હીરાભાઈ! ભારે ભાઈ! આહા..હા..! ભાઈ! તું તો આનંદનું ધામ છોને. તારા ખેતરમાં

પાકે તો આનંદ પાકે. રાગ પાકે? એ કળથીનું ખેતર નહિ. કળથી સમજાય છે? કળથી નથી આવતી? કળથી આવે છેને ફીકી? એનું ખેતર કાંકરિયાવાળું હોય. ચોખાનું ખેતર ઉગે એ બહુ ઊંચી જમીન હોય. રાજકોટમાં .. કહો, સમજાણું કાંઈ? જીવ એને કહીએ. આહા..હા..! આત્મા અને જીવ એને કહીએ કે જે રાગને નવીન ઉપજાવી શકતો નથી. કહો, સમજાણું કાંઈ?

'**કારણ કે ચેતન જડને કેમ ઉપજાવી શકે?**' ભગવાન જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય એ રાગ અચેતન એને કેમ ઉપજાવે? સમજાણું કાંઈ? '**માટે પુદ્‌ગલકર્મ જીવનું નિર્વર્ત્ય કર્મ નથી.**' માટે પુદ્‌ગલ એટલે રાગના પરિણામ એ જીવનું ઉપજાવેલું કાર્ય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, ભગવાનજીભાઈ! ભારે આકરો માર્ગ આવો પણ. ઓલું તો મંદિર બનાવે દસ લાખનું. અંદર પહોળો.. પહોળો થઈ જાય અંદર. આહા..હા..! અમે મંદિર બનાવ્યા. કેટલા ધર્મ પામશે! અને એ ધર્મ કરનારનો ભાગ આપણને આવે પાછો. આહા..હા..! અહીં તો કહે છે, ભગવાન! તું તો જ્ઞાનસ્વરૂપી આનંદમૂર્તિ પ્રભુ છોને. એ જ્ઞાન અને આનંદની દૃષ્ટિ જેને થઈ તે આત્મા અને રાગની દૃષ્ટિ જેને રહી તે અણાત્મા. એ આત્મા એ રાગને કેમ ઉપજાવે? એમ કહે છે. શુભરાગને કેમ ઉપજાવે? એમ કહે છે. એય..! ભીખાભાઈ! આહા..હા..! છે કે નહિ એમાં? આહા..હા..! પુદ્‌ગલકર્મ જીવનું ઉપજાવેલું કાર્ય નહિ. આહા..હા..!

'**જીવ પુદ્‌ગલમાં વિકાર કરીને તેને પુદગલકર્મરૂપે પરિણમાવી શકતો નથી...**' વિકાર કરીને બદલીને વિકાર થાય. વિકાર દયા, દાન આદિના પરિણામ. '**કારણ કે ચેતન જડને કેમ પરિણમાવી શકે?**' ભગવાન જ્ઞાનમૂર્તિ એવો પ્રભુ એ રાગના અચેતન પરિણામને કેમ પરિણમાવે? આહા..હા..! સમજાણું કાંઈ? '**માટે પુદ્‌ગલકર્મ જીવનું વિકાર્ય કર્મ પણ નથી.**' નવા માણસને તો એવું લાગે આ ભારે! આ ધર્મ કેવો કાઢ્યો? એય..! ધીરૂભાઈ! આહા..હા..! '**પરમાર્થે જીવ પુદ્ગલને ગ્રહણ કરી શકતો નથી...**' પ્રાપ્ય. ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનનું ધામ પ્રભુ એ વિકલ્પને કેમ ગ્રહે? વિકલ્પને કેમ પ્રાપ્ત કરે? રાગને કેમ પહોંચી વળે? આહા..હા..! કહો, સમજાણું? આવી વાત સીધી છે. નવનીતભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- ગુરુગમ વિના ન મળે.

ઉત્તર :- હા, ન મળે. સાચી વાત છે.

એ '**પુદ્ગલને ગ્રહણ કરી શકતો નથી કારણ કે અમૂર્તિક પદાર્થ...**' ભગવાન તો ચૈતન્ય અને આનંદ અમૂર્ત સ્વરૂપ છે અને રાગના પરિણામ તો મૂર્તિક છે. તે '**કઈ રીતે ગ્રહણ કરી શકે?**' આહા..હા..!

મુમુક્ષુ :- ..નો અર્થ શું કરશો?

ઉત્તર :- જડ.

મુમુક્ષુ :- રાગ લખે છેને.

ઉત્તર :- ક્યાં.. એ તો અર્થ કર્યો ઉપરથી. એ પાપનો ભાવ છે એવો અર્થ કર્યો છે. સમજાણું કાંઈ? તે દ્રવ્યકર્મને કહે.

મુમુક્ષુ :- ઉપર કહે છે એમ લખ્યું છે એમ વાંચવું જોઈએને.

ઉત્તર :- શું લખ્યું છે? ક્યા અભિપ્રાયવાળું છે એમ જાણવું જોઈએને. એમાં લખ્યું છે એમ વાંચવું જોઈએ, પણ ક્યા અભિપ્રાયવાળું છે એમ જાણવું જોઈએને. નાથુલાલજી! આહા..હા..! આ તો જેને માર્ગ જોઈતો હોય એની વાત છે. આહા..હા..! અનંતકાળથી આથડે છે. રાગના વિકલ્પની બુદ્ધિવાળો જીવ એ સંસારી છે, મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! રાગ અને આ અજીવ એનાથી પ્રભુ તો રહિત છે. ૧૪મી ગાથામાં ન આવ્યું? એને સહિત માનવો તે મિથ્યાત્વ ભવનું બીજ છે. આહા..હા..! નાનીસૂની વાત નથી, ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..! આર્યને ઘરે બોકડા કપાય એમ માનવું એ કાળાકેર છે. એમ ભગવાન આત્માને ઘરે, ચિદાનંદ સ્વરૂપને ઘરે રાગના કાર્ય થાય એમ બને નહિ, ભાઈ! ખબર નથી ચૈતન્ય પ્રભુ આત્મા કોણ છે. સમજાણું કાંઈ? સચ્ચિદાનંદ પ્રભુ, પૂર્ણ પ્રકાશ અને આનંદના ધામવાળું તત્ત્વ. આહા..હા..! જેની વાણીમાં પણ અનંતમા ભાગે વાત આવી. વીતરાગની વાણીમાં પણ એ તત્ત્વની અનંતમા ભાગે વાત આવી. આહા..હા..! અનંતમે ભાગે ગણધરે ઝીલી. અનંતમે ભાગે. સમજાણું કાંઈ? એવો ભગવાન ભિન્ન આહા..હા..! એ પરમેશ્વર રાગને કેમ કરે? આહા..હા..! એ પરમેશ્વર મૂર્તિકને કેમ ગ્રહે?

'**માટે પુદ્‌ગલકર્મ જીવનું પ્રાપ્ય કર્મ પણ નથી. આ રીતે પુદ્ગલકર્મ જીવનું કર્મ નથી...**' એ રાગાદિ પરિણામ તે જીવનું કાર્ય નથી. '**અને જીવ તેનો કર્તા નથી.**' જુઓ! '**જીવનો સ્વભાવ જ્ઞાતા હોવાથી જ્ઞાનરૂપે પરિણમતો...**' લ્યો ઠીક! ભગવાન આત્મા તો ચૈતન્યમૂર્તિ પ્રભુ પ્રજ્ઞાચક્ષુ આનંદબ્રહ્મ એવો ચૈતન્ય ભગવાન એનો સ્વભાવ તો જ્ઞાતા હોવાથી જ્ઞાનરૂપે, જાણવારૂપે, આનંદરૂપે, સમ્યગ્દર્શનરૂપે, શાંતિરૂપે, સ્વચ્છતારૂપે પરિણમે. સમજાણું કાંઈ? '**પરિણમતો પોતે પુદ્‌ગલકર્મને જાણે છે;...**' આહા..હા..! એ રાગાદિના પરિણામને એના અસ્તિત્વને પોતાના અસ્તિત્વમાં રહીને એને જાણે છે. '**માટે પુદ્‌ગલકર્મને જાણતા એવા જીવનો...**' જ્ઞાતા હોવાથી કહ્યું છે. ભાવ રાગવાળો છે અને જડ પર છે એમ ક્યાં થયું પાછું? સમજાણું કાંઈ? ચૈતન્યચક્ષુ ભગવાન આત્માની એ ચૈતન્ય સ્વરૂપ, જ્ઞાનસ્વરૂપે, આનંદસ્વરૂપે જે ગુણ છે તે રૂપે થાય. જેનામાં ગુણ છે એ રૂપે થાય. એનામાં એ ગુણ ક્યાં છે રાગ થવાનો? સમજાણું કાંઈ? પર્યાયની યોગ્યતામાં હતો તે પર્યાયદૃષ્ટિ તો ગઈ. સમજાણું કાંઈ? પર્યાયની દૃષ્ટિમાં પર્યાયની યોગ્યતાથી પર્યાયમાં વિકાર થવાની લાયકાત હતી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બે ભાગ છે. એક ભાગ નિર્મળ છે, એક મલિન છે. મલિન તે પરરૂપે જાણે, નિર્મળ તે પોતાપણે જાણે. કહો, સમજાણું કાંઈ?

એ રીતે. 'પુદ્‌ગલકર્મને જાણતા એવા જીવનો પરની સાથે કર્તાકર્મભાવ કેમ હોઈ શકે? ન જ હોઈ શકે.'

## ગાથા-૭૭

स्वपरिणामं जानतो जीवस्य सह पुद्गलेन कर्तृकर्मभावः किं भवति किं न भवतीति चेत् —

ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जाए।
णाणी जाणंतो वि हु सगपरिणामं अणेयविहं।।७७।।
नापि परिणमति न गृह्णात्युत्पद्यते न परद्रव्यपर्याये।
ज्ञानी जानन्नपि खलु स्वकपरिणाममनेकविधम्।।७७।।

यतो यं प्राप्यं विकार्यं निर्वर्त्यं च व्याप्यलक्षणमात्मपरिणामं कर्म आत्मना स्वयमन्तर्व्यापकेन भूत्वादिमध्यान्तेषु व्याप्य तं गृह्णता तथा परिणमता तथोत्पद्यमानेन च क्रियमाणं जानन्नपि हि ज्ञानी स्वयमन्तर्व्यापको भूत्वा बहिःस्थस्य परद्रव्यस्य परिणामं मृत्तिकाकलशमिवादिमध्यान्तेषु व्याप्य न तं गृह्णाति न तथा परिणमति न तथोत्पद्यते च, ततः प्राप्यं विकार्यं निर्वर्त्यं च व्याप्यलक्षणं परद्रव्यपरिणामं कर्माकुर्वाणस्य स्वपरिणामं जानतोऽपि ज्ञानिनः पुद्गलेन सह न कर्तृकर्मभावः।

હવે પૂછે છે કે પોતાના પરિણામને જાણતા એવા જીવને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ (કર્તાકર્મપણું) છે કે નથી? તેનો ઉત્તર કહે છેઃ-

વિધવિધ નિજ પરિણામને જ્ઞાની જરૂર જાણે ભલે,
પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૭.

ગાથાર્થઃ- [ज्ञानी] જ્ઞાની [अनेकविधम्] અનેક પ્રકારના [स्वकपरिणामम्] પોતાના પરિણામને [जानन् अपि] જાણતો હોવા છતાં [खलु] નિશ્ચયથી [परद्रव्यपर्याये] પરદ્રવ્યના પર્યાયમાં [न अपि परिणमति] પરિણમતો નથી, [न गृह्णाति] તેને ગ્રહણ કરતો નથી અને [न उत्पद्यते] તે રૂપે ઊપજતો નથી.

ટીકાઃ- પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું આત્માના પરિણામસ્વરૂપ જે કર્મ (કર્તાનું કાર્ય), તેનામાં આત્મા પોતે અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો. તે-રૂપે પરિણમતો અને તે-રૂપે ઊપજતો થકો, તે આત્મપરિણામને કરે છે; આમ આત્મા વડે કરવામાં આવતું જે આત્મપરિણામ તેને જ્ઞાની જાણતો હોવા છતાં, જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, ઘડાને ગ્રહે છે, ઘડારૂપે પરિણમે છે અને ઘડારૂપે ઊપજે છે તેમ, જ્ઞાની પોતે બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી, તે-રૂપે પરિણમતો નથી અને તે-રૂપે ઊપજતો નથી; માટે, જોકે જ્ઞાની પોતાના પરિણામને જાણે છે તો પણ, પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ, તેને નહિ કરતા એવા તે જ્ઞાનીને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ નથી.

ભાવાર્થઃ- ૭૬મી ગાથામાં કહ્યું હતું તે અનુસાર અહીં પણ જાણવું. ત્યાં 'પુદ્‌ગલકર્મને જાણતો જ્ઞાની' એમ હતું તેને બદલે અહીં 'પોતાના પરિણામને જાણતો જ્ઞાની' એમ કહ્યું છે—એટલો ફેર છે.

## ગાથા-૭૭ ઉપર પ્રવચન

હવે ૭૭. એ ૭૬ ગાથા થઈ.

'**હવે પૂછે છે કે પોતાના પરિણામને જાણતા એવા જીવને...**' ઓલામાં પરને જાણતા એવા જીવને એમ હતું. પુદ્‌ગલના પરિણામને જાણતા એવા જીવને પુદ્‌ગલ સાથે કર્તાકર્મ છે કે નહિ? એમ પ્રશ્ન હતો. હવે આ જાણવાનું કામ તો કરે છેને કહે છે. '**પોતાના પરિણામને...**' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-આનંદ એવી જે નિજપર્યાય નિજ પરિણામને જાણતા '**એવા જીવને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ (કર્તાકર્મપણું) છે કે નથી?**' ફેરવ્યું શું? ઓલામાં રાગાદિના

પરિણામ પુદ્‌ગલના પરિણામને જાણતો એવો આત્મા. એને કર્તાકર્મ—એ રાગ એનો કર્તા અને એનું એ કાર્ય એમ છે કે નહિ? (એમ હતું). ત્યારે હવે કહે છે કે પોતાના આત્માને જાણતો. જાણવાનું કામ તો કરે છે. લ્યો, આ પર્યાયની વાત ચાલે છે આ. ચેતનજી! આ તો વીતરાગ માર્ગ છે. જ્યાં જ્યાં જેમ છે તેને જાણવું જોઈએ, ખેંચાતાણ ન હોય. સમજાણું કાંઈ?

અહીં શું કહે છે? કે '**પોતાના પરિણામને જાણતા...**' પોતાની પર્યાયને જાણતો. કોણ? આત્મા. પોતાની પર્યાય એટલે? સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિ સ્વચ્છતા આદિ પર્યાય. જેટલા ગુણ છે એનું નિર્મળ પરિણમન થયું છે. કેમકે વસ્તુ ઉપર જ્યાં દૃષ્ટિ પડી ત્યાં વસ્તુમાં અનંતા ગુણો છે એ પર્યાયમાં વ્યક્તરૂપે પરિણમે છે. એવું જ વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? તે પોતાના પરિણામને જાણતો એટલું તો કામ કરે છેને. જાણવાનું તો કામ કરે છેને? તો એક ગાયનો ગોવાળ એવો પાંચ ગાયનો ગોવાળ ભેગો. એમ નથી કહેવાતું? કહેવાય છેને, તમારે હિન્દીમાં કહેવાતું હશે. અમારે અહીં કહેવાય કે એક ગાયને ધ્યાનમાં લેવું એમ બે ગાય, પાંચ ગાય... એમ જાણવાનું કામ કરે છે તો એક કર્યા ભેગું રાગનું પણ કામ કરે ભેગું, એમાં શું થયું? આહા..હા..! ગજબ ગાથા કરી છેને પણ!!

'**પોતાના પરિણામને જાણતા એવા જીવને પુદ્‌ગલ સાથે...**' એટલે કે રાગના પરિણામ સાથે કે હું રાગનો કર્તા અને રાગ એનું કાર્ય એવું ભેગું ભળે છે? પોતાના પરિણામને જાણવાનું કાર્ય તો કરે છે. એટલે કર્તાકર્મ તો છે એમ કહે છે. તો ભેગો આની સાથે કર્તાકર્મ છે કે નહિ? આહા..હા..! '**પુદ્‌ગલ સાથે...**' એટલે કે વ્યવહારરત્નત્રયના શુભ પરિણામ સાથે. '(**કર્તાકર્મપણું) છે કે નથી?**' એ પુદ્‌ગલપરિણામ એનું કાર્ય અને આત્મા એનો કર્તા. કારણ કે એના પોતાના નિર્મળ પરિણામને જાણતો એ નિર્મળ પરિણામનો કર્તા અને નિર્મળ પરિણામ કાર્ય એવી સ્થિતિ તો છે. એવી ન હોય તો તો ઠીક. તો ભેગાભેગુ રાગનો કર્તા અને રાગ એનું કાર્ય વ્યવહારનું એમ ભેગું છે કે નહિ? કહો, શિવલાલભાઈ! કેવું આ સાંભળ્યું! તમારા બાપે તો આ સાંભળ્યું પણ નહોતું કાંઈ. આ તો તકરારની વાત આવી. દેવ-ગુરુ-શાસ્ત્ર પર? શુદ્ધ એ પર? અરે ભાઈ! શુદ્ધ એ પર તે અનંત વાર પર. લોકોને દેવ-ગુરુની ભક્તિ કરીએ...

મુમુક્ષુ :- ભક્તિમાં રંગાઈ ગયેલા.

ઉત્તર :- ભક્તિમાં રંગાઈ ગયેલા. સવારે ઉઠે, ઘીનો દીવો મૂકે, સામે ફોટો શ્રીમદ્‌નો. કલાક, બે કલાક કાઢે. છોકરાઓ કામ કરતા હોય ત્યાં સવારમાં શું ચિંતા હોય? નવ વાગે નવરા થઈને દુકાને જાય. સંભાળે. શું કર્યું ભાઈ? શું કર્યું સવારનો ધંધો? એ બધું હાથમાં રાખે પાછી પડાઈ. આહા..હા..!

અહીં તો કહે છે, એક તો એ સિદ્ધ કર્યું કે આત્મા પોતાના પરિણામને કરે તો છે. સમજાય છે કાંઈ? જાણતો એટલે કરે છે. જાણવાનું કામ કરે છે. પોતાના જાણવાના પરિણામનું

કામ પોતે કરે છે. એનો અર્થ થયો કે જાણનારો પોતે કર્તા અને જાણવાના પરિણામ એનું કાર્ય. એવું તો છે. તો એને '**પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ (કર્તાકર્મપણું) છે કે નથી?**' તો દયા, દાન, વ્રત, ભક્તિ આદિ શુભભાવ થાય એ જીવનું કાર્ય અને જીવ એનો કર્તા એવું કાંઈ છે? '**તેનો ઉત્તર કહે છે :-**' આવી જેને જિજ્ઞાસા હોય એને આ ઉત્તર દેવામાં આવે છે. આહા..હા..! કહો, પ્રેમચંદભાઈ! આહા..હા..! ભારે વાત આકરી. આહા..હા..! લોકો એમ કરે.

ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जाए।
णाणी जाणंतो वि हु सगपरिणामं अणेयविहं।।७७।।

નીચે હરિગીત.

**વિધવિધ નિજ પરિણામને જ્ઞાની જરૂર જાણે ભલે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૭.**

આહા..હા..! '**વિધવિધ નિજ પરિણામને...**' લ્યો! પરિણામી અને પરિણામ બે ભાગ પાડ્યો. '**જ્ઞાની જરૂર જાણે ભલે, પણ પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે.**' આહા..હા..!

'**ટીકા :- પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું આત્માના પરિણામસ્વરૂપ જે કર્મ (કર્તાનું કાર્ય),...**' દેખો! આહા..હા..! વાત તે વાત છે. પ્રાપ્ય એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના જે પરિણામ તે સમયના પ્રાપ્ય તેને આત્મા પ્રાપ્ત કરે, પહોંચી વળે. સમજાણું કાંઈ? પ્રાપ્ય. અને બદલતું એ પૂર્વની પર્યાય બદલીને થઈ અવસ્થા વીતરાગી પર્યાય હોં! મોક્ષમાર્ગની પર્યાય. અને નિવર્ત્ય-નવું ઉપજ્યું. એમાં ઉપજ્યું. વીતરાગી પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના આનંદના પરિણામમાં (ઉપજ્યું). '**એવું, વ્યાપ્યલક્ષણવાળું...**' એ એક સમયની અવસ્થાના લક્ષણવાળું '**આત્માના પરિણામસ્વરૂપ...**' એ આત્માના પરિણામ છે. શું કીધું? જે આત્મા અખંડ અભેદ ચૈતન્યસ્વરૂપ એની અંતર દૃષ્ટિ થઈ, જ્ઞાન થયું અને ચારિત્ર થયું, નિર્વિકલ્પ વીતરાગી દશા (થઈ) એ પ્રાપ્ય લક્ષણવાળું અને નિવર્ત્ય આદિ લક્ષણવાળું, વ્યાપ્ય લક્ષણવાળું, ત્રણની અવસ્થાના લક્ષણવાળું. ત્રણે એક જ વાત છે.

મુમુક્ષુ :- એક જ પર્યાયના ત્રણ ભાગ.

ઉત્તર :- એક જ પર્યાયને ત્રણ પ્રકારે જણાવી છે. એવા આત્માના પરિણામસ્વરૂપ, આત્માના પરિણામસ્વરૂપ ભગવાન આત્માના પર્યાયસ્વરૂપ જે કર્મ. પરિણામસ્વરૂપ જે એનું કર્તવ્ય. ભગવાન આત્માના પર્યાયસ્વરૂપ એનું જે કાર્ય.

'**તેનામાં આત્મા પોતે અંતર્વ્યાપક થઈને,...**' આહા..હા..! પોતાનો જે સ્વભાવ પૂર્ણ વસ્તુ એની જે અંતર દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા કરી એવા જે આત્મપરિણામરૂપી જીવનું

કાર્ય એમાં આત્મા પોતે અંતર્વ્યાપક થઈને. **'આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...'** એ રાગની મંદતા શરૂઆતમાં હતી તો અહીંયાં સમ્યગ્દર્શન-જ્ઞાનના પરિણામપણે પ્રાપ્ત થયો, બદલ્યો, ઉપજ્યો એમ નથી. સમજાણું કાંઈ? આત્મા ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ એવો જે કર્તા એના જે પરિણામ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને આનંદ, શુદ્ધ વીતરાગી દશા એ આત્માના પરિણામ. રાગ એ આત્માના પરિણામ નહિ. સમજાણું કાંઈ?

**'તેનામાં આત્મા પોતે અંતર્વ્યાપક થઈને,...'** આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે મોક્ષનો માર્ગ નિશ્ચય હોં સત્ય, એમાં આત્મા અંતર્વ્યાપક, આદિ-મધ્ય અને અંતમાં પોતે અંતર્વ્યાપક થાય છે. એના પરિણામને માટે કોઈની જરૂર છે ત્યાં નિમિત્તની કે કર્મના અભાવની કોઈ અપેક્ષા નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? પોતાના વસ્તુ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને વીતરાગતા એટલે ચારિત્ર એવા જે આત્માના પરિણામ. વ્યવહારરત્નત્રયના આત્માના પરિણામ એ જીવના નહિ. એથી જીવ એને પ્રાપ્ય, વિકાર્ય અને નિવર્ત્યપણે પહોંચી વળે નહિ. પણ આ ભગવાન આત્મા અંતર્મુખ જ્યાં દૃષ્ટિ થઈ છે ત્યાં અંતરાત્મા પકડાણો છે. એથી એના જે સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિ અને ચારિત્ર, આનંદના પરિણામ, એની શરૂઆતમાં ભગવાન આત્મા છે. આહા..હા..! કોઈ કાળલબ્ધિ એની તો અહીં વાતેય નથી. આહા..હા..! કાળલબ્ધિ તો એનું જ્ઞાન કરે છે. ... પણ એ પરિણામ થયા એની શરૂઆતમાં આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે ભાઈ ધર્મકથા આવી, કહે છે. આ તો આપણે ગુજરાતી ભાષામાં ચાલે છે હવે.

મુમુક્ષુ :- ગુજરાતીમાં જ આ કરવા જેવું છે.

ઉત્તર :- આહા..હા..! હિન્દીભાષી આવ્યા હતા ત્યારે હિન્દી ચાલ્યું હતું.

કહે છે, ભગવાન અમૃતચંદ્રાચાર્ય કુંદકુંદાચાર્યના કહેલા ભાવને સ્પષ્ટીકરણ ટીકા કરીને વિસ્તાર કરે છે. આહા..હા..! **'ण वि परिणमदि ण गिण्हदि'** એમ હતુંને? એનો અર્થ પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય કર્યું. આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના જે પરિણામ તે પ્રાપ્ય તે સમયે જ હોય, તે જ સમયે હોય. એને આત્મા પ્રાપ્ય નામ પ્રાપ્ત કરે છે. એ દયા, દાન, અને વ્યવહારનો શુભભાવ હતો તો અહીંયાં શુભોપયોગ શુદ્ધ ઉપયોગને પ્રાપ્ત કરે છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ શુદ્ધોપયોગના પરિણામને, આત્માના પરિણામને કર્મરૂપે કરતા એવા જીવને પોતાના જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના જે મોક્ષમાર્ગના પરિણામ. મોક્ષમાર્ગ એ પર્યાય છેને? એ ક્યાં ગુણ છે? આહા..હા..! કર્તાનું કર્મ છે, એ કાર્ય છે. સમજાણું કાંઈ? ગુણ એ કાંઈ કર્તાનું કાર્ય નથી, ગુણ તો ત્રિકાળ છે. એવા ભગવાન આત્માનો આશ્રય લઈ અને જેણે પરિણામ પ્રગટ કર્યા તેની આદિમાં આત્મા તેની શરૂઆતમાં છે. ત્રણ લોકનો નાથ તીર્થંકર પણ એના વીતરાગી સમકિતની આદિમાં, શરૂઆતમાં નથી.

મુમુક્ષુ :- શાસ્ત્રનો અભ્યાસ કર્યો એ બધું નહિ?

ઉત્તર :- બીજું આ તો કહેવાય. ભગવાનના દર્શનથી આમ થાય, દેવ ઋદ્ધિથી આમ થાય આવે છેને શાસ્ત્રમાં? સમકિત આમ પમાય. વેદનાને દેખીને પમાય. એ બધી આદિમાં છે એમ વાત છે નહિ, ભાઈ! એય..! આહા..હા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- શેનો પણ આવે? એ વસ્તુ જ પોતે જ્યાં આખી, વસ્તુ છે આખી તે પોતે જ્યાં દૃષ્ટિમાં આવી, થઈ રહ્યું, પરિણમન શરૂ થઈ ગયું. એની શરૂઆતમાં તો આત્મા છે. આહા..હા..! કાંઈક કર્મનો અભાવ થાય, મોળા પડે તો કાંઈક સમ્યગ્દર્શન પામવાને લાયક થાય એમ વસ્તુમાં નથી. છે એમાં? નાથુલાલજી! આહા..હા..! આ એના રહ્યા હુશિયાર માણસ. માણસ જોવેને પણ બીજો? આહા..હા..!

'**તેનામાં આત્મા પોતે અંતર્વ્યાપક થઈને,...**' એ ધર્મી એવો ભગવાન આત્મા એના સ્વીકારમાં જે પર્યાય ધર્મની થઈ એ પર્યાયના કાર્યમાં આદિ-મધ્ય-અંતમાં પ્રભુ આત્મા છે. ભગવાનની વાણી અને ભગવાનનું સમવસરણ દેખ્યું એની આદિમાં એમ છે નહિ. આહા..હા..! એય..! ભીખાભાઈ! દેશનાલબ્ધિ એ તો એની આદિમાં ખરું કે નહિ? દેશનાલબ્ધિ આવે છે શાસ્ત્રમાં લ્યો. એમ કહે છે, કશું બોલવા જેવું રહ્યું નથી હવે. આહા..હા..! '**તેનામાં આત્મા પોતે...**' પાછું. છેને સ્વયં? આહા..! અંતર્વ્યાપક થઈને, આમ પ્રસરીને. આહા..હા..! દ્રવ્યતિ દ્રવ્યં. એ દ્રવ્યદૃષ્ટિ થઈ એટલે દ્રવે છે દ્રવ્ય હવે. વીતરાગી પરિણામને દ્રવે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામને દ્રવે છે.

એની '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો.**' એ પ્રાપ્ય. '**તે-રૂપે પરિણમતો...**' વિકાર્ય. '**અને તે-રૂપે ઊપજતો થકો,...**' નિવર્ત્ય. '**તે આત્મપરિણામને કરે છે;...**' એ આત્મપરિણામને કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? તે વીતરાગી સમ્યગ્દર્શન, વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્રના પરિણામને આત્મા કરે છે. આત્મા એનો સ્વતંત્ર કર્તા છે. સ્વતંત્ર કર્તા એટલે કોઈની એમાં મદદની જરૂર, નિમિત્તની જરૂર નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો સુદ ૪, બુધવાર, તા. ૧૧-૧૦-૧૯૭૨
## ગાથા-૭૭, પ્રવચન-૧૮૮

કર્તાકર્મ અધિકાર, ૭૭ ગાથા. અહીંયાં આત્મા જેવો છે એવો અનુભવમાં આવે એનું પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય કર્મ શું છે એ વર્ણન ચાલે છે. ધર્મી એવો જે અનંત આનંદ અને અનંત જ્ઞાન બેહદ શક્તિનું સ્વરૂપ એવું જે દૃષ્ટિમાં પરિણમન થયું એનું કાર્ય શું? અને એ કોનો કર્તા? સમજાણું કાંઈ?

કહે છે કે '**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું આત્માના પરિણામસ્વરૂપ જે કર્મ (કર્તાનું કાર્ય),...**' આત્મા અનાકુળ આનંદ અને સુખનો સાગર પ્રભુ છે એવી જ્યાં દૃષ્ટિ થઈ એથી એમાં પરિણમન એટલે વર્તમાન દશામાં આત્માના પરિણામ. એ જે સમયે જે પરિણામ થવાના તેને પહોંચી વળવું એ પ્રાપ્ય. બદલીને થયા પૂર્વની પર્યાય તેનુ નામ વિકાર્ય, એના એ પરિણામને ઉપજ્યા એની અપેક્ષાએ એ નિર્વર્ત્ય. '**એવું, વ્યાપ્યલક્ષણવાળું...**' પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય તો શ્વેતાંબરમાં ક્યાંય શબ્દ પણ નથી એવા. અહીં તો આ રીતે કે ધર્મીને ધર્મની દૃષ્ટિ જ્યાં થઈ, ચૈતન્યસ્વભાવ પરિપૂર્ણ પ્રભુ (છે) એવી જ્યાં ધર્મદૃષ્ટિ થઈ તેને અહીંયાં જ્ઞાની કહે છે. તે જ્ઞાનીના પરિણામ. પર્યાયની વાત છે આ. એ પ્રાપ્ય નામ તે સમયે જે નિર્દોષ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ એ જ સમયના તે આત્મપરિણામ તેને પ્રાપ્ય કહે છે, એને બદલવાની અપેક્ષાએ વિકાર્ય અને ઉપજવાની અપેક્ષાએ નિર્વર્ત્ય (કહે છે). એવી વ્યાપ્ય નામ અવસ્થા લક્ષણવાળું આત્માના પરિણામસ્વરૂપ કર્મ. આત્માના પર્યાયરૂપ, પરિણામરૂપ કાર્ય. એ કર્તાનું કાર્ય. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**તેનામાં આત્મા...**' કહે છે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના જે મોક્ષમાર્ગના પરિણામ તે આત્માના પરિણામ. '**તેનામાં આત્મા પોતે અંતર્વ્યાપક થઈને,...**' પોતે જ વસ્તુ વ્યાપીને, પ્રસરીને ફેલાઈને '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...**' એ ધર્મની પર્યાયના ઉત્પન્નમાં આદિમાં પણ આત્મા, મધ્યમાં પણ આત્મા અને અંતમાં પણ આત્મા. આહા..હા..! કેટલી વાત કરી! સમજાણું કાંઈ? એ '**અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...**' પોતે વીતરાગમૂર્તિ પ્રભુ એ દૃષ્ટિના ધ્યાનમાં એ આવ્યું તેથી એની પર્યાયમાં વીતરાગી પર્યાય જે પ્રગટ થાય એ એની આદિ-મધ્ય-અંતમાં દ્રવ્ય વસ્તુ છે. આહા..હા..! વ્યવહારરત્નત્રયની આદિમાં હતો અને એ સમ્યગ્દર્શન-જ્ઞાન પરિણામ થયા એમ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? એ

પૂર્વના પુણ્ય હોય તો પૈસા આદિ મળે એવું પૈસાની આદિમાં પુણ્ય ખરુંને? ના. પૈસાની પર્યાય જે એની આદિ-મધ્ય-અંતમાં તો એના દ્રવ્ય પરમાણુઓ છે. આહા..હા..! વાત તો જુઓ!

મુમુક્ષુ :- જીવોની મહેનત તો ખરીને?

ઉત્તર :- ધૂળમાંય મહેનત નથી. એમાં મહેનત ક્યાં આવી? રાગને કરે. રાગને કરે એથી કરીને પૈસાની પર્યાય એનું વ્યાપ્ય એ આને લઈને થાય? એ તો પરમાણુંનું વ્યાપ્ય છે.

મુમુક્ષુ :- એની પાસે ...

ઉત્તર :- એની પાસે ક્યાં હતા? છે ક્યાં એની પાસે? કોણ કહે છે એની પાસે છે?

મુમુક્ષુ :- તો બેંકમાં કોનું ખાતુ છે?

ઉત્તર :- ખાતુ તો .. એ તો ઓલા હમણા ન કરી ગરીબ માણસની વાત! હરિદ્વાર. હરિદ્વારમાં. .. માગીને ખાતો હતો અને મરી ગયો એટલે કોટ નીકળ્યો. એ કોટમાં ૨૫-૨૫ હજારનો એક ચેક, એટલા સો ચેક નીકળ્યા. ક્યાં હતા એના? એ તો એ ક્ષેત્રે પોતાની પર્યાયને વ્યાપીને ત્યાં એ રહેલા હતા. આહા..હા..! હમણા છાપામાં આવ્યું હતું હોં! વીરવાણી માં આવે છેને મોઢા આગળ એક કોક દેશ-પરદેશમાં. થોડા લખે છે. વીરવાણી.

એમ પરમાણુંઓ જે જગતની ચીજ છે એ પરમાણુંની વર્તમાન વર્તતી અવસ્થા જે વ્યાપ્ય છે એની આદિ-મધ્ય-અંતમાં એ પરમાણું દ્રવ્ય છે. સમજાય છે કાંઈ? કહો હુશિયારી આ નોકરી કરતા આવડે માટે પૈસા પાંચસો-સાતસો પેદા થાય. કેમ હશે? નહિ? એ પરમાણુનું વ્યાપ્ય એટલે કે અવસ્થા જે સમયે એની રંગ, ગંધ, રસની અવસ્થાની પર્યાય તે તેનું પ્રાપ્ય. એને પરમાણું પહોંચી વળે છે. બીજો જીવ એને આ નોટ ગણે ને આ કરે ને આમથી આમ ફરે, એમ એનો હાથ ઉંચે વળે આમ જવામાં એમ નહિ કહે છે. એ પ્રાપ્ય-વિકાર્ય અને નિવર્ત્ય પરમાણુઓનું, છએ દ્રવ્યમાં (એમ છે), વાત તો આ બેની છેને, જડ-ચૈતન્યની. આ ભાષા નીકળે છેને એ ભાષાનો તે પર્યાય તે કાળે પ્રાપ્ય એને એ જ હતો.

મુમુક્ષુ :- કોને? જીવને?

ઉત્તર :- પરમાણુંને. આ જજને બહુ દલીલ કરવી પડે ત્યાં. કહે છે કે એ વાણીની જે પર્યાય છે તે પરમાણુંનું પ્રાપ્ય તે સમયનો પર્યાય તે ધ્રુવરૂપે એટલે નિશ્ચળરૂપે એટલે તે સમયે જ હતું. એને પરમાણું પ્રાપ્ત કરે છે. એ પૂર્વની પર્યાય બદલીને થઈ એ જ પર્યાયને વિકાર્ય કહે છે, એને નિવર્ત્ય કહે છે. આહા..હા..! જગતની ચીજ જુઓ તો ખરા! ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થ આ રીતે પોતાના વ્યાપ્યની પર્યાયમાં વ્યાપે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અજ્ઞાનીને દૃષ્ટિ વિકાર (ઉપર) અને નિમિત્તની રુચિ હોવાથી એનું પ્રાપ્ય વિકાર્ય અને નિવર્ત્ય એ મિથ્યાત્વભાવ એ એનું તે સમયે પ્રાપ્ય, વિકાર્ય અને નિવર્ત્ય છે.

હવે અહીંયાં આવ્યું જ્ઞાનીનું. પહેલા જડનું, ..નું, પરમાણુંનું. જેણે ચૈતન્ય વસ્તુને પ્રાપ્ત કરી છે. સમજાણું કાંઈ? વસ્તુ, અનંત ગુણથી વસેલી વસ્તુ એ જેને પ્રાપ્ય નહોતી, પર્યાયમાં પ્રાપ્ત નહોતી તેને પર્યાયમાં પ્રાપ્ય કરી કે આ આત્મા. એવા જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના જે પરિણામ એ પ્રાપ્ય-વિકાર્ય અને નિવર્ત્ય તે સમયના. એવા આત્માના પરિણામ કર્મ '**તેનામાં આત્મા પોતે અંતર્વ્યાપક થઈને,...**' ઓહો..! કેટલી સ્પષ્ટતા છે જુઓને. આમાં ક્યાંય વાદ-વિવાદને સ્થાન નથી. ખોટા તકરાર એટલી કરે છે. આહા..હા..! '**તેને ગ્રહતો.**' જ્ઞાની આત્મા પોતાના ધર્મ પરિણામને પ્રાપ્ત રૂપે થઈને ગ્રહતો. '**તે-રૂપે પરિણમતો...**' દૃષ્ટિના ફેરે કર્મ ફરી જાય છે એમ કહે છે. દૃષ્ટિ જ્યાં આગળ રાગ અને પર્યાય ઉપર બુદ્ધિ છે ત્યાં તેનું પ્રાપ્ય, વિકાર્ય અને નિવર્ત્ય બધું વિકાર છે. સમજાણું કાંઈ? અને દૃષ્ટિ બદલતા દ્રવ્ય વસ્તુ આ છે એવી દ્રવ્યદૃષ્ટિ થતાં એટલે કે સમ્યગ્દર્શન થતાં એ સમ્યગ્દર્શનની પર્યાયને આત્મા પોતે તે રૂપે ઉપજે છે. તે આત્મપરિણામને કરે છે.

'**તે-રૂપે ઊપજતો થકો, તે આત્મપરિણામને** કરે છે;...' એને જ આત્માના પરિણામ કહ્યા છે. આહા..હા..! વ્યવહારરત્નત્રયના પરિણામ તે આત્માના પરિણામ નહિ. આ વાત લોજિકથી તો સિદ્ધ કરે છે. વસ્તુ છે આખી ચિદાનંદ અનંત ગુણનો પિંડ એનો જ્યાં અંતરમાં સ્વીકાર થયો ત્યારે તો એના પરિણામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આનંદ આદિના જે પરિણામ અનંત ગુણનો પ્રગટ અંશ જે આવ્યો એ પરિણામને એને પ્રાપ્ય, નિર્વર્ત્ય ને ઉપજતો થકો કરે છે. આહા..હા..! ધર્મી તો આ પરિણામને કરે છે. ભેદ પાડીને એટલું. અમરચંદભાઈ! આહા..હા..! દેરાસર બનાવે, જાત્રા જાય, પગ ચલાવે, ઈર્યાસમિતિ જીવ નીચે આવે તો પગને ઉંચો રાખવો. આવે છે કે નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ .. આ તો ઉંચા લઈને એવો શબ્દ આવે છે. પગ ઉંચો કરે. આહા..હા..! શાસ્ત્રની વ્યવહારની કથનની પદ્ધતિ અને પરમાર્થની પદ્ધતિ તો ભિન્ન જ છે આખી. સમજાય છે કાંઈ?

'**આમ આત્મા વડે કરવામાં આવતું...**' ભગવાન આત્મા જેને કહીએ જ્ઞાયકભાવ, આનંદસ્વરૂપ એવા આત્મા વડે કરવામાં આવતું '**જે આત્મપરિણામ તેને જ્ઞાની જાણતો હોવા છતાં,...**' તેને જ્ઞાની જાણવાનું કામ કરવા છતાં. '**જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને,...**' માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને. આ આકરી વાત લાગે. ઓલો માણસ હતોને, સનાવદનો. અમરચંદજી! સનાવદનો પ્રેમચંદજી. આ બધા જડના પરિણામ છે. એમ જ કહે છે આચાર્ય શાસ્ત્ર. ફલાણું છે ને ઢીંકણું... ન્યાં ખંડવામાં આવ્યો હતો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આખી લાઈન દૃષ્ટિ ફરી ગઈ. આહા..હા..! જુઓને કેવું નાખ્યું. અર્થનો અનર્થ થાય છે શાસ્ત્રનો. એમ વસ્તુનું સ્વરૂપ જ નથી.

અહીંયાં તો **'જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...'** કુંભાર છે તો ઘડો થાય છે એમ નહિ. આહા..હા..! ઘડાની વ્યાપ્ય પર્યાયમાં માટીનું વ્યાપકપણું છે. માટી પોતે પ્રસરીને, વિસ્તરીને ઘડો થાય છે. કુંભારના હાથથી અને ચાકથી, દોરીથી એનાથી ઘડાનું પ્રાપ્ય એનાથી નથી. આહા..હા..! **'માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને,...'** એને શી ખબર પડે કે અત્યારે ઘડો થાવું છે? કુંભારના જ્ઞાનમાં આવો ઘડો (કરું). ખ્યાલ આવે એવું એક જ તત્ત્વ હોય તો જગતમાં છ તત્ત્વ સિદ્ધ થાય જ નહિ. છ તત્ત્વ છે જગતના. છ દ્રવ્ય કહો. દ્રવ્યને તત્ત્વ પણ કહે છે અને તત્ત્વને દ્રવ્ય પણ કહે છે શાસ્ત્ર. સમજાણું કાંઈ? એવા પરમાણુઓ પણ, માટી પરમાણુનો પિંડ છે એને જે સમયે ઘડાની પર્યાય થવાની તેને એ માટી પ્રાપ્ત કરે છે. આહા..હા..! ભારે ગજબ વાત છે!

મુમુક્ષુ :- આ તો બધું નિયત થઈ ગયું.

ઉત્તર :- નિયત જ છે. નિયત એટલે સત્ય નિશ્ચય. નિશ્ચય એટલે સત્ય. સત્ય આમ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એવી ઘડામાં અંતર્વ્યાપક થઈને. પણ સારો ઘડો કરવા માટે કુંભાર શું કરવા ગોતે છે? એય..! ડાહ્યાભાઈ શું કરવા ગોતે જજમાં? કુંભારને બેસાડે ત્યાં. બોલતા આવડતું હોય તો? એય..! ભાઈ! તને ખબર નથી. એ ઘડો જે રીતે જે પર્યાયને પ્રાપ્ય થવાનો છે એને માટી જ પહોંચી વળે છે. કુંભારનું ડહાપણ-બહાપણ એને અડતું પણ નથી અને એનો એ કર્તા પણ નથી. આહા..હા..! કહો, શું હશે? ચીમનભાઈ! આ પથરા લઈ આવ્યા ને. પથરાને પ્રાપ્ત કર્યા કે નહિ? જુઓ. જ્યારે વિચાર આવ્યો ત્યારે એ આવ્યું. અંદરમાં આવવાના હતા ત્યારે એ આવ્યા, બહારના હવે આવવાના હશે. વિચાર આવે ત્યારે આવેને. એય..! ...ભાઈ! આહા..હા..! ભાઈ! જગતની અવસ્થા સમય સમયની જે પર્યાય જે દ્રવ્યની તેનું તે પ્રાપ્ય છે. આહા..હા..! કહો, હિંમતભાઈ! અરે! આવી વાત સાંભળવા પણ મળે નહિ. આવા ટાણા મળ્યા. સમજાણું? આ કષ્ટ કરે, તપસ્યાઓ કરે, જીર્ણ-જીર્ણ થઈ જાય હોં. મહિના-મહિના અપવાસ અને છેવટે બે-ચાર દિ' રહે. શરીર જીર્ણ પાણી ફાવે નહિ, દિવસ નીકળવો કઠણ પડે. કો'ક તો મરી પણ જાય. મરી જાય છેને. છોડી હતી અહીં, ક્યાં? જોરાવરનગર. ખેંચ્યા ખેંચ તો છેલ્લે ભાઈ ના પાડી હવે રહેવા દે. મરી ગઈ છેલ્લે. બહુ લોકોને દેખાવ કરવા બહારનો. અમે તપસ્વી છીએ, ધર્મી છીએ. ફોટા પાડ્યા એના. મોહનભાઈ! ફોટા બહાર આવે આમ. કહો, તમારા આત્મધર્મમાં પણ ફોટા આવે છે. ... ફલાણું નહિ? આમાં .. આત્મા અંદર... આત્મા પોતાના પરિણામને કરે એનો ફોટો બહાર એ જ આવે.

મુમુક્ષુ :- અંતર...

ઉત્તર :- અંતર સ્થિત છે. આહા..હા..!

**'જે આત્મપરિણામ તેને જ્ઞાની જાણતો હોવા છતાં,...'** એ એમ કહે છે કે પોતાના વીતરાગી પરિણામ, દ્રવ્યદૃષ્ટિ થઈ છે એટલે દ્રવ્યમાંથી તો વીતરાગી પરિણામ જ ઝરે. આહા..હા..! એવા પરિણામને જાણતો હોવા છતાં. એટલું કામ તો કરે છેને કહે છે. જાણવાનું કામ તો કરે છેને. કહો, જેઠાભાઈ! આહા..હા..! એવું હોવા છતાં **'જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...'** આહા..હા..! નિમિત્તના તો ભુક્કા ઉડાવ્યા છે. આની અપેક્ષાએ હોં! એની અપેક્ષાએ ત્યાં હો. નિમિત્ત પણ એની પર્યાયના વ્યાપ્ય કાળે પોતે તે પરમાણુ એને વ્યાપે છે. જીવ હોય તો જીવની પર્યાયને વ્યાપે. આમાં નિમિત્ત નથી ક્યાં? સમજાણું કાંઈ? માટી પોતે ઘડામાં અંતરમાં પ્રસરીને પોતે અંદરની શક્તિ તો હતી ઘડો થવાની, તે કાળે જ્યારે થવાની હતી ત્યારે આમ આવી બહાર. સમજાણું કાંઈ? આહા..હા..! **'ઘડાને ગ્રહે છે,...'** તે માટી ઘડાની પર્યાયને પ્રાપ્ય રીતે કરીને ગ્રહે છે. એ એનું પ્રાપ્ય છે. કહો, સમજાય છે કે નહિ? **'ઘડારૂપે પરિણમે છે...'** એ ઘડારૂપે માટી અંતર્વ્યાપક થઈને ઘડારૂપે થાય છે. અંદર કુંભાર પેસી જાય છે કે બાયડી સ્ત્રી પેસી જાય અને રોટલી બને છે (એમાં) એમ નથી. કહો, હીરાભાઈ!

મુમુક્ષુ :- ચોખા ચડતા હોય એમાં પાણી તો...

ઉત્તર :- હા એ પાણી વિના પણ કાંઈ ચોખા ચડે? એય..! ધીરૂભાઈ! પાણી વિના જ ચડે છે. આહા..હા..! ચોખાનો જ્યારે એ પાકવાનો પર્યાય છે પ્રાપ્ય તેને ચોખા જ પ્રાપ્ત કરે છે. પાણી ચોખાને રાંધવાની પર્યાયને પ્રાપ્ત કરે છે એમ નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- પાણી વિના ચોખા ચડાવી દ્યો.

ઉત્તર :- પાણી વિના જ ચોખા ચડે છે. ચોખા વિના ચોખો ન ચડે. શું કીધું? ચોખા વિના ચોખાની પર્યાય એનું પ્રાપ્ય, વિકાર્ય અને નિવર્ત્ય એની પર્યાય એ ચોખા દ્રવ્ય વિના ન હોય. પણ પાણી વિના પાકે નહિ એ વાતમાં કાંઈ એકેય દોકડો સાચો નથી. આહા..હા..! કહો, જેઠાલાલભાઈ! આવું ક્યાંય સાંભળ્યું હતું ત્યાં? આહા..હા..!

અહીં તો છ દ્રવ્ય જે છે અને તે સંખ્યાએ અનંત છે. એ અનંત દ્રવ્ય પોતાની તે સમયની પ્રાપ્ય, વિકાર્ય અને નિવર્ત્યને પહોંચી વળે છે. ફક્ત જીવ દ્રવ્યમાં અજ્ઞાન અને જ્ઞાનની વ્યાખ્યામાં આ છે. બીજામાં તો એ છે નહિ કાંઈ. સમજાણું કાંઈ? જીવદ્રવ્યમાં જેને દ્રવ્યદૃષ્ટિ, વસ્તુની દૃષ્ટિની ખબર નથી એને અજ્ઞાનમાં અજ્ઞાનના પરિણામ વ્યાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય પ્રાપ્ત પોતાને લઈને, કર્મને લઈને નહિ. અને એને સમજાવનારા કુદેવ, કુગુરુ મળ્યા માટે એ પર્યાય ત્યાં વ્યાપી (એમ નથી). વિશેષ એમ કહે છેને, આ ભગવાનદાસભાઈ. અમને મળ્યા

એવું માન્યું. અમે શું કરીએ? એમ કહે છે. ... પણ મળ્યા એ કોણ મળ્યા? તમે જે માની એ તો તમારી પર્યાયને તમે પોતે માની. એ ક્યાં બિચારો .... એની માનેલી જુદી, એના પરિણામ જુદા. તારા પરિણામથી એના પરિણામ જુદા. આહા..હા..! સમજાણું કાંઈ? હવે ક્ષાયિક સમકિતના પરિણામ થાય ત્યારે આત્મા ત્યાં એને પહોંચી વળે છે એમ કહે છે. શાસ્ત્રમાં એમ આવે કે તીર્થંકર અને કેવળી, શ્રુતકેવળીની સમીપે ક્ષાયિક થાય. લ્યો! પણ એ સમીપ જાય એ વ્યવહારની વાતું છે. આત્માના સમીપથી એ થાય છે. ક્ષાયિક સમકિતની આદિ-મધ્ય-અંતમાં આત્મા છે. પૂર્વનું ક્ષયોપશમ સમકિત પણ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. એ સમયે ક્ષાયિક સમકિતની પર્યાય એનું વ્યાપ્ય એટલે પર્યાય, એનું પ્રાપ્ય, વિકાર્ય અને નિવર્ત્ય એને એ આત્મા પહોંચી વળે છે. ભગવાન છે કેવળી માટે સમકિત થાય છે ક્ષાયિક એમ છે નહિ. ગોમ્મટસારમાં એ આવે કેવળી .. સમીપે. કહો, ભીખાભાઈ! ભગવાનની સમીપે ક્ષાયિક સમકિત થાય. આહા..હા..! અહીં પરમાત્મા કહે છે કે જે સમયે એને ક્ષાયિક સમકિતની પર્યાયનો કાળ છે એ પ્રાપ્ય છે. આહા..હા..! પૂર્વની અવસ્થા ક્ષયોપશમ બદલીને ક્ષાયિક થયું એ એનું વિકાર્ય છે. નિવર્ત્યું, ઉપજ્યું ઉત્પાદ એ એનું નિવર્ત્ય છે. એની અંદરમાં આત્મા અંતર્વ્યાપક થઈને ક્ષાયિક સમકિત થાય છે. ત્યારે શું આ બધા તમે પંડિત શીખ્યા હતા અત્યાર સુધી?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... એ તો કીધું એ શબ્દે. આહા..હા..! સમજાણું કાંઈ?

આ તો વસ્તુની સ્થિતિ જ એવી છે. આ કાંઈ ભગવાને આમ કહ્યું માટે આમ છે એમ છે કાંઈ? આહા..હા..! વસ્તુ પોતે જ ભગવાન આત્મા ક્ષયોપશમ સમકિતનો વ્યય થઈને ક્ષાયિક જે ઉત્પન્ન થાય એમાં એ વ્યય પણ કારણ નહિ, આહા..હા..! નિમિત્ત કારણ પણ નહિ. એય..! એ ક્ષાયિક સમકિતની પર્યાય શ્રેણિક રાજાને ભગવાનના સમીપમાં થઈ અને ક્ષાયિક સમકિતે વર્તમાન નરકમાં પણ ક્ષાયિક સમકિતમાં છે ઈ. સમજાણું કાંઈ? અને એ લઈને નીકળશે તીર્થંકર થવા. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

એ ઘડાને ગ્રહે છે માટી. ઘડારૂપે બદલીને પરિણમે છે માટી, ઘડારૂપે ઉપજે છે તે માટી. તેમ, માટી અને ઘડાની જેમ '**જ્ઞાની પોતે બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં...**' પરદ્રવ્યપર્યાય છેને પાઠમાં? '**ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जाए**'. આહા..હા..! કેટલું? કુંદકુંદાચાર્ય તો શાસનના સ્તંભ! વસ્તુની સ્થિતિને થંભાવી રાખી છે. સમજાણું કાંઈ? ... પર્યાય ને .. છે. કહે છે કે એ રચાતા કાળમાં પરમાણુની પર્યાય પ્રાપ્ય,

વિકાર્ય થઈને એ પરમાણુએ શાસ્ત્ર રચ્યા છે. આહા..હા..! મારો વિકલ્પ પણ ત્યાં હતો માટે એ શાસ્ત્રની પર્યાયરૂપે પરમાણુ પરિણમ્યા (એમ નથી એને) એ વિકલ્પ મારો નથી. વિકલ્પને જાણવા કાળે મેં જાણ્યું જ્ઞાન એ વિકલ્પ હતો માટે મેં જાણ્યું એમ પણ નથી. આહા..હા..!

એ તો '**જ્ઞાની પોતે બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં...**' ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યદ્રવ્ય શુદ્ધ પવિત્ર ગુણનું ધામ, અને ગુણ અને એની નિર્મળ પરિણતિ પર્યાય, એનાથી બાહ્યસ્થિત વ્યવહારરત્નત્રયના પરિણામ. સમજાણું કાંઈ? અહીં ભગવાનને વાડો બાંધવો નથી કાંઈ કે અમને માનો તો તમારું કલ્યાણ થાશે. આહા..હા..! તને તું પહોંચી વળ અને માન, તારું કલ્યાણ ત્યાં છે. આહા..હા..! પાટણીજી! એ '**જ્ઞાની પોતે બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં...**' એ રાગાદિ ઘડા-ફડા ને રોટલી ને એ વાત તો એક કોર મૂકી દ્યો, પણ એના જે વ્યવહારરત્નત્રયના પરિણામ રાગ એ '**બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...**' આહા..હા..! આત્માની પર્યાયમાં કમજોરી હતી એટલે રાગ વ્યવહાર આવ્યો એમ પણ નથી. એય..! અમરચંદભાઈ! આહા..હા..! એ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ઉઠ્યો એમાં આત્માની કોઈ પર્યાય આદિમાં હતી અને થયો એમ નથી. આહા..હા..! કહો, કપુરભાઈ! આવું કલકત્તામાં છે ત્યાં? ગપેગપ મારે. અપવાસ કર્યા ને આ કર્યા ને આઠ દિ' કર્યા. ઓહો..હો..! ઘોડાઘોડ કરો, ઘોડા કરો, વરઘોડા કરો. પણ શું છે? શું તેં કર્યું? તારી પર્યાયમાં શું કર્યું? એ નક્કી કર્યું? આહા..હા..! ક્યાંથી તપસ્યા થઈ ગઈ અને ક્યાંથી તને નિર્જરા થઈ ગઈ? સમજાણું કાંઈ?

'કોઈ ક્રિયા જડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ, માને માર્ગ મોક્ષનો, માને માર્ગ મોક્ષનો કરુણા ઊપજે જોઈ.' શ્રીમદ્‌માં આવે છેને. કોઈએ રાગની ક્રિયાને ધર્મ માન્યા, કોઈએ જ્ઞાનના ક્ષયોપશમની વાતુંમાં ધર્મ માન્યા, પણ અંદર જ્ઞાનસ્વરૂપ ભગવાન છે એની દૃષ્ટિ કરી નહિ. સમજાણું કાંઈ? એક આજે જ .. આવ્યું છે. એક જ્ઞાનપક્ષી અત્યારે થઈ ગયા છે અને એક ચારિત્રપક્ષી થઈ ગયા છે. લેખ છે મોટો જૈનસંદેશમાં. કૈલાસચંદજી લખે છે. બેય એકાંત છે. અરે ભાઈ! એમ કે આ જ્ઞાનપક્ષીવાળાને વાતું કરવી કે અમને જ્ઞાન છે એમ. ભાઈ! એમ નથી. સમજાણું કાંઈ? જ્ઞાનનયના પક્ષપાતી ક્યાંકથી આવ્યું છે. .... આહા..હા..! અમરભારતીનું છેને ત્યાં નહિ? ... ન આવ્યું? જયંતિલાલભાઈ! આ જગજીવન ગુજરી ગયાને? જગજીવનનો દીકરો ત્યાં રહે છે. ધનબાદમાં જરીયામાં. જગજીવન ગયો હતોને ત્યાં. સંથારો કર્યો હતો. .. કપુરભાઈ! તમે ગયા હતા?

મુમુક્ષુ :- મોટા ભાઈ ગયા હતા.

ઉત્તર :- એ તો ખબર છે. તમે ગયા હતા? ..ભાઈ તો ગયા હતા ખબર છેને. એ જગજીવનભાઈનો દીકરો છેને જયંતિભાઈ ધનબાગ છે. નહિતર તો ક્યાંકને ક્યાંક હતું. વાડી

કરી હતી અને એમાં શાક આપ્યું હતું, એવું સાંભળ્યું હતું. કોકને આપ્યું હતું. કામાણી. વળતા ત્યાં એક .. એને કહ્યું હતું.. એની કંકોત્રીમાં લખ્યું હતું, જ્ઞાનનયમાં અર્થી થવું કંકોત્રી આવી હતી. આહા..હા..! બાપુ! જ્ઞાનનયના અર્થી એટલે શું? જ્ઞાનસ્વરૂપ એવો ભગવાન આત્મા એનો અર્થી તે જ્ઞાનનો અર્થી. સમજાણું કાંઈ? આહા..હા..! એને બહારમાં કાંઈ ક્રિયામાં એમ કે બીજા કરતા ફેર પડે તો એ આચરણમાં મૂક્યું કહેવાય. આહા..હા..! પણ આચરણ એને ક્યાં કહે છે? એ આચરણ નથી. અનુષ્ઠાન આચરણ તો સ્વરૂપ આનંદ અને જ્ઞાનમયમાં રમવું, રમવું એ આચરણ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, ધર્મી જીવ પોતે સ્વયં '**બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં...**' સ્વયં. એમ. પોતે સ્વયં '**બાહ્યસ્થિત એવા...**' જે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ વિકલ્પ અને રાગ. આહા..હા..! ધર્મી જીવ પોતાના નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાનના પરિણામ દ્રવ્યને અવલંબને થયેલા, એ પોતે દ્રવ્ય વ્યાપીને થયેલા એવા પરિણામને જાણતો હોવા છતાં પોતાના પરિણામથી બાહ્ય વ્યવહારરત્નત્રય દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, ભક્તિ, વ્રતાદિના પરિણામ એને સ્વયં '**પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી,...**' આહા..હા..! અરે..! તેં સાંભળ્યું નથી ભગવાન! સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનના સ્વભાવની મૂર્તિ પ્રભુ (છે) એવી જ્યાં સમ્યગ્દર્શન દશા થઈ, એ ધર્મીને સમ્યગ્દર્શનના પરિણામ એમાં આત્મા પોતે વ્યાપીને પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય કરીને એમાં વ્યાપે છે અને એને જાણે છે. આહા..હા..! એવું પોતાના વીતરાગી પરિણામ દ્રવ્યના અવલંબને થતાં એ પરિણામને જાણતો છતાં ધર્મીના પરિણામથી બાહ્ય દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ, તપાદિનો રાગ એમાં અંતર વ્યાપીને આદિ-મધ્ય-અંતમાં પોતે આવતો નથી આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? કેટલાકને તો મહાભાગ્યના ઉદયે કોઈવાર આ કાને પડે. એવી વાત છે. ઝઘડા-ઝઘડા એને ઘરે રહ્યા. સમજાણું કાંઈ? પોતે ભગવાન આત્મા પોતાના વીતરાગી પરિણામમાં અંતર્વ્યાપક થઈને આદિ-મધ્ય-અંતમાં પોતે પ્રસરે અને થાય છે. એમાં કોઈ પર અને ગુરુનું નિમિત્ત છે માટે થાય છે એમ છે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- સંસ્કાર તો ખરાને?

ઉત્તર :- સંસ્કાર પણ નહિ. એની આદિમાં દ્રવ્ય પોતે છે વર્તમાન. એ તો વર્તમાનમાં ભાન થયું એટલે કહેવાય કે પૂર્વના સંસ્કારને લઈને (થયું). પણ એ સંસ્કારને પાધરો જગાડ્યો અને પુરુષાર્થ થયો એમ કેમ કોણે કર્યો? એ દ્રવ્યે કર્યો છે. એ વર્તમાન પુરુષાર્થની પર્યાયમાં દ્રવ્ય વ્યાપ્યું છે. પૂર્વના સંસ્કાર એમાં વ્યાપ્યા નથી. આહા..હા..! ભારે વાત આવી પણ. વીતરાગના માર્ગનો માર્ગ સમજો ભાઈ! એય..! આખો સંસાર પલટી ગયો પછી હવે વાત શું રહી? આહા..હા..! કળશાના મુખ જેણે પાણીમાં રાખ્યા એના કળશા ભરાય. પણ એના

મુખથી આમ ફરીને હેઠલું પાણીની સાથે રાખે તો આમ પાણી ભરાય? એમ જેણે ભગવાન આત્માનું મુખ ફેરવી નાખ્યું. પર્યાય અને રાગ ઉપર રુચિ હતી તે પલટી ગઈ અને જે પોતાના સ્વભાવમાં સન્મુખ થયો, એમાં આનંદની પર્યાય ભરાય. સમજાણું કાંઈ? અરે! ક્યાં દુનિયા? ક્યાં માર્ગ? ક્યાં વીતરાગનો ધર્મ?

ચારિત્રદોષ છે એ જુદી ચીજ છે. તીર્થંકરો ત્રણ જ્ઞાનના ધણી અબજો વર્ષ સુધી સમકિતમાં રહ્યા અને ચારિત્ર ન આવ્યું. એ કેવી ચીજ છે ભાઈ એને ખબર નથી. ત્રણ-ત્રણ જ્ઞાનના ધણી. જેમાં અવધિજ્ઞાન તે કેવું? સમજાણું કાંઈ? અસંખ્ય ચોવિસીને જાણે એવું. ભૂત-ભવિષ્યના. એવા જ્ઞાનવાળા, એવા ક્ષાયિકસમકિતી જીવ. કહે છે કે બાહ્યમાં જે આ ચારિત્રના પરિણામ જોઈએ, એ બાહ્ય એટલે? એના દર્શન-જ્ઞાનસહિતની સ્થિરતા જોઈએ એ એને નહોતી. એટલે સ્થિરતા નહોતી એટલે એ જ્ઞાની અને ધર્મી નહોતા એમ નથી. સમજાણું કાંઈ? અને આ આત્માના ભાન વિના વ્રત અને તપ લઈને બેસે માટે એ ધર્મી છે (એમ) નથી. એ અધર્મી છે. આહા..હા..! રાગની કોઈ મંદતા કરીને તપસ્યા કરે, સ્વરૂપનું તો ભાન નથી. રાગની મંદતા કરીને કોઈ વ્રત પાળે, સ્વરૂપની તો ખબર નથી. એ રાગને પોતાનો માનીને રાગની ક્રિયામાં રંગાઈ ગયો એ તો. ભગવાન આત્મામાં રંગાણો નથી. સમજાણું કાંઈ? જગતના માપથી આ ગજ જ ભગવાનના જુદા છે. ..ભાઈ! આહા..હા..!

કહે છે, ધર્મી એને કહીએ કે જેને સ્વદ્રવ્યની શક્તિનો વિકાસ પર્યાયમાં થયો છે. જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગ પર્યાય જેને (થઈ છે) એ વીતરાગી પર્યાયના આદિમાં દ્રવ્ય હતું. આહા..હા..! હજી તો દ્રવ્યની ખબર નહિ એને આદિમાં ક્યાંથી આવે? ધર્મની પર્યાયની આદિમાં-મધ્યમાં-અંતમાં ભગવાન આત્મા હતો. હવે એ આત્મા શું એની જેને ખબર નથી અને થઈ ગયા તપ અને વ્રત. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે, ધર્મી જીવ જેના વીતરાગી પરિણામના ધર્મમાં આદિમાં દ્રવ્ય હતું હોં! આહા..હા..! ત્યાં લક્ષ હતુંને. હવે એ દ્રવ્યની તો ખબર ન મળે કે દ્રવ્ય શું છે અને એને આ ધર્મના પરિણામ એને પ્રગટ થઈ જાય. આહા..હા..! જેઠાલાલભાઈ! આ બધા તમે મોટા-મોટા પણ ગડબડ વાળે છે લ્યો.

મુમુક્ષુ :- એટલી ખબર જ નહોતી કે આ આત્મા શું ને દ્રવ્ય શું ને પર્યાય શું ને રાગ શું? જેમ કહે એમ કરતા ગયા.

ઉત્તર :- આહા..હા..! ગજબ વાત છેને ભાઈ! પર્યાય .. ચારિત્ર.. વાત આવે છેને. ભગવાન પાસે ... ગયા પછી આમ થાય.. થાય.. એ બધી વાતું. આહા..હા..! ગજબ વાત છે.

અહીંયાં તો પરમાત્મા પોતે શુદ્ધ આનંદઘન એનો જ્યાં અનુભવ અને સમ્યગ્દર્શન થયું ત્યારે એના સમ્યગ્દર્શનના પરિણામને પોતે કરતો, જાણતો અને તેની આદિમાં આ દ્રવ્ય છે એમ માનતો એ જાણવાના પરિણામને કરે છે. એની આદિ-મધ્ય-અંતમાં ગજબ વાત કરી

છેને. આહા..હા..!

મુમુક્ષુ :- જ્યાં કોઈની અપેક્ષા નથી.

ઉત્તર :- કોઈ અપેક્ષા નથી. પ્રભુ! એક સમયમાં ત્રણ લોકનો નાથ પોતે ચૈતન્ય પરમાત્મા એને જ્યાં દૃષ્ટિમાં લીધો, એથી એની દૃષ્ટિના આદિમાં એ આત્મા છે હોં! સમજાણું કાંઈ? ઓલામાં આવે છે કાળલબ્ધિનું ભાઈ! અનુભવ પ્રકાશમાં. જેમ જેમ કાળલબ્ધિ થાય તેમ દ્રવ્ય સધાતું જાય. સાધક-સાધ્યના બોલ છેને. એ બધી વાતું સમજવાની. આહા..હા..! એઈ..!

અહીં તો ભગવાન જેની વર્તમાન જ્ઞાનની પર્યાયમાં પર્યાયવાન જ્યાં દૃષ્ટિમાં આવ્યો તો એ પર્યાયનું કારણ તો એ દ્રવ્ય પોતે આદિમાં દ્રવ્ય છે. ચાહે તો સમ્યગ્દર્શનની પર્યાય હોય, જ્ઞાનની હોય, ચારિત્રની હોય, સાથે આનંદની હોય એની આદિ-મધ્ય-અંતમાં તો ભગવાન આત્મા છે. ત્રણ લોકના નાથની વાણી એને સમવસરણ પણ જેના સમ્યગ્દર્શનની આદિમાં નથી. સમજાણું કાંઈ? વીતરાગના આગમો અને વીતરાગની મૂર્તિ જેના સમ્યગ્દર્શનની પર્યાયની આદિમાં નથી. ભગવાન આત્મા પરિપૂર્ણ પ્રભુ એનું જ્યાં દૃષ્ટિ અને લક્ષ થયું તો શરૂઆત આદિ તો દ્રવ્ય થયું. આહા..હા..! આદિ-મધ્ય-અંતનું જ્યારે પહેલું... આહા..હા..! ગજબ કર્યા છે. વસ્તુસ્થિતિ. સમજાણું કાંઈ?

ભાઈ! ક્ષયોપશમભાવ હતો તો ક્ષાયિકભાવ થયો એમ પણ નથી. ઉદયભાવ હતો રાગ કષાયની મંદતા તો એને સમ્યગ્દર્શન થયું. શુભ હતો તો શુભને છોડીને શુદ્ધ થયો શુદ્ધ ઉપયોગ, એમ તો નથી, પણ પૂર્વે જે ક્ષયોપશમ જ્ઞાનની એ સમયની પર્યાય છે, પછી થયું ક્ષાયિક કેવળજ્ઞાન, તો કહે છે કે એ પૂર્વની પર્યાય એની આદિમાં હતી તો કેવળજ્ઞાન થયું એમ નહિ. એ મોક્ષનો માર્ગ જેને સાચો નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મોક્ષની પર્યાય થવામાં એની આદિ હતી તો મોક્ષપર્યાય થઈ એમ નથી. આહા..હા..! કેવળજ્ઞાનરૂપી મોક્ષની પર્યાયની આદિમાં ભગવાન છે, મધ્યમાં પણ એ અને અંતમાં પણ એ. આહા..હા..!

તે પરદ્રવ્યના પરિણામ. આહા..હા..! ગજબ વાત કરે છે! .. પ્રશ્ન થયો કે આ શું? પુદ્ગલના પરિણામ કેમ કહ્યા? એ વસ્તુ જ જુદી છે. ચૈતન્યના જ્યાં પરિણામ જાગ્યા ત્યારે એ પુદ્ગલના જ પરિણામ. આના નહિ એટલે એના. એ જાણવામાં આવે છતાં એ જીવનું કર્તવ્ય છે કે એ જીવના પરિણામની આદિમાં હતા માટે એ પરિણામ કર્તા અને અહીં વીતરાગી સમકિત તે કર્તવ્ય એમ નથી. કહો, સમજાણું કાંઈ? તે '**પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી,...**' ધર્મી જીવ વ્યવહારના, દયા, દાનના પરિણામને પકડતો નથી. આહા..હા..! કહો, પ્રેમચંદજી! ભારે વાતું આવી! આહા..હા..! શાસ્ત્રનું જ્ઞાન કર્યું એથી એને સમ્યગ્જ્ઞાનની પર્યાયમાં આદિ હતી તેથી થયું. (એમ નથી.) આહા..હા..! એય..! શાસ્ત્રથી નહિ, ગુરુથી નહિ, પણ એને પ્રગટેલું જ્ઞાન એનાથી એનું

સમ્યગ્જ્ઞાનનું વ્યાપ્ય નહિ. આહા..હા..! એ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રના વીતરાગી પરિણામ જેની આદિમાં પોતે ભગવાન હતો તો એ થયા અને જેની આદિમાં, રાગની આદિમાં ભગવાન આત્મા નથી માટે તેને પકડતો નથી. એ વ્યવહારને જ્ઞાની પકડતો નથી એમ કહે છે. એ વ્યવહાર સમકિતને રાગને જ્ઞાની પકડતો નથી, તેને પ્રાપ્ય મારું છે એમ માનતો નથી. આહા..હા..! અપૂર્વ વાત છે? નાથુલાલજી! છેને જુઓ. ગાથા આવી ગઈ છે એવી બધી તમારી હાજરીમાં. આહા..હા..! ભગવાન છેને અંદર. આહા..હા..! એવો ભગવાન ભગવાનની પર્યાયપણે પરિણમ્યો ત્યારે તે રાગના પરિણામને વ્યવહારને જાણે ખરો, પણ મારા તરીકે એ માનતો નથી. એ વ્યવહારના વિકલ્પમાં ભગવાન આત્મા સમકિતી ઉપજતો નથી. આહા..હા..! શું કહે છે આ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... આહા..હા..!

**'તેને ગ્રહતો નથી,...'** સમ્યગ્દૃષ્ટિ તિર્યંચ હો, પશુ હો, નારકી હો. આહા..હા..! નારકી અને પશુ એ કાંઈ સમકિતી નથી. આહા..હા..! એનો ભગવાન આત્મા એણે આત્માને પકડીને જે પર્યાય પ્રગટ કરી એ પર્યાયની આદિમાં, મધ્યમાં તો એ આત્માં ત્યાં છે. એ આત્મા હતો તો થયું છે. પૂર્વનું યાદ આવીને થયું છે એમ પણ નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એ સમ્યગ્દૃષ્ટિ જીવને નરકમાં પણ શુભ રાગાદિ, અશુભ રાગાદિ (થાય) એને એ પકડતો નથી, તેમાં એ ઉપજતો નથી, તેમાં એ પરિણમતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે વ્યવહારરત્નત્રયના પરિણામ એ કર્મચેતનાના પરિણામ છે. એ કર્મચેતનાના પરિણામને પુદ્ગલ પ્રાપ્ય, વિકાર્ય અને નિવર્ત્ય થઈને પહોંચી વળે છે. આહા..હા..! ભગવાન આત્મા એ પરદ્રવ્યના પરિણામમાં જાતો પણ નથી ત્યાં, અડતો પણ નથી, એ રૂપે પરિણમતો નથી, એ રૂપે ઉપજતો નથી. એને આત્મા કહીએ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

**'માટે, જોકે જ્ઞાની પોતાના પરિણામને જાણે છે...'** એ વાત થાય છેને અહીં તો. ઓલાને જાણે છતાં કર્તાકર્મ નથી એ તો ૭૬માં ગયું. અહીં ધર્મી જીવ પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી પરિણામને જાણે છે, જાણવાની ક્રિયા એની છે **'તો પણ, પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ,...'** એ વ્યવહારરત્નત્રયના દયા, દાન, ભક્તિના પરિણામરૂપી કાર્ય એ પ્રાપ્ય, વિકાર્ય અને નિવર્ત્ય એ વ્યાપ્યલક્ષણ પરદ્રવ્યના પરિણામ છે. આહા..હા..! એ પંચ મહાવ્રતના પરિણામ પરદ્રવ્યના પરિણામ. ગજબ વાત છે! આહા..હા..! એવા પરિણામને આત્મા પ્રાપ્ત થતો જ નથી.

**'તેને નહિ કરતા એવા...'** લ્યો! ત્યારે ઓલા કહે છે, એય..! પંચ મહાવ્રત કુંદકુંદાચાર્યે પાળ્યા. ફલાણા આમ કરે છે. અરે ભગવાન! તને ખબર નથી ભાઈ! મુનિપણું તો શુદ્ધ ઉપયોગ છે એ મુનિપણું છે. એ શુભભાવ એ મુનિપણું નથી. એ તો મુનિપણામાં ખામી-

દોષ છે. દોષ ટાળ્યો એ એણે પાળ્યું? આહા..હા..!

મુમુક્ષુ :-

ઉત્તર :- મિશ્ર નહિ એક જ ભાવ. જે પર્યાય નિર્મળ છે તે જીવનું કાર્ય. મલિન તે જીવનું નહિ. એક પર્યાયના બે ભાગ. સમજાણું કાંઈ? આહા..હા..! એક જ પર્યાય નિર્મળ જેટલી થઈ સ્વભાવની આદિમાં લઈને એ એનું કર્તવ્ય અને એ એનું પ્રાપ્ય વિકાર્ય, નિર્વર્ત્ય વ્યાપ્ય. જેટલો અંદર એ અશુદ્ધ પર્યાયનો બીજો ભાગ અંદર રહ્યો... આહા..હા.! આ તે કાંઈ વાત! એ બધા પુદ્‌ગલના પરિણામ. જેઠાલાલભાઈ! લોજિકથી તો વાત ચાલે છે ન્યાયથી. આ કાચરડી-મચરડીને માનવું એમ નથી. વસ્તુસ્થિતિ આવી છે. આમ છે. ભાવમાં ભાસન થાવું જોઈએને એને.

કહે છે, '**પોતાના પરિણામને જાણે છે તો પણ, પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ, તેને નહિ કરતા એવા તે જ્ઞાનીને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ નથી.**' લ્યો અહીં પાછું પુદ્‌ગલ લીધું. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પુદ્‌ગલ. ગજબ વાત છે જૈનદર્શનને સાંભળવો! એ '**પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ નથી.**' વ્યવહારરત્નત્રયના પરિણામ એ પુદ્‌ગલ. એની સાથે ભગવાન આત્માને કર્તા આત્મા અને તેનું કાર્ય એમ છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો સુદ ૫, ગુરુવાર, તા. ૧૨-૧૦-૧૯૭૨
## ગાથા-૭૭-૭૮, પ્રવચન-૧૮૯

૭૭નો ભાવાર્થ. કર્તાકર્મ અધિકાર.

'**ભાવાર્થ :- ૭૬મી ગાથામાં કહ્યું હતું તે અનુસાર અહીં પણ જાણવું.**' શું ત્યાં કહ્યું હતું? કે '**ત્યાં 'પુદ્‌ગલકર્મને જાણતો જ્ઞાની' એમ હતું...**' એટલે કે આ આત્મા અનાદિથી પોતાનું સ્વરૂપ સચ્ચિદાનંદ, નિર્મળાનંદ, સહજાનંદની મૂર્તિ હોવા છતાં તેને ભૂલીને

જે અંતરમાં શુભ-અશુભભાવ, વિકારીભાવપણે પરિણમે છે, કરે છે તે અજ્ઞાની વિકારનો કર્તા અને વિકાર એનું કાર્ય. એ પરિભ્રમણના બંધમાં આ. જ્યારે હવે ધર્મ થાય છે ધર્મ એટલે કે ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા પૂર્ણ અતીન્દ્રિય આનંદ અને પૂર્ણ અતીન્દ્રિય જ્ઞાનનો પુંજ છે એવી અંતર દૃષ્ટિ થતાં તે દ્રવ્યસ્વભાવ વિકારપણે ન પરિણમતા અવિકારપણે ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ?

અધ્યાત્મની મોટી વાત છેને એટલે એક સમયમાં એક જ વેદન અને એક જ કર્તા કહેવામાં આવે છે. નહિતર સ્વભાવ ચૈતન્ય શુદ્ધ આનંદ એવો આત્માનો સ્વભાવ એનું ભાન હોવા છતાં થોડું રાગનું પરિણમન છે પણ એ પરિણમન કર્મના વ્યાપ્યમાં નાખ્યું છે. સમજાણું કાંઈ? કેમકે વસ્તુ પોતે ચૈતન્ય આનંદનો કંદ છે. એનું પરિણમન વિકાર કેમ હોય? જ્યાં એની દૃષ્ટિ થઈ અને શુદ્ધ પૂર્ણ આનંદનો નાથ પોતે છે એમ સ્વીકારમાં જ્યાં અંતરમાં આવ્યું દૃષ્ટિમાં એ દ્રવ્ય તો પોતે વસ્તુ તો નિર્વિકારપણે પરિણમે. વિકારનું પરિણમન થોડું બાકી છે એનો એ સ્વામી નથી, પણ એનો એ જાણનાર છે કે આ છે. જાણનાર હોવા છતાં એને એ રાગના કાર્ય સાથે કર્તાકર્મ સંબંધ નથી. આવું કામ છે. આહા..હા..!

વસ્તુ પોતે આખી અખંડ અભેદ ચૈતન્યમૂર્તિ સર્વજ્ઞસ્વભાવી આત્મા (છે) એવું જે અંતરમાં અનુભવમાં, પ્રતીતમાં આવવું ત્યારે દૃષ્ટિ દ્રવ્ય ઉપર—વસ્તુ ઉપર જાય છે. એથી એની દૃષ્ટિ વિકાર અને એક સમયની પર્યાયથી ઉઠી જાય છે. એથી વસ્તુની દૃષ્ટિ અને અનુભવ થતાં, ધર્મી થતાં, એ ધર્મી નામ જ્ઞાની થતાં એને હવે રાગ જે બાકી રહ્યો એને એ જાણે. જાણવાના જ્ઞેય-જ્ઞાયકના સંબંધ પૂરતો ભાવ હો, પણ એથી એ રાગનો કર્તા અને રાગ એનું કાર્ય એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિ ધર્મી જીવ લડાઈમાં ઉભો દેખાય. છતાં એ લડાઈનો જે આસક્તિનો રાગ કે દ્વેષનો અંશ છે તેને આત્મા પ્રાપ્ત નથી કરતો. આહા..હા..! કેમકે જેને આત્મા દૃષ્ટિમાં આવ્યો એ આત્મા તો આનંદ અને શાંતિને પ્રાપ્ત કરે. કહો, જેઠાલાલભાઈ! ભારે આવું. એ અશાંતિના જે પરિણામ એ કર્મ પુદ્ગલ વ્યાપીને એનું એ વ્યાપ્ય (થયું). આના કમજોરીના પરિણામનું વ્યાપ્ય અવસ્થા પુદ્ગલની. પુદ્ગલનું એ વ્યાપ્ય છે. આહા..હા..! અધ્યાત્મમાં તો એક જ કર્તા અને બે કર્તાપણું એમ અહીં સિદ્ધ ન થાય. કે ભાઈ એ આત્મા નિર્મળ પરિણામનો પણ કર્તા અને રાગનો પણ કર્તા એવું એકમાં બે ન હોઈ શકે. સમજાણું કાંઈ?

૭૬માં પુદ્ગલકર્મને જાણતો જ્ઞાની કહ્યું હતું. '**તેને બદલે અહીં 'પોતાના પરિણામને જાણતો જ્ઞાની' એમ કહ્યું છે...**' ૭૭માં. ધર્મી આત્મા પોતાનો જે સ્વરૂપ સ્વભાવધર્મ ત્રિકાળ એની અંતરમાં દૃષ્ટિ થતાં ધર્મી એના પરિણામ આત્માના પરિણામ નિર્વિકારી તે એના પરિણામ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ એ ધર્મીના નિર્વિકારી પરિણામ પર્યાય, એ નિર્વિકારી

પરિણામને ધર્મી જાણતો હોવા છતાં, જાણવાનું કાર્ય તો કરે છે કહે છે, છતાં રાગનો કર્તા અને રાગ એનું કર્મ એમ છે નહિ. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! "**પોતાના પરિણામને જાણતો જ્ઞાની**'...' આહા..હા..! કેવી વાત સિદ્ધ કરી છે! પરિણામ છે, પર્યાય છે, દ્રવ્ય છે. આહા..હા..! એ વસ્તુ પરમાત્મસ્વરૂપી આત્મા એમ જ્યાં અંતર દૃષ્ટિમાં એના તરફના વલણવાળા અનુભવમાં જ્યાં આત્માનો સ્વીકાર થયો, એને સ્વીકાર થયો એ પરિણામ જ નિર્દોષ અને નિર્વિકારી છે. આહા..હા..!

મુમુક્ષુ :- એ તો મનને આશ્રિત હોયને.

ઉત્તર :- એય..! ગીરધરભાઈ! હવે એ ન માને. આત્માને આશ્રયે થાય. આહા..હા..! એ પ્રભુ પૂર્ણ સ્વરૂપ અખંડાનંદ, સચ્ચિદાનંદ છે. એની એણે અનંતકાળમાં નજરું કરી નથી. સમજાણું કાંઈ? એવો જે ભગવાન આત્મા પોતે જ ઈશ્વર પરમાત્મા ભગવાન સ્વરૂપે છે. સમજાણું કાંઈ? એની અંતરમાં દૃષ્ટિ જતા ઈશ્વરનો એને સાક્ષાત્કાર થાય છે. એને ઈશ્વર મળે છે. ઈશ્વર પોતે. જ્ઞાનની પર્યાય અને શ્રદ્ધાની પર્યાય એને દ્રવ્યનો ભેટો થાય છે. એથી હવે જ્ઞાનીને ધર્મના પરિણામ પ્રગટ થતાં જાણવાની ક્રિયા છે તો એ જાણવાની ક્રિયા થાય પોતાના પરિણામની. છતાં જોડે રાગાદિ હોય એનું પણ કાર્ય એનું અને કર્તા એ એમ છે નહિ. આહા..હા..! ભારે ઝીણી વાતું!

## ગાથા-૭૮

पुद्गलकर्मफलं जानतो जीवस्य सह पुद्गलेन कर्तृकर्मभावः किं भवति किं न भवतीति चेत् —

ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जाए।
णाणी जाणंतो वि हु पोग्गलकम्मप्फलमणंतं।।७८।।
नापि परिणमति न गृह्णात्युत्पद्यते न परद्रव्यपर्याये।
ज्ञानी जानन्नपि खलु पुद्गलकर्मफलमनन्तम्।।७८।।

यतो यं प्राप्यं विकार्यं निर्वर्त्यं च व्याप्यलक्षणं सुखदुःखादिरूपं पुद्गलकर्मफलं

कर्म पुद्गलद्रव्येण स्वयमन्तर्व्यापकेन भूत्वादिमध्यान्तेषु व्याप्य तद् गृह्णता तथा परिणमता तथोत्पद्यमानेन च क्रियमाणं जानन्नपि हि ज्ञानी स्वयमन्तर्व्यापको भूत्वा बहिःस्थस्य परद्रव्यस्य परिणामं मृत्तिकाकलशमिवादिमध्यान्तेषु व्याप्य न तं गृह्णाति न तथा परिणमति न तथोत्पद्यते च, ततः प्राप्यं विकार्यं निर्वर्त्यं च व्याप्यलक्षणं परद्रव्यपरिणामं कर्माकुर्वाणस्य, सुखदुःखादिरूपं पुद्गलकर्मफलं जानतोऽपि, ज्ञानिनः पुद्गलेन सह न कर्तृकर्मभावः।

હવે પૂછે છે કે પુદ્ગલકર્મના ફળને જાણતા એવા જીવને પુદ્ગલ સાથે કર્તાકર્મભાવ (કર્તાકર્મપણું) છે કે નથી? તેનો ઉત્તર કહે છે :-

પુદ્ગલકરમનું ફળ અનંતું જ્ઞાની જીવ જાણે ભલે,
પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૮.

ગાથાર્થઃ- [ज्ञानी] જ્ઞાની [पुद्गलकर्मफलम्] પુદ્ગલકર્મનું ફળ [अनन्तम्] કે જે અનંત છે તેને [जानन् अपि] જાણતો હોવા છતાં [खलु] પરમાર્થે [परद्रव्यपर्याये] પરદ્રવ્યના પર્યાયરૂપ [न अपि परिणमति] પરિણમતો નથી, [न गृह्णाति] તેને ગ્રહણ કરતો નથી અને [न उत्पद्यते] તે-રૂપે ઊપજતો નથી.

ટીકા :- પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું સુખદુઃખાદિરૂપ પુદ્ગલ-કર્મફળસ્વરૂપ જે કર્મ (કર્તાનું કાર્ય), તેનામાં પુદ્ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું, તે-રૂપે પરિણમતું અને તે-રૂપે ઊપજતું થકું, તે સુખદુઃખાદિરૂપ પુદ્ગલકર્મફળને કરે છે; આમ પુદ્ગલદ્રવ્ય વડે કરવામાં આવતું જે સુખદુઃખાદિરૂપ પુદ્ગલકર્મફળ તેને જ્ઞાની જાણતો હોવા છતાં, જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને ઘડાને ગ્રહે છે, ઘડારૂપે પરિણમે છે અને ઘડારૂપે ઊપજે છે તેમ, જ્ઞાની પોતે બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી, તે-રૂપે પરિણમતો નથી અને તે-રૂપે ઊપજતો નથી; માટે, જોકે જ્ઞાની સુખદુઃખાદિરૂપ પુદ્ગલકર્મના ફળને જાણે છે તોપણ, પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ, તેને નહિ કરતા એવા તે જ્ઞાનીને પુદ્ગલ સાથે કર્તાકર્મભાવ નથી.

ભાવાર્થ :- ૭૬ મી ગાથામાં કહ્યું હતું તે અનુસાર અહીં પણ જાણવું ત્યાં 'પુદ્ગલકર્મને જાણતો જ્ઞાની' એમ હતું તેને બદલે અહીં 'પુદ્ગલકર્મના ફળને જાણતો જ્ઞાની' એમ કહ્યું છે-એટલું વિશેષ છે.

## ગાથા-૭૮ ઉપર પ્રવચન

'હવે પૂછે છે...' હવે ત્રીજો બોલ. '**કે પુદ્‌ગલકર્મના ફળને જાણતા એવા જીવને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ (કતાકર્મપણું) છે કે નથી?**' શું પૂછ્યું શિષ્યે? કે ધર્મી એવો જે આત્મા એનું જેને ધર્મની દશામાં ભાન થયું એવો જે ધર્મી એને કર્મના નિમિત્તમાં એને હરખ-શોકના પરિણામ થાય, હરખ-શોકના ભાવ થાય એને એ જ્ઞાની જાણે. સુખ-દુઃખની કલ્પનાના ભાવને જ્ઞાની જાણે. જાણવા છતાં સુખ-દુઃખના ભાવ કાર્ય મારું, હું કર્તા અને એનું વેદન એને નથી. આહા..હા..! ભારે આકરી વાત જગતને.

એણે કોઈ દિ' નિજઘરમાં જોયું નથીને. મહાપ્રભુ ચૈતન્ય છે. અરે..! રાંક થઈને રખડે છે ચોર્યાસીના અવતારમાં. પ્રભુ થઈને, પામર થઈને, પ્રભુ થઈને (પ્રભુ હોવા છતાં) પામર થઈને પરિભ્રમણ કરે છે. સમજાણું કાંઈ? એવો જે ભગવાન આત્મા કહે છે કે જ્યાં સુધી ભાન નહોતું ત્યાં સુધી તો એ હરખ-શોકને ભોગવતો હતો. શરીરને અને પરને નહિ. એ સુખ-દુઃખની કલ્પનાના ભાવ વિકારી એને એ વેદતો હતો. વેદતા એ એનું વેદવું અને એનો વેદનાર આત્મા એમ માનતો હતો. પણ ધર્મનું ભાન થતાં હું તો પ્રભુ આત્મા પૂર્ણ જ્ઞાનસ્વરૂપી (છું) એમ ભાન થયું). આહા..હા..! જુઓને સર્વજ્ઞના વાંધા કાઢે. સમજાય છે? સર્વજ્ઞની પર્યાયના વાંધા ઉઠ્યા. એનો અર્થ કે સર્વજ્ઞ સ્વભાવી આત્માના જ વાંધા કાઢ્યા. આહા..હા..! એવી જાગતી જ્યોત સર્વજ્ઞસ્વભાવથી ભરેલી ચીજ એનું જ્યાં ભાન થયું ત્યાં બધો નિકાલ થયો. સમજાણું કાંઈ? પછી આ વ્યવહાર હતો એટલે નિશ્ચય થયો, નિમિત્ત હતું ને ઉપાદાન થયું ને, આ ક્રમબદ્ધ નહિ અને અક્રમબદ્ધ થાય બધાનો નિવેડો એમાં આવી ગયો છે. પાટણીજી! આહા..હા..!

ભગવાન આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપી પ્રભુ એનું અંતર્મુખમાં જ્યાં ભાન થયું ત્યારે તો એને અતીન્દ્રિય આનંદસ્વરૂપ પરમાત્મા પોતે, તે અતીન્દ્રિય આનંદનું જ વેદન છે. અને અતીન્દ્રિય આનંદનું કાર્ય અને એનો આત્મા કર્તા. અથવા અતીન્દ્રિય આનંદ એનું ફળ. આનંદનું ફળ આનંદ એને એ ભોગવે છે. એને ભોગવતા છતાં અથવા સુખ-દુઃખના પરિણામ થાય તેને ભિન્ન રહીને પોતાના અસ્તિત્વમાં રહીને જાણતો છતાં એની સાથે કર્તાકર્મ સંબંધ છે નહિ. કહો, સમજાય છે કાંઈ?

'**પૂછે છે કે પુદ્‌ગલકર્મના ફળને...**' એટલે હરખ-શોકના ભાવને. કહો, આ પૈસા મળ્યા

અને હરખ આવ્યો એની અંદર, ગયા અને શોક થયો જરી અરે! આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! પૈસા આવ્યા અને હરખ આવ્યો. કહે છે કે દુઃખ આવ્યું. દુઃખ આવ્યું અને રાજી થાય એ અજ્ઞાની કર્મફળને ભોગવનારો છે. સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ અલૌકિક છે. કોઈ સાધારણ રીતે તે સમજાય અને પકડાય જાય એવી ચીજ નથી. અનંતકાળના અજાણ્યા પંથને છોડીને જ્ઞાનીનો પંથ પકડવો. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે એ '**પુદ્‌ગલકર્મના ફળને જાણતા...**' પોતાનું સ્વરૂપ જ જ્ઞાન આનંદ સ્વરૂપ છે એવું જ્યાં ભાન થયું એથી પછી રાગ અને પુણ્ય-પાપ, હરખ-શોકના ભાવ (એનો) એ તો જ્ઞાતા-દૃષ્ટા છે એથી પુદ્‌ગલકર્મના ફળને જાણે. જાણવા છતાં એ સુખ-દુઃખની કલ્પનાના કાર્યને આત્મા કરે અને એનો કર્તા એમ નથી. '**તેનો ઉત્તર કહે છે :-**' છે કે નહિ એમ પૂછ્યું છે.

**ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जाए।**
**णाणी जाणंतो वि हु पोग्गलकम्मप्फलमणंतं।।७८।।**

'**हु**' નો અર્થ '**खलु**' કર્યો છેને? પછી ક્યાંક નિશ્ચય કર્યો છે, ક્યાંક પરમાર્થ કર્યો છે '**खलु**'નો અર્થ. અહીં પરમાર્થે કર્યું છે. ઓલામાં નિશ્ચય કર્યો હતો ૭૭માં. '**खलु**' એ તો નિશ્ચય કહો, પરમાર્થે કહો.

**ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जाए।**

આહા..હા..! ગજબ વાત કરી છેને જુઓને. હરખ-શોકના પરિણામ પરદ્રવ્યની પર્યાય. ગીરધરભાઈ! હરખ-શોકની વૃત્તિ ઉઠે એ સ્વદ્રવ્યનું કાર્ય નહિ અને સ્વદ્રવ્યનું એ પરિણામ નહિ. કહો, ચીમનભાઈ! કેવું ત્યાં મુંબઈમાં ધડાકા બોલે. પૈસા આવે ચુનાના-ફલાણા. ચુનાનું છે? ચુનાનું કર્યું છે. આમ ગુણ ખપે, આજ ૨૦૦-૫૦૦ રૂપિયા આવ્યા. ગણતરી તો ગણેને વાણિયા પહેલા. આજ આટલું ખપ્યું એમાં લગભગ અઢાર આના થયા લાગે છે. પાંચ આનાનો માલ ખપ્યો, ચાર આના ખપ્યો. મોહનભાઈ! આહા..હા..! એ જ્યાં હરખ આવ્યો કહે છે. એ હરખને વેદનારો એકાંત અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે, મૂઢ છે. એને આનંદસ્વરૂપ પ્રભુ આત્મા એવા આનંદથી ઉલટા ભાવને વેદવો એ તો અજ્ઞાની છે. આહા..હા..! અરે!

ભગવાન આત્મા અનાદિ નિત્યાનંદ પ્રભુ એવી જ્યાં અંતર દૃષ્ટિ અને ધર્મમાં ધર્મી સમજાઈ ગયો, પર્યાયમાં ધર્મી એવો દ્રવ્ય જ્યાં પકડાઈ ગયું અંદરમાં. કહે છે, એને...

**પુદ્‌ગલકરમનું ફળ અનંતું જ્ઞાની જીવ જાણે ભલે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૮.**

આહા..હા..! અનંત-અનંત રાગાદિમાં હરખ. આહા..હા..! પરદ્રવ્યમાં એ રાગાદિ હરખ-શોકમાં પરિણમે તે મિથ્યાદૃષ્ટિ, અહીં તો એટલું છે. આહા..હા..! બીજું ભલે બધું છોડીને

બેઠો હોય ત્યાગી થઈને.

મુમુક્ષુ :- ઈન્દ્ર ભગવાનને એક હજાર નેત્ર કરીને જોવે છે.

ઉત્તર :- એ બધો વિકલ્પ અને એના એ જાણનાર છે. ઘુઘરા બાંધીને નાચે ભગવાન જન્મે ત્યારે મા-બાપને ભેગા કરીને. શું કીધું? પગે બાંધે ઘુઘરા. એકાવતારી (છે), એક જ મનુષ્યનો દેહ છે શક્રેન્દ્રને. આ છેલ્લો દેહ તો હવે દેવનો થઈ ગયો. ભગવાનનો જન્મ થાય તીર્થંકરનો, માતા-પિતા-કુટુંબી ભેગા થાય, ઈન્દ્રો આવીને ત્યાં નાચે. શું કહેવાય છે એને? તાંડવ નૃત્ય, તાંડવ નૃત્ય. આહા..હા..! આમ હાથ કરે અને પગ કરે. કહે છે કે એ દેહની ક્રિયાને એ જાણે અને અંદર રાગ થાય એને પણ જાણે, એનો કર્તા નહિ. આહા..હા..! પક્કડ પક્કડમેં ફેર હૈ. મીંદડી મોઢે ઉંદર પકડે અને મોઢે પકડે એનું બચ્ચુ. પક્કડ તો આમ લાગે દેખાય. બહુ ફેર પણ. એમ અજ્ઞાની રાગના અને હરખના પરિણામને કરે અને ભોગવે અને જ્ઞાનીને રાગ અને હરખના પરિણામ આવે એને એ જાણે, પકડે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

એની ટીકા. કહે છે કે જે ક્ષણે એને હરખ અને શોકના પરિણામ આવવાના હોય છે તે ક્ષણે એને આવે. એ એનું પ્રાપ્ય છે. પણ એ પુદ્‌ગલનું પ્રાપ્ય છે. આહા..હા..! એ 'પ્રાપ્ય...' સુખ-દુઃખની કલ્પના. સમજાણું કાંઈ? ભરત ચક્રવર્તીને દીકરો પહેલો થયો. શું કીધું નામ? અર્કકીર્તિ. ગામમાં આખા દેશમાં ઢંઢેરો પીટીને મોટો મહોત્સવ (કરે છે). કહે છે કે એ હરખના પરિણામ આવ્યા એ પુદ્‌ગલને લઈને આવ્યા છે, આત્માને લઈને નહિ.

મુમુક્ષુ :- હુકમ પુદ્‌ગલે કર્યો?

ઉત્તર :- હુકમ તો વાણી છે, એ તો પુદ્‌ગલે જ કર્યું. આ તો અંદરમાં આવ્યું. સમજાણું કાંઈ? આહા..હા..! એકવાર મરુદેવી માતા આવ્યા હતા લશ્કરમાં. ઘણા વખત થઈ ગયેલાને એને એમ થયું કે ભરત બહુ વખત થઈ ગયો બહાર. લાવને હું જાવ. વગર પૂછે આવ્યા વિમાનમાં. આવીને જ્યાં લશ્કર મોટું. માતા! માતા! આવ્યા. ત્યાં ખળભળાટ લશ્કરમાં. છે શું આ? છે શું આ ભરતને? એક હજાર દેવ સેવા કરે, તરવાર હાથમાં લઈ, કોણ દુશ્મન જાગ્યો છે? આ ખળભળાટ શું થઈ ગયો? હાથમાં આમ લઈ ... રાડ નાખી ગયું આખું લશ્કર આદિ કે શું છે આ? શું છે આ ખળભળાટ? ભાઈ! માતાજી આવ્યા છે. અયોધ્યાથી માતાજી આવ્યા છે. એના હરખ છે આ લશ્કરને. એમાં એણે તલવાર કાઢી હતી હોં!

અહીંયાં એમ થયું હતું. આ દરબારનો દીકરો મરી ગયોને જ્યારે. કેશુભાઈના ભાઈ. કેશુભાઈ દરબાર એ તલવાર રાખે છેને ઘરે. મારી નાખ્યો. શું કહેવાય ઈ? ટંડેલીમાં. મારી નાખ્યો. અને જ્યાં ખબર પડી કે આ તલવાર હાથમાં? એકદમ તલવાર કાઢીને આમ આમ કરવા માંડ્યા. મગજ ફરી ગયું હતું. દીકરો એકનો એક એને મારી નાખ્યો. એના ગરાસિયાના દીકરાને

મારી નાખ્યો. આમ સામે તલવાર કાઢી આમ આમ કરવા માંડ્યો. કોણ છે? કોણ છે? એકદમ જોમ આવ્યું. એની એ ક્રિયા અને આ ક્રિયા લ્યો! આ પણ તલવાર લઈને એકદમ ફર્યા. પણ ધર્મી જીવ એ પરિણામનો જાણનાર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**પ્રાપ્ય,...**' એટલે કે ધર્મી જીવને જે એના ક્ષેત્રાવગાહમાં હરખ-શોકના ભાવ થાય તેને કર્મે પ્રાપ્ત કર્યું છે, કર્મે એને પ્રાપ્ત કર્યું છે. ધર્મીએ એને પ્રાપ્ત કર્યું છે એમ છે નહિ. આહા..હા..! '**પ્રાપ્ય, વિકાર્ય,...**' એ હરખ-શોકના પરિણામ પહેલી પર્યાયથી બદલીને થયા. એ કર્મને લઈને, પુદ્‌ગલને લઈને થયું, આત્માને લઈને નહિ. આહા..હા..! '**અને નિર્વર્ત્ય...**' નીપજ્યું. હરખ-શોક નીપજ્યો. આહા..હા..! ભગવાન જ્યારે મોક્ષ પધારે છે અષ્ટાપદ પર્વત ઉપર. ભરત ચક્રવર્તી જાય છે. અને આમ જ્યાં જોવે છે કલેવર આદિને, આંસુની ધારા. ત્રણ જ્ઞાન, સમ્યગ્દૃષ્ટિ (છે). આહા..! ભરતક્ષેત્રમાં આજનો ચૈતન્યસૂર્ય અસ્ત થઈ ગયો. પણ એ પરિણામને વખતે પણ એ પરિણામનો જાણનાર છે. ભારે કામ આકરું! ભાઈ! એની અંતરની ગતિ, ધર્મીની અંતરની ગતિ અંતરવાળા જાણે. બહારના કામ નહિ જગતના. ઉપરટપકે જોતા હોય એના કામ નથી. આહા..હા..! ઈન્દ્ર એમ કહે, અરે ભરત! કેમ આ (આંસુ)? તમે ચરમ શરીરી છો. અમારે તો એક હજી મનુષ્યનો દેહ ધારણ કરવાનો છે. ઈન્દ્ર એમ કહે. એ વખતે ઉપરથી ઈન્દ્ર ઉતરે. અમારે તો એક દેહ ધારણ કરવાનો છે. તારે તો આ દેહ છેલ્લો છે. ઈન્દ્ર! ખબર છે. બધી ખબર છે, પણ આ વિરહમાં એવો શોક આવ્યા વિના રહેતો નથી. પણ એ શોકનો એ જાણનાર છે. આહા..હા..! અરે..! આ તે માપ કઈ જાતના! આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું...**' વ્યાપ્ય એટલે પર્યાય. અવસ્થાના લક્ષણવાળું '**સુખદુઃખાદિરૂપ...**' રતિ, અરતિ, સુખ, દુઃખ, કલ્પના, શોક, દિલગીર, હરખ એવી વૃત્તિઓ જે ઉઠે. આહા..હા..! છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો દેખાય અને એનો રતિનો સુખનો વિકલ્પ ઉઠે એને. આહા..હા..! કહે છે કે એ કર્મ એને પહોંચી વળ્યું છે. ભગવાન આત્મા તો એનો જાણનાર છે. સમજાણું કાંઈ? એ '**સુખદુઃખાદિરૂપ...**' આદિ શબ્દે રતિ, અરતિ, દિલગીર આદિ. '**રૂપ પુદ્‌ગલ-કર્મફળસ્વરૂપ...**' એ બધું પુદ્‌ગલકર્મફળ સ્વરૂપ. ભગવાન આનંદમૂર્તિ એનું ફળ આ ક્યાં હોય? સમજાણું કાંઈ? પ્રભુ તો આત્મા સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ સ્વરૂપ છે એમ જ્યાં અંતર ભાન થયા તેને આ કર્મ ફળ એનું ક્યાંથી હોય? એ ખેતરે સુખ-દુઃખની કલ્પના પાકે એ ખેતર જ નહિ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ છે એવું જ્યાં ભાન થયું ત્યાં એ ક્ષેત્રે અને કાળે તો ત્યાં આનંદ પાકે. આહા..હા..! એ આનંદની પર્યાયને વેદે કર્મ તરીકે અને એનો કર્તા આત્મા ખરો, પણ સુખ-દુઃખની કલ્પનાનો કર્તા અને એ વેદે એવું ધર્મીની દૃષ્ટિમાં

નથી, એના દ્રવ્યમાં નથી, એની વર્તમાન પરિણતિમાં એ નથી. કહો, ભીખાભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- શ્રદ્ધા અપેક્ષાએ નથી કે ચારિત્ર અપેક્ષાએ નથી?

ઉત્તર :- બિલકુલ કોઈ અપેક્ષાએ નથી. ... ચારિત્રનો દોષ છે એ ક્યાં આત્માનો સ્વભાવ છે. આનંદની મૂર્તિ એકલો પ્રભુ સહજાનંદ સ્વરૂપી આત્મા એને જ્યાં અનુભવમાં આવ્યો, હવે એ ચારિત્રના દોષો રાગાદિ-ફાગાદિ પુદ્ગલકર્મના ફળ છે. મારે ખેતરે અને મારે ભાવે પાક્યા એમ એ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સુખદુઃખાદિરૂપ પુદ્ગલ-કર્મફળસ્વરૂપ જે કર્મ...**' જોયું! અહીં તો કર્મ લેવું છેને, ભાઈ! એ કર્તાનું કાર્ય. પુદ્ગલ કર્મ એ કર્તા, એનું એ કાર્ય. હરખ-શોકના ભાવ પુદ્ગલકર્મનો કર્તા પુદ્ગલ અને એનું એ હરખ-શોક કાર્ય. ધર્મી જીવનું નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

છ ખંડને સાધીને ભરત આવે છે. ચક્ર પેસતું નથી અંદરમાં. હેં બા! શું છે આ? સાહેબ! આપના કુળમાં જ એક છે બાહુબલી એ તમને નમતો નથી. માટે ચક્ર પેસતું નથી. હુકમ કર્યો કે જાવ એની પાસે. પહેલી નમ્રતાથી વાત કરજો. મોટા ભાઈ ચક્રવર્તી છે તમારે નમવું જોઈએ, આવવું જોઈએ તમારે હોં! એના હરખમાં ભાગ લેવો જોઈએ. તમે ન આવો એ ઠીક ન ગણાય. એમ કરીને વાતું કરજે, પણ જો એમ ન માને તો કહેજે કે લડાઈમાં તૈયાર થા. આહા..હા..! પછી આમ કહેજે ત્યાં ઉભો રહીને એના રાજમાં એની પાસે જઈને. સાહેબ! હું તો એક નોકર છું હોં! નોકર. મારા રાજનો છે એ હુકમ કહું છું. જ્યારે ઓલો ન માને એટલે તિરસ્કાર કરે. નોકર તિરસ્કાર કરે બાહુબલીને. મારે લાત અંદર ઓલા પાટને મારા ભગવાનનો હુકમ છે. લડાઈ કરવા ઉભા થાવ. ચાલો લડાઈ કરવા. એમ નહિ રહી શકાય. ચક્રવર્તી છે. અરે... આ? વળી કહે, એ કર્મફળનું ફળ આત્મા જાણનાર છે. એય..! નાથુલાલજી! આહા..હા..! અજ્ઞાનીના ગજા નથી એના માપ લે. સમજાણું કાંઈ? જ્ઞાનીના ગજ એના માપ જ જુદી જાતના છે. ઓહો..હો..! આવું છતાં, લડાઈ થઈ છતાં એ કહે છે કે એ રાગ અને જીતવાનો હરખ આવ્યો એ એનું એ કર્મફળ છે. એ કર્મ પુદ્ગલનું કર્મ છે. ભગવાન આત્મા તો અતીન્દ્રિય આનંદનો નાથ જ્યાં દૃષ્ટિએ દ્રવ્યમાં પડ્યો છે. સમજાણું કાંઈ? એના સ્વીકારમાં તો આનંદ અને જ્ઞાનના પરિણામ પ્રગટ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જગત તો હજી વાંધા બહારના કાઢે. આહા..હા..! દયા, દાનના વ્યવહાર કરે તો નિશ્ચય થાય, બધું બાયડી-છોકરા છોડે તો સમકિત થાય. કોઈક વળી કહે કે સાધુપણું બહારમાં પૂર્ણ સ્વીકારે ત્યારે નિર્વિકલ્પ સમકિત થાય વળી એમ કોઈક કહે. આહા..હા..! સમજાણું કાંઈ? અરેરે! પણ સમકિત થાય એટલે શું? જેવો છે એવો અનુભવમાં આવ્યો એનું નામ સમકિત. હવે એ ત્યાં બહારનો ત્યાગ જ થાય તો હોય (એમ ક્યાં છે?) સમજાણું કાંઈ? અંદરમાં

એક વિકલ્પ અને પર્યાયના અંશને પણ જ્યાં પોતાનો સ્વીકારતો નથી. આટલો જ્યાં દૃષ્ટિમાં ત્યાગ થયો એ ત્યાગની કોઈ કિંમત નહિ. આહા..હા..! આ બાયડી છોડી, છોકરા છોડ્યા, ધંધો છોડ્યો માટે ત્યાગી થયો. ધૂળેય નથી થયો સાંભળને. ધર્મનો ત્યાગી છે એ. આહા..હા..! પૂર્ણાનંદનો નાથ પ્રભુ ચૈતન્યમૂર્તિ સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો હોં! એના અંતરમાં સમ્યગ્દર્શનમાં જ્યાં ભેટા થયા, હવે એને ખામી શું રહી? કહે છે. ખામીમાં રાગાદિ થાય એ પોતાનું કાર્ય નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

તે '(કર્તાનું કાર્ય), **તેનામાં પુદ્‌ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને,...**' આહા..હા..! અધ્યાત્મમાં તો બે ભાગ જ છે. થોડો હરખ-શોક ભોગવે અને થોડોક આનંદ ભોગવે એમ બે અહીં નહિ. સમજાણું કાંઈ? થોડું નિર્વિકારી પરિણામને પણ કરે અને કાંઈક વિકારી કર્મચેતનાને કરે એવું એકદમ અભેદ દૃષ્ટિના વિષયની અંદર એ ભેદ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! આવો ધર્મ. એવો એ ભગવાન જ પોતે છે. આહા..હા..! એને પામરમાં ખતવી નાખ્યો છે એણે. જરીક કાંઈક અનુકૂળતા માન મળે ત્યાં રાજી-રાજી. જરીક પ્રતિકૂળતા થાય તો દુભાઈ જાય. આ..આ.. રોટલા ભાવ્યા નહિ, આજ મારું અપમાન કર્યું. એય..! જેઠાભાઈ! એમાં અમલદાર હોય જરીક કાંઈક. એમાં જો અપમાન કર્યું હોય આહા..હા..! શું છે પણ તને આ? શેના માન અપમાન? 'લહી ભવ્યતા મોટું માન, કોણ અભવ્ય ત્રિભુવન અપમાન.' જ્યાં અંતર દૃષ્ટિમાં આત્મા આવ્યો અને પરમેશ્વરે સ્વીકાર્યો કે ઓહો! આ ભવ્ય જીવ અને એ સમકિતી છે. હવે તારે કોનું માન જોવે છે? સમજાણું કાંઈ? આહા..હા..! 'કોણ અભવ્ય ત્રિભુવન અપમાન?' ભગવાનના મુખે નીકળ્યું કે આ પાત્ર જીવ નથી એ અભવ્ય જેવો છે. આહા..હા..! ભલે એ સાધુ થયો હોય નગ્ન મુનિ અઠ્યાવીશ મૂળગુણ પાળતો હોય. સમજાણું કાંઈ? 'કોણ અભવ્ય ત્રિભુવન અપમાન?' હવે ત્રણ લોકમાં કોનું તારે અપમાન જોવે છે? આહા..હા..!

કહે છે કે જ્યાં પરમાત્માનો લઘુનંદન થયો એને જે કાંઈ હરખ-શોક થાય, એને થાય એમ નહિ. આહા..હા..! એ કર્મને લઈને કર્મમાં થાય છે. બાપુ! આખા વિકલ્પથી માંડીને આખી દુનિયાથી જ્યાં અંતર ઉદાસ થયો છે. સમજાય છે કાંઈ? એક વિકલ્પથી માંડીને આખી દુનિયાથી ઉદાસ છે અને પૂર્ણાનંદ જેની શક્તિ એક એક એવા પૂર્ણનો જેને સ્વીકાર છે. આવા અસ્તિનો સ્વીકાર છે અને આખા વિકલ્પથી માંડીને નાસ્તિ છે એમાં, ઉદાસ છે. એની શું વાત કરવી? સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ! આહા..હા..!

'**તેનામાં પુદ્‌ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને,...**' ભાષા તો જુઓ! હરખ-શોક થયો એની આદિમાં આત્મા ખરો? ધર્મીનો આત્મા એની આદિમાં ખરો? જેની દૃષ્ટિ રાગ ઉપર અને હરખ-શોક ઉપર હતી એની આદિમાં એની પર્યાય એની આદિમાં અજ્ઞાનીની. સમજાણું

કાંઈ? કહે છે કે **'આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું,...'** એ કર્મનો પુદ્ગલ ભાગ જરી પાક આવીને ખરવાને તૈયાર થયો એ એનું પ્રાપ્ય—પુદ્ગલનું પ્રાપ્ય. એની આદિમાં પુદ્ગલ છે. આહા..હા..! પ્રભુ નિર્વિકારી આનંદનો નાથ એની આદિમાં કેમ હોય? સમજાણું કાંઈ?

પણ પોતે આવડો છે એના માહાત્મ્યની ખબર નથી. જ્યાં અનંતા-અનંતા પરમાત્મા તારી પર્યાયમાં ગર્ભમાં પડ્યા છે. આહા..હા..! એક ઈશ્વર નહિ, અનંત ઈશ્વરનો ધણી તું. આહા..! એવી જ્યાં અંતરમાં દૃષ્ટિ થઈ, હવે હરખ-શોકના પ્રાપ્ય-વિકાર્ય-નિવર્ત્યમાં, આદિ-મધ્ય અને અંતમાં પુદ્ગલ છે, ભગવાન એની આદિમાં નહિ. આહા..હા..! ધર્મી જીવનો આત્મા એ હરખ-શોકની આદિમાં નહિ. ધર્મી જીવનો આત્મા એના મધ્યમાં અને અંતમાં નહિ. એની આદિ-મધ્ય-અંતમાં તો એ પુદ્ગલ કર્મ છે. બે વાત વહેંચાઈ ગઈ આમ. સમજાણું કાંઈ?

**'તેનામાં પુદ્ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને,...'** એ કર્મ પોતે પ્રસરીને, વિસ્તરીને, ફળીને, ફાલીને. ફાલ આવ્યો એનો. એ કર્મનો ફાલ છે. કોને પણ? કે જેને એનાથી રુચિ, દૃષ્ટિ હઠી ગઈ છે અને મહાપ્રભુની દૃષ્ટિ જેને થઈ છે એને. આહા..હા..! રાંકાની દૃષ્ટિ છૂટી ગઈ અને પ્રભુની દૃષ્ટિ થઈ છે એને. એવા પરમપ્રભુ આત્મા... એ વાતે વળે એવું નથી. આહા..હા..! એ નિઃસંદેહ જ્યાં અંદર આત્માના આનંદનું ભાન થયું કે આ જ આત્મા. એ અંતર્વ્યાપકની **'આદિ-મધ્ય-અંતમાં...'** તો એ પુદ્ગલ જ તેને ગ્રહે છે. એ હરખ-શોકના પરિણામને કર્મ પકડે છે. ભગવાન આત્મા ધર્મી એને પકડતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તે-રૂપે પરિણમતું...'** કોણ? ઓલું કર્મપુદ્ગલ. તે બદલીને દશા પહેલી નહોતી અને હરખ-શોકની થઈ એ પુદ્ગલ પોતે એ રીતે થયું છે. ભગવાન આત્મા એ રીતે કેમ થાય? જેનામાં જે નથી એ રૂપે એ કેમ થાય? સમજાણું કાંઈ? આહા..હા..! રાગનો કણ પ્રશસ્ત કે એનું બંધન અને એનું ફળ એમાં ક્યાંય અધિકપણું, હરખપણું ભાસે ત્યાં તો એ કર્મનું ફળ નથી, એ તો જીવનું વિકારી ફળ છે. કારણ કે જીવ એવો એણે માન્યો છે. આહા..હા..! ભારે વાત ભાઈ ધર્મની આવી વાત હશે? બાપુ! ધર્મના મોઢા મોટા છે, ભાઈ! અને એના ફળ પણ મોટા છે. આહા..હા..! એ હરખ-શોકના ભાવમાં... આહા..હા..!

સવારે ગાદીએ બેસવું છે રામચંદ્રજીને. પિતાજીનો હુકમ થયો કે વનવાસ જાવ. સમ્યગ્દૃષ્ટિ, અનુભવી જ્ઞાની હતા. અમારે તો રાજ અને વન બેય એકસરખા છે. આહા..હા..! એય..! પુરુષોત્તમ પુરુષ આત્માના આનંદમાં રહેનારા. હુકમ થયો પિતાજીનો, ભાઈ! તારી માતાએ આજ્ઞા માગી હતી એક ફેરી અને મેં વચન આપ્યું છે. એમણે આ વચન માંગ્યું છે. મારા

દીકરાને રાજ (આપો). તથાસ્તુ. આહા..હા..! એય..! એ જોષી કેવો હશે ભાઈ! જોષી એનામાં વિશ્વાસ રાખે છેને. શેનો જોષી? કોણ રામચંદ્ર? કોણ લક્ષ્મણજી કોણ? એનો જોષી જૂઠો પડ્યો. આહા..હા..! એ ત્રણ જણા આમ ચાલી નીકળે છે જ્યારે સરયુ નદીને કાંઠે વહાણમાં બેસીને આમ જાય છે. પ્રજા લાખો ભેગી ઉભી થઈ. અમારો અન્નદાતા ચાલ્યો જાય છે. વનમાં જાય છે. રોવે માણસો રોવે. ભરતને ગાદી મળી એ ભરત રોવે. પ્રભુ! આપની વિના હું નહી રહી શકું. ભાઈ! પિતાજીની આજ્ઞા છે. 'રઘુકુળ રીતિ ઐસી રે ચલી આયી, પ્રાણ જાય પણ વચન ન જાયે.' ભાઈ! તું લે આ. મારે સ્થાને તું અહીં છો. રોવે... રોવે... રોવે... .. આ બધા વિકલ્પના ઠાઠ તો જુઓ! આહા..હા..! એ હરખ-શોકના પરિણામને ધર્મી જાણે છે. આહા..હા..! આ તે કયે ગજે એના માપ કરવા? સમજાણું કાંઈ?

જેમ અહીંયાં રાજના ખમ્મા-ખમ્મા અન્નદાતા! સાટા ઉંચા ઘીમાં તળીને પડતા હોય થાળીમાં એ વનવાસમાં ચાલ્યા. ત્યાં શું મળશે? ક્યાં મળશે જંગલમાં? કાંઈ ન મળે. સમજાણું કાંઈ? આનંદમાં છીએ અમે આનંદમાં. આ વસ્તુની સ્થિતિ છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે કે એ હરખ-શોકના પરિણામને પુદ્ગલ વ્યાપે છે. આહા..હા..! ભગવાન એને અડતો પણ નથી. એય..! આહા..હા..! આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એવું જ્યાં ભાન થયું છે એ આ હરખ-શોકને અડતો પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ આ એક ધર્મના સ્વરૂપ! આ કાંઈ કાયરના કામ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

તેની **'આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું,...'** ઓહો..હો..! તો તો કરણાનુયોગમાં કહે છે, પુદ્ગલને લઈને વિકાર થાય છે એમ કહે છે. એની તમે ના પાડો પાછા. ગોમ્મટસારમાં એમ કહે છે. ચારિત્રમોહને લઈને વિકાર થાય. અહીંયાં પણ એમ કહે છે. પણ કઈ અપેક્ષા? સાંભળ તો ખરો. અહીંયાં તો દૃષ્ટિમાં દોલત જ્યાં દેખી, મહા નિધાન પ્રભુ પરમાત્મસ્વરૂપ. ઓહો..હો..! એની દોલત અને એના નિધાનની શું વાત કરવી? એવા નિધાન જ્યાં નજરે પડ્યા અને પ્રતીત અને અનુભવમાં આવ્યું, હવે કહે છે કે એ રાગ અને હરખના પરિણામની કિંમત કાંઈ રહી નહિ. આહા..હા..! અજ્ઞાની તો ક્ષણે ને પળે જરી અનુકૂળતાના હરખમાં વેદાઈ જાય, પ્રતિકૂળતાના શોકમાં વેદાઈ જાય. આખો જાય આખો. આહા..હા..!

મુમુક્ષુ :- આખો વેચાઈ જાય.

ઉત્તર :- બાકી કાંઈ ન રહે એને. અહીં જ્ઞાનીને રાગાદિ-હરખનો ભાવ (થાય એમાં) આદિ-મધ્ય-અંતમાં પુદ્ગલ પરિણમે કહે છે. આહા..હા..!

**'આમ પુદ્ગલદ્રવ્ય વડે કરવામાં આવતું જે સુખદુઃખાદિરૂપ પુદ્ગલકર્મફળ તેને જ્ઞાની જાણતો હોવા છતાં,...'** ધર્મી જાણે કે આ એક પ્રકારનો વિકલ્પ અને હરખ આવ્યો, શોક થયો. આહા..હા..! છન્નું હજાર સ્ત્રીના ભોગમાં ઉભો, એ રાગ આવ્યો અને હરખ આવ્યો

એને જ્ઞાની જાણે. આહા..હા..! એ નથી અડતો શરીરને, નથી અડતો એ હરખને. સમજાણું કાંઈ? આહા..હા..! આવા અજર પ્યાલા છે. બાપુ! ધર્મ કોઈ આવી સાધારણ વાત નથી.

એક કોર પર્યાયના અંશથી માંડીને આખા જગતથી ઉદાસ અને એક કોર મહાપ્રભુ તે કેવડો મોટો! ઓહો..હો..! એનો જ્યાં અસ્તિત્વનો અંતરમાં નિર્વિકલ્પપણે સ્વીકાર (થયો). એ નિર્વિકલ્પતાની સામર્થાઈ કેટલી! આવો મોટો પ્રભુ મહાપ્રભુનો સ્વીકાર. આહા..હા..! સમજાય છે કાંઈ? અને એને જ્ઞાનનું ભાન આ અને વૈરાગ્યમાં આ. નિર્જરામાં આવે છેને, જ્ઞાન વૈરાગ્ય. એ વસ્તુસ્થિતિ જ એમ છે. આહા..હા..! મહાપ્રભુ પૂર્ણ સ્વરૂપની અસ્તિનું જ્ઞાન વર્તે છે અને વિકલ્પથી માંડીને પરમાં તેને ઉદાસ અને વૈરાગ્ય વર્તે છે. આહા..હા..! એ જ્ઞાનીને જ્ઞાન અને વૈરાગ્યની શક્તિનું સ્ફૂરણ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'પુદ્ગલદ્રવ્ય વડે કરવામાં આવતું જે સુખદુઃખાદિરૂપ પુદ્ગલકર્મફળ તેને જ્ઞાની જાણતો હોવા છતાં,...'** તેને ધર્મી જાણે કે આ એક ભાવ (છે), જગતમાં છ દ્રવ્ય છે એમ આ પણ એક ભાવ અસ્તિરૂપે છે. મારા અસ્તિથી પાર-બહાર. મારા અસ્તિત્વના સ્વભાવથી એનું અસ્તિત્વ બહાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ જ્ઞાની જાણતો હોવા છતાં **'જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને,...'** હજી એ બેસતું નથી માણસને. ઘડો કુંભારથી થાય. અરેરે..! હજી દૃષ્ટાંત જ બેસતું નથી તો સિદ્ધાંત તો સાચો કેટલો પડે અંદર? આહા..હા..! ભાઈ! માટી પોતે ઘડા થવામાં અંતર્વ્યાપક છે હોં! આહા..હા..! એની શક્તિમાં જ તે સમયે તે થવો એવી પર્યાયની વ્યક્તતા થવાને સન્મુખ જ એ માટી છે. આહા..હા..! કુંભાર નહિ. એ ડાહ્યો કુંભાર ને ગાંડો કુંભાર ને મૂર્ખ કુંભાર ને એ કોઈ નહિ. હુશિયાર કારીગર હોય. કારીગર કહેને હુશિયાર કારીગર હોય. હુશિયારી એટલે? હુશિયારની પર્યાય એનામાં રહી. અહીં ક્યાં ગરી ગઈ છે? આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

**'જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને... '** એ ઘડો થવાની આદિમાં માટી, એ કુંભારે શરૂ કર્યું કરવામાં આ હાથ આમ-આમ કર્યા માટે ઘડાની આદિમાં કુંભાર એમ નથી. આહા..હા..! એય..! હવે અહીં કેટલું ભેગું કરવું પડે લ્યો. રોટલીનો લોટ કરવો પડે, પાણી નાખે, મસળે, ગોરણા કરે. કહો, આહા..હા..! ક્યાં કરે ભાઈ! તને ખબર નથી. એ તો પરમાણુની પર્યાયને પરમાણુ પહોંચી વળે છે. તારો વિકલ્પ અને તારું જ્ઞાન ત્યાં કાર્ય કરતું નથી. આહા..હા..! એક તો આ વાત લુપ્ત જેવી થઈ ગઈ છે. એટલે નવી સાંભળતા માણસને એમ થઈ જાય કે આ શું કહે છે આત્માની વાત? ત્યાગી થઈ ગયો, બધું થઈ ગયું એની વાત હશે આ? આહા..હા..! સાંભળને. વિકલ્પનો પણ ત્યાં ત્યાગી છે અને એક સમયની પર્યાયની પણ હેયબુદ્ધિ છે જ્યાં... આહા..હા..! એ કર્યું છે. આહા..હા..! બહારના ત્યાગના માહાત્મ્ય એવા લોકોએ ખોસ્યા. મિથ્યાત્વના

પોષક બધા છે. અરેરે..! ભાઈ! તને નુકસાન થશે ઘણું હોં! એ ટાણા આવશે ત્યારે સંયોગો પ્રતિકૂળ દેખીને રાડ નાખીશ. અંદરમાં પ્રતિકૂળતા થાય ત્યાં સુધી તને નહિ ખબર પડે. પ્રતિકૂળ સંયોગ આવશે દૃષ્ટિ એની પર ઉપર છે. સંયોગ આવશે તો આહા..! ભાઈ! તેં મિથ્યાત્વના ભાવ એવા સેવ્યા છે, એના ફળ એ નરક અને નિગોદ છે હોં! અને જેણે આત્માને સેવ્યો, આત્મા ભગવાનની સેવા કરી... આહા..હા..! એના ફળ તો અલ્પ કાળમાં કેવળજ્ઞાન સિદ્ધપદ છે. સમજાણું કાંઈ?

કહે છે, '**માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને,...**' પ્રસરીને, થઈને '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને...**' ઘડામાં શરૂઆતમાં માટી હતી. '**ઘડાને ગ્રહે છે,...**' ઘડાને પકડે છે. માટી ઘડાને પકડે એટલે એ સમયે ઘડાની પર્યાયને માટી પ્રાપ્ત કરે. આ તો ક્રમબદ્ધ પણ થઈ ગયું. આહા..હા..! એ સમયે ઘડાની પર્યાયરૂપી પ્રાપ્ય એને માટી તે સમયે આમ પહોંચે છે. આવો ગર્વ ઉતરી જવો. આહા..હા..! સારા અક્ષર કાંઈક હોય, સારું બોલતા આવડતું હોય, સારું લખતા આવડતું હોય અને અમે વિદ્વાન છીએ. એય..! પંડિતજી! એ સંસ્કૃતના પ્રોફેસર છે. આહા..હા..! તારે પ્રભુ ઘણું પાછું ફરવું પડશે અને જ્યાં જાવું છે ત્યાં મોટી ચીજ પડી છે અંદર. એને ભેટવા જવામાં અનંત પ્રયત્ન જોશે. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન પૂર્ણ પરમાત્મસ્વરૂપ, અરેરે! એની સન્મુખ થઈને એનો સ્વીકાર (થવો) એ તે કાંઈ વાત છે? ભાઈ! એ તો અનંત પુરુષાર્થ આવ્યો. એ પુરુષાર્થ કેવળજ્ઞાનને લેવા આવ્યો હવે. સંસારનો અભાવ કરી અને કેવળજ્ઞાન લેવા આવ્યો. આહા..હા..! એકલો સર્વજ્ઞસ્વભાવ છે. એનો જ્યાં દૃષ્ટિમાં અનુભવ થયો એ સર્વજ્ઞ પર્યાય પ્રગટે છૂટકો છે. આહા..હા..! આવો રમતનો રમનારો ખેલાડી, આવો ખેલ પાડનારો ભગવાન, કહે છે કે એને કર્મના ફળમાં એનું વ્યાપવું નહિ. હરખ-શોકની શરૂઆતમાં આત્માની કાંઈક નબળાઈ છે માટે લ્યો. આહા..હા..! એની આદિમાં નહિ... નહિ. આહા..હા..! (એની આદિ, મધ્ય, અંતમાં ક્યાંય નબળાઈ છે જ નહિ.) એય..! ગીરધરભાઈ! જુઓ તો ખરા. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરનો કહેલો આત્મા. સર્વજ્ઞ સિવાય એવો આત્મા ક્યાંય હોઈ શકે નહિ. કલ્પે ગમે એ રીતે.

આવા આત્મામાં માટી જેમ અંતરમાં ગ્રહે, એ રૂપે પરિણમે '**તેમ, જ્ઞાની પોતે બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં...**' આહા..હા..! એ હરખ-શોકના પરિણામ તો પરદ્રવ્યની પર્યાય, પર્યાય મારી નહિ. આહા..હા..! મારી પર્યાય અવસ્થા તો અતીન્દ્રિય આનંદ અને જ્ઞાન એ મારી પર્યાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ પરદ્રવ્યમાં એ આદિ-મધ્યમાં છે નહિ. વિશેષ કહેવાશે...

**આસો સુદ ૬, શુક્રવાર, તા. ૧૩-૧૦-૧૯૭૨**
**ગાથા-૭૮-૭૯, પ્રવચન-૧૯૦**

કર્તાકર્મ અધિકાર ચાલે છે. ધર્મીની દૃષ્ટિ અંતર્મુખ હોય છે. એથી અંતર્મુખ દૃષ્ટિમાં તો આનંદ અને જ્ઞાયકસ્વભાવ એ જ એને દૃષ્ટિમાં હોય છે. એથી એના પરિણમનમાં ધર્મના પરિણામરૂપ પરિણમન હોય છે. સમજાણું કાંઈ? જેની બહિર્મુખ દૃષ્ટિ છે, જ્યાં બહિર્મુખ છે ત્યાં તો કાંઈ માલ નથી. પુણ્ય અને પાપ આદિ કાંઈ માલ નથી. એથી બહિર્મુખ દૃષ્ટિમાં અજ્ઞાન અને રાગ-દ્વેષની ઉત્પત્તિ થાય છે. જે એની વસ્તુમાં નથી. અને અંતર્મુખ દૃષ્ટિમાં માલ છે તે ત્યાં અંતર્મુખમાં આવે છે. સમજાણું કાંઈ? ચૈતન્યદળ જ્ઞાયક ધ્રુવ મહાપ્રભુ, અંતર્મુખ દૃષ્ટિ કરતાં અંતર સ્વભાવ છે તે એની દૃષ્ટિમાં આવતા ધર્મીને તો નિર્દોષ ધર્મનું પરિણમન હોય છે. સમજાણું કાંઈ? કેમકે જેમાં માલ છે ત્યાં એનું સન્મુખપણું છે. સમજાણું કાંઈ?

વસ્તુ આખી પૂરિપૂર્ણ આનંદ અને અનંત ગુણથી ભરેલી, પરિપૂર્ણ પ્રભુ પરમાત્મા પોતે છે. એ અંતર્મુખમાં પ્રભુ દૃષ્ટિનો વિસ્તાર અને દૃષ્ટિનું ધ્યેય છે. એ દૃષ્ટિનું કાર્ય સમયે સમયે થાય છે. સમજાણું કાંઈ? હવે કહે છે કે શુભ-અશુભ વિકલ્પ હો, પણ એમાં એનું વ્યાપ્યપણું નથી. આહા..હા..! એમ કહે છે જુઓ! સમજાણું કાંઈ? કેમકે એની અવસ્થા ધર્મીની તો ધર્મરૂપ હોય છે. અજ્ઞાનીની ચાહે તો ત્યાગી થઈને બેઠો સાધુ થઈને, પણ દૃષ્ટિ જ્યાં પુણ્ય અને પાપ ઉપર અને પર્યાય ઉપર છે એ તો બહિર્મુખ છે. તો બહિર્મુખમાં તો કોઈ વસ્તુ છે નહિ. એથી એ દૃષ્ટિને મિથ્યાત્વ કહે છે. આહા..હા..! એ દષ્ટિમાં તો વિકારના પરિણામ જ એનું પ્રાપ્ય છે. સમજાણું? એના વિકારી પરિણામ તે પ્રાપ્ય-વિકાર્ય-નિર્વર્ત્ય એવું વ્યાપ્યલક્ષણવાળું સ્વરૂપ અજ્ઞાનીનું એ છે. દૃષ્ટિ ફરતાં અંતર વસ્તુની દૃષ્ટિ થતાં, અનુભવ થતાં એ ચીજને અંતરમાં પૂર્ણ સ્વરૂપને પકડતા, અને પકડવું એ જ એની ક્રિયા અને એ એનું કાર્ય છે.

એમાં કહે છે કે '**જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને ઘડાને ગ્રહે છે, ઘડારૂપે પરિણમે છે અને ઘડારૂપે ઊપજે છે તેમ, જ્ઞાની પોતે**...' કેમકે ધર્મીની દૃષ્ટિમાં તો દ્રવ્યસ્વભાવ છે. સમજાણું કાંઈ? એથી ધર્મી પોતે '**બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં**...' આહા..હા..! વાત તો જુઓ! એ પુણ્ય દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, વિકલ્પ, હિંસા, જૂઠું, ચોરી વગેરે વિકલ્પ હો, પણ '**બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના**

**પરિણામમાં અંતર્વ્યાપક થઈને,...**' વસ્તુ ત્યાં પ્રસરીને તેને પકડે છે એવું તો છે નહિ. આહા..હા..! ભારે આકરું કામ ભાઈ! અને સહેલામાં સહેલું. ઘરમાં છે સત્ પોતે ત્રિકાળી. નજરને આળસે નિધાન એક કોર પડ્યું રહ્યું છે. એ નિધાન જ્યાં અંતર્મુખ દૃષ્ટિ થઈને નિધાન ખુલ્યું, ખીલ્યું એવા ધર્મીને પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામથી બાહ્યસ્થિત શુભ-અશુભ રાગાદિ '**એવા પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી,...**' આહા..હા..! એ રાગના પરિણામ એની આદિમાં એની પર્યાય ધર્મીની છે એમ નથી. સમજાણું કાંઈ? બીજું આવડે, ન આવડે એની સાથે સંબંધ અહીં નથી કહે છે. સમજાણું? આ ભગવાન ધ્રુવ પરમાત્મસ્વરૂપ એવી જ્યાં અંતરમાં દૃષ્ટિ થઈને અનુભવ થયો, અનુભવ એટલે જેવી ચીજ છે એને અનુસરીને દશા થઈ એ દશા એનું પ્રાપ્ય ખરું. એ એનું કાર્ય ખરું. કહો, સમજાણું કાંઈ? પણ એ દશાની બાહ્ય છ દ્રવ્ય પડ્યા છે, અંદર રાગાદિનો ભાવ પણ બાહ્ય સ્થિત છે.

'**એવા પરદ્રવ્યના પરિણામમાં...**' ભગવાન જ્ઞાયકસ્વરૂપ પ્રભુ એવી દૃષ્ટિવાળો અને એ વસ્તુ, બેય રાગમાં અંતર વ્યાપતી નથી. સમજાણું કાંઈ? જેને ભગવાન આત્મા પૂર્ણ આનંદ સ્વરૂપનો સ્વાદ આવ્યો એ સ્વાદના પરિણામને છોડીને રાગનો બેસ્વાદ એને કેમ પકડે? આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આહા..હા..! હેરાન થઈ ગયો. બહારમાં હું કરું ને આ કરું... જ્યાં કરવાનું છે ત્યાં જાતો નથી અને નથી કરી શકતો ત્યાં વિકલ્પના ચક્કર ચડાવે. આહા..હા..! અને દોઢ ડાહ્યો હોયને એને બધા આવડતવાળો કહે. આહા..હા..! ડાહ્યો તો એને કહીએ કે જે પોતાના સ્વરૂપની દૃષ્ટિ થઈ અને જે નિર્મળ દશા પ્રગટી તેને ડાહ્યો અને સમજુ અને જ્ઞાની કહીએ. એ ધર્મી જીવ પોતાના પરિણામથી ભિન્ન પરિણામ... આ એક સમયની પર્યાયના બે ભાગ. ગજબ વાત છે! આ વાત. સમજાય છે કાંઈ? એક સમયના ચારિત્રગુણની પર્યાયના બે ભાગ. એક શાંતિરૂપ પરિણામ અને એક અશાંતિરૂપ. એક પર્યાયના બે ભાગ. આવી વાત તે ક્યાંય (છે નહિ).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એની ધારા એનામાં, આની ધારા મારામાં.

મુમુક્ષુ :- એની ધારા એનામાં, આની આનામાં એટલે?

ઉત્તર :- રાગની ધારા રાગમાં અને જ્ઞાનની ધારા જ્ઞાનમાં. એથી તો અહીં કહ્યું છે. રાગની ધારા કર્મધારામાં આત્મા નહિ અને આત્મધારામાં એ રાગાદિ કર્મ નહિ. સમજાણું કાંઈ? આહા..!

'**બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના...**' પાઠમાં પર્યાય છે. અહીં પરિણામ લીધા. પરદ્રવ્યની એ પર્યાય પરદ્રવ્યની છે, મારા સ્વદ્રવ્યની નહિ. અરે..! એનો એક પર્યાયનો ભાગ છેને?

એ મારા પર્યાયનો ભાગ નહિ હોં! આહા..હા..! મારા પર્યાયનો ભાગ તો નિર્મળ પ્રગટ્યો તે મારા પર્યાયનો ભાગ છે. એક ભાગ બાકી રહ્યો એમાં ધર્મી '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી,...**' આહા..હા..! કેટલી સ્વરૂપની રાગથી ભિન્નતાની જાગૃતિ! સમજાણું કાંઈ?

અરે! ચોર્યાસીના અવતાર કરી કરીને, રાગના ભાગને પોતાનો માનીને ચકરાવામાં ચોર્યાસીમાં પડ્યો. એની એને દયા પણ નહિ. અરે..! હું ક્યાં જઈશ? શું થશે? પર્યાયમાં રહ્યો છે. એમ જ્યાં અંદર દયા જાગી. અરે..! હું તો ચૈતન્યસ્વરૂપ છું. મારા હોવાપણામાં તો રાગ અને નિમિત્તની ગંધ નથી. આહા..હા..! જ્યાં હું છું ત્યાં રાગ નથી અને રાગ છે ત્યાં હું નથી. એથી તે બાહ્યસ્થિત રાગમાં, એ વ્યવહારની પર્યાયમાં ધર્મી પરિણમતો નથી, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી,...**' આહા..હા..! એ જ કાળના સમયનો જે રાગાદિ ભાવ એ જ સમયનો તેને હોવા છતાં તેને પોતાની નિર્મળ પર્યાયના પરિણમનમાં એકતા કરતો નથી. આહા..હા..! પાટણીજી! આવો ધર્મ! આહા..હા..! '**તેને ગ્રહતો નથી,...**' રાગને પકડનારો ભગવાનને ગ્રહતો નથી. આહા..હા..! અને જેણે ભગવાન આત્માને ગ્રહ્યો એ રાગને ગ્રહતો નથી. કહો, જેઠાભાઈ! આહા..હા..! આવી વાત છે. એને અંદર પહેલી બેસાડી તો ખરી, રુચિમાં શ્રદ્ધામાં કે આ માર્ગ આ છે. એ વિના એની દશા અને દિશા નહિ ફરે. સમજાણું કાંઈ?

'**તેને ગ્રહતો નથી, તે-રૂપે પરિણમતો નથી...**' એનું એ વ્યાપ્ય-પ્રાપ્ય લક્ષણ જ એનું નથીને. આહા..હા..! એનું પ્રાપ્ય તો તે વખતે જે થતો રાગ તેને અડ્યા વિના જ્ઞાનની દશા જે પોતામાં પોતાથી થાય એનું એ વ્યાપ્ય છે. કહો, સમજાણું કાંઈ? અરેરે! એકવાર તો સાંભળ કહે છે. ભાઈ! તારા ઘરમાં શું છે અને બાહ્ય ઘરમાં ફરીને તને શું નુકસાન થયું છે, તને ખબર નથી. એકવાર તો ખુલ્લે હૃદયે સાંભળ તો ખરો, કહે છે. અરે! આવા ટાણા નહિ મળે બાપા ફરીને. આહા..હા..! કહે છે કે જેની દૃષ્ટિ ધર્મીની દ્રવ્ય ઉપર પડી છે, એનો જ જ્યાં સત્તાનો સ્વીકાર છે ત્યાં રાગના પર્યાયનો સ્વીકાર ધર્મીને છે નહિ. સમજાણું કાંઈ? આવો ધર્મ ભારે ભાઈ! સોનગઢમાં આમ આવે છે, એકાંત છે. અરે..! સોનગઢની ક્યાં વાત છે આમાં? ભાઈ! આ તો આત્માના ઘરની વાત છે. આહા..હા..!

'**અને તે-રૂપે ઊપજતો નથી;...**' વ્યવહારના... અરે! જિનેશ્વરે જે કહ્યો ચરણાનુયોગનો વ્યવહાર એના વિકલ્પમાં એ પ્રભુ આવતો નથી હોં! એને પકડતો નથી, તે રૂપે થતો નથી, તેમાં એ આવતો નથી, ઉપજતો નથી. એવું જે ભગવાન આનંદનું સ્વરૂપ પ્રભુનું એનો જ્યાં અંતરમાં સ્વીકાર સ્વરૂપનો થયો એ આવા વિકારને કેમ ગ્રહે, પરિણમે અને ઉપજે એમાં?

સમજાણું કાંઈ? આ બધા વ્યવહાર સાધન છે, વ્યવહાર હેતુ છે. આ ખોટું? આ જ સાચું એક ઠેકાણે કહ્યું, બીજે ઠેકાણે બીજું કહ્યું છેને? આહા..હા..! ભાઈ! આ ઠેકાણે આ કહ્યું અને બીજે ઠેકાણે બીજું કહ્યું હોય બીજી જાતનું તો એ વિરોધ કહેવાય. વીતરાગ માર્ગમાં વિરોધ હોઈ શકે નહિ. આહા..હા..! ત્રણ લોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર એના સાધક જીવોમાં વિરોધ ન હોય. એક બાજુ એમ કહે કે વ્યવહાર સમ્યગ્દર્શન છે ત્યાં શુભભાવમાં અશુદ્ધતા ટળે છે અને ક્રમે-ક્રમે તે ટાળીને વીતરાગ થશે. પણ ટાળીનેને? કે રાખીને? આહા..હા..! સમજાણું કાંઈ?

**'માટે, જોકે જ્ઞાની સુખદુઃખાદિરૂપ પુદ્‌ગલકર્મના ફળને જાણે છે...'** જાણવાનું કામ છે એનું. બરાબર જે જાતનો રાગ અને દ્વેષનો વિકલ્પ ઉઠે એ જ પ્રકારનું જ્ઞાન અહીંયા પોતાથી પોતાને જાણે એ કામ હોય એનું. એમ જાણતો હોવા છતાં. જોયું! સુખદુઃખાદિ પુદ્‌ગલકર્મનું ફળ છે એ બધું. આહા..હા..! સુખ-દુઃખ એટલે? શાતાના ઉદયે પૈસા મળે અને અશાતાના ઉદયે નિર્ધનતા (મળે) એ અહીં વાત નથી. અહીંયાં તો અંદર કલ્પના જે સુખ-દુઃખની વૃત્તિ ઉઠે છે તે વૃત્તિને પુદ્‌ગલના પરિણામ ગણી, ફળ જાણીને એ **'પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ,...'** પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય તે પરદ્રવ્યસ્વરૂપ પરિણામ છે. **'એવા તે જ્ઞાનીને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ નથી.'** વ્યવહારરત્નત્રયના પરિણામને જાણતો હોવા છતાં વ્યવહારરત્નત્રય કર્તા અને જાણવાનું કામ કર્મ એમ નથી. તેમ જાણવાનું કામ કર્તા અને રાગ એનું કર્મ એમ નથી. કહો, સમજાણું કાંઈ? વ્યાપ્ત લક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કાર્ય તેને નહિ કરતા એવા ધર્મીને. પછી કોઈ એમ કહે કે જ્ઞાની જુદાં અને ધર્મી જુદાં. જ્ઞાની તો બહુ જ્ઞાન હોય એ જ્ઞાની કહેવાય. આહા..હા..! અમે તો ધર્મ કરીએ છીએ પણ અમને જ્ઞાન નથી. જ્ઞાની ભલે ન હોઈએ. અહીં તો જ્ઞાની અને ધર્મી એક જ ચીજ છે.

વસ્તુ ભગવાન પરમાનંદનો નાથ જ્યાં પરિણામમાં, અનુભવમાં આવ્યો એવા ધર્મી જીવને, એ જ્ઞાની કહો કે ધર્મી કહો. એને જ્ઞાની કેમ કહ્યો? કે વસ્તુનું અંતર જ્ઞાન થયું અંતર્મુખ થઈને માટે જ્ઞાની. તે જ ધર્મી. કેમકે પૂર્ણ ધર્મી તે દ્રવ્ય વસ્તુ એને અવલંબીને દશા થઈ તે ધર્મી. તે ધર્મ. આહા..હા..! ગીરધરભાઈ! અરેરે! ક્યાં ધર્મ કરી નાખ્યો. ઘણા વર્ષ પહેલા, કાંપમાં તમને યાદેય નહિ હોય, એક સસલુ આવી ગયું હતું. સસલુ. હાથીજી મહરાજ દરિયાપરી. પછી એ વખતે એને પાટની હેઠે એને કાઢ્યું સસલું આવી ગયું. આપણે પણ આવી જાય છેને. નાનાલાલભાઈને પહેલું થોડું હતું તો જનાવર આવી ગયું હતું, જીવરાજજીની પાટ હેઠે. ઓલું આવ્યું, સવારમાં જોવે તો સસલું. શાસ્ત્રમાં છેને મેઘકુમારના જીવે સસલાની દયા પાળી. આ સાચી. હાથીજી મહારાજ! આ સસલાની દયા પાળી. એઈ..! ખબર નહિ હોય ભાઈ!

ગીરધરભાઈ! સાંભળ્યું હતું? ઘણા વર્ષની વાત છે. ૪૦ વર્ષ પહેલા. ૪૦ વર્ષ પહેલાની વાત છે. ૪૫ વર્ષ થયા, ૫૦ વર્ષ થયા. એ કાંપમાં બન્યું હતું. અપાસરામાં આવી ગયું અને એને પાળ્યું. એને દાણા જમવાનું. ઓહો..હો..! મેઘકુમારના જીવે હાથીના ભવમાં દયા પાળી સસલાની. હાથીની આ અહીં પાળી. આહા..હા..! એ હાથીએ સસલાની દયા પાળી માટે સંસાર ઘટી ગયો એ પણ જૂઠી વાત અને આ સસલાની દયા પાળી માટે મહારાજને સંસાર ઘટી ગયો એ પણ જૂઠી વાત છે. આહા..હા..!

અહીં તો કહે છે કે **મહાવ્રતનો પર જીવને નહિ મારવાનો** વિકલ્પ ઉઠ્યો એ પણ જીવનું, ધર્મીનું પર્યાયનું વ્યાપ્ય **નહિ.** આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! વીતરાગમાર્ગ ભાઈ! સર્વજ્ઞ જેને સો ઈન્દ્રો પૂજે, જેને સેકડોં વાઘ ને નાગ ને સિંહ આવીને આમ સમવસરણમાં (બેઠા હોય), એ તે શું દશા છે! સમજાણું કાંઈ? એ વાત **નથી,** એ વસ્તુ છે. એવા ભગવાનના મુખે નીકળેલી વાણી... આહા..હા..! કહે છે કે અમારું કહ્યું એ સાંભળ્યું એ જાણનાર થયો, એને જાણનાર થાય એણે અમારું સાંભળ્યું. આહા..હા..! અને જે જાણનાર થયો એણે સાંભળ્યું. એ જાણનાર સાંભળવું અને સાંભળવાના વિકલ્પમાં વ્યાપે નહિ કહે છે. ગજબ વાત! કહો, સમજાણું કાંઈ?

**'એવા તે જ્ઞાનીને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ નથી.'** ભારે ગાથાઓ. અમૃત અમૃત રેડ્યા એકલા! આહા..હા..! અમૃતનો સાગર જ્યાં ઉછળે ભરતીમાં, અરે! એને ઘરે રાગના ઝેરની ભરતી ક્યાંથી હોય? સમજાણું કાંઈ? એ રાગનું કાર્ય ધર્મીનું છે એને જાણવાનું કામ કરે છે એટલો સંબંધ તો છેને? માટે કર્તાકર્મ સંબંધ છે એમ નથી. જાણવાનું કામ કરે છેને. એટલો સંબંધ તો કરે છેને? સંબંધ જ નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એ સંબંધ જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે કે જ્ઞાનીને પુદ્‌ગલ સાથે જાણવા છતાં એમ કીધું છેને? આહા..હા..! **'જાણે છે તોપણ,...'** એમ. ઓહો..હો..! વસ્તુને વસ્તુ રૂપે રાખવાની રીત અને વિધિ. આહા..હા..! ભાઈ! તું આનંદસ્વરૂપ છોને પ્રભુ! ત્રિકાળ આનંદ અને અતીન્દ્રિય આનંદનો સાગર છોને. એવા સાગરની જેને દૃષ્ટિ થઈ એને રાગના ઝેરમાં વ્યાપીને રહે એ કેમ બને? સમજાણું કાંઈ?

ઓહો..! છ ખંડના રાજ. ભરત દરરોજ લગન કરે. દરરોજ લગન. સેંકડો રાણી-રાજાની દીકરીયું. દરરોજ લગન. અરે! દુનિયા શું જોવે આ? એની લગની તો દ્રવ્ય ઉપર લાગી છે. એ લગન કરતો નથી. આહા..હા..! આ તે કાંઈ વાત! ઓલા કહે છે કે કર્તા છતાં અકર્તા. એમ નહિ હોં! કરતો નથી. .. એવું કહે છેને આ લોકો? કરવા છતાં.. આહા..હા..! એ વાત જ ખોટી છે.

મુમુક્ષુ :- આસક્તિ વગર કરે છે.

ઉત્તર :- આસક્તિ વગર. એ વાત જ ખોટી છે. આહા..હા..! એમ કહે છે. અનાસક્તિ .. કરવું છતાં આસક્તિ ન કરવી. અરે પ્રભુ! કરવું એ માન્યતા જ મિથ્યાત્વ અને આસક્તિ છે. સમજાણું કાંઈ? ગીરધરભાઈ! ગીરધરભાઈ! .. હતા બધા ઘણા એવા. આહા..હા..!

અહીં તો પરમાત્મા પોતાનો સ્વભાવ જ્ઞાન અને આનંદરૂપી પ્રભુ એ જાગ્યો અને જોયું, હવે એને રાગ જે વિરોધી ભાવ એની સાથે કર્તાકર્મ (ભાવ), કરવું પણ આસક્તિથી નહિ, એ વસ્તુ જ ખોટી છે. આહા..હા..! મગનભાઈ કહેતા એકવાર. દફ્તરી. ભાઈ! મગનભાઈ કહેતા, જુઓ આ અનાસક્તિ કીધું. એક ફેરી કહેતા. અરે! એ તમે કહો એમ નહિ ભાઈ! નિર્જરા અધિકારમાં આમ કહ્યું છે, એમ કહેતા ઈ. ખબર છેને. એણે કહ્યું હતું એકવાર. ડહાપણ માનતા ખરાને. .. માનતા. દફ્તરી હતા એક.

મુમુક્ષુ :- ગવર્નરે વખાણ કર્યા.

ઉત્તર :- ગવર્નરે વખાણ કર્યા. અરે..! ચીંથરે વીંટ્યું રતન તમારા ઘરમાં અને તમે એની કિંમત નથી કરતા. મગનલાલ દફ્તરી હતા મોરબીના. એ રાજકોટ રહેતા. અહીંયાં આવ્યા હતા દર્શન કરવા. .. શરીર ઠીક નહોતું. ... આ જગતની લીલા! આહા..હા..! ગવર્નરે વખાણ્યો હશે એકફેરી એને. આ તો તમારા ગામમાં ચીંથરે વીંટાળેલું રતન છે. ભાષણ કરતા એવું આવડે. બરાબર ઝપટ મારે. ભાષણ કોની પર્યાય છે તેની ખબર નથી. એય..! વખાણ કરતા હતા એના ... ગવર્નરે વખાણ્યા હોં એમ કહે. ગવર્નર પણ કઈ જાતનો? ગવર્નર એટલે શું પણ? આહા..હા..! એ તને રિપોર્ટમાં તને લખાણ આવ્યું, એ ભિખારી (પોતે). આહા..હા..! એની કિંમત કેટલી? આહા..હા..!

જુઓ તો ખરા અમૃતચંદ્રાચાર્ય મહારાજ વસ્તુની સ્થિતિની મર્યાદાની હદ ટાંકે છે. ધર્મી જીવની વસ્તુસ્થિતિની મર્યાદા (આવી છે). એ અવિકારી પરિણામમાં રહે એ તેની મર્યાદા અને રાગમાં રહેવું તે એની મર્યાદા નથી. આહા..હા..! તો પછી ઘરમાં રહે છેને. બાયડી પરણીને આવે. ખબર નથી તને. રાગમાં પણ રહેતો નથી, ઘરમાં પણ રહેતો નથી અને બાયડીને બાયડી માનતો પણ નથી. મારી માનતો નથી. એ તો પરવસ્તુ જ્ઞેય છે જગતની. આહા..હા..! સમજાણું કાંઈ? શાંતિનાથ ભગવાન ત્રણ જ્ઞાનના ધણી, છન્નું હજાર સ્ત્રીઓ. જ્યારે દીક્ષીત થાય છે. ઉદાસ... દૃષ્ટિ તો છે. પણ એનાથી સ્થિરતા કરતાં રાગ ઘટી જાય છે. રાણીઓ ઝંટીયા તાણે છે આમ. અરે..! સ્વામી! તમને અમને પાળીપોષી અત્યાર સુધી. અમને કહ્યા એવા માન્યા, તમે કહ્યું એવું અમે માન્યું. આ સાંભળતા પણ નથી અમારી વાત? જંગલમાં જાય છે. ચક્રવર્તી અને કામદેવ અને તીર્થંકર. આહા..હા..!

એક તો અઢી દ્વીપમાં કામદેવ પોતે, એટલું સુંદર નમણું આખું શરીર. અવયવ અવયવમાં હોં! એમાં તીર્થંકર. ૧૦૦૮ લક્ષણ. એમાં એ પોતે ચક્રવર્તી, તીર્થંકર અને કામદેવ. સ્ત્રીઓ

જાય છે પાછળ. અમે તમે કારણે નહોતા રહ્યા હોં ત્યાં સાંભળજે. જરી અમારો રાગ હતો એટલે અટકીને રહ્યા હતા. એ રાગ હવે ગયો, એ મરી ગયા એ હવે જીવતા થવાના નથી. આહા..હા..! કોણ તારું સાંભળશે હવે? અરે..! પણ હજારો વર્ષ,... લાખ વર્ષનું આયુષ્ય હતું શાંતિનાથ ભગવાનનું. હજારો લાખ, સો હજારનો લાખ. આહા..હા..! અરે! આટલા આટલા ભેગા રહ્યા અને એ બધું કાંઈ નહિ? કાંઈ ભેગા રહ્યા નથી, તને ખબર નથી. અમે તો રાગની સાથે ભેગા રહ્યા નથીને. સમજાણું કાંઈ? આહા..હા..! અમારો રાગમાં પણ ભાગ નથી, તો તારામાં ભાગ, તારું તેં માન્યું માટે વિષય દીધા એ વાતમાં માલ કાંઈ નથી. સમજાણું કાંઈ? એ આસક્તિ હતી એમાં આ બધા કામ દેખાતા હતા. પણ અમે તો આસક્તિમાં પણ નહોતા આવતા. અમે જ્યાં હતા ત્યાં આસક્તિ નહોતી અને જ્યાં આસક્તિ હતી ત્યાં અમે નહોતા. રોવે છે રાણીઓ હોં! કોણ રોવે? કોણ માને તને? કોણ સાંભળે તને? ભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- તીર્થંકર ભગવાનની જોડે આટલો વખત ..

ઉત્તર :- .. વાત નથી. રાગ છેને? રાગ છેને. આહા..હા..! અહીં તો બીજું કહેવું છે કે જેના સંબંધમાં હતા તેના સંબંધમાં નહોતા.

મુમુક્ષુ :- દેખાવમાં આવતા.

ઉત્તર :- દેખવામાં આવતા. આહા..હા..!

અહીં તો કહે છે કે એવો રાગ જે વ્યવહારનો ધર્મનો રાગ હોં! ધર્માનુરાગ, એવા રાગમાં પણ જ્ઞાની પર્યાય મારી છે એમ વ્યાપતા નથી. અરે..! એ તે કાંઈ વાત છે કે વસ્તુ છે? વસ્તુ છે એ. આહા..હા..! બાપા! તારા વખાણ શું કરવા? આહા..હા..! પ્રભુ પોતે .. અંદર ડોલે છે. એને પકડતા હવે કોઈ રાગાદિ રહ્યું નથી. છ ખંડના રાજમાં રહ્યા છતાં રહ્યા જ નથી. રાગમાં આવ્યા છતાં એ રાગમાં આવ્યા જ નથી. આહા..હા..! આ તે વાત! ભીખાભાઈ!

‘**ભાવાર્થ :- ૭૬ મી ગાથામાં કહ્યું હતું તે અનુસાર અહીં પણ જાણવું ત્યાં ‘પુદ્ગલકર્મને જાણતો જ્ઞાની’ એમ હતું તેને બદલે અહીં ‘પુદ્ગલકર્મના ફળને જાણતો જ્ઞાની’...**’ બસ આટલો ફેર છે.

## ગાથા-૭૯

ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जए।
पोग्गलदव्वं पि तहा परिणमदि सएहिं भावेहिं।।७९।।
नापि परिणमति न गृह्णात्युत्पद्यते न परद्रव्यपर्याये।
पुद्गलद्रव्यमपि तथा परिणमति स्वकैर्भावैः।।७६।।

यतो जीवपरिणामं स्वपरिणामं स्वपरिणामफलं चाप्यजानत् पुद्गलद्रव्यं स्वयमन्तर्व्यापकं भूत्वा परद्रव्यस्य परिणामं मृत्तिकाकलशमिवादिमध्यान्तेषु व्याप्य न तं गृह्णाति न तथा परिणमति न तथोत्पद्यते च, किन्तु प्राप्यं विकार्यं निर्वर्त्यं च व्याप्यलक्षणं स्वभावं कर्म स्वयमन्तर्व्यापकं भूत्वादिमध्यान्तेषु व्याप्य तमेव गृह्णाति तथैव परिणमति तथैवोत्पद्यते च; ततः प्राप्यं विकार्यं निर्वर्त्यं च व्याप्यलक्षणं परद्रव्यपरिणामं कर्माकुर्वाणस्य जीवपरिणामं स्वपरिणामं स्वपरिणामफलं चाजानतः पुद्गलद्रव्यस्य जीवेन सह न कर्तृकर्मभावः।

---

હવે પૂછે છે કે જીવના પરિણામને, પોતાના પરિણામને અને પોતાના પરિણામના ફળને નહિ જાણતા એવા પુદ્ગલદ્રવ્યને જીવ સાથે કર્તાકર્મભાવ (કર્તાકર્મપણું) છે કે નથી? તેનો ઉત્તર કહે છેઃ-

એ રીત પુદ્ગલદ્રવ્ય તે પણ નિજ ભાવે પરિણમે,
પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૯.

ગાથાર્થઃ- [तथा] એવી રીતે [पुद्गलदव्यम् अपि] પુદ્ગલદ્રવ્ય પણ [परद्रव्यपर्याये] પરદ્રવ્યના પર્યાયરૂપ [न अपि परिणमति] પરિણમતું નથી, [न गृह्णाति] તેને ગ્રહણ કરતું નથી અને [न उत्पद्यते] તે-રૂપે ઊપજતું નથી; કારણ કે તે [स्वकैः भावैः] પોતાના જ ભાવોથી (-ભાવોરૂપ) [परिणमति] પરિણમે છે.

ટીકા :- જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને ઘડાને ગ્રહે છે. ઘડારૂપે પરિણમે છે અને ઘડારૂપે ઊપજે છે તેમ જીવના પરિણામને, પોતાના પરિણામને અને પોતાના પરિણામના ફળને નહિ જાણતું એવું પુદ્ગલદ્રવ્ય પોતે પરદ્રવ્યના

પરિણામમાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું નથી, તે-રૂપે પરિણમતું નથી અને તે-રૂપ ઊપજતું નથી; પરંતુ પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પોતાના સ્વભાવરૂપ કર્મ (કર્તાનું કાર્ય), તેનામાં (તે પુદ્ગલદ્રવ્ય) પોતે અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને જ ગ્રહે છે, તે-રૂપે જ પરિણમે છે અને તે-રૂપે જ ઊપજે છે; માટે જીવના પરિણામને, પોતાના પરિણામને અને પોતાના પરિણામના ફળને નહિ જાણતું એવું પુદ્ગલદ્રવ્ય પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળુ પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ, તેને નહિ કરતું હોવાથી, તે પુદ્ગલદ્રવ્યને જીવ સાથે કર્તાકર્મભાવ નથી.

ભાવાર્થઃ- કોઈ એમ જાણે કે પુદ્ગલ કે જે જડ છે અને કોઈને જાણતું નથી તેને જીવની સાથે કર્તાકર્મપણું હશે. પરંતુ એમ પણ નથી. પુદ્ગલદ્રવ્ય જીવને ઉત્પન્ન કરી શકતું નથી, પરિણમાવી શકતુ નથી તેમ જ ગ્રહી શકતું નથી તેથી તેને જીવ સાથે કર્તાકર્મપણું નથી. પરમાર્થે કોઈ પણ દ્રવ્યને કોઈ અન્ય દ્રવ્યની સાથે કર્તાકર્મભાવ નથી.

## ગાથા-૭૯ ઉપર પ્રવચન

'**હવે પૂછે છે...**' ત્રણ તો ઠીક. એની સાથે તો પુદ્ગલની સાથે આત્મા સાથે સંબંધ છે કે નહિ? પુદ્ગલ તો કાંઈ આત્માના જ્ઞાનને, શ્રદ્ધાને, આનંદને કાંઈ મદદ કરે કે નહિ? જોડે રહેલા કર્મ કાંઈ મદદ (કરે કે નહિ)? આહા..હા..! '**જીવના પરિણામને,...**' જીવના પરિણામ એટલે વીતરાગી પરિણામ. '**પોતાના પરિણામને...**' એટલે કર્મ રાગના પરિણામ. '**જીવના પરિણામને...**' એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ જીવના એ જીવના પરિણામને એ કર્મ જાણતું નથી. તેમ પોતાના પરિણામને એ કર્મ જાણતું નથી. તેમ '**પોતાના પરિણામના ફળને...**' સુખ-દુઃખની કલ્પના થાય એ ફળ એનું કર્મનું છે. એને '**નહિ જાણતા એવા પુદ્ગલદ્રવ્યને જીવ સાથે કર્તાકર્મભાવ (કર્તાકર્મપણું) છે કે નથી?**' આ પ્રશ્ન છે. ભાઈ! જાણતો તો જાગીને ઉભો રહે પણ નથી જાણતો એની સાથે કાંઈ સંબંધ પુદ્ગલ આત્મા સાથે કરે કે નહિ કાંઈ? આની સાથે કરે. આહા..હા..! જાણનારો તો ભલે ન કરે, પણ ઓલો અજ્ઞાન છે, નથી જાણતો જીવના પરિણામને, નથી પોતાના પરિણામને, નથી કર્મના ફળને, અજ્ઞાન છે, અંધારુ છે બધું. આહા..હા..!

**'એવા પુદ્‌ગલદ્રવ્યને જીવ સાથે...'** આમ કહેવું છે હોં! એવા પુદ્‌ગલદ્રવ્યને અહીં જીવ સાથે જીવનું કાંઈ કાર્ય કરે અને કર્તા થાય કે નહિ એનો? આહા..હા..! **'કર્તાકર્મભાવ (કર્તાકર્મપણું) છે કે નથી? તેનો ઉત્તર કહે છે :-'** લ્યો!

**ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जए।**
**पोग्गलदव्वं पि तहा परिणमदि सएहिं भावेहिं।।७९।।**

આ પરદ્રવ્યપર્યાય ફરી ગઈ. આહા..હા..! ઓલી પરદ્રવ્ય હતી તે વિકારી ભાવને પરદ્રવ્ય પર્યાય કહ્યા હતા. આમાં પરદ્રવ્યપર્યાય તે આત્માની વીતરાગી પર્યાય તે પરદ્રવ્યપર્યાય. કર્મની અપેક્ષાએ. આહા..હા..! ગજબ વાત છે. સમયસાર તો જગતનો અજોડ ચક્ષુ છે!

મુમુક્ષુ :- વ્યવહારરત્નત્રય નિશ્ચયરત્નત્રય...

ઉત્તર :- એ કહે છે. વ્યવહારરત્નત્રયનો રાગ છે એ નિશ્ચયનું કામ કરે કે નહિ? મદદ કરે કે નહિ? એમ કહે છે. એના પરિણામને કાંઈ કરે કે નહિ?

**ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जए।**

પરદ્રવ્યપર્યાય તો ઓલામાં પણ આવ્યું હતું અને આમાં પણ આવ્યું.

**पोग्गलदव्वं पि तहा परिणमदि सएहिं भावेहिं।।७९।।**

ઓલામાં 'खलु' 'खलु' હતું એ 'खलु' અહીંયાં નથી. નીચે.

**એ રીત પુદ્‌ગલદ્રવ્ય તે પણ નિજ ભાવે પરિણમે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૯.**

**'ટીકા :- જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને ઘડાને ગ્રહે છે.'** હજી તો એનો દાખલો જ બેસે નહિ. એ ઘડાને ગ્રહે છે એ માટી, ઘડાને ઉપજાવે તે માટી, ઘડામાં આવે એ માટી. કુંભાર-બુંભાર એને અડતો પણ નથી. આહા..હા..! આમ દેખાય છેને કે કુંભાર વિના માટીનો ઘડો થાય નહિ. લાખ વર્ષ માટી પડી રહે લ્યો. લખ્યું છે, શ્રીમદ્‌માં આવે છે. એય..! .. ચોખા કંઈ પાણી વિના ચડે? લાખ વર્ષ રહે, પાણી વિના ચડે? આહા..હા..! ભાઈ! દ્રવ્ય વસ્તુ છે કે નહિ? તો દ્રવ્યની જે જાતની દૃષ્ટિ છે તેમાં તેના પરિણામ છે કે નહિ? જીવના. જડના તો એના પરિણામ તો જે રહે છે તે રહે છે.

**'માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને,...'** રોટલીની પર્યાયમાં લોટ અંદર વ્યાપીને રોટલી થાય છે. લાપસીની પર્યાયમાં એ પરમાણુ વ્યાપીને લાપસીની પર્યાય થાય છે. તપેલાને લઈને નહિ, અગ્નિને લઈને નહિ. એમાં વેલણ હલાવેને? ગાંઠા ન પડી જાય. લાપસી કરે છેને લાપસી? અંદરમાં જરી ઓલી રહી જાય. કાચો લોટ ઉપર ચડી જાય એટલે જરી પહેલા હલાવે એને સરખું. કહે છે કે એને લઈને એ નહિ. ભારે! એય..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ કરણ પરમાણુમાં છે. એક-એક પરમાણુમાં ષટ્કારકની પરિણતિ સમયે સમયે સ્વતંત્ર સ્વયં પરની અપેક્ષા વિના થઈ રહી છે. ભારે વાતું ભાઈ! છેને એ તો, બધા મોટા પંડિતો ગોથા ખાય છે. પંડિતો ગોથા ખાય છે. એય..! એકાંત કહે છે. માંજને પ્રભુ સાથે વાદવિવાદ. કાલે કહ્યું હતું એક વાર. ભગવાનની સાથે વાદવિવાદ કર. ભગવાન આમ કહે છે. આહા..હા..! પ્રભુ! તમે આવી વાત કરો છો કે માટી ઘડામાં વ્યાપે એમ ન હોય. કુંભાર વિના ન થાય ઘડો. કર ચર્ચા ભગવાન સામે. પણ એ કુંભારનું નામ જ ત્યારે પડ્યું કુંભ કરે તો. એય..! આહા..હા..! કું એટલે પાણી, ભ એટલે ભરાઈ જાય એમાં. એને કુંભ કહે ઘડો. એ ઘડાને કુંભ કહીએ. એને કુંભારે કર્યો એને માટે. ઘડો કરે માટે કુંભાર કહ્યોને? પાગલ છો કે કુંભાર વિના એ ઘડો થાતો હશે? પાગલ છો કે ઘડા વિના માટીની પર્યાય ન થાય એ કોણે કીધું તને? આહા..હા..! સમજાણું?

**'જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં...'** ઘડાની આદિમાં પણ માટી, મધ્યમાં પણ માટી અને અંતમાં પણ માટી. શરૂઆત કાંઈક કુંભારનો હાથ આમ-આમ હલ્યો પછી ઘડાનું કામ થયું એમ નથી. બાઈએ આમ રોટલીને આમ આમ ફુલાવવામાં આમ દડો મૂક્યો ને આમ કર્યું ને તેમ કર્યું. એય..! લોટ ચડેને લોટ? કાઢેને. જરી લોટ નાખે. બે પડ થાય બે પડ. ઊનું થાય પછી આમ મૂકે, શું કહેવાય? લૂગડું. ફુલે. એ પર્યાયની કર્તા બાઈ નહિ?

મુમુક્ષુ :- લોક તો એમ કહે, પણ આપ ના પાડો છો તો.. આપ કહો હા તો અમે હા પાડીએ.

ઉત્તર :- વડોદમાં એક ફેરી કીધું. વહોરવામાં ગયા હતા. ઉમરાળા પાસે છેને. રોટલી એવી આવી. રોટલી. એક આમ ખુણો અને એક આમ ખુણો. કીધું આ શું? વાંઢે કરેલી. બાયડી નહિ તે બિચારો લોટનું ગોયણું કરે. પછી કાંઈ આમ સરખું ફેરવતા આવડે નહિ. સરખું આમ ફરે. નજર આમ.. એક આમ નીકળ્યો અને એક આમ નીકળ્યો. કીધું આ રોટલી કેવી? કીધું બાયડી છે કે નહિ? કહે ના. આ ઉમરાળા પાસે વડોદ છેને. કહો, તો એની આવડત પ્રમાણે રોટલી થઈ કે નહિ? આહા..હા..! એ લોટ પોતે અંતર્વ્યાપક થઈને તે પર્યાયની વ્યાપ્ય દશા એની છે, કુંભારની વ્યાપ્ય એ નહિ. આહા..હા..! ભારે કામ ભાઈ! એય..! મોહનભાઈ! આ બધા.. શું કહેવાય એના? આ મોહનભાઈ સીવતા હતાને, લૂગડા. દરજી. સંચો ચલાવીને સીવતા હતા કે નહિ? પણ કહે છે કે એ વખતે સંચાની પર્યાય સંચાથી ચાલતી હતી, મોહનભાઈથી નહિ. એમ કહે છે. એનો વિકલ્પ ઉઠ્યો માટે ત્યાં સંચો એમાં ચાલતો હતો અને કપડું બરાબર આમ હોયને નીચે મૂકે. મગજી મૂકે તો એના ઉપર આમ

કાઢે સંચો સરખો (ચાલે). આહા..હા..! અરે! જગતને ભ્રમણા. અનંત પદાર્થ પૃથક્ રહીને અનંતતા રાખે ક્યારે? કે પરની પર્યાયની મદદની જેને જરૂર નથી. આહા..હા..! હજી આ દાખલો અમારે ભાઈ કહેતા એ પ્રેમચંદભાઈ! રાણપુરવાળા, આ દાખલો બેસે નહિ. બહાર જઈએ તો બધા મૂર્ખા કહે છે લ્યો! લુગડું લુગડાને કારણે થાય? ઘડો ઘડાને કારણે થાય? કુંભારથી નહિ. બાયડી વિના રોટલી થાતી હશે? શેરડીનો રસ સંચા વિના નીકળતો હશે? ફલાણા વિના આમ થાતું હશે? હવે સાંભળને. આહા..હા..!

મુમુક્ષુ :- સોનગઢની મોટર એની મેળાએ ચાલે છે.

ઉત્તર :- એ કહેતા હતા એક ફેરી. મોટરમાં બેઠો. બ્રહ્મચારી હતો ઈન્દોરનો કોક હતો. સોનગઢની મોટર એની મેળે ચાલે છે. પેટ્રોલ વિના ચાલે છે. અરે! શું કહેવું છે ભાઈ તારે? પેટ્રોલ વિના શું પણ એક-એક રજકણ પોતાના... આમ પૈડું ફરે છે માટે ઉપરનો ભાગ મોટરનો ફરે છે એમ નથી. એય..! ભગવાનજીભાઈ! ભારે! મશ્કરી કરતો હતો હોં! ભાઈ! તને ખબર નથી. તું તો જ્ઞેય—સ્વજ્ઞેય અને પરજ્ઞેય તેનો જાણનાર છો તું. એ પરજ્ઞેયની પર્યાય થાય એ તો પરદ્રવ્યના વિસ્તારથી થાય છે. તારી બુદ્ધિથી થાય છે એમાં કાંઈ માલ નથી. આહા..હા..!

**'માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં...'** એની મધ્ય, અંત, શરૂઆતમાં જ માટી ઘડામાં હતી કહે છે. શરૂઆત વળી કુંભારનો હાથ આમ થયો માટે ઘડો થયો, ચાકડો ફર્યો માટે માટીનો ઘડો થયો. ગધેડાને લઈ આવ્યા, ફલાણા થયા. માટે અમે જઈ આવ્યા એ માન્યતા જ ગધેડાની છે. ગધેડા જેવાની છે. આહા..હા..! આ નથી લોકો કહેતા? કેવો ગધેડા જેવો છે. એમ કહે છે. એમ અહીં કહે છે, કેવળ મૂર્ખ છો. પરદ્રવ્યની પર્યાયને બીજો કરે? આહા..હા..! આ ચશ્મા હોય તો જ્ઞાન થાય અંદર. આંખ હોય તો સૂઝે. ચશ્મા વિનાના કેમ નથી સૂઝતા? લ્યો એ ચંદ્રશેખર કહેતો હતો. લીંબડીમાં આવ્યા હતા. લાવો ચર્ચા કરીએ. કોની સાથે ચર્ચા કરવી છે ભાઈ! પૂછો કે આ બધાને ચશ્મા વિના દેખાય? એમાં ચર્ચા આવી ગઈ કીધું. આહા..હા..! અરેરે! બધા મૂર્ખાઈના પ્રદર્શન છે.

કહે છે, માટી **'આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને ઘડાને ગ્રહે છે.'** પ્રાપ્ય. **'ઘડારૂપે પરિણમે છે...'** એ વિકાર્ય. **'અને ઘડારૂપે ઊપજે છે તેમ જીવના પરિણામને,...'** જીવના પરિણામ એટલે સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામને. સમજાણું કાંઈ? વસ્તુ જે છે શુદ્ધ ચૈતન્યઘન એના પરિણામને એટલે કે નિર્મળ પરિણામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામને કર્મ જડ જાણતું નથી. જોડે જે રાગ થયો વ્યવહારનો એ રાગ આ જીવના ધર્મપર્યાયને જાણતો નથી. એ રાગ પોતાના પરિણામ, રાગ રાગને જાણતો નથી અને પોતાના પરિણામના ફળને નથી જાણતો. એ રાગમાં હરખ થાય, દ્વેષમાં શોક થાય એને એ રાગ જાણતો નથી. આહા..હા.!

**'જીવના પરિણામને, પોતાના પરિણામને અને પોતાના પરિણામના ફળને નહિ**

**જાણતું એવું પુદ્‌ગલદ્રવ્ય પોતે પરદ્રવ્યના પરિણામમાં...'** જુઓ આવ્યું હવે. એ પરદ્રવ્ય એટલે જીવના પરિણામમાં. વ્યવહારરત્નત્રયનો રાગાદિ પુદ્‌ગલ છે એ પરદ્રવ્યના પરિણામમાં એટલે જીવના નિર્દોષ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામમાં એ રાગ પુદ્‌ગલ. સમજાણું કાંઈ? **'પોતે પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું નથી,...'** એ વ્યવહારનો દયા, દાન, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિનો જે રાગ એ શરૂઆતમાં રાગ હતો તો જીવના પરિણામ સમ્યગ્દર્શન-જ્ઞાન થયા એમ નથી. કહો, ભીખાભાઈ!

મુમુક્ષુ :- તત્ત્વનો વિચાર કર્યો માટે પરિણામ નહિ?

ઉત્તર :- એમ પણ નથી. તત્ત્વનો વિચાર કર્યો એ વિકલ્પ છે. એની સાથે શું છે? આહા..હા..! એય..! ચેતનજી! આહા..હા..! બાદશાહ તે કોઈ પામરનો આશ્રય લેતો હશે? અહીં તો પામર બાદશાહના પરિણામને ન કરે એમ લેવું છે. રાગની મંદતાના ભાવ, ભગવાનની ભક્તિ, પૂજા, દયા, દાન એવા જે પરિણામ તે પુદ્‌ગલ છે. એ પુદ્‌ગલના પરિણામ તે પુદ્‌ગલ છે. આત્માના પરિણામમાં એની આદિ હતી તો સમ્યગ્દર્શનના પરિણામ થયા એમ નથી.

મુમુક્ષુ :- તો પછી આપનું સાંભળવું શું કરવા જોઈએ?

ઉત્તર :- એવું અટપટુ છે. એને સાંભળવાના .. કાળે વિકલ્પ હોય, સાંભળવાનું નિમિત્ત હોય, છતાં નિમિત્તમાં જ્ઞાની વ્યાપ્ત નથી. અરે! સાંભળવાનો વિકલ્પ ગણધરને (આવે અને એ) ભગવાનની વાણી આમ સાંભળે. છતાં એ વિકલ્પમાં એનું વ્યાપ્ય નથી અને વિકલ્પ ચૈતન્યના નિર્મળ પરિણામ સમ્યગ્જ્ઞાનના થાય છે એનું એ વ્યાપ્ય નથી. આહા..હા..! આવી વાત!

મુમુક્ષુ :- ગણધર સાંભળવા શું કરવા બેઠા?

ઉત્તર :- બેઠા ક્યાં બેઠા છે? એ તો બેઠા છે પોતામાં. એય..! ક્યાં બેસવું? એ તો શરીરની ક્રિયા છે. આહા..! જેઠાભાઈ! ૨૦૦૬ની સાલમાં થયું હતું ત્યાં અમારે રામવિજયની સાથે. જુઓ! વાણી એની મેળાએ નીકળે, શરીરથી આત્મા જુદો. ગોદો મારો એક એને. અરે ભગવાન! શું છે આ? આચાર્ય હોં! એય..! જેઠાભાઈ! આ જેઠાભાઈના આચાર્ય. આહા..હા..! .. એ કહ્યું પછી. જુઓ! ચશ્મા વિના જણાતા હશે, ઇન્દ્રિય વિના જણાતા હશે, ગપ મારનારા ભારે. એય..! ભાઈ! તને ખબર નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો આખી દુનિયામાં એમાં પડી છેને. આહા..હા..! ગામના ગામ મૂર્ખાઈથી ભરેલા પડ્યા છે. આહા..હા..! પૂછો બધાને, લીંબડીમાં એણે પૂછ્યું, ચશ્મા વિના દેખાય? બધી આવી ગઈ ચર્ચા, કીધું. આહા..હા..!

અહીં તો કહે છે કે પોતાના સમ્યગ્દર્શનના પરિણામ, સમ્યગ્જ્ઞાન, શાંતિના પરિણામમાં

આત્મા જ આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને થયા છે. એ સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિના પરિણામ એની આદિમાં રાગની મંદતા હતી તો એની આદિમાં એને લઈને કાંઈ મદદ મળી આને એમ છે જ નહિ. ઓહો..હો..! આ તો અહીંનું આ છે સમયસાર? ભાષા ગમે તે હોય પણ ભાવ. આ લખાણ તો હજાર વર્ષથી છે. આહા..હા..! કહે છે, તારા ધર્મના પરિણામ એ તારા હોં! એ પરિણામની આદિમાં વ્યવહારરત્નત્રયનો રાગ હતો તો કંઈક એ પરિણામ થયા એમ નથી.

મુમુક્ષુ :- એમ તો કહે છે કે વ્યવહાર છે તો ..

ઉત્તર :- એ બધી વાતું ખોટેખોટી છે. દ્રવ્યનો આશ્રય છે તો એ પર્યાય ટકે છે. પૂર્વની પણ પર્યાય નહિ, વર્તમાન આમ ત્રિકાળ ભગવાન બિરાજે છે એના આશ્રયથી પર્યાય થાય, ટકે, વધે. આહા..હા..! છેને?

‘**પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું નથી,...**’ એ રાગના પરિણામ, કષાયની મંદતાનો શુભોપયોગ એ સમ્યગ્દર્શનના પરિણામને પકડતું નથી, એ સમ્યગ્દર્શનના પરિણામને ઉત્પન્ન કરતું નથી. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો સુદ ૭, શનિવાર, તા. ૧૪-૧૦-૧૯૭૨
## ગાથા-૭૯, કળશ-૫૦, પ્રવચન-૧૯૧

કર્તાકર્મ અધિકાર. અહીં સુધી આવ્યું જુઓ. ‘**જીવના પરિણામને, પોતાના પરિણામને અને પોતાના પરિણામના ફળને નહિ જાણતું એવું પુદ્ગલદ્રવ્ય...**’ શું કહે છે? કે કર્મની જડની પર્યાય કે રાગ-દ્વેષના પરિણામ એ પોતે પોતાને જાણતા નથી, એનું ફળ આવે હરખ-શોકનું એને પણ જાણતા નથી, તેમ જોડે આત્મા છે એના જે નિર્મળ પરિણામ છે એને પણ એ જાણતું નથી. અહીંયાં આત્મા લીધો છેને? આત્મા તો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે. એવી

જે દૃષ્ટિ થઈ ધર્મીની, એના પરિણામ ધર્મના જ્ઞાન, દર્શન અને ચારિત્ર આનંદના થાય છે. સાંભળો હવે. કહો, સમજાય છે કાંઈ? વળી .. ની વાત તો રહી ગઈ. આ તો અંતરની વાત છેને. આ એવી વાત છે, આ બાપુ કાંઈ વાર્તા નથી. આ તો આત્મા અનંત આનંદ અને અનંત જ્ઞાનસ્વભાવી વસ્તુ છે એવું જેને ભાન નથી એ તો પુણ્ય અને પાપના ભાવનું પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્યનું કાર્ય કરે અને એમાં રોકાય છે. અરેરે! એ તો સંસારની દશા છે રખડવાની. ચાહે તો સાધુ થયો હોય કે ગૃહસ્થ હો, દેવ હો કે નારકી હો, પશુ હો. આહા..હા..!

પહેલો વિચાર એમ આવ્યો હતો ... કે પશુની સંખ્યા દેવ કરતા અસંખ્યગણી છે. તિર્યંચની પંચેન્દ્રિયની હોં! મનુષ્યની સંખ્યા કરતા નારકીની સંખ્યા અસંખ્યગણી છે. એના કરતાં દેવની અસંખ્યગણી છે, એના કરતાં પંચેન્દ્રિય તિર્યંચ, પશુ, પંચેન્દ્રિયની અસંખ્યગણી છે. ઓહો..! એણે ઘણો કાળ તો ત્યાં ગાળ્યો છે. નિગોદમાં ગાળ્યો છે એ તો વળી જુદી ચીજ. એ તો વિશેષ ... આ તો પંચેન્દ્રિયમાં. આ સંજ્ઞી પંચેન્દ્રિયમાં. આહા..હા..! નિગોદમાં રહ્યો એ અનંતઅનંત કાળ એકલો સૂક્ષ્મ અને સ્થૂળ બાદર નિગોદમાં રહે તો એ અર્ધપુદ્ગલ પરાવર્તન (રહે). એકેન્દ્રિય આદિ નિગોદ અને બધામાં રહે તો અસંખ્ય પુદ્ગલ પરાવર્તન. પણ આ તો પંચેન્દ્રિય. મન મળેલું અને પાંચ ઈન્દ્રિય મળી એવા પંચેન્દ્રિયના તિર્યંચના ભવ પણ દેવ ભવ કરતા અસંખ્યગણા વધારે કર્યા. સમજાણું કાંઈ? પણ એણે એ આત્મા અંતર આનંદસ્વરૂપ છે તેનું એણે રાગ અને વિકલ્પથી ભેદજ્ઞાન કર્યા વિના એવા ભવ કર્યા એણે. તો એ ભવમાં તો શુભ-અશુભ રાગ અને પુણ્યના, પાપના ભાવ એ મારું પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય મારી અવસ્થા છે એમ અજ્ઞાનીએ માની છે.

એ અજ્ઞાન ટળીને જ્યાં આત્માનું ભાન ભેદજ્ઞાન થાય છે, રાગના વિકલ્પથી પણ તદ્દન જુદો એવું ભાન થતાં સ્વભાવથી ભરેલો ભગવાન એની દૃષ્ટિ અને એનો અનુભવ થતાં ધર્મી જીવ થાય છે. ત્યારે એને ભવના અંત આવે છે. એ ભવના અંતવાળો ધર્મી જીવ એના પરિણામ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર શુદ્ધ પરિણામ હોય છે. ધર્મીના પરિણામ શુદ્ધ હોય છે. સમજાણું કાંઈ? અને જે અશુદ્ધ પરિણામ છે એ પુદ્ગલના છે એમ અહીં સિદ્ધ કરવું છે.

રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપના ભાવ જે વિભાવ વિકાર એ પોતે પોતાને જાણતા નથી, એ પોતાનું ફળ દુઃખ, સુખની કલ્પના એને પણ જાણતું નથી અને એ સુખ-દુખના પરિણામ, જે ભગવાન આત્મા જોડે ધર્મી છે એના જે પરિણામ નિર્મળ છે એને પણ જાણતું નથી. છે? માટે '**જીવના પરિણામને,...**' જીવના પરિણામ અહીંયાં તો નિર્મળ ગણવા છે. ૮૦ ગાથામાં ફરી જશે વાત. અહીં સુધી વાત બીજી છે અને ૮૦ ગાથા આવશે ત્યાં વાત ફરી જશે. ત્યાં જીવના પરિણામ વિકાર ગણવામાં આવશે. સામાન્ય વાત છેને ત્યાં તો?

સમજાય છે કાંઈ?

અહીં તો એ વિચાર આવ્યો હતો કે પંચેન્દ્રિય તિર્યંચમાં જનારા જીવો ઘણા હોં! મનુષ્યમાં નહિ જનારા, દેવમાં નહિ જનારા. આ બધા ગૃહસ્થો પૈસાવાળા જે કહેવાય છેને. આહા..હા..! અરે! એ પડદાની વાતું કોને બેસે? એ પડદો પડ્યો ત્યાં ખલાસ. કારણ કે મનુષ્યપણું પામે એવા ભાવની તો ખબર નથી. દેવપણું પામે એવા ભાવની તો ગંધેય નથી. આહા..હા..! તો આ બધા મીલ માલિકો ને બધા પૈસાવાળા કહેવાય એ બધાય જેને ધર્મ તરફની જિજ્ઞાસા નથી... સમજાણું કાંઈ? એને તો આ છે ગતિ હોં! અરેરે! કહ્યું હતુંને.

અમારા કુંવરજીભાઈને કહ્યું હતું. તે દિ' હોં, ૬૬ની સાલની વાત છે. દીક્ષા લીધા પહેલાં ચાર વર્ષ પહેલાં. ભાઈ! કીધું આ શું કરો છો આખો દિ' આ? એય..! છોટાભાઈ! કુંવરજીભાઈને (કહ્યું હતું). ૬૬ની સાલ હોં. પેદાશ દુકાનની હતી. પાંચ-પાંચ હજારની પેદાશ તે દિ'. પછી તો વધી ગઈ. .. તો બે લાખ. પણ એની લોલુપતા એટલી દેખાય ધંધા ને વેપારમાં, જાણે હું... હું... હું... હું... કીધું, ભાઈ! આ ક્યાં જાવું છે તમારે? અમારા ભાઈ બેઠા હતા ખુશાલભાઈ. પણ એ તો સરળ અને ભદ્રિક, એની લાઈન જુદી. ક્યાં શું છે આ? ગીરધરભાઈ! ભગવાનજીભાઈ! જુઓ! કીધું, આપણે વાણીયા છીએ હોં. એટલે આપણે માંસ તો ખાતા નથી. એટલે નરકે તો નહિ જાવ હોં! તેમ મનુષ્યપણામાં જવાના લક્ષણ દેખાતા નથી. .. આવે છેને. વાંચેલુંને તે દિ' પણ. પ્રકૃતિ .. એવું આવે છે. સરળ પરિણામ, કષાય મંદ એવા હોય એ માણસ થાય.

મુમુક્ષુ :- સ્વભાવ..

ઉત્તર :- હા એ. મમતા દેવમાં જવાના લક્ષણ તો દેખાતા નથી. એક રહી વાત હોં! પશુમાં અવતાર થશે. અરેરે! આહા..હા..! અરેરે..! આ કાંઈ જીવન કહેવાય? ભાઈ! કીધું આ નહિ. મમતા બહુ. છેવટે મગજ બગડી ગયું. દુકાન... દુકાન... દુકાન... દુકાન... બસ, દુકાન લઈ જાવ. દુકાન લઈ જાવ. નહિતર મરીશ ને પડીશ ને. છોકરાવ બિચારા બહુ કહે હોં! બાપુજી! પણ મહારાજ આમ કહે છે. એ વખતે બોલે નહિ એટલું.

મુમુક્ષુ :- દુકાન મમતા વધી ગઈ.

ઉત્તર :- જે બીજ વાવ્યું હોય એ વધે. તે બહાર આવે. આ તો વસ્તુસ્થિતિ એવી છે. આહા..હા..! અરે! જેને હજી પરિણામ સ્વર્ગમાં જવાના પણ ઠેકાણા નથી, મનુષ્ય થવાના ઠેકાણા નથી એને ધર્મ થવાના પરિણામના તો ઠેકાણા ક્યાંથી હોય? સમજાણું કાંઈ? પણ પડદા પણ ભારે આકરા હોં! નાટકમાં એક વાર પીંગળાનો વેશ લઈને આવે અને એક વાર એ ભર્તૃહરિનો વેશ લઈને આવે. આહા..હા..! લ્યો એનો એ. બે ભેગા થવાનું ન હોય ત્યારે તે માણસ થાય. એમ ઘડીકમાં એ મોટો રાજા-મહારાજા કહેવાય અને જ્યાં દેહ છૂટ્યો એટલે

પશુમાં. એક માણસ બકરીને લઈને જતો હતો. એનો વિચાર આવ્યો. એક રબારી હતોને. ઘણા બકરા... એમાં એક બકરો હતો. .. અહીં નાખી છોકરો લઈ જતો હતો હમણા. કીધું આહા..હા..! આ ક્યાંથી આવ્યો હશે? નાખી આમ લઈ જતો હતો. તરત જ એ તો .. આવેને. જન્મે તરત જ. બકરી એ બધા માયાવીઓ બકરીમાં જવાના હોં!

મુમુક્ષુ :- વિશ્વાસ નથી બેસતો એને.

ઉત્તર :- હા, માયાચારી એ તિર્યંચ છે.

અહીં તો આહા..હા..! જેને ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિના જ્યાં અનુભવ થયા અને ભાન થયા, અરે! હું તે કોણ છું? હું રાગ નહિ, પુણ્ય નહિ, શરીર નહિ. આ બધા બહારના સગવડતાના ઘેરાના ઢગલા એ હું નહિ હોં! એ સગવડતા ક્ષણમાં ટળી જશે અને સંધ્યાનો રંગ (ટળી જતા) ક્ષણમાં અંધારા. એમ અંતર ભાન થઈને જ્યાં આત્મા પોતાના સ્વભાવનું ભાન કરે છે એથી એને ધર્મના પરિણામ શાંતિના અને આનંદના પ્રગટ થાય છે. આહા..હા..! બીજે ક્યાંય શાંતિ નથી. ધૂળમાં પણ નથી. એ તારા પૈસામાં પણ નથી અને હોળીમાં પણ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! બાયડી રૂપાળી દેખે, .. જેમ બોલતી હોય તો એને એમ થાય કે આહા..હા..! મારે ઘરે બાયડી એવી છે...

ઓલામાં આવે છે એક નાટકમાં. પાટણનો રાજા હતોને એને ત્યાં રાણી સારી નહોતી. એવું આવે છે. બધું જોયેલું ઘણું નાટક એ. 'પાટણના નૃપ નથી તુજ મહેલે પદમણી નારી.' એમ એનો એક ભાટ બોલે છે. ભાટ. નાટકમાં આવે છે. ભાટ હોય છેને? ચારણ એ રાજા પાસે આવ્યો અને રાજાની રાણીઓ જોઈ છે. એટલે રાણીને જાણીને જોઈને કહે છે કે હે રાજા! 'પાટણના નૃપ નથી તુજ મહેલે પદમણી રાણી.' પદ્માણી રાણી તારે એકેય નથી હોં. લાવ ક્યાંકથી. નહિતર આ તારા રાજની શોભા નથી. લ્યો ઠીક!

અહીં પરમાત્મા કહે છે કે અરે! તારે ઘરે નિર્મળ શુદ્ધ પરિણતિ નથી, પ્રભુ! તને શોભતું નથી આ. સમજાણું કાંઈ? અરે..! પુણ્ય અને પાપના ભાવ એ મેલા... આહા..હા..! એનાથી રંગાઈ ગયેલો પ્રભુ! એ તને શોભતું નથી. તને રંગ લાગ્યા બીજાના. એકવાર રંગ લગાવ આત્મામાં કહે છે. ભગવાન આત્મા અનંત જ્ઞાન અને આનંદની મૂર્તિ પ્રભુ આત્મા. રંગ જેને લાગ્યા તેની દશા, પરિણતિ નિર્મળ થઈ ગઈ. એ નિર્મળ પરિણતિને રાગના પરિણામ જાણતા નથી એમ કહે છે. તેમ એ નિર્મળ પરિણતિનો રાગ કર્તા અને નિર્મળ પરિણામ કર્મ એમ સંબંધ છે નહિ. આહા..હા..! ભારે!

**'તેમ જીવના પરિણામને...'** એટલે નિર્મળ પરિણામને, ધર્મના પરિણામને. **'પોતાના પરિણામને...'** એટલે રાગ પોતે કોણ છે એની એને ખબર નથી. પોતાના પરિણામના ફળને રાગનું ફળ દુઃખ. એને એ જાણતો નથી. એવું પુદ્ગલદ્રવ્ય. **'એવું પુદ્ગલદ્રવ્ય...'** અહીં

વાત હવે અટકી. '**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળુ પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ,...**' એટલે કે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યના સ્વભાવની દૃષ્ટિથી તે સમયે એણે જે ધર્મના પરિણામ પ્રાપ્યરૂપ થવાના તેને પકડ્યા છે, તે રૂપે પરિણમ્યો છે, તે રૂપે ભગવાન ઉપજ્યો છે. '**એવું જે વ્યાપ્યલક્ષણવાળુ પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ,...**' કોનું? જીવનું. એ પરદ્રવ્ય કેમ કીધું? ઓલા રાગ-દ્વેષના પરિણામની અપેક્ષાએ પરદ્રવ્યના એ પરિણામ છે. સમજાણું કાંઈ? ભારે જગતને.

એ '**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળુ...**' વસ્તુ ભગવાન આત્મા પોતાના દ્રવ્યસ્વભાવના જ્યાં ભેટા અંદર થયા એવા ધર્મીનું પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એ તો નિર્વિકારી પરિણામ છે. એ નિર્વિકારી કર્મ એનું કાર્ય છે. એવા કર્મ '**તેને નહિ કરતું...**' કોણ? ઓલા રાગના પરિણામ આવા નિર્મળ પરિણામને નહિ રચતા, નહિ કરતા. આહા..હા..! સમજાણું કાંઈ? '**તેને નહિ કરતું...**' વીતરાગી ધર્મના પરિણામ જીવના એ જીવના પરિણામ કહેવાય. એને શુભના પરિણામ તે પુદ્‌ગલના પરિણામ છે. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એવા જે ભાવ એ તો પુદ્‌ગલના પરિણામ છે. વાત તે ગજબ વાત છેને! એ પરિણામ અહીંયાં નિર્મળ પરિણામને નહિ કરતા. '**તે પુદ્‌ગલદ્રવ્યને જીવ સાથે કર્તાકર્મભાવ નથી.**' લ્યો! ઝીણું બહુ ભાઈ! એણે કર્યું નથી કોઈ દિ'. આહા..હા..!

એવો સચ્ચિદાનંદ પ્રભુ અનંત જ્ઞાન અને આનંદનો નાથ પોતે આ ચાર ગતિમાં રખડે. કલંક છે કહે છે. એવું જ્યાં ભાન થયું અંદરમાં, અરે! હું તો આત્મા. અને આત્મા એટલે કે પરમાત્મા. પરમાત્મા એટલે કે અનંત આનંદ અને જ્ઞાનની ખાણ. એવો જે આત્મા એનું જ્યાં અંતર ભાન થતાં એને ધર્મી કહીએ. એનું ભાન થતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના, શાંતિના પરિણામ જે પ્રગટ થાય એ પરિણામને અને રાગના વ્યવહારુ પરિણામને કર્તા-કર્મનો સંબંધ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાત લાગે લોકોને.

એના ઘરમાં શું છે? એ ઘરને ભૂલ્યો અને શું થાય છે? અને ઘરને જાણે અને શું થાય છે? એ વાતની બધી રમતું છે આ. બાકી પરઘર તો રજકણ આદિના થવાના તે થયા કરે છે. એને કહે છે કે તું કોણ છો? કે હું તો આનંદ અને જ્ઞાનના સ્વભાવથી ભરેલો સાગર. આવ્યુંને સવારમાં? અમૃતના સુધાસાગરમાં ડૂબેલું એ રત્ન પડ્યું છે અંદર. આહા..હા..! સમજાણું કાંઈ? એની સામું જોવે એને એ ભડાય આત્મા. એની દૃષ્ટિમાં એ આવે. કળશો સવળો કરીને પાણીમાં નાખે તો પાણી એમાં ભરાય. ઉંધેથી નાખે તો? સમજાણું કાંઈ? એમ એની દશા સ્વસન્મુખની સવળી થઈને જે ગઈ એ દશામાં આત્મા આવ્યો. એમાં આત્મા બેઠો. સમજાણું કાંઈ? આવો ધર્મ કઈ જાતનો? માણસ કહે કે સોનગઢનો ધર્મ જુદી જાતનો. પણ આ કોનું લખાણ છે? નાથુલાલજી! આ કોનું લખાણ છે? સોનગઢનું છે આ? આહા..હા..!

અરે ભાઈ! તારા ઘરની તને ખબર નથીને અને ઘર ભૂલ્યો કેમ એની એને ખબર નથી. સમજાણું કાંઈ? એ શુભ અને અશુભભાવ એ મારું કાર્ય અને હું એનો કર્તા એ ભૂલ્યો છે. મેલ કરવા જાય છે એ નિર્મળને ભૂલી ગયો છે ઈ. સમજાણું કાંઈ? આહા..હા..! શુભભાવ એ મેલ? શુભથી તો શુદ્ધ થાય, શુદ્ધ ઉપયોગ થાય. એ તો મોક્ષમાર્ગમાં કહ્યું કે છેલ્લો જે શુભોપયોગ હોય તો તેને શુદ્ધ થવાનો અવસર છે. એ શુભથી અવસર છે? એ તો એની રુચિ છોડે. છેલ્લો શુભભાવ હોય છે ખરોને એટલે ત્યાં... એની રુચે છોડે અને અંતર દૃષ્ટિ કરે ત્યારે તેને સમ્યગ્દર્શન અને જ્ઞાન થાય. એ સમ્યગ્દર્શન, જ્ઞાનના, ચારિત્રના પરિણામને શુભપરિણામ કાંઈ કરતું નથી એમ કહે છે. એ તો પુદ્ગલના પરિણામ છે. આહા..હા..!

ચૈતન્ય આનંદનો નાથ અતીન્દ્રિય આનંદની લહેરમાં રહેલો એ તો છે કહે છે. સમજાણું કાંઈ? એવો ભગવાન સર્વજ્ઞ તીર્થંકરદેવે કહ્યો એવું એને જાણ્યું અને એવું એને પરિણમ્યું. ઓહો..! આ ચીજ સન્મુખ થતાં તો મોટું નિધાન છે આ. શ્રીમદ્ કહે છેને સૃષ્ટિને ગુપ્ત ચૈતન્યચમત્કારની ખબર નથી. અંદરમાં ચૈતન્ય વસ્તુ ગુપ્ત દ્રવ્યસ્વભાવ શું છે એની ખબર નથી. ભગવાનજીભાઈ! એ શબ્દ છે એમાં. એનો અર્થ—ગુપ્ત ચમત્કાર એટલે વસ્તુમાં ગુપ્ત એટલો આનંદ અને પૂર્ણ છે એ શું છે? આહા..હા..! એ ઉપરથી પર્યાયને, રાગને જોનારને એ ખબર પડતી નથી. ભગવાન અંદર આનંદનો નાથ અમૃતથી ભરેલો છે. ગુપ્ત ચમત્કાર છે. એની દૃષ્ટિ પડતાં એ ભગવાન ઉછળીને પર્યાયમાં આવે છે કે હું શાંતિ અને આનંદ છું. સમજાણું કાંઈ? આવા પરિણામને શુભ પરિણામ કાંઈ કરતું નથી એમ કહે છે. અહીં તો મોટી તકરાર વાંધા. શુભભાવ કરતાં-કરતાં થાય. એમ હોય છેને? .. એમ બધા કહે છેને? શુભભાવ કરો, ધર્મ થશે. ભાઈ! શુભભાવ એ પણ રાગ અને ઝેર છે. એ અમૃતના પરિણામને ઝેર કરે? આહા..! ઝેર કરે, એ તો અમૃતના પરિણામનો નાશ કરે.

મુમુક્ષુ :- ઉત્પન્ન થવા જ ન દે.

ઉત્તર :- ઉત્પન્ન થવા ન દે. કર્તાકર્મમાં આવ્યું. ભગવાન આત્મા પૂર્ણાનંદની દશા જે ઉદાસીન, પરથી ઉદાસીન અને સ્વના અસ્તિત્વથી પ્રગટ થતી દશા એને નહિ ઉત્પન્ન કરતો, એને છોડતો એમ કહ્યું. છે ક્યાં પણ એ? ઉત્પન્ન કરતો નથી. એના સ્થાનમાં રાગ અને દ્વેષના પરિણામ ઉત્પન્ન કરે છે અને હેરાન થઈને ચાર ગતિમાં રખડે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે એ પુદ્ગલદ્રવ્ય અહીં લીધું જોયું હવે? ઓલા પરિણામ જે હતા શુભ-અશુભ પરિણામ જે શુભભાવ દયા, દાન, વ્રત, કષાય મંદ એ, કહે છે કે પુદ્ગલ દ્રવ્ય છે એ તો, ભગવાન આત્મા નહિ. આહા..હા..! એ '**પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ,...**' એટલે નિર્મળ વીતરાગી આત્માના ભાવ '**તેને નહિ કરતું હોવાથી,...**' નહિ કરતું હોવાથી એમ. નિર્મળ

પરિણામ વીતરાગી ધર્મ આત્માના એ પુદ્‌ગલ શુભભાવ(ને) નહિ કરતું હોવાથી **'તે પુદ્‌ગલદ્રવ્યને જીવ સાથે કર્તાકર્મભાવ નથી.'** રાગ કર્તા અને નિર્મળ ધર્મના પરિણામ કર્મ એમ સંબંધ છે નહિ. બહુ ગાથા ઉંચી ગઈ ૭૫થી. બહુ ઊંચી. ઓહો..હો..!

પણ આવો આત્મા હોય એ ક્યાં ગયો હશે? અમારે એક ભગવાનજીભાઈ કહેતા. રામજીભાઈના મિત્ર હતા. કે આવા વખાણ તમે કરો છો પણ ધોયેલ મૂળા જેવો ગયો ક્યાં કહે. ૯૯માં કહે. છે વકીલ હોં! બહુ તમે વખાણ કરો છો. આ તો વકીલ. આવો આત્મા. પણ એ તેં જોયો અને માન્યો છે ક્યાં? ક્યાં છે? કેમ છે? એ તને ખબર વિના. એ કહે ધોયેલ મૂળા જેવો ગયો ક્યાં? એમ બોલ્યો હતો. આહા..હા..! એ ગયો છે તારી માન્યતાની ઊંધાઈને લઈને સંતાઈ ગયો છે. આહા..હા..! તને એ પુણ્ય અને પાપના પ્રેમની આડમાં મહાપ્રભુ ચૈતન્ય આનંદકંદ પોતે છે એની તને ખબર નથી. સંતાઈ ગયો છે. એની સન્મુખતાની દૃષ્ટિનું બહુમાન થતાં તે પ્રગટ દેખાય છે. આ આત્મા! આહા..હા..! જે પરમાત્માનું સ્વરૂપ જ સાક્ષાત્ છે. સમજાય છે કાંઈ? આહા..હા..! એવા જીવના ભાનવાળાના પરિણામને રાગના પરિણામ કાંઈ પણ મદદ કરે અને સહાય દેખાય એમ છે નહિ. આવો ધર્મ કઈ જાતનો? અપવાસ કરવા, જાત્રા કરવી, શેત્રુંજય જાવું, સમ્મેદશિખર જાવું.

મુમુક્ષુ :- અનંત વાર કરીને ચારેય ગતિમાં રખડ્યો છે.

ઉત્તર :- ભાઈ! એ તો એક અશુભથી બચવા એ શુભભાવ હો, પણ એ વસ્તુ ધર્મ નહિ અને એ કરતાં કરતાં ધર્મ થાય એમ પણ નહિ. ભારે કામ! આ બધા વ્રત પાળે, પર્યુષણમાં કેટલા દસ-દસ લક્ષણી લ્યો! દસ-દસ અપવાસ ચોવિહારા કરે કોઈ બિચારા પાણી પીધા વિના, તો એને ધર્મ ન થાય કાંઈ? એય..! ગીરધરભાઈ! આ બધા શેઠિયા ભેગા થઈને પછી અઠ્ઠમ કરી હોયને. વખાણ કરે બહુ સારું કર્યું જાવ. આપો કાંઈક ભાઈ હવે. વહેંચો. આહા..હા..! બાપુ! તને ખબર નથી. એ અપવાસના ભાવ તો તારા રાગની મંદતા કરી હોય તો પુણ્ય છે. સમજાય છે કાંઈ? ધર્મ નહિ, ધર્મ નહિ. ધર્મ તો આત્મા પૂર્ણાનંદ પ્રભુ અખંડ જ્ઞાન અને શાંતિનો સાગર એનો જ્યાં અંતર્મુખ થઈને સ્વીકાર થતાં જે પરિણામ શાંતિના પ્રગટે એને ધર્મ કહેવામાં આવે છે. હવે આ તો સાંભળ્યું પણ ન હોય કોઈ દિ' શાંતિ શું હશે? આહા..હા..! સમજાણું કાંઈ?

**'કોઈ એમ જાણે કે પુદ્‌ગલ કે જે જડ છે...'** ભાવાર્થ છેને? એ શુભભાવ લેવો હોં. એણે વાત કરી છે કર્મ, પણ એ કર્મની પર્યાયનો કર્તા, રાગનો કર્તા થાય એ કર્મની પર્યાયનો કર્તા થાય. સમજાણું કાંઈ? **'પુદ્‌ગલ કે જે જડ છે...'** આહા..હા..! અંદરમાં જે શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રાનો થાય એ જડ છે, અચેતન છે. એમાં જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ એનો એક અંશ પણ એ રાગમાં નથી. ભારે વાત! સમજાણું કાંઈ?

એ **'પુદ્‌ગલ કે જે જડ છે અને કોઈને જાણતું નથી...'** રાગ કોને જાણે? રાગ પોતાને ન જાણે, રાગ આત્માને ન જાણે, રાગ પરમાણુ જગતમાં અનંત એને પણ ન જાણે. શુભરાગ તો અજ્ઞાન અંધકાર છે. આહા..હા..!

**'તેને જીવની સાથે કર્તાકર્મપણું હશે. પરંતુ એમ પણ નથી. પુદ્‌ગલદ્રવ્ય જીવને ઉત્પન્ન કરી શકતું નથી,...'** એ શુભભાવ જીવની ધર્મપર્યાયને ઉત્પન્ન કરી શકતો નથી. આહા..હા..! એ પુદ્‌ગલદ્રવ્ય જીવને એટલે જીવના ધર્મ પરિણામને ઉત્પન્ન કરી શકતા નથી. એ શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા એ ભાવ શુભ અચેતન છે. એ અચેતન જીવના ધર્મ પરિણામને ઉત્પન્ન કરી શકતું નથી. **'પરિણમાવી શકતું નથી...'** એ આમ ફેરવ્યું છે. ગ્રહી શકતું નથી પછી નાખ્યું છે પ્રાપ્ય. કહો સમજાણું? પહેલું નિર્વર્ત્ય લીધું નિર્વર્ત્ય. પહેલું નિર્વર્ત્ય લીધું. જીવને નિર્વર્ત્ય ઉપજાવી શકતું નથી. ધર્મના પરિણામને ઉપજાવી શકતું નથી, પછી પરિણમાવી શકતું નથી. પછી તેને પકડતું નથી. પ્રાપ્ય નથી. **'તેથી તેને જીવ સાથે કર્તાકર્મપણું નથી.'** ભગવાન આત્મા, એ આત્મા થઈને આત્માને જ્યાં જાણ્યો એવા આત્માના પરિણામની સાથે એ વ્યવહારના શુભરાગને કાંઈ સંબંધ નથી. રાડું એ પાડે બધા હોં! શુભ કરતા થાશે. શુભ કરતા શુદ્ધ ઉપયોગ થાશે.

મુમુક્ષુ :- એટલા માટે તો પ્રશ્ન ન આવ્યો કે આ કરણલબ્ધિમાં શુભભાવ..

ઉત્તર :- હા, છે કે નહિ? હવે ક્યાં રહ્યો સાંભળને. આજ વળી કાગળ આવ્યો છે મોટો માંડલાનો. માંડળ-માંડળ. વીરમગામ પાસે. એમ કે અહીંયાં આત્મસિદ્ધિ વંચાય છે આપણું લખાયેલું. રામચંદ ત્યાં લાગે છે. એવો મોટો કાગળ છે. બહુ લખ્યું છે. પણ એમાં તમે કહ્યું છે કે વસ્ત્ર રાખે તે સાધુ નહિ અને શ્રીમદ્દ્ તો કહ્યું છે માટે બેમાં એકની ભૂલ લાગે છે. કોઈ અહીંનો જાણીતો છે. અહીં આવે છે, આવે છે. રતિલાલ કોક છે. માંડળ. એણે વસ્ત્રનો વીંટાળ્યો કટકો નડે શું? વીંટાળવાની ક્યાં વાત છે હવે સાંભળને. આહા..હા..! વસ્ત્ર રાખવાનો ભાવ છે ત્યાં મુનિપણું હોતું જ નથી. આ વસ્તુની સ્થિતિ એવી છે. શ્રીમદ્દ્ તો જરી ઓલો જાતિ વેશનો ભેદ નહિ, ઈ આવ્યું હશે એમાંથી જરી ખળભળાટ થયો હશે. 'જાતિ વેશનો ભેદ નહિ કહ્યો માર્ગ જો હોય' એમ કે એમણે તો એમ કહ્યું છે કે જાતિવેશ ગમે તેવા હોય તો માર્ગ હોય. અહીં તો અર્થ એવો કર્યો છે ૫૫માં 'કહ્યો માર્ગ જો હોય તો જાતિ વેશનો ભેદ નહિ.'

મુમુક્ષુ :- નગ્નભાવ, મુંડભાવ સહ અસ્નાનતા...

ઉત્તર :- એ નગ્નભાવ પણ એક ભાવ છે. પણ 'દેહ માત્ર સંયમનો હેતુ હોય' એમ નથી આવ્યું? દેહમાત્ર છે, ત્યાં નથી આવ્યું? ત્યાં તો વસ્ત્રનો કટકો રાખ્યો નથી.

મુમુક્ષુ :- પણ એ દેહમાત્ર વસ્ત્ર..

ઉત્તર :- હા, એ એમ માને છે. ભગવાન છેને ભગવાનદાસ ડોક્ટર. એ તો એ મૂકે આમાંથી 'જાતિ વેશનો ભેદ નહિ કહ્યો માર્ગ જો હોય, સાધે તે મુક્તિ લહે એમાં ભેદ ન કોઈ.' ગમે તે જાતિ વેશમાં આત્માને મુક્તિ થાય. અરે પ્રભુ! તને ખબર નથી ભાઈ! પંદર ભેદે ન થાય. એક ભેદે થાય. બહુ આકરી વાત.

મુમુક્ષુ :- નિશ્ચયમાં ફેરફાર ન હોય, વ્યવહારમાં ફેરફાર હોયને.

ઉત્તર :- વ્યવહારમાં ફેરફાર હોય શરીરની ક્રિયામાં.

મુમુક્ષુ :- પંચમ કાળ છે તો...

ઉત્તર :- પંચમ કાળ એટલે શું? શીરામાં પંચમકાળને ઠેકાણે શીરો બનાવતા ધૂળ નાખે કોઈ લોટને ઠેકાણે?

મુમુક્ષુ :- .. ઠેકાણે વ્યવહાર...

ઉત્તર :- વ્યવહાર પણ કોને કહેવો? એ એનો ભાઈ ત્યાં કહેતા હશે. નાનાભાઈ સાથે ચર્ચા ચાલતી હોયને. આહા..હા..! બાપુ! ખબર નથી ભાઈ તને. તે દિ' અર્થ કર્યા હતાને તે દિ'? ભગવાને કહ્યો એવો જો માર્ગ જેની દૃષ્ટિમાં અને જ્ઞાનમાં હોય તો જાતિવેશ તો જે ભગવાને કહ્યા એ જ જાતિ અને વેશ હોય, બીજો વેશ અને જાતિ હોય નહિ. મોટો કાગળ લખાણ આવ્યું છે. અમારો આગ્રહ છે, ફલાણું છે. અંદર લખાણ આવ્યું છે. રામચંદજી વાંચતા હશે બિચારા. રામચંદજી છેને. આપણે આવ્યા હતા. એને પ્રેમ છે અહીંનો. હવે એ બરાબર સંપ્રદાયમાં રહીને ખુલાસો કરી ન શકે. એમાં રહેવું... વાડામાં રહેવું, સાધુ કહેવડાવવું બહારમાં અને એ એમ કહે કે ભાઈ વસ્ત્રનો કટકો રાખે એ સાધુ નહિ.

ત્યાં એક નહિ? કાંઈક હતું ખરું. ક્યાં હતું? વાંચ્યું હતું. એ તો બિચારા કહે એમ કે ખુલાસો કાંઈક કરો. કોણ ખુલાસો? અહીં આવને. એવા તો ઘણા પ્રશ્ન આવે. આહા..હા..! અરે ભાઈ! તને ખબર નથી. આહા..હા..! જ્યાં આત્મજ્ઞાન અને દર્શન થયા એમાં મુનિપણાની દશાની પ્રતીત એને એવી આવે કે વસ્ત્ર અને પાત્રસહિત મુનિપણું ત્રણ કાળ ત્રણ લોકમાં હોઈ શકે નહિ. અને વસ્ત્ર અને પાત્રસહિત મુનિપણું માને, મનાવે, માનતાને રૂડું જાણે તો નિગોદ અને નરકમાં જશે. નરક તો હું કહું છું, કુંદકુંદાચાર્યે તો નિગોદ જ કીધું છે. એય..! નિગોદ હલકામાં હલકી ગતિ. મિથ્યાત્વનું ફળ છે. મિથ્યાત્વ છે. એય..! ત્યાં ભાઈ સાથે વાતું ચાલતી હોયને પછી સમાધાન ન કરેને. અહીં તો સર્વજ્ઞ પરમેશ્વર એમાં કુંદકુંદાચાર્યે કહેલું. કુંદકુંદાચાર્યે એમ કહે અઠ્યાવીશ મૂળગુણ હોય મુનિને અને વસ્ત્ર ન હોય, અચેલપણું હોય, એકવાર આહાર, ઉભા-ઉભા આહાર હોય એ ક્યાં ગયું તારું?

મુમુક્ષુ :- અચેલમાં થોડુંક...

ઉત્તર :- થોડું થોડું હોય ત્યાં. થોડા રાખે થોડા. આખી ઇન્દ્રિયોથી જ્યાં અણિન્દ્રિય

દશા જ્યાં પ્રગટી ચારિત્રસહિતની હોં! ત્યાં એને વસ્ત્રનો તાણો લેવાની વૃત્તિના સ્થાન કેવા? આહા..હા..! એને ખબર નથી ધર્મની. ચારિત્રની ખબર નથી. નથી ચારિત્રની ખબર, નથી સમ્યગ્દર્શનની ખબર. એમ ન ચાલે. ભગવાનનો વિરહ પડ્યો એથી કાંઈ આવા ઉભા કરે. બખડ.. ન ચાલે.

મુમુક્ષુ :- માર્ગ તો છે ઈ છે.

ઉત્તર :- માર્ગ તો એ છે. આહા..હા..!

અહીં કહે છે, '**કર્તાકર્મપણું નથી.**' આહા..હા..! લ્યો એ વસ્ત્ર રાખે અને સંયમ હોય એટલે એ વસ્ત્ર પણ સંયમનું કાર્ય કરે... એમાં આવ્યુંને? એમ છે નહિ. કહો, સમજાણું કાંઈ? અહીં તો વહેલા આવ્યા હોત તો હિન્દી થાત. મોડા આવ્યા એટલે હિન્દી ગયું. હિન્દી તો પહેલા શરૂઆતમાં આવ્યા હોય તો થાયને. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! '**પરમાર્થે કોઈ પણ દ્રવ્યને કોઈ અન્ય દ્રવ્યની સાથે કર્તાકર્મભાવ નથી.**' આહા..હા..!

---

## શ્લોક-૫૦

(स्रग्धरा)

ज्ञानी जानन्नपीमां स्वपरपरिणतिं पुद्गलश्चाप्यजानन्
व्याप्तृव्याप्यत्वमन्तः कलयितुमसहौ नित्यमत्यन्तभेदात्।
अज्ञानात्कर्तृकर्मभ्रममतिरनयोर्भाति तावन्न यावत्
विज्ञानार्चिश्चकास्ति क्रकचवददयं भेदमुत्पाद्य सद्यः।।५०।।

હવે આ જ અર્થનું કળશરૂપ કહે છેઃ-

શ્લોકાર્થ :- [ज्ञानी] જ્ઞાની તો [इमां स्वपरपरिणति] પોતાની અને પરની પરિણતિને [जानन् अपि] જાણતો પ્રવર્તે છે [च] અને [पुद्गलः अपि अजानन्] પુદ્ગલદ્રવ્ય પોતાની અને પરની પરિણતિને નહિ જાણતું પ્રવર્તે છે; [नित्यम् अत्यन्त-भेदात्] આમ તેમનામાં સદા અત્યંત ભેદ હોવાથી (બન્ને ભિન્ન દ્રવ્યો હોવાથી), [अन्तः] તે બન્ને પરસ્પર અંતરંગમાં [व्याप्रृव्याप्यत्वम्] વ્યાપ્યવ્યાપકભાવને [कलयितुम् असहौ] પામવા અસમર્થ છે. [अनयोः कर्तृकर्मभ्रममतिः] જીવ-પુદ્ગલને કર્તાકર્મપણું છે એવી ભ્રમબુદ્ધિ [अज्ञानात्) અજ્ઞાનને લીધે

[तावत् भाति) ત્યાં સુધી ભાસે છે (-થાય છે) કે [यावत्] જયાં સુધી [विज्ञानार्चिः] (ભેદજ્ઞાન કરનારી) વિજ્ઞાનજ્યોતિ [क्रकचवत् अदयं] કરવતની જેમ નિર્દય રીતે (ઉગ્ર રીતે) [सद्यः भेदम् उत्पाध] જીવ-પુદ્‌ગલનો તત્કાળ ભેદ ઉપજાવીને [न चकास्ति] પ્રકાશિત થતી નથી.

ભાવાર્થ :- ભેદજ્ઞાન થયા પછી, જીવને અને પુદ્‌ગલને કર્તાકર્મભાવ છે એવી બુદ્ધિ રહેતી નથી; કારણ કે જયાં સુધી ભેદજ્ઞાન થતું નથી ત્યાં સુધી અજ્ઞાનથી કર્તાકર્મભાવની બુદ્ધિ થાય છે.

## કળશ-૫૦ ઉપર પ્રવચન

કળશ-૫૦.

(स्रग्धरा)

ज्ञानी जानन्नपीमां स्वपरपरिणतिं पुद्गलश्चाप्यजानन्

व्याप्तृव्याप्यत्वमन्तः कलयितुमसहौ नित्यमत्यन्तभेदात्।

अज्ञानात्कर्तृकर्मभ्रममतिरनयोर्भाति तावन्न यावत्

विज्ञानार्चिश्चकास्ति क्रकचवददयं भेदमुत्पाद्य सद्यः।।५०।।

'શ્લોકાર્થ :- જ્ઞાની તો...' ધર્મી જીવ તો, સમ્યગ્દૃષ્ટિ જીવ તો. 'પોતાની અને પરની પરિણતિને જાણતો પ્રવર્તે છે...' બસ આ. પોતાની પરિણતિ ભલે લીધી છે, પણ પોતાના દ્રવ્યને, ગુણને અને પર્યાયને જાણતો પ્રવર્તે અને રાગ છે એમ જાણતો પ્રવર્તે. રાગ મારો છે અને મારામાં છે એમ નહિ. સમજાણું કાંઈ? ભારે માર્ગ ભાઈ! કુંદકુંદાચાર્યને ગુરુ માને અને કુંદકુંદાચાર્ય આમ કહે.

મુમુક્ષુ :- ગુરુને માને તો ગુરુ ક્યાં આડા આવે છે?

ઉત્તર :- ગુરુ કોને આડું આવવાનું કહ્યું છે? એને લૂગડાનો જે ભાવ છે એ આડો આવે છે એમ કહ્યું છે. એક જણો એમ કહેતોને? ભીંડ. બ્રાહ્મણ. ચોમાસુ ચાર મહિના ગયા હતા. ત્યાં ગયા હતા. ઓલાપણે ત્યાંથી સાંભળવા દરરોજ આવતા ત્યાં. પણ આગ્રહનો પાર ન મળે. એવો આગ્રહ. અંદર વાત બધી કરી.

મુમુક્ષુ :- એમની ઉદારતા.

ઉત્તર :- ઉદારતા એ બધી ગપ વાત છે. કહો, સમજાણું કાંઈ? અંદરમાં કહે સોએ

સો ટકા સાચું હોં! અમલમાં કેમ મૂકવું? અમે એમ કહીએ કે તમે વેશ છોડી દ્યો અને અહીં રહો અને તમારી જવાબદારી અમારી બધી. અહીં રહે, ન રહે અમારે શું છે? એવા તો ઘણા આવે. પાંજરાપોળ થાય અહીં મોટી. અમે કાંઈ એમ કહેતા નથી, ભાઈ તમે કેમ... અમે તો માર્ગ શું છે તે વાત કરીએ. આહા..હા..! અહીં તમે છોડી દ્યો અને રહો અને તમારી જવાબદારી સોનગઢ લે એ અહીં કાંઈ છે નહિ. પછી બહાર નીકળીને લખ્યું. લેખ તો લખવો જોઈએને વિરોધનો? એમ થઈ જાય કે આ એમના થયા નથીને. એ વાત તો બહુ સારી કરે છે નિર્વિકલ્પની, પણ પાછો વસ્ત્રનો કટકો નડે છે એમને. ઠીક! એમ કરીને ઓલા શ્વેતાંબરને રાજી રાખ્યા. એમ કે હું કાંઈ બગડ્યો નથી. એવા, આવું ને આવું. આત્માએ એમ જ કર્યું છે, અનાદિથી બગાડ્યું છેને. આહા..હા..! પાળી ન શકાય એથી કરીને બીજી રીત માનવી એમ છે કાંઈ? સમજાય છે કાંઈ?

'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' ભગવાનનો માર્ગ તો અનાદિ (એક જ હોય). કોઈ ધ્યાનમાં હોય અને વસ્ત્ર માથે ઉપર નાખે તો એ ક્યાં એણે રાખ્યું? એ જુદી વસ્તુ છે. પણ મન, વચન અને કાયાથી, કરણ, કરાવન, અનુમોદનથી ત્યાગ ન થાય ત્યાં સુધી મુનિપણું આવે ક્યાંથી? કાયાથી પણ કરણ, કરાવન, અનુમોદનનો ત્યાગ ન થાય ત્યાં સુધી વસ્ત્રનો નવ કોટીનો ત્યાગ ક્યાં છે? અમરચંદભાઈ! આવા ઝઘડા ઉઠ્યા છે. બાપુ અહીંયાં તો પરમાત્માની વાત છે. એ પરમાત્માએ કહ્યું, એ કુંદકુંદાચાર્યે કહ્યું એ સિવાય એક અક્ષર ફેરફાર નથી. ધર્મી પોતાની અને પરની પરિણતિ જાણતો પ્રવર્તે. આહા..હા..! જ્ઞાની અને ધર્મી તો એને કહીએ કે પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે અને રાગાદિ શુભ હોય એને જાણે. એ મારું કાર્ય છે કે એ મને મારી પરિણતિનો કર્તા છે એમ જાણે નહિ. આહા..હા..!

**'પુદ્‌ગલદ્રવ્ય પોતાની અને પરની પરિણતિને નહિ જાણતું પ્રવર્તે છે;...'** અને રાગાદિના પરિણામ એ પોતે પોતાને જાણે નહિ અને ભગવાન આત્માને પણ એ જાણે નહિ અને આત્માના નિર્મળ પરિણામને પણ એ રાગ જાણે નહિ. **'नित्यम् अत्यन्त-भेदात्'** **'આમ તેમનામાં સદા અત્યંત ભેદ હોવાથી (બન્ને ભિન્ન દ્રવ્યો હોવાથી),...'** બેય વસ્તુ તદ્દન જુદી. આહા..હા..! **'તે બન્ને પરસ્પર અંતરંગમાં વ્યાપ્યવ્યાપકભાવને પામવા અસમર્થ છે.'** **'कलयितुम् असहौ'** શું કહે છે સમજાય છે કાંઈ? કે આત્માના જે પરિણામ ધર્મના, ભગવાન પૂર્ણ આનંદ શુદ્ધ ચૈતન્યનો સ્વીકાર થઈને સમ્યગ્દર્શન જ્ઞાન થયું કે અંશે સ્થિરતા ચારિત્ર થઈ એ પરિણામને અને રાગના પરિણામને વ્યાપ્યવ્યાપકભાવ થવા અસમર્થ છે. એ વિકારી પરિણામ જીવનું વ્યાપ્ય અને આત્મા વ્યાપક કે વિકારી પરિણામ વ્યાપક અને નિર્વિકારી પરિણામ વ્યાપ્ય એમ થવાને અસમર્થ છે. સમજાણું કાંઈ? દુનિયામાં માને, ન માને, સંખ્યા ઓછી-વધારે એની સાથે કાંઈ સંબંધ નથી. માર્ગ તો આ છે. અરેરે! ગણધરો

જાણે છે, ઈન્દ્રો જાણે છે. આ કાંઈ પાંચ-પચાસ-સો-બસ્સો-પાંચસો ભેગા થઈને માને એ માર્ગ છે આ? આહા..હા..! અનંત કેવળીઓ કહેતા આવે છે. અનંત સમકિતીઓ આ રીતે જ અનુભવી રહ્યા છે. સિદ્ધ આદિ અનંત છે અને બીજા અસંખ્ય છે. કહો, સમજાણું કાંઈ?

**'તે બન્ને પરસ્પર...'** જોયું! પરસ્પર એટલે? કે જે શુભરાગ છે એ આત્માનું વ્યાપ્ય અને આત્મા વ્યાપક, ધર્મના પરિણામ વ્યાપક અને રાગ વ્યાપ્ય એમ નથી અને પુણ્ય પરિણામ વ્યાપક અને ધર્મના વ્યાપ્ય એમ પણ નથી. પરસ્પર બેને આવો સંબંધ છે નહિ. સમજાણું કાંઈ? **'कलयितुम् असहौ' 'પામવા અસમર્થ છે.'** આહા..હા..! **'अनयोः कर्तृकर्मभ्रममतिः' 'જીવ-પુદ્‌ગલને કર્તાકર્મપણું છે એવી ભ્રમબુદ્ધિ અજ્ઞાનને લીધે...'** અજ્ઞાનને લીધે ભ્રમણા છે કે શુભરાગ મારું વ્યાપ્ય અને હું એનો વ્યાપક અથવા શુભરાગ વ્યાપક અને મારી પરિણતિ તેનું વ્યાપ્ય. સમજાણું કાંઈ? **'જીવ-પુદ્‌ગલને કર્તાકર્મપણું છે એવી ભ્રમબુદ્ધિ અજ્ઞાનને લીધે...' 'तावत् भाति' 'ત્યાં સુધી ભાસે છે (-થાય છે) કે જયાં સુધી...' 'विज्ञानार्चिः' '(ભેદજ્ઞાન કરનારી) વિજ્ઞાનજ્યોતિ કરવતની જેમ નિર્દય રીતે...'** આહા..હા..! અનાદિની રાગ અને પર્યાયની એકતા છે એથી હવે કહે છે કે નિર્દય રીતે ઉગ્ર પુરુષાર્થ કરીને જેણે રાગ અને આત્માને જુદાં પાડ્યા. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં તો હજી શરીરની ક્રિયા...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો સુદ ૮, રવિવાર, તા. ૧૫-૧૦-૧૯૭૨
## કળશ-૫૦, ગાથા-૮૦ થી ૮૨, પ્રવચન-૧૯૨

આ સમયસાર, કર્તાકર્મ અધિકાર. ભાવાર્થ છેને કળશનો? **'ભેદજ્ઞાન થયા પછી, જીવને અને પુદ્‌ગલને કર્તાકર્મભાવ છે એવી બુદ્ધિ રહેતી નથી;...'** એટલે શું? એ તો શબ્દ થયા. જે આ આત્મા છે એ આત્મા તો આનંદ અને જ્ઞાનના સ્વભાવથી ભરેલું તત્ત્વ છે. આ તો દેહ અને આ તો વાણી જડ છે આ તો માટી.

મુમુક્ષુ :- આમાં જીવ નથી?

ઉત્તર :- આ તો જડ છે, આ તો માટી છે. આ તો અજીવ થઈને રહેલ છે. જીવ થઈને રહેલ છે? જીવ તો અરૂપી છે. અને એના ગુણો જે છે જીવના શક્તિ સત્ત્વ એ તો જ્ઞાન, દર્શન, આનંદ આદિ એનું સત્ત્વ એ તો એનામાં પોતાના ભાવરૂપ છે. એ શરીર થઈને રહ્યું છે? આ તો જડ છે, અજીવ થઈને રહ્યું છે. વાણી અજીવ થઈને બોલાય છે. કર્મ અજીવ થઈને રહ્યા છે અને બીજા જગતના પદાર્થો પોતાથી ભિન્ન તે-તે જીવ જીવ થઈને રહ્યા છે અને અજીવ અજીવ થઈને રહ્યા છે. એ કાંઈ તારા થઈને રહ્યા છે એવું કાંઈ છે નહિ. કહો, સમજાણું કાંઈ? એમ જ્યારે અંદરમાં હું તો એક આત્મા છું, જ્ઞાન અને આનંદના સ્વભાવથી ભરેલી ત્રિકાળી ચીજ છું. મારામાં રાગાદિ દેખાય એનાથી પણ હું ભિન્ન છું. આનાથી તો ભિન્ન છું જ આ તો માટી શરીર આદિ પણ અંદરમાં શુભ અને અશુભ વિકલ્પો રાગ થાય હિંસાના, જૂઠાના, રળવાના, ભોગના, વાસનાના એ બધા પાપરાગ છે અને કોઈ દયાના, દાનના, ભક્તિના થાય એ પુણ્યરાગ છે. બેય વિકાર અને વિભાવરૂપ મેલ છે.

એમ '**ભેદજ્ઞાન થયા પછી,...**' જુઓ, આ એનો અર્થ છે. એ રાગના ભાવ અને ભગવાન આત્માનો સ્વભાવ બે તદ્દન ભિન્ન છે. એમ થયા પછી '**જીવને અને પુદ્‌ગલને કર્તાકર્મભાવ છે એવી બુદ્ધિ રહેતી નથી;...**' શરીરનું કામ હું કરું, વાણીનું કરું, બીજાના કામ હું કરી શકું એવી બુદ્ધિ જ્ઞાનીને રાગ અને પરથી ભિન્ન થતાં, જેવું સ્વરૂપ ચૈતન્યનું છે એવું ભાનમાં આવતા એને પરનું કરી શકું છું (એમ રહેતું નથી). આ ડોક્ટર તો બહુ કરે, ડોક્ટર તો કરતા હશે કે નહિ? રામજીભાઈ! ડોક્ટરે કીધું નહિ? મોટો સર્જન હતો હેમંતકુમાર. ભાવનગર. નામ સાંભળ્યું હતું. ભાવનગરમાં નહિ મોટા-મોટા ડોક્ટર સર્જન? પટણીના સાળાના દીકરા. પટણી હતાને. પ્રભાશંકર પટણી એના સાળાના દીકરા મોટા. આપણે આવ્યા હતા. બે-ત્રણ વાર. એ બીજાનું ઓપરેશન કરતા હતા આમ જરી. મને કાંઈક થાય છે. થઈ રહ્યું. એ તો આમ બેઠા એવો ઉડી ગયો. કહો, રમેશભાઈ! ડોક્ટર .. જીવનભાઈ ડોક્ટર હતા. ... નરશીભાઈના જમાઈ હતા. જેતપુરના, જેતપુરના એક હતા. નરશી ડોક્ટર નહોતા? રાજકોટમાં મોટા ડોક્ટર. કેશુભાઈ છે ત્યાં છોકરો. એના જમાઈ હતા જીવનલાલ. એ પણ જુવાન અવસ્થા. કોઈકનું આમ કરતા હતા, એમાં એનું લોહી આવી ગયું જરી અડી ગયું. સેપ્ટીક થઈ ગયું, ત્યાંને ત્યાં દેહ છૂટી ગયો. એ દેહની સ્થિતિ હોય ત્યારે એને કાંઈ પણ રાખી શકાય, ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. આ તો અભિમાન છે લોકોના કે અમે આમ કરી દઈએ કોકના. કોકના શરીરના અને પરના. એ મિથ્યાદષ્ટિ મોટો અભિપ્રાય મહા જૂઠો છે અને જૂઠાનું ફળ મોટું જૂઠું ફળ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ સેપ્ટીક થયું...

ઉત્તર :- એ પણ એ વખતે થવાનું હોય તે જ થયું છે. એ રીતે એમ જ થયું. પણ આ .. હમણાનો દાખલો નહિ પરમ દિ'નો હજી? કામાણી ભાષણ આપતા હતા લ્યો કેટલાક કહે કરોડો આંકડા કહે છે. આંકડાનું ક્યાં છે. ત્રણ-ચાર કરોડ ને ધૂળ. એક એના વેવાઈ છે નહિ ત્યાં? જયપુરમાં. અબજોપતિ છે. બે અબજ. આપણા દશાશ્રીમાળી વાણીયા છે. અબજો. અબજો એટલે સો કરોડ. એ તો આંકડા બહારની જડની ચીજ છે. ભગવાનજીભાઈ! એ કાંઈ આત્માની ચીજ છે નહિ અને એ આત્મા બહુ પ્રયત્ન કરે માટે પ્રાપ્ત થાય એમ પણ નથી. બુદ્ધિ વિનાના માણસો પણ બાર મહિને લાખો-કરોડો પેદા કરે છે. સમજાણું કાંઈ? અને બુદ્ધિવાળા હોય... બુદ્ધિના બારદાન સમજાણું? બુદ્ધિમાં કાંઈ માલ ન હોય. છતાં લાખો રૂપિયા (કમાય). એક દિવસના લાખ. આપણે છેને શાંતિલાલ ખુશાલ, ગોવામાં. ભાઈ સાંભળ્યું છેને? આપણા દશાશ્રીમાળી વાણિયા છે. એક દિવસની લાખની પેદાશ. લાખ રૂપિયાની પેદાશ હોં! શું થયું? એ તો પૂર્વના કોઈ પુણ્યના રજકણ હોય છે એ ખરવા ટાણે આવો સંયોગ દેખાય છે. અજ્ઞાની મૂઢ વચમાં પડીને એમ માને છે કે હું ડાહ્યો થયો, મને વ્યવસ્થા કરતા આવડ્યું એથી આ બધી પૈસા આદિની પ્રાપ્તિ મને થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો કહે છે એ પરના કામ હું કરું છું, હું પૈસા મેળવી શકું છું અને હું શરીરનો રોગ મટાડી શકું છું, પરને મદદ કરીને એને કાંઈક ટેકો આપું છું પરના સારા કામમાં, એ બધી માન્યતા મૂઢ જીવની. તમારે તો ત્યાં બહુ સર્વોદયમાં ચાલે. તમારો કાકો ત્યાં કરતો હશેને બધું? ત્યાં બે વ્યાખ્યાન આપણે આપ્યા હતાને. તે દિ'. આહા..હા..! કોણ કરે ભગવાન! તને ખબર નથી ભાઈ! જગતના તત્ત્વો છે. અજીવ તત્ત્વો છે એ અજીવના તત્ત્વો પોતાનું ટકાવીને બદલી રહ્યા છે. એ બીજાને લઈને બદલે એ વાતમાં એકેય દોકડો સાચો નથી.

અહીં તો વિશેષ કહે છે. જેને એમ અંદર ભાન થયું કે અરે! હું તો આત્મા. અને આત્મા એટલે જ્ઞાન અને આનંદનો દરિયો, સાગર. હું તો શરીર, વાણી, મનથી તો જુદો છું, પણ એ પુણ્ય અને પાપના વિકલ્પોની લાગણી જે રાગની કૃત્રિમ એનાથી મારી ચીજ તો ભિન્ન છે. નાથુલાલજી! કેમ બેસે? સાંઢડા જેવું શરીર હોય, ત્રણ-ત્રણ લાડવા પચતા હોય, પતરવેલિયા ભેગા ખાતો હોય તળીને ઓય.. ખાઈને ઉઠે એટલે. એય..! અરેરે! ભાઈ! તને ખબર નથી, પ્રભુ! તું કોણ છો? ક્યાં છે અને શું તને થાય છે? તું પરનું કાંઈ કરી શકતો નથી. આહા..હા..! અને રાગનો ભાવ એ પણ પોતાનો સ્વભાવ નહિ. દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ પણ શુભરાગ એ વિકાર, વિભાવ. આહા..હા..! અરે! એની જાતને એણે કોઈ દિ' જાણી નહિ. બહારમાં પહોળો થઈને ફર્યો, પણ અંદરમાં સંકોચાઈ ગયો છે.

એટલે? અંદરમાં પોતાની જાતને જાણ્યા વિના એની વર્તમાન દશા સંકોચાઈ ગઈ છે મિથ્યાત્વની ભ્રમણાને લઈને. આહા..હા..! બહારમાં ભલે અબજોપતિ ગણાય, અરે! દેવ મોટા થાય. દેવ એટલે સ્વર્ગના દેવ. એથી શું? માખી ઉંચે ચડે એટલે કાંઈ માણસથી ઉંચી થઈ ગઈ? એમ કોઈ પુણ્ય પરિણામથી સ્વર્ગમાં જાય એથી શું ઉંચો થયો? એ તો જડના પરિણામ છે અને જડના પરિણામનું ફળ ગતિ છે. આહા..હા..!

ભગવાન! તું તો ચૈતન્ય સ્વરૂપ છોને પ્રભુ! કાયમ રહેનારો આદિ અને અંત વિનાની ચીજ તારી છે. છે એની આદિ ન હોય, છે એનો અંત ન હોય. છે એ પોતાના ગુણો અને સ્વભાવથી ખાલી ન હોય. આ તો લોજિકથી વાત છે. ડોક્ટર! કહો, સમજાય છે કાંઈ? આહા..હા..! એવો ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ સત્ નામ શાશ્વત, ચિદ્ નામ જ્ઞાન અને આનંદના સાગરથી ભરેલી મારી ચીજ છે. હું એ પુણ્ય અને પાપના રાગનો કર્તા અને મારું કર્મ એ મારી ચીજમાં નથી. આહા..હા..! તો પછી મારા સિવાય જગતના પદાર્થોને હું સુધારી દઉં, બગાડી દઉં, મદદ કરીને તેને કાંઈક સારા કરું એ બધી ભ્રમણા અજ્ઞાનીની છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- પાંગળા બનાવી દીધા.

ઉત્તર :- પાંગળો પરને માટે પાંગળો છે. પરનું શું કરે? ધૂળ? ઓલા નાગનેશવાળા કહેતા હતા, જુવાન માણસ. ભગવાનભાઈ કહેતા હતા. આપણા પરષોત્તમભાઈના દીકરાની વહુ આમ પડી જાય છે. ઉભી થાય ત્યાં પડી જાય છે. કામદાર. ૩૦ વર્ષે. ભાવનગર. ભગવાનદાસ કહેતા હતા. એની દીકરી છેને એમના દીકરા વેરે. એક તો પરષોત્તમભાઈની વહુને પક્ષઘાત. એમાં આ એક કરનારી આમ .. પડે આમ પડી જાય. શું છે પણ? મને ખ્યાલ નહિ. એના દીકરાની વહુ છે. શરીરમાં.. અરે પણ ભાઈ! કાંઈક રૂપાળું શરીર હોય, પાંચ-પચ્ચીસ લાખ પૈસા હોય, હું પહોળો ને શેરી સાંકડી થઈ જાય. હીરાભાઈ! આ તો બધું ઘણું જોયું છેને. આહા..હા..!

કહે છે, જ્યાં સુધી એને આત્મા ને રાગ ને પરથી ભિન્નતાનું ભાન નથી ત્યાં સુધી પરના કામ કરી શકું છું એવી એનામાં ભ્રમણા પાપની છે. અને અંદરમાં પણ પુણ્ય અને પાપના વિકલ્પો, વિભાવના વિકારની લાગણી ઉભી થાય છે એ કૃત્રિમ, ક્ષણિક ઉપાધિ, મેલ અને દુઃખ છે. એનું જ્યાં ભાન થાય છે કે એ દુઃખ એ મારી ચીજ નહિ. આત્માની ચીજ એ દુઃખ હોઈ શકે? શુભ-અશુભ જે વૃત્તિ ઉઠે છે એ બધો મેલ છે. જળમાં જેમ શેવાળ છે, જળમાં જેમ શેવાળ છે એમ ભગવાન ચિદાનંદના દરિયામાં... આહા..હા..! એ પુણ્ય અને પાપના શુભ અને અશુભભાવ એ શેવાળની પેઠે મેલ છે. અરેરે! કેમ બેસે એને?

કહે છે કે જ્યાં એ નથી બેઠું એવું, ત્યાં તો એ અજ્ઞાની રાગનો કર્તા થઈ, ભ્રમણા,

જૂઠી શ્રદ્ધા, દૃષ્ટિને સેવી અને જૂઠા ફળ ચાર ગતિમાં રખડે એ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ભ્રમણા ... એ વાત તો કરો.

ઉત્તર :- આ એની તો વાત ચાલે છે આ. એય..! પૈસાથી સુખી થાય છે? ધૂળથી? આહા..હા..! કરોડો રૂપિયા હતા. અહીં આપણે નજરે નથી જોયું પોપટભાઈનું? મોહનભાઈ ઘીયા. ભાઈ! ઓળખો છો? મોહન ઘીયા રાજકોટ. એમના મોટા દીકરા હતા પ્રભુભાઈ. કરોડ રૂપિયા છે એની પાસે. હવે એ મરી ગયા તો છ દિવસ સુધી અસાધ્ય. ડોસા બેઠેલા. રતિભાઈ આવ્યા હતા. બહુ એને રસ, રતિભાઈને રસ બહુ. પ્રભુભાઈ ગુજરી ગયા પછી ઉદાસ બહુ થઈ ગયા. આહા..હા..! કરોડો રૂપિયા, બાપ બેઠા, છ દિ' સુધી અસાધ્ય હોં. અહીં તો ચડાવે છે ઓલું. ઓક્સીજન. આ ડોક્ટર બધા .. કરાવે છે ત્યાં. આમ કરો.. આમ કરો... .. મોટો ડોક્ટર બોલાવ્યો હતો નહિ ઓલો? કોક નથી ક્યાંનો? મુંબઈનો. પંદરસો રૂપિયાનું દનૈયુ લ્યે છે. નામ છે કાંઈક આપણને યાદ નથી. એ આવ્યો હતો. .. મોટો ડોક્ટર. એ આવ્યો હતો. એ કહે, આમાં કાંઈ નથી. આહા..હા..! અમે ગયા હતા, રામજીભાઈ હતા. આ દશા જુઓને બાપુ! એ શરીરની દશા તો એ થવાની, થવાની અને થવાની. તને અત્યારે નિરોગતા લાગે એટલે એમ લાગે કે જાણે... આહા..હા..! અમે જાણે સુખી છીએ. ધૂળેય નથી સાંભળને. આહા..હા..!

મુમુક્ષુ :- આપ વર્તમાનમાં સુખી થાય એમ બતાવો.

ઉત્તર :- આ વર્તમાનમાં સુખી થવાનો આ માર્ગ છે. રાગ અને શરીરથી ભિન્ન જે સુખસ્વરૂપ પ્રભુ આત્મા છે એની સત્તાનો અંદર સ્વીકાર થઈને બીજી સત્તા મારામાં નથી એવી દૃષ્ટિ થતાં સુખી થવાનો પંથ એ છે. બાકી બધા દુઃખના રસ્તે પડેલા છે આ બધા હોં આ બધા. હોળી સળગે છે બધાને અંદર. રાગ અને દ્વેષ, વિકલ્પોની લાગણીની વૃત્તિઓમાં અગ્નિમાં અંગારે શેકાય છે. ભાન નથી. સનેપાતિયાને સનેપાતના કાળમાં વાત, પિત્ત ને કફ જ્યારે વકરી જાય એના માપથી આઘું ત્યારે એને સન્નીપાત કહે છે. ત્રણ જોડાણ. સન્નીપાત જોડાણ થઈ જાય. એ દુઃખની દશામાં વધી ગયો છે. એટલે બે ભાગ થઈ ગયો. દાંત કાઢે. હરખ સનેપાતિયો દાંઢ કાઢે. દાંત કાઢે ખડ... ખડ... ખડ... જોડે ઉભેલા (જોવે કે) અરેરે! હવે કલાકે, બે કલાક છોડી દેશે, દેહ છૂટી જશે. આ તો જોયા હશેને ઘણા. આહા..હા..! એ સુખી છે દાંત કાઢે છે તો? એને ભાન નથી. અક્કલ ખોવાઈ ગઈ છે. દુઃખની પરાકાષ્ઠા થઈ જાય છે, બેભાન થઈ જાય. ... માણસ હોય એને અમુક સુધી ધોકા મારો ત્યાં સુધી કાંઈક કાંઈક દુઃખની પરિમિતતા હોય ત્યાં સુધી એને સાધ્ય રહે અંદર. પછી બહુ મારે તો અસાધ્ય થઈ જાય. એમ એ સનેપાતમાં દુઃખની પરાકાષ્ઠા વધી જાય છે. એથી એ એમાં દાંત કાઢે. અને આઠ જણા ઝાલ્યા રહે નહિ. આઠ જણા ઝાલે તોપણ. એનું બળ છે અને

એ સુખી છે? એમ અજ્ઞાની મૂઢ શરીર સારું, પૈસા, આબરૂ, કીર્તિ, ધૂળધાણી. ધૂળધાણી આ બધું બહારનું ફર્નિચર, એના સોગઠા હોય છે બહારના બે-પાંચ-દસ લાખના બંગલામાં. સુખી છે ઈ? સનેપાતિયો જેમ દાંત કાઢીને ખુશી માને એવો એ છે. ગીરધરભાઈ! નહિતર લાવો નક્કી કરો. ન્યાયથી નિર્ણય કરવો પડશે કે નહિ એને? સુખ હોય તો એને આત્માનો આનંદ આવવો જોઈએ.

મુમુક્ષુ :- આટલી બધી મજા કરે અને...

ઉત્તર :- ધૂળેય મજા નથી. હોળી સળગે છેને. કીધુંને સનેપાતિયો દાંત કાઢે અને સુખી હશે ઈ? એમ આ બધા પાંચ-પચાસ લાખની મુડી, શરીર રૂપાળા, બાયડી કહ્યાગરી અને છોકરા લાંબા મોટા પંજાદાર ને બુદ્ધિવાળા. સુખી છે. ધૂળમાંય નથી સાંભળને. મૂઢ! ગાંડો પાગલ થઈ ગયો છે. નાથુલાલજી! અહીં તો એ વાત છે.

એ અહીં ભગવાન કહે છે કે જ્યાં સુધી પરમાં હું કાંઈક કરી શકું છું, રાગના પરિણામ પણ મારા છે એવો મૂઢ જીવ ચાહે તો દેવ હો, રાજા હો, શેઠિયો જગતમાં શેઠ કહેવાય, એ શેઠ નથી પણ હેઠ છે બધા. જેને આત્મા અંદર રાગથી ભિન્ન એવી ભાનની દશા નથી એ બધા પ્રાણી દુઃખી છે. ભગવાનજીભાઈ! આહા..હા..! અરેરે! એ દુઃખની વ્યાખ્યા સમજતો નથી. દુઃખની વ્યાખ્યા એવી નથી પ્રતિકૂળતા કોઈ આવે તો દુઃખી. એ વ્યાખ્યા જ નથી. દુઃખની વ્યાખ્યા એ છે કે ભગવાન આનંદની મૂર્તિ પ્રભુ વસ્તુ છે એ દુઃખરૂપ કેમ હોઈ શકે? પદાર્થ છે અનાદિનો અને જે વસ્તુ એ દુઃખરૂપ કેમ હોય? એ તો આનંદરૂપ વસ્તુ છે. એનાથી ઉલટી પરિણતિ નામ વિભાવદશા પુણ્ય અને પાપના ભાવ એ દુઃખદશા છે. સમજાય છે કાંઈ? ભારે!

મુમુક્ષુ :- રૂપિયા ખર્ચે અને વળી દુઃખ મળે.

ઉત્તર :- રૂપિયા ક્યાં એના બાપના હતા તે ખરચે. એય..!

મુમુક્ષુ :- રૂપિયા ખર્ચે અને એનાથી દુઃખ મળે, તો તો દાન ન કરવું એ સારું.

ઉત્તર :- પણ રાખી કોણ શકે? દઈ કોણ શકે? એ તો પર જડ ચીજ છે. સમજાણું કાંઈ? જડનું જવું-આવવું ને ટકવું એ તો જડને કારણે છે. બીજાને કારણે એ જડ જાય, આવે ને ટકે એમ છે નહિ. વાતની જ ખબર નથી.

મુમુક્ષુ :- આપના સિદ્ધાંતો જ બધા અમારાથી ઊંધા.

ઉત્તર :- વીતરાગના સિદ્ધાંતો જ જુદા છે આખા. કેમ ડાહ્યાભાઈ! આહા..હા..!

અહીં કહે છે કે '**ભેદજ્ઞાન થયા પછી,...**' આહા..હા..! મોટી વ્યાખ્યા આ. રાગ અને શરીરાદિથી પર મારી ચીજ જુદી છે એવું જે અંદર ભાન થવું, જ્ઞાન થવું, શ્રદ્ધા થવી એ સુખી થવાના પંથે પડે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! એને '**જીવને અને પુદ્‌ગલને**

**કર્તાકર્મભાવ છે એવી બુદ્ધિ રહેતી નથી;...'** પરના કામ કરી શકું, રાગના પરિણામ એ મારું કાર્ય છે એવી બુદ્ધિ, રાગ અને પરથી ભિન્ન વસ્તુ છે એવું ભાન થનારને આવી બુદ્ધિ રહેતી નથી. આ તો જુદી જાતની વાત છે દુનિયાથી. સમજાણું કાંઈ?

'**કારણ કે જ્યાં સુધી ભેદજ્ઞાન થતું નથી...**' અરે! પોતાની ચીજ અંદર સચ્ચિદાનંદ પ્રભુ આહા..હા..! જ્ઞાન અને આનંદથી ભરેલો. અરે! અનંત-અનંત શક્તિનું સાગરનું સત્ત્વ એવો જે નિજનિધાન પરમાત્મા પોતે છે એનું જ્યારે ભેદજ્ઞાન નથી થતું, એ શુભ અને અશુભરાગથી જુદો અને પરપદાર્થથી જુદો એવું ભેદજ્ઞાન થતું નથી. '**ત્યાં સુધી અજ્ઞાનથી...**' આ તો ટૂંકા શબ્દો છે. એની મેળાએ વાંચે તો કાંઈ સમજાય એવું નથી. કોઈ દિ' ચોપડો જોયો ન હોય. સમજાણું કાંઈ? આ લોજિકથી વાત ચાલે છે. '**ત્યાં સુધી અજ્ઞાનથી કર્તાકર્મભાવની બુદ્ધિ થાય છે.**' જ્યાં સુધી એને ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપી, ચૈતન્ય ચમત્કારી ચીજ એ રાગ ને પુણ્યથી અને શરીરથી ભિન્ન છે, જુદું છે એવું જ્યાં સુધી એને જ્ઞાન નથી ત્યાં સુધી અજ્ઞાની પુણ્ય અને પાપના ભાવ મારા અને એનું કર્તવ્ય હું કરું છું અને પરના કામ હું કરું એવી બુદ્ધિ ત્યાં સુધી રહે છે. એ પાખંડ બુદ્ધિ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

## ગાથા-૮૦ થી ૮૨

जीवपुद्गलपरिणामयोरन्योऽन्यनिमित्तमात्रत्वमस्ति तथापि न तयोः कर्तृकर्मभाव इत्याह–

जीवपरिणामहेदुं कम्मत्तं पोग्गला परिणमंति।
पोग्गलकम्मणिमित्तं तहेव जीवो वि परिणमदि।।८०।।
णवि कुव्वदि कम्मगुणे जीवो कम्मं तहेव जीवगुणे।
अण्णोण्णणिमित्तेण दु परिणामं जाण दोह्णं पि।।८१।।
एदेण कारणेण दु कत्ता आदा सएण भावेण।
पोग्गलकम्मकदाणं ण दु कत्ता सव्वभावाणं।।८२।।
जीवपरिणामहेतुं कर्मत्वं पुद्गलाः परिणमन्ति।
पुद्गलकर्मनिमित्तं तथैव जीवोऽपि परिणमति।।८०।।

नापि करोति कर्मगुणान् जीवः कर्म तथैव जीवगुणान्।
अन्योऽन्यनिमित्तेन तु परिणामं जानीहि द्वयोरपि।।८१।।
एतेन कारणेन तु कर्ता आत्मा स्वकेन भावेन।
पुद्गलकर्मकृतानां न तु कर्ता सर्वभावानाम्।।८२।।

यतो जीवपरिणामं निमित्तीकृत्य पुद्गलाः कर्मत्वेन परिणमन्ति, पुद्गलकर्म निमित्तीकृत्य जीवोऽपि परिणमतीति जीवपुद्गलपरिणामयोरितरेतरहेतुत्वोपन्यासेऽपि जीवपुद्गलयोः परस्परं व्याप्यव्यापकभावाभावाज्जीवस्य पुद्गलपरिणामानां पुद्गलकर्मणोऽपि जीवपरिणामानां कर्तृकर्मत्वासिद्धौ निमित्तनैमित्तिकभावमात्रस्याप्रतिषिद्धत्वादितरेतरनिमित्त-मात्रीभवनेनैव द्वयोरपि परिणामः; ततः कारणान्मृत्तिकया कलशस्येव स्वेन भावेन स्वस्य भावस्य करणाज्जीवः स्वभावस्य कर्ता कदाचित्स्यात्, मृत्तिकया वसनस्येव स्वेन भावेन परभावस्य कर्तुमशक्यत्वात्पुद्गलभावानां तु कर्ता न कदाचिदपि स्यादिति निश्चयः।

---

જોકે જીવના પરિણામને અને પુદ્‌ગલના પરિણામને અન્યોન્ય (પરસ્પર) નિમિત્ત-માત્રપણું છે તોપણ તેમને (બન્નેને) કર્તાકર્મપણું નથી એમ હવે કહે છેઃ-

જીવભાવહેતુ પામી પુદ્‌ગલ કર્મરૂપે પરિણમે;
એવી રીતે પુદ્‌ગલકરમનિમિત્ત જીવ પણ પરિણમે. ૮૦.
જીવકર્મગુણ કરતો નથી, નહિ જીવગુણ કર્મો કરે;
અન્યોન્યના નિમિત્તથી પરિણામ બેઉ તણા બને. ૮૧.
એ કારણે આત્મા ઠરે કર્તા ખરે નિજ ભાવથી;
પુદ્‌ગલકરમકૃત સર્વ ભાવોનો કદી કર્તા નથી. ૮૨.

ગાથાર્થ :- [पुद्गलाः] પુદ્‌ગલો [जीवणरिणामहेतुं] જીવના પરિણામના નિમિત્તથી [कर्मत्वं] કર્મપણે [परिणमन्ति] પરિણમે છે, [तथा एव] તેમ જ [जीवः अपि] જીવ પણ [पुद्गलकर्मनिमित्तं] પુદ્‌ગલકર્મના નિમિત્તથી [परिणमति] પરિણમે છે. [जीवः] જીવ [कर्मगुणान्] કર્મના ગુણોને [न अपि करोति] કરતો નથી [तथा एव] તેમ જ [कर्म] કર્મ [जीवगुणान्] જીવના ગુણોને કરતું નથી; [तु] પરંતુ [अन्योडन्यनिमित्तेन] પરસ્પર નિમિત્તથી [द्वयोः अपि] બન્નેના [परिणामं] પરિણામ [जानीहि] જાણો. [एतेन कारणेन तु] આ કારણે [आत्मा] આત્મા [स्वकेन] પોતાના જ [भावेन] ભાવથી [कर्ता] કર્તા (કહેવામાં આવે) છે [तु] પરંતુ [पुद्गलकर्मकृताना] પુદ્‌ગલકર્મથી કરવામાં આવેલા [सर्वभावानाम्] સર્વ ભાવોનો [कर्तान] કર્તા નથી.

**ટીકા :- 'જીવપરિણામને નિમિત્ત કરીને પુદ્‌ગલો કર્મપણે પરિણમે છે અને પુદ્‌ગલકર્મને નિમિત્ત કરીને જીવ પણ પરિણમે છે'- એમ જીવના પરિણામને અને પુદ્‌ગલના પરિણામને અન્યોન્ય હેતુપણાનો ઉલ્લેખ હોવા છતાં પણ જીવ અને પુદ્‌ગલને પરસ્પર વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે જીવને પુદ્‌ગલપરિણામો સાથે અને પુદ્‌ગલકર્મને જીવપરિણામો સાથે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોઇને, માત્ર નિમિત્તનૈમિત્તિકભાવનો નિષેધ નહિ હોવાથી, અન્યોન્ય નિમિત્તમાત્ર થવાથી જ બન્નેના પરિણામ (થાય) છે; તે કારણે (અર્થાત્ તેથી), જેમ માટી વડે ઘડો કરાય છે તેમ પોતાના ભાવ વડે પોતાનો ભાવ કરાતો હોવાથી, જીવ પોતાના ભાવનો કર્તા કદાચિત્ છે, પરંતુ જેમ માટી વડે કપડું કરી શકાતું નથી તેમ પોતાના ભાવ વડે પરભાવનું કરાવું અશકય હોવાથી (જીવ) પુદ્‌ગલભાવોનો કર્તા તો કદી પણ નથી એ નિશ્ચય છે.**

**ભાવાર્થ :- જીવના પરિણામને અને પુદ્‌ગલના પરિણામને પરસ્પર માત્ર નિમિત્તનૈમિત્તિકપણું છે તોપણ પરસ્પર કર્તાકર્મભાવ નથી. પરના નિમિત્તથી જે પોતાના ભાવ થયા તેમનો કર્તા તો જીવને અજ્ઞાનદશામાં કદાચિત્ કહી પણ શકાય, પરંતુ જીવ પરભાવનો કર્તા તો કદી પણ નથી.**

## ગાથા-૮૦ થી ૮૨ ઉપર પ્રવચન

હવે અધિકાર બીજો આવે છે. આ તો અધિકાર ભેદજ્ઞાનનો હતો. '**જોકે જીવના પરિણામને...**' હવે આ વાત જીવના પરિણામમાં જુદી જાત છે આ. આહા..હા..!

મુમુક્ષુ :- વિકારી પરિણામ છે.

ઉત્તર :- વિકારી પરિણામ. ૭૯ સુધી જીવના પરિણામ એટલે ભગવાન જ્ઞાન અને આનંદનું સ્વરૂપ એના જ્ઞાન અને આનંદની દશા થાય તે જીવના પરિણામ. સમજાણું કાંઈ?

અહીંયાં હવે બીજી વાત આવે છે કે જીવના પરિણામ એટલે પુણ્ય અને પાપ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ વિકલ્પની લાગણીઓ એ બધા જીવના વિકારી પરિણામ. '**અને પુદ્‌ગલના પરિણામને...**' અને જે જડ કર્મ બંધાય એને '**અન્યોન્ય (પરસ્પર) નિમિત્ત-માત્રપણું છે...**' કહે છે કે પુણ્ય-પાપના ભાવ એ નવા કર્મ બંધાય એમાં એ નિમિત્ત છે અને જૂના કર્મ ઉદય આવે, એમાં જોડાણ થાય એટલે આત્માના વિકારમાં જૂના કર્મ નિમિત્ત

થાય. આવી કેવી પણ વાત! ઓલું તો ઝટ દઈને ભાઈ દયા પાળવી, વ્રત પાળવા, પૈસા ખર્ચવા, દાન દેવા એય..! રમેશભાઈ!

મુમુક્ષુ :- એ ઝટ સમજાય જાય એવી વાત છે.

ઉત્તર :- એ ઝટ અજ્ઞાનમાં બેસે એવી વાત અનાદિની બેઠી એ.

મુમુક્ષુ :- આવું કોઈ સમજાવનાર ન મળે.

ઉત્તર :- માટે કહે છેને કે હવે કરને બાપા! માણસપણું ચાલ્યું જાય છે. આહા..હા..! સમય-સમય મૃત્યુની નજીક જાય છે. જગત એમ કહે છે કે અમે મોટા થઈએ છીએ. પ્રભુ એમ કહે છે કે દેહની સ્થિતિની મુદત જેટલી છે એની સમીપમાં તું જા છો. બરાબર છે?

મુમુક્ષુ :- મા જાણે મારો દીકરો મોટો થાય છે.

ઉત્તર :- મા જાણે મારો દીકરો મોટો થાય છે. ભગવાન કહે કે મરણની સમીપ જાય છે. આહા..હા..! સજ્ઝાયમાં આવતું ભાઈ પહેલા. ચાર સજ્ઝાયમાળા હતી. અમે દુકાન ઉપર વાંચતા તે દિ', ૬૪-૬૫ની સાલમાં દુકાન-ધંધો ઘરનો હતો પિતાજીનો. તે દિ' વાંચીએ એમાં એક આ આવ્યું હતું. 'એક રે દિવસ એવો આવશે જાણે જન્મ્યો જ નહોતો જી...' સજ્ઝાયમાળા ચાર છે. એક-એક સજ્ઝાયમાળામાં ૨૦૦-૨૫૦-૩૦૦. બધી મંગાવી હતી દુકાન ઉપર. ઘરે મંગાવ્યું હતું. પુસ્તક-બુસ્તક મંગાવતા ઘણા. નાની ઉંમરથી, ૧૮ વર્ષની ઉંમરથી હોં! આહા..હા..! 'એક રે દિવસ એવો આવશે જાણે જન્મ્યો જ નહોતો જી, કાઢો રે કાઢો રે એને સૌ કહે.' કાઢો-કાઢો. આહા..હા..! પણ આટલું આ બધું રળ્યો અને આ બધું? ગંધાવા માંડે. ઝટ કાઢ. આહા..હા..! 'સગી નારી રે તારી કામની ઉભી ટગ ટગ જોવે જી. આરે કાયામાં હવે કાંઈ નથી, એ ધ્રુસકે ધ્રુસકે રોવે જી. એક રે એવો દિવસ આવશે.' હાય.. હાય.. બાયડી રોવે. અરેરે..! બધું હવે કાંઈ નથી. હવે ડોક્ટરને બોલાવો. ડોક્ટરને બોલાવો. ડોક્ટર બોલાવે ત્યાં અહીં દેહ છૂટી જાય. આહા..હા..!

મુમુક્ષુ :- હવે તો મેડિકલ સાયન્સ બહુ આગળ વધી ગયું.

ઉત્તર :- ધૂળમાંય વધ્યું નથી. આહા..હા..! જે સમયે દેહ પડવાનો તે કાળે, તે ક્ષેત્રે પડ્યા વિના ત્રણ કાળમાં ફરે નહિ. લાખ તારા ઈંજેક્શન અને ડોક્ટરને લાવને. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એક માણસ બેઠો થયો ...

ઉત્તર :- હા, એ તો થાય. એ તો થવાની પર્યાય હોય તો થાય છે. એથી શું છે? એમાં નવીન વાત શું છે એ? આંખની પર્યાય જડની એવી બનવાની હોય તો બને છે. બીજાથી બને છે? દુનિયાને એવું લાગે છે.

મુમુક્ષુ :- આમ ડોળા ..

ઉત્તર :- હા, દેખે તે એમાં શું છે પણ? હવે આંખ અંદરમાં દેખે નહિ ત્યાં સુધી આંધળા છે બધા.

મુમુક્ષુ :- કેટલા ૭૬ ઈંજેક્શન માર્યા.

ઉત્તર :- ૭૬ શું લાખ મારે નહિ એમાં શું છે? એય..! આહા..હા..!

અહીં તો પરમાત્મા ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ જેને એક સમયમાં ત્રણ કાળનું જ્ઞાન છે, પૂર્ણ આનંદનો જેને અનુભવ છે, ઈચ્છામાત્રનો જેને નાશ થઈ ગયો છે એની વાણીમાં આ આવે છે. ભાઈ! જીવના પરિણામ... આહા..હા..! ભગવાન આત્મા એમાં પુણ્ય અને પાપના વિકલ્પો રાગ, દયા, દાન, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, રળવું, કમાવું, વ્યાજ ઉપજાવવું એના ભાવ, એ બધા જીવના વિકારી ભાવ.

'**જીવના પરિણામને અને પુદ્‌ગલના પરિણામને...**' એટલે કે તે કાળે નવા કર્મ બંધાય. પરમાણુ નસીબ. એ નસીબ બંધાય એની પર્યાયને અને આ જીવના પરિણામને બેને પરસ્પર નિમિત્તમાત્ર છે. એટલે? જીવ વિકાર કરે ત્યારે નવા કર્મ બંધાવાને લાયક હોય તે પોતાને કારણે ત્યાં બંધાય છે. એવા જડની પર્યાયનો કાળ જે કર્મ થવાનો તે પ્રમાણે ત્યાં થાય. એને જીવના વિકારી પરિણામ નિમિત્તમાત્ર કહેવાય. અને જીવના પરિણામને પણ જૂનું કર્મ જે છે એ ઉદય આવે એ અહીં વિકાર કરે તો તેને નિમિત્તમાત્ર કહેવાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**તોપણ તેમને (બન્નેને) કર્તાકર્મપણું નથી...**' તોપણ એટલે કે એકબીજાના પરિણામમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોવા છતાં આત્માના પરિણામ એ કર્મને બાંધે અને કર્મનો ઉદય જીવના વિકારના પરિણામને કરે એવું નથી. આહા..હા..! કહો, જેઠાભાઈ! જુઓ ઓલી વાત જુદી થઈ ગઈ હતી પાંચ ગાથામાં. અમરચંદભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- આ અજ્ઞાનીની વાત છે.

ઉત્તર :- આ સામાન્ય અનાદિના પરિણામમાં નિમિત્ત-નૈમિત્તિક શું છે તે સિદ્ધ કરે છે. આહા..હા..! છે?

જોકે જીવની ભાવદશા... જીવના પરિણામની વાત છેને? શરીરના પરિણામ અને પુણ્ય એ તો પર રહ્યા. જીવના પરિણામ એટલે જે પુણ્ય, પાપ, દયા, દાન, ભક્તિ, વ્રત, કામ, ક્રોધ, રળવું, ખાવું, ભોગવાસના એ બધી જીવની વિકારી અવસ્થા તેને અહીં જીવના પરિણામ કહેવામાં આવે છે. એને '**અને પુદ્‌ગલના પરિણામ...**' જે પ્રમાણે એ પોતે ભાવ કરે તે જ પ્રમાણે ત્યાં સામે કર્મ બંધાય. આહા..હા..! છતાં એ કર્મબંધનના પરિણામ જે જડમાં થાય એને જીવના પરિણામ એને કરે એમ નથી અને કર્મનો ઉદય આવે એ જડમાં જીવ વિકારી પરિણામ કરે એને પરિણામમાં એ નિમિત્ત થાય. છતાં એ જડના પરિણામ જીવને વિકાર કરાવે એવું છે નહિ. કહો, આ બહારનું કરે થોથા બધા. આહા..હા..! આ ડોક્ટરો

તો કાંઈક કરતા હશે, ઈંજેક્શન મારીને આમ કરવું. એક ઈંજેક્શન અહીં માર્યું તો મરી ગયો દેહ છૂટી ગયો. શિવાભાઈ પટેલ એક હતાને ત્યારે. એકદમ ખાઈને આવ્યા. શીંગ ખાધી. શીંગના થાયને ઓળા? શીંગના ઓળા થાય છેને. ખાધા હશે. અહીંની રસોઈ રસોડાની દાળ-ભાત, રોટલી-શાક ખુબ ખાધા. એ ખાધા ભેગા એ તો અહીં આવ્યા સાંજે ખાઈને. હું તો ખાઈને આમ ફરતો હતો. ત્યાં કેમ પટેલ! બેઠા હતા નીચે. અંતિમ ક્રિયા. એમ બોલ્યા. શું છે પણ પટેલ! શ્વાસ ઉપડી ગયો છે. દુંટીથી શ્વાસ ખસ્યો. આપણે નથી કહેતા શ્વાસ તારો સગો નથી. એમ નથી કહેતા? એનો અર્થ શું છે?

મુમુક્ષુ :- છેલ્લા સગો નથી.

ઉત્તર :- અરે! પહેલા. એ હા અહીંથી ખસ્યો. એમ થવા માંડ્યું. પટેલ શું છે? કાંઈ નહિ હોં! ખાઈને આવ્યા ને કાંઈ ન મળે. એકમદ દુંટીથી શ્વાસ છૂટો થયો જરીક એક દોરાવા. કેમ પટેલ? અંતિમ ક્રિયા. છેલ્લી ક્રિયા છે મારી હવે. પણ આ કાંઈ નથીને બેઠા ખાઈને. .. શ્વાસ ખસી.. દુંટીથી શ્વાસ ખસી ગયો છે. બેસાડને નીચે.

મુમુક્ષુ :- એની .. એના ..

ઉત્તર :- ધૂળેય નહિ હવે. ઓલા ડોક્ટરને આવડે અને ઓલાને નથી આવડતું એમ કહે છે. સમજાણું કાંઈ? અમુક કલાક જીવ્યા. છેવટે બહુ આમ આમ થવાનું માંડ્યું. બીજું કાંઈ નથી. અંદર શ્વાસ જ નાભીથી ખસી ગયો. પણ નાભીથી શ્વાસ ખસ્યો એને બેસાડવાની શક્તિ છે એને? રામજીભાઈ! તો આ શું કરી શકે છે? શ્વાસ ઉપડ્યો એને બેસાડી ન શકે અને આ જગતના કામ કરે. ડાહ્યાનો દીકરો લાગે છે મારો.

મુમુક્ષુ :- આપણો અભિપ્રાય ન ચાલે, ડોક્ટરનો જ અભિપ્રાય ચાલે.

ઉત્તર :- ડોક્ટરનો અભિપ્રાય એટલે શું પણ? ડોક્ટર કરી દે ત્યાં? ત્યાં ને ત્યાં મરી જાય ડોક્ટર પણ મરી જાય. વકીલ પણ મરી જાય. એ નથી સાંભળ્યું આપણે? આમ બતાવતા હતા આમ કોર્ટનો કાયદો. ઉડી ગયો. જે પૂરી થાય સ્થિતિ એને કોણ રોકે અને કોણ રાખે? કોણ રોકે અને કોણ રાખે? જડની પર્યાય હું કરું અને રાખું. મૂઢ જીવનો અભિપ્રાય મહા જૂઠો છે. જૂઠો કહો કે મિથ્યાત્વ કહો. સમજાણું કાંઈ? અને એ જૂઠાનું ફળ ચાર ગતિમાં રખડવાનું છે. આહા..હા..! 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' શ્વાન-કૂતરો ગાડા નીચે ચાલતો હોય અઢી મણનું ગાડુ ભર્યું હોય. અડતું હોય નીચે. મારાથી ચાલે. મરી જઈશ નીચે પડશે તો. એમ આ બધી દુકાન ને ધંધા ને દવાખાના અને વકીલાત અમે બધી કરીએ છીએ. એ કૂતરા જેવો છે. નાથુલાલજી! અહીં તો આ છે. લ્યો આ પણ મોટા જજ હતા નહિ ત્યાં? કાયદા ઉઠાવતા હશે કે નહિ? બતાવતા હશેને કોર્ટમાં. અમદાવાદમાં. આહા..હા..! પ્રભુ! તને ખબર નથી તારી હોં! તારી સત્તામાં શું થયું છે અને તારી સત્તા

બહારમાં. સત્તા એટલે બહારના હોવાપણામાં. કેમ થઈ રહ્યું છે એ તારાથી નહિ એ તને ખબર નથી. સમજાણું કાંઈ? આહા..હા..! કેમ હશે વીરચંદભાઈ આ? આ પૈસામાં બધા હુશિયાર પૈસા પેદા કરે. કેટલા.. એક કલાકે... હુશિયારી હશે કે નહિ? એય..! ભગવાનજીભાઈ! આ ભગવાનજીભાઈ બેઠા કરોડપતિ છે લ્યો. એ પોતે કરોડપતિ છે બેઠા એ. મહાજન છે. તે શું છે ધૂળ છે? જડનો પતિ? જડનો પતિ જડ હોય. ભેંસનો પતિ પાડો હોય. એમ લક્ષ્મીપતી અને પત્નીનો પતિ અને નૃપતિને. નૃપતિ કહેવાયને નૃપતિ રાજા. ગંધેય નથી સાંભળને મારા! લોકનો સ્વામીની થવા જાય ત્યાં તારું બુડી જાય છે આખું. તને ખબર નથી. સમજાણું કાંઈ?

કહે છે કે એ જીવના પરિણામ પુણ્ય અને પાપના હો. એ જ સમયે એટલા જ કર્મના પરમાણુ એ પ્રમાણે બંધાય. તોપણ એ કર્મની પર્યાયને જીવના પરિણામ કરે એમ નથી. એમ જીવ જ્યારે વિકાર પુણ્ય-પાપના કરે ત્યારે કર્મનો ઉદય સામે હોય, એ ઉદય તેને વિકાર કરાવે એમ ત્રણ કાળમાં નથી. ભગવાનજીભાઈ! બધું આકરું છે ભાઈ આ. આહા..હા..! **'એમ હવે કહે છે :—'** છેને? આ તો અધ્યાત્મશાસ્ત્ર છે. કાંઈ વાર્તા નથી કે એક શબ્દે પૂરું થઈ જાય. હવે આ બતાવે છે ભગવાન.

કાંટાના એક ભાગમાં. કાંટો હોયને કાંટો ..નો. એક ભાગમાં મણકો મૂક્યું હોય અને એક ભાગમાં ખજુર મૂકે એમાં. ત્યારે પૂરો ચાલીસ શેર જ્યારે અહીં થાય ત્યારે કાંટો આમ સરખો આવે. ૩૯ શેર હોય ત્યાં સુધી કાંટો જરી આમ વળે. પણ કહે છે કે ઓલું મૂક્યું માટે કાંટો આમ થયો? અરે... અરે... એ એના કાંટાના રજકણની અવસ્થા ક્ષેત્રાંતર થઈને તે રીતે થવાની પોતાથી છે. એ ખજુરને મણકું મૂક્યું અને અહીં મણ પડ્યું હતું માટે કાંટો આમ સરખો મધ્યમાં આવ્યો. વાતમાં કાંઈ માલ નથી. ભારે કામ ભાઈ! એ તો જગતના પરમાણુ છે. જગતના પરમાણુ એ ખજુર અને મણકાથી જુદા છે એ. એનું આમ રહેવું કે આમ રહેવું એ તો એના પોતાને કારણે છે. પરને કારણે છે? ભારે વાત ભાઈ! એક જણ કહેતા હતા. એક શેઠ અમને કહેતા કે જુઓ જડમાં કેટલી તાકાત છે! તોલ બતાવી દે. હવે તોલ બતાવે પણ માપે કોણ? કીધું આ શું છે? આહા..હા..! જાણવા જેવા તો બધા ગામે ગામ ભર્યા છે મૂર્ખાઈના. મૂર્ખના ગામ જુદાં હોય છે કાંઈ? આહા..હા..!

અરે ભગવાન! અહીં તો ભગવાન એમ ફરમાવે છે. કે તારામાં ધર્મ ભલે ન હોય અને અધર્મના ભાવ તારામાં હો, છતાં એ ભાવનો કર્તા તું છો. અજ્ઞાન ભાવે તું કરે છો અને તે કર્તા તારા પરિણામનો હોવા છતાં, તેટલા જ પ્રમાણમાં સામે કર્મ બંધાય એની પર્યાયનો કર્તા તું નહિ. કારણ કે સામે જડ ચીજ છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! આ પરની દયા પાળી શકું છું, પરને મારી શકું છું. બધું અજ્ઞાનીની ભ્રમણા છે. એ દશા થવામાં એના

પરિણામ ભલે નિમિત્ત હો, પણ એ પરિણામ એનું કાર્ય કરે છે એમ છે નહિ. કહો, ભીખાભાઈ! શું હશે આ? આહા..હા..! અરેરે! એણે ઘરની વાત સાંભળી નથી. માણસ થયો પણ માણસપણું કોને કહેવું એની ખબર ન મળે. ન્યાય .. એમ આવે છે શ્રીમદ્‌માં. વાસ્તવિક તત્ત્વને જેમ છે તેમ જાણે તો એને માનવ કહીએ. નહિતો તું 'મનુષ્યા સ્વરૂપેણ મૃગા ચરન્તિ' મનુષ્યના આકારે ઢોર જેવા, રોજ જેવા છે.

મુમુક્ષુ :- ન સમજે એને રોજ જ કહેવાયને.

ઉત્તર :- રોજ જ છે. એય..! આ બધા કાર્યકર્તા છેને ત્યાં વઢવાણમાં. મોટા આમ-આમ. કેટલા? ૪૫ હજાર ખર્ચ્યા એણે નામ આવવા માટે. ન આવ્યો. કોક બીજો આવ્યો એમાં. પોતાનો આંકડો ન આવ્યો એમાં? ૪૫ હજાર ખર્ચ્યા હતા હમણા .. આપે. બાપુ! ખર્ચે છે ક્યાં? એ તો રજકણની પર્યાય પરિણમી છે અને એને લઈને ત્યાં આગળ કાર્યકર્તાનું બિરૂદ આવે કાંઈ માલ નથી. પણ શું થાય?

અહીં તો એ કહે છે. એ જીવના ભાવને અને જડના ભાવને બેને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોવા છતાં એક બીજા પરસ્પર એક બીજાના કર્તા નથી. લ્યો આ પરિણામ ચાલતા. ભલે એના જીવના વિકલ્પનું નિમિત્તપણું હો કહે છે, પણ એ વિકલ્પથી આ શરીર આમ ચાલે છે. એમ નથી. કેમકે શરીર પણ એ જગતના અજીવ તત્ત્વો છે અને અજીવ તત્ત્વનું ટકીને બદલવું એ એનો સ્વભાવ છે. એ કાંઈ પરના તારા વિકલ્પને લઈને ટકીને બદલ્યું છે એમ નથી. સમજાણું કાંઈ? ભારે વાતું! કહો, આ પછી પાંગળા થઈ જશું. પાંગળો જ છે સાંભળને. પરને માટે શું છે? પરના પરિણામ એ કાળે થાય તેમાં તારા પરિણામ નિમિત્ત હો ભલે.

મુમુક્ષુ :- પહેલા કરી શકતો હોય અને પછી ન કરી શકે તો પાંગળો છે.

ઉત્તર :- કરી શકે છે જ ક્યાં? અરેરે! આહા..હા..! એ શ્વાસ ઉપડ્યો હોય એને બેસાડી શકે નહિ પ્રભુ! તું શું કરે છે ત્યારે હવે કહે. નીચે બેઠા હતા હોં બધા. વલ્લભ પટેલને, ..પટેલને. એના કુટુંબીઓ અહીં રહેતા. વલ્લભ પટેલને નહિ? વલ્લભભાઈ, વિઠ્ઠલભાઈ. શું નામ કીધું ભૂલી ગયા એ. કરમસદ. કરમસદ. છોડ્યું છેને. જોયું છે. કરમસદ જોયું છે. અગાસ. ... વરિયાળીના પાણીની બીડીયું કરતા. આ તમાકુમાં વરિયાળીનું પાણી છાંટીને. .. તમાકુનો પાક. એક પટેલ હતો. ત્યાં ગયો હતો. ઘણી વાત. ૬૪-૬૫ની વાત છે. તે વાણિયાએ આપણે પહેલું ખાઈ લઈએ. .. ઘીમાં પુરી તળી દીધી. આ ૬૫-૬૬ની વાત છે. કરમસદ કરમસદ છેને? ત્યાં. એ એના પટેલ હતા એના ગામના. વિઠ્ઠલભાઈના કુટુંબી. આપણે અહીંયાં બિચારા... ખલાસ. શરીર જુઓ તો લઠ્ઠ જેવું આમ. પણ માટી જડ છે આ તો. અરે શ્વાસ ઉપડ્યો એને રાખી શક્યો નહિ તું! અને આ જગતના કામ હું કરી દઉં. આહા..હા..! પાગલ છે મોટો. દુનિયા માને ડાહ્યો અને જ્ઞાની માને પાગલ. આમાં કાંઈ માપ થાય એવા

નથી. આહા..હા..! એકકોર તો એ એમ કહે કે આ મારા પાગલ જેવા છે. અમે કરીએ છીએ અને ના પાડે છે. એ આવે છે પરમાત્મપ્રકાશમાં. પરમાત્મપ્રકાશમાં આવે છે. અજ્ઞાનીઓ જ્ઞાનીને પાગલ માને છે, જ્ઞાની અજ્ઞાનીને પાગલ માને છે. એ ગાથા છે લ્યો.

जीवपरिणामहेदुं कम्मत्तं पोग्गला परिणमंति।
पोग्गलकम्मणिमित्तं तहेव जीवो वि परिणमदि।।८०।।
णवि कुव्वदि कम्मगुणे जीवो कम्मं तहेव जीवगुणे।
अण्णोण्णाणिमित्तेण दु परिणामं जाण दोह्णं पि।।८१।।
एदेण कारणेण दु कत्ता आदा सएण भावेण।
पोग्गलकम्मकदाणं ण दु कत्ता सव्वभावाणं।।८२।।

નીચે હરિગીત છે. નીચે ગુજરાતી.

**જીવભાવહેતુ પામી પુદ્‌ગલ કર્મરૂપે પરિણમે;**
**એવી રીતે પુદ્‌ગલકરમનિમિત્ત જીવ પણ પરિણમે. ૮૦.**
**જીવકર્મગુણ કરતો નથી નહિ જીવગુણ કર્મો કરે;**
**અન્યોન્યના નિમિત્તથી પરિણામ બેઉ તણા બને. ૮૧.**
**એ કારણે આત્મા ઠરે કર્તા ખરે નિજ ભાવથી;**
**પુદ્‌ગલકરમકૃત સર્વ ભાવોનો કદી કર્તા નથી. ૮૨.**

ટીકા. ટીકા છેને. ''**જીવપરિણામને નિમિત્ત કરીને...**' શું કહે છે? ભગવાન આત્મા એવા પરિણામ પોતે કરે શુભ અને અશુભના. એ પરિણામનું નિમિત્ત એટલે ઉપસ્થિતિ દેખીને. ઉપસ્થિતિ હોઈને. '**પુદ્‌ગલો કર્મપણે પરિણમે છે..**' ત્યાં રજકણો નસીબપણે પરિણમે. અંદર કર્મની પર્યાય પણ એનો એ કર્તા નથી તો આ બહારની પર્યાયને કરે (એ વાત ક્યાં રહી?) આહા..હા..! આ શેઠિયા-બેઠિયા તો કરતા હશે કે નહિ? ..લાલજી! સંઘના શેઠિયા કહેવાય.

મુમુક્ષુ :- મોટી સંસ્થાઓ ચલાવે.

ઉત્તર :- મોટી સંસ્થા ચલાવે. ધૂળેય ચલાવતો નથી. અભિમાન કરે છે. એય..! કાલે તો આનો છોકરો છેને તમારો. જુઓને ત્યાં તો મોટા મકાન બનાવે છે. ડોક્ટર ઓળખો છો? પૂનમચંદ મલુપચંદ. આ એના બાપ છે. પૂનમચંદ નહિ મોટા મકાન કરે છે ૨૫-૨૫ માળના. ..આ એના બાપ છે. મુંબઈમાં. ૩-૪ કરોડ રૂપિયા મોટા-મોટા બંગલા હજીરા બનાવે છેને. છે. છે જોયા છેને. .. જોયા છે. એનું બનાવેલું ત્યાં .. દરિયાને કાંઠે જોયું છે. મુંબઈ

ચાર વાર આવી ગયો છુંને. હમણા ત્રણવાર તો હમણા આવી ગયા. બે દિ' તમારા .. હતા. ...માં. મંદિર માટે. એકવાર આવો. આવ્યા હતા નવનીતભાઈ માટે. માંદા પડ્યા હતાને. હમણા અડધો દિ' તો ત્યાં ઈંદોરથી ત્યાં અને ત્યાંથી ભાવનગર. ..

અરે! કહે છે ભાઈ! કોણ કરે? આહા..હા..! આ તે ભાઈ ભારે આકરું છે આવું. કહે છે કે જેવા તે ભાવ કર્યા એ જ પ્રમાણે ત્યાં કર્મના રજકણો કર્મરૂપે પરિણમે. છતાં તે કર્મની પર્યાયનું કર્તા તારા પરિણામ નથી. સમજાણું કાંઈ? પણ ત્યારે ત્યાં રાગ-દ્વેષના પરિણામ થયા ત્યારે એને કર્મપણે થવું પડ્યુંને ત્યાં? એમ નથી. એમ અહીં કહ્યું પહેલું. સમજાણું કાંઈ? આહા..હા..! સૂક્ષ્મમાં અંતર શુભાશુભભાવ થાય એવું નિમિત્તપણું જોડે છે. કોને? નવા કર્મ બંધાય એને. છતાં એ નવા કર્મના રજકણો જે અસ્તિ જગતના છે એ ટાણે એમાં કર્મની પર્યાય થવાના કાળવાળા જ પરમાણુ ત્યાં પરિણમે છે. એ આ જીવે વિકાર કર્યો, માટે કર્મને એ રીતે થવું પડ્યું એમ નથી. મોટો ગોટો છે અત્યારે.

જુઓ છેને. ''**જીવપરિણામને નિમિત્ત કરીને પુદ્‌ગલો કર્મપણે પરિણમે છે અને પુદ્‌ગલકર્મને નિમિત્ત કરીને...**' જૂના કર્મનો ઉદય એ નિમિત્ત અને '**જીવ પણ પરિણમે છે'...**' રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપની વિકલ્પની લાગણીપણે થાય છે. '**એમ જીવના પરિણામને અને પુદ્‌ગલના પરિણામને અન્યોન્ય હેતુપણાનો ઉલ્લેખ હોવા છતાં...**' આવું નિમિત્તપણું ભગવાને પણ શાસ્ત્રમાં કહ્યું હોવા છતાં. ભારે આકરું કામ. આમ શરીર મુઠ્ઠી ઉપાડવી હોય તો બરાબર આમ ઉપાડશે લ્યો. ખોટી વાત છે કહે છે. તારા પરિણામ તે કર્યા મુઠ્ઠી ઉપાડવાના. તે પરિણામ રાગના નિમિત્ત ખરા આને. પણ એ ક્રિયા થઈ એમાં તે નિમિત્ત છે માટે એ ક્રિયા મુઠ્ઠી ઉપાડીને પડી છે એ વાતમાં એકેય દોકડો સાચો નથી. ભારે ઝીણું ભાઈ! કાંતિભાઈ! કાંતિભાઈને ઓળખો છો એ મુંબઈ રહે છે. ત્યાં ઓલામાં હતા.

મુમુક્ષુ :- મુંબઈમાં કોઈ એકબીજાને ઓળખે નહિ.

ઉત્તર :- પંદરસોનો પગાર છે માસિક. બ્રહ્મચારી. નોકરી મૂકી દીધી. પંદરસોનો પગાર. બાળ બ્રહ્મચારી. નોકરી છોડી દીધી. હવે આ કરવાનું છે ત્યાં માંડને હવે આ. એ ટોપી ઓઢીને આવતા અંદર. અમારે ત્યાં બેસવા જાવું પડેને .. ત્યારે ટોપી ઓઢીને આવતા. કહે છે કે જીવે પરિણામ જે પર્યાય કરી એથી કર્મના રજકણને કર્મપણે થવું પડ્યું એમ નથી. ભારે આકરું કામ ભાઈ! કાંટામાં મણિકું એકકોર મૂક્યું અને એકકોર મણિકું ચોખા મણ મૂક્યા માટે કાંટો અહીં મધ્યમાં આવ્યો એમ નથી. .. જુઓ આમ છે. કીધું ધૂળેય નથી હવે. કર્મના રજકણો એ તો એ પ્રમાણે પરિણમે છે ત્યાં. શું આ ખજુર પડ્યું ત્યાં માટે કાંટો આમ થયો છે? કાંટાના રજકણનું અસ્તિત્વ જુદું છે. ખજુરનું જુદું. ખજુરનું જુદું, આનું જુદું.

અનંત રજકણો ભિન્ન-ભિન્ન પોતાના પરિણમનનું કાર્ય કરી રહ્યા છે. અને એક રજકણ બીજાને લઈને કાંઈક થાય એ વાતમાં કાંઈ માલ નથી. એને ઠેકાણે આ આત્મા અંદર અભિમાની છે કે મેં આ કર્યું. મરી જઈશ સાંભળને. વાત તો આવી છે.

મુમુક્ષુ :- ... મળે.

ઉત્તર :- મગનભાઈને બહુ .. છે. મગનભાઈને બહુ. ઘણો. રસ હતો બહુ. આહા..હા..! પણ એ વખતે છોકરા નાના કાંઈક. જુવાન કોઈ નહિ.

મુમુક્ષુ :- ત્યાર પછી હતાને અમારા ..માં.

ઉત્તર :- વાડા કોના હતા ધૂળના? જુવાન માણસ મરી જાય છે આ જુઓને બિચારા. આહા..હા..! પુનમચંદ એય.. મોટું શરીર લક્ષ્ણદાર. ઓળખોને ભાઈ પુનમચંદ. રામજીભાઈના દીકરા રામાણી. મોટી ઓફીસ છેને બહાર નહિ? ગયા હતા એક ફેરી અમે. આમ કરતા-કરતા.

મુમુક્ષુ :- બીજી બનાવી. બીજી બનાવી છે એ તો ભાડે દીધી.

ઉત્તર :- બીજી બનાવી? આપણે ગયા હતા નહિ? કામાણી હાઉસ. રામજીભાઈ સાથે હતા તે દિ'. પગલા કરવા ગયા હતા. .. ધૂળના. આહા..હા..! અરેરે! પ્રભુ! તું ક્યાંનો ક્યાં હું? તું શું કરી શકે અને કોનું નથી કરી શકતો એની એને ખબર નથી. એ કરે તો પુણ્ય અને પાપના ભાવ. પણ એ ભાવ કરે માટે આ શરીરની ક્રિયા ચાલવાની ભાવ થાય અને શરીર આમ ચાલે એ વાતમાં માલ એકેય સાચું નથી. કેમકે ભાવ જીવના અને આ જડની અવસ્થા પરમાણુની. એ પરમાણુની અવસ્થા જીવના ભાવને લઈને થાય. આહા..હા..! ભારે ઝીણું ભાઈ! કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કાંઈ શબ્દ શું કરવા કહો છો?

ઉત્તર :- કાંઈ એટલે થોડું સમજાય છે? આખી ચીજ તો એકકોર રહી. પણ લક્ષગત આવે છે કે આ શું કહેવા માગે છે? માટે કાંઈ આવે છે. સમજાય છે કાંઈ? અને સમજાય છે કાંઈ એમ આવે છેને? આહા..હા..!

અહીં તો હજી એક અજ્ઞાની અનાદિનો પોતાના પુણ્ય-પાપના ભાવને પરિણમે, કરે. છતાં કર્મ અને શરીરની અવસ્થાને કરે એમ નહિ એટલું અહીં સિદ્ધ કરવું છે. હજી એટલું પણ હજી નક્કી ન થાય એને પુણ્ય અને પાપના પરિણામ મારા નહિ, હું તો આનંદકંદ છું. હું રાગનો પણ કર્તા નથી, હું તો રાગનો જાણનાર છું. એ તો પછી બીજે પગલે જાય ત્યારે. પહેલા પગલામાં જ હજી વાંધા. સમજાણું કાંઈ? એને આ નક્કી કરી છે.

**'જીવ અને પુદ્ગલને પરસ્પર વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...'** એટલે? કે જીવના ભાવ એ પુદ્ગલની પર્યાયને કરે એમ નથી અને પુદ્ગલની પર્યાય જીવના પરિણામને

કરે. વ્યાપ એટલે અવસ્થા. વ્યાપક એટલે તેને કરે. એમ નથી. બહુ ઝીણી વાત છે એ. આ તો શાસ્ત્ર શબ્દ છે. એ '**જીવ અને પુદ્‌ગલને પરસ્પર વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે જીવને પુદ્‌ગલપરિણામો સાથે અને પુદ્‌ગલકર્મને જીવપરિણામો સાથે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોઈને, માત્ર નિમિત્તનૈમિત્તિકભાવનો નિષેધ નહિ હોવાથી,...**' લ્યો! નિમિત્ત કહેવાય. પણ કર્તા છે એનો એ વાતમાં એકેએક દોકડો જૂઠેજૂઠો છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો સુદ ૯, સોમવાર, તા. ૧૬-૧૦-૧૯૭૨
## ગાથા-૮૦ થી ૮૨, કળશ-૫૦, પ્રવચન-૧૯૩

સમયસાર કર્તાકર્મ અધિકાર. ૮૦-૮૧-૮૨ ગાથા છેને? ..નું આવ્યું છે જુઓ. '**માત્ર નિમિત્તનૈમિત્તિકભાવનો નિષેધ નહિ હોવાથી, અન્યોન્ય નિમિત્તમાત્ર થવાથી જ બન્નેના પરિણામ** (થાય) છે;...' આવા બધા વાંધાવાળી ગાથા આવે. શું કહ્યું એ? કે આ આત્મા છે આત્મા એ તો નિત્ય વસ્તુ છે, અવિનાશી છે. અને એનામાં આનંદ આદિ ગુણો છે શક્તિ એ પણ અવિનાશી છે. પણ અનાદિથી એ નિત્ય... નિત્ય... નિત્ય... ધ્રુવ નિત્ય છે... છે... છે... છે... છે... છે... છે... એને પકડવાને પર્યાયમાં જે પુરુષાર્થ જોઈએ તે પુરુષાર્થ કર્યો નથી. ત્યાં સુધી એના કેવા પરિણામ છે એની વાત ચાલે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા વસ્તુ છેને. અને તે નિત્ય છેને? આદિ છે? છે... છે... છે... છે... છે... છે... એવો ત્રિકાળ છે. એ ત્રિકાળ છે એવું જે નિત્ય તત્ત્વ એને વર્તમાન પર્યાયથી પકડીને તે નિત્યતાની એને શ્રદ્ધા થવી જોઈએ. તો તે આત્મા થયો કહેવાય અને તો એણે આત્મા જાણ્યો કહેવાય. સમજાય છે કાંઈ?

પણ જ્યાં સુધી એ નિત્ય વસ્તુ મારી-આદિ નહિ, અંત નહિ એવી ચીજ પોતાની. સચ્ચિદાનંદ સ્વરૂપ એ તો આદિ અને અંત વિનાની ચીજ છે. એક-એક આત્મા હોં! સત્ નામ શાશ્વત, સિદ્ધ નામ જ્ઞાન અને આનંદની સહજાનંદ મૂર્તિ. પોતાનો અતીન્દ્રિય આનંદ અને જ્ઞાન એ ત્રિકાળી સ્વભાવ ધ્રુવ છે. એવા છે એને નહિ પકડતા. અનાદિથી એક સમયની અવસ્થા જે ચાલે છે. એના ઉપર એની દૃષ્ટિ છે અજ્ઞાનીની. સમજાય છે કાંઈ? એ અજ્ઞાનીને

જે કાંઈ આ કહે છે મિથ્યા વિપરીત માન્યતા તે રાગ-દ્વેષના ભાવ થાય અને એ જીવ પોતે એનો કર્તા છે. અને એ પરિણામ થતાં નવું કર્મ બંધાય. જેટલા પ્રમાણમાં અહીંયાં પરિણામ કરે વિપરીત, મિથ્યાત્વ રાગ-દ્વેષ આદિના. તેટલા પ્રમાણમાં તેને કર્મ નવું બંધાય. વિકારીભાવ છેને? પણ કહે છે કે નવું કર્મ જે બંધાય એની અવસ્થાનો એ વિકારી પરિણામ કર્તા નથી. હિંમતભાઈ! આ બધું ઝીણું છે તમારે ત્યાંથી બહારથી. કોક દિ' આવે એમાં આ ક્યાં પકડાય શું કહે છે? સમજાણું કાંઈ?

એ પોતાની નિત્ય ચીજ એ છે... છે... છે... એમાં જ્યાં પકડવા જાય ત્યાં તો વિકલ્પરહિત થઈ જાય. સમજાણું કાંઈ? પણ એ રીતે એને અનંતકાળમાં એકેન્દ્રિય આદિ ભવોથી માંડીને સ્વર્ગના આદિ અનંત ભવ કર્યા, પણ એમાં એણે પોતાની ચીજને ભૂલી અને એની ભ્રમણા, પરમાં સુખ છે, મારામાં આનંદ છે એ ભૂલીને. પરમાં સુખ છે, સ્ત્રીમાં, પૈસામાં, આબરૂમાં, કીર્તિમાં. એવી જે માન્યતા એણે ઉભી કરી એ તો મિથ્યાત્વ અને ભ્રમણાનું મોટું પાપ છે. કેમકે એ જૂઠાં છે. એને પુણ્ય અને પાપના ભાવ થાયને. દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના એ પણ વિભાવ અને દુઃખ છે. પણ એમાં સુખ માન્યું છે. આહા..હા..!

મુમુક્ષુ :- આટલો બધો ફેર કેમ છે?

ઉત્તર :- આટલો, કીધુંને પહેલું એટલે તો કહ્યું કે છે... છે... છે... તત્ત્વ આખું ત્રિકાળ. એના ઉપર એની નજર જઈને એનો એણે સ્વીકાર અનાદિથી કર્યો જ નથી. એકલા શબ્દો તો સાંભળ્યા છે ઘણાય એવા. પણ આ છે... છે અને છે. છે એની શરૂઆત નહિ, છે એની મધ્યમાં બીજી ચીજ નહિ અને છે એને અંત નહિ. એવી એ ચીજ ભગવાન આત્મા પોતાનો સ્વભાવ એ નિત્ય ઉપર નજર ન જતાં અને નિત્ય ઉપર જો નજર જાય તો તો એ વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ અનુભવ થાય. સમજાણું કાંઈ? એ તો શાસ્ત્રે પછી એને દ્રવ્યદૃષ્ટિ કીધી. અને એમ બધી વાતું કરી. .. સમજાવવા. દ્રવ્યનો અર્થ છે... છે... છે... એ તત્ત્વ એ બદલતી અવસ્થા રાગથી ચાલતી બદલતી અવસ્થા. એને ત્રિકાળી છે એની સામું એણે કોઈ દિ' જોયું નથી. નાથુલાલજી! આહા..હા..! એ હો..હા.. પણ ભાષા ભલે આમ સાદી હોય, આદિ નથી. પણ આદિ નથી એટલે શું? એ તે છે સત્ તેને કાળ અનંત, અનંતકાળ વીત્યો, પણ પહેલો, પહેલો હતો, પહેલો નહોતો એ છે એમાં કાંઈ? વસ્તુ છે એ સત્સ્વરૂપ ભગવાન આત્મા. એ આદિ અને અંત વિનાની ચીજ પોતે વસ્તુ છે. એની એને નજર દૃષ્ટિ ન કરી એણે શાસ્ત્ર ભાષાએ દ્રવ્યદૃષ્ટિ ન કરી એમ કહ્યું. સમજાણું કાંઈ? એથી એ ચીજને વસ્તુ જે છે ત્રિકાળી. જેમાં એકલો આનંદ અને જ્ઞાનનો પિંડ જ પ્રભુ આત્મા છે. એને ન માનતા, કારણ કે એની અનાદિની ઈન્દ્રિયો ઉપર નજર છે. એને ઈન્દ્રિયનું જ્ઞાન અને એ જ હું. તો અણિન્દ્રિય ભગવાન આત્મા ધ્રુવ જેનો અંત લેતા તેનો અંત નથી

એવી દૃષ્ટિ થતાં, જે વસ્તુ છે એમાંથી એને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે. ત્યારે એણે આત્માને જાણ્યો અને ત્યારે એ ધર્મી થયો એમ કહેવામાં આવે છે. આહા..હા..! એય..! હિંમતભાઈ! આ બધા નિશાળ ઉઘાડી પૈસા ભેગા કર્યા માટે કાંઈક થાશે.

મુમુક્ષુ :- કોલેજ ઉઘાડી.

ઉત્તર :- કોલેજ ઉઘાડી. હવે જે હોય એ. આહા..હા..!

મુમુક્ષુ :- .. ચાલતા હોય માટે .. એમ નથી.

ઉત્તર :- આહા..હા..! એટલે કહ્યું આ બિચારા જુઓને. લ્યો આ કોટામાં .. હતુંને મોટું દિગંબરનું નહિ? બંધ કર્યું. છોકરાઓ તોફાન કરે છે. .. તૈયારી બહુ કરેલી. ... આપણે પહેલું આવ્યું હતું લખાણ ઈન્દોરનું. કે કોટામાં આમ છે માટે એક દિ' મોડું કરો. પ્રાણભાઈ આવ્યું હતું. એક દિ' મોડું કર્યું પછી આપણે. તો એ પણ બંધ રહ્યું પાછું. આ કીધું એ પણ બંધ રહ્યું. મોટી તૈયારી. પણ ગામમાં છોકરાઓ તોફાન... તોફાન... એય..! હિમંતભાઈ! આ કોલેજના છોકરાઓ. બિચારા લખ્યું હશે એક ભગતરામ છેને દિલ્હીના. દિલ્હીના. ભગત. ભગતરામ. અહીં આપણને લખ્યું બિચારાએ ભગતરામે. જ્યારે આપણે ત્યાં કર્યું હતુંને ઈન્દોરમાં. ત્યારે પહેલે દિવસે ત્યાં કોટામાં એ થવાનું હતું. સભા મોટી. કાંઈક છે શું નામ ભૂલી ગયા આપણે. પણ તેથી કાંઈ એક દિ' દૂર રાખો તો અમે આવી શકીએ. પછી આપણે એમ રાખ્યું. પણ પાછું ત્યાં તો કાંઈ થયું નહિ. વળી પાછું નક્કી કર્યું કે .. એ છોકરાઓનું તોફાન એટલું છે ગામમાં. હિંસકવૃત્તિઓ છોકરાઓની. તાર તોડે, નિશાળના બારણા તોડે-ફોડે. હમણા બંધ રાખ્યું બિચારાએ. નહિતર ચારેકોર ખળભળાટ થઈ ગયો કે અરર! આટલી તૈયારી કરીને હવે કોટા. કે ભાઈ મુંઝાશો નહિ હોં! થોડા દિવસ પછી આપણે .. કરીશું પાછું. છાપામાં આવે આપણે જૈનમાં. અરે! એ તો પણ જગતના પ્રાણી સ્વતંત્ર છે. એને કેમ કરવું એ પરિણામના એ સ્વામી તે પોતે છે. તે કોઈને લઈને પરિણામ સારા કરે કે એવું છે નહિ. સમજાણું કાંઈ?

અહીં તો એમ કહેવું છે કે જીવ પોતે પોતાની ચીજને ભૂલીને જ્યારે એ અજ્ઞાનથી પુણ્ય અને પાપના અને મિથ્યા શ્રદ્ધા એવા પરિણામ કરે છે ત્યારે તે પરિણામના પ્રમાણમાં નવું આવરણ બંધાય છે. વિભાવ છે ખરોને વિકાર. નવું આવરણ. એ નવું આવરણ જે બંધાય. એ નવા આવરણની જે દશા થાય એના પરિણામ એનો કર્તા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! તો હવે આ દુનિયાનું કરી રહ્યા આ બધાનું કોલેજવાળાનું પૈસા ઉઘરાવીને. અભિમાનના પૂતળા છે. એય..! હિંમતભાઈ!

મુમુક્ષુ :- સેવાભાવ થાતો હોય.

ઉત્તર :- સેવાભાવ મૂઢનો સેવાભાવ થયો એ ક્યાં હતો ત્યાં? રાગ હતો વિકાર. કહો,

સમજાણું કાંઈ? એય..! ગીરધરભાઈ! આ ગીરધરભાઈ લ્યોને આપણે.

મુમુક્ષુ :- ત્યાગી પુરુષો તો એમ જ કહેને.

ઉત્તર :- ગીરધરભાઈ કેટલું કાર્યકરમાં ૪૫ હજાર ખર્ચ્યા છે હમણા વઢવાણમાં. પણ નામ ન આવ્યું. બીજાનું છે. પણ શું કરે એ? પરિણામ પોતાના કરે. એ પરિણામથી પરનું કાર્ય થાય કે જગતને અમે સુધારી દઈએ. અહીં તો એ વાત કહે છે કે એવા તારા પરિણામ એના પ્રમાણમાં કર્મ બંધાય એનો એ કર્તા તું નહિ. કોનો કર્તા તારે થાવું છે? મૂળ મુદ્દો આ છે. આહા..હા..! સમજાણું? છેને જેટલા પ્રમાણમાં તારા શુભ-અશુભભાવ થાય પુણ્યના એટલા જ પ્રમાણમાં ત્યાં પરમાણુઓ કર્મરૂપે થઈને બંધાય. છતાં તે કર્મરૂપે જે થઈને બંધાય એનો કર્તા તું નહિ. તારા પરિણામ તો ફક્ત બંધનમાં નિમિત્ત છે. આહા..હા..!

મુમુક્ષુ :- પણ નિમિત્ત તો થાવુંને.

ઉત્તર :- પણ એ જ વાંધા છે. નિમિત્ત થાય કોણ? આ શબ્દમાં જ મોટા તકરાર પંડિતો વચ્ચે. આ ગાથાની તકરાર અમારે ઘણા વર્ષોથી છે. અને એ ચાલે છે હમણા. થોડું એટલે ઉપાદાન-નિમિત્તના બધા ખુલાસા કર્યા. આ બધા ગોટા ઉંધાવાળે પછી. અરેરે! ભાઈ!

અહીં તો કહે છે કે એવા જે તે પરિણામ કર્યા. ભાવ. ધર્મ નહિ. ધર્મ તો દૃષ્ટિ દ્રવ્ય ઉપર નથી એટલે ધર્મ તો છે નહિ. દૃષ્ટિ તો વર્તમાન પર્યાયની હાલત અને પુણ્ય-પાપ ઉપર છે. એનો કર્તા અજ્ઞાની થાય. પણ એ વખતે કર્મ બંધાય એનો કર્તા અજ્ઞાની પણ નથી. કહો, સમજાણું કાંઈ? '**માત્ર નિમિત્તનૈમિત્તિકભાવનો નિષેધ નહિ...**' વચમાં છે. મોહનભાઈ છે? બતાવો. '**માત્ર નિમિત્તનૈમિત્તિકભાવનો નિષેધ નહિ...**' નવા કર્મ જે બંધાય એને પોતાને કારણે. એમાં અજ્ઞાનીના વિકારી પરિણામ નિમિત્ત છે. એ નિમિત્તનો નિષેધ નથી. અને અજ્ઞાની વિકાર કરે ત્યારે જૂનું કર્મ એને નિમિત્ત છે. એનો નિષેધ નથી, પણ એ કર્મનો ઉદય એને જડ અહીં વિકાર કરાવે એમ નથી. આહા..હા..! અને એ વિકાર કરે તેથી તેને કર્મબંધન વિકાર પરિણામને લઈને થાય એમ નથી. લ્યો! આહા..હા..! આવું છે સ્વરૂપ. સમજાણું કાંઈ?

'**અન્યોન્ય નિમિત્તમાત્ર થવાથી જ...**' અહીં વજન છે બધાનું. '**અન્યોન્ય નિમિત્તમાત્ર થવાથી જ...**' છેને પણ? એમ કહે છે. ભાઈ! તને ખબર નથી. તું તો તારા પુણ્ય-પાપના ભાવના અસ્તિત્વમાં તારી મર્યાદા છે. પુણ્ય અને શુભ-અશુભ ભાવ થાય દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ એ બધા પુણ્ય પરિણામ વિભાવ અધર્મ. અને હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ એ પાપ પરિણામરૂપી અધર્મ. બેય અધર્મ છે. ભગવાન આત્માનો સ્વભાવ તો એનાથી ભિન્ન છે. એનું જેને ભાન નથી. એને જે આ પરિણામ શુભ અને અશુભભાવ થાય એનો

એ અજ્ઞાની કર્તા છે, પણ જે શુભ-અશુભભાવનું નિમિત્ત છે અને સામે કર્મ બંધાય છે પરમાણુ અંદર નસીબ. એ નસીબની પર્યાયનો કર્તા આત્મા નહિ. કારણ કે એ ચીજ જુદી છે. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! આહા..હા..!

અરે! જેટલા પ્રમાણમાં એ શુભ અને અશુભભાવ કરે એટલા જ પ્રમાણમાં કર્મના પરમાણુઓ કર્મરૂપે સ્વતંત્ર બંધાય એનો આ પરિણામ કર્તા નહિ, તો પછી બહારની ચીજનું આ કરી દઉં, આની કરી દઉં, આનું કરી દઉં. કહો, ભગવાનજીભાઈ! પ્લાસ્ટિકનું કરી દઉં.

મુમુક્ષુ :- હાથ જોડીને બેઠો રહે?

ઉત્તર :- કોણ પણ બેસે છે. એની સત્તામાં પુણ્ય-પાપ થયા જ કરે છે. કરે કોણ? શરીરનું કરે? આ તો જડ-માટી છે. વાણીનું કરે? ભાષા કરે એ? એની ભાષા તો જડ છે. એય..! કોણ બોલે? બોલે એ બીજો. જડની ભાષાનો ધ્વનિ છે. આત્મામાંથી નથી આવતી એ ભાષા. આહા..હા..! જગતને તત્ત્વની વસ્તુની ખબર ન રહે. એમ ને એમ. આહા..હા..!

અહીં તો એમ કહે છે કે જે વસ્તુ તે ત્રિકાળ પ્રભુ પોતે સચ્ચિદાનંદ સ્વરૂપ. એની જેને દૃષ્ટિ નથી. એનું જેને ભાન નથી. એ જીવ પણ શુભ-અશુભભાવ, મિથ્યાત્વભાવ, વિપરીત શ્રદ્ધાનો ભાવ તે કરે, પણ એટલું એ કરે માટે કર્મના બંધન એ પરિણામ વડે થયા એમ નથી. આહા..હા..! ભાઈ! આ બધા વેપાર-ધંધા કરે છેને. એય..! ગીરધરભાઈ! તમે શેઠિયાઓ તો બધા મોટા-મોટા .. તમે.

મુમુક્ષ :- શેઠિયાઓ રાગ કરે છે.

ઉત્તર :- .. આ શેઠિયા વળી બહારમાં કાર્યવાહકમાં મોઢા આગળ. એય..! એ પણ શેઠિયા ત્યાં હતાને. હતા ત્યાં ક્યાં? આહા..હા..! કહે છે કે ભાઈ! એકવાર સાંભળતો ખરો. જે તારા તત્ત્વથી જુદાં તત્ત્વો છે, વસ્તુ છે એ વસ્તુમાં જે બદલવાની દશા થાય એ તારાથી નહિ. માટે બદલવાની દશાનો તું કર્તા નહિ. આ ભલે બદલવાની દશાના તારા પરિણામને નિમિત્ત કહીએ, પણ એથી તે બદલવાની દશા તારા નિમિત્તથી થઈ એમાં એમ નથી.

મુમુક્ષુ :- .. હતા માટે થઈ

ઉત્તર :- બિલકુલ જૂઠી વાત છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? બે એક થઈ જાય. વસ્તુ ભિન્ન છે. તદ્દન ચીજ ભિન્ન છે. શરીર ભિન્ન, કર્મ ભિન્ન, વાણી ભિન્ન. આહા..હા..! ખીચડો કર્યો છેને પણ મારે.

કહે છે '**અન્યોન્ય નિમિત્તમાત્ર થવાથી જ બન્નેના પરિણામ** (થાય) **છે; તે કારણે** (અર્થાત્ તેથી), **જેમ માટી વડે ઘડો કરાય છે...**'

મુમુક્ષુ :- આ જ વાંધો.

ઉત્તર :- હવે અહીં વાંધા. આહા..હા..! માટી વડે ઘડો થાય છે. કુંભાર વડે નહિ. કુંભાર ભિન્ન ચીજ છે, માટી ભિન્ન ચીજ છે. જુદી જુદી ચીજના પરિણામનો જુદી ચીજ કર્તા હોઈ શકે નહિ. આ તો સાદી ભાષાએ વાત આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..! આ આંગળી આમ હલે તો કહે છે કે એ ઉપાદાન તો એના પરિણામ છે. પણ જીવે વિકલ્પ કર્યો હલાવાનો માટે હલે છે. એ માલમાં એકેય દોકડો સાચો નથી.

મુમુક્ષુ :- ન કર્યો હોય તો નથી સાચો?

ઉત્તર :- પણ કરે કોણ? ન કરવાનો પ્રશ્ન અહીં ક્યાં છે? વિકલ્પ થયો કે હું હલાવું એથી એ આંગળી હલે છે એમ નથી. કારણ કે આ જગતના જડ તત્ત્વો વિકલ્પના પરિણામથી ભિન્ન છે. ભિન્ન પરિણામને ભિન્ન પરિણામ જીવના એને કા હલાવે એ મિથ્યા શ્રદ્ધા અજ્ઞાનીની છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે હજી તો. આ તો અજ્ઞાનીની વાત ચાલે છે.

મુમુક્ષુ :- આ તો પર્યાયનું ઘણું જ્ઞાન કરવાની વાત છે.

ઉત્તર :- પર્યાય. એય..! ચેતનજી!

વસ્તુ છે એ ત્રિકાળી ભગવાન આત્મા એ તો ધ્રુવ, પણ એની બદલતી અવસ્થા એ શું છે એની ખબર ન મળે એને દ્રવ્યની ખબર તો હોય ક્યાંથી? સમજાણું કાંઈ? આહા..! આ ઝવેરાતના ધંધા બધા હુશિયારથી થતા હશે કે નહિ? .. પડ્યું નહિ બે દિ' માટે કાંઈક ત્યાં? કાંઈ અટક્યું હશે. બાબુભાઈને લઈને થાતું હશે ત્યાં. આવે ત્યારે ... કહે છે, ભાઈ! એક વાત સાંભળ. તું જ એક તત્ત્વ જગતમાં છો કે બીજા તત્ત્વો જગતમાં છે ખરા? જો બીજા તત્ત્વો છે તો બીજા તત્ત્વની બદલતી અવસ્થા શું તારાથી થાય છે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એમાં થોડીક મદદ થાય.

ઉત્તર :- ધૂળેય મદદ કરાય નહિ. મદદ શેમાં? કોને કરે? અડે નહિ ત્યાં મદદ કોને કરે? કહો, સમજાણું કાંઈ? ઓલું ગાડું હતુંને ગાડું. વેળુમાં ખુંચી ગયેલું. પછી ઓલાએ ટેકો આપ્યો તો ગાડુ ચાલ્યું. સાચી વાત હશે? તદ્દન જૂઠી વાત છે. એવી આવે છે, ભાઈ! ..માં આવે છે. .. ભગત થયા છેને પાળિયાદમાં. ક્યાંક એવું ગાડું ખુચ્યું હશે અને એમાં હશે એમ કહે છે. પછી એમ કહે માલ સરખો ન લાવ્યો અહીં. એટલે કે ભાઈ ઓલું ગાડું ખુંચ્યું ત્યારે કડ મેં આપી હતી. એમ કહે છે. આહા..હા..! કોણ કરે ભાઈ? લોકોને ભ્રમણાનો પાર ન મળે. આહા..હા..! અનાદિથી અજ્ઞાની જીવ ભ્રમણામાં ખુંચાણો અને એને લઈને આ પરિભ્રમણના ભાવ એને ટળતા નથી. પરિભ્રમણ. અરેરે! ક્યાં ક્યાં પરિભ્રમણ? આહા..હા..! અરે ઘરે તત્ત્વ. આમ જુઓ તો સંસારમાં પરિણામ પણ અનાદિના છે અને સામાન્ય જીવની અપેક્ષાએ તો એ સંસારના પરિણામ અનંતકાળ રહેશે. એનો અંત કાંઈ બધા જ જીવોનો

અંત આવે એમ કાંઈ છે નહિ. સમજાણું કાંઈ? ત્યારે હવે સંસાર એટલે શું? અને સંસાર કેમ ઉભો થયો? એ ત્રિકાળી ભગવાન આનંદનો નાથ પોતે સચ્ચિદાનંદ પ્રભુ. એની દૃષ્ટિના અભાવને લઈને મારો કોઈ કર્તા છે અને હું એને લઈને થયો છું એવી જે માન્યતા ભ્રમણા એ અજ્ઞાનીએ ઉભી પોતે કરેલી છે. સમજાણું કાંઈ? અને હું હોવ તો આ દેશના કામ ચાલે આ શું કહેવાય તમારે? એય..! પંચશીલ. હા એ પંચશીલ. સરખા રસ્તા બાંધે, કૂવા ખોદાવીએ, રેલ સરખી કરીએ, ન હોય ત્યાં રેલ બાંધીએ. જગતને સગવડતા દઈએ. એય..! હિંમતભાઈ! મરી ગયો અભિમાન કરીને કહે છે. તારાથી એક ફોતરું ફરે નહિ. આંખની પાંપણ ફરે એ તારાથી નહિ. કેમકે જગતના રજકણો આ અજીવ તત્ત્વ છે. અજીવ જડ તત્ત્વ છે. એ જડનું હલવું, ટકવું એ જડને લઈને છે. તારે લઈને એ આંખની પાંપણ ફરે, તારા પરિણામ એને નિમિત્ત હો, પણ એથી આંખની પાંપણને પરિણામ હતા તો ફરી એ વાતમાં કાંઈ એકેય વાત સાચી નથી. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ! શું હશે આમાં?

તત્ત્વની મર્યાદા શું છે? અને મર્યાદા હોવા છતાં તે ભૂલી કેમ જાય છે? એની વાત છે. ભગવાન આત્મા પોતે પોતાના સ્વભાવને ભલે ભૂલે અને ભૂલીને ભૂલ કરે, પણ એ ભૂલ કરવાની મર્યાદા ભૂલ પૂરતી છે. એ ભૂલ કરી માટે નવા કર્મ બંધાણા એવી ભૂલના પરિણામની મર્યાદા નથી. ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? આહા..!

'**જેમ માટી વડે ઘડો કરાય છે...**' શું કીધું? માટી વડે ઘડો કરાય છે '**તેમ પોતાના ભાવ વડે પોતાનો ભાવ કરાતો હોવાથી,...**' એમ આત્મા. જીવ એટલે આત્મા. પોતાના અજ્ઞાનના પરિણામ મિથ્યા રાગ-દ્વેષના ભાવ કરે એ પોતાના ભાવ કરાતો હોવાથી '**જીવ પોતાના ભાવનો કર્તા કદાચિત્ છે,...**' એ શું કહ્યું? કદાચિત્ છે. એટલે? દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ એ બધા વિકારીભાવ છે. એ વિકારીભાવને જીવ પોતાના પરિણામને અજ્ઞાની હોય ત્યાં સુધી ભલે કરે. સમજાણું કાંઈ? કદાચિત્ કરે એમ કહ્યુંને? અજ્ઞાન હોય ત્યાં સુધી કરે. આત્માનું ભાન થયા પછી પુણ્ય-પાપનો એ કર્તા છે નહિ. નાથુલાલજી! આ તો લોજિકથી તો, ન્યાયથી તો વાત ચાલે છે, પણ હવે માણસને દરકાર નથી. આહા..હા..! ક્યાં રહ્યો? ક્યાં હતો? સમજાણું કાંઈ? ભાષા તો એણે ઘણી બોલી હોય અનંતવાર. અનાદિનો છું ને નિત્ય છુંને. પણ એ નિત્ય છે એવું ભાવમાં ભાસન થયા વિના નિત્ય છું એવું તને કેમ બેસે?

મુમુક્ષુ :- બહુ પાક્કુ બેઠુ નથી.

ઉત્તર :- બેઠું જ નથી હજી. આ બેઠું છે અંદર.

મુમુક્ષુ :- પણ નિઃશંક થઈ ગયું.

ઉત્તર :- નિઃશંક શેમાં?

મુમુક્ષુ :- ધ્રુવમાં.

ઉત્તર :- એય..! ચેતનજી! ભાઈ ખુલાસો કરાવે છે. આહા..હા..! એ તો આ શ્લોક કાલે આવ્યો હતોને જરી આ ટીકાના ભાગનો.. ત્રીજો ભાગ છેને આ જયધવલનો એનું પહેલું મંગળિક છે. એમાં તો ઘણો વિચાર ચાલ્યો. એટલો શ્લોક છે. ત્રીજો ભાગ છે. પહેલું મંગળિકનું. એવી શૈલી છે. આ તો બહુ ગંભીર ચીજ છે. ... હે નાથ! હે વીતરાગ પરમાત્મા! સર્વજ્ઞદેવ જેને સર્વજ્ઞ સ્વભાવ હતો આત્મામાં એને સર્વજ્ઞ સ્વભાવ પ્રગટ કર્યો. તે પરમાત્મા. સમજાય છે કાંઈ? એ કહે છે કે હે નાથ! જેને આદિ-મધ્ય-અંતથી રહિત. આ સંસારની વેલડી. સંસારરૂપી લતા. આદિ-અંતરહિત જાતિ-જરા અને મરણરૂપી અનંત પોરોસે વ્યાપ્ત. પોરો સમજાણું? ગાંઠ. શેરડીમાં ગાંઠ હોયને. એ વેલને છેદી નાખી છે. પ્રભુ! હું આપને કેમ નમસ્કાર કરું છું? કે આપે સંસારની વેલડી જે આદિ-અંત અને મધ્ય રહિત છે. સામાન્ય અપેક્ષાએ. બધા જીવોની. એવો સંસાર વિકારભાવ એને આપે છેદી નાખ્યો અને આપે વીતરાગતા સર્વજ્ઞપણું પ્રગટ કર્યું. કોઈના કર્તાહર્તા વિના. એવા હે જિનેન્દ્ર! .. જેણે .. જેણે છેદી નાખ્યા તેને હું વંદું છું. એમાં તો કેટલી વાતું ભરી છે જુઓને! આહા..હા..!

સામાન્ય રીતે સંસારને વેલડી અનાદિ-અનંત છે. એને આપે અંત લઈ લીધો દ્રવ્ય વસ્તુ પણ અનાદિ-અનંત છે. સંસારની દશા વિકારી પણ અનાદિની છે. એ કાંઈ નવી થઈ નથી. અને સામાન્યપણે તો એ જેમ દ્રવ્ય અનાદિ-અનંત છે એને એ વિકારીદશા અજ્ઞાન પણ અનાદિ-અનંત રહેશે કેટલાકને. સમજાણું કાંઈ? પણ આપે વચમાં છેદી નાખી કહે. આહા..! સમજાણું કાંઈ? નિત્યાનંદનો નાથ પરમાત્મા પોતે સ્વરૂપ પરમાત્મા. એની નજરું કરીને, ઠરીને આપે એ સંસારના વિકારભાવનો વ્યય કરી નાખ્યો અને નાશ કરતા એના સ્થાનમાં આપે સર્વજ્ઞ અને વીતરાગદશાની ઉત્પત્તિ કરી. એવું અમને ખ્યાલમાં આવીને અમે તમને વંદન કરીએ છીએ. નાથુલાલજી! આહા..હા..!

અહીં તો લત્તાને આદિ-અંત-મધ્યરહિત કહી છે. સંસાર લતા હોં! આહા..હા..! અનાદિનો અજ્ઞાની રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપ ને ભ્રમણા કરી અનાદિ સંસારમાં રખડે છે. કોઈ એને રખડવાનાર બીજો કોઈ છે નહિ. એ રખડવાના પરિણામનો જીવ અજ્ઞાનપણે કર્તા છે કહે છે. સમજાણું કાંઈ? હે પરમાત્મા! આપે તો સર્વજ્ઞ સ્વભાવી આત્માને અનુભવી અને એ મિથ્યાત્વનો નાશ કરી સ્વરૂપમાં ઠરીને રાગ-દ્વેષનો નાશ કરી અને આપે જે સર્વજ્ઞ અને વીતરાગી પદ પ્રાપ્ત કર્યું. અમે પણ તે પ્રાપ્ત કરવાના અભિલાષી આપને અમે વંદન કરીએ છીએ. સમજાણું કાંઈ? એક તો ખુબી તો એ છે કે વસ્તુ જેમ અનાદિ અનંત છે આત્મા. એમ જગતમાં એ સંસારની પર્યાય એક સમયની વિકારી હોવા છતાં પ્રવાહરૂપે અનાદિ-અનંત છે. અનાદિ-જીવો પડ્યા છે એમાં અનાદિ-અનંત છે. એને એ પરિણામના અજ્ઞાનભાવ હતો

ત્યાં સુધી અજ્ઞાની એનો કર્તા ખરો, પણ એ અજ્ઞાનભાવનો કર્તા હોવા છતાં તેના પ્રમાણમાં ત્યાં કર્મ બંધાય એનો પણ કર્તા ખરો, એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! અરે તારો પ્રવાહ કોણ છે? ભાઈ! તું ધ્રુવ છો અને તારા ધ્રુવ પ્રવાહને ભૂલ્યો છો. ધ્રુવ ધારા, આનંદ સ્વરૂપ ભગવાન. એવી ધ્રુવ ધારાને ભૂલ્યો તો કહે છે કે ભૂલના પરિણામનો કર્તા, પોતાના ભાવનો કર્તા ખરો અજ્ઞાનભાવને. સમજાણું કાંઈ?

એ માટી જેમ ઘડાને કરે. કુંભારથી ઘડો ન થાય. અરે! અરે! ભારે વાત ભાઈ! એય..! કુંભાર-કુંભારના ભાવને કરે, પણ એના ભાવ ઘડામાં નિમિત્ત હોવા છતાં તેના ભાવ ઘડાને બનાવે ત્રણ કાળમાં નહિ. કેમકે સામે એક ચીજ છે માટી. એ માટી બદલીને ઘડો થાય છે. કુંભાર બદલીને ઘડો થાય છે એમ નથી. સમજાણું કાંઈ? '**માટી વડે ઘડો કરાય છે તેમ પોતાના ભાવ વડે...**' જે કાંઈ ભ્રમણા કરી મિથ્યાત્વ. હું ક્ષણિક છું, મને કોઈ રચનાર-બનાવનાર છે. આ ક્ષણિક પરિણામ એ મારી ચીજ છે એમ જે માન્યતા પોતાના ભાવ વડે કરી એ પોતાનો ભાવ કરાતો હોવાથી. માટીથી ઘડો કરાતો હોવાથી એમ આત્માના ભાવ વિકારી પોતાથી કરાતા હોવાથી. આહા..હા..! અરે એને હજી પર્યાયની વિકારદશા મારાથી થાય છે એને એ ભૂલનું નિમિત્ત પામીને પ્રારબ્ધ જે બદલાઈ જશે એ એને કારણે રજકણોની અવસ્થાના કાળે એ બંધાય છે. મારા પરિણામ થયા માટે બંધાય છે એમ નથી. આહા..હા..! આવો જ્યાં અંદર કર્મના બંધનની સાથે પરિણામનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ અને એટલા પ્રમાણમાં બંધાય છતાં એનો એ કર્તા ત્રણકાળમાં નથી. તો શેનું હવે આ કરે બધું? આહા..હા..! ..ભાઈ!

'**માટી વડે ઘડો કરાય છે...**' કરાય છે એમ બરાબર છે એમ કહે છે. '**તેમ પોતાના ભાવ વડે...**' પોતાનો ભાવ એટલે આ મિથ્યાત્વ શ્રદ્ધા, રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ એવા જે વિકારીભાવ એ '**તેમ પોતાના ભાવ વડે પોતાનો ભાવ કરાતો હોવાથી,...**' પોતાનો ભાવ પોતાના ભાવથી કરાતો હોવાથી. '**જીવ પોતાના ભાવનો...**' ભગવાન આત્મા વિકારીભાવનો. આહા..હા..! '**કર્તા કદાચિત્ છે,...**' એટલે કે જ્યાં સુધી એ આત્માનું જ્ઞાન નથી, પોતાની જાતને જાણી નથી, પોતાનો ભગવાન કેવડો અને કેમ છે એને ઓળખ્યો નથી. ત્યાં સુધી અજ્ઞાની પોતાના ભાવને કરે. આહા..હા..!

'**પરંતુ જેમ માટી વડે કપડું કરી શકાતું નથી...**' માટી વડે કપડું થાય એમ નથી. '**તેમ પોતાના ભાવ વડે પરભાવનું કરાવું અશકય હોવાથી...**' આહા..હા..! માટી વડે કપડું ન થાય તેમ જીવના વિકારીભાવ વડે કર્મની પર્યાય બંધાય, શરીરની અવસ્થા થાય એ વાત તદ્દન જૂઠી છે. મારે ભારે ભાઈ! આ બાયુના કપડા રંગાય છે જુઓને કેવી ભાતના? ભાતભાતના આવે છેને. એવો ઓલો ભાવ કરે એ પ્રમાણે એના કપડામાં રંગ આવે કે નહિ?

અમારે કહેતા એ છોકરો છેને. ભુપેન્દ્ર મુંબઈ-મુંબઈ. ભુપેન્દ્ર જૈન. છોકરો એકવાર આવ્યો હતો અહીં. માંડ આવે. એને તો પૈસા આદિ કાંઈ પડી નથી. હવે તો ચારે .. જુદા થઈ ગયા. મોટી પેદાશ. મોટી પાંચ હજારની પેદાશ. આ બાયુના સાડી શું કહેવાય? સાડીયું ભાત ભાતની હોં! લટકતી હોય. બાયુ જાયને પસંદ કરે કે આ ભાતની જોવે છે. ચાર મહિના સુધી.. એક અહીંયાં રહેવા આવ્યા હતા તે લાકડા એના હોયને બીબા. અમદાવાદ લેવા આવ્યો હતો. એ આ બીબા હોય તો આવી ભાત પડે. નહિતર નહિ. અહીં કહે છે કે બીબા હોય તો ત્યાં ભાત પડે એ વાતમાં એકેય દોકડો સાચો નથી. બીબાના પરિણામ બીબામાં અને ભાતના પરિણામ ભાતમાં. એક બીજાને નિમિત્ત હોવા છતાં એકબીજાના ભાવના કર્તા કોઈ છે નહિ. કહો, સમજાણું કાંઈ? શું હશે આમાં અમુલચંદભાઈ!

મુમુક્ષુ :- પરમસત્ય વાત.

ઉત્તર :- પરમસત્ય આ છે. આ હુશિયાર માણસ બધું કરે છેને. બધા બંગલા બનાવે કારીગરો, કુંભાર સારા ઘડા બનાવે. છાપનારા આવા કપડા બનાવે, સઈ સારા કપડા સીવે. મોહનભાઈ આવ્યા છે કે નહિ?

મુમુક્ષુ :- વકીલ સારી દલીલ કરે.

ઉત્તર :- આ વકીલ કરે. આ રામજીભાઈ સારી દલીલ કરે. દલીલ કરતાં-કરતાં મરી જાય છે મારા. કેમ હશે આમાં? એય..! આ જેઠાભાઈ વળી શું કહેવાય તમારા? ઓડિટર. ઓડિટ હતા. ચોપડા તપાસે. ધૂળેય તપાસે નહિ સાંભળને. એય..! જજ! આ જજ દલીલ કરે. આ જજ અમદાવાદના.

મુમુક્ષુ :- ફેસલા આપે.

ઉત્તર :- ફેસલા આપે ત્યાં અમદાવાદ. અમદાવાદમાં જજ છે. હવે છોડી દીધું. ..નો પગાર છે. જજપણું છોડી દીધું. એની મુદત થઈ ગઈ શરીરની એટલે છોડી દીધું. પણ અહીં તો કહે છે કે એ જજના ભાવ એ વિકલ્પ કરે, વૃત્તિ કરે, પણ એથી ભાષાની દલીલ કરી શકે એ વાત તદ્દન જૂઠી છે. આહા..હા..!

મુમુક્ષુ :- રૂપિયા લઈને આવે શું ..

ઉત્તર :- એ બધા સ્વાર્થને લઈને માને અજ્ઞાની. આહા..હા..! ભારે વાત ભાઈ! દાખલો આપીને કેટલું સ્પષ્ટ કર્યું છે! માટી વડે ઘડો થાય. કુંભાર વડે ઘડો થાય એમ નથી. કારણ કે કુંભાર જુદી ચીજ છે, માટી જુદી ચીજ છે. માટીની ઘડાની અવસ્થાનો કર્તા માટી, પણ કુંભાર એના પરિણામ જે કરે કે હું કરું એના પરિણામનો કર્તા કુંભાર. પણ એ ઘડાનો કર્તા કુંભાર ત્રણ કાળમાં જૂઠી વાત છે. તત્ત્વનો નાશ થઈ જાય છે. એક તત્ત્વ બીજા તત્ત્વને કાંઈ કરે તો તત્ત્વની શુદ્ધિ પરથી ભિન્ન રહેતી નથી. સમજાણું કાંઈ? કેમ હશે? ત્રિભુવનભાઈ!

.. તમારે શશીભાઈ! શું હશે આ બધા ઝવેરાત-બવેરાતને દુકાને બેસે. ... ત્યાં કાંઈ .. આપે છે એ?

મુમુક્ષુ :- હીરાનું પારખું કરે.

ઉત્તર :- હીરાના પારખા આવડે છે ...ને? પણ ધૂળેય પરખાતું નથી એમ કહે છે. આહા..હા..!

**'જેમ માટી વડે ઘડો કરાય છે તેમ પોતાના ભાવ વડે પોતાનો ભાવ કરાતો હોવાથી,...'** આહા..હા..! મહાસિદ્ધાંત હોં! **'જીવ પોતાના ભાવનો કર્તા કદાચિત્ છે,...'** એટલે અજ્ઞાની જ્યાં સુધી ભાન નથી ત્યાં સુધી એ શુભ અને અશુભ વિકારી પરિણામનો અજ્ઞાની કર્તા છે. પરનો કર્તા તો છે નહિ. આહા..હા..! અજ્ઞાની એ પરનો કર્તા નથી એમ કહે છે. કહો, સમજાણું આમાં? **'જેમ માટી વડે કપડું કરી શકાતું નથી તેમ પોતાના ભાવ વડે...'** પોતે કર્યો દયાનો ભાવ, હિંસાનો ભાવ તો એ વડે કરીને પરની દયા પાળી શકે, પરને મારી શકે (એમ નથી) માટી વડે કપડું ન થાય એમ એના ભાવ વડે ત્યાં દયા ન પળે. નાથુલાલજી! ભારે! એય..! જેઠાભાઈ! એ બધું સાંભળ્યું હતું કે નહિ આવું પહેલાં? નહિ તો શું કર્યું મુંડાવ્યું આટલા વર્ષ ત્યાં. પાણી ઉના પીધા ને ફલાણું કર્યું. હુશિયાર માણસ ચોપડા તપાસે અને .. એમ બને?

મુમુક્ષુ :- બધી હુશિયારી પાણીમાં ગઈ.

ઉત્તર :- પાણીમાં ગઈ. આહા..હા..!

**'માટી વડે કપડું કરી શકાતું નથી...'** પણ દાખલો તો જુઓ એક! આહા..હા..! માટી વડે ઘડો થાય, પણ માટી વડે કપડું થાય? **'તેમ પોતાના ભાવ વડે...'** પોતાના એટલે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, પૈસા દેવા-લેવાના ભાવ થાય, પણ ભાવથી પૈસા દઈ શકે અને પૈસા લઈ શકે એ ક્રિયા પોતાના ભાવ વડે ત્રણ કાળમાં થાય નહિ. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! **'પોતાના ભાવ વડે પરભાવનું કરાવું અશક્ય હોવાથી...'** આહા..હા..! **'(જીવ) પુદ્ગલભાવોનો કર્તા તો કદી પણ નથી...'** એ કર્મબંધનના પરિણામને જીવ કર્મ બાંધે ત્રણ કાળમાં નથી. અરે! ભારે આકરું! એકકોર અપવાસ કરતા.. આત્મા કર્મ કરે અને આત્મા કર્મ ભોગવે. એ ભાવ એટલે વિકારી પરિણામ કરે અને વિકારીને ભોગવે. સમજાણું કાંઈ? અરેરે! એને ક્યાં પડી દયા મારું શું થાશે? અહીંથી કરીને જઈશ ક્યાં? આ તો દેહની સ્થિતિ પૂરી થશે. પોતે તો અનાદિ-અનંત છે. હવે એના પરિણામમાં કઈ જાત છે? એની ખબર ન મળે. આહા..હા..! જ્યાં ત્યાં આનું કર્યું ને આનું કર્યું ને આનું કર્યું. 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે. શકટનો ભાર...' નરસિંહ મહેતા કહે છેને. 'શકટનો ભાર જેમ શ્વાન તાણે.' ગાડાનો ભાર જેમ ઓલો કૂતરો નીચે હોય ને માને કે મારાથી ચાલે.

અરે! ગાડું પડશે તો નીચે કચરાઈ જઈશ સાંભળને. એ દુકાને બેઠો હોય, ૨૦-૨૫ નોકરો હોય અને આ જુઓ! પડાય હાથમાં રાખીને ઉડાડી હશે. દોરો હાથમાં. આમ કરું તો આમ કરીએ, આમ કરું તો આમ કરીએ. હરામ હોય તો કહે છે. કરે છે કે નહિ આ? પડાયમાં નહિ? દોરામાં ઓલા કાચનો ભૂક્કો ભરાવતા. દોરા હોયને પડાઈના દોરા. કાચના.

મુમુક્ષુ :- દોરી ઓલી સામેસામે કાપવા.

ઉત્તર :- હા. એક અમારે એમ થઈ ગયું હતું ત્યાં. અમે તો શું .. નાની ઉંમર એટલે રમતા હતા. ચડાવેલો. એ કોઈને કાપવા માટે નહિ. એમાં એક વાઘરીનો છોકરો પડાય લઈને ત્યાં આવ્યો. એમાં આ કપાણો પછી તકરાર. અમારે પાલેજમાં એ વાત છે. આહા..હા..! કોણ કાપે? ભાઈ! એ દોરાને, એક દોરો બીજા દોરાને કાપે એ વાતમાં માલ કાંઈ નથી. એય..! હિંમતભાઈ! આમાં કેટલું કર્યું! આહા..હા..! '**પુદ્ગલભાવોનો કર્તા તો કદી પણ નથી...**'

'**ભાવાર્થ :- જીવના પરિણામને...**' આ જીવના પરિણામ એટલે મિથ્યાત્વ, રાગ અને દ્વેષ. ઓલી પાંચ ગાથામાં જીવના પરિણામ કહ્યા હતા એ મોક્ષમાર્ગના નિર્મળ પરિણામ. એમાં ઉંધા શાસ્ત્રના અર્થ કરવામાં. દૃષ્ટિ તો ખોટી, ઉંધા અર્થ શાસ્ત્રના કરે ને આમ ને આમ કરે. આ જુઓ ઉપાદાન શું કહે છે આ? ઘડો ઉપાદાન થઈને માટી થાય. પણ કુંભાર એમાં આવે માટે માટી થાય એમ છે નહિ. ઘડો છે એમ નહિ. નિમિત્ત હો, પણ નિમિત્ત વિના ઘડો થયો. આ મોટા વાંધા છે અત્યારે. આહા..હા..! લ્યો એમાં નાખ્યું .. કે જુઓ ભાઈ આમ ખુલાસા કર્યા. આમાં ધર્મને ઉંધો માન્યો છે. અરે ભગવાન! ભાઈ! તને ખબર નથી. તારા પરિણામનું શું ફળ છે એની તને ખબર નથી. આહા..હા..! જગતના તત્ત્વો જે સમયે તે તત્ત્વની અવસ્થા નામ પર્યાય પરિણામ થાય એ સમયે બીજી ચીજ ભલે નિમિત્ત કહો, પણ એ નિમિત્તથી એમાં થાય, મોટું અજ્ઞાન, ભ્રમણા મોટી છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? તો અહીં તો એવું થયું કે માસ્તર વડે પણ બીજાને શિખવાડી શકાય નહિ. આ ઉપદેશ વડે પણ બીજા ધર્મ પામી શકે નહિ. એય..! ઉપદેશકનો ભાવ ભલે વિકલ્પ હો, એ જ્ઞાન હોય, પણ એ ચીજ ત્યાં પર જીવો એને ધર્મ પામે એવું કર્તાપણું નથી.

મુમુક્ષુ :- બની શકતું જ નથી.

ઉત્તર :- અશક્ય છેને કીધુંને. જેઠાભાઈ! શું હશે આ તે જેઠાભાઈ! એવું કર્યું હશે તમે નહિ તે દિ' ઓલી પટલાઈ. .. લ્યોને. ૩૦ રૂપિયાનો પગાર અને ગામમાં ... મારી... શી રીતે .. થાતું હશે. આ અત્યારે તો ઘણા પેદા કરે છે. .. હજાર લ્યો. એ હુશિયારીને લઈને થતું હશેને આ? આહા..હા..! ભારે આકરું કામ! બધા કરોડોપતિ થયા એ હુશિયારીને લઈને નહિ થયા હોય? વ્યવસ્થા ધ્યાનમાં રાખે. સાંભળ્યું આ ભાઈ ત્રીજે દિ' ગુજરી ગયા સાંભળ્યુંને

તમે? પુનમચંદ કામાણી.

મુમુક્ષુ :- એ તો કામાણી ગુજરી ગયા. કાંઈ બધા ગુજરી ગયા?

ઉત્તર :- ત્યાં અમદાવાદ બિચારો આવ્યો હશે વાત કરવા. માણસો ભેગા થયા બધા. આમ .. આમ થાય. આહા..હા..! આવે ત્યાં રગ તુટી તો પડ્યા નીચે. જાવ બીજે ભવે. હાય... હાય.. કોણ કરે ભાઈ! તને ખબર નથી.

'**ભાવાર્થ :- જીવના પરિણામને અને પુદ્‌ગલના પરિણામને...**' આ તો બંધાયેલા કર્મની વાત છે હોં! '**પરસ્પર માત્ર નિમિત્તનૈમિત્તિકપણું છે તોપણ પરસ્પર કર્તાકર્મભાવ નથી.**' નિમિત્તને જ લોકોએ કર્તા સ્વીકાર્યું છે. આહા..! સમજાણું કાંઈ? '**પરના નિમિત્તથી જે પોતાના ભાવ થયા તેમનો કર્તા તો જીવને અજ્ઞાનદશામાં કદાચિત્ કહી પણ શકાય,...**' એ વાંધા ઉઠ્યા પાછા પરના નિમિત્તથી. નિમિત્ત ન હોય તો બીજી ચીજ એક છે. એને જે પોતાના ભાવ થયા રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ. તેનો કર્તા તો જીવને અજ્ઞાનદશામાં કદાચિત્ કહી પણ શકાય. '**પરંતુ જીવ પરભાવનો કર્તા તો કદી પણ નથી.**' કહો, દેશનું કરી શકે નહિ એમ કહે છે.

મુમુક્ષુ :- શરીરને ન ચલાવે

ઉત્તર :- શરીરનું કાંઈ કરી શકે નહિ, દેશનું કરી શકે નહિ, કુટુંબનું કરી શકે નહિ, ખાવા-પીવાની ક્રિયા કરી શકે નહિ. આ શું છે આ? બાયુ હુશિયાર હોય તો આમ પુડલા કરે, સારી કઢી કરે, અડદની સદડી સરખી કરે. .. અડદની દાળ સરખી થાય. સદડી-સદડી એટલે એકરસ થઈ જાય.

મુમુક્ષુ :- દૂધપાક.

ઉત્તર :- દૂધપાક એકરસ થઈ જાય. જેને દૂધપાક કરતા આવડે એનાથી દૂધપાક થાય. બીજાથી બગડી જાય એમ હશે? કાંઈ ધૂળેય નથી. ત્યાં એકફેરી થયું હતુંને .. ? રાજકોટમાં ..ભાઈને ત્યાં. નવરંગભાઈને ઘરે. અમે ત્યાં હતા. વનેચંદભાઈને બહુ થઈ ગયું હતું. ઉલટી બહુ થઈ હતી. ઘણા વર્ષની વાત છે. ૮૨ની સાલની. આહા..હા..! સારું કરવા ગયા, જમણ કરવા ગયા ત્યાં ઉલટી બધાને. ભાઈ! એ તો સ્વતંત્ર જગતના પરિણામ તે તે દ્રવ્યના સ્વતંત્ર છે. ગળે ઉતરવું ભારે કઠણ. જ્યાં હોય ત્યાં મોઢા આગળ પ્રમુખ થઈને. આ દયા જીવદયાની મંડળીના અમે નાયક છીએ અને અમે મોઢા આગળ પડીએ તો પાંચ-દસ હજાર પંદર હજાર લઈ આવીએ ભેગા થાય. મૂર્ખ છે મોટો કહે. એય..!

મુમુક્ષુ :- ભલેને મોટો મૂર્ખ રહ્યો. કામ તો થયુંને.

ઉત્તર :- કામ જ થયું નથી. આહા..હા..! કામ તો એને લઈને થયું છે. કાંઈ તારા લઈને થયું છે? આ બધા મકાન બનાવે છે કે નહિ તમારો? પુનમચંદ. ૨૫-૨૫ માળના

બંગલા. માળના મુંબઈ કરે છેને આ પુનમચંદ. એનો દીકરો. ૨૫-૨૫ માળના મકાન. લ્યો! ત્રણ-ચાર કરોડ રૂપિયા છે એમ કહે છે. જડના.

મુમુક્ષુ :- જડના જડ પાસે કે એની પાસે?

ઉત્તર :- જડના જડ પાસે. એની પાસે કે દિ' હતા? આહા..હા..! મેં ધ્યાન રાખ્યું માટે હું રળી શકું છું. આ બડથોલ જેવાને રળતા આવડ્યું નહિ માટે પૈસા ન થયા. એ બધી વાત તદ્દન ભ્રમણા અજ્ઞાનીની છે. સમજાણું કાંઈ? ભ્રમણાનું મહાપાપ છે.

મુમુક્ષુ :- કોણ જીવ મરી ગયો?

ઉત્તર :- જીવ પોતે મરી ગયો. પોતાની સત્યતાની લૂંટ પડી એમાં. અસત્યભાવ સેવી સત્યનું ખૂન કર્યું. હિંસા કરી પોતાની હોં! પરને કોણ કરે? આહા..હા..!

**'તેથી એ સિદ્ધ થયું કે જીવને પોતાના જ પરિણામો સાથે કર્તાકર્મભાવ...'** હવે ભેળવે છે વધારે. ભગવાન આત્મા પોતાના અજ્ઞાનભાવે અજ્ઞાની એ પુણ્ય અને પાપના ભાવને કરે એ કર્તા થઈને કરે એ ખરું. **'અને ભોકતાભોગ્યભાવ (ભોકતાભોગ્યપણું) છે એમ હવે કહે છે :-'** હવે ગાથામાં ભેળવ્યું વધારે. કે પોતાનો ભાવ છે તે ભોક્તા અને પોતે એનો ભોગ્ય. પણ એ દાળ-ભાત અને લાડવા ખાય અને સ્ત્રીને ભોગવે, મકાન ભોગવે એ વાતમાં એકેય માલ સાચો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે કામ આકરું! પરચીજને આત્મા ભોગવી શકે નહિ. ભોક્તા આત્મા અને ભોગી એ ચીજ એમ નથી. ભોક્તા અજ્ઞાની પોતાના વિકારી પરિણામનો ભોગ્ય એ વિકારી પરિણામ. સમજાણું કાંઈ? એ આ ગાથામાં વિસ્તારથી આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)